# પ્રાચીન ભારતવર્ષ

ભાગ ત્રીજો



મથુરા સિંહસ્તૂપ



આકૃતિ નં. ૨

સારનાથ સ્તંભ



આકૃતિ નં. ૨૭

भव बीजा ङ्कुरजनना रागाद्याः क्षयमुपागता यस्य।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥ १ ॥

यत्र तत्र समये यथा तथा योऽसि सोऽस्य भिधया यया तया।
वीत दोष कलुषः सचेद्भवानेक एव भगवन्। नमोऽस्तुते ॥२॥

( श्री हरिभद्रसूरि पुङ्गवाः )

રાવપુરા ..., ઉત્તરાર્ધ:
ટાવર સા... બાલકૃષ્ણ
...ણી એમ. એ.

# વિષય સંકલના


| | | |
|---|---|---|
| ૧ | મુદ્રાલેખ .... .... .... .... .... .... | પૃ. ૧ |
| ૨ | વિષય સંકલના .... ... .... .... ... .... | ૨ |
| | | મુખ પૃષ્ઠ |
| ૩ | નામાભિધાન .... .... .... .... .... .... | ૩ |
| ૪ | મુદ્રણ નિવેદન .... .... .... ... .... .... | ૪ |
| ૫ | ગ્રંથની આદિ .... .... .... .... .... .... | ૫ |
| | કાક્ષરી સમજ ... .... .... .... .... .... | ૬ |
| | થની પ્રશસ્તિ .... .... .... .... .... .... | ૯ |
| | રત્નાવલી પરિચય.... .... .... .... .... .... | ૧૯ |
| | થનાં ખંડ, પરિચ્છેદ તથા વિષયોની સૂચિ .... .... .... | ૨૯ |

ઈ. સ. પૂ. ૯૦૦ થી ઈ. સ. ૧૦૦ સુધીના

એક હજાર વર્ષનો

# પ્રાચીન ભારત વર્ષ

ચાર વિભાગમાં યોજેલ

પણ

હવે પાંચ વિભાગમાં પ્રગટ થતો

## ભાગ ત્રીજો

અતિ પ્રાચીન શિલાલેખો-સિક્કાઓ અને પ્રમાણભૂત ઇતિહાસવેત્તાઓના આધાર આપી ઐતિહાસિક દૃષ્ટિએ લખેલ તદ્દન નવીન હકીકત સાથે.

[ આ પુસ્તક પરત્વે સર્વ પ્રકાશના હક્ક પ્રકાશકોએ પોતાને સ્વાધીન રાખ્યા છે. ]

લેખક :

**ત્રિભુવનદાસ લહેરચંદ શાહ**

એલ. એમ. એન્ડ એસ.

ગોયાગેઈટ રોડ } વડોદરા

રાવપુરા ... ઉત્તરાર્ધ:
ટાવર સા... બાલકૃષ્ણ
...રાણી એમ. એ.

મુદ્રક :

ગ્રંથનું હાર્દ—
દેવચંદ દામજી કુંડલાકર
આનંદ પ્રીન્ટીંગ પ્રેસ
ભાવનગર

ગ્રંથનો આગળનો તથા પાછળનો ભાગ
મણિલાલ પુ. મિસ્ત્રી, બી. એ.
આદિત્ય - મુદ્રણાલય
રાયખડ - અમદાવાદ.

---

પ્રથમ આવૃત્તિ
પ્રત ૧૨૫૦

મ. સં. ૨૪૬૩

વિક્રમ સં. ૧૯૯૩
ઇ. સ. ૧૯૩૭


૪ મુદ્ર
૫ ગ્રંથ

---

કિંમત

રૂ. ૫)
રૂ. ૭॥
રૂ. ૬॥
રૂ. ૬)
રૂ. ૫)

અગાઉથી ગ્રાહક થનારને
પાંચે વિભાગના
એક આખા સેટના
રૂપીઆ વીસ
ચોથો ભાગ
પ્રગટ થતાં સુધી એકવીસ:

# તૃતીય વિભાગ

યા

# પુસ્તક ત્રીજું

* * *

ચોથો ખંડ શેષ હતો તે સંપૂર્ણ

તથા

પાંચમો અને છઠ્ઠો ખંડ સંપૂર્ણ

ઉત્તરા
ી બાલકૃ

# ટૂંકાક્ષરી સમજ

અ. અધ્યાય
આ. આકૃ. આકૃતિ
ઇ. ઈત્યાદિ
ઈ. સ. ઇસવી સન
ઈ. સ. પૂ. ઇસવી સનની પૂર્વે
ઉપો. ઉપોદ્ઘાત
ખં. ખંડ
ગુ. વ. સો. ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી અમદાવાદ
ટી. ટીકા અથવા ટિપ્પણ
નં. નંબર
પરિ. પરિચ્છેદ, પરિશિષ્ટ
પારા. } પારાગ્રાફ, પારિગ્રાફ
પારિ. }
પુ. પુસ્તક
પૃ. પૃષ્ઠ
પં. પંડિત

પ્રક. પ્રકરણ
પ્રસ્તા. પ્રસ્તાવના
મ. સં. મહાવીર સંવત
મિ. મિસ્તર
વિ. વિગેરે
સં. સંવત્, સંવત્સર
વિ. સં. વિક્રમ સંવત્સર
A. D. ઇસવી સન
B. C. ઇસવી સનની પૂર્વે
F. N. (ફુટનોટ) ટીકા
Intro (ઇન્ટ્રોડક્ષન) પ્રસ્તાવના, પ્રવેશક
P. (પેઈજ) પૃષ્ઠ
PL. (પ્લેઈટ) પટ
Pref (પ્રીફેઇસ) પ્રસ્તાવના
Prof (પ્રોફેસર) અધ્યાપક
Vol (વૉલ્યુમ) પુસ્તક, વિભાગ, ભાગ

---

## જે જે પુસ્તકોની મદદ લીધી છે તેની નામાવળી

પુ. ૧ અને ૨માં જે પુસ્તકોનો આધાર લેવાયો છે તેની યાદી ત્યાં આપી છે. આ ત્રીજા પુસ્તકના આલેખનમાં પણ સદરહુ પુસ્તકોનો આધાર તો લેવાયો છે જ એટલે તે નામો અત્ર પુનરૂદ્ધાર માગેજઃ પરંતુ તેમ ન કરતાં, તેવાં કથન આધારે ઘડાયલ-બાંધેલ નિર્ણયને પુ. ૧ તથા પુ. ૨માં અમુક પૃષ્ઠે જુઓ એમ કહી ટૂંકમાં પતાવ્યું છે; જેથી અત્ર ટાંકેલી નામાવલી ટૂંકી માલૂમ પડશે.

### (અ) ટૂંકાક્ષરમાં લખ્યાં છે તેવાં પુસ્તકનાં નામની યાદી

અ. હિ. ઇં. / E. H. I. } અર્લી હિસ્ટરી ઑફ ઇન્ડિયા — વિન્સેન્ટ સ્મિથ
એ. ઇ. / ઈ. ક. } એ ન્ટ ઇરાઝ — પર કનિંગહામ
ઇં. હિ. ક્વૉ. / I. H. Q. } ઇન્ડિયન હિસ્ટૉરીકલ ક્વૉર્ટર્લિ નામનું ત્રિમાસિક પત્ર
ઇં. એ. / I. A. } ઇન્ડિયન એન્ટીક્વેરી (માસિક પત્ર)
એ. ઈ. જુઓ ઉપરમાં ઇ. ક,
એ. ઇ. એપિગ્રાફિકા ઇન્ડિકા
એ. રી. / એ. રીસર્ચ. } એશિયાટિક રીસર્ચીઝ

| | |
|---|---|
| ઓ. હિ. ઇ. / O. H. I. | ધી ઓક્સફર્ડ હિસ્ટરી ઓફ ઇન્ડિયા (૧૯૨૮) |
| ક. સુ. / ક. સુ. સુ. / ક. સુ. સુ. | કલ્પસૂત્રની સુ(સુખ)બોધિકા ટીકાનું ભાષાંતરઃ વિનયવિન-યજી કૃતઃ પં. હિરાલાલ હંસરાજ, જામનગર |
| કે. હિ. ઇ. / C. H. I. | કેમ્બ્રીજ હિસ્ટરી ઑફ ઇન્ડિયા |
| કે. શૈ. હિ. ઇં. / K. S. H. I. | કેમ્બ્રીજ શૉર્ટ હિસ્ટરી ઑફ ઇન્ડિયા |
| કૉ. આં. રે. / C. A. R. | કોઇન્સ ઑફ ધી આંધ્ર ડીનેસ્ટી, પ્રો. રેપ્સન |
| કૉ. એ. ઇં. / કૉ. ઇં. એ. / C. A. I. | કોઇન્સ ઓફ એનશન્ટ ઇન્ડિયાઃ સર કનિંગહામ |
| ક્રો. ડ. / ક્રો. ઇ. / C. I. | ક્રોનોલોજી ઑફ ઇન્ડિયાઃ મિસિઝ મેક ડફ. |
| જ. આં. હિ. રી. સો. / J. A. H. R. S. | ધી જરનલ ઓફ ધી આંધ્ર હિસ્ટોરીકલ રીસર્ચ સોસાઇટી |
| જ. ઓ. બિ. રી. સો. / J. O. B. R. S. | ધી જરનલ ઓફ બિહાર રીસર્ચ સોસાઇટી |
| જ. બોં. બ્રં. રો. સો. / J. B. B. R.A.S. | ધી જરનલ ઓફ ધી બોમ્બે બ્રેંચ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાઇટી |
| જ. રો. સો. / J. R. A. S. / R. A. S. | ધી જરનલ ઓફ ધી રોયલ એશિયાટિક સોસાઇટી ઓફ લંડન |
| જ. એ. સો. બેં. / જ. રો. સા. બેં. / J. B. A. S. / R. A. S. B. | ધી જરનલ ઓફ ધી રોયલ એશિયાટીક સોસાઇટી ઓફ બેંગોલ |
| જૈ. સ. ઇં. / J. S. I. | ધી સ્ટડીઝ ઇન જૈનીઝમ ઇન સધર્ન ઇન્ડિયા (બે ભાગ) પ્રો. રાવ. એમ. એ. |
| જૈ. સા. સં. / જૈ. સા. સંશો. | જૈન સાહિત્ય સંશોધક ત્રિ-માસિક જિનવિજયઃ પુના |
| ના. પ્ર. સ. | નાગરી પ્રચારિણી સભાની પત્રિકા; બનારસ |
| પુરા. | પુરાતત્ત્વ માસિકઃ ધી ગુજરાત વિદ્યાપીઠ |
| બુ. ઈ. / B. I. | ધી બુદ્ધિસ્ટિક ઇન્ડિયાઃ પ્રો. રાઝ ડેવીસ |
| ભ. બા. વૃ. / ભ. બા. વૃ. ભા. | ભરતેશ્વર બાહુબળી વૃત્તિનું ભાષાંતર. ભાવનગરઃ પ્રથમાવૃત્તિ |
| ભા. પ્રા. રા. | ભારતનો પ્રાચીન રાજવંશ (બે ભાગ) વિશ્વેશ્વરાવ રાઉ એમ. એ. |
| ભાં. અ. | અશોકચરિત્રઃ ડી. આર. ભાંડારકર |
| ભા. સં. ઇ. | ભારત સંક્ષિપ્ત ઇતિહાસઃ કાંગડી ગુરૂકુળના પ્રો. બાલ-કૃષ્ણ એમ.એ. લાહોરઃ ૧૯૧૪ |
| પા. ક. | પાર્જીટર્સ ડાઇનેસ્ટીક લિસ્ટ ઓફ ધી કલિ એઈજ |
| ભિ. ટો. | ધી ભિલ્સા ટોપ્સઃ સર કનિંગહામ |
| મૌ. સા. ઇ. | મૌર્ય સામ્રાજ્યકા ઇતિહાસ કાંગડી ગુરૂકુળના આચાર્યશ્રી વિદ્યાભૂષણ અલંકાર (અલ્હા-બાદ ૧૯૩૦) |
| રે. વ. વ. / R. W. W. | રેકર્ડઝ ઓફ ધી વેસ્ટર્ન વર્લ્ડ (બે ભાગ): રેવરંડ એસ. બીલ |
| હિ. હી. / H. H. | ધી હિન્દુ હિસ્ટરી ઓફ ઇન્ડિયા એ. કે. મજમુદાર (કલકત્તા ૧૯૨૦ |
| હિં. ઉ. છો. / હિં. પુ. છો. | હિન્દનો ઇતિહાસ, ઉત્તરાર્ધઃ ગુ. વ. સોંનુંઃ કર્તા બાલકૃષ્ણ છોટાલાલ પુરાણી એમ. એ. |

## (આ) પૂરા વાંચ્યા હોય તેવાં પુસ્તકનાં સંપૂર્ણ નામો

એટલાસઃ ધી રોયલ ઈન્ડિયન વર્લ્ડ એટલાસ
જૈનધર્મ પ્રકાશ (માસિક) ભાવનગર
જૈનકાળગણના મુનિશ્રી કલ્યાણવિજયજીઃ વિ. સં. ૧૯૮૭
જૈનપત્રનો રૌપ્ય મહોત્સવ અંક ૧૯૩૦
પડકાર (માસિક પત્ર): ૧૯૯૨ શ્રાવણ અંક, વડોદરા
બુદ્ધિપ્રકાશઃ ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીનું પત્રઃ અમદાવાદ
ભગવાન પાર્શ્વનાથઃ મુદ્રિત સુરત ૧૯૮૭
મથુરા એન્ડ ઈટ્સ એન્ટીકવીટીઝઃ ૧૯૦૧ વિન્સેન્ટ સ્મિથ
રાજતરંગિણિ
સર જીવણજી મોદીનું વ્યાખ્યાન (ગુ. વ. સો. બુદ્ધિ. પ્ર. પુ. ૭૫ જુલાઈ અંક)
સાહિત્ય (માસિક) વડોદરા

## (ઇ) જે પુસ્તકોમાંથી સાક્ષીઓ કે અવતરણોજ માત્ર ઉતારી લેવામાં આવ્યાં છે તેની યાદિ

એકટા ઓરિએન્ટેલીઆ
એન્શન્ટ જીઓગ્રાફી ઓફ ઈન્ડિયાઃ કે
એન્ટીકવીટીઝ ઓફ સિંધઃ હેનરી કુઝેન્સ
કેટલોગ ઓફ કોઈન્સ ઈન ઈન્ડિયન મ્યુઝીઅમઃ થોમાસ
ક્વૉર્ટલી જરનલ ઓફ ધી મિથ્થિક સોસાઇટી
ગૌડવહોઃ પ્રો. હોલ
જૈન આગમસૂત્રો તથા ગ્રંથોઃ (ઉત્તરાધ્યયનઃ તિત્થોગાલીઃ કાલસપ્તતિકાઃ દીપમાલા (જીનસુંદરસૂરિ): તિલોયસાર (નેમિચંદ્રસૂરિ દિગંબર)
જૈન તત્ત્વાદર્શઃ ન્યાયાંભોનિધિ વિજયાનંદસૂરિ (લાહોર ૧૯૩૬)
ઉપનિષદ્
દિવ્યાવદાન
ઈન્ડીયન એન્ટીકવીટીઝઃ પ્રિન્સેપ્સ
બીગીનીંગ્ઝ ઓફ સાઉથ ઈન્ડિયન હિસ્ટરી
બોંબે ગેઝેટીઅર
માલવિકાગ્નિમિત્ર
મિલિન્દપન્હો
મોહન જોડેરો (છૂટું છપાયું)
કવેશ્ચન્સ ઓફ મિલિન્દાઃ પ્રો. રીઝ ડેવીસ
રાજસ્થાનઃ ટૉડ (વ્યંકટેશ્વર પ્રેસ)
રાજ ફેસ્ટીવલ્સઃ ટૉડ
શ્રુતાવતાર કથાઃ શ્રીધર
સ્ટ્રેન્ડ મેગેઝીનઃ ૧૯૨૨ સપ્ટેંબરઃ પ્રો. એચ. જી. વેલ્સનો લેખ
હર્ષચરિત્ર (નિર્ણયસાગર)
હિસ્ટરી ઓફ પર્શિયા (વોકસઃ ડબલ્યુ એસ. ડબલ્યુ)

———o———

# પ્રશસ્તિ

પુસ્તક બીજામાં સૂચવ્યા પ્રમાણે આ તૃતીય વિભાગના નિવેદનને પણ (અ) ભૂમિકા અને (આ) પ્રસ્તાવના—એમ બે વિભાગે વહેંચી નાંખવું રહે છે.

## (અ) ભૂમિકા

પુસ્તક પહેલું ઈ. સ. ૧૯૩૫માં અને બીજું ૧૯૩૬માં બહાર પડી ગયું છે. જ્યારે આ ત્રીજું ૧૯૩૭માં પ્રગટ થાય છે. પુ. ૧ની પ્રશસ્તિમાં ૧૧ થી ૩૨ સુધીનાં ૨૧ અને પુ. ૨માં ૧૧ થી ૧૪ સુધીના ૪ પૃષ્ઠોમાં, વાચકવર્ગના મનમાં ઉભી થનાર અનેક શંકાઓનો ખ્યાલ રાખીને મેં તેના રદિયા આપી દીધા છે; જેથી આ પુસ્તકમાં તે બે ભાગ જેવું લાંબુ વિવેચન કરવા હવે જરૂર રહેતી નથી. અત્રે તો એટલોજ હવાલો આપવાનો કે તેમણે કૃપા કરીને ઉપર દર્શાવેલ બન્ને વિભાગનાં પૃષ્ઠોનાં વાંચનથી પોતપોતાના મનમાં ઉઠતા પ્રશ્નોનો ખુલાસો મેળવી લેવો.

જેમ જેમ સમય જતો જાય છે તેમ તેમ ચર્ચાઓ થતી સંભળાય છે અને વાંચવામાં પણ આવે છે. તે અનેક દૃષ્ટિપૂર્ણ છે. બીજાની સાથે મારે સંબંધ નથી. પણ જે એક બે મુદ્દા તેમાંથી વિચારવા યોગ્ય લાગે છે તે અત્ર જણાવીશ. તેમાંનો પ્રથમ મુદ્દો ધર્મની બાબતનો છે. તે સંબંધમાં બે દૃષ્ટિકોણ રજુ થાય છે. એક એમ કહે છે કે, ધર્મને આટલી બધી અગત્યતા [1]શામાટે અપાય છે! (જુઓ આ પુસ્તકે પૃ. ૨૪૬ તથા પૃ. ૨૭૮) બીજો કહે છે કે, પક્ષપાતીપણે મેં કામ લીધું છે (પુ. ૧ પ્રસ્તા. પૃ. ૨૬, પુ.૨ પૃ. ૧૩ તથા તેના મુખપૃષ્ઠે ઉતારેલ મુદ્રાલેખ જુઓ) જ્યારે બીજો મુદ્દો નવીનતાનો છે. તે વિશેનો મારો ખુલાસો નીચે પ્રમાણે જણાવું છું.

મોટા પુરૂષોનાં વાકયવચનોને વેદવાકય લેખવાની (પુ. ૧ પ્રસ્તા. પૃ. ૨૦) તથા નવીન વિચાર કરનારના ઉપર તડપીટ થવાની (તેજ પુસ્તક પૃ. ૨૫ તેમજ આ પુસ્તકે પૃ. ૩૫૮ ટી. નં. ૩૦) સ્થિતિ વિશે કાંઇક ખ્યાલ મેં આપ્યો છેજ: જેમાંનો એક ખાસ ધ્યાન ખેંચવા યોગ્ય લાગ્યાથી અત્રે ટૂંકમાં જણાવીશ. મારૂં પ્રથમ પુસ્તક ૧૯૩૫ના માર્ચમાં બહાર પડયું હતું. તેમાંથી ૨૭ પ્રશ્નો ઉપસ્થિત કરી, અમારા સંપ્રદાયના એક પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી ઇંદ્રવિજયસૂરિજીએ "જૈન" સાપ્તાહિકમાં ૨૩–૨–૩૬ના રોજ (તેમજ એક બે અન્યપત્રોમાં તેજ અરસામાં) મને ઉદ્દેશીને ખુલાસા પૂછયા હતા. જેના ઉત્તર તેજ પત્રમાં મેં છાપવા મોકલી આપ્યા હતા, જે તા. ૧૯–૪–૩૬ના

---

૧ વર્તમાનકાળે અપાતી કેળવણીમાં ધર્મતત્ત્વના શિક્ષણનો અભાવ હોવાને લીધે આપણા યુવકોનું માનસ આપણા સમાજની પરિસ્થિતિને જે બંધબેસ્તું થતું નથી તે સ્થિતિ માટે મુખ્યપણે જવાબદાર છે. એમ કેળવણીકારોને હવે ખાત્રી થતી જાય છે: જ્યારે પ્રાચીન સમયના રાજાઓને તથા સમાજ નેતાઓને તે સ્થિતિ જાણીતી હોવાથી તે ઉપર તેઓ પ્રથમથીજ વિશેષ વજન આપતા હતા.

અંકમાં પૃ. ૩૭૫–૭૬ તથા ૨૬–૪–૩૬ના અંકમાં પૃ. ૩૯૭ થી ૪૦૦ ઉપર બહાર પડી ગયા છે. દરમ્યાન તેઓશ્રી તરફથી ધ્રાંગધ્રા મુકામેથી બહાર પડેલ શ્રીવીર–વિહાર મીમાંસા નામની ૧૯–૩–૩૬ના રોજ પ્રગટ થયેલી એક નાની પુસ્તિકામાં પૃ. ૧૮ ઉપર કાંઇક ઈસારો કરેલ છે. તથા તેજ શહેરમાંથી માત્ર એક અઠવાડિયા બાદ એટલે ૨૭–૩–૩૬ની લખેલી અને ૧–૪–૩૬ના પ્રગટ થયેલ ૨ "અશોકના શિલાલેખો ઉપર દૃષ્ટિપાત" નામની બીજી પુસ્તિકામાં વિગતેથી પોતાના વિચારો રજુ કર્યા છે;[3] આ પુસ્તિકાના અંતમાં પૃ. ૬૦થી ૬૬ સુધી મને ઉદ્દેશીને ૬૧ પ્રશ્નો તેઓશ્રીએ પૂછયા છે; જેમાં ઉપરના ૨૭ પ્રશ્નોનો પણ સમાવેશ થઈ જાય છે. દૃષ્ટિપાતવાળી આ પુસ્તિકા તેઓશ્રીએ અન્ય વિદ્વાનોને[4] તેમજ 'ગુજરાતી' સાપ્તાહિક પત્રને સમાલોચના માટે[5] મોકલી હશે એમ જણાય છે. મેં પણ પ્રાચીન ભારતવર્ષ પુ. ૨ અન્ય પત્રકારોની સાથે 'ગુજરાતી' સાપ્તાહિકને તથા 'પ્રસ્થાન' માસિકને[6] પરિચય લેવા મોકલ્યાં હતાં. તેમાં ખૂબી એ થઇ છે કે ગુજરાતી સાપ્તાહિકમાં મારા પુસ્તકનો પરિચય જે છપાયો છે તેની સાથેજ પૂ. આ. મ.ની દૃષ્ટિપાતવાળી પુસ્તિકાનો પરિચય પણ છપાયો છે; જેથી વાચકને કાંઇક તુલના ગોઠવવાનો અવકાશ મળેઃ આ બન્ને પરિચય વાંચીને તેના સમાલોચક મહાશયે જે જે ઐતિહાસિક મુદ્દાઓ ખોટી રીતે સમજીને વિધાનો રજુ કર્યાં હતાં તે વિગતવાર બન્ને પુસ્તકોનાં પૃષ્ઠો, પંક્તિઓ અને શબ્દો ટાંકીને તેજ પત્રમાં છાપવા મેં મોકલી આપ્યાં હતાં. તેમાં આ દૃષ્ટિપાતવાળી પુસ્તિકામાંનાં મારાં મંતવ્યો વિશે મૂળ લેખકે (પૂ. આ. મ. શ્રીએ) જે ગલતીઓ[7] કરીને પાનાંને પાનાં ભરી કાઢયાં હતાં તે પણ બતાવવામાં આવ્યું છેઃ આ

---

૨ સાંભળવા પ્રમાણે ૧–૪–૩૬નું પુસ્તક તે સમય બાદ લગભગ ત્રણેક મહિને બહાર પડયું છે. શા માટે આ હકીકત છૂપાવાઈ હશે તે તો તેના સંચાલકો જાણે. પણ કાંઈક ગંદી રમત રમાતી હશે એમ કહેવાય છે.

૩ આ પુસ્તિકાની એક નકલ તેઓશ્રી તરફથી જ મને પોસ્ટદ્વારા મળી હતી.

૪ કેમકે, તેવા વિદ્વાનો તરફથી જે અભિપ્રાયો તેમને મળ્યા હશે, તેમાંના જે ઠીક લાગ્યા હશે તેનાં ટાંચણ કરીને કે કદાચ આખા ને આખા પણ છપાવીને એક પુસ્તિકા રૂપે તેમણે બહાર પાડયા હતાઃ જેની એક નકલ તેમનાજ તરફથી મને ટપાલદ્વારા (ટી. નં. ૩માં જણાવ્યા પ્રમાણેની વિધિથી) મળી હતી. તે અભિપ્રાયપત્રોમાં 'પ્રસ્થાન' માસિકના વિદ્વાન તંત્રી મહાશય શ્રી પાઠકજીનો પણ એક હતો જેમને મેં સમાલોચના લેવા માટે પ્રાચીન ભારતવર્ષ પુ. મોકલ્યું હતુંઃ તેને લગભગ છ મહિના થઇ ગયા હતા છતાં પરિચય લેવાયો નહોતોઃ પણ આ પત્રમાં તેમણે પૂ. આ. મ. ને મારા પુસ્તકની સમાલોચના લેવા વિનંતિ કર્યાનો ઉલ્લેખ હતોઃ આ શબ્દો વાંચીનેજ, મારા પુસ્તકની સમાલોચના કેવી આવશે તે વિશે અમુક કલ્પના મેં કરી લીધી હતી, જે 'પ્રસ્થાન' માસિકના છેલ્લા અંકમાં પૃ. ૨૭૧ થી ૮૨ જોવાથી ખરી પડતી દેખાય છે.

૫ કેમકે ગુજરાતી પત્રના ૪–૧૦–૩૬ના અંકમાં પૃ. ૧૪૬૬ ઉપર તેનો પરિચય લેવામાં આવ્યો છે.

૬ ઉપર ટીકા નં. ૪ જુઓ.

૭ નીચેની ટીકા નં. ૯ ની સાથે વાંચો.

ખુલાસા 'ગુજરાતી' ના તંત્રી મહાશયે ૨૫-૧૦-૩૬ના અંકમાં પૃ. ૧૫૯૨ ઉપર છાપ્યા પણ છે તે માટે તેમનો અત્ર ઉપકાર માનવા રજા લઉં છું. આટલું થયા બાદ છેવટે 'પ્રસ્થાન' માસિકમાં પૂ. આ. મ. શ્રી તરફથી સમાલોચના તરીકે લગભગ બાર પૃષ્ઠોનો એક લેખ પ્રગટ થયો છે.[૮]

આ સમાલોચનામાં પણ કેટલીક ગેરસમજૂતિ ઉભી કરે તેવાં દૃષ્ટિબિંદુઓ-જે મારી માન્યતામાં પણ નથી, છતાં મારાં તરીકે જણાવેલાં[૯] નજરે પડે છે; તે મેં ચર્ચાપત્રરૂપે 'પ્રસ્થાન' પત્રમાં પ્રગટ થવા મોકલી આપ્યાં છે. અને ધારૂં છું કે યોગ્ય સમયે તે પ્રગટ થશે. પરંતુ વાચક વર્ગની જાણ માટે અત્ર તે શબ્દશ[૧૦] ઉતારૂં છું.

"પ્રાચીન ભારત વર્ષ-ભાગ ૨ જો. લેખક ડૉ. ત્રિભુવનદાસ લ. શાહઃ આ પુસ્તક "માટે પૂ. આ. મ. શ્રી ઇન્દ્રવિજયસૂરિજીએ સમાલોચના તરીકે 'પ્રસ્થાન'ના છેલ્લા "અંકમાં પૃ. ર૭૦ થી ૮૧ સુધી ૧૧ પૃષ્ઠો ભરીને નોંધ કરી છે. પણ તે પુસ્તક- "પરિચયમાં ન લેતાં સ્વતંત્ર લેખ તરીકે તંત્રીજીએ છાપી છે. એટલે તટસ્થ સમાલોચના[૧૧] "કરતાં તેનું સ્વરૂપ એક વિવાદરૂપે[૧૨] તેમને લાગ્યું હશે એમ સમજાય છે.

"સમાલોચના રૂપે હોત તો મારે લખવાનું કાંઇ રહેતું જ નહોતું. પણ જેમ "પુસ્તકના લેખક તરીકે હું એક પક્ષકાર છું, તેમ પોતાને ન રૂચતી બાબત ઉપર "ટીકા કરે, એટલે ટીકાકાર તરીકે તો પૂ. આ. મ. પણ એક પક્ષકારજ લેખાય. હવે "વિચારી જુઓ કે, કોઈ પક્ષકાર પોતેજ પાછો ન્યાયાધીશ બનીને પોતાની હકીકતનો "ચુકાદો આપવા મંડી પડે તો તે કેટલો માન્ય લેખાય ?

"પૂ. આ. મ. શ્રીએ આખા પુસ્તકમાંથી છ મુદ્દાઓ શોધી કાઢયા છે. કદાચ "અવકાશ હોત તો વધારે પણ લખી શકત એવું સમજી શકાય છે. પણ ખૂબી એ દેખાય છે "કે મેં લખેલી સર્વ વસ્તુ તેમને વિઘાતક જ લાગી[૧૩] છે. તેમાંનો એક પણ મુદ્દો રચનાત્મક "કે સ્વીકાર્ય તેમને લાગ્યો હોય એવી નોંધ કર્યાનું[૧૪] કયાંય જણાતું જ નથી. વળી

---

૮ જુઓ ઉપરની ટી. નં. ૬ તથા નં. ૪.

૯ ઉપરની ટીકા નં. ૭ ની સાથે વાંચો. જે મારૂં મંતવ્યજ ન હોય તે મારા તરીકે રજુ કર્યે જવાયું છે. આનાં દૃષ્ટાન્તો બન્ને ઠેકાણે રજુ કર્યાં છેઃ વળી નીચેની ટીકા નં. ૧૫ તથા ૧૬ જુઓ.

૧૦ મૂળ લખાણની અક્ષરેઅક્ષર કોપી મારી પાસે રહી નથીઃ પણ રફ કોપી છે એટલે કદાચ શબ્દની હેરફેર રહેશે ખરી; પણ મુદ્દો કે વાસ્તવિકતા તો કાયમજ રહે છે એમ સમજવું.

૧૧ આ તેમજ આ ચર્ચાપત્રને લગતી નીચેની કેટલીક ટીકાઓ મેં અત્રે લખી છે એમ ગણવું રહે છે. તંત્રીજી મહાશયને છાપવા મોકલેલ ચર્ચાપત્રમાં તે લખાયલી નથીજઃ સમાલોચનામાં સમસ્ત પ્રકારે અવલોકન કરવું જોઈએઃ સારી વાતો પણ દર્શાવવી જોઇએ તેમ ત્રુટિઓ ઉપર પણ ધ્યાન દોરવું જોઈએઃ આ બારે પૃષ્ઠોને સમાલોચનાનું તેમણે નામ આપ્યું છેઃ તેમાં આ નિયમ સચવાયો છે કે કેમ તે તો વાચક વર્ગ જોઈ શકે છે. વળી નીચેની ટી. ૧૨, ૧૩ જુઓ.

૧૨ ઉપરની ટીકા નં. ૧૧ જુઓ.

૧૩ ઉપરની ટીકા નં, ૧૧ જુઓ અને સરખાવો.

૧૪ ઉપરની ટીકા નં. ૧૧ જુઓ અને સરખાવો,

"વિશેષમાં એ છે કે, જે પ્રશ્નો તેઓશ્રીએ ચર્ચીને અમુક શંકાઓ ઉઠાવી છે તેના ખુલાસા "(એક બે દૃષ્ટાંતો વિશેની સમજ નીચે આપુ છું તે જુઓ) તેજ પુસ્તકમાં મેં જણાવ્યા "પણ છે[15] છતાં તે ઉપર તેમણે દુર્લક્ષ કેમ કર્યું હશે[16]? આ સ્થિતિ શું સૂચવે છે?

"દૃષ્ટાંત-જેમકે (૧) ગોમટની મૂર્તિની પ્રતિષ્ઠાનો સમય, તેમની પેઠે મેં પણ "ચામુંડરાયનો સ્વીકારી લીધો છે. પણ મેં જે શંકા ઉઠાવી છે તે તેના ઘડતરકાળ "વિશેની છે. (૨) તેવીજ રીતે શ્રી મહાવીરના નિર્વાણ કલ્યાણકને લગતી હકીકત "સંબંધી છે. તેનું નામ પાવાપુરી હોવાનું તો મારે પણ કબૂલ જ છે. પણ તેના સ્થાન "(spot) વિશેજ પુરાવો ન હોવાનો પ્રશ્ન મેં ઉપસ્થિત કર્યો છે. આ પ્રમાણે દરેક "મુદ્દામાં બનવા પામ્યું છે. વળી અન્ય વિદ્વાનોનાં કેટલાંક મંતવ્યો મેં ટાંકયા છે તેને "મારાં તરીકે લેખી તે ઉપર[17] પોતે ટીકાની ઝડી વરસાવવા મંડી પડ્યા છે. ખેર!

"જ્યારથી મારું પુસ્તક બહાર પડયું છે ત્યારથી તેના ટીકાકાર તરીકે તેઓશ્રીએ "ત્રણ ચાર વખત દેખાવ દીધો છે. અને દરેક વખતે એકજ વલણ (attitude) "તેમણે ગ્રહણ કર્યું છે. તેમ દરેક વખતે અંતમાં જણાવતા રહ્યા છે કે પોતે સામો "જવાબ ભરપૂર ટીકા અને વિવેચન સાથે મોટા દળદાર ગ્રંથરૂપે છપાવવાના છે. "ખરી વાત છે કે તેઓશ્રી પાસે વિપુળ પ્રમાણમાં સાધન અને સામગ્રી હશેજ. વળી "ઈતિહાસતત્ત્વમહોદધિ જેવી ઉપાધિ ધરાવનાર છે એટલે તેમની પાસેથી આપણ "સર્વેને ઘણુંઘણું જાણવાનું મળી શકશે જ; જેથી તેમના તરફથી બહાર પડતા "પ્રસાદની જરૂર રાહ જોવી જ રહે છે.

"બાકી મારે તો ચર્ચા કે પ્રશ્નોત્તરીમાં ઉતરવાનું રહેતું નથી. કેમકે મારા શેષ "જીવનનું ધ્યેય મેં નક્કી કરી રાખ્યું છે. અને અવાર નવાર જણાવતો પણ રહ્યો[18] "છું. હજુ સમ્રાટ પ્રિયદર્શિનનું જીવન (લગભગ ૫૦૦ પૃષ્ઠો), શ્રી મહાવીરનું જીવન "(તે પણ લગભગ તેટલાં જ પૃષ્ઠો) તથા જૈન જ્ઞાન મહોદધિ (Encyclpoedia) "ત્રીસ હજાર પાનાંમાં (અકેક હજારનું એક વોલ્યુમઃ તેવાં ત્રીસ નંગ) તૈયાર કરવાનાં "છે. મતલબ કે સ્વતંત્ર છાપખાનું કરીને ઉપરનું સાહિત્ય બહાર પાડી શકાય તો પણ "જે પચીસ વર્ષથી મહેનત કરી રહ્યો છું તદુપરાંત તેને પરિપૂર્ણ કરવાને કમમાં કમ "બીજાં પંદર વીસ વર્ષનો સમય મળે તોજ પાર પાડી શકું; જ્યારે બીજી બાજુ, "યુવાન હોય તો પણ-કાલ કોણે દીઠી છે તે ન્યાયે-કાંઈ જીંદગીનો ભરૂસો તો રખાતો

---

૧૫ જેમ આ પુસ્તકમાં ખુલાસા અપાયા છે તેમ, તેમણે જે ૨૭ પ્રશ્નો ઉપસ્થિત કર્યા હતા તે પ્રશ્નોના ખુલાસા પણ તેજ પુસ્તકમાં અપાયાનું જૈન પત્રમાં પ્રગટ થયેલ છે તેના ઉત્તરોમાં પણ જણાવાયું છે.

૧૬ ઉપરની ટીકા નં. ૧૫ જુઓ તથા ટીકા નં. ૬ અને ૮ ની હકીકત પણ સાથે વાંચો અને સરખાવો

૧૭ ઉપરની ટીકા નં. ૧૫ તથા ૧૬ જુઓ: તથા તેમાં ટાંકેલી ટીકા નં. ૭ અને ૯ ની હકીકત સાથે સરખાવો.

૧૮ પ્રાચીન ભારતવર્ષમાં ઘણે ઠેકાણે બહાર પાડવાનાં આ પ્રકાશનો વિશે ઇસારા થઇ ગયા છે.

"જ નથી. તેમાં મારા જેવાને અત્યારે સાઠ વર્ષ તો[૧૯] થયાં છે. પછી કઇ ગણત્રીએ
"વખત ગુમાવવો કે પ્રમાદ કરવો પોષાય? વળી ચર્ચામાં તથા પ્રશ્નોત્તરીમાં તો
"વખતનો ભોગ જ આપવો રહે! અને તેમ થતાં મૂળ જે ધ્યેય છે તેનાથી વિપથમાર્ગી
"થવું પડે છે. માટે જ તેમ ન કરતાં તેમના તરફથી પુસ્તક બહાર પડે તે વાંચી,
"વાચક પોતાના નિર્ણય બાંધે તેજ શ્રેયસ્કર ગણાશે.

આ પ્રમાણે પૂ. આ. મ. શ્રીએ રજુ કરેલી વિગતોથી વાચક વર્ગને પોતાનો જે વિચાર બાંધવો હોય તે બાંધવાની છૂટ છે પણ મારે આટલું લાંબુ નિવેદન બહાર પાડવાની મતલબ એ છે કે, નવીન વિચાર રજુ કરનાર ઉપર કેવી તડપીટ પડે છે તેનો ખ્યાલ વાચક મહાશયને આવી શકે. ઉપરની સઘળી ઘટના બની રહી હતી ત્યારે કારણવશાત્ મારે મુંબઇ જવું થયું હતું. ત્યાં એક મહાશયે તો મને ઉભો રાખીને એટલે સુધી જણાવવા હીંમત કરી હતી કે, જુઓ ભાઈશ્રી, નવીન વિચારો બહાર પાડતાં આર્થિક, સામાજીક કે અન્ય ક્ષેત્રમાં જેમ સ્થાપિત હક્કવાળાનાં નાકનાં ટેરવાં ચચડી ઉઠે છે, તેમ તમારા પ્રકાશનથી હવે સાહિત્ય વિષયમાં પણ તેજ સ્થિતિ ઉભી થવાની છે.

એક બીજી વાત-ગોમટની મૂર્તિ (પુ. ૨ પૃ. ૨૦૨) મૂળે દિગંબર અવસ્થામાં છે. તે રજુ કરવા માટે બ્લોક બનાવનારને આપતાં તેમણે સૂચના કરી કે, પુસ્તક તો સ્ત્રી વર્ગના હાથમાં પણ જવાનું છે તો સભ્યતાની ખાતર પુરૂષલિંગનું આચ્છાદન કરાય તો સારૂં. તે વિચાર સુસંગત લાગતાં અન્ય ચિહ્નો જેમને તેમ રહેવા દઈ બ્લોક બનાવી છાપી કાઢ્યો છે. છતાં એક વિદ્વાનને તે અક્ષમ્ય લાગવાથી તેમના ઉપર વ્યક્તિગત મેં પત્ર લખીને તેમને સંતોષ આપ્યો છે.

## (આ) પ્રસ્તાવના

આગળ જણાવી ગયા પ્રમાણે દરેક ભાગમાં બે ખંડ, અને તેવા ચાર ભાગના આઠ ખંડઃ તેવી રીતે પુસ્તક સંપૂર્ણ કરવા ધાર્યું હતું. પણ પુસ્તક બીજામાં જ તે ધારણા છોડી દેવી પડી હતી. એટલે ચોથા ખંડનો શેષ ભાગ તથા શુંગવંશનો પાંચમો, પરદેશી આક્રમણકારોનો છઠ્ઠો, ગર્દભીલ વંશનો સાતમો, કાળગણનાના વિવિધ સંવત્સરની સ્થાપ્નાને લગતો આઠમો, ચેદીવંશનો નવમો, શતવહન વંશનો દશમો અને કુશાન તથા ચષ્ઠણવંશને લગતી હકીકતનો અગિઆરમો ખંડ-એમ લગભગ સાત ખંડનો સમાવેશ બે પુસ્તકમાં કરી નાંખવા ધારેલઃ જેને અનુસરીને આઠ ખંડ સુધી તૃતીયભાગમાં અને અને બાકીના ત્રણને ચતુર્થ ભાગે વહેંચવાનું નક્કી કરેલ. પણ જ્યાં છ ખંડ છપાયા ત્યાં જ પુસ્તકનું કદ, પ્રથમના બે ભાગ જેવડું થઈ ચૂકયું. એટલે એમ ઠરાવવું પડયું કે, હવે વધારે થતાં એકંદરે પાંચસો પૃષ્ઠોને સરખા બે ભાગે વહેંચી નાંખી પ્રથમનાં અઢીસો

---

૧૯ જુઓ પુ. ૧ પ્રાચીન ભારતવર્ષની પ્રશસ્તિ પૃ. ૩૮ ની અંતિમ પંક્તિના શબ્દો,

પૃષ્ઠાને ત્રીજા પુસ્તકે અને બીજા' અઢીસોને ચોથા પુસ્તકે લઇ જવાં: પણ તેમ કરવા જતાં ચાર પુસ્તકમાંનાં પ્રથમનાં બે નાનાં, અને પછીનાં બે મોટાં દેખાય જેથી આખા સેટનાં સર્વે પુસ્તકો એક સ્થાને ગોઠવાતાં સુમેળ સાધતાં નજરે ન પડે: જેથી નિર્ણય કરવો પડ્યો કે, ચારને બદલે પાંચ વિભાગમાં જ અને પાંચેને એકધારા કદમાં જ બહાર પાડવાં. તેને અવલંબીને, આ તૃતીય વિભાગે છ ખંડ સુધીનું વૃત્તાંત જ દાખલ કર્યું છે; જ્યારે બાકીના પાંચ ખંડનો સમાવેશ ચોથા તથા પાંચમા પુસ્તકે કરવામાં આવશે. આ પ્રમાણે ચારને સ્થાને પાંચ પુસ્તક થવાથી તેની કિંમતમાં જે કાંઈ ફેરફાર કરવો પડે તે પ્રકાશકના ક્ષેત્રનો પ્રશ્ન હોઈ તેમના નિવેદનમાંથી માહિતી મેળવી લેવી.

પાંચમો આખો ખંડ શુંગવંશને લગતો છે: તેના પાંચ પરિચ્છેદ પાડવામાં આવ્યા છે. દરેક પરિચ્છેદમાં પૂર્વ પુસ્તકની પેઠે અદ્યાપિ પર્યંત ન જણાયલી હકીકત જ સાબિત કરીને રજુ કરેલી છે: અત્ર તેનું વર્ણન છૂટું ન આપતાં તે તે પરિચ્છેદનો અનુક્રમ વાંચી જવાની જ ભલામણ કરીશ. છતાં ટૂંકમાં જણાવીશ કે પ્રથમ તો તે વંશના નવે રાજાની સમયાવળી, અને વિશુદ્ધ નામાવલી ઉભી કરવામાં પણ અપરિમિત શ્રમ ઉઠાવવો પડયો છે. તે બાદ પુષ્યમિત્ર, અગ્નિમિત્ર તથા વસુમિત્ર; તે ત્રણેનાં સંકલિત જીવન વ્યવસાયને પૃથક્ કરી બતાવવામાં પણ તેટલી જ જહેમત ઉઠાવવી પડી છે. છતાં પતંજલી મહાશય અને પં. ચાણક્યના જીવનવૃત્તાંતની સરખામણી કરી તેને રસ ઝરતો બનાવવામાં ઊણપ આવવા દીધી નથી. રાજા કલ્કિને લગતા બ્યાનમાં ઓર વળી એક નવીન જ પ્રકરણ ઉભું થતું દેખાશે: તેજ પ્રમાણે શુંગ સામ્રાજ્યની પડતીના સમયે યોનપતિ ડિમેટ્રીઅસ અને મિનેન્ડરે ભજવેલ ભાગ પણ અનેરોજ પ્રકાશ આપે છે.

છઠ્ઠો ખંડ સઘળી પરદેશી પ્રજાના ઇતિહાસને લગતો છે. તેના અગિયાર પરિચ્છેદ પાડયા છે: તેમાંના બે યોન પ્રજાના છે. ત્રણ ક્ષહરાટપ્રજાના છે. એક પરિશિષ્ટરૂપે મથુરા અને તક્ષિલા નગરીના સ્વતંત્ર વૃત્તાંતનો છે. બે પાર્થિઅન્સના છે. બે શકના છે. અને છેલ્લો અગિઆરમો પરચુરણ બાબતનો છે. તેના પણ બે વિભાગ પાડી, પ્રથમમાં શક, આભીર અને ત્રૈકૂટક પ્રજાનાં તથા બીજામાં ઓશવાળ, શ્રીમાલ અને ગૂર્જર પ્રજાનાં ઐતિહાસિક અંગોનું વર્ણન આપ્યું છે: આ દરેકમાં કયા કયા પ્રકારની હકીકત વર્ણવવામાં આવી છે તેનું ભિન્ન ભિન્ન સ્વરૂપ બતાવવા કરતાં તે તે પરિચ્છેદનું સાંકળીયું જોઈ લેવા જ ભલામણ કરવામાં આવે છે. છતાં એટલું જ અત્રે જાહેર કરી શકીએ કે, દરેકે દરેક પરિચ્છેદમાં તદ્દન નવીન નવીન બાબતો જ દર્શાવવામાં આવી છે.

ચિત્રની બાબતમાં પણ પૂર્વની પેઠે નકશાઓ, પ્રાચીન શિલ્પના નમુનાઓ અને રાજકર્તાઓના મહોરાંઓ આપ્યાં છે. ઉપરાંત જે કેટલાક સિક્કાઓનું વર્ણન એક યા બીજા કારણે પુ. ૨ માં લખવું રહી ગયું હતું, તેનો એક પટ બનાવીને જોડયો છે: નકશાઓમાં જે રાજ્યવિસ્તારના છે તે તો પોતપોતાના ક્ષેત્રની નવીનતા રજુ કરે છે જ. પણ જંબૂદ્વીપ, શાકદ્વીપ અને અઢીદ્વીપને લગતા જે છે તે તો સર્વ કોઇને નવી જ વસ્તુ

રજુ કરતા દેખાશે. પ્રાચીન શિલ્પના નમુનામાં મથુરાનો સિંહસ્તૂપ જેને 'હૅાડવાસ્તૂપ' તરીકે ઓળખાવવામાં આવે છે તેનું ચિત્ર મૂખપૃષ્ટ ઉપર જ પુરાતત્ત્વના એક અંશ તરીકે દર્શાવાયું છે. રાજાઓનાં મહોરાં સંબંધી કાંઈ વિશેષ કહેવાપણું નથીઃ પરંતુ સિક્કા ચિત્રના વર્ણનમાં ઘણી ઘણી નવી વસ્તુનો ભંડાર ઉઘાડો થતો નજરે પડે છે.

હિંદ ઉપર ચડી આવેલી જે પરદેશી પ્રજાએ કાંઇક સત્તા જમાવી હતી તેમને લગતા ઇતિહાસના સર્વ અંશો સમજવા માટે, જેટલી જરૂરિઆત તેમના સમયને લગતા પાકા નિર્ણયની છે, તેટલી જ જરૂરિયાત તેમના સમકાલીનપણે કયા હિંદી રાજવીઓ કયા પ્રાંત ઉપર હકુમત ભોગવી રહ્યા હતા, તે જાણી લેવાની પણ ગણાય. આ બન્ને પ્રકારની સ્થિતિનો એકી સાથે જ, તેમજ નજર માત્ર ફેરવતાં જ ખ્યાલ બંધાઈ જાય, તે પ્રમાણે બે વંશવૃક્ષો-વંશાવળીના કોઠાઓ મેં કેટલીય મહેનત લઇને તૈયાર કર્યા છે. તેમાંનું એક પૃ. ૧૪૫ ઉપર અને બીજું પૃ. ૪૦૩ ઉપર જોડયું છે. તે તૈયાર કરતાં કેટલી મહેનત ઉઠાવવી પડી હશે તેનું વર્ણન કરવા કરતાં નજરે જોવાથી તેની કલ્પના સહજ કળી શકાશે.

હવે એકજ બાબત જણાવીને પ્રસ્તાવના પૂર્ણ કરીશ. અત્યાર સુધી એમ કબૂલ રખાયું છે કે શિલાલેખ અને સિક્કાઈ પુરાવા હમેશાં અટળ ગણવાઃ અમુક અંશે તે મત સ્વીકાર્ય છે અને પુસ્તકીયા કે દંતકથાના પુરાવા કરતાં તે વધારે સજ્જડ અને અફર કહેવાશે; છતાં ભૂલવું જોઈતું નથી કે, શિલાલેખમાં એકલા લિપિલેખનનો અને સિક્કામાં લિપિલેખન ઉપરાંત ચિત્રનો ઉકેલ-એમ બે વસ્તુ ઉપર આધાર છેઃ લિપિ-લેખનના ઉકેલમાં અનેક વિઘ્નો છે; જેમકે, એક યા બીજા કારણે તેના અક્ષરોનું કે કાના માત્રાના વળાંકનું તથા તેના અમૂક ભાગનું છેદન-ખંડન થઈ ગયું હોય છે; કે કયાંક વળગાડ થઈ ગયો હોય છે. તેને લીધે અથવા તો તેવા ઉકેલની ખરી ખૂબી માલૂમ પડી ન હોવાને લીધે, ભળતોજ અર્થ કરાઇ જવાય છે. એટલે શિલાલેખમાં તેટલા પ્રમાણમાં અનિશ્ચિતતા કહી શકાશે. જ્યારે સિક્કામાં ચિત્રનો પણ વિચાર કરવો રહેતો હોવાથી અને તેમાં આખુંયે ચિત્ર કાંઈ એકી સમયે વિકૃત અવસ્થા ધારણ કરતું ન હોવાથી, સિક્કાનો આધાર લેવો તે શિલાલેખ કરતાં વિશેષ મજબૂત કહેવાય જ. છતાં સૌથી શ્રેષ્ઠ અને બળોત્તમતો ગણિતનોજ પુરાવો લેખવો રહે છે. એક વખત અમુક બનાવ કે હકીકત, ગણિતના આધારે અમુક સમયે બનેલી પુરવાર થઈ ગઈ કે પછી દુન્યવી કોઇ પણ અંશનો દેન નથી-મગદૂર નથી, કે તે અન્યથા કરી શકાય. હા, એટલુંજ વિચારવું રહે કે, જેમ ગણિતમાં તાળો મેળવીને સર્વ જડબેસલાક કરવામાં આવે છે તેમ એક વખત બાંધેલ નિર્ણયને પણ તે પ્રમાણે કસી જોતાં, સર્વ હકીકતને એક દોરામાં ગૂંથી શકાય છે કે નહીં? જો તેમ કરવામાં કયાંય પણ ખાંચ આવતી દેખાય, તો ત્યાં આગળ સાવધાનતા પૂર્વક ફરી પ્રયાસ આદરવાને આપણને મળે હાકલ છે એમ સમજવું. પણ જો બધી રીતે સુમેળ જામી ગયો તો, તે નિર્ણય સર્વદા અને સર્વથા અચળજ

રહેવાનો એમ ખાત્રી રાખવી. મારા પુસ્તકનો આ ત્રીજો ભાગ છે, તેમાં અનેક વખત ગણિતશાસ્ત્રે આ પ્રમાણેની સહાય આપી છે. એટલે હવે તો વિશ્વાસ પણ બંધાતો જાય છે કે, ઘણી ઘણી બાબતોના સમયનિર્ણય જે અત્યાર સુધી હું જાહેર કરી ચૂકયો છું તે મોટા ભાગે સત્યપૂર્ણજ છે. મતલબ કે સબળતાના પ્રમાણમાં, સૌથી છેલ્લો નંબર દંતકથાનો અને પુસ્તકીયા પુરાવાનો રહે છે, તેથી મજબૂત શિલાલેખી, તેથી સંગીન સિક્કાઈ પુરાવાનો અને સૌથી શ્રેષ્ટ ગણિતશાસ્ત્રનો નંબર મૂકવો રહે છે: સમયની બાબતમાં તો ઉપર પ્રમાણે મત ઉચ્ચારી શકાય તેમ છે પરંતુ હકીકત કે તેના વર્ણનની સત્યતા માટે મત ભેદ રહે ખરો.

આ પ્રમાણે પુસ્તકની સમાપ્તિ થાય છે: પુસ્તકના લેખનમાં તથા ચિત્રો ઉઠાવવામાં જે ગ્રંથકર્તાઓ, લેખકો તથા અન્ય વસ્તુના માલિકો વિગેરેની સહાય લેવી પડી છે તે સર્વેનો ઉપકાર માન્યા સિવાય કલમ બંધ કરી ન જ શકાય. તેવી જ રીતે ચિત્રકાર મિ. સોમાલાલ શાહને પણ વિસારવા નથી જોઇતા.

ચાર ભાગને બદલે પાંચ ભાગમાં પુસ્તક વહેંચી નાખવાની યોજના ઠેઠ છેવટે ઘડાઈ છે. જેથી કેટલેક ઠેકાણે આ પુસ્તકને અંતે અથવા પુ. ચોથામાં જુઓ, એવી મોઘમ હકીકતો દર્શાવાઈ છે; તે પ્રથમ નજરે અસંગત દેખાશે. પણ તે ઉપરના કારણે થવા પામ્યું છે એમ જાણી દરગુજર કરવા વિનંતિ છે. તેવી જ રીતે ગૌતમીપુત્ર સાતકરણી અને રાણી બળશ્રીના લેખ સંબંધી હકીકતમાં ગુંચવાડો ઉભા થવા સંભવ છે કેમકે કેટલાય ફરમા છપાઇ ગયા ત્યાંસુધી તેનો સમય ઇ. સ. ૭૮ નો હોવાની મારી ગણત્રી હતી. પણ પાછળથી ખાત્રી થઇ છે કે તેનો સમય ઇ. સ. પૂ. ૫૨ નો છે. એટલે તેના નિવેદનમાં પણ કેટલેક ઠેકાણે અસંબદ્ધતા જરૂર દેખાશે જ; પણ સંશોધનના વિષયની અસ્થિરતાને તેનું કારણભૂત માની તે ક્ષંતવ્ય લેખવા વિનંતિ છે.

## (इ) પ્રકાશકોનું નિવેદન

છાપખાનાને લગતું કાર્ય તો હવે અમને કોઠે પડી ગયા જેવું થઇ ગયું છે એટલે તે સંબંધી કાંઇ કહેવાપણું રહેતું નથી. બાકી જેમ પહેલાં બે પુસ્તક માર્ચ મહિનામાં પ્રગટ કરી શકાયાં છે તેમ આ ત્રીજું પણ માર્ચ માસ પહેલાં અથવા તો મોડામાં મોડું તે કાળે બહાર પાડી નાંખવા ઇચ્છા રાખી હતી. પણ કહેવત છે કે, 'બલીયસી કેવલમીશ્વરેચ્છા–ધાર્યું ધણીનું થાય છે.' તે પ્રમાણે અમારા સર્વ પ્રયત્ન છતાં લાચારી ભોગવવી રહી છે; કેમકે, અમારા લઘુ બંધુની ગંભીર બિમારીને લીધે સ્ટેટ જનરલ ઇસ્પીતાલમાં અઢીક મહિના અને ઘર આગળની સંભાળમાં દોઢેક માસ મળીને એકંદરે ચાર મહિના પર્યંત અમારે રોકાઇ રહેવું થતાં તેટલા સમય માટે આ કાર્ય સ્તંભિત થયું હતું. તે ચાર મહિનાનું કામ તે પછીના બે માસમાં ઉપાડીને પૂરૂં કરાયું છે તે પણ પરમાત્માની કૃપાનું જ પરિણામ સમજીએ છીએ.

ઉપરના મંદવાડને અંગે થોડું મોડું થયું છે. તેમ વળી લેખકે પ્રસ્તાવનામાં જણાવ્યા પ્રમાણે પુસ્તકને ચાર ભાગમાં પ્રગટ કરવું કે પાંચમાં, તે પ્રશ્નના નિર્ણય માટે પણ કાંઇક ખમવું થયું હતું. અંતે નિર્ણય ઉપર આવીને તેને અમલમાં મૂકી દેવાયો છે. હવેનાં બાકી રહેતાં બે પુસ્તક જલદી પ્રગટ કરી શકાય અને બની ગયેલ ઢીલનો બદલો વાળી અપાય એટલી જ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

ચાર વિભાગના આખા સેટની કિંમત રૂ. ૨૦) પ્રથમ રાખી હતી અને હવે પાંચ થશે તોપણ રૂ. ૨૦) વીસજ રાખવાની છે: કેમકે પુસ્તકનું દળ જે વધારાયું છે તે અમારા તરફથી સ્વેચ્છાયે થયું છે; તેથી તેનો બોજો ગ્રાહકને શીરે નાંખી શકાય નહીં. એટલે એમ ઠરાવ્યું છે કે, અત્યાર સુધી જે ગ્રાહક થઇ ચૂકયા છે તેમને પાંચમો ભાગ માત્ર બંધાઇ અને પરચુરણ ખર્ચ માટે નામના આઠ આના લઇને, મફત આપવો. એટલે કે તેમને પાંચે ભાગ રૂ. ૨૦+૦॥=૨૦॥માં પડવા જશે.

વળી કોઇ જાતની ખબર આપ્યા સિવાય પણ કિંમત વધાર્યાનો દોષ અમારે માથે ન આવી પડે, માટે ચોથો ભાગ પ્રગટ થાય ત્યાંસુધી ગ્રાહક થનારને માત્ર એક રૂપીઓ વધારે લઇને એટલે કે રૂ. ૨૦+૧=૨૧) એકવીસમાં પાંચે ભાગ આપીશું: પરંતુ ચોથો ભાગ બહાર પડી ગયા બાદ તો આ લાભ ખેંચી લેવો જ રહે છે. છૂટક કિંમત રૂ. ૨૫) ને બદલે હાલ તો રૂ. ૨૭) સત્તાવીસ ઠરાવાયા છે.

પુસ્તકના પ્રકાશન પરત્વે જે જે સાધનોનો–વ્યક્તિગત, અગર સંસ્થાઓની માલિકીના સાધનોનો–કિંચિત યા મોટા પ્રમાણમાં ઉપયોગ કરાયો છે તે સર્વેનો અંતઃકરણ પૂર્વક આભાર માનવાની રજા લઇએ છીએ. આટલું નિવેદન પ્રકાશનને અંગે છે.

આપણાં હિંદ દેશમાં તો પ્રકાશનનું તેમજ વેચાણનું એમ બન્ને કાર્ય એકને જ કરવાં પડતાં હોવાથી તેને અંગે પણ બે બોલ જણાવી લેવા ઇચ્છા થાય છે. પ્રથમ પુસ્તક બહાર પડી ગયા પછી અને દ્વિતીય પ્રગટ થયું તે પૂર્વેના અંતરકાળે, વેચાણ કરતાં અમને જે મુશ્કેલી પડી હતી, તેટલી બીજા અને ત્રીજા ભાગની વચ્ચેના ગાળામાં પડી નથી તેટલું ખુશી થવા જેવું છે; તે માટે બે કારણ અમારી નજરમાં આવે છે: એક તો આ કાર્ય ઉપાડવાની રીતિમાં અમારો અનુભવ વધતો જાય છે તે તથા બીજું અમારી પ્રમાણિકતાનો અને કાર્ય પાર ઉતારવાની ચીવટમાં સામાન્ય જનતાનો અમારામાં વિશ્વાસ બંધાતો જાય છે તે છે. છતાં એક વસ્તુ સ્થિતિ નજરે પડતી જાય છેજ. ગુજરાતી પ્રજા વિશે સામાન્ય માનતા એવી પ્રચલિત થઈ પડી છે કે, તે વ્યાપારમાં વિશેષ મશગુલ રહેતી હોવાથી વિદ્યા પ્રત્યે બે દરકાર અને બેકદર રહે છે. આવી સ્થિતિ વિદ્યાના સાહિત્યના દરેક અંગ તરફ જ્યાં પ્રવર્તી રહી હોય ત્યાં સંશોધન વિષયનાં આવાં પુસ્તકો પ્રત્યે તો તથા પ્રકારની શિથિલતા વિશેષ પ્રમાણમાં જ અનુભવાય તે દીવા જેવું ખુલ્લું છે. તેવા સંજોગોમાં, બુકસેલરો કે જેમને પોતાના કબજાનાં હજારો

પ્રકાશનાં પ્રકાશનોનો ઉપાડ કરાવવાનો હોય, તેમને આવા મંદ ઉપાડવાળા પ્રકાશન તરફ કેટલું લક્ષ આપવાનું બને? તે સ્થિતિમાં તો અમારે પોતાને જ સર્વ મહેનત કરવી રહી. આ અનુભવે શિખવ્યું છે કે, જે કોઈ કદર કરી શકે તેવા માલૂમ પડે તેમની પાસે જાતે પહોંચી જવું અને વ્યક્તિગત સમજાવટથી વેચાણ ધપાવ્યે જવું. આ રીત અંગિકાર કરીને સંતોષકારક પરિણામ નીપજાવી શકયા છીએ તે ખુશીથી જણાવવાની આ તક જવા દેવા માંગતા નથી.

જેમ જેમ પ્રકાશન પ્રગટ થયાને વખત થતો જાય છે, તેમ તેમ હવે ટીકાઓ અને ચર્ચાઓ થતી નિહાળાય છે. તેટલે દરજ્જે લોકરૂચિ જાગૃત થતી જાય છે અને તે પ્રમાણમાં અમને વેગ મળતો જશે એવી ઉમેદ સેવતા જઇએ છીએ. છતાં અમારી તરફથી–તેમજ લેખકે પોતા તરફથી અમને રજા આપી છે માટે તેમના તરફથી–પણ જણાવીએ છીએ કે અમે જે કાંઈ લખ્યું છે તે તદ્દન સત્ય જ છે તેમાં મીનમેષ થવાનું નથીજ એવો દાવો અમે રાખ્યો નથી, રાખતા નથી અને રાખવાની ઇચ્છા પણ નથી. તેમાંયે સંશોધનનો વિષય જ એવો રહ્યો કે તેમાં અનેક દૃષ્ટિબિંદુઓ રજુ થયાં જ કરવાનાં. એટલે દિવસાનુદિવસ તે છણાતો જશે અને લાંબે કાળે અમુક નિરધારિત સ્થાને મૂકાશે. પણ વચ્ચગાળે–એટલે કે ટીકાઓ બહાર પડતાં–કોઇએ તે તરફ ઉવેક્ષાવૃત્તિ કે ઘૃણા ન સેવતાં, તે પણ વિદ્યાનું એક અંગ છે એમ સમજી, જયાંથી મળે ત્યાંથી પણ વિદ્યા તો ગ્રહણ કરવી જ જોઇએ, તે કથાનુસાર વર્તન રાખવા વિનંતિ છે. છેવટે પ્રાર્થના કે, ભલે અમે સાચા હોઇએ યા ખોટા, તે તો પરિણામ જણાય ત્યારે ખરૂં, છતાંયે નવીન વિચારો રજુ કરી, દાખલા દલીલો અને પુરાવા આગળ ધરી, વાચક વર્ગને કેટલેક દરજ્જે વિચાર કરતા તો બનાવ્યા છે? તેટલે દરજ્જે બતાવેલ હમદર્દી માટે અમો ઉપકાર માનીએ છીએ તથા ભવિષ્યમાં તમો વિશેષ ઉત્તેજન આપશો તેટલી વિનંતિ કરીએ છીએ.

અંતિમ પ્રાર્થના કરવાની કે અમે લખાણ કરતી વખતે કોઈની પણ લાગણી દુભાવવાનો કે કોઈ ઉપર ટીકા કરવાનો દુષ્ટ હેતુ રાખ્યો જ નથી, છતાં જાણે અજાણે અમારા કથનથી કોઇને કિંચિત્ પ્રકારે પણ આઘાત પહોંચ્યો હોય તો તે માટે વારંવાર ક્ષમાની યાચના કરીએ છીએ. એજ વિનંતિ.

વડોદરા: રાવપુરા
૧૯૯૩ ની અક્ષત્ર તૃતીયા

આપના નમ્ર સેવકો
શશિકાન્ત એન્ડ કો. ના
સ્નેહ વંદન

# ચિત્ર પરિચય

નીચેના વર્ણનમાં પ્રથમનો આંક, ચિત્રની અનુક્રમ સંખ્યાસૂચક છે. બીજો આંક તે ચિત્રને લગતો અધિકાર આ પુસ્તકમાં કયા પાને લખેલ છે તે બતાવે છે. સર્વે ચિત્રો સંખ્યાના અનુક્રમમાં ગોઠવ્યાં છે. એટલે કયું ચિત્ર કયા પાને છે તે શોધી કાઢવું સહેલું થઈ પડે છે. કોઈ વિશિષ્ટતાને લીધે આડું અવળું મૂકવું પડયું હશે તો તે હકીકત તેના પરિચયમાં જણાવવામાં આવી છે.

આગળ મુજબ આ પુસ્તકે પણ ચિત્રોના ત્રણ વર્ગ પાડવામાં આવ્યા છે.

(૧) સામાન્ય ચિત્રો (૨) પરિચ્છેદના મથાળા ઉપરના શોભન ચિત્રો (૩) અને રાજ્ય વિસ્તાર બતાવતા તથા અન્ય ઔપદેશિક નકશાઓ.

પ્રથમ આપણે સામાન્ય ચિત્રોનું વર્ણન કરીશું.

## (અ) સામાન્ય ચિત્રો

| આકૃતિ નંબર | પૃષ્ઠ | વર્ણન |
|---|---|---|
| ૧ | કવર | કલ્પવૃક્ષ અથવા કલ્પદ્રુમનું ચિત્ર છે. તેની હકીકત પુ. ૨. પૃ. ૨૮ માં સંપૂર્ણ જણાવી છે ત્યાંથી જોઈ લેવા વિનંતિ છે. |
| ૨ મુખપૃષ્ઠ | પૂંઠા ઉપર | પુ. ૨ માં સૂચવેલ નિયમ પ્રમાણે આ ચિત્ર ખાસ કરીને ચૂંટી કાઢવામાં આવ્યું છે. તે મથુરાના સિંહસ્તૂપનું છે. તેને ચૂંટવા માટે અનેક કારણો મળ્યાં છે (૧) શિલ્પકળાની દૃષ્ટિ છે (૨) તેની પ્રાચીનતા છે (૩) આ પુસ્તકમાં જ તેનો અધિકાર અપાયો છે (૪) તેમાં ઐતિહાસિક રહસ્ય સમાયલું છે (૫) અને સૌથી વિશેષપણે જેમણે તેની પ્રતિષ્ઠામાં ભાગ લીધો છે તેમના જીવન ઉપર તે અનેરો પ્રકાશ પાડે છે. |

(૧) શિલ્પની દૃષ્ટિ: અલબત્ત આ નમુનામાં તે એટલી ઉત્તમ પ્રકારની જો કે નથી દેખાતીજ, છતાં પણ તે સમયના કારિગરો કેવી બાહોશી ધરાવતા હતા તેનો અચ્છો ખ્યાલ તો આપે છેજ. વિશેષ પરિચય નીચેના આંક ૨૭ ના ચિત્રે જુઓ.

(૨) તેનો સમય ઈ. સ. પૂ. ૧૧૫ હોઈ, અત્યારે તેની ઉમર ૧૧૫+૧૯૩૭=૨૦૫૨ ની થઈ કહેવાય. તે માટે જે પુરાણી વસ્તુઓ સારાયે હિંદમાં અત્યારે જળવાઈ રહેલી દેખાય છે તેમાં આનો નંબર ઘણો ઊંચો ગણી શકાશે.

(૩) તેના અધિકારનું વર્ણન પૃ. ૨૩૦ થી આગળ, તથા અન્ય ઘણે ઠેકાણે છૂટું છવાયું (જુઓ 'ચાવી' તથા 'શું અને કયાં'માં મથુરા શબ્દે) અપાયું છે. **તે વાંચવાથી તેની સમજણ પડી જાય તેમ છે એટલે અહીં ઉતારવું બીનજરૂરી છે.**

(૪) ઐતિહાસિક રહસ્ય–જે અદ્યાપિ પર્યંત અંધકારમાં પડી રહેલું છે તેનું વર્ણન રાજા કલ્કિ–સમ્રાટ અગ્નિમિત્રના વૃત્તાંતે અપાયું છે. કેમકે આ સિંહસ્તૂપની પુનઃપ્રતિષ્ઠા જે ઇ. સ. પૂ. ૧૧૫ માં થવા પામી છે તે પૂર્વે લગભગ ૬૫ વર્ષે સમ્રાટ અગ્નિમિત્રના હાથે જ તેનો વિનાશ થવા પામ્યો હતો. એટલે કે રાજા કલ્કિના બિરૂદની પ્રાપ્તિ અને મથુરા સિંહસ્તૂપનું ભૂતપૂર્વનામ 'વૉડવાસ્તૂપ–દેવરચિતસ્તૂપ' તે બન્ને સુઘટરીતે સંકલિત થયેલ છે.

(૫) તેની પ્રતિષ્ઠા કરાવનાર મહાક્ષત્રપ રાજુવુલની પટરાણી તથા તે ઉત્સવની ઉજવણીના સમયે ત્યાં એકત્રિત થયેલ ક્ષહરાટ પ્રજાના મુખ્ય મુખ્ય આગેવાનોનો સમુદાય, એમ પ્રતીતિ કરાવે છે કે તે આખી ક્ષહરાટ પ્રજા પોતાના ધર્મ પ્રત્યે અતિ શ્રદ્ધાવંત તથા ભક્તિપૂર્ણ હતી અને આપણે જાણીને તાજુબ થઈશું કે તેઓ સર્વે અહિંસામય જૈનધર્મનાજ અનુયાયીઓ હતા.

આ પ્રમાણે તેનો ઇતિહાસ છે: પણ કાળે કરીને જેમ અન્ય પ્રાચીન અવશેષોનાં હાલહવાલ થયા છે તેમ આ સ્તૂપ પણ કોઈક સમયે શિતલાદેવીના મંદિરનો એક અંશ બનવા પામ્યો હતો. હાલ તો લંડનના બ્રિટિશ મ્યુઝીઅમમાં તે સ્થાપિત થયેલ છે. તેને વીશે એપિગ્રાફિકા ઇન્ડિકા પુ. ૯. પૃ. ૧૩૫ માં આ પ્રમાણે નિવેદન નજરે પડે છે:—

Object of the inscription is to record a religious donation on the part of the Chief Queen of Satrap Rājula....Found on the steps of an altar devoted to Śitalā on a site belonging to low caste Hindus at Mathura.... Secured by Dr. Bhagwanlal brought to Bombay; then presented to British Museum where it lies at present.... Being contemporary with Taxilla plate; this can be placed as nearly as 42 B. C.=લેખકનો આશય, ક્ષત્રપ રાજુલની પટરાણી તરફથી ધાર્મિક દાનની નોંધ રાખવાનો છે....મથુરાના અચ્છુત વર્ગના હિંદુઓની એક જગ્યામાં શિતળાદેવીના મંદિરની વેદિના પગથિયામાં (તે લેખ) જડેલ હતો. ડૉકટર ભગવાનલાલને તે સાંપડેલ: ત્યાંથી મુંબઇ લાવવામાં લાવેલ: અને પછી બ્રિટિશ મ્યુઝીઅમને ભેટ દેવાયો હતો. હાલ તે ત્યાંજ પડેલ છે....તક્ષિલાના પટ (તામ્રપટ જુઓ આ પુસ્તકે પૃ. ૨૪૦નું વિવેચન) ના સમયનો (આ લેખ) છે: જેથી તેનો અંદાજ સમય[1] ઇ. સ. પૂ. ૪૨ લગભગનો ગણી શકાય.

---

૧ તે સમયે આ તક્ષિલાના પટનો સમય ગમે તે ગણવામાં આવતો હશે. હાલ મેં તેનો સમય ઈ. સ. પૂ. ૮૦ નો ઠરાવ્યો છે. (જુઓ તેનું વૃત્તાંત:) ડૉ. ભગવાનલાલનો આ નિર્ણય અંદાજી સમય બતાવે છે જ્યારે તેનો નિશ્ચિત કાળ તો ઉપર જણાવ્યા પ્રમાણે ઈ. સ. પૂ. ૧૧૫ નો જ ગણવો રહે છે.

| આકૃતિ નંબર | વર્ણન પૃષ્ઠ | |
|---|---|---|
| ૩ | ૧ | ષષ્ઠમ પરિચ્છેદના મથાળે (શોભન ચિત્રની સમજૂતિમાં જુઓ) |
| ૪ | ૨૨ | સપ્તમ પરિચ્છેદના મથાળે ( સદર સદર |
| ૫ | ૨૪ | ચંદ્રગુપ્તનો રાજ્ય વિસ્તાર બતાવતો નકશો છે–નકશાના વર્ણનમાં જુઓ |
| ૬ | ૨૯ | બિંદુસારનો સદર સદર |
| ૭ | ૩૧ | અશોકવર્ધનનો સદર સદર |
| ૮ | | સમ્રાટ અશોકવર્ધનનો ચહેરો બતાવ્યો છે. |
| ૯ | | સમ્રાટ પ્રિયદર્શિનનું મહોરૂં છે. |
| | | આ બન્ને ચિત્રો કેવી રીતે ઉપજાવવામાં આવ્યાં છે તેનો સંપૂર્ણ ખ્યાલ પુ. ૨ માં ચિત્રપરિચય પૃ. ૩૧ ઉપર આપ્યો છે એટલે તેની પુનરૂક્તિ કરવી યોગ્ય ગણાય નહીં. અત્રે એટલું જ જણાવીશું કે અનેક સ્થાને નજરે પડતાં તેમનાં અન્ય ચિત્રો કરતાં આ બેને, તેમની અસલ આકૃતિને વિશેષાંશે મળતાં આવનારાં કહી શકાશે. અને તેટલે દરજ્જે તેમનું સ્થાન ઉચ્ચ કોટિનું ગણવું રહે છે. |
| ૧૦ | ૩૫ | સમ્રાટ પ્રિયદર્શિનના સમયે મગધ સામ્રાજ્ય કેટલું વિસ્તારવંત બન્યું હતું તે આ નકશામાં બતાવ્યું છે. વિશેષ અધિકાર માટે નકશાની સમજૂતિમાં જુઓ. |
| ૧૧ | ૩૬ | પ્રિયદર્શિનના મરણ બાદ મૌર્યવંશની જે અણચિંતી અને એકદમ પડતી થવા પામી હતી તેનો ખ્યાલ આ નકશામાં આપ્યો છે. વિશેષ માટે નકશા ચિત્રની સમજૂતિ જુઓ, |
| ૧૨ | ૪૭ | પાંચમા ખંડના પ્રથમ પરિચ્છેદનું શોભન ચિત્ર છે. તેની સમજૂતિ માટે શોભન ચિત્રે જુઓ. |
| ૧૩ | ૬૩ | પાંચમા ખંડના દ્વિતીય પરિચ્છેદનું શોભન ચિત્ર છે. તેની સમજૂતિ તેના સ્થાને આપી છે. |
| ૧૪ | ૮૧ | પાંચમા ખંડે તૃતીય પરિચ્છેદનું શોભન ચિત્ર છે. સમજૂતિ માટે આગળ જુઓ. |
| ૧૫ | ૮૯ | સમ્રાટ અગ્નિમિત્રનો રાજ્ય વિસ્તાર બતાવતો નકશો છે. સમજૂતિ માટે નકશા ચિત્રના પરિચયમાં જુઓ. |
| ૧૬ | ૧૦૫ | પાંચમા ખંડે–ચતુર્થ પરિચ્છેદનું શોભન ચિત્ર છે. આગળ ઉપર જુઓ. |
| ૧૭ | ૧૧૪ | શુંગવંશની પડતી થવા માંડી તે સમયે તેમના સામ્રાજ્યના વિસ્તારનો આ નકશામાં ખ્યાલ આપ્યો છે–વિશેષ હકીકત આગળ ઉપર. |
| ૧૮ | ૧૨૩ | ષષ્ઠમખંડે–પ્રથમ પરિચ્છેદનું શોભન ચિત્ર–તેના અધિકારે સમજૂતિ આપી છે. |

| આકૃતિ નંબર | વર્ણન પૃષ્ઠ | |
|---|---|---|
| ૧૯ | | પરદેશી પાંચ આક્રમણકારોમાં પ્રથમ યોન પ્રજાનું વર્ણન અપાયું છે તેમાંથી જેણે હિંદમાં ગાદી પ્રથમ સ્થાપી તે યોનપતિ ડિમેટ્રીઅસનું મ્હોરૂં છે. |
| ૨૦ | | ઉપરમાં વર્ણવેલ ડિમેટ્રીઅસના જમણા હાથ સમાન લેખાતા તેના સરદાર મિનેન્ડરનો ચહેરો છે. આ બન્ને નૃપતિએ પ્રથમવાર જ એવી રીતે પોતાના શિરતાજ ગોઠવ્યા છે કે ગળાનો જે ભાગ યુરોપીય રાજકર્તાઓ ઉઘાડો રાખતા હતા તે હિંદી સંસ્કૃતિને છાજતો અને આચ્છાદિત દેખાય. તેમના આ બન્ને ચહેરા તેમણે પોતે પડાવેલા સિક્કા ઉપરથી લેવામાં આવ્યા છે એટલે અસલ શિકલના પ્રતિબિંબરૂપે જ તે છે એમ સમજવું. |
| ૨૧ | ૧૨૯ | અઢીદ્વીપનો નકશો છે. હકીકત માટે નકશાઓના વર્ણનમાં જુઓ. |
| ૨૨ | ૧૩૬ | શાકદ્વીપ તથા જંબુદ્વીપની સમજૂતિ માટે રજુ કરેલ છે. નકશાની હકીકતમાં જુઓ. |
| ૨૩ | ૧૩૫ | શિસ્તાન પ્રાંતનો નકશો છે. સમજૂતિ માટે નકશા ચિત્રે જુઓ. |
| ૨૪ | | રાજા નહપાણની છબી છે. જે સર્વ પરદેશી ભૂપતિઓએ પોતાના સિક્કા પડાવ્યા છે અને તેમાં કળા, ધાર્મિક ચિહ્નો તથા પોતાનું મ્હોરૂં ઇ. ઈ. દર્શાવી, સિક્કા જેવી વસ્તુને એક ઐતિહાસિક વિદ્યાના અંગ જેટલે દરજ્જે પહોંચાડી છે તે સર્વમાં નહપાણનો નંબર પ્રથમ આવે છે. તેના સમયથી દાખલ થયેલી પ્રથાને આજસુધી બહુધા સર્વેએ જાળવી રાખીને અનુકરણ જ કરેલું છે. રાજાને શિરને શોભાવતો મુગટ પણ ત્યારથી જ પહેરવામાં આવતો નજરે પડે છે. એમ અનેક રીતે તેના સિક્કા અનુકરણીય થઈ પડયા છે. વિશેષ હકીકત માટે સિક્કા ચિત્રે જુઓ. |
| ૨૫ | | રાજા ચષ્ઠણની છબી છે. નં. ૨૪ પ્રમાણે ચષ્ઠણનો સિક્કો તથા તેનું રાજ્ય પણ ઘણી ઘણી રીતે દૃષ્ટાંતરૂપ થઈ પડયું છે. બન્ને જણા ભિન્ન ભિન્ન જાતિના તથા ઓલાદના છે. વળી ભિન્નભિન્ન પ્રદેશમાંથી ઉતરી આવેલ છે, છતાં સિક્કા પડાવવાની પ્રથામાં, રાજકીય ચાતુર્યમાં ઇ. ઇ માં બેની વચ્ચે ચહેરામાં ઘણી જ સામ્યતા રહેલી છેઃ વિશેષ તો તેના સિક્કાના વૃત્તાંત ઉપરથી સમજી શકાશે. |
| ૨૬ | | રાજુવુલનો ચહેરો છે. નં. ૨૪, ૨૫ ના કરતાં ઓછા પ્રદેશનો અધિકારી હોવા છતાં ગૌરવમાં, પ્રતાપમાં કે અન્ય રાજમાન્ય ગુણોમાં કોઇ રીતે તે ઉતરે તેવો નહોતો. બલ્કે કેટલીક બાબતમાં તો તે બન્ને કરતાં એક વેંત ચડી જાય તેવો હતો. તેમાંની એક ધાર્મિક શ્રદ્ધારૂપે |

છે જેના પ્રતીકમાં, મથુરાના સિંહસ્તૂપરૂપે તેણે આપણને સોંપેલી પુરાતત્ત્વની પ્રસાદી છે જેને લીધે ઇતિહાસમાં તેનું નામ સદાને માટે યાદગાર રહી ગયું છે.

૨૭ સારનાથ સ્તંભનું ચિત્ર છે. આમાંના શિલ્પે, વિશ્વભરના શિલ્પ વિશારદોની પ્રશંસા પ્રાપ્ત કરેલી છે. તેનું સવિસ્તર વર્ણન પુ. ૧ તથા ૨ માં અપાઈ ગયું છે. અહીં તો રજુ કરવાનું કારણ એજ છે કે, આ પુસ્તકે મુખપૃષ્ઠ ઉપર રજુ કરાયલ મથુરાસિંહસ્તૂપના ચિત્રની સાથે તેની તુલના કરવાનું સુલભ થાય; આ સારનાથ પિલર ઘડાયા પછી લગભગ સવાસો વર્ષે મથુરા સિંહસ્તૂપ ઘડાયો છે. પરંતુ મથુરાસ્તૂપના નિર્માતા મહાક્ષત્રપ રાજુવુલના જ ધર્માનુયાયી પણ વિશેષ શક્તિશાળી સમ્રાટ પ્રિયદર્શિનની કાર્યશક્તિના તે નિમિત્તરૂપ છે. જેથી બન્ને રાજવીના સામર્થ્યની તુલના પણ કરી શકાય છે.

૨૮ ૧૭૩ ષષ્ઠમખંડે દ્વિતીય પરિચ્છેદનું શોભન ચિત્ર છે.

૨૯ ૧૭૩ ,, તૃતીય ,, ,,

૩૦ ૧૯૪ ,, ચતુર્થ ,, ,,

૩૧ ૨૦૨ રાજા નહપાણ–અવંતિપતિના સામ્રાજ્યમાં જે પ્રદેશનો સમાવેશ થતો હતો તેનો ચિતાર આપતો નકશો છે.

૩૨ તક્ષિલાપતિ મહાક્ષત્રપ પાતિકનો ચહેરો રજુ કરાયો છે. તે તેના સિક્કા ઉપરથી લેવાયો છે. આ કેવો ધર્મશ્રદ્ધાળુ હતો તે તેના જીવનવૃત્તાંત ઉપરથી સમજી શકાય છે.

૩૩–૩૪ મૂળે શક જાતિના, પણ પાછળથી અવંતિપતિ ક્ષત્રપ ચષ્ઠણવંશી રાજકર્તાઓના સમયે, તેમના અધિકાર તળેના ગોવરધન સમય–જેની રાજધાની નાસિક ગણાતું હતું તેની ઉપર જે અમલદારો સૂબાગીરી કરી રહ્યા હતા તથા જેઓએ પ્રસંગ અનુકૂળ થતાં મહાક્ષત્રપ પદ ધારણ કરી પોતાનો આભીર વંશ સ્થાપ્યો હતો તથા સંવત્સર ચલાવ્યો હતો જે ભારતીય ઇતિહાસમાં કલચૂરિ અથવા ચેદિ સંવત તરીકે ઓળખવામાં આવે છે તેમાંના એક આભીરપતિ ઈશ્વરદત્તનો છે; જ્યારે બીજો ચહેરો તેના જ વંશમાં પણ લગભગ અઢી સદીબાદ થયેલ ધરસેનનો છે. આ ધરસેને સંવત્ તો પોતાના પૂર્વજનો જ ચલાવ્યે રાખ્યો છે પણ પોતાના વંશનું નામ, તે સ્થાનમાં આવી રહેલ ત્રિરશ્મિ પર્વત ઉપરથી ત્રૈકૂટક પાડયું હતું: આ પ્રમાણે આ બે વંશસ્થાપકોના મૂળ ચિત્રો રજુ કરી પુરાતત્ત્વના અંશો જાળવી રાખવા પ્રયત્ન સેવ્યો છે. તેમનો વિશેષ અધિકાર આ પુસ્તકના સૌથી અંતિમ પરિચ્છેદે આપ્યો છે. તેમાં ઘણી નવીન હકીકત રજુ કરી છે

| આકૃતિ નંબર | વર્ણન પૃષ્ઠ | |
|---|---|---|
| ૩૫ | ૨૨૮ | ષષ્ઠમખંડે-પંચમ પરિચ્છેદનું શોભન ભિત્ર છે. |
| ૩૬ | ૨૫૨ | ,, ષષ્ઠમ ,, ,, |
| ૩૭ | ૨૮૭ | ,, સપ્તમ ,, ,, |
| ૩૮ | ૨૯૫ | પાર્થિઅન સમ્રાટોના રાજ્ય વિસ્તાર બતાવતો નકશો છે. |
| ૩૯ | ૩૦૫ | ષષ્ઠમખંડે અષ્ટમ પરિચ્છેદનું શોભન ચિત્ર છે. |
| ૪૦ | ૩૩૨ | ,, નવમ ,, ,, |
| ૪૧ | ૩૫૨ | ,, દશમ ,, ,, |
| ૪૨ | ૩૮૫ | ,, એકાદશમ ,, ,, |
| ૪૩ | | સિક્કાચિત્રનો પટ નં. ૬ છે. પુ. ૨ માં પાંચ પટ રજુ કરાઈ ગયા છેઃ તેમાં રજુ કરાયા સિવાયના જે થોડાંક સિક્કાચિત્રો જરૂરી દેખાતાં હતાં તે અત્રે બતાવવામાં આવ્યાં છે. તેને લગતું વર્ણન આ પુસ્તકને અંતે જોડેલા પરિશિષ્ટમાં અપાયું છે. |


---

## (આ) શોભન ચિત્રોની સમજૂતિ

**ષષ્ટમ પરિચ્છેદ**—પ્રિયદર્શિનના પુત્ર સુભાગસેનના ધર્માંધપણાથી દેશમાં ઠેર ઠેર બળવા ફાટી નીકળે છે. એક બાજુએ કવાયત થતી હતી ત્યારે બીજી બાજુ સેનાપતિ પુષ્યમિત્ર પોતાનાજ સ્વામીનું ખૂન કરે છે. અને દેશમાં ધર્માંધપણાની તલવાર પોતે ધા કર્યેજ જાય છે.

**સપ્તમ પરિચ્છેદ**—રાજા ચંદ્રગુપ્ત અને મંત્રી ચાણક્ય અર્થશાસ્ત્રની યોજના વિચારી રહેલ છે. યવનાધિપતિ અલેકઝાન્ડરનું લશ્કર આમ વિજય દેખતું આગળ વધી રહેલ છે. રાણી તિષ્યરક્ષિતાનું મહેલમાંનું એક ચક્રી રાજ્ય કુમારકુણાલને ભિખારી બનાવી રખડતો કરી મૂકે છે. કલિંગપતિની સાથેની લડાઇ પણ રાજ્યનો એક મુખ્ય બનાવ બન્યો છે.

**પ્રથમ પરિચ્છેદ**—રાજા અગ્નિમિત્ર અશ્વમેધ યજ્ઞ કરીને ઘોડો છુટો મૂકે છે. યવનો સાથે લડતાં લડતાં કુમાર વસુમિત્ર મૃત્યુ પામે છે. ઘોડો વધુ રક્ષણ મેળવી આગળ જાય છે.

**દ્વિતિય**—એક બાજુએ પતંજલિ મહાશયનો કોરડો પૂર બહારમાં વીંઝાય છે. બ્રાહ્મણો ને જૈનોના સંબંધ વચ્ચે વેરની તલવાર ગોઠવાઈ ગઇ છે. શામ, દામ, ભેદ ને દંડથી ધર્મ પ્રચારના માર્ગો અજમાવાય છે. દેવત્વની જાહોજલાલી અને ગરીબાઇ સંધ્યાના રંગમાં એકરાગ થઇ જાય છે.

**તૃતીય પરિચ્છેદ**—કલ્કિ અવતાર પોતાની તેજ અંધકારની તલવાર લઈને સ્વર્ગ, મૃત્યુ ને પાતાળ સુધી પ્રભાવ પાથરી દે છે. જલપ્રલયનો ભોગ બનતું શહેર ડુબું ડુબું થઇ રહેલ છે. રાજા અગ્નિમિત્ર પોતાની રાણી ધારિણી તરફથી પોતાની પ્રિયા માલવિકા વિજયના આનંદમાં ભેટ તરીકે મેળવી સુખી થાય છે.

**ચતુર્થ**—વિલાસ પડતિનું પહેલું ને છેલ્લું પગથીયું [redacted]રાજ્યમાં વિલાસો, તેમાંથી થતાં ખૂનો સ્વભાવિક બનાવો થઈ ગયા છે. યોન પ્રતિનિધિ હેલિયોડોરસે કૃષ્ણ-ભક્તિના સ્મરણમાં એક સ્તંભ ઉભો કરાવી કૃત્યતા અનુભવી છે.

## ષષ્ઠમ ખંડ

**પ્રથમ પરિચ્છેદ**—ઇ. સ. પૂર્વે ૬૦૦ થી ઈ. સ. પૂર્વે ૩૦૦ સુધી ભારત વર્ષ પરદેશી-ઓના હુમલાઓનું ચાલુ ભોગ થયા કરતું હતું. આ વર્ષો ભારતવર્ષીઓની તાકાતની કસોટી કરતાં હતાં. પરદેશીઓ દેશમાં આવતા, લૂટફાટ વિ. કરીને ચાલ્યા જતા ને કેટલાક ધરજ કરીને અહીં પડી રહેતા. આ બધામાં ક્ષત્રપો, કુશાનો અને શકો મૂખ્ય હતા.

**દ્વિતીય પરિચ્છેદ**—યવનો ભારતવર્ષીયોનો માર ખાઇને પોતાના દેશ ભણી પોબારા ગણે છે. અશ્વમેધ યજ્ઞમાં ભંગાણ પડે છે ને સુમિત્ર મરણ પામે છે. હિંદુસ્તાનમાં રહેલ યોનબાદશાહો ધીમેધીમે ભારતવર્ષીય પ્રથા સિક્કા વિ. માં ચાલુ કરે છે.

**તૃતીય પરિચ્છેદ**—બ્રાહ્મી અને ખરોષ્ટી ભાષાઓ પ્રેમપૂર્વક હાથ મીલાવી સહકાર વાંછી રહે છે. ને એકત્વનું હૃદયથી પૂજન કરે છે. બ્રાહ્મી અને ખરોષ્ટિની મા દીકરી જેવી જોડીને સૂર્યચંદ્રના આશીર્વચનો ઉતરે છે.

**ચતુર્થ પરિચ્છેદ**—અવન્તિ નગરી ઉપર પરદેશી રાજા નહપાણની સુજ્ઞ રાજદૃષ્ટિ પ્રજાની જરૂરીયાતો પરખી મુસાફરોને ઉપયોગી વાવ કુવા આદિ વસ્તુઓ પૂરી પાડે છે. નહપાણને સમુદ્ર કિનારો, વેપાર વિ. નો વિકાસ કરવાનો ભારે આનંદ હતો.

**પંચમ પરિચ્છેદ**—મહાક્ષત્રપ રાજુવુલની પટરાણીએ મથુરામાં સિંહસ્તૂપની પ્રતિષ્ઠા કરી છે. બાહ્મણો જૈનો વિ. પોતપોતાના ધર્મકાર્યોમાં પ્રવૃત્ત છે. રાજા તીર્થંકરના ચિત્રપટ પાસે ઉભા ઉભા હૃદયની પવિત્રતા સાધે છે.

**ષષ્ટમ પરિચ્છેદ**—મથુરા નગરીમાં જૈન જાહોજલાલી પૂર બહારમાં હતી. ભગવાન બુદ્ધ ક્ષુધાર્ત વાઘને ખવડાવવા પોતાનું મસ્તક જાતેજ ઉતારી દે છે. જે ઉપરથી તક્ષિલા એ નામ પડવાનું અનુમાન કરાય છે.

**સપ્તમ પરિચ્છેદ**—દક્ષિણના જુના મૌર્યો અને ઉત્તરમાંથી તાજા ગયેલા મૌર્યો એક બીજાની સાથે ભાઈચારો સાધે છે. ઈરાની રાજ્યસત્તા ભારતવર્ષ ઉપર પોતાનો પ્રભાવ જમાવતી જતી હતી.

**અષ્ટમ પરિચ્છેદ**—આ વખતે ભારત વર્ષની પ્રજા બે સત્તાઓના આસરે હતી. એક ઈરાનીઓ ને બીજા ભારતવર્ષીયો. આ વખતે હિંદ ઉપર ચડાઇઓ પણ જમીન તેમજ દરિયા માર્ગે ઘણી થએલી.

**નવમ પરિચ્છેદ**—ભરૂચ બંદર નજીક મિનેન્ડર વિ. ના સિક્કા દેખાય છે. શકોનો તે વખતે કોરડો પૂરબહારમાં વીંઝાતો હતો. સૌરાષ્ટ્રમાં તે વખતે તેવી બળવાન પ્રજાઓ પોતાનું ઘર કરતી જતી હતી.

**દશમ પરિચ્છેદ**—શાંતિમાં ગાયો ચારનાર આભીર પ્રજા બળવાન લડાયક પ્રજાનું ખમીર રાખનાર હતી. અને શાહીવંશ તેમના જ ખમીરનું પાણી છે. નહપાણ પોતાની દીકરીનાં લગ્ન ઋષભદત્ત સાથે કરે છે.

**એકાદશમ પરિચ્છેદ**—જુના વખતમાં ડુંગરો તથા તેની તળેટી જેવી સુંદર જગ્યાઓ મંદિરો માટે સુંદર ગણાતી. સ્તૂપો પણ એવા જ કોઈ મહત્વના સ્થાને બંધાવવામાં આવતા. લડાઈના યુગમાં એક જઈને બીજી પ્રજા આવતી ત્યારે જુની પ્રજાનો નાશ એ સ્વાભાવિક સ્થિતિ થઇ જતી.

---

## (ई) નકશા વિષેની સમજૂતિ.

૫ ૨૪ ચંદ્રગુપ્તનો રાજ્ય વિસ્તાર બતાવે છે. આ અજ્ઞાત સંસારમાં અજ્ઞાન સ્થિતિમાં તે જન્મ્યો હોવાથી તેને રાજ્યનો પ્રારંભ પણ એકાદ અજ્ઞાન સ્થાનથી જ કરવો પડયો હતો. તેની પસંદગી કરવામાં પણ કોઇ અજ્ઞાત કારણનું જ સૂચન હતું. ક્રમેક્રમે પછી તે આખા હિંદનો સ્વામી બનવા પામ્યો હતો તે તેના વૃત્તાંતે જણાવ્યું છે. દક્ષિણ હિંદ ઉપર તેનું સ્વામિત્વ તો હતું જ પણ ત્યાં પોતાના જ જ્ઞાતિજનો સત્તાપદે હોવાથી તેમને ખંડિયાપણામાં રહેવા દીધા હતા. આ પ્રકારની રાજકીય પ્રથા હજુ ચાલુ રાખવી પડી હતી.

૬. ૨૯ સમ્રાટ બિંદુસાર: જ્યાં સુધી પં. ચાણકય જીવંત હતો ત્યાં સુધી તો રાજ્યના વિસ્તારમાં કિંચિત્ પણ ન્યૂનતા થવા પામી નહોતી. પણ રાજ્યનો લગભગ અડધો કાળ વ્યતીત થતાં, પં. ચાણકયનું મરણ નીપજ્યું. નવા પ્રધાન સત્તા ઉપર આવ્યા અને રાજનીતિ બદલાઈ; કે સારાએ સામ્રાજ્યમાં જ્યાં ને ત્યાં બંડખેડા, ટંટાફિશાદો થવા માંડયા એટલે આખો દક્ષિણ ભરતખંડ મગધમાંથી છૂટો પડી ગયો અને ઉત્તરમાંથી પણ કાશ્મિર અને પંજાબ ખસી ગયા. તે સર્વ આ નકશો સ્પષ્ટ કરી બતાવે છે.

૭ ૩૧ અશોકવર્ધનના સમયનો ભૂવિસ્તાર છે. અદ્યાપિ પર્યંત અશોકને પ્રિયદર્શિન માની લઇ એકનો કળશ બીજાને માથે ઢોળાઇ ગયો છે, પણ ખરી સ્થિતિ શું હતી તે હવે ખુલ્લું થયું છે. જેથી સમજાશે કે, અશોકવર્ધન એક શક્તિવાન રાજા હોવા છતાં તેનો આખો યે રાજ્યકાળ ગૃહજીવનના કલેશમાં અને રાજ્યના ભાયાતોના કુસંપને શમાવી દેવામાં વ્યતીત થઇ ગયો હોવાથી પોતાને કાળે કાંઈ વિસ્તારની વૃદ્ધિ આપી

શકયો નથી. જે તેનાથી કરી શકાયું તે એટલું જ કે મજબૂત હાથે સર્વત્ર કામ લઈ તેણે અખંડ શાંતિ સ્થાપી દીધી હતીઃ જેથી વારસામાં મળેલી ભૂમિમાં તેણે પોતાનું ઊત્તર જીવન શાંતિ સમાધિમાં પૂર્ણ કર્યું હતું.

૧૦ ૩૫ સમ્રાટ પ્રિયદર્શિને મગધ સામ્રાજ્યને હિંદની ભૂમિ ઉપરાંત દૂરદૂરના પ્રદેશ ઉપર ચારે બાજુએ જે પાથરી દીધું હતું તેનો ચિતાર આપ્યો છે; તેના પુરોગામી અને પિતામહે જે શાંતિ સ્થાપી દીધી હતી તેનો લાભ લીધો હતો. ઉપરાંત તેણે જે ધમ્મનીતિ અખત્યાર કરી, પ્રજાપ્રેમ જીતી લીધો હતો તથા પોતાનું અને પ્રજાનું હિત એક જ છે એવી રાજનીતિ ધારણ કરી હતી તે સ્થિતિએ પણ જેવો તેવો ભાગ ભજવ્યો નથી. એકંદરે રાજપ્રકરણી બાબતમાં–ભૂવિસ્તારમાં તથા પ્રજાના અંતરમાં પ્રવેશ કરી શાસક અને શાસિતને એક તારે ગૂંથી લેવામાં–તે અદ્યાપિ પર્યંત હિંદી શાશકોમાં બલ્કે વિશ્વભરના રાજકર્તાઓમાં પ્રથમ નંબરે બિરાજીત થયો છે એમ કહી શકાશે.

૧૧ ૩૬ વિદ્વાનો મનાવી રહ્યા છે કે, સમ્રાટ પ્રિયદર્શિનના અવસાન બાદ મૌર્ય સામ્રાજ્યની એકાએક પડતી આવી પડી છે તે તેણે ધારણ કરેલી ધમ્મનીતિનું પરિણામ છે. પણ હવે ખુલ્લું થઈ ગયું છે કે તે સર્વનું મૂળ તો તેના વારસદારોમાં જામેલા કુટુંબકલેશ અને તેમણે આદરેલી ધર્મઝનુની રીતિમાંજ સમાયલું હતુંઃ આના પ્રતીક તરીકે સામ્રાજ્ય માટે વચ્ચે થોડોક પ્રદેશ રાખી ચારે બાજુ ઉપસ્થિત થયેલ સ્વતંત્ર રાજ્યોનું અસ્તિત્વ નજરે પડે છે.

૧૫ ૮૯ તે વખતના સૈન્યપતિ અગ્નિમિત્રથી ઉઘાડી આંખે તે સ્થિતિ (આકૃતિ નં. ૧૧ માં દર્શાવેલી) જોઈ ન શકવાથી સામ્રાજ્યની લગામ હાથ ધરવી પડી હતી, અને જે સ્થિતિ એક વખતે અશોકવર્ધને નીપજાવી હતી તેજ ફરીને આ અગ્નિમિત્રે જમાવવા માંડી હતી. એટલે બંને જણાનો રાજ્યવિસ્તાર લગભગ સરખોજ દેખાતો નજરે પડશે.

૧૭ ૧૧૪ અશોકવર્ધન અને અગ્નિમિત્રની ભલે ઉપર પ્રમાણે તુલના તો કરાવી છેઃ પણ તેમના વારસદારોની સ્થિતિ જૂદીજ હતી. એકનો વારસદાર શાંતિપૂજક અને રાજનીતિજ્ઞ હતો જ્યારે બીજાનાં વારસદારો તેનાથી ઉલટ દિશામાંજ વિચરનારા હતા. પરિણામે સામ્રાજ્યના વિસ્તારમાં આકાશ પાતાળ જેટલો અને પ્રજાના અંતરમાં લીલા–સુકા જેટલો તફાવત પડી ગયેલ જણાયો છે. બેની લડાઇમાં ત્રીજાને લાભ—તે ઉક્તિ પ્રમાણે પરદેશીઓને ઘી કેળાં પ્રાપ્ત થવા મંડયાં છે.

૨૧ ૧૨૯ પૃથ્વી ગોળાકારે તો છે જ; પણ વર્તમાનકાળની માન્યતા પ્રમાણે તેટલેથી જ અંત ન આવતાં તેનાથી દૂરદૂર અન્ય સમુદ્રો અને માનવ જાતિથી વસાયેલી અન્ય પૃથ્વીઓ પણ છે–હતી; તેનો વિચાર ટૂંકમાં આવી શકે તે માટે અઢીદ્વીપનો નકશો રજુ કર્યો છે. માત્ર રેખારૂપે જ છે. સૌથી અંતિમ હદે માનુષ્યોત્તર પર્વત બતાવ્યો છે; ત્યાંથી આગળ અલોક–જ્યાંથી આગળ કોઇ જાતનું પ્રાણી જીવંત સ્થિતિમાં રહી શકે નહિ તેવી ભૂમિ આવે છે: એટલે કે ત્યાં આગળથી આપણી પ્રાણવંતી–પશુ, પંખી વનસ્પતિ, મનુષ્ય આદિ સર્વે પ્રાણ ધરતા જીવો–દુનિયા અટકી પડે છે.

૨૨ ૧૩૬ નં ૨૧માં જણાવેલ અઢીદ્વીપનો મધ્યવર્તિદ્વીપ છે જે જંબૂદ્વીપ કહેવાયો છે. તેમાં પાછો શાકદ્વીપ નામનો એક મોટો ટાપુ હતો. કોઈ કાળે મહાપ્રલય થતાં, આ બંને મા અને પુત્રીરૂપ પૃથ્વીઓ સંયુક્ત બની ગઇ અને તેમાંથી વર્તમાનકાળે ઓળખાતા કયા કયા પ્રદેશો (જળના અને સ્થળના) ઉપસ્થિત થયા ગણી શકાય તેનો ખ્યાલ આપ્યો છે.

૨૩ ૧૩૫ બીજા બધા બનાવોની વાત તો કોરે મૂકીએ. પણ વર્તમાનકાળે ઓળખાઈ રહેલી આપણી હિંદી પ્રજાનું મૂળ ક્યાં આગળ કહી શકાય અને આપણા ઋષિમુનિઓનું ઉદ્‌ભવસ્થાન કયું કહેવાય તથા તેમનું સરણ કઈ રીતે થયું સમજી શકાય તે સ્થિતિનો કાંઈક ખ્યાલ આપવા માટે આ નકશો દાખલ કર્યો છે.

૩૧ ૨૦૨ ભારતવર્ષમાં એકવાર ઉકળતા તેલ જેવી સ્થિતિ થઇ પડયા બાદ, પાછી તે સમયના અહિંસાવાદી અવન્તિપતિ નહપાણ ક્ષહરાટ જે સ્થિતિ સ્થાપવા ભાગ્યવંત નીવડયો હતો તેનો ખ્યાલ આપતો, અને ત્યાંથી મધ્યબિંદુરૂપ ગણાતા સામ્રાજ્યનો વિસ્તાર વધતો જતો આ નકશામાં નજરે પડે છે.

૩૮ ૩૧૫ નં. ૩૧ માં જણાવ્યા પ્રમાણેની પરિસ્થિતિ દીર્ઘકાળ ટકી રહેવા નિર્મિત થયેલી દેખાતી નથી એટલે વળી ચોતરફથી હુમલા ઉપર હુમલા થવા માંડયા હતા; છતાં ઘણી રીતે બન્નેમાં અંતર પડેલું નજરે પડે છેજ. પરિણામે અર્ધદગ્ધ–ઉચાંનીચાં મન સાથેની–સ્થિતિમાં આખી પ્રજાને દિવસો વીતાવવાં પડે છે. તેથી પોતપોતાનું સાચવી રાખવાની નિતિ જ તે સમયના રાજકર્તાઓએ મુખ્યપણે ગ્રહણ કરી રાખી દેખાય છે.

# અનુક્રમ



| વિષય | પૃષ્ઠાંક |
|---|---|
| **ચતુર્થ ખંડ (ચાલુ)** | |
| **ષષ્ઠમ પરિચ્છેદ** | |
| **મૌર્ય સામ્રાજ્યની એકદમ થયેલ પડતી** | |
| (૫) વૃષભસેનનું જીવન વૃત્તાંત. | ૨ |
| પડતીનાં કારણની વિસ્તારથી તપાસ. | ૬ |
| ઇંદ્રપાલિત અને બંધુપાલિત કોણ ? | ૧૫ |
| પરિશિષ્ટ–કાશ્મિરપતિ જાલૌક | ૧૯ |
| **સપ્તમ પરિચ્છેદ** | |
| **મૌર્યવંશી સમ્રાટનો રાજ્ય વિસ્તાર** | |
| (૧) ચંદ્રગુપ્તનો | ૨૪ |
| (૨) બિંદુસારનો | ૨૯ |
| (૩) અશોકવર્ધનનો | ૩૧ |
| (૪) પ્રિયદર્શિનનો | ૩૫ |
| પરિશિષ્ટ–ચાણક્ય અને મેગેસ્થેનીઝ | ૪૨ |
| **પંચમ ખંડ** | |
| **શુંગવંશ–શુંગભૃત્યઃ** | |
| **પ્રથમ પરિચ્છેદ** | |
| નામાવળી તથા વંશાવળી | ૪૮ |
| પુષ્યમિત્ર વિશે સમાધાન | ૫૨ |
| અગ્નિમિત્ર અને વસુમિત્રનો સમય | ૫૪ |
| બાકીના રાજાઓના સમય નિર્ણય | ૫૯ |
| **દ્વિતીય પરિચ્છેદ** | |
| પુષ્યમિત્રનું વૃત્તાંત | ૬૪ |
| પતંજલી અને પુષ્યમિત્ર | ૭૨ |
| તેમનાં ચારિત્ર્યની કરેલી તુલના | ૭૭ |
| **તૃતીય પરિચ્છેદ** | |
| (૧) સમ્રાટ અગ્નિમિત્ર અંતર્ગત વસુમિત્ર | ૮૨ |
| રાજા કલ્કિની ઓળખ | ૮૩ |
| શિરોભાગે શુંગ સામ્રાજ્ય | ૯૭ |
| પાટલિપુત્રનું આયુષ્ય | ૧૦૦ |
| **ચતુર્થ પરિચ્છેદ** | |
| **શુંગવંશની સમાપ્તિ** | |
| (૨–૩) અદ્રક–ઓદ્રક : ભાગ–ભાગવત | ૧૦૬ |
| તેમની રાજકીય કારકીર્દી | ૧૦૯ |
| (૪–૭) શુંગવંશના અંતિમ રાજાઓ | ૧૧૪ |
| **ષષ્ઠમ ખંડ** | |
| **પરદેશી હુમલાઓ** | |
| **પ્રથમ પરિચ્છેદ** | |
| પરદેશી હુમલાઓનો ઇતિહાસ | ૧૨૪ |
| જંબુદ્વીપની સમજૂતી | ૧૨૮ |
| શાકદ્વીપની સમજૂતી | ૧૩૩ |
| શાકદ્વીપ, શકદ્વીપ અને શકસ્થાનનો ભેદ | ૧૩૫ |
| **દ્વિતીય પરિચ્છેદ** | |
| **(અ) યોનઃ બેકટ્રીઅન્સ** | ૧૪૫ |
| (૧) ડિમેટ્રીઅસ | ૧૪૯ |
| (૨) મિનેન્ડર | ૧૫૨ |
| તેનાં પરાક્રમ | ૧૫૩ |
| તેનું સંસ્કૃતિમય જીવન | ૧૫૭ |
| મિનેન્ડર પછી શું ? | ૧૬૩ |
| ભિન્નભિન્ન હોદ્દાઓની સમજ | ૧૬૪ |
| **તૃતીય પરિચ્છેદ** | |
| **(આ) ક્ષહરાટ પ્રજા** | |
| તેમનો ઇતિહાસ | ૧૭૪ |
| તેમના ક્ષત્રપો | ૧૭૮ |
| **(૧) મધ્યદેશના ક્ષત્રપોનું વૃત્તાંત** | |
| (૧) ભૂમક | ૧૮૩ |
| ક્ષહરાટ સંવતની સ્થાપના | ૧૮૮ |
| તેનો રાજ્ય વિસ્તાર અને ગાદીનું સ્થાન | ૧૮૯ |
| **ચતુર્થ પરિચ્છેદ** | |
| (૨) નહપાણ | ૧૯૫ |
| શિલાલેખમાં ૭૧ કે ૪૬ ? | ૨૦૦ |

| વિષય | પૃષ્ઠાંક |
| --- | --- |
| તેનો રાજ્ય વિસ્તાર | ૨૦૨ |
| પાટનગર અને સિક્કાઓ | ૨૦૬ |
| લોકરંજક કારભાર | ૨૧૦ |
| દીર્ઘદષ્ટિ અને કાર્યકુશળતા | ૨૧૩ |
| નહપાણ અને ચષ્ઠણનો સંબંધ | ૨૧૭ |
| કાન્વાયન વંશ સાથેનો સંબંધ | ૨૨૨ |
| **પંચમ પરિચ્છેદ** | |
| **(૨) મથુરાપતિઓનું વૃત્તાંત** | |
| (૧) મહાક્ષત્રપ રાજુવુલ | ૨૨૯ |
| મથુરાસિંહસ્તૂપની પુનઃ પ્રતિષ્ઠા | ૨૩૩ |
| (૨) ષોડાસ–સોડાસ | ૨૩૪ |
| **(૩) તક્ષિલાના ક્ષત્રપોનું વૃત્તાંત** | |
| (૧) લીઅક મહાક્ષત્રપ | ૨૩૬ |
| (૨) પાતિક–પાલિક | ૨૩૭ |
| તક્ષિલાના તામ્રપત્રની સાલ | ૨૪૦ |
| સર્વ ક્ષહરાટ ક્ષત્રપોનો ધર્મ | ૨૪૩ |
| **ષષ્ઠમ પરિચ્છેદ** | |
| પરિશિષ્ટો | |
| (૧) મથુરા નગરીનું | ૨૫૩ |
| તેની પ્રાચીન ભૂગોળ અને વર્ણન | ૨૬૩ |
| (૨) તક્ષિલા નગરીનું | ૨૬૫ |
| ઉત્પત્તિનું વર્ણન | ૨૬૬ |
| તેનો દાટ કે વિનાશ | ૨૭૪ |
| તેની વિદ્યાપીઠ | ૨૭૭ |
| તેનો ધર્મ | ૨૭૮ |
| **સપ્તમ પરિચ્છેદ** | |
| **(ह) પાર્થિઅન્સ–પહ્લવાઝ** | |
| પલ્લવાઝ અને પહ્લવાઝનો ભેદ | ૨૮૪ |
| પહ્લવાઝ આર્ય કે અનાર્ય? | ૨૯૩ |

| વિષય | પૃષ્ઠાંક |
| --- | --- |
| **અષ્ટમ પરિચ્છેદ** | |
| (૧) શહેનશાહ મોઝીઝ | ૩૦૫ |
| કયે રસ્તે તે હિંદમાં આવ્યો હતો? | ૩૧૦ |
| તેનો હોદ્દો તથા રાજ્ય વિસ્તાર | ૩૧૩ |
| (૨) અઝીઝ પહેલો | ૩૧૯ |
| તેના સંવત્સરનો ભ્રમ | ૩૨૩ |
| (૩) અઝીલીઝ | ૩૨૬ |
| (૪) અઝીઝ બીજો | ૩૨૮ |
| (૫) ગોંડોફારનેસ | ૩૨૮ |
| હિંદ સાથે ઇટાલીની સરખામણી | ૩૩૦ |
| **નવમ પરિચ્છેદ** | |
| **(ज) શક–સિથિઅન્સ** | |
| તેમની ઉત્પત્તિનો ઇતિહાસ | ૩૩૩ |
| તેમનાં સરણનો ઇતિહાસ | ૩૪૩ |
| **દશમ પરિચ્છેદ** | |
| **ઇન્ડો સિથિઅન્સ–હિંદી શક** | |
| (૧) રૂષભદત્તનું જીવન વૃત્તાંત | ૩૫૩ |
| શક, શાહી અને શહેનશાહીના ભેદ | ૩૬૩ |
| તેના લોકોપયોગી કાર્યની સમીક્ષા | ૩૬૬ |
| (૨) દેવણક | ૩૬૮ |
| શાહીવંશની સમાપ્તિ | |
| **એકાદશમ પરિછેદ** | |
| શક, આભીર અને ત્રૈકૂટકોનો સંબંધ | ૩૭૨ |
| ઓશવાળ, શ્રીમાળ, પોરવાડ તથા ગૂર્જરની ઉત્પત્તિ સંબંધી | ૩૮૨ |

# ચતુર્થ ખંડ

(ચાલુ)



# ષષ્ઠમ પરિચ્છેદ

## મૌર્ય સામ્રાજ્યનો જોતજોતામાં-એકદમ-થયેલ વિનાશ

### અને

## ફૂટી નીકળેલી કેટલીક નાની નાની રાજસત્તાઓ

**સંક્ષિપ્ત સારઃ**—સમ્રાટ પ્રિયદર્શિનની ગાદીએ તેના યુવરાજ સુભાગસેનનું બેસવું-તેના મનમાં પણ તેના જ પિતાની પેઠે ધમ્મપ્રચારની ઊગેલી ભાવના; પણ તેની બજવણી માટે આદરેલા ઉંધા ઉપાયો-મોગલવંશી સમ્રાટ અકબર અને ઔરંગઝેબના સમયમાં ફાટી નીકળેલ ધર્મલડતની સરખામણી-ખંડિયા અને તાબેદાર રાજાઓમાં અંકુરિત થયેલી અકેંદ્રિત રાજ્ય સ્થાપનાની મનોદશા-પરિણામે બન્ને ક્ષેત્રોમાં પ્રવેશી રહેલ અસંતોષ અને કુસંપ-દક્ષિણાપથમાં શાતકરણીનું વધતું જતું જોર અને તેણે ઉપાડેલ ધમ્મપ્રચારનો ધ્વજ-ઠેરઠેર ઉઠેલ બળવા અને નાનાં નાનાં રાજ્યોએ મહાસામ્રાજ્યમાંથી કરવા માંડેલી ઉઠાંગિરી-સૈન્યપતિ પુષ્પમિત્રે પોતાના પુત્ર અગ્નિમિત્રની સહાયથી સૈન્યની કવાયત પ્રસંગે કરેલું પોતાના સ્વામીનું ખૂન અને પ્રાંતે શુંગવંશની થયેલી સ્થાપના—

નબળા સમ્રાટોની નામાવલી અને શુદ્ધિ-ઈંદ્રપાલિત અને બંધુપાલિત કોણ કોણ કહેવાય તે માટે અનેક જોડકાંઓની લીધેલ તપાસ અને બાંધેલ નિર્ણય-અનેક ગ્રંથકારોએ કુણાલવર્ધનને સમ્રાટ તરીકે ઓળખાવ્યો છે પણ તે પ્રમાણે બનવાયોગ્ય છે કે કેમ તેની લીધેલી ઊડતી નોંધ-અંતે સ્થાપિત કરેલી મૌર્યપતિઓની **શુદ્ધ નામાવલી.**

મૌર્યવંશને લગતા આ બે–ષષ્ઠમ અને સપ્તમ પરિચ્છેદો શામાટે બીજા પુસ્તકમાં ન જોડતાં અત્રે ઉતારવા પડયા છે તેનું કારણ બીજા પુસ્તકની પ્રસ્તાવનામાં પૃ. ૨૦ ઉપર જણાવવામાં આવ્યું છે.

**તેનાં કારણો**

આ તો એક કુદરતી સિદ્ધાંત છે કે, જેની ચડતી છે તેની પડતી પણ છેજ. પછી તે નિયમ વ્યક્તિને લાગુ પાડો કે સમાજને લાગુ પાડો કે ગમે તે વસ્તુને લાગુ પાડો; એટલે મૌર્ય સામ્રાજ્ય જેવું મહાપ્રતિભાશાળી રાજ્ય પણ એક વખત તો વિનાશને માટે સર્જાયલું હતુંજ. અને તે પ્રમાણે તેનો વિનાશ થઈ જાય તેમાં આશ્ચર્ય પામવા જેવું પણ નથી. છતાં અહીં જે ઉલ્લેખ કરવો પડે છે તે અમુક વિશિષ્ટ હેતુને લઇને છે માટે તે ઉપર વાંચકવર્ગનું ધ્યાન ખેંચવા ઉચિત ધારૂં છું.

દરેક વસ્તુનો અંત બે રીતે આવી શકે છે. (૧) ધીમે ધીમે–રફતે રફતે અથવા (૨) અચાનક રીતે–એકદમ : ઇતિહાસના અભ્યાસીઓને આટલું તો સારી રીતે જાણમાં છેજ કે, જ્યારે એક રાજસત્તાનો અંત આવી તે સ્થાન ઉપર બીજી રાજસત્તા આરૂઢ થાય છે, ત્યારે તો પહેલી સત્તાનો અંત અચાનકરીતે, અથવા તો જેને એકદમ અંત આવી જતો કહી શકાય તેવી રીતની સ્થિતિ નજરે પડે છે. પણ કોઈ બીજી રાજસત્તાના આક્રમણ સિવાયજ જ્યારે પૂર્વ રાજસત્તાનો અંત આવે છે, ત્યારે તો તે અંત રફતે રફતે–ધીમે ધીમેજ થતો દેખાય છે. કેમકે પોતાની સત્તાનો વિનાશ કરનારાં તત્ત્વોને પ્રવેશ થતાં પણ વાર લાગે છે અને પ્રવેશ થયા બાદ તેને ગતિમાન થતાં અને ભીષણ સ્વરૂપ ધારણ કરતાં પણ સ્વભાવિક રીતે અમુક વખત પસાર થઇ જાય છેજ. છતાં તે નિયમને અપવાદરૂપ આ મૌર્યવંશી સામ્રાજ્યની સ્થિતિ થઈ પડેલ હોવાથી અત્રે તેનો ઉલ્લેખ કરવાની ફરજ આવી પડી છે.

આ પ્રમાણે મૌર્ય સામ્રાજ્યની પડતી જોતજોતાં–એકદમ જે થઈ પડી છે, તેનાં કારણો મુખ્યપણે શું છે, તેની વિગતો છૂટી પાડવા કરતાં તેની થઈ પડેલ પડતીના સમયના પ્રત્યેક રાજવીના વૃત્તાંતો તેમનાં નામ તળે આલેખીશું, જેથી વાચક વર્ગને તેનો ખ્યાલ સ્વયં આવી જશે.

## (૫) વૃષભસેન

મહારાજા પ્રિયદર્શિનનું મરણ મ. સં. ૨૯૦=ઈ. સ. પૂ. ૨૩૭ માં નીપજતાં, તેની પાછળ અવંતિની ગાદી ઉપર તેનો જ્યેષ્ઠ પુત્ર વૃષભસેન બેઠો. આનું નામ સુભાગસેન, વૃષભસેન તથા વીરસેન[1] પણ કેટલાકોએ કહ્યું છે. આ સુભાગસેન–ઉર્ફે વૃષભસેનનું રાજ્ય માત્ર આઠ વર્ષ પર્યંતજ ચાલ્યું છેઃ ઈ. સ. પૂ. ૨૩૭ થી ૨૨૮=૮ વર્ષ; આમ થવાનું કારણ શું બન્યું છે તે સમજવા પૂર્વે થોડીક અન્ય પરિસ્થિતિનો ખ્યાલ આપવો આવશ્યક લાગે છે.

આ માટે મારા પોતાના શબ્દોમાં વર્ણવવા કરતાં અન્ય ગ્રંથકારોનાજ મૂળ શબ્દો પ્રથમ ટાંકીને તે ઉપર જરૂર જોગું વિવેચન કરવું તે યથોચિત થઇ પડશેઃ એક વિદ્વાન લેખક ભારતવર્ષની ઠેઠ પ્રાચીન સમયથી ચાલી આવતી રાજકીય સ્થિતિનો અભ્યાસ કરી, નીચે પ્રમાણે તેનું પૃથક્કરણ દોરે છે;[2] "ભારતીય રાજનીતિક ઇતિહાસમેં દો પ્રવૃત્તિયાં સ્પષ્ટરૂપસે

(૧) જુઓ મૌર્ય સા૦ ઈતિ૦ પૃ. ૬૬૯ તથા નીચેની ટી. નં. ૨૧. એમ સાંભળ્યું છે કે, ગ્રીક ઈતિહાસમાં તેને 'સોફગસેન' અને તિબેટન વિદ્વાન પં. તારાનાથે 'સોભાગસેન' તરીકે ઓળખાવ્યો છે. (જુઓ પુ. ૨ માં સિક્કો નં. ૯૩ તથા તેનું વર્ણન).

(૨) મૌ. સા. ઇ. પૃ. ૬૬૨.

દીખાઇ દેતી હૈ । કેંદ્રીભાવ (Centralization) ઔર અકેંદ્રીભાવ ( Decentralization ); સભ્યતા, ધર્મ, સંસ્કૃતિ ઔર સાહિત્યકી સમાનતા જહાં ઇસિ એકતાકી તરફ લે જાતિ હૈ, વહાં ભાષા, જાતિ, ઇતિહાસ ઔર ભૌગોલિક અવસ્થાઓકી ભિન્નતા અનેક પ્રાકૃતિક વિભાગોમેં બાંટ જાતિ હૈ" ।। "ભારત[3] એક દેશ હૈ, યહ ભાવના પ્રાચીન સમયમેં વિદ્યમાન થા । પર, અકેંદ્રિય ભાવકી પ્રકૃતિયો શીઘ્ર જોર પકડ લેતીથી ઔર કેંદ્રિત સરકારમેં જરાભી નિર્બળતા આને પર વે પુરાને રાજ્ય ફિર પ્રાદુર્ભૂત હો જાતે થે ।। ઉન્હેં સફળતા ભી હોતીથી, પર અકેંદ્રીભાવકી પ્રકૃતિયાં ફિર પ્રબળ હોતીથી। ઇસ પ્રવૃત્તિને પ્રાચીન ભારતમેં સામ્રાજ્યોંકો સ્થિર રૂપસે કાયમ નહીં હોને દીયા ।।" "પ્રાચીન[4] ભારતમેં બહુતસે ગણરાજ્ય વિદ્યમાન થે, અનેક સ્થાનો પર યે સંઘો કે રૂપમેં સંગઠિત થે । દો યા ઉસસે અધિક ગણોને મિલકર એક સંઘ બના લિયા થા । મહાભારત કાલમેં અંધક ઔર વૃષ્ણિયોંકા ઇસિ તરહ કે સંઘો થા । યે ગણરાજ્ય બહુ શક્તિશાળી થા । સામ્રાજ્યવાદમેં ઇનસે બડી અન્ય કોઇ બાધ ન થા । સર્વત્ર સામ્રાજ્યવાદ ઔર ગણરાજ્યોકા સંઘર્ષ દેખાઇ પડતા હૈ ।" "નિસંદેહ[5] ચાણાકયકી નીતિ યહ થી કિ–"એક રાજત્વ" કી સ્થાપ્ના કી જાય । પરંતુ સંઘો કી શક્તિ તથા પ્રજા સ્વાતંત્ર્યપ્રિયતા કો દેખકર ઉનકી પૃથક સત્તાકો બાધક રૂપસે સ્વીકૃત કરના પડા થા । આપસમેં ફૂટ ડલવા કર ઇનિ રાજ્યોં કો નષ્ટ કરને કે બહુત સે પ્રયત્ન કિયે ગયે થે, પર એક ઉત્તમ રાજનીતિ કી ભ્રાંતિ કૌટિલ્યને યહ આવશ્યક સમજા થા કિ, શક્તિશાળી પ્રજાતંત્ર રાજ્યોં કો સમાન કે સાથ માર્ય સામ્રાજ્ય મેં સ્થાન દિયા જાય, યહી કારણ હૈ કિ, અનેક ગણરાજ્ય મૌર્ય સામ્રાજ્ય કે અંતર્ગત અપની આંતરિક એકતા ઔર સ્વતંત્રતા કે સાથ વિદ્યમાન થે । અશોક કે ( પ્રિયદર્શિનના સમજવા ) શિલાલેખોં સે ઇસ તરહ કે રાજ્યો કી સામ્રાજ્ય અંતર્ગત "સ્વતંત્ર સત્તા" [6]સ્પષ્ટ રૂપસે દેખાઈ પડતી હૈ ।।

આ પ્રમાણે ભારતીય રાજનીતિની સમાલોચના તે ગ્રંથકારે કરી છે. તેવોજ મત અન્ય ગ્રંથકાર[7] પણ ચીતરે છે, તેમનું કહેવું ટુંકમાંજ જણાવીશું. તેમના મતે "બે જાતના રાજ્યો હતા, (૧) રાજાવાળું તે રાજતંત્ર અને (૨) ગણરાજ્ય જેવું તે રાજવિહિન તંત્ર." આમાં રાજાવાળું તંત્ર તે પ્રથમના ગ્રંથકારનું કેંદ્રીત ભાવનાનું ( centralization ) અને ગણરાજ્ય તે અકેંદ્રીભાવનાનું=decentralization of power વાળું સમજવું. અને જ્યારે પં. ચાણકયે તેના પોતાના સમય સુધી ચાલી આવતી પ્રણાલિકાને ઉથલાવી નાંખવા પ્રયત્ન કર્યાંનું તે લેખક મહાશય જણાવે છે, ત્યારે તેનો અર્થ એમજ થયો કે, મગધપતિ શ્રેણિકથી

( ૩ ) મજકુર પુસ્તક પૃ. ૬૬૩.

( ૪ ) મજકુર પુસ્તક પૃ. ૬૬૫.

(૫) મજકુર પુસ્તક પૃ. ૬૬૫.

( ૬ ) આ સમયના અન્ય પ્રદેશમાંથી મળી આવતા સિક્કા ઉપરથી સમજાય છે કે, તેઓ રાજા પ્રિયદર્શિનના સર્વભૌમત્વ નીચે પણ હતા ( કેમકે હાથીનું ચિહ્ન પણ સિક્કા ઉપર આલેખેલ છે ) તેમજ તેઓ પોતાનું વર્ચસ્વ પણ જાળવી રહ્યા હતા ( કેમકે હાથી સિવાયના બીજાં પણ અર્થસૂચક લખાણ કે ચિહ્નો નજરે પડે છે ) આ હકીકતના પુરાવા માટે જુઓ. પુ. ૨. પરિ. ૩.

( ૭ ) પુરાતત્વ. પુ. ૧ લું.

માંડીને ચંદ્રગુપ્ત સમ્રાટના સમય સુધી તો "ગણ-રાજ્ય" ની પદ્ધતિએજ રાજ્યરાતું શકટ સર્વત્ર ચાલ્યે જતું હતું. પણ તેમાં ફેરફાર કરવામાં પં. ચાણક્યને સંપૂર્ણ સફળતા ન મળવાથી તે સમયથી અલ્પાંશે Centralization of power[૮] અને અલ્પાંશે Decentralizing of power વાળું મિશ્રિત રાજ્યતંત્ર[૯] ચલાવવાનું ધોરણ અંગીકાર કરાયું હતું; કે જેવી રાજ્યતંત્રની પરિસ્થિતિ આપણે મહારાજા પ્રિયદર્શિનના શિલાલેખોમાંથી વારંવાર તારવી પણ શકીએ છીએ.

ઉપર પ્રમાણે રાજકીય સંગઠનની પરિસ્થિતિ કૌટલ્યના સમયસુધી ચાલી આવી હતી. પણ તે બાદ મહારાજા પ્રિયદર્શિને અમુક અંશે ફેરફાર કર્યો હશે એમ સમજી શકાય છે. તે પછી શું થયું તે નીહાળીએ. તે માટે પણ તેને તેજ ગ્રંથકારના શબ્દો આપણને મુખ્યત્વે દોરવણીરૂપ થાય છે.[૧૦] "ઇસિ પ્રથક પ્રજાતંત્ર રાજ્યોંકી સત્તા મૌર્ય સામ્રાજ્યકે બડી ભારી કમજોરી થી।" "[૧૧]મૌર્ય સામ્રાજ્યકે પતનમેં યહ બાત વિશેષ રૂપસે ધ્યાન દેને યોગ્ય હૈ" ( નહીં કે સમ્રાટ પ્રિયદર્શિનની ધર્મ-ભાવના તેના કારણરૂપ હતી; જેમ અન્ય વિદ્વાનો મનાવના પ્રયત્ન કરી રહ્યા છે તેમ ) "[૧૨] યહ સમજના ભૂલ હૈ કિ, અશોકકી ( પ્રિયદર્શિન કહેવાનો ભાવાર્થ છે ) નીતિને મૌર્ય સામ્રાજ્યકે, દાતના કમજોર કર દિયા થા કિ, વે મગધકી સેનાસે ( જીન્હોંને સૈલ્યુકસકો પરાસ્ત કીયા થા, ઔર સિકંદરકો પંજાબસે હી લૌટ જાનેકે લિયે બાધિત કિયા થા ) અબ ઇનિ વિદેશીયોંકે આક્રમણસે સરળતાકે સાથ પરાજીત હો ॥ મગધકી સેનાઓંમેં અબભી ઉસી તરહકી શક્તિ થી। જાલૌકને ઇનિ સેનાનીઓંસે હી ગ્રીકલોગોંકો પરાજીત કિયા। મૌર્ય સામ્રાજ્યકા દુર્ભાગ્ય થા કિ જાલૌકને પશ્ચિમોત્તર પ્રદેશમેં પૃથક રાજ્ય સ્થાપિત કર દિયા ॥[૧૩]

કહેવાની મતલબ એ છે કે, મૌર્ય સામ્રાજ્યની જે પડતી થઇ હતી તે, જેમ ઘણા વિદ્વાનોની ધારણા છે કે, સમ્રાટ પ્રિયદર્શિનની ધર્મ-ભાવનાને લીધે, પ્રજામાંથી તેમજ સૈન્યમાંથી લડાયક જુસ્સો નાબુદ થઈ ગયો હતો ને તેથી પરદેશીઓએ આક્રમણ કરવા માંડયું હતું, તેને લીધે પડતી થઈ છે તે કારણ વજુદ વિનાનું છે.[૧૪] કારણકે, જો તેજ કારણ સત્ય અને મોજુદ હતે તો, પ્રિયદર્શિનનોજ પુત્ર જાલૌક, તેજ સેનાનીઓની સહાયથી અને તેજ પરદેશી-ગ્રીક આક્રમણ કરનારાઓને શી રીતે હઠાવી શકત અને પોતાનું સ્વતંત્ર રાજય કાસ્મિર દેશમાં સ્થાપી શકત ? સાર એ છે કે વિદ્વાનોએ કલ્પેલ કારણ વજુદ વિનાનું છે, અને મૌર્ય સામ્રાજ્યની

(૮) આંધ્ર, પાંડય, ચોલા ઈ. રાજ્યો-રાજાવાળાં રાજ્યતંત્ર ગણી શકાય તેમ છે.

જ્યારે રાજ્યવિહિન રાજ્યતંત્રમાં "કેરલપુત્ત, સત્યપુત્ત, યોન" ઈત્યાદિ સમજી શકાય છે.

ચંદ્રગુપ્તના સમયે એકલું આંધ્રરાજ્ય જ રાજા-વાળું રાજતંત્ર હતું.

(૯) આ કારણથી ચંદ્રગુપ્તની સત્તા કેટલેક અંશે મર્યાદિત બનાવી હતી અને તેથીજ તેને વૃષલ કહીને સંબોધ્યો છે ( જુઓ પુ. ૨. પૃ. ૧૭૨ ).

(૧૦) મૌ. સા. ઇ. પૃ. ૬૬૬

(૧૧) મજકુર પુસ્તક પૃ. ૬૬૭

(૧૨) મજકુર પુસ્તક પૃ. ૬૬૮

(૧૩) જુઓ પુ. ૨ ના અંતે પરિશિષ્ટ ક જેમાં આ કાશ્મિરપતિ રાજા જાલૌકની કારકીર્દીનો થોડે અંશે ખ્યાલ આપ્યો છે.

(૧૪) સરખાવો જૈન ધર્મના સ્યાદ્વાદ વિષેનું વિવેચન પુ. ૨ પૃ. ૩૪૨ થી ૩૪૪

(૧૫) આગળના પાને જુઓ.

પડતી તો મુખ્યતયા રાજ્યકુટુંબમાં પડેલ ભાગલાને પરિણામેજ,[૧૫] અને મારા મત પ્રમાણે ધર્માંધતાના પરિણામે, જે પ્રજાદમનની નીતિ અખત્યાર થવા પામી હતી તેને લીધે રાજ્યના ભાગલા થવા પામ્યા હતા: તેમજ તેને લીધે પૂર્વની દટાઈ રહેલી અકેંદ્રિત ભાવતા[૧૬] પાછી જાગૃત થઈ જવા પામી હતી; આ બે કારણોને લીધેજ પડતી થઈ છે. પણ મહારાજા પ્રિયદર્શિને, જે રાજનીતિ પોતાના ધમ્મ-વિજયની પ્રાપ્તિવાળી માનીને આદર્શરૂપ ઠરાવી હતી તેને તેજ રાજનીતિ[૧૭] તેના ઉત્તરાધિકારીઓએ જો ચલાવી રાખી હોત તો કેંદ્રિત ભાવનાને પોષણ પણ મળ્યું હોત અને સામ્રાજ્યના કકડા બુકલા જે થઈ ગયા છે તે પણ નહીં થાત અને અકેંદ્રિત ભાવનાનો પુનર્જન્મ પણ નહીં થાત. એટલે કે, મહારાજા પ્રિયદર્શિને દીર્ઘદૃષ્ટિ વાપરી જે ધમ્મ-વિજયની અને ધર્મ-સહિષ્ણુતાની રાજનીતિ અમલમાં મૂકી બતાવી હતી, તે કોઈ રીતે સામ્રાજ્યને વિઘાતકરૂપ હતી જ નહીં બલ્કે પોષકજ હતી. વળી આ અભિપ્રાયને સમર્થનરૂપ નીવડે તેવુંજ કથન તેજ ગ્રંથકારના બીજા બે ઐતિહાસીક બનાવના ટાંચણથી મળી શકે છે. તે લખે છે કે [૧૮]" રાજતરંગિણીસે સ્પષ્ટ હોતે હૈ કિ મગધ[૧૯] ઔર કાશ્મિરમેં સંઘર્ષ હુઆ થા । ઇસમેં ભી સૈનિક બળ સાથ હોનેકે કારણ જાલૌકકી હિ વિજય હુઇ થી । વહ કાન્યકુબ્જ તક વિજય કરનેમેં સફળ હો સકા થા । [૨૦]ઔર ઇસ તરહ મૌર્ય સામ્રાજ્યકી શક્તિકે બેંટ જાનેકે લિયે, ગ્રીકલોગોંને આક્રમણ કરના ઔર ભી સુલભ હો ગયા ॥ એંટીઓકસ ધી ગ્રેઇટને[૨૧] સુભાગસેન, વૃષસેન યા વીરસેન પર

(૧૬) સરખાવો આગળના પાનાની હકીકત.

(૧૭) ધર્મસહિષ્ણુતાની નીતિ જેને કહી શકાય તે; નહીં કે અસહિષ્ણુતાની અથવા ધર્માંધપણાની નીતિ કહેવાય તે; પ્રથમ પ્રકારની રાજનીતિ મોગલ સમ્રાટ અકબરે અખત્યાર કરી હતી જ્યારે બીજા પ્રકારની રાજનીતિનો આશ્રય, તેજ અકબરના વારસ સમ્રાટ ઔરંગઝેબે લીધો હતો. આ બન્ને રાજનીતિનું પરિણામ શું આવ્યું હતું તે ભારતીય ઈતિહાસના અભ્યાસીઓથી અજાણ્યું રહ્યું નથી. વળી વિશેષ સ્પષ્ટીકરણ માટે આગળનો " કારણોની વિસ્તારથી તપાસ " વાળો ફકરો વાંચો.

આ ઉપરથી સમ્રાટ પ્રિયદર્શિને ધારણ કરેલી રાજનીતિમાં સમાયલા ડહાપણનું માપ પણ કાઢી શકાય છે.

(૧૮) મૌ. સા. ઇ. પૃ. ૬૬૮

(૧૯) આ ' મગધ " શબ્દ મૂળ પુસ્તક રાજતરંગિણીમાં નથીજ વાપર્યો, પણ મૌર્ય સા.કા. ઇતિહાસના લેખકનો છે. ખરી રીતે તો હવે તેઓ મગધપતિ રહ્યાજ નહોતા પણ મૌર્ય સમ્રાટો અવંતિપતિજ હતા.

(૨૦) મૌ. સા. ઈ. પૃ. ૬૬૯

(૨૧) મૌ. સા. ઈ. પૃ. ૬૬૯; આ લેખકે જોકે એંટીઓકસ ધી ગ્રેઇટ અને સુભાગસેનને સમકાલીન ગણાવ્યા છે પણ ખરી રીતે તો એંટીઓકસ ધી ગ્રેઇટ ક્યારનો મરી ગયો હતો. અત્યારસુધી જેમ મનાતું આવ્યું છે અને અશોક-પ્રિયદર્શિનનો સમય ખોટો ધારી લેવાયો છે તેમ; એટલે તે ગણત્રીએજ આ લેખકે ઉપરનું નામ લખ્યું છે ( અને આ ભૂલ પણ સેંડ્રેકોટસને ચંદ્રગુપ્ત ઠરાવવાથીજ ઉભી થવા પામી છે ) અને એંટીઓકસ ધી ગ્રેઈટનો સમય જે ઈ. સ. પૂ. ૨૯૦ છે તેને આ સુભાગસેનનો જણાવ્યો છે.

બાકી ખરી રીતે સુભાગસેનનો સમયતો ઇ, સ. પૂ. ૨૩૬ છે. અને તે વખતે હિંદુકુશ પર્વતની આસપાસ અને અફગાનિસ્થામાં તો બેક્ટ્રીઅન રાજા ડીઓડોટસ બીજાનો રાજ્ય અમલ ચાલતો હતો ( જુઓ આગળ ઉપર પરદેશી સત્તાના રાજ્ય અમલનું વંશવૃક્ષ )

એંટીઓકસ અને સુભાગસેન બે સમકાલીન હોત તો, એંટીઓકસ ધી ગ્રેઈટનો સમય તો ઈ. સ. પૂ, ૨૮૦ થી ૨૬૧ છે ( જુઓ પરદેશીઓનું વંશવૃક્ષ ); તે પ્રમાણે સુભાગસેનનો સમય પણ તેમણે ઈ. સ. પૂ. ૨૮૦ મૂકવો જોઈતો હતો. પણ તેમ થયું નથી. મતલબકે હકીકત સાચી છે પણ પરદેશી રાજાઓનાં નામ અને સમય ખોટાં છે.

આક્રમણ કિયા "—૨૨ એંટીઓકસ ધી ગ્રેઈટ, ગાંધારકે રાજા સુભાગસેનકે સાથ ઈ. સ. પૂ. ૨૦૬ મેં યુદ્ધ કીયે, શીઘ્ર હી દોનોં રાજાઓંમેં પરસ્પર સંધી હો ગઈ। " ૨૩" રાજા સોફાગ-સેનસસે અપની મિત્રતા ફીર સ્થાપિત કી. ઉતને હાથી પ્રાપ્ત કિયે કિ ઉસકે કુલ હાથીઓંકી સંખ્યા ૧૫૦ હો ગઈ, પીછુ એંટીઓકસ વાપીસ લૌટ ગયા।"—આ ઉપરથી સમજાશે કે બેકટ્રીઅન સરદારે જે ભારતવર્ષ ઉપર આક્રમણ કર્યું હતું, તે બે વખતનું હતું, પ્રથમના સમયે કાંઇક અંશે તે સફળ થયો ન થયો જેવી સ્થિતિ હતી, પણ બીજે વખતે તે સંપૂર્ણ વિજેતા થયો હતો; અને રાજા સુફાગસેનને સંધી કરવાની ફરજ પડી હતી, કે જેની રૂઇએ તેને યવન સરદારને દોઢસો હાથી દેવા પડ્યા હતા અને તે લઇને યવન સરદાર પોતાના મુલકે પાછો સીધાવ્યો હતો. વળી જાલૌકે પોતાના સૈન્યના બળથી આ લશ્કરના હુમલા પાછા હઠાવ્યા હતા. તેમજ તેણે કાશ્મિરમાં રાજ્ય પણ સ્થાપ્યું હતું અને ધીમે ધીમે આગળ વધીને, કાન્યકુબ્જ સુધી પોતાનો પ્રદેશ પણ વિસ્તાર્યો હતો; આટલા વિવેચનથી સ્પષ્ટ થાશે કે મૌર્ય સામ્રાજ્યની પડતીનાં કારણમાંતો રાજ-કુટુંબમાં જે બે ભાગલા પડી ગયા હતા તે પ્રસંગોજ મુખ્યપણે છે તેમાંનો (૧) સુફાગ-સેન યુવરાજવાળો અને (૨) કુમાર જાલૌક કાશ્મિરપતિવાળો—તેજ બે બહુધા જવાબદાર હતા; નહીં કે મહારાજા પ્રિયદર્શિનની ધમ્મ-વિજયની અને ધમ્મસહિષ્ણુતાની નીતિભાવના અથવા તો પ્રજા અને સૈન્યમાંથી નીકળી ગએલ હિંસક-ભાવના. ખરી રીતે તે ભાવનાએ તો સંગઠ્ઠન કરીને સર્વને એકત્રિત બનાવી દીધા હતા; કે જેનો જીવતો જાગતો પુરાવો મહારાજા પ્રિય-દર્શિનના સમયનો મૌર્ય સામ્રાજ્યનો અજોડ એવો અતિ વિસ્તારવંત પથરાવો છે કે જેનો ચિતાર આપણને તેમની કૃતિરૂપે દાંડી પીટી બુલંદ અવાજે જાહેરાત કરનારા શિલાલેખો-માંથી મળી આવે છે.

**કારણોની વિસ્તારથી તપાસ**

હવે આપણને ખાત્રી થઇ છે કે સામ્રા-જ્યની પડતીમાં બેજ કારણો હતાં (૧) રાજકુટુંબમાં પડેલ ભાગલા અને (૨) ધમ્મવિજયની અને ધર્મસ-હિષ્ણુતાની ભાવનાનો થવા માંડેલ અભાવ; આ બન્ને કારણો કાંઇક વિસ્તા-રથી આપણે તપાસી જોવાની જરૂર છે.

આવડું મોટું અને જબરજસ્ત મૌર્ય સામ્રાજ્ય કે જે એક વખતે ગમે તેવા બાહુબળી અને ભલભલા દુશ્મનનો પણ ગર્વ ગળાવી નાંખી પોતાના પગ પાસે શીર ઝુકાવતું કરવાને સામર્થ્યશાળી હતું, તે સામ્રાજ્યનો જેમ કોઇ પાકા ચણતરનું અને જેમાંથી એક કાંકરી સરખી, સોવર્ષે પણ ખરી ન પડે તેવું મજબૂત મકાન હોય, તે જેમ કેવળ થોડી સેકંડમાં ધરતીકંપ થવાથી એકદમ આંચકો લાગી જમીન સપાટ થઇ જાય છે તેમ (આ સામ્રાજ્યનો) અચાનક માત્ર ૨૦–૨૫ વર્ષમાં જ લોપ થઈ ગયો છે અરે કહો કે જાણે પૃથ્વીની સપાટી ઉપર તેનું કોઇ દિવસ અસ્તિત્વ પણ હશે કે કેમ, તેની સાબિતી પણ જડી આવવી ભારે વિકટ સમસ્યારૂપ થઇ પડી છે—એટલું હજુ ગનિમત લેખો અને દુઆ દો મહારાજ પ્રિય-દર્શિનને કે જેણે પોતાના દરેક સામાજીક અને મનુ-ષ્યને ઉપકારી નીવડે તેવાં સુકાર્યને યાવચ્ચંદ્ર દિવા-કરૌની પદ્ધતિએ સંરક્ષિતપણે સાચવી રાખવાની કાળજી બતાવી છે તથા તે સર્વ હકીકતને

(૨૨) મૌ. સા. ઈ. પૃ. ૬૫૭.

(૨૩) તેજ પુસ્તક પૃ. ૬૫૭.

તાદૃશ આવિષ્કાર આવી શકે માટે શિલાલેખો અને ખડકલેખો કોતરાવી મૂકયા છે; નહીં તો તો ઈતિહાસનાં પાને આ પોણા બસો વર્ષનો ગાળો પણ, અનેક ઐતિહાસિક પ્રાચીન મણકાઓની પેઠે, અંધકારમય, ભીષમ અને વિરાટ સ્વરૂપ ધારણ કરતોજ દૃષ્ટિગોચર અત્યારે પડી રહ્યો હોત. અને આવું પ્રચંડ શકિતશાળી સામ્રાજ્ય તૂટી પડવાનાં દારૂણ કારણરૂપ, પણ દેખાવમાં નજીવા દેખાતાં છતાં પરિણામે અતિભયંકર એવાં, બે નિમિતોજ—એક સામાજીક કુસંપ અને બીજો ધાર્મિક કુસંપ[૨૪]—સામાજીક કુસંપ એકે સમ્રાટ સુભાગસેન અને કાસ્મિરપતિ જાલૌક તે બન્ને એકજ માબાપના[૨૫] પુત્રો હોવા છતાં, પોતાની રાજદ્વારી મહત્તા વધારે છે એમ માની અંદર અંદર સ્પર્ધા કરવા લાગ્યા હતા અને અંતે નાનો ભાઈ ( એટલે જાલૌક ) મોટાભાઇની ( એટલે સુભાગસેનની) આજ્ઞામાંથી નીકળી જવાનો વિચાર કરી પરાપૂર્વથી ચાલી આવતી અકેંદ્રિત ભાવનાનો પોતે ઉપાસક અને પોષક બની બેઠો હતો. આ પ્રમાણે તેણે પોતાનું સ્વતંત્ર રાજ્ય કાસ્મિરના પ્રદેશમાં સ્થાપ્યું અને પશ્ચાત્ ધીમેધીમે તેને વધારવા માંડયું. તેમ વળી ધાર્મિક કુસંપ એ કે મહારાજા પ્રિયદર્શિનની ધમ્મભાવના ત્યજી દઈને સમ્રાટ સુભાગસેને ધર્માંધપણાનો સોટો ફેરવવા માંડયો હતો (જે આપણે આગળ જોઈશું)

આવી અકેંદ્રિત ભાવના જે કેટલાય જમાના થયાં અદ્યાપિ પર્યંત સુષુપ્ત દશામાં પડેલી હતી તે મૌર્યસામ્રાજયના કમભાગ્યે શાં કારણે એકાએક બહાર નીકળી આવી ? તાત્કાળિક કારણ ગમે તે હોય—જો કે તે આપણે બહુ ઉંડા ઉતરીને તપાસ કરવા નથી નીકળી પડયું—પણ તેમાં કાંઇક સંગતિદોષ[૨૬] નૈમિત્તિક બન્યું હોય

(૨૪) હિંદમાં હાલજે સ્વતંત્રતાનું યુદ્ધ ચાલી રહ્યું છે તેના પણ આવાંજ બે કારણો શું નથી દેખાતાં ? (૧) સરકાર અને મહાસભા; તે બે પાર્ટીવચ્ચે સામાજીકઅધિકાર ભોગવવાની સ્પર્ધા; અને ધાર્મિકમાં હિન્દુ મુસલમાન તેમજ અન્ય હિંદી જનતા વચ્ચે ઉભો થતો ધાર્મિકરૂપ કુસંપ; આવાં બે કુસંપોનું પરિણામ શું આવે તે લખવા કરતાં કલ્પી લેવું સહેલું છે.

(૨૫) અહીં મેં સહોદર લખ્યા છે છતાં બનવા જોગ છેકે કદાચ, બન્નેની માતા અપર પણ હોય; પણ બંને મહારાજ પ્રિયદર્શિનના પુત્રો તો હતાજ એટલે સગા ભાઈઓ લેખીને મેં સહોદર ગણાવ્યા છે.

( ૨૬ ) જ્યારે "સ્વતંત્રતા, સ્વતંત્રતા" એમ દરેક મનુષ્યનો જીવનમંત્ર થઈજાય છે ત્યારે તે સ્વતંત્રતા કેમ મેળવવી તેજ અતિ મહત્વનો સવાલ દરેકના મગજમાં ગુંજારવ કરી રહેછે. અને એકદા જો વ્યક્તિગત આ ભાવનાનો જન્મ થઈ ગયો તો પછી કાળાંતરે તેને સમષ્ટિગતરૂપ ધારણ કરતાં વાર લાગતી નથી. અને સમષ્ટિનું રૂપ પકડયું કે પછી તુરત તેનું રાષ્ટ ભાવનામાં પરિણમન થઈ જાય છે.

આમ ઉતરોત્તર બન્યું જાય છે. પ્રથમ બીજમાંથી વૃક્ષ અને પછી ફળ, અને પાછું ફળમાંથી બીજ અને તેમાંથી વૃક્ષ અને પાછું જેમ ફળ થાય છે, તેમ action, reaction ના નિયમે અબાધિતપણે આ સમસ્ત સંસારનું ચક્ર એક અરઘટ ન્યાયે પ્રગતિ કર્યેજ જાય છે: તેજ પ્રમાણે કેંદ્રિતભાવના અને અકેંદ્રિતભાવનાનું પણ સમજી લેવું.

આ સમયે પાશ્ચાત્ય સંસ્કૃતિથી રંગિત થયેલ યોન પ્રજાનું રાજ્ય એકબાજુ હતું અને બીજી બાજુ પૌર્વાત્ય અને આર્ય સંસ્કૃતિથી રંગાયલું, જાલૌકનું કાસ્મિરનું રાજ્ય હતું. યોન પ્રદેશે સ્વતંત્રતા ધારણ કરી કે જાલૌકને પણ સ્વતંત્ર થવાની પિપાસા પ્રગટી. કારણકે પોતાના પિતાના રાજ્યઅમલ દરમ્યાન તેણે કાસ્મિરમાં કેટલાય વખતથી સૂબા તરીકે કામકાજ કર્યું હતું અને તે સમય દરમ્યાન પાસેથી યોનપ્રજાના સમાગમમાં આવતો જ રહ્યો હતો.

આ કારણને લીધે મેં સંગતિદોષની ઉપમા આપી છે. બાકી તો ઉપર જણાવી ગયા છીએ તેમ action અને reaction તે તો આ સંસારચક્રની ગતિ અબાધિત

એમ દેખાય છે ખરૂં. કેમકે પાસેનોજ યોન પ્રદેશ કે જે મહારાજા પ્રિયદર્શિનની સાથે મિત્રાચારીની ગાંઠથી જોડાયલ હતો, ત્યાં યુથેડીમોસે સ્વતંત્ર બની પોતાની સત્તા જમાવી હતી અને કાબુલના રસ્તે થઇને હિંદ ઉપર આક્રમણ કરવું ક્યારનું શરૂ પણ કરી દીધું હતું. તેમજ ધીમેધીમે પંજાબનો મુલક જીતી લઇ કાંઈક પગ દંડોપણ કર્યો હતો; પણ આ નવા જીતાયલા પ્રદેશમાં પોતે જો થાણું નાંખીને રહે તો પોતાનો દેશ બહુ દૂર પડી જાય અને કદાચ દુશ્મનોના હાથમાં -ઉત્તરે કાશ્મીર અને દક્ષિણે અન્ય હિંદી રાજવીઓના મુલક વચ્ચે-ઘેરાઈ જઈ પોતાના જીવનો ભોગ આપવાની સ્થિતિમાં આવી પડે તો શું થાય ? તે પ્રમાણે લાંબી નજર પહોંચાડી કાચો બંદોબસ્ત કરી તે પાછો પોતાના દેશમાં ચાલ્યો ગયો હતો. જો કે પંજાબની ઉત્તરમાં આવેલા કાશ્મિરને સર કરી લેવા, તેની નજર કેમ ચૂકી હશે તે પ્રશ્ન હાલ તુરત તો અંધારામાં જ રહેલ ગણાય. પણ માનવાને કારણ મળે છે કે કાંતો (૧) હિંદ ઉપર આક્રમણ લાવવામાં કાશ્મિર કાંઈ આડુંજ આવતું નહોતું. તે તો ઉત્તરમાં રહી જતું હતું. (૨) અથવા તો કાશ્મિર પતિ જાલૌક વિશેષ બાહુબળી અને પરાક્રમી તેને લાગ્યો હોવો જોઈએ. એટલે પરિણામ એ આવ્યું કે પ્રથમ તો યુથેડીમોસને કોઈ સામનો કરનાર કે હાથ દેખાડનાર મળ્યોજ નહીં અને જ્યારે તે ખસી ગયો ત્યારે જાલૌકે પોતાનો બાહુ વિસ્તારવા માંડ્યો અને ક્રમાનુક્રમે જાલંધર, લુધીઆના અને અંબાલાવાળો પ્રદેશ જીતી, દીલ્હીવાળા પ્રાંતોમાં ઉતરી, ઠેઠ કાન્યકુબ્જ સુધી[૨૭] પોતાની આણ ફેલાવી દીધી. આમ જ્યારે માના જણ્યા ભાઈ એજ, રાજ્યવિસ્તાર દબાવી દેવા માંડ્યો ત્યારે, હિંદની પશ્ચિમે દૂર દરના પ્રાંતોવાળા રાજવીઓ જેવા કે અફગાનિસ્તાન અને બલુચિસ્તાનની અડોઅડ આવેલા, ઈરાની સમ્રાટો પણ કાંઇ આવેલી તક જવાદે તેવા ભોળા ન જ હોઇશકે. એટલે તેમણે પણ પોતાની પડોસના મુલકો હોઇયાં કરવા માંડ્યા. આવી રીતે, મહારાજા પ્રિયદર્શિનનું સામ્રાજ્ય જે એશિઆઈ તુર્કસ્તાનના ઠેઠ સિરિયા પ્રાંતના દરિયા કિનારાસુધી સીધી કે આડકતરી રીતે લંબાયું હતું તે બધું એકદમ તૂટી પડયું એટલે કે તેની પશ્ચિમની હદ હવે તો સતલજ નદીના કીનારા સુધીજ આવીને અટકી પડી હતી. બીજી બાજુ રાજપૂતાના અને સૌરાષ્ટ્રના પ્રાંતો કે જેની પ્રજા ઇ. સ. પૂ. પાંચમા સૈકામાં, સિંધમાંથી અને શકસ્થાન તરફથી આવીને[૨૮] રાજપૂતાનામાં હવે ઠરીઠામ બેઠી હતી તેના ઉપર કાંઈક ધાર્મિક દમદમાટીની અસર લાગવાથી માથું ઉચકવાને તલપાપડ બની રહી હતી. પણ નિર્નાયક હોવાથી મનમાંને મનમાં ધુંધવાઇ રહી હતી.[૨૯] તેમજ દક્ષિણ હિંદમાં જે અનેક રાજ્યો સ્વતંત્ર કે અર્ધસ્વતંત્ર

---

પણે અબાધિત કાળથી ચાલ્યેજ જાય છે અને ચાલ્યે પણ જવાની. તેમાં કોઇને દોષદેવાનું કારણજ નથી. માત્ર તે સમયે પ્રવર્તતી જે સ્થિતિ હોય છે તેને નિમિત્ત તરીકે આગળ કરાય છે તેટલું જ.

(૨૭) જુઓ ઉપરના પૃષ્ઠે લખેલ હકીકત

(૨૮) આ સ્થિતિ થોડેક અંશે, જે કુદરતી આફતે જેસલમીરનું રણ બનાવી દીધું હતું તેને લીધે પણ થઇ હતી; તેમ કેટલેક અંશે ઇરાની શાહેનશાહતમાંથી પ્રજા છૂટીને પણ હિંદમાં આવી હતી ( પછી આજીવિકાના મિષથી તે પર્યટન થવા પામ્યું હોય કે ત્યાંના શાહેનશાહના કોઇ જુલ્મથી-તે તો ઈતિહાસજ્ઞ વિદ્વાનો પૂરી પાડશે)

(૨૯) જે પ્રજા પછીથી પ્રસંગ મળતાં ક્ષહરાટ ક્ષત્રપ ભૂમકના કાબુમાં આવી હતી : જે ક્ષત્રપ પ્રથમ બેકટ્રીઅન સરદાર ડિમેટ્રીઅસ અને મિનેન્ડરની આણમાં

પણે રાજ્ય કરતાં હતાં તેમાં અંધ્રપતિ જે સૌથી વધારે પરાક્રમી, જોરદાર અને ભારે માથાનો હતો તે પ્રથમ તદ્દન સ્વતંત્ર થઈ ગયો અને ચોલા, પાંડ્યા, કદંબ, કેરલપુત્ત આદિ અર્ધ-સ્વતંત્ર રાજ્યો જે મૌર્ય સમ્રાટની જાતિના ભાયાતો જ હતા, તેઓને આ અંધ્રપતિની સ્વતંત્રતાનો ચેપ લાગવાથી તેઓએ પણ, આવેલ પ્રસંગનો લાભ લઈ પોતપોતાની હદમાં સ્વતંત્ર થઈ જવા માંડયું. તેમના મનમાં બીજી એક નિર્ભયતા એ હતી કે તેઓ અવંતિપતિની હદથી એટલા બધા દૂર આવેલા[૩૦] છે કે ત્યાં સુધી અવંતિપતિ આવી પણ નહીં શકે, અને કદાચ આવવા પ્રયત્ન કરશે તો પણ પ્રથમ તો તેને, વચ્ચે આવેલ પ્રદેશના મહાપરાક્રમી એવા શતવહન વંશી સાથે જ યુદ્ધમાં ઉતરવું પડશે; અને તેનો હિસાબ પતાવી દીધા પછી જ પોતાનો વારો આવવાનો છે. ત્યાંસુધી તો અનેક વર્ષો વીતી જશે અને કેટલુંય પરિવર્તન થઈ જશે.

---

હતો પણ મિનેન્ડરના મૃત્યુ પછી હિંદમાં કોઈ તેનો વારસદાર ન રહેવાથી, પોતે જ મહાક્ષત્રપ બની, આ સર્વ પ્રજા ઉપર પોતાનો રાજ્ય અમલ સ્થાપી રાજ્ય કરવા મંડયો હતો ( જુઓ પરદેશી આક્રમણકારો અને ક્ષત્રપોના પ્રકરણ નીચેની હકીકત ) અથવા બીજી રીતે પણ આ સ્થિતિ ઉદ્ભવી હોય એમ વિચારી શકાય છે. તે એવી રીતે, કે ભૂમક પોતે જ શકસ્થાનમાંથી ઉતરી આવેલ પ્રજાનો સરદાર હોય, પણ ઉપરમાં અનુમાન દોરી બતાવ્યો છે તેમ બેકટ્રીઅન પ્રજાનો કે ડિમેટ્રીઅ-સનો સરદાર ન પણ હોય. એટલે કે ત્યાં પડખોપાથર્યો બધી રાજકીય સ્થિતિ નિહાળી રહ્યો હોય, અને જ્યારે ઉત્તર હિંદમાં બેકટ્રીઅન સરદાર મિનેન્ડરનું મરણ થયું અને તેનો કોઈ વારસદાર ન રહ્યો એટલે જેમ તેના બીજા સરદારો, જેવાકે સોડાસનો પિતા રાજુલુલ વિગેરે મહાક્ષત્રપ બની બેઠા હતા તેમ આ બાજુ ભૂમકે પણ પોતાને આ પ્રદેશનો ( ભિન્નમાલવાળો પ્રદેશ જે હાલના જોધપુર અને શિરોહી રાજ્ય તથા રાજપુતાનાનો ભાગ ગણાય છે તેનો ) મહાક્ષત્રપ જાહેર કરી દીધો હોય.આ પ્રમાણે એક ચિત્ર મારા મનમાં ખડું થયું હતું, પણ તેની વિરૂદ્ધમાં બે કારણો મળતાં તે વિચાર પડતો મૂકવો પડયો છે અને ઉપર જણાવેલ નિર્ણય ઉપર જ આવવું પડયું છે. જે બે કારણો હતાં તે આ પ્રમાણે (૧) ભૂમક અને નહપાણના સિક્કાના અક્ષરો ક્ષહરાટની લિપિને મળતા આવે છે, અને ક્ષહરાટ ભાષા તો કંબોજ પ્રદેશની હોવાનું આપણે જણાવી ગયા છીએ ( સરખાવો પાણિનીના સમયની ભાષા વિગેરેની સમજુતિ પુ. ૧. પૃ. ૩૯ તથા પુ. ૨. પૃ. ૨૭ ) એટલે તે શકપ્રજા કરતાં ક્ષહરાટ હોવાનો વિશેષ સંભવ છે. (૨) મહાક્ષત્રપ રાજુલુલની પટરાણીએ મથુરાના સિંહ સ્તૂપ ( Lion-pillar ) ની પ્રતિષ્ઠાસમયે બધા સરદારોનું સંમેલન યોજ્યું હતું અને તેમાં પ્રમુખ તરીકે ક્ષત્રપ નહપાણને ( ભૂમક મહાક્ષત્રપના તેમજ ક્ષહરાટ પ્રજાના પણ પ્રતિનિધિ તરીકે ) નિયુક્ત કર્યો હતો. આ પ્રમાણે કયારે બને કે સર્વ એક જ જાતિની પ્રજા હોય તો, નહીં કે ભિન્ન ભિન્ન; એટલે માની લેવું જ રહે છે કે ભૂમક પોતે ક્ષહરાટ પ્રજાનો સરદાર હતો અને તેથી કંબોજ દેશનો જ વતની હોવો જોઈએ. અને જો તેટલું નક્કી થયું તો પછી દેખીતું જ છે કે તેને અને ક્ષહરાટ મિનેન્ડરને પણ રાજકીય સંબંધ હોઈ શકે. એટલે પછી એ જ અનુમાન દોરવું પડે છે કે ડિમેટ્રીઅસ અને મિનેન્ડર જ્યારે હિંદમાં આવ્યા ત્યારે તેમની સાથે જ ભૂમક પણ આવ્યો હોવો જોઈએ, અને જેમ તેમણે અન્ય સરદારોને અમુક પ્રાંતો ઉપર નિયુક્ત કર્યા હતા તેમ આ ભૂમકને પણ ભિન્નમાલ પ્રદેશ ઉપર ( મધ્યદેશ ઉપર ) નિયત કર્યો હતો. ( આ હકીકતને ભૂમકના ચરિત્ર ઉપરથી તથા તેણે વાપરેલ સંવતસરથી સમર્થન મળે છે. જુઓ આગળ ઉપર તેનું વર્ણન )

( ૩૦ ) સરખાવો આ વસ્તુસ્થિતિ સાથે પુ. ૧. પૃ. ૩૧૩ ઉપરની હકીકત. જ્યાં મગધપતિથી કલિંગપતિ અને દક્ષિણનાં નાનાં નાનાં રાજ્યો સ્વતંત્ર કેમ થઈ ગયાં હતાં તે હકીકત દર્શાવી છે.

દક્ષિણ હિંદના એક યા બીજા એમ સર્વે મુખ્ય મુખ્ય રાજ્યકર્તાની મનોદશા આવા ને આવા પ્રકારની પ્રવર્તતી થઇ રહી હતી. તેવી જ સ્થિતિ પૂર્વ હિંદના મગધ પ્રાંતોમાં પણ થઈ રહી હતી. ત્યાં તો મૌર્યવંશની જ શાખા રાજ્ય કરતી હતી, છતાં જેમ કાશ્મિરમાં તે જ મૌર્યવંશની મુખ્ય શાખાના રાજકુંવર જાલૌકે પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું હતું, તેમ અહીંની શાખામાં ઉતરી આવતા રાજ્યભાયાતોએ પણ, અવંતિથી સ્વતંત્ર થઈ જવામાં કાંઇ ખોટું થાય છે એવું દેખ્યું નહીં.[31] મતલબ કે અવંતિની રાજગાદી આમ ચારે દિશાથી રાજકીય સત્તાની અકેંદ્રિત ભાવનાના પ્રબળ મોજાની ભભુકતી જ્વાળાથી વિંટળાઈ રહી હતી.

આ પ્રમાણે રાજ્યના ખંડ કરવાની ભાવના ઊગ્ર બની રહી હતી. તેમાં જે બીજું કારણ આપણે આગળના પાન ઉપર જણાવ્યું છે તે ધાર્મિક કુસંપે પણ બળતા અગ્નિમાં ઘૃત હોમવાની ગરજ સારી હતી. તે પ્રસંગ નીચે પ્રમાણે ઉપસ્થિત થવા પામ્યો હતો. રાજા સુભાગસેન, પહેલાં તો જન્મથી સમ્રાટ પ્રિયદર્શિનનો[32] પોતે યુવરાજ હતો જ નહીં, એટલે જ્યારે રાજકુટુંબના કુંવરોને દેવકુમારો તરીકે સમ્રાટ પ્રિયદર્શિને ભિન્ન ભિન્ન પ્રાંતોમાં સૂબા નીમ્યા હતા ત્યારે આ સુભાગસેનને પશ્ચિમ હિંદની અડોઅડ આવેલ સરહદના જે[33] પ્રાંતો અવંતિની આણમાં હતા તેનો તેને સૂબો નીમ્યો હતો. એટલે તેને યુવરાજની જોખમભરેલી પદવી દીપાવવા જે રાજકીય તાલીમ લેવી જોઇતી હતી તે મેળવવાનો સુયોગ સાંપડ્યો નહોતો; તેમજ સમ્રાટ પ્રિયદર્શિનના અલંકારરૂપ થઈ પડેલી ધર્મસહિષ્ણુતાનો ગુણ પોતાનામાં ખીલવી શકયો નહોતો, અરે! બિલકુલ નહોતો એમ કહીએ તો પણ ચાલે. અધૂરામાં પૂરૂં તેને એવા પ્રદેશ ઉપર અધિકાર ભોગવવાનો યોગ મળ્યો હતો કે જે પ્રાંતોની પ્રજા ઘણી જાતની એટલે પંચરંગી[34]–હતી અને સ્વભાવે વક્ર, જુસ્સામાં ઊગ્ર અને વર્તનમાં કાંઇક નિરંકુશ હોવાથી સૂબા સુભાગસેનને પોતાના મનસ્વી તોર પ્રમાણે અમલ ચલાવવાની અને તે પ્રમાણે પ્રકૃતિ બંધાઇ જવાની સરળતા થઇ પડી હતી. આવા સંયોગોમાં જે રાજકુમાર ઉછરેલો હોય તેનામાં રાજ્યપદને જેબ આપે તેવા કેટલાય કિંમતી સદ્‌ગુણોનો અભાવ રહી જવા પામે તે સ્વભાવિક છે. એટલે જ્યારે તે ગાદીપતિ બન્યો ત્યારે પોતે કાંઇ યુવાન વયનો તો નહોતો જ,

(૩૧) આ પ્રદેશ સ્વતંત્ર થયો હતો તેની સાબિતી એ ઉપરથી જણાશે કે શુંગવંશી અમલમાં સમ્રાટ અગ્નિમિત્રે આ મગધ ઉપર ચડાઈ કરી હતી. (જુઓ અગ્નિમિત્રની હકીકતે)

(૩૨) પણ યુવરાજને મહારાજા પ્રિયદર્શિને પોતાના રાજ્યઅમલની શરૂઆતમાં અથવા કોઇક કાળે, એટલે કે પોતાના રાજ્ય અમલ દરમ્યાન અન્ય પ્રદેશમાં (ઘણું કરીને તક્ષશિલામાં) જાગેલ બળવો સમાવવા મોકલવો પડયો હતો, જ્યાં તેનું ખૂન થઈ ગયું હતું એટલે આ સુભાગસેન યુવરાજની પદવીએ આવ્યો હતો. (જુઓ પુ. ૨. પૃ. ૨૯૬)

(૩૩) આ પ્રાંતો સમ્રાટ અશોક જ્યારથી સેલ્યુકસ નીકેટોરની કન્યાને પરણ્યો હતો ત્યારથી મગધની આણમાં આવ્યા હતા.

(૩૪) આ પ્રાંતમાં તેની પશ્ચિમેથી અસલ ઈરાની પ્રજા આવીને વસી હતી એટલું જ નહીં, પણ સિકંદર શાહના આગમન પછી કેટલીક યવન પ્રજા પણ ત્યાં રહી હતી તે, તેમજ ઉત્તરે આવેલ બેકટ્રીયન પ્રજા, કાબુલ પ્રદેશની ખરોષ્ટી પ્રજા, બલુચિસ્થાનવાળા ભાગની શક પ્રજા, એમ અનેક પ્રજાનું મિશ્રણ થઈ ગયું હતું, તેથી મેં તેમને પંચરંગી પ્રજાનું નામ આપ્યું છે.

ઊલટો પ્રૌઢ વયમાં પણ સારી રીતે આગળ વધી ગયો હતો;[૩૫] છતાં ઉપર વર્ણવાયલી પરિસ્થિતિને લીધે જ, તેનામાં જો કે સજ્જન માબાપના પુત્ર તરીકે ભલે દુર્ગુણોએ વાસો નહોતો કર્યો, પણ સદ્‌ગુણોનો અભાવ તો રહી જવા પામ્યો હતો, જેથી કરીને રાજધુરાની પ્રાપ્તિ થયા બાદ તરતજ તેણે મનસ્વીપણે પોતાની પ્રજાને સત્તાના દોરથી ધર્મપ્રત્યે[૩૬] દોરવવાના ઉપાયો યોજવા માંડ્યા હતા. તેના મનમાં એમજ સ્ફુરી આવ્યું હતું કે તેના પિતા મહારાજા પ્રિયદર્શિને જે યશ અને કીર્તિ મેળવી છે તેને પણ જો પોતે ટપી જાય તો સારૂં, અને તેથી તેના ચિલે જ ચાલ્યો જાઉં; પણ સમ્રાટ પ્રિયદર્શિનના હાથતળે તાલીમ નહીં લીધેલી હોવાથી તથા તેની રાજનીતિથી બીનવાકેફ હોવાથી, આંખ મીંચીને ધર્માંધપણાનો કોયડો વીંઝવા માંડ્યો હતો, but having been neither trained under Priyadarshin nor being aware of his intentions and policy he had ruthlessly followed religious terrorism. એટલે તેની અને તેના પિતાની રાજનીતિમાં "દવા એક, પણ પથ્ય જુદું" તેના જેવી સ્થિતિ હોવાથી, પરિણામ ભિન્ન જ આવ્યું અને તેની સઘળી પ્રજા અસંતુષ્ટ બની ગઇ. ઉપરના જ ગ્રંથકાર [૩૭]લખે છે કે "યદિ ધર્મકા દુરૂપયોગ કિયા જાય[૩૮] તો યહ બહુત હાનિકારક હો જાતા હૈ. યદિ રાજ્યશક્તિ કિસી વિશેષ ધર્મકા પક્ષ લે,[૩૯] તબ તો અનર્થકી કોઇ સીમા હી નહીં રહેતી. અશોક રાજ્યશક્તિસે બૌદ્ધધર્મકા ( પ્રિયદર્શિને જૈનધર્મકા=એમ શબ્દ વાંચવા જોઇએ ) પ્રચાર નહીં કરના ચહાતા થા ।। વહ ધમ્મસે સબ ધર્મોકે સામાન્ય ઉચ્ચ તત્ત્વોંકા ગ્રહણ કરતા થા, પર ઇસ ઉચ્ચ ભાવકો પિછલે સમ્રાટ સ્થિર ન રખ શકે । ઉન્હોંને વિશેષ ધર્મોંકા પક્ષપાત કરના શરૂ કર દિયા ।। તે વિદ્વાન લેખકના શબ્દોનું અવતરણ, મેં ઉપર પ્રમાણે જે સ્થિતિ વર્ણવી બતાવી છે તેને બહુ સત્ય ઠરાવે છે. તેમ આપણને પણ ભારતવર્ષના ઇતિહાસમાં ઔરંગઝેબના અને રોમના ઇતિહાસના રાજા કોન્સ્ટન્ટાઇનના ધર્માંધપણાના દૃષ્ટાંતોથી તેની સાબિતી મળે છે. તેમજ તેથી ઊલટું વર્તન કરવાથી, એટલે કે પ્રજાના ધર્મની વચ્ચે બીલકુલ હસ્તક્ષેપ ન કરવાથી રાજ્યસત્તા કેટલે દરજ્જે પ્રજારંજનનો યશ ખાટી જાય છે તેનો પુરાવો પણ ભારતીય ઇતિહાસમાં મહારાણી વીકટોરીયાના ઇ. સ. ૧૮૫૮ ના યાદગાર સંદેશામાંથી અને સમ્રાટ અકબરના જીવનચરિત્રમાંથી આપણને મળી આવે છે. પણ બિચારા સુભાગસેનના નશીબમાં તેના નામ પ્રમાણે રાજ્યપ્રાપ્તિનું સૌભાગ્ય જો કે લખ્યું હતું ખરૂં, પણ તેને પચાવી જાણવાનું

( ૩૫ ) જુઓ. પુ. ૨ ચિત્રપટ નં. ૫ માં નં. ૯૩ નો સિક્કો તથા પૃ. ૧૨૮ માં તેનું વર્ણન. તે ઉપરથી તો ઊલટું એમ પણ સમજાય છે કે તેની ઉમર લગભગ સાઠ વર્ષની હદે પહોંચી હશે.

( ૩૬ ) જુઓ આગળ ઉપર.

( ૩૭ ) મો. સા. ઈ. પૃ- ૬૭૧.

( ૩૮ ) વર્તમાન કાળે સમસ્ત હિંદમાં કોમી ભાવનાનાં જે મૂળ રોપાતાં જાય છે તે પણ આવા ધર્મભેદ ઉપર જ રચાયાં છે અને તેથી તેને કોમીભેદનું નામ આપો કે ધર્મભેદનું નામ આપો પણ તે બન્ને સરખાં જ છે. આવા ધર્મભેદનું પરિણામ કેવું આવી શકે, તે આ ઠેકાણે વર્ણવાતી પરિસ્થિતિ સાથે સરખાવો. તેનું બીજું દૃષ્ટાંત આપણા ભારતીય ઇતિહાસમાં મોગલ સમ્રાટ ઔરંગઝેબના સમયનો રાજ્યકાળ પૂરૂં પાડે છે. ( સરખાવો ઉપરની ટીકા નં. ૧૭ )

( ૩૯ ) આ સૂત્ર દરેક રાજકર્તા કોમને ધડો લેવા યોગ્ય ગણાશે.

સામર્થ્ય વિધિએ અર્પણ કર્યું નહોતું. એટલે પરિણામ વિપરીત આવ્યું હતું અને જે રહ્યા-સહ્યા નાના પ્રદેશ ઉપર તેની રાજ્યસત્તા ટકી રહી હતી, તેની પ્રજામાં પણ તેના નિત્ય જીવનમાં ઉદ્વેગ જ તરવર્યા કરતો હતો.

દક્ષિણાપથમાં પણ લગભગ તેવી જ સ્થિતિ-પ્રજાધર્મને અંગે કહો તો ચાલે-પરિવર્તી-રહી હતી. ત્યાંનો સમ્રાટ શતવહનવંશી સાતમો પુરૂષ જેને શાતકરણી બીજો કહેવાય છે તે પણ અવંતિપતિ સુભાગસેન જેવો જ ધમંડી રાજવી હતો. તે તો ગાદીએ આવ્યો ત્યારે સુભાગસેનની પેઠે આધેડ ઉમરનો નહીં, પણ બીલકુલ ઉછરતી વયનો યુવક હતો, એટલે સોરો ફેરવવાની જ રાજ્યનીતિ ચલાવવાની વૃત્તિવાળો હતો; પણ તે સમયે તેના સુભાગ્યે અવંતિપતિ તરીકે મહારાજા પ્રિયદર્શિનનો તેના ઉપર અંકુશ હતો; કે જે ખૂદ પ્રિયદર્શિનના કલિંગદેશના ખડક ઉપર પોતે જ કોતરાવાયલા શિલાલેખથી આપણે જાણી શકીએ છીએ; કેમકે તેમણે કલિંગપતિ શાતકરણીને જબરજસ્ત હાર ખવરાવીને પોતાના આધિપત્ય નીચે આણ્યો હતો.[૪૦] એટલે જ્યાં સુધી પ્રિયદર્શિન જીવતો રહ્યો, ત્યાં સુધી તો બહુ ભયંકર પરિણામ આવતું અટકી પડયું હતું; પણ પ્રિયદર્શિનનું મરણ ઇ. સ. પૂ. ૨૯૦ માં થતાં જ તે નિરંકુશ બની ગયો. વળી તેમાં અવંતિપતિ સુભાગસેનનો રાજ્યકારભાર નબળો જોયો, એટલે અવંતિપતિના સ્વામિત્વની ઝુંસરી ફેંકી દઈ, તેણે પોતે જે વૈદિકધર્મ અંગિકાર કર્યો હતો[૪૧] તેનો જ પ્રચાર કરવા મંડી પડયો. અને આનંદમાં ને આનંદમાં તેણે એક અશ્વમેધ પણ કરી વાળ્યો. પછી અવંતિને સર કરવા નજર દોડાવી. ખૂબ લાવલશ્કર સાથે વિદિશા-ઉજ્જૈની પર ચડાઈ લઈ ગયો અને રાજા સુભાગસેનને હરાવી ( કદાચ તે લડાઈમાં સુભાગસેન મરાયો પણ હશે ) એક વખત માટે પોતે અવંતિપતિ બની પણ બેઠો અને તેની ખુશાલીમાં ત્યાં એક બીજો અશ્વમેધ યજ્ઞ પણ કર્યો. ઉપરાંત તે સ્થળે મોટો વિજયસ્તંભ રોપીને તેનું સઘળું ખર્ચ ત્યાંની પ્રજા પાસેથી વસુલ કર્યું.[૪૨] અને સુભાગસેનની ગાદી ઉપર તેના જ પુત્ર કે બંધુ બૃહસ્પતિમિત્રને[૪૩] બેસારીને-એટલે કે પોતે જે ઉજ્જૈનપતિનો ખંડિયો હતો તે જ ઉજ્જૈનપતિને સામો પોતાનો ખંડિયો બનાવીને, પોતાના દેશ-દક્ષિણાપથમાં-પાછો ફર્યો.

( ૪૦ ) સુદર્શન તળાવની પ્રશસ્તિમાં પણ આ જ બનાવનો પડઘો પડાયો છે, કે બે વખત તેણે પોતાનો હાથ દક્ષિણાપથના સ્વામિને બતાવી આપ્યો હતો.

( ૪૧ ) તેના પૂર્વજોનો જૈનધર્મ હતો પણ તેના રાજ્ય પુરોહિત પતંજલી મહાશયના ધર્મોપદેશથી તેણે વૈદિક ધર્મ અંગિકાર કર્યો હશે એમ સમજાય છે અથવા એમ પણ હોય કે, Action અને Reaction ના સિદ્ધાંત મુજબ, જે જૈનધર્મ મહારાજા પ્રિયદર્શિનના સમયે એકદમ શિરોભાગે પહોંચ્યો હતો તેનું પતન સરજાયલું જ હતું એટલે આવાં કારણો ઊભાં થવાં પામ્યાં હતાં.

( કેમકે એક વસ્તુની ઉન્નતિ થતાં થતાં એક દિવસે-Zenith-ઉત્કૃષ્ટ અવસ્થાએ પહોંચે જ, અને Zenith આવી એટલે તેનાથી ઉંચું તો જવાનું હોય જ નહીં, પછી તો સ્થિર રહે કે પડવા માંડે : એમાંથી એક થવું જ જોઈએ. )

જેમ સૂર્યોદય થયા બાદ તે મધ્યાન્હે ઉપરી ભાગે આકાશમાં આવે છે અને તે પછી ક્રમે ક્રમે તે નીચે ઉતરતો જાય છે તેમ.

( ૪૨ ) જુઓ વિદિશાનો વિજયસ્તંભ તથા તે ઉપરનો શિલાલેખ.

( ૪૩ ) આ માન્યતામાં કેટલોક ફેરફાર પાછળથી કર્યો છે, પણ ખરું શું હોઈ શકે તે વિચારી નક્કી કરવા જેવી સામગ્રી મળી શકી નથી; તેથી એમ ને એમ

અને તે ઉજ્જૈનપતિ પોતાના સામું માથું ઉંચકી ન શકે તેની તકેદારી રાખવા પોતાના જ વૈદિક-ધર્મી એક અમલદારને-નામે પુષ્યમિત્રને-તે રાજ્યના મુખ્ય સેનાધિપતિ તરીકે મૂકતો ગયો. આ પ્રમાણે દક્ષિણાપથના સ્વામી શતકરણી બીજાનું ધર્માંધપણું પણ, જો કે ચકવે ચડયું હતું, છતાંયે તે બહુ પરાક્રમી હોવાને લીધે થોડો વખત તો નભી રહ્યું હતું; જ્યારે રાજા સુભાગસેન નબળો પડી જવાથી-નાના પ્રદેશનો જ સ્વામી થઇ જવાથી-કેમકે તેના રાજ્ય કુટુંબના નબીરાઓએ જ ભાગલા પાડી નાંખ્યા હતા; એટલે તેના ધર્માંધપણાનું ટકુ તો ચાલી શકયું જ નહોતું. આ બનાવ મ. સં. ૨૯૯=ઇ. સ. પૂ. ૨૨૮ માં બન્યો હતો. રાજા સુભાગસેનની જગ્યાએ બૃહસ્પતિમિત્ર અવંતિપતિ તરીકે આવ્યો અને આપણે જોઈ ગયા છીએ કે જે મૌર્ય સામ્રાજ્યની કીર્તિ એક વખત દિગંતવ્યાપી બની રહી હતી તે જ મૌર્ય સામ્રાજ્ય માત્ર એક દશકા જેટલા ટૂંકા કાળમાં જ ( દશ વર્ષની અંદર જ ) બે મુખ્ય કુસુંપરૂપી દૈત્યના-કુટુંબ કલેશ અને ધર્મદ્વેષના-ખપ્પરમાં સપડાઈ ધરાશાયી થઈ જવા પામ્યું હતું.

**(૬ થી ૯) બૃહસ્પતિમિત્ર આદિ ચાર રાજાઓ.**

સુભાગસેનના અમલનો કેવા સંજોગોમાં અંત આવ્યો અને તેની જગ્યાએ કેમ બૃહસ્પતિમિત્ર ગાદીપતિ થવા પામ્યો તે સર્વ આપણે ઉપરમાં જોઈ ગયા છીએ. તેમ તેના પછી કોણ કોણ રાજા થવા પામ્યા છે તથા તેમનો અમલ કેટલો કેટલો કાળ ચાલી શકયો છે તે વિષેના વિચારો પણ આપણે પુ. બીજામાં મૌર્યવંશનો પ્રારંભ કરતાં બતાવી ગયા છીએ તથા તેની કંઇક અંશે ચર્ચા પણ કરી ચૂકયા છીએ એટલે પિષ્ટપેષણ કરવા અત્રે જરૂર નથી. પણ તેમના અમલ દરમ્યાન જે કાંઇ ઐતિહાસિક ઘટનાઓ બની ગયાનું જણાયું છે તેનું જ તે ચારે રાજાઓના સમૂહનો એકત્ર રાજ્યકાળ છે એમ ગણીને સમગ્રપણે જ વિવેચન કરીશું.

વૈદિક ધર્માનુયાયી સૈન્યપતિ પુષ્યમિત્રના હાથમાં રાજ્યના મુખ્ય સંચાલક તરીકેની લગામ આવવાથી, તેમજ પોતાને શાતકરણી જેવા પ્રભાવવંતા અને શક્તિશાળી ભૂપતિનું પીઠબળ હોવાથી, તે પણ પોતાના ધર્માંધપણાનો તોર નીચે પડવા દે તેમ નહોતો જ. તે અવંતિના પ્રદેશમાં એક લાકડીએ હાંકયે રાખવા મંડ્યો. તેટલામાં શાતકરણી દક્ષિણપતિનું મરણ ઇ. સ. પૂ ૨૨૬=મ. સં. ૩૦૧ માં થયું, એટલે પોતે હવે તદ્દન નિરંકુશ થતાં, બૃહસ્પતિમિત્રને ઉઠાડી મૂકી-કે ભારી નાંખીને-રાજ્ય લગામ હાથમાં લેવાની ધારણા ધરતો હતો. પણ શાતકરણીનો જે પુત્ર તેના મરણ બાદ દક્ષિણપતિ થયો તેનું રાજ્યશકટ કેમ ચાલે છે તે નિહાળ્યા બાદ કોઇપણ પગલું ભરવું હોય તો ભરવું તે ઠીક ગણાશે. એમ ધારી પોતે મહાઅમાત્યપદ ધારણ કર્યું[૪૪] અને પોતાના પુત્રને ( જે સમય જતાં અગ્નિમિત્ર તરીકે ઇતિહાસમાં પ્રસિદ્ધ થયો છે ) પોતાના સ્થાને સૈન્યપતિ બનાવ્યો; પણ દક્ષિણાપથપતિ કંઈક અંશે જોરાવર

લખાણ તેવીને તેવી હાલતે રાખી મૂક્યું છે.

સંભવ છે કે બૃહસ્પતિમિત્રનું નામ જ રદ કરવું પડશે અને સુભાગસેનનો અમલ ઇ. સ. પૂ. ૩૦૧ માં સમાપ્ત થયો હતો એમ ગણવું પડશે.

( ૪૪ ) પુરાણકારોએ આ સમયથી પુષ્યમિત્રને રાજા માની લીધો છે અને તેનો રાજ્યત્વ સમય ગણવા માંડયો છે. જો કે સત્તામાં તો તે રાજા જેવો જ હતો, છતાં દેખાવમાં તો તે રાજ્યનો કર્મચારી-ભૃત્ય જ હતો. મૌર્યવંશનો પણ ભૃત્ય ગણાય તેમ શાતવહનવંશનો પણ ભૃત્ય ગણાય.

દેખાવાથી પોતાની ધારણા બર ન લાવી શકયો અને જેમ ચાલતું હતું તેમ ને તેમ ગાડું ગબડાવ્યે રાખ્યું.

હવે દક્ષિણપતિઓ એક પછી એક માત્ર નામધારી જ આવતા ગયા, પણ પુષ્યમિત્ર પોતે વૃદ્ધપણાએ પહોંચી ગયો હતો એટલે વિશેષ કાર્ય સાધક પગલાં ભરી શકે તેમ નહોતું; પણ તેનો પુત્ર જે હવે તેને સ્થાને અવંતિપતિ મૌર્યોનો સૈન્યપતિ બન્યો હતો તેણે પોતાનો લોખંડી બાહુ, રાજકાર્યમાં તેમજ પ્રજા ઉપર પોતાનો વૈદિક ધર્મ ઠસાવવાના કાર્યમાં વાપરવાનું કમી રાખ્યું નહીં. આમ કરતાં કરતાં મ. સં. ૩૨૩=ઇ. સ. પૂ. ૨૦૪ ની સાલ આવી પહોંચી. તે કાળ દરમ્યાન ઉત્તર હિંદમાં એકદમ ઉત્તરે, પ્રિયદર્શિનનો પુત્ર રાજા જાલૌક જે કાશ્મીરપતિ બન્યો હતો તથા જે ઠેઠ કાન્યકુબ્જ સુધી પોતાનું રાજ્ય લંબાવી શકયો હતો, તેનું મૃત્યુ પણ તે અરસામાં જ એટલે કે આશરે મ. સં. ૩૨૦=ઈ. સ. પૂ. ૨૦૭ માં થયું હતું. એટલે તેની પછી તેની ગાદીએ તેનો પુત્ર દામોદર આવ્યો હતો. તે જેમ નબળો પણ નહોતો તેમ તેના પિતા જેવો અતુલ પરાક્રમી પણ નહોતો, એટલે હિંદુકુશની પેલી પારના યોનદેશના રાજવીઓ–બેકટ્રીઅન પ્રજાના સરદારો કે જેમણે અદ્યાપિ પર્યંત હિંદ ઉપર અવારનવાર ચઢી આવી માત્ર ધનસંચય કરીને પાછા સ્વવતન તરફ ચાલી જવાનું ધોરણ રાખ્યું હતું, તેમણે વિશેષ પ્રમાણમાં, પશ્ચિમ હિંદનો દરવાજો ગણાતા પેશાવર પાસેના પહાડી ઘાટોના રસ્તે. હિંદ ઉપર આવવાનું શરૂ કરી દીધું; કેમકે અગ્નિમિત્રની અને પુષ્યમિત્રની ધર્મપ્રચારનીતિની જોહુકમીથી તથા દમનનીતિથી પ્રજામાં તીવ્ર અસંતોષ પ્રસરી રહ્યો હતો. તેમણે શરૂઆતમાં તો માત્ર પંજાબનો મુલક જ સર કરી લીધો હતો પણ ધીમે ધીમે જાલૌકના પુત્ર દામોદરની સત્તા જે કાશ્મીરથી માંડીને કાન્યકુબ્જ સુધી પ્રવર્તી રહી હતી તેના સર્વે પ્રદેશો પોતાને સ્વાધીન કરી લીધા; અને એટલે સુધી પ્રબળ રાજ્યસત્તા જમાવી દીધી કે આખરમાં અવંતિ ઉપર દબાણ લાવવા જેવી સ્થિતિ ઊભી કરી દીધી. આ સ્થિતિ, લશ્કરી મગજવાળા અવંતિ-સૈન્યપતિ અગ્નિમિત્રથી દેખતી આંખે નીભાવી લેવા જેવી લાગી નહીં, એટલે પોતાના નમાલા રાજવી બૃહદ્રથને [૪૫] સમજાવ્યું કે આપણે આ ધસી આવતા યવન હુમલાઓનો સામનો ઝીલવાને લશ્કર સારી રીતે તૈયાર કરી રાખવું જોઇએ; અને તેને માટે લશ્કરી કવાયત વિગેરેની શિસ્ત આપી કેળવવી પણ જોઇએ; પણ તે સમયે એટલે કે કવાયત થતી હોય ત્યારે આપ નામદારની હાજરી જો હોય તો સૈનિકોમાં ઓર ઉત્સાહ અને જેમ પ્રગટ થાય. આવી રીતે લશ્કરી કવાયત ગોઠવી દીધી અને નિત્ય નિયમાનુસાર તે કાર્ય ચાલવા માંડયું. એકદા પ્રસંગ સાધીને તેણે કવાયત ચાલી રહી હતી તે સમયે રાજા બૃહદ્રથનું શીર તલવારના ઝટકેથી ઉડાવી દીધું. અને જે ભૃત્ય (રાજ્યના નોકર) તરીકેનું કલંક પોતાના અથવા પોતાના પિતાના લલાટે ચોંટી રહ્યું હતું તે ટાળી નાંખી, પોતે જ સ્વતંત્ર રીતે અવંતિપતિ બની, રાજ્યધુરા ગ્રહણ કરી લીધી; અને પોતાના શુંગવંશની સ્થાપના કરી. મ. સં. ૩૨૩–ઇ. સ. પૂ. ૨૦૪. આ પ્રમાણે મૌર્યવંશની સમાપ્તિ થઈ.

મૌર્યવંશના રાજાઓની નામાવલીમાં,

(૪૫) સરખાવો પુ. ૨. માં પૃ. ૧૩૬–૩૭ ઉપર મૌર્યવંશના વર્ણને પ્રારંભમાં, તેની નામાવળી તથા વંશાવળીની ગોઠવણવાળી હકીકતનું વર્ણન.

(૪૬) પુ. બીજામાં પૃ. ૧૩૫ ઉપર મૌર્યવંશી

**ઇંદ્રપાલિત અને બંધુપાલિતની વિચારણા**

દરેક ગ્રંથકારે ન્યૂનાધિક અંશે આ બે રાજાઓનાં –ઇંદ્રપાલિત અને બંધુપાલિતનાં–નામોનો સમાવેશ[૪૬] કરેલ છે જ. છતાં આપણે જે નામાવલિ શોધી કરીને શુદ્ધ તરીકે પુ. બીજામાં પૃ. ૧૩૭–૮ ઉપર ગોઠવી છે તેમાંથી આ નામો બાતલ જ કરી દીધા છે. એટલે વાચકવર્ગમાંથી કોઇ કોઇને પ્રશ્ન કરવાનું મન થશે કે આનું કારણ શું? કારણમાં એટલું જ કે, આ બે નામો ક વ્યક્તિને ખાસ લાગુ પાડી શકાય તેમ છે, તેનો કાંઈપણ નિર્ણય હજુ સુધી કોઇએ કર્યો પણ નથી. એટલું જ નહીં પણ તે વિષય પરત્વે કિંચિત્ પ્રયાસ આદર્યો હોય એમ પણ જણાયું નથી. તો પછી આવી અનિશ્ચિતાવસ્થામાં આપણે ગમે તેને તે નામો જોડી દેવાં તે ઉચિત ન જ ગણાય. પણ શોધખોળ ખાતાની રૂઢિ જ એવી છે, કે પ્રથમ તો અનેક કલ્પનાઓ ઊભી કરાય અને પછી તે ઉપર વિચારણા શરૂ થાય; અને જેમ જેમ પુરાવા અને આધાર મળતા જાય તેમ તેમ તેની ચર્ચા થાય, પછી ઊહાપોહ થાય અને તેવી ગવેષણાને અંતે ખરૂં તારતમ્ય હોય તે ચળાઇને જુદું તારવી કઢાય. આવા જ હેતુથી આપણુને પણ કેટલેક અંશે તેની વિચારણા અત્ર કરવાની જરૂર પડે છે.

ઈંદ્રપાલિતનો અર્થ એમ સૂચવે છે કે તે વ્યક્તિનું પાલણ ઈંદ્ર જેવી કોઈક દૈવી શક્તિથી કરાતું રહ્યું હોવું જોઇએ; અને બંધુપાલિત શબ્દ એમ સૂચવે છે કે તે પોતે તો કોઇનો નાનો ભાઈ જ હશે. પણ તેના પાલક તરીકે, કોઈ તેનો વડીલ બંધુ હોવો જોઇએ, અને આ બંને ભાઇઓમાં પ્રથમ ઈંદ્રપાલિતે રાજપદવી પ્રાપ્ત કરી હોવી જોઇએ; જ્યારે બંધુપાલિત નામની વ્યક્તિ રાજપદવી પ્રાપ્ત કરવાને ભાગ્યશાળી થઇ પણ હોય વા ન પણ થઈ હોય, પણ જરૂર તેણે રાજકાજમાં તો ભાગ લીધો હોવો જ જોઇએ. આ પ્રમાણે તે બે શબ્દોનો, વ્યુત્પત્તિ પ્રમાણે તેમની પરસ્પર સ્થિતિ સૂચવતો હોય એવો અર્થ નીકળે છે. હવે આપણે વિચારવું રહે છે કે આ પ્રમાણેની પરિસ્થિતિમાં કયા કયા મૌર્યવંશી રાજકુંવરો કે ભૂપતિઓનો સમાવેશ કરી શકાય તેમ છે. ઠેઠ ચંદ્રગુપ્ત સમ્રાટથી માંડીને બૃહદ્રથ સુધીના અનેક રાજાનાં તેમજ કુંવરનાં નામોથી તથા જીવનચરિત્રોથી હવે આપણે વાકેફગાર પણ થઈ ગયા છીએ. એટલે તે કાર્ય સરળ જેવું તો થઈ ગયું જ કહેવાશે.

અશોકવર્ધન સુધી તો કોઇને તે ઉપનામો લાગુ પાડવામાં આવ્યાં જ નથી. જે થયું છે તે પછીના સમ્રાટોમાંથી જ; તેમાંના એકનું ઈંદ્રપાલિત અને બીજાનું બંધુપાલિત નામ હોવું જોઇએ. તેમાંયે જો ઈંદ્રપાલિત નામની વ્યક્તિ નક્કીપણે સાબિત થઇ જાય તો પછી બંધુપાલિત તરીકેની વ્યક્તિની ખોજ તો આપોઆપ જ મળી જશે.

આવા બંધુ–બંધુ તરીકેનાં જોડલાં નીચે પ્રમાણે આપણી વિચારણા માટે જુદાં પાડી શકીએ તેમ દેખાય છે. ( ૧ ) સમ્રાટ અશોકના બે પૌત્રો; દશરથ અને સમ્રાટ સંપ્રતિ ઉર્ફે પ્રિયદર્શિન ( ૨ ) સમ્રાટ પ્રિયદર્શિન અને સૌરાષ્ટ્રનો સૂબો શાલિશુક ( ૩ ) સમ્રાટ સુભાગસેન અને તેની પછી ગાદીએ આવનાર બૃહસ્પતિમિત્ર ( ૪ ) શતધન્વા અથવા શતધનુષ અને બૃહદ્રથ ( ૫ ) કાશ્મિરપતિ જાલૌક તેમજ ટીબેટના સૂબો કુસ્થન[૪૭] અને ( ૬ ) બૃહસ્પતિમિત્ર પછીના જે બે ત્રણ રાજા થયા છે તેમાંના કોઇપણ બે.

રાજાની વંશાવળીમાં આ નામો લખ્યાં છે.

( ૪૭ ) જુઓ પુ. ૨ માં પૃ. ૩૫૫ ઉપર સમ્રાટ પ્રિયદર્શિનના વૃત્તાંતે, રાજવ્યવસ્થાવાળી હકીકતે તિબેટના પ્રદેશને લગતું વર્ણન.

આમાં (નં. ૬) વાળા કોઇનું પરાક્રમ કે જીવન જ પૂરું જણાયું નથી અને સર્વ અંધકારમય જ છે ત્યાં કોઈ વિચારણા કરવી તે ધૂમાડામાં બાચકા ભરવા જેવું જ લેખાશે. એટલે તેનો ત્યાગ કરવો રહે છે. (નં. ૫) વાળા બંનેની ઉત્પત્તિ કાંઇક દૈવી સંજોગમાં[૪૮] થઇ હોય એમ તો જરૂર દેખાય છે જ. પણ તે બંને (જો જુદી જુદી જ વ્યક્તિ હોય તો) એક જ સમયે રાજકર્મચારીપણે વર્તતા દેખાયા છે. એટલે એકની પછી બીજો ગાદીએ આવ્યો હોય તેમ તો ન જ ગણી શકાય. અને જો તે બન્ને એક જ વ્યક્તિ હોય તો તો ઈંદ્રપાલિત અને બંધુપાલિત એમ બે જણનું યુગલ જ બનતું નથી; એટલે ત્યાં પણ તે કલ્પના તૂટી જાય છે. આવી રીતે નં. ૫ નું યુગલ પણ આપણી વિચારણામાંથી છોડી દેવું પડશે. (નં. ૪) નું યુગલ લઇએ તો ઈંદ્રપાલિતના નામને સાર્થક કરે તેવું બેમાંથી એકેનું જીવનચરિત્ર હોય તે વિશે આપણે તો હજુ સુધી અજ્ઞાત જ છીએ. અને જ્યારે આપણે જ અજ્ઞાન સેવીએ છીએ ત્યારે તેવા કાચા પાયા ઉપર કોઈ પણ જાતના અનુમાનોનું ઘડતર લઇએ તો કેવળ હાંસીપાત્ર જ ઠરીએ; માટે તે યુગલનો પણ ત્યાગ કરવો જ ઉચિત થઇ પડશે. (નં. ૧) નું યુગલ લઇએ છીએ તો, સંપ્રતિનો જન્મ કાંઇક આશ્ચર્યકારક સંયોગમાં થયો લેખાય ખરો, પણ દશરથ પોતે તો સંપ્રતિ કરતાં ઉમરમાં મોટો જ હતો એટલે હજુ જો ગણાય તો દશરથનો આશ્રિત સંપ્રતિ (મોટા ભાઇનો આશ્રિત નાનો ભાઈ હજુ થઈ શકે પણ નાના ભાઇનો આશ્રિત મોટો તો હોઈ જ ન શકે) ગણાય; પણ સંપ્રતિનો આશ્રિત દશરથ તો ન જ હોઈ શકે. વળી બંને જણા સમકાલીનપણે રાજગાદીએ બેઠા છે તેમજ પૃથક્ પૃથક્ મુલક ઉપર રાજ્યાધિકાર ભોગવ્યો છે. એટલે તે યુગલ પણ આપણી વિચારણાના ક્ષેત્રની બહાર જ નીકળી જાય છે. આ પ્રમાણે છ યુગલમાંથી નં. ૬, ૫, ૪ અને ૧ નાં યુગલો બાદ થઈ ગયા, એટલે હવે માત્ર નં. ૨ અને નં. ૩ તપાસવાં રહ્યાં.

નં. ૩ માં સમ્રાટ સુભાગસેન અને બૃહસ્પતિમિત્રનું યુગલ છે અને નં. ૨ માં સમ્રાટ પ્રિયદર્શિન અને સૂબા શાલિશુકનું યુગલ છે. હવે નં. ૩ વિશે વિચાર કરીએ. રાજા સુભાગસેનનો જન્મ કેવા સંયોગમાં થયો હતો તે ભલે આપણે જાણતા નથી. પણ પોતે જન્મની ગણનાથી યુવરાજ ન હોવા છતાં, રાજપદે બિરાજીત થવા પામ્યો છે એટલે તેને કાંઇક ભાગ્યરેખાંકિત તો કહી શકાય ખરો. જેથી આપણે તેને કદાચ ઈંદ્રપાલિતનું બિરૂદ આપવા લલચાઇએ તો હજુ કાંઇક અંશે બંધબેસતું કહી શકાય. બાકી બૃહસ્પતિમિત્ર તે સુભાગસેનનો બંધુ અથવા તો સહોદર હતો કે કેમ તે ખરી રીતે તો જણાયું નથી જ. માત્ર તેનું નામ કેટલાક ગ્રંથકારોએ ગણાવ્યું છે એટલે આપણે પણ આગળ ધરવું પડયું છે. પણ જો તે પ્રમાણે સગપણની ગાંઠ જેવું એની વચ્ચે હોય તો આપણા વિષયને અંગે વિશેષ તાવણીમાંથી–પરીક્ષામાંથી તેઓનું જોડકું પસાર થઇ શકે છે કે કેમ તે તપાસવું જ રહે છે. જેવી કસોટીની પરીક્ષાનો આરંભ કરીએ છીએ કે પ્રથમ તો રાજા સુભાગસેન જ ઈંદ્રપાલિત તરીકે પાસ થઇ શકતો નથી, કારણ કે જે વ્યક્તિ ઇંદ્રપાલિત હોય એટલે કે જેની રક્ષા ઈંદ્ર જેવો મહર્દ્ધિક દેવ-દેવોનો દેવ–કરતો હોય તેને તો આ સંસારમાં

(૪૮) જુઓ. પુ. ૨ ના અંતે જોડેલાં પરિશિષ્ટ ક માં જાલોકનું વૃત્તાંત.

કોઇથી ભય પામવાનું કે ડરવાનું કારણ જ ન હોય; અને આવું કારણ જ ન હોય તો પછી કોઇના હાથે પરાજીત થવાનું કે પોતાના પૂર્વજોએ મેળવેલ આબરૂ અને યશની ધૂળધાણી થવાના સહભાગી થવા ઉપરાંત, જીવન કલંકિત કરવાનું તો તેના કપાળે નિર્માયલું જ કયાંથી હોય ? જ્યારે સુભાગસેનનું જીવનવૃત્તાંત તપાસીશું તો યશપ્રાપ્તિને બદલે તેના નામને તો કલંક ઉપર કલંક જ ચોંટયે ગયાં છે. આ પ્રમાણે નં. ૩ નું યુગલ પણ વર્જવું જ રહે છે. એટલે હવે વિચારવું રહ્યું કેવળ નં. ૨ નું સમ્રાટ પ્રિયદર્શિન અને સૂબા શાલિશુકનું યુગલ. આ બેની જ્યારે વિચારણા કરવા બેસીએ છીએ અને તેમનાં જીવનના અનેક મુદ્દા તપાસીએ છીએ ત્યારે તે સર્વે, ઇંદ્રપાલિત અને બંધુપાલિતના અર્થને ઠીક ઠીક રીતે સાર્થક કરતા અને બંધબેસતા પણ દેખાય છે. જેમકે સંપ્રતિનો જન્મ પણ આશ્ચર્યકારક રીતે થયો છે. વળી જન્મ થતાં જ તેના પિતાનો સિતારો પણ ચમકવા માંડયો હતો અને પોતે ૧૦ માસની નાની વયમાં જ ગાદીપતિ તરીકે નિર્માણ થયો હતો; તેમજ તેના રાજ્યની કળા પણ ઉત્તરોત્તર વધતી જ ચાલી છે. વળી તેણે અનેક રાજ્યો જીતી લઇ દિગ્વિજય પ્રાપ્ત કર્યો છે, તેમ પ્રજાવત્સલ હોવાનો યશ પણ વહોરી લીધો છે. વળી તેનુ રાજ્ય પણ સુંદર રીતે દીર્ઘકાળ પર્યંત ટકી રહ્યું છે. આમ જે જે મુદ્દો લઇને વિચારીએ છીએ, તે તે દરેકમાં તે ઇંદ્રપાલિત નામને ધન્ય જ પૂરવાર કરી બતાવી આપે છે. જ્યારે સૂબા શાલિશુકનું જીવન વિચારીએ છીએ ત્યારે તો સ્પષ્ટ દેખાય છે કે તે પોતાના વડીલ બંધુની શીતળ છાયામાં જ આદિથી અંત સુધી રહેવા પામ્યો છે. યુવાવસ્થામાં મમતાભર્યો ઠપકો પણ પોતાના બંધુના હાથે જ ખાધો છે, તેમ[૪૯] સૌરાષ્ટ્રનો સૂબો પણ તેના જ હુકમને લીધે બન્યો છે. વળી પોતાના કાકાના પુત્ર અને મગધપતિ કુમાર દશરથનું મરણ થતાં પોતે જે મગધપતિ બનવા પામ્યો છે તે પણ આ પોતાના વડીલ બંધુ મહારાજા પ્રિયદર્શિનની મીઠી નજરનું જ ફળ છે. આ પ્રમાણે જેમ મહારાજા પ્રિયદર્શિન દરેક રીતે ઇંદ્રપાલિત નામને ધન્ય ઠરે છે તેમ તેમનો સહોદર, શાલિશુક પણ બંધુપાલિત નામને ધન્ય ઠરે છે. અને જો તેમ ઠરે તો પછી તેમનાં નામ, મૌર્યવંશી રાજાવલિમાં દાખલ કેટલા અંશે કરી શકાય તે વાચક[૫૦] વર્ગ પોતે જ વિચારી જોશે. અને મેં પણ ખાસ તે નામનો સમાવેશ આ વંશાવળીમાં જે નથી કર્યો તે એવા જ હેતુથી, કે જો એક નામ લખવામાં આવે અને બીજું છોડી દેવામાં આવે, તો અનેક પ્રશ્નોત્તરી વાચકના મનમાં ઊભી થાય. તેમજ જ્યાંસુધી તે પ્રશ્નનું દલીલપૂર્વક અને સંતોષકારક નિરાકરણ ન થયું હોય ત્યાંસુધી મૌન સેવવું જ ઉચ્ચતર ગણાય. આ બે હેતુથી જ અદ્યાપિ પર્યંત તે નામ વાપરવાથી હું અલગ રહ્યો હતો.

હવે એક નાની બાબત રહી જાય છે. તેનો જરા વિચાર કરીને આ પ્રકરણ આપણે પૂરૂં કરીશું. કેટલાક ગ્રંથકારોએ, મૌર્ય સમ્રાટોની નામાવલીમાં કુણાલનું નામ દાખલ કર્યું છે. તેમ કોઇએ એમ પણ જણાવ્યું છે કે સમ્રાટ અશોકવર્ધને તક્ષિલાના સૂબા તરીકે તેની નીમણૂક કરી હતી; અને

(૪૯) જુઓ પુ. ૨ માં પૃ. ૨૯૯ ની હકીકત.

(૫૦) જુઓ ઉપરની ટી. નં. ૪૬

સૂબાપદના સમય દરમ્યાન તેને અંધાપો વહોરી લેવો પડયો હતો. પણ આ બંને સ્થિતિ કુમાર કુણાલને માટે અસંભવિત છે, કેમકે કયા સંજોગમાં તેને આંખો ગુમાવવી પડી છે તે પ્રસંગોપાત પુ. ૨ માં આપણે વર્ણવી ગયા છીએ. જે સમયે આ બનાવ બનવા પામ્યો હતો તે વખતે તેની ઉમર પણ કુમારપણાની હતી અને હજુ વિદ્યાભ્યાસ ચાલતો હતો; એટલે સૂબાપદે તેમને ચડાવવાની કલ્પના પણ ઉદ્‌ભવતી નથી. વળી તેમનું નિવાસસ્થાન જ અવંતિના પ્રદેશમાં હતું તો પછી તક્ષિલા સુધી જવાનું જ શી રીતે બની શકે ? તેમ જો આંખની પર્યાપ્તિ અખંડપણે જાળવી રાખવાનો સુયોગ તેમના ભાગ્યમાં લખ્યો હોત, તો કુમાર મહેંદ્રની, કુમાર દશરથની તેમજ કુમાર સંપ્રતિની જીવનચર્યાનો આપણને જે પરિચય પ્રાપ્ત થયો છે તે સર્વેનું સ્થિત્યાંતર જ થઈ જાત. એટલું જ નહીં પણ આખા ભારતીય ઈતિહાસનું સ્વરૂપ જ ફેરવાઈ ગયું હોત. એટલે કે કુમાર કુણાલનું જ્યારે તક્ષશિલામાં જવું જ કદી થયું નથી, ત્યારે ત્યાંના સૂબા થવાનું તો કયાંથી જ બન્યું હોય ? તેમજ તે સમ્રાટ પદવી પણ જ્યારે પ્રાપ્ત કરી શકયો નથી, ત્યારે રાજકર્ત્તાની વંશાવળીમાં તેનું નામ પણ દાખલ કેમ કરી શકાય ?

એટલે હવે જો મૌર્યવંશની શોધિત નામાવળી તેમજ વંશાવળી આપણે લખવી હોય તો તે નીચે પ્રમાણે લખવી રહે છે:—

## મૌર્યવંશની ખરી વંશાવળી

| નામ | મ. સં. થી મ. સં. | વર્ષ | ઇ. સ. પૂ. થી ઈ. સ. પૂ. |
|---|---|---|---|
| (૧) ચંદ્રગુપ્ત | ૧૪૬ ,, ૧૫૫=૯॥ }<br>૧૫૫ ,, ૧૬૯=૧૪ } | ૨૩॥ | ૩૮૧ ,, ૩૭૨ }<br>૩૭૨ ,, ૩૫૮ } |
| (૨) બિંદુસાર | ૧૬૯ ,, ૧૯૭= | ૨૭॥ | ૩૫૮ ,, ૩૩૦ |
| (૩) અશોકવર્ધન | ૧૯૭ ,, ૨૩૭= | ૪૦॥ | ૩૩૦ ,, ૨૮૯ |
| (૪) પ્રિયદર્શિન ઉર્ફે સંપ્રતિ ઉર્ફે ઈંદ્રપાલિત | ૨૩૭ ,, ૨૯૧= | ૫૩॥ | ૨૮૯ ,, ૨૩૬ |
| (૫) વૃષભસેન ઉર્ફે સુભાગસેન | ૨૯૧ ,, ૩૦૦= | ૯ | ૨૩૬ ,, ૨૨૭ |
| (૬) પુષ્પધર્મન | ૩૦૦ ,, ૩૦૭= | ૭ | ૨૨૭ ,, ૨૨૦ |
| (૭) દેવધર્મન | ૩૦૭ ,, ૩૧૪= | ૭ | ૨૨૦ ,, ૨૧૩ |
| (૮) શાતધમન | ૩૧૪ ,, ૩૧૬= | ૨ | ૨૧૩ ,, ૨૧૧ |
| (૯) બૃહદ્રથ | ૩૧૬ ,, ૩૨૩= | ૭ | ૨૧૧ ,, ૨૦૪ |
| | | ૧૭૭ | |

# પ રિ શિ ષ્ટ

પુ. ૨ ના અંતે ચાર પરિશિષ્ટો જોડ્યાં છે તેમાં એક કાશ્મિરપતિ જાલૌકને લગતું પણ છે. તેમાં તેને મૌર્યવંશી સમ્રાટ અને ચક્રવર્તી પ્રિયદર્શિનનો પુત્ર હોવાનું તથા પ્રિયદર્શિનના મરણ બાદ પોતાના વડીલ બંધુ અને મૌર્યપતિ રાજા સુભાગસેનની રાજનીતિથી નારાજ થઇ કાશ્મિરવાળા પ્રદેશમાં સ્વતંત્રપણે તે ગાદીપતિ બન્યાનું જણાવી ગયા છીએ. એટલે ખરી રીતે તો જેમ બંગાળમાં રાજ્ય કરતા રાજવીઓને મૌર્યવંશની એક શાખા તરીકે ઓળખાવતા આવ્યા છીએ તેમ આ કાશ્મિરપતિઓને પણ મૌર્યવંશની જ એક બીજી શાખા તરીકે આપણે ઓળખાવવી જોઇએ, પણ જ્યારે રાજતરંગિણિકારે આ રાજાઓને "ગોનંદ" વંશી કહી તેમનો સ્વતંત્ર વંશ ઠરાવ્યો છે ત્યારે આપણે પણ તેમને અલાહેદા રાજવીઓ તરીકે ઓળખીશું અને તેઓ ભલે ભારતના એક ખૂણે રાજપદે હતા છતાં ભારતમાં તો ગણી શકાય જ, જેથી આ ભારતવર્ષીય ઇતિહાસના પુસ્તકમાં તેમનું સ્વતંત્ર આલેખન કરવું જ રહે; પણ તે જાલૌક અને તેના પુત્ર દામોદર સિવાય અન્ય કોઇ રાજવીનો ઇતિહાસ-અને તે પણ માત્ર બે ત્રણ મુદ્દા સિવાય-વિશેષપણે નહીં જણાયલ હોવાથી તેમનો મૂળ વંશ જેને આપણે મૌર્યવંશ હોવાનું જણાવ્યું છે તેમનો વૃત્તાંત અત્રે પૂરો થઇ જવાથી, તેના પરિશિષ્ટ તરીકે જે કાંઈ જણાયું છે તે જોડવાનું યોગ્ય ધાર્યું છે.

પુસ્તક બીજાના પરિશિષ્ટમાં પૃ ૪૦૩ માં રાજા જાલૌકના જીવનવૃત્તાંત વિશે આઠેક હકીકતોનું નિરૂપણ કર્યું છે. તેમાં તેને મ્લેચ્છોને હાંકી કાઢી, પોતાના રાજ્ય અમલે છવીસમાં વર્ષે ઠેઠ કાન્યકુબ્જ સુધીના પ્રદેશનો મુલક કબ્જે કરી તે ઉપર આધિપત્ય ભોગવતો જણાવ્યો છે. તે મુદ્દા ઉપર અત્રે આપણે વિશેષ ઊહાપોહ કરીશું કે આ મ્લેચ્છો કોણ હતા અને ત્યાં શી રીતે આવ્યા હતા.

રાજા જાલૌકનો સમય ઇ. સ. પૂ. ૨૩૭થી ૧૯૭=૪૦ વર્ષ (જુઓ પુ. ૨, પૃ. ૪૦૫) અંદાજે આપણે ગણાવ્યો છે, અને તે અરસામાં કાશ્મિરની આસપાસ એટલે ઉત્તરે હિંદુકુશ પર્વત, પશ્ચિમે અફગાનિસ્તાન અને દક્ષિણે પંજાબવાળા પ્રદેશમાં બેકટ્રીઅન પ્રજાનું રાજ્ય પથરાઇ પડયું હતું. (વિશેષ હકીકત માટે આગળ ઉપર જુઓ) અને આ પ્રજાને પણ યવનપતિ અલેકઝાંડરની પેઠે હિંદભૂમિનું આકર્ષણ વધી પડેલ હોવાથી, અવારનવાર હિંદ ઉપર તેઓ ચડી આવતા હતા. ક્વચિત્ ક્વચિત્ તેઓ મારફાડ કરી, લૂંટ મેળવી, જો કે આઘા-પાછા થઈ જતા ખરા પણ હવે તો ધીમે ધીમે તેઓએ વ્યવસ્થિત બની, હુમલા લાવી, વિજય મેળવી તેવા પ્રદેશમાં થાણે થપે પડયા રહેવાનું શરૂ કરી દીધું હતું. એટલે કાશ્મિરની થોડીક ભૂમિ ઉપર તેમજ પંજાબમાં આ બેકટ્રીઅન પ્રજાને મારી હઠાવવાનું કાર્ય રાજા જાલૌકને શિરે આવી પડયું હતું. અને તે તેણે રાજતરંગિણિકારના જણાવ્યા પ્રમાણે પાર



# સપ્તમ પરિચ્છેદ

## મૌર્યવંશી સમ્રાટોનો રાજ્યવિસ્તાર

### સંક્ષિપ્ત સાર—

**ચંદ્રગુપ્તઃ**—અજ્ઞાત જન તરીકે અજ્ઞાત પ્રદેશમાં તેણે કરેલ મૌર્યરાજ્યનું ખાતમુહૂર્ત-અંધ્રપતિ ઉપર આધિપત્ય મેળવી કલિંગપતિની કુમકની કરેલી યાચના-નવમા નંદને હરાવીને, મગધપતિ અને મૌર્યસમ્રાટ તરીકે કરેલી ઉદ્‌ઘોષણા-લુંટના માલનો હિસ્સો વહેંચતાં, અણધાર્યા સંજોગમાં નીપજેલું કલિંગપતિનું મરણ-નવ કલિંગ પતિને ઉપજેલ શંકા અને તેણે કરેલ ચડાઇ-આયંદે ચંદ્રગુપ્તનું કલિંગસામ્રાજ્યપતિ બનવું-તેણે અને ચાણક્યે ભેગા મળી કરેલી અર્થશાસ્ત્રની રચના-પછી નિવૃત્તિ માર્ગે ચડતાં, સંઘ સાથે કરેલ વિમલગિરિની યાત્રા અને સુદર્શન તળાવનું થયેલ નિર્માણ-પોતાને લાધેલ સ્વપ્નાધારે થયેલ દુષ્કાળની આગાહી અને અંગીકાર કરેલ સાધુ જીવન.

**બિંદુસારઃ**—નવા અમાત્યની સલાહથી તેણે વૃદ્ધ ચાણક્યજીનો કરેલ ત્યાગ-રાજ્યમાં ઉઠેલ બળવા અને સામ્રાજ્યની સંકોચાયલી હદ-પ્રજાની બળવાખોરી વલણે પરદેશીઓમાં ઉપજાવેલી હિંદ પ્રત્યેની મોહિની-યવનપતિ અલેકઝાંડરે ઇરાન જીતી હિંદ ઉપર કરેલું આક્રમણ—

**અશોકવર્ધન**:—હિંદી રાજા આંભિ અને પોરસની પેઠે જ હિંદી સમ્રાટ સેંડ્રેકોટસ સાથે વર્તાવ કરવામાં યવનપતિએ ખાધેલ છક્કડ–યવનપતિના વારસદારે હિંદી સરહદ ઉપર અનેક વાર નિષ્ફળ પછાડેલાં માથાં અને તેને કરવી પડેલી નામોશીભરેલી તહ–રોમાંચક ગૃહજીવનના ઉશ્કેરાટમાં તેણે વાટેલો કેટલોક ભાંગરો, અને તે સ્થિતિમાં અટવાઇ પડતાં, રાજકારણ પ્રત્યે દાખવવી પડેલી બેપરવાઈ-અંતે તેને સૂઝેલી સુબુદ્ધિ અને કરેલી ધર્મસેવા–જીવનના અંતે તેને મળેલો આનંદ.


**પ્રિયદર્શિન**:—સર્વ હિંદી સમ્રાટોમાં અગ્રગણ્ય અને સારીયે આલમમાં શિરોમણી રાજકર્તા તેને ગણી શકાય એવી તેની થયેલી તુલના–તેણે વિસ્તરાવેલ સામ્રાજ્યની *થઇ પડેલી કારમી પડતી અને તેનાં કારણો વિશેની કરવા માંડેલી તપાસ–હિંદી રાજા*-ઓને લાગેલ સંગતિદોષના ઇતિહાસનાં કથાસૂત્રો.

## (૧) ચંદ્રગુપ્ત


અત્યાર સુધી ઇતિહાસકારોએ, જ્યારથી ચંદ્રગુપ્ત મગધપતિ બન્યો ત્યારથી જ મૌર્યવંશની સ્થાપના થયેલી ગણીને તેના જય-પરાજયનો ...ત લક્ષ્યે રાખ્યો છે; પણ આપણે પુ. ૨ ના ... ૧૩૪ માં દર્શાવ્યા પ્રમાણે, જ્યારથી તેણે કોઇ ...જ્ઞાત પ્રદેશમાં રાજધૂરા ગ્રહણ કરી હકુમત ચલાવવા માંડી, ત્યારથી મૌર્યવંશની સ્થાપના થયેલી ગણતા હોવાથી અને તેનું રાજ્ય પુ. ૧ પૃ. ૩૮૧ ની સામે ચોડેલ નકશામાં, આકૃતિ નં. ૫૫ માં ચિતરી બતાવ્યા પ્રમાણે સ્થાપિત થયેલું હોવાથી, તે સમય અને તે સ્થાનને આશ્રયીને તેની આદિ ગણવી પડશે.

સમયને અંગે વિચારતાં કહીશું કે તેણે રાજ્યનો પ્રારંભ કર્યો ત્યારથી તે નવમા નંદને હરાવીને તે મગધ સામ્રાજ્યનો સ્વામી બન્યો ત્યાંસુધીમાં આઠથી સાડાઆઠ વર્ષનો ગાળો પડયો છે. અને તે દરમ્યાન તે તદ્દન સાધન રહિત હોવાથી આરંભમાં તેણે એક ધાડપાડુ કે લુંટારા જેવી જ અથવા તો બહારવટીયા જેવી જ અવસ્થા ગાળવા માંડી હતી. અને તેમાં પણ તેનો-અથવા ખરૂં કહીએ તો પં. ચાણક્યનો-મુદ્દો રાજા નવમાનંદ ઉપર વેરવૃત્તિ વાળવા પૂરતો હોવાથી, પોતાની પ્રવૃત્તિનું કેંદ્રસ્થાન મગધ સામ્રાજ્યની એકાદ સીમા જોગું તેમને પસંદ કરવું પડયું હતું. તે સ્થાન કઇ સીમા પ્રત્યે અનુકૂળ થઈ પડશે તે જાણવા માટે આપણે પુ. ૧, પૃ. ૩૮૧ માં આકૃતિ નં. ૫૫ નો નકશો જોઇશું, તો તુરત ખ્યાલમાં આવી જશે કે-સામ્રાજ્યની દક્ષિણ હદ તેમને માટે બંધબેસતી થઇ પડતી હતી. દક્ષિણ હદ ઉપર, એક બાજુ કલિંગપતિની અને બીજી બાજુ અંધ્રપતિની આણ પ્રવર્તી રહી હતી; પણ જે થોડોક ભાગ પર્વતમાળાથી રોકાઈ રહ્યો હતો અને જ્યાં મગધપતિની રક્ષણનીતિ કાંઇક ઢીલાપણે અમલમાં મૂકવામાં આવી હતી તથા જે પ્રદેશ શહેરી પ્રજા કરતાં જંગલી પ્રજાવડે વિશેષપણે વસાયલો હતો ત્યાં પોતાનું થાણું તેમણે જમાવ્યું હતું. ક્રમેક્રમે પાંચ-છ વરસમાં થોડાક માઇલનો વિસ્તાર પોતાના સ્વામિત્વતળે મેળવી લીધો અને તે પ્રદેશની ખડતલ શરીરવાળી, મજબૂત બાંધાવાળી તથા લડાઇના પ્રસંગે બહુ ઉપયોગી થઇ પડે તેવી અર્ધ જંગલી પ્રજા ઉપર જ્યારે પોતાનો કાબૂ પૂરતો મળી ગયો દેખાયો, ત્યારે પં. ચાણક્યની બુદ્ધિએ એક પગલું ઓર આગળ વધવાનું વિચાર્યું. આ વખતે જ કદાચ પેલી ડોશીમા અને તેના બાળકવાળો પ્રસંગ (જુઓ પુ. ૨, પૃ. ૧૬૬) બન્યો હોવાનું સમજાય છે.=મ. સં. ૧૫૪ (ઇ. સ. પૂ. ૩૭૩). હવે તેણે વ્યવસ્થિત બની એકાદ બાજુ હુમલો લઇ જવાની પેરવી રચવા માંડી.

તેના પોતાના નાનકડા રાજ્યને વીંટીને ત્રણ રાજવીઓની હદ લાગી પડી હતી: એક મગધની, બીજી કલિંગની અને ત્રીજી અંધ્રપતિની (જુઓ નકશો પુ. ૧. પૃ. ૩૮૧). આ ત્રણે જો કે હતા તો પોતાથી અનેકગણા જબરા સાધન સામગ્રીવાળા, છતાંયે ત્રણમાં નબળામાં નબળો તે અંધ્રપતિ જ હતો; કેમકે તેનો રાજ્યવિસ્તાર પણ પહેલા બેના કરતાં ક્ષેત્રફળમાં અતિ નાનો હતો. વળી તે વખતનો રાજવી વશિષ્ઠપુત્રી કન્હ-કૃષ્ણ અથવા આપણે જેને ટૂંકમાં ત્રીજા અંધ્રપતિ તરીકે ગણાવીશું, તે અતિ વૃદ્ધ થઇ ગયો હતો; તેમજ તે પોતાની પ્રજામાં કંઈક અળખામણો બની ગયો હતો કેમકે તેણે ખરા હકદાર-પોતાના સગા ભત્રિજાના (બીજા અંધ્રપતિ-યજ્ઞશ્રી ગૌતમીપુત્રના) અને વિધવા રાણી નાગનિકાના પુત્ર-બાળરાજાને ગાદી ઉપરથી ઉઠાડી મૂકી, ગાદી પચાવી પાડી હતી એટલે પ્રજા તેના રાજ્ય અમલથી




આકૃતિ નં. ૫ ] [ વર્ણન પૃષ્ઠ ૨૪




આકૃતિ નં. ૬ ] [ વર્ણન પૃષ્ઠ ૨૫




આકૃતિ નં. ૭ ] [ વર્ણન પૃષ્ઠ ૩૨



આકૃતિ નં. ૮ ] સમ્રાટ અશોકવર્ધન

અસંતુષ્ટ બની ગઈ હતી. આ પરિસ્થિતિનો લાભ લઈ,પં. ચાણુક્યે પોતાના યુવાન રાજા ચંદ્રગુપ્તની સરદારી નીચે, તે પાર્વતીય પ્રદેશની લટ્ઠ દેહધારી ફોજને, પાસેના અંધ્રપતિના પ્રદેશ ઉપર હલ્લો કરવા મોકલી. આ યુદ્ધમાં અંધ્રપતિ કન્હ મરાયો અને રાજા ચંદ્રગુપ્તની જીત થઈ; પણ તે મુલક પોતાની હદમાં ભેળવી ન લેતાં, ત્યાં રાણી નાગનિકાના પેલા બાળપુત્રને જ પુનઃ સ્થાપિત [1] કર્યો એટલે ત્યાંની પ્રજાની લાગણી પોતા તરફ મેળવી લીધી. હવે ચાણુક્યજીના અને ચંદ્રગુપ્તના ટાંટિયામાં જોર આવ્યું. તેમજ એક સત્તાધારી વ્યકિત તરીકે, ગમે તેવા મોટા રાજવંશી સાથે મંત્રણા કરવાને પણ જો બહાર આવે, તો તેનું કાંઈક વજન પડે તેવી સ્થિતિમાં તે મૂકાયો. અત્યારે તેને માટે ગ્રહણ કરવા યોગ્ય બે માર્ગ ઉઘાડા હતા. કાં તો પોતાના આશ્રિત બનેલા અંધ્રપતિની કુમક લઇ મગધ ઉપર ચડી જવું અથવા તો દક્ષિણ હદે લગોલગ આવેલા કલિંગપતિની સાથે મંત્રણા ચલાવી તેને પણ પોતાની પડખે મેળવી લઈ સંયુક્તપણે મગધ ઉપર ધસારો લઇ જવો, કે જેથી મગધપતિને કોઇનો ટેકો મેળવવા ઇચ્છા થઇ આવે તો પણ તેમાં તેના હાથ હેઠા પડે. આ બેમાંથી બીજો માર્ગ તેને વધારે દૂરંદેશીવાળો લાગ્યો. તુરત જ તે પ્રમાણે કાર્ય સાંગોપાંગ ઉતારવાના ઉપાયો તેણે ગતિમાં મૂકી દીધા અને તેમાં ભાગ્ય દેવીએ યારી પણ આપી-યશથી નવાજ્યો; ... કલિંગપતિ રાજા વક્રગ્રીવને કાંઇક સત્તાનો મદ હ... તેમાં વળી પોતાના બાપદાદાની વારીથી જે વૈ... પેલી સુવર્ણ પ્રતિમા માટે મગધપતિ નંદવંશની સાથે ચાલી આવતું હતું તેની ખો ભૂલાવવા માટે[2] આ તક ઠીક સાંપડી છે તે વિચારથી તેની લાગણી પ્રદિપ્ત થઇ આવી હતી. આવા દ્વિવિધ મુદ્દાથી કલંગપતિ પણ તે બેની સાથે જોડાયો અને મગધ ઉપર ચડાઇ લઈ ગયા. પરિણામ શું આવ્યું તે તો ઇતિહાસ-પ્રસિદ્ધ છે. (જુઓ પુ. ૧, પૃ. ૩૯૧ : પુ. ૨, પૃ. ૧૬૭ અને આગળ) આ પ્રમાણે મ. સં. ૧૫૫=ઇ. સ. પૂ. ૩૭૨માં નંદવંશનો અંત આવ્યો અને ચંદ્રગુપ્ત મગધનો સમ્રાટ બન્યો. ત્યારપછી આપેલી કબૂલાત પ્રમાણે અથવા ઠરાવેલ કરાર પ્રમાણે રાજા ચંદ્રગુપ્તે પોતે મેળવેલ હિસ્સામાંથી રાજા વક્રગ્રીવને પાંતિ પાડી આપવા જતાં, કેવી રીતે

(૧) આ પ્રમાણે પગલું ભરવામાં બે કારણો હોઈ શકે છેઃ એક તો તે વખતે રાજનીતિ જ એવી હતી, કે જ્યાં-સુધી કોઈ હકદાર હોય ત્યાં સુધી તેનો મુલક ખાલસા કરી ન શકાય.(જુઓ પુ. ૧, પૃ. ૩૭૪). બીજું કારણ ત્યાંની પ્રજામાં લોકપ્રિયતા મેળવી લેવાનું પણ હોયઃ આ બેમાંથી કયું કારણ મુખ્યપણે હતું તે કહી ન શકાય, પણ બન્ને કારણો વધતા-ઓછા અંશે અસ્તિત્વ ધરાવતાં હતાં એમ દેખાય છે, આ સ્થિતિ ઉલટાવી નાંખવા જ અને રાજાનો હક અમુક મર્યાદામાં બાંધી લેવામાટે જ ચાણક્યજીએ પોતાની કેંદ્રિત ભાવનાવાળી યોજના અમલમાં મૂકવા પ્રયાસ કર્યો હતો. આથી કરીને રાજા ચંદ્રગુપ્તને વૃષલ કહીને તે સંબોધતો હતો. પણ તે રાજનીતિને પૂરતા પ્રમાણમાં અમલમાં મૂકવાને તે સમર્થ નીવડયો નહોતો (જુઓ પુ. ૨ ચંદ્રગુપ્તના વર્ણનમાં)

(૨) આ વખતે આ પ્રતિમા તો કલિંગપતિના કબજામાં જ રહી હતી એટલે મૂળ વૈર તો ઘણાં અંશે સમી ગયું જ હતું ( હાથીગુફાના લેખમાં આ પ્રતિમા-વાળા બનાવનું વર્ણન છે. તે માટે જુઓ પુ. ૪ માં રાજા ખારવેલનું ચરિત્ર તથા પુ. ૧ પૃ. ૩૮૨, ૩૮૮ અને ૧૭૪ની હકીકત) પણ કોઈ કાળે તેને પાછી મેળવવાનો વિચાર મગધપતિને સૂઝે જ નહીં માટે અહીં "ખો ભૂલાવવી" વાકયનો પ્રયોગ કરવો પડયો છે.

વક્રગ્રીવનું મરણ (ઇ. સ. પૂ. ૩૭૨માં) થયું તે હકીકત પુ. ૨ માં વર્ણવાઇ ગઈ છે[૩] એટલે અત્રે જણાવવા જરૂર રહેતી નથી. વળી મગધપતિ બનવા ઉપરાંત પોતાનો હરીફ પણ ઉપડી જવાથી હવે ચંદ્રગુપ્ત તદ્દન નિશ્ચિંત બન્યો હતો. આ પ્રમાણે નંદવંશને જીતવાથી ચંદ્રગુપ્ત મૌર્યને આખોયે ઉત્તર હિંદનો વારસો મળ્યો હતો. તેમ દક્ષિણમાં અંધ્રપતિ ઉપર પણ સ્વામિત્વ મળ્યું હતું. જ્યારે આ કલિંગપતિઓ ઉપર ભલે કોઇ જાતનો અધિકાર નહોતો મળ્યો પણ વક્રગ્રીવના પછી તેનો વારસદાર જે ગાદીએ આવ્યો હતો તે પોતાના પિતાના અવસાનથી એટલો બધો હતાશ થઇ ગયો હતો (જુઓ પુ. ૪ માં તેની હકીકત) કે અલ્પ પ્રયાસે જ તેનો મુલક જીતી લેવાનું ચંદ્રગુપ્તને સુભાગ્ય પ્રાપ્ત થયું હતું; જેથી કરીને સમસ્ત ભારતવર્ષનો એક વખત તે સમ્રાટ બનવા પામ્યો હતો એમ કહેવામાં જરાપણ સંકોચ વેદવો પડે તેમ નથી. આનો સમય ઇ. સ. પૂ. ૩૬૨=મ. સં. ૧૬૫ આસપાસ આપણે મૂકી શકીએ તેમ છે.

હવે જ્યારે સમસ્ત ભારતવર્ષ તેને ચરણે આવી પડ્યો ત્યારે તેને માટે કયો મુલક જીતવો બાકી રહ્યો કહેવાય કે ચડાઇ લઇ જવાની ઉપાધીમાં તેને સંડોવાઇ રહેવું પડે ? મતલબ કે તેને હવે આરામ લેવાનો સમય આવ્યો હતો અને પં. ચાણક્ય પણ નિરાંત વાળીને રાજનીતિ ઘડવામાં પડયો હતો[૪]: આ જય-પરાજયના પરિચ્છેદમાં જો કે તેનું વર્ણન કરવાનો આપણો અધિકાર નથી જ, પણ તે બાબતનો પ્રસંગ આપણને પ્રાપ્ત થવા સંભવ નથી તેમજ જે રાજનીતિ તેણે ઘડી કાઢીને અમલમાં મૂકી હતી તેને, ભલે મુલકને જીતી લેવા સાથે સીધો સંબંધ નહોતો, છતાંયે કહેવું પડશે, કે જીતેલા મુલકને અંકુશમાં રાખી સુવ્યવસ્થિત રાજ્ય જેને કહેવાય તેવી સ્થિતિની તે જન્મદાતા તો હતી જ. એટલા માટે તેટલે દરજ્જે પણ જો આપણે તે રાજનીતિની ઊડતી નોંધ લીધા વિના ચલાવી લઇએ તો તેના ઉત્પાદકને અન્યાયકર્તા થઇ પડવાની ભીતિ રહે છે.

સામ્રાજ્ય ઉપરનો તેનો વહીવટ શરૂ થયો ત્યારે પણ લગભગ સકળ હિંદમાં દુષ્કાળ જેવી સ્થિતિ પ્રવર્તી રહી હતી અને તેના રાજ્ય અમલનો અંત આવવાનો સમય નજીક આવ્યો ત્યારે પણ દુષ્કાળના પડછાયા ધુરકીયાં કરતાં ઉત્તર હિંદને અકળાવી રહ્યાં હતાં. વળી પોતે રાજા બન્યો ત્યારની અવસ્થા તો એકદમ નિર્ધન હતી, છતાંયે ક્રમેક્રમે આગળ વધી જ્યારે મોટા સામ્રાજ્યનો ભૂપાળ બની અઢળક દોલતનો રક્ષક બન્યો ત્યારે પણ ત્યાંના નિવૃત્ત થતા રાજવીને તેણે મનમાનતો ખજાનો ઉચકી જવા દીધો હતો. મતલબ કે ગમે તેવો તે સાર્વભૌમ બાદશાહ હતો, છતાં અસમાન અને અટપટા સંયોગોને લીધે આખોયે સમય, દ્રવ્યનો સંકોચ જ તેને અનુભવવો પડયો હતો; જેથી કરીને રાજ્ય ખજાનો તર રાખવાને છેવટે સુવ્યવસ્થિત રીતે રાજકારભાર ચલાવતાં કોઇ દિવસ સંકોચ અનુભવવો ન પડે તે માટે તેને ઘણા સાવચેતીના ઇલાજો લેવા પડ્યા હતા. રાજ્યવહિવટ પણ કરકસરતાભરી રીતે ચલાવવો પડતો હતો. તેમજ ઉપજનાં સાધન પણ પ્રજાના ઉપર અસહ્ય ભારણ[૫] ભાર્યા સિવાય નીપજાવવાની જરૂર ઊભી થઈ હતી. વળી પોતે

(૩) જુઓ પુ. ૨, પૃ. ૧૬૮ તથા ટી. નં. ૧૫.

(૪) સરખાવો પુ. ૨, પૃ. ૧૬૭ ટીકા નં. ૯.

(૫) કેટલાક ગ્રંથકારોએ જે એમ જણાવ્યું છે કે તેણે પ્રજાના અનેક વર્ગોને વિધવિધ રીતે પીડીને, યેનકેન પ્રકારેણ, દ્રવ્ય સંગ્રહ કર્યો હતો (જુઓ પુ. ૨, પૃ. ૧૭૦ ઈ.) તે કથન વ્યાજબી લાગતું નથી. જેમ તેને

તથા તેના રાજપુરોહિતે (પછી તેને પુરોહિત કહો, મહાઅમાત્ય કહો કે મુખ્ય પ્રધાન કહો કે જમણો હાથ કહો કે સર્વસ્વ કહો—જે કહો તે એવો પં. ચાણક્ય)—એમ બન્ને જણાએ સંસારની અનેક લીલીસૂકી જોઈ હતી; તેમજ અનેક અવસ્થામાંથી પસાર થવાથી તેના તડકાછાંયા પણ તેઓએ નિહાળ્યા હતા. એટલે તે સર્વેનો વિવિધ અનુભવ કામે લગાડી રાજનીતિ ઘડી કાઢી શકે તેમ હતું. તેમ હવે રાજ્ય ઉપર કોઈ હલ્લો લઈ આવશે તો શું કરશું? તેવા વિચાર કરવાની તેમને માથે કોઈ ઉપાધિ જેવું પણ રહ્યું નહોતું. એટલે તે બન્ને જણાએ—રાજા અને મહાઅમાત્યે—ભેગા મળીને, રાજવ્યવસ્થાના તથા નીતિ વ્યવહારના સર્વ[૬] સૂત્રો અને નિયમો ઘડી કાઢવા માંડ્યા. થોડા સમયમાં તે કામ સંપૂર્ણ થઈ ગયું, જેને આપણે સાદી ભાષામાં **અર્થશાસ્ત્ર** તરીકે ઓળખી રહ્યા છીએ.

આ પ્રમાણે જ્યારે એક બાજુ આ અર્થશાસ્ત્રના રચયિતાએ દીર્ઘકાળ સુધી મેળવેલ સ્વાનુભવનો વિચાર કરીએ છીએ તેમ બીજી બાજુ તેના રચયિતાએ જે વિદ્યાગુરૂ પાસે બેસીને રાજનીતિના મૂળાક્ષરનો કક્કો ઘુંટ્યો હતો તેના રાજદ્વારી ડહાપણનો જ્યારે વિચાર કરીએ છીએ[૭] તેમ વળી ત્રીજી બાજુ તે સર્વેનાં મૂળનો—ઉત્પત્તિસ્થાન ઠેઠ રાજા શ્રેણિકના સમયની વ્યવહાર રચના અને વિધવિધ પ્રકારની શ્રેણિઓની ગુંથણીનો[૮] જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે તે અર્થશાસ્ત્રના સૂત્રો, નિયમો અને પેટા નિયમો આજે બે બે હજાર વર્ષો વીતી ગયા છતાંયે મુખ્યપણે સર્વાંશે જે એમ ને એમ ચાલી આવતાં જ નિહાળી રહીએ તો તેમાં આશ્ચર્ય પામવા જેવું શું રહે છે!

આ નિયમોને[૯] અનુસરીને, હજુ સુધી ચાલી આવતી અકેંદ્રિત ભાવના (Decentralizing) =ગણતંત્ર રાજ્યની પદ્ધતિ ફેરવી નાંખીને કેંદ્રિત ભાવના (Centralizing) સ્થાપિત કરવા તરફ પં. ચાણક્યજીનું મન ઢળતું થયું હતું. અને તે નીતિ તેણે થોડેઘણે અંશે અમલમાં મૂકી પણ દીધી હતી, પણ સર્વથા તો તે વ્યવહારમાં આણી શક્યો નહોતો જ. આથી કરીને તે રાજા ચંદ્રગુપ્તને વૃષલ કહીને સંબોધવામાં એક પ્રકારની મોજ માણતો હતો[૧૦]. વળી આ રાજનીતિને અનુસરીને તેની ઇચ્છા રાજગાદીનું સ્થાનાન્તર કરવા તરફ થઇ હતી, પણ એવડું મોટું સાહસ એકદમ કરવા તેનું મન ખંચાયા કરતું હતું. એટલે પ્રથમ તેણે એવી યોજના ઘડી કે, રાજા પોતે ખૂદ રાજનગરમાં રહે અને યુવરાજ હોય તે સામ્રાજ્યના અન્ય ભાગ ઉપર વસવાટ કરી રહે. આ સ્થાન તરીકે તેણે અવંતિ દેશને ઠરાવ્યો હતો. વળી તે દેશ સારા ભારતવર્ષની મધ્યમાં હોઇ તથા કુદરતની અનેક બક્ષિસોથી વેષ્ટિત હોઇ, રાજપાટ તરીકે પણ અતિ ઉપયોગી થઇ પડે તેમ હતું. છતાં તેમ કરવા જતાં તેને એક બીજી મુશ્કેલી નડતી હતી.

---

કૌટિલ્ય ઉપનામ આપી કુટિલતાનો ભંડાર કહીને જણાવ્યો છે પણ તે હકીકત હવે સર્વથા ઉપજાવી કાઢેલી માલૂમ પડી છે. તેવી જ રીતે દ્રવ્ય ઉપાર્જન કરવા માટેની ઉપર દર્શાવેલી તેની પદ્ધતિને પણ જોડી કાઢેલી જ કહેવી પડશે.

(૬) તેથી તેને आकरः सर्वे सुत्राणाम् કહેવાય છે. જુઓ પુ. ૨, પૃ. ૧૭૭–૮ ઇ. પુ ૨ પૃ. ૨૦૬ થી ૨૧૫.

(૭) જુઓ પુ. ૧, પૃ. ૩૬૩ અને આગળમાં શકડાળ મંત્રીનું મહાઅમાત્યપણાવાળું લખાણ તથા તેનાં ટીપણો.

(૮) પુ. ૧, હું પૃ. ૨૬૭ થી ૨૭૦ ની હકીકત તથા ટીપણો જુઓ.

(૯) પુ. ૨. પૃ. ૧૭૧ તથા આ પુસ્તકે પૃ. ૩; તથા પૃ. ૨૫ ટી. નં. ૧ ની હકીકત જુઓ.

(૧૦) સરખાવો ઉપરની ટીકા નં. ૧, તથા પૃ. ૨, પૃ. ૧૪૦ ટી. નં. ૩૬ તથા પૃ. ૧૭૧ની હકીકત.

આ સમયે યુવરાજ માત્ર આઠેક વર્ષની જ ઉમરનો હતો, અને તેટલી નાની વયમાં રાજા તેને પોતાથી વિખુટો પાડવા ખુશી નહોતો. એટલે એમ તોડ કાઢવામાં આવ્યો, કે સમ્રાટે જ થોડો વખત મગધમાં રહેવું અને થોડો સમય અવંતિ દેશમાં રહેવું. આ ગોઠવણથી અવંતિ દેશના મુખ્ય નગર ઉજ્જૈનીમાં રાજાને રહેવા લાયક થઈ પડે તેવા મહેલ વિગેરે બંધાવવામાં આવ્યાં.[૧૧] એટલે ઉજ્જૈની નગરી જે પ્રદ્યોતવંશી રાજ્ય અમલે એક સમૃદ્ધિશાળી નગરી હતી પણ પાછળથી નંદિવર્ધન ઉર્ફે નંદ પહેલાના રાજ્યે મગધ સામ્રાજ્યમાં ભળી જવાથી પાટનગર તરીકેનું સ્થાન ગુમાવી બેઠી હતી, તે ફરીને એક વાર પોતાની પૂર્વ જાહોજલાલીથી ઝળહળવા લાગી.[૧૨] ઈ. સ. પૂ. ૩૧૨ આશરે; આ મુખ્ય ફેરફાર કરવા ઉપરાંત દક્ષિણ ભારતમાં અંધ્રપતિની સત્તા તળેના પ્રદેશ સિવાયના જે અન્ય પ્રાંતો ઉપર પ્રથમ નંદિવર્ધન આદિ નંદ રાજાઓનું અને પાછળથી ખારવેલ આદિ કલિંગપતિઓનું આધિપત્ય હતું, તે મુલક ઉપર પોતાના મૌર્યવંશી સરદારો નીમી દીધા તથા અગાઉથી આવ્યા આવતા કદંબ, ચોલા, પાંડ્ય આદિ સરદારો[૧૩] જેઓ એક રીતે તો પોતાની મૌર્યજાતિની પેઠે, લિચ્છવી ક્ષત્રિયોની પેટા વિભાગી કોમના ગણાતા હતા, તેમને જ્યાં ને ત્યાં ચાલુ રાખ્યા. તેણે નીમેલા આ મૌર્ય સરદારોને તથા તેમની સાથે આવી વસેલી અન્ય મૌર્યક્ષત્રિય પ્રજાને, દક્ષિણ પ્રાંતોના—મદ્રાસ ઇલાકામાંના તેલંગુ સાહિત્યિક ગ્રંથોમાં—નવીન મૌર્યાઝ[૧૪] તરીકે ઓળખાવાયા છે. આ પ્રમાણે રાજ્ય ચલાવવાની પ્રથામાં જવાબદારીનું અને કામની વહેંચણીનું તત્ત્વ, રાજા ચંદ્રગુપ્તના સમયથી જ ખરી રીતે દાખલ થયું કહેવાશે. જો કે પુ. ૧ લામાં જણાવી ગયા પ્રમાણે તેનો આરંભ તો નંદિવર્ધનના રાજ્યથી પણ થયો કહેવાશે; છતાં એમ કહેવું પડશે કે પૂર્વે ( એટલે નંદિવર્ધનના રાજ્યથી ) જે કાંઇ અવ્યવસ્થિતપણે અથવા તો બીનજવાબદારીએ રાજતંત્ર ચલાવાતું હતું, તે હવેથી નિયંત્રિતપણે ગોઠવવામાં આવ્યું હતું. આટલું વર્ણન રાજ્યવ્યવસ્થાને અંગે કરી, હવે એક બીજી સ્થિતિ તરફ જરાક ધ્યાન ખેંચીશું અને તે બાદ રાજા ચંદ્રગુપ્તનું વૃત્તાંત પૂરૂં કરીશું.

રાજા ચંદ્રગુપ્તના મન ઉપર કુદરતી સંજોગોએ જે છાપ ઉપજાવી હતી તેને લીધે આ સ્થિતિ થવા પામી હતી. કેમકે પોતે એક તો દુઃખમાં જ ઉછરેલો હતો તેમાં હવે રાજ્યતંત્ર સુગંઠિત રીતે નિયમાનુસાર ચાલ્યે જતું હતું જેથી બીજી કોઈ ઉપાધી મન ઉપર રહી નહોતી, એટલે દુનિયાની મોહજાળથી તેનું મન વિરક્ત દશા તરફ વળવા મંડ્યું હતું. તેમાં તેના રાજ્ય અમલે બબે દુષ્કાળને લઇને[૧૫] પ્રજાની તથા તેની માલમિલ્કતની થઈ પડેલી હાલહવાલીએ તેના મન ઉપર અતિ પ્રચંડ અસર નીપજાવી હતી. એટલે પોતાના ધર્મના કેંદ્રસ્થાન ગણાતા એવા અને સૌરાષ્ટ્રમાં આવેલા વિમળાચળગિરિની યાત્રાએ સંઘ કાઢીને તે ગયો હતો. તે સમયે વિમળાચળગિરિની તળેટી, વર્તમાનકાળની માફક પાલીતાણે નહોતી, પણ વિમળાચળગિરિ તથા રૈવતગિરિ, અખંડ એક રૂપે જ ભેળેલા હોવાથી તે બન્ને એક જ પર્વત

(૧૧) પુ. ૧ લું, પૃ. ૧૮૦.

(૧૨) પુ. ૧ લું., પૃ. ૧૮૩.

(૧૩) પુ. ૧ લું, પૃ. ૩૧૩. પુ. ૧ લું, પૃ. ૩૭૮–૭૯. પૃ. ૩૮૫.

(૧૪) પુ. ૧ લું, પૃ. ૩૦૬ ટી. નં. ૫૫.

(૧૫) જુઓ પુ. ૨ માં તેનું વૃત્તાંત.

તરીકે ઓળખાવાતા અને તેથી[૧૬] તેની તળેટી વર્તમાનના જૂનાગઢ નગરે ( પ્રાચીન નામ જીર્ણ-દુર્ગે ) હતી. તે સમયે આ સ્થળે સુદર્શન નામનું મોટું તળાવ બંધાવવાની આજ્ઞા ફરમાવી શ્રી સંઘના યાત્રાળુઓની તેણે અનેક પ્રકારે સગવડતા સાચવી હતી.[૧૭] તેનો સમય આપણે ઈ. સ. પૂ. ૩૬૩=મ. સં. ૧૬૪ નો અંદાજ મૂકી શકીશું. ત્યાંથી પાછા વળી ઉજૈનીમાં વસવાટ કરતાં એક દિવસ પોતે રાજમહેલમાં સૂતો હતો ત્યારે નિદ્રામાં તેને અનેક સ્વપ્નાં લાધ્યાં હતાં. તે તેણે ત્યાં બિરાજતા સ્વધર્મ-શાસક અને ધુરંધર ધર્માચાર્ય એવા શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામીને કેવી રીતે કહી સંભળાવ્યા તથા તેમના ઉપદેશથી પોતે વિરક્તભાવે દીક્ષા લઇ[૧૮] દક્ષિણ દેશમાં આવેલા પોતાની જ હકુમતવાળા શ્રાવણબેલગોલ તીર્થે[૧૯] જઈ, કેવી રીતે પોતાના શેષ મનુષ્ય જીવનનું સાર્થક કર્યું તે સર્વ વૃત્તાંત પુસ્તક બીજામાં વર્ણવાઈ ગયું છે, એટલે અહીં પિષ્ટપેષણ ન કરતાં માત્ર તેનો ઈસારો કરીને જ છોડી દઈશું. અહીં આગળ સમ્રાટ ચંદ્રગુપ્તનું વર્ણન પૂરું થાય છે.

### (૨) બિંદુસાર

રાજા ચંદ્રગુપ્તે દીક્ષા લેવાથી બિંદુસાર ગાદીએ આવ્યો હતો. ત્યારથી તેનું રાજ્ય શરૂ થઈ ગયું ગણવામાં આવે છે: જો કે ચંદ્રગુપ્તનું મરણ તો તે બાદ બાર વર્ષે નીપજ્યું છે એટલે તે હિસાબે બિંદુસારનું ગાદીએ આવવું પણ ત્યારે જ ગણાય; પણ જૈન ધર્મની દીક્ષા લેનારથી (સાધુ અવસ્થામાં રહીને) સંસારના કોઈ કાર્યમાં ભાગ લઈ શકાતો નથી જ; એટલે તે હિસાબે તો ચંદ્રગુપ્ત જીવંત હોય કે ન હોય, તે બન્ને સ્થિતિ રાજકારણને અંગે એક સરખી જ ગણાય; તેટલા માટે ચંદ્રગુપ્તે દીક્ષા લીધી ત્યારથી જ બિંદુસાર સમ્રાટ બન્યો એમ ગણી લેવું વ્યાજબી લેખાશે. તે હિસાબે ઈ. સ. પૂ. ૩૫૮ થી ૩૩૦ સુધી તેનો સત્તાકાળ લેખાય.

જો કે ચંદ્રગુપ્તે દીક્ષા લીધી હતી પણ પં. ચાણક્યજી તો હજુ સંસારીપણે હોવાથી તેની સલાહનો લાભ રાજા બિંદુસારને મળતો જ હતો. ઇ. સ. પૂ. ૩૫૮ માં રાજ્યની લગામ બિંદુસારે સ્વહસ્તે લીધી ત્યારે તેની ઉમર ચૌદ વર્ષની થઈ ગઇ હતી એટલે તે સમયની વયની ઉચિત્તાનુસાર તેને પુખ્ત ઉમરે પહોંચેલો ગણવો જ રહે છે; પણ પુ. ૨, પૃ. ૨૧૬ માં જણાવ્યા પ્રમાણે તે નબળા બાંધાનો હોવાથી, ઉમરના પ્રમાણમાં નાનો હોય એમ દેખાવ થતો હતો. છતાં તે ઊણપ પં. ચાણક્યજીની હાજરીથી ઢંકાઈ જતી હતી.

બિંદુસાર સમ્રાટ બન્યો ત્યારે તેનો અમલ સારાયે ભારતવર્ષ ઉપર તપતો હતો. અને જ્યાં-સુધી પં. ચાણક્યજીની હૈયાતી હતી ત્યાંસુધી તેમાં કાંઇ પણ ક્ષતિ પહોંચે તેવો સંભવ ન હતો; પણ પંડિતજીનું મરણ ઈ. સ. પૂ. ૩૫૦માં તેના રાજ્યે નવમે વર્ષે નીપજતાં, મહાઅમાત્યનું પદ સુબંધુ નામે મહામંત્રીને શિરે નંખાયું. તે પોતાના પુરોગામીની કીર્તિ માટે અસૂયા ધરાવતો

(૧૬) જુઓ પુ. ૨, પૃ. ૧૮૫ અને આગળ "શાશ્વતું કહેવાતાં છતાંય કાળના ઝપાટામાં" ના શીર્ષકવાળું વર્ણન.

(૧૭) જુઓ પુ. ૨, પૃ. ૧૮૩ અને આગળ "ધર્મપ્રીતિના અન્ય પુરાવા" વાળું લખાણ.

(૧૮) પુ. ૨. ચંદ્રગુપ્તના વર્ણને પૃ. ૨૦૧ ઉપર "ગાદીત્યાગનું કારણ" વાળી હકીકત જુઓ.

(૧૯) આ હકીકત જ આપણને ખાત્રી આપે છે કે દક્ષિણ ભારતદેશ ચંદ્રગુપ્તની આણમાં હતો.

હોવાથી, કાંઈક વિચિત્ર રીતે જ કાર્યભાર ચલાવતો હતો. છતાં પંડિતજીના મરણ બાદ ત્રણેક વર્ષે ઈ. સ. પૂ. ૩૪૬ માં ચંદ્રગુપ્ત મુનિનું અવસાન થયું ત્યાં સુધી રાજકારભારમાં કાંઇ જ નવીનતાનું તત્ત્વ પ્રવેશવા દીધું નહોતું. પણ હવે તો સમ્રાટ તેમજ મહાઅમાત્ય, બન્નેને માથેથી શિરછત્રોનો લોપ થયો એટલે તેઓ મનમાં ફાવે તેમ વર્તવા લાગ્યા. જેની અસર સામ્રાજ્ય ઉપર થાય તે સ્વાભાવિક જ છે. પણ એક તો સામ્રાજ્ય મોટું રહ્યું તેમ તેના પાયા ખૂબ મજબૂત અને ઊંડા નંખાઇ ગયેલ, એટલે એકદમ તો, તે હચમચતા નજરે પડે તેમ નહોતું, છતાં સ્વચ્છંદ રાજ્યઅમલમાંથી પરિણમતા ફળના પડછાયા-પડછંદા પથરાવાનો પ્રારંભ તો થઈ ચૂકયો જ હતો. સૌથી પ્રથમ તેનો દેખાવ દક્ષિણ હિંદમાં નજરે પડયો. ત્યાંનો અંધ્રપતિ ચોથો જે ચંદ્રગુપ્તનો ખંડિયો હતો (પુ. ૨ માં જુઓ સિક્કા નં. ૬૭-૬૮) અને અંધ્રભૃત્ય કહેવાતો તેણે તાબેદારીની ઝૂંસરી ફેંકી દઇ, પોતાને સ્વતંત્ર જાહેર કરી દીધો. (જુઓ પુ. ૨ માં સિક્કો નં. ૫૭) અને તે સ્વતંત્ર થતાં તેનાથી પણ દક્ષિણે આવેલા, એટલે કે મગધથી વિશેષ દૂર પડેલા એવા ચોલા, પાંડય વિગેરે આપોઆપ છૂટા પડી ગયા લેખાય. પછી તેઓને તદ્દન સ્વતંત્ર લેખવા કે આ અંધ્રપતિના આશ્રયી ગણવા તે પ્રશ્ન જુદો ઠરે છે. પણ સમજવાને કારણ મળે છે કે તે અંધ્રપતિના તાબે જ હતા; કેમકે હિંદના પશ્ચિમ કિનારેથી મળી આવતા કેટલાક સિક્કા ઉપરથી પૂરવાર થાય છે, કે હિંદનો પશ્ચિમ કિનારો તો શું, પણ તે ઉપરાંત કલિંગ દેશ ઉપર પણ, અંધ્રપતિ ચોથા-પાંચમાની સત્તા ચાલી રહી હતી. મતલબ કે આખો દક્ષિણ હિંદ હવે મગધસામ્રાજ્યનો ભાગ લેખાતો બંધ પડી ગયો હતો. તેનો સમય આપણે ઇ. સ. પૂ. ૩૪૬ થી ૩૪૮ સુધી મૂકીશું. માત્ર તેની હકુમત હવે ઉત્તર હિંદના જેટલી જ આવી રહી હતી; બલ્કે કહીએ કે હવે તો ત્યાં પણ ધીમે ધીમે તેની અસર પહોંચવા માંડી હતી; અને આયદે આખો ઉત્તર હિંદ પણ તે ગુમાવી બેસત; પણ તેના પૂર્વજે આરંભેલી રાજનીતિ કાંઇક તેની મદદે આવી લાગી હતી. કેમકે રાજકાજમાં મદદરૂપ થઇ પડે માટે પોતાના યુવરાજને પોતાની પાસે જ પાટલિપુત્રમાં તેણે રાખ્યો હતો અને બીજા પુત્રોમાંથી અશોક જે હતો તે કાંઇક ચાલાક માલૂમ પડવાથી તેને અવંતિમાં સૂબાપદે નિયુક્ત કર્યો હતો. આણે પોતાની સત્તા તળેના ઉત્તર હિંદમાંના અવંતિ અને સૌરાષ્ટ્રને બરાબર જાળવી રાખ્યા હતા. જેથી તેટલે દરજ્જે તે નિર્ભય હતો ખરો, પણ રાજનગરથી દૂર આવેલ એવા પંજાબાદિ પ્રદેશમાં, ફાવે તો કોઇ સૂબો ત્યાં નીમવામાં ન આવ્યો હોય તેથી કે ત્યાં જે સૂબો મૂકયો હોય તે ત્યાંની પરિસ્થિતિને કાબૂમાં રાખી શકે તેવો ખબરદાર ન હોય તેથી, ગમે તેમ પણ પંજાબ તરફના નાના નાના ક્ષત્રિય રાજાઓએ ઉંચા-નીચા થવા માંડયું હતું. તેઓ સર્વેએ જો એકત્ર થઇને સંગઠિતપણે સ્વતંત્રતા જાહેર કરી દીધી હોત તો બિંદુસારની મગદૂર નહોતી કે ત્યાંનો મામલો તે કાબૂમાં રાખી શકત; પણ તેના સદ્‌ભાગ્યે પંજાબના રાજવીઓએ, પોતાનો કોઈ સરદાર નીમી તેના ધ્વજ તળે એકત્રિત મળીને કામ ન લેતાં આપસઆપસમાં સ્પર્ધા કરવા માંડી હતી; એટલે કે આખા પંજાબમાં તે સમયે બળવા જેવું રૂપ થઇ પડયું હતું; (ઈ. સ. પૂ. ૩૩૫ આસપાસ) તેથી બિંદુસારે પોતાના યુવરાજ સુષીમને ત્યાં શાંતિ પાથરવા મોકલી દીધોઃ અને સુષીમને તે વખતે સુયશજ મળ્યો હતો એમ કહીએ તો પણ ચાલે.

પણ ત્યાં ઠીકઠાક કરીને સુષીમ પાછો મગધમાં આવી ગયો કે ત્રણેક વર્ષમાં વળી પાછો બળવો ઉગ્ર સ્વરૂપે ફાટી નીકળ્યો. ઈ. સ. પૂ. ૩૩૨–૧; એટલે આ વખતે પણ ત્યાં જઇને બળવો શાંત પાડવાનું કામ સમ્રાટ બિંદુસારે પોતાના યુવરાજને શિરે જ નાંખી દીધું. તે ત્યાં ગયો ખરો, પણ આ વખતે બળવાનો વિસ્તાર પણ મોટો હતો તેમ સ્વરૂપ પણ કાંઇક ઉગ્ર હતું; એટલે કે પરિસ્થિતિ કાબૂમાં રહે તેવી નહોતી; છતાં તેણે બનતા પ્રયત્ન કરી બંડ સમાવવા માંડયું. ત્યાં કોઈ બંડખોરે દગો કરી યુવરાજનું ખૂન કરી નાંખ્યું. તે સમાચાર પાટલિપુત્ર પહોંચતાં જ બિંદુસારે ત્યાંથી એટલે મગધ જેટલા દૂર પડેલ દેશથી કોઇને મોકલવું તેમાં વિલંબ થાય માટે, વચ્ચે આવી રહેલ અવંતિના સૂબા અને પોતાના પુત્ર અશોકને પંજાબમાં દોડી જવાની આજ્ઞા ફરમાવી દીધી. અશોકે ત્યાં જઈ મજબૂતપણે કામ લઈ સર્વ શાંત કરી દીધું અને સર્વ બંડખોરોને જેર કરી વાળ્યા. તે શુભ સમાચાર પાટલિપુત્ર ફરી વળ્યા. પણ બિંદુસારના કાને સમગ્ર સ્થિતિનો હેવાલ પહોંચતાં તે એટલો બધો આવેશમાં આવી ગયો હતો કે તેના જોશમાં ને જોશમાં મગજમાંની લોહીની નસ તૂટી ગઇ અને પરિણામે તેનું મૃત્યુ થયું. ઈ. સ. પૂ. ૩૩૦.

## (૩) અશોકવર્ધન.

અત્યાર સુધી ઇતિહાસના પાને એવી હકીકત નોંધાતી આવી છે, કે સઘળા હિંદી સમ્રાટોમાં અશોકવર્ધન મૌર્યના રાજ્યનો વિસ્તાર સારા ભારતવર્ષ ઉપર સૌથી વિશેષ પ્રમાણમાં પથરાયલો હતો. અને તેથી વિસ્તારની અપેક્ષાએ તેનો નંબર પહેલો મૂકાયો છે. આ હકીકતવાળું કથન ઘણો જ સુધારો માંગે છે જે આપણે નીચેની સાબિતીઓથી જોઇ શકીશું.

રાજા બિંદુસારના વૃત્તાંતે આપણે જોઈ ગયા છીએ કે તેના મરણ સમયે મગધપતિને તાબે માત્ર હિંદનો ઉત્તર ભાગ જ હતો; જ્યારે દક્ષિણ હિંદ અંધ્રપતિની સત્તામાં હતો અને બિંદુસારના મૃત્યુ સમયે રાજ્ય વિસ્તારની જે સ્થિતિ હોય તે જ તેની ગાદીએ આવનાર અશોકવર્ધનને વારસામાં મળી હતી એમ ગણવું રહે. એટલે તાત્પર્ય એ થયો કે અશોકવર્ધન જ્યારે ગાદીએ આવ્યો ત્યારે તેના આધિપત્યમાં કેવળ ઉત્તર હિંદનો જ ભાગ હતો. તેમાં પણ પંજાબવાળો ભાગ તો અધકચરી શાંતિ ભોગવતો પ્રદેશ હતો.

રાજા બિંદુસારના નબળા વહીવટની હકીકતો સાંભળીને ગ્રીક શહેનશાહ અલેકઝાંડરની મહત્ત્વાકાંક્ષાને હિંદ ઉપર ધસી આવવાનું પ્રોત્સાહન મળ્યું હતું અને જોતજોતામાં વચ્ચે આવતી ઇરાની શહેનશાહતને જમીનદોસ્ત કરી, પોતે હિંદના કિનારા સુધી આવી પણ પહોંચ્યો હતો. તે સર્વ વૃત્તાંત પુ. ૨, પૃ. ૨૨૬ થી ૨૪૩ના પરિચ્છેદમાં જણાવી ગયા છીએ. તેમાં વળી જ્યારે તેણે સમ્રાટ બિંદુસારના મરણના તથા પંજાબમાં બળવો જાગ્યાના સમાચાર જાણ્યા ત્યારે તો વિશેષ ત્વરિત ગતિથી કૂચ કરવા મંડી પડયો અને તેમ કરી હિંદના પશ્ચિમ કિનારે તે ઇ. સ. પૂ. ૩૨૮ માં આવી પહોંચ્યો હતો. પછી તેણે ભીતરમાં ઘુસવા પ્રયત્ન કર્યો કે વસ્તુસ્થિતિ જેવી મનમાં કલ્પી રાખી હતી તેના કરતાં કાંઇક કઠિન અનુભવમાં દેખાવા લાગી; કેમકે બળવો તો ખરી રીતે શમી જ ગયો હતો અને ઊલટું બિંદુસારના નબળા વહીવટને બદલે, તેના પુત્ર અશોકનો પ્રભાવશાળી અને કડક અમલ શરૂ થઇ ગયો હતો. પણ તેથી કરીને સાહસિક યવન શહેનશાહ કાંઈ હિંમત હારી જાય તેવું નહોતું જ. તેણે કાંઈ કાંઈ પ્રલોભનો આપી, રસ્તામાં પ્રથમ

આવતા તક્ષિલાપતિ રાજા આંભિને પોતાના પક્ષમાં લઈ લીધો અને પછી આગળ વધતાં રાજા પોરસનો સામનો ઝીલવા માંડ્યો. અલબત્ત, રાજા પોરસની સાથે કામ લેવામાં તેને રાજા આંભિની પેઠે સરળતા પડી નહોતી; પણ છેવટે તેણે તેને હાર ખવરાવી તેનો મુલક યવન હકુમત નીચે મૂકી દીધો. આમ કરતાં આખરે તે સતલજ નદીના કિનારે ઇ. સ. પૂ. ૩૨૭માં આવી પહોંચ્યો. ત્યાં મગધપતિ અશોક પણ સામેથી આવી પહોંચ્યો એટલે યવનપતિની કૂચ ઉપર અંકુશ મૂકાયો. મતલબ કે અશોકે અત્યાર સુધીમાં (એટલે પોતાના રાજ્યના પ્રથમ ત્રણ વર્ષમાં ઈ. સ. પૂ. ૩૩૦થી ૩૨૭ સુધીમાં) પોતાને મળેલ વારસાની ભૂમિમાંથી હિંદનો વાયવ્ય ખુણાનો અગત્યનો ભાગ ગુમાવી દીધો હતો.

હવે અહીં આગળ જ ખરો જંગ જામવાનો હતો અને યવનપતિ કે મગધપતિ એમાંથી કોણ બળીયો કહેવાય તેની પરીક્ષા થવાનો સમય હતો; કેમકે અત્યાર સુધી યવનપતિએ જીતી લીધેલમાંના રાજા આંભિ અને રાજા પોરસ તો, તેની પાસે અત્યંત નાના જ કહેવાય, એટલે તેમને હાર ખવરાવવામાં કાંઇ બહુ મોટા પરાક્રમની વાત નહોતી. પણ ગ્રીક ઇતિહાસકારોએ જે ફકરો બાદશાહ અલેકઝાંડર અને મગધપતિ અશોકની વચ્ચેની મુલાકાતોના પ્રસંગનો લખી રાખ્યો છે અને જે આપણે અક્ષરશઃ પુ બીજામાં પૃ. ૨૨૮ ઉપર ઉતાર્યો છે, તે ઉપરથી માનવાને કારણ મળે છે; કે યવનપતિ વિશેષપણે રાજકારણમાં દોરદમામથી અને દાવપેચથી જ કામ લેનાર હશે. એટલે પ્રથમ મુલાકાતે જ દાણો ચાંપી જોતાં, જેવો અશોકને બાહુબળી જોયો કે તુરત જ તેણે પીઠ ફેરવવાનું વ્યાજબી ધાર્યું લાગે છે. ગ્રીક ઇતિહાસકારોએ યવનપતિની પીછેહઠ કરવાના કારણરૂપે એમ જણાવ્યું છે કે, ગ્રીક સૈન્ય લગભગ સાત-સાત વર્ષ જેટલા લાંબા સમયના યુદ્ધના થાકને લઇને કંટાળી ગયું હતું તથા નવા જીતેલા મુલકની હવા તેમને અનુકૂળ પડતી ન હોવાથી હેરાન-પરેશાન થઇ ગયું હતું. આ હકીકત કેટલેક અંશે માન્ય રાખવા જેવી પણ છે, કેમકે પાછા વળતા સમયની મુસાફરીમાં તેના ઘણા સૈનિકો મરી ગયા લાગે છે તેમજ યવનપતિ પોતે પણ મૃત્યુવશ થયો છે; છતાં પોતે જીતી લીધેલા અને હવે તો પોતાના જ વહીવટ તળે આવી ગયેલા મુલકમાંથી, સીધાસટ સ્વદેશે પહોંચી શકાય તેવું હોવા છતાં, લોથપોથ શરીરે અને મરણતોલ તંદુરસ્તીમાં, તદ્દન નવા જ મુલકમાંથી પસાર થવાનો માર્ગ તેણે અખત્યાર કર્યાનું આપણે જ્યારે વિચારીએ છીએ, ત્યારે તો તેમાં કાંઇક અન્ય હેતુ પણ રહ્યો હશે એવા અનુમાન ઉપર જવું પડે છે. કેમકે જો પંજાબ રસ્તે જ, જેમ આવ્યો હતો તેમ પાછો વળે તો તેણે હિંદની ભૂમિનો[૨૦] કેવળ નાનો ભાગ જ તાબે કર્યો કહેવાય. જ્યારે પોતાના દેશથી સૈનિકોને ઉપાડયા ત્યારે તો એવાં સ્વપ્ન સેવતાં ઉપાડયા હોવા જોઇએ, કે હિંદમાં સર્વત્ર પોપાબાઇનું રાજ્ય છે એટલે ચપટી વારમાં આપણે તે મુલક સર્વ જીતી લઇ ત્યાંના સ્વામી બની બેસીશું. તેમાં વળી જ્યારે નબળી ઇરાની શહેનશાહતને તેણે ઉખેડી નાંખી ત્યારે તો તેમની તે માન્યતા વધારે મજબૂત બનવા પામી હતીઃ પણ હવે જ્યારે નજરોનજર તેમણે હિંદને


(૨૦) ખરી વાત છે કે વચ્ચે ઇરાની શહેનશાહતને ફૂંદી નાંખી તેમના મુલક ઉપર પોતાનો વાવટો ફરકતો કર્યો હતો, પણ તે તો માત્ર વચ્ચે આવતો લાભ ઉઠાવવાનો હતો. બાકી તેમની મુરાદ તો હિંદને જીતવા માટે હતી. માટે અહીં તે પ્રમાણે સ્થિતિ વિચારવી રહે છે.




આકૃતિ નં. ૧૧ ] [ વર્ણન પૃષ્ઠ ૩૬



આકૃતિ નં ૯ ] સમ્રાટ પ્રિયદર્શિન




આકૃતિ નં. ૧૦ ]

[ વર્ણન પૃષ્ઠ ૩૫

જોયું, અને તેમાં પણ અશોકવર્ધન સાથેની મુલાકાતનું પરિણામ ધાર્યા કરતાં જુદું જ અનુભવ્યું, ત્યારે તેમને વિચાર કરવો પડયો હોય કે, જો આટલો નાનો ભાગ જ મેળવીને સ્વદેશ તરફ પાછા વળીશું તો સૈન્યમાં અસંતોષ પ્રકટશે[૨૧] અને કીર્તિ મેળવીને મોટાં બણગાં ફૂંકાવવાં શરૂ કર્યાં છે તે સર્વ ધૂળ મળી જશે. એટલે આવ્યા તે રસ્તે પાછા ન ફરતાં, નદી માર્ગે સિંધ દેશમાં ઉતરી, ન-ધણિયાતા મુલકમાંથી પસાર થવામાં અને તે બહાને ત્યાંથી જે પ્રાપ્ત થાય તે હાથવગે કરી લેતા જવામાં શું ખોટું છે ? આવી રાજરમત રમવામાં આવી હોય તેમ બનવાજોગ છે. નહીં તો શું તે એવો મૂર્ખ હતો કે સર્વની લથડતી તબીયત હોવા છતાં, આરોગ્ય-સુધારક માર્ગ ગ્રહણ કરવાને બદલે ઊલટું તેને ઘાતક નીવડે તેવાં પગલાં ભરે ખરો ? ગમે તેમ હોય, તે વસ્તુ સાથે આપણે બહુ નિસબત નથી. આપણે તો અશોકવર્ધન પરત્વે એટલું જ જણાવવું રહે છે કે તેને પોતાને મળેલ વારસામાંથી, કેટલોય મુલક પોતાના રાજ્યની શરૂઆતમાં ગુમાવવો પડયો હતો.

અલેકઝાંડર પાસેથી છૂટી આવ્યા બાદ અશોકનો રાજ્યાભિષેક પણ પાટલિપુત્રમાં થઈ ગયો હતો તેમ તે બાદ થોડાક મહિને અલેકઝાંડરનું મરણ પણ નીપજી ચૂકયું હતું, એટલે તેને થોડેઘણે અંશે કળ તો વળી હતી જ; પણ નશીબનો તે એવો તો બળીયો હતો કે એક પછી એક ઉપાધિ તેને શીરે લાગી પડી જ હતી. અલેકઝાંડરના મરણ બાદ તેના યવન સરદારો જેને પંજાબમાં શાસન ચલાવવા મૂકયા હતા, તેઓને અને હિંદુ રાજાઓને અંદર-અંદર અવિશ્વાસ જામવાને લીધે, વારંવાર સંઘર્ષણ થયા કરતું હતું; અને કોઈ કોઈ વખત તો ઉઘાડા બળવા જેવું સ્વરૂપ પણ થઇ જતું દેખાતું હતું. અંતે જ્યારે ઇ. સ. પૂ. ૩૧૭ માં રાજા પોરસનું ખૂન યવન સરદારે કર્યું અને પરિણામે ત્યાં સખ્ત બળવો ફાટી નીકળ્યો, ત્યારે તે તકનો લાભ લઇ, અશોકે ત્યાં ચડી જઈને યવનોની કત્લ કરી તેમના સરદાર યુડેમોસને ગાંસડા-પોટલા સહિત હિંદ બહાર નસાડી મુકયો ત્યારે જ પંજાબમાં શાંતિ વળવા પામી. અંતે એક વખત ગુમાવી બેઠેલ તે મુલક પાછો ફરીને મગધ સામ્રાજ્યમાં અશોકે ભેળવી દીધો. ઈ. સ. પૂ. ૩૧૬. જો કે આ પ્રમાણે તે બાજુનું તેનું કાર્ય સંપૂર્ણ થઇ ગયું હતું છતાં આરામ લઇને તે બેસી શકે તેવું તેના ભાગ્યમાં લખાયું જ નહોતું: કેમકે યવનોની કત્લ થઇ જાણી અને તેમનો પગદંડો હંમેશને માટે નીકળી ગયેલ જાણી, મરહુમ અલેકઝાંડરના જમણા હાથ સમાન લેખાતા અને તેની ગાદી પચાવી પાડનાર સરદાર સેલ્યુકસ નિકેટોર જે હમણા સિરિયાનો રાજા થઇ પડયો હતો, તેણે હિંદ ઉપર આક્રમણ ઉપર આક્રમણ લાવવાં માંડયાં. કહે છે કે ઈ. સ. પૂ. ૩૧૬ થી ૩૦૪ વચ્ચેના બાર વર્ષના ગાળામાં તે અઢારેક વખત ચઢાઇ લાવી ચૂકયો હતો; પણ અંતે તે હાર્યો હતો અને તેને નામોશીભરી તહ અશોકવર્ધન સાથે કરવી પડી હતી. આ સલાહને અંગે સેલ્યુકસ તરફથી અશોકવર્ધનને અફગાનિસ્તાન માહેલા ચાર પ્રાંતો તથા તેની એક પુત્રી લગ્નમાં મળ્યાં હતાં. હિંદી ઇતિહાસમાં

(૨૧) ગ્રીક ઈતિહાસકારોએ એટલું તો સ્વીકાર્યું જ છે કે, સૈનિકોમાં અસંતોષ ન પ્રગટે માટે તેણે આ રસ્તો ગ્રહણ કર્યો હતો. એટલે પછી જે અનુમાન મેં દોર્યું છે તે વ્યાજબી ઠરે છે.

આ પ્રથમ જ અને કદાચ છેલ્લો જ દૃષ્ટાંત કહે-વાશે જેમાં એક હિંદી ભૂપતિને તહનામાની રૂઇએ હિંદ બહારની ભૂમિ હિસ્સામાં ઈનામ તરીકે આપવામાં આવી હોય; મતલબ કે અશો-કને હિંદ બહારની ભૂમિ જે પ્રાપ્ત થઇ તે બનાવ ખચિત જ તેની યશઃ ગાથામાં એક કલગીરૂપે જ ગણવા જેવો છે.

જ્યારે એક બાજુ ઇ. સ. પૂ. ૩૨૬ થી ૩૦૪ સુધી ઉપર પ્રમાણે તેનું ચિત્ત હિંદના વાયવ્ય ખૂણા તરફ રોકાયેલું રહ્યું હતું ત્યારે બીજી બાજુ તેના પોતાના ગૃહવ્યવહારમાં પણ તે કાંઇ સુખી અને આનંદકારક જીવન ગાળતો પડયો રહે એમ વિધાતાએ લખ્યું જ નહોતું. એક બાજુ તેની પટરાણી ગણાતી તિષ્યરક્ષિતાએ રાજખટપટમાં ઉપાડો લીધો હતો તથા તેણી શિથિલાચારી બની બેઠી હતી, ત્યારે બીજી બાજુ તેના ધર્મોપદેશક બૌદ્ધાચાર્યોએ પણ કાંઇ ઓછી રહેવા દીધી નહોતી. એટલે ક્રોધમાં આવી જઇ તિષ્યરક્ષિતાને તેણે જીવતી બાળી મૂકી હતી. તેણીની પુત્રી સંઘમિત્રાને કોઇ અજ્ઞાત (અને કદાચ રોગિષ્ટ પણ હશે તેવા)[૨૨] મુરતિ-યાવેરે પરણાવી દીધી હતી અને બૌદ્ધધર્મ પ્રત્યેની અરૂચિ બતાવવા નર્કાલય જેવી સંસ્થાઓ ઉઘાડી મૂકી હતી. છેવટે પેલો (જુઓ પુ. ૨, પૃ. ૨૬૮) ઉકળતા તેલના કડાવાળો બૌદ્ધ ભિક્ષુ-કનો બનાવ બનવાથી તેનો ક્રોધ ઉપશમી ગયો એટલે નર્કાલય કાઢી નાખ્યું. બૌદ્ધધર્મનું ત્રીજું સાધુ સંમેલન યોજ્યું અને તેમાં પુરા ઠઠમાઠથી સ્વસંતાનો-કુમાર મહેંદ્ર અને કુંવરી સંઘમિત્રા (જે લગ્ન પછી બે વરસે જ વિધવા થઈ હતી)ને બૌદ્ધધર્મની દીક્ષા આપી. વળી વિશેષમાં તે સાધુઓ જ્યારે સિંહલદ્વીપ જવાને પાછા વળ્યા ત્યારે ત્યાં ધર્મપ્રચાર માટે બોધિવૃક્ષ મોકલ્યું અને તે સર્વને ફત્તેહપૂર્વક વિદાય આપવા પોતાના રાજ્યના સમુદ્રતટવાળા પ્રદેશે પોતે જ હાજર થયો હતો. આ વિદાયગિરિનું સ્થાન વર્તમાનકાળના મદ્રાસ ઇલાકામાં ઉત્તર સિર-કારના જે પ્રાંતો છે અને જ્યાં મહાનદી બંગાળ ઉપસાગરને મળે છે ત્યાંની આસપાસની ભૂમિ સમજવી. મતલબ કે અશોકવર્ધનના રાજ્યની દક્ષિણ હદ અહીંથી જ અટકતી હતી. તે પછીનો દક્ષિણ ભાગ તો અંધ્રપતિના તાબામાં હતો, નહીંતો મહાનદીના મુખવાળા સ્થળને બદલે તેની દક્ષિણે જ્યાંથી સિંહલદ્વીપ નજીકમાં નજીક પડે તેવા સ્થાનેથી જ તેમને વિદાય આપત. એક વાતની અત્ર યાદ આપવાની કે, ઇતિહાસ-કારોએ અશોક અને પ્રિયદર્શિનને એક માનીને પ્રિયદર્શિને કોતરાવેલ અને મૈસુર રાજ્યની મધ્યે આવેલા સિદ્ધાગિરિ, બ્રહ્મગિરિ આદિના લેખોના આધારે એમ જણાવ્યું છે કે, અશોકના રાજ્યની હદ ઠેઠ મદ્રાસ ઇલાકાના દક્ષિણ ભાગ સુધી લંબાઈ હતી; પણ અહીં તો એમ સાબિત થાય છે કે અશોકની હદ માત્ર મહાનદીના મુખ સુધી જ હતી. આ હકીકતથી એમ પૂરવાર થઇ શકે છે કે, અશોક અને પ્રિયદર્શિન બન્ને વ્ય-ક્તિ જ ભિન્ન છે; નહીં તો પ્રિયદર્શિન અને અશો-કના રાજ્યની હદ જુદી કેમ પડી જાત ? આ બધો લાંબો વૃત્તાંત અત્ર ઉતારવાનો તાત્પર્ય એટલો જ છે કે, તેનું જીવન ઈ. સ. પૂ. ૩૨૬ પછીના બે એક વર્ષથી આરંભીને ઈ. સ. પૂ. ૩૧૨ સુધીના ચૌદ વર્ષ સુધી તો ગૃહકલેશ અને તેના લફરાંમાં જ અટવાઈ પડયું હતું. આ પ્રમાણે એક બાજુ માનસિક ઉપાધિમાં અને બીજી બાજુ શારીરિક હેરાનગતિમાં ( સેલ્યુકસ સાથેની

(૨૨) નીચે જુઓ; કારણ કે નહીં તો દોઢ બે વર્ષમાં તે મરણ કેમ પામે ?

ચડાઈઓ માટે દોડાદોડી કરવામાં ) તેનો સમય એટલો તો રોકાઈ જતો હતો કે, તેના પૂર્વજોએ ગુમાવેલ પ્રાંતો મેળવવા તરફ તે બીલકુલ લક્ષ આપી શકે તેવો અવકાશ જ મળતો નહોતો. તેના નસીબે એટલું હજુ ખુશી થવા જેવું હતું કે, તેણે વારસામાં મેળવેલ હિંદી પ્રાંતો એમ ને એમ સાચવી રાખ્યા હતા. આવી ઉપાધિઓ-માંથી જો તેને કાંઇ પણ નિરાંત વાળીને બેસવા જેવો વખત આવ્યો હોય, તો તે ઇ. સ. પૂ. ૩૦૪ માં સેલ્યુકસ સાથે સંધી થઈ, ત્યારપછી જ આવ્યો છે. ત્યારપછી જ તે પોતાનું ચિત્ત દક્ષિણ હિંદ તરફ દોડાવવાને શક્તિવંત થયો હતો; પણ તે જ સાલમાં તેને માટે અતિ અહ્‌લાદજનક એક પ્રસંગ એવો ઊભો થવા પામ્યો, કે જેને લીધે તેના માથેથી રાજકાજનો અને સંસારનો ઘણોખરો ભાર ઉતરી ગયો; અને પોતાના જીવનની તે ઘડીને ધન્ય ધન્ય માનવા લાગ્યો. તે બનાવ પોતાના જ્યેષ્ઠ પુત્ર અને યુવરાજ—અંધ કુણાલ સાથેનું દીર્ઘકાળ પછી થયેલું મિલન; અને સાથે સાથે પોતાને પૌત્ર સાંપડ્યાની માંગલિક વધામણી; આ પ્રમાણે બે પ્રસંગની પ્રાપ્તિ હતી. આ સમયથી તે પોતે મુકુટધારી રાજા તરીકેનું જીવન ગાળતો બંધ થયો ગણાય; કેમકે તેણે પોતાની ગાદી ઉપર પોતાના પેલા બાળ—પૌત્રને સ્થાપિત કરી દીધો હતો. એટલે પોતે તો માત્ર એક વાલી તરીકે જ રાજકારભાર ચલાવતો હતો. આ ઉપરથી જોઈ શકાશે કે તેની સત્તા માત્ર ઉત્તર હિંદના પ્રદેશ ઉપર જ હતી, છતાં એક બાજુથી એમ દલીલ ઉઠાવાય કે, વાલી તરીકેના તેર—ચૌદ વર્ષનો કાળ પણ તેના રાજ્ય તરીકેનો જ ગણવો જોઇએ. તો કહેવું પડશે કે, તે આખા સમય દરમ્યાન તેણે તદ્દન શાંત જીવન જ ગાળ્યું હોય એમ જણાય છે. કોઇ પ્રદેશ ઉપર સ્વારી લઈ જઇને જીતી લીધો હોય, એવો કોઈ જાતનો કયાંયથી પુરાવો મળી આવતો નથી. ઊલટું બૌદ્ધ સાહિત્યના આધારે તો વળી એવી હકીકત નીકળે છે કે, તેણે ધાર્મિક પ્રવૃત્તિમાં જીવન ગુજારવા માંડયું હોવાથી, રાજ્યખજાનો એકલો જ દાનમાં દઈ દીધો હતો એમ નહીં, પણ સાથે સાથે—ખજાનામાં રોકડ દ્રવ્ય ન રહેવાથી કેટલુંક ભૂમિદાન પણ કરી વાળ્યું હતું. મતલબ કે સામ્રાજ્યના વિસ્તારમાં કોઇપણ પ્રદેશનો ઉમેરો કરવાને બદલે, તેણે ઉણપ જ આવવા દીધી હતી. એટલે કે સ્વતંત્ર સમ્રાટ તરીકેના તેના ૨૮ વર્ષના રાજ્ય અમલમાં કે, પાછળના વાલી તરીકેના ૧૩ વર્ષ ગણીને કુલે ૪૧ વર્ષના રાજ્ય-અમલમાં, દક્ષિણ હિંદની જીત માટે તેણે કાંઈ જ પ્રયાસ આદર્યો જણાતો નથી.

આટલા વર્ણનથી વાચકની હવે ખાત્રી થઇ હશે કે, અશોકવર્ધનના રાજ્યનો વિસ્તાર સઘળા મૌર્ય સમ્રાટો તો શું, પણ સઘળા હિંદી ભૂપતિ-ઓમાં પણ નંબર પહેલો ધરાવતો હોવાનું, જે કથન ઉપરમાં આરંભ કરતાં જ ટાંકયું છે, તે કેટલું સુધારવા યોગ્ય છે. કદાચ પ્રિયદર્શિનને અશોક લેખીને જો તે પ્રમાણે કથન કરાયું હોય, તોપણ તેનું રાજ્ય તો હિંદની બહાર પણ ઘણું વિસ્તરાયેલું હતું એટલે, તે દૃષ્ટિએ પણ તેને અન્યાય કર્યો હોવાનું કહી શકાશેઃ અને એકલા અશોકનું જ લેખીને તે કથન ઉચ્ચારાયું હોય તો તેને માટે અતિશયોક્તિ વપરાઇ છે એમ જ કહેવું પડશે. કોઇપણ રીતે લેતાં, અત્યારસુધી બંધાયેલો મત આપણે હવે સુધારવો જ રહે છે.

## ( ૪ ) પ્રિયદર્શિન

તેના જય—પરાજય અને રાજ્યવિસ્તાર વિષે અત્રે વિશેષ લખવાપણું રહેતું નથી, કેમકે પુ. ૨ માં તેનું જીવનચરિત્ર આલેખતી વખતે જ

તેણે પ્રત્યેક દિશામાં કરેલ દિગ્વિજય યાત્રાનું વર્ણન કરતાં કરતાં ( જુઓ પુ. ૨. પૃ. ૩૦૪ થી આગળ ) આ હકીકત સવિસ્તર જણાવી દીધી છે; છતાં જ્યારે આ પરિચ્છેદ ખાસ રાજ્ય-વિસ્તારને અંગે જ રચાયો છે ત્યારે તેનો ખ્યાલ આપણા મગજમાં તાજો રહે તે માટે તેનું ટૂંકમાં વર્ણન કરીશું અને જે મુદ્દા ત્યાં ( પુ. ૨ જામાં ) લખવા રહી ગયા હશે અથવા જે ઉપર ખાસ ધ્યાન ખેંચવા જેવું હશે તેટલા પૂરતું જ વિવેચન કરીશું.

કયા વરસે કયો મુલક જીત્યો વિગેરેનું અહીંનું વર્ણન અનુક્રમવાર સમજવાનું નથી, પણ મુદ્દા સમજવા પૂરતું જ લેખવાનું છે.

રાજગાદીએ આરૂઢ થયા પછી વારાફરતી એકેક દિશામાં પ્રયાણ કરીને, જે દેશ તાબે નહોતા તે જીતી લીધા અને જે તાબે હતા પણ ત્યાં કાંઈ અસંતોષ જેવું હતું ત્યાં તેને શાંત્વન આપી પોતાનું રાજ્ય એકદમ સુદૃઢ કરી નાંખ્યું. જે જે મુલક જીતી લીધા હતા તેના તેના રાજાને, અમુક પ્રકારની ખંડણી કે અન્ય સરતો સ્વીકાવરાવીને તે તે સ્થાને પુનઃ સ્થાપિત કરી દીધા હતા ખાસ જણાવવાનું એટલું જ કે, પ્રાચીન સમયની ગણતંત્ર રાજ્યની પ્રથા જે ચાલી આવતી હતી તેમાંના કેટલાંક અનિષ્ટ તત્ત્વો દૂર કરી, ચંદ્રગુપ્ત રાજાએ પં. ચાણક્યજીએ કેંદ્રિત ભાવનાની જે રાજનીતિ અમલમાં મૂકવા માંડી હતી અને જેમાં બરાબર રીતે સફળતા મળી નહોતી, તેમાંથી જે રીત રાજાને તેમજ પ્રજાને હિતકારક લાગી તેટલી જ માત્ર તેણે ગ્રહણ કરી, બાકીની જતી કરી હતી અને કેટલાકમાં સુધારા પણ કર્યા હતા; છતાં કહેવું જ પડશે કે આ પ્રમાણે કરવામાં પં. ચાણક્યજીની રાજનીતિ જ કાંઈક અપવાદ સિવાય મુખ્યત્વે અનુસરવામાં આવી હતી, તેના રાજ્યની એક ખાસ ખૂબી એ થઈ પડી હતી કે, ફાવે તો હિંદમાં--પછી તે પ્રદેશ કાં નજીકનો ન હોતાં દૂર દૂરનો હોય--કે ફાવે તો હિંદ બહારનો હોય, પણ દરેક ઠેકાણે જ્યાં જ્યાં તેણે જીત મેળવી હતી, ત્યાં ત્યાંના એક પણ દેશને ખાલસા કરી લીધો નહોતો; પણ જ્યાં બન્યું ત્યાં, તેના પૂર્વભૂત શાસકને જ તે પદ ઉપર સ્થાપિત કર્યે રાખ્યા હતા; અને જ્યાં તેવી સગવડ ન જ ઉતરી હતી, ત્યાં પોતા તરફથી નવો હાકેમ નીમ્યો હતો. આ પ્રમાણે રાજ્યના અનેક પ્રાંતો પાડી, દરેક ઉપર એકેક સૂબો નીમી, રાજ્ય ચલાવવાની ગુંથણી કરી હતી. અને સાથે સાથે પોતે અંગિકાર કરેલ ધર્મનો પ્રચાર પણ કર્યે રાખ્યો હતો. વ્યવસ્થા માટે આ પ્રમાણે કરતાં તેના રાજ્યનો વિસ્તાર, ઉત્તરમાં હિમાલયની પેલી પાર તિબેટ, ખોટાન અને એશિયા ખંડના મધ્ય તુર્કસ્તાન સુધી, પશ્ચિમે સિરિયા અને એશિઆઇ તુર્કસ્તાન અને કદાચ મિસર સુધી, તથા દક્ષિણે કન્યાકુમારીકા સુધી પહોંચ્યો હતો; પણ દક્ષિણે સિંહલદ્વીપમાં અને અગ્નિખૂણે બ્રહ્મદેશ કે સુમાત્રા, જાવા તરફ તેણે પોતાનો વિજયવંતો બાહુ લંબાવ્યો હતો કે કેમ, અથવા પોતાના ધર્મપ્રચાર માટે અન્ય દેશોની પેઠે ત્યાં પણ ધમ્મ મહામાત્રા મોકલ્યા હતા કે કેમ, તેનો કોઇ પુરાવો હજુ સુધી મળતો નથી. પણ આ મુદ્દો લક્ષમાં રાખી, તે તરફ શોધખોળ કરવાની આવશ્યકતા છે ખરી. અને જો તે પ્રમાણે ત્યાં સ્થિતિ હોવાનું સિદ્ધ થયું તો, જેમ પેલી પ્રખ્યાત ચિનાઇ મોટી દીવાલ વિષે નવું જાણવા જેવું તત્ત્વ આપણને મળી આવ્યું છે, તેમ આ પ્રદેશોમાંથી વળી કાંઇ ઓર જ વસ્તુ હાથ લાગશે.

અહીં આગળ સમ્રાટ પ્રિયદર્શનના રાજ્ય-વિસ્તારને લગતું વર્ણન પૂરું થાય છે; પણ પ્રત્યેક રાજવીના રાજ્યનો ચિતાર આપતો જે

નકશો સામેલ રાખવાની પ્રથા આપણે દાખલ કરી છે, તે સર્વેનું વિહંગદષ્ટિએ જો સમીકરણ કરીશું, તો તુરતજ દેખાઇ આવે છે કે જેને ભારતદેશનું વૃત્તાંત લખનારા ઈતિહાસકારોએ ઐતિહાસિક યુગ તરીકે ઓળખાવ્યો છે, ત્યારથી માંડીને અત્યાર સુધીમાં, કોઇપણ હિંદી ભૂપતિએ સમ્રાટ પ્રિયદર્શિનના જેવડા વિશાળ રાજ્યના સ્વામી તરીકે નામના મેળવી નથી. એટલે કે તેનો નંબર પ્રથમ આવે છે. તેમજ સમય પરત્વે પણ (એકાદ–બે અપવાદ સિવાય) તેના જેટલું દીર્ઘકાલીન રાજત્વ કોઇ હિંદી નૃપતિએ ભોગવ્યું દેખાતું નથી; એટલુંજ નહીં પણ ઉપરનાં બે તત્ત્વોની સાથે સાથે, પ્રજાની આબાદી, સુખસંતોષ અને આત્મકલ્યાણના કાટલે તોળીને તેની રાજનીતિનો આંક માંડીશું, તો પણ તેનો નંબર એકદમ પ્રથમ જ[૨૩] આવ્યા વિના રહેતો નથી. આ સર્વે સ્થિતિમાં કારણ ગમે તે હોય તેની ઊંડાણભરી ચર્ચામાં ઉતરવાનો આ પ્રસંગ નથી તેમ સ્થાન પણ નથી; પણ દેખીતી રીતે એટલું તો સ્વીકાર્યા વિના ચાલતું જ નથી, કે તે સર્વેમાં તેની રાજ્યનીતિએ અનુપમ અને અપૂર્વ પાઠ ભજવ્યો છે. આ કથનની સત્યાસત્યતાની ખાત્રી, તેના મરણબાદ માત્ર પચીસ વર્ષ જેટલા ટૂંક સમયમાં જ તેના આવડા મોટા જંગી અને અદ્વિતીય વિસ્તારવંત સામ્રાજ્યનો અચણુચપણે જે વિનાશ થવા પામ્યો હતો, તેનાં કારણની સમીક્ષા કરવાથી પણ મળી શકે છે.

આ પરિચ્છેદ રાજ્યવિસ્તારના અંગેનો છે, અને ઉપરના પારિગ્રાફમાં વર્ણવેલી સ્થિતિ તે વિષયને જો કે સીધી રીતે સ્પર્શતી નથી, પણ તેની અસર અપરોક્ષ રીતે રાજ્યવિસ્તાર ઉપર થતી હોવાથી તેનો ઉલ્લેખ કરવાની જરૂર પડી છે. તેવી જ રીતે એક બીજો પ્રશ્ન પણ રાજ્યવિસ્તાર ઉપર અપરોક્ષ રીતે પોતાની અસર નીપજાવતો હોવાથી અને તેનો આવિર્ભાવ હવે પછી વારંવાર થતો રહેતો હોવાથી, તે વિશેની સમજૂતી પણ અત્રે આપી દેવાની જરૂર છે. આ પ્રશ્ન પરદેશી આક્રમણકારોને લગતો છે.

નિયમ છે કે કારણ વિના કાર્ય સંભવતું જ નથી. તે ન્યાયે આક્રમણ લઈ જવામાં પણ અમુક હેતુઓ રહેલા હોય છે. સાધારણતઃ તેનું નીચે પ્રમાણે વર્ગીકરણ કરી શકાય છે. (૧) કેવળ કુતુહળને લીધે જ કરવામાં આવે છે. એટલે તેમાં તો ત્યાં જઈ તે દેશના હવાપાણી, પ્રજાની રીતભાત જોવાં અને સાથે સાથે હાથમાં આવી જાય તેટલો દ્રવ્યસંચય કરતા આવવું તેટલા પૂરતો જ હેતુ હોય છે. (૨) દેશ જીતવાનો ઈરાદો હોય છે. આમાં તો ત્યાંની પ્રજાને (અથવા રાજ્ય કરતી વ્યક્તિને) જીતીને ત્યાં પોતાનું વર્ચસ્વ જમાવવાનો હોય છે. પછી ત્યાં ને ત્યાં જ વસાહત કરી, ઠરી ઠામ બેસવું કે પોતા તરફનો કોઈ અધિકારી નીમી રાજતંત્ર ચલાવવું, તે જુદો જ પ્રશ્ન છે. પહેલા પ્રકારનો હેતુ જ્યારે રખાયલ હોય છે, ત્યારે તો આક્રમિત

(૨૩) આ માટે અમારૂં પોતાનું જ મંતવ્ય જાહેર કરીએ તેના કરતાં ઈતિહાસના પ્રખ્યાત વિદેશી લેખક પ્રો. એચ. જી. વેલ્સે પોતાના વિચારો ૧૯૨૨ ના સ્ટ્રેન્ડ મેગેઝીનના સપ્ટેંબરના અંકમાં, જે શબ્દોમાં ટાંક્યા છે અને જે અક્ષરશઃ આપણે પુ. ૨ માં પૃ. ૩૮૫ ઉપર ઉતાર્યા છે તે શબ્દો જ વાંચી જવા વાચકને વિનવીશું; તેમજ પુ. ૨ માં પૃ. ૩૮૨ થી ૩૮૫ સુધીમાં કાંગડી ગુરૂકુળના સમર્થ આચાર્ય શ્રીયુત્ વિદ્યાભૂષણ અલંકારજીએ જે અનેક રાજકર્તા વિજ્ઞાનવેત્તાઓ, શોધકો અને ધર્મપ્રચારકો સાથે તેની તુલના કરી બતાવી છે અને તેમના પોતાના જ શબ્દોમાં ઉતારી છે, તે પણ વાંચી જવા વિનંતિ છે.

અને આક્રમક પ્રજા, બન્ને ટૂંક સહવાસ, સંસર્ગ કે સંપર્કમાં આવતી હોવાથી, અરસપરસના સંસ્કારનું મિશ્રણ બનવા પામતું નથી; પણ જો બીજા પ્રકારનું લક્ષ્ય રખાયું હોય તો તો ધાટા સંસર્ગને લીધે બન્ને પ્રજાની સંસ્કૃતિનું મિશ્રણ આપસ આપસમાં થવા માંડે છે, અને કાળગયે તે એટલું તો ઓતપ્રોત થઇ જાય છે, કે એક બીજાથી છૂટું પાડવું અને કયું કોનું હશે એમ પારખવાનું કાર્ય પણ કઠિન થઇ પડે છે. પણ એટલું તો ખરૂં કે જેની શ્રેષ્ટતા વધારે તે વધારે ગ્રહણીય બને છે; પ્રથમ પ્રકારનાં આક્રમણો પોતાની ક્ષણિક અસરો નીપજાવવાનાં કારણે; ટૂંક સમયમાં જ ભૂલાઇ જવાય છે અને તેથી કરીને ઇતિહાસમાં તેને બહુ સ્થાન મળતું નથી, બલ્કે તે હકીકત કોઇ દિવસ અસ્તિત્વમાં આવી હોય એનું નામનિશાન પણ શોધ્યું જડતું નથી. જ્યારે બીજા પ્રકારનાં આક્રમણો, તેણે નીપજાવેલ પરિણામોના પ્રમાણમાં, ઐતિહાસિક પ્રસંગો તરીકે ઓળખીતાં થાય છે. આવી જાતનાં જે અનેક આક્રમણો-પછી તેનો ધસારો, સુવ્યવસ્થિત ગોઠવણ કરીને એકદમ દૃષ્ટિએ ચડી જાય તે રીતે કરવામાં આવ્યો હોય કે વ્યાપારિક લાભો મેળવવાની ગણત્રી રાખીને મંદ-ગતિથી લઇ જતાં આયંદે તેનું સ્વરૂપ ફેરવાઇ જાય તે રીતે લઇ જવામાં આવ્યો હોય; પણ હિંદ ઉપર થયેલા જે ધસારા આપણી જાણમાં આવ્યા છે તેમાં સૌથી પહેલામાં પહેલો ઇ. સ. પૂ. ૩૨૭ માંનો મૌર્યસમ્રાટ અશોકવર્ધનના રાજ્યારંભે કરવામાં આવેલ ગ્રીક શહેનશાહ અલેક્ઝાંડર ધી ગ્રેઇટનો મૂકી શકાય તેમ છે. તેની યોજના જ્યારે પ્રથમ ધડવામાં આવી હશે, ત્યારે તો એક લેખકના મંતવ્ય પ્રમાણે ( જુઓ પુ. ૨, પૃ. ૩૮૧ ) તેનું સ્વરૂપ તેના જ શબ્દોમાં લખ્યા પ્રમાણે કદાચ હશે ખરૂં:–Alexander's expedition was an organised one and had historians, geographers, scientists, merchants etc.–one object of Alexander's conquest was to spread Greek civilization abroad–અલેક્ઝાંડરના હુમલા વ્યવસ્થિત રીતે ગોઠવી રાખ્યા હતા. તેમાં ઇતિહાસવેત્તાઓ, ભૂગોળશાસ્ત્રીઓ, વૈજ્ઞાનિકો તેમજ વ્યાપારીઓ વિગેરે પણ હતા. તે હુમલાની મુખ્ય એક મુરાદ તો પરદેશમાં ગ્રીક સંસ્કૃતિનો પ્રચાર કરવાની હતી: પણ વચ્ચેથી જ તેનું સ્વરૂપ બદલાઇ જતાં[૨૪] તેમજ પાછળથી પણ તેની ધારણા[૨૫] પ્રમાણે સ્થિતિ જળવાઇ ન રહેતાં તેનો હેતુ ફળીભૂત થવા નથી પામ્યો એમ સ્પષ્ટ સમજાય છે. તે માટે તે જ ગ્રંથકારે પોતાના વિચારો નીચેના શબ્દોમાં વ્યક્ત કર્યા છે ( જુઓ પુ. ૨, પૃ. ૩૮૧ ) કે-"The Indian probably regarded Alexander as a mighty robber and

---

(૨૪) શામાટે સ્વરૂપ બદલાઈ ગયું તેનું કારણ શોધવા જરૂર પણ છે. તે માટે આગળ ઉપર જુઓ.

(૨૫) જેમ આંભિરાજને લાલચ બતાવી કે બીજી રીતે હથેલીમાં ચાંદ બતાવી સ્વપક્ષે જીતી લીધો હતો તેમજ સર્વત્ર પણ "પડપાસા પોબાર" કરી લેવાશે તેવી ધારણા સેવી હશે, પણ તે ધારણા રાજા પોરસના કિસ્સામાં અફળ થઇ હતી, તેમજ અશોકવર્ધન સામે દોરદમામથી કામ લેવા જતાં તે પાછો પડયો હતો. આ પ્રમાણે કામ લેવાની તેની જ નીતિ-રીતિ હોય કે, તે સમયની તે તરફની પ્રજાની જ ખાસીયત હોય, તે જુદી વાત છે; પણ વસ્તુની ખરીદીમાં જેમ સાચો સિક્કો પણ ખપમાં આવે છે તેમ બનાવટી સિક્કાવડે પણ ખરીદી થઈ શકે છે, છતાં સાચા સિક્કાથી કરેલી ખરીદી પ્રશંસનીય લેખાય છે. તેવી જ ઉપમા અત્રે લાગુ પાડી સરખામણી કરી શકાશે.

(૨૬) જુઓ ઉપરની ટીકા.

his *expedition* and *conquests* as a *political hurricane. India* was *not* changed, India was not Hellinised= હિંદીઓએ અલેક્ઝાંડરને બહુધા એક મોટો ધાડપાડુ અને તેના હુમલાને તથા વિજયને માત્ર રાજદ્વારી તોફાન તરીકે લેખ્યા છે. હિંદુસ્તાનનો પલટો થયો નથી તેમ તેણે ગ્રીક સંસ્કૃતિને અપનાવી પણ નથી, એટલે કે અલેક્ઝાંડરની મુરાદ બર આવી નથી. તેમજ તેના આક્રમણને નામે કોઇ હિંદી પ્રાંતનો વિજય થયો હોવાનું ચડાવી શકાતું નથી. બહુ ત્યારે એટલું જ કહી શકાય કે પચીસેક વર્ષો સુધી તેના સરદારોએ હિંદભૂમિ ઉપર પગ ટેકવી રાખ્યો હતો; અને તેમાંયે આપસઆપસમાં મારામારી ને કાપાકુપી જેવીજ સ્થિતિ પ્રવર્તી રહી હતી. તે બાદ લગભગ સવાસો ઉપરાંત વર્ષો પરદેશીઓના હુમલા સિવાયના વ્યતીત થઈ જવા પામ્યાં છે. અલબત્ત, આ વર્ષો દરમ્યાન પણ હિંદમાં પરદેશીઓ તો હતા અને આવતા રહેતા જ. પણ તે વિજેતા થવાને કે શિક્ષક બની બેસવા માટે નહીં, પણ હિંદી પ્રજાના એક અંશ બનીને રહેવા માટે અથવા તો વિદ્યાર્થી બનવા માટે જ આવતા જતા. આ સવાસો વર્ષમાંના પ્રથમના ચાલીસેક સુધી તેમનો પ્રવાહ હિંદ તરફ થયો હતો; પણ તેવામાં પ્રિયદર્શિનનો રાજ્ય અમલ પૂર જોરમાં તપતો થયો. તેણે પોતાના ધમ્મ મહામાત્રાને ત્યાં મોકલી તેમને આર્ય સંસ્કૃતિના મૂળાક્ષરો શીખવી તેનું રસપાન કરાવ્યું, એટલે તે બાજુની પ્રજાના સ્વભાવ તથા રહેણીકરણીમાં જબરદસ્ત પરિવર્તન[૨૬] થવા પામ્યું. આથી કરીને જ ઇતિહાસના ઉપરના લેખકને પણ ઉચ્ચારવું પડયું છે[૨૭] કે " one object of Alexander's conquest was to spread Greek civilisation abroad: but we regret to see that he himself and his men were orientalised in Persia=અલેક્ઝાંડરના હુમલાની એક મુરાદ તો પરદેશમાં ગ્રીક સંસ્કૃતિનો પ્રચાર કરવાની હતી, પણ નોંધતાં આપણને દિલગીરી ઉપજે છે કે તેનું તેમજ તેના માણસોનું પરિવર્તન ઇરાનમાં થઈ ગયું હતું." (જેટલું ઇરાનને લાગુ પડે છે તેટલું હિંદને પણ લાગુ પડે છે તેમ સમજવું; કેમકે ઇરાનની સંસ્કૃતિ મૂળે હિંદની જ છે; તેથી તેને " પારસી " કહેવાય છે. અસલમાં હિંદના રઘુવંશી અને યદુવંશી રાજાઓની સત્તા તળે જ ઇરાન હતું. જુઓ આગળ ઉપર.) એટલે જ અલેક્ઝાંડરે પોતાની સંસ્કૃતિથી પૂર્વને આંજી નાંખવાના મનોરથ સેવીને જે આક્રમણ કર્યું હતું, તેને બદલે પોતે જ આર્ય સંસ્કૃતિની મહત્તા અને સરસાઇથી મુગ્ધ બનીને (પછી જોઈએ તો તેમાંના સારા અંશો ચૂંટી કાઢી, પોતાનામાં આમેજ કરી લેવાય અથવા તો સ્થિતિ અને સંયોગાનુસાર ત્યાં જઈ, તેમના વચ્ચે જ વસી કરીને તે અંશો અપનાવીને પોતે જ તેવા બની જવાય) તે તરફ ખેંચાઈ ગયો હતો. જ્યારે હવે પછીના આક્રમણો લાવનારાઓનો[૨૮] આ હેતુ હતો એમ આપણે તેમની

(૨૭) અહીં વર્ણન કરાય છે અલેક્ઝાંડરના હુમલાનું અને પરિણામની સરખામણી કરાય છે તેની પછીના પચાસ સાઠ વર્ષે સ્થિતિ થઈ હતી તેની-એટલે બેના વચ્ચે કાર્ય-કારણનો સંબંધ નથી એમ વાચકને લાગશે; પણ મારે જણાવવું પડે છે તે એટલું જ, કે અલેક્ઝાંડરે હુમલો ભલે ગમે તે વખતે કર્યો, પણ ઈરાનની અને હિંદની સંસ્કૃતિ તો બંને વખતે ક્યારનીયે એક સરખાપણે ચાલુ જ હતી; માટે સરખામણી કરવામાં વાંધો નથી.

(૨૮) આ બધાં કથનની સત્યતા માટે આ પુસ્તકમાં હવે પછી આલેખવાનો " પરદેશી આક્રમણ-

હીલચાલ અને તેમણે બતાવેલ સદ્‌ભાવથી ચોખ્ખું જોઇ શકીએ છીએ; કેમકે તેઓએ જ્યાં જ્યાં આર્ય પ્રજા સાથે ભાઈચારો બાંધીને વસવાટ કરવાનું યોગ્ય ધાર્યું છે, ત્યાં ત્યાં મોટા ભાગે તેમની જ સંસ્કૃતિ પોતાનામાં અપનાવી લઇને, ધારણ કરી લીધી છે. તેની સાબિતીઓ તેમના જ રચેલા સિક્કા ઉપરથી મળી આવે છે. કોઈ એમ પણ કહેશે કે, એ તો પરદેશી વિજેતાઓએ પ્રજાની સંખ્યાને બહુમાન આપવા[૨૯] અને તેમને સંતોષવા ખાતર જ તેમની સંસ્કૃતિ પોતે વધાવી લીધી છે, તો આપણે તેમને બે વસ્તુ જણાવવી પડશે કે (૧) શું તેમણે વિજેતાઓની મનોદશાનો અને તેમને ચડેલા મદનો પૂરેપૂરો અભ્યાસ કર્યો છે? અને (૨) એ વસ્તુની હરિફાઈ જ્યાં ચાલતી હોય, ત્યાં કોણ શ્રેષ્ઠતાને વરવા પામે છે? સબળ કે નિર્બળ[૩૦]?

આ પ્રમાણે વસ્તુસ્થિતિ થઈ પડવાથી જ્યારે જ્યારે વિદેશી હુમલા કરનારાઓએ[૩૧] ધસારા કર્યા છે, ત્યારે ત્યારે તેમણે જ્યાં જ્યાં જીત મેળવી, ત્યાં ત્યાં જો બીજો કોઈ પ્રત્યવાય કે વિઘ્ન આડે નથી આવ્યાં, તો વસવાટ જ કરવા માંડયો છે. અને જ્યારે વસવાટ કરે, ત્યારે જમીનનું રોકાણ કરવું પડે જ; જેથી તેટલા પ્રમાણમાં હિંદી રાજકર્તાઓના રાજ્યવિસ્તારની હદ પણ સંકોચાય જ. આ ન્યાયને આધીન રહીને, હિંદમાં હવે તો બે પ્રજાનું રહેઠાણ થવાથી- કેમકે હિંદી પ્રજા તો અસલથી હિંદમાં હતી જ: તેમાં વળી તેની સંસ્કૃતિની શ્રેષ્ઠતાથી આકર્ષાઇને ( અને કાંઈક સમૃદ્ધિનું આકર્ષણ પણ ખરૂં જ: સર્વથા તો નહીં જ; કેમકે જો સમૃદ્ધિ જ મુખ્ય કારણ હોત, તો તો મનુષ્ય સ્વભાવ પ્રમાણે સંસ્કૃતિની સુગને લીધે નાક મચકોડી, સમૃદ્ધિને પોતાના દેશ તરફ ઘસડી લઈ જઈ, ત્યાં જ વસવાટ ચાલુ રાખત; એટલે ખાત્રી થાય છે કે અહીં હિંદમાં વસવાટ કરવાનું મુખ્ય કારણ સમૃદ્ધિ કરતાં, અહીંની સંસ્કૃતિની શ્રેષ્ઠતાનું જ હતું. ) વિદેશી પ્રજાઓએ પણ હવે તો રહેવા માંડયું. એટલે સ્વાભાવિક છે કે એકને બદલે બે ભાગ પડવાથી, જમીનની વહેંચણી પડી ગઈ અને તે તે પ્રમાણમાં હિંદી રાજાના રાજ્યનો વિસ્તાર કમી થવા માંડયો.

પરદેશી અને આર્ય સંસ્કૃતિનાં સરણા વચ્ચેનો ઐતિહાસિક સંબંધ આ પ્રમાણે દોરી બતાવાય તેમ છે. અને તેની પૂર્ણ જમાવટ, અલેકઝાંડર પછી સવાસો વર્ષે એટલે ઈ. સ. પૂ. ૩૨૭-૧૨૫=૨૦૦ ની લગભગ થવા પામી છે. જેને લીધે જ પરદેશીઓનાં ધાડેધાડાં વારંવાર હિંદ ઉપર ઉતરી આવતાં[૩૨] નજરે પડે છે.

આટલા લાંબા ખુલાસાથી વાચક વર્ગને હવે નિઃસંદેહપણે સમજાઈ ગયું હોવું જોઇએ, કે

---

કારો" વાળા આખા ખંડના સર્વ પરિચ્છેદો તપાસી જુઓ. એટલે તેમનાં ચરિત્રોથી અને જ્યાં જ્યાં સિક્કાઓ પ્રાપ્ત થાય છે ત્યાં ત્યાં તે ઉપરથી, ખાત્રી થશે કે તેમણે પોતાની સંસ્કૃતિ હિંદી પ્રજા ઉપર ઠસાવવા કરતાં, તેમની જ સંસ્કૃતિ પોતે ધારણ કરી લીધી છે.

(૨૯) પ્રિયદર્શિનના ધમ્મમહામાત્રાઓને જે વિજય મળ્યો હતો તેમાં સંખ્યાની બહુમતિએ કામ કર્યું કહેવાય કે સંસ્કૃતિની શ્રેષ્ઠતાએ? (જુઓ ઉપર.)

(૩૦) જુઓ ઉપરની ટીકા નં ૨૯ તથા ૨૫.

(૩૧) પાંચ પરદેશી પ્રજાઓના રાજ અમલનું વર્ણન આ પુસ્તકમાં આપીશું. તે દરેકના દૃષ્ટાંતને અહીં બતાવેલ સૂત્રની કસોટીથી કસી જોશો અને ખાત્રી કરશો કે આ સૂત્ર કેટલે અંશે સત્યપૂર્ણ છે.

(૩૨) કોઇપણ વસ્તુની ઉત્તમતા, શ્રેષ્ઠતા કે સદ્‌ગુણ-તેને પોતાને હિતકારક બનશે કે અહિતકારક: તે તે વખતના સ્થિતિ અને સંયોગ ઉપર આધાર રાખે છે.

કયા કારણથી પરદેશીઓ હિંદ ઉપર ચડી આવવાને ખડે પગે તૈયાર થઈ રહ્યા હતા. અને એ તો સિદ્ધાંત છે કે દારૂગોળો જ્યાં તૈયાર પડી રહ્યો હોય, ત્યાં માત્ર એક ચિણગારી લગાડવાની કે તે ઊડીને અડવાની જ રાહ જોઇ રહેવાતી હોય છે. એટલે હિંદની આંતરિક વ્યવસ્થા કે સ્થિતિની અનુકૂળતા સાંપડતા જ, તેઓએ પોતાનું કાર્ય આરંભી દીધું જણાય છે. આવી એક તક, સમ્રાટ પ્રિયદર્શનના મરણ બાદ તુરત જ તેના સંતાનોમાં પ્રવેશેલા દ્વેષાગ્નિરૂપી કુસંપે પૂરી પાડી હતી; અને તેવી જ બીજી તક, શુંગવંશી અમલના અંતમાં, તે રાજાઓના ભોગવિલાસ અને વ્યભિચારી આચરણને લીધે ઉત્પન્ન થએલ પ્રજાના અસંતોષે પૂરી પાડી હતી. આ સ્થળે–આ પરિચ્છેદમાં–મૌર્યવંશની જ હકીકત આલેખતા હોવાથી પ્રથમની તકનું વર્ણન કરવામાં આવશે; જ્યારે બીજી તકનું વર્ણન શુંગવંશના રાજ્યવિસ્તારનું વૃત્તાંત લખવાનો સમય આવી પહોંચે ત્યાં સુધી મુલતવી રાખવું પડશે.

હવે માત્ર એક વસ્તુસ્થિતિ ઉપર લક્ષ દોરીને મૂળ બાબત ઉપર પાછા આવી જઈશું. અત્યાર સુધી હિંદી રાજાઓએ એક જ ધોરણ અખત્યાર કર્યે રાખ્યું હતું. તદનુસાર વિજય મેળવેલ જમીન ઉપર તેના પૂર્વના રાજકર્તાને જ પુનઃ સ્થાપિત કર્યે જતા! પણ જો તે રાજકર્તા કે તેનો કોઈ હકદાર નીકળી ન આવતો, તો તે પ્રદેશ ખાલસા કરી પોતાના રાજ્યમાં ભેળવી લેતા. તે ધોરણ હવે બદલાવા લાગ્યું હતું, કેમકે વિજય મેળવનાર જ્યારે પરદેશી હોય, ત્યારે તેને તો પોતાની વસાહત કરવા માટે જમીન જોઇએ જ; એટલે તે પોતે તો જીતેલા પ્રદેશના રાજવીને ઉઠાડી મૂકીને પોતાનો જ કરી લેતો, અને વિજય મેળવનાર હિંદી રાજા જો હોય તો, કાંઈક પૂર્વના સંસ્કારને લીધે ભૂમિ ખાલસા કરી લેવાની ઇચ્છા પ્રથમમાં ન રાખે; પણ સંગતિ દોષથી માણસ શું શું નથી કરતો? એટલે તે પણ પોતાના પરદેશી ભાઇબંધ-પાડોશી રાજા–ની પેઠે જમીન ખાલસા કરી લઇ પોતાના રાજ્યમાં હોઇયાં કરી જવાનું પગલું ભરતો દેખાયો છે.

મૂળ વિષય તરફ આવતાં જણાવવાનું કે, સમ્રાટ પ્રિયદર્શિનના મરણબાદ તેના વંશજોમાં આપસઆપસમાં વૈરવૃત્તિ તથા એક બીજાની ચડતી સહન ન કરવાની મનોદશા, ઇત્યાદિ જે દુર્ગુણો ઉદ્‌ભવ્યાં હતાં તેને લીધે તેમાંના અનેક જણાએ પોતપોતાની સ્વતંત્રતા ધારણ કરી લીધી હતી. પરિણામે એક વખત જે મૌર્ય સામ્રાજ્યની હદ, હિંદ બહાર વિસ્તરેલી હતી તેના બે ભાગલા પડી ગયા. હિંદ બહારની હદ હતી તેના ધણી તે તે પ્રદેશના પરદેશીઓ થઇ પડયા અને હિંદમાં જે જે પ્રાંતો ઉપર જે જે રાજ્યકર્તા કે સૂબાઓ નીમાયા હતા, તે તે તેઓએ પચાવી પાડયા. એટલે પ્રિયદર્શિનના સીધા વારસદારના હિસ્સામાં તો માત્ર નામનો જ પ્રદેશ રહેવા પામ્યો; અને આ પ્રમાણે તે પોતે નબળો પડતાં, પાસેના જ પ્રતાપી અને પરાક્રમી રાજાના પંજાનો ભોગ થઇ પડવાનો તેનો વારો આવી લાગ્યો. આ પ્રમાણે આખુંયે મૌર્ય સામ્રાજ્ય ટૂંક સમયમાં જ છિન્નભિન્ન થઇને અદૃશ્ય થવા પામ્યું હતું, જેનું વર્ણન ઉપરના પરિચ્છેદે સવિસ્તર લખાઇ ગયું છે, એટલે અહીં તે પાછું ઉતારવાની આવશ્યકતા રહેતી નથી.

ઉપરમાં જે બે તક પરદેશીઓને લાધ્યા બાબતનો ઇસારો કરી ગયા છીએ, તેમાંની પ્રથમ તક–મૌર્યવંશી રાજ્યકર્તાઓના સમયે–જે મળી હતી, તેનું વર્ણન સમાપ્ત થયું ગણાશે.

# પરિશિષ્ટ

---

આ પરિશિષ્ટમાં વર્ણવેલી હકીકત, ચાણક્યજી અને મેગેસ્થેનીઝને લગતી હોઇ પુ. ૨ માં જ્યાં તેમના અધિકાર લખાયા છે-એટલે કે સમ્રાટ ચંદ્રગુપ્ત કે સમ્રાટ અશોકવર્ધનના રાજ્યવાળા પરિચ્છેદે-ત્યાં જોડવી યુક્ત ગણાય; પણ પુસ્તક બીજાને બહાર પડી ગયાને સાત આઠ માસ થઇ ગયા છે, તેમ તેનું મૂળ લખાણ તો લગભગ આઠ વર્ષ ઉપર લખાઇને તૈયાર થઇ ગયું હતું; જ્યારે અત્ર આમેજ કરેલી હકીકત વડોદરા શહેરમાંથી પ્રસિદ્ધ થતા 'પડકાર' નામે માસિકના સં. ૧૯૯૨ ના શ્રાવણ માસ-ઇ. સ. ૧૯૩૬ ના ઓગસ્ટના અંકમાં દેખા દે છે. એટલે ઉપરના પુસ્તકમાં તો તેને સ્થાન આપી શકાય તેમ છે જ નહીં. તેમ તેમાં જણાવેલી હકીકત, મારા કથનને-મેં પ્રતિપાદિત કરેલ ઐતિહાસિક ઘટનાને-સમર્થન કરનારી અને સત્ય તરીકે પુરવાર કરવારૂપ હોઈ, વાંચકવર્ગના વિચાર માટે રજૂ કરવા વિના છૂટકો પણ નહીં. એટલે આ ત્રીજા પુસ્તકમાં જ્યાં તે તે રાજાઓના જય-પરાજય અને રાજ્યવિસ્તારના પરિચ્છેદનું વર્ણન અપાયું છે તેના અંતે તે હકીકત જોડવાનું યોગ્ય ધાર્યું છે, જેથી કાંઇ અનિયમિતતા કે અસંબંધતા દેખાય તે માટે ક્ષમા માગી લઉં છું.

સેંડ્રેકોટસના રાજદરબારે મેગેસ્થેનીઝ ગ્રીક એલચી તરીકે હતો તે જેમ સર્વસંમત બીના છે તેમ મારે પણ માન્ય છે, એટલે સેંડ્રેકોટસને અને મેગેસ્થેનીઝને સમકાલીન લેખવામાં કિંચિત્ પણ શંકા રહેતી નથી; પણ અદ્યાપિપર્યંત સઘળા ઇતિહાસકારોએ એ સેંડ્રેકોટસને ચંદ્રગુપ્ત ઠરાવ્યો છે, તે મારે માન્ય નથી-ત્યાં જુદો પડું છું. કેમકે જો સેંડ્રેકોટસને ચંદ્રગુપ્ત ઠરાવાય તો પં. ચાણક્ય મૌર્ય ચંદ્રગુપ્તનો રાજપુરોહિત અને મહામાત્ય હોઇ તે બન્ને જણાને સમકાલીન ગણવાશે: એટલે કે એક બાજૂ સેંડ્રેકોટસને મેગેસ્થેનીઝનો સમકાલીન કહેવો અને બીજી બાજૂ તે જ સેંડ્રેકોટસને પં. ચાણક્યજીનો સમકાલીન કહેવો, તે કથનનો તાત્પર્ય-સૂત્ર સિદ્ધાંત પ્રમાણે-એ થાય કે સેંડ્રેકોટસ, પં. ચાણક્ય અને મેગેસ્થેનીઝ-એ ત્રણેને સમસમયી તરીકે કબૂલવા પડે. જ્યારે ખરી રીતે તે પ્રમાણે વસ્તુસ્થિતિ જ નથી, કેમકે ઉપર જણાવ્યું તેમ મારું મંતવ્ય સેંડ્રેકોટસ એટલે ચંદ્રગુપ્ત નહીં પણ અશોકવર્ધન છે. આ

સર્વ હકીકત મેં પુ. ૨ માં પૃ. ૧૫૪ થી ૧૬૨ સુધીમાં તથા તેજ પુસ્તકમાં પૃ. ૨૧૧ ટી. નં. ૨૬ માં અનેક પુરાવા આપી સાબિત કરી છે.

પં. ચાણક્ય અને મેગેસ્થેનીઝને સમકાલીન-પણે ગણી લેવામાં પુ. ૨ માં પૃ. ૨૧૦ ઉપર મા. સા. ઇ. ના લેખકને જે શંકા ઉઠી છે તેની નોંધ લીધી છે. તે જ પ્રકારની ગૂંચ ઉપરમાં નિર્દિષ્ટ થયેલ ' પડકાર ' માસિકમાંના લેખકને પણ થઇ છે, તેમ અનેક વિદ્વાનોને જરૂર થઇ પણ હશે: છતાં તેનો ઉકેલ હજુ સુધી કરાયો હોય એમ મારા વાંચવામાં તો આવ્યું જ નહોતું. તેટલા માટે તે સવાલ હાથ ધરીને, વિસ્તૃતપણે તે વાતનો ઘટસ્ફોટ પુ. ૨ માં પૃ. ૧૫૪ થી ૧૬૨ સુધીમાં જણાવવો પડયો છે, તે બન્ને મહાશયને જે મુશ્કેલીઓ નડી હશે તે અનેકવિધ હશે, પણ 'પડકાર'ના લેખક મહાશયે જે દર્શાવી છે તેનો ટૂંક સાર અત્રે રજૂ કરું છું:—

પં. ચાણક્યજીએ વિશ્વવિખ્યાત કૌટિલ્ય અર્થશાસ્ત્ર રચેલ છે અને મેગેસ્થેનીઝ મહાશયે ભારત વર્ણનનું ખંડ ( Fragment of India ) નામનું પુસ્તક રચેલ છે. હવે જો આ બન્ને લેખકો સમસમયી જ હોય તો તે બન્નેએ લખેલ પુસ્તકમાં, તે તે સમયની એક જ હકીકતનું અથવા પરિસ્થિતિનું વર્ણન મળતું જ આવવું જોઇએ; પણ તેમ થતું નથી તેના અનેક મુદ્દા તેમણે તારવી બતાવ્યા છે અને તે ઉપરથી, પોતે શંકા ઉઠાવી છે કે પં. ચાણક્યજી અને મેગેસ્થેનીઝ સમકાલીન કેમ ગણાય ? તેમનું કથન એમ છે કે ( જુઓ તેમના લેખનું પૃ. ૫ ) ચંદ્રગુપ્ત મૌર્ય તથા તેના શાસનકાલનું વર્ણન કરતી વેળાયે આચાર્ય કૌટિલ્યનું નામ સરખુંયે ઉપલબ્ધ ન થવું તે શું આશ્ચર્યકારક નથી ? કૌટિલ્ય અર્થશાસ્ત્રનું સૂક્ષ્મ અધ્યયન કરતી વેળાએ પ્રાચીન ભારતની સભ્યતા તથા સંસ્કૃતિના ચિત્રનું જે રૂપ માનવ-મન-પડલ પર અંકિત થાય છે તેનાથી સર્વથા વિરુદ્ધ રાજદૂત મેગેસ્થ-નીઝના ભારતવર્ણનને વાંચવાથી થાય છે. આમ પોતાનું અનુમાન દોરી તેનાં ઉદાહરણ ટાંકે છે. ( ૧ ) કિલ્લાઓ તથા નગરોની નિર્માણ શૈલીમાં મેગેસ્થેનીઝના કહ્યા પ્રમાણે ચંદ્રગુપ્તના ( એટલે સેંડ્રેકોટસના ) શાસનકાલમાં કિલ્લાઓ, નગરો અને તેના પર કોટાઓ તથા ભવનો આદિ લાક-ડાના બનાવવામાં આવતાં હતાં...આચાર્ય ચાણ-ક્યના કથાનુસાર તેમણે સ્પષ્ટ રૂપકી ઇંટોમાં બનાવવાનો નિર્દેશ કર્યો છે. (૨) મેગેસ્થેનીઝના સમયમાં બૌદ્ધધર્મ રાજ્યધર્મ બન્યો નહોતો, છતાંય તેણે મહાત્મા બુદ્ધનું નામ અત્યંત સન-માનપૂર્વક લીધું છે: ( જુઓ ખંડ ૪૩ માં ) જ્યારે કૌટિલ્ય અર્થશાસ્ત્રમાં બૌદ્ધધર્મ તથા તેના અનુયાયીઓનું વર્ણન ક્યાંય ઉપલબ્ધ થતું નથી. કેવળ માત્ર ત્રણ જ શબ્દો એવા છે કે જેના આધારે કૌટિલ્યના સમયમાં તુચ્છ-નજીવી બૌદ્ધસત્તા સ્વીકારી શકાય. તે, પાખંડ, શાક્ય-જીવન અને શ્રમણ શબ્દો છે ( કૌટિલ્ય અર્થ-શાસ્ત્રમાં પાખંડ શબ્દ બૌદ્ધ ક્ષપણકોના માટે પ્રયુક્ત કરવામાં આવ્યો છે. વળી તેમાં બૌદ્ધ ક્ષપણકોને અત્યંત ઘૃણાની દૃષ્ટિએ જોયા છે. તેના કથનાનુસાર પાખંડ અને ચાંડાલો ને સ્મશાનની પાસે વસવું

---


( ૧ ) આ નિબંધના લેખક શ્રીયુત રતિલાલ કળાધર ભટ્ટ છે. તેમણે અર્થશાસ્ત્રનો બારિક અભ્યાસ કરી જે મુદ્દાઓ તારવી કાઢયા છે (જે ટૂંકમાં આ પરિશિષ્ટમાં ઉતાર્યા છે) તે માટે તેમને અભિવંદું છું. તથા તે મુદ્દાઓ અત્રે વાચકવર્ગ માટે હું રજૂ કરી શકયો તે અનુકૂળતા મને પ્રાપ્ત થવા માટે તેમનો ઉપકાર માનું છું.

જોઇએ. શાકય શબ્દથી, અભિપ્રાય બૌદ્ધોથી જ જણાય છે. અર્થશાસ્ત્રમાં દેવ-પિતૃકાર્યોમાં શાકય આજીવિકોને ભોજન આપનાર વ્યક્તિને ૧૦૦ પંડનું ( પણુ નામનો સિક્કો છે ) દંડ કરવો જોઇએ—શાકય શબ્દની માફક શ્રમણુ શબ્દમાં પણુ તેવા પ્રકારના નિંદનીય ભાવો વ્યક્ત કરવામાં આવ્યા છે. (૩) આવાગમનના સાધનોમાં—મેગેસ્થેનીઝે ધૂરી-પ્રદર્શક પત્થરો ( Milestones) નું વર્ણન ખૂબ કરેલું છે: જ્યારે અર્થશાસ્ત્રમાં ભિન્ન ભિન્ન માર્ગોની ચોડાઇ તથા રચના આદિનું વર્ણન છે, પણુ Milestones નું કયાંય વર્ણન કરાયલું જોવામાં 'આવતું નથી. (૪) મેગેસ્થેનીઝ કહે છે કે, હાથી અને ઘોડા રાખવાનો અધિકાર કેવળ રાજાને જ હતો પણુ તેવા પ્રતિબંધ માટે ચાણુકયે કાંઇ લખ્યું નથી, જો કે તેના કરતાં તેમણે ઘોડાઓના સંબંધમાં બહુ જ વિસ્તારપૂર્વક લખ્યું છે. (૫) મેગેસ્થેનીઝના કહેવા પ્રમાણે પ્રજાજનોથી રાજા બહુ મળતા રહેતા હતા, જયારે ચાણુકયજીએ, રાજાના શરીર રક્ષકોની નિયુક્તિનું તથા રાજાને ગુપ્ત રાખવાનું તેમજ એના પર બહુ જ દબાણુ કરતાં રાજાને પ્રજાજનોથી સાવચેત રહેવાનું લખ્યું છે. (૬) બન્નેએ કરેલ ભારત વર્ણનના શિકાર અને વનરક્ષકોનાં વર્ણનોમાં ભારે અંતર છે. (૭) મેગે-કોઈ દાસ-ગુલામ નહોતો. ચાણુકયજી-અનેક સ્થાને દાસવર્ગ સંબંધી વર્ણન છે. (૮) ચાણુકયજીનું ગુપ્તચર વિભાગનું વર્ણન વાંચવાથી, મેગેસ્થેનીઝ કથિત આવા પ્રકારની ધારણા કે ચોરી, પાપ સાહસ આદિ કામો કરવામાં બિલકુલ અસમર્થ હતી-નષ્ટ થઇ જાય છે ( તો તો ચાણુકય પછી મેગેસ્થેનીઝ થયો હતો એમ સાબિત થઇ જાય છે ) (૯) બન્નેનાં ગ્રંથોમાં સરકારની રચના, શાસન પ્રબંધ, આર્થિક પ્રબંધ, નગરસમિતિઓ, નગરનિરીક્ષક, સ્થાનીય સંસ્થાઓ ( Local bodies ) આદિના વર્ણનોમાં પુષ્કળ ભેદ છે: જો કે બીજી ઘણી સમાનતાઓ પણુ છે જ.

આ મુદ્દાઓની સરખામણી કરવાથી સહજ ખાત્રી થશે કે તે બન્ને પુસ્તકોના કર્તાઓ સહસમયી નથી પણુ આગળ પાછળ થયેલા સમજાય છે.



# પંચમ ખંડ



# પ્રથમ પરિચ્છેદ

## શૃંગભૃત્ય યાને શુંગવંશ.(૧)

**સંક્ષિપ્ત સાર**:--હવે પછીના બે ત્રણ ખંડોના પરિચ્છેદોની કરવી પડેલી વહેંચણી વિશેની કેટલીક વિચારણા—

શુંગવંશી રાજાઓનાં, શુંગભૃત્ય અને શુંગવંશી તરીકે જીવનના ભેદની આપેલી સમજુતી તથા તેમના સમયની વિચારણા—

પુષ્યમિત્ર, અગ્નિમિત્ર તથા વસુમિત્ર વિશે ઉદ્‌ભવેલ અનેક શંકાઓ તથા તેનાં કરેલાં સંતોષકારક સમાધાન–તેમના દરેકના સત્તાકાળ વિષેના કરવા પડેલા ખુલાસા તથા નિર્ણયો–બાકીના રાજાઓની નામાવળી તથા તેમના સમગ્ર રાજકાળ બાબત કરવો પડેલો ફડચો—

પુષ્યમિત્ર, અગ્નિમિત્ર અને વસુમિત્રના જીવનસમયોની થયેલી વહેંચણી અને તે પ્રત્યેકની નક્કી કરી આપેલ સાલો–શેષ રાજાઓની અનેક પુરાણકારોએ અને ઇતિહાસકારોએ આપેલી વંશાવળી અને તેમાંથી તારવી કાઢેલું શુદ્ધિકરણ–પ્રાંતે આખા શુંગવંશની બતાવી આપેલી શુદ્ધ નામાવળી તથા વંશાવળી—

---

(૧) કે. હિ. ઈ. પૃષ્ઠ ૫૧૮, તેનું મૂળ અપ્રસિદ્ધ છે. પણ તે શબ્દનો અર્થ કે "અંજીરનું વૃક્ષ" થાય છે તે કદાચ તેમની જાતિસૂચક હશે. C. H. I. P. 514:–Origin is obscure. Their name which means "fig-tree" may perhaps be tribal.

# શુંગવંશ

## નામાવળી તથા વંશાવળી

મૌર્યવંશની સમાપ્તિ થયા બાદ ઉજૈનની—અવંતિની ગાદી શુંગવંશમાં ગઇ છે. આ શુંગવંશનો સમગ્ર રાજ્યકાળ ખરી રીતે ૯૦ વર્ષ ચાલ્યો છે. તેનો સમય ઇ. સ. પૂ. ૨૦૪ થી ઇ. સ. પૂ. ૧૧૪=મ. સં. ૩૨૩ થી મ. સં. ૪૧૩ સુધીના ૯૦ વર્ષનો ગણવાનો છે.

**ઇતિહાસકારોના મનનું સમાધાન**

અત્રે આપણે કેટલોક ખુલાસો કરવાની જરૂર છે, કેમકે વૈદિક અને જૈન ગ્રંથકારોની હકીકત એક બીજાથી જુદી પડે છે. જૈન ઇતિહાસવેત્તા શ્રીયુત્ પરિશિષ્ટકારે અવંતિના ગાદીપતિઓનો રાજ્યક્રમ વર્ણવતાં, શ્રી મહાવીરના નિર્વાણથી માંડીને, પ્રખ્યાત શકારિ વિક્રમાદિત્ય સુધીના ૪૭૦ વર્ષના સમય સુધીનો આંતરો પૂરી બતાવ્યો છે. તેમ કરતાં તેમણે જે ત્રણ શ્લોક લખ્યા છે અને તેનો ભાવાર્થ બેસારવામાં સંશોધકોએ અથવા તો મૂળ ઇતિહાસવેત્તાના સમય પછીના થયેલ વિવેચકોએ અર્થની સ્ખલનાને લીધે મૌર્યવંશની વંશાવળી ગોઠવવામાં કેવી ભૂલો ઉપસ્થિત કરી છે તે સર્વ આપણે પુ. ૧, પૃ. ૨૦૨ ઉપર દેખાડી ગયા છીએ અને મૂળ શ્લોકની હકીકત કેવી રીતે સત્ય ઠરી શકે છે તે પણ પુરવાર કર્યું છે. તેવી જ રીતે આ શુંગવંશના રાજ્યકાળની ગણનામાં પણ સ્ખલના થઇ છે.

આખાયે શુંગવંશનો રાજ્યકાળ જૈન ગ્રંથકારની માન્યતા પ્રમાણે ૯૦ વર્ષનો જ છે. જ્યારે વૈદિક ગ્રંથકારો તે સમય ૧૧૨ વર્ષનો આંકે છે.[૨] આ પ્રમાણે બે મતની વચ્ચે બાવીશ વર્ષનો ફેર રહે છે. પણ એક વાત અતિ ઉપયોગી હોવાથી આપણને માર્ગદર્શક બને છે. તે એ કે જૈન ગ્રંથકારો હમેશાં કોઇ રાજાનું કે તેના પરાક્રમનું વર્ણન કરે છે ત્યારે તે પોતે ગાદીપતિ થયા બાદ જ તેનો સમય ગણવાનું ધોરણ રાખે છે; જ્યારે વૈદિક ગ્રંથકારો તે વ્યક્તિ કોઇપણ અંશે સત્તાધીશ બને છે—પછી તે સત્તાનું પદ, રાજાનું હોય, સૈન્યપતિનું હોય કે મહાઅમાત્યનું હોય—ત્યારથી જ તેનો સમય નોંધ ઉપર ચડાવતા હોય એમ જણાય છે. જેમકે એક વ્યક્તિની સત્તા ભલે એકદમ રાજા જેટલી જ મહત્ત્વતા ધરાવનારી હોય એટલે કે જેને ઇંગ્રેજીમાં King de Jura ( ન્યાયની દૃષ્ટિએ રાજા જેવો ) કહી શકાય છે, છતાં તેને ખરી રીતે King de Facta ( સિદ્ધાંતની દૃષ્ટિએ રાજા ) જેમ ગણી શકાતો નથી જ તેમ King de Jura તરીકેના તેના સત્તાકાળને પણ King de Facta તરીકે ગણી લેવાતો નથી જ; છતાં વૈદિક ગ્રંથકારોએ ઉપરના King de Jura ને King de Facta ના ધોરણને અનુસરીને કામ લીધે રાખ્યું[૩] છે. અને તેમાં પણ જો વર્ણન કરાવાતી વ્યક્તિ, સુભાગ્યે તેમના જ ધર્માનુયાયી હોય તો વિના સંકોચે તેના યશોગાન પણ ગાવા મંડી જાય છે. આ રીત્યા જ શુંગવંશની બાબતમાં પણ તેમણે કામ લીધું હોય

(૨) જુઓ પાર્જીટર સાહેબે રચેલું ડાઇનેસ્ટિક લીસ્ટ ઓફ ધી કલિયુગ એઇજીસ નામનું પુસ્તક.

(૩) આ જ પ્રમાણે નાગવંશી નંદિવર્ધન, મૌર્યવંશી ચંદ્રગુપ્ત અને અશોકની બાબતમાં ગણત્રી કરાઇ છે. તે દરેકના રાજ્યકાળનો ખરો સમય કેટલો ગણવો જોઇએ તેની ચર્ચા કરતી વખતે આ સ્થિતિ જોઇ ગયા છીએ.

એમ દેખાય છે; કેમકે જૈન ગ્રંથકારોએ જે શુંગવંશનો સત્તાકાળ ૯૦ વર્ષનો કહ્યો છે અને વૈદિક ગ્રંથકારોએ ૧૧૨ વર્ષનો કહ્યો છે તેનો ભેદ જ એ છે કે શુંગવંશના આદિ પુરુષ પુષ્યમિત્રે કેટલાંક વર્ષો મૌર્યવંશની સેવામાં ( ભૃત્ય[૪] =સેવક તરીકે ) કેટલાંક વર્ષો આંધ્રવંશની સેવામાં ( ભૃત્ય તરીકે ) તથા કેટલાંક વર્ષો વાનપ્રસ્થ અવસ્થામાં રહી, પોતાના પુત્ર અગ્નિમિત્રના રાજ્યકાળે ગાળ્યાં છે.

આ પુસ્તકમાં પ્રથમના ષષ્ઠમ પરિચ્છેદે આપણે જણાવી ગયા છીએ કે મૌર્યવંશના છેલ્લા રાજાઓ માત્ર નામધારી જ અને ખંડિયા જેવા હતા, અને રાજ્યની કુલ લગામ તે રાજાઓ ઉપર સાર્વભૌમ જેવી સત્તા ભોગવનાર આંધ્રવંશી શાતવહન રાજાઓ તરફથી નિમાયલ સૈન્યપતિ પુષ્યમિત્રના હાથમાં જ હતી, એટલે પુષ્યમિત્ર ભલે અવંતિના રાજ્યમાં સરમુખત્યાર જેવો હતો પણ આખરીયે તો તે નોકર જ ( ભૃત્ય=સેવક ) ગણાય. પછી તે ભૃત્ય મૌર્યવંશનો ગણો કે આંધ્રવંશનો ગણો તે જુદી વાત છે. એટલે આ ભૃત્ય-સેવકપણાના મુદ્દાથી તે સમયને શુંગભૃત્યવંશી[૫] રાજઅમલ તરીકેનો કહી શકાય; અને આ બાવીશ વર્ષના શુંગભૃત્ય તરીકેના કાળ ઉપરાંત, બાકીના ૯૦ વર્ષ પર્યંત તે પુષ્યમિત્રના અનુજોએ સ્વતંત્ર રીતે ગાદીપતિ તરીકે સુખ માણ્યું ગણાય.

સાર એ થયો કે, વૈદિક ગ્રંથોનું કથન જે ૧૧૨ વર્ષનું છે તેના બે વિભાગ થયા : પ્રથમના ૨૨ વર્ષ શુંગભૃત્ય તરીકેના અને પાછળના ૯૦ વર્ષ શુંગવંશી રાજઅમલના; જ્યારે જૈન ગ્રંથકારોએ તો " ભૃત્ય " શબ્દનો ઉપયોગ જ કર્યો નથી એટલે તેમના સંબંધમાં આ ભેદભરી કાળગણત્રીનો પ્રશ્ન ઉદ્ભવતો જ નથી. અને આ પ્રમાણે બન્ને ઇતિહાસકારોનું કથન તો સત્ય જ છે; પણ વસ્તુ આલેખનની દૃષ્ટિમાં ભિન્નતા હોવાને લીધે તે બંનેનું લેખન આપણને નિરનિરાળું દેખાય છે.

**અન્ય કથનનું સમાધાન**

ઉપરના જૈન ગ્રંથકાર-શ્રીયુત પરિશિષ્ટકાર અવંતિપતિઓની નામાવળી ગણાવતાં પુષ્યમિત્ર-અગ્નિમિત્રનો રાજકાળ ૩૦ લેખે જ એક વર્ષનો[૬] કહે છે અને તે બાદ બળમિત્ર-ભાનુમિત્રના ૬૦ વર્ષ ગણે છે. અને એમ કરીને તે ચાર નામમાં જ ૩૦+૬૦=૯૦ વર્ષનો સમય પૂરો કરી બતાવે છે; જ્યારે વૈદિક પુરાણોમાં શુંગભૃત્ય-શુંગવંશી રાજાઓની સંખ્યાનો આંક ૮ થી ૧૦ નો આપે છે[૭] અને તેમાં પુષ્યમિત્રના ૩૮, અગ્નિમિત્રના ૭, વસુમિત્રના ૭, એમ કુલ ૫૨ વર્ષનો સમય નોંધી,

---

( ૪ ) નીચેની ટીકા નં. ૫ જુઓ.

( ૫ ) શુંગભૃત્યઃ = શુંગ+ભૃત્યઃ એટલે વિદ્વાનોએ **शुंगस्य भृत्यः** શુંગવંશનો નોકર એવો અર્થ કર્યો છે તે ભૂલ ખવરાવનાર છે; પણ તેનો અર્થ **शुंगः एव भृत्यः** =શુંગવંશની જે વ્યક્તિ તેનો પોતાનો સત્તાકાળ તો ખરો પણ તે સત્તાકાળ રાજા તરીકેનો નહીં જ: માત્ર ભૃત્ય=સેવક તરીકેનો જ. એટલે શુંગવંશી વ્યક્તિ પોતે જ એક સેવક તરીકે છે એમ ગણવું ( આ જ પ્રમાણે પુ. ૪ માં આંધ્રભૃત્યઃ નો અર્થ સમજવાનો છે: સરખાવો પુ. ૧, પૃ. ૧૫૪, તેમજ ૩૯૦ નાં ટીપ્પણો તથા આ પરિચ્છેદે આગળ ઉપરનાં વિવેચન અને હકીકત.

( ૬ ) આ ત્રીસ વર્ષના કાળ સંબંધી ખુલાસો આગળ ઉપર આ પરિચ્છેદે કરેલ છે તે જુઓ.

( ૭ ) આ સંખ્યા માટેની નામાવળી આગળ ઉપર ઉતારી છે તે જુઓ.

તે બાદ સુજ્યેષ્ઠાદિથી માંડીને દેવભૂતિ સુધીના રાજાનાં નામો[૮] તેમજ તે પ્રત્યેકનો રાજ્યકાળ ગણાવી, એક સો બારમાંથી ખૂટતાં ( ૧૧૨–૫૨= ૬૦ ) બાકીના ૬૦ વર્ષ તેમના ખાતે સમર્પી, કાળગણના પૂરી કરી બતાવે છે.

અહીં આ બે મતનું સમાધાન કેવી રીતે કરી શકાય છે તે હવે તપાસીએ.

**જૈન** મત પ્રમાણે પુષ્યમિત્ર—અગ્નિમિત્રના ૩૦ વર્ષ છે, પણ તેઓ વસુમિત્રનું નામ સુદ્ધાં પણ દર્શાવતા નથી. એટલે અનુમાન થાય છે કે, તેમના મંતવ્ય પ્રમાણે માત્ર પુષ્યમિત્ર અને અગ્નિમિત્ર જ ગાદીપતિ બન્યા હશે; પણ વસુમિત્ર ગાદીપતિ બન્યો નહીં હોય અથવા બહુબહુ તો પોતાના દાદા પુષ્યમિત્ર અને પિતા અગ્નિમિત્રના રાજ્યઅમલ દરમ્યાન તે બહુજ બહોળી સત્તા ધરાવનાર એક રાજકર્મચારી બનવા પામ્યો હશે.

વળી આ અનુમાનને વૈદિક ગ્રંથાનુસાર આડકતરી રીતે ટેકો પણ મળે છે; કેમકે વસુમિત્ર પછી જે અન્ય રાજાઓની હારમાળા તેમણે બતાવી છે તેમાં " વસુમિત્ર બીજો " એવા શબ્દ નીકળે છે. એટલે કે આ " બીજા વસુમિત્ર " પહેલાં કોઇ એક વસુમિત્ર નામે જ પહેલો રાજા તે જ વંશમાં થઇ ગયો છે. વળી માલવિકાગ્નિમિત્ર નામે જે નાટકનો ગ્રંથ બહાર પડેલ છે તેમાં પણ વસુમિત્રનું ચારિત્ર કેટલેક અંશે વર્ણવ્યું છે. તેનું સ્વરૂપ જોતાં તો તે વસુમિત્ર કેમ જાણે એક સ્વતંત્ર મુખ્ય પાત્ર હોય એવા અનુમાન ઉપર જવાય છે. એટલે રાજ્યકાળ ગણવા માટેની જે આદત વૈદિક ગ્રંથકારોએ અખત્યાર કર્યાનું આપણે ઉપરમાં જણાવી ગયા છીએ તે ધોરણાનુસાર તેમણે વસુમિત્રનું કે વાસુમિત્રનું નામ રાજાઓની નામાવળીમાં દાખલ કરી દીધું હોય એ બનવાયોગ્ય છે. સારાંશ એ કે પુષ્યમિત્ર-અગ્નિમિત્ર અને વાસુમિત્ર તે ત્રણેનો સમગ્રકાળ રાજપદ તરીકેનો ૩૦ વર્ષનો જ ગણવો અને તેમાં પણ "શુંગભૃત્ય" તરીકે પ્રથમના ૨૨ વર્ષ ઉમેરતાં કુલ ૨૨+૩૦ ૫૨ વર્ષનો ગણવો; તેમજ કેટલાક પૌરાણિક ઇતિહાસકારોએ[૯] જે એકલા પુષ્યમિત્રના ૩૮ અને અગ્નિમિત્ર-વસુમિત્રના દરેકના ૭–૭ મળી ૧૪ બતાવે છે તે પુષ્યમિત્રના ૩૮ સાથે મેળવતાં પણ ૫૨ નો આંક મળી રહે છે. એટલે પણ સાબિત થાય છે કે, ૩૮, ૭ અને ૭ ની સંખ્યામાં કાંઇક સત્યાંશ સમાયલું જ છે. પછી કોના હિસ્સે કેટલાં વર્ષ ગણવાં તે જ જરા જટિલ પ્રશ્ન છે, છતાં વાચકવર્ગને સરલતાથી સમજાય અને વિશેષ ખુલાસાની અપેક્ષા ન રહે તે માટે સ્પષ્ટપણે ચર્ચા કર્યા સિવાય આપણો છૂટકો પણ નથી જ; તે વિષય થોડીવાર પછી હાથ ધરીશું. આટલી બધી લાંબી ચર્ચાનો ફલિતાર્થ એ થયો કે—જૈન તેમજ વૈદિક બન્ને મત સાચાં જ છે એમ અંગિકાર કરીને કામ લેવા જતાં—( ૧ ) પુષ્યમિત્ર—અગ્નિમિત્ર અને વસુમિત્ર એમ ત્રણેનો સ્વતંત્ર શુંગવંશી અમલ તરીકેનો સમગ્ર રાજ્યકાળ માત્ર ૩૦ વર્ષનો જ છે. ( ૨ ) બાકીના સર્વ રાજાનો સમૂહકાળ ૬૦ વર્ષનો અને ( ૩ ) એકલા પુષ્યમિત્રનો શુંગભૃત્ય તરીકેનો કાળ ૨૨ વર્ષનો—આ પ્રમાણે આખા શુંગવંશી રાજઅમલના ત્રણ ભાંગા-વિભાગ પડી ગયા.

**બાકીના રાજાઓના સમૂહકાળના ૬૦ વર્ષ**

હવે બાકીના રાજાઓના સમયનો વિચાર કરીએ. કેટલાક પુરાણમાં તેઓની નામાવળી અને સમયાવળી આ પ્રમાણે આપી છે. સુજ્યેષ્ઠના ૭, પુલિંદિકના ૩, ઘોષના ૩,

( ૮ ) ઉપરની ટી. નં. ૭ જુઓ.

( ૯ ) જુઓ ઉપરની ટીકા નં. ૭.

વસુમિત્ર બીજાના ૭, ઓદ્રકના ૭ અને દેવભૂતિના ૧૦ એમ મળી ૭ રાજાના કાળે ૬૭ વર્ષ ગણાવ્યા છે: જ્યારે બીજાઓમાં, ઉપરના વર્ષના આંકમાં તેમજ તે નામો ગોઠવવાના ક્રમમાં પણ ફેરફાર છે. જ્યારે કોઇમાં વળી ભાગ અથવા ભાગવત નામે એક રાજાનું નામ વિશેષ ગણાવી તેના ખાતે ૩૨ વર્ષ જેટલો લાંબો કાળ નોંધાવ્યો છે. ગમે તેમ હો; પણ એટલું તો સ્પષ્ટ સમજાય જ છે કે, આ બધા રાજાઓની સંખ્યા પછી તે પાંચની, છની કે સાતની હો પણ તે બધાનાં રાજ્યમાં કોઇ મહત્ત્વનો પ્રસંગ ઇતિહાસની દૃષ્ટિએ અને વૈદિક ગ્રંથકર્તાઓના મંતવ્ય પ્રમાણે વિચારવા યોગ્ય બન્યો નહીં હોય; અથવા જો બનવા પામ્યો હોય તો તેમને નામોશી ઉપજાવનારો જ હોવો જોઇએ; કે જેથી પોતાના ધર્માનુયાયી રાજાઓનું નબળું પાસું બહાર પડતું દેખાડાતું દાબી રાખવાનું આવકારદાયક લાગ્યું હોય; કેમકે જો ગૌરવવતો કોઇ પ્રસંગ તેમના યશસ્વી રાજ્યકાળે ઉપસ્થિત થવા પામ્યો હોત, તો પૌરાણિક ગ્રંથકારો તેને બુલંદ અવાજે જાહેર કરવાને બહાર પાડયા વિના રહેત નહીં. અરે ! છેવટે માનપણું ન સેવતાં કાંઇ ભાંગ્યાતૂટયા શબ્દોમાં પણ ઉલ્લેખ તો કરત જ.

બીજી બાજૂ જૈન ગ્રંથોમાં માત્ર બળમિત્ર અને ભાનુમિત્ર બેનાં જ નામ આપી, તેમના કાળે ૬૦ વર્ષ ગણાવ્યાં છે. આ બન્ને સાંપ્રદાયિક ગ્રંથ આલેખનનો વિચાર કરતાં એમ સમજવાનું કારણ મળે છે કે પૌરાણિક ગ્રંથકારોએ જે નામો આપ્યાં છે તેમનું સ્વરૂપ જોતાં તે નામો વ્યકિતગતરૂપે કદાચ હશે; એટલે કે તેમણે રાજમુકટ ધારણ કર્યા પહેલાંના હશે, જ્યારે જૈન ગ્રંથકારોએ સૂચવેલાં નામો રાજ્યપદ પ્રાપ્ત કર્યા પછીનાં હશે; તેમ વળી પુરાણકારો તરફથી નામાવળી રજૂ કરાઇ છે તે સર્વેમાં—એટલે કે પાંચ સાત નામોમાં—માત્ર ઉપરનાં બેનાં નામ જ બળમિત્ર તથા ભાનુમિત્ર હશે. ( વળી આ સર્વે નામોમાં અંત્યાક્ષર મિત્ર હોવાથી તે પુષ્યમિત્ર—અગ્નિમિત્ર વસુમિત્રના વંશજોનાં નામો હોવાની સૌમ્યતા પણ બતાવે છે ) અને બાકીનાનો ઉલ્લેખ કરવાનું તેમણે છોડી દીધું હશે; તેના કારણમાં કદાચ તેમને તે ૭ સાત રાજાનો રાજ્યઅમલ દમ વિનાનો પણ લાગ્યો હોય. જ્યારે પરિશિષ્ટગ્રંથમાં જ્યાં આ બધો રાજ્યકાળ ગણાવ્યો છે ત્યાં તો માત્ર અવંતિપતિ તરીકે મુખ્ય મુખ્ય રાજાઓનાં નામનો અને રાજવંશનો જ ઉલ્લેખ કરાયો છે. એટલે કે તે કથન માત્ર કાળગણનાનું અંતર દર્શાવવા પૂરતું જ આપેલું છે, નહીં કે તે કથન તેમના સમગ્ર જીવનની આલોચના કરી બતાવવા અર્થે કરાયું હોય. એટલે વાસ્તવિક પણ ગણાશે કે, તેમનો હેતુ "બળમિત્ર—ભાનુમિત્ર આદિ" રાજાઓ ગણાવવાનો અને તે સર્વેનો એકંદર રાજ્યકાળ ૬૦ વર્ષ જેટલો હતો એટલું બતાવવા પૂરતો જ હશે: અને તેથી કરીને તે બધામાંનાં પ્રથમનાં બે જ નામ આપ્યાં, અને તેમનો સમૂહકાળ ૬૦ વર્ષનો કહ્યો.

હવે આખા વંશની—સમય પરત્વેની—વંશાવળીની સમજણ તથા વિચારણા સમાપ્ત થઇ તથા બન્ને સાંપ્રદાયિક ગ્રંથકર્તાઓ પોતપોતાનો ઇતિહાસ આલેખવામાં સત્યથી વેગળા ગયા નથી તે બાબત પણ સાબિત થઇ ગઇ.

આ પ્રમાણે સામાન્ય વિચારણા થઇ રહ્યા બાદ જે ત્રણ ભાંગા-વિભાગ આપણે ઉપરમાં પાડી બતાવ્યા છે અને જેને જટિલ પ્રશ્નની ઉપમા આપી છે તેનો ઊકેલ કરવા માટે હવે આપણે ઉદ્યમવંત થઇશું.

ઉપરનાં પૃષ્ઠોમાં વર્ણન કરતાં આપણે કેટલીક સ્થિતિ કલ્પી લઇને અનુમાનાર્થે ગયા

**તેમના જટિલ પ્રશ્નનો ઊકેલ**

છીએ. તેમાં કોઈક સ્થળે આપણે ગોથું પણ ખાઇ ગયા હોઈશું. પણ તેને કસી જોઇ, ખરા અંદાજ ઉપર છીએ કે કેમ તે તપાસવાનું સાધન જ્યાં સુધી ન મળે ત્યાંસુધી નિશ્ચિત સ્વરૂપે આપણે કહી શકીએ નહીં. એટલે બીજો કોઇ સંગીન અને ભરોસાદાર માર્ગ મેળવી શકાય તો વિશેષ મજબૂતપણે આગળ વધવાનું હિતકર લેખાશે. અહીં પેલા સમર્થ ઇતિહાસકાર મિ. વિન્સેંટ સ્મિથે જે સૂત્ર ઇતિહાસના નવસર્જનમાં ઉપયોગી થઇ પડવાનું જણાવ્યું[10] છે અને જેનું અવલંબન આપણને પુ. ૧ લામાં અનેક પ્રાચીન વંશોની નામાવળી તથા વંશાવળી ગોઠવવામાં તથા પુ. ૨ જામાં મૌર્યવંશની વંશાવળી ઊભી કરવામાં મદદરૂપ થઇ પડયું હતું, તે સ્મરણપટ ઉપર તરી આવે છે; અને તેનો જો આશ્રય મેળવી શકાય તો લેવો એમ આપણને મન થયાં કરે છે. તે સૂત્ર Chronology=સમયાવળીને લગતું છે. એટલે કે ગણિતશાસ્ત્રની મદદ લઇને જો અમુક અમુક આંકડા ઉપજાવી શકાતા હોય, તો એક બાજૂ જેમ તેને કોઇ કાલે કોઇ પણ વ્યક્તિ ખોટા પાડી શકતું પણ નથી, તેમ બીજી બાજૂ ઇતિહાસ આલેખનારને તે આધારે અમુક વ્યક્તિના જીવન-બનાવોની ગુંથણી કરવામાં, તેમજ અન્ય મુદ્દાઓની તારવણી કરવામાં દીવાદાંડીરૂપ બની અતિ ઉપકારક થઇ પડે છે. એટલે આપણી પાસે પડેલ સામગ્રીમાંથી જો તેવા આંકડા ઊભા કરી શકાતા હોય તો પ્રથમમાં આપણે તેવો પ્રયત્ન કરી લઇએ. એટલે તે આધારે, પછી તેમનો રાજ્યકાળ નક્કી કરવામાં કાંઇજ અડચણ નડે નહિં. આટલું બની શકે ત્યાંસુધી, તેમનાં પ્રત્યેકના જીવનવૃત્તાંતો આલેખવાનું કાર્ય મુલતવી રખાય તો ગેરવ્યાજબી નહીં ગણાય.

## પુષ્યમિત્ર

**વિશેષ સ્પષ્ટપણે સમાધાન**

પૌરાણિક તથા જૈન, એમ બન્ને સંપ્રદાયના ગ્રંથોમાં જણાવાયું છે કે[11] વિક્રમ સંવત પહેલાં ૧૨૪ વર્ષે કલ્કી નામે રાજા થશે; જે ૮૬ વર્ષનું આયુષ્ય ભોગવી મરણ પામશે. આ પ્રમાણે જ્યારે બન્ને કોટિના ગ્રંથકારો સહમત-એકમત થાય છે ત્યારે તે કથનની સત્યતા વિશે ઊંડાણમાં ઉતરી તપાસ કરવાનું આપણને રહેતું નથી. તે ગણત્રી પ્રમાણે, ઇ. સ. પૂ. ૫૭=મ. સં. ૪૭૦ જે વિક્રમ સંવત્સરનો પ્રારંભકાળ ગણાય છે તેમાંથી ૧૨૪ વર્ષ બાદ કરતાં ઈ. સ. પૂ. ૫૭+૧૨૪=ઈ. સ. પૂ. ૧૮૧ એટલે મ. સં. ૪૭૦-૧૨૪=મ. સં. ૩૪૬ આવશે, કે જે સમયે રાજા કલ્કી થશે એમ કહેવાનો ભાવાર્થ છે; પણ તે સમય તે રાજા કલ્કીના જન્મનો ગણવો, કે કલ્કી તરીકે નામ નિષ્પન્ન થયેલ રાજાના રાજ્યનો આરંભકાળ ગણવો, કે તે કલ્કી નામ જ તેને તે સમયે પ્રાપ્ત કર્યું હતું એમ ગણવું, તે મુદ્દા તપાસવા રહે છે.

રાજા કલ્કિનું વૃત્તાંત જે આપણે આગળ ઉપર વર્ણવીશું તે ઉપરથી જોઇ શકાશે કે તે તે ગ્રંથકારોએ આ ઉપનામ રાજા પુષ્યમિત્રને જ લાગુ પાડયું છે, અને તેમના મંતવ્યમાં તેઓ કેટલેક અંશે વ્યાજબી પણ છે; કારણ કે અન્ય દેશી વિદ્વાનોએ ઇતિહાસ શોધીને જે પ્રમાણે મત દર્શાવ્યો છે તે પ્રમાણે પુષ્યમિત્રને મહાશક્તિશાળી

(૧૦) જુઓ પુ. ૧ લું: પ્રશસ્તિ પૃ. ૧૪

(૧૧) આ કથનના વિશેષ અધિકાર માટે આગળ ઉપર અગ્નિમિત્રના જીવનવૃત્તાંતે જુઓ.

પુરુષ માની લીધો છે. પણ આપણે હવે પછીના પૃષ્ઠોનાં વાંચનથી જોઇ શકીશું કે તે સઘળો પ્રભાવ કે શક્તિ, રાજા પુષ્યમિત્રના કરતાં તેના પુત્ર અગ્નિમિત્રમાં જ છે એમ પુરવાર થઇ શકે છે. અલબત્ત, રાજા પુષ્યમિત્રની પ્રવૃત્તિની શરૂઆત ઇતિહાસની દૃષ્ટિએ વિચારતાં સેનાધિપતિ તરીકેના હોદ્દાથી થઇ છે; અને તે હોદ્દો જો કે મહાન્ જોખમદારી ધરાવતો ગણાય છે, છતાં રાજાના પદ કરતાં સૈન્યપતિપદની જવાબદારી તો કેટલેય દરજ્જે—અરે ! કહો કે અનેક ગણી—ઓછી જ ગણાય છે. તેમ વળી રાજ્યની ખરી લગામ શુંગવંશી તરીકે રાજા પુષ્યમિત્રના હાથમાં આવી, ત્યારે તો તે લગભગ ખખડધજ જેવો અને નિષ્ક્રિય જિંદગી ગાળવા જેટલી વૃદ્ધ ઉમરનો બની ગયો હતો. એટલે કે તે પોતે જેને વૈદિક ધર્મમાં વાનપ્રસ્થ અવસ્થા કહેવાય છે તેવી અવસ્થા ગાળતો હતો; (જે પ્રમાણે સમ્રાટ પ્રિયદર્શિનના રાજ્યાભિષેક થયા બાદ, સમ્રાટ અશોકે પણ લગભગ ૧૯ વર્ષ ગાળ્યાં હતાં) પણ તેની વિદ્યમાનતા હોવાથી, સમ્રાટ અગ્નિમિત્ર પોતે ગાદીપતિ હોવા છતાં તેમનું માન જાળવી રાખતો હતો; જેથી કરીને વૈદિક ગ્રંથકારોએ રાજા પુષ્યમિત્રની તે વાનપ્રસ્થ અવસ્થાના સમયકાળને પણ રાજત્વકાળમાં ગણ્યો છે; એટલે પુષ્યમિત્રની સત્તાના બે વિભાગ પાડી શકાશે:

| | |
|---|---|
| (૧) મૌર્યવંશી રાજઅમલ દરમ્યાન સેનાધિપતિના પદ ઉપરના... ... | ૨૨ વર્ષ. |
| (૨) અને પુરાણકારો તેના અમલના જે ૩૭–૩૮ વર્ષ ગણાવે છે તેમાંથી ઉપરના ૨૨ વર્ષ જતાં બાકી વાનપ્રસ્થ અવસ્થાના રહ્યા તે... ... ... | ૧૬ વર્ષ. |
| | ૩૮ વર્ષ. |

એમ કુલ મળીને ૩૮ વર્ષ સુધી તેનો સત્તાકાળ ગણીશું.

હવે જૈન ગ્રંથકારોનાં અભિપ્રાય પ્રમાણે તેના નામ સાથે ૩૦ વર્ષ ગણાવાયાં છે, અને આ ૩૦ વર્ષ પણ ખુદ રાજ્યપદના કાળ તરીકે તો નથી જ લેખાવ્યા; પણ જુદા જુદા અમલ દરમ્યાન તેણે જે સંયુક્ત અધિકાર ભોગવ્યો હતો તેના સરવાળાની નોંધ તરીકેનાં હોય એમ સમજાય છે; કેમકે જો તેમ ન હોત અને એક સ્વતંત્ર સત્તાધીશ તરીકે તેના એકલાના ખાતે જ તે સમય નોંધવો હોત, તો જેમ હંમેશાં તેઓ લખતા આવ્યા છે તેમ, તેનું એકલાનું જ નામ લખીને તેની સાથે ૩૦ વર્ષનો આંક મૂકત; પણ તેમ જ્યારે તેઓએ દર્શાવ્યું નથી ત્યારે સ્પષ્ટ થાય છે કે તે પોતે તેમના મત પ્રમાણે સ્વતંત્ર રાજા તરીકે કદી નહીંજ આવ્યો હોય; અને તેથીજ પુષ્યમિત્ર–અગ્નિમિત્ર એમ બન્નેનું નામ ભેગું લખીને તેમના ખાતે ત્રીસ વર્ષ મૂકવા દુરસ્ત ધાર્યું લાગે છે. આમ કરીને તેઓએ પુષ્યમિત્રનું નામ તો સૂચવ્યું છે પણ તેની ગણના ગૌણપણે રાખી, અગ્નિમિત્રનું મુખ્યતાએ ગણવું જોઇએ તેવી ગૂઢ સંજ્ઞા પણ સૂચવી છે. હવે જો ત્રીસ વર્ષ, જે પુષ્યમિત્ર-અગ્નિમિત્રના સંયુક્ત અમલના છે, તેમાંથી પ્રથમના સોળ વર્ષનો કાળ જે સમયે પુષ્યમિત્ર પોતે વાનપ્રસ્થ અવસ્થામાં હતો, એમ આપણે ઉપર સાબિત કરી ગયા છીએ તે બાદ કરવામાં આવે તો, બાકીના ચૌદ વર્ષનો કાળ અગ્નિમિત્રના સ્વતંત્રપણે રાજકારોબાર ચલાવ્યાનો રહેશે. એટલે તાત્પર્ય એ થયો કે, અગ્નિમિત્રના ત્રીસ વર્ષના રાજ્યઅમલ દરમ્યાનમાંના, પ્રથમના સોળવર્ષ સુધી પુષ્યમિત્ર વાનપ્રસ્થાવસ્થામાં હૈયાત રહ્યો હતો. હવે વાચકને સમજાશે કે પુષ્યમિત્રને ખાતે જે ૩૮ વર્ષ સુધીનો સત્તાધિકાર ગણાવ્યો છે ( જુઓ પૃ.

૪૯. ) તે પણ વ્યાજબી છે. તેમ તેનું નામ ખરા શુંગવંશના રાજાની નામાવલિમાં ન મૂકતાં[૧૨] ( જુઓ આગળ ઉપર તેની નામાવલી ) માત્ર શુંગભૃત્ય તરીકે ગણાવાયું છે તે પણ વ્યાજબી છે. એટલે હાલ તો આપણે તેને રાજનીતિના એક અઠંગ ખેલાડી તરીકે અથવા તો એક રાજરત્ન તરીકે ગણી લઈશું: પણ એક સ્વતંત્ર સમ્રાટ તરીકે તો નહીં જ.

તેનું મરણ ૮૦ વર્ષની ઉમરે[૧૩] ( કે ૮૮ વર્ષની ઉમરે ) થયાનું પુરાણકારે જણાવ્યું છે. એટલે હવે આપણે તેના જીવનના જુદા જુદા અધિકારની તારીખો ચોક્કસપણે નીચે પ્રમાણે ગોઠવી શકીએ.

| | મ. સં. | ઇ. સ. પૂ. | તેની ઉમર | ભોગવેલ પદના વર્ષ |
|---|---|---|---|---|
| જન્મ | ૨૫૧ | ૨૭૬ | ૦ | ૦ |
| સેનાધિપતિ | ૩૦૧થી ૩૨૩ | ૨૨૬ થી ૨૦૪ | ૫૦ થી ૭૨ | ૨૨ |
| વાનપ્રસ્થ અવસ્થા | ૩૨૩ થી ૩૩૯ | ૨૦૪ થી ૧૮૮ | ૭૨ થી ૮૮ | ૧૬ |
| | | | કુલ વર્ષ | ૩૮ |
| મરણ | ૩૩૯ | ૧૮૮ | ૮૮ | ૦ |

## અગ્નિમિત્ર

રાજા અગ્નિમિત્રને અમરકોષની ટીકામાં ચક્રવર્તી જેવો જે ગણાવ્યો છે તે વાસ્તવિક દેખાય છે; કેમકે તે હકીકત તેના રાજ્યવૃત્તાંત ઉપરથી પણ સાબિત થઈ જાય છે. વળી તે એક પ્રબળ પ્રતાપી, સત્તાશીલ અને મહાપરાક્રમી રાજા હતો; કેમકે તેણે પોતાની જવલંત અને વિજયી કારકીર્દિની નિશાની તરીકે બે મોટા અશ્વમેધ યજ્ઞો પોતાના રાજપુરોહિત પતંજલી મહાશયના આધિપત્ય નીચે કરાવ્યા હતા; તેમ જ કલ્કિ રાજાનું જે વર્ણન ( આગળ ઉપર જણાવવામાં આવશે) પુરાણિક ગ્રંથોમાં લખાયલું છે તે પણ આબાદ રીતે તેને જ લાગુ પડતું હોય એમ દેખાય છે. આ સઘળી હકીકતથી તેની શક્તિ અને પ્રભાવનું માપ આપણે સહજ કાઢી શકીએ તેમ છે.

અત્રે હવે એક પ્રશ્ન વિચારવો રહે છે.

(૧૨) ઇં. હિ. કવૉ. પુ. ૫, આંક ૩ ( ૧૯૨૯ ) પૃ. ૩૯૭:—પુષ્યમિત્રને દિવ્યાવદાનના ૨૯ મા અવદાનમાં મૌર્યવંશના અંતિમ રાજા તરીકે જણાવ્યો છે; નહીં કે શુંગવંશના પ્રથમ રાજવી તરીકે ( એટલે કે બૌદ્ધગ્રંથોમાં, પુષ્યમિત્રને મૌર્યવંશી રાજા તરીકે ઓળખાવ્યો છે ) Ind. His. Quart V. No 3 ( Sept 1929) P. 397:–In Divyavadana XXIX Pusyamitra is relpresented as the last king of the Maurya Dynasty and not the first king of the Sunga Dynasty-

(૧૩) જો ૮૦ વર્ષનું આયુષ્ય લઈએ તો તેનો જન્મ મ. સં. ૨૫૯–ઈ. સ. પૂ. ૨૬૮ આવે: જ્યારે તેના પુત્રનો જન્મ મ. સં. ૨૬૭માં છે ( જુઓ આગળ ઉપર ) તો શું તેની ૮ વર્ષની ઉમરે પુત્રસાંપડ્યો હશે ? તેમ ગણી લેવું અયુક્ત છે, પણ તેને સોળ વર્ષની ઉમરે પુત્ર થયેલ હજુ ગણી શકાય એટલે ૮૦ ને બદલે ૮૮ ની ઉમર જ ગણવી જોઈએ (સંભવિત છે કે મૂળગ્રંથમાં એક ૮ હશે અને બીજો ૮ ઊડી ગયો હશે. એટલે નકલ કરનાર લહીઆએ પોતાની બુદ્ધિ અનુસાર બીજા ૮ ને બદલે ૦ લખીને ૮૮ ને બદલે ૮૦ લખી નાંખ્યા હોય )

આપણે આગળ ઉપર જે ઇ. સ. પૂ. ૧૮૧=મ સં. ૩૪૬ની સાલ રાજા કલ્કિની જણાવી ગયા છીએ, તે તેના મરણની લેખવી કે તેના રાજ્યના પ્રારંભની કે અમુક કાર્યો કરીને તેણે કલ્કિનું બિરુદ પ્રાપ્ત કર્યું છે તેની ગણવી; અને આ પ્રશ્નના ઉકેલ ઉપર જ શુંગવંશી રાજ્યકર્તાઓની વંશાવળી ગોઠવવી રહે છે; તેટલા માટે તેનો નિચોડ પ્રથમ હાથ ધરવો રહે છે.

ઉપર જણાવી ગયા છીએ કે શુંગવંશની શરૂઆત—અથવા તેના રાજ્યનો પ્રારંભ—મ. સં. ૩૨૩=ઈ. સ. પૂ. ૨૦૪ માં થઈ છે અને તેણે ૩૦ વર્ષ સુધી રાજ્યઅમલ ભોગવ્યો છે. તે પ્રમાણે હિસાબ લગાવીએ તો તેનું મરણ તો મ. સં. ૩૨૩+૩૦=૩૫૩ માં આવશે. જ્યારે ઉપર તો આપણું ૩૪૬ ની સાલનો મેળ ઘટાવવો રહે છે, કેમકે તે વખતે રાજા કલ્કિ થયો હોવાનું જણાવાયું છે. એટલે આ ૩૫૩ અને ૩૪૬ ની વચ્ચે ૭ વર્ષનો જે ફેર રહે છે તેનો ખુલાસો આપણે શોધી કાઢવો રહે છે. બીજી બાજુ એક વાત એમ નોંધાયલી છે કે, પુરાણકારના જણાવ્યા પ્રમાણે તેણે બીજો અશ્વમેધ યજ્ઞ કર્યા બાદ, માત્ર આઠ વર્ષ જેટલું જ આયુષ્ય ભોગવ્યું છે[૧૪] (આ આઠ વર્ષ પૂરાં પણ હોય કે સાત વર્ષ ઉપર થોડાક માસ વીત્યા હોય તો પણ તે કાળને આઠ વર્ષ તરીકે ગણાવી દીધો હોય) એટલે કે, આ બીજો અશ્વમેધ કર્યાની જે સાલ છે તે, તેનું મરણ થયું તે પહેલાં આઠમા વર્ષની જ દેખાઈ આવે છે. અને ઉપરમાં નોંધ લેવાઈ ગયા પ્રમાણે પણ, તેના મરણ અને કલ્કિ થયાના સમય વચ્ચેનું અંતર ૭-૮ વર્ષનું જ છે; તેમજ જૈન ગ્રંથોમાં પણ એમજ કહેલ છે કે, ૩૪૬ માં રાજા કલ્કિનું ઉત્પન્ન થવું થશે. આ ઉપરથી સમજાશે કે અંહી ઉત્પત્તિનો અર્થ જન્મ (અથવા માતાના પેટે જન્મવું) એમ નહીં, પણ રાજા કલ્કિના બિરુદ તરીકેની પ્રાપ્તિનો સમય લેખવો રહે છે. સઘળી વાતનો સાર એ થયો કે, રાજા અગ્નિમિત્રે બીજો અશ્વમેધ યજ્ઞ સંપૂર્ણ કરી મ. સં. ૩૪૬=ઈ સ. પૂ. ૧૮૧ માં સાર્વભૌમત્વનું પદ ધારણ કર્યું છે; અને ત્યારથી જ જૈન ગ્રંથકારોએ તેને રાજા કલ્કિ તરીકે ઓળખવો શરૂ કર્યો છે.

તેનું મરણ મ. સં. ૩૫૩=ઇ. સ. પૂ. ૧૭૪ માં જ્યારે તે ૮૬ વર્ષની ઉમરે પહોંચ્યો હતો ત્યારે નીપજ્યું છે. એટલે તે હિસાબે તેનો જન્મ[૧૫] ૩૫૩-૮૬=૨૬૭ મ. સં.=ઇ. સ. પૂ. ૨૬૦ માં થયો હતો એમ ગણવું રહે છે.

એટલે તેની સાલવારી ચોક્કસપણે નીચે પ્રમાણે આપણે ટાંકી શકીશું.

| | | મ. સં. | ઇ. સ. પૂ. | ઉમર | ભોગવેલ પદવીનો સમય |
|---|---|---|---|---|---|
| જન્મ | | ૨૬૭ | ૨૬૦ | ૦ | ૦ |
| રાજપદે | પણ પોતાની પિતાની હૈયાતી દરમ્યાન. | ૩૨૩ થી ૩૩૯ | ૨૦૪ થી ૧૮૮ | ૫૬ થી ૭૨ | ૧૬ વર્ષ |
| | સ્વતંત્ર સમ્રાટ તરીકે | ૩૩૯ થી ૩૫૩ | ૧૮૮ થી ૧૭૪ | ૭૨ થી ૮૬ | ૧૪ ,, |
| કલ્કિ બિરુદની પ્રાપ્તિ | | ૩૪૬ | ૧૮૧ | ૭૯ | ૭[૧૬] ,, |
| મરણ | | ૩૫૩ | ૧૭૪ | ૮૬ | ૦ |

(૧૪) જુઓ નીચેનું ટી. નં. ૧૬ તથા તેને લગતું અસલ વર્ણન.

(૧૫) સરખાવો ઉપરની ટીકા નં. ૧૩.

(૧૬) ભા. પ્રા. ઇ. પૃ. ૨૨૫ પુષ્પમિત્ર કે પુત્ર અગ્નિમિત્રને કેવળ આઠ હી વર્ષ રાજ્ય કિયા. સરખાવો નીચેનું ટી. નં. ૨૬.

### વસુમિત્ર

તેના વિશે એમ જણાવાયું છે કે, જ્યારે તેનો દાદો પુષ્પમિત્ર રાજ્યના મુખ્ય અંગ તરીકે સત્તાવાન થયો ત્યારે તેની ઉમર વીસ વર્ષની હતી.[૧૭] તથા કેટલાક પુરાણકારોના મત પ્રમાણે તે ૭ વર્ષ સુધી સત્તાધીશ રહ્યો છે.[૧૮] જ્યારે કેટલાકના મતે તેની સત્તા દસ વર્ષ સુધી જ રહી હતી.[૧૯]

આટલી હકીકતને મૂળ પાયા તરીકે સ્વીકારી લઇ તેમાંથી જો કોઈ રસ્તો જડે તો શોધી લઇએ. હવે આ મુખ્ય અંગ તરીકે ગણાતો પ્રસંગ તે કયો હોઇ શકે તે જોવું રહે છે. તેવા ત્રણ પ્રસંગો સંભવી શકે છે; અને તે દરેક પ્રસંગના આધારે તેના જન્મ તથા મરણનો સમય નીચેના કોઠામાં બતાવ્યા પ્રમાણે કાઢી શકાશે.

| પ્રસંગનું નામ | તે આધારે તેનો જન્મ ઇ. સ. પૂ. | તેનું મરણ ઇ. સ. પૂ. |
|---|---|---|
| (૧) પુષ્યમિત્રનું સેનાધિપતિના પદે સ્થાપન થયાનું ગણીએ તો (તે ઇ. સ. પૂ. ૨૨૬ માં હોઇને. જુઓ પૃ. ૪૫૮) | ૨૪૬ (મ.સં.૨૮૧) | ૨૧૯ વા ૨૧૬ (મ.સં.૩૦૮-૩૧૧) |
| (૨) પુષ્યમિત્રનું વાનપ્રસ્થ થવું અને અગ્નિમિત્રનું રાજપદે આવવું ગણીએ તો (ઇ.સ.પૂ. ૨૦૪માં તે છે. જુઓ પૃ.૪૫૯) | ૨૨૪ (મ.સં.૩૦૩) | ૧૯૭-૧૯૪ (મ.સં. ૩૩૦-૩૩૩) |
| (૩) પુષ્યમિત્રનું મરણ અને અગ્નિમિત્રનુ સ્વતંત્ર સમ્રાટ બનવું ગણીએ તો (ઇ સ. પૂ.૧૮૮ માં તે છે. જુઓ પૃ.૪૫૯) | ૨૦૮ (મ.સં ૩૧૯) | ૧૮૧-૧૭૮ (મ.સં.૩૪૬-૩૪૯) |

ઉપર પ્રમાણે ત્રણે પ્રસંગ વખતે તેનો જન્મ-મરણનો સમય બતાવી શકાય છે. તેમાંથી કયો સત્ય હોવા સંભવ છે તે તપાસીએ. પ્રથમનો પ્રસંગ લેતાં તેનો જન્મ, જ્યારે ઇ. સ. પૂ. ૨૪૬ છે, ત્યારે તેના પિતા અગ્નિમિત્રની ઉમર જે ઇ. સ. પૂ. ૨૬૦ છે ( જુઓ પૃ. ૪૫૯ ) તે હિસાબે માત્ર ૧૪ વર્ષની હોઈ શકે. જો કે તેમ બનવું સંભવિત તો છે જ; પણ એકદમ માન્ય રાખી શકાય તેમ નથી; કેમકે તેમ કલ્પી લેવાથી ખૂદ અગ્નિમિત્રનું લગ્ન જ્યારે તેને બારમું વર્ષ ચાલતું હોય ત્યારે થયાનું માની લેવું રહેશે, જે બહુ માન્ય રખાય તેમ નથી. તે હિસાબે વળી તેનું મરણ મોડામાં મોડું ઇ. સ. પૂ. ૨૧૬ માં આવી શકે છે; જ્યારે ઇતિહાસમાં તો તેનો પિતા અગ્નિમિત્ર જ્યારે ગાદીએ બેસીને (ઇ.સ.પૂ.૨૦૪) સમ્રાટ થયો છે ત્યાં સુધી તેને જીવંત માન્યો છે. એટલે પહેલા પ્રસંગની કલ્પના છોડી દેવી રહે છે. બીજો પ્રસંગ લેતાં તેના જન્મની કલ્પના તો હજુ બંધબેસતી થઇ જાય છે ખરી, પણ તેના મરણનો સમય વિચારતાં તે પ્રસંગ છોડી દેવો જ પડે છે; કેમકે તે હિસાબે તેનું મરણ મોડામાં મોડું ઇ. સ. પૂ. ૧૯૪ માં ગણી શકાશે; પણ ઇતિહાસમાં તો તેની હૈયાતી જ્યારથી ઇ. સ. પૂ. ૧૮૮ માં પુષ્યમિત્રનું મરણ થયું

(૧૭) જ. બી. ઓ. રી. સો. પુ. ૧૩ પૃ. ૨૪૦ થી ૨૫૦ જુઓ.

(૧૮) જુઓ ઉપરમાં પૃ. ૪૯.

(૧૯) જુઓ આગળ ઉપર.

અને અગ્નિમિત્ર સ્વતંત્ર સમ્રાટ બન્યો ( એટલે કે ૧૯૪ માં મરણ થયું તેના પછી પાંચ છ વર્ષ સુધી) ત્યાં સુધી જાણીતી છે. એટલે તે પ્રસંગ પણ અશક્ય માનવો પડે છે. હવે વિચારવાનો રહ્યો ત્રીજો પ્રસંગ; અને તે હિસાબે તેનો જન્મ ઇ.સ.પૂ. ૨૦૮ માં છે. જ્યારે મરણ મોડામાં મોડું ઇ.સ.પૂ. ૧૭૮ માં છે. હવે તપાસીએ કે તે બન્ને સાલોથી આપણા સર્વે ઐતિહાસિક મુદ્દાઓ સંતોષી શકાય છે કે કેમ? આ મુદ્દાઓ કયા કયા હોઇ શકે તેનું આપણે વર્ણન જો કે હજુ કર્યું નથી ( પણ આગળ અગ્નિમિત્રના રાજ્યનું વર્ણન કરતાં તેના સમય સહિત આલેખીશું ) એટલે અહીં તેની વિચારણા ઊંડાણથી કરી શકાય તેમ નથી. પણ તેનો માત્ર નામનિર્દેશ કરીને આગળ ચલાવીશું; અને વાચકવર્ગને મારા તરફથી ખાત્રી આપું છું કે તે સર્વેનું વર્ણન તથા સમય, સંતોષી શકાય છે. ( તેમ પોતે પણ ત્યાં આપેલી હકીકત મેળવી સ્વયં ખાત્રી કરી લેશે ) તે પ્રસંગો (૧) યવન પ્રજાના સરદારો સાથે વસુમિત્રનું બે વિગ્રહમાં સામનો કરવા ઉતરવું, એકમાં જીત અને બીજામાં મરણ, (૨) યવનકુંવરીના સૌંદર્યમાં મુગ્ધ થવું (૩) અશ્વમેધ યજ્ઞોમાંની તેની ઉપસ્થિતિના પ્રસંગો, વિગેરે વિગેરે. અને હવે જ્યારે આપણને એમ જાણ થાય છે કે, પ્રાચીન ગ્રંથકારોએ વસુમિત્રનો જે સમય બતાવવા માટે પુષ્યમિત્રનો મુખ્ય પ્રસંગ, જોડી બતાવ્યો છે, તે આપણી કલ્પનામાંનો આ ત્રીજો પ્રસંગ જ છે; એટલે કે પુષ્યમિત્રના પોતાના મરણનો અને રાજા અગ્નિમિત્રનો સ્વતંત્રપણે રાજપદે આવવાનો જ તે પ્રસંગ હતો; તો આપણે હવે વસુમિત્રનો જન્મ ઇ. સ. પૂ. ૨૦૮ માં નક્કીપણે ઠરાવવો પડે છે: પણ તેનું મરણ ઈ. સ. પૂ. ૧૮૧ માં થયું કે ૧૭૮ માં તે ચોક્કસપણે નથી કહી શકાતું, છતાં તે નક્કી કરવા માટે પણ આપણી પાસે કાંઇક ઐતિહાસિક બનાવની વિચારણા પડી છે ખરી. તે આ પ્રમાણે છે: રાજા અગ્નિમિત્રે દ્વિતીય અશ્વમેધ યજ્ઞ સંપૂર્ણ કરીને જ્યારે ઇ.સ. પૂ. ૧૮૧ માં સમ્રાટ પદવી ધારણ કરી છે અને કલ્કિનું બિરુદ પ્રાપ્ત કર્યું છે ત્યારે, જ્યાં સુધી મારી માહિતી મને મદદ આપી રહી છે ત્યાં સુધી એમ કહી શકું છું કે, વસુમિત્રની ઉપસ્થિતિ તેના દ્વિતીય યજ્ઞની પૂર્ણાહુતિના સમયે નહોતી. એટલે તેનું મરણ ઇ. સ. પૂ. ૧૮૧ માં કે તે પૂર્વે (પછી તે યજ્ઞ સંપૂર્ણ થયો તે સમય પૂર્વે લાંબા વખતે, કે તે પૂર્વે માત્ર થોડા માસ પૂર્વે જ) થયું હતું, એટલો જ પ્રશ્ન તપાસવો રહે છે; પણ આપણને એમ તો જરૂર કહેવામાં આવે છે જ કે, તે યજ્ઞનો આરંભ થયા પૂર્વે લગભગ એક વર્ષ સુધી અશ્વને છૂટો મૂકવામાં આવે છે અને તેની દોરવણી માટે—તેની પાછળ પાછળ યજમાન( જે વ્યક્તિ યજ્ઞનો સમારંભ કરનાર હોય તે )નો યુવરાજ હોય તો તે, અને તેના અભાવે નજીકનો કોઇ કૌટુંબીક જન, ચાલ્યો જાય છે. આ પ્રથાને અનુસરીને યુવરાજ વસુમિત્રે અમુક પ્રદેશમાં તો તે અશ્વની દોરવણી કરી છે જ; પણ સતલજ નદીના પ્રદેશમાં આવતાં, યવન સરદારોએ તે અશ્વને અટકાવ્યો છે અને પરિણામે યુદ્ધ જામ્યું છે ( ઉપર જુઓ : યવન સરદારો સાથે બે વિગ્રહમાંથી બીજા પ્રસંગે તેનું મરણ થયું છે તે ) તેમાં તેનું મરણ નીપજ્યું હોવું જોઇએ. જે ઉપરથી પછી રાજા અગ્નિમિત્રને પોતાને યુદ્ધમાં ઊતરવાનો પ્રસંગ ઊભો થયો છે; અને તેમાં જીત મેળવી પોતે, બીજો અશ્વમેધ યજ્ઞ સંપૂર્ણ કર્યો છે. આ સર્વ બાબતનો વિચાર કરતાં એ જ સાર ઉપર આવવું

રહે છે કે તે ઇ. સ. પૂ. ૧૭૮ સુધી (યજ્ઞ થયા બાદ ત્રણ વર્ષ સુધી ) જીવંત રહેવા પામ્યો નથી પણ તેનું મરણ ઇ. સ. પૂ. ૧૮૧ માં જ અને તે પણ રાજા અગ્નિમિત્રે યવન પ્રજા ઉપર જીત મેળવી તે પૂર્વે થોડા માસમાં જ, થયું લાગે છે. એટલે આ ત્રણે બનાવો એક જ સાલમાં તેમજ નીચેના અનુક્રમે બન્યાનું જ આપણે ગોઠવી શકીશું. પ્રથમમાં-ઇ. સ. પૂ. ૧૮૧ની આદિમાં-યવન પ્રજાની સાથના યુદ્ધમાં વસુમિત્રનું મરણ; તે બાદ તુરત જ અને કદાચ વિના વિલંબે પણ હોય-યવન પ્રજા સાથેનું રાજા અગ્નિમિત્રનું યુદ્ધ અને પછી તુરત જ બીજા અશ્વમેધ યજ્ઞની પૂર્ણાહૂતિ અને કલ્કિનું ઉપનામ ધારણ કરવું. આ પ્રમાણે સ્થિતિ હોવાથી રાજા અગ્નિમિત્રે યવન પ્રજા સાથે યુદ્ધ કરીને કેવા ટૂંક સમયમાં જ તેમની હાજરી લઇ લીધી હતી, તે જેમ સમજી શકાય છે, તેમ તેનું પરાક્રમ કેવું હશે તથા સામનો કરી ટકી રહેવામાં યવન પ્રજાનું જોર કેવું હશે તેનું માપ પણ કાઢી શકાય છે.

અત્રે એક મુદ્દા તરફ વાચકવર્ગનું જરા ધ્યાન ખેંચી લેવા ધારૂં છું. જો કે તેની અતિ અગત્યતા નથી જ, પણ પ્રસંગ આવ્યો છે તો શા માટે જવા દેવો ? પૃ. ૪૬૦ ઉપરના કોઠામાં વસુમિત્રના મરણના સમય માટે બબ્બે આંકડા ધારી લેવા પડયા છે; કેમકે પુરાણકારોના કથનમાં બે ભેદ પડી ગયા હતા : એક પક્ષવાળાએ વસુમિત્રની સત્તા ૭ વર્ષની આંકી હતી અને બીજાએ તેની મર્યાદા ૧૦ વર્ષની આંકી હતી; પણ હવે આપણને ખાત્રી થઇ છે કે તેનું મરણ ઇ. સ. પૂ. ૧૮૧ માં જ થયું છે એટલે બીજી સાલનો-ઇ. સ. પૂ. ૧૭૮ નો-નિર્દેશ જે કરાયો છે તે નિરર્થક છે; અને તેમ થતાં કેટલાક પુરાણકારોનું જે મંતવ્ય વસુમિત્રની સત્તા દશ વર્ષ રહી હતી એમ થયું છે, તે આપોઆપ ખોટું ઠરી જાય છે.

હવે આપણે વસુમિત્રનો જન્મ જ્યારે ઇ. સ. પૂ. ૨૦૮ માં અને મરણ ઇ. સ. પૂ. ૧૮૧ માં સાબિત કરી શકયા છીએ, ત્યારે કહેવું જ પડશે, કે તેનું મરણ તેના પિતાના રાજ્યકાળ દરમ્યાન માત્ર ૨૭ વર્ષની ઉમરે ભર યુવાનીમાં નીપજ્યું હતું. તેથી કરીને જ જૈન ગ્રંથકારોએ તેનું નામ શુંગવંશી રાજા તરીકે નામાવલીમાં દાખલ કરેલ નથી. હવે તેની તારીખો આપણે નીચે પ્રમાણે ગોઠવી શકીશું.

| | મ. સં. | ઇ. સ. પૂ. | તેની ઉમર | ભોગવેલ પદનાં વર્ષ |
|---|---|---|---|---|
| જન્મ. | ૩૧૯ | ૨૦૮ | ૦ | ૦ |
| યુવરાજ પદે ( પુષ્યમિત્રનું મરણ અને અગ્નિમિત્રનું સ્વતંત્રપણે રાજપદે આવવું) | ૩૩૯ | ૧૮૮ | ૨૦ | ૭ |
| મરણ | ૩૪૬ | ૧૮૧ | ૨૭ | ૦ |

ઉપર પ્રમાણે પુષ્યમિત્ર-અગ્નિમિત્ર અને વસુમિત્ર તે ત્રણે જણાનો સમય નિર્ણય થઇ જવાથી, ભારતીય ઇતિહાસકારોને મૂંઝવતા અને જટિલમાં જટિલ ગણાતા એક પ્રશ્નનો નીકાલ થયો ગણાશે. હવે એક બીજા મુદ્દા ઉપર આપણે જઇએ.

આ ત્રણે વ્યક્તિઓએ જુદા જુદા પદે રહી જે અધિકાર ભોગવ્યો છે, તે સર્વના સમય વિષે તપાસ કરીશું તો માલુમ પડશે, કે ત્રણે જણાએ અમુક અમુક વખત તો એક બીજાની પડખે ઊભા રહીને રાજ્ય વહીવટ ચલાવવામાં મદદ કરી છે જ. અને તે માટે તેટલા પ્રમાણમાં તેમને ડૉ. ભાંડારકરે જે તેમને Contemporary rulers-સહયોગી રાજકર્તાઓ-કહ્યા છે તેમ પણ કહી શકાય. જો કે વાસ્તવિક રીતે તો એક સમયે એક જ રાજકર્તા ગણી શકાય, કેમકે જેનો રાજ્યાભિષેક થયો હોય, તેને એકલાને જ તે સમયને માટે રાજા-ભૂપતિ કે ભૂપાળ કહી શકાય; બીજાને નહીં જ. એટલે તે દૃષ્ટિએ વિચારતાં તો, પુષ્યમિત્રને પણ ભૂપાળ કહી ન શકાય[૨૦] તેમ વસુમિત્રને પણ ભૂપતિ ન કહી શકાય. માત્ર અગ્નિમિત્રને એકલાને જ સમ્રાટ કહો, રાજા કહો, જે કહેવું હોય તે કહો, તે તેને એકલાને જ કહી શકાય. અને તેને જ શુંગવંશના સ્થાપક તરીકે લેખી, તેનું એકલાનું રાજ્ય જ ૩૦ વર્ષ પર્યંત ચાલ્યું હતું એમ ગણવું પડશે. તે પછી તુરત ઓદ્રક ઉર્ફે બળમિત્ર આવ્યો છે. તેને શુંગવંશનો બીજો રાજા કહેવો પડશે અને તે પછી અન્ય પાંચ રાજા થયા છે. એટલે કુલ રાજાની સંખ્યા સાત જ થયાનું ગણી શકાશે. અને અગ્નિમિત્રને શુંગવંશના સ્થાપક તરીકે ગણાવતાં, તે વંશનો આદિ પણ, તેના જ રાજ્યના પ્રારંભકાળથી એટલે ઇ. સ. પૂ. ૨૦૪ થી જ ગણવો પડશે; જ્યારે પુષ્યમિત્રને-અને તે એકલાને જ-શુંગભૃત્ય કહેવો પડશે.

**બાકીના રાજાઓ**

હવે આપણે બાકી રહેતા રાજાના સમયની વિચારણા કરીએ. ઉપરમાં જણાવાયું છે કે પુષ્યમિત્ર-અગ્નિમિત્ર પછી જે રાજાઓ થયા છે તેમની કુલ સંખ્યા છની છે. અને તે સર્વેનો સમગ્ર રાજ્યકાળ ૬૦ વર્ષનો છે. તેમાંના કોઈના રાજ્યે અતુ મહત્ત્વતા ધરાવનારો ઐતિહાસિક પ્રસંગ બન્યો હોવાનું નોંધાયું નથી.

છતાં કોઇ કોઇ ઠેકાણેથી જે શિલાલેખો જેવું[૨૧] મળી આવ્યુ છે તે અન્વયે જણાય છે કે, આ બધા અલ્પસમયી રાજાઓમાં એક

---

(૨૦) Jo. B. R. S. Vol. XX No. 3 & 4 P. 301:-"Senapatisa titayo" means "the third from its Senapati" like the expression "Senapateh Pushyamitrasya shashthena" of the Ayodhya inscription= જ. બી. ઓ. રી. સો. પુ. ૨૦ અંક ૩-૪ પૃ. ૩૦૧:-જેમ અયોધ્યાના લેખમાં सेनापते पुष्यमित्रस्य षष्ठेन (એટલે કે સેનાપતિ પુષ્યમિત્રથી છઠ્ઠા પુરૂષે) એમ શબ્દ વાપર્યા છે તે જ પ્રમાણે सेनापतिस तितयो (એટલે સેનાપતિથી ત્રીજો) એવા ભાવાર્થમાં વાપર્યું સમજાય છે.

મારૂં ટીપ્પણ:-જો કે ઉપરનું લખાણ વિદ્વાન મહાશયે (પંડિત જયસ્વાલજી સાહેબે) સુમિત્રના સિક્કા સંબંધી બતાવ્યું છે અને તેમાં સુમિત્રે 'સેનાપતિથી ત્રીજો' પોતાને ઓળખાવ્યો છે. પણ તેનું તાત્પર્ય એ છે કે, સેનાપતિ પુષ્યમિત્રથી તેના વંશમાં પોતે ત્રીજો પુરૂષ હોવાનું જણાવે છે. આ ઉપરથી એ પણ સાબિત થાય છે કે પુષ્યમિત્રને તે વંશનો એક અગ્રણી પુરૂષ તો ગણ્યો જ છે. પણ તે હમેશાં સેનાપતિ તરીકે જ ઓળખાયો છે. તેણે કોઈ દિવસ સમ્રાટ તરીકે, રાજની લગામ હાથ ધરી નહોતી, એમ તેના વંશજ સુમિત્રનું કહેવું થાય છે.

[ આ સુમિત્રને આપણે પણ શુંગવંશની વંશાવળીમાં કયાંક ગોઠવવો પડશે જ. સુજયેષ્ઠનું નામ-અંત્યાક્ષર મિત્ર જોડવાથી-સુમિત્ર ઠરાવવું વ્યાજબી ગણાશે. ] જુઓ આગળ ઉપર.

(૨૧) જુઓ કૌશાંબી-પ્રભાસના શિલાલેખો તથા નીચેની ટીકા નં. ૨૨ જુઓ.

કોઇ અદ્રક નામે રાજા થયો છે કે જેણે પોતાના રાજ્યના ૧૦ મા વર્ષની અને ૧૪ મા વર્ષની સાલમાં તે શિલાલેખો કોતરાવ્યાનું[૨૨] લખાણુ કરેલ છે. એટલે સ્પષ્ટ થાય છે કે તે અદ્રક રાજાનું રાજ્ય પંદર વર્ષથી વધારે ચાલ્યું જ હોવું જોઇએ. જ્યારે મિ. વિન્સેન્ટ સ્મિથ પોતાની અ.હિ.ઇ. ની ત્રીજી આવૃત્તિમાં કોઇ ભાગવત નામના રાજાના ભાગે ૩૨ વર્ષ પણ સમર્પે છે.[૨૩] અને જૈન ગ્રંથકારો પુષ્યમિત્ર—અગ્નિમિત્રની પછી તુરત જ બળમિત્ર ભાનુમિત્રના નામ આપી, તે બન્નેના સંયુક્ત નામ સાથે ૬૦ વર્ષનો આંક મૂકે છે. એટલે કદાચ શિલાલેખ માંહેલો અદ્રક તથા પુરાણકારનો ભાગ અને સ્મિથ સાહેબનો ભાગવત, તેમ જ જૈન ગ્રંથકારોનો ભાનુમિત્ર, તે સર્વે એક જ વ્યક્તિ પણ હોય. ત્યારે ત્રીજી બાજૂ ગ્રીક ઇતિહાસ ઉપરથી[૨૪] માલૂમ પડે છે કે તેમના સરદાર મિનેન્ડરને—મિરેન્ડરને કોઇક શુંગવંશી રાજા સાથે ઇ. સ. પૂ. ૧૫૦—૧૫૪ની આસપાસમાં લડાઇમાં ઊતરવું પડયું હતું. વળી આપણે એક કરતાં વધારે વાર સાબિત કરી ગયા છીએ, કે કોઇ ગ્રંથકારોએ ખોટું નિવેદન કર્યું જ નથી, પણ માત્ર તેમની આલેખન દૃષ્ટિ ભિન્નભિન્ન ગણત્રીએ બંધાયેલી હોવાથી, તેમનું વર્ણન જુદું જુદું પડી જતું દેખાય છે; તેથી કરીને જો સર્વ કથનનો પૂરેપૂરો મેળ ઘટાવવો હોય તો, અને સર્વે વર્ણનોને એકધારા બંધબેસતા કરવા હોય તો, અગ્નિમિત્ર પછી તુરતના રાજાનું નામ બળમિત્ર ઠરાવી,તેને સતરેક વર્ષ આપવા અને તે બાદ ભાનુમિત્ર નામનો રાજા ઠરાવી તેના હિસ્સે વિન્સેંટ સ્મિથ સાહેબના કહેવા પ્રમાણે એકલા ભાગને ૩૨ વર્ષ ન આપતાં, તે ૩૨માંથી બળમિત્ર અથવા અદ્રકના ઉપર પ્રમાણે કલ્પેલ સતર વર્ષ બાદ કરી, બાકી રહેતાં પંદર વર્ષ તેને ભાનુમિત્ર ઉર્ફે ભાગ ઠરાવીને તેના ખાતે ચડાવવા. આમ કરવાથી તે ભાગ અથવા ભાનુમિત્રને મિનેન્ડરનો સહયોગી—સમકાલીનપણે વર્તતો પણ પૂરવાર કરી શકાય છે. ( જુઓ તેનું વર્ણન. ) તે બાદ બાકી રહેતા ચાર રાજાઓ માટે સાઠ વર્ષમાંથી બાકી ખૂટતા ૨૮ વર્ષ (૬૦—૩૨=૨૮) ઠરાવવાં. એટલે શુંગવંશનો કાળ જે ૯૦ વર્ષ છે અને શુંગભૃત્ય સાથે ૧૧૨ વર્ષનો છે તે સંપૂર્ણ થઇ ગયો કહેવાશે.

હવે આખા શુંગવંશની[૨૫]—શુંગભૃત્ય અને શુંગવંશ સમેત—નામાવલી તથા સમયાવળી ક્રમવાર આપણે નીચે પ્રમાણે સુખેથી ગોઠવી શકીશું અને તે બાદ તેમનાં પ્રત્યેકનાં જીવનચરિત્રો જેટલે દરજ્જે લભ્ય છે તેટલે દરજ્જે આલેખવા પ્રયત્ન કરીશું.

| નામ | મ. સં. | ઈ. સ. પૂ. | વર્ષ | | ટીપ્પણ |
|---|---|---|---|---|---|
| **શુંગભૃત્ય —** | ૩૦૧ થી ૩૨૩ | ૨૨૬ થી ૨૦૪— | ૨૨ | | |
| પુષ્યમિત્ર | ૩૦૧—૩૨૩ | ૨૨૬ થી ૨૦૪ | ૨૨ | ૩૮ | મૌર્યવંશી રાજાઓના સેનાપતિ તરીકે—શુંગભૃત્ય. |
| | ૩૨૩—૩૩૯ | ૨૦૪ થી ૧૮૮ | ૧૬ | | વાનપ્રસ્થ અવસ્થામાં |

(૨૨) જુઓ કે. હિ. ઇ. પૃ. ૫૨૨.

(૨૩) જુઓ આગળ ઉપર વંશાવળીનાં ટીપ્પણો.

(૨૪) જુઓ આગળ ઉપર મિરેન્ડરનું જીવનવૃત્તાંત.

( ૨૫ ) આ નામાવળીઓ નીચે પ્રમાણે છે. અને તેમની સામે લખેલ ઠેકાણે માલૂમ પડે છે.

**શુંગવંશ.** ( મ. સં. ૩૨૩=ઇ. સ. પૂ. ૨૦૪ ) થી
( મ. સં. ૪૧૩=ઇ. સ. પૂ. ૧૧૪ ) સુધી ૯૦ વર્ષ

( ૧ ) અગ્નિમિત્ર—શુંગવંશના સ્થાપક—

| | | | | |
|---|---|---|---|---|
| સમ્રાટ–પુષ્યમિત્રની હૈયાતીમાં | ૩૨૩ થી ૩૩૯ | ૨૦૪ થી ૧૮૮ | ૧૬ | } ૩૦ |
| ૨૬ સ્વતંત્ર સમ્રાટ { સાદો | ૩૩૯ થી ૩૪૬ | ૧૮૮ થી ૧૮૧= | ૭ | |
| { કલ્કિરૂપે | ૩૪૬ થી ૩૫૩ | ૧૮૧ થી ૧૭૪= | ૭ | |

| | | | |
|---|---|---|---|
| અંતર્ગત યુવરાજ વસુમિત્ર | ૩૩૯ થી ૩૪૬ | ૧૮૭ થી ૧૮૮ | } ૭ |

(૧) અનેક પુરાણોના આધારે પાર્જીટર સાહેબે જે ગોઠવી છે તે (જુઓ પા. ક. લિસ્ટ નામે પુસ્તકમાં પૃ. ૭૦)

| | |
|---|---|
| પુષ્યમિત્ર ૩૬ | અગ્નિમિત્ર ૮ |
| સુજ્યેષ્ઠ ૭ | વસુમિત્ર ૧૦ જુઓ ઉપર ટીન . ૧૯ |
| અંધ્રક ૨ | પુલિંદિક ૩ |
| ઘોષ ૩ | વજ્રમિત્ર ૯ |
| ભાગવત ૩૨ | દેવભૂતિ ૧૦ |
| | ૧૨૦ |

(૨) મિ. વિન્સેંટ સ્મિથના મતે (જુઓ અ.હિં. ઇ. ત્રીજી આવૃત્તિ પૃ. ૨૦૪ ટી. નં. ૧ )

| | |
|---|---|
| પુષ્યમિત્ર ૩૬ | અગ્નિમિત્ર ૮ |
| વસુમિત્ર ૧૦ | અંધ્રક ૨ |
| પુલિંદિક ૩ | ઘોષ ૩ |
| વજ્રમિત્ર ૯ | ભાગવત ૩૨ |
| દેવભૂતિ ૧૦ | ૧૧૩ |

(૩) કે. હિ. ઇ. પૃ. ૧૧૮ ઉપર લિસ્ટ આપ્યું છે તે ઉપરમાં નં (૧)ના પાર્જીટર સાહેબના લિસ્ટ પ્રમાણે જ છે.

(૪) બુદ્ધિપ્રકાશ પુ. ૭૬. પૃ. ૮૮ માં દિવાન બહાદુર કેશવલાલ હર્ષદરાય ધ્રુવે વાયુપુરાણના સંશોધન બાદ પોતે તારવી કાઢયા પ્રમાણે

| | |
|---|---|
| પુષ્યમિત્ર ૩૭ | અગ્નિમિત્ર ૩૦ |
| સુજ્યેષ્ઠ ૭ | વસુમિત્ર ૭ |
| પુલિંદિક ૩ | ઘોષ ૩ |
| વસુમિત્ર ૭ | ઓદ્રક ૭ |
| દેવભૂતિ ૧૦ | ૧૧૧ |

(૫) જ. એ. સો. બેં. પુ. ૪૯ ( ૧૮૮૦ )ભા. ૧ પૃ. ૨૧ થી ૨૯ ઉપર. હિંદના આર્કીઓલોજીકલ સર્વેવાળા મિ. એ. સી. કાર્લાઈલે જે સિક્કા પોતાને મળી આવ્યા હતા તે ઉપરથી " મિત્રવંશ " ના રાજા તરીકે આપ્યા છે. તેમણે તેમાં નામ કે તારીખનો અનુક્રમ સાચવ્યો નથી એમ સમજવું. માત્ર સિક્કા જોયા છે તેટલું ચોક્કસ છે. વળી તે મિત્રવંશ કયો કહેવાય ? શુંગવંશ સાથે શું સંબંધ છે ? તે બન્ને એક કે ભિન્ન છે, તેવું પણ કાંઇ સૂચન કર્યું નથી. ( એમ તો ઈરાનના રાજાઓ જે પોતાને રઘુવંશી દિલિપના ભાઈઓ કહેવરાવે છે તેઓના છેડે પણ " મિત્ર " શબ્દ જોડાયલો લાગે છે. )

| | |
|---|---|
| ૧ પુષ્યમિત્ર | ૮ ભૂમિમિત્ર |
| ૨ ભદ્રઘોષ | ૯ ઇંદ્રમિત્ર |
| ૩ સૂર્યમિત્ર | ૧૦ વિજયમિત્ર |
| ૪ અનુમિત્ર | ૧૧ સત્યમિત્ર |
| ૫ ભાનુમિત્ર | ૧૨ સયમિત્ર |
| ૬ અગ્નિમિત્ર | ૧૩ આયુમિત્ર |
| ૭ ફાલ્ગુનિમિત્ર | ૧૪ ધ્રુવમિત્ર |


( આ ધ્રુવમિત્રનો સિક્કો મિ. કાર્લાઈલે પોતે જોયો નથી, પણ સર કનિંગહામે જોયો છે એમ નોંધ ઉમેરી છે. )

( ૨૬ ) જુઓ ઉપરમાં ટી. નં. ૧૬ અને તેની સાથે સરખાવો. તેમાં પ્રથમના સાત વર્ષ સાદા સમ્રાટ તરીકેના અને બીજા સાત કલ્કિ સમ્રાટ તરીકેના લેખવા. એકંદર ૧૪ વર્ષ સ્વતંત્ર સમ્રાટના.

| | | | | |
|---|---|---|---|---|
| ( ૨ ) ઓદ્રક ઉર્ફે બળમિત્ર | ૩૫૩ થી ૩૭૦ | ૧૭૪ થી ૧૫૭ | ૧૭ | ૩૨ |
| ( ૩ ) ભાગ ઉર્ફે ભાગવત ઉર્ફે ભાનુમિત્ર | ૩૭૦ થી ૩૮૫ | ૧૫૭ થી ૧૪૨ | ૧૫ | |
| ( ૪ ) સુજ્યેષ્ઠ—સુમિત્ર[૨૭] | ૩૮૫ થી ૩૯૨ | ૧૪૨ થી ૧૩૫ | ૭ | ૨૮ |
| ( ૫ ) ઘોષ[૨૭] | ૩૯૨ થી ૩૯૬ | ૧૩૫ થી ૧૩૧ | ૪ | |
| ( ૬ ) વસુમિત્ર[૨૭] | ૩૯૬ થી ૪૦૩ | ૧૩૧ થી ૧૨૪ | ૭ | |
| ( ૭ ) દેવભૂતિ[૨૭] | ૪૦૩ થી ૪૧૩ | ૧૨૪ થી ૧૧૪ | ૧૦ | |
| | | | | ૬૦ વર્ષ |

( ૨૭ ) આ ચાર રાજાઓના હિસ્સે એકંદર ૨૮ વર્ષ ગણવાના છે; પણ પ્રત્યેકની સાથે જે આંક સંખ્યા ઠરાવી છે, તે ભલે ચોક્કસપણે તો નથી જ; પણ અંદાજે તેમના ભાગે અનુક્રમે ૭, ૪, ૭ અને ૧૦ ફેરવી શકાય તેમ છે: કદાચ તેમનો અનુક્રમ પણ ફેરફાર હોય. બાકી છેલ્લાનું નામ દેવભૂતિ અને તેનું રાજ્ય ૧૦ વર્ષ છે તેટલું નિશ્ચિતપણે માનવું રહે છે.





# દ્વિતીય પરિચ્છેદ

**સંક્ષિપ્ત સારઃ**—પુષ્યમિત્રની ઉત્પત્તિ અને ઓળખ-તેણે બતાવેલી સ્વધર્મ પ્રત્યેની લાગણી અને કરેલ ધર્મપ્રચારનું વર્ણન—

(૧) કલિંગાધિપતિ ચક્રવર્તી ખારવેલ(૨) અંધ્રવંશના સ્થાપક રાજા શ્રીમુખ (૩) યવન સરદાર મિનેન્ડર-મિરેન્ડર અને (૪) મગધસમ્રાટ બૃહસ્પતિમિત્રઃ આ ચાર વ્યક્તિઓને ઇતિહાસવેત્તાઓએ પુષ્યમિત્રના સમકાલીન ગણાવેલ છે. તેમાં રહેલ સત્યાસત્યની લંબાણથી લીધેલ બારીક તપાસ તથા પુ. ૧. પૃ. ૧૫૨ થી ૧૫૬ ઉપર લખેલ વર્ણનની સરખામણી કરી, બાંધી આપેલ છેવટનો નિર્ણય—

પં. પતંજલી મહાશય અને પુષ્યમિત્રના જીવન ઉપર પ્રકાશ તથા તેમના ધર્મ-પ્રચાર વિશેની કાંઇક ઝાંખી-મહાશય પતંજલીની ઉત્પત્તિ; ઉમર તથા સમય વિશેની વિચારણા-તે બન્નેના ચારિત્રની લંબાણ તપાસ અને તેમના જીવન બનાવો ઉપરથી કરવી પડેલી કેટલીક સરખામણી—

## શુંગભૃત્ય–પુષ્યમિત્ર

ખરી રીતે તો રાજવંશી પુરૂષોનો જ ઇતિહાસ આપણે લખવાનો છે, એટલે તે હિસાબે પુષ્યમિત્રનું મથાળું જુદું પાડીને કાંઇ પણ લખી શકાએ નહીં જ; કેમકે તે માત્ર મહાપુરૂષ હતો પણ સ્વતંત્ર રાજા તો નહોતો જ. એટલે સામ્રાજ્યના ભૃત્યઃ—સેવક તરીકે ઇતિહાસકારોએ તેની નોંધ લીધી છે! તે સર્વ ઇતેખાબ આપણે વાચક પાસે યથાર્થ રીતે સમજાવી ચૂકયા છીએ; છતાં અત્રે આપણે તેની સ્વતંત્ર નોંધ જે કરવી રહે છે, તે એટલા માટે કે ઇતિહાસમાં તેના વંશજોએ અતિ અગત્યનો પાઠ ભજવ્યો છે; અને તેથી તે વંશની ઉત્પત્તિ–આદિની આપણને તેના જીવનદ્વારા કાંઇક ઓળખ થાય

બાકી રાજકારણના અંગે તેની જે કારકીર્દી જાણવાની જરૂર છે, તે તો તેના જેવા અન્ય રાજદ્વારી પુરૂષોની બાબતમાં જેમ હંમેશાં બનતું આવ્યું છે, તેમ તે તે સમયના રાજાનું વર્ણન લખતાં લખતાં પ્રાસંગિક વિવેચન લખાઇ જવાયું છે. તે માટે આ પુસ્તકમાં મૌર્યવંશની પડતી અને વિનાશ નામના જ પ્રથમ પરિચ્છેદે ઇસારા કરી દેવાયા છે. તે વાંચી જોવાથી પણ સમજી શકાશે. તેમ હવે પછી તેના પુત્ર અગ્નિમિત્રનું રાજ્યવૃત્તાંત તથા પતંજલી મહાશયના જીવનની આછી રેખા આલેખવાની છે તેમાં પણ અવારનવાર ઈસારાઓ આવશે જ.

તેના મૂળ વતન વિશે બહુ જણાયું નથી, પણ જે બે ત્રણ ઠેકાણે કાંઇક તે ઉપર પ્રકાશ પાડે તેવું નોંધાયું છે, તે અત્ર જણાવવું જરૂરી છે. એક લેખક જણાવે છે કે[1]

**તેની ઓળખ** "ભારદ્વજ નામે બ્રાહ્મણોની એક શુંગ નામે પેટા શાખામાંથી પુષ્યમિત્ર ઉતરી આવ્યો છે–Pushyamitra belonged to Sunga dynasty, a branch of the Bhardhwaja clan of Brahamins" જ્યારે એક બીજા લેખકે[2] તેની ઉત્પત્તિ વિશે પુરાણનો આધાર લઇને એમ લખ્યું છે કે "जब कलियुग पूरा होने लगेगा तब धर्म रक्षण के लिये संभल गाम के मुखिया विष्णुयशा ब्राह्मण के वहां, भगवान विष्णु कल्किरूप[3] में अवतार लेंगे" (જુઓ શ્રીમદ્ ભાગવત, સ્કંધ ૧૨, અધ્ય. ૨, પૃ. ૧૦૩૦–૩૪) ત્યારે વળી બૌદ્ધગ્રંથ નામે દિવ્યાવદાનના ૨૯ મા અવદાનમાં આ પુષ્યમિત્રને પુષ્યધર્મોનો પુત્ર જણાવ્યો[4] છે. આ પ્રમાણે સર્વે લેખકોની માન્યતા પુષ્યમિત્રના પિતાના નામ માટે ભલે જુદી જુદી પ્રવર્તી રહી છે, પણ એટલે સુધી તો તેઓ સર્વે એકમત છે કે, પુષ્યમિત્ર જન્મે બ્રાહ્મણ હતો જ. એટલે આપણે તેના વંશજોને શુંગવંશી રાજાઓને–બ્રાહ્મણધર્માનુયાયી લેખીશું.

અગ્નિમિત્ર સિવાય તેને કોઇ અન્ય પુત્રો હતા કે કેમ અથવા તેને કેટલી સ્ત્રીઓ હતી તે વિષે પણ કંઇ જણાયું નથી જ; પરંતુ એક લેખક જણાવે છે કે[5] "તેને આઠ પુત્રો હતા. તેમાં એકનું નામ બૃહસ્પતિમિત્ર હતું. છઠ્ઠો પુરૂષ ધનદેવ તે કોશલરાજા ફલ્ગુદેવની પુત્રી કૌશિકી

(૧) જુઓ ઇ. હી. કવૉ. પુ. ૫, પૃ. ૩૬૪.

(૨) જુઓ નાગરી પ્રચારિણી સભાની પત્રિકા નામે ત્રિમાસિક પુ. ૧૦, ખંડ ૪, પૃ. ૬૨૦, ટી. ૩૧.

(૩) આ પુષ્યમિત્ર તે જ રાજા કલ્કિ છે એમ આ નિબંધના લેખક મહાશયનું મંતવ્ય બંધાયું છે. વિશેષ માટે આગળ કલ્કિ રાજાના વૃત્તાંતે જુઓ.

(૪) જુઓ ઉપરની ના. પ્ર. પ. પુ. ૧૦, ખં. ૪, પૃ. ૬૧૮ નું ટીપ્પણ.

(૫) જુઓ જ. બી. ઓ. રી. સે. પુ. ૧૩, પૃ. ૨૪૦ થી ૨૫૦

જે પુષ્યમિત્રની રાણી હતી તેને પેટે જન્મ્યો હતો. " આ હકીકતમાં કેટલું સત્ય છે, તે તપાસવા જેટલું આપણી પાસે સાધન નથી, તેમ કાંઇ અગત્યતા પણ નથી. (જુઓ ટી. ૫ માં તે ઉપરનું વિવેચન) આટલી વાત તેની જાત વિશે થઇ. પણ કોઇએ તેના વતન વિશે લેશ માત્ર જણાવ્યું નથી. ખરું છે કે ઉપરમાં એક લેખકે તેને શંશલ ગામનો રહીશ કહ્યો છે, પણ તેનું સ્થાન અથવા પ્રદેશ અજાણ્યાં હોવાથી તે ઉપર કાંઈ વિવેચન કરવા જેવી સ્થિતિમાં આપણે નથી જ; છતાં આપણી પાસે જે કાંઇ આછીપાછલી થોડી હકીકતની સામગ્રી પડી છે તે આધારે જણાવી ગયા છીએ કે, અંધ્રવંશી શાતકરણી બીજાએ (અંધ્રવંશનો રાજા સાતમો) અવંતિ ઉપર ચડાઇ કરીને મૌર્યવંશી સમ્રાટ વૃષભસેનને હરાવીને મારી નાંખ્યો તથા તેની ગાદી ઉપર તેના પુત્રને અધિષ્ઠિત કર્યો ત્યારે તેના સૈન્યાધિપતિ તરીકે તેણે આ પુષ્યમિત્રને વેષ્ટિત કર્યો હતો. પછી તે પુષ્યમિત્રને પોતાની સાથે જ ચડાઇ કરતી વખતે સાથે લાવ્યો હતો કે પાછળથી બોલાવી ત્યાં સ્થાપિત કર્યો હતો તે જુદી વાત છે. મતલબ કે શાતકરણી રાજાનો તે વિશ્વાસુ માણસ હતો અને સંભવિત છે કે તે તેના વતનનો જ માણસ હશે. વળી પતંજલી મહાશય, આ અંધ્રવંશી રાજા શાતકરણી તથા શુંગવંશી પુષ્યમિત્ર, તે ત્રણેનાં જીવનચરિત્રો જે અન્યોઅન્ય રીતે ગુંથાયેલાં છે, તે ઉપરથી અનુમાન દોરી શકાય છે કે તે ત્રણે એકજ પ્રદેશના—ગોદાવરી અને કૃષ્ણા નદીના મુખવાળો પ્રદેશ જેને તે સમયે ગોવરધન સમય તરીકે ઘણું કરીને ઓળખાવાતો હતો (જુઓ આગળ ઉપર પતંજલી મહાશયને લગતી હકીકત) તેના—વતની હતા અને એક જ ધર્માનુયાયી હતા. હવે સમજાશે કે તે ખરી રીતે હતો તો અંધ્રવંશનો માણસ—ભૃત્યઃ—પણ તેની નોકરીની નિમણૂક મૌર્યવંશના રાજવીના હાથ તળે થઇ હોવાથી તે મૌર્યવંશનો પણ ભૃત્ય=સેવક કહી શકાયઃ આ મૌર્યવંશી રાજઅમલમાં તેણે ૨૨ વર્ષ સુધી નોકરી કરી છે. એટલે થોડો વખત અંધ્રવંશી ભૃત્યઃ અને થોડો વખત મૌર્યવંશી ભૃત્યઃ એમ જુદો જુદો પ્રસંગ બતાવવા કરતાં પોતાના નામ પાછળ જ 'ભૃત્ય' શબ્દ લગાડીને પોતાને "શુંગભૃત્ય" તરીકે ઓળખાવ્યો હોય તે વાસ્તવિક દેખાય છે; અથવા કહો કે તે સમયના ઇતિહાસકારોએ તેને તે પ્રમાણે સંબોધ્યો છે.

તેણે પોતાના હાથતળે-સૈન્યના ખાસ જવાબદાર અધિકારી તરીકે પોતાના પુત્ર અગ્નિમિત્રને પણ જોડ્યો હતો એમ હકીકત નીકળે છે. અને જ્યારે ઇ. સ. પૂ. ૨૦૪ માં રાજ્યની સ્થિતિ કાંઇક કટોકટીભરી થઇ પડી હતી ત્યારે બન્ને પિતાપુત્રે—એકત્ર થઇને પોતાના સ્વામી મૌર્યવંશી

---

પુષ્યમિત્ર (તેના આઠ પુત્રો)

| | | | |
|---|---|---|---|
| ૧ બૃહસ્પતિ મિત્ર | બીજી રાણી ઓના પેટે (૨)(૩)(૪)(૫) | રાણી કૌશિકી (કોશલ દેશના રાજા ફલ્ગુ | (૭) અને (૮) દેવની પુત્રી) આ છમાંથી કોઈનું તેણીના પેટે નામ જણાવ્યું નથી (૬) ધનદેવ |

આમાં જે અગ્નિમિત્ર ગાદીપતિ થયો છે તેને કયો પુત્ર ગણવો તે ખુલતું નથી, પણ સંભવ છે કે નં. ૬ વાળો ધનદેવ હશે.

છેલ્લા સમ્રાટ બૃહદ્રથને મારી નાંખી. અવંતિની ગાદી[૬] પોતાના હસ્તમાં લીધી હતી (મ.સં.૩૨૩)

તેણે પોતાના સમયે તથા આખા શુંગવંશી રાજકર્તાઓએ–પ્રથમના ભાગે પતંજલી મહાશયની દોરવણીથી અને પાછળથી–સ્વધર્મ પ્રત્યેના પ્રેમને લીધે અથવા ધર્મપ્રચાર અર્થે બ્રાહ્મણધર્મી પ્રધાનોની (જેના વંશને–ઓલાદને ઇતિહાસકારોએ કણ્વવંશ તરીકે ઓળખાવ્યો છે) સલાહથી, જે જૈનધર્મ સમ્રાટ પ્રિયદર્શિનના રાજ્યઅમલે વિશ્વવ્યાપક બની ગયો હતો તેની અનુયાયી ગણાતી સમસ્ત જૈન પ્રજા તરફ–મુખ્યપણે ધર્મોપદેશક શ્રમણ વર્ગ તરફ–એટલો તો રાજદંડનો કોરડો વીંઝવા માંડ્યો હતો કે તે જૈન ધર્મ આ શુંગવંશી અમલ દરમ્યાન નહીંવત્ જેવો થઈ પડ્યો હતો[૭] (વિશેષ અધિકાર આગળ ઉપર). આ પ્રમાણે તે વંશની કાળી બાજૂ હોવા છતાં, જરૂર તેમના માટે ઉચ્ચારી શકીશું કે મૌર્યવંશી વૃષભસેનના અમલ દરમ્યાન, ભારત ઉપર વાયવ્ય હદના નાકેથી પરદેશી આક્રમણકારોનાં જે ટોળાં વારંવાર ઉતરી આવવા લાગ્યાં હતાં તેમની હીલચાલ ઉપર તેમણે ઘટતો અંકુશ મૂક્યો હતો. જો કે કાશ્મિર તથા પંજાબવાળો ભાગ અને ઉત્તર હિંદમાં મથુરાનો પ્રદેશ અવંતિની સત્તામાંથી ખસી જવા પામ્યા હતા. પણ તે તો વૃષભસેનના સમયના બનાવ તરીકે ખરી રીતે લેખી શકાય તેવા છે.

રાજકીય તત્ત્વ સાથે સંબંધ ધરાવતા તેના

**સમકાલીન વ્યક્તિઓ**

સમકાલીન પુરુષો તરીકે (૧) કલિંગાધિપતિ ખારવેલ ચક્રવર્તી (૨) આંધ્રવંશનો સ્થાપક રાજા શ્રીમુખ (૩) યવન પ્રજાનો સરદાર મિનેન્ડર તથા (૪) મગધાધિપતિ કાણ્વ વંશનો સમ્રાટ બૃહસ્પતિમિત્ર: આમ ચાર વ્યક્તિઓને જુદા જુદા વિદ્વાનો લેખે છે. જ્યારે રાજકીય સંબંધ વિનાના સમકાલીન પુરુષ તરીકે પ્રખ્યાત વૈયાકરણી પતંજલી મહાશયને ગણાવે છે. આ પાંચ પુરુષોમાં કયા કયા પુષ્યમિત્રના સમકાલીનપણે ખરેખરી રીતે વર્તી શકે, તે જાણવાની ખાસ જરૂર છે. કારણ કે જો તે બીના ઐતિહાસિક લક્ષ્યબિંદુથી સાબિત કરી શકાય તો, ઇતિહાસવેત્તાઓએ જે ઇતિહાસ આલેખતાં કેટલીક ભૂલો ખાધી છે, તેનો આપોઆપ નિકાલ થઇ જશે અને આપણે ખરા રાહ ઉપર આવી જઇશું.

પ્રથમ આપણે ખારવેલ અને મગધસમ્રાટ બૃહસ્પતિમિત્રનું પુષ્યમિત્ર સાથેનું સમકાલીનપણું વિચારી જોઇએ. પહેલાં તો કોઈ વિદ્વાન એમ પાકી ખાત્રીથી જાહેર જ નથી કરતા કે, આ મગધસમ્રાટ બૃહસ્પતિમિત્ર તે કયા વંશનો હતો, અને તેનો સમય કયો હતો;[૮] પણ દંતકથા ના કે પુસ્તકીય પુરાવા કરતાં શિલાલેખી પુરાવા હમેશાં વિશેષપણે માન્ય અને વજનદાર તથા વજનદાર ગણાય છે; તેથી ચક્રવર્તી ખારવેલના સ્વહસ્તે જ કોતરાયલા હાથીગુંફાના શિલા-

(૬) માલવિકાગ્નિમિત્ર નામના નાટકમાં પણ તેના કર્તાએ, રાજા અગ્નિમિત્રની ગાદી વિદિશામાં જ હોવાનું જણાવ્યું છે. (જુઓ બુદ્ધિપ્રકાશ પુ. ૭૬, પૃ. ૯૬. પંક્તિ ૧૬–૧૮)

(૭) શ્રી મહાવીરની પાટપરંપરાએ આવેલ જૈનાચાર્યોનો જે ઇતિહાસ લખાયો છે તેમાં આર્ય સુહસ્તિજીના મરણ બાદ દોઢસો વર્ષ સુધીના ઇતિહાસનું એક મોટું ગાબડું પડ્યું છે. તેનું કારણ આ શુંગવંશી રાજઅમલનું ધર્મઝનૂન જ હતું.

(૮) સરખાવો નીચેની ટીકા નં. ૨૪

લેખનો આધાર, શંકા રહિત માન્ય રાખવો જ પડશે. તેમાં લખ્યું છે કે[૯] "Kharvela invaded Magadha and laid siege to Rajgriha and that four years later, he captured the royal palace (at Pataliputra) and made the Raja of the Magadhas fall at his feet.= ખારવેલે મગધ ઉપર ચડાઈ કરી રાજગૃહીને ઘેરી હતી. તે બાદ ચાર વર્ષે (પાટલિપુત્રનો) રાજમહેલ કબજે કરીને, મગધપતિને પોતાના પગ પાસે નમાવ્યો હતો." ત્યારે બીજી બાજૂ એમ જણાવવામાં આવે છે કે,[૧૦] પુષ્ય નક્ષત્રનો સ્વામિ બૃહસ્પતિ છે, એટલે પુષ્ય અને બૃહસ્પતિ તે બન્ને શબ્દો એક જ ગણાય અને પરસ્પર-સૂચક તરીકે વાપરવામાં આવે છે; જેથી "પુષ્યમિત્ર" શબ્દ તે બૃહસ્પતિમિત્રને બદલે વપરાયેલું બીજું નામ ગણાય અને તે ઉપરથી જે મગધપતિ બૃહસ્પતિમિત્રનો ઉપર પ્રમાણે ફેજ ચક્રવર્તી ખારવેલે આણ્યો હતો, તે અન્ય કોઈ નહી પણ પુષ્યમિત્ર શુંગવંશી ઉર્ફે બૃહસ્પતિમિત્ર સમજવો. વળી એમ પણ કહેવામાં આવે છે કે (જે આપણે આગળ ઉપર જોઈશું કે) અવંતિપતિ[૧૧] રાજા પુષ્યમિત્રે મગધની રાજધાની પાટલિપુત્ર ઉપર ચડાઈ કરીને ત્યાંના રાજાને હરાવ્યો તથા પાટલિપુત્ર લુંટી લઈને ખેદાનમેદાન કરી નાંખ્યું. એટલે એમ સાબિત થયું કે પુષ્યમિત્ર અને મગધપતિ બન્ને જુદી જ વ્યક્તિઓ છે. મતલબ કે, એક વખતે એમ કહેવું કે ચક્રવર્તી ખારવેલે મગધપતિ બૃહસ્પતિમિત્ર ઉર્ફે પુષ્યમિત્રને હરાવ્યો (એટલે કે હારનાર વ્યક્તિ પુષ્યમિત્ર થઈ) અને બીજી વખતે પાછું એમ કહેવું કે પુષ્યમિત્રે જ મગધપતિ બૃહસ્પતિમિત્રને હરાવ્યો (એટલે કે હરાવનાર વ્યક્તિ પુષ્યમિત્ર થઈ).

આ બધું પરસ્પર વિરોધિત અને અપ્રાસંગિક દેખાય છે. આ ઉપરથી એ જ સાબિત થાય છે કે (૧) ખારવેલથી પરાજીત થયેલ બૃહસ્પતિમિત્ર તે પુષ્યમિત્ર પણ નથી (૨) તેમ ખારવેલ અને પુષ્યમિત્ર સમકાલીન પણ નથી (૩) બાકી ખારવેલ અને બૃહસ્પતિમિત્ર તે તો સમકાલિન છે જ, એટલું નિર્વિવાદિતપણે સ્વીકારવું જ જોઈએ, કારણ કે શિલાલેખ ઉપરથી જ તે હકીકત તો સિદ્ધ થાય છે.[૧૨] (જુઓ પુ. ૧, પૃ. ૩૮૮. ઉપર તથા પુ. ૪ માં ખારવેલના વૃત્તાંતે).

જેમ ખારવેલ અને પુષ્યમિત્ર એ સમકાલીન નથી તેમ ઊલટું ખારવેલ તો પુષ્યમિત્રની પૂર્વે કેટલાંય વર્ષે થઈ ગયેલ છે. તેના પુરાવા પણ મળી આવે છે. જ. ઓ. બી. રી. સો. પુ. ૧૩ પૃ. ૨૪૦-૫૦ માં (નીચે ટીપ્પણ ૧૬

(૯) જુઓ ઇ. હિ. ક્વો. પુ. ૫, પૃ. ૫૮૭.

(૧૦) જુઓ જ. બી. ઓ. રી. સો. પુ. ૧૩, પૃ. ૨૪૪-૫૦.

(૧૧) કે. હિ. ઇ. પૃ. ૫૧૮-વિદિશાના રાજ્યની સાથે, અને તેમાં પણ મુખ્યપણે તેનાં સાહિત્ય અને શિલાલેખો સાથે જ શુંગ(વંશ)નું નામ જોડાયલું દેખાય છે.

C. H. I. P. 518. It is with the kingdom of Vidisa that the Sungas are especially associated with the literature and inscriptions. (મતલબ કે શુંગવંશીઓની રાજ્યગાદી અવંતિમાં જ હતી).

(૧૨) કારણ કે આપણે ખારવેલનો સમય ઇ. સ. પૂ. ૪૨૯ થી ૩૯૩=મ. સં. ૯૮ થી ૧૩૪ લેખીએ છીએ અને બૃહસ્પતિમિત્ર ઉર્ફે આઠમા નંદનો સમય ઈ. સ. પૂ. ૪૧૭ થી ૪૧૪ સુધીનો ગણીએ છીએ; જ્યારે પુષ્યમિત્રનો સમય તો ઈ. સ. પૂ. ૨૦૪ છે (લગભગ ૧૭૫ વર્ષનું અંતર છે).

જુઓ ) અમરકોષના આધારે લખાણ છે કે, "પુષ્યમિત્ર પછી તેનો પુત્ર અગ્નિમિત્ર ભારતનો સમ્રાટ થયો. તેને અમરકોષની ટીકામાં ચક્રવર્ત્તી તરીકે નિર્દેશ્યો છે. અગ્નિમિત્રના સિક્કાની પેઠે બરાબર તે જ કોટિ અને રૂપનો સિક્કો બૃહસ્પતિમિત્રનો છે. બૃહસ્પતિમિત્રના સિક્કા અગ્નિમિત્રના સિક્કાથી પહેલાંના[૧૩] મનાય છે. બૃહસ્પતિમિત્રનો સગપણસંબંધ અહિચ્છત્રના રાજાઓ સાથે હતો કે જેઓ બ્રાહ્મણ હતા, એ કોસમ-પભોસાના શિલાલેખથી નક્કી છે.[૧૪]" આ વાક્યથી નીચે પ્રમાણે ફલિતાર્થ નીકળે છે (૧) અગ્નિમિત્રની રાજકીર્તિ ચક્રવર્તીના જેવી જ્વલંત હતી (૨) અગ્નિમિત્રના સિક્કા ઉપલક દૃષ્ટિએ જોતાં તો બૃહસ્પતિમિત્રના સિક્કા જેવા જ દેખાવમાં છે, પણ બારીકાઈથી તપાસતાં બૃહસ્પતિના સિક્કા, અગ્નિમિત્રના કરતાં પૂર્વ સમયના દેખાય છે. એક કોટિના અને એક રૂપના હોય તેથી બહુબહુ તો એટલું જ સિદ્ધ થાય, કે બંનેનો અમલ એક જ પ્રદેશ ઉપર ચાલ્યો હશે,[૧૫] પણ તેના ઘડતર કે બાહ્ય સ્વરૂપમાં લાક્ષણિક રીતે જો તફાવત માલૂમ પડે તો, તે બંનેની વચ્ચેના સમયનો આંતરો જ બતાવનારું લેખાય. હવે જો બૃહસ્પતિમિત્ર તે જ પુષ્યમિત્ર હોય અને પુષ્યમિત્રની પછી તુરત જ તેનો પુત્ર અગ્નિમિત્ર ગાદીએ આવ્યો હોય, તો તો બેની વચ્ચેનો અંતર બિલકુલ ન જ ગણી શકાય. એટલે સાબિત થયું કે, પુષ્યમિત્રના અને અગ્નિમિત્રના સિક્કાનો જે સમય હોય, તેના કરતાં બૃહસ્પતિમિત્રનો સમય બહુ પૂર્વેનો[૧૬] છે અને તેથી જ બૃહસ્પતિમિત્રના સિક્કા, અગ્નિમિત્રના સિક્કાની પૂર્વે પાડવામાં આવ્યા હોય તેવી રીતે જુદા પડી જતા દેખાય છે.

આ ઉપરથી સિદ્ધ થાય છે કે જેમ પુષ્યમિત્ર અને અગ્નિમિત્ર સમકાલીન છે, તેમ ખારવેલ અને બૃહસ્પતિમિત્ર પણ સમકાલીન છે. પણ પુષ્યમિત્ર અને ખારવેલના સમયની વચ્ચે તો અંતર જ છે; છતાં કોઇના મનમાં એમ પણ ઊગી આવે કે, હાથીગુંફાના શિલાલેખમાં નોંધાયા પ્રમાણે, પ્રથમ ખારવેલે મગધપતિ બૃહસ્પતિમિત્રને હરાવ્યો હોય, એટલે ખારવેલ મગધપતિ

(૧૩) "જૈન સાહિત્ય સંશોધક" ખંડ ત્રીજો પૃ. ૩૭૮ : જુઓ ટી. નં. ૧૬; આપણે પણ તેમજ બતાવી ગયા છીએ, કારણ કે બૃહસ્પતિમિત્ર (જુઓ પુ. ૧, પૃ. ૩૨૪.) નો સમય ઈ. સ. પૂ. ૪૧૭ છે જ્યારે પુષ્યમિત્રનો સમય ઈ. સ. પૂ. ૨૦૪ છે.

(૧૪) આ હકીકતને યુરોપના પ્રસિદ્ધ ઐતિહાસિકોએ પણ સ્વીકારી લીધી છે. (પં. જયસ્વાલજી જૈન સાહિત્ય સંશોધક, ખંડ બીજો પૃ. ૩૭૩).

(૧૫) સર કનિંગહામ પોતાના કો. ઈ. એ. નામે પુસ્તકમાં પૃ. ૭૯ ઉપર લખે છે કેઃ I incline rather to assign the coins (bearing name of Agnimitra) to a local dynasty of princes as they are very rarely found beyond the limits of North Panchala અગ્નિમિત્રના નામવાળા સિક્કાને સ્થાનિક રાજવંશી માનવા તરફ મારું વલણ વધારે ને વધારે થતું જાય છે કેમકે ઉત્તર પાંચાલની હદની બહાર તે (સિક્કા) ક્વચિત જ જડી આવે છે.

(૧૬) સર કનિંગહામ પોતાના કો. ઇ. એ. પૃ. ૮૧ ઉપર લખે છે કે The coin (Pl. vii fig. 1 & 2 of Brihaspatimitra) is earlier than any of the Mitras'–(ચિત્રપટ. ૭. માં આકૃ. ૧, ૨ વાળો બૃહસ્પતિમિત્રનો સિક્કો) મિત્રવંશી રાજાઓના કોઈ પણ સિક્કા કરતાં પ્રાચીન છે (એટલે કે મિત્ર અક્ષરના અંતવાળા શુંગવંશી રાજાના કરતાં તે પ્રાચીન છે.) સરખાવો ઉપરનું ટી. નં. ૧૩.

બન્યો ગણાય. અને પછી શું થોડાંક વર્ષે, અવંતિપતિ પુષ્યમિત્ર, મગધપતિ ખારવેલના રાજપાટ પાટલિપુત્ર નગર ઉપર હલ્લો ન લઈ જઈ શકે? અને જો લઈ શકે તો શું પુષ્યમિત્ર અને ખારવેલ બંને સમકાલીન ન થઇ શકે?—દલીલ તો ઠીક છે. પણ જો ઇતિહાસનો કોઈ અભ્યાસી જરા પણ ખ્યાલ કરશે, તો આ દલીલ કેવી પોકળ છે તે તુરત સમજી શકાય તેમ છે. ક્યાં પુષ્યમિત્રની શક્તિ અને તેનો રાજ્ય વિસ્તાર? અને ક્યાં ચક્રવર્તી ખારવેલની શકિત અને રાજ્ય વિસ્તાર? પ્રથમ તો ખારવેલ પોતે જે સમયે મગધપતિ ઉપર ચડાઇ લઈ ગયો હતો, તે પહેલાંયે તેના રાજ્યનો વિસ્તાર એટલો મોટો હતો કે તેને ચક્રવર્ત્તી લેખવામાં આવતો હતો; અને મગધપતિને પરાસ્ત કર્યા બાદ તો તેની શક્તિમાં તેમજ વિસ્તારમાં ઓર વધારો જ થઇ ગયો[૧૭] કહેવાય. ત્યારે શું આવા મહાન, પરાક્રમી અને શક્તિમાન ખારવેલ ચક્રવર્ત્તીની સામે, પુષ્યમિત્ર જેવો નાનો અવંતિપતિ ચડાઇ લઈ જાય ખરો? વળી બીજું, ચક્રવર્ત્તીના મુલકના કોઈ દૂર પડેલ ભાગ ઉપર ચડી જઇ તેને ખેદાનમેદાન કરવાનું પણ બની શકવું જ્યાં અસંભવિત લેખાય, ત્યાં તેની રાજધાની જેવું નગર-પાટલિપુત્ર, તેને પુષ્યમિત્ર ખેદાનમેદાન કરી નાંખે તે હકીકત જરા પણ માની શકાય તેવી છે? આ હકીકત જ ખારવેલ અને પુષ્યમિત્રને સમકાલીનપણે હોવાનું માની લેવાને આપણને અચૂકપણે ના પાડે છે.

પૃ. ૬૬ ઉપર ગણાવેલ સમકાલીન ચાર વ્યક્તિઓમાંના, પહેલા નંબરના ખારવેલ અને ચોથા નંબરના બૃહસ્પતિનો સમય વિચારી ગયા. હવે આપણે બીજા નંબરના શ્રીમુખ સંબંધી વિચાર કરીએ. હાથીગુંફાના લેખથી આપણને જ્ઞાન થાય છે કે, શ્રીમુખ અને ખારવેલ બન્ને સમસમયે વિદ્યમાન હતા; તેમ વળી ઉપરમાં આપણે જોઇ ગયા છીએ કે તે ખારવેલ અને બૃહસ્પમિત્ર, એમ બન્ને, રાજા પુષ્યમિત્ર કરતાં ઘણાં વર્ષો પૂર્વે વિદ્યમાન હતા; એટલે ભૂમિતિના નિયમ પ્રમાણે રાજા શ્રીમુખ પણ રાજા પુષ્યમિત્રની પહેલાં ઘણાં વર્ષો ઉપર થઇ ગયાનું આપોઆપ સિદ્ધ થઇ જાય છે; છતાં એક અતિ હસવા જેવી હકીકત તો વિદ્વાનો તરફથી એ મનાતી આવે છે, કે રાજા શ્રીમુખને એક વેળા પુષ્યમિત્રનો સમકાલીન ગણે છે અને બીજી જ વેળા પાછું એમ મનાવે છે કે, આ પુષ્યમિત્રના છેલ્લા વંશજ દેવભૂતિને મારી, તેના પ્રધાને કન્વવંશ સ્થાપ્યો હતો; અને તે જ કન્વવંશના છેલ્લા પુરુષ સુશર્મનને આ જ શ્રીમુખે મારીને, આંધ્રવંશ સ્થાપ્યો હતો; અને જ્યારે શ્રીમુખ પોતે અવંતિપતિ બન્યો હતો[૧૮] ત્યારે તો ફલિતાર્થ એ થયો કે શ્રીમુખ તે રાજા પુષ્યમિત્રનો પણ સમકાલીન થયો, તેમજ કન્વવંશી છેલ્લા પુરુષ સુશર્મનનો પણ સમકાલીન થયો

---

(૧૭) જુઓ ખારવેલના વૃત્તાંતે, તેના રાજ્યનો વિસ્તાર બતાવનારો નકશો અને તેને પુષ્યમિત્રના રાજ્ય-વિસ્તારના નકશા સાથે સરખાવો: તથા બીજી પણ અનેક દલીલો (પુષ્યમિત્ર તથા ખારવેલ સમકાલીન હોઈ ન શકે તે મુદ્દો સ્પષ્ટ કરનારા) ખારવેલના જીવનચરિત્રે લખી છે તે વાંચી જુઓ.

(૧૮) C.A.R. Pre, lxiv 58:—The four Puranas, which have been thus independently examined for the purpose of this introduction (એટલે કે આંધ્રવંશ શી રીતે શરૂ થયો તેનાં શોધન માટે) agree in stating that first of the Andhra kings rose to power by slaying Susharman, the last of the Kanvas.

ઉપરાંત, પુષ્યમિત્રના સમકાલીનપણે થવા માટે પણ તે કાંઇક ઉમરે પહોંચ્યો જ ગણાય; તેમ વળી સુશર્મનને મારીને ગાદીએ બેઠો તે વખતે પણ પુખ્ત ઉમરે જ પહોંચ્યો હોવો જ મનાય. તેમ વળી શ્રીમુખે ૩૬ વર્ષ રાજ્ય પણ કર્યાનું ઇતિહાસ કહે છે. એટલે શ્રીમુખનું આયુષ્ય, જો ઉપરની તવારીખ સાચી જ ઠરે તો, પુષ્યમિત્રની ઉમર સાથે બેસતા થવા માટે, તે સમયે શ્રીમુખની ઉમર કમમાં કમ ૨૫ વર્ષની ( પુખ્ત વય ગણવા માટે આ આંક લીધો છે ) + શુંગવંશ ચાલ્યાનો કાળ ૯૦ વર્ષ + કન્વંશ ચાલ્યાનો કાળ ૪૫ વર્ષ + ૩૬ વર્ષ શ્રીમુખનો પોતાનો રાજ્યકાળ = એમ મળી કુલ શ્રીમુખનું આયુષ્ય ૨૫ + ૯૦ + ૪૫ + ૩૬ = ૧૯૬ વર્ષનું થયું કહેવાય. શું આ કોઇ રીતે બનવા યોગ્ય છે ? એટલે તેમની જ દલીલથી અને તેમના જ શબ્દોથી પૂરવાર થાય છે કે રાજા પુષ્યમિત્ર કોઈ રીતે રાજા શ્રીમુખનો સમસમયવર્તી હોઈ જ ન શકે; પણ કાં તો આગળ અથવા કાં તો પાછળ જ હોઇ શકે. પરંતુ આપણે પૃ. ૬૯ ઉપરની પંક્તિઓમાં તેમજ અગાઉ પણ સિદ્ધ કરી ગયા છીએ કે, ખારવેલ ચક્રવર્તી તે રાજા પુષ્યમિત્રની પૂર્વે કેટલાંય વર્ષે થઇ ગયો છે. એટલે ચક્રવર્તી ખારવેલના સમકાલીન શ્રીમુખને પણ, રાજા પુષ્યમિત્રની પૂર્વે જ અને તે પણ બહુ લાંબા સમયે થઇ ગયો ગણવો રહે છે. આ પ્રમાણે પ્રથમની ચાર વ્યક્તિઓના, એટલે કે ખારવેલ, શ્રીમુખ, પુષ્યમિત્ર અને બૃહસ્પતિમિત્રના, માત્ર સમય પરત્વેની વિચારણા કરી લીધી. ( બીજા બનાવો માટેની સરખામણીની દલીલો ચક્રવર્તી ખારવેલના વૃતાંતે કરવી ઠીક ગણાશે; તથા કેટલીક ચર્ચા પુ. ૧ માં પૃ. ૧૫૪ થી ૧૬૧ સુધીમાં કરવામાં આવી છે. તે બન્ને સ્થળોએ જોઇ લેવા વિનંતિ છે. )

હવે વિચારવાનો રહ્યો માત્ર યવન સરદાર મિનેન્ડર--મિનેન્ડરનો સમકાલીનપણે હોવાનો મુદ્દો. યવન ( ગ્રીક ) ઇતિહાસ પ્રમાણે આ મિનેન્ડર-મિનેન્ડર તે ગ્રીકરાજા યુક્રેટાઇડિઝના કુટુંબમાંનો કોઈ એશીજન હતો; અને તે ગ્રીક રાજા યુક્રેટાઇડિઝ ( જેનો સમય ઇ. સ. પૂ. ૧૬૦ છે ) ના[19] પુત્ર હેલીઑકલ્સ ( જેનો સમય ઇ. સ. પૂ. ૧૩૦ છે ) ના સમયે હિંદમાં રાજ્ય કરતો હતો. આ બે ગ્રીક પાદશાહના સમય[20] ( આપણે તેમનો ઇતિહાસ લખતાં સાબિત કરીશું ) ને જો પુષ્યમિત્ર શુંગવંશના સમયની ( જુઓ પૃ. ૬૧ ઉપર : તેનો સમય ઈ. સ. પૂ. ૨૨૬ થી ૧૮૮ સુધીનો છે ) સાથે સરખાવીશું, તો તુરત સમજી શકાશે કે મિનેન્ડરનો સમકાલીન હેલીઓકલ્સ તો શું, પણ હેલીઓકલ્સનો પિતા યુક્રેટાઇડિઝ પણ કદાચ પુષ્યમિત્રના સમયે હૈયાત નહીં હોય; પણ યુક્રેટાઇડિઝના પૂર્વના બાદશાહ અને સ્વામી ડિમેટ્રિઅસનું રાજ-સ્વામિત્વ[21] પ્રવર્તી રહ્યું હતું. મતલબ કે પુષ્યમિત્રના મરણ બાદ લગભગ ચાળીસ વર્ષે મિનેન્ડરનું હિંદમાં રાજ્ય ચલાવવાનું

---

( ૧૯ ) જ. એ. બી. રી. સો. પુ. ૧૩૭; પૃ. ૨૪૫ તથા આ પુસ્તકે આગળ ઉપર લખેલ કોઠો જુઓ.

( ૨૦ ) જુઓ આગળ ઉપર પરદેશી પ્રજાના પરિચ્છેદે તેમની નામાવળી અને સમયાવળી આપવામાં આવી છે.

(૨૧) ઇ. હિ. ક્વો. પુ. ૫. પૃ. ૪૦૪--કેમકે ઈ. સ. પૂ. ૧૭૫ પછી તુરતમાં જ ડિમેટ્રીઅસની જીવનલીલાનો વાસ્તવિક રીતે અંત આવી ગયો હતો.

( Ind. His. Quart. V. P. 404 ) As the career of Demetrius practically came to an end soon after B. C. 175.

થયું હતું. તો પછી બન્નેને સમકાલીનપણે થયાનું કેવી રીતે સ્વીકારી શકાય ?

આ બધા વર્ણનથી વાચકને ખાત્રી થઇ હશે કે, વિદ્વાનોની જે અત્યારસુધીની માન્યતા ચાલી આવી છે કે, રાજા પુષ્યમિત્રના સમકાલીન તરીકે ખારવેલ ચક્રવર્તી, આંધ્રપતિ શ્રીમુખ, મગધપતિ બૃહસ્પતિમિત્ર અને યવન સરદાર મિનેન્ડરાદિ[22] હતા. તે માન્યતા હવે તદ્દન ખોટી ઠરે છે. ઇં. હિ ક્વૉ. પુ. ૫, પૃ. ૩૯૪ માં પણ આ પ્રમાણેના જ ઉદ્‌ગાર આપણે વાંચીએ છીએ.[23] શુંગવંશના લગભગ સર્વ લેખકો ( માત્ર એક જ અપવાદરૂપ છે. જુઓ એચ. રાય ચૌધરીનું પોલી. હિસ્ટરી પૃ. ૧૯૯–૨૦૧ ) એવા જ મતના છે કે ખારવેલ અને પુષ્યમિત્ર સહસમયી હતા. મેસર્સ રેપ્સન, જયસ્વાલ અને સ્ટેન કોનો જેવા વિદ્વાનો, જેમણે ખારવેલ અને પુષ્યમિત્રને સમકાલીન તરીકે લેખવ્યા છે, તેમની દલીલો બહુ બારીકાઇથી તપાસવા યોગ્ય છે. ( એટલે મિ. ચૌધરી જુદા પડે છે ખરા, પણ પોતાને હજુ સોળસો ખાત્રી થઈ નથી. ) Most of the writers ( A notable exception is H. Roy. Chaudhari Pol. His. p. 199–201 ) on the Sunga period are of opinion that Kharvela was a contemporary to Pushyamitra; the arguments of scholars like messrs Rapson, Jayaswal, and Stenkonow, who recognize Kharvela as a contemporary to Pushyamitra demand a careful scrutiny." બીજું કોઇ એમ પણ દલીલ ઉઠાવે કે તમે ઉપરની સર્વ વ્યક્તિઓની જે તારીખો બતાવો છો તે સાચી જ છે તેની ખાત્રી શી ? તો તેઓને જણાવવાનું કે, ( ૧ ) એક તો ગણિતશાસ્ત્ર પ્રમાણે જે આંકડા આવે તે હંમેશા શિલાલેખો અને સિક્કાના પુરાવાની માફક, ખરા જ હોય છે. કોઇ એમ ન જ કહી શકે કે એક વ્યક્તિ જે ૧૦૦ ની સાલમાં વિદ્યમાન હોય, તે બીજી જે વ્યક્તિ ૧૦૦ ની સાલમાં વિદ્યમાન હોય તેના સમકાલીનપણે હોઇ ન જ શકે. માત્ર એટલું જ તપાસવાનું રહે, કે બંને વ્યક્તિઓની સાલ ૧૦૦ જે કહેવામાં આવે છે તે સત્ય છે કે નહીં ? ( ૨ ) અને બીજું જ્યારે આ સર્વે વ્યક્તિઓની તારીખો આપણે કટકે કટકે ને છૂટી છવાઈ રીતે ન બતાવતાં સમયના અનુક્રમમાં જ અને શૃંખલાબદ્ધ તેમજ આગલા-પાછલા ઐતિહાસિક પુરાવા અને પ્રમાણો આપીને પૂરવાર કરી બતાવીએ છીએ, ત્યારે તે તવારીખો ન સ્વીકારવાનું કાંઇ પ્રયોજન રહે છે ખરું ? અથવા અસ્વીકાર્ય હોય તો તેની વિરૂદ્ધ મત દર્શાવનારા તમારા મુદ્દાઓ રજૂ કરો. આખી વાતનો સારાંશ એ છે કે, આપણે જે તારીખો

(૨૨) અ. હિ. ઇ. (ત્રીજી આવૃત્તિ) પૃ. ૨૧૪-- પુષ્યમિત્રના અશ્વમેધનું વર્ણન કરતાં પતંજલીએ જે શબ્દો વાપર્યાં છે, તેના સાથે સાથે ( તેણે જ લખેલાં ) બીજાં સત્ય હકીકત દર્શાવતાં વાક્યો જો વાંચીએ તો નિસંદેહ માલૂમ પડે છે કે, જેને યવન આક્રમણકાર અને રાજા મિનેન્ડર માની લીધો છે, તે અને આ વૈયાકરણી (એટલે પતંજલી પોતે ) બન્ને સમકાલિન જ હતા. ( એટલે કે પતંજલી અને મિનેન્ડર બંને સમકાલીન હતા. )

E. H. I. 3rd Edi. P. 214 (the words of Patanajali in which he abides to the horse-sacrifice of Pushymitra when read with other relevant passages, Permit of no doubt, that the grammarian was the contemporary of that king, as well as of the Greek invader presumed to be Menander.

(૨૩) આ નિબંધના લેખક શ્રી.રામપ્રસાદ ચંદાજી છે.

આ ચાર વ્યક્તિઓના સમયને માટે ઠરાવી છે, તે અટળ અને અચૂક તેમજ અડગ છે; અને તેથી બેધડક રીતે કહી પણ શકીએ છીએ કે (૧) ખારવેલ ચક્રવર્તી (૨) બૃહસ્પતિમિત્ર[૨૪] અને (૩) શ્રીમુખ તે ત્રણ સમસમયી હતા. તેમ આ ત્રણે નામોનો ઉલ્લેખ સ્પષ્ટપણે હાથીગુંફાના લેખમાં કરેલો છે જ. પણ પુષ્યમિત્ર અને મિનેન્ડરનો સમય તદ્દન નિરાળો હોઈ, તેઓ નથી એક બીજાના પણ સમકાલીન, કે નથી ઉપરના ત્રણમાંના કોઈનો પણ સમકાલીન[૨૫]

**પતંજલી મહાશય અને પુષ્યમિત્ર**

મહાભાષ્યના કર્તા પતંજલીને કેટલાક પૂર્વ હિંદના-બંગાળ તરફના ( ગોનાર્ડ દેશના ) વતની માને છે.[૨૬] જ્યારે કેટલાક ઉત્તર હિંદના-અૌધ પ્રાંત તરફના વતની માને[૨૭] છે; પણ જો આ ગોનાર્ડ દેશને હાલના કાશ્મિર રાજ્યે માનવામાં આવે[૨૮] તો તેને કાશ્મિરના વતની પણ માની શકાય. જેમ ઇતિહાસમાં પૂર્વે વર્ણવેલી એક વિદ્વાન ત્રિપુટી-પાણિનિ, ચાણક્ય અને વરરુચિની ત્રિપુટી-ગાંધારદેશની વતની હોવાનું[૨૯] ગણાય છે તેમ; આ પ્રમાણે ભલે ગમે તે દેશ પતંજલીનું વતન હોય, પણ એટલું તો ચોક્કસ થાય છે જ કે તેનું મૂળ વતન અવંતિમાં તો નહોતું જ; કે જ્યાંથી તે વિખ્યાતીને પામતા થયા છે. ( ઉપરની ત્રિપુટીના કેસમાં પણ તેમનું વિખ્યાતિનું સ્થાન, તેમના જન્મના વતનને બદલે મગધરાજ્ય બન્યું હતું ). પણ એક વાત અત્ર નોંધવા જેવી છે કે પ્રખ્યાત સાહિત્યકાર વાકપતિરાજ જે[૩૦] ઈ. સ.ની આઠમી સદીમાં ગ્વાલીયરપતિ યશોધર્મનનો સમકાલીન તથા આશ્રિત હતો, તે પોતાના ગૌડવહો (ગૌડપ્રદેશના રાજાના વધનું વર્ણન કરતું પુસ્તક ) નામક પુસ્તકમાં પોતાને લક્ષણાવતિ નગરીનો વતની દર્શાવે છે. તે લક્ષણાવતિ નગરી ગૌડદેશનું પાયતખ્ત હતું અને તેનો પ્રદેશ દક્ષિણાપથમાં ગોદાવરી નદીના મૂળની આસપાસનો મુલક હોય એમ તેના વર્ણન ઉપરથી જણાય છે. જ્યારે આગળ જતાં જે વર્ણન આવે છે તેમાં કેમ જાણે મજકુર યશોધર્મનને અને બંગાળના પૂર્વ ભાગના ગૌડરાજા ધર્મપાળને યુદ્ધમાં ઉતરવું પડ્યું હોય એમ પણ માલૂમ પડે છે. મતલબ કે નીકળે છે કે, તે સમયે ગૌડનામે બે પ્રદેશ-રાજ્ય હતા; એક પૂર્વ બંગાળમાં અને બીજું દક્ષિણાપથમાં ગોદાવરી નદીના મૂળ પાસે. અને પતંજલી મહાશયને ગૌડના વતની તરીકે પણ ઓળ-

(૨૪-૨૫) પુષ્યમિત્રનું તો નામ જ કયાંયે હાથીગુંફામાં લીધું નથી. પણ વિદ્વાનોને કાંઈ બૃહસ્પતિમિત્ર નામની વ્યક્તિ ઈતિહાસમાં થઈ ગયાનું જડયું નથી એટલે કેટલીક અટકળો અને અર્થો બેસારીને બૃહસ્પતિમિત્રનું બીજું નામ પુષ્યમિત્ર હતું એમ ઠરાવી દીધું છે. આ બધાં તર્ક અને દલીલો કેવી રીતે અર્થવિનાનાં છે તે આપણે પુ. ૧ માં પૃ. ૧૫૪ થી ૧૬૧ સુધીમાં બતાવી આપ્યું છે તે જુઓ.

(૨૬) Patanjali, a contemporary of Menander ( આ હકીકત અસંભવિત છે એમ આપણે ઉપર જોઈ ગયા છીએ ) and Pushyamitra. He was a native of Gonarda in Eastern India (Chronology of India by Duffe P. 17).

(૨૭) Patanjali a native of Oudh (R. A. S. 1877, P. 211)

(૨૮) જુઓ પુ. ૧, પૃ. ૩૫૬: પુ. ૨, પૃ. ૧૭૭.

(૨૯) જો કે આ કથનમાં કેટલીક અન્ય વિગતો પાછળથી મળી આવવાથી મેં જ સુધારો કરી વાળ્યો છે. ( જુઓ પુ. ૨. પૃ. ૧૯૭ )

(૩૦) જેની કાંઇક હકીકત પુ. ૪ ના અંતે આપેલી છે તે જુઓ.

ખાવાય છે. જો આ બધી હકીકતમાં કાંઇ પણ સત્યાંશ હોય, તો તેમના વતન માટે ઉપર બતાવી ગયા પ્રમાણે, પૂર્વ અને ઉત્તર હિંદની માફક, દક્ષિણ હિંદ પણ દાવો કરી શકે છે; અને મારું અનુમાન દક્ષિણ હિંદ માટે વધારે ઢળતું જાય છે; કારણ કે તે વખતના દક્ષિણાપથના સ્વામી, શાતકરણી બીજાએ જે અશ્વમેધ યજ્ઞ કર્યો છે, તેના ઉપદેશક-પ્રણેતા પણ આ પતંજલી મહાશય જ હોય એમ સંભવે છે. (તે માટે જુઓ પુ. ૪ માં આંધ્રદેશનું વર્ણન ). અને જ્યારે તે શાતકરણીનું મરણ થતાં તેના વંશજોમાં તેમનો કુળધર્મ પાછો ગ્રહણ કરાયો, ત્યારે તે અવંતિમાં આવી પુષ્યમિત્રના રાજ્યાશ્રય નીચે રહી, અશ્વમેધના આરંભનો ઉપદેશ કરવા મંડ્યા હતા. તેના પરિણામે રાજા પુષ્યમિત્રે પણ દ્વિસમય અશ્વમેધ કર્યા હતા.

તેમનો સમય પાશ્ચાત્ય વિદ્વાનોએ ઇ. સ. પૂ. ૧૫૦-૧૪૦ લગભગ ઠરાવ્યો છે.[૩૧] તેમ એક જૈન ગ્રંથમાં[૩૨] તેનો સમય ઇ.સ. પૂ. ૧૭૫ નો બતાવાયો છે. પણ ખરી રીતે તેનો સમય તે આંધ્રપતિ શાતકરણી બીજાના[૩૩] (જેનો સમય ઇ. સ. પૂ. ૨૮૧ થી ૨૨૫-૬=૫૬ વર્ષ છે ) તેમ જ શુંગવંશી પુષ્યમિત્ર( જેનો સમય ઇ. સ. પૂ. ૨૦૪ થી ૧૮૮-૧૬ વર્ષનો છે )ના સમકાલીનપણે વિદ્યમાન હોઇ સહીસલામતીથી અને કાંઈ પણ સંકોચ વિના આપણે ઈ. સ. પૂ. ૨૭૦થી ઇ.સ. પૂ. ૧૮૦-૯૦ વર્ષનો ઠરાવી શકીએ.

તેનું વતન મારી ગણત્રીથી ઉપર જણાવી ગયા પ્રમાણે, દક્ષિણાપથમાં ગોદાવરી નદીના મૂળ પાસેનો પ્રદેશ, કે જેને તે વેળાએ ગોવરધન-સમય[૩૪] અથવા જેનો અર્થ વર્તમાનકાળે પ્રાંત કહી શકાય છે-કહેતા ત્યાં થયો હતો. જન્મે પણ બ્રાહ્મણકુળ હશે; અને તેમાં વળી ગોવરધન-સમય જેવો પ્રદેશ અને નાશિક-ત્ર્યંબક જેવા પાર્વતીય મુલકનું વાતાવરણ, એટલે વૈદિક અભ્યાસમાં સારી રીતે પ્રવીણ થઇ જવાની તક મળી હતી. તેવામાં પૈઠણવાસી આંધ્રપતિ શાતકરણી બીજો કે જે આખા દક્ષિણ હિંદમાં સાર્વભૌમ જેવો થઇ પડયો હતો, તેના તરફથી રાજકીય-ધર્મપ્રચારની પ્રેરણા મળવાથી, તે એકદમ બહાર આવી ઝળકી ઊઠયા હતા અને વૈદિક ધર્માનુસાર એકાદ અશ્વમેધ યજ્ઞ પણ તેમના જ નેતૃત્વ પણામાં દક્ષિણ દેશે આંધ્રપતિ પાસે કરાવાયો હતો.

આ સમય પૂર્વે-દશેક વર્ષ પૂર્વે-સકલ હિંદના સાર્વભૌમ જૈનધર્મી સમ્રાટ મહારાજા પ્રિયદર્શિનનું સ્વર્ગગમન થઇ ગયું હતું અને તેની ગાદી ઉપર જે તેનો યુવરાજ વૃષભસેન બિરાજવાને ભાગ્યશાળી થયો હતો તે સ્વભાવે કાંઇક તામસી હતો જ; તેમાં અફગાનિસ્તાન,

---

(૩૧) અ. હિ. ઇ. ત્રીજી આવૃત્તિ પૂ. ૨૧૪ "પતંજલીનો સમય મોઘમ રીતે ઇ. સ. પૂ. ૧૫૦-૪૦ નક્કી થયો છે The date of Patangali is fixed to B.C. 150-140 in round numbers.

રૈ. એ. સો. ( ૧૮૭૭ ) પૂ. ૨૦૮ ઉપર તેનો સમય નીચે પ્રમાણે જણાવ્યો છે. પ્રો. વેબર ઇ.સ.પૂ. ૧૬૦; પ્રો. ગોલ્ડસ્ટુકર ઇ. સ. પૂ. ૧૪૦-૨૦; અને પ્રો. ભાંડારકર ઈ. સ. પૂ. ૧૪૪-૧૪૨.

(૩૨) જુઓ, જૈન સાહિત્ય સંશોધક પુ. ૩, ખંડ ચોથો, પૂ. ૩૭૩.

(૩૩) જુઓ આગળ ઉપર આંધ્રવંશના વર્ણન.

(૩૪) જુઓ રાજા નહુપાણને લગતા નાશિકના શિલાલેખો.

શિરતાન અને તેના સમીપના પ્રદેશમાં જ જીવનની યુવાનીનો કાળ વિતાવેલો હોવાથી, ઠંડાં પ્રદેશવાળામાં લોહીનો જે ઉકળાટ–ગરમી સ્વભાવિક રીતે રહ્યા કરે છે, તેનું વહન ઉમેરાયું હતું. એટલે વિશેષ જલદ પ્રકૃતિવાળો બન્યો હતો. તેવા પુરૂષને સાર્વભૌમત્વ જેવી સત્તા મળવાથી એકદમ ધર્મઝનૂન આવી ગયું[૩૫] હતું. જેના કારણે પ્રજા ઉપર રાજદંડ ફેરવી, સર્વને સ્વધર્મી બનાવવા મંડી પડયો હતો. જે કાર્ય શાતકરણી બીજો કે જે તેના જેવો જ પ્રભાવશાલી પણ અન્ય ધર્મ–પ્રચાર અભિલાષી; તેમજ સત્તા સમાન હતો, તેને કાંટા સમાન કહતું હતું. એટલે એક બાજૂ ઉત્તર હિંદમાં મૌર્યવંશીનો ધર્મઝનૂની કોરડો ફરવા માંડયો, તેમ બીજી બાજૂ દક્ષિણમાં આંધ્રવંશનો ધર્મ–ઝનૂની કોરડો ફરવા માંડયો. એ દિશાના આ પ્રમાણેના ધર્મપ્રચારના યુદ્ધમાં, દક્ષિણવાળા નેતાનો વિજય થયો. કારણ કે તેની સત્તામાં પ્રદેશ બહુ જ વિસ્તારવંત હતો; પરિણામે જ્યારે આંધ્રપતિ શાતકરણી બીજો અવંતિ ઉપર ચડી આવ્યો, ત્યારે વૃષભસેનની હાર થઈ અને લડાઇમાં મરાયો; અને છેવટે અવંતિ ઉપર આંધ્રપતિની રાજ્યસત્તા[૩૬] સ્થપાઇ (મ. સં. ૩૦૧=ઇ. સ. પૂ. ૨૨૬) એટલે આંધ્રપતિ શાતકરણીએ વિજેતા તરીકે વિજયપ્રાપ્તિના ઉલ્લાસમાં અને મહોત્સવ નિમિત્તે અવંતિની રાજનગરી વિદિશામાં પોતાના રાજપુરોહિત *પતંજલીના ઉપદેશથી* તેમજ તેની ઇચ્છાને માન આપી, મોટો અશ્વમેધ યજ્ઞ કર્યો હતો. તેનું ખર્ચ તે રાજનગરની સારી વસ્તી પાસેથી મેળવ્યું હતું અને તે બનાવ યાદગાર બની રહે તે માટે તેનો સ્મરણસ્તંભ પણ કોતરાવ્યો હતો.[૩૭] પછી પુષ્યમિત્રને સૈન્યપતિના અને મહાઅમાત્યના પદે નીમ્યો હતો. તથા સ્વર્ગસ્થ મૌર્યવંશી સમ્રાટના વંશજને ગાદી ઉપર બેસારી, પોતાનો આશ્રિત બનાવ્યો કબૂલરાવ્યો હતો[૩૮]; કેમ જાણે પોતાને થએલ અપમાનનો બદલો–વેર[૩૯] વાળવાનો પ્રયત્ન સેવી રહ્યો હોય (શું અપમાન થયું હતું તે માટે આંધ્રવંશના વૃત્તાંતમાં શાતકરણી બીજાનું વર્ણન વાંચો); તેમ નામના રાજા તરીકે ચાલુ રખાવી પોતાના પ્રદેશ તરફ પાછો વળ્યો હતો. જ્યાં બહુ ટુંક મુદતમાં જ, શાતકરણી બીજો પાકી વૃદ્ધ વયે ઈ. સ. પૂ. ૨૨૬ માં મરણ પામ્યો હતો. એટલે નબળા મૌર્યવંશી રાજાઓ ઉપર પુષ્યમિત્ર વિશેષ સત્તાવાન બન્યો હતો અને આંધ્રભૃત્ય[૪૦] તરીકે રાજશાસન ચલાવવા લાગ્યો હતો (ઇ. સ. પૂ. ૨૨૬); તથા પોતાને મદદરૂપ થઇ પડે માટે તેણે પોતાના પુત્ર અગ્નિમિત્રને પણ સૈન્યના

(૩૫) જુઓ ઉપરમાં પૃ. ૧૦ થી આગળ.

(૩૬) ઉપરમાં પ્રથમ પરિચ્છેદે જુઓ.

(૩૭) જુઓ સાંચીસ્તુપ નામે જાણીતો થયેલ શિલાલેખ.

(૩૮) મુલક જીત્યો કે પોતાના રાજ્યમાં ભેળવી લેવો, તે સિદ્ધાંત તે સમયે પ્રચલિત નહોતો. (સરખાવો પુ. ૧, પૃ. ૩૭૪ રાજા શ્રેણિકની રાજનીતિ).

(૩૯) પાછળથી સંશોધન દ્વારા જણાયું છે કે તેને નહીં પણ તેના બાપને મહારાજા પ્રિયદર્શિને હરાવ્યો હતો તે વેર હતું; નહીં કે પોતાને તેણે હરાવ્યો હતો.

જુઓ સુદર્શન તળાવની પ્રશસ્તિવાળો ભાગ જેને રૂદ્રદામનના લેખ તરીકે ગણી કઢાયો છે; પણ ખરી રીતે તે પ્રિયદર્શિનનો છે (જેની ચર્ચા પુ. ૨, પૃ. ૩૯૩–૭ માં કરી બતાવી છે).

(૪૦) દેખીતી રીતે મૌર્યવંશના ભૃત્ય હતો; જ્યારે અંદરખાનેથી આંધ્રપતિની સત્તાનો ભૃત્ય હતો. ગમે તેમ પણ તે કોઈ સત્તાનો ભૃત્ય હતો જ અને

નોકરીમાં જોડી દીધો હતો એમ સમજાય છે.

બીજી બાજુ, શાતકરણી આંધ્રપતિનું મૃત્યુ થતાં તેની ગાદીએ જે રાજાઓ આવવા માંડ્યા, તે પણ પોતાના પૂર્વજના પગલે ચાલી ધર્મના પ્રચાર માટે પોતાની સત્તાનો દંડ-બાહુ પ્રજા ઉપર ફેરવવાનું ચાલુ રાખે ગયા હતા. એટલે કે, અવંતિમાં વેદધર્મી પુષ્યમિત્રનો હવે છડેચોક રાજ્યઅમલ ચાલુ હતો, તેમ દક્ષિણમાં પણ શાતવાહન-શતવહન વંશનો ધર્મદોર-અમલ ચાલુ થયો હતો. અને બંને રાજ્યમાં સમય આવતાં-રાજાની ફેરબદલી થતાં, અશ્વમેધ યજ્ઞના દેખાવ થયા જ કરતા હતા. પણ રાજસત્તાનો જુલ્મ-દમનનીતિ જ્યારે વધી જ પડે છે, ત્યારે કુદરત કોઇ રીતે પણ તેના ઉપર અંકુશ મૂકે જ છે. તેમાંયે આંધ્રની ગાદી ઉપર જે રાજાઓ આવવા લાગ્યા, તેમણે પ્રજાનો રોષ જોયો કે તુરત જ કેટલાકે પોતાની રાજનીતિ બદલી નાંખી. અને શાતકરણી બીજાના સમય પહેલાનો જે ધર્મ ચાલ્યો આવતો હતો તે પુનઃ ગ્રહણ કર્યો. એટલે પતંજલી મહાશયને દક્ષિણ દેશ છોડી અવંતિમાં થાણું જમાવવાની ઇચ્છા થઈ આવી-કહો કે ત્યાં આવવાનું આમંત્રણ મળ્યું. વળી કેટલાક આંધ્રપતિએ પ્રજાને ઇચ્છાપૂર્વક ધર્મ પાળવાની છૂટ આપી જેથી પ્રજાના મન કાંઇક શાંત થયા અને પરિણામે રાજસત્તા પણ સ્થિર થવા પામી. પણ ઉત્તરમાં તો, તેને તે પ્રથા ચાલી રહી હતી, કેમકે ત્યાં તો નબળા મૌર્યવંશી રાજાઓનો અમલ હતો અને ખરી સત્તા તો વૈદિક ધર્મના રગેરગ અંધભક્તિ ધરાવતા પુષ્યમિત્રની જ હતી. તેમાં ઉપર પ્રમાણે પતંજલી મહાશયની હાજરીથી અને પ્રેરણાથી વારિસિંચન મળવા માંડયું. એટલે મધ્ય હિંદમાં પ્રજાનો ખળભળાટ દેખી પશ્ચિમ હિંદમાંથી પરદેશી લોકોનાં ટોળેટોળાં ઊતરવા મંડી પડવાં લાગ્યાં (જેનો ઇતિહાસ આપણે જુદા જ પ્રકરણમાં લખવાનો છે.)

આ ધર્મ-પરિવર્તનની કહો કે ધર્મ-ઝનૂનના બહાના તળે અત્યાચાર ચલાવવાની કહો, કે તેની છાયામાં રહી સત્તા જમાવવાની કહો, ગમે તે નામથી સંબોધો પણ તેવી સ્થિતિ લગભગ વીસેક વર્ષ સુધી ચાલુ રહી હતી. દરમ્યાન પરદેશીઓનાં આક્રમણનું બળ પશ્ચિમમાંથી પૂર જોસથી જે દોડી આવતું હતું તે, અમાત્ય પુષ્યમિત્ર અને સૈન્યપતિ અગ્નિમિત્રથી અસહ્ય થઇ પડવા માંડયું. મૌર્ય સામ્રાજ્યનો જે મહાન વિસ્તાર સમ્રાટ પ્રિયદર્શિન પોતાના મરણ સમયે મૂકી ગયો હતો તેમાંનો હિંદની બહારનો સર્વ મુલક તો ક્યારનો ગૂમાવી નંખાયો હતો જ, પણ ઉત્તર હિંદમાં પણ બળવા જેવી જ સ્થિતિ પ્રવર્તી રહી હતી. અને એક પછી એક પ્રાંતો તેની સત્તામાંથી ખસી જતા પડતા દેખાતા હતા. તે એટલે સુધી કે અવંતિપતિની હદ માત્ર

---

તેથી તેને ઇતિહાસકારોએ "શુંગભૃત્ય" તરીકે ઓળખાવ્યો છે. મૌર્ય-ભૃત્ય કહેવો કે આંધ્રભૃત્ય કહેવો તે કઠિન કાર્ય લાગવાથી, શુંગભૃત્ય શબ્દ જ યોજી કાઢ્યો લાગે છે. (જુઓ પૃ. ૪૯. ટી. નં. ૫.) જેવી રીતે આંધ્રવંશી રાજાઓ ચેદિપતિ ચક્રવર્તી ખારવેલના પ્રથમ ભૃત્ય જેવા હતા. પછીથી મગધપતિ નાગ-નંદવંશનાં ત્ય થયા અને પછી મૌર્યવંશી ચંદ્રગુપ્ત અને બિંદુસારના ભૃત્ય થયા હતા; પણ આ બધા વંશોનાં નામ અને ભૃત્ય શબ્દ તેમની સાથે જોડવાનું કઠિન લાગવાથી તે સંબંધમાં ઇતિહાસકારોએ "આંધ્રભૃત્ય" શબ્દ યોજ્યો હતો અને પૂર્વના ઇતિહાસકારોના તે પગલાનું અનુકરણ કરી, પુષ્યમિત્રના સમયના ઇતિહાસકારોએ તેને "શુંગભૃત્ય" નામ આપ્યું લાગે છે.

નામની જ[૪૧] રહી હતી. એટલે લશ્કરની સજાવટ અને નિરીક્ષણ કરવાના નિમિત્તે મોટી લશ્કરી કવાયતનો પ્રસંગ ગોઠવ્યો: અને પોતે તથા તત્રભવાન મૌર્ય સમ્રાટ બૃહદ્રથ અશ્વારૂઢ બની બન્ને જણા લશ્કરી કવાયત નિહાળવા નીકળ્યા. આ સમયનો લાભ લઈ ઇતિહાસકારોના કહેવા પ્રમાણે પુષ્યમિત્રે[૪૨] પોતાના સ્વામિનું ખૂન કરી પોતે રાજા[૪૩] બન્યો; ત્યારથી એટલે ઇ. સ. પૂ ૨૦૪ (મ. સં.૩૨૩) થી રાજા પુષ્યમિત્રનો વંશ શુંગભૃત્ય ટળીને શુંગવંશ કહેવાવા લાગ્યો.

જ્યાં સુધી શાતકરણી બીજો વિદ્યમાન હતો ( મ. સં. ૩૦૧-ઇ. સ. પૂ ૨૨૬ ) ત્યાં સુધી તો પં. પતંજલીને અવંતિમાં ( ઈ સ. પૂ. ૨૨૮ થી ૨૨૫ સુધી ) તેમજ પૈઠણમાં ( ઇ. સ. પૂ. ૨૩૬ થી ૨૨૫ સુધી ) બન્ને ઠેકાણે પોતાનો પ્રભાવ જમાવવાનું ક્ષેત્ર ખુલ્લું પડ્યું હતું જ; પણ એક બાજૂ દક્ષિણમાં શાતકરણીના મૃત્યુથી અને તેના વંશજોની ધર્મરૂચિ અસ્થિર દેખવાથી તથા ધર્મપ્રચાર માટેની રાજનીતિમાં ફેરફાર નજરે પડવાથી, તેમજ બીજી બાજૂ અવંતિમાં પુષ્યમિત્ર અને અગ્નિમિત્રનું જોર ફાટમફાટ દેખાતું જવાથી, પોતાનો બધો સમય અવંતિમાં રહીને જ ગાળવાનું પં. પતંજલીને મન થયા કરતું હતું. તેમાં હવે તો પુષ્યમિત્ર અને અગ્નિમિત્ર રાજપદે આવ્યા હતા. એટલે તેમને પોતાનો પાસો ફેંકવાનો વિશેષ પ્રસંગ હાથ લાગ્યો હતો. તેમાં આમંત્રણ મળ્યું એટલે તેમણે અવંતિમાં અડ્ડો નાંખ્યો; અને રાજા અગ્નિમિત્ર રાજગાદી ઉપર કાંઇક સ્વસ્થ થયો કે તેના રાજ્યની ચિરસ્થિરતા માટે **પ્રથમ અશ્વમેધ** યજ્ઞ આરંભાવી દેવરાવ્યો. આ માટેની ખાત્રી એ ઉપરથી થાય છે કે, પતંજલી મહાશયે જે બે અશ્વમેધ યજ્ઞો શુંગવંશી રાજાના આશ્રય તળે કરાવ્યા છે, તેમાંના પ્રથમ યજ્ઞ સમયે જ **પુષ્યમિત્રને ઉદ્દેશીને તેમણે મંત્રોચ્ચાર** કરેલ દેખાય છે. પણ સમ્રાટ અગ્નિમિત્ર અન્ય સ્થાનકે હોવાથી તેના સમાચાર તેને ત્યાં આગળ

(૪૧) C. H. I. P. 516. It seems however certain that the Sungas succeeded to a realm already greatly diminished ( We have no trustworthy guide for the period of its decline )-કે. હિ. ઇ. પૃ. ૫૧૬ " છતાં એટલું ચોક્કસ છે જ કે, જે રાજ્યની હદ ક્યારની મોટે ભાગે ઓછી થઈ ગઈ હતી તેવા રાજની શુંગવંશીને પ્રાપ્તિ થઈ હતી ( તે રાજ્યની પડતી કેમ થઇ હતી તેની વિશ્વાસનીય કાંઇ માહિતી આપણને નથી. )

(૪૨) મારી ગણત્રી એમ છે કે ખૂન કરનાર પુષ્યમિત્ર નહી પણ અગ્નિમિત્ર હતો, અને તે માટે અમુક સંકેત ગોઠવી રાખ્યો હશે ( જુઓ આગળ કલ્કિરાજનું વૃત્તાંત. )

(૪૩) અ. હિ. ઇ. ત્રીજી આવૃત્તિ પૃ. ૧૯૮.

ટી. નં. ૧-બાણ કવિના કથનના આધારે પુરાણની હકીકતને સમર્થન મળે છે એમ જણાવી મિ. સ્મિથ લખે છે કે, and reviewing the whole army under the pretext of showing him his forces, the base born anarya general Pushyamitra crushed his master Brihadrath, the Maurya = અને તેને પોતાનું લશ્કર દેખાડવાનું નિમિત્ત દર્શાવી અનાર્ય ( તેના અર્થ માટે નીચે જુઓ) પુષ્યમિત્રે પોતાના સ્વામી મૌર્યવંશી બૃહદ્રથ રાજાને મારી નાંખ્યો ( જ. બોં બ્રૈં. રો. એ. સો. ૧૯૨૮ પૃ. ૪૫ જણાવ્યું છે કે તેણે પોતાના રાજાને મારી નાંખ્યો હતો, તેથીજ નિર્ણયસાગર પ્રેસમાં ૧૯૮૬ માં છાપેલી હર્ષ ચરિત્રમાં અનાર્ય કહ્યો છે ) વળી નીચેની ટીકા નં. ૪૪ થી ૪૬ જુઓ.

પણ મોકલાવ્યા છે. (કારણ કે, ખરી રીતે અગ્નિમિત્રનું જ રાજ્ય હતું, એટલે તેને સમ્રાટ તરીકે તો ખબર આપવા જ જોઈએ. તેમ પુષ્યમિત્ર હૈયાત હતો જ; ભલે વાનપ્રસ્થ દશામાં હતો—એટલે તેનું ગૌરવ પણ સાચવવું જોઈએ. તે હેતુથી તેને જ ઉદ્દેશીને મંત્રોચ્ચાર કરાયો છે.) જ્યારે બીજો યજ્ઞ જે કરાયો છે, તેની અને પહેલાની વચ્ચે કેટલાંક વર્ષનો ગાળો નંખાયો છે; કે જે સમયે પુષ્યમિત્રની હૈયાતિ ન હોવાથી અને સમ્રાટ અગ્નિમિત્રને પોતાનું સાર્વભૌમત્વ જાહેર કરવાની આવશ્યકતા લાગવાથી, તેણે પોતે જ બીજો યજ્ઞ આરંભાવ્યો હતો. અને તેને ટેકો એ વાતથી મળે છે કે આ દ્વિતીય યજ્ઞસમયે પતંજલી મહાશયે બણું કરીને પુષ્યમિત્રનું નામ પણ નથી લીધું. તેમ ચાલતા આવેલા રિવાજને અનુસરીને, ( યજ્ઞ કરાવનાર રાજાનો યુવરાજ જ્યાંસુધી હોય, ત્યાંસુધી તે યુવરાજ જ યજ્ઞના અશ્વના રક્ષક તરીકે દેશાટન કરે છે; અને તેના અભાવે અન્ય કૌટુંબિક કે વિશ્વાસુ વ્યક્તિ હોય તે કામ ઉપાડી લ્યે છે ) યુવરાજ વસુમિત્રને જ અશ્વરક્ષક તરીકે મોકલ્યાનું જણાયું છે. એટલે આ ઉપરથી ચોક્કસ થાય છે કે પહેલો યજ્ઞ પુષ્યમિત્રની હૈયાતીમાં પણ અગ્નિમિત્રના રાજ્યે થયો હતો ( આશરે ઇ. સ. પૂ. ૧૮૯ કહી શકાય ); જ્યારે બીજો પુષ્યમિત્રના મરણ બાદ અને અગ્નિમિત્રના સ્વતંત્ર સમ્રાટ્ થયા બાદ સાતેક વર્ષે એટલે પોતાના રાજ્યાભિષેક પછી ત્રીસમા વર્ષે ( ઇ. સ. પૂ. ૧૮૧માં ) કરાયો હતો. જ્યારે કુમાર–યુવરાજ વસુમિત્ર તો પોતાના પિતાના સમ્રાટ્ બન્યા પછી બાવીસમા વર્ષે મરણ પામ્યો છે. એટલે તેણે આ દ્વિતીય યજ્ઞમાં નેતા તરીકેનો પાઠ[૪૪] ભજવેલો ન જ કહી શકાય; પણ તે પૂર્વે છ મહિને કે એક વર્ષે મરણ પામેલો કહેવાય.

આ દ્વિતીય અશ્વમેધ યજ્ઞની પૂર્ણાહુતિ થયા બાદ, કેટલાં વર્ષ સુધી પતંજલીનું જીવન ટકી રહ્યું હશે તેનો પુરાવો મળતો નથી, પણ તે બાદ તુરતમાં જ મરણ થયું હોય એમ અનુમાન કરીને તેની સાલ ઇ. સ. પૂ. ૧૮૦ ઠરાવી છે; જેથી પતંજલી મહાશયની ઉમર આશરે ૯૫ વર્ષની ગણાવી છે.

પુષ્યમિત્રનો જન્મ તો ઉચ્ચ કોટિના બ્રાહ્મણ માબાપના પેટે જ થયો દેખાય છે.

**બંનેનાં ચારિત્ર્ય તથા અન્યો સાથે કેટલેક અંશે તેમની તુલના**

એટલે, મિ. વિન્સેંટ સ્મિથ સાહેબ કે અન્ય ગ્રંથકાર જે તેને હલકા કુળમાં જન્મેલ–baseborn–કરીને સંબોધે છે તે યોગ્ય નથી. બાકી તેને પોતાના સ્વામિ–રાજા બૃહદ્રથના ખૂની તરીકે ઓળખાવી કદાચ ઉપરનું સંબોધન લાગુ પાડતા હોય તો તે બીજી વાત કહેવાય. જો કે ખરી રીતે ખૂન કરનાર પણ તે પોતે તો નથી જ, પણ જેમ અનેક પ્રસંગોએ બનતું આવ્યું છે કે, દરેકે દરેક કાર્ય સ્વહસ્તે જ ન કરતાં પોતાના કોઈ સાગરીતદ્વારા સાધી શકાય છે,

(૪૪) આ બીજા યજ્ઞનો આરંભ ૧૮૨ માં થયો હોવાથી, વસુમિત્રે અશ્વનાયક તરીકે ભાગ ભજવ્યો હતો, પણ તેના નાયકપણામાં જ અશ્વની અટકાયત થઈ ને પરિણામે યુદ્ધ જામ્યું. એટલે અશ્વમેધની પૂર્ણાહુતિ તો લંબાઈ છે ( લગભગ ઇ. સ. પૂ. ૧૮૧ ) અને તે સમયે રાજા અગ્નિમિત્રે એકલાએ જ બધી વિધિઓ કરેલી હોય એમ સમજાય છે–વસુમિત્રના અભાવે.

તેમ કદાચ આમાં દોરીસંચાર તરીકે અથવા તો મુખ્ય સંચાલક તરીકે તેનો હાથ હોય અને તેથી તે કાર્યના કર્તા તરીકે તેનું નામ લેવાયું હોય એમ દેખાઈ આવે છે. તેટલે દરજ્જે તે છળકપટ-કુશળ તો જરૂર કહી શકાય જ. વળી પોતે જીવનની શરૂઆત સૈન્યાધિકારી તરીકે કરી હતી એટલે જેને આપણે militant nature-લશ્કરી તુમાખી કહીએ તેવા સ્વભાવનો તે હશે જ અને તેટલા પ્રમાણમાં તામસી પ્રકૃતિનો, અભિમાની, ગર્વિષ્ટ તથા લોખંડી પંજાની રાજનીતિ ચલાવવાનો ઉપાસક પણ હોવો જોઇએ. કે જે વૃત્તિને પતંજલી મહાશયની હિંસાપૂરક અશ્વમેધ યજ્ઞ કરવાના ઉપદેશથી વારિસિંચન થયું હતું. પણ પાછળથી જ્યારે પોતે, રાજ્યના મુખ્ય સંચાલક તરીકે નિમાયો હતો ત્યારે તો વિશેષ ઠરેલ સ્વભાવનો, વ્યવહારિક રીતિએ કામ કઢાવી લેવાની વૃત્તિવાળો તેમજ પ્રજારંજન કેમ થઇ શકે તેની નાડ તપાસીને કાર્ય કરનાર તરીકે થયો હોવો જોઇએ. તેમ અગ્નિમિત્રે પણ પોતાના પિતાનું જ પાસુ તેના સર્વ રાજ્યકર્મચારી તરીકેના વ્યવસાયમાં સેવેલું હોવાથી તે પણ તે ગુણયુક્ત થઈ ગયો હતો. જેના અભ્યાસથી તેવી-કારકિર્દી-સમ્રાટ્ અને કાર્યકુશળ રાજકર્તા તરીકેની-તે સંપાદિત કરી શકયો હતો. એટલે કે પુષ્યમિત્રને આપણે જરૂર એક રાજ્યરત્ન, રાજવીર અને કુશળ રાજકર્મચારી કહી શકીશું; પણ સમ્રાટ્ તરીકે તો નહીં જ.

તેમ પતંજલી મહાશય પણ જન્મે ઉચ્ચ બ્રાહ્મણ હતા, તેમ મહાન્ વિદ્યાસંગી પણ ખરા જ. તેમજ પોતાના ધર્મનું ગૌરવ વધારવાને અનેક પ્રયત્નો તેમણે સેવ્યા હતા એમ પણ જરૂર કહી શકાય. વળી તે માટે પોતાની પૂર્વાવસ્થામાં શાતકરણી બીજા જેવા મહાપ્રભાવશાળી રાજાની મદદ મળી ગઈ હતી, અને દક્ષિણ દેશમાં એક યજ્ઞ કરાવ્યો હતો. તેમ બીજો યજ્ઞ તે જ શાતકરણી રાજા પાસે વિદિશાનગરી જીતીને કરાવ્યો હતો. ત્રીજો પુષ્યમિત્રની હૈયાતિમાં અને ચોથો અગ્નિમિત્રના ચક્રવર્તીપણા તરીકેની દાંડી પીટાવવા કરાવ્યો હતો. આવી રીતે તેમણે વૈદિક ધર્મના પ્રચાર અને પ્રસાર માટે પોતાનું આખું જીવન ગાળ્યું હતું. જેમ સમ્રાટ્ પ્રિયદર્શિનને જૈન ધર્મના પ્રસાર પાછળ ગાંડું લાગ્યું હતું તેવું આ પતંજલી મહાશયને પોતાના વૈદિકધર્મ પ્રસારની પાછળ લાગ્યું હતું. અલબત્ત, બંનેની શક્તિની સરખામણી અહીં કરવા માટે આ વાક્ય નથી લેવાનું-તે એટલે સુધી કે, પુષ્યમિત્ર અને સમ્રાટ્ અગ્નિમિત્રને ઉપદેશીને શ્રમણ સાધુઓને વીણી વીણીને તેમણે મરાવી નાંખ્યા હતા. જો કે પાશ્ચાત્ય વિદ્વાનો આ શ્રમણોને બૌદ્ધધર્મી હોવાનું જણાવે છે. કદાચ જૈન શ્રમણોની સાથે બૌદ્ધ શ્રમણો થોડા ઘણા હશે. બાકી ખરી રીતે તો તે સમયે બૌદ્ધ ધર્મ જ હિંદમાંથી લગભગ અદૃશ્ય થઇ ગયો હતો એટલે તે ધર્મના શ્રમણો હોવા સંભવ નથી. પણ જૈન ધર્મના જ[૪૫] સાધુ-શ્રમણો તે હોવા જોઇએ એમ સમજવું રહે છે. વળી તેમણે ઢંઢેરો પીટાવીને જાહેરાત પણ કરાવી હતી કે જે કોઇ વ્યક્તિ માત્ર એક જ શ્રમણનું માથું કાપી લાવશે તેને

(૪૫) જો કે જૈન ગ્રંથોમાં કયાંય સાધુના શિર્ષોચ્છેદ કરી નાખ્યાનું જણાવાયું નથી; બાકી કલ્કિરાજએ અનેક રીતે જૈન સાધુને હેરાન કર્યા તથા તેમની પાસેથી પણ દંડ તેમ જ આહારમાંથી ભાગ પડાવ્યાનું તો નીકળે છે ખરું.

ઇનામ તરીકે દીનારના[૪૬] સો નંગ આપવામાં આવશે.[૪૭] તેમ પ્રિયદર્શિન સમ્રાટે પોતાની પ્રજાને અહિંસામય બનાવવા તથા તેને અધ્યાત્મના કલ્યાણના માર્ગે વાળવાને જે જે ઉપાયો યોજ્યા હતા તે સર્વેના હરિફ બનવાનું જ કેમ જાણે તેમણે બીડું ઝડપ્યું ન હોય, તેમ મંદિરો, મૂર્તિઓ વિગેરેનો નાશ પણ તેમણે કરાવી નાંખ્યો હતો. જે મૂર્તિઓ સૂવર્ણમયી હતી તે સર્વેને તેમણે ગળાવી નાંખીને તેનું સોનું, તેમજ જે મૂર્તિઓ રત્ન કે માણિક્ય અથવા હીરાજડિત હતી તેને ભાંગી-તોડી તેમાંથી ઉપજેલું સઘળું દ્રવ્ય, તેમણે રાજ્યકોષમાં સંચિત કરાવ્યું હતું. વર્તમાનકાળે અવંતિના પ્રદેશમાં ક્યાંય પણ સમ્રાટ્ પ્રિયદર્શિનકૃત જૈન મંદિરો બિલકુલ જે નજરે પડતાં જ નથી, તેનું કારણ પણ કદાચ આ ઉપરથી વાચકને સ્પષ્ટ સમજાશે. તેમ કોઇ ધાતુ પ્રતિમા પણ ભાળવામાંથી જડી આવતી નથી તેનું પણ આ જ કારણ હશે. હજુ પાષાણ પ્રતિમા મળી આવે છે, તેનું કારણ એ સંભવે છે કે તેમાંથી કાંઇ દ્રવ્યપ્રાપ્તિ[૪૮] થાય તેવું તેમને નહીં લાગ્યું હોય. તેમજ તે સમયના શ્રાવકોએ આવો દેખીતો હૃદયવિદારક ધર્મ ઉપરનો ભીષણ અત્યાચાર થતો નજરોનજર નિહાળવાનો પ્રસંગ ખાળી નાંખવાને, ભૂમિમાં તેવી અનેક પ્રતિમાઓ ભંડારી દીધી હોય; પણ દ્રવ્ય લાવી આપે તેવું બિંબ-પ્રતિમા પછી તે નાની હોય કે મોટી, તેમાંથી કોઇને પણ રાજ્યની કુડી-ધર્મદ્વેષી અને દ્રવ્યપિપાસાભરેલી દૃષ્ટિથી અદૃશ્ય કરી શકાય તેવું નહીં લાગ્યું હોય; અથવા તેવો પ્રયત્ન કોઇ સેવતો માલૂમ પડે તો તેને શીરે ભારે રાજ્યદંડ પણ કદાચ લટકતો કરી દેવાયો હશે. આવા અનેકવિધ ભયને લીધે તેનું રક્ષણ કરવાનું છોડી દીધું જ હશે. આ પ્રકારના અત્યાચારો પોતાના ધર્મ ઉપર થતા જોઇને જૈન સાધુઓ અવંતિ રાજ્યની હદ છોડીને તેની પાસેના પ્રદેશોમાં વિહાર કરી ગયા હતા. વળી મહાસમર્થ જૈનાચાર્યો જે અદ્યાપિ પર્યંત યુથો ને યુથોમાં અવંતિમાં પડ્યા રહેતા હતા તેમાંના કેટલાય કપાઇ મૂઆ હતા; પણ જે નીકળી છૂટયા હતા તે આ અગ્નિમિત્રની રાજ્યનીતિથી ત્રાહી ત્રાહી પોકારી વર્તમાનકાળે જાણીતા થયેલ

(૪૬) લગભગ દશ રૂપિયાનો એક દિનાર થાય છે.

(૪૭) જુઓ કે. હિ. ઇ. પૃ. ૫૧૮ અને આગળ— In Buddhist literature Pushyamitra figures as a great prosecutor of their religion and offers a reward of 100 dinars for the head of every monk.

અ. હિ. ઇ. ત્રીજી આવૃત્તિ પૃ. ૨૦૨. ઉપરને જ મળતું લખાણ છે. વળી વિશેષમાં જણાવે છે કે, Pushyamitra indulged in a savage persecution of Buddhism, burning monasteries and slaying monks from Magadha to Jalandhar in the Punjab. Many monks who escaped his sword are said to have fled into the territories of other rulers.

ભા. પ્રા. રાજ્યવંશ ભાગ ૨, પૃ. ૧૪૫.

ઇ. હી. ક્વૉ. પુ. ૫. આંક ૩ (૧૯૨૯ સપ્ટેંબર) પૃ. ૩૯૯.

(૪૮) સાંચીના અને વિદિશાનગરી પાસેના સ્તૂપોનો જે સમુહ જૈન ધર્મીઓનો છે તે આવા હડહડતા ધર્મવિરોધી રાજાની રાજધાનીની સામે ફુરકીયાં કરતો ઊભો રહેવા છતાં, આબાદ છટકી જાય અને અદ્યાપિ પર્યંત અભિમાનપણે તે ઊભો રહે તે બને જ કેમ ? તે બતાવે છે કે આવાં ધર્મચિહ્નો નષ્ટ કરવામાં તેનો પ્રધાન હેતુ તો દ્રવ્યપ્રાપ્તિનો જ હતો. સ્તૂપોમાંથી તો કાંઈ હોકડો પણ મળે તેવું નહોતું જ, તે દેખીતું છે, તેથી જ તે બિનારા પાડતા બચી ગયા લાગે છે.

પાસેના રાજપૂતાનાવાળા પ્રદેશમાં તેમ જ સૌરાષ્ટ્રમાં પોતાનું ધામ બનાવવા—પોતાની સ્થિતિ કરવા લાગ્યા હતા. તથા સર્વત્ર ધર્મશાંતિ માટે મંત્રો જપવા મંડી પડયા હતા. મહાવીરની પાટે બિરાજતા આ સમયના આચાર્યશ્રી સુપ્રતિબદ્ધજી અને આચાર્યશ્રી સુસ્થિતજીએ આ કારણને લીધે જ કોડિવાર મંત્રનો જપ જપ્યો હતો; તેથી તેમના ગણને "કૌડિન્ય ગણ" નું ૪૯ ઉપનામ મળ્યું છે. આ પ્રસંગની કદાચ તે સાક્ષી રૂપ હશે. વળી જે કેટલાક વિશેષ જુલ્મો સમ્રાટ અગ્નિમિત્રે જૈનધર્મ ઉપર વિતાવ્યા હતા તેનો ખ્યાલ રાજા કલ્કિનું વૃતાંત વાંચવાથી વાચક વર્ગને તાદૃશ્ય સમજાશે. એટલે અત્રે તો એટલું જ કહીને આપણે વિરમીશું કે, એક પેલી જે ગ્રામ્ય ઉકિત વૈદિકધર્મવાળા તરફથી પ્રચલિત થઇ ગઇ છે કે, રસ્તામાં ચાલ્યા જતાં આપણને કદાચ સામેથી ગાંડોતુર હાથી આવતો દેખાતો હોય અને રસ્તાની સંકડાશ હોવાથી નાશી છૂટવાનું બને તેમ પણ ન હોય, એટલે કે મરણભય પણ તદ્દન નજીક આવી પડેલ દેખાતો હોય, છતાં તેવે સમયે જો નજીકમાં કોઇ જૈન મંદિર હોય અને તેમાં પ્રવેશ કરવાથી જીવની રક્ષા થઇ શકે તેમ હોય તો પણ "न गच्छेत् जैनमंदिरे" જૈન મંદિરમાં જવું નહીં. આવી મહા વિષમ આજ્ઞાનું ફરમાન જે થયું લાગે છે તે કદાચ સમ્રાટ્ અગ્નિમિત્ર જેવા સત્તાધારી અને જુલમી કલ્કી રાજાની રાજનીતિનું તેમ જ પતંજલી મહાશય જેવા કેવળ ધર્મઝનૂનના પોષક રાજ્ય-પુરોહિત જેવાના ધર્મોપદેશનું જ પરિણામ હોઇ શકે એવા અનુમાન ઉપર જવું પડે છે.

આ ઉપરથી કહી શકાશે કે પતંજલી મહાશય ભલે મહાવિદ્વાન હશે, મોટા વૈયાકરણી હશે છતાં પૂર્વે વિખ્યાત થયેલ વૈયાકરણી પાણિનિ જેવા—લોકકલ્યાણકારી ભાવનાવાળા તો તેમને ન જ કહી શકાય: તેમ ભલે તેમને આપણે રાજ્ય-પુરોહિત તરીકે ઓળખી શકીએ, પણ મહા-સમર્થ રાજ્યપુરોહિત ચાણક્યની તુલનામાં તેમને એક રાજનીતિજ્ઞ તો નહીં જ કહી શકીએ. પણ જો કેવળ ધર્મભાવનાના કાટલાંથી પરીક્ષાનું પ્રમાણ કે માપ કાઢવાનું ઠરાવવામાં આવે તો જરૂર કહેવું પડશે કે સમ્રાટ્ પ્રિયદર્શિનની રાજનીતિના રંગ આપણને મોગલ સમ્રાટ્ અકબરની ધર્મસહિષ્ણુતાની યાદ દેવડાવે છે; જ્યારે પતંજલી મહાશયના નેતૃત્વ નીચે સમ્રાટ અગ્નિમિત્રની નીતિ તો ધર્મઝનૂની મોગલ સમ્રાટ ઔરંગઝેબનું જ ભાન કરાવે છે.

(૪૯) "કોડિન્" "કોટિન્" શબ્દ હશે પણ અપભ્રંશ થતાં "કૌડિન્ય" વપરાશમાં આવ્યો દેખાય છે. બીજું 'કૌટીન'—ગોત્રના આ આચાર્યો હોવાનું જણાવે છે તેમ ન હોવું જોઇએ. કારણ કે 'ગોત્ર' તો હમેશાં જન્મથી જ અમુક હોય છે અને તેમ ગણાય છે; જ્યારે ગણ તો, જિંદગીના જીવનમાંના કોઇ બનાવ પછી લાગુ પડે છે. એટલે કોડિન્ કે કોટિન્ તે ગણસૂચક શબ્દ હોવો જોઈએ પણ ગોત્રસૂચક નહીં જ.





# તૃતીય પરિચ્છેદ

ટૂંક સાર:—રાજા કલ્કિ સંબંધમાં અન્ય પુસ્તકોમાં કરાયલાં ઉલ્લેખોનાં અવતરણો—તે ઉપર ચલાવેલો વાદવિવાદ અને સમ્રાટ અગ્નિમિત્રને જ તે ઠરાવવાનો અંતે બાંધી આપેલ નિર્ણય—અગ્નિમિત્ર સમ્રાટ બન્યો તે પહેલાંનું તેનું જીવન—હિંદુ રાજાઓની થતી અવનતિ ઉપરથી એક સૈન્યપતિ તરીકે ઉકળી આવેલું તેનું લોહી—તે સ્થિતિ અટકાવવા સ્વામીહત્યાનું કલંક વહોરી લઈ તેણે હાથ કરેલી રાજની લગામ—રાજપદે આવી મારમાર કરતા ધસી આવતા યવન હુમલાઓ ઉપર મૂકેલ અંકુશ—તેમાં મળેલી ફત્તેહને લીધે તેણે કરેલ પ્રથમ અશ્વમેધ યજ્ઞ—અવંતિની આસપાસ સુદૃઢ બનાવેલું વાતાવરણ તથા બીજા અશ્વમેધની કરેલી તૈયારી—બીજા યજ્ઞના અશ્વની યવન સરદાર ડિમેટ્રીઅસે કરેલી અટકાયત અને તે ઉપરથી તેની સાથે કરવું પડેલ યુદ્ધ—યુદ્ધમાં યુવરાજ વસુમિત્રનું નીપજેલ મરણ, જેથી ખૂદ પોતે જ યુદ્ધ તરફ કરેલ પ્રયાણ—અંતે ડિમેટ્રીઅસનું મરાવું અને બીજા અશ્વમેધની પૂર્ણાહૂતિ—અશ્વમેધ યજ્ઞની પ્રથા ઉપરથી સામાજિક શીલતાને પહોંચેલી અસર અને તેનાં નીપજેલાં કડવાં પરિણામ—શીરોભાગે શુંગસામ્રાજ્ય પહોંચ્યાનો આપેલ ચિતાર—પુષ્યમિત્ર તથા અગ્નિમિત્ર વિશે પુરાણકારોએ પોતાની શૈલીમાં કરેલું વર્ણન, ઉપલક દૃષ્ટિએ અસત્ય લાગતાં છતાં વસ્તુતઃ તે સાચું જ છે, તેની સમજૂતિ સાથે રજૂ કરેલાં અનેક દૃષ્ટાંતો—પાટલિપુત્રનું આયુષ્ય, એટલે સ્થાપનાથી માંડીને તેનો નાશ થયો ત્યાં સુધીની સંક્ષિપ્ત હકીકત—અગ્નિમિત્રનો સુજ્યેષ્ઠ અથવા સુમિત્રનો પૂરવાર કરી આપેલ સગપણ સંબંધ—

**(૧) અગ્નિમિત્ર-**( અંતર્ગત **વસુમિત્ર** )

પુષ્યમિત્રના મરણબાદ શુંગપતિ તરીકે, અવંતિની ગાદી ઉપર, તેનો પુત્ર અગ્નિમિત્ર બેઠો છે. તેનું રાજ્ય કેટલા વરસ ચાલ્યું અને કઇ સાલથી કઇ સાલ સુધી તથા તેના રાજ્યસમયે તેને તેના પિતા પુષ્યમિત્ર તરફથી તથા તેના પુત્ર વસુમિત્ર તરફથી કેટલા સમય સુધી મદદ મળતી રહી હતી તે બધું દલીલ સાથે ઉપર ચર્ચી ગયા છીએ. એટલે અત્રે તો માત્ર તે તારીખનો ઉતારો જ આપીએ છીએ; કે જેથી તેટલે આઘે સુધી આપણે, તેમના રાજ્યકાળ માટે પાનાં ઉથલાવતાં જવાની જરૂરીઆત રહે નહીં.

**તેનો સમય**

| | મ. સં. | ઇ. સ. પૂ. | કેટલા વર્ષ | કેટલી ઉમર |
|---|---|---|---|---|
| જન્મ. | ૨૬૭ | ૨૬૦ | ૦ | ૦ |
| રાજપદે ( પણ પોતાના પિતાની હૈયાત દરમ્યાન ) | ૩૨૩-૩૩૯ | ૨૦૪-૧૮૮ | ૧૬ | ૫૬ થી ૭૨ |
| સ્વતંત્ર સમ્રાટ્તરીકે ( તેમાં રાજા કલ્કિ તરીકે પાછલાં ૭ વર્ષ ) | ૩૩૯-૩૫૩ | ૧૮૮-૧૭૪ | ૧૪ | ૭૨ થી ૮૬ |
| | | | ૩૦ વર્ષ | |

**રાજા કલ્કિ**

પુરાણોમાં તેમજ જૈન ગ્રંથોમાં કોઇએક રાજા કલ્કિનું વૃત્તાંત દૃષ્ટિએ પડે છે. પ્રથમ નજરે, અથવા જેને આપણે ઉપલક દૃષ્ટિએ કહીએ તે દૃષ્ટિએ તે રાજા કોણ હોઇ શકે તે કલ્પી શકાતું નહોતું; પણ એક જૈન મુનિ નામે કલ્યાણવિજયજી, કે જેઓ હાલ વિદ્યમાનપણે વિચરે છે અને જેમને કાંઇક ઇતિહાસના વિષયનો શોખ પણ છે, તેમ વળી જૈન સાધુપણાની દીક્ષા લીધેલ હોવાથી જૈનમતનાં-દર્શનનાં પુસ્તકો વાંચીને પરિચિત થવાનો વિશેષ પ્રકારે અવકાશ પણ રહે છે, તેમણે દાખલા-દલીલ સાથે બતાવવા એમ પ્રયત્ન સેવ્યો છે કે,[1] તે રાજા કલ્કિ તે ઇતર કોઇ જ નહીં પણ પુરાણોમાં વર્ણવાયલો રાજા પુષ્યમિત્ર જ હોઇ શકે છેઃ તેમણે જો કે પુષ્યમિત્રને રાજા કલ્કિ ઠરાવ્યો છે ખરો, પણ તારીખોનો આશ્રય કે જે વિશેષપણે અચૂક અને સજ્જડ પુરાવારૂપ થઇ પડે છે તેવો આશ્રય, બહુ લીધો નથી ( શું કારણ હશે તે તેઓશ્રી જાણે ); પણ સમજાય છે કે, તેવું સાધન તેમની પાસે તે સમયે નહીં હોય. એટલે માત્ર આનુસંગિક પ્રસ્તાવો અને વૃત્તાંતો જે અદ્યપર્યંત પ્રાપ્ત થઇ શકે છે, તેના આધારથી જ તેમને સંતોષ પકડવો રહ્યો હશે; જ્યારે આપણે હવે, આ ગ્રંથમાં આળેખાયેલ અનેક ઐતિહાસિક પ્રસંગો અને હકીકતોની તેમજ તે સર્વેની તારીખવાર શૃંખલાબદ્ધ સ્થિતિથી પરિચિત થઇ ગયા છીએ, ત્યારે સહેલાઇથી જોઇ શકીશું કે, કલ્કિ નામે જે વ્યક્તિ વર્ણવાયલી છે, તે રાજા પુષ્યમિત્ર નહીં પણ સમ્રાટ્ અગ્નિમિત્ર હોવાનો વિશેષ સંભવ છે. એટલે હાલ તુરત તો આપણે મજકુર મુનિજીએ, પુરાણોના તથા જૈન દર્શનનાં ગ્રંથોના પોતાના અભ્યાસથી જે શબ્દોમાં વર્ણન કર્યું છે, તે શબ્દો અસલરૂપે અત્રે ઉતારીશું અને

( ૧ ) જુઓ નાગરી પ્રચારિણી સભાની પત્રિકા પુ. ૧૦, અંક ૪, પૃષ્ઠો ૬૧૦ થી ૬૩૧ તથા પુ. ૭૩૩.

પછી તેમના વિચારથી આપણે જુદા કેમ પડીએ છીએ તે દલીલ પૂર્વક સમજાવવા પ્રયત્ન કરીશું.

**તેમના શબ્દોના ઉતારાઓ-અવતરણો**

પૃ. ૬૨૮—કલ્કિકે સંબંધમેં, પુરાણકાર ઇસ પ્રકાર લિખતે હૈં "જબ કલિયુગ પૂરા હોને લગેગા, તબ ધર્મ[૨] રક્ષણકે લિયે શંબલ ગામકે મુખિયા **વિષ્ણુયશા**[૩] બ્રાહ્મણકે યહાં, ભગવાન વિષ્ણુ કલ્કિ કે રૂપમેં અવતાર લેંગે. કલ્કિ દેવદત્ત નામક તેજ ઘોડે પર સવાર હોકે, ખડ્ગસે દુષ્ટોં ઔર રાજવેશમેં રહેતે હુએ સબ લુટેરોંકા નાશ કરેગા; જો મ્લેચ્છ હૈ[૪]: જો અધાર્મિક ઔર પાખંડી હૈ[૫] વે સબ કલ્કિસે નષ્ટ કીએ[૬] જાયેંગે ( શ્રીમદ્ ભાગવત ૧૨ સ્કંધ, અ૦ ૨, પૃ. ૧૦૩૦–૧૦૩૪)

તે બાદ લેખક મહાશયે, જુદા જુદા જૈન ગ્રંથો, જેવાં કે તિત્થોગાલી, કાલસપ્તતિકા, દીપમાલા, (જિનસુંદરસૂરિકૃત ), દિગંબર નેમીચંદ્રસૂરિનું તિલોયસાર આદિ પુસ્તકોમાં રાજા કલ્કિ વિષે ભિન્નભિન્ન સમય દર્શાવ્યાનું જાહેર કર્યું છે. ઉપરાંત

---

( ૨ ) ધર્મ એટલે અહીં વૈદિક ધર્મ કહેવાનો ભાવાર્થ છે એમ સમજવું કે જે ધર્મનો રાજા કલ્કિ, પુરાણોના મતથી સંરક્ષક ગણાયો છે.

( ૩ ) જો કલ્કિ તે અગ્નિમિત્ર ઠરે તો તો વિષ્ણુયશા તે પુષ્યમિત્રનું જ નામ કહેવાય, અને સેનાધિપતિના પદ ઉપર વેષ્ઠિત થયો તે પૂર્વનું તે તેનું નામ હતું એમ થયું, તથા તેનું મૂળ વતન શંબલ નામે ગામ હતું. (સરખાવો તેના જીવનવૃત્તાંતે આને લગતું મુખ્ય લખાણ)

ઈતર પૌરાણિક ગ્રંથમાં મૌર્યવંશી રાજાઓની નામાવળીમાં ઘણું કરીને આવા જ નામના રાજાનો ઉલ્લેખ કરાયાનું મને યાદ આવે છે, તો તપાસ કરવી. જો તે નામ હોય તો પુષ્યમિત્રનું નામ જ વિષ્ણુયશા ઠરશે; અને તેના પુત્ર તરીકે કલ્કિ રાજા એટલે અગ્નિમિત્રનું તે બિરૂદ હતું એમ સાબિત થશે.

( ૪ ) ગ્રીક-યવન, શક, બક્ક તેમજ પાર્થિયન વિગેરે જે પરદેશી પ્રજા તે સમયે હિંદ ઉપર ચડી આવતી હતી તે સર્વ માટે એક જ શબ્દ વાપર્યો લાગે છે.

( ૫ ) વૈદિક મતથી પર, એટલે વૈદિક મતમાં નહીં માનનાર, તે સર્વે પાખંડી–મુખ્યતાએ કરીને જૈન અને બૌદ્ધ. ( જો હોય તો. )

( ૬ ) જૈન ધર્મમાં આ સમયે–શાખા પ્રશાખા બહુ થઈ પડી છે તેનું કારણ જે આ રાજા કલ્કિનો જુલમ મુખ્યત્વે છે, જેને લીધે સર્વે સાધુઓ, મનમાં આવ્યું તેમ છૂટાછવાયા પડી જઈને વિચરતા હતા તથા જે જૈનાચાર્યોનાં વૃત્તાંતો નથી મળતાં તેનું કારણ પણ આ કલ્કિ રાજાનો ઉપદ્રવ જ દેખાય છે.

આ સમયે જૈન સંપ્રદાયમાં શાખા પ્રશાખા વધી પડવાનાં કારણ તરીકે એક ઠેકાણે મેં શ્વેતાંબર-દિગંબર વચ્ચે પડતી ફાટને આડે ધરી છે, પણ તે હકીકત હવે યથાર્થ લાગતી નથી. વિશેષ વિચારણા કરતાં મને તેનો સમય વિક્રમની બીજી સદીમાં જણાયો છે તેથી તે બાબતનો ઈસારો પુ. ૨ માં ચંદ્રગુપ્તનું વર્ણન કરતાં (જુઓ પૃ. ૧૪૯ નં. ૪૯) મેં કર્યો છે. તે બાદ વિશેષ ચિંતવનથી તે સમય પણ ફેરવવો પડે તેમ લાગે છે. કદાચ હજુ આગળ લઈ જવો પડે એમ સંભવે છે. ગમે તે હો, પણ જૈન સંપ્રદાયમાં શાખાપ્રશાખા પડવાની સાથે દિગંબર ઉત્પત્તિને સંબંધ નથી જ.

આર્યસુહસ્તિજી પછી જૈનાચાર્યોનો લગભગ બે સદી સુધીનો ઇતિહાસ જે તદ્દન અંધકારમાં છે, તે આ શુંગવંશી રાજઅમલનું કારણ છે; તેમ જ વૈદિક અને તાપસ મતની મહત્તા બતાવતી કેટલીક કથાઓ જૈન સાહિત્યમાં મળી આવે છે તે પણ આ સમયને લગતી જ હોવા સંભવે છે.

રાજા કલ્કિના ધર્મ પરત્વેના જુલ્મથી જીવ બચાવવા જૈનાચાર્યો આમ ને તેમ નાસતા ફરતા હતા. કેટલાક તો હેરાન ગતિમાંથી બચવા માટે, તેના રાજ્યની હદ વટાવીને પાડોશી રાજ્યે જઈ વસ્યા હતા. આવા પ્રદેશ તરીકે રાજપૂતાના અને ક્ષહરાટ ભૂમકનો મધ્યદેશ ગણી શકાય: જે મધ્યદેશની રાજધાની મધ્યમિકા નગરી ગણાતી; જેનું સ્થાન વર્તમાન અજમેરની પાસે ગણવામાં આવી શકાય તેમ છે. (સરખાવો ગત પરિચ્છેદે ટી. નં. ૪૭. )

ઉપાધ્યાયજી ક્ષમાકલ્યાણકૃત દીપમાલા પુસ્તકમાંનું ટાંચણ લખ્યું છે જે નીચે ઉતારીએ છીએઃ—( જુઓ તે પુસ્તકમાં પૃ. ૬૨૧ નું ટીપણ ) મુઝસે ( વીર નિર્વાણસે )[૭] ચારસૌ પચહતર (૪૭૫) વર્ષ બીતને પર વિક્રમાદિત્ય નામકા રાજા હોગા[૮]. ઉસકે બાદ[૯] [બાદને સ્થાને અવલ જોઇએ] કરીબ ૧૨૪ વર્ષકે ભીતર પાટલીપુર[૧૦] નામક નગરમેં × × × ચતુર્મુખકા ( કલ્કિ—તેનાં ત્રણ નામ કાલસપ્તતિકામાં અપાયાં છેઃ—કલ્કિ, રુદ્ર, અને ચતુર્મુખ ) જન્મ હોગા."

તિત્થોગાલીપયન્ના (પયન્ના નામક ગ્રંથો, જૈન શ્વેતાંબરી ગ્રંથોનાં આગમસૂત્રમાંનાં ગ્રંથો હોઈ, તે પ્રમાણભૂત મનાય છે તેના આધારે પૃ. ૬૨૨ માં ટી. ૩૧ માં લખેલ છે કે) "પાટલિપુત્રમેં[૧૧] ચતુર્મુખ નામકા રાજા હોગા × × × પાંચ સ્તૂપોકુ દેખેંગા × × × યહાંપર બલ, રૂપ, ધન, ઔર યશસે સમૃદ્ધ નંદરાજા બહુત સમય[૧૨] તક રાજ કર ગયા હૈ."

આ ઉપરથી સાબિત થયું કે (૧) પુષ્યમિત્રના શાસનતળે પાટલિપુત્ર આવ્યું હતું (૨) મહાનંદ ઉર્ફે નવમો નંદ—મગધપતિ—તે, બળમાં રૂપમાં, ધનમાં અને યશમાં સમૃદ્ધ હતો (૩) તે મહાનંદનું રાજ્ય "બહુત સમય"=લાંબા કાળ સુધી ચાલ્યું હતું (૪) રાજા પુષ્યમિત્રે તે સોનાના સ્તૂપો અખંડ સ્થિતિમાં ઊભેલા જોયેલ છે (૫) તેમ તે સ્તૂપો—ટેકરીઓ, નંદરાજાએ—ઊભી કરાવેલ હતી—આપણે નવ કહી ગયા છીએ (જુઓ પુ. ૧, પૃ. ૩૬૦; પણ આમાં પાંચ હોવાનું જણાવાય છે). આગળ જતાં લખે છે કે "તે સ્તૂપો ખોદીને તેમાંનું બધું સુવર્ણ લઇ[૧૩] જશે."

( આગળ ઉપર પૃ. ૬૨૩ માં લખે છે કે) "યહાં પર ( પાટલીપુત્રમાં ) નિરંતર ઘોર વૃષ્ટિએ

(૭) આ ટાંચણમાં, કૌંસમાં જે શબ્દ લખ્યા છે તે મેં મૂક્યા છે, જેથી વાચક આગળપાછળનો સંબંધ સમજી શકે.

(૮) વિક્રમ સંવત અને મહાવીર સંવતની વચ્ચેનું અંતર—૪૭૦ વર્ષનું છે તે સાબિત થયેલી બીના છે, એટલે આ ટાંચણમાં જે પાંચ વર્ષનો ફેર છે તેને આ ૧૨૪ ના આંકમાં ઉમેરવા: એટલે ૧૨૯ ગણવા પડશે જેથી તેને ૪૭૦—૧૨૪=૩૪૬ અથવા ૪૭૫—૧૨૯=૩૪૬ ગણવા રહે છે.

(૯) જો "બાદ" શબ્દ રાખીએ તો, પુષ્યમિત્રનો સમય વિક્રમની પછીની બીજી શતાબ્દિમાં થાય. જ્યારે ખરી રીતે પુષ્યમિત્ર તો વિક્રમની પૂર્વે બીજી શતાબ્દિમાં થયો છે, એટલે "બાદ" ને બદલે "અવલ=પૂર્વે" શબ્દ ગણવો. જૂના ગ્રંથોમાં આવી ભૂલો તો લહીઆઓએ સામાન્ય રીતે ઘણી વખત કરી નાંખ્યાનું આપણે જાણીએ છીએ.

(૧૦) જન્મસ્થાન તો ગમે તે હશે, પણ બધું વૃત્તાંત પાટલિપુત્ર નગરને લગતું છે એટલે મૂળલેખકે, બહુ બારીક ખ્યાલ કર્યા વિના કે શોધ્યા વિના જ "પાટલીપુત્ર" લખી નાંખ્યું દેખાય છે.

(૧૧) ઉપરમાં "કાલસપ્તતિકા પુસ્તકમાં રાજા કલ્કિના ત્રણ નામનો ઉલ્લેખ છે તે સાથે સરખાવો—કલ્કિ, રૂદ્ર અને ચતુર્મુખ.

(૧૨) આ નંદરાજનું બધું વર્ણન મહાનંદ ઉર્ફે નવમા નંદના વર્ણન સાથે સરખાવો: એટલે તે સત્ય હોવાની ખાત્રી થશે. (જુઓ પુ. ૧ લું. પૃ. ૩૫૨ અને આગળ )

(૧૩) આવું જ લખાણ મજકુર પત્રિકામાં પૃ. ૬૧૦ ટી. ૨૪ માં લખ્યું છે "કલ્કિએ પાંચ સ્તૂપ જોયા"—જૈન ધર્મનાં ગ્રંથોમાં કલ્કિને જૈનમતદ્વેષી ચિતર્યો છે.

તેણે દ્રવ્યપ્રાપ્તિના લોભથી પાટલિપુત્રને ખોદાવી નાંખ્યાનું આ ઉપરથી દેખાય છે. એટલે તે નગરનો નાશ જેમ વિદ્વાનોએ માની લીધું છે તેમ આગ જેવા અકસમાતથી નથી થયો, પણ જાણી જોઇનેજ નાશ કરવામાં આવ્યો દેખાય છે.

જળપ્રલય હોનેવાળા હૈ × × × સાંવત્સરિક પારણાકે દિન[14] ભયંકર ઉપદ્રવ હોનેવાલા હૈ × × × તબ સત્રહ[15] રાતદિન (૭૦ રાત્રિ-દિવસ) તક નિરંતર વૃષ્ટિ હોગા, જીસસે ગંગા ઔર શૌણમેં[16] બાઢ આયેંગી." ( પૃ. ૬૨૨, ૬૨૩ ઉપર આ પાટલિપુત્ર શહેરનો નાશ કેમ થયો તે વિશેષ સ્પષ્ટપણે વર્ણવેલ છે. ઇચ્છકવર્ગે ત્યાંથી જોઇ લેવું.)

( પૃ. ૬૨૪ ) "પાડિવત[17] આચાય ઇંદ્રકા ધ્યાન ધરસે × × × ઉગ્રક્રમી કલ્કિ ઉગ્ર-નીતિ સે રાજ કરકે, ૮૬ વર્ષકી ઉમરમેં[18] નિર્વાણસે ૨૦૦૦[19] વીતનેપર ઇંદ્રિકે હાથસે[20] મૃત્યુ પાવેગા." × × × ભાદ્રપદ શુદ ૫ કે[21] દિન ઇંદ્રકે [22]ચપટે પ્રહારસે ૮૬ વર્ષકી ઉમર

---

( ૧૪ ) એટલે ભાદ્રપદ શુક્લપક્ષની પંચમી. જૈનોમાં પર્યુષણાપર્વ શ્રાવણ વદ ૧૨ થી માંડીને ભાદ્રપદ શુદ ૪ સુધી ગણાય છે અને ભાદ્રપદ શુદ ૪ તે સંવત્સરીનો દિવસ ગણાય છે. તેનું પારણું એટલે ભાદ્રપદ શુદ ૫ સમજવી. આગળનું ટી. નં. ૨૧ જુઓ.

( ૧૫ ) મૂળ ગ્રંથકારનો ઉદ્દેશ કદાચ સસ=સાત, રાત્રિદિવસ સુધી વૃષ્ટિ થવાનું કહેવાનો પણ હોય.

( ૧૬ ) શૌણ=શોણ નામની નદી છેઃ જ્યાં શોણ નદી ગંગા નદીને મળે છે, તે સંગમસ્થાન ઉપર, બન્ને નદીની વચ્ચેના સ્થળ ઉપર આ પાટલિપુત્ર વસેલું હતું; એટલે પાણીનું પુર ચડી આવતાં, શહેરનો નાશ થયો એમ કહેવાનો આશય છે. ઉપરની ટીકા નં. ૧૩ ની સાથે જે વાંચીએ તો એમ સાર ઉપર આવવું પડે છે કે શહેરનો કેટલોક ભાગ કલ્કિએ દ્રવ્યલોભના અર્થે ધન મળવાની ઉમેદે ખોદાવી નાંખ્યો હતો; અને પછી દૈવયોગે જળપ્રલય થતાં શહેરનો વિનાશ થયો હોવો જોઈએ.

( ૧૭ ) "પાડિવત્" લહીઆની ભૂલ લાગે છે. તે વખતના જૈનાચાર્ય આર્યસુસ્થિત અને આર્ય પ્રતિબદ્ધ-બંને જણાયે કોટિવાર મંત્ર ગણ્યો હતો તેથી કાડિન્ય કહેવાતા. કદાચ તે કાડિન્ય શબ્દનો આ પાડિવત શબ્દ અપભ્રંશ હોવા સંભવ છે.

( ૧૮ ) ઉપરમાં જુઓ પૃ. ૫૫ તથા ૮૨ : તથા જુઓ નીચેની ટી. નં. ૨૦ માં કલ્પસૂત્રની હકીકત.

( ૧૯ ) ઉપર પૃ. ૮૩ માં આપણે જણાવ્યું છે કે "આદિ પુસ્તકોમાં રાજા કલ્કિ વિષે ભિન્ન ભિન્ન સમય દર્શાવ્યાનું જાહેર કર્યું છે." તેવી જ રીતે આ પણ એક તેવું જ કથન છે, પણ પયન્નાકારે જે ૧૨૪ વર્ષ લખ્યા છે તે વધારે પ્રમાણભૂત ગણાય.

( ૨૦ ) ( ક. સૂ. સુ. ટીકા પૃ. ૧૦૩ ) નામક જૈન ગ્રંથમાં લખ્યું છે કે "પણ ૮૬ વર્ષના આયુષ્યવાળા કલ્કિન્ નામે દુષ્ટ રાજાને તું ( ઇંદ્ર ) મારીશ અને તે વખતે, બે હજાર વર્ષો વીત્યાબાદ મારા જન્મનક્ષત્રથી ભસ્મગ્રહ ઉતરી જશે. ( આમાં "તે વખત" ને બદલે "તે બાદ" શબ્દ કહેવાનો તાત્પર્ય હોય એમ લાગે છે ) એટલે કે કલ્કિનના મરણ પછી બે હજાર વર્ષે, મહાવીરના જન્મનક્ષત્રમાં જે ભસ્મગ્રહ પડયો છે તેની સત્તા ઉતરી જશે. મતલબ કે તે સમય પછી જૈન ધર્મ ઉપરથી કરડી નજર ઓછી થવા માંડશે. જો તે સત્ય જ હોય તો મ. સં. ૩૪૬+૨૦૦૦= ૨૩૪૬ વીર સંવત એટલે ૨૩૪૬–૫૨૭=ઈ. સ. ૧૮૧૯ આવે અને તે સાલમાં રાણી વિકટોરીયાનો જન્મ થયો છે. તેણીએ હિંદની પ્રજાજોગો એમ સંદેશ બહાર પાડયો હતો કે "કોઇને પણ પોતાનો ધર્મ પાળવામાં રાજ્ય તરફથી કે કોઇની અટકાયત કરવામાં આવશે નહીં." જો તે પ્રમાણે સાચું ઠરે તો તે સમયથી ભસ્મગૃહ ઉતરી ગયો એમ કહેવાય.

દિવ્યાવદાન અ. ૨૯ નો આધાર આપીને ઇ. હિ. કવૉ. પુ. ૫ ના પૃ. ૩૯૮ માં જણાવેલું છે કે "But ultimately Pushyamitra ( જેમ બધાએ અગ્નિ-મિત્રને બદલે પુષ્યમિત્ર લખ્યો છે તેમ આ કથન પણ સમજવું-જુઓ ઉપરની ટી. નં. ૩ ) was killed by a yaksha named Krimisena, who vowed to protect the religion of Buddha ( મતલબ કે રાજા કલ્કિ પોતાના નૈસર્ગિક મોતે મર્યો નથી એમ બૌદ્ધગ્રંથોનું પણ માનવું થયું છે. )

( ૨૧ ) ઉપરની ટી. ૧૪ સરખાવો.

( ૨૨ ) સરખાવો ઉપરની ટી. ૨૦.

મેં મરકર કલ્કિ નરકમેં જાગયા."

( પૃ. ૬૩૧, પર લખે છે કે ) " યહી કહના પડતા હૈ કિ, પૌરાણિકોંકા "કલ્કિઅવતાર" જૈનોંકા " કલ્કિરાજ " ઔર બૌદ્ધોંકા " પુષ્યમિત્ર " યે તીનો એક હિ વ્યક્તિકે ભિન્ન ભિન્ન નામ હૈ—" આટલું લખી, લેખક મહાશયે 'કલ્કિ' શબ્દની ઉત્પત્તિ વિશે પોતાનું મંતવ્ય જણાવ્યું છે કે, રાજા કલ્કિનું વાહન ( કદાચ અશ્વમેધ યજ્ઞનો ઘોડો કહેવાનો આશય પણ હોય ) ઘોડો જે હતો તે શ્વેત રંગનો[૨૩] " कर्क " સંભવે છે, અને कर्क ઉપર સ્વારી કરનાર તે कर्की; તેના ઉપરથી સંસ્કૃત " कल्कि " અપભ્રંશ થઈ ગયો એટલે પુષ્યમિત્રનું બીજું નામ તે " કલ્કિ " થયું સમજવું—× × × " કલ્કિકે સમયમેં મથુરામેં બળદેવ ઔર કૃષ્ણકે મંદિર[૨૪] ટૂટનેકા " તિત્થોગાલી " મેં ઉલ્લેખ મિલતા હૈ."

આ પ્રમાણે લેખક મહાશયે જે લખાણના ફકરાઓ ટાંકી બતાવ્યા છે તે સર્વે શ્રી ભાગવત પુરાણના વર્ણન તથા જૈન ગ્રંથોના વર્ણન સાથે સંમત પૂરવાર થયેલ છે. એટલે તે ફકરાઓ અને તેને લગતી ટીપ્પણની નોટો સર્વેને જો સમગ્ર રીતે ગ્રહણ કરી તેનું દોહન કરવામાં આવે, તો નીચે પ્રમાણેનો નિષ્કર્ષ આપણે મેળવી શકીએ છીએ કે ( ૧ ) રાજા કલ્કિ વૈદિકધર્મનો

( ૨૩ ) પુરાણકાર આ વિષે કાંઈ બોલે છે કે કેમ ? તે તપાસવું જોઇએ.

( ૨૪ ) મથુરા તે જૈન ધર્મનું પ્રાચીન સમયે એક મહાતીર્થ હતું; કંકાલીતિલા નગરીની ટેકરી ખોદતાં જે પ્રાચીન મૂર્તિઓ નીકળી આવી છે તે ઉપરથી પુરાતત્ત્વવિશારદોએ આ મતને ટેકો આપ્યો છે. મથુરા સ્તૂપના દરવાજાને પણ જૈનનો હોવાનું તેઓએ જણાવ્યું છે; તેમ જૈન ગ્રંથમાં પણ, પાર્શ્વનાથના સમયે મથુરામાં સુવર્ણનો બનાવેલો દેવસ્તૂપ ઊભો કરવામાં આવ્યાનું વર્ણન છે. જે સ્તૂપ કાળે કરીને પછી ઇંટનો બનાવાયો હતો. આ બધું જોતાં મજકુર સ્તૂપને ઉદ્દેશીને જ અત્ર વર્ણન કરાયેલું છે:

અહીં કૃષ્ણમંદિર જે લખ્યું છે તે, જેમ હાલની દષ્ટિએ કૃષ્ણને વૈષ્ણવધર્મી હોવાનું માનવામાં આવે છે તે નજરે ન લેખતાં અસલ પ્રમાણે ગણવાનું છે. જૈન ધર્મ કૃષ્ણને તેમના પિત્રાઈ ( સગા કાકાના દીકરા ) ભાઈ નેમિનાથ( જૈનના બાવીશમા તીર્થંકર )ની પેઠે જૈનધર્મી હોવાનું માને છે; તો તે ગણનાએ આ કૃષ્ણમંદિર તે જૈન મંદિર જ કહેવાય. વિશેષ અધિકાર આગળ ઉપર મથુરા નગરીના પરિશિષ્ટે જુઓ. બીજું કલ્કિ રાજા, પોતે જ વૈદિક હોઇને ( જો કૃષ્ણમંદિર વૈષ્ણવ સંપ્રદાયનું હોય તો ) કલ્કિના હાથે તૂટવાનો સંભવ જ નથી અને એ વાત તો સિદ્ધ થઈ છે કે ( ઉપર જુઓ ટી. નં. ૨ ) રાજા કલ્કિ તે વૈદિક ધર્મનો મહાન સંરક્ષક હતો એટલે સાબિત થાય છે કે તિત્થોગાલી ગ્રંથનું લખાણ સત્ય છે અને કૃષ્ણમંદિર તે એક જૈન મંદિર જ છે:

કૃષ્ણ તે વૈશ્નવ સંપ્રદાયના નથી લાગતા પણ જૈન મતના હોવા સંભવ છે. હા, એટલું ખરું કે કૃષ્ણનું બીજું નામ વિષ્ણુ હતું ( એકલે વિષ્ણુના એક અવતાર તરીકે ગણાય છે ) અને તેના મતનો જે અનુયાયી તે વૈષ્ણવ કહેવાય. એટલે કૃષ્ણના ભક્તને વૈષ્ણવ જરૂર કહેવાય જ: પણ તેથી એમ નથી ઠરતું કે તેને વૈશ્નવ કહીને સંબોધાય: વૈશ્નવ સંપ્રદાય તો ઈ. સ.ના પંદરમા સૈકામાં ઉત્પન્ન થયો ગણાય છે. એટલે વૈષ્ણવ=કૃષ્ણનો ભક્ત અને વૈશ્નવ શ્રીવલ્લભાચાર્યજીના મતનો અનુયાયી. વળી આ બે શબ્દો એક જ છે એમ ઠરાવી શકાશે નહીં. જો કે વ્યાકરણના નિયમે " ન " નો "ણ" કેટલાક સંજોગોમાં થઈ શકે છે: પણ તે નિયમે "ન" ની પૂર્વે "ર" આવવો જોઇએ જ. તેમ "ર" અને "ન"ની વચ્ચે ઇ, ઉ ઋ તેવો કોઈ સ્વર આવવો જોઈએ. જ્યારે વૈશ્નવ શબ્દમાં તો આ નિયમનું કોઈ રીતે પાલન જ થતું નથી એટલે વૈશ્નવ શબ્દને વૈષ્ણવના સમાનાર્થી તરીકે સ્વીકારી શકાય નહીં. ( આ ઉપર આપણે તે સંપ્રદાયના અનુયાયીનો મત જાણવો જરૂર ઉપયોગી થઈ પડશે )

એક મહાન્ ઉપાસક અને સંરક્ષક હતો. ( ૨ ) પાખંડી ધર્મનો તે સંહારક હતો ( ૩ ) ઉગ્રકર્મી હોવાથી તેણે ઘણો મનુષ્ય સંહાર વાળ્યો છે. ( ૪ ) પાટલિપુત્રનો નાશ કહો કે વિનાશ કહો પણ તેનો મુખ્ય પ્રણેતા-ઉત્પાદક-કર્તા તે હતો. ( ૫ ) તેનું મરણ ૮૬ વર્ષની ઉમરે થયું છે, તેમજ તેનું મૃત્યુ નૈસર્ગિકપણે થયું નથી પણ દેવતા કે યક્ષને હાથે થયું છે. ( ૬ ) રાજા કલ્કિ મહા દ્રવ્યલોભી તથા જુલ્મી હતો. ( ૭ ) તે જન્મે બ્રાહ્મણ હતો તેમ તેણે મ્લેચ્છોને હરાવીને કચ્ચરઘાણ વાળ્યો છે.

આ સાતે નિર્ણયોમાંની ઘણીખરી બાબતો આગળના પરિચ્છેદે પુષ્યમિત્રના સંબંધમાં જે વર્ણન કરી ગયા છીએ તેની સાથે અથવા તો તેના અને પતંજલી મહાશયના ચારિત્રની સરખામણીવાળા પારિગ્રાફમાં જે હકીકત આવી છે તેની સાથે તુલનાત્મક દૃષ્ટિથી ઘટાવીશું, તો એકદમ ખાત્રી થઇ જશે કે જે વ્યક્તિને પં. પતંજલીએ ઉપદેશીને વાતો કરી છે-પછી તેને ભક્ત કહો કે માત્ર શિષ્ય કહો-તે જ વ્યક્તિ રાજા કલ્કિ છે. પછી તે વ્યક્તિને રાજા પુષ્યમિત્ર ગણવો કે સમ્રાટ્ અગ્નિમિત્ર ગણવો તે આપણે પૂરવાર કરવું રહે છે; તેમજ મ્લેચ્છોને કોણે હરાવ્યા છે તે બીના પણ તેના રાજ્યવિસ્તારવાળા પારિગ્રાફના વર્ણનમાં આપેલ હકીકત ઉપરથી આપણે તારવી કાઢવું રહે છે.

રાજા કલ્કિના જીવનનું જે કાંઇક ઝાંખું રેખાચિત્ર ઉપરમાં આપણે જોઈ ગયા છીએ તેથી જણાયું છે કે, તે શુંગવંશી પુષ્યમિત્ર કે તેના પુત્ર અગ્નિમિત્રને લાગુ પડી શકે તેમ છે; પણ અહીં આગળ મત ભેદ ઊભો થયો છે માટે આપણે તપાસવું રહે છે કે તે ઉપનામ વધારે કોને બંધબેસતું થાય તેમ છે.

**રાજા કલ્કિ તે પુષ્યમિત્ર કે અગ્નિમિત્ર?**

મ. સં. ૩૦૧-ઈ. સ. પૂ. ૨૨૬ માં જ્યારે શાતકરણી બીજાએ અવંતિ ઉપર ચડી જઈ, મૌર્યવંશના વૃષભસેનને મારી નાંખી તેના ભાઇને તેની ગાદીએ બેસાર્યો ત્યારે પુષ્યમિત્રને સેનાધિપતિ નીમ્યો હતો[૨૫] તે પૃ. ૧૨. જણાવી ગયા છીએ. અને પુષ્યમિત્રનો જન્મ મ. સં. ૨૫૧માં હોવાથી ( જુઓ પૃ. ૫૪. ) તે વખતે તેની ઉમર ૫૦ વર્ષની કહેવાય. હવે જો તે જ રાજા કલ્કિ ઠરાવાય અને રાજા કલ્કિનું મરણ, જૈન ગ્રંથોની તથા પુરાણ ગ્રંથોની એકમતિ પ્રમાણે મ. સં. ૩૫૩ નું ગણાય છે, તો તે હિસાબે પુષ્યમિત્રનું મરણ ૧૦૨ વર્ષની ઉમરે થયું કહેવાશે. તે પ્રમાણે વસ્તુ હોવાનો સ્વીકાર માનવામાં બે વાંધા આવે છે ( ૧ ) એક તો આટલી મોટી ઉમરનું આયુષ્ય હોવાનું એક રાજદ્વારી જીવન ગાળનાર મનુષ્યને માટે અસંભવિત છે ( હજુ તદ્દન નિશ્ચિંત જિંદગી ગાળનારનું હોવા સંભવ ગણાય ) અને ( ૨ ) બીજો વાંધો એ કે પુષ્યમિત્રનું મરણ મ. સં. ૩૩૯ માં નીપજ્યું

( ૨૫ ) આ પ્રમાણે એક સ્થિતિ હોવાનું માલૂમ પડ્યું છે, જ્યારે બીજી સ્થિતિ એમ જણાય છે કે કદાચ તે મ. સં. ૩૦૧ પહેલાં મૌર્યવંશની નોકરીમાં દાખલ થઈ ગયો હોય ( કેમકે Satakarni snatched Avanti from Pushyamitra એમ પાઠ નીકળે છે; અને આ સ્થિતિ ત્યારેજ બને કે શાતકરણી ચડાઈ લઈ આવ્યો તે વખતે તે સૈન્યપતિના પદે હોય તોજ. તેમજ જ્યારે ૩૦૧ માં શાતકરણીએ જીત મેળવી ત્યારે તેને મહાઅમાત્ય પદે મૂક્યો હોય અને તેના પુત્ર અગ્નિમિત્રને તેના હાથ તળે સૈન્યપતિ નિમ્યો હોય. તોજ. ( સરખાવો નીચેની ટીકા નં. ૨૬ )

હોવાનું ઉપર પૃ. ૫૪ માં સાબિત કરી ગયા છીએ તો પછી તે બાદ ચૌદ વર્ષ જીવંત રહ્યો હતો એમ જણાવવું કેટલું બેહુદું ગણાય ? (૩) ત્રીજું અમરકોષ જેવા પ્રમાણભૂત ગ્રંથમાં અગ્નિમિત્રને જ સમ્રાટ્ ગણાવ્યો છે, નહીં કે પુષ્યમિત્રને (૪) કાલિદાસ જેવા મહાકવિએ પણ અગ્નિમિત્રની (નહીં કે પુષ્યમિત્રની) યશગાથા ગાતું માલવિકાગ્નિમિત્ર નામક નાટક રચ્યું છે. આ ચારે અનુમાનો અને પુરાવાઓ ખુદ વૈદિક સંપ્રદાયના મનાતા એવા જ ગ્રંથકારોના આધારે આપણે રજૂ કરી રહ્યા છીએ (૫) ઉપરાંત જે રાજ્યવિસ્તાર અગ્નિમિત્રના રાજ્યનો હતો તેનો નકશો જોઈશું તો સહજ ખ્યાલ આવી શકશે કે તેને જ કાંઈક પ્રભાવિક અને પરાક્રમી રાજકર્તા હજુ ગણી શકાય તેમ છે; તેમજ સ્વતંત્ર સમ્રાટ તરીકે પણ તેની જ રાજકીર્તિના પુરાવા મળી શકે છે ( ૬ ) વળી તેને (અગ્નિમિત્રને) તો પિતાની હૈયાતિમાં જ રાજપદવી ભોગવતો નીહાળીએ છીએ; જ્યારે પુષ્યમિત્રને તો જ્યાં સુધી અગ્નિમિત્ર ગાદીપતિ બને છે ત્યાં સુધી માત્ર શુંગભૃત્ય તરીકે જ દેખી રહ્યા છીએ (૭) વળી યવન રાજાનો ઇતિહાસ ( જુઓ આગળ ઉપર તેમના જીવનચરિત્રે ) તથા તેમાંની સાલો તે પણ અગ્નિમિત્રના કાળની જ સાક્ષી પૂરે છે; નહીં કે પુષ્યમિત્રના કાળની ( ૮ ) જો કે પુષ્યમિત્ર કદી ગાદીએ જ બેઠો નથી ( જુઓ ઉપરમાં પૃ. ૬૪થી આગળ) એમ સાબિત થઈ ગયું છે. છતાં દલીલની ખાતર માનો કે તે ગાદીપતિ બન્યો હતો અને તે જ રાજા કલ્કિ છે અને તેનું મરણ ૩૫૩ માં નીપજતાં ૧૦૨ વર્ષનું આયુષ્ય પણ તેણે જ ભોગવ્યું હતું, તો પણ પાછા વાંધા આવી જાય છે; કેમકે તેના ખાતે વધારેમાં વધારે ૩૮ વર્ષનો સત્તા અમલ નોંધાયો છે. તેમાંયે ૨૨ વર્ષ સૈન્યપતિ શુંગભૃત્ય તરીકેનાં હતાં જ; એટલે તેણે સ્વતંત્ર રીતે જે સત્તા ભોગવી હોય તો બાકીના સોળ વર્ષ સુધી જ ગણાય; અને તે પછી તુરતજ મરણ પામ્યો હતો એમ કહેવું પડશે. તે હિસાબે ૧૦૨ ની ઉમરમાંથી ૧૬ વર્ષ બાદ કરતાં, તે ૮૬ વર્ષની ઉમરે ગાદીએ બેઠો હતો—એમ ગણાવું રહે છે. હવે વિચારો કે આટલી ઉમરે ગાદીએ બેસીને રાજા કલ્કિ તરીકે તે યવનોની સાથે લડવા જાય અને જીત મેળવે અને અશ્વમેધ યજ્ઞ પોતે કરે તે કોઇ રીતે બુદ્ધિમાં સમજાય તેમ છે ? ( ૯ ) પણ દલીલની ખાતર પુષ્યમિત્રને શુંગભૃત્યને બદલે સ્વતંત્ર રાજા માની લ્યો અને અશ્વમેધ કરનાર તથા યવન ઉપર જીત મેળવનાર તરીકે તેને—પુષ્યમિત્રને-બદલે તેના પુત્ર અગ્નિમિત્રને લેખો, તો તો સાબિત થઇ ગયું કે, અગ્નિમિત્રના 'રાજ્યનો વિસ્તાર ( કેમકે યવન સરદારને જીતવાથી વિશેષ નહીં તો થોડાક મુલકની પણ પ્રાપ્તિ તો થઇ હશેજ ને ? એટલે તેટલો વધારો થતાં ) પુષ્યમિત્રના કરતાં વિશેષ ગણવો જ પડે અને તેમ થયું એટલે ઉપર જણાવેલું પાંચમું કારણ અગ્નિમિત્રના પક્ષમાં અને પુષ્યમિત્રની વિરૂદ્ધમાં આવીને ઊભું રહ્યું ગણાય,[૧૦] જે પ્રમાણે નથી બન્યું જ. છતાં દલીલની ખાતર બીજી રીતે વિચારીએ. ધારો કે પુષ્યમિત્ર તે જ કલ્કિ છે, અને તે કલ્કિનું મરણ મ. સં. ૩૫૩ માં ૮૮ વર્ષની ઉમરે થયું છે, ( કારણ કે પુષ્યમિત્રનું આયુષ્ય ૮૮ વર્ષનું પુરવાર થયું છે ) તો તેનો જન્મ મ. સં. ૨૬૫ માં લેખવો પડશે ( ભલે આપણે મ. સં. ૨૫૧ માં પૂરવાર થયાનું જણાવ્યું છે છતાં ) અને એટલું તો ઈતિહાસ જ કહે છે કે મ. સં. ૩૦૧ માં શાતકરણી બીજાએ અવંતિ ઉપર ચડી જઇને જીત મેળવ્યા બાદ પોતા તરફથી

ત્યાંની દેખરેખ રાખવા તેની નીમણુક મૌર્ય-રાજાના વડા સૈન્યાધિપતિ તરીકે કરી હતી. તે હિસાબે તો જ્યારે સૈન્યપતિ નીમાયો હતો ત્યારે ૩૦૧-૨૬૫ ( જન્મ )=૩૬ વર્ષની તેની ઉમર હતી એમ ગણવું પડે. હવે વિચારો કે જ્યારે તે આટલી નાની ઉમરે, રાજપદથી તુરત બીજે નંબર ગણાય એવા સૈન્યપતિના હોદ્દા ઉપર ( અને તે પણ સ્વદેશમાં હજુ નિમાય તે વાત જુદી ગણાય, પણ અહીં તો પરદેશી ફોજ છે અને તેમાં ય વળી સાધારણ સંજોગો નથી, પણ જ્યાં દુશ્મનાવટ અને વેરવૃત્તિના ડુંગરે ડુંગરા ખડકાઈ રહ્યા છે, તેવા પ્રસંગે એક અતિ કાબેલ પુરુષ તરીકે નીમવાની વાત છે ) નિમાય ત્યારે તેને સૈન્યની નોકરીમાં જોડાયો ગણવો કયારે ? અને જોડાયા બાદ પણ ક્રમે ક્રમે તે વડા સૈન્યપતિના હોદ્દે આવ્યો હશે ? કે ધબલઇને ( જેમ રાજાનો રાજ્યાભિષેક કરવામાં ઉમરનો બાદ હોતો જ નથી. કેમકે રાજ્ય ચલાવવાની જવાબદારી તો રાજાના કરતાં તેના પ્રધાનને શીરે મૂકાયલી હોય છે ) તે પદે નિયુક્ત થઈ ગયો હશે ?

આવા આવા અનેક અને ભિન્ન ભિન્ન મુદ્દાઓ ઉપસ્થિત કરીને, જુદી જુદી રીતે વિચારો, તો યે એક જ નિર્ણય ઉપર આવવું પડે છે કે પુષ્યમિત્ર અને રાજા કલ્કિ, તે બન્ને ભિન્ન ભિન્ન વ્યક્તિઓ જ છે; અને જ્યારે બન્ને ભિન્ન જ છે, ત્યારે તો પુષ્યમિત્રને બાદ કરતાં, અગ્નિમિત્ર તે જ રાજા કલ્કિ એમ આપોઆપ સાબિત થઈ જાય છે.

તેનો જન્મ મ. સં. ૨૬૭-ઈ. સ. પૂ. ૨૬૦ માં હતો; એટલે તેનો પિતા પુષ્યમિત્ર જ્યારે મૌર્યસમ્રાટના લશ્કરમાં મ. સં. ૨૯૮ આશરે ઈ. સ. પૂ. ૨૨૯ માં જોડાયો હતો ત્યારે તે લગભગ ત્રીસ વર્ષનો હતો; અને ત્યારથી જ તેનું રાજદ્વારી[૨૬] જીવન શરૂ થયું ગણાય. કેમકે ત્યારથી જ તેને પોતાના પિતાના હાથ તળે રહી તાલીમ લેવાના સંજોગો મળવા પામ્યા હતા. બાકી વાસ્તવિક રીતે જ્યારે ઇ. સ. પૂ. ૨૨૬ માં પુષ્યમિત્રને સૈન્યપતિના પદ ઉપરથી તે વખતના વિજેતા અંધ્રપતિ શાતકરણીએ મુખ્ય અમાત્યના પદ ઉપર નિર્માણ કર્યો; ત્યારે અથવા ત્યારથી જ તેણે પોતાના પિતાના પદને શોભાવવા માંડયું ગણી શકાશે. મૂળે જ પિતાના હાથ તળે જીવનની શરૂઆત કરી અને તેમાં વળી સેનાધિપતિનો હોદ્દો સંભાળવો પડ્યો-એટલે તેનો સ્વભાવ, રહેણી, કરણી, વિચારો આદિ સર્વે સંસ્કૃતિના અંગો તે પ્રકારની ઢલણ તરફ વળવા માંડ્યા. અને તે ધાટિમાં જ તેનું શેષ જીવન ઘડાયું તથા સંપૂર્ણ થયું એમ કહીએ તો પણ ચાલે. આ પદ ઉપર પોતે મ. સં. ૩૧૬ ઇ. સ. પૂ. ૨૧૧ સુધી, એટલે કે ૧૫ વર્ષ સુધી ચાલુ રહ્યો; તેટલામાં મૌર્યસમ્રાટ આ સમયે ( ઘણું કરીને સતધન્વા અથવા શાતધર્મન્ ) મરણ પામતાં તેનો પુત્ર બૃહદ્રથ મૌર્યસમ્રાટ બન્યો. આ સમયે પુષ્યમિત્ર અતિવૃદ્ધ થઈ ગયો હતો એટલે રાજકારણથી તે લગભગ નિઃસ્પૃહ થઇ ગયો હતો, જેથી અગ્નિમિત્રે સર્વ કામ સંભાળવા માંડયું હતું. બૃહદ્રથનું રાજ્યશાસન મ. સં. ૩૧૬ થી ૩૨૪

(૨૬) ઉપરની ટીકા નં. ૨૫ ની હકીકત સાથે સરખાવો.

ઇ. સ. પૂ. ૨૧૧ થી ૨૦૪ સુધી ૭ વર્ષ ચાલ્યું હતું.

અત્યાર સુધીમાં મૌર્ય સામ્રાજ્યનો વિસ્તાર અતિ સંકુચિત થઇ ગયો હતો કેમકે (૧) અવંતિની રાજનીતિને લીધે પ્રજામાં જે અસંતોષ ઘણો વધી પડ્યો હતો તેને લીધે હોય કે પછી પોતાનામાં રાજ્યલોભની વૃત્તિનું જોર જામવા માંડ્યું હતું તેને લીધે હોય; પણ બેમાંથી એક કારણને લીધે ખચિત જ તેમ બન્યું હોવું જોઇએ. કે સમ્રાટ પ્રિયદર્શિનનો એક પુત્ર જાલૌક જે કાશ્મિરપતિ બની બેઠો હતો અને જેણે [૨૭] આક્રમણો કરી અવંતિપતિની આણમાંથી–મૌર્ય સામ્રાજ્યના અધિકારમાંથી–હિંદનો આખો નૈઋત્ય પ્રદેશ, [૨૮] તથા ઉત્તરનો મોટો ભાગ જેને હાલમાં સંયુક્ત પ્રાંતો અને ઔધ કહે છે તે, કબજે કરી લીધો હતો (૨) મૌર્યવંશી શાલિશુકની બંગાળવાળી રાજશાખાએ બિહારવાળો પ્રાંત તથા પૂર્વબંગાળનો મોટો ભાગ પડાવી લીધો હતો. (૩) અવંતિની લગોલગનો પૂર્વ ભાગ, જેને તે સમયે વિદર્ભ કહેતા હતા અને હાલ મધ્ય પ્રાંત તથા મધ્ય હિંદી એજંસીનાં સંસ્થાનો કહે છે તે સઘળો પ્રદેશ, કદાચ ઉપર નં. ૨ માં વર્ણવેલ બંગાળી રાજસત્તા તળે કે પછી દક્ષિણના આંધ્રપતિની સત્તામાં જઇ પડ્યો હતો (૪) જ્યારે આખોયે દક્ષિણ હિંદ તો, લગભગ થોડાક સ્વતંત્ર અપવાદ સિવાય, શતવહનવંશી આંધ્રપતિને તાબે ક્યારનોયે હતો. (૫) તેમજ સૌરાષ્ટ્ર અને રાજપુતાના [૨૯] (કદાચ સિંધ સહિત પણ હોય) જે અવંતિની પશ્ચિમે આવેલ છે તેમાં કોની સત્તા હતી તે ચોક્કસ નથી; પણ સમજાય છે કે ત્યાં પણ સિંધ તરફથી ઉતરી આવેલ શક પ્રજાએ પોતાનું સ્થાન વસાવ્યું હતું અને ધીમે ધીમે પગભર થવા માંડ્યું હતું. આવી રીતે મૌર્ય સામ્રાજ્યની હદ અતિ મોટા પ્રમાણમાં સંકુચિત થઇ ગઇ હતી. અધૂરામાં પૂરું ઉપર નં. ૧ માં વર્ણવેલા કાશ્મિરપતિ રાજા જાલૌકનું મરણ તે અરસામાં (એટલે આશરે મ. સં. ૩૨૨=ઇ. સ. પૂ. ૨૦૫) નીપજ્યું એટલે તેની ગાદીએ તેનો પુત્ર દામોદર આવ્યો. તે એક તો નવો જ ગાદીએ બેઠો હતો અને પોતાના બાપ જેવો પરાક્રમી ન હોતો; એટલે બેકટ્રીઅનો જેઓ અત્યાર સુધી આવીને પંજાબમાં જ અટકી પડ્યા હતા તેમણે એકદમ ધસારો કર્યો અને યુક્ત પ્રાંતોમાંનો મથુરા સુધીનો જે પ્રદેશ જાલૌકના તાબે ગયો હતો તે આ દામોદર પાસેથી જીતી લઇ, અવંતિ ઉપર ચડાઇ લઈ આવવાની તૈયારી કરતા દેખાયા.

આ પ્રમાણેની જ્યાં સઘળી પરિસ્થિતિ બની રહી હોય ત્યાં જે વ્યક્તિ મોટા સામ્રાજ્યના મનોરથ સેવી રહી હોય તેને મનમાં બહુ લાગી આવે તેમાં કાંઇ વિસ્મય પામવા જેવું નથી જ. તેમાં પણ સૈન્યાધિપતિ જેવા સ્વતંત્ર સ્વભાવના અને લશ્કરી તોખમના અને

---

(૨૭) પુ- ૨ ના અંતે જોડેલાં ચાર પરિશિષ્ટો માંનું છેલ્લું ડ નામનું, રાજા જાલૌકને લગતું પરિશિષ્ટ જુઓ.

(૨૮) અ. હિ. ઈ. સ. પૃ. ૧૯૯:–પંજાબમાં મૌર્યવંશી છેલ્લા રાજાઓની કે શુંગોની–બેમાંથી કોઈની–પ્રસત્તા હતી કે કેમ તે કહેવું જરા અસંભવિત દેખાય છે. E. H. I. 3rd Edi. P. 199. It is Unlikely that either the later Mauryas or the Sungas exercised any jurisdiction in the Punjab.

(૨૯) જુઓ આગળ ઉપર ઓદ્રકના રાજ્યની હકીકત.

ખમીર ધરાવતા અગ્નિમિત્ર જેવાનું લોહી તો તુરત જ ઉકળી આવે તે દેખીતું છે જ. એટલે લશ્કરી તાલીમનું નિરીક્ષણ કરવાના ઓઠા તળે તેણે મોટી લશ્કરી કવાયતનો પ્રસંગ ગોઠવ્યો અને પોતે તથા સમ્રાટ બૃહદ્રથ અશ્વારૂઢ બની સારું યે લશ્કર તપાસવા નીકળ્યા. તે સમયે લાગ સાધી તેણે સમ્રાટનો ઘાત કરી નાંખ્યો.[૩૦] આ બનાવ મ. સં. ૩૨૩=ઇ. સ. પૂ. ૨૦૪ માં બન્યો હતો.

આ સમયે પુષ્યમિત્ર હૈયાત તો હતો જ પણ તે અતિવૃદ્ધ (૭૨ વર્ષનો તે સમયે તે હતો) હોવાથી તેણે ગાદી લીધી નહીં. પણ તેની સંમતિથી અગ્નિમિત્રે પોતે જ અવંતિપતિ બની, રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી અને પોતાના પુત્ર વસુમિત્રને યુવરાજ પદવી આપી. અહીંથી શુંગવંશની સ્થાપના થઇ કહેવાય.

તેણે રાજપદે આવી બધું ઠીકઠાક કરી, સૌથી પહેલું કાર્ય એ કર્યું કે, રાજ્યનો વિસ્તાર વધારવા તરફ પોતાનું સર્વ ચિત્ત દોરવ્યું. એક બાજુ પોતે કામે લાગ્યો અને બીજી બાજૂ પોતાના યુવરાજને સરદારી સોંપી લશ્કર સાથે વિદાય કર્યો. પોતે ગાદીએ બેઠો હતો ત્યારે યુવરાજની ઉમર માત્ર ૨૦ વર્ષની જ હતી અને હવે જો કે પાંચ છ વર્ષ વીતી ગયાં હતાં, છતાં હજુ તે ભરયુવાન જ

**રાજપદે અગ્નિમિત્ર**

કહી શકાય, તેમ લશ્કર સાથે જઇ યુદ્ધકળામાં પ્રવીણતા બતાવવાનો કોઈ પ્રસંગ તેને હજુ મળ્યો નહોતો. એટલે ચડાઈ લઇ જતાં, કદાચ વ્યુહરચના કરવામાં કે સંગ્રામની અનેક ચાલો ચાલતાં હરીફ પક્ષ તરફથી પથરાતી જાળમાં-લાલચોમાં ફસી ન પડે, માટે એક ભોમિયા તરીકે-દોરનાર તરીકે અથવા કહો કે સંરક્ષક તરીકે પોતાના પિતા પુષ્યમિત્રને યુવરાજની સાથે મોકલ્યા હતા.

જ્યારે, પોતાનું કાર્ય પ્રથમ દરજ્જે રાજનગરી ઉજ્જૈનીથી બહુ દૂરના પ્રદેશ સુધી ન જતાં, પૂર્વ દિશાએ આવેલ વિદર્ભપતિને નમાવવાનું હતું ત્યારે યુવરાજને (અને પોતાના પિતા પુષ્યમિત્રને) ઉત્તર-પશ્ચિમ તરફ મોકલી, કાશ્મિરપતિ દામોદરના હાથમાંથી તુરત તાજેતરમાં જ મુલક ઝુંટવી લઇ, ત્યાં ઠરીઠામ પડેલા યવન સરદારોને હરાવી, તેમના હાથમાંથી સૂરસેન, પાંચાલ તથા સતલજ નદીના પૂર્વ કિનારાથી માંડીને બધા પ્રદેશો ખાલી કરાવી તે પ્રદેશમાં શુંગપતિઓનું આધિપત્ય સ્થાપવાનું હતું. આ પ્રમાણે કાર્યની વહેંચણી કરવામાં આવી હતી. તેમાંથી પોતાનું કાર્ય કેવી રીતે પાર પાડ્યું અને વિદર્ભપતિને હરાવી તેની પાસેથી તેના મુલકનો અમુક ભાગ મેળવી, કેવી રીતે અવંતિની સાથે જોડી દેવાયો તથા વિદર્ભપતિની અતિ સ્વરૂપવંતી કુંવરી માલવિકાને (જેને વૈદર્ભી[૩૧] તરીકે પણ

(૩૦) ઉપરમાં પુષ્યમિત્રના વૃત્તાંતે લખેલ હકીકત અને અત્રે અગ્નિમિત્રના વૃત્તાંતે લખેલ હકીકત (જેમકે બૃહદ્રથ, સતધન્વા વિગેરેમાં કોણ પહેલો ને કોણ પછી તથા તેની તારીખો ઇ. ઈ.) માં કાંઇક ફેરફાર પડી જાય છે ખરો, પણ તેથી કરીને ઇતિહાસનું સ્વરૂપ બદલાતું નથી જ: મુખ્યસ્થિતિ કાયમ જળવાઈ જ રહે છે. જે કાંઇ ફેરફાર માલુમ પડે છે તે વિશેષ સંશોધન થતાં અદૃશ્ય થઈ જવા વકી છે. (કાંઈક ખુલાસા કરવામાં આવ્યા છે તે માટે આગળ જુઓ.)

(૩૧) વિદર્ભદેશની પુત્રી તે વૈદર્ભી (સંસ્કૃત વ્યાકરણના નિયમે આ શબ્દ બન્યો છે. વિશેષ દાખલા માટે જુઓ પુ. ૧ લું. પૃ. ૧૨૨, પુ. ૨. પૃ.૧૭૪.) નળરાજાની રાણી દમયંતી પણ આ પ્રદેશના રાજાની પુત્રી હોવાથી તેણીને પણ વૈદર્ભી તરીકે ઓળખાવાય છે.

ઓળખાવાય છે ) પોતાની રાણી તરીકે, તદ્દકુબ નામાની સરતમાં કેવી રીતે મેળવી, તે સર્વ હકીકત અતિ વિસ્તારથી કવિવર્ય કાલિદાસ સ્વરચિત માલવિકાગ્નિમિત્ર નામક નાટ્ય ગ્રંથમાં આલેખેલ છે.[૩૨] આ બીના આપણા વાચકમાંના ઘણાના ધ્યાનમાં હશે જ, તેથી અત્રે લખવા જરૂર રહેતી નથી. પણ કહેવાય છે કે પેલી બાજૂયે યુવરાજ વસુમિત્રને, દાદા પુષ્પમિત્રના નેતૃત્વ નીચે, ઉત્તર હિંદમાં યવન સરદારો સાથે એટલું તો જબરદસ્ત યુદ્ધ કરવું પડયું હતું કે તેમાં અગણિત મનુષ્ય સંખ્યાનો સંહાર [૩૩] વળી ગયો હતો. અને જે કોઇ યવન સરદારો ( કહે છે કે યવન લશ્કરની દોરવણી સાત સરદારો [૩૪] કરતા હતા ) હાર પામ્યા અથવા યુદ્ધમાંથી જીવતા રહ્યા તે સર્વે નાશી છૂટી, તુરતમાં જ ગાદીએ બેઠેલા પોતાના રાજા ડિમેટ્રીઅસને સર્વ વીતક કથા કાનોકાન સંભળાવવા ઠેઠ બેકટ્રીઆમાં પહોંચી ગયા. (ઇ. સ. પૂ. આશરે ૧૯૯ થી ૧૯૭=મ. સં. ૩૨૮ થી ૩૩૦). આથી [૩૫] કરીને, યવન સરદારોએ ખાલી કરેલ ઉત્તર-પશ્ચિમ હિંદનો સર્વ પ્રદેશ એક વાર ફરીને અવંતિપતિની-અત્યારે શુંગવંશી રાજાઓની-હકુમતમાં આવી પડ્યો. પાશ્ચાત્ય વિદ્વાન ગ્રંથકાર મિ. સ્મિથે [૩૬] આ બન્ને જીતને નીચેના એક વાકયમાં જ વર્ણવી દીધેલ માલૂમ પડે છે. Agnimitra's youthful son Vasumitra was employed on

( ૩૨ ) કે. હિ. ઈ. પૃ. ૫૧૯:-During the first war between Vidisa and Vidarbha the former was successful: as a result, Vidarbha was divided into two provinces by the Wardha river ( between Berar and C. P. at present ) વિદિશા અને વિદર્ભ વચ્ચેના પ્રથમ યુદ્ધમાં વિદિશાની જીત થઈ હતી જેના પરિણામે વિદર્ભ દેશના બે ભાગ પડી ગયા હતા. તે બે ભાગની વચ્ચે વર્ધા નદી આવેલી છે. ( તેને વર્તમાનકાળના વરાડ અને મધ્ય પ્રાંતો સમજવા )

કે. હિ. ઇ. પૃ. ૨૨૩-Conquered Vidarbha, a province under Andhra=અંધ્રપતિની સત્તામાં આવેલ વિદર્ભ પ્રાંત તેણે જીતી લીધો ( ત્યારે એમ થયું કે વિદર્ભપ્રાંત તે અંધ્રવંશી રાજાને તાબે હતો અને માલવિકા તે અંધ્રપતિ રાજાની કે તેના તે પ્રાંતના સરદારની પુત્રી થઇ. )

( ૩૩ ) ગ્રીક ઇતિહાસમાં આ યુદ્ધને અતિ દારૂણ તરીકે વર્ણવ્યું છે. વાયુપુરાણમાં પણ બે મોટાં યુદ્ધો યવનોસાથે આર્યવર્તીઓને લડવા પડયાનું કહેલું છે. તે બેમાંનું આ પ્રથમ છે. ( જુઓ બુદ્ધિપ્રકાશ પુ. ૭૬. પૃ. ૭૮ અને આગળ )

[ મારી ટીકા:—બે મોટાં સિવાય બીજાં નાનાં તો ઘણાયે થયાં છે. બે મોટામાંનું પ્રથમ ઈ. સ. પૂ. ૧૯૭ માં, બીજું ઈ. સ. પૂ. ૧૫૭ માં. ]

C. H. I. P. 512:-Who (Pushyamitra) as is indicated in the drama called the Malvikagnimitra, succeeded to the struggle with the Greeks-માલવિકાગ્નિમિત્ર નામે નાટકમાં જણાવ્યા પ્રમાણે જેણે ( પુષ્યમિત્રે ) ગ્રીક સાથેના યુદ્ધમાં વિજય મેળવ્યો હતો ( આ વાકયના પાછલા ભાગથી સમજાય છે કે ગ્રીકો સાથે પુષ્યમિત્રને યુદ્ધ કરવું પડયું હતું અને તેમાં તેનો વિજય થયો હતો. આપણે અહીં પુષ્યમિત્ર ને વસુમિત્રની સરદારી નીચે શુંગવંશીની ફતેહ લખી બતાવી છે. )

( ૩૪ ) બુદ્ધિપ્રકાશ પુ. ૭૬. પૃ. ૬૪:—" શાકલ નામે ઓળખાતા પંજાબથી સાત રાજાઓ ચઢી આવશે. તેમના શૂરા યોદ્ધાઓ યુદ્ધમાં ઉતરનારને કાપી નાંખીને તેમનું લોહી રેલી પૃથ્વી બિહામણી બનાવશે. પછી ગંગા પારના આખા મગધમાં ખૂનખાર અને ભયંકર સંગ્રામ જાગશે. તેમાં યવન રાજાઓ અને તેમના સૈનિકો પુષ્યમિત્રને હાથે માર્યા જશે. "

( ૩૫ ) નીચેની ટી. નં. ૩૭ જુઓ.

( ૩૬ ) જુઓ. અર્લી હિસ્ટરી ઓફ ઈન્ડિયાની ત્રીજી આવૃત્તિ. પૃ. ૨૦૦.

active service under the orders of the King, his grandfather Pushyamitra; who at this time must have been advanced in years, resolved to crown his military success by substantiating and proclaiming a formal claim to the rank of Lord Paramount of Northern India. His pretensions received confirmation by the success of Agnimitra, in a local war with his southern neighbour the raja of Vidarbha ( Berar ) which resullted in the complete defeat of the Raja, who was obliged to cede half of his dominions to a rival cousin; the river Wardha being constituted the boundary between the two principalities.= અગ્નિમિત્રના યુવાનપુત્ર વસુમિત્રને તેના દાદા પુષ્યમિત્ર રાજાની આજ્ઞાનુસાર યુદ્ધપ્રવૃત્તિમાં રોકવામાં આવ્યો હતો. પુષ્યમિત્ર કે જે આ સમયે વયોવૃદ્ધ હોવો જોઇએ તેણે ઉત્તર હિંદના સમ્રાટની પદવી ઉપરના પોતાના વાસ્તવિક હક્કને સુદૃઢ રીતે સ્થાપન કરી જાહેર કરવા, તેના લશ્કરી વિજયનો કીર્તિકળશ ચઢાવવા નિશ્ચય કર્યો. વળી અગ્નિમિત્રે તેના દક્ષિણના પાડોશી વિદર્ભ રાજાનો સ્થાનિક લડાઈમાં સંપૂર્ણ પરાજય કર્યો; જેથી પરાજીત રાજાને વર્ધા નદીની હદ સુધીનો પોતાનો અર્ધો રાજ્યપ્રદેશ આપી દેવો પડ્યો. અગ્નિમિત્રના આ વિજયથી પુષ્યમિત્રની સમ્રાટ તરીકે ઢંઢેરો બહાર પાડવાની તિવ્ર ઉમેદને વધારે પુષ્ટિ મળી હતી

આ બન્ને જીતનો સમય[૩૭] મ. સં. ૩૩૦ થી ૩૩૨=ઇ. સ. પૂ. ૧૯૭ થી ૧૯૫ સુધીમાં ગણવો રહે છે. તેમાં યે યવન સાથેના યુદ્ધમાં કેવી રીતે જીત મેળવી હતી તેના શુભ સમાચાર આપતો હેવાલ પુષ્યમિત્રે પોતાના પુત્ર અગ્નિમિત્રને રાજનગર વિદિશામાં મોકલી આપ્યા હતા[૩૮]. તેમ માલવિકા સાથે તેનું લગ્ન મ. સં. ૩૩૧=ઇ. સ. પૂ. ૧૯૬ આસપાસ થયાનું લેખી શકાશે

ઉપર પ્રમાણે બનાવો બની ગયા પછી[૩૯] તેણે ઉત્તેજીત બનીને એક અશ્વમેધ યજ્ઞ કરવાની યોજના કરી. જે મહાભાષ્યકાર પતંજલી મહાશયના નેતૃત્વ નીચે મ. સં. ૩૩૨=ઇ. સ. પૂ. ૧૯૫ માં સંપૂર્ણ કરવામાં આવ્યો હતો અને તેની પૂર્ણાહુતિ બાદ છ સાત વરસે પુષ્યમિત્ર ૮૮ વર્ષની ઉમરે મ. સં. ૩૩૯=ઇ. સ. પૂ.

( ૩૭ ) આ બન્નેનો સમય ઉપરમાં આપણે મ. સં. ૩૨૮ થી ૩૩૦=ઈ. સ. પૂ. ૧૯૯ થી ૧૯૭ ગણાવ્યો છે અને અહીં બબ્બે વર્ષનો ફેર બતાવ્યો છે. ખરું શું હોઈ શકે તે તપાસવાની જરૂર છે. ગમે તેમ પણ મ. સં. ૩૨૬ થી ૩૩૧ સુધીના પાંચ વર્ષના ગાળામાં જ આ બનાવો બન્યા છે એટલું ચોક્કસ લાગે છે.

( ૩૮ ) જુઓ કે. હિ. ઈ. પૃ. ૨૦૧ કો. એ. ઈ. પૃ. ૫૪:-" Agnimitra, the ruler of Vidisa= વિદિશાનો રાજકર્તા અગ્નિમિત્ર "=હવે વાચકોની ખાત્રી થશે કે શુંગવંશની ગાદી અવંતિમાં જ હતી; કોઈ દિવસ પાટલિપુત્રમાં હતી જ નહીં. બલ્કે એમ કહેવું વ્યાજબી થઈ પડશે કે, મૌર્યસમ્રાટ પ્રિયદર્શિનના રાજ્ય અમલથી જ હિંદી સમ્રાટોની રાજનગરી તરીકે પાટલિપુત્રને તજી દેવામાં આવ્યું હતું. વિશેષ માટે આગળ ઉપર " પાટલિપુત્રનું આયુષ્ય " વાળો પારિગ્રાફ જુઓ.

( ૩૯ ) વાયુપુરાણના આધારે લખેલ લેખ જે બુદ્ધિપ્રકાશ ત્રિમાસિકના પુ. ૭૬. પૃ. ૯૬, પંક્તિ ૧૭ થી ૨૦ ઉપર છે તે જુઓ.

૧૮૮ માં મરણ પામ્યો હતો.

બીજી બાજૂ યવન સરદારો જે નાસી ગયા હતા તેમણે સ્વદેશે જઇને પોતાના રાજા ડિમેટ્રીઅસને ખબર દીધી. એક તો તે યુવાન—તેજસ્વી રાજકર્તા હતો અને તુરતમાં જ ગાદીએ બેઠો હતો એટલે તેનો પિત્તો છળી ઉઠ્યો, અને વેર વાળવાના ઇરાદાથી–મનસુબાથી હિંદ ઉપર ચડાઇ લાવવાની ઈ. સ. પૂ. ૧૯૪ ના અરસામાં તૈયારીઓ આદરી. વચ્ચે આવતો પંજાબ તેના પિતા યુથીડીમોસે આશરે મ. સં. ૩૧૭=ઇ. સ. પૂ. ૨૧૦ માં લીધો હતો ખરો, પણ કાશ્મિરપતિ જાલૌકે તેમજ અવંતિપતિ અગ્નિમિત્રે તે પ્રાંત પાછળથી પોતાની આણમાં થોડે થોડે અંશે મેળવી લીધો હતો. તેમાં જાલૌકના સ્થાને અત્યારે તો તેના પુત્ર દામોદરનો વહીવટ શરૂ થઇ ગયો હતો; એટલે બહાદુર ડિમેટ્રીઅસને તેને ભાગે આવેલું પંજાબ પાછું મેળવી લેવાને જરાયે મુશ્કેલ જેવું લાગ્યું નહોતું. આ પ્રમાણે તેણે અંદાજે ઇ. સ. પૂ. ૧૮૮ માં પંજાબનો ઉત્તર ભાગ જીતી લઇ ત્યાં પોતાની સ્થિતિ મજબૂત કરી લીધી અને પછી આગળ વધવાને કાંઇક બહાનું મળે માટે યુક્તિઓ રચવા માંડી. તેમાં એક યુક્તિ આ પ્રમાણે ગોઠવી હતી. ચીનાબ અને રાવી નદી વચ્ચેના મદ્ર નામે ઓળખાતા પ્રદેશમાં કોઇ એક સૌંદર્યવતી યવન પુત્રીને[૪૦] ફરવા મોકલી[૪૧], એવી ગણત્રીએ કે યુવરાજ વસુમિત્રની નજરે પડે અને તેણીના મોહમાં લપટાય. બન્યું પણ તેમજ. યુવરાજ તેણીના રૂપમાં લોભાયો અને તે કન્યા માટે માગું મોકલ્યું. સ્વભાવિક રીતે જ તે માંગણી સ્વીકારવામાં ન આવી. એટલે પરિણામે બન્ને પક્ષ વચ્ચે યુદ્ધની નોબત ગડગડી આ યુદ્ધમાં ડિમેટ્રીઅસને પોતાનું પરાક્રમ બતાવવાનો ઠીક મોકો મળી આવ્યો હતો એમ સમજાય છે: કેમકે યુવરાજ હારી જવાથી સતલજ નદીના તીર પ્રાંત સુધીનો દક્ષિણ પંજાબવાળો મુલક કદાચ એક વાર ફરીને ડિમેટ્રીઅસના હાથમાં જઇ પડ્યો હોય તો ના કહેવાય નહીં. પણ ખરી વસ્તુસ્થિતિનું માપ કાઢી લેવાની રાજા અગ્નિમિત્રને આ વખતે બુદ્ધિ સૂઝી. તેણે બીજો અશ્વમેધ[૪૨] કરવાની જાહેરાત કરી અને યુવરાજને તે અશ્વની રક્ષા માટે પાછળ જવા હુકમ ફરમાવ્યો. અશ્વ જ્યાં સતલજ નદીના પ્રદેશમાં પહોંચ્યો કે યવનોએ તેને અટકાવ્યો. પરિણામે

---

(૪૦) ગ્રીક ઈતિહાસમાં રૂપવતી કન્યાને લીધે યુદ્ધ જાગ્યાની હકીકત મળતી નથી, માત્ર યુગપુરાણમાં જ છે એમ બુદ્ધિપ્રકાશ. પુ. ૭૬. પૃ. ૬૬ માં જણાવાયું છે. તેનું કારણ મારી સમજમાં એમ આવે છે કે, આ યુદ્ધ તો ડિમેટ્રીઅસની હિંદમાંની રાજકારકીર્દીને અંગે છે; નહીં કે ગ્રીક કે બેક્ટ્રીઅન રાજપતિ તરીકે; એટલે તે બીનાને ગ્રીક ઇતિહાસમાં કદાચ સ્થાન મળ્યું ન હોય તે બનવા યોગ્ય છે.

(૪૧) કન્યા અકસ્માત યુવરાજની નજરે પડી ગઈ હતી કે જાણી જોઇને યુક્તિ ગોઠવી તેની નજરે તેણીને પાડી હતી, તે બે સ્થિતિમાંથી એક હોઈ શકે. બીજી સ્થિતિ વધારે સંભવનીય કલ્પીને મેં તે પ્રમાણે વર્ણન કર્યું છે.

(૪૨) અશ્વમેધ યજ્ઞ કરનાર સામાન્યતઃ મોટા પ્રદેશનો રાજકર્તા હોય તે જ કરી શકે છે. તેમાં યજ્ઞમાં થતા ખર્ચનો પ્રશ્ન નથી પણ તે રાજાની સત્તા તળેના પ્રદેશવિસ્તારનો પ્રશ્ન છે. સહજ સમજી શકાય છે કે, જ્યારે અગ્નિમિત્રે અશ્વમેધ યજ્ઞો કર્યા છે ત્યારે તેનો રાજ્યવિસ્તાર તેના પૂર્વના રાજકર્તાઓ કરતાં અતિ મોટો થઈ ગયો હોય જ; એટલે નં. ૩૯ના ટી. નં. ૪૪ માં જણાવાયેલી પ્રાચીન ગ્રંથોની સિંધુ નદીવાળી માન્યતા કેટલે દરજ્જે સત્ય ગણી શકાય તે વાચકો આપમેળે વિચારી શકશે.

શુંગપતિ અને યવનપતિના સૈન્ય વચ્ચે પાછું યુદ્ધ જામ્યું અને માલૂમ પડે છે કે આ યુદ્ધમાં (મ. સં. ૩૪૫=ઈ. સ પૂ. ૧૮૨) યુવરાજ વસુમિત્રનું મરણ નીપજ્યું.[૪૩] આ ખેદજનક સમાચાર સાંભળી રાજા અગ્નિમિત્રને ઘણો જ આઘાત થયો. એટલે તે યવન રાજાનું ગુમાન તોડવા તથા અશ્વમેધ યજ્ઞના નિયમનું પાલન કરવા તેણે પોતે જ તે તરફ પ્રયાણ કર્યું. આ યુદ્ધ સિંધુ નદી[૪૪] (સતલજ)ના કિનારે થયું. તેમાં યવનોને સખ્ત હાર ખાવી પડી અને રાજા ડિમેટ્રીઅસનું મરણ નીપજ્યું (મ. સં. ૩૪૬=ઈ. સ. પૂ. ૧૮૧) હોય તે પણ બનવાયોગ્ય છે.

આ જીત તેને સૌથી મહાન લાગી હતી. કારણ કે યવન સરદારો આજે કેટલાંય વર્ષથી ઉત્તર હિંદમાં અડ્ડો જમાવીને બેઠા હતા. તેમના લશ્કરને ભલે યુવરાજ વસુમિત્રે થોડાં વર્ષ ઉપર હરાવીને કચ્ચરઘાણ વાળ્યો હતો પણ આ વખતે તો તેમનો શહેનશાહ ખૂદ પોતે જ લડવા ઉતર્યો હતો અને તેને હરાવવામાં પોતે ફાવ્યો હતો, એટલે આ જીતથી તે ઘણો હર્ષ પણ પામ્યો હતો. તેમ વસુમિત્રના ઘાત કરનારને[૪૫] (અને અશ્વમેધના ઘોડાને અટકાયતમાં રાખનારને) ઠીક શિક્ષા કરી તેવો આત્મસંતોષ થવાથી અંતરના ઊંડાણમાં આહ્લાદ અનુભવવા લાગ્યો હતો. એટલે અજેય સમ્રાટ તરીકે બીજો અશ્વમેધ સંપૂર્ણ કર્યો. આ ઉપરથી સ્પષ્ટ થયું કે તેણે બે યજ્ઞો કરાવ્યા હતા.[૪૬]

(૪૩) કે. શો. હિ. પૃ. ૫૫ માં જણાવાયું છે કે વસુમિત્રનું મરણ (કવિ બાણના કહેવા મુજબ) કોઈ મિત્રદેવ નામની વ્યક્તિના હાથે નાટકના ખેલ કરતાં થયું છે (According to Bana, he-Vasumitra was killed while engaged in amateur theatricals by one Mitradeva): પણ આ કથન મને બરાબર નથી લાગતું, કારણ કે ઉપરનો નાટ્યપ્રયોગ તે માલવિકાગ્નિમિત્રના લગ્નપ્રસંગનો છે. જો તેમાંજ વસુમિત્ર મરાયો હોય, તો તે બાદ જ્યારે પુષ્યમિત્રનો પ્રથમ અશ્વમેધ થયો તેમાં વસુમિત્રની હાજરી શી રીતે સંભવી શકે? અને એમ તો સ્પષ્ટ થાય છે કે, તે અશ્વમેધના સમયે પતંજલી, પુષ્યમિત્ર ને વસુમિત્ર એમ ત્રણે જણા હાજર હતા. એટલે બાણ કવિનું ઉપર પ્રમાણેનું કથન મને વાસ્તવિક લાગતું નથી.

(૪૪) પ્રાચીન ગ્રંથોમાં સિંધુ નદીને કાંઠે યુદ્ધ થયાનું જ માત્ર લખ્યું છે. સિંધુ નદીનું વિશેષ સ્પષ્ટીકરણ કરાયું નથી. પણ ઈતિહાસવેત્તાઓએ, શુંગવંશીઓની સત્તા માત્ર વિદિશાના પ્રદેશની આસપાસ જ ફેલાયલી હશે તથા યવનો તરફનો આ હલ્લો મથુરા તરફની દિશાએથી જ થયો હશે; એવી બે સ્થિતિની કલ્પના કરી લઇ, સિંધુ નદીને બદલે અવંતિ પ્રદેશમાં આવેલી ચંબલ નદીની શાખા જે કાલીસિંધુ તરીકે ઓળખાય છે તેને ગણાવી દીધી છે; પણ ખરી હકીકત શું હતી, તે આ ઉપરથી સહજ સમજી શકાશે. વળી ઉપરની ટીકા નં. ૪૨ જુઓ.

(૪૫) કેટલાક ગ્રંથકારોએ અશ્વમેધના ઘોડાને અટકાયતમાં રાખવા માટેના બનાવને આ યુદ્ધનું કારણ કલ્પ્યું છે, તેથી મારે પણ તે પ્રસંગની યાદ દેવડાવી કૌંસમાં લખવું પડયું છે.

(૪૬) ઇં. હિ. ક્વૉ. પુ. ૫. અંક ૩, પૃ. ૪૦૪:- In a Brahami inscription at Ayodhya it is said that Senapati Pushyamitra performed not one but two horse-sacrifices. His was an exceptionally successful career: અયોધ્યાના બ્રાહ્મી ભાષાના લેખમાં જણાવેલ છે કે, સેનાપતિ પુષ્યમિત્રે (પુષ્યમિત્ર અને અગ્નિમિત્ર બન્નેના ભેગા મળીને ગણવા, કેમકે તે સ્થિતિ તેમનાં જીવનચરિત્ર ઉપરથી આપણે જાણતા થયા છીએ.) એક નહીં પણ બે અશ્વમેધ યજ્ઞો કર્યા છે, તેનું જીવન અનુપમરીતે ફતેહમંદ નીવડયું છે. (જો એકલા પુષ્યમિત્રને આશ્રયીને જ બે અશ્વમેધ યજ્ઞો હોત તો exceptionally successful શબ્દ લખવામાં ન ન આવત; તેથી સાબિત થાય છે કે અગ્નિમિત્રને પણ સાથે ગણાવ્યો છે.)

આ બીજા યજ્ઞ બાદ પોતે માત્ર આઠ વર્ષનું[૪૭] આયુષ્ય ભોગવી શક્યો છે.

અશ્વમેધ યજ્ઞ કરવામાં જે શાસ્ત્રવિધિ કરવામાં આવતી હશે તેની સાથે આપણે કાંઇ નિસબત નથી એટલે તેની ભાંજગડમાં ઊતરવાનું કારણ નથી. પણ તેમાંનું જે એક તત્ત્વ સામાજિક વ્યવસ્થા ઉપર અસર કરી તેને ખોરંભે ચડાવે છે, તેની ઊડતી નોંધ લેવી તે તો અત્ર આવશ્યક છે જ. તે આ પ્રમાણે ગણાય છે.

**નિષ્પન્ન થતી એક સ્થિતિ**

અશ્વમેધ યજ્ઞ કરાવનાર (વિધિ કરાવનાર પુરોહિતને નહીં, પણ જેના હુકમથી તે યજ્ઞ કરાવાય છે તેને) વ્યક્તિને યજમાન કહીને સંબોધવામાં આવે છે. બનતાં સુધી આવો યજમાન હમેશાં કોઇ મોટા રાજ્યનો ભૂપતિ જ હોય છે. અને આવા રાજાઓને અનેક રાણીઓ હોવાથી તેમાં જે મુખ્ય એટલે પટરાણી હોય છે તેનો એક અધિકાર આ સમયે એવો ગણવામાં આવે છે કે, અશ્વમેધ યજ્ઞમાં હોમાયલા અથવા હોમવા માટે નિર્ણિત થયેલ—અશ્વના શબની પડખે તેણીને સૂવું પડે છે. અને તે સ્થળે તે પ્રસંગનું સ્મરણ કરાવતું બિભત્સ ચિત્ર[૪૮] પત્થરની શિલા ઉપર કોતરી રાખવામાં આવે છે, જે ચિત્ર તેને તે સ્થિતિમાં કેટલાયે જમાના સુધી જાળવી રાખવામાં આવે છે. આ વિશે એક પ્રખ્યાત ઇતિહાસવેત્તા લખે[૪૯] છે કે— "There is independent evidence to show that the obscure elements of the Vedic rites grew unpopular in course of time and fell into desuetude. =વૈદિક મતની ક્રિયાકાંડના આવાં અસભ્ય અંશો કાળના વહેણ સાથે પ્રજામાં અપ્રિય થઇને તદ્દન ભૂંસાઈ જવા પામ્યાં હતાં." આવાં ચિત્રના દૃશ્યથી બીજી કયા પ્રકારની અસર ભાવી પ્રજા ઉપર થતી હશે તે કહી શકાય નહીં પણ એટલું તો અવશ્ય બને છે કે, તે ચિત્ર જેની જેની દૃષ્ટિએ પડે છે તેના મન ઉપર વિકાર ઉત્પન્ન થાય છે. અને માનવાને કારણ પણ મળે છે કે આવા યજ્ઞો થયા બાદ લોકોની ભાવનામાં અજબ પ્રકારનો ફેરફાર થઇ જઇ તેઓ સ્ત્રીલંપટ બની જતા હતા. આવી સ્પષ્ટ હકીકતના દૃષ્ટાંતો, ઇતિહાસના દફતરે આલેખાયલાં કયાંય હશે કે નહીં, તે મારી જાણમાં નથી, પણ આ સમયના સંબંધમાં વાયુપુરાણના લેખકે તો તેની ખાસ નોંધ પણ કરેલ છે. જુઓ

---

ગર્ગસંહિતામાં લખ્યું છે કે, ભારતવર્ષમાં તે બાદ સાત રાજા રાજ્ય કરશે. હવે આપણે ગણીએ તો શુંગવંશી રાજાની સંખ્યા અગ્નિમિત્ર પછી સાતની જ થઈ છે; પણ મૌર્ય સા. ઇતિ. પૃ. ૬૫૮ ઉપર, તે ગ્રંથના લેખકે એમ લખ્યું છે કે "ઈસકે બાદ ભારતમેં સાત રાજા રાજ્ય કરને લગે, યા ભારત સાત રાજ્યોમેં વિભક્ત હો ગયા—ગાંધાર, કાશ્મિર, મગધ, કલિંગ, આંધ્ર (જ્યારે પાંચનાં જ નામ લખી બતાવ્યાં છે.) એટલે દેખાય છે કે, મનકલ્પિત અર્થ તેમણે કરી દીધો છે. વિશેષ ખુલાસા માટે, આ પરિચ્છેદને અંતે શુંગવંશી રાજાઓની શુદ્ધ કરેલી વંશાવળી જુઓ.

(૪૭) શુંગ અગ્નિમિત્રનો રાજ્યકાળ પુરાણોમાં ૮, અને યુગપુરાણમાં ૩૦ વર્ષનો આપ્યો છે. (જુઓ બુદ્ધિપ્રકાશ પુ. ૭૬. પૃ. ૯૬, પંક્તિ ૧૪ મી)

(૪૮) ઇ. હિ. ક્વો. પુ. ૫. અંક ૩, પૃ. ૪૯૫: રાજા જન્મેજયની પટરાણી વપુષ્ટમાને ઘોડાના શબની પાસે જ્યારે સુવાડવામાં આવી ત્યારે ઇંદ્રે તે ઘોડાના શબમાં પ્રવેશ કરી તેણીના સાથે સંભોગ કર્યો હતો. (સરખાવો આગળ ઉપર શકપ્રજાની ચડાઇનું વર્ણન).

(૪૯) ઇ. હિ. ક્વો. મજકુર પુસ્તક પૃ. ૪૦૫.

બુદ્ધિપ્રકાશમાંનો પુ. ૭૬-પૃ. ૮૯ થી ૧૦૦ સુધી નો દિવાન બહાદુર કેશવલાલ હર્ષદભાઈ ધ્રુવનો લેખ. તેમાં જણાવ્યું છે કે "પછી રાજા વસુમિત્ર પુંડે ઓદ્રક રાજ્ય પામશે, તેને ભયંકર શકોનાં ધાડાં સાથે વિગ્રહ થશે. પછી મહાબળવાન શકો સાથેના દારૂણ સંગ્રામમાં તે રાજા મર્મસ્થાનમાં બાણ વાગ્યાથી પ્રાણ છોડશે. પછી ભયંકર શકો અકર્મને માર્ગે ચડી ભ્રષ્ટ બનેલી અને શીલસદાચાર ખોઈ બેઠેલી તે બહોળી પ્રજાને હરી જશે એવી પારાણિક શ્રુતિ છે." દિવાનબહાદુર જેવા વયોવૃદ્ધ અને પૂર્ણ અભ્યાસી તેમજ વૈદિકધર્મના અનુયાયી પુરૂષ તરફથી લખાયેલ આ શબ્દોથી નિર્વિવાદિત સાબિત થાય છે કે, આ સમયની પ્રજા શીલાચારમાં બહુ જ શિથિલ થઈ ગઇ હતી. તે આવા બિભત્સ દેખાવોના પરિણામરૂપ જ હોવું જોઇએ. વળી આનું પરિણામ તેવા સમય બાદ કેટલાંય વર્ષો સુધી પ્રજાની સંસ્કૃતિમાં અતિ કાતિલ ઝેરરૂપે ભેળવાયલું જ પડી રહેવા પામ્યું હતું તે આપણે તે પછીના ઉત્તરોત્તર જે રાજાઓ ગાદીએ બેસતા આવ્યા છે તેમનાં ચરિત્રો ઉપરથી પણ જોઈ શકીએ છીએ.

શુંગવંશી છેલ્લા રાજા દેવભૂતિનું મૃત્યુ પણ સ્ત્રીલંપટપણાને લીધે જ થયું હતું; તેમજ પ્રખ્યાત વિક્રમાદિત્યના પિતા અવંતિપતિ રાજા ગર્દભીલ-જેનું વૃત્તાંત આપણે થોડા જ વખતમાં લખવું પડશે-તેના રાજ્યનું વિપરિત પરિણામ પણ તે જ દશાને લીધે થવા પામ્યું હતું. વળી તે જ વિક્રમાદિત્યના લઘુ બંધુ-જેને રાજા ભર્તૃહરી તરીકે લોકકથાઓમાં વર્ણવાયલ છે, તેની રાણી પિંગળા જેનો ઇતિહાસ પણ પ્રજાના લોકસાહિત્યમાં અતિ મશહુર છે, તે સર્વ બનાવો આ સમયના શિથિલાચાર-સ્ત્રીલંપટપણાનાં દૃષ્ટાંતો તરીકે-ઇતિહાસના કલંકચિત્રો તરીકે-અદ્યાપિ પર્યંત જળવાઇ રહેલાં છે. આવી સ્થિતિ ક્રમમાંક્રમ દોઢ સદી સુધી ચાલુ રહેલી નજરે પડે છે. પ્રજાજીવનમાંથી તે સડો નાબૂદ કરવાનું મહત્ પુણ્ય કદાચ અવંતિપતિ વિક્રમાદિત્યના લલાટે જ વિધિએ લખી રાખ્યું હોય એમ સમજાય છે. તેને લગતું વિવેચન આપણે તેનું જીવનવૃત્તાંત આલેખતી વખતે કરીશું.

શુંગવંશના શિથિલાચારની જેમ આ એક કાળી બાજૂ છે તેમ બીજી એક ઉજ્જવલ બાજૂ પણ છે. તે એ કે, તેમણે હિંદના વાયવ્ય ખૂણામાંથી ધસી આવતા સત્તાલોભી પરદેશીઓનાં આક્રમણ અને હુમલાઓની સામે સખ્તાઇથી જે સામનો કર્યો હતો તેને લગતી છે. જો તેમણે આ પ્રમાણે શુરવીરતા દાખવી ન હોત તો, તેમનો ધસારો કયાં જઇને અટકત અને આર્યાવર્તની હાલ દેખાતી રાજકીય પરિસ્થિતિને બદલે શું સ્થિતિ હોત તે કલ્પી શકાતું નથી.

**શિરોભાગે શુંગ સામ્રાજ્ય**

આ બીજો યજ્ઞ કર્યા બાદ તે કાંઇક અંશે સ્વસ્થતા કરી, રાજ્ય જીતવા કે વધારવાની ઉપાધી છોડી દઇ, રાજ્યની આબાદી વધારવા પ્રેરાયો. એક તો સ્વભાવે લોભી હતો જ અને તેમાં વળી યુદ્ધોમાં અનર્ગળ દ્રવ્યની હાની થઇ તેમજ બબ્બે અશ્વમેધ યજ્ઞના ખર્ચો કરવા પડ્યા, એટલે લોભને થોભ નહીં તેવી સ્થિતિમાં મૂકાયો. મહારાજા પ્રિયદર્શિને જે જે સુવર્ણમય જિન બિંબ-પ્રતિમા ભરાવી હતી તેમાંની જેટલી જેટલી હાથ લાગી તે સર્વેને એકતો ધર્મદ્વેષથી અને બીજું દ્રવ્યના લોભથી, ભાંગીતોડી નાંખી ગળાવી કરીને,

તેનું ધન કોષાગારમાં ભર્યું; તથા અનેક રીતે ધર્મદ્વેષથી પ્રજ્વલિત થઇને, પાખંડી ( વૈદિક ધર્મને ન માનનાર તેવા સર્વે ) ધર્મના ઉપદેશકોને રંજાડવા માંડ્યા. તેમના ધર્મસ્થાનો બાળી નાંખ્યાં. અને અધૂરામાં પૂરી તેમની કત્લ પણ ચલાવી. છેવટે જ્યારે તેને એમ ખાત્રી થઈ કે હવે કોઈ બાકી રહ્યું નથી એટલે, પોતાના આંતરિક તિરસ્કારનો કેમ જાણે સાક્ષાત પડઘો આપવાને બહાર પડ્યો ન હોય તેમ ઢોલ પીટાવી ઉદ્ઘોષણા કરાવી કે, જે કોઇ ભિક્ષુકનું-શ્રમણનું-એક માથું પણ લાવી[૫૦] આપશે, તેને સો દિનારનું પારિતોષિક રાજ્ય તરફથી મળશે.

જેમ અન્ય સ્થાનેથી જૈન મૂર્તિઓનું ખંડન તથા ગળાન કરી નાંખ્યું છે તેમ-મથુરામાંનો સુવર્ણ-મય વોડવા સ્તૂપ-Vodva Tope પણ આ સમયે લૂંટી કરીને તેમાંથી ઉત્પન્ન થયેલ દ્રવ્ય અગ્નિમિત્ર પોતાના કોશાગારમાં લઈ ગયો હોવો જોઇએ એમ પાકો અનુમાન બંધાય છે. વળી તેના અતિલોભે પણ જ્યારે મર્યાદા મૂકી અને કર્મના પ્રાબલ્યથી ધનસંચય કરતાં છતાં પણ સંતોષ ન થયો ત્યારે પૃચ્છા ચલાવી; અને સમાચાર મળ્યા કે, મગધદેશના પાટનગર પાટલિપુત્રમાં,[૫૧] મહારાજા નંદના સમયનું, તેમણે સંચિત કરેલું દ્રવ્ય પાંચ મોટા સ્તૂપરૂપે ઊભું કરી રાખેલું મોજુદ પડેલું છે. એટલે એક કાંકરે બે પક્ષી મારવાનો લાભ મળશે એવું વિચારી ( એક તો મનભાવતા પ્રમાણમાં ધનપ્રાપ્તિ થાય[૫૨] અને બીજું તે પ્રદેશ જીતી લઇ પોતાની સમ્રાટ તરીકેની કીર્તિમાં વૃદ્ધિ પણ કરાય ). મગધ તરફ તેણે પ્રયાણ આદર્યું. ત્યાં જઈ

( ૫૦ ) વિશેષ માટે જુઓ ખંડ છઠ્ઠામાં મથુરા નગરીવાળા પરિશિષ્ટે

( ૫૧ ) કે. શો. હિ. પૃ. ૫૫:—( જે એમ લખ્યું છે કે ) "The wicked and valiant Greeks occupied Saketa, Panchal and Mathura and advanced as far as Kusumdhvaj ( Patliputra ) but Pushyamitra ( Agnimitra ) ultimately drove them out of Magadha"=દુષ્ટ અને બહાદુર ગ્રીકોએ સાકેત, પાંચાલ અને મથુરાનો કબજો લીધો; અને તે બાદ કુસુમધ્વજ ( પાટલિપુત્ર ) સુધી જઇ પહોંચ્યા, પણ પુષ્યમિત્રે ( અગ્નિમિત્રે ) તેમને મગધદેશમાંથી આખરે હાંકી કાઢયા હતા "—આ વાકયમાંનો પાછલો ભાગ ખોટો ઠરે છે એમ હવે વાચકને સમજાશે.

ગ્રીકોએ પાંચાલ અને મથુરાનો જે કાંઈ પણ કબજો મેળવ્યો છે ( અને તેની પૂર્વે મગધ તરફ વધ્યા હોય તો પણ કે તેમ બન્યું લાગતું નથી) તે તો અગ્નિમિત્રના મરણ બાદ જ છે. ( જુઓ મિનેન્ડરના તથા રાજુવુલના વૃતાંતમાં )

( ૫૨ ) "જર, જમીન અને જોરૂ એ ત્રણે કજીઆનાં છોરૂ" આ કહેવત આપણે પ્રથમ વાર ઉપરમાં પૃ. ૭ ઉપર ટાંકી ગયા છીએ. તે વખતે એમ પણ બતાવ્યું છે કે આ કળિયુગમાં પ્રથમ યુદ્ધ "જર, જમીન અને જોરૂ" નામના ત્રણ તત્ત્વમાંથી પ્રથમ કહો કે છેલ્લું કહો, પણ જોરૂ-સ્ત્રી-મેળવવાના લોભથી જે યુદ્ધ આદરવામાં આવ્યું હોય તો કલિયુગ બેસતાં જ કૌરવે આદર્યું હતું. આ સ્થિતિ એમ ને એમ ચાલી આવતી હતીજ. પછી રાજા અજાતશત્રુના સમયમાં ( એટલે જૈન ગ્રંથાનુસારે, પાંચમો આરો બેઠો કે તુરત જ ) કેવળ જમીન-ઉપરના ત્રણ તત્ત્વમાંનું બીજું તત્ત્વ-મેળવવાના આશયથી જ યુદ્ધ કહો-અથવા મનુષ્યસંહાર કહો ગમે તે નામ આપો, પણ તેવી-સ્થિતિ આદરવામાં આવી હતી. અને હવે જે તત્ત્વ બાકી રહ્યું હતું તે જર-પૈસો-દ્રવ્ય તે નિમિત્તે યુદ્ધ અથવા મનુષ્યસંહાર આદરવાનો પ્રસંગ આ કલ્કિ રાજાના સમયથી આરંભાયો છે.

અલબત્ત, ઉપરના ત્રણ યુદ્ધના બનાવોના આરંભે તો જે હેતુ બતાવાયો છે તે મુખ્યપણે હોઈને જ ગણાવ્યો છે. બીજા અનેક યુદ્ધો તે દરમ્યાન પણ થયાં જ હશે પણ આ ગણનામાં જે હેતુ પ્રબળપણે વતી

ત્યાંના રાજકર્તાને જીતી લીધો[૫૩] અને પછી સંગ્રહીત ધન એકઠું કરવા અહોરાત્રિ મહેનત કરી, આખા નગરને ખોદાવી ખોદાવી, જેટલું જેટલું અને જ્યાં જ્યાંથી દ્રવ્ય મળ્યું, તેટલું તેટલું સ્વાધીન કરી લીધું; અને નગરનો પણ નાશ કરવા માંડયો. અંતે દૈવની અવકૃપા થવાથી તેના જીવનો કેવી રીતે નાશ થયો તે આપણે કલ્કિ રાજાની આખ્યાયિકા લખતી વેળાએ પુસ્તકોના ફકરા ઉતારી ટાંકી બતાવ્યું છે. આ પ્રમાણે એકંદરે ત્રીસ વર્ષનું રાજ્ય ભોગવી (૧૬ વર્ષ પિતાની હૈયાતીમાં સંયુક્ત અમલથી, અને ૧૪ વર્ષ સ્વતંત્રપણે; પણ તેમાંયે સ્વતંત્ર સમ્રાટ એટલે કલ્કિ તરીકે તો તેના રાજ્યઅમલના છેલ્લ ૭-૮ વર્ષ જ ) છયાસી વર્ષની (૮૬) ઉમરે તે મ. સં. ૩૫૩=ઇ. સ. પૂ. ૧૭૪ માં મરણ પામ્યો.

**પુરાણકારો પણ સાચું જ કહે છે.**

જેમ કોઈ પણ વિગ્રહમાં વર્તમાન સમયે હમેશાં બનતું આવે છે તેમ તે સમયે પણ મોખરે રહેનાર સૈનિકોને જ તેનો મારો સહન કરવો પડતો હતો. પછી તે મારો ફાવે તો તોપનો[૫૪] હોય, બંદૂકનો હોય કે અન્ય પ્રકારનો હોય. છતાંયે વિગ્રહના પરિણામનો યશ વા અપયશ તો જેમ સૈનિકોના શીરે ન પડતાં તેઓને દોરવનાર સૈન્યપતિને લલાટે જ ધરવામાં આવે છે, તેમ અહીં પણ ભલે પુષ્યમિત્ર રાજપદે હતો વા ન હતો, તો પણ તે સમયના રાજકારણમાં તે મુખ્ય નેતા હોવાને લીધે, જે જે સબળા નોંધાવા યોગ્ય બનાવો બનવા પામ્યા છે—મ. સં. ૨૯૮ થી માંડીને મ. સં. ૩૨૩ સુધીમાં, એટલે કે મૌર્યવંશની પડતીથી માંડીને અંત સુધીના ૨૫ વર્ષના ગાળામાં—તે સર્વેમાં પુરાણકારોએ તો તેનું જ નામ આગળ ધર્યું છે. બાકી ખરી રીતે તો ઉપરનાં વર્ણને જોઇ ગયા છીએ તેમ તે પ્રત્યેક બનાવના ઉત્તરદાતા—મુખ્ય કર્તા—પુરૂષ તરીકે તો નિરનિરાળીજ વ્યક્તિઓ ઠરે છે; જેમકે-

(૧) સાકેતનો[૫૫] (ઈ. સ. પૂ. ૨૧૦ પહેલાં ) અને મધ્યમિકાનો ( ઇ. સ. પૂ. ૨૦૪ પહેલાં ) ઘેરો. આ બન્ને ઘેરા જે યવન સરદાર યુથાડીમોસે ઘાલ્યા હતા તેનો સમય મ. સં. ૩૧૭ થી ૩૨૩ સુધીના ૭ સાત વર્ષના ગાળાનો કહેવાય; અને તે સમયે જો કે મૌર્યવંશનો રાજઅમલ જ હતો, છતાં રાજ્યની લગામ અમાત્ય તરીકે તો પુષ્યમિત્રના હાથમાં જ હતી એટલે તેનું જ નામ[૫૬] આગળ ધરીને પુરાણકારોએ લખી વાળ્યું છે કે તે બન્ને બનાવો પુષ્યમિત્રના

---

રહ્યો હતો તેવી પ્રબળતા અન્ય સમયે નહીં હોય એમ સહજ અનુમાન કરવાનું કારણ રહે છે.

(૫૩) આ સમયે મગધ ઉપર, જે મૌર્યવંશી શાખાનું રાજ્ય ચાલતું હતું તેને નમાવીને અવંતિપતિના ખંડિયા તરીકે બનાવી દીધો હશે એમ સમજાય છે.

(૫૪) તે વખતે તોપ, બંદૂક વિગેરે સર્વ હતું કે કેમ તે મુદ્દો જણાવવાનો અહીં આશય નથી જ; માત્ર જુદા જુદા પ્રકારનાં યુદ્ધ બતાવવા પૂરતા જ આ શબ્દો લખાયા છે.

(૫૫) સાકેત બધા વિદ્વાનો લખે ગયા છે, પણ ખરો શબ્દ શાકલ જોઇએ. શાકલ તે વર્તમાન કાળના શિયાળકોટનું તે સમયે નામ હતું, જ્યારે સાકેત તે તો અયોધ્યાનું બીજું નામ છે. સાકેત અને સાકલ બન્ને જુદાં જ નગરો છે. ( જુઓ નીચેનું ટી. નં. ૫૬ )

(૫૬) આ ઉપરથી સમજાશે કે ઇ. હિ. ક્વૉ. ના લેખકનું કથન કેટલું સત્ય છે. તેમણે પુ. ૫, પૃ. ૩૪૬ માં જણાવ્યું છે કે—so the siege of Saket and Madhyamika by Yavanas coulds not have been contemporaneous with Pushyamitra's horse-sacrifice but must have taken place before—યવનોએ ઘાલેલ સાકેટ

સમયે બનવા પામ્યા હતા. ( જુઓ પુષ્યમિત્રના વૃત્તાંતે. )

( ૨ ) મૌર્યવંશી બૃહદ્રથને મારી નાંખી અગ્નિમિત્રે જે ગાદી પોતાના હાથમાં લીધી છે તેમાં પણ, તે નિંદ્ય કાર્ય કરવામાં ભલે અગ્નિમિત્રનો હાથ હતો, છતાં તે સમયે પુષ્યમિત્રનું જ અમાત્યપદ હોવાથી તે કાર્યના પ્રણેતા તરીકે પણ તેનું જ નામ લેવાયું છે. આ બનાવ મ. સં. ૩૨૩-ઇ. સ. પૂ. ૨૦૪ માં બન્યો છે.

( ૩ ) યવન સરદારો સાથે ખૂનખાર યુદ્ધ કરીને પાંચાલ તથા સૂરસેન પ્રાંતોમાંથી તેમને જે હાંકી કઢાયા છે તે યુવરાજ વસુમિત્રના હાથથી જ; તેમ તે બનાવ બન્યો છે પણ રાજા અગ્નિમિત્રના રાજઅમલ દરમ્યાન જ; છતાંયે પુષ્યમિત્ર ભલે તે સમયે રાજદ્વારી જીવનમાંથી તદ્દન નિવૃત્ત થઇ ગયો હતો અને લડાઈ કેવી રીતે દોરવાય છે તેનું નિરીક્ષણ કરવા અથવા બહુ તો જ્યારે જરૂર પડે ત્યારે કેવળ સલાહ આપવા જેટલો જ ઉપયોગી થઇ શકે તેવી સ્થિતિમાં જ હતો તથા તે હેતુથી જ તેને લડાઇમાં સાથે મોકલવામાં આવ્યો હતો; છતાં તે સમયે તેનું કેવળ સાનિધ્યપણું હોવાને લીધે તે લડાઇ જીતવાનો યશઃકલશ પણ પુરાણકારોએ તેના શીરે જ ચડાવ્યો છે. આ બનાવ મ. સં. ૩૩૦=ઇ. સ. પૂ. ૧૯૭ માં બન્યો છે.

( ૪ ) તેવી જ રીતે પ્રથમ અશ્વમેધ જે કરાયો છે તે પણ અગ્નિમિત્ર સમ્રાટના રાજ્યકાળે જ. તેમાં યે પણ પુષ્યમિત્રની હૈયાતિ હતી એટલે પતંજલી મહાશયે તેમજ પુરાણિક ગ્રંથકર્તાઓએ તેને પુષ્યમિત્રના સાનિધ્યમાં જ સંપૂર્ણ થયો હોવાનું લેખાવ્યું છે. તેનો સમય મ. સં. ૩૩૨ ઇ. સ. પૂ. ૧૯૫ માં છે.

હવે સમજાશે કે વસ્તુસ્થિતિ ખરી રીતે ભિન્ન હોવા છતાં યે શા માટે પૌરાણિક ગ્રંથોમાં કેટલાયે બનાવો પુષ્યમિત્રના નામે નોંધાઈ જવાયાં છે.

**પાટલિપુત્રનું આયુષ્ય**

અત્યાર સુધીમાં વર્ણવાઇ ગયેલા અનેક સામ્રાજ્યના અનેક પાટનગર થઇ ગયાં, છતાં કોઇને માટે સ્વતંત્ર પારીગ્રાફ લખીને તેનું મહત્ત્વ દર્શાવવા પ્રયત્ન આદર્યો નથી જ્યારે કેવળ પાટલિપુત્રને જ તેના અપવાદરૂપ શા માટે બનાવાય તેવો પ્રશ્ન

( ઉપરની ટીકા નં. ૫૫ જુઓ ) અને મધ્યમિકાનો ઘેરો તે પુષ્યમિત્રે કરેલ અશ્વમેધના સમયના હોઈ શકે નહી, પણ તેની પહેલાં થઇ ગયા હોવા જોઇએ ( એટલે કે, ઘેરો ઇ. સ. પૂ. ૨૧૦ માં છે. જ્યારે અશ્વમેધ ઈ. સ. પૂ. ૧૯૭ માં છે. આ માટે નીચેનો પારિગ્રાફ નં. ૪ જુઓ. મતલબ કે બન્ને બનાવની વચ્ચે ૧૨-૧૫ વર્ષનું અંતર છે. તેમાં અશ્વમેધ પ્રથમ છે અને ઘેરા પછીથી થયા છે ) અને તેથી જ તેના લેખક ( પંડિત જયસ્વાલજીએ ) પૃ. ૩૯૬ ના ટીપણમાં લખ્યું છે કે, the siege of Saket ( સાકેત અને સાકલના અર્થ માટે ઉપરની ટી. નં. ૫૫ જુઓ ) must have been earlier than the horse-sacrifice.

વળી ટ્રોગસ પોમ્પીઅસ જેવો પુરાણો ગ્રીક ગ્રંથકર્તા પણ તે હકીકતને ટેકો આપે છે ( જો કે ડૉ. સ્ટેન કોનાઉ જુદો પડે છે ખરો ) કે. હિ. ઇ. પૃ. ૪૦૪ માં જણાવ્યું છે કે " Dr. Sten Konow ignores the statement of Trogus Pompeius, and holds without any hesitation that the Yavana king, who laid siege to Sakal " ( ઉપરની મારી ટીકા નં. ૫૫ સરખાવો ) and Madhyamika contemporaneously with Pushyamitra's horse-sacrifice was Demetrius, son of Euthydemos ( Acta Orientalia, I P. 53 )-ડૉક્ટર સ્ટેન કોનાઉ એ ટ્રોગસ પોમ્પીઅસના કથન પ્રત્યે આંખમિંચામણા કર્યાં છે. અને નિસ્સંકોચપણે એમ માને છે કે, પુષ્યમિત્રના અશ્વમેધ યજ્ઞના

ઉદ્ભવે જ; પણ તેનો ઉત્તર સહજ છે. એક તો એ કે તે કેવળ એક સામ્રાજ્યનું જ પાટનગર હતું એમ નથી, પણ તે હિંદભરના તે તે વખતના સર્વ સામ્રાજ્યોમાંથી પ્રથમ પંક્તિએ મૂકાય તેવા સામ્રાજ્યનું ગાદીસ્થાન હતું. અને બીજું એ છે કે તેનું રાજદ્વારી મહત્ત્વ ઘટી ગયા પછી અરે ! કહો કે છેવટે તેનો વિનાશ થયા પછી પણ, તેનું અસ્તિત્વ માની લઇને, તે તે સમયના સામ્રાજ્યનું પાટનગર તેને જ ઠરાવીને, વિદ્વાનોના હાથે અનેક ઐતિહાસિક તત્ત્વોને અન્યાય થઇ રહ્યો છે. એક બે જ ઉદાહરણ આપીશું. (૧) સમ્રાટ પ્રિયદર્શિનના સમયે તેના રાજકીય વૈભવમાં-પ્રભાવમાં અતિ ન્યૂનતા થઈ જવા પામી હતી, છતાં તેની રાજગાદી પાટલિપુત્રે માની લેવાથી, તેના રાજ્યના અનેક રાજદ્વારી તત્ત્વો માર્યાં ગયાં છે (૨) અને મૌર્યવંશની સમાપ્તિ થયા બાદ પણ શુંગવંશની ગાદી પાટલિપુત્રે માની લીધી હોવાથી કેટલીયે ઐતિહાસિક સ્થિતિ સમજવામાં મુશ્કેલી ઊભી થઇ છે; જેમકે, પુષ્યમિત્રને કે અગ્નિમિત્રને જો પાટલિપુત્રે રાજ કરતો માનતા હોઇએ, તો તે વિદિશાનો રાજકર્તા કેવી રીતે થવા પામ્યો તથા તેણે પાટલિપુત્ર ઉપર કેમ ચડાઈ કરી તેનો ઊકેલ લાવવામાં ગોથાં જ ખાવાં પડે છે, ઇત્યાદિ ઇત્યાદિ.

પુ. ૧. પૃ. ૩૦૨ માં શિશુનાગવંશના રાજા ઉદયનનો ઇતિહાસ લખતાં આપણે જણાવી ગયા છીએ કે પાટલિપુત્રની સ્થાપના પોતાના રાજ્યના ચોથા વર્ષે એટલે મ. સં. ૩૪–ઈ સ. પૂ. ૪૮૩ માં તેણે જ કરી હતી. અને અહીં એમ સાબિત કર્યું છે કે તેનો ભંગ સમ્રાટ અગ્નિમિત્રના હાથે મ. સં. ૩૪૭=ઈ. સ. પૂ. ૧૮૧ અને ૧૭૪ ના ગાળામાં અથવા બહુ તો આશરે ઇ. સ. પૂ. ૧૭૯–૮૦ માં થયો સંભવે છે. અલબત્ત, કહેવું જ પડશે કે, જેમ વત્સપતિ રાજા શતાનિકે અંગપતિ રાજા દધિવાહનની રાજનગરી ચંપાને ભાંગી નાંખી હતી [૫૭] પણ પાછળથી તેનાં રહી ગયેલ અવશેષો ઉપર સમારકામ કરી મગધપતિ સમ્રાટ અજાતશત્રુએ તેનો પુનરૂદ્ધાર કર્યો હતો [૫૮] તેમ અહીં પણ અગ્નિમિત્રના હાથે કેવળ ધનપ્રાપ્તિની લાલસાથી તે આખી નગરી ખોદાઇ ગઇ હોવાથી ઉજ્જડવેરાન-ખેદાનમેદાન જેવી થઈ ગઈ હતી. પણ તેથી તેનો વિનાશ–સર્વથા નાશ–થયેલો તો ન જ કહી શકાય. એટલે તેનું આયુષ્ય પણ ઈ. સ. પૂ. ૪૮૩ થી માંડીને ઇ. સ. પૂ. ૧૭૯ સુધીના ૩૦૪ વર્ષને બદલે કાંઇક વધારે હતું એમ કહેવામાં કાંઈ બાદ આવ્યો ગણાશે નહીં. પણ તે ભગ્ન થયા પછી તેની રાજકીય મહત્તા તો સર્વથા નાશ થઇ જ લેખાશે; કેમ કે પાછો તેનો જીર્ણોદ્ધાર થયેલો હોય એમ કયાંય જણાયું નથી. પણ પાટલિપુત્ર ઉપર જ ખાસ જે પુસ્તક મિ. કિન્ડેસે લખ્યું છે તેમાં તેમણે એમ સૂચવ્યું છે કે તે નગર તો કોઈ કાળે અગ્નિપ્રકોપનો ભોગ બનીને નાશ પામ્યું હોવું જોઇએ; કેમકે તેનાં જે અવશેષો, વર્તમાનકાળે બિહાર–ઓરિસા પ્રાંતમાં પટણા નજીકના પ્રદેશમાંથી ખોદી કઢાયાં છે તેમાંનાં કેટલાકનાં પ્રસ્તરો અગ્નિના ધૂમાડાથી બળી ગયાં હોય અને પરિણામે કાળાં પડી

---

સમયે સાથેસાથે જ જે યવન રાજાએ સાકલ અને મધ્યમિકા નગરીને ઘેરો નાંખ્યો હતો તે યુથીડેમોસનો પુત્ર ડિમેટ્રીઅસ જ હતો (જુઓ એકટા ઓરીએન્ટેલીઆ પુ. ૧, પૃ. ૩૩.)

(૫૭) જુઓ. પુ. ૧, પૃ. ૧૧૪.

(૫૮) જુઓ પુ. ૧, પૃ. ૨૯૬.

ગયાં હોય એવાં જણાય છે. એટલે આ સર્વ પ્રાપ્ત થતી હકીકત ઉપરથી હાલ તો એટલું જ કહી શકીશું કે પાટલિપુત્ર નગરનો ભંગ ઈ. સ. પૂ. ૧૭૯ માં થયાબાદ કેટલેક કાળે તે અગ્નિનો ભોગ બની વિનાશને પામ્યું હતું.

ત્રણ સદી જેટલા લાંબા આયુષ્ય દરમ્યાન તેણે રાજકીય પ્રભાવિકતા જો કે એકધારી જાળવી રાખી હતી પણ વચગાળે કુદરતની અવકૃપાનો ભોગ બની ગયાનું પણ આપણે કવચિત નોંધી શકીએ તેમ છે. તેવો એક પ્રસંગ રાજા નંદિવર્ધન ઉર્ફે નંદ પહેલાના સમયે અતિવૃષ્ટિને લીધે થયો હોવાનું આપણે જણાવવું પડયું છે. (જુઓ પુ. ૧, પૃ. ૩૩૦ ) અને કદાચ આપણે એમ અનુમાન કરવાને પણ લલચાઇએ છીએ કે, પાટલિપુત્ર જ્યારે પ્રથમ વસાવવામાં આવ્યું ત્યારે ગંગા નદીના અને સોન નદીના સંગમ વચ્ચે જ તેનું સ્થાન નિર્માણ કરવામાં આવ્યું હતું. છતાં હાલ મળી આવતાં તેનાં અવશેષો ઉપરથી જે એમ સાબિત થઇ રહ્યું છે કે સંગમના વચ્ચેથી ખસી જઇને તેનું સ્થાનાંતર થતાં, વિનાશસમયે કેવળ સોન નદીના પશ્ચિમ કાંઠે તે આવી રહ્યું હતું; તો તેવી પરિસ્થિતિ ઉપરના જળપ્રલય સમયે કાં બનવા પામી ન હોય ?

તેની સમૃદ્ધિને પણ એક રીતે તો તેના આયુષ્ય સાથે સંબંધ ધરાવતી ગણી શકાય જ. એટલે તે દૃષ્ટિએ કહેવાનું કે, જ્યારથી તેનું નિર્માણ થયું ત્યારથી જ તેનું સ્થાન બહુ જ ગૌરવવંતુ લેખાતું આવ્યું છે. આ સ્થિતિ એમની એમ ચાલી આવી હતી બલ્કે તેમાં વધારો થતાં થતાં તેની ઉત્કૃષ્ટતા મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્તના સમયે કીર્તિના શિખરે પહોંચી હતી; પણ જો કાંઇ ક્ષતિનો આરંભ થવા માંડ્યો હોય તો, જ્યારથી ચંદ્રગુપ્તે અવંતિમાં પોતાના માટે ( કે યુવરાજને માટે ) રાજમહેલ બંધાવી, વર્ષના થોડા ભાગ માટે પણ નિવાસસ્થાન કરવાનું ઠરાવ્યું ત્યારથી જ કહી શકાય. છતાં બિંદુસારે અને અશોકવર્ધને તો તેને મુખ્ય નગર તરીકે રાખી, પોતાના પ્રતિનિધિને અથવા યુવરાજને જ ત્યાં રહેવાનું ધોરણ રાખેલ હોવાથી તેની ક્ષય થતી કળા ટકી રહેવા પામી હતી. તે બાદ પણ અશોકવર્ધનનો રાજકીય સંન્યાસ થતાં અને તેણે પોતાના ગાદીવારસ તરીકે એક વખત પસંદ કરાયેલ કુમાર દશરથને ત્યાંની સૂબાગિરી સોંપાતાં, મૌર્યવંશની મૂળ શાખાની ગાદી તરીકે જ્યારથી સમ્રાટ પ્રિયદર્શિને અવંતિને જાહેર કરી ત્યારથી તો તેની અવદશા બેઠી હતી એમ જરૂર કહેવું જ રહે છે. પછી તો માત્ર તે એક પ્રાંતીય રાજધાની તરીકે જ ટકી રહ્યું હતું; અને તેમાં પણ સમ્રાટ અગ્નિમિત્રે તો તેને અંતિમ ફટકો જ લગાવ્યો હતો. ત્યારપછી તો માત્ર ભગ્નાવશેષ સ્થિતિમાંજ ડચકાં ખાતું ખાતું નામશેષ આયુષ્ય ભોગવતું તે પૃથ્વીની સપાટી ઉપર દેખા દઇ રહ્યું હતું એમ કહી શકાય.

તે શહેરની બાંધણી તેમજ તેની લંબાઇ પહોળાઈ કેટલી અને કેવા પ્રકારની હતી, તેના કોટને કેટલાં દરવાજા, ગઢ અને બુરજ વિગેરે હતાં, તેમજ કોટને ફરતી ખાઈ કેટલી ચોડી ને ઊંડી હતી તથા હંમેશાં તે પાણીથી કેવી ભરપૂર રહ્યાં કરતી હતી, તે સર્વ હકીકત પ્રસંગોપાત જણાવાઈ ગઇ છે, એટલે અહીં ફરીને જણાવી નથી.

### વસુમિત્ર (સુજયેષ્ઠ-સુમિત્ર)

સમ્રાટ અગ્નિમિત્ર મરણ પામ્યા બાદ તેની ગાદી ઉપર કોણ આવ્યું તે ચોક્કસ થતું નથી એમ આપણે અનેક વખત ઉપર જોઇ ગયા છીએ, પણ કેટલાક પુરાણકારોના મંતવ્ય પ્રમાણે

સુજ્યેષ્ઠને ઠરાવવો પડે છે. તે બાબતમાં અન્ય કોઈ વિશેષ સમર્થન મળતું જણાતું નથી; પણ સુજ્યેષ્ઠના સિક્કા મળેલ છે તે ઉપરના અક્ષર ઉપરથી એટલું સ્પષ્ટ થાય છે કે, તે પુષ્યમિત્ર સેનાપતિથી ત્રીજી પેઢીએ થયેલ[૫૯] છે. અને પુષ્યમિત્રનું વૃત્તાંત લખતાં આપણે એમ સાબિત કરી ગયા છીએ કે તે કદી રાજપદે આવ્યો જ નથી. મોટામાં મોટો જે હોદ્દો તેણે ભોગવ્યો છે તે સૈન્યપતિ કે મહાઅમાત્ય તરીકે જ. એટલે આ બે હકીકતથી સિદ્ધ થાય છે કે, (૧) પુષ્યમિત્ર વિશેનું આપણું કથન, તેના વંશના આ રાજકુમારે પડાવેલ સિક્કા ઉપરથી સત્ય ઠરે છે તથા (૨) સુમિત્ર જ્યારે પોતાને પુષ્યમિત્રથી ત્રીજો પુરૂષ જણાવે છે ત્યારે એની વચ્ચે એક વ્યકિત થઈ ગઇ હોવી જોઇએ. મતલબ કે પોતે પુષ્યમિત્રના પૌત્ર દરજ્જે લગભગ છે; અને જો તેમજ હોય તો આપણે તેને અગ્નિમિત્રના પુત્ર[૬૦] તરીકે અથવા તો ભત્રિજા તરીકે લેખવો રહેશે. વળી એ સિક્કા ઉપરથી એમ પણ સાબિત થાય છે કે, તે પોતે રાજપદે અભિષિકત થયો નહીં હોય; નહીં તો પોતાને માટે ઓળખ આપવાની જરૂર જ રહેત નહીં, જેમ અન્ય રાજાઓ પોતાનું નામ ને કુળની નિશાની ઈ. કોતરાવે છે તેમ. આ સર્વ હકીકત જોતાં તે આબાદ રીતે વસુમિત્રને જ લાગુ પડતી દેખાય છે. તે રાજકુમાર પણ છે, પુષ્યમિત્રનો પૌત્ર પણ છે, તેમ અગ્નિમિત્રની પાછળ ગાદીએ આવનાર પણ હતો; (પણ કાંઈક કુદરતી સંજોગોમાં તેમ થવા બન્યું નથી તેટલું ખરૂં છે). એટલે પુષ્યમિત્રથી ત્રીજો પુરૂષ પણ છે. વળી આ વાતને બીજી બે હકીકતથી ટેકો પણ મળતો દેખાય છે: (એક) જેમ સુમિત્ર-સુજ્યેષ્ઠનો અમલ-સત્તાધિકાર પુરાણકારોએ સાત વર્ષનો[૬૧] જણાવ્યો છે તેમ વસુમિત્રનો સત્તાકાળ-યુવરાજ તરીકે-તેટલા જ સમયનો હતો એમ આપણે સાબિત કરી ગયા છીએ. (બીજું) આ પછી જે રાજાઓની નામાવળી પુરાણકારે આપી છે તેમાં 'વસુમિત્ર બીજો' એવી એક વ્યક્તિ[૬૨] બતાવી છે; અને જો તેને સત્ય લેખીએ તો-તેમ ખોટું માનવાને વિરૂદ્ધ પડતી કોઈ સાબિતી આપણને હજુ સુધી મળી નથી-વસુમિત્ર પહેલો નામે કોઇક પુરૂષ તે વંશમાં થઇ ગયો હોવો જોઇએ એમ આપોઆપ સિદ્ધ થાય છે. આવાં અનેકવિધ કારણોને લીધે આપણે આ સુજ્યેષ્ઠને વસુમિત્ર તરીકે જ લેખવો રહે છે.

તેમ આ સિક્કામાં તે જ્યારે પોતાને પુષ્યમિત્ર સૈન્યપતિથી ત્રીજા પુરૂષ તરીકે જાહેર કરે છે ત્યારે તેના સિક્કાનો સમય પણ કહી શકાય કે તે ઇ. સ. પૂ. ૧૮૮ થી ૧૮૧ સુધીનો સમય હશે. અથવા સુજ્યેષ્ઠ નામ જો યુવરાજપદે આવ્યા પૂર્વનું એટલે કે વસુમિત્ર નામ ધારણ કર્યા પહેલાંનું હોય, તો તેનો સમય ઇ. સ. પૂ. ૧૮૮ પહેલાંનો ગણવો પડશે. સંભવ છે કે વસુમિત્ર નામ ધારણ કર્યું તે પૂર્વનું તે હશે; કેમકે હવે પછી જે રાજવીઓનાં નામો આવે છે તે પુષ્યમિત્ર, અગ્નિમિત્ર, વસુમિત્ર, બળમિત્ર, ભાનુમિત્રની

(૫૯) જ. બી. ઓ. રી. સો. પુ. ૨૦ આંક ત્રીજો, ચોથો પૃ. ૩૦૧ "સેનાપતિ તિતયો"-તે જ પુસ્તક પૃ. ૩૦૨-Sumitra being identical with Vasumitra of the Puranas-સુમિત્ર તે જ પુરાણમાંના વસુમિત્રની બરાબર છે.

(૬૦) ઉપરનું જ પુસ્તક પૃ. ૩૦૧:-Sumitra was a son of Agnimitra-સુમિત્ર અગ્નિમિત્રનો પુત્ર થતો હતો.


(૬૧) જુઓ ઉપર પૃ. ૬૧. માં આપેલ વંશાવળી.

(૬૨) જુઓ ઉપર પૃ. ૬૨. ની વંશાવળી.

પેઠે ' મિત્ર ' અંત્યાક્ષરી નથી. એટલે તે નામો પણ તેઓ પોતે મુકુટાભિષિક્ત થયા પૂર્વેનાં મુખ્યતઃ સમજી શકાય છે.[૧૩]

તેની રાજકીય કારકીર્દીનો–પ્રવૃત્તિનો સર્વ ખ્યાલ પુષ્યમિત્ર–અગ્નિમિત્રના વૃત્તાંતમાં અપાઇ ગયો છે એટલે અહીં પૃથક્પણે લખવા જરૂર રહેતી નથી.

(૬૩) ઘણા વિદ્વાનો શુંગવંશને મિત્રવંશ તરીકે ઓળખાવે છે કેમકે આ વંશના છેડે જે થોડાઘણા રાજાનાં નામ જણાયાં છે તેમાંના સર્વ અથવા તો ઘણાખરાને અંતે "મિત્ર" શબ્દ આવેલ છે. એટલે પછી જે રાજાનાં નામને છેડે "મિત્ર" શબ્દ ન હોય તે નામ તે તે પોતે ગાદીપતિ બન્યો તે પૂર્વેનું હોય એમ અનુમાન કરી શકાય છે.





# ચતુર્થ પરિચ્છેદ

## શુંગવંશની સમાપ્તિ

**ટૂંક સારઃ**—ચાલી આવતી લેખન પ્રણાલિકામાં કરવો પડેલ ફેરફાર તથા તેનું જણાવેલ કારણ–રાજા ઓદ્રક અને ભાગનાં વિધવિધ નામોનો, તથા અગ્નિમિત્ર સાથેના તેમનાં સગપણનો બતાવેલ ઊકેલ–તેમના સમયનો નિર્ણય અને સાહિત્ય ગ્રંથોના આધારે તેમનાં સામાજિક સગાંનો કરાવેલ પરિચય–યોનપતિ મિનેન્ડર સાથે તેમને થયેલ બે સરહદ ઉપરનાં યુદ્ધનો આપેલ આછો ખ્યાલ–બન્ને સરહદનું આવેલ ઉલટસુલટ પરિણામ–યોન પ્રતિનિધિ હેલીઓડોરસે કૃષ્ણભક્ત તરીકે ઊભા કરાવેલ સ્તંભ વિશેની માહિતી તથા તે સંબંધી અનુમાનો–એક પક્ષે વૈદિક મતવાળા શુંગપતિઓ અને બીજા પક્ષે જૈનાચાર્ય કાલિકસૂરિના નેતૃત્વ નીચેની પ્રજા : એમ બે પક્ષ વચ્ચે થયેલ ધાર્મિક સંઘર્ષણ—વાટાઘાટમાં આવેલ વિપરીત પરિણામથી જૈન પ્રજાએ દક્ષિણમાં કરેલી હીજરત–

નામધારી શુંગપતિઓ અને તેમનાં રાજ્યનું રોમાંચક સ્થિતિમાં આવેલ છેવટ–કાન્વાયનવંશી પ્રધાનો વિશેનો કાંઇક આપેલો ખ્યાલ–શુંગપતિઓનો ધર્મ તથા તે ઉપરના પ્રેમને લીધે તેમણે કરેલાં કાર્યો—

શુંગવંશી રાજાઓના રાજ્યવિસ્તારની આપેલી ટૂંક સમીક્ષા—

અત્યારસુધી આપણે એ નિયમે કામ લીધે ગયા છીએ કે પ્રથમ એક રાજકર્તા વંશના સર્વ રાજાઓનું વર્ણન લખી દેવું અને તે સંપૂર્ણ થયા બાદ એક સ્વતંત્ર પરિચ્છેદ એવો લખવો કે જેમાં તે સર્વેના રાજઅમલે થયેલ માત્ર રાજ્યવિસ્તાર દર્શાવતી હકીકતો જ આવી શકે. જેથી તે દરેકની કારકીર્દીમાં રહેલો સત્તાપ્રદેશ વધ્યો કે ઘટ્યો તેનો સમગ્ર ખ્યાલ વાચકવર્ગને એક વખત ઊડતી નજર નાંખવાથી જ મળી રહે. આ નિયમથી દૂર જવાનું પગલું આ પરિચ્છેદે પ્રથમ વખત સકારણ ભરવું પડ્યું છે. કેમકે જે વંશની હકીકત અત્યારે આપણે લખી રહ્યા છીએ તે પ્રસ્તુત શુંગવંશનો રાજઅમલ જ માત્ર ૯૦ વર્ષનો છે; તેમાં પણ માત્ર એક બે નૃપતિઓ જ પ્રભાવશાળી નીવડ્યા છે; બાકીના બીજાઓ નામધારી જ છે. તેમજ પ્રભાવશાળી ભૂપાળો વિશે જે માહિતી લભ્ય થઈ છે તે પણ અતિ જૂજ છે. આવા સંયોગમાં થોડાં થોડાં પાનાંનાં ઘણા પરિચ્છેદો પાડવા કરતાં, ઉપયોગી હકીકત જોગાં જ કેટલાક પરિચ્છેદ ભિન્ન પાડવા અને બાકીનું વર્ણન એકમાં જ સમાવી દેવું દુરસ્ત વિચાર્યું છે. આ વિચારથી અગ્નિમિત્ર સિવાયના અન્ય રાજાઓનાં વૃત્તાંતનો તથા રાજ્યવિસ્તારવાળી હકીકતનો એક જ પરિચ્છેદ બનાવવામાં આવ્યો છે.

પહેલાં આપણે રાજાઓનાં જીવનવૃત્તાંતવાળો ભાગ લખીશું.

**(૨-૩) અદ્રક-ઓદ્રક તથા ભાગ-ભાગવત**

પુરાણોમાં અદ્રકને કાંઇક અંશે પ્રતાપી રાજા થઇ ગયો હોવાનું આલેખન છે. તેમજ કૌશાંબી-પ્રભાસમાંથી મળી આવેલ શિલાલેખ ઉપરથી પણ સાબિત થાય છે કે તેણે પોતાના રાજ્યના ૧૦-૧૪ માં વર્ષે દાન કર્યું છે, એટલે તેનું રાજ્ય કમમાં કમ પંદરથી સત્તરેક વર્ષ તો ચાલ્યું હોવું જ જોઇએ એમ અનુમાન ઉપર જવું પડે છે.

**તેમનો સમય**

બીજી બાજુ જૈન ગ્રંથોમાં[1] શુંગવંશી રાજાઓની ટીપ રજૂ કરતાં પુષ્યમિત્ર-અગ્નિમિત્રના ૩૦ વર્ષ લખી[2] બળમિત્ર-ભાનુમિત્રે ૬૦ વર્ષ રાજ્ય ચલાવ્યાનું નીકળે છે; પણ ઉપરમાં પૃ. ૫૦ થી આગળમાં જેમ આપણે જણાવી ગયા છીએ તેમ એકલા જ બળમિત્ર-ભાનુમિત્રને બદલે બળમિત્ર-ભાનુમિત્ર આદિના સર્વ મળીને ૬૦ વર્ષ છે એમ ગણીશું તો બધું ઠીક બંધબેસતું થઇ જતું જણાય છે. અને જો તેમ સ્વીકારાય તો "આદિ" શબ્દથી સિદ્ધ થાય છે કે, જે કેટલાક નાના મોટા રાજાઓનો સમગ્ર રાજ્યકાળ સાઠ વર્ષનો ગણાવીએ, તેમાંના પ્રથમના બે રાજાઓનાં નામ બળમિત્ર-ભાનુમિત્ર ઠરાવવાં. વળી પુરાણમાં જેમ અદ્રક ઓદ્રક તથા ભાગ-ભાગવતનું યુગ્મ ગણાવ્યું છે, તેમ જૈન ગ્રંથોમાં પણ બળમિત્ર-ભાનુમિત્રનું યુગ્મ લેખાવ્યું છે. એટલે આપણે જો પુરાણમાંના ઓદ્રકને[3] આ બળમિત્ર લઇએ તો તેવા જ બીજા ભાગ અથવા ભાગવતને કે જે એકલાને

(૧) જુઓ પુ. ૧. પૃ. ૨૦૨ થી આગળ.

(૨) એટલે કે પુષ્યમિત્ર અગ્નિમિત્ર પછી તુરત જ બળમિત્ર ભાનુમિત્ર આવ્યા છે, વળી નીચેની ટીકા. નં. ૩ જુઓ.

(૩) જુઓ બુ. પ્ર. પુ. ૭૬. પૃ. ૮૯. તેમાં વાયુપુરાણના આધારે એવા મતલબની હકીકત લખી છે કે "રાજા વસુમિત્ર પુઠે ઓદ્રક રાજ્ય પામશે" એટલેકે વસુમિત્ર પછી ઓદ્રકનું રાજ્ય થશે અને આપણે

ખાતે જ પુરાણમાં તેમ જ મિ. વિન્સેંટ સ્મિથે ૩૨ વર્ષનો કાળ સમર્પ્યો છે, તેને આપણે ભાનુમિત્ર ઠરાવવામાં કાંઈ ખોટું લાગતું નથી. પણ તેમ કરવા જતાં એક મુશ્કેલી ઊભી થાય છે; કેમકે જો પુરાણકારનું કથન સત્ય ઠરાવાય છે તો તે હિસાબે બીજા રાજાઓનો રાજ્યકાળ ગણતાં, શુંગવંશનો અંત જે મ. સં. ૪૧૩=ઇ સ. પૂ. ૧૧૪ માં થયો છે તેનાથી આગળ વધી જવાય છે. એટલે એક જ ઉપાય રહે છે. તે એમ કે, પુરાણોમાંના પુષ્યમિત્ર-અગ્નિમિત્ર અને વસુમિત્રના સંબંધમાં જેમ તેઓનું એક સંયુક્ત રાજ્ય હોવાનું ગણાવી તે સમયનો એક સમગ્ર આંક લખ્યો છે, તેમ અહીં પણ આ બન્નેનું સંયુક્ત રાજ્ય જ ૩૨ વર્ષ ચાલ્યું છે, એવા ભાવાર્થમાં તે આંક લખ્યો હોવાનું માનવું અને બાકીના રાજાઓના કાળે સાઠમાંથી બત્રીસ વર્ષનો કાળ બાદ કરતાં જે શેષ અઠાવીસ વર્ષ રહે છે તે તેમનો—બાકીનાનો—સમય લેખવો. તેમજ આ બેમાંથી ઓદ્રકનું રાજ્ય જે પંદર સત્તર વર્ષ ચાલ્યાનું આપણે જણાવી ગયા છીએ તે હિસાબે ભાગવતને ફાળે બાકીના પંદર વર્ષ નોંધવા, અથવા જોઇએ તો બન્નેને સમભાગે ગણી કાઢી, દરેકને સોળ સોળ વર્ષ આપવાં.[૪] જેથી નીચે પ્રમાણે તેમનો સમય આપણે નિર્ણીત કરી શકીએ છીએ.

(૨) ઓદ્રક ઉર્ફે બળમિત્ર[૫] મ. સં. ૩૫૩થી૩૬૯=ઇ. સ. પૂ. ૧૭૪ થી ૧૫૮=૧૬ વર્ષ

(૩) ભાગ, ભાગવત ઉર્ફે ભાનુમિત્ર[૫] મ. સં. ૩૬૯ થી ૩૮૫=ઇ.સ. પૂ. ૧૫૮થી ૧૪૨=૧૬ વર્ષ

કુલ વર્ષ ૩૨

**તેમનાં અન્ય નામો તથા ઓળખ**

જેમ ઉપરમાં જોઇ ગયા છીએ તે પ્રમાણે રાજા ઓદ્રકનું નામ બળમિત્ર અને રાજા ભાગ અથવા ભાગવતનું નામ ભાનુમિત્ર હતું તેમ અન્ય માહિતી ઉપરથી તેમનાં બીજાં નામો પણ હોવાનું જણવામાં આવે છે.

આગળ ઉપર જણાશે કે ભાનુમિત્ર અથવા ભાગવતને કાશીપુત્ર-ભાગભદ્રના નામથી પણ તે સમયના યોન સરદારોએ સંબોધ્યો છે; ત્યારે એક જૈન[૬] મુનિએ બળમિત્રને રાજા વિક્રમાદિત્ય તરીકે ઓળખાવ્યો છે, જે કથન વાસ્તવિક લાગતું નથી; કેમકે તેમણે આ બળમિત્રને ગર્દભીલવંશી શકારિ વિક્રમાદિત્ય તરીકે લેખાવવા પ્રયત્ન સેવ્યો છે[૭] અને તે માટે એમના સમકાલીનપણે થયેલા કાલિકસૂરિ નામના મહા વિદ્વાન જૈનાચાર્યની કલ્પના[૮] સંકલિતપણે ગોઠવી છે. જેમાંના કેટલાક મુદ્દા વાચકને દોરવણીરૂપ થઇ પડે તે માટે ટી. નં. ૫ માં મેં ઉતાર્યા છે. વળી તેને ટી. નં. ૮ ની હકીકત સાથે જોડીને જો વાંચવામાં આવશે તો ખાત્રી થશે કે રાજા બળમિત્રનું જે સ્થાન આ પુસ્તકમાં આપણે દોરી

---

જાણીએ છીએ કે વસુમિત્ર તો અગ્નિમિત્રના રાજ્યે મરણ પામ્યો છે એટલે પુરાણકારનું કહેવું એમ છે કે અગ્નિમિત્ર પછી ઓદ્રક નામનો રાજા, વસુમિત્ર જેવો જ પરાક્રમી થશે અને તેને પરદેશી પ્રજાસાથે યુદ્ધમાં ઉતરવું પડશે.

વળી ઉપરની ટીકા નં. ૨ જુઓ.

(૪) સોળ સોળ વર્ષનો સમય ગણવાથી એક બીજી હકીકતને પણ સમર્થન મળે છે. નીચે શુદ્ધ કરેલી વંશાવળીને લગતાં ટીપણો જુઓ.

(૫) જૈન ગ્રંથોમાં બળમિત્ર-ભાનુમિત્ર નામે બે જોડકાંઓ આવે છે. અને તેઓની હકીકત એક બીજા સાથે ભેળવી નાંખી સાહિત્યકારોએ ભૂલ ઉભી કરી છે. ખરી રીતે તો એકજ યુગ્મ થયું છે. છતાં જો બે થયાં માની લેવાય તો પણ તેમની હકીકત છૂટી પાડી શકાય માટે નીચેના

બતાવ્યું છે તે જ વ્યાજબીપણે સંભવી શકે છે.

જ્યારે હવે આપણે એટલો પત્તો લગાવી શક્યા છીએ કે ઓદ્રકનું નામ બળમિત્ર અને ભાગનું નામ ભાનુમિત્ર છે ત્યારે તે બેની વચ્ચે શો સગપણ સંબંધ હતો, તથા તે બન્ને કોના પુત્રો છે? તે હકીકત ઉપર પણ થોડોઘણો પ્રકાશ મેળવી શકાય તેમ છે.

એક વિદ્વાન લેખકે જણાવ્યું છે કે(૯) રાજા ઓદ્રક તે વસુમિત્રનો પુત્ર થતો હતો અને તેની પાછળ તુરત જ ગાદીએ બેઠો છે; જ્યારે આપણે તો સાબિત કરી ગયા છીએ કે વસુમિત્રનું મૃત્યુ, તેના પિતા અગ્નિમિત્રના રાજ્યકાળે જ થઈ ગયું હતું. એટલે ઉપરના વાક્યનો એમ જ અર્થ કરવો રહે છે કે, ઓદ્રકકુમાર પોતે વસુમિત્રનો જ્યેષ્ઠ પુત્ર હોવાથી વસુમિત્રનો અભાવ થતાં જ તેના સ્વર્ગસ્થ પિતાની અવેજીમાં યુવરાજપદે નિયુક્ત

---

કેટલાક મુદ્દા ચાવીઓ રૂપે આપવાનું યોગ્ય ધારું છું.

**બળમિત્ર-ભાનુમિત્ર.**

| સાચા | કલ્પિત |
|---|---|
| ૧ સમય : મ. સં. ૩૫૦ | ૧ મં. સં. ૪૫૩ |
| ૨ શુંગવંશી | ૨ વંશની જાણ નથી. |
| ૩ જન્મથી બ્રાહ્મણ પણ મોટા જાગીરદાર એટલે ક્ષત્રિય જેવા | ૩ જન્મથી જ ક્ષત્રિય |
| ૪ અવંતિપતિ સમ્રાટઃ તેમના સામ્રાજ્યમાં ભરૂચ જીલ્લાનો સમાવેશ થતો હતો. | ૪ નહપાણના જમાઇ રૂષભદત્તના ખંડિયા રાજા હોઈ શકે: રાજ્ય માત્ર ભરૂચ જીલ્લાની આસપાસના પ્રદેશમાં જ. |
| ૫ વૈદકધર્મી. | ૫ જૈનધર્મી |
| ૬ એક પછી એક બન્ને ગાદીએ બેઠા છે. | ૬ બન્ને રાજકુંવરો છે અને ભાઇઓ છે પણ રાજપતિ થયા નથી. |
| ૭ કાલિકસૂરિના સંસારી પક્ષે ભાણેજ થતા હતા. (આ કાલિકસૂરિ દક્ષિણ દેશના વતની છે.) | ૭ ગર્દભીલવાળા કાલિકસૂરિના ભાણેજ બનાવાયા છે. (આ કાલિકસૂરિ બંગાળદેશ તરફના વતની છે.) |

(બન્નેમાં કાલિકસૂરિ સાથેનો સંબંધ હોવાથી ગોટાળો ઉભો થયો છે એમ સમજવું.)

(૬) આમનું નામ મુનિ કલ્યાણવિજય છે. તેઓ ઇતિહાસના બહુ જ ઊંડા અભ્યાસી છે. જૈન મુનિઓમાં જે કોઈ ગણ્યાગાંઠ્યા ઈતિહાસના અભ્યાસીઓ ગણાય છે તેઓમાં આમનો દરજ્જો બહુ ઉંચો ગણાય છે.

(૭) જુઓ નાગરી પ્રચારિણી સભાની પત્રિકા પુ. ૧૦, અંક ૪, પૃ. ૭૨૫ ટી. નં. ૪૪. (આ આખો નિબંધ તેમણે "જૈન કાળ ગણના" તરીકે લગભગ દોઢ સો પાનામાં પ્રસિદ્ધ કર્યો છે.

તેમાં તેમણે મુખ્ય મુદ્દો નીચે પ્રમાણે જણાવ્યો છે:-બળ=પરાક્રમ Might અને મિત્ર=આદિત્ય, સૂર્ય, Sun. એટલે કે બળમિત્ર=The sun of the Might અથવા વિક્રમાદિત્ય; એટલે કે બળમિત્ર તે વિક્રમાદિત્યનું બીજું નામ હતું, પણ આ તો તેમણે દોરેલું અનુમાન છે; જ્યારે વાસ્તવિક સ્થિતિ ઉપરની ટી. નં. ૫ માં બતાવેલી ચાવીમાં સાત મુદ્દા જે મેં દર્શાવ્યા તે પ્રમાણે છે.

જો તેમનું કહેવું વાસ્તવિક ઠરાવાય તો વળી તેમના ગ્રંથનાં કથનનો જ વિરોધ આવે છે, કેમકે તેમણે બળમિત્ર-વિક્રમાદિત્યને ગર્દભીલવંશી ઠરાવ્યો છે જ્યારે જૈન ગ્રંથોએ તો બળમિત્ર ભાનુમિત્રને શુંગવંશીની નામાવળીમાં મૂક્યા છે. ઉપરાંત વિશેષ માટે નીચેની ટી. નં. ૮ જુઓ.

(૮) કાલિકસૂરિ નામના જૈન આચાર્યો કેટલી સંખ્યામાં થયા છે તે અહીં બતાવવું અસ્થાને છે. તે અન્ય પુસ્તકે બતાવાશે પણ તે ઉપરથી ખાત્રી થશે કે, શુંગવંશી બળમિત્ર અને ગર્દભીલવંશી શકારિ વિક્રમાદિત્ય બન્ને ભિન્ન ભિન્ન ઐતિહાસિક વ્યક્તિઓ છે.

(૯) જ. બી. ઓ. રી. સો. પુ. ૨૦, અંક. ૩-૪ પૃ. ૩૦૨:-Sumitra being identical with Vasumitra of the Puranas, Odraka was his son and immediate successor=પુરાણમાંનો વસુમિત્ર તે જ સુમિત્ર હોવાથી, ઓદ્રક તે તેનો (વસુમિત્રનો) પુત્ર થાય તથા (તેની) પાછળ તુરત જ ગાદીએ આવ્યો હતો.

થયો હતો અને અગ્નિમિત્રનું મરણ થતાં પોતે અવંતિપતિ બન્યો હતો. તેથી એમ થશે કે અગ્નિમિત્રની પાછળ તેનો પૌત્ર ઓદ્રક-બળમિત્ર નામ ધારણ કરી ગાદીએ બેઠો હતો; અને અગ્નિમિત્રની પાછળ તુરત જ બળમિત્ર રાજા થયો છે એમ તો જૈન સાહિત્ય ઉપરથી પણ સાબિત થઇ ગયું છે.[૧૦] એટલે નિર્વિવાદિતપણે સિદ્ધ થાય છે કે, અગ્નિમિત્ર પછી વસુમિત્રનો ઓદ્રક નામે જે જ્યેષ્ઠ પુત્ર હતો તે બળમિત્ર નામથી અવંતિની ગાદીએ બેઠો હતો.

જૈન ગ્રંથોમાં તે ઉપરાંત એમ હકીકત નીકળે છે કે, બળમિત્ર-ભાનુમિત્ર તે બન્ને તે સમયે જૈન ધર્મના યુગપ્રધાન ગણાતા એવા અને દક્ષિણ દેશના વતની કાલિકસૂરિ નામે જૈનાચાર્યની બહેન ભાનુમતીના પુત્રો થતા હતા. વળી તેઓ જાતે બ્રાહ્મણ હતા; એટલે કે બળમિત્ર તથા ભાનુમિત્ર બન્ને સગા ભાઇઓ થતા હતા. તેમની માતાનું નામ ભાનુમતી હતું તેમજ કાલિકસૂરિના સંસારીપક્ષે ભાણેજ થતા હતા. વળી બળમિત્ર-ભાનુમિત્રનો અધિકાર ભરૂચ શહેરવાળા પ્રદેશ ઉપર હતો. જૈન ગ્રંથમાંની આ સર્વ બીના, અત્યારે આપણે જેનું વૃત્તાંત લખી રહ્યા છીએ તે બળમિત્ર-ભાનુમિત્રને સર્વથા લાગુ પડી રહે છે. મતલબ કે, પુરાણિક ગ્રંથની અને જૈન ગ્રંથની હકીકત ઐતિહાસિક ઘટનાઓ સાથે પરસ્પર મળતી આવે છે. એટલે તે સ્થતિ સર્વાંશે સત્ય હોવાનો સ્વીકાર કરી લેવો પડશે.

વળી આગળ ઉપર રજૂ થતી હકીકતથી એમ જણાય છે કે આ ભાગ-ભાગવતને કાશીપુત્ર[૧૧] પણ કહેવાતો હતો એટલે માતાનું મહિયર કાશીગોત્રી હતું. આ હકીકતને ઉપરના પારામાં જણાવેલ વસ્તુ સાથે વાંચીશું તો કહેવું પડશે કે દક્ષિણ હિંદમાં જમીનદાર વર્ગનું કોઇ કાશીગોત્રવાળું બ્રાહ્મણનું કુટુંબ હોવું જોઇએ, જેની પુત્રીવેરે અગ્નિમિત્રે પોતાના યુવરાજ વસુમિત્રને પરણાવ્યો હતો. વસુમિત્રની આ રાણીનું નામ ભાનુમતી કહેવાય અને તેણીના પેટે ઓદ્રક અને ભાગ નામે બે પુત્રો અનુક્રમે જન્મ્યા હતા; જે બન્ને પુત્રો વખત જતાં બળમિત્ર-ભાનુમિત્ર નામે શુંગવંશી રાજાઓ તરીકે પ્રખ્યાત થયા છે. હવે આપણે તેમની રાજા તરીકેની કારકીર્દી આલેખવાનો બનતો પ્રયત્ન મળી આવતાં સાધનો ઉપરથી સેવીશું. વળી જેમ અગ્નિમિત્ર પોતે વૈદિક મતાનુયાયી બ્રાહ્મણ હતો તેમ વસુમિત્રનો શ્વશુરપક્ષ પણ વૈદિક મતાનુયાયી બ્રાહ્મણ જ્ઞાતિનો જ[૧૨] હતો.

**તેમની કારકીર્દી**

અગ્નિમિત્રના મરણ પછી જે રાજ્યકર્તાઓ થયા છે તે સર્વમાં આ બેનું રાજ્ય વધારે સમય ટકી રહેલું જણાય છે; અને જ્યારે શિલાલેખી પુરાવામાં તેવી હકીકત નીકળે છે ત્યારે આપણે માનવું જ રહે છે કે તેમના રાજ્યકાળે કાંઇક મહત્ત્વપૂર્ણ બનાવ કદાચ બન્યા પણ હશે. આ વાતને ગ્રીક પ્રજાના

(૧૦) જુઓ ઉપરની ટી. નં. ૨.

(૧૧) જુઓ તેમની "કારકીર્દિ"વાળો લખાયલો પારીગ્રાફ. ખાસ કરીને ટિપ્પણ નં. ૨૪ ને લગતી હકીકત.

(૧૨) બળમિત્ર-ભાનુમિત્રના મામા કાલિકસૂરિને આપણે જન્મથી બ્રાહ્મણ (જુઓ ઉપરની ટી. નં. ૫, તથા નીચેની ટી. નં. ૨૭ માં આપેલ કોઠો તથા નં. ૨૮ ની હકીકત) અને મોટા જમીનદારના પુત્ર જ લેખવા રહે છે; પણ પાછળથી અનેક બ્રાહ્મણપુત્રોએ જેમ જૈન ધર્મની દીક્ષા લીધી છે તેમ આમણે પણ કર્યું હતું અને ઉત્તરોત્તર અભ્યાસમાં આગળ વધી એક યુગપ્રધાન આચાર્ય બન્યા હતા.

ઇતિહાસના વર્ણન ઉપરથી ટેકો મળતો પણ દેખાય છે.

બેકટ્રીઅન રાજા ડિમેટ્રીઅસના મરણબાદ તેનો જે સરદાર હિંદમાંના તેના પ્રાંતો ઉપર ગાદીએ આવ્યો હતો તેનું નામ મિનેન્ડર હતું. ડિમેટ્રીઅસના પિતા યુથીડીમોસે અયોધ્યા સુધીનો જે કેટલોક મુલક પ્રથમ મેળવેલ હતો,[૧૩] પણ પાછળથી તેના જ રાજ્ય દરમ્યાન વસુમિત્રે બેકટ્રીઅનોના હાથમાંથી ખુંચવી લીધો હતો,[૧૪] તે સર્વ પ્રદેશ મિનેન્ડરે પાછો મેળવી લીધો હતો; અને પોતાના તે અધિકારવાળા મુલક ઉપર, પોતાના અસલ વતન-બેકટ્રીઆની ચાલી આવતી પદ્ધતિ અનુસાર, સરદારો મારફત રાજ્ય ચલાવવાનું ધોરણ તેણે દાખલ કરી દીધું હતું. આવા સરદારોને સત્રપ-ક્ષત્રપ કહેવામાં આવતા હતા. તેમાંનો એક ભૂમક, બીજો રાજુલ-રાજુવુલ-રજંબુલ અને ત્રીજો એન્ટીસીએલડાસ હતો. ભૂમકને ભાગે રાજપુતાના, સૌરાષ્ટ્ર અને સિંધ તરફનો ભાગ, રાજુલ હસ્તક પાંચાળ તથા મથુરા-સુરસેનવાળો ભાગ અને એન્ટીસીએલડાસને પંજાબ-તક્ષિલા આદિનો પ્રદેશ સોંપાયો હતો. આ ત્રણે યોન સરદારોની હકુમતવાળા પ્રદેશની હદો થોડે ઘણે અંશે પણ શુંગવંશી રાજ્યસત્તાના પ્રદેશની લગોલગ અડતી હોવાથી પ્રસંગોપાત તેમની સાથે બળમિત્ર અને ભાનુમિત્રને યુદ્ધમાં ઉતરવું પડતું હતું.

ક્ષત્રપ ભૂમકના લશ્કરમાં સ્વદેશમાંથી આવેલ બેકટ્રીઅન[૧૫] તેમજ સ્થાનિક શક[૧૬] લોકો પણ હતા. તેમાં શક લોકો તીરંદાજીમાં[૧૭] બહુ પારંગત અને નિષ્ણાત ગણાતા હતા. આ યુદ્ધમાં કોઇ શક તિરંદાજ તરફથી ફેંકાયલા બાણથી રાજા ઓદ્રકનું-બળમિત્રનું મરણ નીપજ્યું હતું.[૧૮] તેનો સમય આપણે મ. સં. ૩૬૯=ઇ. સ. પૂ. ૧૫૮ ગણવો રહે છે. રાજા ઓદ્રકનું મરણ નીપજવાથી હવે ભાગ-ભાનુમિત્ર અવંતિપતિ-રાજા થયો.[૧૯] તેણે ગાદીએ બેસતાં પોતાના બ્રાહ્મણધર્મી એવા

(૧૩) આગળ ઉપર ડિમેટ્રીઅસનું વર્ણન જુઓ.

(૧૪) જુઓ ઉપર પૃ. ૯૨.

(૧૫) ડિમેટ્રીઅસ અને મિનેન્ડર પોતે બેકટ્રીઅન હતા એટલે તેઓની સાથે તેના જાત ભાઈઓ હિંદમાં આવીને વસ્યા હતા, જેથી તેમની પ્રજામાં બેકટ્રીઅન તત્ત્વ દાખલ થવા પામ્યું હતું.

(૧૬) સ્થાનિક શબ્દ એટલા માટે લખવા જરૂર પડી છે કે, ઈ. સ. પૂ. છઠ્ઠી સદીના અંતમાં (ઈ. સ. પૂ. ૫૨૦ આસપાસ) જ્યારે ભિન્નમાલ નગરવાળો ભાગ (સ્થાન જોધપુર રાજ્યનો દક્ષિણ તથા શિરોહી રાજ્યના વિસ્તારનો મોટો ભાગ ગણાય) વસ્યો ત્યારે શક લોકોનું એક ટોળું સિંધમાં થઇને ત્યાં ઉતરી આવેલ. તે લોકો અત્રે વસીને ઠરીઠામ બેસી ગયા હતા. તેમને વસ્યાને આ સમયે ત્રણ સદી ઉપરનો સમય થઈ ગયો હતો તેથી તેમને "સ્થાનિક શક" તરીકે મેં ઓળખાવ્યા છે. વળી જુઓ ગર્દભીલ વંશની હકીકત.

(૧૭) ગર્દભીલ અવંતિપતિની ગર્દભી વિદ્યાને નિષ્ફળ કરી મૂકવામાં પણ શક પ્રજાની તિરંદાજીએ જ ભાગ ભજવ્યો હતો, (જુઓ ગર્દભીલ વંશનું વૃત્તાંત, આ પુસ્તકના અંતે) તેમ અહીં પણ શક પ્રજાને જ તિરંદાજી કરતાં વર્ણવી છે. અલબત્ત, આ શક પ્રજા ઈ. સ. પૂ. ૧૫૦ ના સમયની છે, જ્યારે ગર્દભીલ રાજાનો સમય ઈ. સ. પૂ. ૫૭ નો છે. બન્નેની વચ્ચે ભલે એક સદીનું અંતર છે ખરૂં, પણ અત્ર કહેવાની મતલબ એ છે કે, બન્ને શક પ્રજા નામે જ, નિશાન તાકવામાં બહુ કુશળ હતી.

(૧૮) જુઓ જુ. પ્રે. પુ. ૭૬, પૃ. ૮૯. તેમાં વાયુપુરાણના આધારે એમ લખેલ છે કે "પછી રાજા વસુમિત્ર પુત્ર ઓદ્રક રાજ્ય પામશે. તેને ભયંકર શકોનાં ધાડાં સાથે વિગ્રહ થાશે. પછી મહા બળવાન શકો સાથેના દારૂણ સંગ્રામમાં તે રાજા મર્મસ્થાનમાં બાણ વાગવાથી પ્રાણ છોડશે."

(૧૯) જ. બી. ઓ. રી. સો. પુ. ૨૦, અંક ૩-૪, પૃ. ૨૯૬ Bhagvata is expressly styled

કન્વવંશના[૨૦] નબીરા વાસુદેવને મહાઅમાત્યપદે નીમી પોતે એક્ટ્રીઅનો સાથે લડાઈ લડવા નીકળી પડયો. બે વરસ ઉપર પોતાના ભાઇનું મરણ અવંતિની પશ્ચિમ દિશાવાળા યુદ્ધમાં થયું હતું તેથી, તેમજ ત્યાંનું અરી-સૈન્ય અજેય દેખાતું હતું તેથી તે બાજૂ છોડી દઇને આ વખતે તેણે ઉત્તરના મથુરા તરફ ધ્યાન પહોંચાડયું હતું. એટલે ક્ષત્રપ રાજુવુલને સામનો કરવાનો વારો આવ્યો. પરંતુ પછીથી ગમે તે કારણ મળ્યું હોય પણ રાજુવુલને બદલે ખુદ મિનેન્ડર બાદશાહ પોતે જ યુદ્ધમાં ઉતર્યો હતો, જેમાં મિનેન્ડરનું મરણ નીપજ્યું હતું.[૨૧] ( ઇ. સ. પૂ. ૧૫૬=મ. સં. ૩૭૧ ). પણ માનવાને કારણ મળે છે કે, રાજુવુલે તેનું પરિણામ પોતાની તરફેણમાં ફેરવી નાખ્યું હતું.[૨૨] આ પ્રમાણે લગભગ એકીવખતે ( કદાચ એકેક વર્ષનું અંતર હશે પણ યોન પ્રજા સાથે હિંદુ પ્રજાને સખ્ત યુદ્ધમાં ઉતરવું પડયું હોવાથી તે બન્ને બાજુના યુદ્ધને એકી વખતે લડ્યા હોવાનું જણાવાયું છે )-એ દિશામાં મંડાયેલા યુદ્ધમાં જો કે શુંગપતિઓ જ હાર્યા હતા પણ ફેર એટલો જ કે એકમાં શુંગપતિ પોતે મરાયો હતો અને બીજામાં સામાપક્ષનો યોન બાદશાહ મરાયો હતો.[૨૩] છેવટના પરિણામે શુંગ સામ્રાજ્યની આણ ઉત્તર હિંદમાં સંકોચાઇને જમના નદીના દક્ષિણ કિનારે આવીને અટકી રહી; જ્યારે પશ્ચિમ હિંદમાં-રજપુતાનામાં અને સિંધમાં તથા સૌરાષ્ટ્ર તરફ તો તેની આણનો અંત આવી ગયો તે આવી જ ગયો. ફરીને એકેય બાજુ સત્તા મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો પણ નથી; અને આવ્યો હોત તો યે શુંગપતિઓની નબળાઈ, તેમાં વળી રાણીવાસની મોજમજાહ તથા ભોગવિલાસ ભોગવતાં તેમને ફુરસદ પણ મળતી નહોતી એવી સ્થિતિ જે થવા પામી હતી તે જોતાં તો તેઓ કેટલે દરજ્જે ફાવત તે સમજવું એક ગહન પ્રશ્ન જ થઇ પડત.

અત્ર એક હકીકતની નોંધ લેવી રહે છે. અવંતિની નજીકમાં સાંચીવાળા પ્રદેશમાં, કે જ્યાં વિદિશા-બેસનગર આવેલ છે અને જ્યાં મૌર્યવંશી તથા શુંગવંશી રાજાઓની અવંતિપતિ તરીકે રાજગાદી હતી તે સાંચીનગરે, અત્યારે ઉભી રહેલી સ્થિતિમાં નજરે પડતા એક સ્તંભમાં એવી મતલબનો ઉલ્લેખ છે કે તક્ષશિલાના સૂબા એન્ટીઆલસીડાસના પ્રતિનિધિ હેલીઓડોરાસે

---

Raja-Raja=Emperor=ભાગવતને સ્પષ્ટ રીતે રાજ-રાજા કહેવાય છે.

( ૨૦ ) જુઓ આગળ ઉપર શુંગવંશની પડતીને લગતી હકીકત.

( ૨૧ ) પો. રીસ ડેવીઝ પોતાના રચેલા કવેશ્ચન્સ ઓફ કીંગ મિલિન્ડા=Questions of king Milinda નામના પુસ્તકના ઉપોદ્ઘાતમાં લખે છે કે " He died in camp in a campaign against the Indians in the valley of the Ganges ( on the authority of Plutarch )=ગંગા નદીની ખીણમાં હિંદીઓ સાથેના યુદ્ધ કરતી વેળા પોતાની છાવણીમાં તે મરણ પામ્યો હતો, ( પ્લુટાર્કના લેખના આધારે. )

( ૨૨ ) આ પ્રમાણે અનુમાન કરવાનું કારણ એમ મળે છે કે, રાજુવુલે આ સમયથી મહાક્ષત્રપ નામ ધારણ કર્યું લાગે છે, ( જુઓ તેનું વૃત્તાંત આ પુસ્તકે આગળ ઉપર ) પણ શુંગવંશી ભૂપતિને તાબે થયો નથી.

( ૨૩ ) જુઓ ઉપરમાં ટી. નં. ૨૧. પુરાણગ્રંથોમાં બે વખત યવનોની સાથે હિંદુ પ્રજાને જમખ્વાર યુદ્ધ થયાનું ઉપર જણાવ્યું છે. પહેલું યુદ્ધ ઈ. સ. પૂ. ૧૯૭ માં થઈ ગયાનું ઉપર જણાવી ગયા છીએ; જ્યારે બીજું આ ઈ. સ. પૂ. ૧૫૮-૯ નું સમજવું. આ સિવાય બીજાં નાનાં નાનાં યુદ્ધો તો અનેક થયાં છે.

પોતાને[૨૪] કૃષ્ણભક્ત તરીકે ઓળખાવી ત્યાંના રાજા કાશીપુત્ર-રાજા ભાગવત પ્રત્યે[૨૫] પોતાની ભક્તિ-તાબેદારી કે મિત્રાચારી બતાવી છે. આ બનાવ કેમ બનવા પામ્યો હશે તે માટે કોઈ મજબૂત કારણ શોધી શકાતું નથી, પણ કદાચ એમ બનવા યોગ્ય છે કે, બાદશાહ મિનેન્ડરના ત્રણ સરદારો આપણે ઉપરમાં જણાવ્યા છે તેમાંના એક ભૂમકે તો પરાક્રમ બતાવી રાજા ઓદ્રકનું મરણ નીપજાવ્યું હતું, જ્યારે બીજા યુદ્ધમાં બાદશાહ ખુદનું મરણ નીપજ્યું હતું ( પછી લડતાં લડતાં કે કુદરતી રીતે માંદો પડીને મરણ પામ્યો તે બરાબર કહી શકાય તેમ નથી ) એટલે તક્ષશિલાના સરદારને એમ લાગ્યું હોય કે જ્યારે ખૂદ બાદશાહને પણ આ નવા શુંગપતિ-ભાનુમિત્રે-મારી નાંખ્યો છે એટલે મથુરાવાળો સઘળો પ્રદેશ હવે તેના તાબે જ ગયો કહેવાય; જેથી ક્રમે ક્રમે તે પોતાના પંજાબ તરફ ધસી આવશે જ; અને જો તેમ થયું તો પોતાને મહાયુદ્ધમાં ઉતરવું પડશે. અને પરિણામમાં, જેમ બાદશાહનું મરણ નીપજ્યુ તેમ કદાચ પોતાનું ભવિષ્ય પણ બની જાય; માટે પાણી આવીને નાશ કરે તે પહેલાં જ પાળ બાંધી લેવાય તો શું ખોટું ? આવી ધારણાથી, શુંગપતિ તરફ વફાદારી બતાવવા તથા તેના ધર્મ પ્રત્યે પોતે પણ ભક્તિ ધરાવે છે એમ બતાવવા કાજે પોતાના પ્રતિનિધિને શુંગપતિની રાજધાની તરફ મોકલી દીધો હોય. જો આ અનુમાન પ્રમાણે બનવા પામ્યું હોય તો આ બનાવનો સમય ઇ. સ. પૂ. ૧૫૮ અને ૧૫૬ ની વચ્ચેનો એટલે કે ઇ. સ. પૂ. ૧૫૭; અથવા તો તે યુદ્ધ પછી લાગલા તુરતનો જ એટલે કે ઇ. સ. પૂ. ૧૫૮ ની આખરનો ગણવો પડશે.

ઉપર પ્રમાણે તક્ષશિલાના સરદારની સ્થિતિ બનવા પામી હોય વા ન પણ બનવા પામી હોય, પણ એટલું તો ચોક્કસ થાય છે જ કે, આ અરસામાં એક બાજુ બેકટ્રીઅન શહેનશાહ હેલીઓકલ્સની સત્તા તેમના વતનમાં-એટલે બેકટ્રીઆવાળા પ્રદેશમાં-નાબૂદ થઈ ગઇ હતી કે થઇ જવાની અણી ઉપર આવી પહોંચી હતી, અને બીજી બાજુ અહીં હિંદમાં, તેમના સરદાર પ્રતિનિધિ અથવા બાદશાહ જેવો ગણાતો રાજા મિનેન્ડર મરણ પામ્યો હતોઃ એટલે તેમના હિંદી મુલકો ઉપર નિમાયલા ક્ષત્રપો-ઉત્તરે મથુરામાં રાજુવુલ, પશ્ચિમે રાજપુતાનામાં ભૂમક, અને પંજાબમાં એન્ટીઆલસીડાસના સ્થાને હવે ગોઠવાયલો કુસુલક લીઅક-તે ત્રણે ક્ષત્રપોએ[૨૬] મહાક્ષત્રપનાં પદ ધારણ કરી સ્વતંત્રતા જાહેર કરી દીધી હતી.

મિનેન્ડરના મરણ પછી અને ઉપર પ્રમાણેના સરદારો મહાક્ષત્રપ બની બેઠા પછી, અંશ-આરામમાં આશરે ચૌદક વર્ષ રાજ્ય કરી અંતે


---

( ૨૪ ) C. H. I. P. 558;—(Antialcidas) created in honour of Krishna Vasudeva, a stone column at Besnagar ( Bhilsa ) by the yavana ambassador Haliodorus—who had come to king Kashiputra Bhagbhadra, then in the 14th year of his reign=કાશીપુત્ર ભાગભદ્ર રાજાના રાજ્યે ૧૪ માં વર્ષે બેસનગર(ભિલ્સા)નગરે યવન પ્રતિનિધિ હેલીઓડોરસે કૃષ્ણવાસુદેવના માનમાં એક મોટો પત્થરનો સ્તંભ ઉભો ( એન્ટીઆલસીદાસ તરફથી ) કરાવ્યો હતો.

( ૨૫ ) આ કાશીપુત્ર-રાજા ભાગવત કોણ કહેવાય તે માટે ઉપરનો "તેમના અન્ય નામો "વાળો પારિગ્રાફ જુઓ.

( ૨૬ ) આ હકીકતમાં થોડો થોડો ફેરફાર કરવો પડે તેમ છે તે હવે પછી લખવામાં આવતાં તેમના જીવન ચરિત્રે જુઓ.

મ. સં. ૩૮૫=ઇ. સ. પૂ. ૧૪૨ માં રાજા ભાનુમિત્ર મરણ પામ્યો હતો, દરમ્યાન જે ઉક્તિ છે કે, "નવરં નખોદ વાળે" તે પ્રમાણે વસ્તુસ્થિતિ બનવા પામી હોય કે પછી તાત્કાલિક પ્રસંગને લઇને તેમ બનવા પામ્યું હોય-(વધારે સંભવ પાછલી સ્થિતિ જવાબદાર હોવાનો છે) પણ એવું બન્યું હતું કે રાજા ભાનુમિત્રને એક ભાનુશ્રી[૨૭] નામની બ્હેન હતી. તેને પોતાની જ સત્તા નીચે આવેલા એવા ભરૂચ બંદરે[૨૮] પરણાવી હતી અને તેણીને બળભાનુ નામે પુત્ર હતો. આ બળભાનુએ, રાજા ભાનુમિત્રના સંસારી પક્ષે જે મામા થતા હતા તે જૈનાચાર્ય શ્રી કાલિકસૂરિ પાસે, ભરૂચમાં જ જૈન દીક્ષા દીધી[૨૯] હોય એમ સંભવે છે. અને તે પ્રકરણ અવંતિપતિના કાને પહોંચતાં, પછી પોતાની જ ઇચ્છાથી કે કાન્વાયન પ્રધાનની ભંભેરણીથી-તેમણે એવો હુકમ ફરમાવ્યો હતો કે કાલિકસૂરિએ પોતાની હકુમતવાળા પ્રદેશની હદ બહાર ચાલ્યા જવું. પાછળથી વાટાઘાટ[૩૦] થતાં એવી સૂચના કરવામાં આવી કે વર્ષાઋતુનું ચાતુર્માસ બેસી ગયું છે તથા જૈન ધર્મનો નિયમ છે કે તેમના સાધુથી ચાતુર્માસમાં વિહાર કરી શકાય નહીં તેથી તે હુકમનો અમલ તેટલો વખત મોકુફ રાખવો; પણ સત્તા આગળ શાણપણ ખપમાં આવતું નથી તે પ્રમાણે હુકમની બજવણી અમલમાં મૂકવી પડી; જેથી ભર ચોમાસે કાલિક-




(૨૮) સંભવ છે કે ભાનુશ્રીનો શ્વશુરપક્ષ એટલે બળભાનુના પિતા વિગેરે વૈદક ધર્માનુયાયી હશે; એટલે જ્યારે બળભાનુને, જૈન દીક્ષા દીધી ત્યારે બે પક્ષ વચ્ચે કડવાશ ઊભી થઈ જ કહેવાય અને રાજા પોતે બળભાનુનો મામો થતો હોવાથી નારાજ થાય એટલે પોતાનું મન ધાર્યું કરે તે દેખીતું જ છે. જેથી વૈદિકધર્મી રાજાની વચ્ચે અને કાલિકસૂરિ જે જૈનધર્મી પ્રજાના એક ધર્મગુરૂ હતા તે પ્રજાની વચ્ચે, આ પ્રકરણનો ફેંસલો કેમ લાવવો તે બાબત વાટાઘાટ ચાલે તે સમજી શકાય તેમ છે.

(૨૯) આથી કરીને આ બલમિત્ર-ભાનુમિત્રને ભરૂચના રાજા તરીકે (જુઓ ઉપરની ટીકા નં. ૫.) જૈન ગ્રંથોમાં વર્ણવેલ છે. પણ ખરી રીતે તો તેઓ અવંતિપતિ જ છે. તે વખતે ભરૂચ બંદરની ખ્યાતિ આખા હિંદના એક આગળ પડતા બંદર તરીકે ચાલુ થઈ ગયેલ હોવાથી તેનું ગૌરવ વિશેષ પડતું હતું તેટલા માટે તેમને અવંતિપતિ કહેવા કરતાં ભરૂચના રાજા તરીકે ઓળખાવાયા લાગે છે.

(૩૦) ભરૂચ અને અવંતિ વચ્ચેનું અંતર, તે વખતનાં સાધનો તેમજ પ્રજા તથા રાજા વચ્ચેનું પ્રકરણ-આ ત્રણ બાબતનો વિચાર કરતાં લાગે છે કે બે ત્રણ માસ કમમાં કમ વીતી ગયા હશે.

સૂરિને અવંતિપતિની [31] હદ છોડીને દક્ષિણ દેશના પૈઠણ-પ્રતિષ્ઠાનપુર તરફ વિહાર કરવો[32] પડ્યો હતો. સાથે કેટલીક જૈન પ્રજા હીજરત પણ કરી ગઈ હતી. દક્ષિણમાં જઇ, ધર્મોપદેશ આપી અંધ્રપતિને તેમણે પાછો જૈન ધર્મમાં દૃઢ બનાવ્યો[33] અને કેટલાક અતિ અગત્યના ફેરફાર કર્યા.[34] આ પ્રમાણે અવંતિમાં જૈન અને વૈદિક મત વચ્ચેનું અંતર વધતું ચાલ્યું હતું; જ્યારે પૈઠણમાં વૈદિક મતનું ઘટી જૈનનું જોર વધારે જામવા પામ્યું હતું.

## (૪ થી ૭) શુંગવંશની રહીસહી સત્તા-અને છેવટ

રાજા ભાગવત-ભાનુમિત્રના મરણ બાદ તો માત્ર નામધારી જ રાજાઓ આવ્યા લાગે છે. અને તે પણ બધા ઇંદ્રિયભોગવિલાસમાં જ રાચ્યામાચ્યા રહી પોતાના દિવસો નિર્ગમન કરતા હતા: વળી તેમના કન્વવંશી પ્રધાનોએ ઇ. સ. પૂ. ૧૫૭ માં પ્રધાનપદું હાથ ધર્યું ત્યારથી તે શુંગવંશનો અંત ઇ. સ. પૂ. ૧૧૪ માં આવ્યો ત્યાંસુધીના ૪૩ વર્ષના ગાળામાં તેમના વંશના ચાર પુરુષો પેઢી દરપેઢી ઉતાર પ્રધાનપદ ઉપર આવી ગયા હતા. તે ચારે પ્રધાનો પણ શિથિલાચારી જ નીવડ્યા હતા. એટલે પ્રજા પણ ચારિત્ર્યના પાલનમાં છેક નીચે દરજ્જે ઉતરી ગઈ હતી. ' યથા રાજા તથા પ્રજા ' ના ન્યાયે આખું વાતાવરણ જ [35] સડેલું થઇ ગયું હતું.

મ. સં. ૩૮૫=ઇ. સ. પૂ. ૧૪૨ બાદ શુંગવંશ માત્ર ૨૮ વર્ષ ચાલી મ. સં. ૪૧૩=ઇ. સ. પૂ. ૧૧૪ માં ખતમ થયો છે. આ ૨૮ વર્ષના કાળમાં ચાર રાજા થવા પામ્યા છે. વાયુપુરાણની કેટલીક પ્રતો મેળવી, તેને શુદ્ધ અને સંશોધિત

---

(૩૧) જૈન સાહિત્ય ગ્રંથમાં 'અવંતિપતિની હદ' ને બદલે ' અવંતિની હદ ' એવા શબ્દ લખાયા છે. જ્યારે ખરી સ્થિતિ આ પ્રમાણે છે. છતાં જો અવંતિની જ હદ છોડવાની ફરજ પડી હતી એવી સ્થિતિ હોય, તો દીક્ષાનો પ્રસંગ કે કાલિકસૂરિનું ચોમાસું-તે બેમાંથી એક-ભરૂચને બદલે અવંતિ નગરીમાં હતું એમ સમજવું.

(૩૨) જૈન સાધુઓથી ચાતુર્માસમાં વિહાર કરી શકાતો નથી તે ખરું છે. પણ આ તો રાજહુકમ હતો એટલે તેને " આગાર-છૂટ " ગણી કાલિકસૂરિજી દક્ષિણ દેશના પૈઠણ નગર તરફ ઉપડી ગયા હતા.

(૩૩) અંધ્રવંશી પ્રથમના છ સાત રાજા જૈન ધર્મી હતા. પછી પતંજલી મહાશયની દોરવણીથી શાતકરણી બીજાએ વૈદિક ધર્મ અંગિકાર કર્યો હતો. તેના બે ચાર વંશજો તે ધર્મમાં રક્ત હતા; પણ પછીથી ઢચુપચુ થવા માંડયા હતા. છેવટે આ રાજાએ, પોતાના પૂર્વજોએ માન્ય રાખેલ જૈન ધર્મ પુનઃ અંગિકાર કર્યો હતો.

(૩૪) આ ફેરફારો જૈન સંપ્રદાયને સ્પર્શતા છે તેથી અત્રે જણાવવા આવશ્યકતા દેખાતી નથી. પણ અત્રે તો ટૂંકમાં એટલી જ નોંધ કરવાની કે કાલિકસૂરિ નામના ત્રણ જૈનાચાર્યો થયા છે. તેઓને લગતી છૂટક છૂટક હકીકત ઘણાં ગ્રંથોમાં આવેલ છે, પણ બધાને સમગ્ર રીતે જોવી હોય તો અને સમાલોચક તરીકે અન્વેષણા કરવાને સરળતા થઈ પડે તેમ વિચારવી હોય, તો કાશીની નાગરી પ્રચારિણી સભાના પ્રમુખ મહાશય જ્યારે તેમનો અધિકાર છોડી નિવૃત્ત થયા ત્યારે તેમનો સત્કાર કરવા જે દ્વિવેદી-અભિનંદન ગ્રંથ તેમને અર્પણ કરવામાં આવ્યો છે (સં. ૧૯૯૦=ઇ. સ. ૧૯૩૪) તેમાં એક લેખ મુનિશ્રી કલ્યાણવિજયજીએ (જુઓ ઉપરની ટીકા નં. ૬ તથા ૭,) લગભગ ૨૫ પાનાંનો, નિબંધ રૂપે લખ્યો છે તે જુઓ. અલબત્ત, તેમના કેટલાંક મંતવ્યથી હું જુદો પડું છું ખરો, પણ કહેવું પડશે કે તે વિષય તેમણે બહુજ અચ્છી રીતે છણ્યો છે.

(૩૫) જુઓ ગત પરિચ્છેદે ' નિષ્પન્ન થતી એક સ્થિતિ 'વાળા પારિગ્રાફનું વર્ણન.

કરી વિદ્વાન લેખક મહાશય દિવાનબહાદુર કેશવલાલ હર્ષદરાય ધ્રુવે જે નામાવળી બુદ્ધિપ્રકાશ નામના માસિકનાં પુ. ૭૬ માં ગોઠવી છે તે પ્રમાણે ઘોષના ૩, વસુમિત્રના ૭, ઓદ્રકના ૭ અને દેવભૂતિના ૧૦ મળી કુલ ૨૭ વર્ષ ગણાવ્યાં છે. પણ તેમાનાં ઓદ્રકનું નામ તો આપણે ઉપર લઇ ગયા છીએ, એટલે તેને સ્થાને તેટલા જ વર્ષના અધિકારી અને તેમણે જ સૂચવેલા પુલિંદિકનું નામ આપણે મૂકીશું. આ પ્રમાણે ચાર રાજા અને ૨૭ વર્ષનો સમગ્ર રાજ્યકાળ તેમનો સમજવો રહેશે.

ભિન્ન ભિન્ન પુરાણકારોનાં લખાણનો અનુભવ આપણે જોતાં આવ્યા છીએ તેમ, ઇતિહાસની એકંદર ગણનાએ તો કસોટીમાંથી ઠીક ઠીક પાસ ઉતરી શકયો છે. તેમાં અસત્યતાનું બહુ મિશ્રણ કરેલ દેખાતું નથી. માત્ર સમયગણનાની દૃષ્ટિ દરેકે જુદા જ પ્રકારે ગ્રહણ કરેલ હોવાથી, તેમનામાં મતમતાંતર નજરે પડે છે. છતાં એક હકીકતની નોંધ લેવી ઘટે છે કે, દરેક પુરાણ એમ જે વર્ણવે કરે છે કે શુંગપતિના પ્રધાનપદે કાન્વાયનવંશી બ્રાહ્મણો હતા અને તેમાંનો મુખ્ય--અથવા આદિ-પુરૂષ વાસુદેવ પોતાના સ્વામીને મારીને અવંતિની ગાદી ઉપર બેઠો હતો તે હકીકત કેટલે દરજ્જે યથાર્થ છે એટલું તો તપાસવું પડે તેમ છે જ. આપણે ઉપરનાં પાનાંઓમાં અન્ય ઇતિહાસિકોની સાક્ષી લઈ સાબિત કર્યું છે કે કાન્વાયનવંશી કોઇ પુરૂષે અવંતિની ગાદી ઉપર રાજાપદે રહીને સત્તાધિકાર ચલાવ્યો નથી જ; કેમકે, નહીં તો તે અવંતિપતિની નામાવલીમાં[૩૬] મ. સં. ૧ થી ૪૭૦ સુધીના લાંબા સમયમાં કોઇ ને કોઇ સમયે કયાંક ખાંચો પડી જતો જરૂર નજરે પડત જ. પણ તે પાંચ સદી જેટલો કાળ તો અખંડ રાજત્વધારી પૃથક્ પૃથક્ વંશી રાજાઓથી જ દીપી રહેલ જ્યારે નીહાળીએ છીએ ત્યારે ખાત્રીપૂર્વક સ્વીકારવું જ રહે છે કે કાન્વાયન વંશને રાજત્વના પદ સાથે બીલકુલ નિસબત જેવું નથી જ. તેમ બીજી બાજૂ 'મૂળ વિના શાખા કયાંથી?' તે ન્યાયથી સર્વ પુરાણકારોનાં મતને પણ એકદમ તરછોડી કેમ શકાય? ભલે તેમાં ઘણી અતિશયોક્તિ જ હશે, છતાં કાંઇક સત્યાંશ તો હોવું જોઇએ જ. આ સર્વ પક્ષના કથનનો સમન્વય કરતાં એક કલ્પના કરી શકાય છે કે, જેમ ડૉકટર આર. જી. ભાંડારકર સાહેબ માને છે તેમ શુંગવંશી અને કાન્વાયનવંશી બન્ને સમકાલીનપણે જ મુખ્યભાગે વર્તી રહ્યા હશે; વળી કેમ્બ્રીજ હિસ્ટરી ઓફ ઇન્ડિયામાં પૃ. ૫૨૨ ઉપર લખેલ છે કે, "Kanvas are expressly called ministers of the Sungas: these Sungas & Kanvas seem to be also contemporary=કન્વોને અમુક રીતે શુંગોના અમાત્યો[૩૭] કહેવા પડે છે: આ શુંગો અને કન્વો સમકાલીનપણે થયા દેખાય છે"=આ પ્રમાણે ભિન્ન ભિન્ન લેખકોનું મંતવ્ય એકત્રિત કરતાં, એવા સાર ઉપર આવવું પડે છે કે કાન્વાયનવંશી પ્રથમ પુરૂષે-વાસુદેવે, તેના છેલ્લા રાજા દેવભૂતિને માર્યો હતો એમ નહીં,

(૩૬) જુઓ પુ. ૧, પૃ. ૨૦૨.

(૩૭) જ. ઓ. બી. રી. સો. પુ. ૨૦. અંક ૩૪. પૃ. ૨૯૧:—વાયુપુરાણની એક પ્રતમાં લખેલ છે કે, દેવભૂમિની આજ્ઞામાં રહીને કન્વવંશી નબીરાઓ હકુમત ચલાવતા હતા (એટલે દેવભૂમિ શીર્ષ અધિકારવાળો સાબિત થાય છે)=one copy of the Vayupurana states that Kanwa ruled with the permission of Devabhumi.

વળી વધુ વિગત માટે ઉપરની ટીકા નં. ૨૦ નું વર્ણન જુઓ.

પણ કાન્વાયન વંશી છેલ્લો મંત્રી સુશર્મન જ્યારે અધિકાર ઉપર હતો, ત્યારે છેલ્લા શુંગ રાજા એવા દેવભૂતિને[38] કોઇ અન્ય વ્યક્તિએ માર્યો હતો કે મંત્રીએ અન્ય વ્યક્તિ પાસે મરાવ્યો હતો; અને આ સર્વ સમય દરમ્યાન કાન્વાયન વંશીઓ શુંગવંશીઓના અમાત્ય–મંત્રીઓ તરીકે અધિકાર ઉપર સ્થાપિત રહ્યા હતા. એટલે કે અવંતિની ગાદી ઉપર આ શુંગવંશી વૈદિકધર્મી રાજાઓ તેમજ કન્વવંશી વૈદિકધર્મી અમાત્યો–સહધર્મીપણે-પુરાણકારોનાં કથન પ્રમાણે અવંતિના પ્રદેશ ઉપર અધિકાર ભોગવી રહ્યા હતા. જેથી આપણે તેમનું લીસ્ટ નીચે પ્રમાણે મૂકી શકીશું.

| શુંગવંશી[39] અવંતિપતિઓ | | કાન્વાયન[40] અમાત્યો | |
|---|---|---|---|
| (૩) ભાનુમિત્ર | ૧૬ | વાસુદેવ | ૯ |
| (૪) ઘોષ | ૪ | ભૂમિમિત્ર | ૧૩ |
| (૫) પુલિંદિક | ૭ | નારાયણ | ૧૨ |
| (૬) વસુમિત્ર બીજો | ૭ | અને | |
| (૭) દેવભૂતિ | ૧૦ | સુશર્મન | ૧૦ |
| | ૪૪[41] | | ૪૪ |

આ સર્વે શુંગપતિઓ આગળ જણાવી ગયા પ્રમાણે વ્યભિચારી જીવન ગાળતા અને ભોગવિલાસમાં જ રચ્યાપચ્યા રહેતા. તે સર્વેમાં વળી છેલ્લો દેવભૂતિ તો એક છોગું ઓર ચડી જાય તેવો હશે એમ સમજાય છે. તેના વિશે મિ. વિન્સેંટ સ્મિથ લખે છે કે[42] "In a frenzy of passion, the overlibidinous Sunga was at the instance of his minister Vasudeva, reft of his life by a daughter of Devabhuti's slave-woman, disguised as his queen. ( Bana, Harsa Charit Ch. VI; trans. Cowell Thomas P. 193. )=વ્યભિચારમાં

( ૩૮ ) ઇતિહાસકારોએ જે એમ જણાવ્યું છે કે આ સુશર્મનને આંધ્રવંશના સ્થાપક શ્રીમુખે માર્યો છે તે હકીકત બહુ માનનીય નથી લાગતી. અને તેમ માનવાનું કારણ મારા મત પ્રમાણે આ હોવા સંભવ છે. હાથીગુંફાના લેખમાં ખારવેલ, શ્રીમુખ અને બૃહસ્પતિમિત્રને સમકાલીન કહ્યા છે. તેમાનાં બૃહસ્પતિમિત્રને પુષ્યમિત્ર માની લેવાથી શ્રીમુખને પણ પુષ્યમિત્રનો સમકાલીન બતાવવા માટે મેળ બેસાડવી જોઇએ. એટલે પુષ્યમિત્રને બદલે તેના જ વંશના છેલ્લા પુરુષ દેવભૂમિને શ્રીમુખે માર્યો એવું ઠરાવ્યું. ત્યાં વળી કાન્વાયન વંશનું નામ આડે આવ્યું; એટલે વળી દેવભૂમિને મારનાર સુશર્મન ઠરાવ્યો અને બંને વંશને contemporary=સમકાલીનપણે માની લઈને, સુશર્મનને મારનાર તરીકે શ્રીમુખને ઠરાવવો પડયો. આમ અનુમાન ઉપર અનુમાન બાંધવાં પડયાં; પણ આખરે, ખોટું તે ખોટું જ ઠરે છે. તે ન્યાયે સર્વ અનુમાનો ખોટાં છે તે આપણે પુષ્યમિત્રનું વર્ણન લખતાં જણાવી ગયા છીએ.

બાકી તે સમયે વૈદિકમતનું પ્રબળ જોર હોવાથી કાન્વાયન વંશી ચારે વ્યક્તિઓને શુંગવંશી રાજાઓના અમાત્ય કહી શકાય ખરા.

( ૩૯ ) જુઓ પા. ટી. પૃ. ૭૬.

( ૪૦ ) જ. બો. બ્રૌં. રો. એ. સો ૧૯૨૮. પૃ. ૪૬ શુંગવંશી છેલ્લા રાજા દેવભૂતિને, કાન્વાયન ગોત્રી તેના પ્રધાને જ મારી નંખાવ્યો હતો=Devabhuti, the last of the Sungas was put to death by his own minister of the Kanvayan gotra"

( ૪૧ ) અવંતિપતિ અને તેના કન્વવંશી અમાત્યો–અન્નેનો કાળ લગભગ એક સરખો જ છે. તેમાં અમાત્યનો સમગ્ર કાળ ૪૪–૪૫ વર્ષનો ગણાય છે, જ્યારે નં. ૪ થી ૭ સુધીના શુંગવંશી રાજાઓનો સમય ૨૮ વર્ષનો જ છે એટલે બાકીનાં ઘટતાં ૧૬ વર્ષ ભાનુમિત્રને અર્પવા જોઇએ. કોઈ ઠેકાણે મેં ૧૫ લખ્યાં છે તેને બદલે ૧૬ અથવા ૧૭ લખવાથી બધો મેળ બેસી જશે.

( ૪૨ ) અ. હિં. ઈ. આવૃ. ૩, પૃ ૨૦૪; કે. હિં. ઇ. પૃ. ૫૨૨.

ડૂબેલા તે શુંગપતિ દેવભૂતિને, વાસુદેવ નામના તેના પ્રધાનની શીખવણીથી, રાણીનાં કપડાં પહેરાવીને મોકલેલ દાસીની સાથે વિષયની ઘેલછામાં જ તેણીના હાથે મારી નખાવવામાં આવ્યો હતો (બાણરચિત હર્ષચરિત્ર પ્ર. ૬; અનુવાદ કાવેલ અને થોમસ પૃ. ૧૯૩.)

આ પ્રમાણે શુંગવંશનો અંત અવંતિપતિ તરીકે મ. સં.=ઇ. સ. પૂ. ૧૧૪માં આવી ગયો છે.

અવંતિની ગાદી દેવભૂતિના મરણ બાદ ખાલી પડતાં, કયા વંશનો કયો રાજા તે પદ ઉપર બિરાજવાને ભાગ્યવંતો થયો હતો તે જાણવાનું સાધન આપણને જૈન ગ્રંથો પૂરૂં પાડે છે; અને તે હકીકતનો સિક્કાના અભ્યાસથી ટેકો મળે છે, એટલે તે વાતનો આપણે સ્વીકાર જ કરવો રહે છે. આ ભાગ્યશાળી પુરૂષ તે બીજો કોઈ નહીં પણ શક રાજા-નહપાણ હતો. તે કેવી રીતે ગાદી મેળવી શકયો, અને તેની ઉત્પત્તિ શી રીતે થઈ તે સર્વ હકીકત જાણવાને હિંદની ભૂમિ ઉપર જે પરદેશીઓનાં આક્રમણો તથા ચડાઇઓ થઇ હતી તેમનો આપણે પ્રથમ ઇતેખાગ રજૂ કરવો પડશે; તેટલું સમજતાં વેંત ક્ષત્રપ નહપાણનો કાંઇક પરિચય પણ આપોઆપ ખુલ્લો થઇ જશે. તે હકીકત લખવાનું થોડો વખત મુલતવી રાખી, શુંગવંશની કેટલીક બાબતો આપણે ગ્રહણ કરેલી શૈલી અનુસાર આ ગ્રંથ આલેખનમાં જે જણાવવી બાકી રહે છે તે વર્ણવી દઇશું.

**તેમનો ધર્મ**

શુંગવંશનો અંત ઈ. સ. પૂ. ૧૧૪ માં આવ્યો છે એટલે તેના અસ્તિત્વનો અંતિમ સમય ઇ. સ. પૂ. ની બીજી સદીના અંતનો કહેવો પડે છે; અને ઇસવીના પૂર્વની વાત થઇ એટલે ઇસવીના સનની શરૂઆત કે ખ્રિસ્તીધર્મની આદિ થવાને પણ હજુ તેટલો સમય બાકી હતો એમ ધારવું જ રહે છે. મતલબ એ થઇ કે, અદ્યાપિ પર્યંત સારા હિંદમાં જે ત્રણ ધર્મો પળાતા આવતા હતા તેને તે જ ત્રણ ધર્મો હજુ પ્રજાધર્મ તરીકે ચાલુ રહ્યા હતા. તેમાંયે બૌદ્ધ ધર્મ રાજધર્મ તરીકે તો કેવળ મૌર્યસમ્રાટ અશોકવર્ધનના સમયે જ પૂરજોશમાં અને જાહોજલાલી ભોગવતો માલૂમ પડ્યો હતો. ત્યારપછી તેનું કાંઇ અસ્તિત્વ જ જાણે ન હોય તેમ લુપ્તપ્રાયઃ થઇ જવા પામ્યો હતો. એટલે પછી બાકી વિચારવા રહ્યા માત્ર બે જ ધર્મ; એક વૈદિક અને બીજો જૈન.

તેમાંયે શુંગવંશના આદિ પુરૂષો-પુષ્યમિત્ર, અગ્નિમિત્ર અને વસુમિત્રના જીવનવૃત્તાંત લખતાં આપણે જણાવી ગયા છીએ કે તેમના સમયે રાજપુરોહિત પતંજલી મહાશય જે મહાભાષ્યકાર તરીકે પ્રખ્યાત થયેલ છે તેમના નેતૃત્વમાં અને સાનિધ્યમાં અશ્વમેધ યજ્ઞો કરવામાં આવ્યા હતા તથા જૈન ભિક્ષુકોના એકેક શિર માટે સો સો દિનારનું ઇનામ જાહેર કરવામાં આવ્યું હતું. એટલે તે વૈદિક ધર્મમાં માનનારા હતા એમ પૂરવાર થઇ ગયું જ કહેવાય. તેમ શુંગવંશના અંતમાં થએલા પુરૂષોનાં વૃત્તાંત લખતાં પણ એવી જ હકીકત જાહેર થઇ છે કે તેમણે જૈનાચાર્ય કાલિકસૂરિને ચાતુર્માસ પૂર્ણ થાય ત્યાં સુધી વિહાર કરવા માટેનો હુકમ મુલતવી રાખવાની પ્રજાની કાકલુદીભરેલી અને તદ્દન આર્જવતાપૂર્ણ અરજને પણ ઠોકરે મારી હતી. એટલે તે બીના પણ સાબિતી આપે છે કે તેઓનો રાજધર્મ પણ વૈદિક જ હતો. હવે જ્યારે આદિ અને અંતિમ સમયે તેઓ વૈદિક મતાનુયાયી હતા એમ સાબિતી મળે છે ત્યારે તે આખા વંશનો રાજધર્મ વૈદિક જ

હતો એમ આપણે નિઃસંકોચ અને બુલંદ અવાજે કહીએ તો જરા યે ખોટું નથી. આ પ્રમાણે સ્પષ્ટ ઉચ્ચારણ થતાં આ પારિગ્રાફ સંપૂર્ણ થયો ગણાય; છતાં કેટલીક બાબતો જે ધર્મના નામ માત્રની સાથે જો કે સંબંધ નથી ધરાવતી પણ તેની અસર-અથવા તેમાંથી નીપજતા પરિણામ રૂપે કહી શકાય તેવી ઐતિહાસિક ઘટનાઓ છે તેની હકીકતોને તો આ સ્થાન વર્જીને અન્ય સ્થળે જણાવવી અયુક્ત ગણાય, માટે તેનો ઉલ્લેખ અત્રે જ કરીશું.

જે ઐતિહાસિક ઘટનાનો અત્ર ઉલ્લેખ કરવાનું ઉપર સૂચન કર્યું છે તે પરદેશી પ્રજાનાં આક્રમણને લગતી છે. અત્યાર પહેલાં તેઓએ હિંદ ઉપર કાંઇ હુમલા નહોતા જ કર્યા અને શુંગવંશના રાજ્ય અમલે જ પ્રથમ કર્યા હતા એવું તો નથી જ; છતાં અહીં વાચકવર્ગનું જે ખાસ ધ્યાન ખેંચવા જરૂર પડી છે તેનાં કેટલાંક વિશિષ્ટ કારણો છે. એક કારણ તો એ કે હવેથી તેઓ હિંદને પોતાના માટે કાયમ વસવાટ તરીકેનું સ્થાન કરવા મથતા હતા; તેનાં ચિહ્ન પ્રગટ થયે જતાં હતાં. કોઇ પણ મનુષ્ય વ્યક્તિ માટે સ્વાભાવિક જ છે કે, તેની જગ્યા ઉપર કોઈ જો હુમલો કે આક્રમણ લાવે, તો તે પોતાની સર્વ શક્તિનો ઉપયોગ કરી તેનો સામનો કરે ને કરે જ; તેમાં અહીં તો એક સાધારણ મનુષ્ય કરતાં રાજ કરતો આખો વંશ ને વંશ રહ્યો; અને સામા પક્ષે પણ સમૂહગત એક મોટી પ્રજાનું જૂથ રહ્યું; એટલે સામનાના પ્રકાર અને રંગમાં જુદો જ દેખાવ નજરે પડે. સામાન્યતઃ એવો નિયમ હોય છે કે, લડતા બે પક્ષમાંથી એક જરાક નમતું આપે કે બીજો તેને પોતાનું ધ્યેય સચવાઈ ગયું સમજી, વાતને સંકેલી લેવાનું પગલું ભરવા માંડે, તથા અરસપરસમાં સમજુતી થવાના પગરણ મંડાય અને પરિણામે તે પ્રકરણનો અંત આવી જાય; પણ અહીં તો લડતા બન્ને પક્ષો વચ્ચે જુદી જ પરિસ્થિતિ માલૂમ પડે છે. તેમ બીજા કારણમાં જ્યારે અશ્વમેધ યજ્ઞ કરવાની ઇચ્છા અને તેના ઘોડાની અટકાયતમાંથી યુદ્ધનું ફાટી નીકળવું,[૪૧] તેમજ યોન સરદારના એક પ્રતિનિધિએ સામા પક્ષના રાજનગરે આવી ત્યાં તેમના ધર્મ તરફ ભક્તિભાવ દાખવતા સ્તંભનું ઊભું[૪૨] કરાવવું, અન્ય ધર્મી ભકતોના એકેક શિર સાટે મોટું ઇનામ જાહેર કરવા જેવી મનોદશાનું જાહેર થવું,[૪૩] વિગેરે વિગેરે ધર્મની માનીનતા સંબંધીના પ્રશ્નોનો વિચાર કરીએ છીએ ત્યારે તેના ઊંડાણમાંથી આ સઘળી પરિસ્થિતિનો ઊકેલ મળી આવતો હોય એમ જણાય છે. વસ્તુતઃ સાર એ નીકળે છે કે શુંગવંશી રાજાઓની લડાઇઓમાં, રાજકારણના કરતાં પ્રથમ ધર્મપ્રેમ અને પછી આગળ વધતાં ધર્મઘેલછા તથા ધાર્મિક અસહિષ્ણુતા કાંઇક વધારે અંશે જવાબદાર જણાઇ આવે છે. અને આપણા આ અનુમાનની પ્રતીતિરૂપ એ હકીકતથી સમર્થન મળે છે કે વૈદિક ધર્મના ગ્રંથકર્તાઓએ-જેવા કે પુરાણકારોએ તથા રાજતરંગિણિકાર પં. તારાનાથે-આ યોન પ્રજા અનાર્ય નહીં[૪૪] હોવા છતાં પણ પ્રસંગોપાત તેમનું વર્ણન કરતાં તેમના માટે કવચિત્ કવચિત્

(૪૧) જુઓ અગ્નિમિત્રનું જીવનવૃત્તાંત. અને અશ્વમેધ યજ્ઞ આદરતી વખતની રાજકીય પરિસ્થિતિ.

(૪૨) જુઓ રાજા ભાગવતનું વૃત્તાંત.

(૪૩) રાજા કલ્કિનું વૃત્તાંત જુઓ.

(૪૪) આર્ય અનાર્ય વિશેની સમજુતિ, તથા પરદેશી આક્રમણકારોનાં નામ, ઉત્પત્તિ, વસાહટ, વિકાસ અને વૃત્તાંત વિગેરે હવે પછીના ખંડમાં આપણે આપીશું.

'મ્લેચ્છ'૪૫ શબ્દનો પ્રયોગ કર્યે રાખ્યો છે. શુંગપતિઓની આ પ્રમાણેની ધાર્મિક અસહિષ્ણુતા ગમે તેટલી આકરી હતી, તેમજ તેમાંથી ગમે તેટલી વિલાસપ્રિયતા પ્રજાજનમાં ફેલાઈ જવા પામી હતી અને દુઃખદ પરિણામી નીવડી હતી; છતાં જે તેમની એક ઉજ્જવળ બાજૂ હતી અને જે હંમેશાં ભારતીય ઇતિહાસમાં સોનેરી અક્ષરે જ કોતરાઈ રહેવી જોઇએ તથા જેનો ઉલ્લેખ આપણે ઉપરમાં એક વાર કરી પણ ગયા છીએ તેને ફરીને અહીં જણાવવી જ પડે છે કે, જે ચીવટથી, ખંતથી અને વિશેષતઃ તો હિંદીપણાની ધગશથી તેમણે પોતાનું સર્વસ્વ હોમી દઇ, આ ધસી આવતી પરદેશી પ્રજાનો સામનો કર્યો છે; તે જો ન કર્યો હોત કે તેમાં ન્યૂનતા દાખવી હોત તો સારાયે ભારતવર્ષના તે પછીના ઇતિહાસે જુદું જ સ્વરૂપ ધારણ કર્યું હોત.

## શુંગવંશી રાજાઓનો રાજ્ય વિસ્તાર

આખા વંશનો રાજ્યકાળ મૂળે તો ૯૦ વર્ષનો જ છે અને પુરાણકારના કહેવા પ્રમાણે ૧૧૨ વર્ષનો છે, પણ તેમાં પ્રથમના ૨૨ વર્ષ પુષ્યમિત્રના રાજત્વના અધિકાર વિનાના છે. એટલે સરવાળે વાત તો ૯૦ વર્ષના સમય પર્યંત તે વંશની સતા ચાલુ રહી હતી તે સૂત્ર જ માન્ય રાખવું પડે છે. આટલા ટૂંક સમયમાં ભલે રાજાની સંખ્યા સાતની અથવા કેટલાકના મતે નવની ગણાય છે, છતાં મુખ્ય અધિકાર ભોગવતા અને કારકીર્દિની જાહોજલાલીવાળા તો માત્ર બે જ રાજાઓ ગણી શકાય તેમ છે. એક સમ્રાટ અગ્નિમિત્ર અને બીજો રાજા બળમિત્ર-ભાનુમિત્ર. તે સિવાયના બાકી સર્વે નામધારી નીવડ્યા છે. વળી પુષ્યમિત્ર અને વસુમિત્ર જેવા તો અગ્નિમિત્રના સમકાલીનપણે થયેલ હોઇને તેની અંતર્ગત ગણી લેવા પડે છે; એટલે માત્ર એના રાજ્યવિસ્તાર વિશે જ અત્ર પરિચય આપવો રહે છે.

આ બે રાજાઓનાં જીવનવૃત્તાંત લખતી વખતે તેમના સમય દરમ્યાન જે જે યુદ્ધો તેમને ખેલવાં પડયાં છે અને તેમાં તેઓએ જે જે પાઠ ભજવ્યો છે તથા તે તે દરેકમાં જે જે પરિણામ આવ્યાં છે તે તે સર્વ વિસ્તારપૂર્વક તે તે ઠેકાણે આપણે જણાવી દીધાં છે, એટલે હવે અત્ર જણાવવું કાંઇ બાકી રહેતું જ નથી. છતાં આપણે ગ્રહણ કરેલી લેખનપદ્ધતિ અનુસાર જ્યારે અહીં તે વિશે ઇસારો કરવાનું ધોરણ આપણે પકડવું પડે છે ત્યારે ટૂંકમાં જ તેનું વર્ણન કરી લઇશું.


મૌર્ય સામ્રાજ્યનો અંત આવ્યો ત્યારે અવંતિની હદ વર્તમાન કાળે મધ્યહિંદી એજન્સી તરીકે ઓળખાતા મુલકવાળા પ્રદેશમાં જ લગભગ સમાઈ જતી હતી અને તેટલો નાનો પ્રદેશ રહ્યો હોવા છતાં તે ઉપર વાયવ્ય દિશાએથી ધસી આવતી પરદેશી યોનપ્રજાનો ડોળો પડી રહ્યો હતો. એટલે તેટલો રહ્યોસહ્યો ભાગ પણ હિંદી રાજાઓના હાથમાંથી જો સરકી જવા પામશે તથા સારા હિંદનું નાક ગણાતા અવંતિપ્રદેશ ઉપર પરદેશી હકુમત જો સ્થાપિત થઇ જશે તો તેમનું સૈન્યપતિપણું વગોવાયાની સાથે સાથે શું મોઢું લઇને તેઓ દુનિયા પાસે ખડા રહી શકશે? તે

---

(૪૫) એકદમ પ્રાચીન સમયે ઉપનિષદ્‌ની ઉત્પત્તિ વિશે કે આ શબ્દની વપરાશ વિષે તો કાંઈ જ માહિતી નથી; છતાં આ સમયે (ઈ. સ. પૂ.ની બીજી સદીમાં) બહુ તો 'યવન કે શક' તેવા જ શબ્દો વપરાતા હતા. બાકી 'મ્લેચ્છ' શબ્દ તો ઈ. સ.ની સાતમી સદીમાં હીજરી સંવતની સ્થાપના થઇ તે બાદ હજુ વપરાતો થયો છે અને તેથી જ રાજતરંગિણીકારે તે વાપર્યો લાગે છે.

વિચારે અગ્નિમિત્રનું લોહી બહુ ઉકળી આવવાથી તેણે પોતાના સ્વામીનું ખૂન કરાવી રાજ્યની લગામ પોતાના હાથમાં લઇ લીધી હતી.

સત્તામાં રહેલ પ્રદેશમાં પ્રથમ તો ક્રમે ક્રમે દૃઢતા સ્થાપવી અને પછી જે હાથમાં આવે તે મુલક સ્વાધીન લઇ રાજ્યનો વિસ્તાર વધાર્યે જવો. આ પ્રકારની યુક્તિ તેણે અજમાવવા માંડી હતી એટલે તે રાજનીતિને અનુસરીને ઉત્તર હિંદના જે જે પ્રાંતોમાં યોનપ્રજાએ પગપેસારો કરી વાળ્યો હતો તે સર્વે ભાગો લગભગ પોતાના આખા રાજકાળ દરમ્યાન તેણે ખાલી કરાવી નાંખ્યા હતા; પણ તેનું મરણ થતાં બળમિત્ર-ભાનુમિત્ર ગાદીએ આવ્યા અને તેઓ પ્રભાવવંતા હોવાથી જેવી ને તેવી સ્થિતિ નભી રહેવા પામી હતી: પણ તેઓ પાછા સક્રિય જિંદગી ભોગવતાં બંધ પડ્યા, કે પાછા ટાંપી રહેલા યોન સરદારોએ હુમલા કરવા શરૂ કર્યાં અને જેટલી ભૂમિ શુંગવંશની આદિમાં તેમને વારસામાં મળી હતી તેટલી જ લગભગ પાછી તેમની પાછળ આવનારાઓને સોંપીને તેઓ રાજકીય ક્ષેત્રમાંથી અદૃશ્ય થઇ ગયા.



# પંચમ ખંડ



# પ્રથમ પરિચ્છેદ

## પરદેશી હુમલાઓ

**ટૂંક સારઃ**—ઈ. સ. પૂ. ની છઠ્ઠી સદીથી ત્રીજી સદી સુધીમાં હિંદ ઉપર થએલ ત્રણ પરદેશી હુમલાઓની આપેલ ટૂંક નોંધ તથા તેનો ઇતિહાસ-તે પછી આક્રમણો લાવનાર પાંચ પરદેશી પ્રજાનાં નામનો ઉલ્લેખ-તે પાંચે પ્રજાની ઉત્પત્તિ-તેની સ્પષ્ટપણે સમજણ પડે તે માટે પ્રાચીન ગ્રંથકારોએ વર્ણવેલા જંબૂદ્વીપ અને શાકદ્વીપનું ભૌગોલિક દૃષ્ટિએ કરેલું વર્ણન તથા ગણિતશાસ્ત્રની રીતિએ તેમની બાંધી આપેલી હદ-શાકદ્વીપને લગતી વિશેષપણે આપેલી માહિતી-શકદ્વીપ, શાકદ્વીપ અને શકસ્થાન નામના શબ્દોમાં રહેલ ભેદનું કરી આપેલ દર્શન અને તે ઉપરથી દર્શાવી આપેલ ઇતિહાસમાં ઊભી થએલ ગુંચવણો-તેમના ઉત્પત્તિસ્થાનમાંથી પ્રાચીન પ્રજાનું કેવી રીતે સરણ થયું તેનું આપેલ સંક્ષિપ્ત રેખાચિત્ર-આટલાં પ્રાચીન વિવરણ બાદ તે પાંચે પ્રજાનાં વર્તમાનકાળે બની રહેલ વસતીસ્થાન વિગેરેની આપેલ સંક્ષિપ્ત સમીક્ષા તથા ઓળખ—

હિંદની સમૃદ્ધિ તથા જાહોજલાલી ભલભલાનું મન પણ કેવું ચળાવી નાંખે તેવી ઇ. સ. પૂ. છઠ્ઠા સૈકામાં હતી તે આપણે આ પુસ્તકની શરૂઆતમાં જોઇ પણ ગયા છીએ; તેમજ હિંદની પશ્ચિમે આવેલા પ્રાંતો જેને હાલ પંજાબ અને સરહદના પ્રાંતો કહેવાય છે, તેને તે સમયે ગાંધાર અને કંબોજ કહેવાતા હતા તથા તે ઉપર રાજા પુલુસાકીની સત્તા હતી. વળી ઇ. સ. પૂ. ૫૫૧ ના અરસામાં પોતાના મિત્ર, મગધપતિ સમ્રાટ શ્રેણિકને મળવા જતાં ઠેઠ મગધની હદે પહોંચતાં, કુદરતી સંજોગોમાં તે મરણને વશ થયો હતો તેમ પણ આપણે જોઈ ગયા છીએ. તેના મૃત્યુ બાદ તે પ્રાંત ઉપર, પાડોશી ઇરાની શહેનશાહતના ભાગ્યવિધાતા સાઇરસ ધી ગ્રેઇટ કે શહેનશાહ ડેરીઅસે પોતાનો કબજો કરી લીધો હશે[1] એમ સમજાય છે; અને ત્યાં પોતાનો સુબો-ક્ષત્રપ નીમ્યો હતો કે જેને ખંડણી નિમિત્તે ઠરાવેલ ધોરણ પ્રમાણે, ઉત્તરાણા પેટે સોનાની ધૂળ-તેજંતુરી ઘણા જથ્થામાં મોકલવી પડતી પણ હતી એમ વિદેશી ગ્રંથકાર હેરોડોટસના કથન ઉપરથી[2] સારી રીતે જાણી ચૂક્યા છીએ. વળી તે બાદ થોડાક-વર્ષે, તેવો જ

**પરદેશી હુમલાનો ઇતિહાસ**

---

(૧) C. H. I. P. 329; Cyrus the Great carried on campaigns with Indian borders, through East of Eran at sometimes between 558 and 530 B. C. the limits of his reign.=કે. હી. ઇ. પૃ. ૩૨૯:-ઇ. સ. પૂ. ૫૫૮ થી ૫૩૦ સુધી જે સાઈરસ ધી ગ્રેઈટના રાજ્યનો સમય ગણાય છે તે દરમ્યાન તેણે ઈરાનની પૂર્વમાં થઇને હિંદની સરહદ ઉપર હુમલા કર્યે રાખ્યા હતા.

Ibid P. 330:-It is doubtful whether he attained suzerainty over the Indian frontier itself=કે. હી. ઇ. પૃ. ૩૩૦:-તેણે હિંદ દેશની સરહદ ઉપર સાર્વભૌમત્વ મેળવ્યું હતું કે કેમ તે શંકાસ્પદ છે.

Ibid P. 331:-An embassy was sent to Cyrus by an Indian king=તે જ પુસ્તક પૃ. ૩૩૧:-હિંદી રાજાએ સાઇરસના દરબારે એક એલચીખાતું મોકલ્યું હતું

Ibid P. 332:-Both Nearchus ( Alexander the Great's admiral ) and Magasthenes deny that Cyrus ever reached India= તે જ પુસ્તક પૃ. ૩૩૨; નીયરકસ ( અલેકઝાંડરનો નૌકાપતિ ) તથા મેગેસ્થેનીઝ એમ બન્ને ના કબૂલ કરે છે કે સાઇરસ કદાપિ હિંદની સરહદ સુધી પહોંચ્યો હોય.

Ibid P. 613:-Cyrus appears to have subjugated the Indian tribes of the Hindukush and in the Kabul valley, especially the Gandharians. Darius himself advanced as far as the Indus= તે જ પુસ્તક પૃ. ૬૩૩; હિંદુકુશ અને કાબુલની ખીણમાંની હિંદી જાતોને-ખાસ કરીને ગાંધારના લોકોને સાઈરસે જીત્યા હોય એમ લાગે છે. ડેરીઅસ પોતે ( સાઈરસની પાછળ ગાદીએ આવનાર) સિંધુ નદી સુધી પહોંચ્યો હતો.

(૨) C. H. I- 335:-Herodotus iii, 94; cf. iii 89:-The Punjab was a part of the realm of king Darius about B. C. 518. In addition to the evidence of the inscriptions, the fact that a portion of Northern India was incorporated in the Achemenian Empire under Darius as attested by the witness of Herodotus, who in giving a list of the twenty Satrapies or Governments that Darius established, expressly states that the Indian realm was the twentieth devision-the population of the Indians is by far the greatest of all the people we know: and they paid a tribute proportionately larger

બીજો પશ્ચિમ દિશાનો સરહદી પ્રાંત, જેને હાલ સિંધ, બલુચિસ્તાન અને રાજપુતાનાનો પશ્ચિમ ભાગ કહીએ છીએ, તથા જે ભાગ ઉપર હાલ થરપારકરનું અને જેસલમીરનું રણ પથરાઈ રહેલું છે તથા જેને તે સમયે સિંધસૌવીર દેશ તરીકે ઓળખવામાં આવતો હતો તેના ઉપર ઉદયન રાજા રાજ્યકર્તા હતો; તેણે દીક્ષા લીધી હતી અને ફરતાં ફરતાં વિહાર કરતાં જ્યારે તે મુનિ પોતાના ભાણેજ–જે હવે રાજા તરીકે રાજ્ય ચલાવતો હતો–તેને પ્રતિબોધ દેવા માટે સ્વદેશે આવ્યા હતા તે સમયે મંત્રીની બૂરી સલાહના ભમાવ્યા તે રાજાએ, પોતાના મામા-મુનિને મારી નાંખવા ઉપાય યોજ્યા હતા. પરિણામે મુનિ તો દૈવરક્ષણે બચી ગયા હતા પણ તે દેશનું પાટનગર તથા દેશનો મુખ્ય ભાગ રેતીના વાવંટોળ અને વરસાદથી દટાઈ ગયો હતો[3]; તથા તે ભાણેજનું–રાજાનું મરણ નીપજ્યું હતું. તે સર્વે વૃત્તાંત આપણે પુ. ૧ પૃ. ૨૨૫ થી આગળ ઉપર ચર્ચી દીધો છે. આ નધણીયાતા મુલક ઉપર પણ, ઉત્તરે આવેલા પંજાબની માફક ઇરાની શહેનશાહનો જ ડોળો પડ્યો હોય અને તેને પણ હોઇયાં કરી[4] દેવાયો હોય એમ બનવાજોગ છે. વળી આ હકીકતને ઇરાનના ઇતિહાસથી ટેકો પણ મળતો દેખાય છે એટલે તે વાતને આપણે ખરી બનેલી બીના તરીકે જ સ્વીકારવી રહે છે. પંજાબ દેશનું જોડાણ શહેનશાહ સાઇરસના સમયે અને સિંધનું જોડાણ શહેનશાહ ડેરીઅસના સમયે બન્યું લાગે છે.[5]

આ પરદેશી હુમલા જો કે હિંદ ઉપર જ

---

than all the rest: the sum of three hundred and sixty talents of gold-dust: this immense tribute was equivalent to over a million pounds sterling & ⅓ of the levy imposed upon the Asiatic provinces.=કે. હિ. ઈ. પૃ. ૩૩૫:–હેરોડોટસ ૩. પૃ. ૯૪: સરખાવો, ૩ પૃ. ૮૯:–આશરે ઈ. સ. પૃ. ૫૧૮ માં પંજાબ પ્રાંત રાજા ડેરીઅસના રાજ્યનો એક ભાગ બની ગયો હતો. ડેરીઅસના રાજ્અમલે આચીમીનીઅન સામ્રાજ્યમાં ઉત્તર હિંદનો સમાવેશ થઈ ગયો હતો, એમ શિલાલેખથી સાબિત થઈ જવા ઉપરાંત હેરોડોટસ પણ તે વાતને સમર્થન કરે છે. કેમકે ડેરીઅસે પોતાના રાજ્યના જે વીસ પ્રાંતો પાડ્યા હતા તેનું લીસ્ટ રજૂ કરતાં સ્પષ્ટપણે તેણે જણાવ્યું છે કે હિંદનો પ્રાંત વીસમા નંબરે હતો ...જે સર્વ પ્રજાની આપણને માહિતી છે તેમાં હિંદી પ્રજાની વસ્તીનો આંકડો સૌથી મોટો છે અને બીજા સર્વ કરતાં તેઓ સરખામણીમાં ખંડણી પણ મોટી ભરે છે.—જે ખંડણી તેજંતુરી (સોનાની ધૂળ)ના ૩૬૦ ટેલંટ જેટલી થતી હતી. આ મોટી ખંડણીની કિંમત દશ લાખ બ્રીટીશ પૌંડ, જે એશિયાઈ પ્રાંતોની ખંડણીનો ૧/૩ ભાગ થતો હતો તેના કરતાં પણ વધારે હતી.

(૩-૪) C. H. I. P. 337:–(Sir M. A. Stein) He says that the part of the Indian territory (of Darius) towards the rising sun is sand: the eastern part of India is a desert on account of sand=કે. હી. ઇ પૃ. ૩૩૭ (સર. એમ. એ. સ્ટાઇન) તેનું કહેવું એમ થાય છે કે, રાજા ડેરીઅસના રાજ્યની સૂર્યોદય તરફની હદે (એટલે પૂર્વ બાજુએ) રેતી છે. હિંદની પૂર્વ બાજુએ રણ આવેલું હોવાથી (ત્યાં) રેતી જ રેતી છે. (આ ઉપરથી ખાત્રી થાય છે ડેરિઅસે સિંધનો પ્રદેશ પણ જીતી લીધો હતો અને તે વખતે ત્યાં રણ જેવું થઇ ગયું હતું=આપણે પુ. ૧ લામાં આ સ્થાને એટલે લારખાના જીલ્લામાં જ્યાં મોહનજાડેરાના ખંડિયેરો છે ત્યાં, તે પ્રાંતની રાજધાનીવાળું વીતભય-પટ્ટણ ઈ. સ. પૂ. ૫૩૦ ના અંદાજે દટાઈ ગયું હોવાનું નોંધ્યું છે. એટલે કે આ બન્ને હકીકત એક બીજાના ટેકારૂપ બની રહી છે.)

(૫) ઈરાનના શહેનશાહની વંશાવલી માટે જુઓ પુ. ૧. પૃ. ૭૨. ટી. નં. ૪.

થયા છે, પણ રાજ્યકર્તાઓ પોતાનો સ્થાયી મુકામ કરીને હિંદની ભૂમિમાં વસતા નહોતા એટલે આપણે આ પુસ્તકનાં પાને તેમના સમયનો વિશેષ અધિકાર ન લખતાં માત્ર તે બનાવોની આટલી ઊડતી નોંધ જ લઇને આગળ વધીશું. આને પ્રથમ વારનો હુમલો ગણવો પડશે.

આ પછી ઇરાની શહેનશાહોની સરખામણી સાથેની હિંદી સમ્રાટોની નબળાઇ સબળાઇના પ્રમાણમાં તે પ્રાંતોની હકુમતની ફેરબદલી થતી રહી છે. પણ એકદમ મોટો ફેરફાર તો, લગભગ બસો વરસે ગ્રીક રાજ્યની હદ વધારવાની મહત્ત્વાકાંક્ષા ધરાવતા યુવાન બાદશાહ અલેકઝાંડર ધી ગ્રેઇટના રાજ્યકાળે બન્યો છે. તેણે કેટલાય વરસના ચાલુ પ્રયાણ કરી, ગ્રીસ દેશની અને હિંદુસ્થાનની વચ્ચેની સઘળી ભૂમિનાં રાજકર્તાઓ સાથે યુદ્ધમાં ઉતરી તે સર્વેને જીતી લીધા હતા; અને અંતે તે ઈ. સ. પૂ. ૩૨૭ માં હિંદની તે વખતની પશ્ચિમ હદ બાંધતી સિંધુનદી સુધી આવી પહોંચ્યો હતો. તે વખતે હિંદ ઉપર પણ તેના સદ્‌ભાગ્યે એક નબળા મનના સમ્રાટનું જ રાજ્ય પ્રવર્તીને તુરતમાં જ ખતમ થયું હતું. તે સમ્રાટ બીજો કોઈ નહીં પણ મગધપતિ મૌર્યવંશી સમ્રાટ બિંદુસાર હતો ( જુઓ પુ. બીજું ). તેની નબળાઇનાં પરિણામે પંજાબદેશના સરદારો અને ખંડિયા રાજાઓમાં બળવા જેવી સ્થિતિ થઇ રહી હતી અને એક બીજાના ઉપર સરસાઈ ભોગવવાના વ્યામોહમાં અરસપરસનું વાઢી નાંખવામાં બહુ ઉદ્યમવંતા બની રહ્યા હતા. આ સ્થિતિનો લાભ લઇ, તે ચકોર યવન બાદશાહે તે સર્વેને એક પછી એક કબજે કરી લીધા અને તેમની પાસે પોતાની આણ સ્વીકારાવી; તથા પોતે જીત કરી છે તેનાં સ્મારક તરીકે કેટલાંક શહેર તથા લશ્કરી કિલ્લાઓ વસાવ્યા. જો કે હાલ તેમાંના કોઈ પણ અસ્તિત્વ ધરાવતા નથી, અથવા કોઇ રહી ગયા હશે તો કાળના ઝપાટામાં આવી જવાથી અસ્તવ્યસ્ત સ્થિતિમાં હોઇને બહુ ધ્યાન ખેંચે તેવા રહ્યા નથી.

તે શહેનશાહ હિંદની ભૂમિ ઉપર માત્ર ૧૮ માસ જ રહેવા પામ્યો છે. જો વધારે રહ્યો હતે તો વળી ઇતિહાસ જુદું જ સ્વરૂપ પકડતે; કારણ કે એક બાજૂ, જેવો તેનો સ્વભાવ હતો તેવો જ સામી બાજૂએ, હવે તેનો સામનો કરનાર તે વખતના મગધપતિ સમ્રાટ અશોકનો સ્વભાવ પણ હતો; તે આપણે ગ્રીક બાદશાહની છાવણીમાં બંને વચ્ચેની મુલાકાત વખતે થયેલ વાતચીતની ટપાટપી અને ચડભડાટી ઉપરથી જોઈ શકયા છીએ.[૧] આ કારણથી કે પછી તેણે પોતાના કદમ હિંદ ઉપર આગળ લંબાવતાંજ તેના સૈન્યનાં માણસો, જેઓ કેટલાય વરસથી માતૃભૂમિના દર્શનથી વિખૂટા પડેલ હોવાથી ત્યાં જવાને તલપાપડ બની રહ્યા છે માટે પાછું વળવું જોઇએ એવું બહાનું મળવાથી; કોણ જાણે કોના નશીબે, પણ તેને પોતાની મુરાદ પડતી મૂકવી પડી અને સ્વદેશ તરફ પ્રયાણ કરવું પડયું; પણ પાછા વળતાં વળતાં કેટલાક જીતેલા પ્રાંતો ઉપર પોતાના યવન સરદારોને તે નીમતો ગયો હતો તથા જૂના હિંદુ રાજાઓને પોતપોતાના અમલ મુલકો પાછા સોંપતો ગયો હતો. છતાં જેવી તેણે પીઠ ફેરવી કે, તેના આ બધા સરદારો તથા હિંદી રાજાઓ અંદર અંદર વઢી પડ્યા; અને તેમાં વળી ખુબી એ થઇ કે સઘળા યવન સરદારોની કતલ પણ થઇ ગઈ. એટલે હિંદ ઉપર પરદેશી અમલની નોંધ કરવાનો

( ૧ ) જુઓ પુ. ૨. પૃ. ૨૩૦ તથા તેના લખાણની જુદી જુદી ટીકાઓ.

પ્રસંગ આ વખતે પણ ઇતિહાસમાં ઉપસ્થિત થતો નથી; છતાં જે બનવા પામ્યું હતું તેનો સંક્ષિપ્ત હેવાલ પુ. ૨ માં પૃ ૨૨૬ થી પૃ. ૨૪૩ સુધીના એક આખા પરિચ્છેદમાં આપ્યો છે. આ બનાવને બીજો પરદેશી હુમલો[૭] કહી શકાય.

ઉપરના બનાવ પછી વાયવ્ય હિંદનો આ આખો પ્રદેશ સમ્રાટ અશોકે પોતાની સત્તામાં મેળવી લીધો હતો.

બાદશાહ સિકંદર સ્વદેશ પહોંચે તે અવલ ઈ. સ. પૂ. ૩૨૩ માં રસ્તામાં જ તેનું મરણ થઇ ગયું. એટલે તેના દેશની ગાદી માટે તેના સરદારોમાં આંતરવિગ્રહ થયો.[૮] તેમાંનો એક સરદાર જે સેલ્યુકસ નામે હતો તેણે તેની ગાદી મેળવી લીધી; તે બાદ થોડો વખત તો તેને તે બાજુએ જ પોતાની સ્થિતિ મજબૂત કરવાને ગાળવો પડ્યો; પણ બરાબર સ્થિર થતાં વેંત તેણે હિંદ જીતવા તરફ મન દોડાવ્યું. કોઇક ઇતિહાસકારના કહેવા પ્રમાણે લગભગ ૧૧ થી ૧૭ વાર હિંદના સીમા પ્રાંત ઉપર તેણે આક્રમણો કર્યાં હતાં. પણ છેવટે હારીને સમ્રાટ અશોક સાથે[૯] નામોશી-ભરેલી સરતો તેને કરવી પડી હતી અને પોતાના દેશ તરફ પાછું ફરવું પડયું હતું. આને ત્રીજો પરદેશી હુમલો કહેવો પડશે.

આમ વારંવાર પરદેશી ચડાઇઓમાં વિજયવંતુ નીવડવાનું હિંદની સરજતમાં લખાયલું નહોતું. એટલે ચોથી વારનો હુમલો લાંબો સમય પણ ચાલ્યો. વળી તેમાં નબળા રાજાઓની નબળાઈ હોવા ઉપરાંત ' કમ જોર ગુસ્સા બોત 'ની કહેવત પ્રમાણે પ્રજા ઉપર દમદાટી અને જોર-જુલમ પણ વધારે ગુજરાતો હતો; જેથી પ્રજામાં તેમની રાજનીતિથી અસંતોષ તથા કચવાટ પણ વધ્યે જતા હતા. એટલે કુદરતે જ કેમ જાણે આ પરદેશી આક્રમણકારોના ગળામાં વિજય-માળા આરોપવાનું ધાર્યું હોય નહીં, તેમ તેઓ ફાવ્યા હતા. અને તેમાંના કેટલાકે તો હિંદમાં પોતાની ગાદી સ્થાપી કાયમી વસવાટ પણ કર્યો હતો; જેથી તેઓને હવેથી આપણે હિંદી રાજકર્તા તરીકે લેખવા જ રહ્યા; તેટલા માટે તેમને લગતો ઇતિહાસ પણ આલેખવો જ રહ્યો. આ પરદેશી વસાહતોમાંથી હિંદ ઉપર ચડી આવનારાનાં નામો મુખ્યત્વે નીચે પ્રમાણે લેવાય છે. (૧) બેકટ્રીઅન્સ (૨) પાર્થીઅન્સ અથવા પલ્હવાઝ (૩) શક અથવા સીથીઅન્સ (૪) ક્ષહરાટાઝ અથવા ક્ષત્રપો.[૧૦] અને (૫) કુશાન.

આ પાંચે આક્રમણકારોનાં નામ અને મૂળ વિશે કોઈ ગ્રંથકારો સહમત થઇ શકયા નથી; તેથી જેને જેમ ફાવ્યું તેમ પોતાના અનુમાન દોરી તેમને અમુક અમુક મુલકના વતની ઠરાવી દીધા છે; અને તેના સમર્થનમાં જરૂરજોગી દલીલો તથા પુરાવા પણ પોતાના નિયમ પ્રમાણે રજૂ કર્યે રાખ્યા છે,

(૭) આ સમયે પરદેશી સરદારોએ હિંદમાં રહી શું કાર્યો કર્યાં હતાં તેનો ટૂંક હેવાલ જુદો જ ચિતર્યો છે. જુઓ પુ. ૨. પૃ. ૨૨૬ થી પૃ. ૨૪૩ નું વર્ણન.

(૮) Ind. Ant xxxvxii (1908) P. 25 within 2 years of Alexander's death, the Greek power to the East of the Indus had been extinguished –ઇ. એ. પુ. ૩૭ (૧૯૦૮) પૃ. ૨૫:–અલેકઝાંડરના મરણ બાદ બે વરસની અવધિમાં જ, સિંધુની પૂર્વમાં ઊભી થયેલ ગ્રીક સત્તાનો વિનાશ થઈ ગયો હતો.

(૯) જુઓ પુ. ૨. પૃ. ૨૭૫. ટી. નં. ૯૯.

(૧૦) જો કે ક્ષત્રપ તો એક જાતનો ખિતાબ-અધિકાર પરત્વે ઈલકાબ જ છે, પણ વિદ્વાનોએ હિંદ ઉપરના સર્વ ક્ષત્રપોમાંના સર્વેને લગભગ ક્ષહરાટ જાતિના ઠરાવી દીધા હોવાથી, મારાથી તે શબ્દનો ઉપયોગ અહીં થઈ ગયો છે. બાકી તો જેમ ઉપરની ચાર જાતનાં નામ આપ્યાં છે તેમ પાંચમી જાત તે ક્ષહરાટ પ્રજાની સમજવી.

છતાં તેમની કેટલીક દલીલો વદતોવ્યાઘાતના ન્યાયે એક બીજાની વિરૂદ્ધ જતી હોય એમ દેખાયાં કરે છે. તે બધા ગુંચવાડામાં અટવાઈ પડ્યા સિવાય, ખરી સ્થિતિ સમજવાને માટે આપણે તે સર્વેની બનતી માહિતી–ઇતિહાસ અને ભૂગોળરૂપે–તપાસી જોવી જરૂરની થઈ પડશે.

**તેમની ઉત્પત્તિનો ઇતિહાસ**

અત્યાર સુધીના પ્રાચીન કાળનો ઇતિહાસ સમજવા તથા તેમાં આવતી મુસ્કેલીનો ઊકેલ કરવા માટે જેમ પુરાણ આદિ વૈદિક સંપ્રદાયના ગ્રંથોની તથા જૈન સાહિત્ય ગ્રંથોની સહાય લેવી પડી છે, તેમ આ પ્રસંગ માટે પણ તેવાં જ ગ્રંથોમાંથી મળી આવતી હકીકતનો ઉપયોગ કરવો પડશે.

આપણે જે દેશનો ઇતિહાસ આળેખી રહ્યા છીએ અને જે હિંદમાં આપણે અત્રે વસવાટ કરી રહ્યા છીએ તેને પ્રાચીન સાહિત્ય ગ્રંથોમાં ભરતખંડ[11] અને જંબૂદ્વીપના એક અંશ તરીકે ઓળખાવાયો છે. અને તેની મૂળ પ્રજા જેને આર્ય અને અનાર્ય એવા બે ટૂંક ઉપનામથી ઓળખતા હતા. તેમાંથી ઉપર જણાવેલી પાંચે પ્રજાની ઉત્પત્તિ કેવી રીતે થવા પામી તે સર્વનો ઇતિહાસ સમજવો સહેલ થઇ પડે એટલા માટે પ્રથમ તે જંબૂદ્વીપની રચના વિશે–ભૂગોળ સંબંધી–આપણે કાંઇક ખ્યાલ લઈ લેવો જરૂરી ગણાશે.

**જંબૂદ્વીપની સમજુતિ**

સારી પૃથ્વીની રચના વિશે અત્યારની આપણી માન્યતા જે છે તેનાથી ઘણા જ જુદા પ્રકારની રચના પ્રાચીન સમયે ધારવામાં આવતી હતી. જૈન સંપ્રદાયના ગ્રંથોમાં એમ જણાવાયું છે કે સર્વ જમીન અને પાણી અઢી દ્વીપ અને અઢી સમુદ્રમાં વહેંચાયલાં હતાં. તેનો આકાર ગોળ હતો. તેમાં સૌથી પ્રથમ અને નાનામાં નાનો જે દ્વીપ તે મધ્યમાં હતો. તેને ફરતો ગોળાકારે સમુદ્ર હતો. જે પોતામાં વીંટાઇ રહેલ દ્વીપના કરતાં બમણો મોટો હતો. પાછો તેને ફરતો બીજો દ્વીપ જે હતો તે તેની અંદર રહેલ સમુદ્ર કરતાં બમણો મોટો હતો. આ પ્રમાણે પહેલી જમીન અને ફરતું પાણી, એમ ઉત્તરોત્તર ગોઠવણ થયેલી હતી અને તેનું ક્ષેત્રફળ બમણું થતું જતું હતું. આપણે અહીં તેમાં એકની સાથે નિસબત નથી, માટે તે સર્વને વર્જી દઇને, માત્ર જે મધ્યવર્તી દ્વીપ છે અને ક્ષેત્રફળમાં જે સાથી નાનામાં નાનો ગણાય છે તે એકલાના પૂરતી જ ઓળખ આપીશું.

તેને જંબૂદ્વીપ કહેવામાં આવતો હતો. તે ગોળાકારે હતો અને તેને ફરતું પાણી હોવાથી દ્વીપ નામ પણ સાર્થક હતું. તેનો વિસ્તાર એક લાખ યોજન ગણવામાં આવતો અને તેના મધ્યબિંદુ સમાન એક પર્વત હતો. તેનું નામ મેરૂપર્વત કહેવામાં આવતું. આ પર્વતની ઉત્તરે આવેલ પ્રદેશને ઉત્તર જંબૂદ્વીપ અથવા જંબૂદ્વીપનો

---

(૧૧) જો કે હાલ તો એકલા હિંદુસ્તાનને જ ભરતખંડ તરીકે ઓળખાવાય છે, પણ પ્રાચીન સાહિત્યમાં, જે પ્રદેશ ઉપર રાજા ભરતનું રાજ્ય તપતું રહ્યું હતું તે સર્વનો ભરતખંડમાં સમાવેશ કરાતો હતો અને રાજા ભરતનું રાજ્ય હિંદની બહાર પણ અનેક દેશોમાં હતું. એટલે તે હિસાબે ભરતખંડનો પ્રદેશ હાલના હિંદ કરતાં ક્યાંય મોટો કહી શકાય.

કેટલેક ઠેકાણે "મગધ દેશનું સ્થાન સમજાવતાં જંબૂદ્વીપના દક્ષિણ ભરતખંડમાં," આવા શબ્દ વપરાતા પણ નજરે પડે છે. તે ઉપરથી સમજાય છે કે, ભરતખંડની સંખ્યા એકથી વધારે હોવી જોઇએ જ. સરખાવો નીચેની ટી. નં. ૧૨.




આકૃતિ નં. ૧૫ ]  [ વર્ણન પૃષ્ઠ ૮૯




આકૃતિ નં ૧૭ ]  [ વર્ણન પૃષ્ઠ ૧૬૪

ડિમેટ્રીઅસ



( આકૃતિ નં. ૧૯ )

મિનેન્ડર



( આકૃતિ નં. ૨૦ )

ઉત્તર ભાગ અને દક્ષિણે આવેલ પ્રદેશને દક્ષિણ જંબૂદ્વીપ અથવા જંબૂદ્વીપનો દક્ષિણ ભાગ એમ કહેતા હતા.[૧૨] વળી આ મેરૂપર્વતમાંથી અનેક નદીઓ નીકળીને, ઉત્તરે તથા દક્ષિણે વહેતી અને બન્ને પ્રવાહની વચ્ચે આવતા પ્રદેશને ભિન્ન ભિન્ન નામે ઓળખવામાં આવતા હતા.

પૂર્વ સમયે આ જંબૂદ્વીપમાં હાલની કઇ કઇ પૃથ્વીનો સમાવેશ થતો હતો તે કોઇ ગ્રંથમાં સ્પષ્ટપણે જણાવેલ નથી, તેમ કોઈ અનુમાન નિશ્ચિતપણે કરી શકાય તેવી માહિતી તેમાંથી ઉપલબ્ધ પણ થતી નથી; છતાં ભાંગ્યા-તૂટયાં જે કાંઇ સાધન-સામગ્રી મળી શકે છે તે ઉપરથી આપણા પ્રયોજન પૂરતું તારણ તેમાંથી ઉપજાવી કઢાય તેમ છે જ. એટલે તેનો વિચાર રજુ કરૂં છું.

[ એક ખુલાસોઃ—સકળ વિશ્વની રચનામાં, અત્ર જંબુદ્વીપને સૌથી વચ્ચે કહ્યો છે, તેને ફરતો ગોળાકારે વીંટળાઈ રહેલ, સમુદ્ર ગણાવ્યો છે; વળી તેને ફરતી વીંટળાઇને પડેલી બીજી પૃથ્વી કહી છે: તેને ફરતો પાછો દરિયો કહ્યો છે: આમ એક પૃથ્વી અને બીજો દરિયો તે પ્રમાણે વારાફરતી જમીન અને પાણીના પ્રદેશો હતા એમ સમજી લેવા જણાવ્યું છે. વર્તમાન-કાળના વિદ્યાર્થીઓને એક શંકા અહીં ઊભી થશે, જેના ખુલાસા માટે આ હકીકત અહીં લેવી પડી છે.

તેમની શંકા—પૃથ્વી ગોળ છે: તે સ્થિતિ જેમ અમે સ્કૂલમાં ભણીએ છીએ તેમ આ પુસ્તકમાં પણ સ્વીકારાઈ છે; જ્યારે બન્ને પક્ષ આટલે દરજ્જે એકમત છે ત્યારે પાછા તમે એમ કહો છો કે, પૃથ્વીને ફરતો તો સમુદ્ર છે. અને વળી પાછી અન્ય પૃથ્વી આવે છે. અમને તો એમ જણાવવામાં આવ્યું છે કે, પૃથ્વીને ફરતી પ્રદક્ષિણા કરીએ તો તેને તે જ સ્થાને પાછા આવીને ઉભા રહેવાય છે; કેમકે પૃથ્વી ગોળા-કારે જ છે. એટલે કે પૃથ્વી સ્વતંત્ર છે અને તેની સંખ્યા માત્ર એક જ છે. તેથી તેને ફરતો દરિયો અને તેનીયે પેલી વાર નવી બીજી પૃથ્વી

(૧૨) જેમ જંબૂદ્વીપની મધ્યમાં પર્વતમાળા તથા નદીઓ વહેતી હોવાથી, ઉત્તર દક્ષિણ એવા બે ભાગ પડયા હતા, તેમ વર્તમાન હિંદની મધ્યમાં પણ વિંધ્યાચળ પર્વત આડો પડેલ હોવાથી તથા નર્મદા, તાપી અને મહી નદી એક બાજુ તથા બીજી બાજુ ગંગા, સિંધુ, બ્રહ્મપુત્રા વિગેરે નદીઓ હોવાથી કેટલાક વિદ્વાનો એવો અનુમાન કરવાને પણ લલચાઈ જાય છે કે, વર્તમાન હિંદુસ્તાન તે જ જંબૂદ્વીપ હોવો જોઇએ અને પછી તેના ઉપર જણાવ્યા મુજબ, ઉત્તર અને દક્ષિણ એમ બે ભાગ પડયા હતા; પણ તે કથન સાચું નથી. તેની વિરૂદ્ધમાં નીચેના મુદ્દાઓ જણાવીશ.

[૧] જંબૂદ્વીપનું ક્ષેત્રફળ હિંદ કરતાં અનેક-ગણું મોટું છે. ( જુઓ ટી. ૧૩. )

[૨] હિંદ તે જ જંબૂદ્વીપ હોય તો, હિંદની ચારે બાજુ ફરતો દરિયો નથી; એટલે તેને દ્વીપ ન કહી શકાય. તેમ જંબૂદ્વીપને કોઈ પણ ગ્રંથમાં જંબૂ-દ્વીપકલ્પ તરીકે નથી ઓળખાવાયો.

[૩] ઉપરનું ટી. નં. ૧૧ જુઓ. તેમાં મગધ દેશને ' જંબૂના દક્ષિણ ભરતખંડમાં હોવાનું ' જણાવાયું છે. જો હિંદ તે જ જંબૂદ્વીપ માનીએ તો મગધની સ્થિતિ ' દક્ષિણ ભરતખંડમાં ' ન લખતાં ભરતખંડમાં જ લખવી પડત; વળી ભરતખંડ તથા હિંદ તે બન્નેને એક લેખો, તો યે મગધને તો ઉત્તર ભરતખંડમાં આવવાનું લખવું પડત, મતલબ કે હિંદ અને ભરત-ખંડ પણ જુદા છે. તેમ ભરતખંડ એક કરતાં વિશેષ સંખ્યામાં પણ છે. ( સરખાવો ઉપરની ટી. નં. ૧૧. )

આ ત્રણ કારણથી હિંદ અને જંબૂદ્વીપ ભિન્ન ભિન્ન દેખાય છે.

હોવાનું જણાવો છે તે તદ્દન અસંભવિત લાગે છે.

શંકાનું સમાધાન—તમે ઉપર જે કહ્યું તેમાં તો અમે પણ તમને સહમત છીએ, પણ એક વસ્તુ તમે ભૂલી જાઓ છો. તમે જે પ્રદક્ષિણાની વાત કહો છો તે તો આ પૃથ્વીના તળ ઉપર રહીને જ–એટલે કે પૃથ્વીની સપાટી ઉપર રહીને જ within this world : on the surface of this world—કર્યા કરવાની જણાવી; પણ તેની બહારની–outside it–વાત તમે કેમ છોડી દીધી ? જેમકે પૃથ્વીની સપાટી છોડી દઈને—without this world, outside this world એટલે કે this world alone does not form the whole Universe. There are many other things outside it in the Universe=સકળ વિશ્વ એટલે આ પૃથ્વી જ માત્ર એમ નથી; તેમાં તો આ પૃથ્વીની બહારની ઘણીએ વસ્તુનો સમાવેશ થઈ જાય છે-દૂર દૂર વ્યોમપ્રદેશમાં અનેક ગ્રહો અને તારાઓ તમે લેખો છો તથા તે સર્વેને નાના મોટા ભૂમિખંડો ગણાવો છો; જેમાંના એકને મંગળના ગ્રહ તરીકે ઓળખાવી ત્યાં રહેતાં મનુષ્યોને દૂરબીનવડે જોઇ શકવાનું તથા ભવિષ્યમાં કદાચ તેમની સાથે વાતચીત કરી શકવાનું પણ બને તો બને. એવી ઉમેદો તમે જે ધરાવી રહ્યા છો તેનું કેમ ? મતલબ કે, આપણી આ પૃથ્વીની બહાર તમે જેમ અન્ય ભૂમિખંડો તરીકે અનેક ગ્રહ વિગેરે માનો છો, તેમ જંબૂદ્વીપની બહાર અન્ય પૃથ્વી હોવાનું અમે જે વિધાન આ પુસ્તકમાં દોરી બતાવ્યું છે તે કોઇ રીતે અસંભવિત નથી. ]

ઉપર જણાવી ગયા પ્રમાણે જંબૂદ્વીપનો વિસ્તાર એક લાખ યોજન દર્શાવ્યો છે, પણ એક યોજનના ચાર ગાઉ અને એક ગાઉના દોઢ કે બે માઇલ ગણતાં, તેનો વિસ્તાર છ થી આઠ લાખ માઇલ જેટલો જ આવે; અને તેનું ચોરસ માપ કાઢો તો છત્રીશથી ચોસઠ લાખ ચોરસ માઇલ થાય; જ્યારે વર્તમાન હિંદુસ્તાન એકલાનું જ ક્ષેત્રફળ ( ૧૫૦૦ માઇલ પૂર્વ પશ્ચિમ અને ૧૮૦૦ માઇલ ઉત્તર દક્ષિણ ગણતાં) સત્તાવીશ લાખ ચોરસ માઇલ નોંધાયું છે. અને એટલું તો નિશ્ચિત છે કે જંબૂદ્વીપમાં હિંદુસ્તાનના મુલક ઉપરાંત બીજી અનેક જમીન તથા શાકદ્વીપ જેવડો મોટો ટાપુ પણ સમાઈ જતો હતો. એટલે કે, જંબૂદ્વીપને તો હિંદુસ્તાન કરતાં અનેકગણો મોટો હોવાનું જ ધારવામાં આવ્યું છે.[૧૩] એટલે એમ થયું કે જે એક લાખ ચોરસ યોજનનું પ્રમાણ બતાવ્યું છે તે તેનું ક્ષેત્રફળ નથી. પણ અન્ય કોઇ પ્રમાણ દર્શાવતું વચન હોવું જોઇએ. આ બાબત ઉપર વિચાર કરતાં એક હકીકત મને યાદ આવે છે કે, અન્ય સ્થળે સૌરાષ્ટ્રમાં આવેલા શત્રુંજય પર્વતના[૧૪] વિસ્તારનું વર્ણન કરતાં એમ સાબિત કરાયું છે કે, પ્રાચીન ગ્રંથોમાં 'પ્રમાણ' શબ્દ જેને અત્યારે આપણે ડાયામીટર=વ્યાસ કહીએ છીએ તે ભાવાર્થમાં વપરાતો હતો. એટલે તે હિસાબે છ લાખના વ્યાસવાળા પદાર્થનો પરીધ $\frac{૬\times૨૨}{૭}$=૧૮$\frac{૬}{૭}$ આવે અને તેનું ચોરસ માપ કરતાં ૧૮$\frac{૬}{૭}$×૧૮$\frac{૬}{૭}$=૩૨૫ લાખ ચો. માઇલ અંદાજે ક્ષેત્રફળ આવશે. આ ઉપરથી હવે વિચારવું રહે છે કે, આવડા મોટા પૃથ્વીના

(૧૩) જુઓ ઉપરની દલીલ ૧૨ માં દર્શાવેલા હિંદ વિશેના મુદ્દાઓ.

(૧૪) જુઓ ભાવનગરથી પ્રસિદ્ધ થતા "જૈન ધર્મ પ્રકાશ" નામના માસિકનો સં. ૧૯૮૯. પુ. ૪૯, અંક ૫; શ્રાવણ માસમાં "કોટિ" શબ્દના અર્થવાળો મારો લેખ.

વિસ્તારમાં વર્તમાન કાળના કયા કયા પ્રદેશોનો સમાવેશ થઇ શકે; તે માટે બહુ લંબાણમાં ન ઉતરતાં નીચે આપેલ ટીપણમાં જે આંકડા ધી રૉયલ ઇન્ડીયન વર્લ્ડ ઍટલાસમાંથી મેં ઉતાર્યા છે [૧૫] તે જોવાથી તુરત જ એ સાર કાઢી શકાશે કે જેને અત્યારે આપણે પૂર્વ ગોળાર્દ્ધ તરીકે ઓળખી રહ્યા છીએ તેનું ક્ષેત્રફળ લગભગ પ્રાચીન ગ્રંથોમાં વર્ણવાયલા જંબૂદ્વીપ જેટલું જ આવી રહે છે. એટલું જ નહીં પણ ઉપરમાં જે જણાવ્યું છે કે, જંબૂદ્વીપ કરતાં તેને ફરતા વીંટળેલ સમુદ્રનું માપ બમણું હતું તો તે બીના પણ આ પૂર્વ ગોળાર્દ્ધની બાબતમાં સત્ય પૂરવાર થઇ જાય છે; કેમકે તેમાં આવી રહેલ જમીનનું પ્રમાણ તેના પાણીના ભાગ કરતાં લગભગ અડધું જ આવે છે. એટલે કે બે ભાગ પાણીના છે અને એક ભાગ જમીનનો છે. અને જો આ હકીકત આપણે ગણિતશાસ્ત્રના હિસાબે માન્ય રાખીએ તો પછી સાબિત થઇ ગયું કે, પ્રાચીન સાહિત્યમાં વર્ણવાયલો જંબૂદ્વીપ અને તેને ફરતો વીંટળાયેલ જે પહેલો સમુદ્ર કહ્યો છે તે સર્વનો સમાવેશ વર્તમાન કાળના પૂર્વ ગોળાર્દ્ધમાં થઈ જાય છે. આ ઉપરથી એક બીજી પરિસ્થિતિ પણ તારવી શકાય છે કે, વર્તમાન કાળે કાંઇપણ હિસાબના આંકડા મૂકયા વિના અથવા તો અમુક કથનમાં તત્ત્વ શું હોઈ શકે તેનો લેશ-

(૧૫) પૃથ્વી.

| ક્ષેત્રફળ. | ચો. મા. |
|---|---|
| યુરોપ | ૩, ૭૫૬, ૯૭૦ |
| એશિયા | ૧૭, ૨૧૨, ૬૮૦ |
| ઑસ્ટ્રેલીયા | ૨, ૯૬૪, ૦૦૦ |
| આફ્રિકા | ૧૧, ૫૧૪, ૭૭૦ |
| ઉ. અમેરિકા | ૭, ૯૮૦, ૩૫૦ |
| દ. અમેરિકા | ૬, ૮૫૪, ૧૦૦ |
| | ૫૦, ૨૦૨, ૮૭૦ |

પણ સારી પૃથ્વીનું ક્ષેત્રફળ (નીચે જુઓ) ૫૨,૦૦૦,૦૦૦ ગણાય છે એટલે બાકી જે ૧,૮૦૦,૦૦૦ ચો. મા. રહ્યા, તે છુટાછવાયા ટાપુ વિગેરેનું પ્રમાણ ગણી લેવું.

પૃથ્વી ચો. મા. અથવા

જમીન=૫૨,૦૦૦,૦૦૦ } ૧ ભાગ જમીન
પાણી=૧૪૫,૫૦૦,૦૦૦ } ૨.૮ ભાગ પાણી

તેમાં પણ

પૂર્વ ગોળાર્દ્ધ

જમીન=૪૪,૦૦૦,૦૦૦ } ૧ જમીન
પાણી=૫૫,૦૦૦,૦૦૦ } ૧.૨ ભાગ પાણી

પશ્ચિમ ગોળાર્દ્ધ,

જમીન ૮,૦૦૦,૦૦૦ } ૧ ભાગ જમીન
પાણી ૯૦,૦૦૦,૦૦૦ } ૧૧.૩ ભાગ પાણી

પૂર્વ ગોળાર્દ્ધમાં જમીન અને પાણીનું પ્રમાણ ૧ અને ૧.૨ ના પ્રમાણમાં છે. આ માપ ક્ષેત્રફળની ગણત્રીએ કહેવાય; પણ પાણીના સમુદ્રની જુદી જુદી ઊંડાઈઓ ધ્યાનમાં લઈને પછી સમભાગની ઊંડાઇએ તેનું ક્ષેત્રફળ કાઢીએ તો, ૧.૨ કરતાં ઘણું વધી જશે; કેમકે દુનિયામાં સૌથી ઊંડામાં ઊંડો પાસિફિક મહાસાગર, તે પૂર્વ ગોળાર્દ્ધમાં જ મુખ્ય ભાગે આવેલ છે; વળી ઊંડાઈનું માપ અહીં એ માટે લેવાનું મેં સૂચવ્યું છે કે, જ્યાં પૂર્વે જમીન હોય છે ત્યાં પાણી થાય છે અને પાણી હોય છે ત્યાં જમીન થાય છે: આ પ્રમાણે ચમત્કારો થાય છે; અને તેમ થાય એટલે સાબિત થયું કે પાણી કાંઈ ઉભરાઈને બહાર નીકળી જતું નથી પણ તેના પ્રમાણમાં ત્યાં ઊંડાઈ વધી જઈને સઘળું પાણી સમાઇ જાય છે તથા એક સરખી સપાટી ધારણ કરી લે છે. એટલે જ પાણીના ક્ષેત્રફળનો વિચાર કરતી વખતે તેની ઊંડાઇ પણ વિચારવી રહે છે.

[ નોટઃ હિંદનું ક્ષેત્રફળ ૨૭ લાખ ચો. મા. છે, જ્યારે સમસ્ત પૃથ્વીની જમીનનું ૫૨૦ લાખ ચો. મા. છે; એટલે ૧૯.૨ હિંદુસ્તાન થયા. અને પૂર્વ ગોળાર્દ્ધ ૩૭૦ લાખ હોવાથી ( ૫૨૦ માંથી બન્ને અમેરીકાના

માત્ર પણ વિચાર કર્યો વિના, કેટલાકને જે એવી એક આદત જ પડી ગઈ છે કે, પ્રાચીન ગ્રંથોમાં વર્ણવાયલી સર્વ હકીકતો કાંઈ પણ આધાર વિના જ ઘડયે રાખી છે એમ ઉચ્ચાર્યે રાખે છે, તે સર્વની પણ ખાત્રી થશે કે તેમાં પ્રાચીન પુરૂષોનો દોષ જે છે તેના કરતાં પોતાની બુદ્ધિમંદતા અને વિચારશક્તિનો અભાવ જ વિશેષ અંશે દોષિત છે. વળી આ પ્રમાણેનું જ કથન પુરાણોમાં અને અન્ય સાંપ્રદાયિક ગ્રંથોમાં વર્ણવાયલી ઐતિહાસિક ઘટનાઓના સંબંધમાં પણ, પ્રથમ બહાર પડી ગયેલ આ પુસ્તકના બે વિભાગમાં મારે વારંવાર જણાવવું પડયું છે.

આ પ્રમાણે જંબૂદ્વીપની હદ લગભગ ચોક્કસ થઈ જવાથી તેના ઉત્તર અને દક્ષિણ બે ભાગ પાડવાનું પણ જેમ સુગમ થઇ પડે છે તેમ ઇતિહાસ સાથે સંબંધ ધરાવતાં અન્ય કેટલાંક ભૌગોલિક તત્ત્વો પણ તેના ખરાં સ્વરૂપમાં સમજી શકાય તેવી સ્થિતિ ઊભી થતી નજરે પડે છે. જેમકે (૧) પૂર્વગોળાર્દ્ધની મધ્યમાં પશ્ચિમથી પૂર્વ સુધી એક સીધી રેખા દોરીએ તો તે ભૂમધ્યસમુદ્ર, કાળોસમુદ્ર, કાસ્પિઅન સમુદ્ર, તથા એશિઆઈ તુર્કસ્તાનમાંની ઓકસસ નદીવાળા પ્રદેશ( કે જેની બે શાખાને સીરદરિયા અને આમુદરિયા કહેવાય છે તથા જે પ્રદેશમાં મર્વ નામનું શહેર આવ્યું છે )માંથી પસાર થઇને આગળ પૂર્વમાં જે પર્વતમાળા લંબાતી લંબાતી શાંઘાઇ–કંતાન શહેર પાસે સમુદ્રને મળે છે ત્યાં સુધી તે રેખા લંબાતી ગણી શકાશે; તથા તે પ્રમાણમાં જંબૂદ્વીપના ઉત્તર અને દક્ષિણ એવા બે ભાગલા પાડતી બતાવાશે; વળી સાથે સાથે એમ પણ અનુમાન દોરી શકાશે કે, (૨) જંબૂદ્વીપનું મધ્ય બિંદુ 'મેરૂપર્વત' હોવાનું જે આપણે ઉપરમાં જણાવ્યું છે તે કાંઇક વાસ્તવિક દેખાય છે : ( શું ત્યારે પ્રાચીન સમયના Meru શબ્દમાં ફેરફાર કરીને વર્તમાનનો Merv શબ્દ યોજાયો હશે ? ) (૩) વળી કુદરતી ચમત્કારો બને છે ત્યારે કેટલીક વખતે જમીનને સ્થાને જળ અને જળને સ્થાને જમીન થઇ આવે છે; તેમજ જમીન ઉપસી આવીને પર્વતોનું અસ્તિત્વ પણ થઈ જાય છે; એવું ભૂશાસ્ત્રના વૈજ્ઞાનિકોએ જે સૂત્ર શોધી કાઢયું છે તેને અનુસરીને એમ પણ આપણે કહી શકીએ કે, આ મેરૂપર્વતની એક બાજુની જમીન ઢંકાઇ જઇને જળમય થઇ ગઇ લાગે છે જ્યારે બીજી બાજુની ઉપસીને પર્વતમય બની ગઈ છે (૪) અને તે પ્રમાણે જળમય બની જતાં, કેટલીક પૃથ્વીનો ભાગ સપાટ હોવાથી મોટા સમુદ્રરૂપે-ભૂમધ્યસમુદ્ર તરીકે નજરે પડી રહ્યો છે. જ્યારે કેટલોક ભાગ ઊંડો બેસી જવાથી કે આસપાસની જમીન ઊંચી ઉપસી આવવાથી, તે ભાગમાંનું જળ એક બીજાની સાથે મળી ન જતાં, તેનાં એરલ સરોવર,[૧૬] અને કાસ્પિઅન સમુદ્ર[૧૭] જેવાં જળાશયો

૧૫૦ બાદ જતાં) તેમાં ૧૩૦૭ હિંદુસ્તાન જેટલો પ્રદેશ સમાઈ શકે એમ ગણવું રહે છે. ]

(૧૬) આનો વિસ્તાર બહુ મોટો હોવાથી કેટલાક વિદ્વાનો તેને સમુદ્ર પણ કહે છે; જ્યારે તેનું પાણી મીઠું હોવાથી કેટલાકો તેને સરોવર કહીને પણ ઓળખાવે છે.

સામાન્ય રીતે એવો નિયમ હોય છે કે, ( ૧ ) સમુદ્રો હંમેશાં એક બીજાને જોડાયલા જ હોય છે તેથી ( ૨ ) તેનું પાણી ખારૂં જ રહે છે. આ બન્ને નિયમો એરલના કિસ્સામાં સચવાતા નથી એટલે તેને એરલ સરોવર કહેવું વધારે ન્યાયસરનું કહેવાશે.

( ૧૭ ) સમુદ્રને લગતા જે બે નિયમો ઉપરની ટી. નં. ૧૬ માં આપણે જણાવ્યા છે તેમાંના એકનુ પરિપાલન કાસ્પિઅનની સ્થિતિમાં થાય છે પણ બીજાનું

બની ગયાં છે; અથવા તો નાની નાની સામુદ્રધુની-વડે જોડાઇ જઇને પોતાનું અસ્તિત્વ બતાવતા—મારમોરા અને કાળા સમુદ્રરૂપે દેખાતા થઇ ગયા છે. (૫) બની રહેલાં સર્વે આ જળાશયો-માંથી માત્ર એરલ સરોવરનું જ પાણી મીઠું છે. વળી તેમાં ઓકસસ અથવા ઝ્રરસીઝ નદી-પોતાની બે શાખારૂપે-સામાન્ય નિયમથી ઊલટી રીતે વહી, અપવાદ બની જઇને મળે છે; (કેમકે સાધારણ રીતે નદીઓનું મૂળ સરોવરમાંથી ઊભું થાય છે પણ તેને મેળવી લઇ તેનું મુખ તે બનતું નથી. [18] એટલે એમ બનવા સંભવ છે કે, જૈન સાહિત્યમાં વર્ણવાયલી અને મેરૂપર્વત-માંથી નીકળે છે એમ જણાવેલી સિંધુ અને ગંગા નદીમાંથી છૂટાં પડી ગયેલી તેના અંશોરૂપે આ બે નદીઓ હશે. (૬) મર્વ શહેરની પૂર્વ તરફના પર્વતની હારમાળામાંનો કાંઇક ભાગ તદ્દન નવીનપણે ઉપસી આવીને નજરે પડતો થયો હોય, તેમજ કાંઇક પ્રથમથી હોય તેમાં ઉમેરો થવાથી વિશેષ ઊંચાઇને પામ્યો પણ હોય. (૭) વળી શાકદ્વીપનો સમાવેશ તેમણે ભલે જંબૂદ્વી-પમાં કર્યો છે પણ તે એક સ્વતંત્ર અંશ હોઇને તેની સમજુતી જુદી જ આપવી ઠીક થઈ પડશે.

ઉપર વર્ણવી ગયેલા જંબૂદ્વીપમાં જે એક મોટા અને અતિ વિસ્તૃત બેટ[19] પથરાયલો હતો તેને શાકદ્વીપ કહેવામાં આવતો

**શાકદ્વીપ વિષેની સમજુતી**

હતો. કહેવાય છે કે શાકદ્વીપ પ્રાચીન સમયે જંબૂદ્વીપની પશ્ચિમે તથા દક્ષિણે પથરા-યલો હતો. પણ કાળાંતરે તે શાકદ્વીપમાં કેટલોક ભાગ ઊંચો—નીચો થઇ જવાથી તથા કેટલાક ઉપર પાણી ફરી વળવાથી, તેના ઘણા નાના વિભાગો થઈ ગયા છે. જેમાં આફ્રિકાખંડનો તથા તેની અને હિંદના કિનારા વચ્ચે આવેલા માડાગાસ્કર, સેચીલીઝના ટાપુ, અરબસ્તાનનો દ્વીપકલ્પ તથા લક્ષદ્વીપ અને માલ દ્વીપના ટાપુઓ ઈ. ઈ. નો[20] સમાવેશ થઇ જતો

---

નથી થતું; છતાં તેના અતિ મોટા વિસ્તારને લઇને સમુદ્રનું નામ આપ્યું છે તે યોગ્ય જ લાગે છે.

(૧૮) આવા કુદરતી નિયમોથી વિરૂદ્ધ જઇને દેખાતાં સરોવર-જેને આપણે અપવાદરૂપ કહીશું તેવાં ત્રણ ચાર જ માત્ર નજરે પડે છે, જેવાં કે (૧) એરલ (૨) અફગાનિસ્તાનમાં આવેલ હામન (૩) અને ઉ. અમેરિકામાંનાં કેટલાંક સરોવરો.

(૧૯) મૌ. સા. ઇ. પૃ. ૪૪:-પ્રાચીન સાહિત્ય કે સપ્તદ્વીપોમેં એક દ્વીપકા નામ શાકદ્વીપ હૈ। ઈસ શાક-દ્વીપસે સંપૂર્ણ પશ્ચિમીય એશિયાકા ગ્રહણ હોતા હૈ। પ્રાચીન પર્શિયામેં એક પ્રાંતકા નામ સૈકી (Sacae) ભી થા। શક શબ્દ ઈસ સૈકી પ્રદેશમેં રહેનેવાલોંકે લિયે પ્રયુક્ત હોતા થા। મનુકે અનુસાર શગલોક, કાંબોજ, પહ્લવ, પારદ ઔર યવન ઈન ઉપવિભાગોમેં વિભકત થે। ઈન્હી શગ લોકોંકે રાજા સાઇરસકો શકનૃપતિકે નામસે કહ ગયા હૈ (વળી આગળ ઉપર જુઓ.)

'ભગવાન પાર્શ્વનાથ, નામનું એક પુસ્તક (મુદ્રિત ૧૯૮૭ સુરત) પૃ. ૧૭૦માં લખ્યું છે:-" એક યુરોપીય વિદ્યાવિશારદ શંખદ્વીપકો આજકાલકા મિશ્ર (મિસર-Egypt) સિદ્ધ કરતે હૈ (જુઓ એશિ. રીસર્ચ પુ. ૩, પૃ. ૧૦૦) ઔર ઈસમેં શાક્ષસસ્થાન પ્રમાણિત કરતે હૈ જીસકું શેખાસ્તેન નામસે ઉલ્લેખિત કરતા હૈ। યહ સ્થાન મૌજુદ અલકઝાંડ્રિયાકે હી સ્થળ થા (મજ-કુર પુસ્તક પૃ. ૧૮૯.)

[આ બન્ને ટાંચણોને ભેગા કરીને વાંચીશું તો જણાશે કે, હાલના પર્શિયાના એક પ્રાંતથી માંડીને મિસર દેશ સુધી નો પ્રદેશ શાકદ્વીપમાં જ ગણાતો. એટલે મિસરની પશ્ચિમનો બાકીનો આફ્રિકા ખંડનો ભાગ પણ શાકદ્વીપમાં જ આવી જતો ગણાય; કેમકે જંબૂદ્વીપમાં જ તેનો પણ સમાવેશ થતો હતો એમ આપણે ઉપર જણાવી ગયા છીએ. ]

(૨૦) હિંદની દક્ષિણે આવેલા ઓસ્ટ્રેલિયા, જાવા, સુમાત્રા વિગેરે દ્વીપોના સમૂહને પણ કેટલાકના મત

હશે એમ કહી શકાય છે. આ હકીકતમાં કેટલું સત્ય સમાયલું છે તે નક્કી કરીને નિર્ણય કરવાનું કામ આપણું નથી જ. તે વસ્તુ તો તે તે વિષયના અભ્યાસીઓને સોંપી દઇશું; છતાં કેટલીક હકીકતો, જે જૈન તેમજ વૈદિક આમ્નાયના ગ્રંથોમાં ( નીચેના વાકયે જુઓ ) જણાયલી છે તે ઉપરથી એમ તો જણાય છે જ, કે શાકદ્વીપ એક મોટો બેટ હશે. તેમાં લખેલું છે કે, રામલક્ષ્મણના વારામાં રામના પુત્ર લવકુમારનું રાજ્ય[૨૧] શકદ્વીપના એક ભાગમાં હતું; તેમજ મહાભારતના કાળમાં કૃષ્ણના પુત્ર શાંબકુમારનું રાજ્ય[૨૨] આ શાકદ્વીપ ગણાતા દ્વીપમાં હતું. વળી આપણા વયોવૃદ્ધ અને અઠંગ અભ્યાસી મર્હુમ[૨૩] સર જીવણજી મોદીનું એવું મંતવ્ય છે કે, [૨૪]પુરાણો વખતનો તે શાકદ્વીપ, તે હાલનો ઈરાન અને તેની પશ્ચિમનો દેશ સમજવો. તેમ બીજા એક વૈદિકગ્રંથના અભ્યાસીએ શોધખોળથી એમ સાબિત કર્યું છે કે, ગ્રીસના ક્રીટ અને આયોનિયન ટાપુઓ પણ શાકદ્વીપની પશ્ચિમ દિશા તરફની અંતિમ હદ ઉપર આવેલા હતા. ગમે તેમ હો, પણ ઉપરમાં ટાંકેલાં જુદાં જુદાં મંતવ્યો ઉપરથી એવો નિષ્કર્ષ નીકળે છે કે, હાલનો આખો ઇરાન તથા અફગાનિસ્થાનની પશ્ચિમનો થોડો ભાગ; મૂળે શાકદ્વીપમાં[૨૫] ગણાતો. એટલે જો આ પ્રમાણેનું મંતવ્ય સાચું ઠરે તો એમ પણ અનુમાન દોરી શકાય કે, ઉત્તરે કાસ્પિઅન સમુદ્ર અને દક્ષિણે સિંધુ નદીના મુખ પાસેનો દરિયો; તે બેની વચ્ચે આવેલો જે જમીનવાળો મુલક છે[૨૬] તે મૂળમાં એક બાજૂ જંબૂદ્વીપ અને બીજી બાજૂ શાકદ્વીપ વચ્ચેનો દરિયો હોવો જોઇએ; અને પાછળથી કોઇ મોટો ધરતીકંપ કે પ્રલય જેવું થયું હશે તે સમયે આટલો સમુદ્રવાળો ભાગ અદશ્ય થઇને તેમાંથી જમીન ઉપસી આવી હશે. વળી આવા ફેરફાર જ્યારે થાય છે ત્યારે સ્વાભાવિક રીતે જ દરિયાનો જે ભાગ છીછરો હોય છે તે જમીનરૂપે બહાર નીકળી આવે છે પણ જે વિશેષ ઊંડો ભાગ હોય છે તે ચારે તરફથી જમીનવડે ઘેરાઇને નાના

---

પ્રમાણે આ શાકદ્વીપના અંશો જ માનવામાં આવે છે.

( ૨૧ ) રાજ્ય એટલે રાજગાદીનું સ્થાન નહીં, પણ તેમના અધિકાર તળેનો પ્રદેશ હતો એમ સમજવાનું છે.

( ૨૨ ) નીચેની ટીકા નં. ૨૪ જુઓ.

( ૨૩ ) આ લખાણનું ટીપણ લેવામાં આવ્યું ત્યારે સર જીવણજી મોદી જીવંત હતા, પણ જ્યારે આ પુસ્તક પ્રેસમાં ગયું ત્યારે તેઓ બેહેસ્તનસીન થયા એટલે હવે ' મર્હુમ ' શબ્દ ઉમેરવો પડયો છે.

( ૨૪ ) ધી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં તેમણે આપેલું વાર્ષિક વ્યાખ્યાન બુદ્ધિપ્રકાશ પુ. ૭૬ જુલાઈ અંક પૃ. ૧૧ જુઓ "શાક લોકો પશ્ચિમ બાજુથી આવી પૂર્વ અફગાનિસ્તાન, પંજાબ અને મધ્ય હિંદુસ્તાન સુધી..."

"હિંદુ પુસ્તકો કહે છે કે, સૂર્ય અને મિહિર ગોત્રવાળા રીજીહ્વ ( રૂજુહ્વ ) નામના રૂષિની નક્ષુભા નામની બેટીના વંશજ તેઓ હતા. તેનો બેટો જરાશસ્ત અથવા જરાશબ્દ નામનો હતો જે નામ મિ. ભાંડારકર જરતુસ્ત (પારસીઓના પેગંબર ઝેરોસ્ટર=Zeroaster) ને મળતું ધારે છે. આ જરથોસ્ત માટે કહે છે કે તે 'મગવર્ગના બ્રાહ્મણ' નો સ્થાપક હતો. આ બ્રાહ્મણોને હિંદમાં પ્રથમ કૃષ્ણનો છોકરો શાંબ પોતે લાવ્યો હતો અને મગને "ભોજક" કહેતા. તેઓ કમરે અવયંગ બાંધતા. તેઓના ગોત્રનું નામ "મીહિર"=ઈરાની 'મહેર' હતું.

( ૨૫ ) મારા મંતવ્ય પ્રમાણે આમાં કિંચિત્ ફેરફાર કરવો રહે છે તે માટે નીચેનો "શકદ્વીપ અને શાકદ્વીપ"વાળો પારા જુઓ.

( ૨૬ ) જેને હાલ ખોરાસન અને સિસ્તાન પ્રાંતો કહેવાય છે તે મુલકવાળી જમીન; જુઓ પાસેનો નકશો.

સમુદ્ર[૨૭] કે સરોવરરૂપે[૨૮] સચવાઈ રહે છે. આ કથનનાં સ્મારક તરીકે બે મોટાં અને એક નાનું એમ કુલ ત્રણ[૨૯] સરોવર તે પ્રદેશમાં જે નજરે પડી રહ્યાં છે તેને આપણે ગણવા પડશે. કહેવાની મતલબ એ છે કે, પશ્ચિમે કાસ્પિઅન સમુદ્રથી માંડીને પૂર્વમાં અફગાનિસ્તાનના હેરાત શહેર સુધીની પર્વતમાળા, અને ત્યાંથી સીધા દક્ષિણે ઠેઠ ગ્વાદર ( Guader ) બંદર સુધીની લીટી દોરતાં, તેની એક બાજૂનો એટલે પૂર્વનો ભાગ, તે અસલ જંબૂદ્વીપની જમીનનો અને તેની બીજી બાજૂનો ભાગ તે શાકદ્વીપની જમીનનો ભાગ[૩૦] હતો; તેમજ શાકદ્વીપમાં જે પ્રજા વસી રહી હતી તેને પ્રાચીન હિંદુ ગ્રંથો પ્રમાણે શાકપ્રજા તરીકે ઓળખવામાં આવતી હતી, આ પ્રમાણે અનુમાનો દોરાયાં છે.

**શાકદ્વીપ શકદ્વીપ અને શકસ્થાન**

આ ત્રણે શબ્દના સમાસોમાં તેનો પ્રથમ શબ્દ શક છે : તે ત્રણેને શક તરીકે ઓળખાતી પ્રજા સાથે સંબંધ છે; બલ્કે આ ત્રણે શબ્દોના સૂચનથી જે જે મુલક અથવા પ્રદેશ જણાયો છે તે ત્રણેમાં વસતી પ્રજાને શકપ્રજા તરીકે જ ઓળખવી જોઇએ; એટલે કે ત્રણે સ્થાન પણ એક જ છે તેમ તેની પ્રજા પણ શકપ્રજા જ કહેવાય, આમ ઘણાનું માનવું થાય છે આ પ્રકારે એક મત થયો. ત્યારે વળી બીજો મત થાય છે કે હિંદ ઉપર જે આક્રમણો પરદેશી પ્રજાએ કર્યાં છે અને જેમનાં નામની સંખ્યા પાંચ હોવાનું આપણે જણાવી ગયા છીએ, તેમના દરેકના ઉત્પત્તિસ્થાનની અથવા તો તેમને લગતા ઇતિહાસની બરાબર પીછાન થએલ ન હોવાથી, સર્વેને કેટલીક વખત ભિન્ન અને કેટલીક વખત અભિન્ન માની, તેમને ગમે તે જાતિ તરીકે ઓળખાવ્યે રાખી છે. એટલે તેઓનાં નામઠામ જુદાં જુદાં હોવા છતાં કેમ જાણે તે સર્વે એક જ સ્થાનથી ઉદ્દ્ભવ પામી હોય તેમ વર્ણન કર્યે ગયા છે. આથી તેમનો આખોયે ઇતિહાસ મારી ગયો છે; એટલું જ નહીં પણ અનેક ગુંચવાડા ઊભા થવા પામ્યા છે. જેથી ખરું શું છે અને ખોટું શું છે તેની સમ સૂઝતી નથી. પરિણામે એમ જાહેર કરવું પડ્યું છે કે, હિંદી ઇતિહાસમાં જે કેટલાયે અંધારાયુગો–અંધકારયુગો–ગણાતા આવ્યા છે તેમાંનો આ પરદેશી પ્રજાનાં આક્રમણવાળા

---

( ૨૭ ) જેના એક દૃષ્ટાંતરૂપે કાસ્પિઅન સમુદ્રને આપણે ગણાવી શકીએ.

( ૨૮ ) સરોવરનું પાણી હંમેશાં મીઠું ગણાય અને દરિયાનું ખારૂં કહેવાય. આ પ્રમાણે મીઠા અને ખારા પાણીના ભેદથી પારખી શકાય છે કે અમુક જળાશય મૂળે દરિયાનો ભાગ હશે કે કેમ? એટલે અહીં 'સરોવર' શબ્દ જે મેં લખ્યો છે તે વાસ્તવિક નથી જ; પણ આવાં જળાશયનાં મૂળ શોધવાની હકીકત તરીકે ઉપયોગી થઈ પડે તેથી તેનું ટીપણ દાખલ કરવા સારૂ, આ શબ્દ અહીં લખ્યો છે. વળી તેની પ્રતીતિ આગળ ઉપર જણાશે.

( ૨૯ ) જુઓ પાસેના નકશામાં બતાવેલ હામન અને હામનમાર્શ નામનાં બે મોટાં તથા ગાડીસરાહ નામનું ત્રીજું: એમ કુલ મળી આ ત્રણે સરોવરનાં પાણી મીઠાં છે. ( ઉપરની ટી. નં. ૧૮ સરખાવો.) આ સરોવરમાં પણ, એરલ સરોવરની પેઠે ( સરખાવો ઉપરની ટીકા નં. ૧૮) પાંચ છ નાની નદીઓ મળતી દેખાય છે.

(૩૦) આને શાકદ્વીપની જમીનનો ભાગ ખરી રીતે કહી ન શકાય: પણ શકદ્વીપ અને જંબુદ્વીપ વચ્ચે સમુદ્ર હતો તેનું પરિવર્તન થતાં જે જમીન ઉપસી આવી હતી તે તે છે. એટલે કે તે નવી જમીનવાળું સ્થળ ખરી રીતે શાકદ્વીપના કરતાં જંબુદ્વીપની વધારે નજીક આવેલું હોઇને તેને જંબુદ્વીપની જમીન તરીકે ઓળખાવવી જોઇએ.


જમાનાને પણ એક તરીકે ગણી કાઢવો રહે છે; એટલે જો શાંતિપૂર્વક આ પાંચે જાતિનો ઇતિહાસ ઊકેલવામાં આવે તો હિંમત છે કે, જેમ પ્રથમનાં બે પુસ્તકોમાં કેટલાય અંધકારમય યુગનાં પાનાં ઊકેલીને પ્રકાશિત કરાયાં છે તેમ આ વિષયને લગતો ઊકેલ પણ ફળદાયી નીવડે ખરો. એથી કરીને જરાક લાંબું વિવેચન થઇ જાય તો પણ આપણે તે સ્પષ્ટ રીતે ઊકેલવું જ રહે છે.

**(૧) શાકદ્વીપ** વિશેની સામાન્ય અથવા મોટા ભાગની માન્યતા જે હતી તે મેં ઉપર રજૂ કરી દીધી છે. જ્યારે મારા મત પ્રમાણે થોડોક તેમાં ફેરફાર કરવો રહે છે. તે માટેની હકીકત તથા કારણ આ પ્રમાણે છેઃ—


ઉપર પ્રમાણે સ્થિતિ જો બનવા પામી હોય તો તેનો માર્ગ પાસેના નકશામાં બતાવ્યા પ્રમાણે **અ** થી **બ** રેખાનો હોઇ શકે; જ્યારે મારી માન્યતા એમ છે કે તેનો માર્ગ **ક** થી **ડ** રેખાવાળો હોવો જોઇએ; કેમકે **અ થી બ** રેખા પ્રમાણે જો બન્યું હોય તો, હામન સરોવરાદિ ત્રણે જળાશયો મૂળમાં સમુદ્રના અંશો હોવાથી તેમનું પાણી ખારૂં હોવું જોઇએ પણ તે તેમ નથી. એટલે ઉપર પ્રમાણે સ્થિતિ બન્યાની વિરૂદ્ધમાં આ હકીકત જાય છે. તેમ ઉપરમાં આપણે એમ પણ જણાવી ગયા છીએ કે ગ્રીસના ક્રીટ અને આયોનિયન ટાપુઓ શાકદ્વીપની અંતિમ પશ્ચિમે આવેલ હતા; એટલે તે ઉપરથી એમ અનુમાન લેવાય છે કે એશિઆઇ માઇનોરવાળો ભાગ તે વખતે દરિયા રૂપે જ હતો. વળી આફ્રિકાખંડ મૂળે, શાકદ્વીપનો ભાગજ હતો એમ પણ કહી ગયા છીએ; એટલે આ પ્રમાણે સર્વ સંજોગો શાકદ્વીપના પશ્ચિમ કિનારાને લગતા ક્યારે સંતોષી શકાય, કે જ્યારે કાળાસમુદ્રથી માંડીને ઇરાની અખાત સુધી **ઈ-ડ** રેખા સુધીના ભાગને અથવા તો કાસ્પિઅન સમુદ્રથી માંડીને ઇરાની અખાત સુધીની **ક–ડ** રેખા સુધીના ભાગને, પ્રથમ સમુદ્રરૂપે માની લેવાય[૩૧] તો જ. ગમે તે રીતે માનો, પણ અરબસ્તાનના દ્વીપકલ્પને જંબૂદ્વીપ અને શાકદ્વીપની વચ્ચેના સમુદ્રમાંથી કોરી નીકળ્યાનું જ માનવું પડશે; અને તે વાત સત્ય પણ સમજાય છે; કેમકે તેનો મોટો ભાગ હટાર્ક ગયેલ સમુદ્રની રેતીથી બનેલો છે. એટલે **ઇ-ડ** રેખા, આગળ આવીને જો જંબૂદ્વીપની પશ્ચિમ હદે અટકતી માનો તો આખો ઇરાન દેશ અને જો **ક–ડ** રેખાએ આવીને અટકતી માનો તો, પશ્ચિમ ઇરાનનો થોડોક ભાગ વર્જીને બાકીનો ઇરાન, જંબૂદ્વીપમાં ગણાતો હતો એમ માનવું રહે છે. અને જ્યારે ઇરાનને જ જંબૂદ્વીપમાં માન્યો ત્યારે, અત્યારના હિંદુસ્તાન અને ઇરાનની વચ્ચે આવેલા અફગાનિસ્તાન તથા બલુચિસ્તાનને પણ જંબૂદ્વીપમાં જ ગણવા પડશે. મતલબ કે, તે સમયના ભરતખંડની હદ હાલની માફક સિંધુ નદીની પશ્ચિમે જ આવીને અટકી જતી નહોતી;

(૩૧) એટલે આખો એશિયાઈ માઇનોર–તુર્કસ્તાન તથા ઈરાનનો થોડોક ભાગ (તથા આગળ ઉપર સાબિત કરીશું કે અરબસ્તાનનો ભાગ પણ) મૂળે સમુદ્રરૂપે જ હતોઃ અને આ સમુદ્ર તે બીજો કોઇ નહીં, પણ જંબુદ્વીપથી શાકદ્વીપને જુદો પાડતો જ સમુદ્ર જાણવો; પછી તે સમુદ્રનો પલટો થઇને જ્યારે જમીન થઈ ગઈ ત્યારે તેને શાકદ્વીપના એક ભાગ તરીકે લેખ્યો (જેમ મો. સા. ઈ. પૃ. ૪૪ નું અવતરણ જે ઉપરની ટીકા નં. ૧૭ માં કર્યું છે તે પ્રમાણે લખવામાં આવ્યું છે)

જે સમુદ્રનો પલટો થઈને જમીન થયાનું આ ટીકામાં જણાવ્યું છે તેને પૃ. ૧૩૨ ઉપરના શાકદ્વીપના વર્ણનમાં (૧) કલમમાં જે સમુદ્રની રેખા દોરી છે તેમાંના કાસ્પિઅન સમુદ્રમાંથી, એક ફાંટો દક્ષિણ તરફ લંબાયો હતો એમ માની લેવું રહે છે.




આકૃતિ નં. ૨૧ ] [ વર્ણન પૃષ્ઠ ૧૨૯




આકૃતિ નં. ૨૨ ] [ વર્ણન પૃષ્ઠ ૧૩૬




આકૃતિ નં. ૨૩ ] [ વર્ણન પૃષ્ઠ ૧૩૫

રાજા નહપાણ



( આકૃતિ નં. ૨૪ )

મહાક્ષત્રપ ચષ્ઠણ



( આકૃતિ નં ૨૫ )

મહાક્ષત્રપ રાજુવુલ



( આકૃતિ નં. ૨૬ )

પણ તેની પશ્ચિમે ઠેઠ ઇરાનની પશ્ચિમ હદ સુધી લંબાઇ[32] હતી. અને જ્યારે પ્રાચીન ગ્રંથો એમ કહે છે કે રામચંદ્રજીના કુમાર લવનું તથા કૃષ્ણકુમાર સાંબનું રાજ્ય શાકદ્વીપના કોઈક ભાગમાં હતું, ત્યારે એમ સમજવું રહે છે કે તેમનું રાજ્ય હાલના આફ્રિકાખંડના ભાગમાં હતું. પણ જો ઇરાન કે અફગાનિસ્તાનના કોઇ ભાગમાં હોત તો તેને શાકદ્વીપમાં હોવાને બદલે જંબુદ્વીપમાં કે ભરતખંડમાં હતું, એમ કહીને લખત. તેની સાથે એમ પણ સિદ્ધ થઇ ગયું કે જ્યાંસુધી કૃષ્ણ વાસુદેવની હયાતિ હતી અને જેને આપણે મહાભારતના યુદ્ધનો સમય ગણ્યો છે ત્યાંસુધી શાકદ્વીપ અને જંબુદ્વીપ બન્ને છૂટાં જ હતાં; પણ ઉપનિષદો તથા શ્રુતિઓ જ્યારે રચાઇ ( આને ઇ. સ. પૂ. ની નવ કે દશની સદીનો અંદાજ ગણવામાં આવ્યો છે ) ત્યારે આ બંને દ્વીપો સંધાઇ ગયા હતા; કેમકે આ ગ્રંથોના કર્તાઓનું મૂળ સ્થાન જ આ પ્રદેશમાં ગણાયું છે. એટલે વૈદિક મતના આધારે તે બે બનાવની વચ્ચે ક્યારેક આ મહાપ્રલય--જંબુદ્વીપ અને શાકદ્વીપ સંધાઇ જવાનો-થયો હોવો જોઇએ એમ થયું. જ્યારે જૈન મતની માન્યતામાં ઘટાવીએ તો મહાભારતનો સમય એટલે કૃષ્ણ વાસુદેવના કાકાના દીકરા શ્રી નેમિનાથનો સમય. તેમને તેઓ બાવીશમા તીર્થંકર તરીકે ઓળખાવે છે અને શ્રુતિકારનો સમય એટલે તેમના ત્રેવીશમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ જન્મ્યા ( આ સમય ઈ. સ. પૂ. ૭૭૮=જુઓ પુ. ૧ પૃ.૩૦-૯૭. ) તે પૂર્વે ૧૦૦ થી ૧૫૦ વર્ષનો થયો કહેવાય; અને આ સર્વ સમયના અંતરને-એટલે શ્રી નેમિનાથના જન્મથી* માંડીને, શ્રીપાર્શ્વનાથના જન્મ સુધીના સમયને-જૈન પારિભાષિક શબ્દમાં બાવીશમા તીર્થંકરનો સમય કહેવાય છે અથવા વિશેષ સ્પષ્ટ ભાષામાં બોલવું હોય તો "બાવીશમા તીર્થંકરના વારામાં" તે બનાવ બન્યાનું[33] કહેવાશે.

આટલું વિવેચન શાકદ્વીપના સ્થાનની ઉત્પત્તિ બાબત થયું. પણ એ વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે, તેમાં વસતા લોકોની ઓળખ માટે ક્યાંય 'શક' કે અન્ય શબ્દ વપરાયો

---

( ૩૨ ) આ સ્થાને બતાવેલ ફેરફાર એટલે કે શાકદ્વીપ અને જંબુદ્વીપ જે છૂટા હતા તેને બદલે સંધાઇ ગયા તે; આ બનાવ ક્યારે બન્યો તે બાબતની ચર્ચા અત્ર અસ્થાને છે; પણ પ્રસંગ પડશે આપણે તે કરવી તો પડશેજ, કેમકે તે ઉપર મહાભારત અને રામાયણના કાળનો નિર્ણય બાંધી શકાય તેમ છે.

વૈદિક ધર્મના પંડિતો અને અભ્યાસીઓએ મહાભારતનો સમય ઘણા ઘણા સંશોધન પછી ઇ. સ. પૂ. ૩૨૦૧ નો ઠરાવ્યો છે. વળી સ્વ. લોકમાન્ય તિલકનો અભિપ્રાય પણ તેજ છે. જનરલ સર કનિંગહામે પણ 'બુક ઓન એન્શન્ટ ઇરાઝ' નામના પોતાના પુસ્તકમાં તેજ પ્રમાણે ગણના કરી બતાવી છે.

* ખરી રીતે તો તીર્થંકરને જ્ઞાન પ્રાપ્તિ થાય ત્યારથી જ તેમનું તીર્થ ગણાય છે. પણ તેવો બારીક ભેદ સમજવા જેટલું અહીં સ્થાન ન હોવાથી તેમના જન્મથી તેમનું તીર્થ માનવાનું અહીં લખ્યું છે.

( ૩૩ ) અહીં આ વિષયને કાંઈક વિસ્તૃત કરી બતાવવાનો હેતુ એ છે કે જો પ્રસંગ મળશે તો મારે એમ સિદ્ધ કરી બતાવવું છે કે ઉપરની નોટ નં. ૩૨ માં તેના ( મહાભારતના યુદ્ધના ) સમય વિશે જે માન્યતા અત્યારે બંધાઈ છે તેમાં બહુ જ મોટો ફેરફાર કરવાની જરૂર છે. તે સિદ્ધ કરી બતાવવામાં ઉપયોગી થઈ પડે માટે તેના મૂળ તરીકે આટલો પાયો રોપી રાખવો જરૂરી ગણાયો છે.

વળી સરખાવો પુ. ૧ પૃ. ૯૫: બીજી એક ખૂબી એ થઈ રહી છે કે, જે મોહનજાડેરો ( સિંધુ નદીના

માલૂમ પડતો નથી; એટલે સહજ અનુમાન બાંધી શકાય છે કે તે સમયે શકપ્રજાને શાકદ્વીપ સાથે કોઈપણ જાતનો સંબંધ હશે નહીં.

( ૨ ) **શકદ્વીપ**—આ શબ્દ માટેની વ્યાખ્યા કરતાં કે. હિ. ઈ. પૃ. ૫૩૨ તથા પૃ. ૫૬૪ માં જણાવાયું[૩૪] છે કે દ્વીપ=દુઆબ, a country between the two rivers= બે નદી વચ્ચેનો પ્રદેશ તે દ્વીપ. આમ વ્યાખ્યા કરીને બે દૃષ્ટાંત આપ્યાં છે. ( ૧ ) શકદ્વીપ ( દુઆબ )=Indus Delta; એટલે કે, સિંધુ નદી જ્યાં સમુદ્રને મળે છે અને જે સ્થાન આગળ તેની અનેક શાખાઓ થઈ જાય છે તથા જ્યાં બૌદ્ધ સાહિત્ય પ્રમાણે પાતાલનગર હોવાની કલ્પના કરાઇ છે ( જુઓ પુ. ૧, પૃ. ૨૨૧.) અને જે ત્રિકોણાકાર પ્રદેશને સિંધુડેલ્ટા તરીકે ઓળખાવાય છે તેને શકદ્વીપ કહેવાનો હેતુ છે. વળી તેનું વિવરણ કરતાં લખે છે કે "A few years later cir. B. C. 75, there arose another formidable power on the west. The Scythians ( Sakas ) of Seistan had occupied the delta of the Indus, which was known thereafter to Indian writers as Saka-dwipa, the Doab of the Sakas and to the Greek geographers as Indo-Scythia=આશરે ઇ. સ. પૂ. ૫૭ પછી થોડાંક વર્ષે,[૩૫] પશ્ચિમમાં એક જબરજસ્ત પ્રજાનો ઉદ્‌ભવ થયો. શિસ્તાનના સિથિયનો[૩૬] ( શકો ) સિંધુના દુઆબમાં રહેવા લાગ્યા ત્યારથી તે પ્રદેશને હિંદી લેખકોએ શકદ્વીપ ઉર્ફે શકનો દુઆબ અને ગ્રીક ભૂગોળવેત્તાઓએ ઇન્ડો-સિથિયા[૩૭] તરીકે ઓળખવા માંડયો. એટલે એમ કહેવાને માંગે છે, કે શિસ્તાન અથવા શક-સ્થાનના મૂળ વતનીઓ તે શક અથવા સિથિઅન; અને તેમના નામ ઉપરથી તેમના પ્રદેશને શિથિયા પણ કહી શકાય; તથા જ્યારથી તેમાંનો થોડો ભાગ હિંદમાં આવીને સિંધુ નદીના મુખ આગળના દુઆબમાં વસવાટ કરી રહ્યો ત્યારથી તે ભાગને શકદ્વીપ અથવા ઇન્ડો-સિથિયા કહેવાવા લાગ્યો. આ ઉપરથી સમજાશે

---

પ્રદેશમાં લારખાના જીલ્લામાં આવેલું પ્રાચીન શહેરના અવશેષોવાળું ગામ )ની સંસ્કૃતી મહાભારતના સમયથી કેટલાય અંશે અર્વાચીન છે તેને ઈ. સ. પૂ. પાંચ કે છ હજાર પહેલાની ગણાવે છે ત્યારે ખુદ મહાભારતના સમયને ઇ. સ. પૂ. ૩૨૦૧નો એટલે મોહનજાડેરો પછી બે કે ત્રણ હજાર પછીનો ગણાવે છે.

(૩૪) કે. હી. ઇ. પૃ. ૫૬૨:-Saka Dwipa=the river-country of the Sakas : Indus delta=Scythia or Indo-scythia=Settlements of the Saka people ( P. 569 f. n. 1 )=શક દ્વીપ=શક પ્રજાનો નદી ઉપરનો દેશ: સિંધ દુઆબ= સિથિઆ અથવા ઈન્ડોસિથિઆ ; શક પ્રજાનાં વસાહતી સંસ્થાનો ( પૃ. ૫૬૯ ટી. નં. ૧ ).

( ૩૫ ) તેમનો કહેવાનો અર્થ એ છે કે, શકારિ વિક્રમાદિત્યે ઇ. સ. પૂ. ૫૭ માં હરાવીને પોતાનો જે વિક્રમ સંવત સ્થાપન કર્યો હતો તે શકપ્રજાનો ઉદ્‌ભવ ઈ. સ. પૂ. ૫૭ અને ૭૫ ની વચ્ચે, સિંધુ નદીના આ દુઆબવાળા પ્રદેશમાં થયો હતો.

( ૩૬ ) આ શક પ્રજા જે અહિં સિંધુ નદીના દુઆબમાં રહેવા આવી હતી તે મૂળે શક સ્થાન અથવા શિસ્તાનના વતની હતા. ( સરખાવો ટી. નં. ૧૯ માં મૌ. સા. ઈ. પૃ. ૪૪ નું કથન જેમાં તેનું નામ સેકી કહ્યું છે ).

( ૩૭ ) ઈન્ડો શબ્દ સિથિયાને જોડયો છે તેજ બતાવે છે કે, મૂળ સિથિયા અથવા સિથિયન પ્રજાનું સ્થાન તો હિંદ બહારજ હતું અને પાછળથી હિંદમાં તેમનું સ્થાન જે થયું તેને ઓળખવા માટે ઈન્ડો શબ્દ જોડીને ' ઇન્ડોસિથિયા ' પાડયું.

કે શકદ્વીપ એવું નામ ભલે અપાયું છે, પણ તે વાસ્તવિક રીતે ભૂગોળમાં જેને દ્વીપ એટલે ચારે તરફ ફરતું પાણી[૩૮] અને વચમાં જમીન હોવાનું જણાવાય છે એવું તે સ્થાન નથી. તેમ જેને પ્રાચીન ગ્રંથોમાં શાકદ્વીપ (પણ શકદ્વીપ નહીં જ) કહીને વર્ણવ્યો છે તે પણ તે નથી, પણ તેનાથી તદ્દન નિરાળો જ દેશ છે. (૨) અને બીજા દૃષ્ટાંતમાં બ્રહ્મદ્વીપને=પંજાબની પાંચ નદીઓમાંની બે વચ્ચેનો પ્રદેશઃ આ કોઇક બ્રહ્મદ્વીપના[૩૯] સાથે આપણે અત્રે કાંઇ લેવાદેવા નથી તેથી તે સંબંધી માત્ર આટલો ઈસારો કરીને જ આગળ વધીશું.

(૩) હવે ત્રીજા નામની-શકસ્થાનની-વ્યાખ્યા સમજીએ. ઉપર શકદ્વીપ નં ૨ ની વ્યાખ્યાની સમજ આપતાં જ જણાવી ગયા છીએ કે તેને શિસ્તાન અથવા સિથિયા એટલે શકપ્રજાનું સંસ્થાન પણ કહેવામાં આવતું હતું. નકશામાં જોતા આ શિસ્તાનની હદ ટૂંકમાં આ પ્રમાણે નોંધી શકાય તેમ છે. પૂર્વમાં હાલની સિંધુ નદી, પશ્ચિમે હેરાત શહેરથી દક્ષિણે સમુદ્રને સાંધતી સીધી લીટી, દક્ષિણે સમુદ્ર અને ઉત્તરે હેરાત શહેરથી લાઇન દોરીને બોલનઘાટના રસ્તે શિકારપુર નજીક સિંધુને મળી શકે તે લીટી. આ ચતુર્સીમાની વચ્ચે ઘેરાયલો પ્રદેશ તે શિસ્તાન કહેવાય અને તેમાં વસતી પ્રજા તે શકઃ વળી તેમાં હેમંડ નદી જે હામન સરોવરને મળે છે તે, તથા પૃ. ૧૩૫ માં જણાવેલ ત્રણ સરોવરો તથા આગળ પૃ. ૧૪૧ માં જણાવેલ ઉપનિષદો અને શ્રુતિકારના મૂળ સ્થાનનો સમાવેશ થઈ જાય છે. હવે જો નકશામાં બારીકાઇથી તપાસીશું તો આ શિસ્તાનમાં વર્તમાન અફગાનિસ્તાનનો દક્ષિણ તરફનો મોટો ભાગ અને લગભગ આખો બલુચિસ્તાન[૪૦] સમાઈ જતો દેખાશે, પણ ઇરાનનો જરા જેટલો ભાગ પણ આવતો જ નથી. અથવા કદાચ આવતો ગણો તોયે તે તો માત્ર સરહદે-સીમાએ આવતો નાનો પટ્ટી પ્રદેશ જ છે.

પણ શ્રુતિકાર મનુ ભગવાનની સાહેદત આપીને ટી. નં. ૧૯ માં જણાવ્યા પ્રમાણે મો. સા. ઈ ના કર્તા પૃ. ૪૪ માં એમ કથે છે કે, સૈકી નામનો પ્રાંત હતો તે પ્રાચીન પર્શિયાનો એક ભાગ હતો અને તેમાં શગલોક, કાંબોજ,[૪૧]

(૩૮) દુઆબમાં હમેશાં બે બાજુ નદી હોય છે અને વચમાં જમીન હોય છેઃ પણ જ્યાં તે બે નદી મળે અને ખૂણો થાય તે ત્રીજી બાજુ બને : એટલે દુઆબની ત્રણ બાજુ પાણી હોય એમ કહી શકાય. પણ આ સિંધુ નદીના દુઆબના કિસ્સામાં તો જ્યાં નદી સમુદ્રમાં ભળી જાય છે ત્યાં તે ચોથી બાજુ થઈ અને તે પાણીવાળો જ ભાગ રહ્યો; એટલે સમુદ્રતટ પાસે આવેલ આ દુઆબને દ્વીપની વ્યાખ્યા લાગુ પાડી શકાય તેમ છે ખરું.

(૩૯) પ્રાચીન સાહિત્યમાં-વૈદિક, જૈન તેમજ અન્યમાં-બ્રહ્મદ્વીપનું નામ કેટલીક વખત નજરે પડે છે. એટલે તેની કાંઈક માહિતી રહે તે માટે જ અહીં તેનો ઉલ્લેખ નોંધવો પડ્યો છે.

(૪૦) બલુચિસ્તાનના કેટલાક ભાગને-ખાસ કરીને પશ્ચિમ ભાગને-Gandriana ગેંડ્રીઆના કહેવાતો હતો : અહીંની પ્રજાને પણ શકજ કહેવાય અને આગળ જતાં આપણે એમ પણ જણાવીશું કે આ શક પ્રજા હિંદમાં આવીને વસ્યા બાદ તેમાંથી ગુર્જર પ્રજાની ઉત્પત્તિ થઈ છે. પણ પાશ્ચાત્ય વિદ્વાનો ગુર્જર પ્રજાને કોકેસસ પર્વત પ્રદેશના કોઈ George town કે Georgia=જ્યોર્જ ટાઉન કે જ્યોર્જીઆમાંથી ઉતરી આવેલ માને છે. તો તેમણે શું તે પ્રજાને આ ગૅન્ડ્રીઆના (કેમકે જ્યોર્જીઆ અને ગૅન્ડ્રીઆના લગભગ એક રીતે જ લખાય છે. એટલે એકબીજાનું અપભ્રંશ થયું હશે કે ?) ના પ્રદેશમાંથી ઉતરી આવેલી માનવાને બદલે ઉપર પ્રમાણે માની લીધું હશે ?

(૪૧) આપણે આ કંબોજ પ્રજાનું સ્થાન અફગાનિસ્તાનના ઉત્તર પૂર્વ ભાગમાં બતાવ્યું છે (જુઓ

પહ્લવ,[42] પારદ,[43] ઔર યવન[44] આદિ ઉપવિભાગોવાળી પ્રજા વસી રહી હતી; એટલે આપણે જે પ્રદેશને શિસ્તાન ઠરાવ્યો છે તે ઉપરાંત, સૈકી નામના પ્રાંતમાં કેટલીક વિશેષ ભૂમિ આવી હતી અને વિશેષ ભૂમિની પ્રજામાં કાંબોજ, પહ્લવ, પારદ ઔર યવનોને ગણવામાં આવતા હતા. એટલે સમજાય છે કે આ સર્વે એકબીજાના અડીઅડીને પાડોશી થતા હોવાથી તેમના સર્વેનાં સ્થાનોને એકત્રિતપણે પ્રાચીન સમયે "સૈકી" નામના પ્રદેશનું નામ આપ્યું લાગે છે.

આટલા બધા સ્પષ્ટ વિવરણથી વાચકવર્ગને ખુલ્લું સમજાયું હશે કે, પ્રાચીન સમયનો શાકદ્વીપ તે તદ્દન જુદી જ

**સવનો સાર**

ભૂમિ છે. તેને શક પ્રજા સાથે કોઈ જાતનો સંબંધ જ નથી. તેમ શકદ્વીપ અને શકસ્થાન તે બે પણ ભિન્ન ભિન્ન સ્થાનો છે : શકદ્વીપ તો પાછળથી શક પ્રજાએ વસાવેલ માત્ર એક વસાહત છે જ્યારે શકસ્થાન તે તેમનું મૂળ સ્થાન છે કે જે પ્રદેશમાં મનુભગવાન વિગેરે ઉપનિષદ્ અને શ્રુતિકારોનું ઉત્પન્ન થવું થયું છે.

આ પ્રમાણે વસ્તુસ્થિતિ હોવા છતાં આપણે પ્રસંગોપાત વર્ણન કરતાં કરતાં જણાવીશું કે, વર્તમાન વિદ્વાનોએ આ પરદેશી પ્રજાને, પછી તે પાર્થિઅન હોય, યોન હોય, પહ્લવ હોય, કુશાન હોય કે ક્ષહરાટ હોય, પણ સર્વેને લગભગ એક લાકડીએ જ હાંકયે રાખી સિથિઅન એટલે શક તરીકે જ ઓળખાવ્યા કરી છે. છતાં ઇ. એ. પુ ૩૭ ઈ. સ. ૧૯૦૮ ના અંકમાં પૃ ૪૨ માં તેના લેખકે આ બધો ટોપલો કેવળ હિંદી લેખકોને માથે જ ઓઢાડી દીધો છે. તે ભાઈસાહેબ લખે છે કે–Indians cared very little whether the invader was a Parthian, Saka or a Kushan. The conqueror came from Saka-dwipa (outside Jambu-dwipa) and so he was a Saka= આક્રમણકાર કોણ હતો–પાર્થિઅન, શક કે કુશાણ–તે જાણવાની હિંદીઓ બહુ જુજ પરવા રાખતા. શકદ્વીપમાંથી[45] (જંબૂદ્વીપની બહારથી) તે વિજેતા આવ્યો માટે તેને શક તરીકે જ ઓળખતા. આ તેમની ટીકા કેટલા પ્રમાણમાં સાચી છે તે માટે અમારે કહેવા કરતાં વાચકવર્ગ પોતે જ સ્વયં વિચારી લેશે.

પૃ. ૧૨૮ અને ૧૭૩ના પ્રારંભમાં જણાવ્યા

---

પુ. ૧ પૃ. ૭૧.)

(૪૨) પહ્લવ માટે આગળ જુઓ: તેમનું વતન ઇરાન કહેવું પડશે (જુઓ આગળ ઉપર)

(૪૩) પારદ પ્રજાના દેશને પાર્થિઆ તરીકે ઓળખીને તે પ્રજાને પાર્થિઅન તરીકે ઓળખવામાં આવી છે. તેનું સ્થાન આપણે ઈરાનના ઉત્તરપૂર્વ ભાગમાં ઠરાવ્યું છે (જુઓ આગળ ઉપર)

(૪૪) યવન અને યોન શબ્દનું મિશ્રણ કરી નંખાયું છે (જુઓ પુ. ૧. પૃ. ૧૦૩. અહીં યોન શબ્દ ખરી રીતે જોઇએ : આપણે તેમને બેકટ્રીઅન્સ તરીકે ઓળખાવીને બેકટ્રીઆના વતની કહ્યા છે.

(૪૫) આમાં લેખક શકદ્વીપ કોને કહેવા માંગે છે તે જ પ્રથમ તો સમજાતું નથી. એક બાજૂ પોતે શકદ્વીપને જંબૂદ્વીપની બહાર હોવાનું માને છે જ્યારે બીજી બાજૂ આ આક્રમણકારોને (પાર્થિયન, શક અને કુશાણને ત્રણેને) હિંદી પ્રજા એટલે જંબૂદ્વીપમાંની પ્રજા તરીકે જેઓ ઓળખે છે તેમની વ્યંગ ભાષામાં ટકોર કરે છે; પણ આપણે હવે જોઈ શકયા છીએ કે, દરેક આક્રમણકાર જંબૂદ્વીપની જ પ્રજા છે. ત્યારે વાંચક વિચારી જોશે કે હિંદી પ્રજાની માન્યતા સાચી છે કે તે પોતે સાચા છે. આમાં તો ટીકા કરવા જતાં પોતે ઉઘાડા પડી જતા દેખાય છે.

**ત્યારપછી તેમનું શું થયું ?**

પ્રમાણે પ્રથમ જંબૂદ્વીપ-શકદ્વીપની ભૌગોલિક સ્થિતિ આપણે વિચારી ચૂકયા છીએ: તેમાં પ્રસંગ ઉપસ્થિત થતાં શક પ્રજા સંબંધી પણ કેટલાક વિચાર જણાવી દીધા છે ( જો કે વિસ્તૃત અધિકાર હજુ આગળ ઉપર લખવો રહે છે ). પણ અત્ર આર્ય—અનાર્ય પ્રજા સંબંધી જણાવવું રહે છે. યુગયુગની જૂની વાતોના પોપડા ઉખેળવાનું આ સ્થાન નથી: માત્ર જે કાંઈ આપણને લાગે-વળગે છે તે સંબંધી બોલતાં જણાવવાનું કે, જંબૂદ્વીપના મધ્ય ભાગવાળા મેરૂપર્વતના પ્રદેશથી એક ટોળું પૂર્વ તરફ વળ્યું અને બીજું પશ્ચિમ તરફ એટલે યુરોપ તરફ વળ્યું. આપણે અત્ર પૂર્વ તરફના ટોળા સંબંધે જ હકીકત જાણવી રહે છે. પૂર્વના ટોળાંમાંનો નાનો ભાગ વર્તમાન માંગોલીઆ મંચુરીયા[૪૬] તરફ ગયો અને મોટો ભાગ ઓકસસ નદીવાળા ભાગમાં જ સ્થિત બની રહેવા લાગ્યો. ત્યાંથી વળી કાળ ગયે જેમ જેમ તેમનાં બચ્ચાંકચ્ચાં વધતાં ગયાં અને વસવાટને માટે તથા ધંધાધાપા માટે જરૂર પડતી ગઈ તેમ તેમ તેઓને સ્થાનાંતર કરવું જ રહ્યું. એટલે એક મોટો ભાગ વળી ત્યાંથી દક્ષિણ તરફ વળ્યો અને એક નાનો ભાગ ચીન અને તિબેટ તરફ ઉતર્યો. અત્યારસુધી તેમનો મુખ્ય વ્યવસાય-ઢોરાં ચારવાં, ઘોડાઓ રાખવાં, ઘોડેસ્વારી કરવી ઇત્યાદિ પશુધનનાં કાર્યો કરવામાં જ-[૪૭] સમાયલો હતો. હવે અહીંથી આપણા આ ઇતિહાસમાં વર્ણવાતી પરદેશી પ્રજાનો સંબંધ શરૂ થાય છે.

જે ભાગ દક્ષિણ તરફ વળ્યો હતો તેમણે પૃ. ૧૩૯ માં જણાવ્યા પ્રમાણે શિસ્તાન વસાવ્યું એટલે હવેથી તેમને સિથિઅન્સ અથવા શક નામથી ઓળખવા ન્યાયપૂર્વક ગણી શકાશે. તેમાં ધીમે ધીમે સંસ્કૃતિનો વિકાસ થવા માંડયો જેથી તેમના જે ભાગે વિદ્યાભ્યાસ વિગેરે કાર્યો કર્યાં તેમણે અસંસ્કૃત અને અન-અભ્યાસી વર્ગનું ધ્યાન ખેંચવા માંડયું. આ સંસ્કૃત વર્ગ અન્યથી પૂજાવા લાગ્યો. વળી આગળ જતાં આ પૂજ્ય-વર્ગમાંથી શ્રુતિકાર મનુ ભગવાન તથા અન્ય ઉપનિષદકાર ઇ. તેમના જ્ઞાનને લીધે વિશેષપણે પ્રકાશમાં આવ્યા અને દુનિયામાં ઝળકી ઉઠયા. તેમનો સમય ઈ. સ. પૂ. ૧૦ કે ૯ મી સદી ગણાય. દક્ષિણ તરફના ભાગવાળાની આ પ્રમાણે

---

( ૪૬ ) આ કારણથી સિદ્ધ થાય છે કે ત્યાં ભરતખંડના મગધ દેશના લિચ્છવી જાતના ક્ષત્રિયો જેવી પ્રજા ( વળી જુઓ પુ. ૨, પૃ. ૩૧૪-૧૫ ની હકીકત. તથા તેને લગતી ટીકાઓ. ) વસે છે. તેમનાં શરીરના રંગ કંચનવર્ણો-સુવર્ણ રંગના હોવાથી તેમને પીળા માનવી ( Yellow people ) તરીકે ઓળખાવાય છે.

જેમ તેઓનાં શરીરના વર્ણ કંચનવર્ણા છે તેમ ભરતખંડની પ્રાચીનતમ સમયની પ્રજાનો પણ તેવો જ રંગ હતો. ખાસ કરીને જૈન પ્રજા પોતાના તીર્થંકર મહાત્માના મોટા ભાગને કંચનવર્ણી કાયા હોવાનું માને છે.

( ૪૭ ) C. H. I. P. 564:—In all ages the name 'Scythians' has been applied generally to the nomads inhabiting the northern regions of Europe and Asia= યુરોપ અને એશિયાના ઉત્તર પ્રદેશમાં વસતી ઘોડેસ્વારી કરતી પ્રજાને સર્વે યુગમાં સિથિયન્સ=શકના નામથી ઓળખવામાં આવે છે.

[ નોટ-તેમના ધંધાને લગતી અને વસવાટને લગતી હકીકત સાચી છે. બાકી તેમને શક કહેવામાં આવતા તે હકીકત ખોટી છે. અને આ તેમની માન્યતાને લીધે જ જ્યાં ને ત્યાં તેમણે પોતે પણ ગોથાં ખાધાં છે તેમજ ઇતિહાસનાં વર્ણનોમાં પણ ગોટાળો કરી દીધો છે. સરખાવો ઉપરની ટી. નં. ૪૫. તથા 'સર્વનો સાર' વાળા પારિગ્રાફની હકીકત ]

સ્થિતિ થઇ; વળી જે ભાગ ચીન અને તિબેટ તરફ ગયો હતો તેમાં પણ ધીમે ધીમે સંસ્કૃતિ અને વિદ્યાભ્યાસનો આવિર્ભાવ થવા પામ્યો હતો; તેમાંયે ચીન તરફ ગયેલી પ્રજા વધારે સંસ્કૃત બની ગઇ; જ્યારે તિબેટ અને ખોટાન તરફવાળી અર્દ્ધ જંગલી જ રહી ગઇ. સંસ્કૃત પ્રજાને વસવાટની પાછી જરૂરત લાગવાથી જગ્યા મેળવવાની મુશ્કેલી ઊભી થઇ; પણ વધારે પૂર્વમાં જાય તો ત્યાં તો સમુદ્ર હતો એટલે પશ્ચિમ તરફ તેમને ઠેલો મારવો પડયો; તેથી ટીબેટ અને ખોટાનમાં જે પડી રહી હતી તથા ઓછી સંસ્કૃત અને જંગલી હતી તેમની સાથે યુદ્ધ થયું. જે મજબૂત હતા અને જેણે જીત મેળવી હતી તે ત્યાં જ હિમાલયની ઉત્તરે પડયા રહ્યા જ્યારે જડ ભરત જેવા કે કાંઇક સંસ્કૃત પણ શરીરે નબળા હતા, તેમણે ઉદાંગિરિ કરીને પશ્ચિમનો માર્ગ લીધો; અને ધીમે ધીમે પાછા અસલ વતન-ઓકસસ નદીવાળા પ્રદેશમાં આવી ગયા. ઇતિહાસમાં જેને યુ-ચી નામની પ્રજા[૪૮] તરીકે ઓળખાવાય છે તે આ વારંવાર હડસેલા ખાતી ચીન તરફથી આવીને અહીં ચિનાઇ તુર્કસ્તાનમાં વસેલી પ્રજા સમજવી. આટલી ક્રિયા થવામાં ઈ. સ. પૂ. ની પાંચમી છઠ્ઠી સદી લગભગ આવી ગઇ; વળી ત્યાં ઠરીઠામ થઇને બે ત્રણ સદી જ્યાં ગાળી નહીં હોય તેટલામાં, યુરોપમાં જઇ વસેલી પ્રજામાંથી જેમણે ભૂમધ્ય સમુદ્રમાંના આયોનીયન ટાપુઓની માલિકી લીધી હતી અને જેઓ ગ્રીક અથવા મેસીડોનીઅનના નામે ઓળખાતા હતા તથા જેને પ્રાચીન હિંદી ગ્રંથકારોએ તેમના વતન 'આયોનીયા' ઉપરથી યવન કહીને સંબોધ્યા છે તેઓએ, પૂર્વ તરફની આર્થિક જાહોજલાલીના તથા સંસ્કૃતિના વૃત્તાંતો સાંભળી તે દેશ જોવાની અભિલાષા સેવી; એટલે તેમણે પોતાના મહત્ત્વાકાંક્ષી અને ભર યુવાનીના ઉછળતા લોહીવાળા સરદાર અલેકઝાંડરની પ્રેરણા નીચે આક્રમણ કર્યું. વચમાં આવતાં એશિઆઈ તુર્કી તથા ઇરાન જીતી લઈ (ત્યાંની શહેનશાહતને ખતમ કરી નાંખી[૪૯]) પછી હિંદ ઉપર ધસારો લાવ્યા. આ યવનોનું પછી શું થયું તે ઇતિહાસ, આપણે પુ. ૨ માં ત્રીજા ખંડે સપ્તમ પરિચ્છેદમાં પૃ. ૨૨૬ થી ૨૪૩ સુધીમાં વિસ્તારથી વર્ણવી ગયા છીએ; પણ અત્ર જે નોંધ લેવી ઘટે છે તે એટલી જ કે, આ પ્રદેશમાં જે યવનો પોતાના પ્રથમના કે પીછેહઠના પ્રયાણમાં રહી ગયા હતા, તે સર્વે ત્યાંના વતનીઓની સાથે ધીમે ધીમે વ્યવહાર સંબંધમાં આવી ગયા, અને તે બાદ તે સઘળાની ઓળખ તેમનાં વસવાટના પ્રાંતો ઉપરથી જુદા જુદા નામે થવા પામી. જેમકે (૧) ઇરાનીઓ (બીજું નામ પહ્લવ) સાથે રહીને જે પ્રાંત વસ્યો તે પારદ[૫૦] (જેને હાલ ખોરાસન કહેવાય છે) અને તેની પ્રજા પારદીયન-પાર્થિઅન (૨) ઓકસસ નદીવાળી પ્રજા સાથે રહીને બેક્ટ્રીઆમાં વસવાટ કર્યો તેથી બેક્ટ્રીઅન્સ થયા. અને તેમનું અસલ નામ જે યવન હતું તેને ભળતું 'યોન' નામ તેમને લાગુ પાડવામાં આવ્યું.

(૪૮) આ યુચી પ્રજા માટે કુશાન વંશની ઉત્પત્તિમાં જુઓ. પુ, ૪ ના અંત ભાગમાં.

(૪૯) આ કારણથી ઇ. સ. પૂ. ૩૩૨-૩૩૦ ના સમયની ઇરાની શહેનશાહતમાં, રાજકર્તા ઈરાની શહેનશાહોની વંશાવળી મળવાની નથી; પાછો નવો વંશ બે સદી બાદ હૈયાતીમાં આવ્યો છે ત્યારથી ઈરાની શહેનશાહોનાં નામો મળી આવે છે (જુઓ પુ. ૨, પૃ. ૩૦૭ નું વર્ણન તથા તેની * ટીકાની હકીકત.)

(૫૦) જુઓ ઉપરમાં ટી. નં. ૧૯ માં મૌ. સા. ઈ. પૃ. ૪૪ નું અવતરણ.

આ પ્રાંતમાં યવન પ્રજાનો મોટો ભાગ રહી જવા પામ્યો હતો તેથી તેમનું નામ મુખ્યતાએ યવનને મળતું જ જોડી કઢાયું દેખાય છે. તેમ તે પ્રજાએ પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું હતું તેથી ઇતિહાસમાં તે વિશેષ પ્રખ્યાતિ પામી છે. આ બધા બનાવ ઈ. સ. પૂ. ની ચોથી અને અને ત્રીજી સદીમાં બન્યાનું ગણવું રહે છે. (૩) જેને કંબોજ પ્રાંત કહેવામાં આવતો અને જેની પ્રજા ખરોષ્ટી ભાષા બોલતી હતી તેમને ક્ષહરાટ કહીને ઓળખવામાં આવ્યા.

આક્રમણકાર આ પાંચે પરદેશી પ્રજાઓ વિશેની આપણા ખપજોગી તાત્કાળિક સમજૂતી આપણને હવે મળી ગઈ કહેવાશે. જ્યારે વિશેષ સમજૂતી તો તે પ્રત્યેકના રાજઅમલની વિચારણા કરીશું ત્યારે જ આલેખવી રહેશે. એટલે અત્યારે તે પાંચેની સમીક્ષારૂપે સાર માત્ર ટાંકીને આગળ વધીશું.

**પાંચે પ્રજાનાં નામ, ઓળખ તથા ટૂંક સમીક્ષા**

(૧) બેકટ્રીઅન્સ-બેકટ્રીઆ પ્રાંતના રહીશ તે બેકટ્રીઅન્સ, તેમનું હિંદી નામ યોન. મૂળે તેઓ અલેકઝાંડર ધી ગ્રેઇટ સાથે આવેલ; એટલે તેમનામાં ગ્રીક પ્રજાનું લોહી સમજવું પણ તેમની પીછે હઠ વેળાએ આ પ્રાંતમાં રહી ગયા. અસલના ગ્રીકને યવનપ્રજા તરીકે ઓળખાવાતી એટલે આ પ્રજાનો તેમાંથી વિકાસ થયેલ હોવાના કારણે, તેને જ મળતું 'યોન' નામ અપાયું. આ હકીકત ઉપરથી સમજાશે કે યવન અને યોન બન્ને જુદી જ પ્રજા છે તેમજ તેમનું વતન પણ જુદું છે. બેકટ્રીઆ પ્રાંતના બોખારા અને બલ્ક નામે બે મુખ્ય શહેરો છે.

(૨) પાર્થીઅન્સ-મૂળે ઇરાનના વતની એટલે પહ્લવાઝ Pahalvas (પલ્લવાઝ નહીં-તે માટે આગળ જુઓ); પણ કામકાજને અંગે તેમજ યવનોના હુમલા વખતે, ઇરાનના ઇશાન ખૂણે ખોરાસનમાં જઇ વસેલ. આ ખોરાસનને અસલમાં 'પારદ' નામથી ઓળખતા હશે એટલે તે ઉપરથી તે પ્રજાનું નામ પારદીયન-પારથીઅન પડ્યું; વળી આ પાર્થિયન પ્રજામાંથી પણ જે હિંદમાં જઇને વસી તેને ઇન્ડો-પાર્થિયન[૫૧]=હિંદી પાર્થિઅન તરીકે ઓળખવામાં આવી. તે પ્રાંતનાં મુખ્ય શહેરો અસ્રાબાદ, મશદ અને હેરાત છે. જ્યારે ખરો ઇરાન દેશ તે આ ખોરાસનની પશ્ચિમવાળો ભાગ ગણવો અને તેમાં તેહરાન, ઇસ્પહાન વિગેરે શહેરો આવેલાં છે.

પલ્લવાઝ (Pallavas) કેટલાક ઇતિહાસકારો આ પ્રજાને પહ્લવાઝ (Pahlavas) તરીકે ઓળખાવે છે, પણ ખરી રીતે તે તેમ નથી જ: પહ્લવાઝ તે ઇરાની પ્રજા હોઇને, હિંદની બહારની પ્રજા તરીકે તેમને પરદેશીમાં હજુ ગણી શકાય; પણ આ પલ્લવાઝ તો દક્ષિણ હિંદમાં વસનારી પ્રજા છે; તેથી તેમને પરદેશીની ગણત્રીમાં લઇ શકાય જ નહીં. પણ અહીં તેનું નામ જે લેવું પડ્યું છે તે અત્યાર સુધીના ઇતિહાસકારોએ આ બન્ને નામનું મિશ્ચર કરી નાંખેલ હોવાથી તેમનો ભેદ સમજાવવા પૂરતું જ લેખવું. બાકી તે હિંદી પ્રજા હોવાથી, પરદેશી આક્રમણકારોની સંખ્યામાં તેમનો સમાવેશ કરી શકાય નહીં. દક્ષિણ હિંદના ચોલા રાજ્યનો મોટો ભાગ આ પ્રજાથી વસાયલો હતો. બલ્કે ચોલવંશી રાજાઓ આ પ્રજામાંના જ હતા એમ કહીએ તો પણ ચાલે. તેમનાં મુખ્ય શહેરો કડપ્પા,

(૫૧) નીચે ઇન્ડોસિથિયનની ઓળખ આપી છે તે સાથે સરખાવો.

અનંતપુર, કારનુલ, આરકાટ વિગેરે ગણવાં.

( ૩ ) શક સિથિયન્સ; તેમનું મૂળસ્થાન શિસ્તાન-શકસ્થાન નં. ૨ ની પાર્થિઅન પ્રજાની દક્ષિણનો મુલક; તેમાં વર્તમાનના કરમાન, શિસ્તાન, પર્શિઅન બલુચિસ્તાન, કલાટ એસ્ટેટ ઇ. ઇ. નો સમાવેશ થાય છે. તેમાં કોઇ મોટાં શહેરો આવેલાં તો નથી જ. જે ગણો તે કરમાન, ગ્વાદરબંદર, લાશ, બમપુર, મિરિ, જલ્ક, તરપ ઇ. છે. બાકી બધાં નાનાં અને પહાડી ગામડાંઓ જ છે. તે પ્રજાનો જે ભાગ હિંદ તરફ ઉતરી પડ્યો અને ત્યા વસ્યો તેમને ઇન્ડો-સિથિયન્સ[૫૨]=હિંદીશક પ્રજા તરીકે ઓળખવામાં આવે છે.

( ૪ ) ક્ષહરાટાઝ[૫૩]; હાલની સિંધુ નદી અને હિંદુકુશ પર્વત વચ્ચેનો ભાગ ( એટલે ઉપરના એકટ્રીઆની દક્ષિણનો અને પારથીઆની પૂર્વનો તથા શિસ્તાનની ઉત્તરનો ભાગ સમજવો. તેમાં હાલના કાફીરિસ્તાન, ચિત્રાલ અને કાબુલ નદીની ખીણવાળો ભાગ આવી જાય છે. અસલમાં જેને ગેંબોઝીયા અથવા કંબોજ કહેતા તેનો આ એક ભાગ હતો. આ કંબોજ તથા ગાંધાર ( જેને હાલ પંજાબ કહેવાય છે તે) ઉપર એક હિંદી રાજાની જ આણ પ્રવર્તી રહી[૫૪] હતી. કંબોજ દેશના મુખ્ય શહેરોમાં, કાબુલ, પેશાવર, જલાલાબાદ, ગિજની વિગેરે ગણાવી શકાય.

(૫) કુશાનઃ—આ પ્રજા વિશે આપણે હાલ કાંઇ જ કહેવું યોગ્ય ધાર્યું નથી, કેમકે તેનું વર્ણન ચોથા પુસ્તકમાં આવવાનું છે: બાકી તેઓ યુ-ચી નામે ઓળખાતી પ્રજાનું એક અંગ હોઇને તેટલો ઉલ્લેખ ઉપરમાં કરી દીધો છે. ( જુઓ પૃ. ૧૪૨ તથા ટીકા નં. ૪૮ ).

આ સર્વે પ્રજાનાં ભૌગોલિક સ્થાનો તથા ઉત્પત્તિ જોતાં તદ્દન ભિન્ન ભિન્ન છે જ; તથાપિ એક વખત એક રાજાની સત્તામાં અને બીજી વખત બીજાની સત્તામાં, એમ તેમનો વારંવાર પલટો થવાથી, તે સ્થળોની સઘળી પ્રજાનાં રાહરસમ એક બીજાને અરસપરસ મળતાં થઇ ગયાં હતાં. તેમજ વેપાર વહેવારના સંસર્ગમાં આવવાથી તથા વસવાટના નિકટપણાને લીધે તે સર્વેની રહેણીકરણીમાં અકલ્પનીય સાદશતા આવી ગઇ હતી; જે આપણે તે સર્વેનું પૃથક્પણે વર્ણન કરતી વખતે પ્રસંગો ઉપસ્થિત થતા જશે તેમ જણાવીશું પણ ખરા.

---

( ૫૨ ) ઉપરમાં ઇન્ડો પાર્થિઅન્સ સાથે સરખાવો.

( ૫૩ ) પ્રખ્યાત વૈયાકરણી પાણિનિનું વતન આ પ્રદેશમાં હતું. તેમની ભાષા ખરોષ્ઠી હતી ( જુઓ પુ. ૨. પૃ. ૯૭. ) તે તથા તેના બીજા બે મિત્રો-પં. ચાણક્ય અને પં. વરરૂચી-તક્ષિલાની વિદ્યાલયમાં આચાર્યો તરીકે કામ કરતા હતા ત્યાંથી આ ત્રિપુટીને મગધપતિ નવમો નંદ પોતાના દેશમાં લાવ્યો હતો, ઇ. ( તે માટે જુઓ પુ. ૧, પૃ. ૩૫૬ )

( ૫૪ ) આ માટે જુઓ પુ. ૧, પૃ. ૭૨ થી ૭૩ ઉપર કંબોજનું વર્ણન.



.................................................................................................................................................................. કલિંગપતિઓ

( Kings )
સ્વતંત્ર
એકટ્રીયા (ચીન)

પ્રિયદર્શિન-મૌર્ય
જાલૌક ૨૩૫-૨૦૫=૩૦

ડીઓડોટસ પહેલો ૨૫૦-૨૪૫=૫
ડીઓડોટસ બીજો ૨૪૫-૨૩૦=૧૫

હિંદમાં ગાદી સ્થાપી

દામોદર ૨૦૫-૧૭૫ (આશરે)

યુથીડીમોસ ૨૩૦-૨૦૫=૨૫

ડિમેટ્રીઅસ.........( એકંદર ૨૩ વર્ષ )........ડિમેટ્રીઅસ.......................... ની પાસેથી
૨૦૫-૧૯૨=૧૩ — ૧૯૨-૧૮૨=૧૦ — મથુરા વિગેરે જીતી લીધા

યુક્રેટાઇડિઝ
૧૯૨-૧૮૦=૧૨

મિનેન્ડર
૧૮૨-૧૫૯=૨૩

હેલી ઓકલ્સ
(છેલ્લો રાજા)

શહરાટ મહાક્ષત્રપો

(૧) મધ્ય હિંદમાં
ભૂમક ૧૫૯-૧૧૪=૪૫

મથુરામાં
રાજુવુલ ૧૫૪-૧૧૪=૪૦

તક્ષિલામાં
લિઅક ૧૫૪-૧૧૬=૩૮

નહપાણ : અવંતિપતિ બન્યો
.................૧૧૪ થી ૭૪=૪૦

સોડાસ
૧૧૪-૭૮=૩૬

પાતિક
૧૧૬-૭૮=૩૮

સિથિયન્સ

(૩) આમને ઇ. સ. પૂ. ૫૭ માં
.............................................................આ બન્નેને ઇન્ડોપાર્થિઅન રાજા મોઝીઝે
.......શકારિ વિક્રમાદિત્યે હરાવ્યા હતા. — જીતી લીધા હતા.

ટીપણ:-કયા કયા રાજાઓ પરસ્પર સમકાલીનપણે થઈ ગયા છે તે જાણવાને ઉપયોગી થઇ પડે માટે સમયના કોઠા પાડીને આ વંશાવળી ગોઠવી બતાવી છે.


( अ ) આ વંશાવળી અ. હિ. ઈ. ત્રીજી આવૃત્તિ પૃ. ૨૦૭ તથા કે. હિ. ઈ. વિગેરે પુસ્તકોની સરખામણી કરીને ઊભી કરી છે.

( ब ) આ વંશાવળી વૉલ્શકૃત "ઈરાન" માંથી ઉધ્ધૃત કરી છે.

( क ) ભા. પ્રા. રા. પુ. ૨ જું, પૃ. ૧૮૧ અને આગળમાંથી :
આ ત્રણ સિવાયની બીજી વંશાવળીઓ મારા "પ્રાચીન ભારતવર્ષ" નામના પુસ્તકમાં સાબિત કરી આપેલ છે તે પ્રમાણે સમજી લેવી.

| ઇ. સ. પૂ. | હિંદી સમ્રાટો Emperors | ઈરાનના શહેનશાહો King of Kings | યવનપતિઓ Great Kings |
|---|---|---|---|
| | મૌર્યવંશ | | (અ) અલેક્ઝાંડર ધી ગ્રેટ… જન્મ ૩૫૬ : મરણ ૩… |
| ૩૫૦ | બિંદુસાર ૩૫૮–૩૩૦=૨૮ | અરબેલાનું યુદ્ધ ૩૩૧ અલેકઝાંડરની સત્તા તળે | સિરિયન્સ (સેલ્યુસાઇડ વં…) સેલ્યુકસ નિકેટોર ૩૨૧–… |
| ૩૨૫ | અશોકવર્ધન ૩૩૦–૨૮૯=૪૧ | આશરે ૨૮૪ થી ૨૫૦ સુધી મૌર્ય સામ્રાજ્યના અધિકારમાં | એન્ટીઓકસ પહેલો (સોટ…) ૨૮૧–૨… |
| ૩૦૦ | પ્રિયદર્શિન ૨૮૯–૨૩૫=૫૪.......... | .......... | .......... |
| ૨૭૫ | | | (क) એન્ટીઓકસ બીજો (… ૨૬૧–૨… |
| | | (ब) આરસેકસ વંશ (સ્વતંત્ર) | બે ત્રણ નાના રાજાઓ ૨૩૮… |
| ૨૫૦ | વૃષભસેન ૨૩૬–૨૨૭=૯ | આરસેકસ ૧ થી ૪ ૨૫૦–૧૮૧=૬૯ | |
| | | | એન્ટીઓકસ ત્રીજો ૨૨૩–૧… (આરસેકસ ત્રીજાનો સમકાલીન) |
| ૨૨૫ | ચાર રાજાઓ ૨૨૭–૨૦૪=૨૩ | | |
| ૨૦૦ | શુંગવંશ<br>અગ્નિમિત્ર ૨૦૪–૧૭૪=૩૦ | ફ્રેટસ પહેલો : આરસેકસ પાંચમો ૧૮૧–૧૭૪=૭ | (બીજા થયા છે પણ આ… નિસબત ન હોવાથી … ઉતારવા જરૂર લાગી …) |
| ૧૭૫ | (વસુમિત્ર ૨૦૪–૧૮૨=૨૧)<br>ઓદ્રક : બ ળ મિ ત્ર. ૧૭૪–૧૫૮=૧૬ | મિથ્રેડેટસ પહેલો : આરસેકસ છઠ્ઠો ૧૭૪–૧૩૬=૩૮ | |
| ૧૫૦ | ભાગ : ભાનુમિત્ર ૧૫૮–૧૪૨=૧૬ | ફ્રેટસ બીજો ૧૩૬–૧૨૮=૮<br>આર્ટબેનસ બીજો ૧૨૮–૧૨૩=૫ | |
| ૧૨૫ | ચાર રાજાઓ ૧૪૨–૧૧૪=૨૮ | મિથ્રેડેટસ ધી ગ્રેઇટ (બીજો) ૧૨૩–૮૮=૩૫ | |
| | ક્ષહરાટ વંશ | | |
| ૧૦૦ | નહપાણ ૧૧૪–૭૪=૪૦.......... | .......... | .......... |
| | ગર્દભીલ વંશ | બે ત્રણ નાના રાજાઓ | |
| ૭૫ | ગર્દભીલ ૭૪–૬૪=૧૦ | ૮૮ થી ૬૦=૨૮ | પાર્થીઅન્સ |
| | શક રાજાઓ ૬૪–૫૭=૭ | (૧) અસલ ગાદી<br>મિથ્રેડેટસ ત્રીજો ૬૦–૫૬=૪ | (૨) ઇન્ડો પાર્થીઅન્સ<br>મોઝીઝ–મોગ.......... |
| ૫૦ | વિક્રમાદિત્ય શકારિ.......... ૫૭થી ઇ. સ. ૩=૬૦ | .......... ઓરોડોસ પહેલો અને ફ્રેટસ ચોથો ૫૬–૩૭=૧૯ | ૮૦–૭૫=૫..........<br>અઝીઝ પહેલો ૭૫–૫૮=૧૭ |
| ૨૫ | | | અઝીલીઝ ૫૮–૩૦=૧૮ |
| ઇ. સ. | વિક્રમ ચરિત્ર* ૩–૩૦=૨૭ | વોનોનીસ પહેલો | |
| ૨૫ | ધર્માદિત્ય ૩૦–૪૪=૧૪ | ....... ....... (ભત્રીજો)અઝીઝ બીજો<br>બન્ને ગાદી એક થઇ ગઇ | અઝીઝ બીજો ૩૦ થી ઈ. સ… ૧૯=૪… |
| ૫૦ | ત્રણ રાજાઓ ૪૪ થી ૭૮=૩૪ | | ગોંડોફારનેસ ૧૯–૪૫=૨૬ |

* આ તથા તેની નીચેના બે રાજાઓનો સમય હજુ શોધવો રહે છે.



# દ્વિતીય પરિચ્છેદ

## પરદેશી આક્રમણકારો ( ચાલુ )

**સંક્ષિપ્ત સારઃ—**

( अ ) **યોન–બેકટ્રીઅન્સ**–બેકટ્રીઆના રાજવંશની બતાવેલી ઉત્પત્તિ–ત્યાંથી માંડીને તેમણે હિંદમાં કરવા પડેલ નિવાસ સુધીનો આપેલ ક્રમિક વિકાસ—

(૧) **ડિમેટ્રીઅસ**—તેણે મૂળ યવનપતિ સાથે જોડેલ કૌટુંબિક સંબંધ અને પરિણામે બેક્ટ્રીઅન રાજ્યની થએલી સ્થિરતા–પુષ્યમિત્ર અને વસુમિત્રના હાથે હિંદમાં માર ખાધેલ યોન સરદારોની વીતક કથા સાંભળી તેણે હિંદ તરફ કરેલું પ્રયાણ–હિંદ તરફની ગેરહાજરીમાં ડિમેટ્રીઅસની ખૂંચવી ગએલી બેક્ટ્રીઆની રાજગાદી–તેથી તેને હિંદમાં કરવી પડેલી રાજસ્થાપના–તેની સાથે આવેલ વફાદાર સરદારો–તેણે શુંગવંશી સમ્રાટ સાથે ખેલેલ યુદ્ધ અને અશ્વમેધમાં પાડેલી ખલેલ–સુમિત્રનું નીપજાવેલું મરણ અને તેનું સહન કરવું પડેલ પરિણામ—

(૨) **મિનેન્ડર**—તેનો જન્મ, આયુષ્ય અને રાજકાળ–તેણે વિસ્તારેલ રાજ્યનો કરાવેલ ટૂંક પરિચય–તેના ક્ષત્રપો વિશેની સમજ તથા ઓળખ–તેના સંસ્કારી જીવન વિશેનો થોડોક ખ્યાલ–તે સમયની સંસ્કૃતિ અને આબાદીનો આપેલ કાંઈક ચિતાર–મિનેન્ડર પછી તેના રાજવંશની થયેલ દશાના અંગે વિદ્વાનોનું મંતવ્ય અને ખરી સ્થિતિ વચ્ચેનો બતાવી આપેલ ફેર—

સૈનિક રાજનીતિના એક સૂત્રનું સમજાવેલ રહસ્ય–પરદેશી પ્રજામાં પ્રવર્તી રહેલા હોદ્દાઓ તથા તેમના અધિકાર વિશે આપેલ સમજ–સિક્કા પાડવામાં તથા શિલાલેખો કોતરવામાં તેમણે અખત્યાર કરેલી પદ્ધતિનું વર્ણન—

હિંદ ઉપર આક્રમણ લઇ આવનારી પરદેશી પ્રજાની પાંચે જાતોની ઉત્પત્તિ વિશે આપણે ગત પરિચ્છેદમાં વિવરણ કરી ગયા છીએ. હવે તે દરેકને લગતી વિશેષ હકીકત તથા તેમના પ્રત્યેકના નૃપતિઓ, સરદારો, ક્ષત્રપો ઇ. જેઓ હિંદના ઇતિહાસમાં પોતાનાં નામો અમર કરી ગયા છે તે સર્વ વિશે યથાશક્તિ વિવેચન કરીશું. પ્રથમ આપણે યોન પ્રજા સંબંધીનો ઇતિહાસ લખીશું.

## (अ) યોન : બેકટ્રીઅન્સ

યવન અને યોન શબ્દનો ભેદ દર્શાવતાં આપણે જણાવી ગયા છીએ કે, પેલી આક્રમણ લાવનાર ગ્રીક પ્રજાનું મૂળ વતન આયોનીયન ટાપુ હોવાથી,[1] તેમાં રહેતી પ્રજા તરીકે તેનું નામ યવન પડયું જ્યારે તેઓએ અન્ય સ્થળે વસવાટ કર્યો એટલે ત્યાંની પ્રજાના લોહી સાથે તેમનું મિશ્રણ થયું તેમાંથી ઉત્પન્ન થએલ પ્રજાનું નામ યોન[2] પડયું. અલબત, કેટલેક ઠેકાણે લોહીનું મિશ્રણ થયું નથી. પણ મૂળની યવન પ્રજા તેમના વતનમાંથી ખસીને અન્ય સ્થાને જઇ વસી, એટલે મૂળના યવનથી તેમની ઓળખ છૂટી પડે[3] તે માટે પણ તે શબ્દ વપરાયો હોય એમ સમજાય છે; એટલે કે તે યવન પ્રજાની જ ઓલાદના કહી શકાય. આ પ્રમાણે બન્ને શબ્દોમાં તફાવત હોવા છતાં, વિદ્વાનો એ તે બન્નેને એક બીજા

(1) હિં. હિ. પૃ. ૫૦૫:—Greeks were Aryan colonists of the Mediterranean islands called the Ionians–ગ્રીક પ્રજા ભૂમધ્ય સમુદ્રમાંના આયોનીયન નામે ઓળખાતા ટાપુની આર્યન વસાહત છે.

D. R. Bhandarker: Asoka P. 30:—It is in Ionia that the commercial developement of the Greeks is the earliest. There can be no doubt that, it was on account of the enterprizing spirit displayed by the Ionians that the Persians coined the word Yavana as a general name for all the Greeks–ભાં. અ. પૃ. ૩૦—ગ્રીક પ્રજાની ઔદ્યોગિક પ્રગતિ સૌથી પ્રથમ આયોનિયામાં જ થવા પામી છે. એ તો નિર્વિવાદિત છે કે, આયોનિયનોએ જે સાહસિક વૃત્તિ દાખવી હતી તેને લીધે જ ઇરાનીઓએ સર્વ ગ્રીકને યવન નામના સામાન્ય નામથી બોલાવવા માંડ્યા હતા.

J. A. H. R. S. vol. II. P. 5:—Yavana does not always mean Greek in Sanskrit literature–જ. આં. હિ. રી. સો. પુ. ૨, પૃ. ૫:—સંસ્કૃત સાહિત્યમાં યવન એટલે ગ્રીક જ એમ સર્વથા અર્થ થતો નથી.

Asiatic Researches V; P. 266:—The Greeks are generally known as Yavans–એ. રી. પુ. ૫. પૃ. ૨૬૬:—ગ્રીક લોકોને સામાન્ય રીતે યવન તરીકે ઓળખાવાય છે.

હિં. હિ. પૃ. ૫૦૫:—The word Javana (applied to Turks or Mahomedans) is often wrongly confounded by scholars with Yavana (the Greeks)=તુર્ક અને ઇસ્લામીઓ માટે વપરાતા 'જવન' શબ્દને ગ્રીક માટે વપરાતા 'યવન' શબ્દની સાથે વિદ્વાનોએ ભેળાભેળી કરી નાખી છે (એટલે તેમનું કહેવું એમ છે કે તુર્કને 'જવન' અથવા મ્લેચ્છ કહેવાય જ્યારે ગ્રીકને યવન કહેવાય) તાત્પર્ય કે યવન અને જવનમાં પણ તફાવત છે.

[ઇરાનીઓ અને યવન વચ્ચે પણ લોહીની સગાઈ મનાય છે. જુઓ પર્શિઅન શબ્દે તેની સમજૂતિ ]

(૨) બેકટ્રીઆનો જે રાજ્યવંશ છે તે કદાચ આ કથનના દૃષ્ટાંત તરીકે લેખી શકાશે. તથા ઉપરની ટી. નં. ૧ માંનું જ. આં. હિં. રી. સો. વાળું અવતરણ સરખાવો.

(૩) સમ્રાટ પ્રિયદર્શિનના શિલાલેખોમાં જે યોન ભૂપતિઓનાં નામ છે તે આ પ્રકારની યવન પ્રજા સમજાય છે: વળી જુઓ પુ. ૨ પૃ. ૩૦૬ ની ટીકાઓ.

સાથે ભેળવી નાંખી પરસ્પર રીતે ઉપયોગ કર્યે રાખ્યો છે.

અત્ર આપણે યોન એટલે બેકટ્રીઅન્સ તરીકે ઓળખાતી પ્રજાને લેખવાની છે. તેમની ઉત્પત્તિ હિંદની બહાર થયાનું આપણે ગયા પરિચ્છેદમાં જણાવી ગયા છીએ. તે બાદ તેમની પ્રવૃત્તિ ત્યાં ને ત્યાં

**હિંદબહારની તેમની પ્રગતિ**

કેમ અને કેટલે દરજ્જે આગળ વધી હતી તે જાણવાની આપણે જરૂર તો નથી જ—કેમકે તેનું સ્થાન હિંદની બહારનું છે; જ્યારે આપણો આ ઇતિહાસ કેવળ ભારતીય દેશનો જ છે;—છતાં તેમનો જે ઇતિહાસ ભારતને લગતો છે તે સમજવાને, એની વચ્ચે જે બનાવો સાંકળ રૂપે સંકળાયલા છે તેનો આછો અને ટૂંકો ખ્યાલ તો સમજી લેવાની અગત્યતા દેખાય છે જ.

અલેકઝાંડરના મરણ પછી તેના મુલકના અનેક ભાગલા પડી ગયા હતા. તેમાંના એક પ્રાંત નામે સિરિયાની ગાદી ઉપર તેનો મુખ્ય સરદાર જે ગણાતો હતો તે સેલ્યુકસ નિકેટોર બેઠો હતો. તેનું મરણ ઇ. સ. પૂ. ૨૮૧ માં થતાં, તેનો પુત્ર એંટીઓકસ પહેલો—સોટર આવ્યો. તે ઇ. સ. પૂ. ૨૬૧ માં મરણ પામતાં તેનો જ પુત્ર એંટીઓકસ બીજો-થીઓસ આવ્યો. આ વખતે સિરિયા અને અફગાનિસ્તાન વચ્ચેના મુલક ઉપર હિંદી સમ્રાટ પ્રિયદર્શિનની આણ પ્રવર્તી રહી હતી. ( જુઓ પુ. ૨, પૃ. ૩૦૮ ટી.-નં. ૯૩ ) અને પ્રિયદર્શિને ઉપરોક્ત યવનપતિઓ સાથે તેમજ અન્ય પાડોશી રાજ્યોના ભૂપાળો સાથે મિત્રાચારીની ગાંઠ બાંધી હતી તે આપણે તેણે પોતે જ કોતરાવેલ શિલાલેખો ઉપરથી જોઇ શકીએ છીએ; છતાં પાશ્ચાત્ય પ્રદેશના ઇતિહાસકારો[૪] જે એમ મનાવી રહ્યા છે કે આ એંટીઓકસ બીજો—થીઓસ—વ્યભિચારી હોવાથી તેના રાજ્યે બળવો ઉઠ્યો હતો અને ઇ. સ. પૂ. ૨૫૦ ની આસપાસ તેના મુલકમાંથી ઇરાન અને બેકટ્રીઆ બન્ને છૂટા પડીને સ્વતંત્ર થઇ ગયા[૫] હતા તે, હકીકત બહુ પ્રમાણભૂત લાગતી નથી; કેમકે, પ્રથમ તો એંટીઓકસ પહેલાને કે તેના કોઇ પૂર્વજને તાબે ઇરાન હોવાનું જ સાબિત નથી થયું, તો પછી તેમનાથી સ્વતંત્ર થવાનુંજ ક્યાંથી રહે ? બાકી વાત એમ બની છે કે, હિંદી સમ્રાટ પ્રિયદર્શિન તે સમયે વૃદ્ધાવસ્થાએ પહોંચી ગયો હતો અને પોતે ધાર્મિક જીવન ગાળવાની વૃત્તિ ધરાવતો થઇ ગયો હતો; એટલે તેનું ચિત્ત રાજકારણથી ઓછું થઇ ગયું હતું. તેથી દૂરદૂરના પ્રાંતો ઉપરનો કાબૂ શિથિલ કરતો જતો હતો; તેમાં વળી તેનો યુવરાજ સુભાગસેન, કે જેના હાથમાં અફગાનિસ્તાન તથા તેની પશ્ચિમે આવેલ પ્રાંતો સંભાળવાનું કામ સોંપ્યું હતું તેની રાજનીતિ કેવી હતી તે આપણે જોયું છે. એટલે ત્યાંની પ્રજા સૌથી પ્રથમ મૌર્ય સામ્રાજ્યમાંથી છૂટી થઇને સ્વતંત્ર બની ગઈ. પછી બેકટ્રીઆમાં ડીઓડોટસ પહેલો, રાજા બન્યો. તે પાંચેક વર્ષ રાજ્ય કરીને ઇ. સ. પૂ. ૨૪૫ લગભગ મરણ પામતાં

---

( ૪ ) જુઓ કે. હિ. ઇ. પૃ. ૪૨૯ The revolt of Parthia took place about simultaneously with the revolt of Bactria, although probably a year or two later—પાર્થિઆનો બળવો પણ બેકટ્રીઆના બળવા સમયે જ લગભગ—અલકે એકબે વર્ષ પાછળ ઊભો થવા પામ્યો હતો.

( ૫ ) આટલી વાત ખરી છે કે, આ બન્ને પ્રદેશો ઇ. સ. પૂ. ૨૫૦ ની આસપાસ સ્વતંત્ર થઈ ગયા હતા; પણ તે યવનપતિની ઝુંસરીમાંથી નહીં જ.

તેનો પુત્ર ડીઓડોટસ બીજો ગાદીએ આવ્યો હતો. તેનું રાજ્ય ઇ. સ. પૂ. ૨૪૫ થી ૨૩૦=૧૫ વર્ષ ચાલ્યું છે. અને તેને મારી નાંખીને કોઇ યુથીડીમોસ નામના માણસે ગાદી પચાવી પાડી હતી. તેનો સમય ઇ. સ. પૂ. ૨૩૦ થી ૨૦૨ આશરે નોંધી શકાય તેમ છે. આ સમય દરમ્યાન મૂળ સિરિયાની ગાદી ઉપર એંટીઓકસ બીજાની પાછળ બે ત્રણ રાજાઓ આવી ગયા હતા અને પછી એંટીઓકસ ત્રીજાનો અમલ આશરે ઇ. સ. પૂ. ૨૨૩ થી શરૂ થયો હતો. તે સમયે પાર્થિઆ ઉપર સિરિયન રાજાની સત્તા-પછી તેણે જ મેળવી હોય કે તેના પૂર્વજે તે જણાયું નથી-કાંઇક અંશે પથરાઇ હતી એમ હજુ જણાય છે. આ એન્ટીઓકસ ત્રીજો કાંઇક પ્રભાવશાળી હતો તેમજ બેકટ્રીઅન રાજા યુથીડીમોસ પણ કાંઇ જોરવાળો હતો. પણ એન્ટીઓકસ મૂળ ગાદીનો ધણી હોવાથી તે Great King-મહારાજા કહેવાતો; જ્યારે આ બેકટ્રીઅનપતિ King-રાજા કહેવાતો હતો. એટલે એન્ટીઓકસે યુથીડીમોસને કહેવરાવ્યું કે, તમે બળવાખોર છો. કેમકે બેકટ્રીઆ બળવો કરીને સ્વતંત્ર થયું હતું-માટે તાબે થઇ જાઓ. યુથીડીમોસે સામો જવાબ વાળ્યો કે, બળવાખોર તો ડીઓડોટસ હતો અને તેને તો મેં મારી નાંખ્યો છે; એટલે હું તો બળવાખોરનો વિરોધી અર્થાત્ તમારા પક્ષનો છું. આ કહેણુથી એન્ટીઓકસ ખુશી થઇ ગયો; અને પોતાના દરબારે, યુથીડીમોસના પ્રતિનિધિને બોલાવી સન્માન કરવા કહેવરાવ્યું. જે ઉપરથી યુથીડીમોસે પોતાના પુત્ર [૬]ડિમેટ્રીઅસને-જે આ સમયે ભરયુવાનીમાં હતો અને ખૂબ દેખાવડો હતો તેને-મોકલ્યો. ડિમેટ્રીઅસને જોતાં જ એંટીઓકસ એટલો બધો ખુશ થઇ ગયો કે, તેનું સન્માન કરીને પોતાની એક કુંવરી પરણાવી. આ બન્ને, જે અત્યારસુધી પ્રતિસ્પર્ધીઓ ગણાતા તે હવેથી મિત્રતા અને સગપણુની ગાંઠથી બંધાઇ જતાં તેમણે વિશેષ જોર પકડ્યું. આ બનાવ આશરે ઇ. સ. પૂ. ૨૧૫ માં બન્યો હોવાનું ગણી શકાય.[૭] પછી યુથીડીમોસે હિંદ ઉપર ચડાઇ કરવા માંડી. તેણે કાશ્મિરનો તેમજ પંજાબનો કેટલોક ભાગ જીતી લીધો પણ હતો; છતાં પોતે તો માત્ર દ્રવ્યાદિ લઇ સ્વદેશ ચાલ્યો જતો હતો. જ્યારે તેના માણસો જ ક્યાંક ક્યાંક થાણું જમાવી પડ્યા રહેતા હતા. રાજતરંગિણિકારે જે જણાવ્યું છે કે કાશ્મિરપતિ રાજા જાલૌકે મ્લેચ્છોને પોતાના દેશમાંથી હાંકી કાઢી ઠેઠ કાન્યકુબ્જ સુધીનો[૮] પ્રદેશ જીતી લીધો હતો ( પોતાના રાજ્યઅમલે ૨૬ મા વર્ષે એટલે ઇ. સ. પૂ. ૨૦૯ સુધીમાં ) તે મ્લેચ્છો આ યવન અને યોન પ્રજા જ સમજવી. તેવામાં ઇ. સ. પૂ. ૨૦૫ આસપાસ કે બે વરસના ગાળામાં આઘે પાછે, આ બાજૂ કાશ્મિરપતિ રાજા જાલૌક અને તે બાજૂ બેકટ્રીઅનપતિ યુથીડીમોસ મરણ પામ્યા. તેમની ગાદી ઉપર અનુ-

---

(૬) ભા. પ્રા. રા. પુ. ૨. પૃ. ૧૮૧. C. H. I. P. 441:-Demetrius, the handsome youth, son of Euthydemus as a fully accredited envoy to the camp of Antiochos III-he offered him one of his daughters in marriage:—કે. હિ ઇ. યુથીડીમોસનો પુત્ર ડિમેટ્રીઅસ ખુબસુરત યુવાન હતો. તેને એંટીઓકસ ત્રીજાના દરબારે, સંપૂર્ણ માનમરતબા સાથે એલચીપણે મોકલ્યો હતો. તેણે પોતાની એક દીકરી તેને વેરે પરણાવી હતી.

(૭) આ વખતે ડિમેટ્રીઅસની ઉમર ૧૭ કે ૨૦ વર્ષની ગણીએ તો તેનો જન્મ ઇ. સ. પૂ. ૨૩૦થી ૨૩૫ નો ગણવો રહે છે.

(૮) જુઓ પુ. ૨. પૃ. ૪૦૪.

ક્રમે દામોદર અને ડિમેટ્રીઅસ આવ્યા. રાજા દામોદર નબળો હશે એમ સમજાય છે; જ્યારે ડિમેટ્રીઅસ લગભગ ત્રીસેક વર્ષનો અને ખૂબ પરાક્રમી હતો. તેણે તુરત જ હિંદ ઉપર સ્વારી કરી અને લગભગ આખો પંજાબ કબજે પણ કરી વાળ્યો. વળી તેથી પણ આગળ વધવાની તૈયારી કરતો દેખાયો. એટલે મૌર્યના સૈન્યપતિ અગ્નિમિત્રે સ્થિતિ અસહ્ય અને કટોકટ જેવી લાગવાથી, પોતાના સ્વામી બૃહદ્રથનું ખુન કરી અવંતિની રાજલગામ પોતાના હાથમાં લઇ લીધી ઇ. સ. પૂ. ૨૦૪. આ બનાવ આપણે ઉપરમાં વર્ણવી પણ ગયા છીએ. હવે અહીંથી આપણા ભારતીય ઇતિહાસનું અનુસંધાન સંધાય છે એમ કહી શકાશે.

### ( ૧ ) ડિમેટ્રીઅસ—

( ઇ. સ. પૂ. ૨૦૫ થી ૧૮૨=૨૩ વર્ષ આશરે )

જો કે ડિમેટ્રીઅસ ઈ. સ. પૂ. ૨૦૫ માં તો બેકટ્રીઆમાં જ ગાદીએ બેઠો છે, અને તેની કારકીર્દિના પ્રથમના થોડાંક વર્ષ તે પ્રાંતમાં જ તેણે ગાળ્યાં છે; એટલે તે સમય તેના જ રાજઅમલનો પણ હિંદ બહારનો ગણાય; છતાં તેને છૂટો ન પાડતાં અહીં ભારતીય ઇતિહાસના વર્ણનમાં તેને ખાતે ચડાવવામાં આવ્યો છે.

ઉપર આપણે લખ્યું છે કે તેણે પંજાબ જીતી લીધા બાદ આગળ વધવાની તૈયારી કરી હતી. ખરી રીતે તે પોતે તો બેક્ટ્રીઆમાં જ હતો પણ તેના જે સરદારો અહીં હિંદમાં હતા તેમણે જ આ ચડાઇનું રણશિંગું ફુંકયું હતું. કહે છે કે આ સરદારોની સંખ્યા લગભગ સાતેકની હતી. તેમની સામે ટક્કર ઝીલવામાં સમ્રાટ અગ્નિમિત્ર તરફથી તેનો પુત્ર વસુમિત્ર પોતાના દાદા પુષ્યમિત્રની દોરવણીમાં રહીને હાજર થયો હતો. આ વખતનું યુદ્ધ અતિ તુમુલ હતું અને તેમાં યવનોને સખ્ત હાર મળી હતી.[૯] તેમના સરદારો તેમજ સૈન્યમાંથી જે કોઇ બચવા પામ્યું તે પોતાની આપવિતિ પોતાના રાજા ડિમેટ્રીઅસને કાનોકાન સંભળાવવાને બેકટ્રીઆ દોડી ગયા હતા. રાજાને ગાદીએ બેઠાને હજુ બહુ સમય થયો ન હતો તેમ તે પરાક્રમી હોઇ કાંઇક ઉતાવળા સ્વભાવનો પણ હતો એટલે સરદારોની વાત સાંભળતાં જ પિત્તો ખોઇ બેઠો અને જાતેજ હિંદ ઉપર ચડી જઇ, તેમને વળતો બદલો આપવાના વિચાર ઉપર આવ્યો. પૂરતી તૈયારી કરી પ્રથમ પંજાબ જીત્યો અને લડાઇના થાણા તરીકે, પંજાબ અને કાશ્મિરની હદ ઉપર આવેલ શિયાલકોટને પસંદ કર્યું. ત્યાં પોતાની રાજગાદી સ્થાપી અને પોતાના પિતાના નામ ઉપરથી તેનું નામ યુથીડીમીઆ પાડી દીધું. હિંદી ઇતિહાસમાં તેને ' સાકલ ' અથવા ' સાગલ ' નામે ઓળખાવ્યું છે.[૧૦] જ્યારે તેણે હિંદમાંજ હવે ગાદી કરી ત્યારે તેને રહેવાનું પણ ત્યાં જ ઠરાવ્યું. તે માટે હવે તેને આપણે હિંદના ઇતિહાસમાં[૧૧] સ્થાન આપવું રહે છે. બાકી કેટલાક ઇતિહાસકારોનું જે એમ માનવું થયું છે કે તેના પિતા યુથીડીમોસે સાકલમાં ગાદી કરી હતી તે બીનાને

( ૯ ) હિંદીઓને અને યવનોને બે વખત જે સખ્ત યુદ્ધ થયાં હતાં તેમાંનું આ પ્રથમ સમજવું. વિશેષ માટે જુઓ અગ્નિમિત્રના વૃત્તાંતે.

(૧૦) C. H. I. P. 446:—He fixed his capital at Sagala or Sangala which he called Euthydemia in honour of his father—કે. હિ. ઇ. પૃ. ૪૪૬; તેણે પોતાની રાજગાદી સાંગલ કે સાગલમાં કરી અને પોતાના પિતાના નામ ઉપરથી તેનું નામ યુથીડીમીયા પાડયું. (વળી નીચેની ટી ૧૨ જુઓ )

( ૧૧ ) હિં. હિ. પૃ. ૬૩૦:—Demetrios was called ' King of Indians '—ડિમેટ્રીઅસ ' હિંદનો રાજા ' કહેવાતો હતો.

બહુ સમર્થન મળતું નથી.[૧૨] તેના પિતાએ જરૂર પંજાબ જીત્યો હતો પણ ખરો, તેમ તે જીતાયલા પ્રદેશ ઉપર પોતાના હાકેમો પણ નીમ્યા હતા ખરા, છતાં તે પોતે ત્યાં રાજગાદી કરીને વસવાટ કરવા મંડ્યો હતો તે હકીકતમાં તો બહુ સત્યાંશ નથી જ.

ઉપર જે જણાવ્યું કે રાજા ડિમેટ્રીઅસે જ, અને નહીં કે તેનાં પિતાએ, હિંદમાં પોતાની રાજગાદી સ્થાપી હતી તેની પ્રતીતિ ખુદ ગ્રીક ઇતિહાસમાં નોંધાયલી એક બીજી હકીકતથી પણ મળતી રહે છે. તેમાં જણાવાયું છે કે રાજા ડિમેટ્રીઅસે હિંદ ઉપર જાતે જવાનું પ્રસ્થાન કર્યું એટલે બેકટ્રીઆમાં તેનું સ્થાન ખાલી પડેલું જોઇને તથા તે બહુ દૂર ગયેલ છે, જેથી પાછા વળવાનું મન કરશે તો પણ ત્યાં આવી પહોંચતાં ઘણો સમય નીકળી જશે; તે દરમ્યાન પોતાનું મનધાર્યું પરિણામ પોતે બેકટ્રીઆમાં નીપજાવી શકશે. આવી ગણત્રી વડે યુક્રેટાઇડઝ નામના કોઇ એક સરદારે બળવો કરીને બેકટ્રીઆની ગાદી પચાવી પાડી અને પોતાને બેકટ્રીઆના રાજા તરીકે જાહેર કરી દીધો.[૧૩] આ સમાચાર ધીમે ધીમે રાજા ડિમેટ્રીઅસને હિંદમાં પહોંચ્યા. પણ તે સમયે તે એવી સંક્રામણમાં આવી પડ્યો હતો કે તેની સ્થિતિ સુડી વચ્ચે સોપારીના જેવી થઇ પડી હતી. જો પોતે વતન તરફ પાછો ફરે છે તો પોતાના હાથમાંથી બેકટ્રીઆની લગામ સરીગઇ હોવાથી ત્યાં કેટલે દરજ્જે ફતેહ મેળવે તે શંકાસ્પદ જ હતું; અને બીજી બાજૂ હિંદમાંથી પગદંડો ઉપાડે છે તો, તે તો ગુમાવી બેસે તે ચોક્કસ જ હતું. એટલે એક બાજુ બેકટ્રીઆ ખોવાનો ભય અને બીજી બાજુ હિંદમાં વિજય મેળવી પ્રાપ્ત કરેલ મુલક ગુમાવવાનો ભય : એ બેમાંથી પોતાને કયું વિશેષ હિતકારક હતું તે મુદ્દો જ વિચારવાનો રહ્યો હતો. આ બે કાર્યની પસંદગીમાંથી હિંદની ભૂમિ સાચવી રાખવાનું જ કાર્ય તેણે ઉપાડી લીધું હતું; કેમકે પેલી ઉક્તિ છે[૧૪] કે "જે ધ્રુવ એટલે નક્કી છે તેનો ત્યાગ કરીને અધ્રુવ એટલે શંકાસ્પદ મેળવવાને તલસે છે, તેને શંકાસ્પદ જે અનિશ્ચિત છે તે તો મળતું નથી જ, પણ નિશ્ચિત જે છે તેનો પણ ત્યાગ કરેલ હોવાથી તેની પ્રાપ્તિથી પણ તે વંચિત રહે છે. મતલબ કે નિશ્ચિત અને અનિશ્ચિત બન્નેને તે ગુમાવી બેસે છે." આ પરિસ્થિતિથી સમજાય છે કે, તેણે હિંદમાં ગાદી તો પ્રથમ કરી હશે

---

(૧૨) C. H. I. 446:—Dr. George Macdonald points out that the statement Demetrius fixed his capital at Sagala which he called Euthydemia in honour of his father is open to challenge (Ind. His. Quart. V. Sept. P. 404.)

કે. હિ. ઇ. પૃ' ૪૪૬:—ડૉ. જ્યોર્જ મેકડૉનલ્ડ જે એમ કહેવા માંગે છે કે, ડિમેટ્રીઅસે સાગલમાં રાજગાદી કરી હતી અને પોતાના પિતાના નામ ઉપરથી તેનું નામ યુથીડીમીઆ પાડ્યું હતું તે શંકાસ્પદ છે. (ઈ. હિ. ક્વૉ. પુ. ૫, સપ્ટે. પૃ. ૪૦૪)

[ મારૂં ટીપ્પણ: એટલે તેમનું કહેવું એમ છે કે, સાકલમાં ગાદી ડિમેટ્રીઅસે નથી કરી પણ તેના પિતા યુથીડીમોસે કરેલી સંભવે છે: જો તેમ હોય તો ગ્રીક ઇતિહાસમાં ડિમેટ્રીઅસને જે હિંદ ભૂપતિ કહ્યો છે તેને સ્થાને યુથીડીમોસને જ તે ખિતાબ આપ્યો હોત. પણ ગ્રીક ઇતિહાસમાં તે વાતને ટેકારૂપ નીવડે તેવી કોઇ હકીકત નોંધાયનું જણાતું નથી. ] જુઓ ઉપરની ટી. નં. ૧૦ તથા ૧૧ તેમજ હવે પછીનું લખાણ.

(૧૩) કે. હિ. ઇ. પૃ. ૫૫૪; ઈ. એ. પુ.૩૭, પૃ.૨૬.

(૧૪) यो ध्रुवं परित्यज्य अध्रुवं परिसेवते ।
अध्रुवं तस्य नश्यति, अध्रुवं नष्टमेव च॥

પણ મન ઢચુપચુ રહ્યા કરતું હશે જ્યારે આખરે ઊભા થયેલ સંજોગોને લીધે કાયમ કરવાની તેને હવે ફરજ પડી હતી. એટલે કુલ તેના ૨૩ વર્ષના રાજત્વકાલમાંથી ભારતીય રાજા તરીકે તેનો સમય ઇ. સ. પૂ. ૧૯૦ થી ૧૮૨ સુધી=૮ વર્ષનો જ કહી શકાય. હવે ડિમેટ્રીઅસના મગજમાંથી બેક્ટ્રીઆની ઉપાધી ઓછી થઇ ગયેલ હોવાથી તેણે પોતાનો સર્વ સમય હિંદના રાજકારણમાં જ ગાળવા માંડયો હતો. આ સમયે તેની સાથે એક હેલીઓક્લ્સ અને બીજો મિનેન્ડર નામે યોન સરદારો હતા; જેમાંનો પ્રથમ ઉપર જણાવી ગયેલ યુક્રેટાઇડઝ બળવાખોરનો પુત્ર[૧૫] થતો હતો તથા બીજો કાંઇક દૂરનો સગો[૧૬] થતો હતો.

અહીં સાકલમાં સ્વસ્થ થયા પછી ( આ પ્રદેશને મહાભારતના સમયે મદ્રદેશ[૧૭] કહેવામાં આવતો હતો. રાજા પાંડુની માદ્રી નામની રાણી તે આ પ્રદેશના રાજાની પુત્રી સમજવી ) તેણે અગ્નિમિત્રના યુવરાજ વસુમિત્રને લોભાવવા એક સુંદર લલના તેની નજરે પાડવા ગોઠવણ કરી. ધાર્યા પ્રમાણે તે યુવતીની વસુમિત્રે માંગણી કરી હતી, ડિમેટ્રીઅસે અસ્વીકાર કર્યો હતો અને પછી યુદ્ધનો આરંભ થયો હતો વિગેરે હકીકત અગ્નિમિત્રના વૃત્તાંતે જણાવી ગયા છીએ. આ યુદ્ધમાં ડિમેટ્રીઅસનો વિજય થવાથી સતલજ નદીના કિનારા સુધીનો મુલક તેની આણમાં આવી પડ્યો હતો.[૧૮] તે બાદ બેએક વર્ષે, અગ્નિમિત્રે બીજા અશ્વમેધની તૈયારી કરી. તે અશ્વની રખેવાળી પોતાના યુવરાજ વસુમિત્રને સોંપી હતી. રાજા ડિમેટ્રીઅસે તે અશ્વ ફરતો ફરતો જ્યારે સિંધુ નદીના કિનારે[૧૯] આવ્યો ત્યારે તેની અટકાયત કરી હતી. તે ઉપરથી વસુમિત્ર અને ડિમેટ્રિઅસ વચ્ચે યુદ્ધ થયું હતું; જેમાં વસુમિત્રનું મરણ નીપજ્યું હતું. ઇ. સ. પૂ. ૧૮૨ ના સુમારે આ બનાવની નોંધ કરી શકાશે. પોતાના યુવરાજનું મરણ થવાથી ખુદ અગ્નિમિત્રે પોતેજ સૈન્યની સરદારી લીધી અને ડિમેટ્રીઅસને શિક્ષા કરવા નીકળ્યો. આ યુદ્ધમાં રાજા ડિમેટ્રીઅસનું મરણ નીપજ્યું હતું. ઇ. સ. પૂ. ૧૮૧; એટલે સમ્રાટ અગ્નિમિત્રે તે વિજયની ખુશાલીમાં બીજો અશ્વમેધ સંપૂર્ણ કર્યો. તેને કોઇ પુત્ર ન હોવાથી તેની ગાદીએ તેનો સરદાર

---

( ૧૫ ) આ યુક્રેટાઇડઝના પિતાનું નામ પણ હેલીઓક્લ્સ હતું તેમ પુત્રનું નામ પણ હેલીઓક્લ્સ હતું. પિતા હેલીઓક્લ્સ કાંઇ પ્રસિદ્ધ થયો નથી પણ પુ॰-હેલીઓક્લ્સે હિંદમાંથી પાછા વળતાં બેક્ટ્રીઆના રસ્તામાં પોતાના પિતાનો ભેટો થતાં, રાજ તરફની બેવફાદારીને લીધે પિતાનું ખૂન કરી પોતે ગાદીએ બેઠો હતો. તેના વખતમાં બેક્ટ્રીઆના રાજવંશનો અંત આવી ગયો છે અથવા કદાચ અન્ય કોઇ રાજા થવા પામ્યા હોય તો તે માત્ર નામધારી જ હતા એમ સમજવું. ભા. પ્રા. રા. પુ. ૨૫. પૃ. ૧૯૦ જુઓ.

( ૧૬ ): અ. હિ. ઇ. આવૃ. ૩ પૃ. ૧૯૯:-Menander a relative of the Bactrian monarch Eucratides-બેક્ટ્રીઅન રાજા યુક્રેટાઇડઝનો મિનેન્ડર સગો થતો હતો.

( ૧૭ ) કે. હિ. ઇ. પૃ. ૫૪૯:—Sakala was a city of the Madras ( Upanishad III, 3, I: 7, 1. )... between the rivers Chenab and Ravi. મદ્ર પ્રજાનું નગર સાકલ ચિનાબ અને રાવી નદી વચ્ચે આવેલું છે (ઉપનિષદ્; ૩:૩:, ૧, ૭૧. )

( ૧૮ ) આ યુદ્ધના વિજયથી રાજા ડિમેટ્રીઅસના સરદારોએ તેના સ્મરણ તરીકે સિક્કાઓ પડાવ્યા લાગે છે. ( જુઓ કે. હિ. ઇ. પૃ. ૫૪૭. )

( ૧૯ ) આ સિંધુને અવંતિ રાજ્યે આવેલ ચંબલ નદીની એક શાખા કે જેનું નામ કાળી સિંધુ છે તે નદી હોવાનું અને તે નદીના કિનારે આ યુદ્ધ થયાનું કેટલાક વિદ્વાનોએ માન્યું છે તે બરાબર નથી. ( જુઓ ઉપરમાં પૃ. ૭૫, ટી. નં. ૪૪. )

જેનું નામ મિનેન્ડર[૨૦] હતું તે આવ્યો હતો; જ્યારે ઉપર જણાવેલ હેલીઓકલ્સ તે પોતાના વતન બોખારા-બેકટ્રીઆ તરફ પાછો વળી નીકળ્યો અને તેણે ત્યાંની ગાદી મેળવી ( જુઓ આ પાન ઉપર ટી. નં. ૧૫ ની હકીકત ) લીધી. મરણ સમયે ડિમેટ્રીઅસની ઉમર લગભગ ૪૮ કે ૫૦ ની કહી શકાશે.

## (૨) મિનેન્ડર

( ઇ. સ. પૂ. ૧૮૨ થી ૧૫૬=૨૬ વર્ષ )

**તેનો જન્મ, નામ તથા ઉમર** તેનો જન્મ કે. હિ. ઈ. ના લેખકના કહેવા પ્રમાણે[૨૧] અફગાનિસ્તાનમાં આવેલી પંજશીર અને કાબુલ નદી વચ્ચેના અલાસંદાદ્વીપ નામે ઓળખાતા પ્રદેશના એક કલાસી નામે ગામડામાં થયો હતો. ક્યારે તેનો જન્મ થયો હશે તેની ચોક્કસ સાલ ઠરાવી શકીએ તેવા પુરાવા આપણને મળતા નથી, પણ જ્યારે તેને ડિમેટ્રીઅસની ગાદી ખૂંચવી લેનાર યુક્રેટાઇડઝને સગા તરીકે જાહેર કર્યો છે, ત્યારે એમ અનુમાન કરવાને કારણ મળે છે, કે યુક્રેટાઇડઝ પોતાના પિતા હેલીઓકલ્સ સાથે કેટલાક કૌટુંબિક સગાંઓ સહિત આ પ્રદેશમાં વસતો થયો હશે, તેવા કોઇક સમયે મિનેન્ડરનો જન્મ થયો હોવો જોઈએ. વળી આ યુક્રેટાઇડઝને ડિમેટ્રીઅસના પિતા યુથીડીમોસના રાજ્યે અચાનક ઉદ્‌ભવી નીકળતો અને ડિમેટ્રીઅસના સમયે બળવો કરીને એકટ્રીઆની ગાદી પચાવી પડતો જણાવાયો છે. એટલે એમ માની શકાય કે, આ હેલીઓકલ્સ વિગેરે કાબુલ નદીવાળા પ્રદેશમાં યુથીડીમોસના સમયે જ આવીને વસ્યા હોવા જોઇએ. અને તે અનુમાન વધારે બંધબેસતું પણ છે; કેમકે તે પહેલાં કોઇ યવન કે યોનસરદારે તે પ્રદેશ ઉપર આધિપત્ય મેળવી લઈ, ત્યાં કોઇ સ્થાયી સંસ્થા બનાવી વસવા માંડ્યાનું જણાયું નથી. સેલ્યુકસ નિકેટોરે આ પ્રદેશ પોતાની દીકરી પરણાવીને દાયજામાં પોતાના જમાઈ અશોકવર્ધનને આપી દીધો હતો. પછી તેનો વારસો સમ્રાટ પ્રિયદર્શિનને મળ્યો હતો અને તે બાદ સુભાગસેનને મળ્યો હતો. તેનું રાજ્ય ઇ. સ. પૂ. ૨૩૬ થી ૨૨૭ સુધી ચાલ્યું હતું. એટલે તેનાજ સમયે યુથીડીમોસે[૨૨] ચડાઇ કરીને તે પ્રાંત સૌથી પ્રથમ મેળવી લીધો ગણાય. કેમકે આ યુથીડીમોસે ઇ. સ. પૂ. ૨૩૦ થી ૨૦૫ સુધી રાજ્ય કર્યું છે, તેમજ ઇ. સ. પૂ. ૨૧૫ પછી જ અફગાનિસ્તાન અને હિંદ તરફ તેણે પોતાના કદમ લંબાવ્યા છે. તેટલા માટે કોઇ યોન પ્રજાએ કાબુલના પ્રદેશમાં ત્યાંસુધી વસવાટ કર્યો નથી એમ સમજવું રહે છે. એટલે તે ઉપરથી એમ અનુમાન બાંધી શકાય છે કે મિનેન્ડરનો જન્મ વહેલામાં વહેલો થયો હોય તો યે ઇ. સ. પૂ. ૨૧૫ કે તેની આસપાસમાં જ થયાનું નોંધી શકાય. જે હિસાબે ઇ. સ. પૂ. ૧૮૨ માં તે ગાદીએ આવ્યો ત્યારે તેની ઉમર વધારેમાં વધારે ૩૩ વર્ષની જ કલ્પી શકાય. તેમ વળી તેનું ભવિષ્ય

(૨૦) આ મિનેન્ડર, ઉપરના યુક્રેટાઈડઝનો કાંઈક સગો થતો હશે એમ લાગે છે. અ. હિ. ઇ. ત્રીજી પૃ. ૧૯૯, જુઓ ઉપરની ટી. નં. ૧૬.

(૨૧) કે. હિ. ઇ. પૃ. ૫૫૦.

(૨૨) યુરોપિયન ઇતિહાસકારો મિ. સ્ટ્રેબોના કથનાનુસાર જે એમ જણાવે છે કે, સુભાગસેનને એંટીઓકસ પહેલાએ કે બીજાએ હરાવ્યો હતો તે ખોટું છે એમ હવે સમજાશે. (તેમની સમયાવળી જોવાથી માલૂમ થશે કે સુભાગસેન ગાદીએ આવ્યો તે પહેલાં એંટીઓકસ બીજો તો કયારનો મરી પણ ગયો હતો.) [ મિ. સ્ટ્રેબોના એવાં તો કેટલાંયે કથન તદ્દન અસત્ય અથવા જોડી કાઢેલાં માલૂમ પડ્યાં છે.]

ઇ. સ. પૂ. ૧૫૬ માં થયું હતું એમ આપણે આગળ ઉપર સાબિત કરીશું. એટલે તેનું રાજ્ય ૨૫ વર્ષ ચાલ્યું હતું તથા તે પોતે ૫૯ વર્ષની ઉમરે મરણ પામ્યો હતો એમ કહી શકાશે.

તેનું નામ મિનેન્ડર હતું, પણ તેને કેટલાયે ઇતિહાસકારોએ મિરેન્ડર નામથી પણ સંબોધ્યો છે. તેમ બૌદ્ધ સાહિત્ય ગ્રંથ મિલિન્ડ-પન્હોમાં તેને મિલિન્દ નામથી ઓળખાવ્યો છે, જ્યારે તેનું હિંદી નામ મિલિન્ડા હતું.

તેનો સત્તાકાળ ઈ. સ. પૂ. ૧૮૨ થી ૧૫૬ સુધીના ૨૬ વર્ષ [૨૩] પર્યંત ચાલુ રહ્યો હતો ડિમેટ્રીઅસના વૃત્તાંતે

**તેનાં પરાક્રમ**

જણાવાયું છે કે, પુષ્યમિત્રની સરદારી-આગેવાની, રાહબરી નીચે યુવરાજ વસુમિત્રે, યવન સરદારોને પંજાબમાંના મદ્રદેશના કાંઠે [૨૪] સખત હાર આપવાથી તેઓ પોતાની આપવિતિ પોતાના રાજાને કાનોકાન સંભળાવવાને સ્વદેશે ઉપડી ગયા હતા. તે પછી પુષ્યમિત્રની હાજરીમાં પતંજલી મહાશયે અશ્વમેધ યજ્ઞ સંપૂર્ણ કર્યો હતો અને તે બાદ થોડાક સમયે જ ઇ. સ. પૂ. ૧૮૮ માં પુષ્યમિત્ર મરણ પામ્યો હતો. ત્યાંસુધી નથી ડિમેટ્રીઅસની હાજરી કે નથી મિનેન્ડરનું હિંદની ભૂમિ ઉપર ઉતરવું: પણ ઉપર વર્ણવેલ પરાજયના સમાચાર બેકટ્રીઆમાં ફરી વળ્યા ત્યારપછી જ ડિમેટ્રીઅસ પોતાના સરદાર હેલીઓકલ્સ અને મિનેન્ડરને લઈને હિંદમાં પ્રવેશ્યો છે. એટલે કેટલાક વિદ્વાનોનું જે એમ માનવું થાય છે કે, પુષ્યમિત્ર અને મિનેન્ડર સમકાલીન હતા તે વાત અસ્વીકાર્ય છે; તો પણ એટલું આપણે જરૂર સ્વીકારી શકીશું કે જ્યારે પુષ્યમિત્ર ઈ. સ. પૂ. ૧૮૮ માં એંસી વરસની ઉમરે મરણ પામ્યો ત્યારે મિનેન્ડરનો જન્મ તો થઈ ચૂક્યો જ હતો. એટલા માટે તે બન્નેને તેટલે દરજ્જે સમકાલીન કહી શકાય. પણ મિનેન્ડરે પોતાની રાજકીય જિંદગી ઇ. સ. પૂ. ૧૮૮ ની પૂર્વે શરૂ કરેલી નહીં હોવાથી, તે બંનેને આપણે ઇતિહાસની દૃષ્ટિથી સમકાલીન લેખવા રહેતા નથી. તેમ રાજા ડિમેટ્રીઅસ ભલે ગાદીપતિ બની ચૂકયો હતો અને તેથી રાજકીય જિંદગીમાં પ્રવેશી ચૂકયો હતો છતાં તેણે હિંદની ભૂમિનાં દર્શન કરેલ નહીં હોવાથી તેને પણ પુષ્યમિત્ર સાથેના યુદ્ધમાં સમોવડિયા તરીકે લેખી શકાય નહીં. મતલબ કે, પુષ્યમિત્રને અને યુવાન વસુમિત્રને યવનો સાથેના પ્રથમ યુદ્ધમાં જે યશ મળ્યો છે તે, સર્વાંશે તેમની કૌશલ્યતાને લીધે જ હતો એમ ખુલ્લા દિલથી કહેવાને બદલે એમ પણ કહી શકાય કે ડિમેટ્રીઅસ અને મિનેન્ડર જેવા યુદ્ધનિપુણ સરદારોની ગેરહાજરીને લીધે પણ હશે. આ આપણા અનુમાનને અનેક અન્ય બનાવથી ટેકો પણ મળે છે; કેમકે પુષ્યમિત્રના મરણ બાદ, રાજા ડિમેટ્રીઅસ અને સરદાર મિનેન્ડરે બેકટ્રીઆમાંથી આવી મદ્રદેશના કાંઠે આવેલ[૨૫] સાકલની રાજધાની પ્રથમ મજબૂત કરી લીધી હતી. અને આગળ વધી ઠેઠ મતલબ

(૨૩) ઓ. હિ. ઇ. પૃ. ૧૨૩ :- ઈ. સ. પૂ. ૧૬૦ થી ૧૪૦=૨૦ વર્ષ જણાવ્યા છે.

(૨૪) ચિનાબ અને ઝેલમ નદી વચ્ચેનો પ્રદેશ. આ પ્રાંત ડિમેટ્રીઅસ અને અગ્નિમિત્રની સત્તાની સીમાએ આવેલ હોવાથી યવન સુંદરીને ડિમેટ્રીઅસે યુવરાજના પ્રલોભનાર્થે છૂટી મૂકી હતી.

(૨૫) હાલનું શિયાલકોટ : રાજા ડિમેટ્રીઅસેજ ત્યાં પ્રથમ ગાદી કરી હતી: જ્યારે કેટલાક વિદ્વાનોનું ધારવું થયું છે કે તેના પિતા યુથીડીમે સે કરી હતી.

Ind. His. Quart. V; P. 404 :-Even if Merander is ignored and Demetrius, son of Euthedemos is recognised as the

નદીના કિનારા સુધીનો પ્રદેશ પોતાના કબજે કરી લીધો હતો. આ યુદ્ધમાં પણ શુંગવંશ તરફથી લડનાર યુવરાજ વસુમિત્ર જ હતો, તેમ પ્રથમ વાર યવનોને જીતનાર પણ આ વસુમિત્ર જ હતો. એટલું ખરૂં કે જીત મળી હતી તે વખતના યુદ્ધમાં તેને તેના દાદા પુષ્યમિત્રની દોરવણી હતી જ્યારે પરાજય પામતી વખતના યુદ્ધમાં તે એકલવાયો હતો. આ ઉપરથી પુષ્યમિત્રની કાબેલિયત અને યુદ્ધકૌશલ્યતાની કિંમત આપણે જરૂર આંકવી રહે છે. આ પ્રમાણે આર્યો અને યવનો વચ્ચેનાં બે યુદ્ધની [૨૬] વાત થઇ–તેમાં એક મોટું અને બીજું નાનું હતું–તેમાં પ્રથમ મોટું હતું અને બીજુ નાનું હતું. તેવી જ રીતે પાછાં બે યુદ્ધ[૨૭] થયાં છે. એક નાનું અને બીજું મોટું–તેમાંયે પ્રથમ મોટું અને બીજું નાનું હતું–તે બેમાંથી એકમાં ડિમેટ્રીઅસ તથા મિનેન્ડરની ઉપસ્થિતિ હોવા છતાં સમ્રાટ અગ્નિમિત્રને જે યશ મળ્યો છે[૨૮] તે બતાવે છે કે યુદ્ધમાં એક કસાયલા આર્ય સૈન્યપતિ પાસે યવન સરદારો લાચાર બની જતા હતા. જ્યારે બીજું યુદ્ધ જે નાનું હતું તેમાં–બલ્કે કહો કે તે સમયે–ભલે દેખીતી રીતે–કે આકસ્મિક સંજોગો વચ્ચે–યવનપતિ મિનેન્ડરનું મૃત્યુ થયું છે,[૨૯] પણ ખરી રીતે જો તે જીવંત રહ્યો હોત તો જરૂર તેને જ યશની માળા અર્પણ થઇ હોત.

રાજા ડિમેટ્રીઅસનું મરણ જ્યારે નીપજ્યું અને મિનેન્ડરે રાજ્યલગામ હાથ લીધી ત્યારે યવનોના કાબૂમાં અફગાનિસ્તાન ઉપરાંત પંજાબમાંનો માત્ર સતલજ નદીના કિનારા સુધીનો પ્રદેશ જ[૩૦] હતો. અને તે બાદ સાતેક વર્ષે સમ્રાટ અગ્નિમિત્ર મરણ પામ્યો છે ત્યાંસુધી પણ યવનો કોઇ રીતે આગળ વધ્યા હોય એવું તારવી શકાતું નથી[૩૧]; પણ ઇ. રા. પૃ. ૧૭૬ માં તે

invader of Saketa and Madhyamika = ઇ. હિ. ક્વો. પુ. ૫, પૃ. ૪૦૪:–મિનેન્ડરની અવગણના કરીને–યુથીડીમોસના પુત્ર ડિમેટ્રીઅસને સાકેત અને મધ્યમિકાનો ઘેરો લઇ જનાર ગણાય તો.

( મારૂં ટિપ્પણ–મધ્યમિકા ઉપર ચડાઇ કરનાર તો મિનેન્ડર જ હતો. આગળ ઉપર જુઓ; અને સાકેત જો અયોધ્યા હોય તો તેમ થયું જ નથી; પણ સાકેલ, સાકલ હોય તો ડિમેટ્રીઅસે જ તે લીધું છે. )

(૨૬) પ્રથમ મોટું—એક પક્ષે વસુમિત્ર, પુષ્યમિત્ર અને બીજા પક્ષે યવનોના સાત સરદા ।.

બીજું નાનું—એક પક્ષે વસુમિત્ર અને બીજા પક્ષે ડિમેટ્રીઅસ તથા મિનેન્ડર.

( ૨૭ ) પ્રથમ મોટું—એક પક્ષે સમ્રાટ અગ્નિમિત્ર અને બીજા પક્ષે ડિમેટ્રીઅસ તથા મિનેન્ડર. આ યુદ્ધમાં ડિમેટ્રીઅસનું મરણ નીપજ્યું છે.

બીજું નાનું– એક પક્ષે સમ્રાટ ભાનુમિત્ર અને બીજા પક્ષે મિનેન્ડર. આ સમયે મિનેન્ડરનું મરણ થયું છે, પણ તે લડાઇમાં માર્યો ગયા કરતાં કાંઇક માંદો પડી જઇને મરણ પામ્યો હોય તે વધારે સંભવિત છે.

ઉપર નં. ૨૬, ૨૭ માં બે+બે=ચાર યુદ્ધ થયાં ગણાવ્યાં છે, પણ પુરાણકારોએ માત્ર બે મોટાને જ હિસાબમાં ગણ્યા છે. જુઓ બુદ્ધિ. પ્ર. પુ. ૭૬ થી આગળ.

( ૨૮ ) વૈદિક મતવાળાઓ અગ્નિમિત્રને જે ચક્રવર્તી સમ્રાટ ગણે છે તે આ જીત મેળવવાને લીધે જ સમજવું, અને તે બાદ જ તેણે બીજો અશ્વમેધ સંપૂર્ણ કર્યો છે. (જુઓ અગ્નિમિત્રના વૃત્તાંતે.)

( ૨૯ ) જુઓ શુંગવંશી બળમિત્ર–ભાનુમિત્રનું વૃત્તાંત. વળી નીચેનું ટી. નં. ૩૭ જુઓ.

( ૩૦ ) આ સ્થાન ઉપરના યુદ્ધમાં જ સમ્રાટ અગ્નિમિત્રના હાથે ડિમેટ્રીઅસનું મરણ નીપજ્યું છે. (જુઓ. પૃ. ૯૦નું વર્ણન તથા અહીંની ઉપર ટી. નં. ૨૭.)

( ૩૧ ) બુ. પ્ર. પુ. ૭૬, પૃ ૯૦—બૌદ્ધ પુસ્તકોમાં–મિલિન્દ પન્હોમાં–મિનેન્ડરની રાજધાની શાકલ જ કહી છે ( જુઓ કે. હિ. ઇ. પૃ. ૫૪૯ ): અર્વાચીન ઐતિહાસિકો બલ્ખથી ઉતરેલા ગ્રીકની એક જ ચડાઇનો નિર્દેશ કરે છે ને તેની આગેવાની મિનેન્ડરને આપે

મરણ પામતાંજ મિનેન્ડરે ધસારો કરવા માંડ્યો હશે એમ કલ્પી શકાય છે. પ્રથમ તેણે સતલજ નદીના દક્ષિણ ભાગ તરફ નજર પહોંચાડી હતી. અને જેને તે સમયે મરૂદેશ (હાલનો રાજપુતાનાનો પ્રદેશ-અરવલ્લીપર્વતની પશ્ચિમનો આખો પ્રદેશ ) કહેવાતો હતો તે તેમજ આખો સિંધદેશ જીતી લઇ[૩૨] તે ઉપર વહીવટ ચલાવવાને પોતાના એક સરદાર ભૂમકને[૩૩] નીમ્યો હતો. પછી તેણે પોતાનું લક્ષ ત્યાંથી ખેંચીને ઉત્તરે આવેલ પાંચાલ અને સૂરસેન દેશ સર[૩૪] કરવાને લગાડયું હતું. આખરે તે પ્રદેશ જીતીને ત્યાં વહીવટ કરવાને રાજુવુલ[૩૫] નામે સરદારને નીમ્યો હતો. આ પ્રમાણે તેણે ઉત્તર હિંદના સર્વ અગત્યના પ્રદેશો-પંજાબ,[૩૬] સિંધ, રાજપુતાના, સૌરાષ્ટ્ર અને યુક્ત પ્રાંતોનો મોટો ભાગ-પોતાની સત્તામાં લઇ લીધા હતા.[૩૭] તેથી વિશેષ આગળ વધવાને, એટલે કે હાલના યુક્ત પ્રાંતના લખનૌ અને અયોધ્યાની પૂર્વ દિશામાં વધવાને-તે ભાગ્યશાળી થયો હોય એવો કોઇ મજબુત પુરાવો મળતો નથી. જો કે વિદ્વાનોએ હાથીગુંફાના શિલાલેખના આધારે એવો વિચાર રજૂ કર્યો છે કે. તેણે-અથવા તેના પુરોગામી રાજા ડિમેટ્રીઅસે-પાટલિપુત્ર ઉપર[૩૮]

---

છે. એણે પાંચાલ તથા સૂરસેન જીત્યા લખે છે અને સાકેત કિંવા અયોધ્યને ઘેરો ઘાલીને સર કર્યાનું લખે છે. ( સરખાવો નીચેની ટી. નં. ૩૪ લખાણ. )

( ૩૨ ) અ. હિ. ઇ ત્રીજી આવૃત્તિ: પૃ. ૧૯૯:- તેણે સિંધુ નદીનો દુઆબ તથા સૌરાષ્ટ્રનો દ્વીપકલ્પ રાજ્યમાં ભેળવી લીધો હતો.

જ્યારે સર કનિંગહામનું કહેવું આ પ્રમાણે છે: Bhilsa Topes P. 127:—I have shown from the monogramatic names of cities, in which his coins were minted that Menander's rule extended over the whole of Kabul valley, the Punjab and the Sindh, including the capital city of Minnagara on the lower Indus (પુસ્તકના લેખક સર કનિંગહામ કહે છે ) મિનેન્ડરના રાજ્યઅમલમાં સિક્કાઓ જે શહેરોની ટંકશાળમાં પડાયા છે તેની નામાક્ષરી ઉપરથી મેં સાબિત કરી બતાવ્યું છે કે, તેનું રાજ્ય કાબુલની ખીણવાળા આખા પ્રદેશ, પંજાબ અને સિંધ ઉપર પથરાયું હતું. તેમાં સિંધુ નદીની દક્ષિણે આવેલ રાજપાટનો મીનનગરનો સમાવેશ થતો હતો. ( આમાં કયાંય સૌરાષ્ટ્રનું નામ જણાતું નથી. એટલે તેણે કચ્છ શહેરવાળો ભાગ જીત્યો હોય એમ પુરવાર નથી થતું )

( ૩૩ ) આ ભૂમકના વૃત્તાંત વિશે આગળ ક્ષહરાટ પ્રજા વિશેની હકીકતે જુઓ.

( ૩૪ ) એક વાર આ પ્રાંતો કદાચ ડિમેટ્રીઅસે જીતી લીધા હશે; પણ જીતી લીધા હોય તો પાછા ગુમાવી દીધા હતા એમ સમજવું.

( ૩૫ ) આગળ ઉપર રાજુવુલના વૃત્તાંતે ષષ્ઠમખંડે જુઓ.

( ૩૬ ) સિંધ, રાજપુતાના અને સૌરાષ્ટ્ર ઉપર, ક્ષત્રપ ભૂમકને, તથા યુક્ત પ્રાંત ઉપર ક્ષત્રપ રાજુવુલને વહીવટ કરવા નીમ્યા હતા; જ્યારે આ પંજાબ ઉપર એન્ટીઆલસીદાસ નામે કોઇ યોન સરદારને નીમ્યો હોય એમ લાગે છે. ( જુઓ ઉપરમાં શુંગપતિ બળમિત્ર-ભાનુમિત્રનું વૃત્તાંત. )

( ૩૭ ) બુ. પ્ર. પુ. ૭૬, પૃ. ૯૫:—આ છેલ્લી લડાઇમાં મિનેન્ડરના છ સાથી પૈકી બેનાં નામ મળી આવ્યાં છે. તેમાંનો એક દ્વિતીય ડિમેટ્રીઅસ અને બીજો એંટીઓકસ હતો.

મિનેન્ડરના દરબારમાં બિરાજતા ગ્રીકના મુખ્ય રાજાઓનાં નામમાં આ બેનાં નામ મિલિન્દપન્હોમાં આપ્યાં છે. ( જુઓ કે. હિ. ઇ. પૃ. ૫૫૦ )

( મારું ટિપ્પણ-મિનેન્ડરનો દરબાર એવા જે શબ્દો ઉપરના વાકયમાં લખાયા છે તે બતાવે છે કે મિનેન્ડર પોતે એક સમર્થ પાદશાહ હતો. )

( ૩૮ ) કે. શો. હિ. પૃ. ૬૫:—Menander was probably the Yavana who invaded

ઘેરો લઇ જવાની તૈયારી કરી હતી; પણ કલિંગપતિ ચક્રવર્તી ખારવેલનું મગધમાં ઊતરવાનું અને મગધપતિ બૃહસ્પતિમિત્રને પોતાના ચરણે નમાવ્યાનું સાંભળીને, તે યવનપતિએ મથુરાથી આગળ વધવાનો વિચાર માંડી વાળ્યો હતો. આ હકીકત, જે શિલાલેખના ઊકેલ ઉપરથી શોધી કાઢવામાં આવી છે. તે તથા તેના ઊકેલને લગતો સઘળો વૃત્તાંત, ખરી રીતે કઇ રીતે કરવા યોગ્ય છે, તે આખુંયે પ્રકરણ આપણે ખારવેલનું જીવનવૃત્તાંત (જુઓ પુ. ૪) આલેખવા સુધી મુલતવી રાખવું પડશે. અત્ર તો એટલું જ જણાવવું બસ થઇ પડશે કે તે હકીકત સમજવામાં ગેરસમજ થઇ છે. તેમ કેટલાક તરફથી જે એમ કહેવામાં આવે છે કે મિનેન્ડરે વર્તમાનગુજરાતનો પશ્ચિમ ભાગ–ભરૂચ જીલ્લાવાળો ભાગ[૩૯]–પણ જીતી લીધો હતો તે વાતમાં પણ બહુ વજુદ લાગતું નથી.[૪૦] અલબત્ત, આપણે એટલી તો જરૂર મિનેન્ડરને વિશે નોંધ કરવી રહે છે કે બેકટ્રીઅન પ્રજાના જે બે સરદારોએ હિંદમાં રહીને આધિપત્ય ભોગવ્યું છે તેમાં આ મિનેન્ડરનો જ રાજ્યવિસ્તાર પ્રથમ દરજ્જાનો હતો. એટલે તે પ્રમાણમાં તેને વિશેષપણે ગૌરવવંતો, પ્રભાવશાળી અને પ્રતાપવાન બાદશાહ[૪૧] કહી શકાય જ.

મિનેન્ડરના ખૂદના જય–પરાજય સાથે કે તે વખતની પાશ્ચાત્ય સંસ્કૃતિ સાથે, જો કે સીધી રીતે આપણને કાંઇ લાગતું વળગતું નથી, છતાં એક હકીકત વાચક સમક્ષ જરૂર ધરવા યોગ્ય લાગી છે; કેમકે તેમાં કાંઇક સમજવા જેવો એક સિદ્ધાંત રહેલો નજરે પડે છે.

**વિશેષ અધિકાર** તે તેના સમય પરત્વે હોઇને, અત્ર તેનું વૃત્તાંત પૂરું કરતાં સુધીમાં જણાવી દેવા યોગ્ય ધારૂં છું. પ્રખ્યાત ઇતિહાસવેત્તા મિ. વિન્સેંટ સ્મિથ તેમના અર્લી હિસ્ટરી ઓફ ઇન્ડીઆની ત્રીજી આવૃત્તિ નામક પુસ્તકમાં પૃ. ૧૯૯ ઉપર (મિનેન્ડરે હિંદ ઉપર ચડાઇઓ કરી છે તે બાબતમાં જણાવે છે કે) 'Thus ended the second and last attempt by a European general to conquer India by land..........From the repulse of Menander, until the bombardment of Calicut by Vasco da Gama in A. D. 1502, India enjoyed immunity from attack under European leadership and so long as the power in occupation of the country retains command of the sea, no attack made from the landside in the footsteps of the ancient invaders can have any prospect of permanent success =ખુશ્કી રસ્તે હિંદ ઉપર ચડાઇ લાવવાના યુરોપીઅન સરદારના બીજા[૪૨] અને છેલ્લા પ્રયત્નનો આ પ્રમાણે કેજ થયો... (વળી આગળ જણાવે છે કે)......મિનેન્ડરને

---

Magadha as recorded by Patanjali:

અ. હિં. ઇ. ત્રીજી આવૃત્તિ (સ્મિથ) પૃ. ૧૯૯

(૩૯) ભા. પ્રા. રાજવંશ પુ. ૨, પૃ. ૧૪૨:—પેરીપ્લસનું મંતવ્ય છે કે મિનેન્ડરના સિક્કા ભરૂચની આસપાસ મળ્યા છે. સરખાવો ઉપરની ટી. નં. ૩૨ માંનું સર કનિંગહામનું મંતવ્ય.

(૪૦) આ માટે ક્ષહરાટ ક્ષત્રપ ભૂમકનું વૃત્તાંત જુઓ.

(૪૧) સરખાવો ઉપરનું ટી. નં. ૩૭

(૪૨) મિનેન્ડરના હુમલાને બીજાની ઉપમા આપી છે જ્યારે અલેકઝાંડરની ચઢાઇને પહેલો હુમલો ગણ્યો છે, એમ સમજાતું લાગે છે.

પાછું હઠવું પડયું ત્યારથી માંડીને ઇ. સ. ૧૫૦૨ માં વાસ્કોડા ગામાએ કાલિકટ ઉપર તોપનો મારો ચલાવ્યો ત્યાંસુધી ( લગભગ ૧૭૦૦ વર્ષ સુધી ) કોઇ પણ યુરોપીઅન સરદાર[૪૩] હિંદ ઉપર આક્રમણ લાવ્યો નથી. અને જ્યાંસુધી દેશની માલિકી ધરાવનારની સત્તા, સમુદ્ર ઉપર ચાલુ હોય [૪૪] ત્યાંસુધી પ્રાચીન આક્રમણકારોની પેઠે સ્થળમાર્ગેથી લઇ આવેલો કોઇ પણ હુમલો કાયમને માટે ફત્તેહમંદ નીવડવાનો જ નહીં. " મતલબ કહેવાની એ છે કે કોઇપણ ભૂમિ ઉપર ફત્તેહપૂર્વક જય મેળવીને તેનો કબજો લાંબો સમય ભોગવવા માટે સાચવી રાખવો હોય, તો તેને લગતા સમુદ્ર ઉપરનો સર્વ અધિકાર [૪૫] સ્વાધીન કરી લેવો જોઇએ. આ સિદ્ધાંતમાં કેટલું સત્ય છે તે વર્તમાનકાળે યુરોપખંડમાં રાજ-કર્તી પ્રજાઓ દરિયા પરનું સ્વામિત્વ મેળવવા કેટકેટલા ભગીરથ પ્રયત્નો સેવી રહી છે તે ઉપ-રથી સમજી શકાય છે.

**સંસ્કૃતિમય તેનું જીવન**

એક નિયમ અદ્યાપિ પર્યંત આપણે જાળવતા આવ્યા છીએ કે, દરેક રાજવંશનું વર્ણન સમાપ્ત કર્યા બાદ, તેમના રાજવીઓના જય-પરાજયને લગતી હકીકત તથા તેઓ કયો ધર્મ પાળતા હતા તેને લગતું વિવેચન, એક જુદા જ પરિચ્છેદે લખવું. તે નિયમને અનુસરીને આ યોન પ્રજાને લગતી તથાપ્રકારની હકીકત માટે પણ એક જુદો અને સ્વતંત્ર પરિચ્છેદ લખવો જોઇતો હતો જ; પણ તે પ્રમાણે ન કરતાં બહુ ટૂંકમાં જ અહીં પતાવી દેવા ધાર્યું છે. કેમકે ( ૧ ) તે પ્રજાના માત્ર બે જ ભૂપતિઓ હિંદ ઉપર થોડે વધતે અંશે રાજ્ય કરવાને ભાગ્યશાળી નીવડ્યા છે. તેમ વળી તેમના જય-પરાજય વિશે તેમના સ્વતંત્ર વૃત્તાંતમાં પૂરતો ઉલ્લેખ કરી નાખ્યો છે જ. ( ૨ ) જ્યારે તેમના ધર્મ વિશે, જેમ અન્ય રાજવીઓના સંબંધમાં તેમના શિલા-લેખો કે સિક્કાઓ જેવી પ્રાચીન વસ્તુઓ ઉપ-રથી કાંઇપણ અનુમાન દોરી શકાય તેવી વસ્તુ-સ્થિતિ નીપજાવી શકાઈ છે, ત્યારે આ રાજાઓ સંબંધી-તેમના શિલાલેખો તો મળ્યા જ નથી પણ સિક્કાઓ હજુ મળ્યા છે ખરા પણ તેમાંથી-કાંઇએ સ્પષ્ટપણે તારવી શકાતું નથી જ. છતાં અન્ય ધાર્મિક અને સાહિત્યક ગ્રંથો ઉપરથી જે કાંઇ જાણી શકાયું છે, તે પણ આ બેમાંના કેવળ એક રાજવી વિશેનું જ છે; રાજા મિનેન્ડર વિશે-એટલે આવી અર્દ્ધ સત્તાધારી[૪૬] અને છાતી

---

( ૪૩ ) ખરી રીતે મિનેન્ડર યુરોપીઅન ઓલા-દનો નથી જ. તે યોન ( બેકટ્રીઅન ) હોવાથી તેને એશિઆવાસી જ કહી શકાય; પણ યવન અને યોન શબ્દનું મિશ્રણ કરી નાખવાથી, તેને યવન એટલે ગ્રીક ઓલાદનો ધારીને મિ. વિન્સેંટ સ્મિથે યુરોપી-અન શબ્દ વાપર્યો લાગે છે.

( ૪૪ ) આપણી બ્રીટીશ સરકાર પોતાને 'સ-મુદ્રની રાણી ' કહેવડાવવામાં જે ગૌરવ માને છે તે આ ઉપરથી સ્હેજે સમજી શકાશે.

( ૪૫ ) હિંદુસ્તાન પોતે જ એક રીતે તો દ્વીપકલ્પ છે, અથવા ઉત્તર હિંદ અને દક્ષિણ હિંદ એમ બે વિભાગ પાડવામાં આવે તો, દક્ષિણ હિંદને પણ દ્વીપકલ્પ કહી શકાય તેમ છે: આ દ્વીપકલ્પને વીંટળાયેલ સમુદ્ર ઉપર જેનું આધિપત્ય હોય તેનો સંપૂર્ણ વિજય છે એમ આ ઉપરથી સમજવું.

આ એક જાતની સૈનિક રાજનીતિ ગણવી રહે છે.

( ૪૬ ) રાજા મિનેન્ડરના ધર્મ ઉપર કાંઇક વિશેષ પ્રકાશ ફેંકતી હકીકત આગળ ઉપર મથુરાનગરીના લગતા પરિશિષ્ટમાં આવશે તે સાથે અહીંની હકીકત સરખાવવી.

અહીં ' અર્દ્ધ સત્તાધારી ' કહી છે તેની મતલબ એ છે કે તેના ધર્મ વિશે હજુ પાકી ખાત્રી બંધાય તેવી સાબિતીઓ મળી નથી.

ઠોકીને પ્રમાણભૂત તરીકે સ્વીકારી ન લેવાય તેવી હકીકતના જ આધારે સ્વતંત્ર પ્રકરણ લખવું તે દુરસ્ત લાગ્યું નથી. જે હકીકત મિનેન્ડર વિશે જણાવવામાં આવી છે. તે આ પ્રમાણે છે.

કે. હિ. ઇ. પૃ. ૫૪૯ માં લખે છે કે:—Menander is the only Yavana who has become celebrated in the ancient literature of India. He is unquestionably to be identified with Milinda the Yavana king of Sakal, who (Milinda-Panha) in the dialogue between the king, had become notorious as harassing the brothern and the Buddhist elder Nagasena. It is thus a philosopher and not as a mighty conqueror that Menander has won for himself an abiding fame (Trans. Rhys Davids, S. B E. XXXV. P. 6.–7.) As a disputant he was hard to equal; harder still to overcome. The acknowledged superior of all the founders of the various schools of thought. As in wisdom so in strength of body, swiftness and valour, there was found none equal to Milinda in all India. He was rich too, mighty in wealth and prosperity and the number of his armed hosts knew no end=મિનેન્ડર એક જ યવન (સરદાર) છે કે જે પ્રાચીન હિંદી સાહિત્યમાં નામાંકિત થવા પામ્યો છે. નિઃસંદેહ તેને, સાકલ (શિયાળકોટ)ના યવનપતિ મિલિન્દ તરીકે જ ઓળખવો રહે છે; વળી જે, રાજા સાથેની ચર્ચામાં (મિલિન્દપન્હા નામે ગ્રંથમાં) બૌદ્ધ ક્ષપણોની, (અને ખાસ કરીને) બુદ્ધ સંત નાગસેનની પજવણી કરવા માટે પ્રખ્યાત ગણાયો છે: અને તેટલા માટે, મિનેન્ડરે જે દીર્ઘકાળી ખ્યાતિ પોતા માટે મેળવી છે તે એક મહદ્ વિજેતા તરીકેની નહીં પણ એક ફિલસુફ તરીકેની કહી શકાશે (ભાષાંતર; રીઝ ડેવીડ્ઝ; સે. બુ. ઇ. પુ. ૩૫, પૃ. ૬, ૭.) એક વિવેચક (સંવાદક-વાદી) તરીકે તે અજોડ હતો; તેના કરતાં પણ વધારે તો તે અજેય હતો. (તે વખતના) દર્શનકારોમાં સન્માનિત અગ્રગણ્ય હતો. જેમ ડહાપણમાં, તેમ શૌર્યમાં, ચપળતામાં અને પરાક્રમમાં, આખા ભારતમાં મિલિન્દનો કોઈ હરિફ નહોતો. ઉપરાંત તે ધનવાન, અતિ સમૃદ્ધિવંત અને આબાદ હતો, અને શસ્ત્રસજ્જિત યજમાનો (તેની સેવા–સામનો કરનારા)ની તો કોઈ હદ જ નહોતી (અસંખ્ય હતા). આટલા અવતરણ ઉપરથી તેના સર્વદેશીય જીવન વિશે આપણને સહજ ખ્યાલ આવી જાય છે. તે ઉપર કાંઈ ટીકા કરવા જરૂર દેખાતી નથી. પણ તે કથન સાહિત્યગ્રંથ આધારે આળેખાયલું હોવાથી, ઐતિહાસિક વૃત્તાંત સાથે સરખાવી જોવાને વાચકવર્ગને વિનવું રહે છે.

પ્રથમ આપણે સંસ્કૃતિનો વિષય હાથ ધરીશું. એક દેશની પ્રજા બીજા દેશ ઉપર જ્યારે ચડાઈ લઈ જાય છે ત્યારે કયા મુખ્ય ઉદ્દેશો

**આબાદી અને સંસ્કૃતિ**

તેમાં સમાવેલા હોય છે અને તે પ્રત્યેકમાં કેવું પરિણામ આવવા સંભવ છે તેનો કાંઈક અંશે વિચાર આપણે પૃ. ૭૭–૭૮ માં આપી ગયા છીએ. તેમજ અલેકઝાંડર ધી ગ્રેઇટ હિંદ ઉપર જે આક્રમણ લાવ્યો હતો તેમાં તેની મુરાદ શું હતી અને તે

કેટલે દરજ્જે ફલિભૂત થઇ હતી તે પણ આપણે પુ. ૨ માં પૃ. ૨૮૫, ૨૩૫ તથા પૃ. ૩૮૧ માં જણાવી ગયા છીએ. અલબત્ત કહેવું પડે છે કે, આ બાબતમાં-અલેકઝાંડરની ચડાઇના પરિણામ વિશે-પાશ્ચાત્ય અને પૌર્વાત્ય વિદ્વાનોનાં મંતવ્ય વચ્ચે ઉત્તર-દક્ષિણ દિશા જેટલું અંતર હોવાનું[૪૭] માલૂમ પડે છે; પણ તેમાં કાંઇ આશ્ચર્ય પામવાનું કારણ નથી; કેમકે ગમે તેવો વિદ્વાન હોય અને તે નિષ્પક્ષપાત, ઉદારચિત્ત તથા કસાયેલ લેખક હોય છતાં આખરે તો તે એક મનુષ્ય જ છે ને? એટલે, જમણો હાથ હમેશાં પોતાના મ્હોં તરફ જ વળે છે, તે કહેવત પ્રમાણે તેને પોતાના સંસ્કૃતિનાં મહત્ત્વતા અને શ્રેષ્ઠતા જ નજરે દેખાયા કરે છે; જ્યારે વાસ્તવિક સ્થિતિ અન્યથા જ હોય છે. આ કથનની સત્યતા માટે કે. હિ. ઇ. ના લેખકના પોતાના શબ્દો જ સાક્ષીરૂપ ગણાય તેવા હોવાથી, અત્રે તે ટાંકવા મન થાય છે. લેખક મહાશય પૃ. ૫૮૧ માં લખે છે કે, " The Indian expedition of Alexander the Great, has for more than twenty-two centuries been celebrated in the Western world as one of the most amzaing feats of arms in the whole of history...No personage of the ancient world is better known; but of this great conqueror, the records of India have preserved no certain trace=અલેકઝાંડર ધી ગ્રેઇટના હિંદ ઉપરની ચડાઇને, આખા ઇતિહાસના યુદ્ધવિષયક પરાક્રમોમાંના ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ અજાયબીભરેલા એક બનાવ તરીકે પાશ્ચાત્ય દુનિયામાં આજે બાવીસ સદી થયા છતાં પ્રસિદ્ધિને પામેલો ગણવામાં આવે છે. ૪૮. પ્રાચીન દુનિયામાં કોઈ પણ વ્યક્તિ ( તેના જેટલો પ્રખ્યાતિને પામેલ નથી, છતાં આ મહાન વિજેતા વિશે હિંદી સાહિત્યમાં કાંઇ જરા સરખોયે ઉલ્લેખ થયેલ માલૂમ પડતો ૪૯નથી. " આ પ્રમાણે એકજ વ્યક્તિના પરાક્રમ વિશે જે મતફેર બન્ને-પશ્ચિમની તથા પૂર્વની દુનિયાના-સાહિત્યકારોમાં દૃષ્ટિગોચર થાય છે તે તેના પરાક્રમનાં મૂલ્ય-અંકન વિશેની દૃષ્ટિભિન્નતાને લીધે જ ઊભો થયેલ છે; એકે તેને કેવળ રાજકીય દૃષ્ટિથી જ નિહાળ્યો છે; જ્યારે બીજાએ સંસ્કૃતિની દૃષ્ટિબિંદુથી અવલોકયો છે. આ સંસ્કૃતિ વિષયક ચર્ચા પણ આપણે પુ. ૨ પૃ. ૩૭૮ થી આગળ " સંસ્કૃતિનાં સરણ " વાળા પારિગ્રાફમાં સ્પષ્ટ રીતે સમજાવી ગયા છીએ; એટલે અહીં તે ચર્વિતચૂર્ણ બની ગયેલ વિષયને પુનઃ સ્થાન આપવા માંગતા નથી. માત્ર એટલું જ જણાવવું યોગ્ય થઇ પડશે કે, કોઈપણ કાર્યને જો દીર્ઘકાલી સ્મૃતિયોગ્ય બનાવવું હોય, તો તેની અન્ય પ્રકારની મહત્ત્વતા બતાવવા કરતાં, સમસ્ત માનવજાતના કલ્યાણ માટે તે જેમ બને તેમ વિશેષ ઉપકારક નીવડવા જેવું છે એમ પુરવાર કરી આપવું જોઇએ. એટલે કે જો તે કાર્ય મનુષ્ય સંસ્કૃતિનું પોષક હશે તો જ તેનું આયુષ્ય લંબાઈ

( ૪૭ ) આ પૃષ્ઠો ઉપર ટાંકેલા અવતરણો સરખાવવાથી ખાત્રી કરી શકાશે.

( ૪૮ ) પાશ્ચાત્યની નજરે આ કથન બરાબર હશે જ; છતાં તેની કદર હિંદ સાહિત્યમાં કેવી થવા પામી છે તે માટે નં. ૪૯ નું ટિપ્પણ જુઓ.

( ૪૯ ) જે અલેકઝાંડરના યશોગાન પાશ્ચાત્ય પ્રજાએ આટલાં બધાં ઢોલ નગારાં વગાડીને ગાયાં છે તેને હિંદી લેખકોએ કોઇ હિસાબમાં પણ ગણ્યો નથી; તેમાં તે પુરુષનાં પરાક્રમ વિશે શંકા ઉઠાવ્યાનો મુદ્દો નથી જ પણ તે પરાક્રમને જે દૃષ્ટિએથી

શકશે. આ સમયની પાશ્ચાત્ય સંસ્કૃતિ કેટલે દરજ્જે આર્ય સંસ્કૃતિ કરતાં ઉતરતી હતી, તેનું એક બીજું દૃષ્ટાંત (ઉપર ટાંકેલો અલેકઝાંડરના આક્રમણ વિશેનો દૃષ્ટાંત પ્રથમ જાણવો) તે યવનપતિઓના સિક્કા ઉપરથી જ મળી આવે છે. કે. હિ. ઈ. ના લેખકના જ શબ્દો ટાંકી બતાવીશું. તેમણે પૃ. ૪૪૭ માં જણાવ્યું છે કે, Demetrius does not seem to have struck any gold. It will be observed that he is the first of the Bactrian kings to be represented with his shoulders draped and from his time onwards that feature is virtually universal=ડિમેટ્રીઅસે સોનાનો કોઈ સિક્કો પાડ્યાનું જણાયું નથી. ખાસ નોંધ લેવી રહે છે કે, તે પ્રથમ જ યોન-બાદશાહ છે કે જેણે (સિક્કામાં) પોતાના ખભે પીછોડી નાંખી છે (ખભાને ઢાંક્યો છે) અને તે સમયથી જ તે પ્રથાને સાર્વત્રિક આવકાર મળ્યો છે. કહેવાની મતલબ એ છે કે, યોન (પાશ્ચાત્ય સંસ્કૃતિમાં ઉછરેલી) પ્રજામાં ગળા પાસેનો-ખભાનો ભાગ ઉઘાડો રાખવાની એક પ્રથા ડિમેટ્રીઅસના સમય સુધી ચાલી આવતી હતી, પણ તેણે (હિંદની—[50] આર્ય-સંસ્કૃતિની—શ્રેષ્ઠતા નિહાળીને, ખભાનો અને ગળા પાસેનો ભાગ ઢાંકવાનો[51] પ્રથમ રવૈયો પાડ્યો હતો; અને તે એટલો બધો સર્વને રૂચતો થઈ પડ્યો હતો કે, ત્યારપછીના સર્વે રાજા અને સમ્રાટોએ (અલબત્ત પાશ્ચાત્યદેશના સમજવા) તે જ પ્રમાણે સિક્કા પાડવાનું ધોરણ અંગિકાર કર્યે રાખ્યું છે

આટલું વર્ણન માત્ર સંસ્કૃતિની ચર્ચાના અંગે જ કરવામાં આવ્યું છે. તે ઉપરથી તથા આગળના બન્ને પુસ્તકોમાં પ્રસંગોપાત જે જે કાંઈ ઉલ્લેખો કરવામાં આવ્યા છે તે ઉપરથી કઈ સંસ્કૃતિ શ્રેષ્ઠ ગણાય તેનો વિચાર વાચકવર્ગ સ્વયં કરી લેશે. અત્રે એટલું જ વિશેષમાં જણાવવાનું કે, પાશ્ચાત્ય પ્રજાના સિક્કાઓમાં કોઈ તત્ત્વ (કળાની દૃષ્ટિ બાદ કરતાં) સરસાઈ ભોગવતું નીહાળવામાં આવતું નથી.

હવે આબાદી વિશે થોડુંક જણાવી આ વિષય સમાપ્ત કરીશું. પરદેશીઓનાં આક્રમણના લેખનનો પ્રારંભ કરતાં જ, પ્રસંગને લઈને જણાવવું પડયું છે કે, હિંદ ઉપર ચડી આવવામાં તેમનો મુખ્ય મુદ્દો ધનલોલુપતાનો જ હતો; પણ એક વાર ચડી આવ્યા પછી જે તેના પાસમાં લપટાઇને હિંદમાં જ નિવાસસ્થાન તેઓ કરતા તો, ત્યાંની સંસ્કૃતિમાં અંજાઈ જઇને તેને અપનાવી લેતા હતા. જેનાં દૃષ્ટાંતો આપણે જોઈ પણ ગયા છીએ. વળી જે જે પરદેશી પ્રજાઓ[52] આક્રમણ લાવી છે, તે તે સર્વનાં વૃત્તાંતો જેમ જેમ આલેખાતાં જશે, તેમ તેમ ખાત્રી થતી જશે કે આ સર્વે પ્રજાને તે જ કુદરતી નિયમને આધીન થવું પડયું છે.

---

નિહાળવામાં આવ્યાં છે તે દૃષ્ટિનો ફેર સૂચવે છે.

(૫૦) કારણ કે આ યોનપતિએ જ પ્રથમમાં પ્રથમ હિંદભૂમિ ઉપર પોતાનું નિવાસસ્થાન બનાવીને રહેવા માંડયું હતું. તેથી કરીને આર્ય સંસ્કૃતિ નીહાળવાનો અવકાશ તેને મળ્યો હતો અને તે વિશેષ સારી લાગવાથી તેનું અનુકરણ તેણે કર્યું હતું

(૫૧) અત્યારે પણ આપણે ઘણી વ્યક્તિઓને પોતાના અંગના અમુક ભાગો અનાચ્છાદિતપણે રાખતા જોઈએ છીએ.

પ્રાચીન સંસ્કૃતિની શ્રેષ્ઠતા કયા ધોરણે રચાઇ હશે તેની સાથે આ પ્રથાને સરખાવો. એટલે તે વિશેનો કાંઈક ખ્યાલ આવી જશે.

(૫૨) આ આખો છઠ્ઠો ખંડ જ તે હકીકતથી ભરપૂર છે.

મૌર્યસમ્રાટ પ્રિયદર્શિનના સમય પહેલાં પણ ભારતીય સમૃદ્ધિની અને સંપત્તિની છાકમછોળ વિશેના દિલચસ્પ સમાચાર હિંદની બહાર જો કે ફેલાયા હતા જ અને તેથી જ અલેકઝાંડર ધી ગ્રેઇટ જેવા મહત્ત્વાકાંક્ષી પરદેશીઓ ચડી આવ્યા હતા; તેમજ સેલ્યુકસ નિકેટોર જેવા સાહસિકો તે ભૂમિનો કબ્જો મેળવવા અથવા તો છેવટે બની શકે તો નિહાળવા માટે પણ ઉછાળા મારી રહ્યા હતા; છતાંયે તે કાળસુધી તેવા વર્તમાન બહુ લાંબે દૂર કે સંપૂર્ણ સત્ય રૂપે ફેલાઇ ગયા ન હતા જ; પણ જ્યારથી સમ્રાટ પ્રિયદર્શિને પોતાના ધમ્મમહામાત્રાઓને અફગાનિસ્તાનની પેલીપાર ઠેઠ મિસર સુધી તેમજ ઉત્તરમાં ચીન દેશની સરહદ પર મોકલાવ્યા હતા, ત્યારથી તો વ્યાપાર અર્થે તેમજ રાજકીય હેતુસર મનુષ્યનો અવરજવર એટલો બધો વધી જવા પામ્યો હતો, કે સહેજે જ દરેક પ્રદેશની ઉપજનો અરસપરસ ક્રયવિક્રય થવા માંડ્યો હતો; તેમજ તેમની પ્રજાને એક બીજાની ઘણી ઘણી બાબતો વિષે વસ્તુસ્થિતિનું યથાસ્થિત ભાન થયું હતું. આથી કરીને સમ્રાટ પ્રિયદર્શિનના રાજઅમલ પછીના ૫૦) પચાસ વર્ષમાં તો, બેકટ્રીઆ-અફગાનિસ્તાન અને હિંદના વ્યાપાર વચ્ચે એટલો બધો ફેલાવો થઈ ગયો હતો કે, કેમ્બ્રીજ હિસ્ટરી ઓફ ઇન્ડિયાના લેખક મહાશયને પૃ. ૪૩૪ માં ઉચ્ચારવું પડયું છે કેઃ "It (the witness of coins) proves that there was a busy life, throbbing on both sides of the Indian frontier during the forty or fifty years about which history is silent that merchants were constantly coming and going, buying and selling...The birth of the new kingdom of Bactria...Bactria was the rich country between the Hindu-kush and the Oxus=(સિક્કાની પ્રાપ્તિથી) એમ સાબિત થઇ શકે છે કે, જે ચાલીસ પચાસ વર્ષનો ઇતિહાસ બિલકુલ અંધારામાં જ છે તે સમયે પણ હિંદની સરહદની બન્ને બાજુએ, ધમધોકાર પ્રવૃત્તિમય જીવન ચાલી રહ્યું હતું. વેપારીઓ અવિરતપણે આવજાવ કરતા હતા તથા ક્રયવિક્રય પણ કરતા હતા-(તે વખતે) બેકટ્રીઆનું એક નવું જ રાજ્ય ઉદ્‌ભવ્યું હતું-(આ) બેકટ્રીઆનો ધનાઢ્ય પ્રદેશ હિંદુકુશ અને ઓકસસ (નદી) વચ્ચે આવેલ છે." આ વાકયમાં રહેલા રહસ્યની પ્રતીતિ આપણે આ પૃષ્ઠના મથાળે આળેખેલ ઐતિહાસિક ઘટના ઉપરથી મળી રહેશે. ઉપરના કથનમાં માત્ર એટલો જ સુધારો કરવો રહે છે કે, જે અંધકારમય યુગનો સમય ૪૦-૫૦ વર્ષનો લેખક મહાશયે જણાવ્યો છે તે ખરી રીતે અજ્ઞાત યુગ છે જ નહિં; પણ વિદ્વાનોએ સેંડ્રેકોટસને ચંદ્રગુપ્ત ઠરાવીને કામ લીધે રાખ્યું છે, તેથી પ્રિયદર્શિનના સમયને, અશોકવર્ધનનો યુગ માનવો પડ્યો છે. અને પ્રિયદર્શિનના પછીના ૪૦-૫૦ વર્ષના સમયને અંધકારમય જણાવવો પડ્યો છે.

**મિનેન્ડરનું મૃત્યુ ક્યારે**

મિનેન્ડરનું મરણ ઈ. સ. પૂ. ૧૫૬ માં નીપજ્યું હોય એમ ઉપરમાં મેં જણાવ્યું છે, પણ વિશેષ હકીકતના અભ્યાસથી એમ ઠરાવવા મન થાય છે કે તેની સાલ ત્રણ વર્ષ આગળ લઇ જઇ તેનો સમય ઇ. સ. પૂ. ૧૫૯ માં નોંધવો; આમ કરવાનાં બે ત્રણ કારણો મળી આવે છેઃ (૧) ભૂમકની કારકિર્દી ક્ષત્રપ અને

મહાક્ષત્રપ તરીકે જ ગણાઇ છે; તેમ એ પણ ચોક્કસ જ છે કે, તેણે ક્ષહરાટ સંવતની સ્થાપના ઈ. સ. પૂ. ૧૫૭ થી જ કરી છે.[૫૩] હવે જો તેણે ક્ષહરાટ સંવત ઈ. સ. પૂ. ૧૫૭ માં સ્થાપ્યો હોય, અને મિનેન્ડર પોતે તે બાદ થોડો સમય જીવંત રહી ઈ. સ. પૂ. ૧૫૬ માં મરણ પામ્યો હોય, તો એ બનવાજોગ જ નથી કે મિનેન્ડર પોતાના તાબાના ક્ષત્રપ સરદારને તેનો સંવત્સર સ્થાપવા દે; હા, એક રીતે બને ખરૂં કે, ભૂમક પોતે આ સમય દરમ્યાન, પોતાના ઉપરી સામે બળવો ઉઠાવીને સ્વતંત્ર થઈ ગયો હોય; પણ તેવી કોઇ હકીકત અત્યાર સુધી ઇતિહાસનાં પાને ચડી હોય એવું આપણી જાણમાં આવ્યું નથી. એટલે એક જ સ્થિતિ માની લેવી રહે છે કે, મિનેન્ડરના મૃત્યુ બાદ જ ભૂમક મહાક્ષત્રપ થવા પામ્યો છે અને ક્ષહરાટ સંવતની સ્થાપના કરી છે; એટલે મિનેન્ડરનું મરણ ઈ. સ. પૂ. ૧૫૮–૫૯ માં થયું ગણવું રહે છે. (૨) પંજાબ-તક્ષિલાના યોન સરદાર એન્ટીઆલસીદાસના એક પ્રતિનિધ નામે હેલીઓડોરસે શુંગપતિ ભાગ-ભાનુમિત્રની કેટલેક અંશે તાબેદારી સ્વીકારી–કહો કે મૈત્રી સંપાદન કરી-શુભેચ્છા પ્રાપ્ત કરી હતી એમ શિલાલેખથી જણાયું છે. આ ભાનુમિત્રનો સમય આપણે ઇ. સ. પૂ. ૧૫૮ થી ૧૪૨ નો આપ્યો છે; હવે જો મિનેન્ડરને ઇ. સ. પૂ. ૧૫૬ સુધી જીવંત માનીએ તો તેનો અર્થ એમ થાય કે ૧૫૮ થી ૧૫૬ ના બે વર્ષ દરમ્યાન, મિનેન્ડરની હૈયાતીમાં જ તેના સરદાર એન્ટીઆલસીદાસે શુંગપતિની શુભેચ્છા મેળવવાનો પ્રયાસ કર્યો હતો. તેવી સ્થિતિ મિનેન્ડર જેવો પરાક્રમી બાદશાહ ચલાવી લેવાનું સાંખી ન શકે; તેમ બીજી બાજુ, ભૂમક જેવો મિનેન્ડરનો ક્ષત્રપ, જીવતો જાગતો તે જ ભાનુમિત્રના રાજ્યની પશ્ચિમે અડોઅડ મધ્યદેશ ઉપર રાજ્ય હકુમત ભોગવી રહ્યો હતો; એટલું જ નહીં પણ તે ભૂમકે જ, આ ભાનુમિત્રના મોટા ભાઈ શુંગપતિ ઓદ્રક ઉર્ફે બળમિત્રને મારી નાંખીને કેટલોય મુલક પોતે મેળવી લીધો હતો. તેવો બાહુબળી ક્ષત્રપ ભૂમક પણ, જો એન્ટીઆલસીદાસ ઠેઠ પંજાબથી પોતાના પ્રતિનિધિને અવંતિપતિ શુંગવંશી રાજાની પાસે મોકલાવતો હોય, તો પોતાની હકુમતના પ્રદેશને વીંધીને–ચીરીને જતાં જ અટકાવી દે; કેમકે જ્યાં સુધી પોતાનો બાદશાહ મિનેન્ડર જીવતો બેઠો હોય, ત્યાંસુધી તેવાં હીણપતભર્યાં પગલાંથી પોતાનું જ નાક વઢાયું છે એમ ભૂમક ગણી લયે: એટલે માનવું રહે છે કે, મિનેન્ડરનું મરણ ઇ. સ. પૂ. ૧૫૮ માં નીપજ્યા બાદ જ તક્ષિલાનો પ્રતિનિધિ ઇ. સ. પૂ. ૧૫૮ માં અવંતિ ગયો હતો; અને આ સમયે, ન તેને ભૂમકે પણ અટકાવ્યો હોય (જો તેના પ્રદેશમાંથી તે જતો હોય તો), તેમ નહોતું કોઈ મથુરાના પ્રદેશમાંથી વીંધીને જતાં તેને અટકાવનાર; કેમકે ત્યાંનો શિરતાજ જે મિનેન્ડર હતો તે તો કયારનો રણમાં રોળાઇ ચૂકયો હતો. તેમ તેની જગ્યાએ કોઈ બીજી વ્યક્તિ ગોઠવાઇ ચૂકી હોય એમ જણાયું નથી. મિનેન્ડરના જે સરદારો હગામ-હગામાશ નામે હતા તે[૫૪] તો તેની પૂર્વે જ લડતા લડતા મરી ગયા હતા એમ કલ્પી લેવું રહે છે; કેમકે જો તે હૈયાત હોય તો ખુદ મિનેન્ડરને પોતાને રણે ચડવાનું સરજાયું જ ન હોય. (૩) ભાનુમિત્ર શુંગવંશીનું ગાદીએ બેસવું ઈ. સ. પૂ. ૧૫૮

(૫૩) હવે પછી આલેખવામાં આવનાર તેના જીવનવૃત્તાંતે આ હકીકત પુરવાર કરી આપી છે તે જુઓ.

(૫૪) આ હગામ અને હગામાશ વિરોનું વર્ણન આગળ ઉપર તૃતીય પરિચ્છેદમાં લખવામાં આવશે.

માનવામાં આવ્યું છે, તેને બદલે તે સમય ઈ. સ. પૂ. ૧૫૯ માં માનવામાં આવે, તો કાન્વાયન-વંશી પ્રધાનવટાનો સત્તાકાળ જે કેટલાકના મંતવ્ય પ્રમાણે ૪૫ વર્ષ ચાલ્યો કહેવાય છે તે હકીકત પણ બરાબર બેસતી આવી જાય છે. એટલે કે ભાનુમિત્રનું ગાદીએ બેસવું અને કાન્વાયનવંશીના પ્રધાન વંશનો આરંભ થવો તે બન્ને એકીસાથે જ ઈ. સ. પૂ. ૧૫૯ માં લેવાં અને શુંગવંશની સમાપ્તિ સાથે જ કાન્વાયન-વંશના પ્રધાનવટાની સમાપ્તિ પણ ઇ. સ. પૂ. ૧૧૪ માં ૪૫ વર્ષના કાળ પછી-સાલ પછી—આવી ગઇ ગણવી. જ્યારે આ બે બનાવને ઈ. સ. પૂ. ૧૫૯ માં લઇએ ત્યારે મિનેન્ડરનું મરણ પણ તે જ સાલમાં લેવાને ઉલટું વિશેષ મજબૂતીરૂપ ગણાશે. પછી તે મિનેન્ડરનું મરણ પહેલું લેવું કે શુંગવંશીનું ગાદીએ બેસવું પ્રથમ લેવું, તે જ માત્ર સવાલ લટકતો રહ્યો કહેવાય; પણ જ્યારે એંટીઆલસીદાસે મૈત્રી સાંધવા પ્રયત્ન સેવ્યો છે તે હકીકત ઉપર લક્ષ આપીએ છીએ, ત્યારે એમ સ્વીકારવું પડે છે કે, તેણે ભાનુમિત્રમાં જ કાંઇક ભાનુનો તાપ જોયો હોવો જોઇએ. એટલે કે ભાનુમિત્રના હાથે જ મિનેન્ડરનું મરણ થયું હોવું જોઇએ. પછી તે ભાનુમિત્રની હુશિયારીનું કે તેના પ્રધાન કાન્વાયનવંશી વાસુદેવની કુશાગ્રબુદ્ધિની દોરવણીનું પરિણામ હોય તે જુદી વસ્તુ જ છે.

આ બધા સંજોગોનો વિચાર કરતાં એ જ સ્થિતિ કલ્પવી રહે છે કે ઇ. સ. પૂ. ૧૫૮–૯ માં જ મિનેન્ડરનું મૃત્યું નીપજ્યું હોવું જોઇએ.

હવે જ્યારે મિનેન્ડરનું મરણ ઇ. સ. પૂ. ૧૫૬ ને બદલે ઇ. સ. પૂ. ૧૫૯ માં થયાનો સંભવ વિશેષ માન્ય રાખીએ છીએ તો નીચે પ્રમાણે સુધારો કરવો પડશે કે—મિનેન્ડરનો સમય જે ઇ. સ. પૂ. ૧૮૨ થી ૧૫૬=૨૬ વર્ષનો ગણાવ્યો છે તેને બદલે ૧૮૨ થી ૧૫૯=૨૩ વર્ષનો ગણવો.

આ બેક્ટ્રીઅન પ્રજાનો રાજવંશ, બેક્ટ્રીઆના પ્રદેશે રાજસત્તા ઉપર ભલે ડિમેટ્રીઅસના સમય પૂર્વે આવ્યો હતો, છતાં તેનો ઇતિહાસ આપણે આ ભારતીય વૃત્તાંત વર્ણવતાં પુસ્તકે જેમ ઉતારી શકતા નથી, તેમ મિનેન્ડર પછી

**મિનેન્ડર પછી શું?**

કોઈ વ્યક્તિ તે રાજવંશની હૈયાત રહી હોય, છતાં તેનો રાજઅમલ જો ભારતભૂમિની બહાર જ વ્યાપ્ત રહ્યો હોય તો તેની નોંધ લેવાનો અધિકાર પણ આપણને રહેતો નથી જ. બાકી વાસ્તવિક વસ્તુસ્થિતિ તો એ જ છે કે મિનેન્ડરના મૃત્યુ બાદ, કોઇ તેમનો સરદાર હિંદની ભૂમિ ઉપર રાજ કરવાને રહ્યો જ *નથી; પણ એવા કેટલાયે યોન સરદારોનાં નામો* ડિમેટ્રીઅસ અને મિનેન્ડરની સાથે, તેમજ છૂટાપણે મળી આવ્યાં છે તથા કેટલાકના[૫૫] તો સિક્કાઓ પણ ઉપલબ્ધ થયા છે કે જેથી વિદ્વાનો એવાં અનુમાન ઉપર આવ્યા છે કે, આમાંનો કોઇ ને કોઈ રાજપદે આવ્યો હોવો જોઇએ જ; પણ જ્યાં સર્વ અંધકારમય કે અર્ધપ્રકાશિત હોય ત્યાં નિશ્ચયપણે શું કહી શકાય ? જ્યારે મારી માહિતી એમ નીકળે છે કે, રાજા મિનેન્ડર તે યોન ઓલાદનો છેલ્લો જ હિંદી ભૂપતિ હતો. અને જે યોન સરદારોનાં નામો મળી આવે છે તે તો ડિમેટ્રીઅસ અને મિનેન્ડરના સમયે જુદા જુદા પ્રાંતો ઉપર વહીવટ ચલાવનાર તેમના સૂબાઓ જ હતા. એટલે કે તેઓ પોતપોતાના પ્રાંતો ઉપર, પોતાના ઉપરી સત્તાવાળા રાજવી-ઓના સમયે, સમકાલીનપણે રાજકાબૂ ધરા-વતા વહીવટી અમલદારો હતા; જેમને ઇંગ્રેજી

(૫૫) આ બાબતની સમજૂતી સારુ નીચેનો "હોદાઓની સમજ" વાળો પારીગ્રાફ જુઓ.

ભાષામાં વિદ્વાનોએ Contemporary rulers=સમકાલીન રાજકર્તાઓ તરીકે ઓળખાવ્યા છે. પણ તેઓ તાબેદારપણે રહ્યા હોવાથી, ઇતિહાસમાં સ્વતંત્ર રાજા તરીકેના વૃત્તાંતલેખનના અધિકારી, તેઓ આપણી દૃષ્ટિએ રહેતા નથી. વાચકવર્ગને તેમની ઓળખ રહે તે માટે માત્ર તેમનાં નામો જ્યાં મૂળ પુસ્તકે લખાયાં છે ત્યાંના લખાણ સાથે અત્રે રજૂ કરીશું.

કે. ઇ. હિ. પૃ. ૫૪૩:—Apollodotus and Menander, as well as Demetrius, belonged to the house of Euthydemus and that all these three princes were contemporary=એપોલોડોટસ અને મિનેન્ડર તેમજ ડિમેટ્રીઅસ, યુથીડીમસના વંશના હતા અને આ ત્રણે રાજવંશી પુરુષો સમકાલીનપણે થયા હતા.

તે જ પુસ્તક પૃ. ૫૪૬:—The princes of the house of Euthydemus, who reigned both in Bactria and in kingdoms south of the Hindu-kush are Demetrius, Pantaleon, Agathocles and probably also Antimachus=યુથીડીમસના વંશના જે રાજકુમારોએ બેકટ્રીઆમાં અને હિંદુકુશની દક્ષિણે આવેલ રાજપ્રદેશમાં રાજ્ય કર્યું હતું તેમાં ડિમેટ્રીઅસ, પેન્ટેલીઅન, એગેથોકલ્સ હતા તેમજ એન્ટીમેકસ પણ સંભવે છે.

આ ઉપરાંત બીજાં કેટલાંક છૂટાંછવાયાં નામ પણ વાંચવામાં આવે છે, જેવાં કે Philoxemis, Nicias and Hippostratus=ફીલોકઝેમીસ, નિશિઆસ અને હિપ્પોસ્ટ્રેટસ. આ સિવાય બીજાં બે નામો જે ઇતિહાસના અભ્યાસીઓને વિશેષ પરિચિત છે તે હગામ[૫૬] અથવા હગાન,[૫૭] અને હગામસ[૫૬] અથવા હગામાષનાં[૫૭] છે. આ પાછલાં નામવાળા સુબાઓનો અધિકાર, મથુરા નગરીવાળા પ્રદેશ ઉપર હતો; પણ તેમનો સમય ચોક્કસપણે હું મેળવી શકયો નથી. બનવાજોગ છે કે મિનેન્ડરની પૂર્વે, એટલે ડિમેટ્રીઅસના સમયે તેઓ સત્તાધીશ હતા. તે બન્ને એક પછી એક સત્તા ઉપર આવ્યા છે કે જુદા જુદા પ્રાંતો ઉપર નીમાયા હતા તે બહુ મહત્ત્વની વાત નથી; કેમકે ગમે તેમ પણ તેઓ સ્વતંત્રપદે ન હોવાથી આપણે તેમનું વૃત્તાંત લખવાની જરૂર રહેતી નથી.

યોન પ્રજા વિશે ભારતીય ઇતિહાસ પરત્વે જે જે આપણે જાણવાયોગ્ય લાગતું હતું તે અહીં આગળ પૂરૂં થાય છે;

**હોદ્દાઓની સમજ**

છતાં એક સામાન્ય બાબત જે સર્વે પરદેશી પ્રજા હુમલા લાવનાર તરીકે પ્રસિદ્ધ થઇ છે તેમને લગતી હોઇને, તે અત્રે સમજાવી લેવા ધારૂં છું. આ બીના તેમના હોદ્દાને[૫૮] લગતી છે. અત્રે તો હોદ્દાને લગતી સામાન્ય રૂપરેખા જ ઉતારી છે; કે જેથી અરસપરસની સરખામણી કરવા ઉપયોગી થઇ પડે. બાકી જે ખાસ ખાસ વિશિષ્ટતા હશે તે તથા તે માટેના સંભવિત કારણોની ચર્ચા તો તેમનાં વિવરણ લખતી વખતે કરવામાં આવશે.

(૫૬) અ. હિં. ઇ. ત્રીજી આવૃત્તિ. પૃ. ૨૨૭; તથા કે. હિં. ઈ. પૃ. ૫૨૬-૭.

(૫૭) કો. એ. ઇ. (કનિંગહામ) પૃ. ૮૬.

(૫૮) હોદ્દાને લગતી તથા તેની પછીના પારામાં લખેલી 'અન્ય ખાસિયતો' વાળી હકીકત દર્શાવી છે તે ખાસ અભ્યાસના પરિણામે મેં તારવી કાઢેલાં અનુમાનરૂપ જ લેખવાની છે. વિશેષ ગવેષણાથી તે ખોટી પણ થાય કે સાચી પણ નીવડે: મતલબ કે અત્યારે તેને દિશાસૂચક જ લેખવાની છે; નિશ્ચયરૂપે નથી લેખવાની.

(૧) યોન અથવા એકટ્રીઅન્સ મૂળે યવન અથવા ગ્રીક પ્રજામાંથી ઉતરી આવેલ હોવાથી, એકટ્રીઅન દેશનો રાજા પોતે માત્ર King=રાજાનો ઇલ્કાબજ ધારણ કરતો હતો; જ્યારે યવનપતિ અથવા ગ્રીસ દેશનો રાજા પોતાને Great king=મહારાજા તરીકે ઓળખાવતો હતો. આ બે ઇલ્કાબધારીમાંથી આપણે Great king સાથે[૫૯] બિલકુલ લેવાદેવા નથી; કેમકે તેમનું જીવન હિંદ બહારની ભૂમિ ઉપર જ વ્યતીત થતું હતું. તે પ્રમાણે એકટ્રીઅન રાજાનું પણ સમજી લેવું, છતાં તે દેશના જે રાજાઓએ હિંદને માદર-વતન બનાવ્યું હતું તેમને અંગે તો આપણે માહિતગાર રહેવું જ પડે. એટલે અહીં તેમના હોદ્દાનો ઉલ્લેખ કરવો પડ્યો છે. હવે જ્યારે તેઓ હિંદમાં રહીને સ્વતંત્ર રાજ્યઅમલ ચલાવતા હતા, ત્યારે તેમને પોતાના પ્રદેશના જુદા જુદા પ્રાંતો ઉપર વહીવટ ચલાવવાને સૂબાઓ તો નીમવા જ પડતા; એટલે તે દૃષ્ટિએ આ યોનપતિઓ પોતાને પણ મહારાજા જેવા ગણી પોતાના સૂબાને king તરીકે ઓળખાવી શકત; પણ જોઇ શકાય છે કે, તેમણે પોતાને સાદા રાજા[૬૦]=king તરીકે જ જાહેર કરી, પોતાના સૂબાને પણ સ્વતંત્રતા અર્પણ કરી દીધી છે. જો કે તેમણે આ સૂબાઓને કોઈ ઇલ્કાબ અર્પ્યો નથી દેખાતો[૬૧]; પણ તેઓને પોતપોતાના પ્રદેશમાં ઉપયોગી થઇ શકે તેવા સિક્કા પાડવાનો અખત્યાર સુપ્રત કર્યો હતો એમ સિક્કા ઉપરથી સમજી શકાય છે.

આ સર્વે પરદેશી પ્રજાની એક ખાસિયત, જે આર્યપ્રજાથી ખાસ જુદી જ તરી આવે છે, તે એ છે કે તેઓ પોતાની વ્યક્તિગત–અંગત-મહત્ત્વતાને વિશેષ પડતું વજન આપતી આવી છે. અને તેથી તેમના સિક્કા ઉપર તેના ઉત્પાદક-છાપનારનું મ્હોરૂં તો[૬૨] અવશ્ય હોય છે જ; જ્યારે આર્ય ભૂપાળોને તે બાબતની કાંઇ જ પડી ન હોવાથી, તેમનાં મહોરાંના સ્થાને સિક્કા ઉપર, પોતાના વંશનું, કુળનું કે ધર્મનું જે કોઇ ચિહ્ન[૬૩] ઠીક લાગતું તે પડાવતા હતા. આ યોનપતિઓ પોતાની હુકુમતના સર્વ પ્રદેશમાં ચાલી શકે તેવા સર્વસામાન્ય સિક્કા પડાવતા હતા કે કેમ ? અથવા તો પ્રાંતિક સૂબાઓ પોતાના પ્રાંત માટે ખાસ જુદા જ અને સર્વ–સામાન્ય માટે પણ જુદા જ ચલાવતા કે કેમ ? અથવા તો એક બાજૂ પોતાનું અને બીજી બાજૂ પોતાના ઉપરી રાજાનું મ્હોરૂં પડાવતા કે કેમ ? આવા અનેક પ્રકારમાંનું કયું ધોરણ તેમણે અંગીકાર કર્યું હતું તે વિશે તેમના સિક્કાને લગતા અભ્યાસમાં ઊંડો ઉતરેલ ન હોવાથી હું ચોક્કસ-પણે કહી શકતો નથી.

(૫૯) આથી અલેકઝાંડર ધી ગ્રેઇટને Great King કહી શકાય; તેમજ કોઈ રાજાને Great King ની ઉપાધી જોડી હોય તો તે ગ્રીસ દેશનો રાજા છે એમ સમજવું.

(૬૦) ડિમેટ્રીઅસ, મિનેન્ડર વિગેરે પોતાને રાજા=King તરીકે જ ઓળખાવી રહ્યા છે.

(૬૧) અન્ય પરદેશી પ્રજાના સૂબાઓને Satarap=ક્ષત્રપ એવો હોદ્દો અપાયો છે. આ ઉપરથી સમજાશે કે જો કોઇ હોદ્દો કે ઈલ્કાબ વિનાનું નામ આવે તો તે યોન પ્રજાનો સૂબો છે એમ સમજી લેવું.

આ યોન સૂબાઓને પાછળથી ઇલ્કાબ જોડાયાનું જણાયું છે પણ તે માટે કદાચ નીચેનાં કારણ હોય (૧) સૂબાઓએ પોતે જ દેખાદેખીથી કે રાજાની ગેર-હાજરી દર્શાવીને પોતાને જુદી રીતે ઓળખાવવા માટે તે ઇલકાબ ધારણ કર્યો હોય (૨) અથવા રાજાએ પોતે જ યોન સરદાર અને બીન યોન સરદાર એમ ઓળખવા માટે ભેદ પાડ્યા હોય.

(૬૨) સરખાવો પુ. ૨, પૃ ૫૪ નું લખાણ.

(૬૩) જુઓ પુ. ૨, પૃ. ૫૬ તથા ૬૭ અને આગળની હકીકત.

હાલ તુરત આપણે એટલું જ જાણવા પૂરતું ગણાશે કે, યવનપતિઓને Great Kings; યેનપતિઓને Kings અને તેમના સૂબાઓને કાંઇ પણ ઇલ્કાબ લગાડવામાં આવતો નહીં. જો કે કેટલાક સૂબાને ઇલ્કાબ લગાડેલ હોવાનું મળી આવે છે, પણ તે માટે વધારે સંભવિત કારણ એ છે કે, તેમના રાજાની ગેરહાજરી થતાં, પોતે યવનપતિના કુળમાંથી ઉતરી નથી આવ્યા તેટલું દર્શાવવા ખાતર તે સૂબાઓએ પોતે જ ધારણ કર્યો હોય તે બનવાજોગ છે. અને તે પણ દેખાદેખીથી જ બનવા પામ્યું લાગે છે. ( તે માટે આગળ જુઓ. )

( ૨ ) પહ્લવાઝ અને પાર્થિઅન્સ:-આ પ્રજાનું મૂળ વતન ઇરાન છે; અને ઇરાની રાજાઓ પોતાને શહેનશાહ[૬૪]-King of Kings ના બિરૂદથી ઓળખાવતા; એટલે એમ સમજવું પડે છે કે ઇરાનના મૂળ ગાદીપતિની આજ્ઞાને આધીન રહીને બીજા અનેક રાજવીઓ —રાજકુટુંબમાંથી જ ઉતરી આવેલા–નાના નાના ભાગો ઉપર રાજ્ય કરતા હોવા જોઇએ; પણ તેઓનો ( આવા નાના રાજાઓનો ) દરજ્જો, વર્તમાનકાળે દેશી રાજાઓમાં ફટાયા–ભાયાત કુમારોના જેવો ગણાતો હશે; જ્યારે રાજકુટુંબની સાથે લોહીસંબંધથી જોડાયેલ ન હોય, પણ માત્ર વહીવટ ચલાવવા પૂરતો જ સૂબાપદે નીમાયેલ હોય તેને સત્રપ=Satarap નામથી ઓળખાવતા. એટલે કે ઇરાનની મૂળ ગાદી ઉપર બિરાજનાર King of Kings, નાના ભાગાતો Kings[૬૫] અને વહીવટ કરનાર સૂબાઓ Satarapa કહેવાતા. આ સત્રપ શબ્દનો અન્ય પરદેશીઓએ તેનેજ મળતો શબ્દ "ક્ષત્રપ"[૬૬] યોજ્યો છે: પણ આ સત્રપ અને ક્ષત્રપની મહત્ત્વતામાં એક જબરદસ્ત ફેરફાર એ જણાઇ આવે છે કે, ક્ષત્રપ નામની વ્યક્તિ અમુક અધિકાર પ્રાપ્ત થયે "મહાક્ષત્રપ"ની પદવીએ ચઢી શકતો હતો જ્યારે સત્રપને બીજા કોઇ ઉચ્ચ સ્થાનની પ્રાપ્તિનો અવકાશ જ નહોતો. પાર્થિઅન પ્રજા તે પહ્લવાઝમાંથી ઉતરી આવેલી હોવાથી તેમના સરદારો પોતાને Kings ની ઉપાધિથી સંબોધતા; તેમાંથી વળી જે હિંદમાં આવી વસ્યા હતા તેમને ઇતિહાસકારોએ Indo-Parthians કહ્યા છે. ઉપરના સર્વે અમલદારોએ પણ પોતપોતાના નામે સિક્કા પડાવ્યા છે. તેમનું ધોરણ પણ યેન પ્રજાને જ મળતું હશે એમ સમજવું રહે છે.

( ૩ ) ક્ષહરાટ અને શક ( શિથિઅન્સ-સિથિઅન્સ) આ પ્રજા ઉપર વર્ણવાયલી બન્ને પ્રજા

---

( ૬૪ ) ગ્રીક બાદશાહનું પદ-Great King હતું જ્યારે ઇરાની શહેનશાહનું King of Kings હતું : બે વચ્ચેનો આ પ્રમાણે ફેરફાર છે.

કે. હિ. ઇ. પૃ. ૫૬૭-Great king of kings, a title which is distinctly Persian-'રાજાઓનો મહારાજા' તે બિરૂદ ખાસ ઇરાની ભાષાનું જ ગણાય છે.

હિંદ ઉપર મોઝીઝ રાજા જે થયો છે ( જુઓ પાર્થિઅન પ્રજાના વૃત્તાંતો) તે પોતાને King Mauses લખી શકતો; પણ પાછળથી King of kings વાપર્યું લાગે છે તે માટે તેનું વૃત્તાંત જુઓ.

(૬૫) અવંતિપતિ ગંધભીલ રાજાના સમયે જે શકપ્રજાને જૈનાચાર્ય કાલિકસૂરિ હિંદમાં તેડી લાવ્યા હતા તેમનું સંસ્થાન, આવા પ્રકારના એક રાજાની હકુમતમાં હતું અને તેવા રાજાઓનો ઉપરી રાજા-શહેનશાહ, તે ઇરાનનો શહેનશાહ સમજવું અથવા બીજી રીતે પણ હોઇ શકે. તે માટે શક પ્રજાના વૃત્તાંતે આગળ ઉપરના નવમા પરિચ્છેદે જુઓ.

( ૬૬ ) ક્ષહરાટ, કુશાન વિગેરે પ્રજાનાં વૃત્તાંતો વાંચો ને સરખાવો.

ક્ષત્રપનો અર્થ શું થાય છે ને કેમ ફેર પડે છે તે આગળ ઉપર દરેક પ્રજાના વર્ણન લખતી વખતે સમજાવવામાં આવશે. ( જુઓ ઉપરની ટી. નં. ૮. )

( યોન અને પાર્થિઅન્સ) કરતાં ભારતની વિશેષ નિકટમાં વસનારી હોવાથી તેમના આચારવિચાર ભારતીય પ્રજાને જ મળતા થઇ ગયેલ નજરે પડે છે. આથી કરીને ક્ષહરાટ પ્રજાની ભાષા જેને ખરોઇીના નામથી ઓળખવામાં આવે છે અને સિથિઅન્સના ભાષા જે બ્રાહ્મિ હોવા સંભવ છે, તે બન્ને, હિંદની તે વખતની માગધી ભાષા સાથે વધારે મળતી આવે છે. ક્ષહરાટ અને સિથિઅન્સ પ્રજા કોઈ સ્વતંત્ર રીતે રાજઅમલ ઉપર સ્થાપિત થયેલી નહીં હોવાથી, તેમનામાં ( King), મહારાજા (Great King) કે શહેનશાહ ( King of Kings ) જેવાં કોઇ બિરૂદ જ નહોતાં. અલબત્ત, એટલું ખરૂં છે કે તેઓ રાજપદે આવ્યા છે જ, પણ મૂળમાં કોઇ પ્રદેશ ઉપર આધિપત્ય ભોગવતા નહોતાજ એમ કહેવાનો હેતુ છે. અને તેથી તેઓ પોતાને ક્ષત્રપ ( પોતાની પાડોશી પ્રજા-પહ્લવાઝ અને પાર્થિઅન્સના ક્ષત્રપને લગતો શબ્દ ) કહેવરાવતા, જ્યાંસુધી તેમના માથે અન્ય કોઇ ઉપરી સત્તાની ધુંસરી પથરાયલી હોય ત્યાં સુધી જ; પણ જેવો તે ઉપરી સત્તાનો અભાવ થતો ( પછી તે સત્તાશાળી વ્યક્તિ મરણ પામે ત્યારે કે, પોતે માથું ઊંચકી સત્તા ભોગવતી વ્યક્તિની ધુંસરી ફેંકી દે ત્યારે : આ પ્રમાણે ગમે તે પ્રસંગ બનતો ) કે તુરત જ તે પોતાને " મહાક્ષત્રપ " તરીકે ઓળખાવતો અને પોતાના ક્ષત્રપ તરીકે ( મદદનીશ તરીકે ) પોતાના જ યુવરાજને કે ગાદીવારસને તે સ્થાને સ્થાપતો. આ ઉપરથી સમજાશે કે " મહાક્ષત્રપ " શબ્દની વપરાશ, ક્ષહરાટમાં કે બીનસ્વતંત્ર પ્રજામાં જ છે; જ્યારે સત્રપ અને ક્ષત્રપ તો દરેક પ્રજામાં છે; છતાં પહ્લવાઝના સત્રપમાં અને ક્ષહરાટના ક્ષત્રપમાં ઉપર બતાવ્યા પ્રમાણે અંતર રહેલું છે. પહ્લવાઝનો સત્રપ કદાપિ મહાક્ષત્રપ થવા પામતો નથી જ; જ્યારે ક્ષહરાટનો ક્ષત્રપ બનતા સુધી યુવરાજ કે ગાદીવારસ જ હોય છે અને કાળ ગયે તે મહાક્ષત્રપ બની શકે છે. આ ક્ષત્રપ અને મહાક્ષત્રપો પણ સિક્કા પડાવતા હતા જ.

( ૪ ) કુશાન.—આ પ્રજાની સઘળી રીતભાત તેના નિકટના સંબંધમાં આવેલી ક્ષહરાટ પ્રજાને મળતી છે. તેમનામાં પણ ક્ષત્રપ અને મહા ક્ષત્રપ જેવા જ હોદ્દાઓ હતા. વળી તેઓ સિક્કાઓ પણ પડાવતા હતા જ. તેમ ક્ષહરાટ પ્રજાની પેઠે જ તેમના હોદ્દાનું ચડઉતર ધોરણ પણ હતું; પણ તેમનામાં ક્ષહરાટ પ્રજા કરતાં એક વિશેષતા એ હતી કે, તેઓ મૂળ ગાદીના હકદાર હોવાથી તેમના વંશના પુરૂષો જે મૂળ ગાદીએ બિરાજતા તે મહારાજાધિરાજ કે તેવા જ અધિકારવાળી ઉપાધિ પોતાના નામ સાથે જોડતા; જ્યારે ભાયાત જેવા કે સરદાર જેવા હતા તે ક્ષહરાટ પ્રજાની માફક પોતાને સાદા ક્ષત્રપ અને મહાક્ષત્રપની પદવીથી જ ઓળખાવતા. આ પ્રજાના અધિકારનું વર્ણન પુ. ૪ માં આવવાનું છે એટલે ત્યાંસુધી વિશેષ લખવું મુલતવી રાખવું ઉચિત ગણાશે.

ઉપર પ્રમાણે આ સઘળી પરદેશી પ્રજાઓની રાજસત્તા ભોગવતી વ્યક્તિઓના હોદ્દાઓની સમજૂતિ આપી છે. તે ઉપરથી અમુક પુરૂષ કઇ પ્રજાની ઓલાદનો છે તથા તેની સત્તાનું સ્થાન કેટલી મહત્ત્વતાવાળું છે તેનો કેટલેક અંશે વાચકવર્ગ તોલ કરી શકશે એમ મારૂં માનવું થાય છે. તેમ બીજી પણ કેટલીક ખાસિયતો ઉપયોગી થઇ શકે તેવી મને દેખાય છે તે નીચેના પારિગ્રાફમાં બતાવી છે.

આ ખાસિયતો બે વિષયને અંગેની છે :

**અન્ય ખાસિયતો**

એક સિક્કાને લગતી અને બીજી શિલાલેખો કે દાનપત્રોને લગતી. સિક્કાને લગતી કેટલીક હકીકત ઉપરના " હોદ્દાની સમજ " વાળા પારિગ્રાફમાં જો કે

લખાઇ ગઇ છે, છતાં ફરીને જણાવવાનું કે, હિંદની[67] બહારની ભૂમિની કોઇ પણ પ્રજા હોય–પછી તે આર્ય સંસ્કૃતિથી રંગિત બનીને રક્ત થઇ ગઇ[68] હોય કે અર્ધરંગિત બની હોય[69] કે તેનો જરા પણ સ્પર્શ ન થયો હોય[70]–તોયે તે પોતાના સિક્કા ઉપર મહોરૂં તો અવશ્ય પડાવતી જ; જ્યારે હિંદમાં રહેતી કોઇ પ્રજા પોતાના સિક્કા ઉપર મહોરૂં પડાવવામાં સમજતી જ નહોતી. આનું કારણ કહાય એમ હોવા સંભવ છે કે, જેને આપણે ધર્મનું નામ આપી શકીએ છીએ અને જેનો સંબંધ આત્માની ઓળખ સાથેના વિજ્ઞાનમાં રહેલો છે, તેનું ભાન હિંદની પ્રજામાં વિશેષપણે હતું, એટલે તેઓ મહોરૂં પડાવવાની પદ્ધતિને અહંભાવની નિશાની-રૂપ ગણી, પોતાની આત્મવંચના થવા દેતા નહીં; પણ ઊલટું પોતાના ધર્મ પ્રત્યેની ભાવના વ્યક્ત કરવાને સિક્કા ઉપર તેમના પોતાના ધર્મને લગતાં જ ચિહ્નો[71] કોતરાવતા; અને પોતાનો જ ધર્મ પાળતા; પણ અન્ય દેશ કે વંશના રાજાઓથી પોતાની ઓળખાણ જુદી પડી શકે માટે, સાથે સાથે–અલબત્ત, સિક્કાની બીજી બાજુ ઉપર–પોતાનાં કુળસૂચક કે દેશસૂચક નિશાનીઓ મૂકતા; જ્યારે હિંદની બહારની ભૂમિવાળાઓને ધર્મ-ભાવના કે અધ્યાત્મિકતા જેવું ન હોવાથી ધાર્મિક ચિહ્નની સમજ પણ તેમને નહોતી તેમ તેની આવશ્યકતા પણ નહોતી: એટલે તે સિક્કો કોનો છે એટલું બતાવવા પૂરતું જે મહોરૂં કહેવાય, તે પ્રત્યેક રાજવી પોતે પાડેલા સિક્કા ઉપર કોતરાવવાને તલપાપડ બની રહેતો.[72] આ તેમની મનોદશામાં–મમત્વ કહો કે અહંભાવ કે ચૈતન્યજ્ઞાનપિપાસાનો અભાવ કહો કે જડતાની સન્મુખતા કહો–જે પ્રમાણમાં વસી રહી હોય તેનું સૂચક છે. આ સ્થિતિ તેઓ જ્યાંસુધી હિંદની ભૂમિથી અલગ પડ્યા રહ્યા હતા ત્યાં સુધી ચાલુ રહી હતી; પણ જેવા તેઓ હિંદી સાથે હળતા મળતા થયા તેવા તેમની સંસ્કૃતિ, રહેણીકરણી અને રાહરસ્મોથી પરિચિત બનવા લાગ્યા તેમજ તેમાં તે પ્રમાણે ઘટતો ફેરફાર કરવા મંડ્યા. આ મહત્ત્વનો ફેરફાર તેમણે બે દિશામાં અરસપરસ કર્યો દેખાય છે; પરદેશી પ્રજાએ પોતાના સિક્કામાં ધાર્મિક ચિહ્નો દાખલ કર્યાં[73] અને હિંદી ભૂપતિઓએ મ્હોરાં દાખલ કર્યાં.[74] આટલું

(૬૭) વર્તમાન હિંદુસ્તાન કહેવાની મતલબ છે. પ્રાચીન હિંદમાં=ભરતખંડમાં તો હાલનો બલુચિસ્તાન અને અફગાનિસ્તાનનો સમાવેશ પણ થઇ જતો હતો (જુઓ ઉપરમાં જંબુદ્વીપ વિગેરેનું વર્ણન )

(૬૮) આવી પ્રજામાં ક્ષહરાટ અને સિથિઅન્સને કેટલેક અંશે ગણી શકાશે : કારણ એમ લાગે છે કે, તે હિંદની અતિ નિકટમાં વસી રહી હતી અને વ્યાપારી સંબંધને લીધે વારંવાર અરસપરસ સહવાસમાં તેમને આવવું પડતું હતું.

(૬૯) આના દૃષ્ટાંત તરીકે, નં. ૬૮ના ટીપણ-વાળી પ્રજાના સ્થાનથી જરાક આઘે વસનારી, એટલે પશ્ચિમે ઇરાની પ્રજા ( પહ્લવાઝ ) અને ઉત્તરમાં કુશાન પ્રજાનાં નામ ગણવાં.

(૭૦) આના દૃષ્ટાંતમાં નં. ૬૯ ના ટીપણ કરતાંયે વિશેષ આઘે વસનારી પ્રજા ગણવી રહે છે, એટલે પશ્ચિમે યવન અને ઉત્તરે ચીન ( ધ્યાનમાં રાખવાનું છે કે અત્યારે બધી વાત ઈ. સ. પૂ. ની બીજીથી પાંચેક સદી સુધીની થાય છે: નહીં કે બે ત્રણ ચાર હજાર વર્ષ પૂર્વની )

(૭૧) આ માટે પુ. ૨, પરિચ્છેદ ત્રીજો; સિક્કા પ્રકરણે; શિશુનાગ, નંદ અને મૌર્યવંશી સિક્કાઓ જુઓ.

(૭૨) આનાં દૃષ્ટાંત તરીકે, યોન ( રાજા ડિમેટ્રીઅસ, મિનેન્ડર ) મોઝીઝ, કુશાનવંશી કડફસીઝ વિગેરેના સિક્કાઓ જુઓ.

(૭૩) ભૂમક, નહપાણ, હુવિષ્ક, કનિષ્ક વસુ.

વર્ણન પ્રત્યેક સિક્કાના રાજવીની સંસ્કૃતિનું તથા તેના સમયનું કાંઇક અનુમાન[૭૫] બાંધવાને ઉપયોગી નીવડે એવી ધારણા રાખી આગળ વધીશું.

ઉપરમાં સિક્કાની બાબત કહી; હવે શિલાલેખ અને દાનપત્રને લગતી એકાદ બે બીના જણાવી દઉં. રાજાઓ જ્યારે જ્યારે પ્રસંગ પડયે *શિલાલેખ કોતરાવતા કે દાનપત્ર અર્પણ કરતા* ત્યારે ત્યારે અમુક પદ્ધતિએ જ લખાણ કરતા હોવા જોઇએ એમ સહજ અનુમાન કરીએ તો ખોટું નથી. અને તેમાં પણ આવા લેખોને અંતે તેમ કર્યા માટેનો સમય જે તેઓ દર્શાવતા, તેમાં તો તેઓ પોતપોતાની પદ્ધતિને ખાસ કરીને ચીવટપણે વળગી જ રહેતા હતા એમ દેખાય છે.[૭૬] અને આ પ્રમાણેની પ્રથા અંગીકાર કરવામાં પણ, સિક્કાની પદ્ધતિમાં દર્શાવી ગયા છીએ તે જ પ્રમાણે, પ્રત્યેકની સંસ્કૃતિ અને ધાર્મિક સંસ્કાર વિગેરે વિગેરે જવાબદાર હશે, એમ પ્રત્યક્ષ દેખાઇ આવે છે. હિંદી રાજવીઓ અમુક કાર્ય કરવા માટે તેના સમયદર્શનમાં અમુક વર્ષ ઋતુ, મહિનો કે દિવસ એમ બધું નિર્દેશતા જ્યારે જે હિંદીઓ નહોતા તે માત્ર વર્ષ જ બતાવતા; વળી આ બીનહિંદીઓમાં પણ, જેમ જેમ હિંદની ભૂમિથી દૂર દૂર જતા જઇએ છીએ તેમ તેમ, સમયનિર્દેશનની ચાર વસ્તુમાંથી (વર્ષ, ઋતુ, મહિનો અને દિવસ) એકેકનું, વધતા ઓછા પ્રમાણમાં, અદ્રશ્યપણું થતું નિહાળાય છે.

ઉપરમાં આપણે (૧) King of Kings=મહારાજાધિરાજ; શહેનશાહ (૨) Great King=બાદશાહ (૩) મહાક્ષત્રપ અને (૪) ક્ષત્રપ વિગેરે ભિન્ન ભિન્ન પદવીઓવાળા શાસકોના અધિકાર પરત્વે જે વિચાર દર્શાવ્યા છે તેથી સર્વ સરદારો કયા કયા દેશના અને કઇ કઇ પ્રજાના અધિકારીઓ છે તેની કાંઇક સમજણ પડી જાય છે. આ સઘળી વાત આપણે માત્ર ઇતિહાસનાં વાચન અને અનુભવ ઉપરથી જ ઉપજાવી કાઢેલી ગણવાની છે.

**ક્ષત્રપની સત્તા વિશે પ્રમાણભૂત કથન**

તે બાબતમાં, સત્તા સમાન લેખાતા કોઇ ગ્રંથમાં તેનું વિવરણ મળી આવે તો સાથે સાથે તપાસી શકાય; તેમજ તે કથન–વિવરણ સાથે આપણું અનુમાન કેટલા પ્રમાણમાં બંધબેસતું થઇ શકે છે તેની તુલના કરવાનું પણ સગવડભર્યું થાય. તેમાંનું એક કથન આ પ્રમાણે છે.

હિસ્ટોરીઅન્સ હિસ્ટરી ઓફ ધી વર્લ્ડમાં લખ્યું છે કેઃ—In ancient history it (Satarap) is the name given by the Persians to their provincial governors. The functions and duties of a Satarap were-( The empire of Darius included as many as 30 Satarapies ). They did not attempt to subjugate the races that peopled their dominions, but on the contrary accepted the manners, customs and religion of the people

હેવ વિગેરેના સિક્કાઓ જુઓ.

(૭૪) નહપાણનો સિક્કો જુઓ.

(૭૫) આ બધાં કથનની સાબિતીનાં દૃષ્ટાંતો માટે પુ. ૨ માંના સિક્કાને લગતાં બે પરિચ્છેદો લખ્યાં છે તે જોઇ લેવા.

(૭૬) ઉપરની ટીકા નં. ૫૫ તથા ૫૮ જુઓ.

over whom they ruled. He was the head of the administration: he collected taxes, controlled the local officials, the subject tribes and cities; and was the supreme Judge of the province to whose chair every civil and criminal case would be brought. He was assisted by a council to which also provincials were added and was controlled by a royal secretary and by emissaries of the king. The system though succeeded in Persia, was but a failure in India. The title of Mahakshatrapa occupied a position of greater power and independence than a Kshatrapa but was nevertheless subservient to his overlord, who was called the " King of Kings "=પ્રાચીન ઇતિહાસમાં ઇરાની લોકો પોતાના પ્રાંતિક સૂબાને ક્ષત્રપ નામથી સંબોધતા. ( શહેનશાહ ડેરિઅસના સમયે લગભગ ૩૦ જેટલા તેવા ક્ષત્રપ અધિકારીઓ હતા ) તેમનાં અધિકાર અને ફરજ આ પ્રમાણે હતાં. તેમના પ્રદેશમાં-સંસ્થાનમાં જે પ્રજા આવી રહેલી હોય તેમને તેઓ ગુલામ બનાવતા-કચરી નાંખતા-નહીં, પણ ઊલટું જે પ્રજા ઉપર તેઓ શાસન ચલાવતા તેમનાં આચારવિચાર રીતરિવાજ તથા ધર્મનો પોતે સ્વીકાર કરતા. તે સર્વ રાજવહીવટનો અગ્રગણ્ય-ઉપરી રહેતો-તે કરવેરા ઉઘરાવતો, સ્થાનિક અમલદારો તેમજ તાબાની પ્રજા અને નગરો ઉપર દેખરેખ રાખતો; અને ( ટૂંકામાં ) જે પ્રાંત ઉપરનો અધિકાર તેને સુપ્રત થતો તેની-તે પ્રદેશની-જે કોઈ દિવાની ફોજદારી બાબતો તેની સમક્ષ રજૂ કરવામાં આવતી, તે સઘળી ઉપર તેનો ચૂકાદો સર્વોપરી લેખાતો. તેના કામમાં મદદ કરવાને એક કૌંસીલ-સભા નીમવામાં આવતી; તેમાં પ્રાંતિક ( સરદારો ) પણ ઉમેરવામાં આવતા; તથા તે સઘળા ઉપર રાજકુટુંબમાંનો એક મંત્રી કે રાજાના એલચીઓ દેખરેખ રાખતા. આ પ્રમાણેની રાજવહીવટી પ્રથા ભલે ઇરાનમાં સફળ નીવડી હતી પણ હિંદમાં તો અફળ જ થઇ હતી. એક ક્ષત્રપ કરતાં મહાક્ષત્રપનો દરજ્જો ગૌરવતામાં કાંઈક ચડિયાતો ગણાતો હતો; છતાં આખરીએ તો તે પોતાના શિરતાજનો તાબેદાર જ ગણાતો: ( આ શિરતાજને ) શહેનશાહ અથવા મહારાજાધિરાજ કહેવામાં આવતો. આ પ્રમાણે ઇરાની શહેનશાહતના બંધારણમાં ક્ષત્રપ, મહાક્ષત્રપ અને શહેનશાહના દરજ્જાની વાત કરવામાં આવી છે. જ્યારે મિ. વિન્સેંટ સ્મિથ પોતાના વિચાર જણાવતાં એમ કહે છે કે,[૭૭] The word Satarap shows as subordinates of the Persian or Parthian sovereign=ક્ષત્રપ શબ્દ જ બતાવે છે કે, તે ઇરાની અથવા પાર્થિઅન શહેનશાહનો આજ્ઞાંકિત અધિકારી હતો. એટલે તેમનું કહેવું એમ થાય છે કે, ઇરાનના રાજવહીવટી બંધારણમાં ક્ષત્રપનો દરજ્જો શહેનશાહના આજ્ઞાંકિત અમલદાર જેવો હતો, અને સાથે સાથે તે એમ પણ કહેતા જણાય છે કે, મહાક્ષત્રપ જેવો કોઈ હોદ્દો તે બંધારણમાં નહોતો. એટલે ધારું છું કે એક લેખકે જે નીચે પ્રમાણે ઉદ્‌ગાર કાઢ્યા છે તે, તેને અનુસરતો ફેરફાર પણ બંધારણીય છે એમ ઠરાવવા માટે જ હશે. તે લેખક[૭૮] ક્ષત્રપ અને

( ૭૭ ) જુઓ અ. હિ. ઇ. ત્રીજી આવૃત્તિ પૃ. ૨૨૭.

( ૭૮ ) જ. બોં. બ્રૅં. રૉ. એ. સો. પુ. ૨૦, પૃ.

મહાક્ષત્રપ વિશે વિવેચન કરતાં જણાવે છે કે, Later on, these titles seem to have gone an under-change that those who were called kshatrapas were subordinated to the Mahakshatrapas or some foreign kings who conquered them; and those who styled them as Mahakshatrapas were independent and owed fealty to none=આગળ જતાં આ હોદ્દાઓના અધિકાર પરત્વે ફેરફાર કરવામાં આવ્યો લાગે છે; એટલે કે આ ક્ષત્રપો કાં તો મહાક્ષત્રપોના હાથ તળે ગણાતા અથવા તો જે પરદેશી રાજાઓ તેમના ઉપર વિજય મેળવતા તેમના તાબેદાર ગણાતા; જ્યારે જેઓ મહાક્ષત્રપ બિરુદવાળા હતા તેઓ તો સ્વતંત્ર હતા તેમજ તેમના ઉપર કોઇનું શિરછત્રપણું નહોતું. એટલે હવે સમજાશે કે બીજી પ્રજામાં ક્ષત્રપ અને મહાક્ષત્રપ પણ હતા. તેમાં ક્ષત્રપ નાનો અમલદાર અને તે મહાક્ષત્રપના તાબાનો જ ગણાતો; જ્યારે મહાક્ષત્રપનો કોઈ ઉપરી નહોતો જ.

ઉપરના ટાંચણોથી આપણે એટલું તો જોઇ શકીએ છીએ જ કે મહાક્ષત્રપને તે સર્વે લેખકોએ ભલે સ્વતંત્ર અધિકારી તરીકે કબૂલ રાખ્યો છે, પણ જે ચોખવટ આપણે બતાવી છે તેવી તેમાંના કોઇએ બતાવી નથી. તેમણે બતાવેલો ભેદ-ક્ષત્રપ, મહાક્ષત્રપ અને ખૂદ શહેનશાહ વચ્ચેના અધિકાર પરત્વેનો ભેદ-કબૂલ રાખ્યા ઉપરાંત આપણે તો એમ પણ જણાવી દીધું છે કે, જે પ્રજા મૂળે સ્વતંત્ર નહોતી તેમાંનો કોઇ સરદાર કે અધિકારી, રાજ્યપતિ બનતો ત્યારે પોતે પોતાને મહાક્ષત્રપ પદથી વિભૂષિત થએલ જાહેર કરતો અને પોતાના ગાદીવારસને અથવા યુવરાજને ક્ષત્રપ પદ અર્પણ કરતો; એટલે આવી સ્થિતિમાં જે ક્ષત્રપ હોય તે કાળાનુક્રમે ગાદીપતિ થતો જ; અને જ્યારે ગાદીપતિ બનતો ત્યારે, ક્ષત્રપ મટીને મહાક્ષત્રપનું પદ ધારણ કરતો. તેમાં ક્ષત્રપ એટલે આજ્ઞાંકિત અને મહાક્ષત્રપ એટલે નિરંકુશ, એવા પ્રકારનો ભેદ નહોતો જ; અને તેટલા માટે જ, સ્વતંત્ર પ્રજાના[૭૯] મહાક્ષત્રપનો તથા ક્ષત્રપનો જેટલો અધિકાર ગણાય તેના કરતાં મૂળે સ્વતંત્ર ન હોય[૮૦] તેવી પ્રજાના મહાક્ષત્રપના અને ક્ષત્રપના અધિકારમાં ફેર દેખાવાનો જ. તે આ પ્રમાણેઃ-(૧) સ્વતંત્ર પ્રજાનો જે ક્ષત્રપ હોય તે મહાક્ષત્રપ બને પણ ખરો અને ન પણ બનેઃ ઉપરી પદે ચડવાનો તેણે જે લ્હાવો મેળવવો તે પોતાના કિસ્મતનું અથવા શહેનશાહની કૃપાદૃષ્ટિનું ફળ સમજવું :(૨) તેમજ ક્ષત્રપને, મહાક્ષત્રપને અને બાદશાહને સગપણ સંબંધ હોય પણ ખરો અને ન પણ હોય. (૩) તેમજ ક્ષત્રપ અને મહાક્ષત્રપની સંખ્યા એકી વખતે એક કરતાં વિશેષ પણ હોય; જ્યારે જે પ્રજા મૂળમાં સ્વતંત્ર ન હોય પણ જેને પાછળથી રાજ્યની પ્રાપ્તિ થઈ હોય તેના કિસ્સામાં, આ ત્રણે મુદ્દા પરત્વે ફેર રહેવાનો જ; એટલે કે, (૧) તેમનો ક્ષત્રપ જે હોય તે કાળક્રમે ગાદીપતિ બને જ

**આપણા અને તેમનાં કથનનો તફાવત**

૨૮૧, ટી. ૩૫.

(૭૯) સ્વતંત્ર પ્રજા તરીકે યોન-બેક્ટ્રીઅન્સ અને પાર્થિઅન્સ-પહ્લવાઝ-પર્શિઅન્સ તેમજ કુશાન ઈ. ઇ. સમજવી.

(૮૦) મૂળે એકદમ સ્વતંત્ર ન હોય પણ પાછળથી વિજય મેળવી ગાદીપતિ બની હોય તેવી પ્રજાના ઉદાહરણમાં ક્ષહરાટ, શક, ચ્ષ્ટણવંશી વિગેરે વિગેરે ગણવી.

અને મહાક્ષત્રપ કહેવાય જ, તેમાં કિસ્મત કે કૃપાદૃષ્ટિનું અવલંબન હોય જ નહીં. (૨) ક્ષત્રપ તે મહાક્ષત્રપનો જ્યેષ્ઠ પુત્ર-યુવરાજ અથવા તેના અભાવે દત્તક ગાદીવારસ હોવો જોઇએ. આ પ્રમાણે લોહીસંબંધીનું નિકટનું જોડાણ જ હોય. ( ૩ ) તેમ ક્ષત્રપ અને મહાક્ષત્રપ બન્ને એકેકની જ સંખ્યામાં રહેવાના. એક સમયે અને એક રાજ્યમાં એક કરતાં વધારેની સંખ્યા તેમની હોઈ શકે જ નહીં. કયું કથન વધારે સ્પષ્ટતા-વાળું અને માનનીય છે તે તો વાચકવૃંદને અનુભવમાં આવે તે ખરું.

અત્ર જે સર્વસામાન્ય હકીકતનું ધ્યાન આપવાનું રહેતું હતું તે પણ પુરું થાય છે. યોન પછી બીજી પ્રજા પહ્લવાઝ અને પાર્થિઅન્સ કહી છે. એટલે તેનું વર્ણન હાથ ધરવું જોઇએ; પણ યોન પ્રજાનો સત્તાકાળ આથમી જતાં, ક્ષહરાટ પ્રજાની સત્તાનો ઉદય થયો છે; એટલે સમયની ગણનાથી તેનું વૃત્તાંત પ્રથમ લઇ લેવું યોગ્ય લાગ્યું છે; કેમકે તેમ કરવાથી એક તો રાજકીય સ્થિતિનું અનુસંધાન મળી રહે છે તેમ બીજી રીતે ઐતિહાસિક વસ્તુસ્થિતિ સમ-જવાની સુગમતા વધતી જાય છે.





# તૃતીય પરિચ્છેદ

## પરદેશી આક્રમણકારો ( ચાલુ )

**સંક્ષિપ્ત સારઃ—**

( આ ) **ક્ષહરાટ પ્રજાઃ**-તે પ્રજા અહિંદી ગણાય કે કેમ તેની કરેલી ચર્ચા-બ્રાહ્મી લિપિમાં અન્યનું મિશ્રણ થવાથી ખરોષ્ટી ભાષાનો થયેલ જન્મ-બ્રાહ્મી અને ખરોષ્ટીની કરેલી સરખામણી-ખરોષ્ટીનાં મૂળ વિશે વિદ્વાનોનાં મંતવ્યદર્શન-ખરોષ્ટી અને ક્ષહરાટોનો બતાવેલો સંબંધ-ખરોષ્ટી ભાષાનો વિકાસ-ક્ષહરાટ પ્રજાના ક્ષત્રપોનો આપેલ ઇતિહાસ-તેમણે જુદા જુદા ત્રણ પ્રદેશ ઉપર ભોગવેલ હકુમત-હગામ અને હગામાસનાં શોધી કાઢેલ તવારીખ અને સમય—

**મધ્ય પ્રદેશઃ—**

(૧) **ભૂમકઃ**—તેની જાત વિશેની માહિતી, તથા ક્ષત્રપ નહપાણ સાથે પૂરવાર કરી આપેલ તેનો સંબંધ-તેના સમયની લંબાણ તપાસ અને કરી આપેલ નિર્ણય-પોતાની જાતિ ઉપરથી તેણે કરેલી ક્ષહરાટ સંવત્સરની સ્થાપના-તેનાં આયુષ્ય તથા જીવન-બનાવોનો આપેલ હેવાલ-તેના રાજ્યવિસ્તારનું કરેલું વર્ણન-તેના રાજનગરનાં સ્થાનની ( સંભવિત ચાર સ્થળોની ) કરેલી ચર્ચા—

## ( આ ) ક્ષહરાટાઝ=Kshaharatas=ખહરાટાઝ[1]

**દેશી કે પરદેશી**

આ પ્રજાનું વસતીસ્થાન જેને તે સમયે કાંબોજ કહેતા હતા તે પ્રદેશ હતો તે ભૂમિમાં વર્તમાન અફગાનિસ્તાનનો ઉત્તર-પૂર્વ ભાગ તથા હિંદુકુશના દક્ષિણ ભાગનો સમાવેશ થતો હતો; કે જેના ઉપર પુ. ૧, પૃ. ૭૧ અને આગળમાં જણાવ્યા પ્રમાણે ગાંધારપતિ ( હાલનો પંજાબદેશ )ની સત્તા ઈ. સ. પૂ. છઠ્ઠા સૈકા સુધી ચાલતી હતી. એટલે આ દેશ ખરી રીતે હિંદનો જ ભાગ હતો જેથી તેને પરદેશી તરીકે ગણી શકાય નહીં. તેમ એકદમ પ્રાચીન કાળે પણ તે જંબૂદ્વીપની અંદર જ સમાવિષ્ટ થયેલ હોવાથી તેને વિદેશ કહી શકાય નહીં; પણ પછી તે પ્રાંત ઇરાની શહેનશાહતમાં અને તે બાદ સિરિયન પ્રજાની સત્તામાં જવાથી તથા હિંદની સરહદ સંકુચિત બની જવાથી તે ભાગને વિદેશ એટલે હિંદની બહારનો પ્રદેશ લેખવામાં આવ્યો છે. તેટલે દરજ્જે તેની પ્રજાને આપણે વિદેશી–પરદેશી કહી શકીએ ખરા જેથી તે પ્રજાને લગતો ઇતિહાસ અહીં લખીએ છીએ એમ સમજવાનું છે.

ઇતિહાસકારોએ ( ભારતીય કે યુરોપીય[2] ) આ પ્રજાને ‘ શક ’ તરીકે સંબોધી છે, પણ તેઓનું મૂળ વતન ‘ શાકદ્વીપ ’માં ન હોવાથી જેમ શકપ્રજા તરીકે તેમની ગણના કરી શકાય નહીં; તેમ અર્વાચીન વ્યાખ્યા પ્રમાણે પણ તેમનું ઉત્પત્તિસ્થાન શિસ્તાનમાં ન હોવાથી તેમને શક તરીકે ઓળખાવી શકાય નહી. મતલબ કે, ગમે તે રીતે વ્યાખ્યા કરીએ, તો પણ તેમને શકપ્રજા તરીકે તો ઓળખાવી શકાય તેમ છે જ નહી.

**તેમની લિપિ**

તેમની લિપિને ખરોષ્ટી તરીકે ઓળખાવાય છે. પછી તે પ્રજાનાં નામ ઉપરથી લિપિનું નામ યોજાયું છે કે લિપિ ઉપરથી પ્રજાનું નામ ઘડી કઢાયું છે તે નિર્ણય કરવાનું કામ આપણું નથી; પણ તે લિપિના મૂળાક્ષરો જોતાં હિંદીલિપિને તે વધારે મળતી આવતી જણાય છે. હિંદની–આર્યવર્તની–જંબૂદ્વીપની પ્રાચીન ભાષાનું નામ બ્રાહ્મી છે. ઈ. સ. પૂ. આઠમી કે સાતમી સદી સુધી આ ભાષા સર્વસામાન્ય હતી એમ સમજાય છે. વૈદિક મતાનુયાયી ગ્રંથોના મૂળકર્તા આ ક્ષહરાટ કંબોજ દેશની નિકટમાં આવેલ શિસ્તાન પ્રદેશના જ વતની હોઇ, તેમની ભાષા પણ બ્રાહ્મી જ હતી. પછી જ્યારે ઇ. સ. પૂ. ની છઠ્ઠી સદીમાં આ મૂલક ઉપર ઇરાની શહેનશાહતની હકુમત આવી, ત્યારે આ પ્રદેશની બ્રાહ્મી લિપિ ઉપર તેમની પહેલવી ભાષાની અસર થઈ; અને પરિણામે બ્રાહ્મી લિપએ જે

( ૧ ) જ. બો. બ્રં. રો. એ. સો. નવી આવૃત્તિ પુ. ૩, પૃ. ૬૧૦–જુન્નેરના સત્રપોને જે ‘ ક્ષહરાટ ’ના કૌટુંબિક નામથી ઓળખવામાં આવ્યા છે તે પ્રાકૃત શબ્દ ખરોષ્ટનું સંસ્કૃત નામ લાગે છે.

J. B. B. R. A. S. New Ser. vol. III p. 610-Ksharahat the family name by which the Sataraps at Junner are known appears to be a Sanskrit form of the Prakrit word Kharoshtra.

( ૨ ) અ. હિ. ઇ. ત્રીજી આવૃત્તિ પૃ. ૨૦૯:– ક્ષહરાટોનો સંબંધ શક પ્રજા સાથે છે, તેમજ તેઓનું આવવું શકસ્તાન( વર્તમાન શિસ્તાન )માંથી થવું છે.

E. H. I. Edi. III p. 209:—The kshaharatas were connected with the Sakas and may have immigrated from Sakastene the morden Seistan.

( બુદ્ધિ. પ્ર. પુ. ૭૬. જુલાઇ અંક, પૃ. ૧૧. સર જીવણજી મોદી કહે છે કે–આ સાક રાજાઓનાં કેટલાંક

વિકૃત સ્વરૂપ ધારણ કર્યું તેનું નામ ખરોષ્ટિ[૩] પડ્યું. તેમાં જેમ પહેલવી ભાષાની કેટલીક ખૂબીઓ તરી આવે છે તેમ તેની માદર-મૂળ ભાષા બ્રાહ્મીની વિશિષ્ટતાઓ પણ જળવાઇ રહેલી નજરે દેખાય છે. તે નીચેની સરખામણીથી જોઇ શકાશે.

| બ્રાહ્મી | ખરોષ્ઠી |
| --- | --- |
| ૧ શુદ્ધ લિપિ છે. | ૧. વિકૃત સ્વરૂપ હોવા સાથે બ્રાહ્મી અને પહ્લવીનું મિશ્રણ છે. |
| ૨. સંસ્કૃતની માફક ડાબા હાથથી લખાય છે. | ૨. પહ્લવીની-પર્શિઅન-ફારશીની માફક જમણા હાથથી[૪] લખાય છે. |
| ૩. જેમ શુદ્ધ ગુજરાતીભાષા, કેળવાયલ અને સંસ્કારી પુરૂષો બોલે છે તેમ આ ભાષા પણ શિક્ષિતવર્ગ બોલે છે. | ૩. જેમ ગામડાના માણસો ગુજરાતી ભાષા બોલતા છતાં, ગ્રંથમાં લખાતી શુદ્ધ ગુજરાતી તેને કહી શકાતી નથી, તેમ આ ભાષાનું પણ સમજી લેવું. |
| ૪. મૂળાક્ષર સંસ્કૃતની માફક છે. | ૪. મૂળાક્ષર તેવા ખરા, પણ વળાંકમાં કે અન્ય ઠેકાણે કંઇક ફેરફાર છે. |
| ૫. તેનો સ્વર, કાનને પ્રિય અને મધુર લાગે તેવો છે. | ૫. તેનો ઉચ્ચાર કાનને બરસટ [૫] લાગે તેવો છે. |

ડૉ. બુલ્હર નામનો પ્રખ્યાત ભાષાશાસ્ત્રી તેથી ખરૂં જ વદે છે[૬] કે Kharoshthra offers a strong identification to Zarathushtra--possessor of yellow camels (Burnouf). The Chinese translate Kharosthi by "Ass-lips"=he analyses the word like this. Zarath and Zar are connected with the sanskrit Savarna=gold: in ancient Persia, the Indian Sva was generally changed to Kha as in Sarasvati (Sanskrit)=Harasvati (Persian): Kharoshthi might therefore have been a variant form of the name of zarathushtra=ખરોષ્ઠી શબ્દ ઝરથુસ્ત્રને ઘણો જ મળતો આવે છે. (બરનોફના મત પ્રમાણે

---

નામો ઈરાની છે; તે ઉપરથી મિ. વિન્સેંટ સ્મિથ તેમને પાર્થિઅન ધારે છે; જ્યારે ભાંડારકર તેમને સિથિયન ધારે છે.)

(૩) ઈરાની શબ્દ જે "જરથોસ્ત" છે, તે ઉપરથી અપભ્રંશ થઈને ખરોષ્ઠ શબ્દ પડયો હોય એમ દેખાય છે. આગળની હકીકત સરખાવવાથી આની પ્રતીતિ થશે.

કો. આં. રે. પ્રસ્તાવના પૃ. ૧૦૪:-આ મૂળાક્ષરનું હિંદી વતન અફગાનિસ્તાન અને પંજાબના ઉત્તર ભાગમાં હતું. The Indian home of this alphabet lay in Afghanistan and in the north Punjab.

(૪) ઉપરની ટી. નં. ૩ નો પ્રથમ ભાગ સરખાવો. જરથોસ્ત તે પહ્લવાઝ-ઈરાનીઓના પયગંબર સાહેબનું નામ છે: પહ્લવાઝ ઉપરથી પહ્લવી: અને જરથોસ્ત ઉપર ઝરથોસ્ત, ખરથોસ્ત, ખરોસ્ત, ખરોષ્ઠ એમ અપભ્રંશ થતું ગયું લાગે છે. આ લિપિનું અંગ આ ખૂબીમાં જળવાઈ રહેલું સમજવું.

(૫) સરખાવો નીચેની ટી. નં. ૭.

(૬) જુઓ કો. એ. ઇ. પ્રસ્તાવના પૃ. ૮.

તેનો અર્થ ) પીળા ઊંટનો માલિક ( થાય છે). ચિનાઇ ભાષામાં ખરોષ્ઠી એટલે ગર્દભ-ઓષ્ટ[૭] થાય છે. તેનું પૃથક્કરણ તે આ પ્રમાણે કરે છે. ઝરથ અને ઝર શબ્દનો સંબંધ સંસ્કૃતમાં સ્વર્ણ ( સોનું ) સાથે છે. પ્રાચીન (સમયે) ઇરાનમાં, ( જ્યાં ) હિંદમાં स्व વપરાય છે (ત્યાં) ख વાપરતા, જેમકે सरस्वति ( સંસ્કૃત શબ્દ ) ને हरस्वति ( ઇરાની ભાષામાં ) : તેટલા માટે ખરોષ્ઠી તે ઝરથુસ્ત્ર ઉપરથી અપભ્રંશ[૮] થયું લાગે છે. તેવી જ રીતે મિ. રેપ્સન નામના બીજા વિદ્વાન લખે છે કે[૯] Kharoshthi is evidently a foreign alphabet : it seems to claim in the coin-legends an equally important place with Brahami, but it falls into gradual disuse (J. R. A. S. 1889, P. 372 ) and after the reign of Chashthana it is abandoned altogether=બહારના દેખાવમાં ખરોષ્ઠી તે વિદેશી લિપિ છે ( પણ ) સિક્કા ઉપર તેનો (લખાણનો) ઉપયોગ બ્રાહ્મી લિપિના જેટલો જ થયો છે; છતાં ક્રમેક્રમે તે અદૃશ્ય થતી ગઇ છે (જુઓ જ. રો. એ. સો. ૧૮૮૯ પૃ. ૩૭૨ ) અને ચષ્ટણના સમય પછી તો તેનો તદ્દન લોપ જ થઇ ગયો છે. વળી તે જ વિદ્વાન એક અન્ય ઠેકાણે ઉચ્ચારે છે[૧૦] કે Khaharata is no doubt a dialectical form of Khshaharata (In the prakrit of the Nasik inscription : kha=( Sanskrit) ksha: compare khathiya=kshatriya f. n. 3, )=નિ:સંદેહ વાત છે કે, ક્ષહરાટનું ભાષાપરત્વે રૂપાંતર થઇને ખહરાટ શબ્દ થયેલ છે [ જુઓ નાસિક શિલાલેખનું પ્રાકૃત (દષ્ટાંત) ખ-(સંસ્કૃત) ક્ષ: તેને સરખાવો ખત્તિય= ક્ષત્રિય સાથે: ટીપ્પણ નં. ૩ ] સર્વ કથનનો સાર એ છે કે ખરોષ્ઠી તથા ક્ષહરાટ-ક્ષહરાટને ઘનિષ્ઠ સંબંધ છે તેમજ ખરોષ્ઠી લિપિને ઇરાની લિપિ સાથે પણ સંબંધ છે.

આપણે જોઇ ગયા છીએ કે ખરોષ્ઠી ભાષાની ઉત્પત્તિ જ બ્રાહ્મી લિપિમાંથી થઇ છે.

**ખરોષ્ઠી ભાષાનો વિકાસ**

અને તેનો સમય ઇ. સ. પૂ. ની છઠ્ઠી સદીનો છે, તેમ તેનું સ્થાન પણ કંબોજનો પ્રાંત છે. રાજા પુલુસાકીના મરણ બાદ ( જુઓ પુ. ૧, પૃ. ૭૨) આ પ્રાંત ઉપર જ્યારથી ઇરાની શહેનશાહનું રાજ્ય થયું હતું ત્યારથી આ પ્રાંતની પ્રજા ઇરાની પ્રજા સાથે, તેમજ પંજાબની આર્યપ્રજા સાથે, રાજકીય કારણને લીધે તેમજ વ્યવહારના પ્રસંગને લીધે ઘાટા સંપર્કમાં આવતી હતી તે પણ આપણે જોઇ ગયા છીએ. વળી જાણી ચૂકયા છીએ કે, આ પ્રદેશમાં પેલા પ્રખ્યાત વૈયાકરણી પાણિ-

( ૭ ) ગર્દભ-ઓષ્ઠ : ગર્દભના હોઠમાંથી નીકળેલી વાણી : જેમ ગર્દભ-ગધેડું ભુંકે છે અને તેનો સ્વર કાનને બરસટ લાગે છે તેમ આ ગર્દભ-ઓષ્ઠ (અપભ્રંશ ખરોષ્ઠ) લિપિનો ઉચ્ચાર છે, એમ કહેવાનું અહીં તાત્પર્ય છે. સરખાવો ઉપરની ટીકા નં. ૫.

( ૮ ) આ અનુમાન અને સમજૂતિ સાચી છે કે નહીં, તેની તકરારમાં આપણે નથી ઉતરતું. પણ અત્ર કહેવાનું એટલું જ કે, નામીચા વિદ્વાનો ગમે તેટલું તાણી ખેંચીને બેસતું કરે તો તે વિદ્વત્તામાં ગણાય, જ્યારે કોઈ સાદો માણસ તેવો પ્રયાસ કરે તો તેને કેટલાય વિશેષણો અને શિરપાવ મળે. આ પ્રકારની મનોદશા ઉપર વાચકવર્ગનું ધ્યાન ખેંચવા રજા લઉં છું.

( ૯ ) જુઓ કો. આં. રે. પ્રસ્તાવના પૃ. ૧૦૪; પારીગ્રાફ ૮૩.

( ૧૦ ) જુઓ કો. આં. રે. પ્રસ્તાવના પૃ. ૩૭.

નિનો જન્મ થયો હતો. તેની ભાષા પણ ખરોષ્ઠી હતી એમ કહેવાયું છે. જ્યારે મગધ સમ્રાટ નવમા નંદે આ દેશ ઉપર ચડાઇ કરીને તેને જીતી લીધો હતો ત્યારે ત્યાંથી અઢળક દ્રવ્ય લઇ જવાની સાથે પોતે વિદ્યાવ્યસંગી હોઇ, તક્ષિલા વિદ્યાપીઠમાંથી વિદ્વાનોની એક મિત્ર ત્રિપુટી–પાણિનિ, ચાણક્ય અને વરરૂચિ નામના ત્રણ મિત્રોની–ને પણ પોતાની સાથે લઇ ગયો હતો. વળી આ વિદ્વાન ત્રિપુટીની મદદથી તેણે તક્ષિલાના ધોરણે નાલંદા વિદ્યાપીઠને સમૃદ્ધ બનાવી હતી. આ સઘળી હકીકત ઉપરથી સ્પષ્ટ સમજી શકાશે કે પાણિનિના ગ્રંથોમાં ખરોષ્ઠી શબ્દનું જે મિશ્રણ તથા વપરાશ માલૂમ પડે છે તેનું કારણ પણ તેનો જન્મ ખરોષ્ઠી ભાષા બોલતા પ્રદેશમાં જ હોવાને લીધે મુખ્યતઃ છે.

આ ગંબોજ–કંબોજ પ્રદેશ ઉપર, નંદવંશ પછી મૌર્યવંશની સત્તા આવી હતી, પણ સમ્રાટ બિંદુસારના અમલ દરમ્યાન તે પ્રદેશ બળવો કરી કેટલાક અંશે સ્વતંત્ર થઈ ગયો હતો; અને પાછળથી અલેક્ઝાંડર ધી ગ્રેઇટને આધીન થયો હતો. તેની પછી તે દેશ તેના સરદાર અને વારસ સેલ્યુકસ નિકેટોરની સત્તામાં ગયો હતો. તેણે પોતાની કુંવરી સમ્રાટ અશોકને ઈ. સ. પૂ. ૩૦૪ માં પરણાવતાં, જે તહ કર્યો હતો તેની રૂઈએ જે ચાર પ્રાંતો મગધને હવાલે તેણે કરી દીધા હતા તેમાં આ ખરોષ્ઠી ભાષા બોલતા પ્રાંતો પણ હતા. આ પ્રમાણે આ મુલક મગધદેશની આણમાં બે ત્રણ વખત આવ્યો અને ખસી ગયો. છેવટે સમ્રાટ પ્રિયદર્શિનની હકુમતમાં આવી પડયો હતો. તેણે તે પ્રાંતની હદમાં બે મોટા ખડક લેખો–શાહબાઝગઢી અને મંશેરાના ઊભા કરાવ્યા છે. તે લેખોની ભાષા ખરોષ્ઠી હોવાનું કહેવાય છે; તેનું કારણ પણ હવે વાચકવર્ગને બરાબર સમજાશે. સંપ્રતિ ઉર્ફે પ્રિયદર્શિનના મરણ બાદ પાછો આ પ્રાંત સ્વતંત્ર થઈ ગયો. કાળાંતરે બેકટ્રીઅન રાજ્યનો ભાગ બનવા પામ્યો. જ્યારે બેકટ્રીઆનો રાજા ડિમેટ્રીઅસ હિંદ ઉપર ચડાઇ લાવ્યો હતો ત્યારે તેની સાથે અનેક સરદારો આવ્યા હતા. તેમાં (ઇતિહાસની નજરે) ત્રણ મુખ્ય હતા. તે ત્રણે કંબોજના જ વતની હતા. બે તેની જાતના હતા તેમજ કાંઇક દૂરદૂર સગા થતા હતા; તેમનાં નામ હેલીઓક્લ્સ[૧૧] અને મિનેન્ડર હતાં; જ્યારે ત્રીજો, અસલ ત્યાંનો જ વતની અને ક્ષહરાટ જાતિનો ભૂમક નામે યુવાન હતો.[૧૨] આ ત્રણે જણા રાજા ડિમેટ્રીઅસને બહુ ઉપયોની નિવડ્યા હતા. તેમાંનો મિનેન્ડર જે

---

(૧૧) આ હેલીઓક્લ્સ તે બીજો કોઈ નહીં, પણ ડિમેટ્રીઅસ પાસેથી બેક્ટ્રીઆની ગાદી ખુંચવી લેનાર પેલા બળવાખોર અને તેના એક દૂરના સગા યુક્રેટાઇડઝનો પુત્ર હતો. રાજા ડિમેટ્રીઅસનું મરણ થતાં આ હેલીઓક્લ્સ પોતાના દેશ પાછો ફરતો હતો ત્યારે રસ્તામાં જ પોતાના બાપનો બેટો થતાં તેની નિમકહરામીનો બદલો આપવા જતાં તેણે તેને મારી નાંખ્યો હતો અને પછી પોતે બેક્ટ્રીઆની ગાદીએ બેઠો હતો.

(૧૨) આ સિવાય રાજુવુલ નામની વ્યક્તિને પણ કદાચ સાથે લાવ્યા હોય એમ સંભવિત છે, પણ બરાબર ખાત્રી ન થવાથી તેનું નામ અહીં દાખલ કર્યું નથી; છતાં બધાં સ્થિતિ અને સંયોગો જોતાં, તે પણ ભૂમકની સાથે જ આવ્યો હોય એ બનવાજોગ છે. આ રાજુવુલને મથુરાવાળા પ્રદેશ ઉપર હકુમત ચલાવવા મિનેન્ડરે પાછળથી નીમ્યો હતો.

હતો તે ડિમેટ્રિઅસ પાછળ હિંદના મુલકનો સ્વામી બન્યો હતો અને પોતે રાજા બનતાં જ વફાદાર અને શુરવીર ભૂમકને પોતાના મુખ્ય સૂબા-ક્ષત્રપ[13] તરીકે મધ્યદેશની સંભાળ લેવા મૂકી દીધો હતો; જે પદ તેણે મિનેન્ડરના મરણ સુધી સાચવી રાખ્યું હતું; પણ મિનેન્ડરનું મરણ થતાં પોતે જ તે પ્રાંતનો માલિક બની મહાક્ષત્રપ[14] પદ ધારણ કરી ગાદીએ બેઠો હતો. આ ઉપ-રથી સમજાશે કે (૧) ભૂમક હતો ભલે બેકટ્રી-અન રાજાનો સરદાર, છતાં જન્મે તે ક્ષહરાટ હતો. કેટલાક જે તેને શક અને કેટલાક પાર્થિ-અન કહે છે તે વાત બરાબર નથી; આની સાબિતીમાં તેના સિક્કા ઉપર ખરોષ્ઠી ભાષાના અક્ષરો છે (૨) તેમજ રાજા ડિમેટ્રીઅસના અને મિનેન્ડરના બન્નેના સિક્કાઓ ઉપર તેઓ બેકટ્રીઅન્સ હોવા છતાં, તેમના પોતાની માદર ભાષા ઉપરાંત ખરોષ્ઠી ભાષાના પણ અક્ષરો કોતરાવ્યા હતા.

ઉપરમાં જોઇ ગયા છીએ કે આ ક્ષહરાટ પ્રજાને કોઇ રીતે પરદેશી કે વિદેશી કહી શકાય તેમ નથી. વળી આ પ્રજામાંથી

**તેમના ક્ષત્રપો**

કોઇએ સ્વતંત્રપણે ગાદીપતિ બનીને રાજ ચલાવી પ્રથમથી દૃષ્ટાંત બેસાડયો હોય એમ પણ નથી; એટલે કે તે પ્રજામાંથી જે કોઇ વ્યક્તિ ઐતિહાસિક દૃષ્ટિએ ઝળકી ઉઠી છે, તે પ્રથમમાં તો અન્ય કોઈનો હકુમત નીચે રહીને સરદારપણે જ રહી છે; અને પાછળથી સંયોગાનુસાર ગાદી ઉપર બિરાજવાને ભાગ્યશાળી થઈ છે. જેથી કરીને તેમનાં નામ સાથે રાજા, મહારાજા કે તેવી અન્ય કોઇ ગૌરવવંતી પદવી જોડાયલી આપણે નિહાળી શકીએ તેમ નથી જ; પણ બહુ બહુ તો 'ક્ષત્રપ' અથવા તેથી આગળ વધીને 'મહાક્ષત્રપ' નામનો ઇલ્કાબ જોવાની ધારણા રાખી શકાય.

વળી આપણો એક સિદ્ધાંત છે કે કોઇ વ્યક્તિ ભલે ગમે તેવી પરાક્રમી કે ગૌરવશાળી હોય, કે રાજકર્તાના જમણા હાથ સમાન હોય અરે છેવટે ભલે રાજાની જેટલી જ સત્તા ધરાવતી હોય, છતાં જ્યાંસુધી સ્વતંત્રપણે હકુમત ચલાવવા જેટલી સ્થિતિએ તે પહોંચી ન હોય, ત્યાંસુધી તેનું વૃત્તાંત તેના ખાસ નામ નીચે આલેખી શકાય નહીં. એટલે આવા પદવીધારી ક્ષત્રપોના જીવન-વૃત્તાંત લખવાનો આપણને અધિકાર પણ ન ગણી શકાય; છતાં અહીં તેમનું પ્રકરણ હાથ ધરવાનું કારણ એ છે કે તેઓ જ્યારે હિંદમાં આવ્યા, ત્યારે તો પરાધીન અવસ્થામાં માત્ર ક્ષત્રપ તરીકે જ આવેલ, પણ પાછળથી તેમના બાદશાહનો વંશવેલો નાબૂદ થઈ જતાં, જે પ્રાંત ઉપર તેમને

(૧૩) કે. ને. વ. પુ. ૨, પૃ. ૧૩. ટી. ૩૯:-Chhatrapati or chhatrapa=Lord of the umbrella=a title of an ancient king in Jambudvipa (hence a satarap)=છત્રપતિ અથવા છત્રપ એટલે એક છત્ર નીચે રાજ્ય કરનાર સરદાર: જંબુદ્વીપમાં પ્રાચીન સમયે રાજાઓનું આ પ્રમાણે બિરૂદ હતું: આવા ભાવાર્થમાં સત્રપ શબ્દ નીકળ્યો છે.

છત્રપતિ સંસ્કૃત શબ્દ છે, સત્રપ-પર્શિઅન, એટલે ફારસી છે

કો. આં. રે. પારા ૮૦ માં લખેલ છે કે Persian word is kshaprapavan=protector of the land: ફારસી શબ્દ ક્ષપ્રપાવન છે જેનો અર્થ ભૂમિનો પાલક થાય છે.

(૧૪) મહાક્ષત્રપ અને ક્ષત્રપના અધિકારમાં શું ભેદ છે તે ઉપરમાં સમજાવાઈ ગયું છે. (જુઓ પૃ. ૧૭૧) વળી પહ્લવાઝ પ્રજાનાં વૃત્તાંતે આગળ ઉપર જુઓ.

હકુમત ચલાવવા મૂકયા હતા તે જ પ્રાંતો ઉપર તેઓ સ્વતંત્ર રાજકર્તા તરીકે બિરાજીને ઝળકી ઉઠયા હતા.

આવા ક્ષત્રપો ત્રણ પ્રાંતો ઉપર નીમાયા હતા : એક મથુરા ( સુરસેન ) અને પાંચાલવાળા પ્રદેશ ઉપર; બીજો જેને તે સમયે મધ્યદેશ કહેવાતો હતો અને જેમાં વર્તમાનકાળનો રાજપુતાનાનો મોટો ભાગ આવી જાય છે તે પ્રદેશ ઉપર : અને ત્રીજો પંજાબ અથવા તક્ષિલાનગરીવાળા પ્રદેશ ઉપર. આ ત્રણે ક્ષત્રપો મૂળે ક્ષહરાટ જાતિના જ હતા. અને ધીમે ધીમે ક્ષત્રપમાંથી મહાક્ષત્રપ બન્યા હતા : ઉપરના ત્રણ પ્રદેશોની રાજકીય અગત્યતા પ્રમાણે ગોઠવણ કરીએ તો પ્રથમ મધ્યદેશ, પછી મથુરાવાળો પ્રાંત અને સૌથી છેવટ પંજાબવાળો ભાગ ગણવો પડશે; અને તે અનુક્રમમાં આપણે પણ તેમનાં વૃત્તાંતો લખવાનું યોગ્ય ધાર્યું છે.

**નિયમને અપવાદરૂપ વ્યક્તિઓ**

માત્ર ક્ષત્રપ પદવી જ ભોગવેલ હોય તેવાનું વૃત્તાંત ન લખવું તેવો નિયમ કર્યો છે; વળી રાજકીય અગત્યતા ધરાવતા પ્રથમ પ્રદેશ—મધ્યદેશ—નું વર્ણન સૌથી પહેલું કરવાનું યોગ્ય ઠરાવ્યું છે; છતાં આ બન્ને મુદ્દા અલગ રાખીને એક તૃત્યાંગ જ હકીકત અત્રે પ્રથમ કહી દેવી પડે છે. અને તે હગામ તથા હગામાશ નામે વ્યક્તિઓને લગતી છે. આ બન્ને જણા માત્ર ક્ષત્રપ જ હોવાનું જણાયું છે. તેમ તેમનો અધિકાર કાં તો મથુરા ઉપર કે બહુ બહુ તો તક્ષિલાના પ્રાંત સુધી લંબાયો હોય એમ તારવી શકાય છે. છતાં અત્ર તેમને પ્રાધાન્ય આપવાનું કારણ એમ થયું છે કે, આ બે વ્યક્તિઓ વિશે હજુ સુધી જોઇએ તેટલો—બલ્કે કહો કે બિલકુલ—પ્રકાશ પડાયો નથી. અરે! એટલું જ નહીં પણ તેમના સમય કે સત્તા વિશે પણ ઇતિહાસ તદ્દન અંધારામય જ છે. તેમ બીજા કોઇ સ્થાન ઉપર તેઓની હકીકત જોડવી અસ્થાને ગણાઈ જાય તેવી ભીતિ રહે છે. આટલો ખુલાસો કરી તેમને લગતું વર્ણન પ્રથમ જણાવી દઉં છું.

આ બન્ને જણા માત્ર ક્ષત્રપોજ હતા; મહાક્ષત્રપ નહોતા. એમ તેમના જે સિક્કા મથુરાવાળા પ્રદેશમાંથી મળી આવ્યા છે તે ઉપરથી ચોક્કસ થાય છે. આમાં વળી કોણ પહેલું અને કોણ પાછળ તે પણ નક્કી કરવાનું સાધન આપણને હજુ સુધી પ્રાપ્ત થયું નથીઃ છતાં આ પ્રદેશમાં બીજા કેટલાક ક્ષત્રપો જે થઈ ગયા છે તે સર્વેમાં તેઓ સૌથી પહેલા થયા હોય એમ જાણી શકાય છે. પેલા પ્રખ્યાત ઇતિહાસકાર મિ. વિન્સેંટ સ્મિથ લખે છે કે[૧૫] Rajuvula succeeded the Satraps Hagama and Hagamasha ( two brothers )=હગામ અને હગામાશ જે બે ભાઇઓ હતા તેમની પછી રાજુવુલ સત્તા ઉપર આવ્યો છે; એટલે કે પ્રથમ હગામ અને હગામાશ થયા છે અને તે પછી રાજુવુલ મથુરાપતિ થયો છે. પણ રાજુવુલ લાગલો જ આવ્યો છે કે બેની વચ્ચે કાંઈ અંતર પડયું છે તે આમાં સ્પષ્ટ કરાયું નથી. વળી આપણે રાજુવુલ તેમ તેની પછીના બીજા બધા ક્ષત્રપ નામધારી સૂબાઓનાં વર્ણન ઉપરથી જોઇ શકીશું, કે તે સર્વેમાં રાજુવુલ સૌથી પહેલાં થઇ ગયો છે.[૧૬] એટલે આ બે ભાઇઓ રાજુવુલથી પણ પૂર્વેના હોઈ જૂનામાં જૂના ગણાય.

( ૧૫ ) અ. હિં. ઇ. ત્રીજી આવૃત્તિ પૃ. ૨૨૭. ટી. ૧. કે. હિ. ઈં. પૃ. ૫૨૬-૭.

( ૧૬ ) આગળ આપણે જોઈશું કે રાજુવુલ અને નહપાણ સમકાલીન હતા; તેમાંના નહપાણ વિશે મિ.

વળી ઉપરના જ ગ્રંથકાર જણાવે છે કે[૧૭] "The arrow and thunderbolt of Nahapan's coins connect him with the Parthians (?) and the Northern Sataraps Hagama and Hagamasha. The coinage of Chashthana and his successors is quite different=નહપાણના સિક્કા ઉપર તીર અને વજ્ર હોવાથી તેને પાર્થીઅન્સ (?) અને ઉત્તર( હિંદના )ના ક્ષત્રપો હગામ અને હગામાસની સાથે સંબંધ ધરાવતો કહી શકાશે. ચષ્ઠણ અને તેના અનુજોના સિક્કાઓ તદ્દન જુદા જ પ્રકારના છે," આ ઉપરથી એમ હકીકત નીકળે છે કે નહપાણ જે જાતનો છે તે જ જાતના હગામ અને હગામાશ હતા; કારણ કે તેઓના સિક્કામાં મળતાપણું છે. વળી નહપાણના વૃત્તાંતે આપણે સાબિત કરીશું કે તે ક્ષહરાટ (?) જાતનો હતો.[૧૮] એટલે આ હગામ અને હગામાશ ક્ષત્રપો પણ, ક્ષહરાટ જાતિના ઠરે છે. જ્યારે ચષ્ઠણના અને તેના વંશજોના સિક્કાઓ નહપાણના સિક્કાઓ કરતાં ભિન્ન પ્રકારના હોઇ ચષ્ઠણ અને નહપાણ બન્ને જુદી જ જાતના છે.[૧૯]

એક વખત હગામ અને હગામાશને રાજુવુલની પહેલાં થવાનું જણાવાયું છે, ( જુઓ ઉપર ) અને બીજી વખત નહપાણની પૂર્વે થયાનું જણાવાયું છે. ( જુઓ ઉપરની ટી. નં. ૧૬ ): તેમ રાજુવુલ અને નહપાણને સમકાલીન બતાવ્યા છે ( જુઓ ટી. ન. ૧૬ ); વળી તેઓ નહપાણના વંશમાં કેમ જાણે થયા ન હોય તેવો ધ્વનિ પણ નીકળતો બતાવાય છે. એટલે આ સર્વે કથનોનું સમીકરણ કરીશું તો એટલો નિરધાર જરૂર કરવો રહે છે, કે તે બન્ને ભાઇઓ નહપાણની પૂર્વે જ અને તેના જ વંશમાં-કુટુંબમાં-થઇ ગયા છે. તેમ આગળ ઉપર આપણે જોઈશું કે નહપાણની તુરત પહેલાં તો મહાક્ષત્રપ ભૂમક જ થયો છે. એટલે સાર એ થયો કે, સૌથી પ્રથમ હગામ-હગામાશ, પછી ભૂમક અને તે બાદ નહપાણ થયો છે. હવે સવાલ એ રહ્યો છે કે હગામની પછી તુરત જ ભૂમક છે કે એની વચ્ચે વળી સમયનું કાંઇ અંતર છે.

**તેમનો સંભવિત સમય.**

હગામ અને હગામાશનો સમય ભૂમકની પહેલાં હતો તથા તે બન્ને ક્ષહરાટ જાતિના હતા એટલું જાણ્યા પછી તેમનો પાકો કે અંદાજી સમય મેળવી શકીએ છીએ કે કેમ તે હવે તપાસીએ.

તે સંબંધી વિચાર કરવાનું બીજું તો કોઇ વિશેષ સાધન નથી જ, પણ આપણને હવે એટલી તો ખબર છે જ કે, જો કોઈ ક્ષત્રપ હોય તો તેના શિરે-ઉપરી સત્તા તરીકે-કોઇ

---

થોમસ પોતે રચેલ કેટલોગ ઓફ કોઈન્સ ઇન ઈંડિયન મ્યુઝીઅમ પુ. ૧, પૃ. ૧૯૫ ઉપર જણાવે છે કે- Hagama and Hagamash seem to be dated too early=હગામ અને હગામાશ ઘણા વહેલા થઈ ગયા લાગે છે. આ વાક્યથી પણ સાબિત થાય છે કે, નહપાણ અને રાજુવુલની પૂર્વે હગામ તથા હગામાશ થયા છે.

વળી જુઓ અ. હિ. ઇ. ત્રીજી આવૃત્તિ પૃ. ૨૧૮, ટી. નં. ૧.

( ૧૭ ) અ. હિ. ઈં. ત્રીજી આવૃત્તિ, પૃ. ૨૧૭.

( ૧૮ ) જો કે વિન્સેંટ સાહેબનું મંતવ્ય નહપાણ પાર્થિઅન જાતિનો હોવાનું છે; પણ તે તેમ નથી તે આપણે નહપાણના જીવનચરિત્રે સાબિત કરીશું; તેથી જ મેં અહીં (?) ચિન્હ વચ્ચે મૂક્યું છે.

( ૧૯ ) આ મુદ્દો આપણે પાછો આગળ ઉપર છણવો પડશે.

અન્ય રાજા હોવો જોઇએ જ. અને એમ પણ જાણીએ છીએ કે, તેવો રાજા જે હોય તે, કાં તો પોતાના દેશમાં રહીને રાજ્ય ચલાવતો હોય અથવા તો અહીં હિંદમાં રહેતો હોય તો રાજ્યના અતિ વિસ્તારને લીધે જુદા જુદા પ્રાંતો ઉપર પોતાના પ્રતિનિધિ તરીકે આવા સુબાઓ–ક્ષત્રપો–નીમીને રાજ્ય ચલાવતો હોય. આ બે રીતમાંથી એક રીતે તે રાજ્ય હકુમત ચલાવતો ધારી શકાય; વળી જ્યારે ક્ષત્રપ શબ્દનો હોદ્દો બતાવાયો છે ત્યારે સિદ્ધ થાય છે કે હગામ અથવા હગામાશનો રાજા કાં પર્શિઅન હોય કે કાં બેકટ્રીઅન જ હોય.[૨૦] જ્યારે આપણે ઐતિહાસિક પુરાવાથી જાણી શકયા છીએ[૨૧] કે પર્શિઅન અથવા પાર્થિઅનમાં ડેરીઅસથી માંડીને મિથ્રેડેટસ ત્રીજા સુધી (ઇ. સ. પૂ. ૪૮૬ થી ઇ. સ. પૂ. ૮૮ સુધી) કોઈ શહેનશાહે હિંદના કોઈ પણ ભાગ ઉપર હકુમત ભોગવી જ નથી. એટલે પછી રહ્યા માત્ર બેકટ્રીઅન્સ. તે ઉપરથી સિદ્ધ થયું કે આ ક્ષત્રપો કોઇ બેકટ્રીઅન રાજકર્તાઓના સરદારો હતા.

હવે આ બેકટ્રીઅન પતિ કોણ હોઇ શકે તે નિર્ણય થઇ જાય તો હગામ–હગામાશના સમયનો અંદાજ બાંધી શકાય. અત્યાર સુધીનો જે ઇતિહાસ બેકટ્રીઅન્સનો આપણે જણાવી ગયા છીએ, તે ઉપરથી સ્પષ્ટ કહી શકીએ છીએ, કે તેવા માત્ર ત્રણ જ રાજાઓ થયા છે કે જેમણે હિંદ ઉપર થોડેઘણે અંશે પણ સ્વામિત્વ મેળવ્યું હોય. તેમનાં નામ યુથીડીમસ, ડિમેટ્રીઅસ અને મિનેન્ડર છે. તેમાંયે યુથીડીમસ વિશે તો એટલે સુધી જણાવાયું છે કે, તેણે ભલે હિંદમાં પ્રવેશ કર્યો હતો, પણ લુંટ મેળવીને તે પાછો ચાલ્યો જતો હતો. તેટલા માટે તેની ગણના હિંદી રાજા તરીકે થઈ જ નથી. એટલે તેને બાદ કરતાં બાકી રહ્યા બે જ: તેમાંથી કોના સમયે તે ક્ષત્રપો હોઈ શકે તે હવે વિચારીએ.

આ ક્ષત્રપોની નીમણુક મથુરાના પ્રદેશ ઉપર હતી એટલું તો ચોક્કસ છે જ. એટલે ડિમેટ્રીઅસ અને મિનેન્ડર, તે બેમાંથી કોની સત્તા ત્યાં થઈ હતી અને કયારથી કયા સમય સમય સુધી હતી; તે શોધી કાઢીએ તો આપણા પ્રશ્નનો ઊકેલ આવી ગયો ગણાશે. ડિમેટ્રીઅસનું વર્ણન કરતાં આપણે એમ કહી ગયા છીએ, (જુઓ પૃ. ૧૫૧) કે તેણે સતલજ નદીના કાંઠાથી પૂર્વમાં ભાગ્યેજ મુલક જીતી લીધો હતો; જ્યારે મથુરાનો પ્રદેશ તો સતલજની પૂર્વ દિશામાં છે, એટલે અહેશાનીથી કહી શકાશે કે તેના સમયમાં આ ક્ષત્રપો નીમાયા ન જ હોવા જોઇએ. પછી તો નિર્વિવાદિતપણે કહી શકાય કે તે, મિનેન્ડર બાદશાહના જ ક્ષત્રપો હતા. હવે મિનેન્ડરનો સમય આપણે ઇ. પૂ. ૧૮૨ થી ૧૫૯ સુધી ઠરાવ્યો છે. એટલે આ બે ભાઇઓને પણ ક્ષત્રપો તરીકે તેણે આ ત્રેવીસ વર્ષના ગાળામાં જ નીમેલા હોવા જોઇએ. વળી ઉપર જણાવી ગયા છીએ કે (જુઓ પૃ. ૧૭૯) આ

(૨૦) જુઓ ઉપર પૃ. ૧૬૪ ઇ. આ સમયે ક્ષત્રપો ત્રણ પ્રજામાં હતા: પર્શિઅન્સ, બેકટ્રીઅન્સ અને ક્ષહરાટ: તેમાં પણ ક્ષહરાટ પ્રજા કોઈ દિવસ સ્વતંત્ર રીતે મૂળ ગાદી ઉપર આવેલ ન હોવાથી તેમનો રાજા ન જ હોઈ શકે; અને રાજા ન હોય એટલે પછી ક્ષત્રપ તો કયાંથીજ હોય, એટલું હજુ બની શકે કે આ પ્રજાની વ્યક્તિ પોતે, કોઈ રાજાના ક્ષત્રપ તરીકે આવી શકે; અને તે તો આપણે જણાવી પણ ચુકયા છીએ કે આ હગામ–હગામાશ પોતે ક્ષહરાટ જાતિના ક્ષત્રપો હતા.

(૨૧) જુઓ દ્વિતીય પરિચ્છેદમાં ચાર્ટેનું વંશાવળીનું પત્રક

ક્ષત્રપોની પછી રાજુવુલ થયો છે. એટલે કે પ્રથમ આ ક્ષત્રપો છે અને તે બાદ રાજુવુલ થયો છે; જ્યારે રાજુવુલના સમયની આદિ આપણે ઈ. સ. પૂ. ૧૫૬ થી ઠરાવી છે (જુઓ આગળ ઉપર તેનું વૃત્તાંત) એટલે આ બધાનો સાર એ થયો કે, હગામ અને હગામાશનો સમય બાદશાહ મિનેન્ડરના આખા રાજ્યકાળ દરમ્યાન=ઈ. સ. પૂ. ૧૮૨ થી ૧૫૯ સુધીનો ગણવો રહે છે. આ પ્રમાણે બન્નેનો સમય એક જ સરખો ગણવો રહે તે એક આશ્ચર્યરૂપ બનાવ કહેવાય, તેમાં ય હજુ એટલું તો બનવાજોગ માની લેવાય કે, તેણે (મિનેન્ડરે) ગાદીએ આવીને તુરતજ પ્રાંતિક ક્ષત્રપો નીમવાની રાજનીતિ ધારણ કરી હોય કે જેથી દરેક પ્રાંતો ઉપર એક જ સાલમાં તેવી તેવી નિમણુંકો કર્યાનું લેખાય; પણ પોતાનું મરણ થતાં અને રાજ ખતમ થતાં જ તે ક્ષત્રપોનું પણ ખતમ થાય એવું કેમ બને? એક જ ખુલાસો કરી શકાય તેમ છે કે, જો રાજા મિનેન્ડરનું મૃત્યુ અકસ્માતિક સંજોગોમાં થયું હોય તો તે જ અકસ્માતમાં આ તેના ક્ષત્રપો પણ ખપી જવા જોઈએ. જ્યારે મિનેન્ડરનું વૃત્તાંત લખતાં એમ કહી જવાયું છે કે, શુંગવંશી રાજા ભાગની સાથેના યુદ્ધસમયે તેનું મરણ નીપજ્યું હતું ખરું; પણ તે લડતાં લડતાં નહીં, પરંતુ તેની પોતાની છાવણીઓમાં કોઈ પ્રસરેલા રોગની બીમારીમાં સપડાઈ જવાથી થયું હશે એમ જણાવાયું છે. વળી રાજા ભાગના વર્ણનમાં બીજી એક બીના એમ જણાવી છે કે, તક્ષિલાનો બેકટ્રીઅન સરદાર એંટીઆલસીદાસ તરફથી એક પ્રતિનિધિ નામે હેલીઓડોરસે આવીને કૃષ્ણભક્ત તરીકે પોતાને દર્શાવી, કાશીપુત્ર ભાગની રાજધાની બેસનગરમાં એક પાષાણુ સ્તૂપ ઊભો કરાવ્યો હતો. આમ કરવાનો શું હેતુ હોવો જોઈએ તે સંબંધી કાંઈ જ અનુમાન તે સમયે આપણે બાંધી શકવાને સમર્થ નહોતા; પણ હવે એક કલ્પના જરૂર કરી શકાય છે, કે ઇ. સ. પૂ. ૧૫૯ ના મથુરાના પ્રદેશ તરફના યુદ્ધમાં રાજા ભાગ-ભાગવતે, યોનપતિ મિનેન્ડરનું તેમજ તે વખતના મથુરાના ક્ષત્રપો હગામ અને હગામાસના મરણ નીપજાવ્યાં હોવા જોઈએ. જે ઉપરથી તક્ષિલાના ક્ષત્રપે (એંટીઆલસીદાસ તે મિનેન્ડર તરફથી પંજાબનો ક્ષત્રપ જ હોવો જોઈએ) બીકના માર્યા પોતાનો પ્રતિનિધિ વિદિશાએ મોકલી ઉપર પ્રમાણે નમતું આપ્યું હશે; પણ તે બાદ એકાદ બે વર્ષમાં જ પાછી બાજી પલટાઈ ગઈ હતી; કેમકે મથુરામાં તો રાજુવુલ મહાક્ષત્રપની સત્તાની જમાવટ થઈ છે. એટલે અનુમાન કરવું રહે છે કે, પોતાના સરદારોનાં મરણ થવાથી ગુસ્સે થઈને રાજુવુલની સરદારી નીચે યોન અને ક્ષહરાટોએ એકત્રિત બનીને એક વાર ફરીને શુંગવંશી સમ્રાટ ભાગ સાથે યુદ્ધ ખેલ્યું હોવું જોઈએ; જેમાં રાજા ભાગનો પરાજય થતાં, મથુરા અને પાંચાલનો પ્રદેશ પાછો પરદેશી પ્રજાના હાથમાં જઈ પડ્યો; અને તેના ઉપર રાજુવુલે મહાક્ષત્રપ તરીકે પોતાની આણ પ્રવર્તાવી દીધી. આ બનાવ ઇ. સ. પૂ. ૧૫૬ માં બન્યાનું આપણે નોંધી શકીએ ખરા. જ્યારે હગામ અને હગામાસ, બન્ને ભાઈઓનો સંયુક્ત[૨૨] વહિવટ હોવાથી તેમનો સમય ઇ. સ. પૂ. ૧૮૨ થી ૧૫૯ સુધી ૨૩ વર્ષનો ઠરાવી શકાશે. આ પ્રમાણે મારું

(૨૨) કે. હિ. ઇં. પૃ. ૫૨૭:—Hagama and Hagamasha ruling conjointly.

અનુમાન જે થયું છે તે મેં વિશેષ સંશોધન માટે રજૂ કર્યું છે.

હગામ અને હગામાસ તે બન્ને છૂટક નામ જેવાં દેખાતાં હોવાથી તે બન્ને જુદી જ વ્યક્તિઓ હોવાનું માની લેવાયું છે; તેમજ તે બન્ને ભાઇઓ જ હતા એવો કોઈ પુરાવો કે આધાર મળ્યો હોય તેવું વાંચવામાં આવતું નથી, વળી કેટલાક સંજોગો પણ ના પાડે છે કે, તેમ ન જ હોવું જોઇએ; કેમકે જો છૂટક વ્યક્તિઓ હોય તો એમ સ્વીકારવું જ રહેશે કે, તે બન્ને એક જ સમયે વહીવટ કરતા હતા; જેથી એક બીજાના મદદનીશ તરીકે હતા. પ્રથમ તો એ સ્થિતિ જ અસંભવિત છે. શું બે જણાને એક જ પ્રાંત ઉપર ક્ષત્રપનો હોદ્દો આપીને નીમવામાં આવે કે ? વળી જ્યારે તેમનો ઉલ્લેખ કરાય છે ત્યારે તેમને ક્ષત્રપો નથી લખવામાં આવતા, પણ એકવચનનું-ક્ષત્રપનું-નામ જ તેમની સાથે લખાય છે; છતાં એક બારગી માનો કે તે બંને ભિન્ન વ્યક્તિઓ જ હતી તો શું બન્નેનું મરણ પણ એક જ સમયે થયું હતું ? કે જેથી બન્નેની કારકિર્દીનો એક કાળે જ અંત આવી ગયો; કેમકે આગળ પાછળ મરણ થયું હોય તો, એકના હોદ્દા ઉપર બીજો ચાલુ જ રહેવો જોઇતો હતો; પણ તેવું કાંઇ માનવાને સંજોગો હા પાડતા નથી. ધારો કે બન્નેનાં મરણ લડાઇમાં ચડવાથી—જેમ આપણે જણાવી ગયા છીએ તેમ—થયાં હતાં; અને લડાઇ એવી સ્થિતિ છે કે, તેવાં બે તો શું, પણ હજારો માણસો એકી સાથે મરી જાય છે. પણ તેમાં એક વાત યાદ રાખવાની કે, આ બે વ્યક્તિઓ કાંઇ સાદા સૈનિક નહોતા જ. તે તો સરદારો—સૈન્યપતિ હોવા જોઇએ; અને સૈન્યપતિ કદાપિ પણ એક જ સ્થળે વધારેની સંખ્યામાં જમા થતા નથી. તેથી બે કે વધારે સૈન્યપતિ એકી સાથે કપાઇ મુઆની હકીકત ઇતિહાસમાં ગોતી જડવાની નથી. આ બધી વસ્તુસ્થિતિથી એમ માનવું પડે છે કે, હગામ-હગામાસ નામની બે વ્યક્તિ નહીં હોય, પણ એક જ વ્યક્તિના તે બે નામ હશે અથવા તો તેવડું મોટું જ નામ એક વ્યક્તિનું હશે.

આટલું વર્ણન કરીને હવે આપણે નિશ્ચિત કરેલી આપણી મૂળ યોજના પ્રમાણે જે ક્ષહરાટ ક્ષત્રપો, મહાક્ષત્રપો બની રાજગાદીએ અભિષિક્ત થયા હતા, તેવા ત્રણે પ્રદેશવાળાનું ( મધ્યદેશ, મથુરા અને તક્ષિલાના ) એક પછી એક અનુક્રમવાર વૃત્તાંત લખવાને પ્રયત્ન કરીશું. પ્રથમ મધ્યદેશના ક્ષત્રપોનાં વૃત્તાંત લખીશું.

## ( ૧ ) મધ્યદેશ

### ( ૧ ) ભૂમક

જે ક્ષત્રપોનાં નામો થોડાંઘણાં આપણે વારંવાર ઇતિહાસમાં વાંચીએ છીએ તેમાં બે કે ત્રણ નામો સૌથી વિશેષ ધ્યાન ખેંચે છે. નહપાણ, રૂષભદત્ત અને ભૂમક; પણ આ બધાનો સમય કયો હતો તથા એક બીજાને શો સંબંધ હતો તે નિશ્ચિતપણે હજુ સુધી શોધાયું લાગતું નથી.

**તેની જાત તથા બીજી ઓળખ**

તેમનાં પરાક્રમો કે જીવનની બીજી કોઇ તવારીખમાં ઉતરવા અગાઉ, પ્રથમ તો આપણે તેઓ કઇ જાતના હતા અને તેમને કાંઇ સગપણ સંબંધ હતો કે કેમ તે નક્કી કરીશું; અને તે બાદ તેમના સમયની વિચારણા કરીશું.

" મિ. રેપ્સન લખે છે કે[૨૩] The earliest

( ૨૩ ) કો. આં. રે. પારિગ્રાફ ૮૭. તેજ પુસ્તક પ્રસ્તાવના પૃ. ૩૭:—It is the name of the

known member of the kshaharata family, whose name appears on coins only is Bhumak: This sanskritised form of what is probably a Persian name, appears in the Brahami-coin legends and in the Nasik inscription of Rushabhadatta and Dakshamitra, the name of Bhumak is mentioned=ક્ષહરાટ કુટુંબના જે સભ્યનું નામ સૌથી પ્રથમ જાણવામાં આવ્યું છે, તથા જેનું નામ માત્ર સિક્કા ઉપરજ નજરે પડે છે તે વ્યકિત ભૂમક છે; રૂષભદત્ત અને દક્ષમિત્રાના ( કોતરાવેલ ) નાશિકના શિલાલેખમાં તેમજ સિક્કા ઉપરના બ્રાહ્મી લિપિના અક્ષરોમાં ભૂમકનું નામ આપેલું છે; તે વિશેષપણે કોઈ ઇરાની કરતાં સંસ્કૃત ભાષાનું નામ દેખાય છે." આ લખાણ ઉપરથી આ પ્રમાણે હકીકત નીકળે છે: ( ૧ ) ભૂમક ક્ષહરાટ જાતિનો[૨૪] છે. ( ૨ ) તેનું નામ ઇરાની અથવા પહલવી કરતાં સંસ્કૃત ભાષાને વધારે મળતું આવે છે. ( ૩ ) સિક્કા ઉપરના અક્ષરો બ્રાહ્મી લિપિના છે. ( ૪ ) ભૂમકનું નામ માત્ર સિક્કામાંથી જ માલૂમ પડયું છે; કોઇ શિલાલેખ કે તેવા અન્ય સાધનથી તે નામ જણાયું નથી. ( ૫ ) સર્વે ક્ષહરાટ ક્ષત્રપો–સૂબાઓ–જે જાણીતા[૨૫] થયા છે તેમાં તે સૌથી પ્રથમ છે; ( ૬ ) અને નાશિકના શિલાલેખમાં રૂષભદત્ત અને દક્ષમિત્રાએ સ્વયં ભૂમકનું નામ લખ્યું છે. આ સર્વે બાબતનો વિચાર કરતાં આપણે નીચેનો સાર તેમાંથી ઉપજાવી શકીએ છીએ: ( ૧ ) ભૂમક ક્ષહરાટ જાતિનો સરદાર હતો. ( ૨ ) ક્ષહરાટ ભાષામાં તેનું નામ ગમે તે લખાયું હશે,પણ તે ભાષા કાંઇક પહ્લવી–ઇરાની ભાષાને મળતી આવે છે અને સંસ્કૃતમાં તેનું નામ ભૂમક હોઇ શકે છે. (૩) તેની ભાષાની લિપિ અને બ્રાહ્મી લિપિ બન્ને લગભગ એક જ હતી. તેનો ભાવાર્થ કદાચ સહેજ સાજ જુદો પડી જતો દેખાય છે ખરો. [ આ માટે પૃ. ૧૭૫ ઉપર બ્રાહ્મી અને ખરોષ્ટી ભાષાની આપણે કરેલી સરખામણી તપાસી જુઓ. ] (૪) જેટલા ક્ષહરાટ જાતિના સૂબાઓ ઇતિહાસમાં નોંધાયા છે તે સર્વેમાં જૂનામાં જૂનો ભૂમક છે ( ૫ ) અને રૂષભદત્ત તથા દક્ષમિત્રા તે બન્ને જણા ભૂમકના નિકટના કોઇક ખાસ સગાં હોય એમ જણાય છે. તેમ ન હોય તો તેઓ પોતાની મેળે સ્વેચ્છાથી પોતાના દાનપત્રમાં તેનું નામ શા માટે લખાવે ? વળી આપણે જાણીએ છીએ કે આ રૂષભદત્ત અને દક્ષમિત્રા પતિ–પત્ની થતાં હતાં[૨૬] અને તેઓ નહપાણ ક્ષહરાટના

family to which Bhumaka and Nahapana belonged.

( ૨૪ ) ઉપરની ટી. નં. ૨૩ માં ક્ષહરાટને એક કુટુંબની ઉપમા આપી છે, પણ આપણે પૃ. ૧૭૪ ઉપર સાબિત કરી ગયા છીએ કે તે એક જાતિવિશેષ નામ છે અને તેથી મે અહીં " ક્ષહરાટ જાતિ " શબ્દ લખ્યો છે.

( ૨૫ ) ઉપરમાં આપણે હગામ અને હગામાસને પણ ક્ષહરાટ જાતિના કહ્યા છે એટલું જ નહીં પણ રાજુવુલની આગળના કહ્યા છે. વળી આગળ સાબિત કરીશું કે રાજુવુલ અને ભૂમક બન્ને સમકાલીન હતા એટલે તાત્પર્ય એ થશે કે, ભૂમકની પહેલાં હગામ અને હગામાસ થયા હતા એમ નોંધી શકાય; છતાં અહીં ભૂમકનેજ પ્રથમ નંબર અર્પણ કરાયો છે તેનું કારણ એમ સમજવું કે, હગામ અને હગામાસની જાતિની કે સમયની ભાળ હજુસુધી શોધી કઢાઈ નથી, માટે earliest known member=જણાયલા સભ્યોમાં સૌથી પહેલો, એવા શબ્દ વાપરવામાં આવ્યા છે.

( ૨૬ ) આમનો અધિકાર આગળ ક્ષહરાટ નહપાણના જીવનચરિત્રે લખવામાં આવશે ત્યાં જુઓ.

અનુક્રમે જમાઇ અને પુત્રી થતાં હતાં. આ ઉપરથી વળી એમ પણ સિદ્ધ થઈ જાય છે કે ભૂમક અને નહપાણ પણ એક બીજાના ખાસ નિકટના સંબંધી થતા હોવા જોઈએ.

વળી તે જ વિદ્વાન મિ. રેપ્સન આગળ જતાં ભૂમકના સિક્કાનું વિવેચન કરતાં જણાવે છે[૨૭]:—"Their types are Arrow-Discus and Thunderbolt, lion-capital. The obverse type of Bhumak is continued by Nahapana as the reverse type...Considerations of the type and fabric of the Coins and the nature of the coin-legends leave no room for doubting that Bhumak preceeded Nahapan; but there is no evidence to show relationship between them=તેની (ભૂમકના સિક્કાની) ઓળખમાં, તીર, વજ્ર અને ગદા તથા ઉપર સિંહાકૃતિ છે. ભૂમકના સિક્કાની જે સવળી બાજૂ છે તે નહપાણે અવળી તરીકે ચાલુ રાખી છે. ...સિક્કાની કોટિ તથા ભાતનો તેમજ તેના ઉપર લખેલ શબ્દોના અર્થનો વિચાર કરતાં નહપાણની પહેલાં ભૂમક થયો છે તેમાં શંકા રાખવાને જરા પણ અવકાશ રહેતો નથી; પણ તે બે વચ્ચે શું સગપણ હતું તે દર્શાવવા માટે કાંઇ જ પ્રમાણ દેખાતું નથી." આટલા લખાણ ઉપરથી એટલું જણાયું કહેવાય કે, (૧) ભૂમક અને નહપાણના સિક્કા એક જ કોટીના છે. (૨) ભૂમકના સિક્કાની જે સવળી બાજૂ છે તે નહપાણની અવળી બાજુ છે. (૩) ભૂમક પ્રથમ થયો છે અને નહપાણ તેની પાછળ થયો છે. (૪) તે બેની વચ્ચે કાંઇ સગપણ હતું કે કેમ તે જાણવામાં આવ્યું નથી. તેમ તે સંબંધી કાંઈ પુરાવો મળી આવતો નથી. ઉપર પ્રમાણેની આ ચાર તારવણીમાંથી પ્રથમની ત્રણ તો સ્પષ્ટ જ છે એટલે તેને તો સિદ્ધ થયેલી બીના તરીકે જ સ્વીકારી લઇએ. બાકી ચોથી બાબતનો જવાબ મેળવવા માટે વિચાર કરવો રહે છે.

ઉપર પૃ. ૧૮૪ માંની દલીલ પાંચમીમાં જોઇ ગયા છીએ કે ભૂમક અને નહપાણ બન્ને એક બીજાના ખાસ સંબંધમાં હતા જ. વળી ઉપરમાં દર્શાવેલી હકીકતનો તથા બીજી તારવણીનો ઉકેલ, સિક્કાના અભ્યાસથી કરીશું તો કહી શકાય તેમ છે કે, કોઇ વ્યક્તિના સિક્કાની સવળી બાજુ જો બીજી વ્યક્તિના સિક્કાની અવળી બાજુ હોય તો, સવળી બાજુવાળી વ્યક્તિ પ્રથમ થઈ ગણાય અને અવળી બાજુ વાળી વ્યક્તિ તેની પાછળ થઇ ગણાય.[૨૮] એટલું જ નહીં, પણ તુરત જ પાછળ થયેલી હતી એમ પણ કહી શકાય; એટલે આટલું હવે સિદ્ધ થયેલ માની લેવું રહે છે કે, પ્રથમ ભૂમક થયો, તેની પાછળ તુરત જ નહપાણ થયો અને નહપાણના સમકાલીનપણાએ તેનો જમાઇ રૂષભદત્ત થયો હતો. આટલી સ્થિતિ પ્રાપ્ત થયા પછી ભૂમક અને નહપાણ વચ્ચેના સગપણ-સંબંધવાળી ચોથી દલીલનો ઉત્તર જલદી

(૨૭) કે. આં. રે. પારિગ્રાફ ૮૭.

(૨૮) અથવા સવળી બાજૂમાંની વ્યક્તિ ઉચ્ચ પદાધિકારી પણ હોય; પરંતુ ભૂમક અને નહપાણમાં ઉચ્ચ-નીચપદે કાંઈ હોવાનું જણાયું નથી એટલે તે પ્રશ્ન અત્ર વિચારવો રહેતો નથી.

[જેમ ભૂમક મહાક્ષત્રપ હતો તેમ નહપાણ પણ મહાક્ષત્રપ થયો છે, એટલે કે બન્નેના પદ સમ-દરજ્જાના હતા.]

મેળવી શકાય તેમ દેખાય છે; કેમકે એક બાજુ આપણે એમ જોઇ ગયા છીએ કે, ભૂમક, નહપાણ અને રૂષભદત્ત ઘણા નિકટના સગાં થતાં હતાં. બીજી બાજુ એમ પણ જાણી ચૂકયા છીએ કે, ભૂમક પછી તુરત જ નહપાણ ગાદીએ બેઠો છે. ત્રીજી બાજુ એમ પણ કહેવાઇ ગયું કે ભૂમક અને નહપાણ એક જ ક્ષહરાટ જાતિના હતા. તેમ ચોથી બાજુ નહપાણની દીકરી દક્ષમિત્રા અને જમાઇ રૂષભદત્તે પોતાના દાનપત્રમાં સ્વસ્ફુરણાથી ભૂમકનું નામ કોતરાવેલ છે. એટલે તે સર્વે અતિ નિકટના અને પરસ્પર સગપણ ગાંઠથી યુક્ત હતા એમ બતાવી આપ્યું છે. વળી એ સ્થિતિ વિશેષ ત્યારે જ સંભવિત છે કે જ્યારે દીકરી અને જમાઇનાં નામ એક વ્યક્તિ સાથે જોડાયેલ હોય તેમજ તે વ્યક્તિનું નામ તે બન્નેના સામાન્ય સંબંધીનું જ હોય : આ વિષયનું સામાજિક--વ્યવહારૂ જ્ઞાન એમ કહે છે કે, તે સામાન્ય સંબંધ પુત્રીના માવતર પક્ષનો જ હોય. એટલે એમ સાબિત થઇ ગયું કહેવાય કે નહપાણ જેમ દક્ષમિત્રાના પિતૃપક્ષે છે તેમ ભૂમક પણ તેણીના પિતૃપક્ષનો જ સભ્ય હોવો જોઇએ. તેમ આ ઉપરાંત એક નિરાળો સિદ્ધાંત એ પણ જાણવામાં છે કે, બાપ જ્યારે મહાક્ષત્રપ હોય છે ત્યારે તેનો પુત્ર જે યુવરાજ હોય છે તે ક્ષત્રપ પણ રાજકાર્યમાં ભાગ લ્યે છે, અને પિતાના મરણ બાદ તે યુવરાજ પોતે જ મહાક્ષત્રપનું પદ ધારણ કરી ગાદીપતિ બને છે. ( આ નિયમ માટે ઉપરમાં પૃ. ૧૭૧ ની હકીકત જુઓ ) આ ભૂમકના સમય પછી દોઢેક સદીએ ક્ષત્રપ ચષ્ઠણનો વંશ જે શરૂ થયો હતો અને લગભગ અઢીસો વરસ સુધી જે ચાલ્યો હતો તેમાં જ કેવળ આવો નિયમ સૂચવાઇ રહેલો તરી આવે છે એમ નથી, પણ આ ભૂમકના જ સમકાલીનપણે થયેલ રાજુવુલ અને તેના પુત્ર સોડાસના સંબંધમાં પણ તેમ જ બન્યું છે મતલબ કે, પિતાપુત્રના સંબંધમાં આ પ્રમાણે જ હમેશાં વર્તાવ બને છે અને તે જ પ્રમાણે બનતા આવ્યાના અનેક પુરાવાઓ છે; તો પછી ભૂમક અને નહપાણના સગપણ સંબંધમાં ઉપર પ્રમાણે વર્ણવેલી ત્રણ સ્થિતિ સાથે આ મુદ્દો, તેમજ રૂષભદત્ત, દક્ષમિત્રા અને નહપાણના નિકટ સંબંધવાળો મુદ્દો પણ ઉમેરવામાં આવે તો એક જ સાર ઉપર આવવું પડશે કે, ભૂમક તે પિતા થાય અને નહપાણ તે પુત્ર જ થાય.

ભૂમકનો અને નહપાણનો પિતાપુત્ર તરીકેનો સંબંધ નક્કી કર્યા પછી

**તેનો સમય** હવે આપણે તેમના સમય વિશે વિચાર કરીએ.

ભૂમકના સિક્કા તો ઘણાયે છે પણ તેમાંના એકે ઉપર સાલ નાંખેલી જણાતી નથી. તેમ તેનો કોઇ શિલાલેખ તારીખ સાથેનો જણાયો નથી.[૨૯] તેમ બીજી બાજુ નહપાણના સિક્કામાં પણ સાલ લખેલી નજરે પડતી નથી. જો કે તેણે કોતરાવેલ શિલાલેખોમાં સાલ નોંધેલી હજુ જણાય છે ખરી; આથી કરીને આપણો માર્ગ ઘણો મોકળો-સુતર થઇ જાય છે. મિ. રેપ્સન તે સંબંધમાં લખતાં જણાવે છે કે,[૩૦] " No dated coins but dates in inscriptions are 41, 45 & 46=( તેના ) કોઇ સિક્કામાં સાલ નથી જ, પણ શિલાલેખમાં ૪૧,

( ૨૯ ) કો. આં. રે. પૃ. ૬૩:—No dated coins or inscriptions known=સાલવાળા કોઈ પણ સિક્કા કે શિલાલેખ જણાયા નથી.

( ૩૦ ) ઉપરનું જ પુસ્તક પૃ. ૬૫.

૪૫ અને ૪૬ ની સાલ મળી આવી છે.” તેમજ અન્ય ઠેકાણે તે જ પુસ્તકમાં તે વિદ્વાન મહાશયે જણાવ્યું છે કે[૩૧] “The last recorded date of Nahapana is Saka 46=નહપાણની મોડામાં મોડી જે સાલ નોંધાઇ છે તે ૪૬ ની છે.” અને તે જ પુસ્તકમાં પ્રસ્તાવના પૃ. ૪૯ ઉપર નં. ૩૫ ના નાસિકના લેખનું વિવેચન કરતાં લખે છે કે “Ayama of Vatsa gotra, minister of [ Raja ] Mahakhshatrap Swami Nahapana=[ રાજા ] મહાક્ષત્રપ સ્વામી નહપાણનો વત્સગોત્રી પ્રધાન અયમ.” આ ત્રણે વાક્યો જો એકઠા કરીને તેનો સાર ગોઠવીશું તો એક જ નિર્ણય ઉપર આવવું પડશે કે નહપાણ પોતે ૪૫ ની સાલ સુધી ક્ષત્રપ પદ ધરાવતો હતો અને ૪૬ ની સાલે તો “રાજા મહાક્ષત્રપ સ્વામી નહપાણ” નામની પદવીધારક બન્યો હતો. એટલે કે ૪૫ ની સાલ સુધી તે ક્ષત્રપ અને ૪૬ મી સાલે મહાક્ષત્રપ થયો છે. હવે આ ૪૫ અને ૪૬ નો આંક જે છે, તે કોઇ સંવતનો આંક છે કે, ભૂમકની પોતાની ઉમરસૂચક આંક છે કે, તેટલા વર્ષ ભૂમકનું રાજ્ય ચાલ્યું હોય તે દર્શક છે; આ પ્રમાણે અનેક પ્રશ્નો ઊભા થાય છે. અહીં આપણું ઇતિહાસનું જ્ઞાન આપણને મદદગાર થઇ પડે છે. આગળ મિનેન્ડરનું વૃત્તાંત લખતાં જણાવી ગયા છીએ કે તેના સૂબા ભૂમકને અને શુંગપતિ અદ્રક ઉર્ફે બળમિત્રને લડાઇ થઈ હતી. તેમાં લડતાં લડતાં રાજા અદ્રકના મસ્તકમાં મર્મસ્થળે બાણ વાગવાથી તેનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ ઇ. સ. પૂ. ૧૫૯=મ. સં. ૩૬૮ માં બન્યાનું આપણે નોંધ્યું છે. મતલબ એ થઈ કે શુંગપતિ સાથેની લડાઇમાં ભૂમકને ઇ. સ. પૂ. ૧૫૯ માં વિજય પ્રાપ્ત થયો હતો અને શુંગપતિનું મરણ થયું હતું. તેમ બીજી બાજુના—એટલે ઉત્તર હિંદના—યુદ્ધમાં શુંગપતિ ભાનુમિત્ર સાથે લડતાં, યોનપતિ મિનેન્ડરનું મરણ નીપજ્યું હતું; અને તે બાદ વળી તે પ્રજાના રાજ્યનો અંત આવી ગયો છે એમ જણાવાયું છે. એટલે સંભવિત છે કે, પોતાના સ્વામી અને બાદશાહ મિનેન્ડરનું મરણ નીપજ્યા બાદ ભૂમક પોતે પોતાના પ્રાંત ઉપર સ્વતંત્ર રાજ્યાધિકારી બન્યો હોય. જ્યારે બીજી બાજુ નહપાણના રાજ્યત્વ પામવા બાબતનો વિચાર કરીશું તો જણાશે કે ( જુઓ પૃ ૧૨૭ઉપર ) તે પોતે શુંગવંશના છેલ્લા રાજાને મારીને મ. સં. ૪૧૩=ઇ. સ. પૂ. ૧૧૪ માં અવંતિપતિ બન્યો છે. એટલે હવે આપણને બે સાલના આંક એવા મળ્યા છે કે જે સાથે ભૂમકના જીવનને સંબંધ હોય : એક ઇ. સ. પૂ. ૧૫૯–૮ કે જ્યારે તેને યુદ્ધમાં વિજય પ્રાપ્ત થયો હતો અને બીજો ઇ. સ. પૂ. ૧૧૪ કે જ્યારે ભૂમકનો પુત્ર નહપાણ અવંતિપતિ બન્યો હતો. તેમ નહપાણના અમાત્ય અમયે કોતરાવેલ શિલાલેખ ઉપરથી આપણે એમ સાર ( જુઓ સામેનો કોલમ ) કાઢયો હતો કે, તેણે ૪૫ ની સાલ સુધી ક્ષત્રપપદ ભોગવ્યું છે અને ૪૬ મા વર્ષે મહાક્ષત્રપ–રાજા સ્વામીનું પદ ધારણ કર્યું છે. હવે જો ૧૫૯ માંથી ૧૧૪ બાદ કરીએ તો બરાબર ૪૫ આવી રહે છે; એટલે આખાયે પ્રશ્નનો આપોઆપ નીકાલ આવી જાય છે કે—( ૧ ) ભૂમકે પોતે ઇ. સ. પૂ. ૧૫૮–૯ માં પોતાના પ્રાંત ઉપર રાજ્ય ચલાવવા માંડયું છે. ( ૨ ) તેનું રાજ્ય ૪૫ વર્ષ સુધી ચાલ્યું છે અને અંતે ઈ. સ. પૂ. ૧૧૪ માં તેનું મરણ નીપજ્યું છે.

( ૩૧ ) ઉપરના પુસ્તકની પ્રસ્તાવના પૃ. ૨૬ પારીગ્રાફ ૩૩.

( ૩ ) તે સર્વ પીસ્તાળીસ વર્ષના સમય પર્યંત નહપાણ ક્ષત્રપપદે ( યુવરાજપદે ) રહ્યો છે ( ૪ ) પછી ૪૬ મા વર્ષે નહપાણ મહાક્ષત્રપ બન્યો છે અને ( ૫ ) તુરત જ અવંતિ ઉપર ચડાઈ લઇ જઈ, તે સમયના અવંતિપતિ છેલ્લા શુંગવંશી સમ્રાટને મારીને પોતે અવંતિની ગાદીએ બેઠો છે; અને ત્યારથી પોતાના ' મહાક્ષત્રપ ' નામના બિરૂદ સાથે તેણે હિંદી ભાષાનું ' રાજા ' એવું પદ પણ જોડવા માંડયું છે. આખી ચર્ચાનો નિષ્કર્ષ એ થયો કહેવાય કે, ભૂમકનો રાજત્વકાળ ઇ. સ. પૂ. ૧૫૯ થી ૧૧૪–૪૫ વર્ષનો છે.

અહીં આપણે તેનો સમય જે ઈ. સ. પૂ. ૧૫૯ થી ૧૧૪=૪૫ વર્ષનો જણાવ્યો છે, તે તો પોતે સ્વતંત્ર થયો એટલે કે મહાક્ષત્રપ જયારથી થયો ત્યારથી જ ગણાવ્યો છે; જ્યારે તેણે તો ક્ષત્રપ તરીકે પણ રાજ્ય કર્યું છે તેમજ હોદ્દેદાર તરીકે સિક્કા પણ પડાવ્યા છે એટલે તે સમય પણ જો તેની રાજકર્તાની જિંદગી તરીકે ગણવો હોય તો તેટલો કાળ તેમાં ઉમેરવો રહે છે તે વિશે ઊંડાણમાં ઉતરીશું તો જણાશે કે, તે હિંદમાં ભલે ડિમેટ્રીઅસની સાથે જ આવ્યો હતો છતાં ડિમેટ્રીઅસનો રાજ્ય વિસ્તાર એવડો મોટો નહોતો કે, તેના જુદા પ્રાંતો પાડી, તેવા દરેક ઉપર ક્ષત્રપ નીમી રાજકારોબાર ચલાવવાની જરૂર ઊભી થવા પામે. જો તેમ થયું હોત તો, સૌથી પ્રથમ ક્ષત્રપ નિમાવાનો હક્ક મિનેન્ડરનો હતો. પણ જ્યારે મિનેન્ડરને જ કોઈ એવી માનનીય પદવી ઉપર નિયુક્ત કર્યો નથી દેખાતો, ત્યારે ભૂમકનો તો પત્તો જ ક્યાંથી લાગે ? મતલબ કે, ડિમેટ્રીઅસના અમલ સમયે ભૂમકની સ્થિતિ રાજકારણમાં નહોતી જ; પણ મિનેન્ડરે ગાદીએ બેસીને જેવો રાજ્યનો વિસ્તાર વધારી દેવા માંડ્યો કે તેવા જીતાયલા પ્રદેશ ઉપર ક્ષત્રપો નીમવાની આવશ્યકતા દેખાવા લાગી હતી. એટલે માનવું રહે છે કે, ઇ. સ. પૂ. ૧૮૧ બાદ તુરતમાં જ કે બે ત્રણ વરસમાં આવા ક્ષત્રપોની નિમણુંકો કરી દીધી હતી, તેટલા માટે ક્ષત્રપ તરીકેનો ભૂમકનો સમય આપણે ઇ. સ. પૂ. ૧૮૦ થી ૧૫૮ સુધીના ૨૨ વર્ષનો ગણાવી શકીએ; પણ ક્ષત્રપ તરીકે સર્વસત્તાધીશ તે ન ગણાય માટે તેટલો કાળ આપણે તેના રાજત્વકાળના અંશ તરીકે લેખાવી શકીએ નહીં.

હવે જ્યારે એમ સાબિત થઇ ચૂક્યું છે કે, ભૂમકનું રાજ્ય જ ૪૫ વર્ષ ચાલ્યું છે, અને તે બાદ નહપાણ મહાક્ષત્રપ **ક્ષહરાટ સંવત** થયો છે ત્યારે જે આંક ૪૫ નો નહપાણના શિલાલેખમાં તેના અમાત્ય અમયે કોતરાવ્યો છે તે આંક ભૂમકના રાજ્યનો આરંભસૂચક જ છે. વળી એમ પણ સાબિત થયું કે, નહપાણે કે રૂષભદત્તે જ્યાં જ્યાં આવી આંકસંખ્યાનો નિર્દેશ કર્યો છે ત્યાં ત્યાં તે સર્વેને ભૂમકના રાજ્યની આદિ સાલથી માંડીને તેટલાં વર્ષ પસાર થયાના પુરાવારૂપ તેને ગણવો રહે છે; તેમજ તે સર્વે જણા ક્ષહરાટ પ્રજાના સભ્યો હોવાથી આપણે તે આંકને " ક્ષહરાટ સંવત " ના નામથી ઓળખાવતા રહીશું તો તેમાં કાંઇ અયુક્ત કહેવાશે નહીં. આ ઉપરથી જણાશે કે, આપણે એક નવા ઐતિહાસિક સંવત્સરની શોધ અને ઉત્પત્તિ મેળવી કાઢી છે કે જેની આદિ ઈ. સ. પૂ. ૧૫૯ માં થયેલી નોંધી શકાઇ[૩૨] છે.

હવે ખાત્રીથી કહી શકાય છે કે, ભૂમકનું

( ૩૨ ) ક્ષહરાટ સંવતની આદિની સાલ કહેવાય; ત્યાંથી તે શકની શરૂઆત થઈ ગણાશે એટલે કે,

ક્ષહરાટ સંવત ૦ = ઈ. સ. પૂ. ૧૫૯.
,, ,, ૧ = ઈ. સ. પૂ. ૧૫૮.

રાજ્ય ઇ. સ. પૂ. ૧૫૯ થી ૧૧૪=૪૫ વર્ષ જ ચાલ્યું છે. એટલે તેણે ૪૫ વરસ તો મહાક્ષત્રપ તરીકે રાજ્ય ચલાવ્યું હતું અને તે પૂર્વે મિનેન્ડર બાદશાહના ક્ષત્રપ તરીકે મહા જવાબદારીપૂર્ણ હોદ્દા ઉપર તે નીમાયો હતો; તે સમયે પણ કમમાં કમ તેની ઉમર ૪૦ થી ૪૫ વર્ષની તો હશે જ. વળી આગળ ઉપર સાબિત થશે કે તે મહાક્ષત્રપ બન્યો ત્યારે તેની ઉમર ૫૦ વર્ષની થઈ ગઈ હતી. તે હિસાબે સહેજે તેનું આયુષ્ય ૫૫+૪૫=૧૦૦ વર્ષનું જો આપણે આંકીએ તો વાસ્તવિક લેખાશે. એટલે

**ભૂમકનું આયુષ્ય**

| | | | પોતાની ઉમર |
|---|---|---|---|
| ભૂમકનો જન્મ | મ. સં. ૩૧૪ | = ઇ. સ. પૂ. ૨૧૩[૩૩] = | ૦ |
| ,, ક્ષત્રપ | મ. સં. ૩૪૫ | = ઇ. સ. પૂ. ૧૮૨[૩૪] = | ૩૧ |
| ,, મહાક્ષત્રપ | મ. સં. ૩૬૮ | = ઇ. સ. પૂ. ૧૫૯[૩૫] = | ૫૪ |
| ,, મરણ | મ. સં. ૪૧૩ | = ઇ. સ. પૂ. ૧૧૪ = | ૯૯ |

**તેના રાજ્ય વિસ્તાર**

આપણે સાબિત કરી ગયા છીએ કે તે મિનેન્ડર બાદશાહનો પ્રથમ ક્ષત્રપ હતો અને બાદશાહના મરણ પછી મહાક્ષત્રપ પદ ધારણ કરી, પોતાના પ્રાંત ઉપર જ રાજ ચલાવવા મંડી પડ્યો હતો. એટલે પોતે ગમે તેવો મહાપરાક્રમી હોય અને ગમે તેટલી મ્હોટી જીતો મેળવવા પામ્યો હોય, પણ જ્યાંસુધી તે તાબેદારી દશામાં–એટલે કે ક્ષત્રપ દરજ્જે–હતો ત્યાંસુધીની સર્વે જીતો તેના નામે ચડાવવાને બદલે તેના શિરોમણી મિનેન્ડરને નામે જ નોંધવી રહે છે. બાકી ન્યાયને ખાતર એટલું જરૂર કહી શકાય કે અમુક પ્રાંતો જીતી આપવામાં તેનો હાથ હતો. આ પ્રમાણે જે મુલકો તેણે પોતાના સ્વામી મિનેન્ડરને જીતી આપ્યા હતા તેનો કાંઈક નિર્દેશ અત્ર કરી લઈએ.

મિનેન્ડર જ્યારે ડિમેટ્રીઅસની ગાદીએ બેઠો ત્યારે તો તેને વારસામાં માત્ર પંજાબ તથા તેની પશ્ચિમનો થોડોક પહાડી પ્રદેશ જ મળ્યો હતો; પણ પાછળથી પંજાબમાં આવેલ સતલજની દક્ષિણનો પ્રદેશ[૩૬] તથા સિંધ ઇ. જે તેણે મેળવ્યા હતા તે તેના આ યુદ્ધકુશળ અને શુરવીર યોદ્ધા ભૂમકને લીધે જ પ્રાપ્ત થયા હતા. તે દેશ જીત્યા બાદ તેના ઉપર વહીવટ કરવાને પણ તેને જ નીમ્યો હતો. પછી તો તેણે એક પછી એક પ્રદેશ જીતીને મિનેન્ડરના રાજ્યમાં વધારો કર્યે રાખ્યો હતો એટલે સુધી કે જ્યારે બાદશાહનું મરણ થયું ત્યારે તેને હવાલે રાજપુતાનામાંના અરવલ્લી ડુંગરનો પશ્ચિમે આવેલો સઘળો ભાગ, સિંધ,[૩૭]

---

(૩૩) જ્યારે ડિમેટ્રીઅસની સાથે તે હિંદમાં ઈ. સ. પૂ. ૧૯૨માં આવ્યો ત્યારે તેની ઉમર ૨૧ વર્ષની એટલે કે ભર યુવાનીમાં હતો એમ આ ઉપરથી કહી શકાશે. (જુઓ ઉપરમાં ડિમેટ્રીઅસના વૃત્તાંતે)

(૩૪) જ્યારે મિનેન્ડર બાદશાહ થયો ત્યારથી જ ભૂમકને ક્ષત્રપ નીમ્યો હતો. (જુઓ મિનેન્ડરના વૃત્તાંતે.)

(૩૫) સરખાવો ઉપરની ટી. નં. ૩૨.

(૩૬) પુરવાર કરાયું છે કે, ડિમેટ્રીઅસ સતલજ નદીને કાંઠે અગ્નિમિત્રની સાથે યુદ્ધ કરતાં મરણ પામ્યો છે. મતલબ કે તેના રાજ્યની હદ ત્યાં આવીને અટકી જતી હતી. (જુઓ ડિમેટ્રીઅસના વૃત્તાંતે.)

(૩૭) અહીં ભૂમકના તથા મિનેન્ડરના સિક્કાઓ મળી આવે છે તેથી આ અનુમાન ઉપર વિદ્વાનો ગયા

કચ્છ તથા સૌરાષ્ટ્રના પ્રાંતો પણ હતા. તેમાં ય સૌરાષ્ટ્ર તો મિનેન્ડરનું મૃત્યુ થયું તે જ સાલમાં અથવા તો તેની આગલી સાલમાં જ શુંગપતિ બળમિત્રને જીતી લેવાથી તેને પ્રાપ્ત થયો હતો. બાકી ગુજરાતનો ભાગ ( અથવા જેને તે વખતે લાટ દેશ કે તેવા જ અન્ય નામથી ઓળખવામાં આવતો ) તેને આ જીતથી મળ્યો નથી લાગતો જ.[૩૮] બળમિત્ર મરી ગયા બાદ પણ જ્યાંસુધી તેનો ભાઇ ભાનુમિત્ર રાજગાદીએ હતો તેમ તે બલિષ્ઠ પણ હતો એટલે ત્યાંસુધી તો શુંગપતિને તાબે જ તે દેશ રહ્યો હતો; બાકી તેનું મરણ ઇ. સ. પૂ. ૧૪૨ માં થતાં, ભૂમકના પુત્ર ક્ષત્રપ નહપાણે ગુજરાતવાળો ભાગ જીતી લઇ પોતાના પિતાના રાજ્યમાં ભેળવી દીધો લાગે છે. આ વખતે નહપાણનો જમાઇ રૂષભદત્ત પણ યુવાવસ્થામાં હોવાથી તથા કાંઇક લશ્કરી તાલીમ પામેલ હોવાથી સૈન્યમાં જોડાઇને પોતાના સસરાના જમણા હાથ જેવો થઇ પડ્યો હતો. તેણે પણ કેટલાક સૈન્ય સાથે તાપી નદીની દક્ષિણવાળો ભાગ જીતી લઈ આગળ કૂચ કરી હતી તથા ગોદાવરી નદીના મૂળવાળો ભાગ જેને તે સમયે ' ગોવરધન સમય 'ના નામથી ઓળખવામાં આવતો હતો અને જ્યાં આગળ અંધ્રપતિ શાતકરણીઓની સત્તા જામી પડી હતી ત્યાંથી તેમને હચમચાવી મૂકી પાછા હઠવાની ફરજ પાડી હતી તથા તે મુલક ક્ષહરાટ સામ્રાજ્યમાં ભેળવી દીધો હતો.[૩૯] આ સર્વ બનાવ ભૂમકના રાજ્યકાળે બનવા પામ્યા હતા[૪૦] તેથી તેની જીત તરીકે ઓળખવામાં વાંધો નથી. બાકી તે પ્રદેશ જીતવામાં તેના પુત્ર નહપાણ તેમજ જામાતૃ રૂષભદત્તની જ પ્રેરણા મુખ્ય અંશે હતી તેટલી નોંધ તો લેવી જ ઘટે. એટલે જેમ ભૂમક પોતે યુવાવસ્થામાં પોતાના બાદશાહ મિનેન્ડરને પ્રદેશો જીતી આપવાને ઉપયોગી થઇ પડ્યો હતો, તેમ તેની પોતાની ઉત્તરાવસ્થામાં તેના પુત્ર અને જમાઈ તેને કારગત થઈ પડ્યા હતા. આ પ્રમાણે તેના રાજ્યવિસ્તારનું વર્ણન કહી શકાય.

વિદ્વાનોનો અત્ર એવો મત છે કે ગુજરાત દેશમાંનો ભરૂચ જીલ્લાવાળો ભાગ બાદશાહ મિનેન્ડરના સમયે ભૂમકે જીતી લીધો હતો અને તેના પ્રમાણ તરીકે તે ભાગમાંથી ભૂમક અને મિનેન્ડરના જડી આવતા સિક્કાઓને આગળ ધરે છે. પણ મારૂં માનવું એમ થયું છે-જેનું વર્ણન ઉપર કરવામાં આવ્યું છે–કે તે ભાગ તો ભૂમકના રાજકાળે તેના પુત્ર નહપાણે જીતી લીધો હતો; એટલે ભલે મિનેન્ડરના સિક્કા ત્યાંથી મળી આવે છે, છતાં તેનું રાજ્ય ત્યાંસુધી લંબાયું નહોતું એમ કહેવું પડશે. માત્ર સિક્કા મળી આવ્યાથી તે મુલક ઉપર તેનો અધિકાર હતો એમ કાંઈ નિશ્ચિતપણે કહી શકાય નહીં, કારણ કે એવો કોઈ સિદ્ધાંત નથી કે જે રાજ્યનો સિક્કો હોય તે સિક્કો તેની હદમાં જ માત્ર ગોંધાઇ રહેવો જોઇએ. જો તે નિયમ પ્રમાણે જ કામ લેવાતું હોય તો તો વેપારને ચારે તરફથી

---

છે. આ સિદ્ધાંત અટળ તરીકે કાંઈ માનવા જેવો ન જ ગણાય. તેના વિવેચન માટે આ પારામાં જ આગળ હકીકત વાંચો. તથા નીચેની ટી. નં. ૪૧ જુઓ.

( ૩૮ ) આ પ્રાંત ઉપર ભાનુમિત્રની સત્તા રહી હતી એવા પુરાવા જૈન સાહિત્યમાંથી મળી આવે છે. ( જુઓ કાલિકસૂરિની કથાવાળો ભાગ. )

( ૩૯ ) આ હકીકત નાસિકના અને જુન્નેરના શિલાલેખોથી પુરવાર થાય છે. તેમાં નહપાણના જમાઇ રૂષભદત્તે અને પુત્રી દક્ષમિત્રાએ દાન કર્યાનું લખાણ છે.

( ૪૦ ) દાનપત્રોનો સમય તેવા શિલાલેખોમાં નોંધ્યો છે. જે સર્વની સાલો ભૂમકના રાજત્વકાળની સાબિત થઈ શકે છે.

ભરડો જ અનુભવવો પડે અને દેશપરદેશ સાથે લેવડદેવડ અટકી જતાં દરેકને ખાબોચીયા-માંહેલા કૂપમંડુક જેવી સ્થિતિમાં જ રહેવું પડે: બાકી આટલી વાત તો ખરી છે જ કે, જે મુલકનો સિક્કો હોય તે મુલકમાં તો ચલણનું મુખ્ય અંગ તે જ રહી શકે છે: ઉપરાંત સિક્કાની અવરજવર તથા વપરાશને, રાજકીય તેમ જ વ્યાપારિક ક્રયવિક્રયની સાથે સાથે, પ્રજાના સામાજિક જીવન અને વ્યવહારમાં પણ લેતી દેતી ઉપર આધાર રાખવો પડતો હોવાથી, ગમે તેટલે દૂરદૂર દેશ પડ્યો હોય છતાં, ત્યાં તે પહોંચી જાય છે.[૪૧] તેમાં પણ એટલું તો ખરૂં જ કે, પોતપોતાના રાજ્યવિસ્તારમાં અન્ય રાજ્યના સિક્કા આવવા દેવા કે કેમ, તે તે મુલકના રાજકર્તાના નિખાલસ દિલ ઉપર, તેમજ તે તે મુલકના રાજકર્તાઓની અરસપરસની રાજનીતિ ઉપર અવલંબાયમાન રહે છે. એટલે સૌરાષ્ટ્રમાં અને ભરૂચના પ્રદેશમાં ભૂમકના તથા મિનેન્ડરના જે સિક્કાઓ મળી આવ્યા છે ( જો તે પ્રમાણે વસ્તુસ્થિતિ હોય તો ) તે તેમના રાજ્યવિસ્તારનું-પરિણામ ગણવાનું નથી; પણ તે સમયે વેપાર વહેવાર તેટલો વિસ્તૃત અને બહોળો ફેલાવો પામ્યો હતો તેમ કહેવાય અથવા તો વધારે સંભવિત કારણ એમ પણ કલ્પી શકાય કે, ભૂમક પછીના તેના વંશજોનો જે અમલ તે પ્રદેશ ઉપર થયો હતો, તેમણે પોતાના પુરોગામી-પૂર્વજોના સન્માન અને ભક્તિ તથા પૂજ્યબુદ્ધિને લીધે પોતાના અમલ દરમ્યાન પણ તે સિક્કાને ચલણરૂપે ચાલુ રહેવા દીધા હતા. આ પ્રમાણે અનુમાન કરવાને કારણ પણ છે. તે નહપાણના રાજ્યનો વિસ્તાર વિચારતી વખતે નાસિકના શિલાલેખનો ઉલ્લેખ કરીને ગૌતમીપુત્ર શાતકરણીની માતા રાણી બળશ્રીના નામથી લખાયલા શબ્દો ઉપર વિવેચન કરતાં આપણે પૂરેપૂરૂં સમજી શકીશું.

જ્યારે પોતે ક્ષત્રપ પદે હતો ત્યારે કે મહાક્ષત્રપ બન્યા પછી પણ, કોઈ સિક્કો ભૂમકે પોતાના નામે પડાવ્યો હોય એવું જણાતું નથી. આ હકીકત એમ અનુમાન ઉપર આપણને લઇ જાય છે કે, પોતે મોટી ઉમરે મહાક્ષત્રપ બન્યો હોવાથી તેનું દિલ માયાવી સંસારથી કેટલેક દરજ્જે વિરક્ત થઈ ગયું હતું અને પોતે નિરભિમાનપણે રહી નિરપેક્ષ વૃત્તિથી રાજકારભાર ચલાવ્યે જવાના વિચારવાળો થયો હતો. મતલબ કે, તેણે પોતાનો આખો રાજત્વકાળ બલ્કે તેનો મોટો ભાગ-શાંતિપૂર્વક રાજ્ય ચલાવી વેપારમાં વૃદ્ધિ કરી, પ્રજાની આબાદી અને સમૃદ્ધિમાં ઉમેરો કરવામાં જ ગાળ્યો લાગે છે.

**તેની રાજગાદી-નું સ્થાન**

જે પ્રદેશ ઉપર તે સત્તા ભોગવતો હતો તેનું સ્થાન ભરતખંડની લગભગ મધ્યમાં આવેલું હોવાથી તેને તે સમયે 'મધ્ય દેશ'[૪૨] તરીકે ઓળખવામાં આવતો હતો અને તેના રાજપાટને મધ્યમિકા નગરી કહેવામાં આવતી હતી એમ વિદ્વાનોનું માનવું થયું છે. આ નગરીનું આવું નામ કયાંથી શોધી કઢાયું તેની પૂરી માહિતી મળતી નથી, પણ તે નગરીનું સ્થાન વર્તમાન ચિતોડ અથવા તેની આસપાસના પ્રદેશમાં થોડાક માઇલમાં ઠરાવાયું છે. જ્યારે મારૂં માનવું એમ થાય છે

(૪૧) વર્તમાનકાળે આ સ્થિતિ દરેક દેશપરદેશમાં નજરે પડે છે. દેશ કયાંય પડયો હોય અને તેનો સિક્કો કયાંય દૂર દૂર વપરાતો દેખાય છે.

(૪૨) જેને પ્રાચીન સાહિત્યમાં "મત્સ્ય" દેશ તરીકે પણ ઓળખાવાયો છે. ( જુઓ પુ. ૨, પૃ. ૬૬ ઉપર )

કે, તેનું રાજ્ય અરવલ્લી પહાડની પૂર્વ દિશામાં કોઈ કાળે પણ થવા પામ્યું જ નથી; એટલે મધ્યમિકા નગરીનું સ્થાન મેવાડમાં હોવું માની શકાય તેમ નથી. પણ ભૂમકના મરણ પછી તેના પુત્ર નહપાણે પોતે અવંતિ સર કર્યું તે પહેલાં અરવલ્લીની પૂર્વમાં કાંઇક રાજ્યનો વિસ્તાર વધારીને તે પ્રદેશમાં થોડો વખત સ્થિતિ કરી હતી. તે સમયે-માત્ર વરસ કે દોઢવરસના ગાળા માટે જ-કદાચ તેની ગાદીનું સ્થાન આ ચિતોડગઢના પ્રદેશમાં કરાયું હોય તો શંકા રાખવાનું કારણ નથી; ભૂમક પોતે તો તે મુલકની જમીન ઉપર પગ માંડવાને પણ નશીબવંત થયો નથી જ. બાકી તેના રાજકાળમાં નહપાણે, પોતાના જમાઇ રૂષભદત્તની સહાયથી ગુજરાતમાં થઇને દક્ષિણમાં જે પ્રવેશ કર્યો હતો તેનો ઉતરવાનો માર્ગ શિરોહીની દક્ષિણે થઇને કર્યો હતો એમ સમજાય છે. મતલબ કે અરવલ્લી અને સલંબર પર્વતને ફરતો માર્ગ તેણે ગ્રહણ કર્યો હતો, જેથી ચિતોડ-મેવાડની ભૂમિને ભૂમકની સત્તા બહાર ગણવી રહે છે; તો પછી તેના રાજપાટનું સ્થાન કયું હોઈ શકે તે જરા વિચારી લઇએ.

જો કે કોઇપણ સ્થળ નિશ્ચયપૂર્વક આપણે બતાવી શકીએ તેમ તો નથી જ, પણ તે સમયની ભૂગોળ ઉપર દૃષ્ટિપાત કરતાં જે ત્રણ ચાર સ્થાનોની સંભવિતતા દેખાય છે તેનો ઉલ્લેખ કરીશું તો ભવિષ્યમાં તે બાબતમાં પ્રયાસ કરનારને કદાચ તે માર્ગદર્શક થઇ પડશે ખરૂં. તેવાં સ્થાન મારી નજરમાં ચારેક નજરે પડે છે. સૌથી પ્રથમ ભિન્નમાલ નગર[૪૩] : તેનું સ્થાન હાલના શિરોહી રાજ્યે ગોલવાડ પ્રાંતમાં અને જોધપુરની દક્ષિણે અંદાજ ગણી શકાય. બીજું સ્થાન તંબાવટી નગરીનું કે જેની જગ્યા અરવલ્લી પહાડની પશ્ચિમ કિનારીના પ્રદેશ ઉપર ગણવામાં આવે છે. તે પ્રદેશની જમીન વિષે એમ કહેવાય છે કે તે ભૂમિમાં તાંબાની ખાણો આવી હતી તેથી તે નગરીનું નામ તંબાવટી-તાંબાવટી-ત્રાંબાવટી પડયું હતું અને હાલ પણ તે ભૂમિનો રંગ તાંબાની ધાતુના જેવો હોય તેવો રતુંબરો નજરે પડે છે. ત્રીજું સ્થાન વૈરાટ નગરવાળું[૪૪] કે જ્યાં આગળ સમ્રાટ પ્રિયદર્શિનનો બાબ્રા-વૈરાટવાળો શિલાલેખ ઊભો કરાયો હતો. તેનું વર્તમાન સ્થાન અલવર રાજ્યે મંચેરી ગામ પાસે આવેલું ગણી શકાય. અને ચોથું સ્થાન હર્ષપુર નગરનું, કે જે ઈ. સ. પૂ. ની પહેલી સદીમાં પૂર સમૃદ્ધિવાળું નગર હતું. તેનું વર્તમાન સ્થાન અજમેર શહેર અને પુષ્કરજી સરોવરની નજીકમાં હતું કે જે પ્રદેશમાંથી ભૂમકના સિક્કાઓ પણ મળી આવ્યા છે.[૪૫] આ શહેરનું વર્ણન જૈન સાહિત્ય ગ્રંથમાં નીચે પ્રમાણે કરવામાં આવ્યું છે.[૪૬] " ત્રણસેં છે જિનભુવનો જેમાં, ચારસો છે લૌકિક પ્રાસાદો જેમાં, અઢાર સો છે બ્રાહ્મણોનાં ઘરો જેમાં,

(૪૩) આ સ્થાનની કેટલીક હકીકત માટે પુ. ૧, પૃ. ૬૬, ટી. નં. ૬૩-૬૪: પૃ. ૨૧૯ તથા પુ. ૨, પૃ. ૧૭૫ ઈ.ઈ. જુઓ; વળી વિશેષ હકીકત આગળમાં શકપ્રજાના વર્ણને આવશે ત્યાં જોવું.

હિં. ઉ. છો. પૃ. ૫૮ (ગુ × વ × સો. તરફથી બહાર પાડેલું)માં લખે છે કે, આબૂ પર્વતની વાયવ્યે ૫૦ માઇલ ઉપર આવેલ ભિન્નમાળ અથવા શ્રીમાલનગરમાં ગૂર્જર રાજપૂતોની રાજધાની હતી...ભરૂચનો નાનો ગૂર્જરવંશ ભિલ્લમાલ રાજવંશની એક શાખા માત્ર હતી. વળી નીચેની ટીકા નં. ૪૬ જુઓ.

(૪૪) આના વર્ણન માટે જુઓ. પુ. ૧ લું, પૃ. ૪૯-૫૧ ટી. નં. ૨૨; પુ. ૨, પૃ. ૩૫૪.

(૪૫) કો. આં. રે. પૃ. ૬૪.

(૪૬) જુઓ. ક. સુ. સુ. ટી. પૃ. ૧૨૮.

છત્રીસ હજાર છે વણિકનાં ઘરો જ્યાં, નવ સો છે બગીચાઓ જ્યાં, સાત સો છે વાવો જ્યાં, બસો છે કુવાઓ જ્યાં, તથા સાતસો છે દાનશાળાઓ જ્યાં એવું તથા અજમેરની નજદીકમાં રહેલા તથા સુભટપાલ નામ છે રાજા જ્યાં એવું તે હર્ષપુર નગર ઇ. ઈ." આ પ્રમાણે તેની ગાદીના સ્થાન તરીકે ચાર સ્થળની કલ્પના થાય છે. કયું વિશેષ સંભવિત છે તે તો શોધખોળ કરતાં નક્કી થાય તે ખરૂં; પણ મારૂં અનુમાન એમ થાય છે કે પ્રથમ તેનું રાજનગર અરવલ્લીના દક્ષિણ છેડે ભિન્નમાલ નગરે[૪૭] હશે, અને જેમ જેમ રાજકીય આવશ્યકતા લાગતી ગઇ હશે તેમ તેમ તેણે ત્યાંથી ખસેડીને અરવલ્લીના ઉત્તર છેડે આવેલ આ હર્ષપુરમાં રાજધાની કરી હશે. અથવા તો જરૂરીયાત પ્રમાણે તે બન્ને સ્થાનમાં અવારનવાર રહેણાક કરતો હશે.


**ભૂમકનું વૃત્તાંત પૂરૂં**

આ સિવાય બીજું કાંઈ વિશેષ જાણવામાં આવ્યું ન હોવાથી ભૂમકનો વૃત્તાંત અહીં પૂરો થાય છે. તેના વંશને કેટલાકોએ કાઠિયાવાડના શાહી રાજાઓ="Shahi kings of Kathiawar" તરીકે ઓળખાવ્યો છે, પણ મારા ખ્યાલ પ્રમાણે તે તે વંશ નહપાણના જમાઈ રૂષભદત્તનો ગણી શકાય તેમ છે. તેમ કરવાનાં કારણો પણ છે. તે વિષય આપણે આગળ ઉપર રૂષભદત્તનું પ્રકરણ લખતી વેળા ચર્ચીશું.

(૪૭) રાજા નહપાણની રાજધાની વિશે કેમ્બ્રીજ શોર્ટ હિસ્ટરી ઑફ ઈન્ડિયામાં પૃ. ૮૧ પર લખ્યું છે કે His capital is said to have been Minnagar which has not been identified=તેની રાજગાદી મિનનગરે હોવાનું કહેવાય છે, તેનું સ્થાન નક્કી કરી શકાયું નથી. ( મારું ટીપણ:-શું આ ભિન્નમાલને ટૂંકામાં ભિન્નગર કહેવાતું હોય અને જ્યાં ભિન્નગર શબ્દ લખાયો હોય ત્યાંના અક્ષરની અશુદ્ધતાને લીધે કે, અક્ષરના કાના અથવા વળાંકમાં ફેરફાર થઈ ગયો હોય તેને લીધે કે પછી લિપિજ્ઞકેલના સંદિગ્ધપણાને લીધે તે ભિન્નને બદલે મિન્ન વંચાયું હશે. ? )

કેટલાક વિદ્વાનનું માનવું એમ થાય છે કે આ મિનનગરનું સ્થાન સિંધુ નદીના મુખ આગળના દુઆબમાં છે.





# ચતુર્થ પરિચ્છેદ

## પરદેશી આક્રમણકારો (ચાલુ)

### ક્ષહરાટ ક્ષત્રપો (મધ્ય પ્રદેશ) ચાલુ

**સંક્ષિપ્ત સાર:—(૨) નહપાણ:** તેનાં જુદાં જુદાં નામો તથા બિરૂદો વિશેના કરેલા ખુલાસા-જીવના જોખમે પણ અવંતિની ગાદી મેળવવા ખેડવા પડતા પ્રયાસનું કારણ-તેના સમય અને આયુષ્ય પરત્વે બાંધેલ નિર્ણય-તેના કુટુંબની આપેલ કેટલીક હકીકત-તેના રાજ્યવિસ્તારનું વર્ણન તથા હેવાડ-વિસ્તાર વધારવા જતાં આંધ્રવંશી શાતકરણી સાથે તેને બાંધવું પડેલું વેર-સામા પક્ષે તે વેરનું બાંધેલું માપ તથા અંતઃકરણમાં સ્થાપેલ તેના ઊંડાણની ચર્ચા-તેની રાજગાદીનાં સ્થાન તથા સિક્કાઓ વિશે આપેલી કેટલીક નવીન વિગતો-પ્રજારંજક પ્રવૃત્તિઓ માટે તેણે આદરેલા પ્રયાસો અને તેમાં તેને મળેલી કેટલીક સફળતાનું વર્ણન-તેનાં રાજકીય ડહાપણ અને દીર્ઘદૃષ્ટિનાં આપેલાં એક બે ઉદાહરણ-આવાં પગલાં ભરવામાં તે કોનું અનુકરણ કરી રહ્યો હતો તે બાબતની સમજૂતિ-તે રાજનીતિની સાર્થકતા તેમજ વાસ્તવિકતાની લંબાણથી લીધેલી તપાસ-તે અવંતિપતિ હતો છતાં તેનું વર્ણન જુદા જ વંશ તરીકે ન આપતાં, ક્ષત્રપો જેવા નાના સત્તાધિકારીઓ સાથે તેનું જીવનવૃત્તાંત કેમ ભેળવી દેવાયું છે તેના આપેલ ખુલાસા-નહપાણ અને ચષ્ટણ, બન્ને ક્ષત્રપોનો સંબંધ કેવા પ્રકારનો હોઇ શકે તે વિશેની દલીલોપૂર્વક કરેલ ચર્ચા-કાન્વાયન વંશની ઐતિહાસિક મહત્ત્વતા સંબંધી દોરેલાં કેટલાંક અનુમાનો તથા તેનું આપેલું વર્ણન—

## ( ૨ ) નહપાણ

ભૂમકનું મરણ મ. સં. ૪૧૬=ઇ. સ. પૂ. ૧૧૪ માં થતાં તેની ગાદીએ તેનો પુત્ર નહપાણ આવ્યો હતો. એટલે અત્યાર-

**તેનાં નામો તથા બિરૂદો**

સુધી પોતાના નામના છેડે જે ક્ષત્રપ શબ્દ લગાડતો તે સ્થાને હવે મહાક્ષત્રપ લખવાનું તેણે શરૂ કરી દીધું હતું. આ વખતે ક્ષહરાટ સંવત ૪૫ ચાલતો હતો. પછી બીજે જ વર્ષે ( કદાચ છ આઠ માસમાં પણ સંભવિત છે.)[1] તેણે શુંગવંશી છેલ્લો રાજા દેવભૂતિ જે અવંતિપતિ હતો તેની સાથે યુદ્ધ કરી મારી નાંખીને--કદાચ તેને ચડી આવેલો જાણીને દેવભૂતિને તેના અંતઃપુરમાંની કોઇ રાણી કે રખાત મારફત તેના પ્રધાને મારી નંખાવ્યો હોય--આ સ્થિતિ વધારે સંભવિત લાગે છે--પોતે અવંતિની ગાદીએ બેઠો.

આપણે આગળ જોઇ ગયા છીએ કે સારાયે હિંદમાં ઉજ્જૈની, હિંદુ પ્રજાનું એક પવિત્ર સ્થાન ગણાતું હતું. તેમજ તેનું સ્થાન હિંદની મધ્યમાં હોઇને તેની રાજકીય અગત્યતા પણ વિશેષ હતી.[2] અને તેને લીધે જ મગધસમ્રાટ પ્રિયદર્શિને પોતાની રાજગાદી પાટલિપુત્રમાંથી ફેરવીને ઉજ્જૈનીમાં કરી હતી. તેમજ તેનું રેખાંશ પણ જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ બહુ જ ઉપયોગી હતું.[3] વળી મોટું વેપારી મથક પણ હતું; તેમ જૈન ધર્મની દૃષ્ટિએ પણ તે પ્રદેશ અતિ પવિત્ર ગણાતો હતો.[4] આ પ્રમાણેની વિધવિધ વિશિષ્ટતાને અંગે અવંતિપતિ મેળવવો અને તેના રાજકર્તા થવું તે તે સમયે દરેક રાજાને પોતાના જીવનનું શ્રેષ્ઠતમ સાધ્ય થઈ પડયું હતું. તે પ્રાપ્ત કરવાને તો અનેક પ્રકારનાં જોખમ પણ તેઓ પોતાના શિરે વહોરી લેવાને તૈયાર થઈ જતા હતા. તે પ્રમાણે આ ક્ષહરાટ સરદાર નહપાણે પણ પોતાનો રાજ્યાભિષેક થયા બાદ સૌથી પ્રથમ ધ્યાન અવંતિની ગાદી મેળવવા જ દોડાવ્યું હતું. તે વખતે ત્યાંના આખા રાજ્યનું અંતઃપુર તેમજ મંત્રીમંડળ સર્વ વ્યભિચારપણામાં સડેલું હોવાથી તેને પોતાનો પ્રયાસ સુસાધ્ય લાગતો હતો; જેથી ચડાઇ લઇ જઇ, તેના રાજાને મારીને મોટી ધામધુમથી અવંતિનો રાજા બની બેઠો. હિંદુસ્તાનની આવી પવિત્ર ગણાતી ઉજ્જૈની નગરી ઉપર જો કોઇ પણ પરદેશીએ સ્વામિત્વ મેળવવાનું ભાગ્ય પ્રથમ પ્રાપ્ત કર્યું હોય તો તે આ નહપાણ જ હતો. અવંતિની ગાદી પ્રાપ્ત થતાં જ તેણે પોતાનું અસલી રાજપદ છોડી દીધું અને હવે મહાક્ષત્રપને બદલે "રાજા"નું બિરૂદ ધારણ કર્યું. આનો સમય ક્ષહરાટ સં. ૪૬--મ. સં. ૪૧૩--ઇ. સ. પૂ. ૧૧૪ છે. તે સમયથી તેવા બિરૂદવાળા સિક્કાઓ પણ તેણે પડાવવા શરૂ કરી દીધા છે; છતાં પોતાનું જાત્યાભિમાન તેણે તદ્દન કોરે મૂકી દીધું હોય એમ માનવાને કારણ નથી. જેની સાબિતીઓ આ સમય બાદ તેણે કોતરાવેલા શિલાલેખોથી આપણને મળી આવે છે. તેમાં તેણે પોતાને સ્વામી--રાજા--કે મહાક્ષત્રપ તરીકે સંબોધ્યાનું જોઇ શકીએ છીએ. એટલે કે તેનાં બિરૂદો મહાક્ષત્રપ--રાજા

( ૧ ) જુઓ આગળના પારિગ્રાફે ટી. નં. ૧૩ ની હકીકત.

( ૨ ) જુઓ પુ. ૧; પૃ. ૧૮૨ અને આગળની હકીકત; પુ. ૨, પૃ. ૩૦૨. તથા ગૌતમીપુત્ર શાતકરણીના જીવનચરિત્રે શકસંવતની સ્થાપનાને લગતી બીના.

( ૩ ) જુઓ પુ. ૨, પૃ. ૩૦૨--૩.

( ૪ ) જુઓ પુ. ૧. પૃ. ૧૮૨ થી આગળ પૃ. ૨૦૦ સુધીની હકીકત.

અને સ્વામી એમ ત્રણ હતાં.

આ સમયથી એટલે કે, તે પોતે ગાદીએ બેઠો તેના પછી બીજા જ વર્ષથી અથવા આપણે જે બનાવને, તેણે હિંદુસ્તાનના નાક સમાન ગણાતા અવંતિ પ્રદેશની ગાદી મેળવી લીધા તરીકેનો ઓળખાવ્યો છે ત્યારથી, કેટલાક ઇતિહાસકારોએ તેનું નામ ફેરવીને નહપાણને સ્થાને હિંદુ ભાષાને છાજતું નામ બનાવવા પ્રયત્ન કર્યો છે. તેમજ આપણે પણ એટલી વાતનો તો સ્વીકાર કરવો જ રહે છે કે, હિંદુઓના સહવાસમાં આવીને આ પરદેશીઓ હિંદી જ બની જતા હતા[5]. આવા ઇતિહાસકારોમાં જૈન ગ્રંથકારો કાંઇક અંશે અગ્રેસર હોવાનું જણાઇ આવે છે. તેમણે નહપાણને બદલે નરવાહન[6], નભોવાહન[6] અથવા નભવાહન કે નરવાહન[7] નામ લગાડયું છે. આ બાબતમાં પંડિત જાયસ્વાલજીનું નામ આપીને રાજા નહપાણની ઉત્પત્તિનું વૃત્તાંત લખતાં, ધી ઇન્ડિયન હિસ્ટોરીકલ કવૉર્ટર્લી પુ. ૫, ઇ. સ. ૧૯૨૯ માં પૃ. ૩૫૭ તથા પૃ. ૩૯૮ ઉપર તેના લેખક મહાશય જણાવે છે કે, Narvahan of this katha is named Nahapana in an ancient pattavali and his name bears resemblance to Nahapana–આ કથાના નાયક નરવાહનને એક જૂની પટ્ટાવલીમાં[8] નહપાણ તરીકે સંબોધ્યો છે અને તેનું નામ નહપાણને મળતું આવે છે. વળી લખે છે કે[9] Mr. K. P. Jayaswal has also taken the Jain Naravahan to be the kshatrap king Nahapana. Hence we can say that Nahapana did profess Jainism in his after life=પંડિત જાયસ્વાલજીએ પણ જૈનધર્મી નરવાહનને ક્ષત્રપ રાજા નહપાણ હોવાનું માન્યું છે. તે માટે આપણે પણ કહી શકીએ છીએ કે, નહપાણે પોતાની ઉત્તરાવસ્થામાં[10] જૈન ધર્મ સ્વીકાર્યો હતો. એટલે કે, જેમ તેના પિતાએ ગાદીએ બેઠા પછી પોતાનું અસલ જાતિ નામ ગમે તે હતું, પણ ફેરવીને ભૂમક નામ ગ્રહણ કર્યું હતું[11] તેમ આ નહપાણના સંબંધમાં પણ બન્યું લાગે છે; તેથી તેણે પોતાનું નામ નરવાહન કે નભોવાહન રાખ્યું હોય તે બનવાજોગ છે. છતાં કહેવું જોઇશે કે તેણે જે સિક્કા 'રાજા'પદે બિરાજીત થયા બાદ પડાવ્યા છે તેમાં તો "નહપાણ" જ

(૫) ઓ. હિ. ઇ. પૃ. ૧૪૨:– હિંદી રાજા અને પ્રજાને પોતાની ગ્રીક સંસ્કૃતિમાં રંગિત કરવાને બદલે ઇન્ડોગ્રીક સરદારો અને પ્રજા પોતે જ હિંદી સંસ્કૃતિ અપનાવી લેવાની વલણવાળી હતી એમ સાફ સાફ જણાઇ આવે છે: The tendency certainly was for Indo-Greek princes and people to become Hinduized rather than for the Indian rajas and their subjects to be Hellinized.

(૬) જુઓ પરિશિષ્ટ પર્વમાં તેનું વૃત્તાંત.

(૭) જુઓ, જ. બો. બ્રં. રો. એ. સો. પુ. ૯, પૃ. ૧૪૮. તેમાં લખે છે કે, રાજા નભોવાહનને કેટલેક સ્થાને નરવાહન પણ કહ્યો છે.

વળી જુઓ જ. બી. ઓ. રી. સો. પૃ. ૧૦૨.

(૮) જુઓ જૈન સાહિત્ય સંશોધક નામનું ત્રિમાસિક પુ. ૧, ભાગ ૪, પૃ. ૨૧૧; તથા જુઓ ઉપરની ટીકા નં. ૭.

(૯) તેજ પુસ્તક ઇં. હિ. ક્વૉ. પુ. ૫.

(૧૦) આ શબ્દો તો મજકુર લેખક મહાશયના જ છે. મારો મત કેટલેક અંશે જુદો પડે છે તે આગળ ઉપર જણાવવામાં આવશે. જુઓ, "તેનું કુટુંબ"વાળો પારિગ્રાફ.

(૧૧) જુઓ ઉપર પૃ. ૧૮૪ માં "કોઈ ઇરાની કરતાં સંસ્કૃત ભાષાનું નામ" વાળા શબ્દો.

લખવાનું ચાલુ રાખ્યું દેખાય છે.

**તેનો સમય તથા આયુષ્ય**

નાશિકના શિલાલેખ ઉપરથી સાબિત થઇ ગયું છે કે, તે ૪૫ સુધી ક્ષત્રપ હતો, પછી ૪૬ માં મહાક્ષત્રપ થયો છે[૧૨] અને તે બાદ તે રાજા થયો છે. અને જ્યારથી કોઇ રાજકર્તા મહાક્ષત્રપ થાય ત્યારથી તે સ્વતંત્ર થયો ગણાય છે એવો નિયમ આપણે પ્રતિપાદન કરી ગયા છીએ; એટલે એમ સિદ્ધ થઈ ગયું કહેવાશે કે, તેનો રાજ્યાભિષેક ૪૬ ક્ષહરાટ સંવત=મ. સં. ૪૧૩=ઇ. સ. પૂ ૧૧૪ માં થયો હતો અને બીજે જ વર્ષે કે છ આઠ મહિનામાં[૧૩] તે અવંતિપતિ બન્યો હતો; એટલે તેનો સમય ઈ. સ. પૂ ૧૧૪=મ. સં. ૪૧૩ લેખાશે. તેમ રાજા તરીકે તેનો સમય ૪૦ વર્ષનો ગણાય છે. (જુઓ પુ ૧, પૃ. ૨૦૨; એટલે ક્ષહરાટ સં. ૮૬=મ. સં ૪૫૩=ઇ સ. પૂ ૭૪ માં તેના રાજ્યનો અંત આવ્યો છે, અથવા તેનું મરણ નીપજ્યું છે એમ ગણવું પડશે. એટલે કે તેનો સમય ઇ. સ. પૂ. ૧૧૪ થી ૭૪ સુધીના ૪૦ વર્ષ પર્યંતનો કહી શકાશે.

હવે તેના આયુષ્ય સંબંધમાં જણાવવાનું કે, ક્ષત્રપ ભૂમક જ્યારે ગાદીપતિ થયો ત્યારે તેની ઉમર આશરે ૪૫ વર્ષની હોવાનું આપણે ઠરાવ્યું છે. તેમ તેનો પુત્ર નહપાણ. જ્યારે તેના જ રાજ્યે ક્ષત્રપ હતો અને પાછળથી ગાદીએ આવતાં મહાક્ષત્રપ થયો છે[૧૪] એટલે એક તો તેનો તે યુવરાજ જ હતો એમ પણ સ્પષ્ટ થાય છે તેમ એ પણ અનુમાન કરી શકાય છે કે જ્યારે પિતા–ભૂમક ગાદીએ આવ્યો ત્યારે પુત્ર–નહપાણની ઉમર કમમાં કમ ૧૫–૧૬ વર્ષની તો હશે જ. અને તે ગણત્રીએ જ્યારે

---

(૧૨) કો. આં. રે. પૃ. ૬૫, ટી. ૧:—શિલાલેખોમાં ક્ષહરાટ ક્ષત્રપના ૪૧–૪૨ અને ૪૫ અને મહાક્ષત્રપ, સ્વામિના ૪૬ વર્ષ છે; જ્યારે સિક્કાઓ ઉપર ક્ષત્રપ કે મહાક્ષત્રપ નથી. પણ નહપાણ તો ભૂમકથી ભિન્ન પડીને હંમેશાં રાજા જ કહેવાયો છે=In inscriptions, Kshaharata kshatrap years 41, 42 & 45. Mahakshatrap Swami year 46. On the coins, the title Kshatrap or Maha-kshatrap does not occur: unlike Bhumak, Nahapana is always called Raja.

(૧૩) જુઓ ઉપરની ટીકા નં. ૧.

(૧૪) જ. ઇ. હિ. ક્વો. પુ. ૧૨, પૃ. ૩૬:—(પ્રોફેસર સ્ટેન કોનોના મતે) નહપાણને સામી, સંકસ્વામી, અને રાજા તરીકે અને ચષ્ઠણને મહાક્ષત્રપ સ્વામી ઓળખાવાય છે. "Nahapana is styted Sami, Sank Swami & Raja...Mahakshatrapa Sami Chastrana—"

[ મારૂં ટીપણ–સામીનો દરજ્જો શું હોઈ શકે તે આપણે અહીં બતાવવું છે. રાજન, મહાક્ષત્રપ–સામી એમ જે લખ્યું છે તે તેમનો ચડઉત્તર દરજ્જો બતાવે છે. વળી ચષ્ઠણના ઈતિહાસથી સમજાય છે કે પ્રથમ તે મહાક્ષત્રપ લખતો હતો અને પાછળથી રાજા લખવા મંડયો હતો, એટલે તે બતાવે છે કે, મહાક્ષત્રપ કરતાં રાજાની પદવી મોટી છે; જેથી સામીની પદવી નાની છે એમ આપોઆપ સિદ્ધ થઈ ગયું...આ અનુમાન સાચું જ છે. તેની સાબિતી આપણને તે ચષ્ઠણ વંશના અંતે જે રાજાઓ થયા છે તેમના જ સિક્કા ઉપરથી મળી આવે છે; કેમકે તેમના ઉપર અન્ય રાજવીઓના હુમલા થતાં અને પોતે નબળા પડતાં પોતાને સ્વામી તરીકે ઓળખાવતા હતા. (જુઓ પુ. ૪ ના અંતે તેમનો પરિચ્છેદ) તેવી જ રીતે નહપાણ પ્રથમ સ્વામી હતો. (એટલે કે મહાક્ષત્રપથી નાના પદે અથવા ક્ષત્રપ તરીકે હતો આ ક્ષત્રપ શબ્દ પરભાષાનો છે જ્યારે સ્વામી શબ્દ હિંદી ભાષાનો છે) તે પછી મહાક્ષત્રપ થયો છે અને તે બાદ રાજા થયો છે. ]

નહપાણ પોતેજ મહાક્ષત્રપ બન્યો ત્યારે તેની પોતાની ઉમર પણ ૧૫+૪૫=૬૦ ની તો ઓછામાં ઓછી હોવી જોઇએ જ. તેમ ગાદીએ બેઠા પછી તેનો રાજઅમલ પાછો ૪૦ વર્ષ પર્યંત ચાલ્યો છે એટલે મરણસમયે તેની ઉમર સો વર્ષની અથવા તેની આસપાસની વધારે ખરી, પણ ઓછી નહીંજ-સહેજે ગણવી પડશે. તેમ બીજી બાજુ નહપાણના જમાઈ રૂષભદત્તનો વૃત્તાંત તપાસીએ છીએ તો આપણા ઉપરના અનુમાનને પુષ્ટિ જ મળે છે; કેમકે આ રૂષભદત્તે પોતાના દાનપત્રમાં[૧૫] મોડામાં મોડો આંક ક્ષહરાટ સંવત ૪૫ નો જણાવ્યો છે. અને તે વર્ષ સુધી નહપાણ તો ક્ષત્રપપદે જ હતો એમ તે જ લેખ ઉપરથી સાબિત થાય છે. તેમ આપણે ઉપરમાં જોઇ ગયા છીએ કે, તે તેના ક્ષત્રપ-પદનું છેલ્લું જ વર્ષ હતું. હવે વિચારો કે તે સમયે તેનો જમાઇ જે યુદ્ધ કરીને વિજેતા બનવા જેટલું સામર્થ્ય ભોગવતો હોય તેની ઉમર કેટલી હોય ? આ બધા સંયોગો જોતાં તેની ઉમર જે આપણે સો વર્ષની આશરે ઠેરવી છે તે યોગ્ય જ કહેવાશે. એટલે તેને લગતો સમય આપણે નીચે પ્રમાણે ગોઠવી શકીશું:—

| | મ. સં. | ઈ. સ. પૂ. | ઉમર |
|---|---|---|---|
| જન્મ | ૩૫૩ | ૧૭૪ | ૦ |
| ક્ષત્રપ | ૩૬૯ | ૧૫૮ | ૧૬ |
| મહાક્ષત્રપ | ૪૧૩ | ૧૧૪ | ૬૦ |
| રાજા | ૪૧૩ | ૧૧૪ | ૬૦ |
| મરણ | ૪૫૩ | ૭૪ | ૧૦૦ |

કુલ આયુષ્ય=૧૦૦ : રાજ્યકાળ ૪૦.

તેના પિતાનું નામ ભૂમક હતું તે આપણે જાણી ચૂક્યા છીએ. તે સિવાય તેની માતા, સ્ત્રી કે પુત્ર ઇ. નાં કોઇનાં નામ વિશે પત્તો લાગતો નથી. જે એક હકીકત નિસંદેહપણે સાબિત થાય છે તે એટલી જ કે, દક્ષમિત્રા નામે તેને એક પુત્રી હતી અને તેણીને શકપ્રજાના દિનિક નામે કોઈ કુલીન અને મોભાવાળા સરદારના પુત્ર ઉષવદાત્ત-રૂષભદત્ત વેરે પરણાવી હતી.[૧૬]

**તેનું કુટુંબ**

નહપાણને સંતતીમાં કોઇ પુત્ર હોય તેમ જણાયું નથી. પુત્ર થયો હોય, પણ તેના પોતાના મરણ પહેલાં જ તે મરી ગયો હોય તો તે વાત જુદી છે; પણ સાફ સમજાય છે કે તેને પુત્ર જ નહીં થયો હોય. જો પુત્ર હોત તો જેમ ભૂમકના

(૧૫) જુઓ નીચેની ટીકા નં. ૧૬ ના ઉતારાઓ.

(૧૬) ભા. પ્રા. રા. ભાગ ૧, પૃ. ૧.

નહપાણ ( મંત્રી અયમ )          શકવંશી દિનિક
|                                              |
પુત્રી દક્ષમિત્રા ને પરણાવી.    ઉષવદાત્ત
|
પુત્ર મિત્રદેવ

કે. આં. રે. પ્રસ્તાવ પૃ. ૧૦૪. પારા. ૮૪ ટી. ૧– Nahapana's son-in-law Ushavdatta-( Rishavdatta ) was probably a Saka with a Hinduised name=નહપાણનો જમાઇ ઉષવદાત્ત (રૂષભદત્ત) હિંદુ જાતિના નામવાળો શકજાતિનો (માણસ) હતો.

જ. બોં. બ્રાં. રો. એ. સો. પુ. ૮, પૃ. ૨૩૯:—Ushavadatta, son of Dinika was married to Dakshamitra, daughter of Nahapana-દિનિકપુત્ર ઉષભદાત્તને, નહપાણની પુત્રી દક્ષમિત્રા વેરે પરણાવ્યો હતો.

જ. બોં. બ્રાં. રો. એ. સો, પુ. ૮, પૃ. ૬૩—Nahapana's daughter Dakshamitra was married to Saka Ushavadatta, whose inscriptions at Karla and Nasik record

રાજ્યે નહપાણ ક્ષત્રપના રાજકીય જીવનને લગતા કાંઈક ને કોઇક બનાવનો ઉલ્લેખ મળી આવે છે તેમ તેને પણ જો પુત્ર હોત તો તેના રાજત્વ-કાળમાં કોઇક ક્ષત્રપ તરીકે તેના પુત્રનું નામ ક્યાંક માલૂમ પડી જાત જ; પણ જ્યાં ને ત્યાં જમાઇ રૂષભદત્ત નામની વ્યક્તિ જ તરી આવે છે. એટલે સહજ કલ્પના કરી શકાય છે કે, નહપાણના આખાયે–ક્ષત્રપ, મહાક્ષત્રપ અને રાજા તરીકેના–જીવનકાળમાં જો કોઇ પણ પ્રધાન વ્યક્તિ હોય તો તે તેનો જમાઇ રૂષભદત્ત જ હતો; કે જેણે મુખ્યતાએ, નહપાણ ગાદીએ આવ્યો તે પહેલાં અનેક જીતો મેળવીને, નાસિક શહેરની આસપાસના પ્રદેશમાં નહપાણ ક્ષત્રપના નામે જ અનેક પ્રકારનાં દાન દીધાં છે; જે તેણે જ કોતરાવેલ શિલાલેખો ઉપરથી જોઇ શકાય છે. અને શિલાલેખ જેવા નક્કર પુરાવા હોવાથી તે સર્વ હકીકતને તદ્દન સત્ય જ હોવાનું આપણે સ્વીકારવું રહે છે. વળી તેના મરણ બાદ તેની ગાદી તેના વંશમાં પણ નથી રહી તેમ તેના જમાઈના ભાગ્યે પણ નથી આવી, પણ બીજા જ વંશના હસ્તકે ગઇ છે તે હકીકત પણ એમ જ સૂચવે છે કે, તેના મરણ સમયે તેને કોઇ પુત્ર જ નહોતો.

ઉપર કહી ગયા છીએ કે ૪૦ વર્ષનું રાજ્ય ભોગવ્યા બાદ તેનું મરણ કુદરતી સંયોગોમાં નીપજ્યું હતું; જ્યારે ઇન્ડીઅન હિસ્ટોરીકલ ક્વોર્ટર્લી નામના ત્રિમાસિકમાં ૧૯૨૯. પુ. ૫. પૃ. ૫૩૬ ઉપર "શ્રુતાવતાર કથા" નામે એક પુસ્તકનો જે ઉતારો આપ્યો છે[૧૭] તેમાંથી વળી જુદી જ સ્થિતિ તરી આવે છે; પણ

benefactions at various places–નહપાણની પુત્રી દક્ષમિત્રાને શક ઉષવદાત્ત વેરે પરણાવી હતી. કાર્લા અને નાસિકના શિલાલેખોમાં તેણે ભિન્ન ભિન્ન સ્થળે દાન કર્યાનો ઉલ્લેખ કરેલ છે.

જ્યારે કે. હિ. ઇ. પૃ. ૫૭૭માં રૂષભદત્તને નહપાણના જમાઇને બદલે, તેનો બનેવી કે સાળો હોવાનું જણાવ્યું છે. (Brother-in-law to Nahapana.)

(૧૭) તે ઉતારો સદાબરો આ નીચે ઉતારૂં છું. મજકુર પુસ્તક વિબુધ શ્રીધર રચિત 'શ્રુતાવતાર કથા' નામે દિગંબર સંપ્રદાયનો ગ્રંથ છે.

અત્ર ભરતક્ષેત્રે વામિદેશે વસુધા નગરી ભવિષ્યતિ। તત્ર નરવાહનો રાજા। તસ્ય સુરૂપા રાજ્ઞી તસ્યાં પુત્રમલભમાનો રાજા હૃદિ ખેદં કરિષ્યતિ। અત્ર પ્રસ્તાવે સુબુદ્ધિનામા શ્રેષ્ઠિ તસ્ય નૃપસ્યોપદેશં દાસ્યતિ। યદિ દેવ પદ્માવતી પાદારવિંદ પૂજાં કરિષ્યતિ તતઃ પુત્રો ભવિષ્યતિ। તસ્ય પુત્રસ્ય પદ્મ ઇતિ નામ વિધાસ્યતિ। રાજા તતશ્ચૈત્યાલયં કરિષ્યતિ સહસ્રકૂટં દશસહસ્રસ્તંભોધ્ધૃતં ચતુઃશાલં વર્ષે વર્ષે યાત્રાં કરિષ્યતિ। વસંતમાસે શ્રેષ્ઠાપિ રાજપ્રસાદાત્મપદે જિનમંદિરે મંડિતાં મહીં કરિષ્યતિ। અત્રાંતરે મહીં પ્રભો સમસ્તોપિ સંઘસ્વામિપતિ। રાજા શ્રેષ્ઠિના સહ જિનસ્તવનં વિધાય પૂજાં ચ નગરીમધ્યે મહામહોત્સવેન રથં શ્રામયિત્વા તતો જિનપ્રાંગણે સ્થાપયિષ્યતિ। નિજમિત્રં મગધસ્વામિનં મુનીંદ્રં દષ્ટ્વા વૈરાગ્યભાવના ભાવિતો નરવાહનોઽપિ શ્રેષ્ઠિના સુબુદ્ધિનામ્ના સહ જૈનીદીક્ષાં કરિષ્યતિ।

આ પ્રમાણે જણાવીને આગળ જતાં લખ્યું છે કે, He studied the Jain Siddhhanta from one Dharsenacharya and composed a new work on the Jaina philosophy–otherwise the Angas, which was quite extinct at the time–તેણે ધરસેનાચાર્ય પાસે સૂત્રનો અભ્યાસ કર્યો અને જૈનતત્ત્વ ઉપર (અંગસૂત્ર સિવાય કે જેનો તે સમયે લોપ થઈ ગયો હતો.) એક નવીન જ ગ્રંથ રચી કાઢયો.

[ મારૂં ટીપણ–પાછળનો ભાગ સત્ય નથી લાગતો, કેમકે અનેક પુરાવાથી આપણે સાબિત કરી ચૂકયા છીએ કે તેની ઉમર ૧૦૦ આસપાસ તો હતી જ; તો શું તેવડી મોટી ઉમરે, રાજવૈભવનો ત્યાગ કરી તેમણે જૈન પ્રવ્રજ્યા લીધી હતી? બીજું વળી લખે છે કે, સિદ્ધાંતોનો નાશ થઈ ગયો હતો, તો તે પણ ખોટું

તે હકીકતને અન્ય સાધનોથી ટેકો મળતો ન હોવાથી માન્ય રાખી શકાય તેવી લાગતી નથી. જ્યારે આપણે તો નહપાણને લગતો સર્વ વૃત્તાંત, જે અવંતિ દેશ ઉપર તેણે રાજ્ય કર્યું છે તેના રાજકર્તાઓના વંશની ક્રમવાર અને અત્રુટિત સળંગ નામાવળી રજૂ કરવા ઉપરાંત, બન્યું ત્યાં શિલાલેખોથી અને સિક્કાઓના પુરાવાથી સાબિત કરી આપતા ગયા છીએ. એટલે તે સ્થિતિને ઐતિહાસિક ઘટના તરીકે વિશેષતઃ કબૂલ રાખવી પડશે.

નહપાણને ક્ષહરાટ જાતિનો જણાવ્યો છે; એટલે કે તે પ્રજાનું મૂળ સ્થાન કંબોજ દેશમાં ઠરાવાશે; જ્યારે તેના જમાઇ રૂષભદત્તને શક જાતિનો વર્ણવ્યો છે. આ શક પ્રજાને સિથિયનના સામાન્ય નામથી અને તેમાંનો જે ભાગ હિંદમાં આવી વસ્યો તેને Indo-Scythians=હિંદી શકના નામથી ઓળખાવવામાં આવે છે, પણ ઇન્ડો સિથિઅનનાં આવાં ટોળાં તો અનેક વખત હિંદમાં ઉતરી આવ્યાં છે તેમાંથી કયા સમયે આ રૂષભદત્તનું અથવા તેના વડવાઓનું ટોળું હિંદમાં આવી પહોંચ્યું હતું તે અત્રે વિચારવા કરતાં, જ્યારે શકપ્રજાનો ઇતિહાસ લખીશું ત્યારે જ વિચારીશું; પણ અત્રે એટલું જણાવવું તો યોગ્યજ છે કે બન્ને સસરા જમાઈની જાતિઓ તદ્દન ભિન્ન ભિન્ન હોવા છતાં સગપણ-સંબંધથી તેઓ જોડાયેલ છે. અને તેનાં કારણમાં એમ દેખાય છે કે, આ બધા પરદેશી આક્રમણ લઇ આવનારાઓ એક બીજા સાથે રહેતા થઈ ગયા હોવાથી તથા સહધર્મી હોવાથી તદ્દન હળીમળી ગયા હતા. વળી જાતિ (Birth) શબ્દની મહત્ત્વતા પણ દિવસાનુદિવસ ઘટી જતી હતી. આ પ્રમાણે આ ક્ષહરાટ અને શકપ્રજા વચ્ચેનું લોહીયા જોડાણ જે થયું હતું તેમાં કાંઈ વિસ્મય પામવા જેવું નહોતું જ.

નહપાણના રાજ્યે તેના મહામંત્રી અમયે જે શિલાલેખ સંવત ૪૬ માં કોતરાવ્યાનું અને તેમાં મહાક્ષત્રપ નામથી તેને સંબોધ્યો હોવાનું ઉપરમાં જણાવી ગયા છીએ. તેને બદલે તે આંક ૭૬ નો હોવાનું કેટલાકોએ માન્યું છે; પણ તે બહુમાન્ય રહે તેવું નથી લાગતું. છતાં દલીલ ખાતર માની લ્યો કે તે આંક ૭૬ નો છે તો તે સંવત ક્ષહરાટનો હોવાથી અને નહપાણ ક્ષહરાટનું રાજ્ય સં. ૪૬ થી ૮૬ સુધી ચાલેલું હોવાથી, તે ૭૬ ના વર્ષનો સમાવેશ પણ નહપાણના સમયમાં થઈ જતો ગણાય; જેથી તે સ્થિતિ તેટલે દરજ્જે માન્ય રહી શકે તેમ છે; પણ બીજી કેટલીયે પરિસ્થિતિ તેની વિરૂદ્ધ જાય છે. જેમકે, જો ૭૬ ની સાલ સ્વીકારાય તો, નહપાણના રાજ્યનો અંત ૮૬ માં હોવાથી, તે પહેલાં દશ વર્ષે, અથવા ઈ. સ. પૂ. ૮૪ માં તે બનાવ બન્યો કહેવાય; અને તે સમયે તો તે મહાક્ષત્રપને બદલે અવંતિપતિ બની 'રાજા' પદ ધારિત ભૂપતિ હતો, જે તેના સિક્કા ઉપરથી સ્પષ્ટ થાય છે.[૧૮] જ્યારે અમયે

**છંતાળીસ કે છોંતેર**

છે, કેમકે આ સમય બાદ સવાસો વર્ષે (શ્વેતાંબર મત પ્રમાણે વિ. સં. ૩૦ માં વજ્રસ્વામી નામના આચાર્યનું સ્વર્ગગમન થયું ત્યાંસુધી) વજ્રસ્વામિને જ દશપૂર્વનું જ્ઞાન હતું અને તે હકીકત અનેક રીતે માન્ય રખાઇ છે; તો પછી extinct=વિધ્વંસ થયો હતો એમ કહી ન જ શકાય. મતલબ કે, નરવાહનને પુત્ર નહોતો તેટલી જ વાત સાચી છે;-બાકી બીજી વાતને કોઈ જાતનો ટેકો મળતો નથી.]

(૧૮) જુઓ ઉપરની ટી. નં. ૧૪ તથા ટી. નં. ૧૨.




આકૃતિ નં. ૩૧ ]

[ વર્ણન પૃષ્ઠ ૨૦૨

મહાક્ષત્રપ પાતિક



( આકૃતિ નં. ૩૨ )

ત્રૈકૂટક વ્યાઘ્રસેન



( આકૃતિ નં. ૩૩ )

ત્રૈકૂટક ધરસેન



( આકૃતિ નં. ૩૪ )




આકૃતિ નં. ૩૮ ] [ વર્ણન પૃષ્ઠ ૩૧૫

તો તેને માત્ર સામિ કે મહાક્ષત્રપ[૧૯] પદથી જ નવાજિત થયેલ તરીકે સંબોધ્યો છે; તેમજ જૈનગ્રંથો પણ નહપાણને અવંતિપતિ તરીકે ૪૬ ક્ષહરાટ સંવત=ઇ. સ. પૂ. ૧૧૪ થી જ સ્વીકારે છે: આ પ્રમાણે અન્ય શિલાલેખ કે સિક્કાઇ તેમજ અન્ય સંપ્રદાયી સાહિત્યગ્રંથી પુરાવાઓ વિરૂદ્ધ જાય છે. વળી ઐતિહાસિક બનાવો પણ વિરૂદ્ધ જાય તેવા છે; જે શાતવાહન વંશના રાજકર્તાના સમયને લગતા હોઈ, અત્ર તેમનો ખ્યાલ આપવો અસ્થાને ગણાશે; તેમજ સંબંધ વિના જણાવવાથી તેનું તારતમ્ય સમજાશે પણ નહીં. આ બે કારણથી તે મુદ્દાઓ અત્રે જણાવવાની આવશ્યકતા લાગી નથી. મતલબ કે ૭૬ ના આંક કરતા ૪૬ નો જ[૨૦] તે આંક હોવાનું વધારે માનનીય થઇ પડે તેમ છે.

ભૂમકના વૃત્તાંતે જણાવી ગયા છીએ કે તે ગાદીએ બેઠો ત્યારે જ આધેડ વયે પહોંચી ગયો હતો અને પછી વૃદ્ધ થતાં પોતે પ્રદેશો જીતવા અને રાજ્ય વધારવાની વૃત્તિવાળો નહોતો જ. માત્ર તે તો સલાહશાંતિથી રાજ ચલાવવા અને વેપારની વૃદ્ધિ કરી પ્રજાને સંતોષવામાંજ પોતાની ઇતિકર્તવ્યતા સમાઈ જાય છે એવા વિચારનો થયો હતો. પણ તેનો યુવાન યુવરાજ ક્ષત્રપ નહપાણ કાંઇ પગ વાળીને બેસી રહે તેવા સ્વભાવનો નહોતો. તેની ચંચળ વૃત્તિને તેના જેવા જ ઉછળતા લોહીવાળા તેના જમાઇ ઋષભદત્તે સાથ આપવા માંડ્યો હતો. એટલે બન્ને સસરા જમાઇએ, ભૂમક

**તેનું રાજ્ય તથા વિસ્તાર**

રાજ્યે જ, ગુજરાતમાં ઉતરીને નર્મદા-તાપી નદીઓના પ્રદેશો વિંધી, નાસિક સુધી પહોંચી પોતાની આણ વર્તાવી દીધી હતી. આ બધો યશ જો કે નહપાણની કૌશલ્યતાને લીધે જ પ્રાપ્ત થયો હતો પણ તે વખતે તે માત્ર ક્ષત્રપપદે હોવાથી તે પ્રદેશમાં ખેલેલા યુદ્ધની હકીકત ભૂમકને નામે જ ચડાવવી રહે એટલે ત્યાં પણ લખાઇ ગઇ છે; તેમ તેનો પ્રણેતા નહપાણ હોવાથી વધારે નહીં તો છેવટે તેનો ઇસારો જ કરવો રહે છે. મતલબ કે ભૂમકના સમયે પોતાના શૌર્યથી મેળવેલ સર્વ પ્રદેશ ઉપર હવે પોતે જ સત્તાધીશ બની બેઠો હતો.

પોતે મહાક્ષત્રપ થયો ત્યારે ભલે તેની ઉમર લગભગ ૬૦ વર્ષે પહોંચી હતી, છતાં તેનામાં ઉમંગ અને ઉત્સાહ તો એક યુવાન યોદ્ધા જેટલા જ હતા. એટલે ગાદીએ આવતાં જ સૌથી પ્રથમ ચિત્ત તેણે પાસેનો દેશ મેળવવા અને કીર્તિમાં વધારો કરવા તરફ દોડાવ્યું. અરવલ્લીના ડુંગરની ઉત્તરદિશાએ આવીને અજમેર તથા પુષ્કરજી તળાવ રસ્તે રાજપુતાનામાં ઉતરી,[૨૧] પર્વતની પૂર્વની પટ્ટીએ આવેલ મુલક પ્રથમ તાબે કરી લીધો. આમ પહેલું પગલું ભરવામાં તેની મુરાદ એ હતી કે, અવંતિ ઉપર એકદમ સીધો હલ્લો લઇ જવા માટે અવંતિની હદની પશ્ચિમે કયાંક થાણું જમાવવું અને પછી ત્યાં લડાયક સામગ્રી એકત્રિત કરી અનુકૂળતાયે અવંતિ ઉપર ચડાઇ લઇ જવી. આ સમયે અવંતિ ઉપર કેવા નબળા, વ્યભિચારી અને ભોગવિલાસી તથા પ્રજાદમનમાં રાચનારા અને પ્રજાકલ્યાણની

(૧૯) જુઓ ઉપરની ટી. નં. ૧૨ અને ૧૪. ની હકીકત.

(૨૦) નીચેની ટી. નં. ૬૬ જુઓ.

(૨૧) ભૂમકનું રાજ્ય તેના મરણસમયે અરવલ્લીની પશ્ચિમે જ આવીને અટક્યું હતું તેવી મારી માન્યતા થયેલ હોવાથી, આ પ્રમાણે અહીં લખેલ છે.

ભાવનાથી ખેપરવા થઇ પડેલા શુંગવંશી રાજાઓનો અમલ ચાલુ હતો તે આપણે તેમના વૃત્તાંત ઉપરથી જાણી ચૂક્યા છીએ. તેમ વળી આ શુંગવંશીઓના તથા ક્ષહરાટ પ્રજાના ધર્મો પણ ભિન્ન હતા, જેથી એકે વર્તાવેલો જુલમ ચલાવી લેવા, બીજો તૈયાર નહોતો. તેમ અવંતિની ગાદીનું મહત્ત્વ પણ રાજકીય નજરે પ્રથમ કોટિનું હતું. આવા અનેકવિધ કારણોને લીધે નહપાણે અવંતિ જીતી લેવા પ્રથમ તૈયારી કરી અને તે દેશ જીતી લીધો. હવેથી પોતે 'રાજા' કહેવરાવવા લાગ્યો અને તે પ્રમાણેના સિક્કા પણ પડાવવા[૨૨] શરૂ કરી દીધા. આ બનાવ ઇ. સ. પૂ. ૧૧૪=મ. સં. ૪૧૩=ક્ષહરાટ સંવત ૪૬ માં બન્યો નોંધવો રહે છે.

જેમ ઉપરમાં જણાવ્યા પ્રમાણે પોતે અવંતિ ઉપર ધસારો લઇ ગયો હતો તેમ દક્ષિણમાં અંધ્રપતિ ઉપર તેના જમાઈ રૂષભદત્ત અને મંત્રી અમય ચડી ગયા હતા. આ સમયે દક્ષિણપતિની ગાદી ઘણું કરીને પૈઠણમાં હતી (કદાચ જુન્નેરમાં પણ હોય.) તે લડાઈમાં દક્ષિણપતિની સખ્ત હાર થઇ એટલે તેના રાજપાટવાળો ભાગ તથા આસપાસનો કેટલોય પ્રદેશ, ગોદાવરી નદીનાં મૂળવાળા ગોવરધન પ્રાંત સાથે, નહપાણની આણમાં ચાલ્યો ગયો. આનો સમય ઉપરના જ પ્રસંગ પ્રમાણે[૨૩] અથવા તેની પછી બે-ચાર મહિને થયાની નોંધ લેવી રહે છે. શાતવાહન વંશીની આ હાર કાંઈ જેવી તેવી નહોતી, કારણ કે રાજપાટની નગરી ગુમાવી તેમને પાછા હઠી જવું પડયું હતું અને જે સ્થાનમાં વર્તમાન વરંગુળ શહેર આવેલું છે તે પ્રદેશમાં રાજગાદી લઈ જવી પડી હતી. જો કે આ પરાજય પછી તે જ પ્રદેશમાં અને તેજ વરંગુળમાં કેટલાય શાતવહનવંશી રાજા રાજ્ય કરી ગયા અને મરી પણ ગયા; છતાં આ નામોશીનો ડંખ તેમના મનમાંથી વીસરાયો નહોતો. એટલે સુધી કે છેવટે જ્યારે તે વંશમાં ગૌતમીપુત્ર શાતકરણી થયો તેણે મહાન્ યુદ્ધનો જંગ ખેલી તેમાં ક્ષહરાટ નહપાણ અને શક રૂષભદત્તના તે સમયના વંશજોને હરાવી, કાપી નાંખીને સર્વને નિર્મૂળ કરી નાંખ્યા ત્યારે જ તેઓના મગજમાંથી કાંઇક અંશે વેરનો કીડો કમી થવા પામ્યો હતો. આ જીત મળવાથી ગૌતમીપુત્રને કેટલી મોટી ખુશાલી ઉત્પન્ન થઈ હોવી જોઇએ તેનું માપ આપણે એટલા ઉપરથી જ કાઢી શકીએ છીએ કે ખુદ તેનીજ માતાએ[૨૪]–રાણીશ્રી બળશ્રીએ–વૃદ્ધાવસ્થામાં પહોંચી ગઈ હતી, અરે કહો કે મરણની સમીપે આવી ગઇ હતી છતાં–નાસિકના શિલાલેખમાં ચોખ્ખા શબ્દોમાં કોતરાવ્યું છે કે–Restored the glory of Satavahanas=શાતવાહનની કીર્તિ પુનરૂપાર્જન કરી[૨૫]. વળી

(૨૨) વિશેષ હકીકત માટે જુઓ આગળના પારિગ્રાફે.

(૨૩) નાસિકના શિલાલેખમાં ૪૬ શક લખ્યો છે. જુઓ ઉપરની ટી. નં. ૧૨.

કો. આં. રે. પ્રસ્તાવના પૃષ્ઠ ૫૯ ઉપર નાસિક શિલાલેખ નં. ૩૫ ની હકીકત જુઓ, તેમાં અમયનું નામ, મહાક્ષત્રપ નહપાણ તથા ૪૬ ની સાલ ઈ. સર્વ હકીકતો લખાયલી છે.

(૨૪) જુઓ કો. આં. રે. પ્રસ્તાવના. પૃ. ૩૧ પારિગ્રાફ. ૪૪.

(૨૫) કોઇને એમ પ્રશ્ન ઉદ્ભવે કે ગૌતમીપુત્રે કીર્તિને પુનઃ પ્રાપ્ત કરી તે હકીકતની, પંક્તિ શિલાલેખમાં છે એટલે સત્ય તરીકે તે માની લઇએ, પણ તે કીર્તિને નહપાણે જ ખંડિત કરી હતી એમ ક્યાં ઉલ્લેખ છે કે આપણે નહપાણના વૃત્તાંતમાં તેને ઉતારી બેઠા છીએ તેના જવાબમાં જણાવવાનું કે,

વિશેષ ઉલ્લાસમાં આવી પુત્રની યશગાથા ગાતાં ગાતાં લખાવે છે કે, Destroyed the Sakas, Yavanas, Pahalvas etc. and rooted out the Kshaharatas= શક, યવન અને પહ્લ્વાઝ ઇ. ને મારી નાંખ્યા તથા ક્ષહરાટોનું (તો) નિકંદન જ કાઢી નાંખ્યું[૨૬] આ શબ્દોથી મજકુર શિલાલેખ કોતરાવનારના મનમાં શું શું રમી રહ્યું હોવું જોઇએ તેની સહજ કલ્પના કરી શકાય તેમ છે.

વળી જો તેમાંના શબ્દો વિશે બારીકાઈથી વિચાર કરીશું તો નહપાણ અને રૂષભદત્ત ઉપર તેમજ તેમની જાતિ ઉપર તે શિલાલેખના કોતરાવનારના હૃદયમાં કેટલી બધી ઘૃણા[૨૭]–તિરસ્કાર પ્રવેશ કરી રહ્યો હશે તેનું માપ પણ તે ઉપરથી કાઢી શકાય છે. તેમણે તેમાં Destroyed Sakas etc.=શકપ્રજાનો નાશ કર્યો એમજ લખ્યું છે, જ્યારે Rooted out the Kshaharatas= ક્ષહરાટ પ્રજાનું નિકંદન કાઢી નાંખ્યું હતું એવા શબ્દો લખ્યા છે : અને એમ તો આપણે જોઈ ગયા છીએ કે, રૂષભદત્ત પોતે શક હતો અને નહપાણ તે ક્ષહરાટ હતો. તેમજ તે બેએ મળીને અંધ્રપતિ શાતકરણીને હરાવ્યા હતા. એટલે આ બેના વંશજો ઉપર જ શાતકરણી અથવા શાતવાહન વંશીઓને હડહડતું વેર ચાલ્યું આવતું હતું. તેમાંયે ગૌતમીપુત્રના પૂર્વજોને હરાવવામાં રૂષભદત્ત તો માત્ર હથિયારરૂપ જ ગણાય, જ્યારે નહપાણ સત્તાધારી હોઇ, તેને આજ્ઞા કરનાર હોવાથી ખરો અને કટ્ટો વેરી તો તે જ ગણાય; માટે રૂષભદત્ત ઉપરનો વેરભાવ દર્શાવવા માત્ર Destroyed the Sakas=શકપ્રજાનો નાશ કર્યો, કત્લ કરી નાંખી એવો સાદો શબ્દપ્રયોગ કર્યો; જ્યારે નહપાણ તરફનો તિરસ્કાર અને વેર દર્શાવવા તો Rooted out the Kshaharatas=ક્ષહરાટ પ્રજાનું નિકંદન કાઢી નાખ્યું.[૨૮] એવા આકરા શબ્દો વાપરી, પોતાના દિલનો રોષાગ્નિ–ખોપ ઠાલવી કાઢયો હોય એમ સમજાય છે. વળી આ વાતને બીજી રીતે ટેકો પણ મળે છે કે, આ બનાવ

---

નહપાણના (ઈ. સ. પૂ. ૧૧૪) સમયથી આ ગૌતમીપુત્ર સાતિવાહનના (ઇ. સ. ૭૮) સમય સુધી ત્રણ વંશ સત્તામાં હતા. (૧) ઉજૈનીમાં ગર્દભીલ વિક્રમાદિત્યનો વંશ. (૨) દક્ષિણમાં શતવાહન વંશ અને (૩) સૌરાષ્ટ્રમાં ક્ષહરાટ અથવા શાહીવંશ. આ ત્રણમાંથી એક જણાએ જ શતવહન વંશની કીર્તિની ઉણપ આણી હોઈ શકે. તેમાં નં. ૨ વાળી સત્તા તો પોતે જ છે એટલે તે તો બાદ કરવી જ રહી. નં. ૧ વાળી સત્તામાં ઉત્તરોત્તર નબળા રાજાનો જ અમલ આવ્યે જતો હતો (જે તેમનો ઈતિહાસ જોવાથી ખુલ્લું થાય છે) એટલે જ્યાં પોતાનું ઘર સંભાળવાની જ ત્રેવડ ન હોય ત્યાં બીજાના ઘર ઉપર તે ચડાઈ શી રીતે લઈ જઈ શકે? આ પ્રમાણે બે સત્તા બાદ કરતાં ત્રીજી રહી નં. ૩ વાળી; અને તેનું નામ જ નહપાણ અને રૂષભદત્તનો વંશ કે જેમણે શાતવાહન વંશની ઉજ્જવળ કીર્તિને કાળો ડાઘ લગાડયો હતો.

(૨૬) કો. આં. રે–પૃ. ૧૦૪—Had exterminated the race of Kshaharatas=ક્ષહરાટ પ્રજાનો ઉચ્છેદ કરી નાંખ્યો હતો.

જ. બો. બ્રૉ. રો. એ. સો. ૧૯૨૮ નું પુસ્તક પૃ. ૬૫.

(૨૭) આ ઘૃણા કેવી હતી તે જોવી હોય તો પુ. ૨ માં સિક્કા નં. ૭૫ નું વર્ણન જુઓ. તેમાં નહપાણના સિક્કા ઉપર આ ગૌતમીપુત્રે પોતાનું મહોરૂં અને છાપ પડાવ્યાં છે જેથી નહપાણનું મહોરૂં પણ દેખાય અને ઉપરથી પોતાનું પણ દેખાય.

(૨૮) કેટલાક એમ ધારે છે કે ગૌતમીપુત્રે નહપાણ અને રૂષભદત્તને પોતાને જ માર્યા હતા, પણ તે બનવા યોગ્ય નથી: કેમકે નહપાણ અને રૂષભદત્તનો સમય ઈ. સ. પૂ. ૭૪ છે જ્યારે ગૌતમીપુત્રનો સમય ઈ. ૭૮ છે, એટલે કે બેની વચ્ચેનું અંતર જ લગભગ

ઇ. સ. ૭૮ માં બન્યા પછી ગૌતમીપુત્ર શાતકરણીએ પોતાના પૂર્વજોની ગાદીનું પુરાણું સ્થાન જે પૈઠણ (કે જુન્નેરની આસપાસમાં) હતું, અને જેનો ત્યાગ કરવો પડ્યો હતો તે પછીની (ઇ. સ. પૂ. ૧૧૪+૭૮=૧૯૨) એ સદી જેટલા લાંબા ગાળામાં તેની જે હાલહવાલી થઇ ગઇ હતી તે બધી દુરસ્ત કરવા માંડી હતી. અને તેમ કરવામાં પાંચેક વર્ષનો સમય વીતી ગયો હતો. દરમ્યાન પોતાનું મૃત્યુ નીપજ્યું હતું એટલે તેનો પુત્ર જે પુલુમાવી શાતકરણી નામ ધારણ કરી ગાદીએ બેઠો હતો તેણે જ વરંગુળમાંથી ગાદી ફેરવીને પાછી મૂળસ્થાન–આ પુનરૂદ્ધાર કરેલી પૈઠણ નગરી–માં આણી હતી. અને પૈઠણનું બધું બાહ્ય સ્વરૂપ ફેરવી નાખવામાં આવેલ હોવાથી તેનું નવું નામ પૈઠણને બદલે નરવર અથવા નવનગર–નવીનગરી પાડવામાં આવ્યું હતું.[૨૯] આટલો લંબાણ ખુલાસો એ માટે કરવો પડ્યો છે કે, શાતવાહન વંશવાળાઓને હરાવીને તેમની રાજગાદીનું સ્થાન તેમની પાસેથી ઝુંટવી લેવા માટે, નહપાણને કેટલી જબરદસ્ત મહેનત ઉઠાવવી પડી હશે તેનો તથા તેના પરિણામે બન્ને વંશની પ્રજા વચ્ચે કેટલા તીવ્ર પ્રમાણમાં રોષ પ્રગટ્યો હશે તેનો, તેમજ રાણી બળશ્રીએ જે શબ્દો લેખમાં કોતરાવ્યા છે તેનું વાસ્તવિકપણું કેટલું છે તેનો, વાચકવર્ગને પૂરેપૂરો ખ્યાલ આવે.

અંધ્રપતિ ઉપર આ પ્રમાણે જીત મેળવવાથી તેમના મુલકનો સારો જેવો ભાગ નહપાણની સ્વાધીનતામાં આવ્યો હતો. તેથી જ ઇતિહાસકારોને[૩૦] લખવું પડ્યું છે કે:-"**His dominion comprised a large area, extending from Southern Rajputana to the Nasik and Poona districts in the western ghats and including**

હોદ્દો વર્ષનું છે એટલે નહપાણ અને રૂષભદત્તના વંશજોને હરાવ્યા હતા અને માર્યા હતા એમ જ સમજવું.

કો. આં. રે. પૃ ૧૦૫માં લખે છે કે:—The descendants of Nahapana were exterminated by Gautamiputra–ગૌતમીપુત્રે નહપાણના વંશજોનો વિનાશ કરી નાંખ્યો હતો.

જ. બો. બ્રે. રો. એ.સો. નવી આવૃત્તિ પુ. ૩. પૃ. ૬૪:—The figures on coins prove conclusively that Nahapana & Gautamiputra were not contemporaries but were separated by a very long period–સિક્કા ઉપરના આંકડાઓથી નિ:સંદેહપણે સાબિત થાય છે કે, નહપાણ અને ગૌતમીપુત્ર સમકાલીન નહોતા જ; બલ્કે બેની વચ્ચે ઘણું મોટું અંતર હતું.

ઇ. એ. પુ. ૩૭, પૃ. ૪૩—The mere mention that Gautamiputra Satakarani extinguiished the kshaharat family does not imply that he defeated Nahapana himself. He might have defeated a weak descendant of that prince=ગૌતમીપુત્રે ક્ષહરાટ પ્રજાને હરાવી હતી એટલા સાદા શબ્દોથી કાંઇ એમ ઠરતું નથી કે તેણે નહપાણને ખુદને જ હરાવ્યો હતો. તેના વંશમાં થયેલ કોઇ નબળા રાજાને પણ હરાવ્યો હોય.

ઓ. હિં. ઇ. (ત્રીજી આવૃત્તિ) પૃ. ૨૧૭—Nahapana was dead before Gautamiputra extirpated his family and clan–ગૌતમીપુત્રે તેની જાતિ અને વંશનો વિધ્વંસ કરી નાંખ્યો તે પૂર્વે નહપાણ તો મરણ પણ પામી ચૂક્યો હતો.

(૨૯) આ હકીકતના વર્ણન માટે જુઓ જ. બો. બ્રે, રો. એ. સો. નવી આવૃત્તિ પુ. ૩ (આંક શંકામય છે.)

(૩૦) જુઓ અ. હિં. ઇ. ત્રીજી આવૃત્તિ પૃ.૨૦૯. કો. એ. ઇ. પૃ. ૧૦૪.

the Peninsula of Saurastra in Kathiawar-તેના રાજ્યનો વિસ્તાર મોટા પ્રદેશ ઉપર હતો; તેમાં દક્ષિણ રાજપૂતાનાથી[૩૧] શરૂ થઇને, પશ્ચિમ ઘાટમાં આવેલા નાસિક અને પુના જીલ્લાઓ તેમજ કાઠિયાવાડમાંનો સૌરાષ્ટ્રનો દ્વીપકલ્પ પણ આવી જતા હતા. સર કનિંગહામ સાહેબે પણ ઉપરને મળતોજ અભિપ્રાય ઉચ્ચાર્યો છે.[૩૨]

આપણે જોતા આવ્યા છીએ કે, મૌર્ય-વંશી સમ્રાટ અશોકના રાજ્યનો અંત આવ્યો ત્યાં સુધી પૂર્વ હિંદના મગધ દેશની અને તેના સામ્રાજ્યના પાટનગર પાટલિપુત્રની જ વાતો બહુ સંભળાતી હતી. તે બાદ મહારાજા પ્રિયદર્શિને જ્યારથી અવંતિમાં-ઉજ્જૈનીમાં રાજગાદી ફેરવી નાંખી ત્યારથી મગધનું નામ પણ કોઇ લેતું જણાતું નથી અને તેથી રાજા નહપાણે પૂર્વ હિંદનું મગધ જીતી લેવા કે સર કરવા કદી મીટ સરખી પણ માંડી હતી કે કેમ ? તે જો કે જણાયું નથી; છતાં સંભવિત છે કે તે તરફ તેણે દુર્લક્ષ જ કર્યું લાગે છે. મતલબ કે, તેના રાજ્યના વિસ્તારમાંથી પૂર્વ હિંદ બકાત રહ્યો હતો.[૩૩]

હિંદના ઉત્તર ભાગમાં આવેલો જે સુર-સેન અને પાંચાલ દેશવાળો ભાગ હતો તે ઉપર તેના જાતભાઈ મહાક્ષત્રપ રાજુવુલ-સોદાસનું અને પંજાબ-તક્ષિલાવાળા ભાગ ઉપર મહા-ક્ષત્રપ લિઅક અને પાતિકનું રાજ્ય પ્રવર્તી રહ્યું હતું. જણાય છે કે તે બન્ને સજાતીય અને સ્વધર્મી બંધુઓ ઉપર મીઠી નજર જ તેને રાખવી પડતી હતી. એટલે સ્વાભાવિક છે કે, આ બધા ક્ષહરાટ પ્રજાના સરદારોએ પરસ્પર સંગઠન કરીને મિત્રાચારી પણ બાંધી જ હોવી જોઇએ એમ કેટલાક ઐતિહાસિક બનાવો ઉપરથી આપણે કહી શકીએ તેમ છીએ.[૩૪] કેમકે તેમના દરેકના મનમાં એટલું તો વસી ગયું હોવું

(૩૧) ખરી રીતે તો તેના મુલકની પશ્ચિમ હદ ઠેઠ સિંધ પ્રાંત સુધી અને વાયવ્ય ખૂણે સતલજ નદી સુધી પહોંચતી હતી; કેમકે ભૂમકના રાજ્યે આપણે સાબિત કરી ગયા છીએ, કે તેની સત્તા આ પ્રદેશ ઉપર હતી: પણ ભૂમક અને નહપાણ વચ્ચેનો શું સગપણ સંબંધ હતો તે અત્યાર સુધી કોઇ પણ ઈતિહાસકારે શોધ્યું જણાતું નથી. એટલે ભૂમકનો વારસો નહપાણને મળ્યો હતો તે હકીકત તેઓથી અજાણમાં જ રહી ગણાય: જેથી કરીને રાજપૂતાનાની દક્ષિણેથી નહપાણના રાજ્યની હદ શરૂ થતી હતી એમ તેઓનું માનવું થયું છે.

(૩૨) કો. એ. ઈ. પૃ. ૧૦૪:—As his dominions embraced Prabhas in Kathiawar, as well as Braganza (Broach) to the north of the Narbada with Sopara and Nasik to the south, his capital was probably at Ujjain=કાઠિયાવાડનું પ્રભાસ, તેમજ નર્મદા નદીની ઉત્તરે આવેલું બ્રેગેન્ઝા (ભરૂચ) તથા તેની પણ દક્ષિણે આવેલા સોપારા અને નાસિકનો સમાવેશ તેના રાજ્યમાં થતો હોવાથી સંભવિત છે કે તેનું રાજનગર ઉજ્જૈની શહેર હશે.

(૩૩) કે પછી તે ભાગ અવંતિપતિની આણમાંજ ચાલ્યો આવતો હતો. માનવાને કારણ મળે છે કે ત્યાં સ્વતંત્ર વંશ જ રાજ્ય ચલાવ્યે આવતો હતો. કારણ કે મૌર્યવંશની એક શાખા ત્યાં ઠેઠ (જુઓ, પુ. ૨ માં દશરથ અને શાલિશુકના પરિશિષ્ટની હકીકત) ઈ. સ. ની છઠ્ઠી કે સાતમી સદી સુધી રાજ ચલાવતી ઇતિહાસમાં નજરે પડી છે. જો કે પાટલિપુત્ર શહેરનો તો શુંગવંશી સમ્રાટ અગ્નિમિત્રે નાશ કરી વાળ્યો હતો એટલે તે સમય પછીથી રાજનગરનું સ્થળ ફેરવી નંખાયું હશે; બાકી તે વંશની સત્તા તો ચાલુ જ રહેલી.

(૩૪) આ માટે જુઓ રાજુવુલ મહાક્ષત્રપનું વૃત્તાંત આગળ ઉપર. ત્યાં ધાર્મિક પ્રસંગે આ ત્રણે રાજવીઓ એકત્ર થયા માલૂમ પડે છે.

જોઇએ કે, તેઓ કોઇ પણ સ્વતંત્ર રાજકર્તી કોમના સીધા વારસદાર નૃપતિઓ નથી, તેમ આ હિંદની ભૂમિ તેઓ સર્વેને પરભૂમિ જેવી છે જ. એટલે કોઇ અડીભીડીનો સમય આવી પડયે તે ત્રણેએ પરસ્પર મદદમાં આવીને ખભેખભા મિલાવી ઊભા રહેવાથી જ સર્વેનું કામ સરી શકશે. આવા સિદ્ધાંતને અનુસરીને નહપાણને ઉત્તર હિંદના કોઇ પણ પ્રદેશ તરફ નજર સરખીયે કરવાનું મન થાય તેમ નહોતું જ. પછી તો જે જીતવું રહ્યું તે માત્ર દક્ષિણ હિંદુસ્તાન જ; અને તેના ઉપર આપણે જોઇ ગયા છીએ તે પ્રમાણે, ફત્તેહમંદીથી જીત મેળવી લીધી જ હતી. એટલે પછી કોઇ વિશેષ પ્રદેશ મેળવવાનો તેનો રાજ્યલોભ શમી ગયો હતો અને હિંદના મધ્ય ભાગ-the heart of India-ઉપર જ શાસન ચલાવવાનો સંતોષ પકડી રાખવો પડ્યો હતો; તેથી કરીને પોતાની પ્રજા માટે લોકકલ્યાણના માર્ગો યોજી તે પૂરા પાડવામાં જ પોતાના શાસનકાળનો શેષ ભાગ ગાળવાનું તેણે શ્રેયસ્કર ધાર્યું હતું અને તે પ્રમાણે જ પોતે વર્ત્યો છે, જે આપણે આગળ ઉપરના વર્ણને નીહાળીશું.

**રાજગાદીનું સ્થાન તથા તેના સિક્કા**

કહેવત છે કે, એક ગલતી કે ભૂલ જો કરવામાં આવે તો તેના આધારે જે જે હકીકતો ગોઠવાય તેમાં પણ ભૂલ જ થવા પામે છે અને તેને પરિણામે ભૂલોની એક હારમાળા જ ઊભી થઈ જાય છે.[૩૫] હિંદ ઉપર ચડી આવનાર દરેક પરદેશી પ્રજાનો આખો ઇતિહાસ લખવામાં ડગલે અને પગલે આ જ સ્થિતિ માલૂમ પડે છે. અમારૂં આ કથન કેટલે દરજ્જે સત્ય છે તે આ પરદેશી પ્રજા સંબંધી અત્યાર સુધી જે કાંઈ જણાયું છે તે સાથે, અત્રે વર્ણવેલું તેમનું વૃત્તાંત-આ પુસ્તકનો આખો યે છઠ્ઠો ખંડ જ તેમને માટે અલાયદો કાઢવો પડ્યો છે તે-સરખાવી જોતાં તુરતજ વાચકવર્ગને જણાઈ આવશે.

જે પ્રમાણે નહપાણના પિતા ભૂમકના પાટનગર વિશે મતભેદ હોવાનું જણાયું છે તે પ્રમાણે આ નહપાણની રાજગાદીનું સ્થાન ઠરાવવામાં પણ બન્યું છે. કેટલાકે મધ્યમિકા નગરી ઠરાવી છે તો કેટલાકે પુના પાસેનું જુન્નેર ઠરાવ્યું છે; તો વળી કેટલાક, વર્તમાન રતલામની પાસે આવેલા મંદસોરને તે પદ અર્પે છે; ત્યારે વળી કોઇક તે સ્થાન તરીકે ઉજૈનીને ગણાવે છે. આમ ભિન્નભિન્ન મત તેના સ્થાન સંબંધી પડે છે. ખરૂં શું છે તે તપાસીએ.

એક વિદ્વાન જણાવે છે કે:-[૩૬] The Capital of the kingdom of Nahapana was probably at Junner & not Mandasore as suggested by Prof. D. R Bhandarker. Nahapana's rule was in all probability a long and prosperous one-નહપાણના રાજ્યનું પાયતખ્ત શહેર સોવસા જુન્નેર હતું, પણ પ્રો. દે. રા. ભાંડારકરસૂચિત મંદસોર નહોતું. સર્વ સંભવિત સંજોગોથી (જણાય છે કે) નહપાણનો રાજઅમલ ઘણો દીર્ઘકાળી તથા સમૃદ્ધિ-

(૩૫) આ કથનના દૃષ્ટાંત તરીકે, મારા પ્રકાશનનો ભાગ બીજો જુઓ; જેમાં કેવળ મૌર્યવંશના સઘળા પ્રતાપી રાજવીઓનું જ વર્ણન અપાયું છે અને અદ્યાપિ પર્યંત જાણવામાં આવેલી હકીકતથી તે કેટલું જુદું તરી આવે છે તે ઉપરથી ખ્યાલ પણ બાંધી શકાશે.

(૩૬) જુઓ જ. બોં. બ્રૉ. રો. એ. સો. નવી આવૃત્તિ (તેની સાલ ઘણું કરીને ૧૯૨૮ ની છે.) પુ. ૩, પૃ. ૬૪.

વંતો હતો. આ શબ્દોથી પૂરવાર થાય છે કે, નહપાણના રાજપાટના સ્થળ વિશે ઉપરમાં જે ઉલ્લેખ મેં કર્યો છે તે પ્રમાણે અનેક વિદ્વાનોનું મંતવ્ય થાય છે; પણ ઉપરમાં પ્રસંગોપાત્ જાણવાનું બન્યું છે તેમ નાસિક, કાર્લી, સોપારા, પુના કે જુન્નેર અથવા તેની આસપાસના કોઈ પણ પ્રદેશમાં જ્યાં જ્યાં નહપાણના શિલાલેખો મળી આવ્યા છે અને જે સર્વેને ઇતિહાસકારો નાસિકના શિલાલેખો-( Nasik group નાસિકનો સમૂહ કહીએ તો પણ ચાલે ) તરીકે ગણાવે છે તે સર્વે સ્થળો પ્રથમ તો, શાતવાહન વંશી રાજાઓની હકુમતના જ સ્થળો હતાં અને તે જમીન ઉપર તો માત્ર યુદ્ધ જ લડવામાં આવેલું છે. અલબત્ત, તે સર્વે યુદ્ધોમાં એક પક્ષે નહપાણ અને સામા પક્ષે શાતકરણીઓ હતા. અને પરિણામે જે પક્ષની જીત થઈ હોય તેણે-અહીં નહપાણનો પક્ષ જીત્યો હતો એમ જણાયું છે– હાવે તો યુદ્ધના પ્રાયશ્ચિત્ત અર્થે, કે હાવે તો પુણ્યનાં સાધારણ કામ કરવાનું જેમ દરેક મનુષ્યની ફરજ સમજાય છે તે પ્રમાણે, ફરજને અંગે કોઈ ધર્મકાર્ય આ નહપાણે તે સ્થાનમાં કરાવ્યાં દેખાતાં હોય, તો તેથી કાંઇ નિશ્ચયપણે એમ ઠરતું નથી જ, કે તેની રાજગાદીનું સ્થળ પણ આ પ્રદેશમાં જ હતું. જે જે શિલાલેખોમાં આ સ્થળોનાં નામના ઉલ્લેખો થયા છે તેમાંના કોઇપણમાંથી તેવી મતલબનો–તે સ્થાન રાજનગર હોય તેવો-કોઈ આશય નીકળી શકતો હોય, એવો એક પણ ઉદ્દગાર આપણે વાંચીને છૂટો પાડી શકતા નથી; એટલે પછી તેવા સ્થળોમાંથી કોઈ એકની, રાજગાદીના સ્થાન તરીકેની કલ્પના કરવી તે પણ હદબહાર નીકળી ગયા જેવું ગણાશે. અલબત્ત, તેટલે દરજ્જે સાચું ગણી શકાય કે, તે તે સ્થળો તેની હકુમતમાં તેણે જીતીને મેળવી લીધેલ હતાં; તેમજ તે વિશે લેશમાત્ર શંકા પણ રહેતી નથી.

હવે સવાલ રહ્યો મધ્યમિકાનો અને ઉજ્જૈનીનો. પ્રથમ તો મધ્યમિકા ક્યાં આવી તેના સ્થળનો જ નિશ્ચય હજુ સુધી કરી શકાયો નથી. પણ ભૂમકના વૃત્તાંતમાં જે ચાર-પાંચ સ્થાનો તેની રાજધાનીના શહેર તરીકે જણાવી ગયા છીએ તેમાંનું કોઈ એક હોય ( જુઓ ઉપરમાં પૃ. ૧૯૧થી આગળ ) તો તે ભૂમકની હકુમતમાં હોઈ તેના ગાદીવારસ તરીકે નહપાણનું પણ પાટનગર તે સ્થાન બને, તે સ્વાભાવિક જ ગણાય. વળી તે જ્યાંસુધી મહાક્ષત્રપ રહ્યો હતો ત્યાંસુધી તેણે જાળવી પણ રાખ્યું હતું, એમ કહેવામાં જરાયે ખોટું નથી; પણ પછી જ્યારે તેના ભાગ્યનો સિતારો ચડવા માંડ્યો અને અવંતિ જેવો દેશ–કે જે જીતવા માટે સમસ્ત ભારતવર્ષના હિંદુ રાજાઓ ઉપરાઉપરી તુટી પડતા હતા એવી પ્રસિદ્ધિ અને મહત્ત્વતા ધરાવતો મુલક–જો પોતાની સત્તામાં આવી પડે તો પછી ઓછી અગત્યતા ધરાવતા સ્થાન ઉપર પોતે રહેવાનું ચાલુ જ રાખ્યા કરે એમ શા માટે આપણે ધારવું જોઇએ ? અલબત્ત, જૂનું અને બાપીકું સ્થાન ન મુકવું–old is gold–તે સિદ્ધાંત આપણા સામાજિક વ્યવહારમાં ભલે લાગુ પડતો હશે ખરો, પણ રાજકીય નીતિને અંગે તો, જેમ તે નીતિ અન્ય કાર્યો પરત્વે સામાજિક રીતોથી અનેક રીતે ભિન્ન પડે છે, તેમ ગાદીસ્થાન કે જે પણ રાજકીય નીતિનું એક પ્રધાન અંગ જ ગણાય છે તે પરત્વે પણ તેનો જુદો જ રાહ હોય તો નવાઇ જેવું શું ગણાય ? અને બન્યું છે પણ તેમજ; કેમકે જેવો અવંતિનો પ્રદેશ તેણે જીતી લીધો છે કે તુરતજ રાજગાદી અવંતિની રાજનગરી ઉજ્જૈનીમાં આણી, ત્યાં જ

પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો છે, અને હિંદુપ્રજામાં અતિપ્રિય તથા વહાલું ગણાતું તેમજ પ્રતિભાદર્શક રાજપદને શોભતું એવું "રાજા" નામનું બિરૂદ ધારણ કર્યું છે. એટલુંજ નહીં પણ તે બનાવના સ્મારક તરીકે, "રાજા" ની પદવી સાથેના પોતાના નામના સિક્કા પણ પડાવ્યા છે.[૩૭] (જુઓ પુ. ૨. પૃ. ૧૩૨ ઉપર સિક્કાચિત્ર પટ નં. ૨. આકૃતિ નં. ૩૭) આ બનાવ ક્ષહરાટ સંવત ૪૬=૪ સ. પૂ. ૧૧૪=મ. સં. ૪૧૩ માં બન્યો છે. આ ઉપરથી એમ પણ સમજી શકાશે કે જે સિક્કાઓમાં તેનું નામ ક્ષત્રપ તરીકે છપાયું હોય અને તેમાં જો સાલ છાપી જ હોય તો ૪૫ અથવા તેની નીચેનો જ કોઇ આંક હોઇ[૩૮] શકે. પણ પોતાના બાપની ગાદી ઉપર મહાક્ષત્રપ તરીકે ક્ષહરાટ સંવત ૪૫-૪૬ માં તે બેઠેલો હોવાથી, જ્યાં જ્યાં મહાક્ષત્રપ તરીકેનો સિક્કો હોય ત્યાં ત્યાં માત્ર એક જ આંકસંખ્યા-કાં ૪૫ ની કે કાં ૪૬ ની-નજરે પડી શકે. પણ જેવો તે અવંતિપતિ થયો તેવો કે તે પછી તો, રાજા તરીકેના જ સિક્કા પડાવ્યા છે. તેથી ક્ષહરાટ સં. ૪૬ પછીના દરેક સિક્કા ઉપર "રાજા નહપાણ" એવું બિરૂદ જ આપણે વાંચીશું; અને એટલું પણ ચોક્કસ સમજવું કે કદાચ થોડાઘણા સિક્કા (૪૫-૪૬ના આંકવાળા) ઉપર મહાક્ષત્રપ શબ્દ[૩૯] છપાવા પામ્યો હશે તો તેવા તો બહુબહુ ત્યારે માત્ર એક વર્ષ પર્યંત જ ચાલેલ હોવાથી ભાગ્યેજ તે બિરૂદવાળા સિક્કાઓ અદ્યાપિ મળી આવતા હોય. અથવા તો કાં તેણે જ તે સર્વે એકઠા કરાવીને ગાળી નંખાવ્યા ન હોય ?

સાર એ થયો કે, ક્ષહરાટ સંવત ૪૫ સુધીના બધા સિક્કા "ક્ષત્રપ નહપાણ"ની

(૩૭) નહપાણના રાજા બિરૂદવાળા સિક્કા બે જાતના દેખાયા છે: એકમાં અવળી બાજુએ (જુઓ પુ. ૨ માં સિક્કાનું ચિત્રપટ નં. ૨ માં આકૃતિ નં. ૩૭) તેના પિતા ભૂમકના સિક્કાને મળતાં ચિહ્ન છે. જ્યારે બીજામાં અવળી બાજુએ ઉજ્જૈનીનું ચિહ્ન છે. (જુઓ ચિત્રપટ નં. ૪ આકૃતિ નં. ૫: જેમાં તેની સવળી બાજુના ચહેરા ઉપર ગૌતમીપુત્રે પોતાની છાપ મારી છે) એટલે એમ ધારી શકાય છે કે, પ્રથમનો સિક્કો અવંતિપતિ બન્યો કે તુરતમાં જ પડાવેલ, જ્યારે ઉજ્જૈનીના ચિહ્નવાળા પાછળથી પડાવેલ.

(૩૮) કો. આં. રે. પ્રસ્તાવના પૃ. ૫૯. શિલાલેખ નં. ૩૫—On the coins, the title Kshatrap or Mahakshatrap does not occur. Unlike Bhumaka, Nahapana is always called "Raja"=(નહપાણના) સિક્કા ઉપર, ભૂમકની પેઠે ક્ષત્રપ કે મહાક્ષત્રપ (શબ્દ) જોવામાં આવતો નથી. તે હંમેશાં "રાજા" જ કહેવાયો છે. વળી નીચેની ટીકા નં. ૩૯ તથા ૪૦ જુઓ.

(૩૯) કો. આં. રે. પ્રસ્તા. ૫૯. શિલાલેખ નં. ૩૫—The family designation kshaharata is omitted: and this is the only occurrence of the title of Mahakshatrap as applied to Nahapana=તેના કુળનું નામ ક્ષહરાટ જે છે તે પડતું મૂકાયું છે, અને નહપાણને મહાક્ષત્રપનું બિરૂદ લગાડાયું હોય તેવો આ ફક્ત એક જ દૃષ્ટાંત છે. [ અહીં જે only=માત્ર; એક જ; શબ્દ લગાડાયો છે તે એમ સૂચવે છે કે, આવા સિક્કાઓ બહુ જુજ મળી આવે છે અથવા એક જ આંકસંખ્યાવાળા મહાક્ષત્રપના સિક્કાઓ છે એમ પણ અર્થ થાય. વધારે સંભવ એક જ આંકનો લેવાનો છે; કારણ કે મહાક્ષત્રપ બન્યા પછી છ આઠ માસમાં જ તે રાજા બન્યો છે; એટલે કે મહાક્ષત્રપ શબ્દવાળા સિક્કામાં બે આંક લખેલ (૪૫ કે ૪૬) મળી આવે તો એમ સમજાય કે તેનો રાજ્યાભિષેક ૪૫ ની આખરમાં થયેલ અને ૪૬ ના પ્રથમ ભાગ સુધી તે પદે રહ્યો છે, પણ ૪૬ ની આખરમાં તો તે રાજા બન્યો છે જ. ] સરખાવો ઉપરની ટીકા નં. ૩૮ અને ૪૦ માં આપેલી હકીકત.

છાપના, સંવત ૪૫-૪૬ ના સિક્કા તે "મહાક્ષત્રપ નહપાણુ" ની છાપના જાણવા અને તે બાદ જે જે છપાવાયા તે સર્વે ઉપર "રાજા નહપાણુ"ની છાપ અંકિત[40] કરાઇ છે એમ સમજી લેવું. વળી તેનું-રાજા તરીકેનું-રાજ્ય, ૪૦ વર્ષ જેટલી લાંબી મુદ્દત સુધી ચાલ્યું છે એટલે "રાજા નહપાણુ"ની છાપવાળા સિક્કા જે અસાધારણ મોટી સંખ્યામાં (તેની બીજી છાપવાળા સિક્કા કરતાં) મુદ્રિત થયેલા મળી આવે છે તેનું કારણ પણ તેનો રાજા તરીકેનો-અવંતિપતિ તરીકેનો-દીર્ઘકાળ સુધી ચાલુ રહેલો આ વહીવટ જ છે એમ સમજી લેવું.

નહપાણનું રાજ્ય અવંતિમાં હતું[41] તે હકીકત સાબિત કરવા માટે તો કોઈ અન્ય પુરાવાની જરૂર જ રહેતી નથી. કારણ કે તેણે એ જાતના સિક્કા "રાજા નહપાણુ" તરીકેના પડાવ્યા છે. (બન્નેના તફાવત શું હોઇ શકે તેના ખુલાસા માટે ઉપરમાં ટી. નં. ૩૭ જુઓ) તેમાં બન્નેમાં સવળી બાજુએ પોતાનું મહોરું તથા રાજા નહપાણુ તેવા શબ્દો છે અને અવળી બાજુએ એક જાતના સિક્કામાં, જેને સિક્કા શાસ્ત્રીઓએ "ઉજ્જૈનનું ચિન્હ-Ujjain Symbol" તરીકે ઓળખાવરાવ્યું છે તેનું ચિત્ર છે.[42] એટલે તે અવંતિપતિ થયો હતો એમ નિર્વિવાદિત સાબિત થઈ ચૂકયું જ ગણાય. અને તેમ થયું એટલે તેની રાજગાદી પણ ઉજ્જૈનીમાં[43] અથવા વિદિશામાં નિશ્ચયપૂર્વક થઇ ચૂકી જ ગણવી રહે છે.

નહપાણે જે એક ખાસ વિશિષ્ટતા પોતાના સિક્કામાં દાખલ કરી છે તે આ સ્થળે જણાવવી જરૂરી છે. તે એ કે, અત્યાર સુધીના કોઈ હિંદુ સમ્રાટે-પછી તે મગધનો હોય, ઉજ્જૈનીનો હોય કે, કલિંગનો હોય પણ કોઇએ-સિક્કા ઉપર પોતાનું મહોરૂં ચિતરાવ્યું જ નથી, જેથી રાજા નહપાણે જ પોતાનું મહોરૂં છાપવાની પ્રથમ શરૂઆત કરી કહેવાય. અલબત્ત, પરદેશી પ્રજાના સરદારો તો મહોરૂં પહેલેથી પડાવતા આવ્યા છે જ. એટલે આ નહપાણના દૃષ્ટાંતથી એ હકીકતની કાંઇક ઝાંખી કબૂલાત મળે છે કે, તેની જાતિનું મૂળ, શુદ્ધ આર્ય પ્રજામાં નહોતું :

(૪૦) કો. આં. રે. પૃ. ૬૫ ટીપણ નં. ૧ માં પણ તે પુસ્તકની પ્રસ્તાવના પૃ. ૫૯ વાળા શબ્દો છે. (જુઓ ટી. નં. ૩૮ તથા ૩૯) વળી પારી. ૮૮ માં લખેલ છે કે:—Nahapana bears the title "Raja" together with his family name Kshaharata, but in none of them is he styled Kshatrapa or Mahakshatrapa=નહપાણે પોતાના વંશનું નામ જે ક્ષહરાટ છે તેની સાથે રાજાનું બિરૂદ ધારણ કરેલ છે, પણ કોઈ ઉપર ક્ષત્રપ કે મહાક્ષત્રપ બિરૂદ સાથે તેને અંકિત કરેલ જોવામાં આવતો નથી. (ઉપરની ટી. નં. ૩૭-૩૮ માંનો ખુલાસો વાંચો. હવે સમજાશે કે મહાક્ષત્રપના સિક્કા શા માટે નથી મળતા અથવા મળે છે તો બહુ જ જુજ સંખ્યામાં)

(૪૧) નીચેની ટીકા નં. ૪૩ જુઓ.

(૪૨) જુઓ પુ. ૨ ,સિક્કા ચિત્ર નં. ૭૫ તથા તેને લગતું વર્ણન.

(૪૩) કો. આં. રે. પ્રસ્તાવના પૃ. ૧૦૩ ટી. નં. ૧—It may be observed that there is the record of certain benefactions of Rishabhadatta at Ujjain which must therefore presumably have been included in Nahapana's dominions=એટલી નોંધ લેવી ઘટે છે કે, રૂષભદત્તે ઉજ્જૈનીમાં કેટલાંક દાન કર્યાનો ઉલ્લેખ મળી આવે છે. તેટલા માટે જરૂર કહી શકાય કે, નહપાણના રાજ્યમાં ઉજ્જૈનીનો સમાવેશ થતો હોવો જોઈએ જ.

અથવા ધારો કે જંબૂદ્વીપની આર્યપ્રજામાં હતું તો પણ યવનપ્રજાના[૪૪] કે શાકદ્વીપના કોઇ વસાહતના[૪૫] સંસ્કારની છાપ તેના મન ઉપર પડી ચૂકી હતી જ. આ કારણને લીધે તેણે તેમનું અનુકરણ કર્યું લાગે છે.

**તેના રાજ્યમાં લોકવૃત્તિને સંતોષાતી હતી**

નહપાણના રાજ્યે જેમ રાજકીય ક્ષેત્રે તેમ સામાજિક ક્ષેત્રે અને લોક-કલ્યાણના કાર્યો કરવામાં પણ તેના જમાઇ ઋષભદત્તનો જ મોટો હિસ્સો વિશેષતઃ રહેતો હશે એમ જણાઇ આવે છે; પછી તેવી પ્રવૃત્તિઓ તે સ્વેચ્છાથી આચરતો કે રાજા નહપાણની ઇચ્છા અને પ્રેરણાથી ધપાવતો, તે નક્કી કરવાનું સાધન આપણી પાસે નથી; પણ નહપાણનું કૌશલ્ય તથા બીજી રીતે હરેક બુદ્ધિ અને પાકટ વય જોતાં, એમ સ્વાભાવિક અનુમાન કરાય છે કે આવાં સર્વ કાર્યોમાં તેના તરફથી જ આજ્ઞા અને હુકમો ઋષભદત્તને મળતાં રહેતાં હોવાં જોઇએ. તેમ બીજું કારણ કાંઇક અનુમાનાય છે તે આ પારીગ્રાફમાં આગળ વર્ણવ્યું છે. એટલે પછી પ્રજાહિતનાં જે કાર્યો નહપાણ કે ઋષભદત્તના નામે ચડયાં દેખાય છે તે પ્રધાનપણે નહપાણની આજ્ઞાથી જ કરાયલાં છે એમ આપણે લેખવું પડશે; છતાં ઋષભદત્તને પણ અન્યાય ન થાય તે માટે તેનો વૃત્તાંત લખતાં કેટલીક હકીકત ત્યાં જણાવવી પડશે. એટલે અહીં તે સર્વે સંક્ષિપ્તમાં જણાવવું યોગ્ય ધાર્યું છે. અને તેમ કરવામાં અમે અમારો પોતાનો અભિપ્રાય કોઇ પ્રકારે રજૂ કરીએ તે કરતાં જુદા જુદા વિદ્વાનોએ જે શબ્દોમાં તેમણે પોતાનું મંતવ્ય જણાવ્યું છે તે અસલ શબ્દો જ એકાદ વાકય જેવડા નાના પ્રમાણમાં ટાંકી બતાવીશું. એક લેખકે[૪૬] તેના આખાયે રાજ્યની સમાલોચના એક નાનકડા સરખા વાકયમાં જ કરી દીધી છે. તે આ પ્રમાણે છે. His reign was in all probability a long and prosperous one=તેનું રાજ્ય દરેક બાજુએ તપાસતાં દીર્ઘસમયી અને સમૃદ્ધિશાલ હતું એમ કહી શકાય. આટલું કહીને પછી તે જ લેખક પોતાના અભિપ્રાયને કાંઇક વિશેષ સ્પષ્ટપણે વ્યક્ત કરતાં જણાવે છે કે-" Trade with western countries thrived during his reign; his benefactions were between Brahamins and Buddhists : ferries, rest-houses, places for drinking water and public halls are some of the comforts that he bestowed on his subjects. But what rebounds mostly to his credit is his revival of Nigamsabha[૪૭]=તેના રાજ્ય અમલ દરમ્યાન, પશ્ચિમ દેશો સાથેનો વેપાર

(૪૪-૪૫) યવન એટલે ગ્રીક; અને શાકદ્વીપનો કોઇ વસાહત એટલે બેકટ્રીઅન્સ અથવા યોન.

નહપાણને આપણે ક્ષહરાટ પ્રજાનો ઠરાવ્યો છે અને ક્ષહરાટ પ્રજા ઉપર યવન તથા યોન પ્રજાના સંસ્કાર પડયા હતા જ, તે આપણને ડિમેટ્રીઅસ અને મિનેન્ડરના વૃત્તાંતથી પણ જાણવામાં આવ્યું છે. આ બધી બાબતોનો સમન્વય કરીશું તો સંસ્કારને લગતી હકીકત ઉપર જેમ પ્રકાશ પણ પડે છે તેમ આપણે જે જે વર્ણન કરતા આવ્યા છીએ તે બરાબર છે-સાધાર છે; પણ કાલ્પનીક નથી-એમ પણ સાબિત થતું જાય છે.

(૪૬) જુઓ, જ. બોં. બ્રે. રો. એ. સો. નવી આવૃત્તિ પુ. ૩, ૧૯૨૮ નું પુસ્તક પૃ. ૬૪.

ખૂબ ફાલ્યો હતો તેણે બ્રાહ્મણો[૪૭] અને બૌદ્ધ-ધર્મીઓ[૪૮] માટે દાન દીધાં છે. પોતાની પ્રજાને જે કેટલીક સુખ-સગવડતાથી તેણે નવાજી હતી તેમાં, મચ્છવાઓ-હોડીઓ, ધર્મશાળાઓ-વિશ્રામસ્થાનો, પિયાવાઓ-પરબો, તેમજ વ્યાખ્યાનગૃહો-સભામંડપોનાં નામો ગણાવી શકાય ખરાં; પણ તેમાં યે તેની કીર્તિને જે વધારે ઝળકાવે છે, તે તો તેણે નિગમસભાને[૪૯] પુનર્જીવન અર્પ્યું હતું તે છે." એક બીજા લેખકે રૂષભદત્ત વિશે લખતાં, ઉપર પ્રમાણે જ અને લગભગ તેવા જ ભાવાર્થનું લખાણ લખ્યું છે. એટલે કે આપણે જે ઉપરમાં જણાવી ગયા છીએ, કે નહપાણ અને રૂષભદત્તનાં કાર્યો ભલે જુદાં જુદાં નામ તળે અપાયાં હોય, તોપણ તેને નહપાણનાં ગણવામાં વાંધો નથી. તે આપણી માન્યતાને સમર્થનરૂપ ગણાશે. તેમણે જણાવ્યું છે કે,[૫૦] Ushavdatta looked to the comforts of travellers. Quadrangular rest-houses were erected at various places. Wells were dug upon the way, stands for free distribution of water were raised in many places and ferri-boats were povided to cross some of the rivers. Whatever the condition of the four varnas in ancient times, howsoever strict the restrictions about connubium and commensality, during the early part, at any rate there was undoubtedly amalgamation between them during the time of the foreign kshatrapas=વટેમાર્ગુઓને રાહત મળે તે બાબત ઉષવદત્ત ભારે કાળજી રાખતો. અનેક જગ્યાએ તેણે સમચોરસ-વિશાળ મુસાફરખાનાં બનાવરાવ્યાં હતાં; રસ્તામાં કુવાઓ ખોદાવ્યા હતા. ઘણી જગ્યાએ મફત પાણીની પરબો બંધાવી હતી.[૫૧] તેમજ કેટલીક નદીઓ

(૪૭) આ જ પ્રમાણે બ્રાહ્મણોને જમાડવાનું બિંદુસારના ખાતે ઈતિહાસકારોએ ચડાવ્યું છે, પણ તે વિચાર કેવો ભૂલ ભરેલો છે તે પુ. ૨, માં તેનું વર્ણન કરતાં જણાવાયું છે. ( જુઓ પુ. ૨. પૃ. ૨૨૨ તથા તેની ટી. નં. ૬૯ ) ખરી રીતે તે કાર્ય સમ્રાટ પ્રિયદર્શિનનું હતું ( જુઓ તેના ચરિત્રે ) તે જ પ્રમાણે નહપાણે પણ ઘણી બાબતોમાં પ્રિયદર્શિનની રાજનીતિ ગ્રહણ કરેલી દેખાય છે. આગળના વાક્યોની તથા દાનપત્રની હકીકત સરખાવવાથી ખાત્રી થશે.

(૪૮) પ્રાચીન કાળના ઈતિહાસનું જ્યાં જ્યાં વિદ્વાનોએ આલેખન કર્યું છે ત્યાં ત્યાં, બ્રાહ્મણ અને બૌદ્ધ આ બે ધર્માનુયાયીઓનું જ સૂચન કરાયું છે. જ્યારે તે સમયે તો ત્રણ ધર્મવાળાઓનું અસ્તિત્વ હતું એમ આપણે પ્રથમના બે પુસ્તકથી જાણી ચૂક્યા છીએ. એટલે જે ત્રીજા ધર્માનુયાયી જૈનો છે તેને તો જાણે કોઈ ઓળખતું જ નથી એમ સ્થિતિ દેખાય છે. તેમાં દોષ જૈનોનો જ પ્રધાનપણે ગણવો રહે છે. કેમકે તેમણે તેમનું સાહિત્ય અન્ય વિદ્વાનોથી ગુપ્ત રાખવા પ્રયાસ સેવ્યો છે. એટલે વિદ્વાનો તો તેવા સાહિત્યના અભાવે તેનો અભ્યાસ પણ શી રીતે કરે? અને અભ્યાસ ન કરે તો પછી અભિપ્રાય તો શી રીતે જ આપે? બાકી જો તેમણે પોતાનું સાહિત્ય સર્વ માટે ખુલ્લું મૂકી દીધું હોત, તો અત્યારે ભારત દેશના ઈતિહાસની સ્થિતિ તદ્દન જુદી જ હોત.

(૪૯) પ્રિયદર્શિનના ખડખ લેખમાં તથા શ્રેણિકના વર્ણનમાં આ શબ્દો વપરાયા છે કે કેમ તે જોવું.

(૫૦) જુઓ જ. બો. બ્રાં. રો. એ. સો. ૧૯૨૭નું પુ. ૩, ભાગ બીજો.

(૫૧) સરખાવો પ્રિયદર્શિનના ખડક લેખોમાંની વિગતો, નહપાણની રાજનીતિ કેટલીય બાબતમાં પ્રિયદર્શિનને અનુસરતી હતી તે બાબતની ખાત્રી માટે "કેટલીક ઐતિહાસિક ઘટનાનું પુનરાવર્તન" નામના આગળ આવતા પારિગ્રાફનું વર્ણન જુઓ.

ઉતરવા માટે હોડીઓ રખાવી હતી.[૫૨] પ્રાચીન સમયે ચાર વર્ણોની ગમે તે સ્થિતિ હશે, તેમજ તે બાદ-કાંઇક પૂર્વ સમયે-રોટી અને બેટી વ્યવહારના એટલે પરસ્પર લગ્ન કરવા સંબંધી અને ખાવાપીવા સંબંધી ગમે તેટલા સખ્ત પ્રતિબંધો હશે,[૫૩] છતાં કહેવું જોઇશે કે આ પરદેશી ક્ષત્રપોના સમયે તો તે સર્વેમાં નિસંદેહપણે ઘણું જ મિશ્રણ થઇ જવા પામ્યું હતું." જ્યારે મિ. મજમુદાર પોતાના કોરપોરેટ લાઇફ નામના પુસ્તકમાં પૃ. ૩૭૬ ઉપર લખે છે કે– "There were many castes and sub-castes; distinct groups must have existed from the earlier period and these ultimately developed into classes and castes=જ્ઞાતિ અને પેટાજ્ઞાતિ તો હતી જ.[૫૪] પૂર્વના સમયે સ્વતંત્ર સમૂહો હોવા જોઇએ જ અને તેમાંથી આખરે વર્ગ અને જ્ઞાતિઓ ઉદ્ભવી હતી."[૫૫] ઉપરના સ્વતંત્રપણે ઉચ્ચારેલા વિદ્વાનોના અભિપ્રાયોથી તે સમયની સામાજિક સ્થિતિનું તથા રાજા નહપાણે તેમાં કરેલી લોક કલ્યાણની વિધવિધ પ્રગતિનું, આપણને કેટલેક અંશે જ્ઞાન થશે. એટલું જણાવી આ પારિગ્રાફની આદિમાં જણાવ્યા પ્રમાણે આ સ્થિતિ દેખાવાનું કારણ જે કલ્પી શકાય છે તે હવે જણાવીશું.

ભૂમક પોતે મહાક્ષત્રપ થઇ ગયો હોવા છતાં તેના સિક્કાઓ ક્ષત્રપ બિરૂદવાળા જ માત્ર સાંપડે છે તેમ કોઇ શિલાલેખમાં તેના કર્તા તરીકે તેનું નામ જ ગોત્યું જડતું નથી : તે જ પ્રમાણે નહપાણ પણ મહાક્ષત્રપ અને રાજા થયો હતો, છતાં તેના સિક્કામાં ક્ષત્રપ નહપાણ લખતો દેખાય છે અને શિલાલેખોમાં પણ મોટે ભાગે ક્ષત્રપ બિરૂદ જોડેલું જ નજરે પડે છે; જ્યારે રાજા અને મહાક્ષત્રપ બિરૂદવાળો તો શિલાલેખ જ નોંધાયો માલૂમ પડે છે. તેમ તે સર્વેમાં મુખ્ય સહાયક અને દાતા તરીકે તો તેના જમાતા રૂષભદત્તનું નામ જ્યાં ને ત્યાં હાજર જ છે. આ બધી હકીકતોનું સમીકરણ કરીશું તો એમ સમજાય છે કે, ભૂમક જ્યારે ગાદીપતિ થયો ત્યારે તે ૫૦ ની ઉમર ટપી ગયો હતો. તેમ નહપાણ પણ પોતે ગાદીએ બેઠો ત્યારે-મહાક્ષત્રપ કહો કે રાજા કહો, બેમાંથી ગમે તે પદવી લ્યો-તેટલી જ બલ્કે તેથી પણ મોટી ઉમરે પહોંચી ગયો હતો. અને બન્નેએ ૫૦ ઉપરની ઉમરે ગાદીએ આવ્યા છતાં ચાળીસ અને તેથી વધારે વર્ષની અવધિ સુધી રાજપદ ભોગવ્યું છે; એટલે જ આ બન્નેએ પોતપોતાના રાજત્વકાળ દરમ્યાન તો તદ્દન શાંતિથી જ અને ઉપેક્ષા વૃત્તિથી જ જીવન ગાળવાનું પસંદ કર્યું હશે એમ દેખાય છે; પણ પોતાના પિતાના રાજઅમલ દરમ્યાન જેમ નહપાણે પોતે ભરયુવાન હોવાથી ધમપછાડા

(૫૨) તે વખતે નદીઓમાં કેવાં પુર આવતાં હશે તેનો ખ્યાલ આ ઉપરથી આવશે (સરખાવો પુ. ૧, પૃ. ૧૬, ટી. ૨૦) કયાં તે વખતની જલપૂર્ણ નદીઓ અને કયાં હાલની સૂકીસમ નદીઓ ?

(૫૩) નાત-જાતના વાડા તો બંધાયા હતા જ. તેમાંય કદાચ વૈદિકધર્મી શુંગવંશી અમલે તેને જોર મળ્યું હશે, પણ આ પરદેશી-ભૂમક, નહપાણ વિગેરેના અમલે તે શિથિલ થવા પામ્યા હશે, આગળ આપણે જોઈશું કે તેઓ જે ધર્મ પાળતા હતા તેનું આ પરિણામ હતું. તેઓનો ધર્મ જૈન હતો એટલે તે પણ સાબિત થશે કે જૈન ધર્મ અમુક જ્ઞાતિને આશ્રીને નથી જ ગણાતો. જે કોઈ મનુષ્ય તે પાળે તેને માટે ખુલ્લો જ છે એવું તેનું વિશ્વ વ્યાપકપણું છે.

(૫૪) સરખાવો ઉપરની ટી. નં. ૫૩ ની હકીકત.

(૫૫) સરખાવો પુ. ૧, પૃ. ૩૩૫.

મારીને, એક અવીરતપણે કાર્યકર્તા તરીકે ઉદ્યાગી જિંદગી ગાળી અનેક પ્રદેશો જીતી લીધા હતા તેમ રાજા નહપાનના સમય દરમ્યાન તેના જમાઈ રૂષભદત્તની જિંદગી પણ હોવી જોઇએ. આ પ્રમાણેની-પોતે રાજપદે મોટી ઉમરે આવ્યા છે એટલે પોતાની યુવાનવયે બીજાની કારકીર્દીના અંશમાં રહીને કામ કરવું પડયું છે–વસ્તુસ્થિતિ ધ્યાનમાં રાખીને જો ક્ષત્રપ ભૂમક અને ક્ષત્રપ નહપાનના સિક્કાઓ તેમજ શિલાલેખોમાં આળેખાયલ વર્ણન અને શબ્દો ઉપર વિચાર કરીશું તો સર્વ સ્થિતિ આપોઆપ તદ્દન સત્ય સ્વરૂપમાં આપણને તુરત જણાઇ આવશે.

**કેટલીક ઐતિહાસિક ઘટનાનું પુનરાવર્તન**

મહારાજા પ્રિયદર્શિનના સમયમાં તેના રાજ્યના જે કેટલાક પ્રાંતીય વિભાગો પાડવામાં આવ્યા હતા તેમાં એક અપરાંતનો પ્રાંત પણ હતો, તથા તેનું રાજનગર સોપારા નગરે હતું એમ આપણે જણાવી ગયા છીએ ( જુઓ પુ. ૨, પૃ. ૩૫૮ ) વળી ત્યાં પોતાના તરફથી એક ખડકલેખ ઊભો કરાયો છે. આવા લેખો ઊભા કરવાના હેતુમાં જણાવ્યું છે કે તે સ્થળે તેના રાજકુટુંબના કોઈકિનું લોહી રેડાયું હોય અથવા કુદરતી રીતે મરણ થયું હોવું જોઇએ; પણ તે સ્થળે કોઇ સાથે પ્રિયદર્શિનને લડાઈ થઇ હોય કે તેના પુત્રને અથવા કૌટુંબિકને ત્યાં કોઇ કારણસર યુદ્ધમાં ઉતરવું પડયું હોય એમ અદ્યાપિ પર્યંત જણાયું નથી. એટલે એમ અનુમાન કરવું રહે છે કે, ત્યાંના સૂબાનું જ તે સ્થળે મરણ નીપજ્યું હશે અને તે સૂબો પોતાનો કોઇ નજીકનો ખેશી જન જ હશે. જ્યારે ખેશી જનને સૂબાપદે નીમ્યો હૈ ત્યારે એ પણ નક્કી જ થયું ગણવું કે તે વિભાગની ઉપયોગિતા રાજદ્વારી નજરે[૫૬] તેને વિશેષપણે લાગી હતી. દક્ષિણ હિંદના પશ્ચિમ કિનારા ઉપર ઉત્તરભાગે આવેલા એક પ્રાંતની આ પ્રમાણે સ્થિતિ થઈ: તેજ પ્રમાણે તેની દક્ષિણે આવેલો બીજો પ્રાંત, જેને તેણે કેરલપુત નામ આપ્યું છે ત્યાં પણ પોતાના એક કુટુંબીજનને નીમ્યો હતો એમ ત્યાં ઊભા કરેલા ત્રણ શિલાલેખમાં આળેખાયલી હકીકત ઉપરથી આપણે સમજી શકીએ છીએ. જેમ હિંદી દ્વીપકલ્પના પશ્ચિમ કિનારાની સ્થિતિ હતી તેવી જ પૂર્વ કિનારાની પણ હતી. તે કિનારાનું નામ કોરોમાંડળ કહેવાતું હતું, અથવા કહો કે આપણે તે નામે તેને અત્યારે ઓળખી રહ્યા છીએ. તે કિનારા ઉપર પણ પ્રિયદર્શિને તેજ સ્થિતિ ઊભી કરી હતી. અલબત્ત, તેમાં ફેર એટલો રાખવો પડયો હતો કે તે સ્થાને પોતાના કોઈ કુટુંબીને નવા સૂબા તરીકે નીમ્યો નહોતો. પણ તે કિનારે ઉત્તરના ભાગમાં પલ્લવ જાતિના ચોલાવંશી અને દક્ષિણના ભાગમાં પાંડયવંશી રાજાઓનો અમલ ચાલુ રખાવ્યો હતો. વળી આપણે પુ, ૧, પૃ. ૩૧૩, ૩૭૭ તથા પુ. ૨, પૃ. ૩૫૭ ટી. નં. ૨૩–૨૪–૨૫ માં જણાવી ગયા છીએ કે આ બન્ને રાજવંશીઓ મૂળે લચ્છિવી ક્ષત્રિયો જ હતા. તેમાંયે પલ્લવજાતિ ક્ષત્રિયો મૌર્યવંશનો એક પલ્લવ–એક શાખા–જેવા જ હતા. મતલબ કે, આ બન્ને રાજકર્તાઓ ખરી રીતે તો પ્રિયદર્શિન સમ્રાટના ભાયાતા જ હતા. તેથી જ તેણે પોતાના શિલાલેખોમાં આ બે રાજવીઓને Bordering Lands=સરહદ ઉપર આવેલા પ્રદેશોના રાજાઓ તરીકે સંબોધ્યા છે. એટલે કે તેણે તેમને પોતાના આજ્ઞાંકિત જનો તરીકે ગણ્યા

( ૫૬ ) જુઓ પુ. ૨, પૃ. ૩૫૨ થી આગળનું વર્ણન. ખાસ કરીને પૃ. ૩૫૮ નું પહેલું આસન.

છે ખરા, પણ તાબેદાર તો નથી જ ગણ્યા. આ સ્થિતિની જાણ એકલા શિલાલેખથી જ આપણને થાય છે એમ નથી, પણ તે પ્રદેશમાંથી મળી આવતા સિક્કાઓ સુદ્ધાં તે જ હકીકત નોબત વગાડીને પોકારે છે; કેમકે કોરોમાંડળ કિનારાના પ્રદેશમાંના સિક્કાઓ ઉપર બે સઢવાળું વહાણ ચિતર્યું છે[૫૭] અને બીજી બાજુ પ્રિયદર્શિનનું સાંકેતિક ચિહ્ન જે હાથી છે તે ચિતર્યો છે. મતલબ કે, હિંદી દ્વીપકલ્પના આખા પૂર્વ કિનારા ઉપર પણ પ્રિયદર્શિનની સાથે સગભાવ દર્શાવતા મિત્ર રાજાઓનો રાજઅમલ ચાલતો હતો. આ પ્રમાણે દ્વીપકલ્પના બન્ને કિનારા ઉપર સમ્રાટ સંપ્રતિ ઉર્ફે પ્રિયદર્શિનનો–સીધો કે આડકતરો[૫૮] કાબૂ હતો હતો ને હતો જ. આ કારણને લીધે દરિયામાર્ગે હિંદનો સંબંધ સમ્રાટ પ્રિયદર્શિનના સમયે પૂર્વમાં અરબસ્તાન અને તેથી આગળ વધીને આફ્રિકા, મિસર અને ગ્રીસ સુધી[૫૯] તથા પશ્ચિમે સુમાત્રા, જાવા સુધીના દૂરદૂરના પ્રદેશો સાથે જોડાયેલ રહેતો અને તેથી વેપારને ઘણું જ ઉત્તેજન મળતું હતું. તેમજ "વ્યાપારે વસતિ લક્ષ્મી" ની[૬૦] કહેવત અનુસાર દેશ સમૃદ્ધ પણ હતો. આ નીતિને અનુસરીને જ રાજા નહપાણે પણ સમુદ્રતટ પોતાની આણમાં મેળવવા[૬૧] અથાગ જહેમત ઉઠાવી હતી. તેની પ્રતીતિ આપણને, જે લડાઇઓ તે વારંવાર નાસિક, કાર્લી, સોપારા અને જુન્નેરના પ્રદેશોમાં લડ્યા કરતો હતો તે ઉપરથી મળી આવે છે. પોતે ગાદીપતિ બન્યો ત્યારે પોતાના તાબે, ભરૂચ અને સુરત જીલ્લાવાળો એટલે કે નર્મદા અને તાપી નદીથી ફળદ્રુપ બનતો તથા તેના બંદરવાળો ભાગ તથા સાબરમતી અને મહી નદીના મુખવાળો ખંભાતના અખાતવાળો ભાગ[૬૨] તો તેને વારસામાં મળી ચૂકયો હતો જ; પણ ગુજરાત પ્રાંતની દક્ષિણે આવેલ ભાગ-દક્ષિણ ગુજરાત તથા કોંકણપટીવાળો અપરાંતનો પ્રદેશ--તેને તાબે નહીં હોય એમ સમજાય છે; કેમકે અવંતિપતિ શુંગવંશી નબળા રાજાઓના રાજઅમલે આખા દક્ષિણ હિંદ ઉપર–સમુદ્રતટના પ્રાંતો સહિત–આંધ્રપતિની સત્તા જમાવટ પામી હતી. એટલે જ તે પ્રદેશ પોતાનો કરી લેવો વિશેષ લાભકારક છે એમ રાજા નહપાણની ચકોર અને દીર્ઘ રાજદષ્ટિએ જોઈ લીધું હોવું જોઈએ; અને તે કારણે જ ત્યાં ઉપરાઉપરી ચડાઈઓ લઈ જવાનું ધોરણ તેણે અંગીકાર કરી લીધું હશે. આથી કરીને પોતે રાજપદે આવ્યો તે પહેલાં પણ આ સમુદ્રતટના પ્રદેશ ઉપર હુમલા લઇ જઇને ત્યાં

(૫૭) જુઓ પુ. ૨, પૃ. ૧૧૮ સિક્કા નં. ૮૧ નું વર્ણન. વળી નીચેની ટી. ૫૮ જુઓ.

(૫૮) આડકતરો એટલા માટે કે, પ્રિયદર્શિનના પોતાના કૌટુંબિક જનની ત્યાં સત્તા ન હોય, પણ અન્ય રીતે સગું થતું હોય તેની સત્તા હોય. અહીં આંધ્રપતિ શાતકરણી સાતમાનું રાજ્ય હતું જે સમ્રાટ પ્રિયદર્શિનનો સાળો થતો હતો (જુઓ પુ. ૨, પૃ. ૨૯૬. ટી. નં. ૪૩ તથા પુ. ૨, પૃ. ૩૧૦ તથા તેની ટીકાઓ)

(૫૯) પ્રિયદર્શિનના જે પાંચ સમકાલીન પરદેશી રાજાઓનાં નામો ખડકલેખોમાં આપ્યાં છે તે હકીકત પરત્વે આ કથન છે એમ સમજવું.

(૬૦) વર્તમાનકાળે પાશ્ચાત્ય પ્રજાઓ આ સૂત્રને અનુસરીને જ પોતાની રાજનીતિ રચી રહ્યા છે તે સૌ કોઇની જાણમાં હશે.

(૬૧) સરખાવો આ પુસ્તકમાં મિનેન્ડરના વૃત્તાંતમાં ઈતિહાસકાર મિ. વિન્સેંટ સ્મિથનું કથન પૃ. ૧૫૬.

(૬૨) આથી સાબિત થશે કે, બંદરોની કિંમત અને તે દ્વારા વ્યાપાર ચલાવવાની કળા, આર્ય પ્રજાને ઈ. સ. પૂ. ના ત્રીજા સૈકાથી પણ જાણીતી છે (પ્રિયદર્શિનના સમયથી) તે પૂર્વે પણ હશે જ; બલ્કે રાજા શ્રેણિકના સમયે પણ જાણીતી હતી.

પોતાનું બળ પાથર્યે જતો હતો;[૬૩] તેમજ કટકે કટકે તે દેશો જીતી લઇ, ત્યાં દાન પણ દઇ, તેવાં આશયનાં દાનપત્રો તથા શિલાલેખો વિગેરે ઊભાં કરાવ્યાં હતાં; જેથી ત્યાંના પ્રજાજનોનો સદ્ભાવ પોતા તરફ વળતો જાય.[૬૪] વળી એકમાં તો યુવરાજ જેવા જમાઈ રૂષભદત્ત તથા પુત્રી દક્ષમિત્રા સાથે[૬૫] પોતાના મહામંત્રી અયમનું નામ[૬૬] પણ વાંચવામાં આવે છે. એટલે તે પ્રદેશની કેવી ભારે અગત્યતા તે પોતે સમજતો હશે[૬૭] કે જેથી પોતાના અંગત એવા એક નહીં, બે નહીં, પણ ત્રણ ત્રણ મહાપુરુષોને ત્યાં મોકલી આપ્યા છે; એટલું જ નહીં પણ તે પ્રદેશમાંથી આંધ્રપતિની સત્તા તદ્દન નાબૂદ થઈ જાય તેમજ કોઈ કાળે પાછી સ્થાપન કરવા માંગે તો પણ તે અતિવિકટ પ્રશ્ન બની જાય તેવું તેને આવશ્યક દેખાતાં, આંધ્રપતિને તેની રાજધાનીનું નગર અસલ સ્થાનેથી ખસેડીને આંતરિક પ્રદેશમાં જરા આઘે લઈ જવા[૬૮] ફરજ પાડી હતી. આવું પગલું ભરવાથી કેવું હાડોહાડ વેર શાતકરણી વંશના રાજવીઓ સાથે સદાને માટે તેણે વહોરી લીધું હતું તે આપણે જોઇ ગયા છીએ. નાસિકના શિલાલેખમાં રાણી બળશ્રીએ કોતરાવેલ શબ્દોની ગંભીરતા અને મહત્ત્વતા વાચકવર્ગને હવે બરાબર સમજાઇ હશે.

આ બધા નિવેદનથી એક જ વાત સૂચવવાની કે રાજા નહપાણને પણ સમ્રાટ પ્રિયદર્શિનની પેઠે સમુદ્રતટનો પ્રદેશ પોતાને તાબે કરી લેવાની અગત્યતા પૂરેપૂરી સમજાઈ હતી જ; અને તેથી જ તે સાધ્ય સાધવા માટે હંમેશા ચિંતવન કર્યાં કરતો હતો અને અંતે તે લક્ષ્ય સાધ્યા બાદ જ જંપીને બેઠો હતો. જેમ સમુદ્રતટની કિંમત આંકતો હતો તેમ સરિતા પ્રવાહને[૬૯] પણ વ્યાપારિક ઉપયોગમાં લેવાને તેણે ઓછું લક્ષ નહોતું આપ્યું. તેની ખાત્રી તેણે જે Ferri-boats-મચ્છવા, હોડી વિગેરેની અધિક સગવડતા કરી આપ્યાનું જાણીએ છીએ તે ઉપરથી આપણે સારી રીતે જાણી શકીએ છીએ. તે ઉપરથી આપણો સારો વાંચો.

(૬૩) હાલની પાશ્ચાત્ય પ્રજાઓએ પણ વ્યાપારની વૃદ્ધિ માટે, પશ્ચિમ હિંદના કિનારે સોપારાની નજીકનું જ બારૂં પોતાના બંદર તરીકે પસંદ કર્યું છે (જેને આપણે હાલ "મુંબઈનું તરતું બંદર" કહીને સંબોધીએ છીએ) મતલબ કે, આ તટનાં સ્થનોની કિંમત પણ તે વખતના રાજવીઓને જાણીતી હતી.

(૬૪) આ પ્રમાણે પ્રજાનો સંતોષ મેળવી શકાય છે તે પણ રાજનીતિનું એક અંગ જ લેખાય છે.

(૬૫) જ્યારે જમાઈ અને પુત્રીને જ જ્યાં ત્યાં આગળ કર્યાં છે તે બતાવે છે કે, નહપાણને પુત્ર નહોતો, પણ યુવરાજનું સ્થાન અને જવાબદારી બધાં રૂષભદત્તને માથેજ લાદ્યાં હતાં. (વળી નીચેની ટીકા નં. ૬૭ સરખાવો.)

(૬૬) આ હકીકતથી સમજાશે કે, શિલાલેખમાં અયમના નામ સાથે જે આંક જોડાયો છે તે ૭૬ નહીં પણ ૪૬ નો જ છે, એટલે કે રાજા નહપાણની રાજકારકીર્દિના પ્રારંભનો જ છે. ઉપરમાં 'છોંતેર કે છેંતાલીસ' વાળો પારો વાંચો.

(૬૭) મહાઅમાત્યને પણ આ પ્રદેશ સુધી મોકલ્યો છે તે બતાવે છે કે, આ દેશ જીતવો તેને મન બહુ જ ઉપયોગી અને હાડોહાડ વાત બની ગઇ હતી.

(૬૮) પૈઠણમાંથી આઘે ભીતરના પ્રદેશમાં જ્યાં વરંગુળ શહેર આવ્યું છે, ત્યાં જ કે તેની આસપાસનું સ્થાન હશે. અહીં પૂર્વે પણ આંધ્રપતિની ગાદી થોડો સમય રહી ગઈ હોય એમ બનવાયોગ્ય છે. (જુઓ. પુ. ૧, પૃ. ૧૫૭) એટલે આ પ્રસંગે પણ આપદ્ધર્મ તરીકે તેનો સ્વીકાર કરવો પડશે હોય. તેના રાજ્ય વિસ્તારમાં દર્શાવેલી હકીકત સાથે સરખાવો.

(૬૯) હાલની સ્થિતિ સાથે સરખાવો. પહેલાંનાં બંદરો જેવાં કે તાપી કિનારે સુરત, નર્મદાનું ભરૂચ, મહીનું ખંભાત તથા કાવી, સાબરમતીના મુખ પાસે આવેલું ધોલેરા વિગેરે જે જાહોજલાલી ભોગવી રહ્યાં હતાં તે વર્તમાનકાળે સર્વ બંધ થઈ ગયાં છે.

ણને મળે છે. મતલબ એ થયો કે, જેમ મહારાજા પ્રિયદર્શિન વેપારવૃદ્ધિને માટે સતત કાળજી ધરાવતો હતો તેમ રાજા નહપાણ પણ તેના જેવો જ લાંબી નજરે કામ લેવાવાળો રાજવી હતો. તેથી જ તે બન્ને રાજાની પ્રજા સંતોષી અને સુખી બની રહી હતી. તે જ પ્રમાણે તે બન્નેનો રાજ્યઅમલ પણ જનકલ્યાણકારી ગણાઇને વખણાયો હતો તથા રાજ્યની સંગીનતા અને મજબૂતાઇ પણ વિશેષ મનાતી હતી.[૭૦] ( સરખાવો પૃ. ૧૫૬ ઉપર ટાંકેલું અ. હિ. ઈ નું ઈંગ્રેજી શબ્દોવાળું અવતરણ તથા તેને લગતી ટી. નં. ૪૪ તેમજ આ પારિગ્રાફે ટી. નં. ૬૧, ૬૨, ૬૩ ની હકીકત. )

**અવંતિપતિ હોવા છતાં ક્ષત્રપો સાથે વર્ણન કેમ ?**

રાજા નહપાણ એક તો અવંતિપતિ બન્યો છે. વળી તેણે એક હિંદુ રાજાને શોભે તેવું "નરવાહન, નભોવાહન" વાળું નામ તેમજ "રાજા" નામનું બિરૂદ પણ ધારણ કર્યું છે. એટલે જેમ અન્ય અવંતિપતિના વંશનો ઇતિહાસ પૃથક પૃથક પરિચ્છેદ કે ખંડ પાડીને વર્ણવ્યો છે, તેમ રાજા નહપાણનો પણ એક સ્વતંત્ર વંશ લખીને તેનો ઇતિહાસ જુદો પાડવો જોઇતો હતો; પણ તેમ ન કરતાં અત્ર સામાન્ય લેખાય, તેવા ક્ષત્રપોની નામાવળીમાં જ કેમ તેને દાખલ કર્યો હશે ? તેવી શંકા કોઇના મનમાં ઉદ્ભવે, તો તેના ખુલાસામાં જણાવવાનું કે, તેમ કરવાનાં પણ કેટલાંક વિશિષ્ટ કારણો છે. જેમકે ( ૧ ) તેના શિલાલેખોમાં અને સિક્કાઓમાં ક્ષત્રપ શબ્દ જ મુખ્યતયા વપરાયો છે અને તેથી વાચકની સમજણ ફેર થઇ ન જાય, તેમ બીજી રીતે તેને સમજવામાં ગુંચવાડો ઉભો ન થાય, તેટલા માટે ક્ષત્રપને અનુસરતા જ સ્થાને તેને ગોઠવવાનું યોગ્ય લાગ્યું છે. ( ૨ ) વળી તેના વંશમાંથી માત્ર તે એક જ પુરૂષ એવો થયો છે કે જેણે અવંતિપતિની ગાદી શોભાવી હોય. એટલે એક પુરૂષનો વંશ છૂટો કેવી રીતે વર્ણવવો ? અત્યાર સુધીના કોઈ પણ દેશનો ઇતિહાસ શોધી વળો તો એવો એક પણ દાખલો હાથ નહીં લાગે કે જ્યાં એક વંશનો એક જ રાજા થયો હોય. એટલે પણ આવા સ્થાપિત ધોરણથી અળગા પડી જઇને અપવાદ માર્ગમાં ઉતરવાનું લાજમ નથી લાગ્યું.

ત્યારે કોઇ એમ પ્રશ્ન ઉઠાવશે કે, તો પછી નહપાણના જમાઇ રૂષભદત્તનું કેમ ? શું તે તેનો ગાદીવારસ નહોતો. ઉપરની ટી. નં. ૬૫ માં તો તમેજ તેને રાજા નહપાણના યુવરાજ તરીકેની સઘળી જવાબદારી ઉઠાવી લેતો બતાવ્યો છે. આમ કરીને તમે તેને અન્યાય કરી રહ્યા છો તો તેના ઉત્તરમાં જણાવવાનું કે, (૧) રૂષભદત્ત પ્રથમ તો અવંતિપતિ તરીકે અભિષિક્ત જ થયો નથી. ( ૨ ) બીજું તે કાંઇ એકલો જ નથી પણ તેના વંશમાં લગભગ આઠ દશ રાજા થઇ ગયા હોવાનું જણાય છે. અલબત્ત, તેમનાં નામ અને જીવનના વાસ્તવિક બનાવો અદ્યાપિ તદ્દન અંધારામાં પડી રહ્યાં છે તેટલું ખરૂં; છતાં માનવાને કારણ મળે છે કે, તેમનો એકંદર રાજઅમલ ઈ. સ. પૂ. ૭૪ થી ઇ. સ. ૭૮ સુધીના ૧૫૨ વર્ષ પર્યંત ચાલ્યો છે. ( ૩ ) વિદ્વાનોએ આ વંશને Shahi Kings of Saurastra=સૌરાષ્ટ્રના શાહી રાજાઓ એવા ઉપનામથી થોડે અંશે ઓળખાવ્યો લાગે છે,

( ૭૦ ) જુઓ ઉપરમાં " તેના રાજ્યમાં લોકવૃત્તિને સંતોષાતી હતી " વાળા પારિગ્રાફનું વર્ણન.

એટલે કે તેને નહપાણ ક્ષહરાટના વંશજ, વારસદાર કે તેના દત્તક તરીકેના અનુગામી તરીકે લેખવામાં આવ્યો જ નથી. આ પ્રમાણે અનેક કારણો મળવાથી રૂષભદત્તનું વૃત્તાંત અત્રે ન લખતાં એક સ્વતંત્ર પરિચ્છેદ તળે જ લખવાનું ઠરાવ્યું છે.

ઉપર પ્રમાણે સર્વ ઐતિહાસિક પરિસ્થિતિ હોવાથી, હવે સમજાશે કે શા માટે નહપાણનું વૃત્તાંત સ્વતંત્રપણે આળેખવામાં નથી આવ્યું, તેમજ તેના જીવનની અનેક ઘટનાઓ તેના જમાઈ રૂષભદત્ત સાથે ઓતપ્રોત થઈ ગઈ છે; છતાં તેનાથી પણ તેને શા માટે છુટો પાડી નાંખવામાં આવ્યો છે.

**નહપાણ અને ચષ્ઠણના સંબંધ વિશે**

પરદેશી પ્રજાના ઇતિહાસમાં અને તેમાં પણ ક્ષત્રપ બિરૂદ ધરાવતા રાજકર્તાઓ જે જે હિંદના ઇતિહાસ સાથે સંબંધ ધરાવતા મનાતા આવ્યા છે તે સર્વેમાં, જો કોઇનો રાજઅમલ વિશેષ પ્રભાવશાલી અને મહત્ત્વપૂર્ણ બનાવોથી ભરપૂર માલૂમ પડયો હોય, તો તે માત્ર બે પુરૂષોનો જ છેઃ તેમનાં નામ નહપાણ અને ચષ્ઠણ છે. આ બન્નેનો રાજકારભાર જેમ પ્રભાવવંતો અને યશસ્વી નીવડયો છે તેમ તે બન્નેનો રાજત્વકાળ પણ દીર્ઘ સમયી ર્યો છે. વળી બન્ને જણાએ ક્ષત્રપ, મહાક્ષત્રપ, સ્વામી તેમજ રાજાનાં બિરૂદો મેળવેલાં છે.[૭૧] આ પ્રમાણે અનેક રીતે બન્નેની સામ્યતા[૭૨] હોવાથી, વિદ્વાનોએ તેમને એકજ કુળના અથવા તો એક કુળની જુદી જુદી શાખાના હોવાનું ધારી લીધું છે. તેમાંના નહપાણનાં રાજદ્વારી જીવનનો કેટલોક પરિચય, પ્રસંગ ઉપસ્થિત થવાથી અત્ર અપાઈ ગયો છે, જ્યારે ચષ્ઠણ વિશે તો હજુ ચોથા પુસ્તકમાં અને તે પણ તેના અંત ભાગે જ નિવેદન થવાનું છે. એટલે બેની વચ્ચે અનેક રીતે સામ્યતા હોવા છતાં, જે વિષમતા છે તે તો ત્યારે જ માલૂમ પડશે; છતાં અત્રે જે એક મુદ્દો જણાવવો આવશ્યક છે તેનીજ ચર્ચા હાથ ધરીશું.

રાજા નહપાણે પોતાના સિક્કામાં પોતાની ઓળખ માટે ક્ષહરાટ શબ્દ[૭૩] વાપરેલ હોવાથી તેના વિશે આપણે અંધારામાં ગોથાં ખાવાં પડે તેવું બહુ રહેતું નથી; જ્યારે ચષ્ઠણે પોતા માટે કયાંય પણ, એકકે શબ્દ વાપર્યો જ નથી; જેથી તેની અન્ય ઓળખ માટે વિવિધ કલ્પનાઓ ઉપજાવી કાઢવી પડે છે. તે સર્વેનો ઉલ્લેખ તો તેનાં વૃત્તાંતે કરીશું. અત્રે તો એટલું જ લક્ષમાં લેવાનું છે, કે જેમ નહપાણને ક્ષહરાટ કહી શકીએ છીએ તેમ ચષ્ઠણને શું વિશેષણ લગાડવું તે અગમ્ય મુદ્દો ગણાયો છે. એટલે વિદ્વાનોએ એક માર્ગ લીધો સમજાય છે કે, ક્ષહરાટને એક ગોત્ર (family)[૭૪]

---

(૭૧) જુઓ તેમના સિક્કાઓ (પુ. ૨ માં નં. ૩૭ તથા ૪૨) તેમજ ઉપરની ટી. નં. ૬૪.

(૭૨) આ ઉપરાંત તે બન્નેના ધર્મવિશે પણ ઘણી જ સામ્યતા હતી (ઘણી જ એટલા માટે લખવી પડી છે, કે તેમાં કાંઇક ભેદ પણ હશે એમ મને લાગ્યું છે. કદાચ તે ભેદ ન પણ હોય; પણ તે શંકાનું સમાધાન ન મળે, ત્યાં સુધી તેટલે દરજ્જે ભેદ હોવાનું માનવું પડે છે) પણ તે અહીં મેં નથી જણાવી; કેમકે વિદ્વાનોએ ધર્મ બાબતમાં કોઈ રાજવીઓ વિશે વિચાર જ કર્યો નથી (કોઈ એક બે જાણીતા અપવાદ સિવાય) એટલે તે વાત હું અહીં કરવા બેસું તો તે અસ્થાને ગણાશે.

(૭૩) પુ. ૨, સિક્કા નં. ૩૭ જુઓ.

(૭૪) જુઓ ઉપરમાં ભૂમકના વૃત્તાંતે.

અથવા વંશ ( Race ) કે જ્ઞાતિ ( Stock ) જેવું લેખી કાઢયું તથા જે પરદેશીઓ બહારથી હિંદ ઉપર ચડી આવ્યા છે[૭૫] અને જેમનાં નામ અવંતિપતિ તરીકે કે તેની આસપાસના પ્રદેશ ઉપર સત્તાવાહી થયા છે તેમાં માત્ર શક તથા હિંદી શકપ્રજાનું નામ જ વિશેષ જાણીતું થયેલ હોવાથી આ નહપાણને તે શકપ્રજાનો સભ્ય બનાવી દીધો; તેમ ચષ્ટણ વિશે તો કાંઈ તેવું જણાયું જ નહોતું. વળી તે પણ હિંદની બહારનો જ વતની હતો–જો કે તેનું જન્મસ્થાન કે દેશ વિગેરે કાંઇ જણાયું નથી જ. તેમ શોધી કાઢવા પ્રયત્ન થયો હોય એવું પણ દેખાતું નથી–એટલે તેને પણ શક ઠરાવી દીધો; કેમકે તે બેની વચ્ચે અનેક પ્રકારનું સૌમ્ય તો હતું જ; જે સ્થિતિ આપણે આ પારીગ્રાફના આરંભમાં જણાવી ચૂકયા છીએ. મતલબ કહેવાની એ છે કે, સંજોગને અનુસરીને તેમજ સાથે સાથે કલ્પનાના બળને યુક્ત કરીને આ બન્ને સત્તાધિકારીને શક જાતિના–જેને સિથિઅન્સ કહેવાય છે, અથવા હિંદમાં વસવાથી ઇન્ડો–સિથિઅન્સ પણ કહેવાઇ શકે છે–ઠરાવી દીધા છે. તેમાં નહપાણની સાથે ક્ષહરાટ શબ્દ લાગેલ હોવાથી તે ક્ષહરાટ શબ્દને, જ્ઞાતિ કે પ્રજાનું નામ ન લખતાં, તેને માત્ર ગોત્રનું નામ[૭૬] માની લીધું છે.

વિદ્વાનોએ ગ્રહણ કરેલ આ માર્ગ કેટલા દરજ્જે ગ્રાહ્ય છે, અથવા તો અગ્રાહ્ય અને ભૂલ ભરેલો હોય, તો તેનાથી શું શું અનિષ્ટો ઐતિહાસિક દૃષ્ટિએ નીપજ્યાં છે, તેનો આપણે તાગ લેવા પ્રયાસ કરવો રહે છે.

વિશેષ વિસ્તારમાં ન ઉતરતાં છેવટનો મારો જે અનુમાન–નિર્ણય થયો છે. તે પ્રથમ જણાવી દઇશ અને પછી તે માટેનાં કારણો જણાવીશ. નિર્ણયમાં જણાવવાનું કે તે બેમાંથી એકકે જણ શક જ નથી. તેમ તે બન્નેની જાતિ જ જુદી છે. અને જો જાતિ જુદી જ છે તો પછી તે બેની વચ્ચે કોઇ પણ પ્રકારનો સગપણ સંબંધ હોવાનો પ્રશ્ન જ ઉદ્‌ભવતો નથી; જ્યારે કારણોમાં જણાવવાનું કે:—

( ૧ ) ગૌતમીપુત્રની માતા રાણી બળશ્રીવાળા નાસિકના શિલાલેખમાં જણાવાયું છે કે:–[૭૭] " Gautamiputra destroyed the Sakas, Yavanas and Pahalvas etc.... & rooted out the Kshaharatas=ગૌતમી પુત્રે શક, યવન અને પહલ્વાઝ વિ. ની કત્લ કરી નાંખી...તેમજ ક્ષહરાટોનું[૭૮] જડમૂળથી નિકંદન કાઢી નાંખ્યું. " આ હકીકતથી એમ તો સ્પષ્ટજ થઈ ગયું કે, જેમ શક ( Scythians ) યવન ( Greek or Bactrians ) અને પલ્હવાઝ ( Persians & Parthians ) જુદી જુદી પ્રજા છે તેમ ક્ષહરાટ ( Inhabi-

( ૭૫ ) પાર્થિઅન્સ, બેકટ્રીઅન્સ, પહ્લવાઝ અને શક: આ ચાર નામો તેમણે પરદેશી પ્રજા તરીકે ગણ્યા છે. પહેલી ત્રણ પ્રજાએ બહુ બહુ તો પંજાબ, પાંચાલ અને સુરસેન ઉપર જ અમલ ચલાવ્યો છે. માત્ર શક પ્રજાએ જ મધ્ય હિંદમાં પ્રવેશ કર્યો હતો.

( ૭૬ ) સરખાવો ઉપરની ટીકા નં. ૭૪ તથા જુઓ નીચેની ટીકા નં. ૭૮.

( ૭૭ ) મૂળ માટે જુઓ કો. આં. રે. પ્રસ્તાવના પૃષ્ઠ ૩૬, પારિગ્રાફ ૪૪; તથા અવતરણ માટે ઉપરમાં જુઓ પૃ. ૨૦૨ અને ૨૦૩.

( ૭૮ ) જ્યારે શક, યવન, પહ્લ્વાઝ અને ક્ષહરાટો સર્વેનાં નામ એક સાથે લેવાયાં છે તથા તેમાંની પ્રથમ ત્રણને પ્રજા તરીકે ઓળખાવાય છે. તો પછી ક્ષહરાટને પણ પ્રજા તરીકે જ લેખવી રહે છે. છતાં ગોત્રનું નામ લખવું તે ભૂલ કહેવાય કે નહીં ? (જુઓ ઉપરની ટીકા નં. ૭૫ તથા ૭૭. )

tants of Camboja ) પણ એક જુદી જ પ્રજા છે. અને નહપાણ ક્ષહરાટ હોવાથી તેને શક પ્રજાનો સભ્ય કહી ન જ શકાય. બીજી વાત આ શિલાલેખથી એમ સિદ્ધ થઇ જાય છે કે, શક, યવન અને પલ્હવાઝની કત્લ થઇ ગઇ હતી. એટલે કે આ ત્રણે પ્રજાનાં જે જે માણસો યુદ્ધમાં ઉતર્યાં હતાં તે સર્વે કપાઇ મૂઆં હતાં. પણ તેમની આખી પ્રજાનો તો નાશ-વિધ્વંસ થયો નહોતો જ. પણ તે પ્રજાના ઘણાં માણસો જીવતાં રહ્યાં હતાં; જ્યારે ક્ષહરાટોનું તો નિકંદન જ કાઢી નંખાયું છે. એટલે કે તેમનો કોઇપણ માણસ બચત જ રહેવા પામ્યો નહોતો : તેમ જ્યારે માણસ જીવતો જ નથી રહ્યો ત્યારે તે તે પ્રજાના નામ ઉપર આપણે તાળું જ મારી દેવું પડે છે. એટલે કે, ગૌતમીપુત્રના સમય પછી કોઇ ક્ષહરાટ પ્રજાનો માનવી શોધ્યો જડે, તેવી સ્થિતિ જ રહી નથી; જ્યારે બીજી બાજુ આપણે તો એમ સાબિત કરી શકીએ છીએ-આગળ ઉપર જોઇશું કે-ગૌતમીપુત્રના મરણ પામ્યા બાદ જ ચષ્ઠણની ઉત્પત્તિ છે. હવે વિચારો કે જે ક્ષહરાટોનું નિકંદન ગૌતમીપુત્રે કાઢી નાંખ્યું હોય તે પ્રજાનો માણસ ગૌતમીપુત્રના મરણ બાદ હોઇ શકે ખરો? જો તેમ ન બની શકે તો, પછી ચષ્ઠણને ક્ષહરાટ પ્રજાનો પણ ન જ કહી શકાય; અને તેટલું સિદ્ધ થયું તો, ક્ષહરાટ નહપાણથી ચષ્ઠણ ભિન્ન જ પ્રજાનો થઇ ચૂકયો કહેવાય.

( ૨ ) મિ. થોમસનું મંતવ્ય[૭૯] એમ છે કે-It seems certain that the name Nahapana is Persian and that of the Ghsamika, the father of Chasshana is scythic= એટલું નક્કી છે કે, નહપાણનું નામ ઇરાની છે તથા ચષ્ઠણના પિતા ઘ્યમતિકનું નામ શક જાતિનું લાગે છે." આ ઉપરથી એટલું તો મિ. થોમસના મનમાં પણ ઉગ્યું દેખાય છે કે, નહપાણ અને ચષ્ઠણ એક જાતિના તો નથી જ. ભલે પછી તેમણે તે દરેકની જાતિ માની લેવામાં ભૂલ ખાધી હોય.

( ૩ ) મિ. રેપસનનો અભિપ્રાય[૮૦] એમ થાય છે કે-Western Kshatrapas (meaning Chasthana family) were first called the Sah (meaning Shahi) dynasty-a wrong reading of the "Sinha or Sen" which forms the second part of so many of these names=પશ્ચિમ દેશના (તે ઉપર અમલ ધરાવતા) ક્ષત્રપો (ચષ્ઠણ વંશ કહેવાને માંગે છે) ને પ્રથમમાં શાહવંશી (શાહીવંશી) ગણવામાં આવતા હતા. તે વંશના ઘણા નામોનાં બીજા પદમાં "સિંહ કે સેન" (શબ્દ) આવે છે તેને બદલે ભૂલમાં આ શબ્દ (શાહ) વંચાયો છે." તેમના કહેવાનો તાત્પર્ય એ છે કે, ચષ્ઠણના વંશજોમાં ઘણાંખરાં નામને છેડે "સિંહ અને સેન" લાગેલ છે. તેથી તેમના વંશને અગાઉ "શાહવંશી" તરીકે ગણવામાં આવતો હતો, પણ હવે વિશેષ અભ્યાસથી માલૂમ પડયું છે કે તેઓના વંશને[૮૧] "શાહી" નામથી ઓળખાવવો તે ભૂલભરેલું છે. જ્યારે આપણે આગળ રૂષભદત્તનું વર્ણન

(૭૯) જ. રો. એ. સો. ૧૯૦૬, પૃ. ૨૨૧.

(૮૦) જુઓ. કો. આં. રે. પ્રસ્તાવના પૃ. ૧૦૩ નું ટીપણ.

(૮૧) ખરી રીતે તો તેના વંશને પણ શાહી કે શાહ અથવા તેને મળતા ઉચ્ચારવાળા નામથી ઓળખાવાતો જ નથી. તેનો ખરો ભેદ તેનું વર્ણન કરવામાં આવશે ત્યારે સમજાશે. જુઓ પુસ્તક ૪ ના અંતે.

લખતી વખતે સાબિત કરીશું કે માત્ર તેના વંશને જ[૮૨]શાહી કહી શકાય તેમ છે; જે કારણથી રૂષભદત્તને શાહી કહી શકાય તેમ છે તે જ કારણથી નહપાણને પણ કહી શકાય તેમ છે. એટલે કે નહપાણને હજુ શાહી કહી શકાય પણ ચષ્ઠણ તો શાહી નથી જ; જેથી બન્ને જુદી જુદી ઓલાદમાંથી ઉતરી આવેલા તેમને લાગ્યા છે.

(૪) પ્રો. ઓલ્ડનબર્ગનું કહેવું[૮૩] વળી આ પ્રમાણે થાય છે કે–Kshatrapa inscriptions (at Junagadh and Jasdan) contain nothing similar titles, Shahi, Shahenshahi, Saka or Devaputta which are found several times connected with those in the legend=(જસદણ અને જૂનાગઢવાળા) ક્ષત્રપોના શિલાલેખોમાં, શાહી શહેનશાહી, શાક અથવા દેવપુત્ત જેવા કોઇ હોદ્દાઓનો ઉલ્લેખ થયો નથી દેખાતો, કે જેનો ઉપયોગ આ કથામાં વારંવાર થએલ દેખાય છે; એટલે કે ચષ્ઠણના વંશને આવા હોદ્દાઓ જોડાયલા જણાતા નથી; જ્યારે તે હોદ્દાઓ નહપાણ અને રૂષભદત્તને અવારનવાર લગાડવામાં આવ્યા છે.[૮૪] કહેવાની મતલબ એ છે કે, તેમના મતથી નહપાણ અને ચષ્ઠણ જુદી જ પ્રજાના સરદારો હોવા જોઇએ.

(૫) મિ. રેપ્સન નહપાણના સિક્કા બાબત ચર્ચા કરતાં એમ દલીલ કરે છે કે[૮૫]–Arrow, Discus and Thunderbolt... which may therefore be supposed to be the device of the dynasty... Bhumak's distinctive type was "Lion--Capital and Dharma-Cakra=આટલા માટે કામઠું, વજ્ર અને ગદાને તે (નહપાણના) વંશના ચિહ્ન[૮૬] તરીકે ધારી શકાય–ભૂમકની (તેના વંશની) ખાસ ઓળખમાં (પણ) સિંહવાળો સ્તંભ અને ધર્મચક્ર[૮૭] (ની નિશાનીઓ) છે." જ્યારે ચષ્ઠણના સિક્કાનું વર્ણન કરતાં જણાવે છે કે, તેને Star & Moon=સુર્યચંદ્ર (તારો અને ચંદ્ર) છે.[૮૮] તેમની કહેવાની મતલબ એ છે કે નહપાણ અને ભૂમકના સિક્કાઓમાં કામઠું, વજ્ર, ગદા, સિંહસ્તંભ, ધર્મચક્ર

(૮૨) આપણે સરખામણી કરવાની છે ચષ્ઠણ અને નહપાણની. તેમાં રૂષભદત્તનું નામ જ લેવાની જરૂર નથી. કેમકે નહપાણ અને રૂષભદત્ત બન્ને સસરો જમાઇ થાય છે, એટલે એક જ્ઞાતિના ધારી શકાય. પણ આગળ જતાં સમજાશે કે તે બન્ને એક જ્ઞાતિના જ નથી. અહીં આ દલીલ એટલા માટે ઉતારવી પડી છે કે, રૂષભદત્ત અને નહપાણ કે ભૂમક વિગેરેને "શાહી"=ઇરાની શહેનશાહત સાથે કાંઇક સંબંધ હતો (જુઓ નીચેની દલીલ નં. ૪); જ્યારે ચષ્ઠણને તેમાનું કાંઈ જ નથી.

(૮૩) ઇ. એ. પુ. ૧૦, પૃ. ૨૨૩ (ડાબા હાથનો કોલમ) જુઓ.

(૮૪) સરખાવો ઉપરની ટીકા નં. ૮૨ નું લખાણ.

(૮૫) જુઓ કો. આં. રે. પ્રસ્તાવના પૃષ્ઠ ૧૬૯, પારા ૧૪૧.

(૮૬) જુઓ તેનો સિક્કો પુ. ૨, નં. ૩૭.

(૮૭) જુઓ તેનો સિક્કો પુ. ૨, નં. ૩૬–૩૫. આ ચિહ્નોના અર્થ શું થાય તે માટે તેનું વર્ણન પુ. ૨, પૃ. ૯૭ જુઓ.

(૮૮) જુઓ તેનો સિક્કો પુ. ૨, નં. ૪૧: આનું વર્ણન કરતાં મિ. રેપ્સને પોતાનો વિચાર જણાવ્યો છે કે (જુઓ કો. આં. રે. પ્રસ્તાવના પૃ. ૧૧૩, પારી. ૯૨) This "Sun & Moon" shows Parthian Origin=આ સૂર્ય અને ચંદ્રથી સાબિત થાય છે કે તેમનું મૂળ ઇરાની પ્રજામાં છે [મારૂં ટીપણ. આ કલ્પના ખોટી છે તે આપણે પુ. ૪ ના અંતે ચષ્ઠણ વંશ વિશેની હકીકતમાં જોઈશું]

આદિ ચિહ્નો છે; જ્યારે ચષ્ઠણના સિક્કાઓમાં સૂર્યચંદ્રની જ નિશાનીઓ છે. એટલે કે નહપાણ અને ચષ્ઠણના સિક્કા પરસ્પર મળતા આવતા નથી; જેથી એમ જરૂર કહી શકાય કે, તે બન્ને એક જ પ્રજાના નથી એમ દેખાય છે. મિ. વિન્સેંટ સ્મિથ[૮૯] પણ નહપાણના સિક્કા વિશે વિવેચન કરતાં મિ. રેપ્સનના ઉપર ટાંકેલ અભિપ્રાયને મળતા જ ઉદ્‌ગાર કાઢે છે. તે તો વળી સાફ શબ્દોમાં જણાવે છે કે-The coinage of Chasthan and his successors is quite different (from that of Nahapana, Hagama and Hagamasha= ચષ્ઠણ અને તેના અનુજોના સિક્કાઓ (નહપાણ અને હગામાશના સિક્કાઓથી) તદ્દન નિરાળાજ છે. અહીં કૌંસમાં લખેલ અક્ષરો મેં ઉમેર્યા છે; પણ મિ. સ્મિથના ઉપર પ્રમાણેના શબ્દો નહપાણ ઇ. નું વર્ણન લખતાં ઉચ્ચારાયલા હોવાથી વાચકવર્ગને જલ્દી સમજણ પડે એટલા માટે મારે જોડવા પડયા છે. આ ઉપરથી સમજાશે કે નહપાણ અને ચષ્ઠણ જુદી જ જાતિના છે.

(૬) નહપાણના સિક્કામાં જે શબ્દો લખાયા છે તે ખરોષ્ઠી ભાષાના છે; જ્યારે ચષ્ઠણના સિક્કાની ભાષા તદ્દન જુદી જ છે.

(૭) ચષ્ઠણે અવંતિપતિ બન્યા પછી પણ " મહાક્ષત્રપ " નું બિરૂદ જારી રાખ્યું છે, જ્યારે નહપાણે તુરત " રાજા " નામ જોડવા માંડયું છે.[૯૦] એટલે નહપાણ હિંદુ પ્રજાને વિશેષપણે મળતો આવતો હતો.

(૮) એક અન્ય લેખક જણાવે[૯૧] છે કે, " ક્ષત્રપ વંશના (તેમનો ભાવાર્થ ચષ્ઠણવંશને ઉદ્દેશીને કહેવાનો થાય છે) બધા રાજાની પૂર્વે " સ્વામિ " ઉપાધિ લગાડેલી મળે છે.[૯૨] વખતે એ સ્વતંત્રતાસૂચક[૯૩] બિરૂદ હશે. ક્ષહરાટ વંશના ક્ષત્રપ (નહપાણ કહેવા માંગે છે) અથવા મથુરાના શક રાજાઓની (રાજુવુલ વિગેરે કહેવાનો આશય હશે) પૂર્વે એ બિરૂદ લગાડેલું જણાતું નથી. " જેથી લેખક મહાશયનો મત એમ થાય છે કે-(૧) ક્ષત્રપવંશના એટલે ચષ્ઠણવંશી રાજાઓ. પોતાને સ્વામી નામથી ઓળખાવતા હતા. (૨) જ્યારે ક્ષહરાટના વંશના, એટલે નહપાણના વંશના ક્ષત્રપો આ ઉપાધિ લગાડતા નહોતા (૩) તેમજ મથુરાના શક રાજાઓ[૯૪] કે જેઓ પણ ક્ષત્રપો ગણાતા, તેઓ પણ આ ઉપાધિ ધારણ કરતા નહોતા.

---

(૮૯) જુઓ અ. હિ. ઇ. ત્રીજી આવૃત્તિ પૃ. ૨૧૭.

(૯૦) પુ. ૨ માં નં. ૪૨ નો સિક્કો બતાવ્યો છે તેમાં ચષ્ઠણના પિતાને 'રાજ્ઞા' શબ્દ જોડેલ લાગે છે. સરખાવો ઉપરની ટી. નં ૭૧ નું લખાણ.

(૯૧) જુઓ બુદ્ધિપ્રકાશ પત્ર પુ. ૮૦, અંક ૧, પૃ. ૫૫. લેખકનું નામ ધનપ્રસાદ ચંદાલાલ મુનશી છે.

(૯૨) જ્યાં સુધી મારી જાણમાં છે ત્યાંસુધી પ્રથમના થોડા રાજાઓએ આ ઉપાધિ ગ્રહણ કરી લાગતી નથી, છતાં અત્યારે આ વિષયની ચર્ચામાં ઉતરવાનું પ્રયોજન નથી. સરખાવો ઉપરની ટી. નં. ૧૪.

(૯૩) આ સ્વામિ શબ્દ સ્વતંત્રતાસૂચક છે કે કેમ, તે હું સ્પષ્ટરીતે કહી શકતો નથી, પણ મહાક્ષત્રપના પદ કરતાં જરૂર તે પદ નાનું હતું એમ તો કહી શકાય તેમ છે જ: જેને લગતું વિવેચન પુ. ૪ ના અંતે ચષ્ઠણવંશની હકીકતે જુઓ.

(૯૪) મથુરાના ક્ષત્રપોને તેમણે શક જાતિના શા ઉપરથી જણાવ્યા છે તે ખુલાસો કરેલ નથી.

[ મારૂં ટીપણ-ઘણાખરા ઇતિહાસકારોએ શક, ક્ષહરાટ, યવન, ચીન કે તેવા બધા પરદેશી પ્રજાને લગતા શબ્દોનો ભેદભાવ બહુ ઊંડાણથી વિચાર્યો જ લાગતો નથી. જુઓ આ ખંડના પ્રથમ પરિચ્છેદમાં જણાવેલ વિચારો; એટલે જ અનેક ઐતિહાસિક સત્યોનો ઉકેલ મુશ્કેલીભર્યો થઈ પડ્યો છે. ]

આટલા વિવેચનથી એમ સિદ્ધ થાય છે કે, તેમના અભિપ્રાય પ્રમાણે ચષ્ઠણ અને નહપાણ તેમજ મથુરાપતિઓ ભિન્ન ભિન્ન જાતિના હતા, ( પછી નહપાણ અને મથુરાપતિઓ એક જાતિના ગણાય કે ભિન્નભિન્ન જાતિના તે મુદ્દો તેમના લખાણથી સ્પષ્ટ થાય યા નહીં, તે વાત ન્યારી છે. )

( ૯ ) આ ઉપરાંત ચષ્ઠણની જાતિ વિશેની કેટલીક હકીકત પુસ્તક ચોથાના અંતે તેનું વૃત્તાંત લખતાં મેં જણાવી છે. તે ત્યાંથી જોઈ લેવા વિનંતિ છે.

આ સર્વે ભિન્નભિન્ન મતદર્શનનો સાર એક જ વસ્તુસ્થિતિ કહી આપે છે, કે નહપાણ અને ચષ્ઠણ બન્ને ભિન્ન ભિન્ન પ્રજાના નબીરાઓ હતા.

નહપાણના મરણબાદ તેની ગાદી ઉપર અન્યવંશી પુરૂષોનો રાજઅમલ સ્થાપિત થયો હોવાથી, મધ્ય પ્રદેશ ઉપર રાજ્ય ચલાવતા ક્ષહરાટ ક્ષત્રપોનું વૃત્તાંત સંપૂર્ણ થાય છે. હવે મથુરાના અને તક્ષિલાના પ્રદેશના શાસનકર્તા ક્ષહરાટ ક્ષત્રપોનું વર્ણન હાથ ધરવું રહે છે; પણ તેમ કરતાં પહેલાં એક બે મુદ્દા કાન્વાયન વંશ સાથે સંબંધ ધરાવતા યાદ આવ્યા છે. તેમાંનો એક ઐતિહાસિક રીતે નહપાણની સાથે જો કે ખોટી રીતે છે, પણ તેમ થવાનું કારણ તે ખોટી કલ્પનામાંથી ઊભી થયો છે એટલે કહેવું પડયું છે કે તેની સાથે-સંબંધયુક્ત હોઈને, તે નહપાણના વર્ણન સાથે, છતાં તેનાથી તદ્દન છુટો પડી જાય તેમ, વર્ણવવો યોગ્ય લાગ્યો છે. જ્યારે બીજો તો તદ્દન મેં મારી કલ્પનાથી ઊભો કર્યો છે; કે તેમ કરવાથી એક જાતની નવીન સૂચના જ વિચારકોને અને સંશોધકોને ધરી છે એટલું લેખવું રહે છે. કલ્પનાઓ તો હંમેશાં આકાશઉડ્ડયન-હવાઈ કિલ્લાઓ-સમાન હોવાથી, જેમ વાવાઝોડા અને ઝંપાપાત લાગવાથી ભૂમિશાયી પણ થઈ જાય છે તેમ આ મારી સૂચનાનું અંતિમ પણ ભલે આવી જાય; છતાં દરેકે દરેક ક્ષેત્રમાં થતી શોધખોળનું પ્રથમ બીજ જુઓ, તો ખાત્રી થશે કે-કલ્પના અને અખતરા થયા બાદ જ તેનું સત્ય સ્વરૂપ પકડાય છે. એટલે તેમાં રસ લેનારાઓ કદાચે નાસીપાસ ન થતાં, પ્રથમ ભૂમિકાએ તો હંમેશાં સપ્રમાણ કલ્પનાઓ રજુ કર્યે જાયે છે. તે પ્રમાણે મેં પણ આ બન્ને મુદ્દાઓ એક પછી એક પારિગ્રાફમાં છુટા પાડીને રજુ કર્યા છે.

**કાન્વાયન વંશ સાથેનો સંબંધ**

હાથીગુંફાના લેખમાં આળેખાયેલા ખારવેલ, શ્રીમુખ અને બૃહસ્પતિમિત્રને સમકાલીનપણે થએલ જુદા જુદા પ્રદેશના રાજકર્તા માનવા પડ્યા છે. તેમાંયે બૃહસ્પતિમિત્ર ને મગધપતિ જણાવ્યો છે. પણ તે નામનો કોઇ રાજા ઇતિહાસમાં જણાયો ન હોવાથી, બૃહસ્પતિ તે પુષ્યનક્ષત્રનું બીજું નામ હોવાથી, બૃહસ્પતિમિત્ર એટલે પુષ્યમિત્ર ઠરાવી દઈ, ખારવેલ, શ્રીમુખ અને પુષ્યમિત્રને સહસમયી ઠરાવ્યા; અને પછી આ પુષ્યમિત્રના વંશના છેલ્લા રાજા દેવભૂતિને, કન્વવંશી બ્રાહ્મણ અમાત્ય વસુદેવે અથવા કોઈકના મતે તે વંશના છેલ્લા પુરૂષ સુશર્મને મારીને, પોતે કેવી રીતે અવંતિની ગાદી હાથ કરી; તથા તેને જ પાછળથી મારીને ઉપરના ત્રણ ભૂપતિમાંના શ્રીમુખે કેવી રીતે પોતામાટે અવંતિની ગાદી પ્રાપ્ત કરી; તે બધો ભ્રમોત્પાદક ઇતિહાસ જાણવા યોગ્ય થઈ પડ્યો છે. તેમાંનો કેટલોક ભાગ પુ. ૧, પૃ. ૧૫૪ થી ૧૬૧ સુધી ધનકટક પ્રદેશના વર્ણને આપણે જણાવી દીધો છે; તેમજ કેટલોક જે પુષ્યમિત્રની

સાથે સંબંધ ધરાવે છે તે આ પુસ્તકે શુંગવંશના વર્ણનમાં જણાવ્યો છે; જ્યારે શ્રીમુખ અને ખારવેલને લગતી બીના છે તે તેમનાં જીવનચરિત્ર લખતી વખતે વર્ણવીશું. પણ અત્ર કહેવાની એટલી જરૂર છે-કે મારા મત પ્રમાણે આ કન્વ-વંશી પ્રધાનોનું સ્થાન જ્યાં મને સર્વથી વિશેષ સંભવિત લાગ્યું ત્યાં, એટલે કે શુંગવંશી નૃપતિ-ઓના ઉત્તર ભાગ સાથે જોડયું છે; જ્યારે અન્યત્ર સ્થાને તો તેની તરફેણમાં અને વિરૂદ્ધમાં જતી દલીલોની ચર્ચા જ કરી છે. મતલબ કે, મેં મારી બુદ્ધિ પ્રમાણે તો તેમનાં સમય અને સ્થાનનો નિર્ણય કરી નાંખ્યો છે જ, પણ મનુષ્ય માત્ર ભૂલને પાત્ર ગણાય છે જ. એટલે વાચ-કવર્ગ પાસે બધી વસ્તુસ્થિતિ રજૂ કરવી તે મારી ફરજ છે અને તે ઉપરથી જે વિચાર તેમણે બાંધવો ઘટે તે બાંધે.

અત્રે આપણે નહપાણનું વૃત્તાંત લખી રહ્યા છીએ. વળી તેનું નામ ઉપર જણાવેલી હકીકતમાં કયાંય માલૂત પડતું જ નથી, છતાં અહીં આ કન્વવંશને લગતું કાંઇક જણાવવાની જરૂર ઊભી થઇ છે તે એક મુદ્દાને અંગે છે. તે આ પ્રમાણે છે. એમ કહેવામાં આવ્યું છે કે, કન્વવંશનો એકંદર સત્તાકાળ ૪૨ થી ૪૫ વર્ષનો છે; જ્યારે શુંગવંશના જે નબળા રાજાઓ ગાદીએ બેઠા છે તે સર્વેનો સમુહકાળ ૨૮ વર્ષનો કહ્યો છે. વળી તેમની પહેલાનો રાજા ભાનુમિત્ર અથવા ભાગ હતો તેનો રાજત્વકાળ ૧૫ વર્ષનો કહ્યો છે એટલેકે તે સર્વેનો એકંદર સમય ૪૩-૪૨ વર્ષ થાય; તેમ તે સર્વ સમય પહેલેથી છેલ્લે સુધી જો કન્વંશી પ્રધાનો અમલ ઉપર રહે તો તેમનો સમય પણ તેટલો જ એટલે ૪૨ વર્ષનો ગણવો રહે. જ્યારે કેટલાક-માંનો એક પક્ષ એમ માને છે કે, આ કન્વ-વંશીનો અમલ ૪૫ વર્ષનો રહ્યો છે. જો તેનો સ્વીકાર કરો તો, કન્વવંશી પ્રધાનોનો અમલ શુંગવંશી સત્તા નાબૂદ થયા પછી બેથી અઢી વર્ષ સુધી એટલે નહપાણના રાજ્યે ચાલેલ ગણવો પડે. પણ આપણે નાસિકના શિલાલેખથી જાણી ચૂકયા છીએ કે, નહપાણના પ્રથમના વર્ષે પણ મહાઅમાત્ય અયમ સત્તાધીશ હતો. એટલે સાબિત થયું કે, ૪૫ વર્ષ સુધી સત્તા કન્વ-વંશની રહી હોવાનું માનનારા પક્ષનું મંતવ્ય સાધાર નથી. જ્યારે બીજો પક્ષ વળી એમ માને છે કે (જુઓ આ પારિગ્રાફની આદિમાં) શુંગવંશી છેલ્લા રાજા દેવભૂતિને મારનાર તો કન્વ-વંશી છેલ્લો પુરૂષ સુશર્મન નહીં, પણ પ્રથમ પુરૂષ વસુદેવ કે વાસુદેવ હતો. જો પ્રથમ પુરૂષ તરીકે ખૂન કરનારને સ્વીકારો અને તે આખા કન્વવંશીનો પ્રધાનવટાનો સમય ૪૨ થી ૪૫ વર્ષનો છે જ. તો તો તેનો અર્થ એમ કરવો રહેશે કે તે વંશના પ્રધાનોએ નહપાણના ૪૦ વર્ષના રાજ-વહીવટમાંના મોટા ભાગ પર્યંત પ્રધાનવટું ભોગવ્યું હતું; જે હકીકતને ઉપર ટાંકેલા અયમ-વાળા બનાવથી વિરોધ આવે છે. સાર એ થયો કે, કન્વવંશીનો સત્તાકાળ જે ૪૫ વર્ષનો માને છે તે પણ બરાબર નથી તેમ પોતાના રાજાનું ખૂન કરાવનાર પ્રથમ પુરૂષ માને છે તે હકીકત પણ સત્ય નથી.

જો એક પ્રશ્નને કાન્વાયન વંશની સાથે સીધો ઐતિહાસિક સંબંધ નથી, છતાં જ્યારે અત્રે તે વંશનું વિવેચન ચાલે છે ત્યારે તેને લગતી ચર્ચા પણ ભેગાભેગી કરી લઇએ તો નિરર્થક નહીં ગણાય. કાન્વાયન વંશના મૂળ પુરૂષ તરીકે વૈદિક ધર્મવાળાઓ, રાજા દુષ્યંત અને શકુન્તલાના સમયના મહાતપસ્વી કન્વ-કણ્વ રૂષિને માને છે કે જેઓ કુંવરી શકુન્તલાના પાલક પિતા હતા. તે તો બહુ જ પુરાણા

સમયની વાત છે, પણ એક બીજી તુરતમાં જ બનેલી ઘટના ઉપર મારૂં લક્ષ જાય છે. તેની સત્યાસત્યતા તપાસવા માટે વાચકવર્ગ સમક્ષ રજૂ કરૂં છું. આપણે જોઈ ગયા છીએ કે, મગધપતિ નવમા નંદના સમયે, પંજાબ દેશ જ્યારે તેણે જીત્યો ત્યારે ત્યાંથી વિદ્વાન પુરૂષોની એક ત્રિપુટી તે પોતે મગધદેશમાં લાવ્યો હતો. તેમાંના એક પાણિનિ મહાવૈયાકરણી તરીકે નામ કાઢી ગયા છે. બીજા કૌટલ્ય ઉર્ફે ચાણક્ય મહાન્ અર્થશાસ્ત્રી અને રાજકીય પુરૂષ તરીકે પોતાનું નામ હંમેશા યાદગાર રહી જાય તેમ અમર કરી ગયા છે. જ્યારે ત્રીજા જે વરરૂચિ હતા તેમણે રાજા નંદના મુખ્ય પ્રધાન શકડાળ મંત્રીનું પદ ઝૂંટવી લેવા પ્રયત્ન કર્યાનું, પણ અંતે નિષ્ફળ થઈ બૂરી હાલતે પહોંચ્યાનું જ જણાયું હતું. તે બાદ તેમનું નામ કયાંય દીપી ઉઠ્યું હોય એમ જણાયું નથી. નવમા નંદનો સમય ઈ. સ. પૂ ૪૦૦ નો છે, જ્યારે આ કન્વ-કાન્વાયન અમાત્યોના સમય ઇ. સ. પૂ. ૧૫૬ થી ૧૧૪ નો આપણે સાબિત કર્યો છે. એટલે કે બન્ને વચ્ચેનું અંતર લગભગ અઢીસો વર્ષનું જ છે, તો શું તે વરરૂચિ વિદ્વાન જેમનું ગોત્ર કાત્યાયન હતું તેમના જ વંશજો આ કાન્વાયન[૯૫] (કાત્યાયન અને કાન્વાયનના ઉચ્ચાર લગભગ એક છે જેથી લહિઆઓએ ભૂલ કરી દીધી હોય તે સ્વાભાવિક છે.) મંત્રીઓ[૯૬] હશે કે? અને જો તેમ સાબિત થયું તો, તે ત્રિપુટી-માંહેના ત્રણે વિદ્વાનોની નામની સાર્થકતા પૂરેપૂરી થએલી માની શકાશે.

એક વળી બીજો મુદ્દો કે, આ કન્વવંશી પ્રધાનોનો સંબંધ અવંતિના કે ધનકટકના પ્રદેશ સાથે હતો, તે પણ આ ઉપરથી સિદ્ધ થઇ જતો દેખાશે. જો ધનકટકની સાથે તેમનો સબંધ ગણીએ તો પુ. ૧, પૃ. ૧૫૭-૬૧ માં દર્શાવ્યા પ્રમાણે તેમનો સમય ઇ. સ.પૂ. ૪૭૩ થી ૪૩૦ આસપાસ ગણવો પડશે. જ્યારે પંડિત-વરરૂચિનો સમય (જો તેના જ અનુજો કન્વવંશી પ્રધાનોને ઠરાવાય તો) ઇ. સ. પૂ. ૪૦૦ નો છે. એટલે કે વરરૂચિના સમય પૂર્વે તો તેમની ઐતિહાસિક મહત્ત્વતાનો ઉદય માની શકાય જ નહીં. જેથી સાબિત કરી શકાય છે કે, કન્વવંશી પ્રધાનોને ધનકટકના પ્રદેશની સાથે કોઇ પણ જાતની લેવાદેવા હતી જ નહીં અથવા બીજી રીતે કહી શકાય કે, તેઓની જે રાજયસત્તા જામી ગઇ હતી તે

(૯૫) કાત્યાયન ઉપરથી ભૂલભરેલો શબ્દ કાન્વાયન રચાયો હોય તે માટે નીચેનાં ચાર કારણો રજૂ કરી શકાય. એક તો લહિઆઓએ લખવામાં કે કોપી કરવામાં ભૂલ ખાધી હોય. બીજું કાત્યાયન ગોત્રી વરરૂચિ બાબત તેમને તદ્દન અજ્ઞાનપણું હોય અથવા તેના સમયની પણ જાણ ન હોય તેથી, આ પ્રધાનો કાત્યાયન ગોત્રી હોવા છતા, તેમને વિશેષ ઉચ્ચપદ આપવા પુરાણ કાળના કન્વવંશ સાથે જોડવાનું યોગ્ય ધાર્યું હોય. ત્રીજું કન્વ અને કાત્યાયન એ શબ્દો જ તેમને જુદા તો લાગ્યા હોય; પણ બન્નેની ઘડ બેસારવા કાત્યાયનનું કાન્વાયન કર્યું અને તેને કન્વ-કણ્વ સાથે જોડી દીધો હોય. ચોથું તે જમાનામાં જેમ ઉચ્ચારની સામ્યતાના પરિણામે સેંડ્રેકોટસને ચંદ્રગુપ્ત ઠરાવી દેવાયો છે તેમ કાત્યાયન ને કાન્વાયન માની લેવાયા હોય.

(૯૬) ઉપરની ટી. નં. ૯૫ ની દલીલો સાથે, જો વરૂચિએ શાકડાલ મંત્રીનું પદ ગ્રહણ કરવા પ્રયાસ આદર્યા હતા તે દલીલનું બળ પણ ઉમેરીએ તો આ અનુમાનની વાસ્તવિકતા તેટલે દરજ્જે વધારે સંભવિત બનતી જતી ગણાશે. આપણે અત્યારે પણ ઘણે ઠેકાણે જોતાં આવીએ છીએ કે, એક પૂર્વજના વિચારો અને શક્તિ, અમુક કાળ સુધી તેના વંશજોમાં ઉતરી આવતી નજરે પડે છે; એટલે વરરૂચિના વિચારનો પડઘો-મંત્રીપદે બિરાજવાનો-બસો વરસે આ કાન્વાયન વંશી તેના અનુજોમાં દીપી નીકળ્યો હોય તે સંભવિત છે.

અવંતિ પ્રદેશને અનુલક્ષીને જ માત્ર હતી.

**હવે બીજી કલ્પના**

આપણે અત્યાર સુધીમાં ઘણા રાજાઓ, અમાત્યો અને બીજી રીતે પ્રખ્યાત થયેલી વ્યક્તિઓનાં નામો તેમજ ચરિત્રો સાથે સમયાનુસાર પરિચિત થઇ ગયા છીએ; તેમાં વિદ્વાનોની એક ત્રિપુટી-પાણિનિ, ચાણક્ય અને વરરૂચિની ત્રિપુટી-તરીકે જેને આપણે ઓળખાવી છે તે અવાર-નવાર કાંઇક વિશેષ ધ્યાન ખેંચ્યાં કરે છે. કેમકે "स्वदेशे पूज्यते राजा, विद्वान् सर्वत्र पूज्यते" વાળી ઉક્તિ પ્રમાણે રાજાઓ, અમાત્યો અને વિદ્વાનોના ત્રણ વર્ગમાંથી, વિદ્વાનો જ સર્વનું આકર્ષણ સર્વદા પ્રથમ કરે છે. એટલે આપણે પણ તે નિયમના અપવાદરૂપે તો ન જ બની શકીએ. તેમાં ય આપણા માટે વિશેષ આકર્ષણીય તત્ત્વ તો તે વિષયમાં એ ભરેલું છે કે, તે ત્રણમાંની એકે એક વ્યક્તિ માટે ઘણી ઘણી બાબતો આપણાથી અજ્ઞાત જ રહેલી છે; તેથી તેમના સંબંધી જેટલું અને તેટલું સાહિત્ય સમયસર અને પ્રમાણોપેત બહાર પડાય તો આપણી અદના ફરજ તે વિદ્વાન ત્રિપુટીના ચરણે ધરી કહી શકાશે. આપણું આ પુસ્તક ઇતિહાસને અંગે હોવાથી તેમના જીવનના અન્ય પ્રસંગો કરતાં-જેવા કે સામાજિક, ખાનગી વ્યક્તિગત વ્યવહારિક ઈ. ઇ.-ઇતિહાસને જ સ્પર્શતા બનાવો વર્ણવવાથી સંતોષ લેવો રહે છે.

ત્રિપુટીમાંના પાણિનિ એક મહાન્ વૈયાકરણી હતા તથા પં. ચાણક્ય મહાન્ રાજદ્વારી અને અર્થશાસ્ત્રી હતા. તે બન્નેનાં જીવનની કેટલીક નવીન માહિતી મને જણાઇ હતી તે પ્રમાણે મેં વાચકવર્ગ સમક્ષ ધરી છે. તેમ આ પુસ્તકમાં, તે ત્રિપુટીમાંના ત્રીજા સભ્ય વરરૂચિને અંગે, જે જે વિચાર મને સુઝ્યા હતા તેમાંના થોડાક આ ઉપરના પારિગ્રાફમાં જ, શુંગવંશના કાન્વાયનવંશી પ્રધાનોની ઉત્પત્તિ પણ કાત્યાયન ગોત્રી સાથે કાં સંબંધ ધરાવતી ન હોય? તેવી શંકા ઊભી કરીને મેં વ્યક્ત કર્યો છે. તેમ અહીં પણ તેને જ લગતા, છતાં અન્ય દિશામાં ખેંચી જતા દેખાતા છે તે હવે ઉતારૂં છું.

તે વિચારો રજૂ કરતાં પહેલાં જે એક વાત સ્ફુરી આવી છે તે પ્રથમ જણાવી દઉં કે જેથી કટલાક વાચકો ઊર્મિવશ-લાગણીપ્રધાન બની જઇને એકદમ અમુક પ્રકારનો મત બાંધી બેસે છે, તેઓ મહેરબાની કરીને પૂર્વમતગ્રાહી બની ન જતાં-અને પરિણામે પક્ષપાતી બની જવાય છે તેમ ન થતાં-રજૂ થતી હકીકત સારાસારની દૃષ્ટિએ જ વિચારે. આ ત્રિપુટીમાંના ત્રણે મહાપુરૂષો જન્મે તો બ્રાહ્મણ જ છે. એટલે કે બ્રાહ્મણ માબાપને પેટે જન્મ્યા છે. તેથી તેઓનો ધર્મ(૯૭) પણ બ્રાહ્મણ જ હોવો જોઇએ તથા વર્તમાનકાળે જેમ સઘળા બ્રાહ્મણો વૈદિકધર્મ પાળતા નજરે પડે છે તે જ પ્રમાણે બલ્કે વિશેષાંશે તે જ વિધિ અનુસાર પ્રાચીન સમયના બ્રાહ્મણો પણ પાળતા જ હોવા જોઇએ; આવા ખ્યાલો ઘણાનાં મનમાં રમી રહ્યા હોય

(૯૭) ધર્મ અને સંસ્કૃતિના અર્થમાં ઘણો ફેર રહેલ છે. તેમ કાળે કાળે તેના અર્થ જુદા કરાતા રહ્યા હોવાથી આવા ફેરફારો અનેક રીતે અને ભિન્ન ભિન્ન પ્રકારે કલ્પી લેવાના રહ્યા છે: તેમાંનો અત્રે વર્ણવાતો પ્રકાર પણ એક છે એમ સમજી લેવું. બાકી ધર્મ અને સંસ્કૃતિ વિશે જે મારો કાંઇક ખ્યાલ બંધાયો છે તે આગળ ઉપર આપવા ધારૂં છું તે જોવા વિનંતિ છે.

એમ જણાય છે. (એટલે તેમની આ માનીનતાથી, જરાયે આઘું-પાછું પગલું ભરતું સાહિત્યવાંચન આવી પડે, કે તુરત પૂર્વમતાગ્રહના પરિણામે, તેવા સાહિત્યનો અનાદર કરવાના વલણ તરફ તેઓ ઢળી પડતા જાય છે. મને આ પ્રમાણે જણાયું છે તેથી જ અહીં આટલો નાનો સરખો પણ ઉલ્લેખ કરવો પડ્યો છે; કેમકે મારા આ પુસ્તકના બે વિભાગો બહાર પડી ચૂક્યા છે તેમજ તેને લગતી સમાલોચનાઓ અનેક વર્તમાનપત્રોમાં લેવાઇ છે. તેમાં સમાલોચક મહાશયોએ જે ઉદ્‌ગારો કાઢ્યા છે તે ઉપરથી હું જોઇ શક્યો છું) ખેર! અત્ર તો એટલું જ જણાવવાનું કે, જેને આપણે ઝાંખા સ્વરૂપે સંસ્કૃતિ તરીકે અત્યારે ઓળખાવીએ છીએ, તેને પ્રાચીન સમયે ધર્મ કદાચ કહેતા હશે; પણ તે સમયે જે ચાર વર્ગ—ભરણપોષણ માટે તેમજ સામાજિક વ્યવહારની સરળતા માટે પાડવામાં આવ્યા હતા તેમને ધર્મ સાથે કાંઈ જ સંબંધ નહોતો. તેથી કરીને ગમે તે વર્ણનો માણસ ગમે તે ધર્મ પાળી શકતો હતો. એટલે જ તે સમના ત્રણે ધર્મ—વૈદિક, બૌદ્ધ અને જૈન ધર્મમાં—ચારે વર્ણના સભ્યો[૯૮] આપણે નિહાળી શકીએ છીએ. જો આટલું સત્ય સમજી જવાય તો જન્મે બ્રાહ્મણ અને ક્ષત્રિય હોવા છતાં પણ, કોઈ માણસને વૈદિક, જૈન કે બૌદ્ધમાંથી, કોઇ પણ ધર્મનો મતાનુયાયી માનવામાં આપણને વાંધો જ કયાં રહે છે? તે જ પ્રમાણે જ્યારે પં. ચાણક્યને મેં જૈનધર્મી હોવાના પ્રમાણો આપી વિચારો રજૂ કર્યા, ત્યારે કેટલાકને નવાઇ લાગી હતી; વળી કોઇકે તો એટલે સુધીના ઉદ્‌ગાર પણ કાઢ્યા છે કે લેખક તો પાણિનિ, ચાણક્ય અને વરરૂચિની આખી ત્રિપુટીને જ જૈનધર્મી હોવાનું મનાવવા બહાર પડ્યા છે. તો અત્રે સ્પષ્ટ કરવા રજા લઉં છું કે, માત્ર ચાણક્યજીને જ મેં જૈન મતાનુયાયી માન્યા છે. પાણિનિના ધર્મ વિશે મારા જાણવામાં અદ્યાપિ પર્યંત કાંઇ આવ્યું જ નથી; જ્યારે વરરૂચ મહાશય વૈદિક મતવાળા હતા એમ સ્પષ્ટપણે જણાવી ગયો છું; અને તે આધારે જ વરરૂચિ કાત્યાયનનો સંબંધ શુંગવંશી કાન્વાયન ગોત્રી પ્રધાનો સાથે જોડી બતાવ્યો છે; વળી પણ, આ વરરૂચિના અંગે જ નીચે પ્રમાણે વિચારો રજૂ કરું છું.

પં. વરરૂચિ તે સમયના મગધપતિ મહાનંદ ઉર્ફે નવમા નંદના જૈનધર્મી મહાઅમાત્ય શકડાળના વિરોધી હોવાનું જણાવાયું છે; તેમ શુંગવંશી અવંતિપતિઓના કાન્વાયન ગોત્રી અમાત્યો પણ જૈન સંસ્કૃતિના વિરોધી હતા એમ જણાવાયું છે. વળી પં. પતંજલી મહાશય પણ તે જ મનોવૃત્તિવાળા હતા એમ શુંગવંશી સમ્રાટ અગ્નિમિત્રના વૃત્તાંત ઉપરથી જણાયું છે. આ એક હકીકત થઈ. બીજી હકીકત એમ છે કે, પં. વરરૂચિ મહાઅમાત્ય બનવાની રૂચિવાળા હતા. તેમજ પતંજલી મહાશય મહાઅમાત્ય જેવી રાજપુરોહિતની પદવી ભોગવી ચૂકેલા હતા. વળી કાન્વાયન ગોત્રી પ્રધાનોએ શુંગવંશી ભૂપતિઓના સમયે બજાવેલી કડેધડે સેવા હતી. આ ત્રણે પ્રસંગોમાં[૯૯] અમાત્યપદ માટેની મનોદશા અથવા તો તેમાંથી ઉદ્‌ભવતી ઝંખના—તમન્ના દેખાય છે. આ સર્વ વસ્તુસ્થિતિ વિચારતાં એમ વિચાર ઊભો થયો, કે એક પક્ષે વરરૂચિ મહાશય તો

(૯૮) સરખાવો પુ. ૨, પૃ. ૩૫ તથા ૧૯૭ ની હકીકત.

(૯૯) એક કુટુંબમાં અથવા તો સગોત્રીઓમાં એક જ પ્રકારની મનોભાવના કેટલાય કાળ સુધી ઉત્તરોત્તર ઉતરી આવવાનું જે મનાય છે તેના દૃષ્ટાંતરૂપ આ ઉદાહરણ કેમ ન ગણાય? સરખાવો ટી. નં. ૯૬.

કાત્યાયન ગોત્રી છે જ એમ સ્પષ્ટપણે જણાયું છે, તેમ બીજા પક્ષે કાન્વાયન ગોત્રી પ્રધાનો પણ કાત્યાયન ગોત્રી હોવાનો સંભવ દેખાય છે. તો ત્રીજા પક્ષે પતંજલી મહાશય પણ કાં કાત્યાયન ગોત્રી ન હોય? આ ઉપરથી વડોદરા કોલેજના સંસ્કૃતના અધ્યાપક શ્રીયુત્ ગો. હ. ભટ્ટને તે સંબંધી મેં પૂછાવ્યું. તેઓએ કૃપા કરીને જે વિચાર દર્શાવ્યા તે શબ્દેશબ્દ અહીં ટાંકી બતાવું છું. ( તે માટે તેમનો ઉપકાર માનું છું. )

"પતંજલીનાં બીજાં બે નામો નીચે "પ્રમાણે છેઃ—( ૧ ) ગોનર્દીય[૧૦૦]( ગોનર્દ નામના "પ્રાંત ઉપરથી ); ( ૨ ) ગોણિકાપુત્ર ( માતાના "નામ ઉપરથી ). કેટલાક વિદ્વાનોનો એવો "અભિપ્રાય છે કે આ બે નામો પતંજલિનાં "નથી[૧૦૧] પણ તેમની પહેલાં થઇ ગયેલા બે "વૈયાકરણોનાં છે.

"કાત્યાયન, પતંજલિની પહેલાં થયેલા "છે.[૧૦૨] કાત્યાયને[૧૦૩] પાણિનિની અષ્ટા- "ધ્યાયીનાં સૂત્રો ઉપર વાર્તિકો રચ્યાં છે અને "પતંજલિએ ( ઇ. સ. પૂર્વે બીજે સૈકે ) "મહાભાષ્ય રચ્યું છે. કાત્યાયન અને પતંજલિ "એ બે ભિન્ન વ્યક્તિઓ[૧૦૪] છે."

તેમના આ અભિપ્રાયથી મારી માન્યતાને કેટલેક અંશે સમર્થન મળે છે. તેમણે તો કાત્યાયન અને પતંજલિ એ બન્ને ભિન્ન વ્યક્તિઓ હોવાનું જો કે જણાવ્યું છે, પણ પોતાનું તે મંતવ્ય તેમણે કાત્યાયન નામની એક જ વ્યક્તિ થઈ ગયેલી હોવાનું ( જુઓ ટી. નં. ૧૦૨ ) માનીને બાંધ્યું જણાય છે. પણ કાત્યાયન નામની બે વ્યક્તિઓ ( ટીકા નં. ૧૦૩ અને ૧૦૪ પ્રમાણે એક વરરૂચિ અને બીજા પતંજલિ મહાશય ) થયાનું જો ગણવામાં આવે, તો સહજ પુરવાર થઇ જાય છે કે, તેમનું આખુંયે કથન સત્ય જ છે. આ વિચાર ઉપર વાચકવર્ગ પોતપોતાનો અભિપ્રાય તથા પ્રમાણો રજૂ કરશે એવી ઉમેદ ધરાવું છું.


( ૧૦૦ ) મેં પણ આ પ્રમાણે જ માન્યું છે ( જુઓ ભાગ બીજો પૃ. ૧૭૭ ) અને પુરવાર કરી બતાવ્યું છે. એટલે તેમને ગોનર્દીય કહેવાય છે તે સત્ય ઠરે છે.

( ૧૦૧ ) ઉપરની ટી. નં. ૯૫ સરખાવો.

( ૧૦૨ ) અહીં પહેલા કાત્યાયન એટલે વરરૂચિ સમજવા રહે છે. તેમનો સમય ઈ. સ. પૂ. ચોથી સદી છે; જ્યારે પતંજલિ મહાશયનો સમય મારી ગણત્રી પ્રમાણે પણ ઈ. સ. પૂ. ૧૯૪–બીજી સદીનો છે; તેમ અધ્યાપક મહાશય શ્રી ભટ્ટનો પણ તે જ છે. એટલે પતંજલીની પૂર્વે જ પ્રથમના કાત્યાયન થઇ ગયલા ગણાય છે તે બરાબર છે.

( ૧૦૩ ) અહીં કાત્યાયન એટલે વરરૂચિ પણ થાય. તેમ કોઇ બીજી જ વ્યક્તિ પણ હોય અને પતંજલિ મહા- શય પણ હોય : પાણિનિ અને વરરૂચિ સહસમયી હતા, પણ વરરૂચિ વ્યવહારિક ક્ષેત્રમાંથી ખસી ગયેલ હોવાથી ( જુઓ પુ. ૧ પૃ. ૩૬૬ ની હકીકત ) તેઓ પાણિનિની અષ્ટાધ્યાયી ઉપર વાર્તિકો રચવા જેવી સ્થિતિમાં નહોતા. તેમ બીજી કોઈ કાત્યાયન નામે વ્યક્તિ જણાઈ નથી. કદાચ હોય પણ ખરી; અને હોય તો તે પણ વાર્તિક- કાર બની શકે; પણ તેમ જાણવામાં આવ્યું નથી માટે પતંજલીને કાત્યાયન ગોત્રી મેં ધારી લીધા છે.

( ૧૦૪ ) શ્રીયુત ભટ્ટે ભલે ભિન્ન વ્યક્તિઓ ધારી છે ( જો કે એક રીતે બન્ને કાત્યાયન ભિન્ન જ છે. વરરૂચિ અને પતંજલિ ) પણ વાર્તિકોના કર્તા કાત્યાયન અને કાત્યાયન પતંજલિ; તે બન્ને એક જ વ્યક્તિ હોવાનું મને લાગે છે.



# પંચમ પરિચ્છેદ

## ક્ષહરાટ ક્ષત્રપો (ચાલુ)

**સંક્ષિપ્ત સારઃ—**

(आ) **મથુરાપતિઓ (૧) મહાક્ષત્રપ રાજુલુલ**—તેનાં નામ તથા જાતિની આપેલ ઓળખ-તેના કુટુંબનો કરાવેલ પરિચય-તેના સમય વિશે વિધવિધ સામગ્રીથી ઉપાડેલ ચર્ચા અને કરી આપેલ નિર્ણય-તેના રાજ્યકાળના મુખ્ય બનાવોનું વર્ણન-તેની પટરાણીએ કરાવેલી મથુરા સિંહસ્તૂપની પ્રતિષ્ઠા અને તે ભવ્ય પ્રસંગ ઉપર નિમંત્રિત થયેલ અન્ય ભૂપતિઓએ આપેલી હાજરી તથા બતાવેલ સાહચર્ય—

(૨) **ષોડાસ**-તેના સમયની તથા જીવનના બનાવોની ચર્ચા—

(इ) **તક્ષિલાપતિઓ**—(૧) **મહાક્ષત્રપ લીઅક**: તેની જાતિ, નામ, સમય તથા જીવનના બનાવની આપેલી માહિતી—

(૨) **પાતિક**—તેના સમય વિશે પ્રમાણપૂર્વક ચલાવેલ વાદવિવાદ-તેણે ગાળેલ ધાર્મિક જીવનનું વૃત્તાંત-તેણે કોતરાવેલ શિલાલેખમાંના ૭૮ ના આંક વિશે વિદ્વાનોએ ઊભા કરેલ વિધવિધ મુદ્દાઓનું કરી આપેલું સમાધાન—

સર્વ ક્ષહરાટ ક્ષત્રપોના ધર્મ વિશેની વિસ્તૃત સમાલોચના અને અદ્ય પર્યંત ચાલી આવતી તેમનાં ધાર્મિક ચિન્હો સંબંધીની દૂર કરેલી ગેરસમજૂતિ—વર્તમાન કાળે ધર્મના નામે કોમીયતા કે જાતિયતા સંકળાવીને જે હાઉ ઊભો કરાય છે અને પરિણામે સંસ્કૃતિને મારી નાંખવામાં આવે છે તેનો દૂર કરેલ ભ્રમ—

જેમ મધ્યદેશ ઉપર પ્રથમ ભૂમક અને પછી નહપાણ, ક્ષહરાટ પ્રજાના સરદારો તરીકે રાજ્ય કરી ગયા છે, તેમ મથુરા ઉપર રાજુવુલ અને તે પછી તેનો પુત્ર સોડાસ ગાદીપતિ તરીકે આવ્યા છે; જ્યારે તક્ષશિલાની ગાદીએ પ્રથમ લીઅક અને તેની પછી તેનો પુત્ર પાતિક આવ્યા છે; ભૂમક અને નહપાણના વૃત્તાંતો ઉપરના પરિચ્છેદે લખાઇ ગયાં છે. એટલે અહીં પ્રથમ મથુરાપતિનાં વૃત્તાંતો લખીશું અને તે બાદ તક્ષિલાપતિઓનાં લખીશું. મથુરાપતિ તરીકેના બે મહાક્ષત્રપોમાંનો પ્રથમ જે રાજુવુલ છે તેનું વૃત્તાંત પહેલવહેલાં હાથ ધરીશું.

## (૧) રાજુવુલ

રાજુવુલને ઠેકાણે અનેક વિદ્વાનોએ જુદાં જુદાં નામ આપ્યાં છે, તે સર્વે દેખીતી રીતે ભિન્ન ભિન્ન લાગે છે; છતાં તે એક જ વ્યક્તિનાં નામ છે એમ નિર્વિવાદપણે દેખાઈ આવે છે; એટલે તે બાબતની

**તેનાં નામ તથા જાતિ**

ચર્ચા કરવાની કે પ્રમાણ રજૂ કરવાની જરૂરીઆત રહેતી નથી. માત્ર તે નામો જ જણાવી દેવાથી તેની ગરજ સરી રહેશે. તે આ પ્રમાણે છેઃ—**રાજૂલ, રાજુવુક** અને [1]**રંજુબુલ** જ્યારે પ્રો. સ્ટેન કોનાઉ ઈ. હિ, કવોર્ટર્લી નામે વૃત્તપત્રના પુ. ૧૨ માં પૃ. ૨૧ ઉપર જણાવે છે કે-રાજુવુલનું પદચ્છેદ કરતાં તે રાજુ-વુલ શબ્દોનો બનેલો જણાય છે. તેમાં રાજુ એટલે રાજ અને વુલ-સંસ્કૃત વર્ધન સમજી શકાય. તે હિસાબે રાજુવુલનું સંસ્કૃત નામ રાજવર્ધન છે એમ સમજવું.

ઉપરમાં આપણે મિનેન્ડરનું વર્ણન કરતાં જણાવી ગયા છીએ કે, મિનેન્ડરનો જન્મ કાબુલ નદીની ખીણવાળા પ્રદેશમાં-જેને તે વખતે ગંબોજ-કંબોજ કહેતા હતા ત્યાં થયો હતો. અને યોનપતિ ડિમેટ્રીઅસ જ્યારે હિંદ ઉપર સ્વારી લઇ આવવા નીકળ્યો હતો ત્યારે તેણે પોતાના આ દૂરના સગા મિનેન્ડરને તેમજ ત્યાંની સ્થાનિક પ્રજામાંના બે ત્રણ યુવાન અને ભવિષ્યમાં તેજદાર નીકળવાની આગાહી આપતા ઊંચા ખાનદાન કુટુંબના નબીરાઓને સાથે લઇ લીધા હતા. આ સ્થાનની મુખ્ય ભાષાનું નામ ખરોષ્ઠી હોવાથી તે પ્રજાને ઇતિહાસજ્ઞોએ ક્ષહરાટ નામથી ઓળખાવી છે. અને જે યુવાન સરદારો ડિમેટ્રીઅસ સાથે આવ્યા હતા તેમાં એકનું નામ ભૂમક હતું; બીજાઓનાં નામ હગામ-હગામાસ હતાં. કદાચ તેમાં એકનું નામ રાજુવુલ પણ હોય; ઉપરાંત બીજા પણ હતા કે કેમ, તે વળી આગળ ઉપર જોયું જશે. આમાંના ભૂમકને મિનેન્ડરના જીવનસમયે મધ્ય દેશ, જે યોનપતિના તાબે હતો તેના ઉપર ક્ષત્રપ તરીકે અને મથુરા-પાંચાલના પ્રદેશ ઉપર હગામ-હગામાસને ક્ષત્રપ તરીકે પ્રથમ નીમ્યા હતા. તેમાંના હગામ-હગામાસ અન્ને ભાઇઓ, મિનેન્ડરની વતી શુંગપતિ ભાનુમિત્રના સૈન્યની સાથે લડા-

---

(૧) કે. હિ. ઇ. પૃ. ૫૭૫:-Rajuvula of other inscriptions is Ranjubula: he struck coins both as satrap and Mahakshatrap=બીજા શિલાલેખોનો રાજુવુલ તે જ રંજુવુલ સમજવો. તેણે ક્ષત્રપ અને મહાક્ષત્રપ એમ બન્ને પદ સહિતના સિક્કા પડાવ્યા છે. He was the father of Sodash, in whose reign as satarap the monument (Lion-pillar) was erected=તે સોડાસનો પિતા હતો, જેના ક્ષત્રપ તરીકેના રાજ્યકાળે સિંહ-સ્તૂપ ઊભો કરવામાં આવ્યો હતો. કે. હિ. ઇ. પૃ. ૫૨૬-૭.

ઇમાં મરણ પામવાથી તેમની જગ્યાએ રાજુવુલની નીમણુક થઈ હતી. એટલે રાજુવુલને પણ ક્ષહરાટ પ્રજાના એક ક્ષત્રપ તરીકે જ નોંધવો રહે છે. અલબત્ત ક્ષત્રપ તરીકેનો તેનો રાજ્યકાળ બહુ ટૂંક સમયનો જ રહ્યો છે તે આપણે યથાસ્થાને જણાવીશું. જેમ તેની આયાતના ઇતિહાસથી આપણે તેને ક્ષહરાટ ઠરાવ્યો છે, તેમ અન્ય સાબિતિઓ પણ તે બાબતની મળી રહે છે. તેના જે સિક્કા મળી આવ્યા છે તે ઉપરના અક્ષરો[2] પણ ખરોષ્ઠી ભાષાના જણાયા છે; તેમજ તેની પટરાણીએ જે દાનપત્ર કોતરાવ્યું છે—જેને મથુરાનો સિંહસ્તૂપ કહીને વિદ્વાનોએ ઓળખાવેલ છે—તે સારાયે સ્તૂપની ભાષા પણ ખરોષ્ઠી જ છે.[3] એટલે આવા સિક્કાઇ અને શિલાલેખી પુરાવા જ્યાં અસ્તિત્વ ધરાવે છે, ત્યાં પછી અન્ય રજૂ કરવાની જરૂર દેખાતી જ નથી; જેથી આપણે તેને નિશંક રીતે ક્ષહરાટ ક્ષત્રપ તરીકે જ ઓળખવો રહે છે.

**તેનું કુટુંબ**

આપણા ઇતિહાસની સાથે જો કે તેના કુટુંબી પુરૂષોનાં નામોને કાંઇ સંબંધ તો નથી જ, છતાં તે વખતમાં કેવાં નામો હતાં[4] તે જાણવાની કેટલાકને કુતુહળતા ઉત્પન્ન થાય તે સંતોષવા માટે જણાવીએ છીએ કે, તે સર્વે નામો, ઉપર જણાવવામાં આવેલ મથુરા **સિંહ-સ્તૂપના** લેખમાં કોતરાવેલ છે અને તે આ પ્રમાણેનાં છે. રાણીનું પોતાનું નામ **નન્દસી-અકસા**, તેણીના બાપનું **આયસિકોભુસા**, માતાનું **અબૂલા** અને દાદીનું **પિસપસિ** હતું. જ્યારે તેણીના ભાઇનું **હયુઅરા** હતું. વળી જ્યેષ્ઠ પુત્ર–યુવરાજનું નામ **ખલયસ કુમાર** હતું, તેને **ખરઓસ્ટ**[5] નામ પણ આપ્યું હોય એમ જણાય છે. બીજા નાના પુત્રોમાં **કાલુઇ** અને સાથી નાનો નામે **મજ** હતાં. આ ત્રણે સગા ભાઇઓ હતા. અન્ય પુત્રમાં **શોડાસ** અને પુત્રી તરીકે **હન**નાં નામ જણાવ્યાં છે. આ ઉપરથી જણાય છે કે, રાજુવુલને ચાર પુત્રો અને એક પુત્રીનો પરિવાર હતો. સાધારણ નિયમ એ છે કે, પિતાની ગાદીએ હંમેશાં જ્યેષ્ઠ પુત્ર જ આવે. અહીં જ્યેષ્ઠ પુત્ર–યુવરાજનું નામ ખલયસ કુમાર અથવા ખરઓસ્ટ હોય એમ જણાય છે; જ્યારે તેની પછી ગાદીએ તો શોડાસ આવ્યાનું જણાયું છે; એટલે બે અનુમાન કરી શકાય છે. કાં તો જેમ ખલયસકુમારનું બીજું નામ ખરઓસ્ટ છે તેમ ત્રીજું નામ શોડાશ પણ હોય; અથવા પિતાની હૈયાતિમાં જ તે ખર-ઓસ્ટનું મરણ નીપજ્યું હોય, તો તેના પછી તુરત જ નાનો કુમાર એટલે જેનો નંબર બીજો હોય તેવો તે સોડાસ ગાદીએ આવ્યો હોય.

---

(૨) જુઓ પુ. ૨. સિક્કા ચિત્ર નં. ૭, ૮.

(૩) કે. હિ. ઇ. પૃ. ૫૭૪:–The Kharoshati inscription with which the surface is completely covered associate in the religious merit of the foundation: the donor herself, the chief Queen of the great satrap Rajula=શિલાલેખ આખો ખરોષ્ઠી ભાષાથી લખાયો છે તેમાં તેની સ્થાપના વિષેની ધાર્મિક ગૌરવતાનું જ વર્ણન છે; તેના દાતા તરીકે, મહાક્ષત્રપ રાજુલની પટરાણી ખૂદ પોતે જ છે (પટરાણી લખી છે એટલે બીજી પણ રાણીઓ હશે જ એમ થયું.)

(૪) આ સર્વ નામો એ. ઇ. પુ. ૯, પૃ. ૧૪૨ તથા ભારતીય પ્રાચીન રાજવંશ પુ. ૨, પૃ. ૧૯૩ અને આગળમાંથી ઉતારવામાં આવ્યાં છે.

(૫) આ વિશે નીચેની ટીકા નં. ૬ જુઓ.

વળી પટરાણીના પેટે ત્રણ પુત્રનાં નામ જણાવ્યાં છે; જ્યારે કુમાર સોદાસ અને કુંવરી હનનાં નામ જુદાં પાડી પતાવ્યાં છે. તે ઉપરથી એમ અનુમાન લઈ જવાય છે કે, તે બન્ને પટરાણીના ફરજંદો નહીં હોય. પછી તે બન્ને સહોદર હતાં કે કેમ તે સ્પષ્ટ થતું નથી; પણ મહાક્ષત્રપ રાજુવુલને એક કરતાં વધારે રાણીઓ હતી એમ તો ચોક્કસ કહી શકાશે જ. આ સિવાય તેનાં બીજાં કોઇ સગાંઓનાં નામો તેમાંથી નીકળતાં નથી. ઉપરમાં આપણે ખરઓસ્ટ તે જ્યેષ્ઠ પુત્ર ખલયસ કુમારનું બીજું નામ હોવાનું જણાવ્યું છે, પણ બીજે ઠેકાણે તેને રાજુવુલના દોહિત્રાનો પુત્ર[૬] હોવાનું જણાવાયું છે.

તેના સિક્કા ઉપરથી જણાય છે કે[૭] તેણે "ક્ષત્રપ અને મહાક્ષત્રપ" એમ બન્ને હોદ્દા ભોગવ્યા છે જ. હવે જો

**તેનો સમય**

ક્ષત્રપ તરીકેનો તેનો સમય વિચારીએ છીએ તો તો સ્પષ્ટ થાય છે જ કે, તેના ઉપરી તરીકે બીજો કોઇ હોવો જોઇએજ; અને તે બીજા કોઇનો સંભવ નથી પણ બાદશાહ મિનેન્ડરનો જ છે; તેમજ જ્યાંસુધી મિનેન્ડર જીવતો હતો ત્યાંસુધી તો તે પ્રદેશ ઉપર હગામ-હગામાસ જ ક્ષત્રપો હતા. તેમજ શુંગવંશી ભાનુમિત્રની સાથેના યુદ્ધમાં મિનેન્ડર તથા આ હગામાસ મરણ પામ્યા હતા, એમ જણાવી ગયા છીએ. તેમજ એટલું તો સમજી શકાય તેવુંજ છે કે, જ્યારે યુદ્ધમાં વિજેતા ભાનુમિત્ર છે ત્યારે તે સ્થાન ઉપર, યુદ્ધ પછી સત્તા તો તેની જ સ્થપાય; જેથી રાજુવુલનું ક્ષત્રપપદું રહી શકે જ નહીં. એટલે પ્રશ્ન એ થાય છે કે રાજુવુલ ક્ષત્રપપદે આવ્યો ક્યારે ? એ સ્થિતિ સંભવી શકે ( ૧ ) મિનેન્ડરની હૈયાતિમાં જ તે નિમાયો હોય, અને તેમ બન્યું હોય તો હગામાસને યુદ્ધ પહેલાં એટલે ઈ. સ. પૂ. ૧૫૯ પહેલાં મરણ પામ્યાનું લેખવું રહ્યું; કે જેથી રાજુવુલને તેના સ્થાને ક્ષત્રપ તરીકે નીમી શકાય. ( ૨ ) અને બીજી સ્થિતિ, ભાનુમિત્રે મથુરા ઉપર પોતાની સત્તા જમાવ્યા બાદ થોડા કાળે આ રાજુવુલે તે મુલક પાછો લડી કરીને તેની પાસેથી પડાવી લીધો હોય: પણ તેમ બન્યું હોય તો તે સમયે મિનેન્ડર જેવો કોઈ ઉપરી રાજકર્તા રહ્યો ન હોવાથી તેને "મહાક્ષત્રપ" તરીકે જ સંબોધી શકાય, ક્ષત્રપ તરીકે નહીં જ. એટલે પછી એમજ અનુમાન કરવું રહ્યું કે, નં. ૧ માં જણાવ્યા પ્રમાણે હગામાસનું મરણ જ ઇ. સ. પૂ. ૧૫૯ પહેલાં નીપજી ચૂકેલું અને તેની અવેજીમાં મિનેન્ડરે પોતાની હૈયાતિમાં જ આ રાજુવુલને ક્ષત્રપ તરીકે[૮] નીમેલ. આટલું નિશ્ચિત કર્યા પછી, તે કેટલો કાળ ક્ષત્રપપદે રહ્યો હતો તે વિચારવું રહે છે. જો કે ક્ષત્રપ તરીકેના કાળનો નિર્ણય કરી લઇએ તોપણ આપણા સ્થાપિત નિયમ પ્રમાણે તેનો તે સમય રાજત્વ-કાળનો નહીંજ લેખાય; માટે તે પાછળ કરેલી મહેનત અફળ જાશે તેમ ધારી તેનો પ્રયત્ન કરવાનું માંડી વાળશું.

હવે મહાક્ષત્રપ તરીકેના સમયનો વિચાર કરીએ :—એક વાત તો ઉપરમાં નં. ૨ ની સ્થિતિનો વિચાર કરતાં સ્પષ્ટ જણાવી દીધી છે કે,

---

( ૬ ) કે. શો. હિ. ઇ. પૃ. ૭૦ જુઓ:–Another member of the family known to us is Kharaosta, of Ranjubula=આ કુટુંબના એક બીજા સભ્યનું નામ ખરઓસ્ટ છે. તે રાજુવુલની દીકરી દીકરા આર્તનો પુત્ર થતો હતો.

( ૭ ) જુઓ ઉપરની ટી. નં. ૧.

( ૮ ) આ પ્રમાણે ઠરે તો તે પ્રમાણે હગામ–હગામાસના ચરિત્રમાં આપણે ફેરફારો કરવા રહેશે.

ઈ. સ. પૂ. ૧૫૯ માં મિનેન્ડરનું મરણ થવાથી તથા તે પ્રદેશ ભાનુમિત્રે જીતી લીધો હોવાથી તે ઉપર પ્રથમ તો શુંગવંશીની સત્તા જ સ્થાપિત થઇ ગયેલી ગણાય; જ્યારે પાછા તે જ પ્રદેશ ઉપર રાજુવુલે મહાક્ષત્રપ તરીકે હકુમત ચલાવી છે; ત્યારે એમ જ અર્થ કરવો રહે છે કે, તેણે શુંગવંશી અમલ તરફથી તે દેશને પાછો જીતી લીધો હોવો જોઇએ. કયારે તેમ બન્યું હોવું જોઇએ તે જ પ્રશ્ન વિચારવો રહ્યો. બીજી બાજુ એમ જણાવાયું છે કે ભાનુમિત્રનું રાજ્ય ઇ. સ. પૂ. ૧૫૯ થી ૧૪૨ સુધી ૧૭ વર્ષ ચાલ્યું છે અને તે બાદ માત્ર નામધારી રાજાઓ જ ઊભા થયા છે. એટલે બે અનુમાન કરી શકાય-એક એ કે ભાનુમિત્રના મરણબાદ તે પ્રદેશ રાજુવુલે જીતી લીધો હોય; અથવા બીજું એ કે, ભાનુમિત્રના જીવતાં પણ તેમ બન્યું હોય. પણ સત્તર સત્તર વર્ષ સુધી કોઈ માણુસ વિચાર કરતો કરતો બેસી રહે કે ફલાણાનું મરણ થશે-કયારે મરણ થવાનું છે તે કોઈ માણુસ શી રીતે જાણી જ શકે-તો હું તે મૂલક પચાવી પાડીશ; એ વાત બનવા યોગ્ય ન ગણાય. માટે એમ જ કલ્પના કરી શકાય કે, ભાનુમિત્રના રાજ્યે જ ઇ. સ. પૂ. ૧૫૯ પછીના ટૂંકા સમયમાંજ-બેથી પાંચ વર્ષ સુધીનો સમય ધારવો વ્યાજબી ગણાશે-તેણે લડાઇ કરીને તે પ્રદેશ પાછો મેળવી લીધો હશે એમ ગણવું. એટલે મહાક્ષત્રપ તરીકેનો તેનો સમય ઈ. સ. પૂ. ૧૫૪-૫ થી શરૂ થયો, એમ આપણે હાલતુરત પાકો નિર્ણય ન મળી આવે ત્યાં સુધી તો ઠરાવીશું. તેના રાજ્યારંભનો સમય નિર્ણિત થઈ ગયો. હવે અંતનો સમય વિચારીએ. તે માટે આપણને શિલાલેખ ઉપરથી જાણવાનું સાધન મળે છે. તેની પટરાણીએ જે મથુરાસિંહસ્તૂપની પુનઃસ્થાપના કરી છે તેમાં પુત્ર સોદાસને[૯] ક્ષત્રપ તરીકે જણાવ્યો છે; જ્યારે આમોહીનો બીજો શિલાલેખ છે તેમાં સોદાસે પોતાને મહાક્ષત્રપ[૧૦] તરીકે લેખાવ્યો છે. એટલે તાત્પર્ય એ થયો કે, તે બન્ને શિલાલેખના સમયની વચ્ચેના ગાળામાં સોદાસ મહાક્ષત્રપ થયો છે તથા રાજુવુલનું મરણ પણ થયું છે. મથુરાના તેમજ આમોહીના એમ બન્ને લેખમાં ૪૨ નો જ આંક છે. એટલે એમ થયું કહેવાય કે પ્રથમ પુનઃસ્થાપના થઇ; પછી ટૂંક સમયમાં રાજુવુલનું મરણ થયું અને તે બાદ સોદાસે આમોહીનો પટ ચિતરાવ્યો હતો. હવે આ બેંતાળીશનો આંક તે કયા સંવતનો હતો તે પાછું વિચારવું રહે છે. આપણે ભૂમકનું વર્ણન કરતાં જણાવી ગયા

(૯) જુઓ ઉપરની ટી. નં. ૧. તથા ઉપરમાં "તેનું કુટુંબ" વાળો પારિગ્રાફ.

(૧૦) કે. હિ. ઇં. પૃ. ૫૭૫:-Subsequently after the erection of Mathura-Lion-capital in his reign as satarap, he (Sodasa) appears as great satarap on the Amohi votive tablet at Mathura dated in the second month of the year 42=પોતાના (સોદાસના) ક્ષત્રપ તરીકેના સમયમાં મથુરા સિંહસ્તૂપની સ્થાપના કર્યા પછી તુરત જ મથુરાના આમોહી (પરું છે)માં ભક્તિ માટે ઊભી કરેલ એક તખ્તિમાં પાછો તેનો ઉલ્લેખ મળે છે. તે તખ્તિની સાલ માટે "૪૨ ના શિયાળાનો બીજો મહિનો" એમ લખાણ છે.

વળી જુઓ. એ. ઇ. પુ. ૯, પૃ. ૧૩૯.

વળી જુઓ વિન્સેંટ સ્મિથ સાહેબકૃત મુદ્રિત મથુરા એન્ડ ઇટસ એન્ટીકવીટીઝ. ઈ. સ. ૧૯૦૧, પ્રસ્તાવના પૃ. ૫. તે જ પુસ્તકના પૃ. ૨૧ ઉપર તો ચોખ્ખું જ લખ્યું છે કે "In the 42nd year of the Maha-Kshatrpa Sodas (Pl. xiv Ayaga-patta) મહાક્ષત્રપ સોદાસના રાજ્યે સં. ૪૨ માં ( આયાગપટ આકૃતિ નં. ૧૪ જુઓ.)

છીએ કે તેણે પોતાની ક્ષહરાટ જ્ઞાતિ ઉપરથી ક્ષહરાટ સંવતની સ્થાપના કરી છે. તેની આદિ ઈ. સ. પૂ. ૧૫૯ થી જ–પોતે ગાદીપતિ બન્યો ત્યારથી જ–કરવામાં આવી છે. તેમ આ રાજુવુલ પણ તે જ જાતિનો છે. તેમ બીજી અનેક રીતે, રાજકીય સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તે ભૂમકની સાથે જોડાયલો માલૂમ પડ્યો છે. એટલે સહજ અનુમાન કરી શકાય કે રાજુવુલના લેખોમાં પણ તે જ ક્ષહરાટ સંવત વપરાયો હશે; તે હિસાબે ક્ષહરાટ સંવત ૪૨=ઈ. સ. પૂ. ૧૧૭ થાય, કે જે સાલમાં મહાક્ષત્રપ રાજુવુલનું મરણ થયું હતું. એટલે તેનો રાજ્યઅમલ ઈ. સ. પૂ. ૧૫૫[૧૧] થી ૧૧૭ સુધીના ૩૮ વર્ષનો હતો એમ ગણવું રહે છે.

**તેના રાજ્યના બનાવો**

તેના ૩૮ વર્ષ જેટલા લાંબા ગાળાના અમલમાં રાજકીય બનાવો તો અનેક બનવા પામ્યા હશે, પણ આપણને જ્યાં સુધી તે વિશેની કાંઈ જ માહિતી મળી નથી ત્યાંસુધી તેના ખાતે તે વિષયમાં મૌન જ સેવવું ઉત્તમ છે. માત્ર એક પ્રસંગ જે તેની પટરાણીએ કોતરાવેલ શિલાલેખ ઉપરથી આપણે જાણી શકીએ છીએ તેનું જ વર્ણન અત્રે આપીશું. તે પ્રસંગ મથુરાના સિંહસ્તૂપની પુનઃ પ્રતિષ્ઠા કર્યાનો છે. આનું કેટલુંક વિગતવાર વર્ણન આગળ ઉપર મથુરા નગરીના પરિશિષ્ટમાં આપીશું; તેમજ જે કેટલાક રાજુવુલનાં સગાંવહાલાંનાં નામ તેમાં નિર્દિષ્ટ થયાં છે તે આપણે "તેના કુટુંબ"વાળા પારિગ્રાફમાં જણાવી ગયા છીએ. હવે વિશેષમાં જે થોડુંઘણું જણાવવું બાકી રહે છે તે જ અત્રે કહીશું.

આ પ્રસંગ એક ધાર્મિક કાર્યનો હતો. તેની પ્રતિષ્ઠા તથા ગૌરવ એટલું મોટું ધારવામાં આવતું હતું કે તે ક્રિયાના પ્રમુખપદ માટે તેના યજમાન કરતાં પણ–ખુદ મહાક્ષત્રપ રાજુવુલની પટરાણીનું નામ તેમાં અપાયું છે–વિશેષ વૈભવવંતા પુરુષની જો વરણી થાય તો પ્રસંગની શોભામાં વધારો થશે. તે સમયે ક્ષહરાટવંશી ત્રણ મહારાજ્યો હતાં: એક, પંજાબમાં મહાક્ષત્રપ લીઅકની સત્તા હતી. બીજા, મથુરામાં રાજુવુલ મહાક્ષત્રપની પોતાની અને ત્રીજા, મધ્યદેશમાં મહાક્ષત્રપ ભૂમકની આણ ચાલી રહી હતી. આ ત્રણેમાં ભૂમકનું સ્થાન દરેક રીતે ઉચ્ચ પદે હતું. ઉમરમાં પણ તે સર્વ રાજકર્તાઓમાં વિશેષ વૃદ્ધ હતો; તેમજ તેનો રાજ્યવિસ્તાર પણ સૌથી મોટો હતો: તેમ ક્ષહરાટના સરદારોમાં–યોનપતિઓમાં છેલ્લા યોનપતિ મિનેન્ડરના સમયે પણ–આ ભૂમકનું જ વર્ચસ્વ માત્ર બાદશાહ ખુદથી જ બીજા નંબરે લેખવામાં આવતું હતું. એટલે આ પ્રસંગના મેળાવડાના સભાપતિ તરીકે તે ભૂમકની જ ચુંટણી કરવામાં આવી હતી; પણ આ સમયે એટલે કે ક્ષહરાટ સંવત ૪૨=ઈ. સ. પૂ. ૧૧૭ માં ભૂમકની ઉમ્મર લગભગ ૯૫ વર્ષની થઈ ગઈ હોવાથી તેણે પોતે હાજરી ન આપતાં, પોતાના યુવરાજ ક્ષત્રપ નહપાણને પોતાના પ્રતિનિધિ તરીકે પાઠવ્યો હતો આ સમયે તક્ષશિલાના મહાક્ષત્રપ લીઅકને પણ આમંત્રણ મોકલ્યું હતું એટલે તે પણ પોતાના યુવરાજ

(૧૧) ભૂમકના રાજ્યની આદિ, ક્ષહરાટ સંવતની આદિથી ગણાય છે; પણ રાજુવુલના સમયની આદિને ક્ષહરાટ સંવતની આદિ સાથે સંબંધ ગણવાનો નથી.

-ક્ષત્રપ પાતિકને લઇને ઉપસ્થિત થયો હતો. મતલબ કે, ત્રણે પ્રદેશના ક્ષહરાટ મહાક્ષત્રપો અને તેમના યુવરાજ-ક્ષત્રપો ત્યાં હાજર થઇ ગયા હતા. ( અલબત્ત, ભૂમક પોતાના સ્થૂલ દેહે નહોતો જ ) પ્રતિષ્ઠા નિમિત્તે ઉજવવાના પ્રસંગની એટલી બધી મહત્ત્વતા તેમના મનમાં ઉગી હતી, અને ખરેખર તે પ્રસંગ હતો પણ તેવો જ-કે જેથી તેની ઉત્પાદિકા મહાક્ષત્રપ રાજુવુલની પટરાણી નન્દસીઅકસાએ પોતાના સર્વ કાકા-ભાંડરૂ, માબાપ, પુત્રો, દોહિત્રીઓ વિગેરેને આમંત્રણ મોકલી મોકલીને બોલાવી લીધા હતા. આ સર્વ નામો આપણને તે સ્તૂપ ઉપર કોતરાયલી વિગતમાંથી મળી આવે છે. આ વિવેચન ઉપરથી સમજી શકાશે કે, શામાટે તે સ્તૂપની પ્રતિષ્ઠાને તેણીએ પોતાના જીવનના એક અનુપમ પ્રસંગ [12] તરીકે લેખાવ્યો છે તથા બધા મહાક્ષત્રપો અને ક્ષત્રપો હાજર થયા છે તથા બબ્બે મહાક્ષત્રપો વિદ્યમાન હોવા છતાં યે નહપાણ[13] જેવો નાની ઉમ્મરનો અને માત્ર ક્ષત્રપપદથી જ વિભૂષિત[14] થયેલો, તે પ્રસંગનો પ્રમુખ થવા પામ્યો છે.

આ ધાર્મિક કાર્યના પ્રસંગે જે ત્રણે પ્રદેશના ક્ષહરાટ ભૂપતિઓએ આમંત્રણને માન આપી હાજરી પુરાવી છે, તે ઉપરથી બે ત્રણ બાબતો અનુક્રમે સિદ્ધ થઇ જાય છે; કે (૧) તેઓમાં ધર્મપ્રેમ જીવતીજાગતિ જ્યોત જેવો વર્તતો હતો (૨) તેઓ રાજપતિઓ હોવા છતાં એક બીજા પ્રત્યે-સ્વધાર્મિક અને સ્વજાતિ બંધુઓ પ્રત્યે-બહુમાનની નજરથી જોતા હતા (૩) તેમનામાં ઉદારવૃત્તિ તથા સજ્જનને શોભે તેવી સભ્યતા અને સૌજન્યતા ભરેલી હતી (૪) કોઇ કોઇના ઉપર દ્વેષવૃત્તિ દાખવતું નહોતું; નહીં તો ભૂમક જેવો મહારાજ્યનો અધિપતિ તેની પાસે જ આવેલા-ઉત્તરે મથુરા અને નૈરૂત્યે તક્ષિલા જેવા પ્રદેશના ભૂપતિ ઉપર ચડાઈ લઇ જઈ તેમનો મુલક બથાવી પાડે, તો કેટલી વાર લાગવાની હતી ?

ઉપરનો પ્રસંગ વીત્યા પછી માત્ર બે ચાર માસની અવધિમાં જ મહાક્ષત્રપ રાજુવુલનું મરણ નીપજ્યું હતું અને તેના સ્થાને તેનો બીજો પુત્ર સોડાષ [15] મથુરાપતિ બન્યો હતો.

## ( ૨ ) શોડાસ-સોડાસ

રાજુવુલની પછી તેનો પુત્ર શોડાસ મહાક્ષત્રપ બની મથુરાની ગાદીએ બેઠો છે. ઇ. સ. પૂ. ૧૧૭=મ. સં. ૪૧૦. જેમ ઇતિહાસમાં અનેક બાબતો હજુ અંધારામાં જ પડી રહી છે તેમ આ શોડાસના રાજ્યકાળે જે બનાવો બનવા પામ્યા હતા તેનું પણ સમજી લેવું. એટલે આ

---

( ૧૨ ) અનુપમ પ્રસંગ એટલા માટે હતો કે તેણીએ પોતાના ધર્મના એક અતિ ઉત્તમ અંગ તરીકે ઉજવવાને ધાર્યું હતું. તે હકીકત મથુરા નગરીના પરિશિષ્ટમાં બતાવેલા વર્ણન ઉપરથી જોઈ શકાશે.

તે સમયની આ ક્ષહરાટ પ્રજા પોતાના ધર્મના અનુષ્ઠાન કરવામાં કેટલો ઉમંગ ધરાવતી હતી તથા ધર્મ પ્રત્યે કેટલું માન રાખતી હતી તેનું માપ પણ આ ઉપરથી કાઢી શકાશે.

( ૧૩ ) જ. ઑ. બ્રે. રો. એ. સો. નવી આવૃત્તિ પુ. ૩. પૃ. ૧૧:-It is obvious that Nahapana was a contemporary of Rajuvula, the Mahakshatrapa of Mathura-એ તો દેખીતું જ છે કે નહપાણ તે મથુરાના મહાક્ષત્રપ રાજુવુલનો સહસમયી હતો.

( ૧૪ ) નહપાણ પોતે ઈ. સ. પૂ. ૧૧૪ માં મહાક્ષત્રપ થયો છે. એટલે ઈ. સ. પૂ. ૧૧૭ માં થયેલી આ પ્રતિષ્ઠાના પ્રસંગે તો તે ક્ષત્રપ જ માત્ર હતો એમ સ્પષ્ટ કહી શકાય છે.

( ૧૫ ) જુઓ ઉપરમાં પૃ. ૨૩૦ ની હકીકત.

ષોડાસ વિશે બહુ નવું તો આપણે વાચકવૃંદ પાસે ધરી શકીએ તેમ નથી જ; સિવાય કે એક બે મુદ્દા જે જણાયા છે તે ઉપર કાંઈક વિશેષ પ્રકાશ પાડવાનો પ્રયત્ન બને તો કરીએ.

ઉપર જણાવવામાં આવ્યું છે કે, તે જેવો ગાદીએ બેઠો કે તુરત જ મથુરા નગરીના એક પરામાં-જેને અત્યારે આમોહી તરીકે ઓળખવામાં આવે છે ત્યાં ભક્તિપૂજા કરવા માટે તેણે એક આયાગપટ્ટ બનાવરાવ્યો હતો, એવી હકીકત ત્યાંના શિલાલેખમાંથી લભ્ય થઇ છે. એટલે આ આયાગપટ્ટનો સમય પણ ઇ. સ. પૂ ૧૧૭ જ લેખવો રહે છે. જ્યારે આયાગપટ્ટ માંના આંક ૪૨ ને સ્થાને ૭૨ વાંચવાનું પ્રો સ્ટેન કોનાઉના નામે જણાવાયું છે [૧૬] વળી ત્યાં જણાવ્યું છે કે, તેમણે આ ૭૨ ના આંકને વિક્રમ સંવત ધારીને તેનો સમય ઇ. સ. ૨૪ ઠરાવી દીધો છે. આ બધું કેમ બનવા પામ્યું છે તેની ભાંજગડમાં ઉતરવાની આપણને જરૂર જ નથી. માત્ર એટલું જ કહીશું કે, ક્ષહરાટ સંવતની કોઇને જાણ નહીં હોવાથી, જેને જેમ ફાવ્યું તેમ અનુમાન દોર્યે ગયા છે અને ઇચ્છાપૂર્વક તેનો અર્થ કર્યે રાખ્યો છે.

તેના રાજ્યનો આરંભકાળ ઇ. સ પૂ. ૧૧૭ ગણાયો છે જ્યારે નહપાણનો ઇ. સ. પૂ. ૧૧૪ છે. એટલે નહપાણની પૂર્વે ત્રણ વર્ષે તે ગાદીપતિ થયો છે. તેમ નહપાણના રાજ્યનો અંત ઇ. સ. પૂ ૭૪ માં ગણાયો છે; જ્યારે સોદાસના રાજ્યની પૂર્ણાહુતિનો સમય એકદમ ચોક્કસ તો કહી શકીએ તેવી સ્થિતિમાં હજુ આપણે મુકાયા નથી જ; પણ ઇન્ડો-પાર્થિઅન શહેનશાહ મોઝીઝે ઉત્તર હિંદના--એટલે તક્ષિલા-પંજાબના અને મથુરાના-બન્ને ક્ષહરાટ મહાક્ષત્રપોને જીતી લઇ[૧૭] તેમનાં રાજ્ય ઉપર પોતાની આણ ફેરવી દીધી હતી; એટલે માનવાને કારણ રહે છે કે, તેનો સમય ઇ. સ. પૂ. ૭૮ થી ૭૫ અંદાજે મુકીએ તો લગભગ સત્ય જ આવી રહેશે; અને તે હિસાબે સોડાસના રાજ્યનો અંત ઇ સ. પૂ. ૭૫ મૂકતાં તેનું રાજ્ય ૧૧૭ થી ૭૫=૪૨ વર્ષ પર્યંત ચાલ્યું હતું એમ ગણી શકાશે. મતલબ કે, નહપાણ અને ષોડાસ બન્ને પોતાના આખા રાજ્યકાળ દરમ્યાન સમકાલીનપણે જ વિદ્યમાન રહ્યા છે; છતાં તાજુબ જેવું છે કે વિદ્વાનોએ નહપાણને સોદાસની અગાઉ[૧૮] થઈ ગયાનું જાહેર કર્યું છે. તેના બે કારણો મારી કલ્પનામાં આવે છે. એક તો ઉપર જેમ પ્રો. સ્ટેન કોનાઉની બાબતમાં જણાવાયું છે તેમ, કોઇને તેમના સમયની ચોક્કસાઇની માહિતી નથી એટલે મરજી પ્રમાણે ફેંકયે રાખ્યું છે. અને બીજું એ કે, તેમણે શિલાલેખોના અક્ષરોની સરખામણી કરી છે તે તો સાચી, પણ એક બાજુ નહપાણ પોતે ગાદીએ બેઠો તે પહેલાંના જે ક્ષત્રપપણે તેણે કોતરાવ્યા હતા તેના અક્ષર

(૧૬) જુઓ જ. ઇ. હી. કો. પુ. ૧૨.

(૧૭) આ હકીકત સ્પષ્ટપણે આપણે શહેનશાહ મોઝીઝના વૃત્તાંતે જણાવવાની છે. ત્યાંથી જોઈ લેવા વિનંતિ છે.

(૧૮) જ. બો. બ્રૈ. રો. એ. સો. નવી આવૃત્તિ પુ. ૩. પૃ ૬૪:-Nahapana lived prior to Sodas of Mathura and therefore Nahapana preceeded Sodas-નહપાણ મથુરાના સોદાસની અગાઉ થઈ ગયો છે.

ઇ. એ. પુ. ૩૭ (૧૯૦૮) પૃ. ૪૩:-The characters of the inscriptions of Sodas are later than those of the inscriptions of Nahapana-નહપાણના લેખમાંના અક્ષરો કરતાં ષોડાસના લેખમાંના અક્ષરો કાંઈક મોડા સમયના છે.

લીધા, જ્યારે બીજી બાજુ સોડાસના કિસ્સામાં તેના રાજ્યની આદિના ન લેતાં જે લેખ લગભગ અંતસમયે લખાયો હતો તેના અક્ષર લીધા; એટલે બનવાજોગ છે કે, બન્નેનાં નામ સાચાં, બન્નેનો સમય સાચો, પણ આદિને અંત વચ્ચે લગભગ ૪૫ વર્ષનું અંતર જે પડી જાય છે તેની ગણત્રી કોઇએ હિસાબમાં ન જ લીધી; જેથી સ્વાભાવિક છે કે તે સ્થિતિમાં તેમનું અનુમાન જુદું જ આવે. આ બીજું કારણ વિશેષ સંભવિત લાગે છે.

તેના તથા તેના પિતાના રાજ્યકાળે બીજા કોઈ બનાવો બન્યા હોવાનું જણાયું નથી. એટલે હાલ તો એટલું જ કહેવું બસ થઇ પડશે કે, તેમનાં જીવન, પ્રજોપયોગી કાર્ય કરી પ્રજાને રાજી રાખી, શાંતિથી કાર્યભાર ચલાવ્યે જવો તેવી મનોવૃત્તિવાળાં જ હશે. જેથી નથી તેમના રાજ્યે ધાંધલ મચાવી રહેલી કોઇના તરફથી આવી પડેલી ચડાઇઓ થઈ પડયાની જાહેરાત, કે નથી તેમણે કોઇ બાજુ પ્રદેશ જીતવા માટે લઇ ગયેલી ચડાઇઓ અને પરિણમતી ખાનાખરાબીની વધાઇઓ. આ સ્થિતિ તેમની સંસ્કૃતિ કેવી હશે તે વિશેનું અનુમાન બાંધવાને આપણને ઉપયોગી થઇ પડશે. આ પરિચ્છેદને અંતે તેમના ધર્મ વિશેના પારામાંની હકીકત સાથે સરખાવો.

## ( ઈ ) તક્ષિલા ( તક્ષશિલા ) પતિઓ.

પૃ. ૨૨૯ના મથાળે જણાવી ગયા પ્રમાણે અહીં પણ આપણે બે ભૂપતિઓનાં જ જીવન વિશે બોલવાનું રહે છે. તેમાંનાં એકનું નામ લીઅક અને બીજાનું નામ પાતિક છે. તેમાંના એક પછી એકની હકીકત લખીશું.

### ( ૧ ) લીઅક

**જાતિ તથા નામો**

આગળ જણાવી ગયા પ્રમાણે તે ક્ષહરાટ જાતિનો હતો. તેનું નામ તો લીઅક જ છે, પણ ઘણે ઠેકાણે કુસુલુક લીઅક અથવા લીઅક કુસુલુક તરીકે પણ જણાય છે. એટલે સહજ અનુમાન કરી શકાય છે કે, કુસુલુક શબ્દ કાં તો તેનું ઉપનામ હોય કે હોદ્દો હોય કે ગોત્ર હોય; પણ ગોત્રનું નામ નથી જ લાગતું. કેમકે નહીં તો તેની પાછળ આવનાર તેના પુત્ર પાતિકને પણ તે શબ્દ[૧૯] લગાડવામાં આવ્યો હોત; પણ તેમ થયું નથી. એટલે ઉપનામ કે હોદ્દો હોવાનું[૨૦] જ તે સંભવે છે

**તેનો સમય**

જ્યાં સુધી મિનેન્ડર જીવતો હતો ત્યાં સુધી આ પંજાબના પ્રાંત ઉપર એન્ટીસીઆલડાસ નામનો ક્ષત્રપ તેના તરફથી રાજ્ય ચલાવતો હતો; કે જેણે, મિનેન્ડરનું લડાઈમાં મરણ નીપજતાં પોતાને ભય લાગ્યો હોય તેથી કે અન્ય કારણથી, પણ શુંગપતિ ભાગ-ભાનુમિત્રની મૈત્રી શોધવાનો પ્રયત્ન કર્યો હતો. તે એન્ટીસીઆલડાસની પછીથી આ લીઅક સત્તા ઉપર આવ્યો છે; પણ તેનું મરણ થવાથી કે તેણે ગાદીનો ત્યાગ કરવાથી કે તેને ઉઠાડી મૂકવાથી તેમાંનું કાંઇ જણાયું નથી. તેમજ તુરત કે થોડા સમય બાદ તે પણ જણાયું નથી. એટલે હાલ

( ૧૯ ) નીચેની ટીકા નં ૨૫ જુઓ. તેમાં પાતિકને "કુસુલ પાતિક" તરીકે ઓળખાવ્યો છે; પણ તે કથન બહુ પ્રમાણભુત લાગતું નથી. એટલે વિશેષ ખાત્રીપૂર્વક સાબિત ન થાય ત્યાંસુધી પાતિકને કાંઇ ઉપનામ વિના જ ઓળખવો રહે છે.

( ૨૦ ) કે. હિ. ઇ. પૃ. ૫૮૩:-It is no doubt a title like the Kujula Kadaphisis= કુજુલ કડફીસીઝની પેઠે તે ( કુસુલુક ) શબ્દ પણ પદવી-સૂચક લાગે છે.

તો, જેમ ક્ષત્રપ રાજુવુલ સંબંધી બનવા પામ્યું હતું એમ ગણી લઇને તેના રાજ્યનો આરંભ-કાળ ઇ. સ. પૂ. ૧૫૫ નો લેખીશું. તેનું મરણ ક્યારે થયું અથવા તેના રાજ્યનો અંત ક્યારે આવ્યો તે બાબત પણ ક્યાંય નોંધ થઇ દેખાતી નથી; પણ મહાક્ષત્રપ રાજુવુલનાં સમયે જે પ્રતિષ્ઠા ઓચ્છવ મથુરા સિંહસ્તૂપનો ઉજવાયો હતો તેમાં આ તક્ષિલાપતિ મહાક્ષત્રપ લીઅક પણ પોતાના પુત્ર પાતિક સાથે ઉપસ્થિત થયો હતો એટલું તેની ઉપર કોતરેલ લેખથી જણાયું છે. તેથી તેનો રાજઅમલ ઇ. સ. પૂ. ૧૧૭ સુધીતો ચાલુ હતો એમ નક્કી થયું જ. પછી કેટલા વર્ષે પૂરો થયો તે માટે અનુમાન કરવું રહે છે. જેમ તે સમયના સર્વે ક્ષત્રપો–મહાક્ષત્રપોના અમલ ૩૫–૪૦ વર્ષ આલ્યા છે તેમ લીઅકની બાબતમાં પણ માની લઇને તેનો રાજ્યકાળ ઇ. સ. પૂ. ૧૫૫ થી ૧૧૫ સુધી ૪૦ વર્ષ પર્યંત ટક્યો હતો એમ ગણવું રહે છે. જો કે તેના સમય વિશે અન્ય વિદ્વાનોએ ભાતભાતના નિર્ણયો બાંધ્યા છે, પણ તે ભરોસાપાત્ર નથી એમ ઉપરમાં અનેક ઠેકાણે આપણે કહી ગયા છીએ; એટલે તેની ચર્ચામાં ઉતરવાનું પણ અત્રે યોગ્ય લાગતું નથી. માટે તેનો ઉલ્લેખ પણ કરીશું નહીં.

મથુરા નગરીમાં જે પ્રતિષ્ઠા ઓચ્છવમાં તેની હાજરી થઇ હતી તે ઉપરથી કેટલાકનો મત એમ બંધાયો છે કે, તેનું રાજ્ય મથુરા પ્રદેશમાં જ થવા પામ્યું હશે; પણ ખરી હકીકત શી રીતે બનવા પામી છે, તેનાથી હવે સારી રીતે આપણે વાકેફગાર થઇ ગયા છીએ. વળી કેટલાક વિદ્વાનોના કથનથી [21] પણ પુરવાર થાય છે કે તે પંજાબ ઉપર જ સત્તા ભોગવતો હતો.

તેના જીવન વિશે બીજું કાંઇ જણાયું નથી. એટલે ઉપરનાં સોડાસના રાજ્ય સંબંધી જે ટીકા લખી છે તે અહીં લીઅકને પણ લાગુ પડે છે એમ સમજી લેવું. તેના મરણ પછી તેની ગાદીએ તેનો પુત્ર પાતિક આવ્યો છે

### પાતિક–પાલિક

તે ક્ષહરાટ જાતિનો હતો તથા લીઅક કુસુલુકનો પુત્ર હતો, તે હકીકત ફરી ફરીને જણાવવા જરૂર રહેતી નથી. તેમ તે તક્ષિલાપતિ હતો તે પણ પુરવાર થઇ ગયું છે. વળી તે મથુરાના સિંહ સ્તૂપની પ્રતિષ્ઠા વખતે પોતાના પિતા સાથે તેના યુવરાજ–ક્ષત્રપ તરીકે હાજર થયો હતો તે પણ જાણીતી વાત થઇ ગઇ છે. તેમ ઉપર જણાવ્યા પ્રમાણે તેનો રાજઅમલ ઇ. સ. પૂ. ૧૧૫ થી શરૂ થયાનું ગણવું રહે છે. પણ તેના રાજ્યનો અંત ક્યારે આવ્યો તે જરા વિવાદાસ્પદ પ્રશ્ન છે. જેથી તેની ચર્ચા કાંઇક વિસ્તારથી કરવા જરૂર ધારું છું.

એક લેખકે, [22] લીઅક કુસુલુકનું વર્ણન

(૨૧) જ. ઇ. હિ. ક્વો. પુ. ૧૨. પૃ. ૪૧: The chief Liaka Kusuluka is characterised as kshaharat and as a kshatrap of Cukhsa–સરદાર લીઅક કુસુલુક ક્ષહરાટ તરીકે અને ચુખ્સના ક્ષત્રપ તરીકે ઓળખી શકાય છે.

કે. શો. હિ. પૃ. ૬૮.–Patika, the son of Liaka Kusulaka, Moga's satrap of Chukhsa and Chhahara=લીઅક કુસુલુકનો પુત્ર પાતિક, તે ચુખ્સ અને છહરનો (શહેનશાહ મોગનો) ક્ષત્રપ હતો. (આમાં કેટલીક હકીકત ખોટી છે પણ ચુખ્સ તે પેશાવર જીલ્લાનો એક પ્રાંત છે એ સમજ આપવા જ કથન ટાંક્યું છે)

કે. હિ. ઇ. પૃ. ૫૭૪ માં પણ ઉપરની જ બાબતનું સમર્થન કરાયલું છે.

(૨૨) કે. હિ. ઇ. પૃ. ૫૭૫.

લખતાં લખતાં આ પ્રમાણે કહ્યું છે:—His ( Liaka Kusulak, ) son Patika, who made the deposit of relics copper-plate inscription of 78 ( Taxilla ) which is commemorated by the inscription bore no litle at the time= લીઅક કુસુલકનો પુત્ર પાતિક, જેણે અવશેષો પધરાવ્યાં (છે જુઓ ૭૮ ની સાલનો તક્ષિલાનો તામ્રપટ ઉપરનો લેખ ) એવું જે લેખ ઉપરથી સ્મરણ થયાં કરે છે. તેમાં તેણે કોઇ હોદ્દો ધારણ કર્યો લાગતો નથી. કહેવાની મતલબ એ છે કે, ( ૧ ) તક્ષિલાનું તામ્રપત્ર કોતરાવનાર પાતિક છે: અને તેણે પોતાના ધર્મનાં કાંઇક અવશેષો પધરાવીને તે ઉપર સ્મૃતિચિહ્ન તરીકે તે મૂક્યું છે ( ૨ ) વળી તે તામ્રપત્ર ઉપર ૭૮ નો સંવત લખેલ છે. આ ઉપરાંત બીજું કાંઇ જ તેમાંથી ખુલતું નથી. જ્યારે તે જ લેખકે અન્ય ઠેકાણે[૨૩] શહેનશાહ મોઝીઝ-મોગ સંબંધી પોતાના વિચાર જણાવતાં કહ્યું છે કે:-He (Mauses) is undoubtedly to be identified with the Great king Moga, who is mentioned in the Taxilla copper-plate inscription of the Satrap Patika. The inscription is dated in the reign of Mauses and in the year 78 of some unspecified era. None of the known Indian eras seems to be probable=ક્ષત્રપ પાતિકે ( પોતાના ) તક્ષિલાના તામ્રપટના લેખમાં જે મોઝીઝનું નામ આપ્યું છે તે જ મોગ[૨૪] નિ:શંકપણે આ શહેનશાહ મોગ તરીકે ઓળખી શકાય છે. લેખનો સમય, મોગના રાજ્યકાળે ૭૮ ના વર્ષનો છે. સંવતનું નામ આપ્યું નથી. પણ જે જે હિંદી સંવત્સરો જાણીતા છે તેમાંનો એકે પણ તે સંભવિત નથી." આટલા કથનથી એમ જણાય છે કે (૧) પાતિકે તે તામ્રપટ લખાવ્યું છે ખરું; પણ તે વખતે મોગનો રાજઅમલ હતો અને (૨) તે સમયે, કોઇક સંવત્સરનું ૭૮ મું વર્ષ ચાલતું હતું; તે સંવત્સર કયો હશે તે બાબત તે લેખકની ખ્યાલમાં કાંઇ ઉતર્યું નથી. ઉપરના બન્ને વાક્યનું એકીકરણ કરીશું તો સાર એ નીકળે છે કે, તક્ષિલાનગરીના પ્રદેશ ઉપર ૭૮ ની સાલમાં શહેનશાહ મોગની સત્તા હતી. તે સમયે પાતિકે એક તામ્રપટ, ધર્મના સ્મરણ નિમિત્તે કોતરાવ્યું છે, પણ પોતાના નામ સાથે કાંઇ જ હોદ્દો જણાવ્યો નથી.

આમાં ક્યાંય લિઆક કુસુલુકની વાત જ નથી, તેમ તે છત્રપ હતો કે કેમ ? તે પણ જણાવાયું નથી. પાતિક નામ ચોખ્ખું છે, પણ તેથી કાંઇ એમ નથી સાબિત થતું કે તે મોગની

( ૨૩ ) કે. હિ. ઈ. પૃ. ૫૭૪.

( ૨૪ ) એટલે કે મોઝીઝ અને મોગ બન્ને એક જ વ્યક્તિ છે.

( ૨૫ ) જ. ઇ. હિ કર્યો. પુ. ૧૨, પૃ. ૨૦ ( પ્રો. સ્ટેન કોનાઉ લેખક છે ) તેમણે લખ્યું છે કે:- Mahakshatrap Kusula Patika ( identified with Patika, the son of the kshaharat, the Khatrap Liaka Kusulaka )=મહાક્ષત્રપ કુસુલ પાતિક ( ક્ષત્રપ લિઅક કુસુલુક જે ક્ષહરાટ છે અને તેનો પુત્ર પાતિક છે તે જ સમજવો )– મતલબ કે અહીં ડૉ. સ્ટેન કોનાઉએ પાતિકને મહાક્ષત્રપ તરીકે ઓળખાવ્યો છે. પ્રસંગ કે સાલ કે આધાર લખ્યા નથી; પરંતુ વાંચનથી યાદ આવે છે કે તે મથુરામાં એક વખત યાત્રાએ ગયો છે ( જે સ્તૂપની પ્રતિષ્ઠા વખતે પોતે હાજર હતો તેની ) અને તે ઉપર તેણે ૭૮ ની સાલ બતાવી છે.

આજ્ઞામાં હતો કે કેમ અથવા મોગને અને પાતિકને કાંઇ રાજદ્વારી સંબંધ હતો કે કેમ? ઊલટું જ્યારે પાતિકે પોતાના નામ સાથે કાંઇ પદવી જોડી જ નથી, ત્યારે તો એમ અર્થ થઇ જાય છે કે, તે પોતે ગાદી ઉપરથી ઉતરી ગયો હોવો જોઇએ; નહીં તો જેમ મથુરાના સિંહ સ્તૂપના ઇ. સ. પૂ. ૧૧૭ માં ઉજવાયલા ઓચ્છવ સમયે પોતાને ક્ષત્રપ અને પોતાના પિતાને મહાક્ષત્રપ લીઅક તરીકે તેના શિલાલેખમાં કોતરાવેલ છે તથા બીજા અન્ય પ્રસંગે તેણે પોતાને મહાક્ષત્રપ [૨૫] તરીકે પણ ઓળખાવ્યો છે તેમ અહીં પણ કોઇક હોદ્દો જણાવત ખરો જ. એટલે વસ્તુસ્થિતિ એમ સમજાય છે કે, મહાક્ષત્રપ પાતિક (જુઓ ટી. નં. ૨૫) પોતે ૭૮ ની સાલમાં જ્યારે મથુરાની યાત્રાએ ગયો છેઃ ત્યારે તેની ગેરહાજરીમાં કે પછી તેની સાથે લડાઇ કરી, જીત મેળવીને શહેનશાહ મોગે તક્ષિલાનું રાજ્ય લઇ લીધું છે. એટલે પાતિક ગાદિવિહીન થઇ જવાથી પોતાને એક સામાન્ય મનુષ્ય તરીકે–પાતિક તરીકે–જ ઓળખાવી રહ્યો છે. આવી સ્થિતિમાં તેણે તક્ષિલા નગરીમાં–પોતાનું જ્યાં દેવસ્થાન કે ધાર્મિક ક્રિયા કરવાનું સ્થાન હશે ત્યાં–કેટલાક પવિત્ર અવશેષો પધરાવીને તે સંબંધી એક તામ્રપટ કોતરાવીને મૂક્યું છે. જો આ પ્રમાણે જ અર્થ થતો હોય તો–અને બધી સાલનો બરાબર મેળ ખાતો જાય છે, એટલે માનવું પડે છે કે તે પ્રમાણેજ બન્યું હતું અને તે જ પ્રમાણે અર્થ થાય છે તે વ્યાજબી છે તો–સાબિત થાય છે કે (૧) ૭૮ ની સાલ ક્ષહરાટ સંવતની જ છે. જેમ મથુરા સિંહસ્તૂપના ઓચ્છવ વખતે ૪૨ નો આંક મૂક્યો છે તેને ક્ષહરાટ સંવત મનાવ્યો છે; તથા જેમ બધા ક્ષહરાટ ક્ષત્રપો પોતાના રાજ્યકાળે બનતા બનાવોને તે જ સંવત્સરના આંક મૂકીને જણાવતા રહ્યા છે તેમ; એટલે ૭૮ નો સંવત્સર તે ઈ. સ. પૂ. ૭૯ ની સાલ થઇ કે જ્યારે મહાક્ષત્રપ પાતિકે મથુરાની યાત્રા કરી હતી (૨) વળતે વર્ષે એટલે ઇ. સ. પૂ. ૭૮ માં શહેનશાહ મોગે તક્ષિલા જીતી લીધું અને પાતિક ગાદીએથી ઉતરી ગયો (૩) શહેનશાહ મોગે મહાક્ષત્રપ પાતિક સાથે યુદ્ધ કરીને જીત્યો હોય એમ કોઇ ઠેકાણે હકીકત નીકળતી નથી. એટલે સમજાતું રહે છે કે, મહાક્ષત્રપ પાતિકની ગેરહાજરીનો લાભ લઇને તેણે ગાદી પોતાના હસ્તક લઈ [૨૬] લીધી હતી. આ સ્થિતિમાં શહેનશાહ મોઝીઝના ફાળે બહુ યશ નોંધી શકાય નહિ; ઉલટું તેનું વર્તન કાંઇક હીણપતવાળું ગણી શકાય. છતાં પાતિકને ગાદીએથી ઉતરી ગયા પછી પણ, જ્યારે ધાર્મિક ક્રિયા કરવા દીધી છે ત્યારે કહી શકાય કે, તેણે કાંઇક ઉદાર દિલ વાપર્યું હતું; અથવા પોતા તરફથી તેના પ્રત્યે કરેલ અન્યાયનો બોજો હળવો કરવા[૨૭] તે પગલું ભરવાનું તેને આવશ્યક લાગ્યું હતું.

મહાક્ષત્રપ પાતિકે પછીથી કેવી જિંદગી

---

કો. આં. રે. પ્રસ્તાવના પૃ. ૧૦૨ પારિ. ૮૧:–Subsequently Patika is a Mahakshatrap (Mathura Lion capital)–પછી પાતિક મહાક્ષત્રપ થયો છે (મથુરા સિંહસ્તૂપ)

(૨૬) જ્યારે પાતિકને બીજી કોઈ રીતે રંજાડ્યો નથી ત્યારે સાબિત થાય છે કે, બંને વચ્ચે કાંઇ યુદ્ધ જેવું ખરી રીતે થયું જ લાગતું નથી. મતલબ કે, પાતિકની ગેરહાજરીનો લાભ લઇ પોતે ગાદી ઉપર ચઢી બેઠો છે; અને તેને થયેલ અન્યાયનો બદલો આપવા તેને કેટલુંક ધર્મકાર્ય કરવાની સગવડ કરી આપી દેખાય છે.

(૨૭) ઉપરની ટીકા. નં. ૨૬ નો અંતિમ ભાગ જુઓ.

ગાળી હતી તે કશું જણાયું નથી. પણ જ્યારથી તે ગાદી ઉપરથી ઉતરી ગયો ત્યારથી તેનું રાજદ્વારી જીવન બંધ થયું જ ગણી શકાય. એટલે તેના રાજ્યનો અંત ઇ. સ. પૂ. ૭૮ માં આવ્યો[૨૮] હતો એમ ગણવું; જ્યારે પ્રારંભ ઈ. સ. પૂ. ૧૧૫ માં થયો હોવાથી ૩૭ વર્ષનું રાજ્ય તેણે કર્યું હતું એમ લેખવું રહે છે.

**એક ખુણી**

ક્ષહરાટ પ્રજાનાં ત્રણ રાજ્યો હતાં એમ આપણે જણાવ્યું છે. તેમાંનું પ્રથમ અને સૌથી અગત્યનું જે મધ્યદેશનું છે તેનું વૃત્તાંત તૃતીય અને ચતુર્થ પરિચ્છેદે અપાયું છે; જ્યારે બીજાં બેનાં-મથુરાનગરીનું અને તક્ષિલાનું-વૃત્તાંત આ પંચમ પરિચ્છેદે લખાયાં છે. તે ત્રણે રાજ્યના અંતનો સમય લગભગ એક સરખો જ છે. એમ કહોને કે પાંચ વરસ જેટલી ટુંકી અવધિમાં જ તે ત્રણે મહારાજ્યો પૃથ્વીની સપાટી ઉપરથી અદશ્ય થઈ ગયાં છે. તેમાં કયા પ્રકારની ખુણી જળવાઇ રહી છે તે જાણવા માટે આગળ ષષ્ઠમ ખંડે-ષષ્ઠમ પરિચ્છેદે શહેનશાહ મોઝીઝના વર્ણનમાં "તેનો રાજ્યવિસ્તાર" વાળો પારિગ્રાફ જુઓ.

**૭૮ ની સાલ કોની ?**

ઇતિહાસના સંશોધનમાં શિલાલેખો કેટલો મહત્ત્વનો અને અગત્યનો ભાગ ભજવે છે તે વાચકવૃંદને નવેસરથી કહેવાની જરૂર રહેતી નથી. તે જ પ્રમાણે મહાક્ષત્રપ પાતિક અને શહેનશાહ મોઝીઝના સમયનિર્ણય માટે, આપણે ઉપર દર્શાવી ગયા મુજબ તક્ષિલા વગેરેથી મળી આવેલ તામ્રપટની મદદ લેવી પડી છે. અને જે રીત્યા તેનો ઉકેલ મારા સમજમાં આવ્યો તે ઉપરમાં મેં વિદિત કરી બતાવ્યો છે; છતાં જે બીજી રીત્યા વિદ્વાનોએ તેની સમજૂતિ આપી છે, તે પણ અત્ર રજુ કરવી રહે છે; કેમકે જો તેમ થાય તો જ, કયો ઉકેલ સાચો છે અને કયો અન્યથા છે તે બરાબર તારવી શકાય.

તે લેખનો શબ્દાર્થ ઉપરમાં પૃ. ૨૩૮ માં કે. હિ. ઈ. ના લેખકના જ શબ્દોમાં ઉતાર્યો છે. તે અત્રે પાછો ફરીને જણાવી તેના રહસ્ય ઉપર વિવાદ કરીશું. તેમણે જણાવ્યું છે કે, The inscription is dated in the reign of Mauses and in the year 78 of some unspeicified era=કોઇ અજાણ્યા સંવત્સરના ૭૮ મા વર્ષે મોઝીઝના રાજ્ય અમલ દરમ્યાન તે શિલાલેખ કોતરાવાયાની તારીખ નંખાઇ છે. આ શબ્દોમાં સંવત્સરનું નામ તદ્દન અજાણમાં છે એવું સાફસાફ લખ્યું છે. તેમ તે સાલની સાથે મોઝીઝને શું લાગેવળગે છે તે પણ જણાવાયું નથી. તેના રાજ્યનું કેટલામું વર્ષ હતું કે અન્ય કાંઇ સંબંધ હતો તેનો પણ ઉલ્લેખ નથી જ. માત્ર એટલું જ કહે છે કે, તે સમયે તે પ્રદેશ ઉપર શહેનશાહ મોઝીઝની સત્તા હતી અને કોઇક સંવતસરનું અઠોતેરમું વર્ષ હતું. સામાન્ય રીતે એવો નિયમ હોય છે કે, કોતરાવનાર વ્યક્તિ જેનો આદર કરતો હોય તે વિશે જ તે ધ્યાન કરે. તેથી સહજ અનુમાન કરાય છે કે, અહીં તામ્રપટ કોતરાવનાર વ્યક્તિ પાતિક

(૨૮) શહેનશાહ મોઝીઝનો સમય ઈ. સ. પૂ. ૭૮ થી જ વિદ્વાનોએ માન્યો છે. તેમણે તો શક સંવતની સ્થાપના સાથે મોઝીઝને સંબંધ છે એવા ધ્યાનથી જ ૭૮ નો આંક લેખાવ્યો છે; પણ તાજુબ થવા જેવું છે કે, આ પ્રમાણે ગણત્રી કરતાં તે જ આંક આવીને ઉભો રહ્યો છે. આનું નામ "કાકતાલીય" ન્યાય અથવા દષ્ટાંત કહેવાય (વિશેષ માટે અગાઉ પહેલામાં જુઓ ૭૮ ની સાલનો ખુલાસો.)

છે. એટલે જે સંવત્સરને તે માન્ય રાખતો હોય તેનો જ નિર્દેશ પોતે કરી શકે. આપણે વર્તમાન કાળે સર્વ હિંદુ પ્રજા, એ સંવત્સરને માન્ય રાખીએ છીએ. એક આપણો હિંદુપ્રજા તરીકેનો અને બીજો આપણા ઉપર રાજ કરતી પ્રજાનો : પહેલાનું નામ વિક્રમ સંવત્ છે; જ્યારે બીજાનું નામ ઈસ્વી સંવત્ છે. કોઇ ત્રીજા સંવત્નો ઉપયોગ કરતા નથી. કોઇક ધાર્મિક પ્રસંગ હોય ત્યારે તે તે ધર્મના અનુયાયી પોતપોતાના ઈષ્ટદેવનો સંવત્સર તે પ્રસંગનો સમય દર્શાવવા સાથે સાથે જોડી બતાવે છે. જેમકે પારસીભાઇઓ જરથોસ્ત સાહેબનો, મુસ્લીમ ભાઇઓ મહમદ સાહેબનો, બૌદ્ધધર્મીઓ ગૌતમ બુદ્ધનો તેમ જ જૈનો મહાવીર સ્વામીનો ઈ. ઈ. તેમ પ્રસ્તુત વિષયમાં પાતિકે પણ જે ક્ષહરાટ પ્રજાનો પોતે હતો તથા તે પ્રજા જે સંવત્સરનો ઉપયોગ કરતી આવી હતી તેનો જ ઉપયોગ તેણે કર્યો હતો એવા નિર્ણય ઉપર આપણે આવ્યા હતા. તેથી જ તે આધારે ઉપરની હકીકતનો સમય આંકી બતાવ્યો છે; જ્યારે વિદ્વાનો તે ક્ષહરાટ સંવતના ઉદ્ભવ અને વપરાશ બાબત અજ્ઞાત હોવાથી તેમણે બીજી જ કલ્પના કરી છે. તેમાંની એક આ પ્રમાણે છે.[૨૯] (૧) The month in the inscription is Parthian and from this fact it may be inferred that the era itself is probably of Parthian origin. It may possibly mean the establishment of the new kingdom in Seistan after its incorporation into the Parthian empire by Mithradates I=લેખમાંના મહિનાનું નામ પાર્થિઅન છે;[૩૦] તે ઉપરથી એમ અનુમાન કરી શકીએ કે, તે સંવત્સર પણ પાર્થિઅન સાથે સંબંધ ધરાવતો હશે. શહેનશાહ મિથ્રેડેટસ પહેલાએ પાર્થિઅન સામ્રાજ્યમાં સિસ્તાનનું રાજ્ય ભેળવી લીધું ત્યારથી તે સ્થાપન થયો હોય એમ વિશેષ સંભવિત છે. " આમ જણાવીને પછી પોતાનો અભિપ્રાય જાહેર કરે છે કે " If so, the date of the inscription would be *cir.* 72 B. C. a year which may well have fallen in the reign of Mauses=જો તેમ કરાય તો, લેખની તારીખ ઇ. સ. પૂ. ૭૨ અંદાજે આવે, કે જે વર્ષ મોઝીઝના રાજ્યઅમલ દરમ્યાનનું એક ગણાય " આ બે વાકયમાં બીજા ઘણા મુદ્દાઓ ચર્ચાસ્પદ તો છે જ, પણ આપણે તે સાથે સંબંધ ન હોવાથી પડતા મૂકીશુ; જે ઉપયોગી છે તેની જ વિચારણા કરીએ. જ્યારે ૭૨ ઈ. સ. પૂ. ગણાવે છે અને લેખનો સંવત ૭૮ છે ત્યારે તેમની ગણત્રી એમ છે કે મિથ્રેડેટસે ૭૨+૭૮=ઇ. સ. પૂ. ૧૫૦ માં સિસ્તાન જીતી લીધું હતું. હવે મિથ્રેડેટસનો સમય ઇ. સ. પૂ. ૧૭૪ થી ૧૩૬ જણાવાયો છે ( જુઓ પૃ. ૧૪૫ નો કોઠો ) એટલે તેના રાજ્યઅમલના સ્મારક તરીકે તો

( ૨૯ ) જુઓ. કે. હિ. ઇ. પૃ. ૫૭૦.

( ૩૦ ) એમાં તો માત્ર second month—" બીજો મહિનો " એટલું જ લખ્યું છે. એટલે કે મહિનાનું નામ પાર્થિઅન નથી જ. કદાચ પાર્થિઅનોની રીતિ આ પ્રમાણે લખવાની હતી એમ કહેવાનો આશય હોય, તોયે તેવા દાખલા ટાંકયા હોત તો વિશેષ અજવાળું પડત

ઊલટું ક્ષહરાટ સંવત્ની તે પ્રથા હતી એમ આ પારિગ્રાફમાં જ જરા આગળ વાંચવાથી સમજી શકાશે.

૧૫૦ નો આંક ન જ હોઈ શકે એમ પુરવાર થયું; કદાચ સિસ્તાન જીત્યાની સાલ સાથે સંબંધ હોય એમ માની લેવાયું હોય તો તેમ પણ બની શકે તેમ નથી; કેમકે અમુક બનાવ બન્યા પછી સંવત્સરની સ્થાપના થાય તેટલે દરજ્જે વાત કબુલ છે; પણ તે બનાવ સાથે જેનું પરાક્રમ જોડાયું હોય તેના રાજઅમલની આદિથી તે સંવત્સર-રાજાની યાદગિરિ તરીકે-શરૂ કરવાની પ્રથા વધારે સન્માનિત છે, નહીં કે બનાવ બન્યાની તારીખથી; છતાં એક બારગી તે પ્રમાણે બન્યું હોવાનું માની લઇએ, તો પણ ઇ. સ. પૂ. ૭૨ ની સાલમાં શહેનશાહ મોઝીઝનું રાજ્ય તો કયારનું[31] ખતમ થઈ ગયું જણાય છે. જો કે કેટલાકના મતે ઇ. સ. પૂ. ૭૮ માં તેના રાજ્યનો અંત આવ્યાનું ગણાય છે; પણ મોટા ભાગનો મત તો ઇ. સ. પૂ. ૭૫ નો જ છે : આ બેમાંથી ગમે તે મત લ્યો, તો પણ મોઝીઝના રાજ્ય અમલનો અંત આવી ગયાને ત્રણથી છ વર્ષ થઇ ગયાં હતાં. એટલે તે હિસાબે પણ તે સંવત્સરની માન્યતા સ્વીકાર્ય નથી. (૨) બીજી માન્યતા એમ છે કે-* It is far more probable that he (Mauses) invaded India after the end of the reign of Mithradates II when Parthia ceased to exercise any real control over Seistan and Kandahar=એમ બનવું વધારે શકય છે કે, મિથ્રેડેટસ બીજાના રાજ્યનો જ્યારે અંત આવ્યો અને સિસ્તાન તથા કંદહાર ઉપરની પાર્થિઅનની વાસ્તવિક સત્તા બંધ પડી, ત્યારે તેણે (મોઝીઝે) હિંદ ઉપર ચડાઇ કરી હતી. આ કથનથી લેખકની મતલબ બે પ્રકારે થતી હોય એમ સમજાય છે. એક એમ કે, મિથ્રેડેટસનો અમલ બંધ થયો હોય તે સમયની નિશાનીરૂપ ૭૮ નો આંક હોય; અથવા બીજી રીતે તેનો અમલ બંધ થયા બાદ મોઝીઝ હિંદ ઉપર ચડી આવ્યો અને પોતે તેના પ્રાંતો જીત્યા તથા ત્યાં ગાદી કરી તેની ખુશાલીમાં જે સંવત્સર સ્થાપ્યો હોય તેનો આંક ૭૮ હોય : બેમાંથી ગમે તે સમય લ્યો. બેની વચ્ચે બહુ લાંબું અંતર કાંઇ નહીં જ હોય : બહુ ત્યારે બેથી પાંચ વર્ષ તો હદ થઇ જશે. હવે મિથ્રેડેટસ બીજાનો સમય (જુઓ પૃ.૧૪૫ કોઠો) ઇ. સ. પૂ. ૧૨૩ થી ૮૮ ગણાય છે. અથવા બે વર્ષ આઘે પાછે ગણો તો પણ ઇ. સ. પૂ. ૮૮ થી ૮૦ સુધીમાં તે સંવત્સરની સ્થાપના ગણી શકાય; અને તે હિસાબે ૭૮ નો આંક એટલે ઇ. સ. પૂ. ૧૦ થી ૨ આવશે. જે ઉત્તર તો ઉપર બતાવેલ પ્રથમ અનુમાન કરતાં પણ વિશેષ અસંભવિત દેખાય છે. એટલે કે વિદ્વાનોની માન્યતા પણ કસી જોઈ.

આટલાં વિવેચનથી જણાશે કે, આપણે જે અનુમાન દોર્યું છે તે બરાબર છે. ઉપરમાં પાર્થિઅન રીત્યા, શિલાલેખમાં મહિનો દર્શાવ્યાનું કહ્યું છે (જુઓ ટી. નં. ૩૦), પણ તે પ્રથા તો મથુરા એન્ડ ઇટસ એન્ટીકવીટીઝનું આખું પુસ્તક જોઈ વળશો તો અનેક વખત તેનો વપરાશ કરાયેલો દેખાશે. વળી તે પુસ્તકમાં તો ક્ષહરાટ અને કુશાનવંશી ભૂપતિઓની જ હકીકત ભરેલી છે. એટલે ઊલટું એમ સાબિત થાય છે કે, સંવત્સરની સાથે મહિનો કે ઋતુ વર્ણવવાની પદ્ધતિ ક્ષહરાટ અને કુશાન પ્રજામાં પણ વિદ્યમાન હતી.

(૩૧) જુઓ પૃ.૧૪૫ નો કોઠો.

* કે. હિ. ઇ. પૃ. ૫૭૪.

આ ક્ષત્રપોને લગતો પરિચ્છેદ સમાપ્ત કરીએ તે પહેલાં આપણી પ્રથા મુજબ તેમના જય પરાજય અને ધર્મ વિશે કહેવું પડશે. તેમાંયે જય-પરાજય વિશે પ્રત્યેકના રાજ-અમલમાં ખપપૂરતો ઇસારો કરી દેવાયો છે. બાકી તો

**ક્ષહરાટ ક્ષત્રપોનો ધર્મ**

તેમનાં સર્વેનાં રાજ્યમાં કોઈ ખાસ એવો બનાવ બન્યો જ ન હોય ત્યાં વર્ણન કરવું શેનું? આમ ન થવાનાં બે કારણ મુખ્યપણે મને નજરે પડે છે. એકતો તે ત્રણે ક્ષત્રપોનાં રાજ્યોની સરહદો એક બીજાને એવી તો લગોલગ આવીને અડી પડી હતી કે, જરા પણ વિસ્તાર વધારવાની ઇચ્છા કોઇને થાય, તો તેને પાસેવાળા બીજાની હદ ઉપર આક્રમણ કરવું જ પડે; કે જેવી મનોવૃત્તિ તેમાંના એકને પણ નહોતી. ઊલટાં આપણે તે ત્રણેને અંદર અંદર ભાઈચારાની વૃત્તિથી હળતામળતા જોઇ ગયા છીએ; બીજું કારણ એ છે કે તે ત્રણે, એવા ધર્મના ઉપાસક હતા કે જેના પરિણામે તેમને શાંતિથી જીવન ગુજારવું જ ગમતું હતું. એટલે જ તેમના રાજ્યે નથી આપણે બંડબખેડા જોયા કે નથી પરસ્પર અથડામણ થતી જોઈ; આથી કરીને તેમને પોતપોતાનાં રાજ્યનાં સમૃદ્ધિ અને વાણિજ્ય ઇ. વધારવામાં તથા લોકોપયોગી કાર્ય કરવામાં જ મશગુલ બની રહેતા, તેમજ ધાર્મિક પ્રસંગે એકચિત્ત થતા જોતા રહ્યા છીએ.

પ્રથમ વર્ણવેલ યોન પ્રજાનું મૂળ, ભરતખંડની બહાર હોવાથી તેમને સંસ્કૃતિ કે ધર્મ જેવું કાંઈ નહોતું એમ કલ્પી શકાયું હતું; તેમ આપણને તે વિશે તપાસ કરતાં કાંઇ માલૂમ પણ પડયું નથી, એમ જણાવી ગયા છીએ. જ્યારે આ ક્ષહરાટ પ્રજા તો આપણી હિંદુપ્રજાના ઋષિ મુનિઓનાં સ્થાનરૂપ ગણાતા (જુઓ છઠ્ઠા ખંડે, પ્રથમ પરિચ્છેદે આ પ્રજાઓનાં ઉત્પત્તિ-સ્થાનને લગતાં વિવેચન) પ્રદેશમાં હોઇ, તેઓ આર્ય સંસ્કૃતિથી વિભૂષિત હતા જ, જેની ખાત્રી માટે આપણે તેમની કાળગણનાની નોંધ લેવાની રીત [૩૨] ઉપરથી પણ કહી ગયા છીએ.

ધર્મ સંબંધીનો વિચાર કરવાને આપણી પાસે બેજ મુખ્ય સાધનો વર્તમાનકાળે પ્રાપ્ય છે. એક સિક્કાઓ અને બીજું શિલાલેખો તથા દાનપત્રો. તેમાં પણ સિક્કાઓ, હમેશાં તેમાં કોતરાયલાં ચિહ્નો તથા અન્ય નિશાનીઓથી વિશિષ્ટ સ્ફુટપણે હકીકત ઉપર પ્રકાશ પાડે છે. જ્યારે દાનપત્રોમાં કેટલીક તો સામાન્ય પ્રજાનાં કલ્યાણ માટેની પણ હોય છે, તેમ કેટલીક તો રાજકુટુંબના ધર્મને લાગેવળગે તેવી ન હોવા છતાં, શાસિત પ્રજાની ઉન્નતિના માર્ગને લગતી હોવાથી, રાજકીય ધર્મ અથવા ફરજરૂપે બજાવવી પડે, તેવીનો પણ ઉલ્લેખ તેમાં કરેલ હોય છે. એટલે તે ઉપર વિશેષ આધાર રાખવો પણ પરવડે નહીં તેમ તદ્દન ઉપેક્ષા કરવી પણ પોષાય નહીં.

આ પ્રજાના સિક્કાઓ મુખ્યપણે તેમની રાજગાદીના મુખ્ય સ્થળેથી—એટલે કે ગુજરાત અને અવંતિ પ્રાંતમાંથી, મથુરા અને તક્ષિલામાંથી; જ્યારે શિલાલેખો અને દાનપત્રો તે તે

(૩૨) સાલ, ઋતુ, મહિનો, પખવાડીયું અને દિવસ આ પ્રમાણે પાંચે હકીકત જ્યાં દર્શાવાય ત્યાં શુદ્ધ આર્ય સંસ્કૃતિ સમજવામાં આવે છે; પછી જેટલે અંશે આ પાંચ હકીકતમાંથી ઓછા વધતાનો ઉલ્લેખ કરાયો હોય તેટલે અંશે તે આર્ય સંસ્કૃતિથી દૂર છે એમ સમજવું.

સરખાવો ઉપરના પારાના અંતમાં ક્ષહરાટ અને કુશાનવંશીમાં સાલ લખવાની પ્રથા વિશેની હકીકત.

સ્થાન સિવાય દૂરનાં સ્થળેથી, જેમકે નાસિક આદિના પ્રદેશમાંથી પણ મળી આવે છે. સિક્કાઓ ઉપરનાં ધાર્મિક ચિહ્નોમાં, ધર્મચક્ર, સિંહ, સ્વસ્તિક, બૈલ આદિ છે. આ બધાંને વિદ્વાનોએ અત્યારસુધી બૌદ્ધધર્મનાં ચિહ્નો તરીકે ઓળખાવ્યાં છે. તેમણે કયા આધારે આ પ્રમાણે જાહેર કર્યું હશે તે આપણે જાણતા નથી. કોઇ બૌદ્ધ ગ્રંથોમાં શું આ ચિહ્નો તેમનાં હોવાનું લખાણ મળી આવે છે ખરું ? કે પછી પ્રાચીન સમયે જે મુખ્ય ત્રણ ધર્મો પ્રજાના હતા–વૈદિક બૌદ્ધ અને જૈન–તે ત્રણેનાં રહસ્યમાં એકવાક્યતા તથા સમાનતા કેટલેક અંશે દીસી આવતી હતી; તેને લીધે એક ધર્મનાં ચિહ્નોને બીજાનાં હોવાનું ધારી લેવાયું છે. આ બાબત આપણે વિસ્તારપૂર્વક પુ. ૨. પરિચ્છેદ બીજામાં સામાન્ય રીતે તથા ત્રીજામાં પ્રત્યેક સિક્કાચિત્રની હકીકત સાથે સમજાવી આપ્યું છે તે ત્યાંથી જોઇ લેવું; તથા થોડીક હકીકત હવે પછી જોડવામાં આવનારાં બે પરિશિષ્ટો–એક મથુરાનગરીનું અને બીજું તક્ષિલા વિશેનું–માં આપવાની છે; તેમ જ ખાસ ખાસ જે છે તે અત્રે જણાવીશું.

આમાં ધર્મચક્ર છે તે મુખ્યતાએ તક્ષિલાના સિક્કાનું ચિહ્ન લેખાય છે. પ્રશ્ન એ થાય છે કે શું બુદ્ધ–શાક્ય પોતાની હૈયાતિમાં કોઇ દિવસ પણ તે સ્થળે પધાર્યા હતા ખરા ? અથવા શું તેમના કોઇ શિષ્ય તેમની હૈયાતિમાં તે પ્રદેશમાં પ્રવર્તકપણે ગયા છે ખરા ? જો તેવી કોઈ સાબિતી ન જ મળતી હોય તો પછી શા આધારે માની લેવું પડે છે કે તક્ષિલાના પ્રદેશમાં અનેક સ્થાને વપરાતું ધર્મચક્રનું ચિહ્ન તે બૌદ્ધ સંપ્રદાયનું જ છે ? ( વિશેષ અધિકાર તક્ષિલાના પરિશિષ્ટે જુઓ. )

તેવી જ રીતે મથુરાના સંબંધમાં [33] પણ બન્યું હોય એમ દેખાય છે. મથુરાનો સ્તૂપ મહાક્ષત્રપ રાજુવુલની પટરાણી નંદિસીઅકસાએ ધર્મદાન તરીકે મોટા ઉત્સવપૂર્વક ઊભો કરાવ્યો છે, ( જેનું સ્પષ્ટીકરણ મથુરાનગરીના પરિશિષ્ટમાં કરવામાં આવ્યું છે ) જેમાં આ પરદેશી ક્ષહરાટ જાતિના રાજકર્તા ક્ષત્રપોનાં નામો અપાયાં છે તથા તેની ટોચે સિંહાકૃતિ ગોઠવી છે. આ સિંહાકૃતિને બૌદ્ધધર્મ સાથે શું સંબંધ છે ? શું તે શાક્યસિંહ–બુદ્ધદેવનું લંછન કે

( ૩૩ ) પ્રો. રીઝ ડેવીઝ જે બૌદ્ધધર્મનાં પુસ્તકોનો ખાસ અભ્યાસી ગણાય છે તેમણે ધી બુદ્ધિસ્ટ ઈન્ડિયા નામે પુસ્તક પૃ. ૩૭માં લખ્યું છે કે:–As Mathura is mentioned in the Milinda ( 331 ) as one of the most famous places in India: whereas in the Buddha's time, it is barely mentioned: the time of its greatest growth must have been between these dates=મિલિન્ડમાં (૩૩૧) મથુરાને હિંદના સર્વ શ્રેષ્ઠ પ્રખ્યાત શહેરોમાંનું જો કે ગણાવ્યું છે; છતાં બુદ્ધના સમયે તેનો ઇસારો સુદ્ધાં કરવામાં આવ્યો નથી. એટલે આ બે સમયની વચ્ચે જ ( બુદ્ધદેવ અને મિરેન્ડરના અંતરગાળે ) તેની ચઢતી કળા થઇ હશે.

[ આ ઉપરથી સમજાશે કે બુદ્ધદેવના જીવનકાળમાં તો મથુરાને કાંઇ લેવા દેવા નહોતી જ; તેમ મિરેન્ડરના સમયે શું સ્થિતિ હતી તે તો કાંઈ દર્શાવાયું જ નથી.તે સમૃદ્ધિવાન શહેર હતું પણ તેમાં બૌદ્ધધર્મને શું ? એટલે અનુમાન બંધાય છે કે, સમ્રાટ અશોકના સમયબાદ, ઉત્તર હિંદ તો શું પણ સમસ્ત ભારત માંથી બૌદ્ધધર્મ લગભગ અદૃશ્ય જેવો થઈ ગયો હતો. પછી ઈ. સ. ની ત્રીજી સદી બાદ, ગુપ્તવંશના અમલે કાંઈક સજીવન થવાની શરૂઆત થઇ દેખાય છે. ]

જુઓ આગળ ઉપર મથુરાનગરીના પરિશિષ્ટમાં વિશેષ અધિકાર.

સાંકેતિક ચિહ્ન છે? તેમજ મથુરાના મંદિરનો જે દરવાજો ( Gateway ) શોધી કઢાયો છે ( જુઓ પુ. ૧ પૃ. ૧૯૬: આકૃતિ નં. ૩૧, ૩૨, ૩૩ તથા તેનાં વર્ણન ) તેને સર્વ વિદ્વાનોએ જ્યારે જૈનધર્મનો હોવાનો અભિપ્રાય આપ્યો છે ત્યારે આબેહુબ તેની જ જાણે કેમ પ્રતિકૃતિ-નકલ ન હોય તેવા દરવાજા-પ્રવેશદ્વાર; સાંચીના સ્તૂપ સાથે તેમજ બીજા ભારહુત સ્તૂપ સાથે જોડાયેલ એમ બે ઠેકાણેથી મળી આવેલ છે; તે બન્નેને બૌદ્ધધર્મી હોવાનું જણાવાયું છે. આમ એક જ જાતની કારિગરીના અને એક જ વસ્તુ સૂચવતા પદાર્થોને ભિન્ન ભિન્ન ધર્મના-સંપ્રદાયના ઠરાવવામાં કાંઈ કારણ ખરૂં ? કે ભિન્ન ભિન્ન પ્રદેશમાંથી મળી આવ્યા માટે ભિન્ન ભિન્ન સંપ્રદાયના થઇ ગયા ? વળી મથુરા પાસે થોડે જ છેટે-ત્રણ ચાર માઇલ દૂર-કંકાલિ તિલા નામે જે ટેકરી આવેલી છે અને જે પ્રાચીન મથુરાનું એક પરૂં હોવાનું અનુમાન કરાયું છે ત્યાંથી જે અવશેષો, મૂર્તિઓ, આયાગપટ્ટો ઇ. ઇ. મળી આવ્યાં છે તે સર્વેને વિદ્વાનોએ જૈનધર્મનાં હોવાનું નિઃસંદેહપણે કહી દીધું છે; ત્યારે આ સિંહસ્તૂપને જ માત્ર બૌદ્ધધર્મનો ઠરાવવા માટે શું આધાર છે? ( જો કે હવે તેને પણ જૈનધર્મનો ઠરાવાયો છે. )

ઉપરના વર્ણનથી સમજાશે કે, જેમ ધર્મચક્ર બાબતમાં દ્વિવિધ અભિપ્રાયો દર્શાવાય છે તેમ સિંહ-સ્તૂપના કિસ્સામાં પણ બન્યું છે: તેવી જ રીતે ચૈત્ય અને સ્વસ્તિકના[૩૪] ચિહ્નનું પણ સમજી લેવું. આખાયે લખાણનો સાર એ છે કે, આ વિષયમાં અત્યારસુધી ગંભીર ગેરસમજૂતિ જ પ્રવર્તી રહી છે: પુ. ૨ માં બીજા પરિચ્છેદનું વર્ણન બરાબર ધ્યાનપૂર્વક વાંચીને મનન કરવામાં આવશે, તો મને સંપૂર્ણ ખાત્રી છે કે વાચકવર્ગને પણ મનમાં સંપૂર્ણ ઇતબાર જામી જશે; અને એવો વિચાર ધરાવતા થશે કે આ ચિહ્નોને બૌદ્ધધર્મ સાથે કાંઇ લાગતુંવળગતું જ નથી. અને સિક્કાના પુરાવાથી જે વસ્તુસ્થિતિ સિદ્ધ થઇ જાય તે તો અચૂક અને અતૂટ જ ગણવી રહે છે; એટલે આ વિષયને પણ તે જ કક્ષાનો કાં ન સ્વીકારવો ?

કોઇને એમ પણ વિચાર થશે કે, બૌદ્ધધર્મના મુખ્ય સ્થાપક અથવા તો તેમના પ્રચારકો તે બાજુ વિચર્યા હોવા વિશે તમે જ્યારે શંકા ઉઠાવો છો અથવા તો તેમ બન્યું હોવાનો આધાર માંગો છો, તો અમે પણ તમોને કાં વળતો પ્રશ્ન ન પૂછી શકીએ, કે તમારો મત સ્થાપિત કરવા માટે તમારી પાસે શો આધાર છે ? તો તેમને ઉત્તરમાં જણાવવાનું કે, આ પુસ્તકની આદિથી માંડીને, સર્વે સમ્રાટોનો અને રાજાઓનો જે જે ધર્મ હતો, તે વિશેની ચર્ચા અમે કરી છે તે વાંચી જોવાથી આ વાતનો સ્ફોટ થઇ જશે. ઉપરાંત એક અન્ય હકીકત પણ વાચકવર્ગની જાણ માટે ટાંકવા રજા લઇએ. તે હકીકત પણ સિક્કાઇ પુરાવાની પેઠે જ એક નક્કર સત્ય તરીકે આપણે લેખવી પડશે કેમકે તે શિલાલેખી પુરાવા ઉપર રચાયલી છે. સમ્રાટ પ્રિયદર્શિનના અનેક શિલાલેખો, ખડકલેખો તથા તેમની અંદર આળેખેલ ધમ્મલિપિના રહસ્યથી [૩૫] આપણે સર્વે કોઇ જાણીતા થઇ

( ૩૪ ) નહપાણ અને ભૂમકના સિક્કામાં સ્વસ્તિક છે: ( જુઓ પુ. ૨. સિક્કાચિત્ર નં. ૩૫, ૩૬, ૩૭, વર્ણન પૃ. ૯૬, ૯૭ ) તેઓ જૈનધર્મી જ હતા, તથા જુઓ ઇ. કવાૅ. હિ. પુ. ૫, ૧૯૨૯ જુનનો અંક પૃ. ૩૫૭ લેખ નામે " Was Nahapana a Jain ? " આ લેખથી આડકતરી રીતે પૂરવાર થાય છે કે નહપાણ જૈન હતો.

( ૩૫ ) રહસ્ય તો અત્યાર સુધી દરેકની જાણમાં

ગયા છીએ જ, કે તેમણે પોતાના ધર્મપ્રચાર અર્થે અનેક દેશમાં ધમ્મમહામાત્રાઓને પાઠવ્યા હતા. તેવા પ્રદેશોમાં યવનદેશ, ચોનદેશ, કાશ્મિર, ગાંધાર, તિબેટ, મિસર, સિરિયા આદિનાં નામો પણ તેમણે લખ્યાં છે. આ બધો બનાવ ઈ. સ. પૂ. ૨૫૦ ની આસપાસનો જ છે. અને આ પ્રસ્તુત પરિચ્છેદમાં વર્ણવાતા સર્વે ક્ષત્રપો તથા મહાક્ષત્રપો, મૂળે આ સ્થાનોમાંથી જ હિંદ ઉપર ચડી આવેલા છે. તેમનો સમય પણ ઇ. સ. પૂ. ૨૦૦ થી માંડીને ઇ. સ. પૂ. ૧૦૦ સુધીનો જણાયો છે; એટલે કે, સમ્રાટ પ્રિયદર્શિનની પછી માત્ર સો વર્ષનો જ ગાળો રહેલો છે. તો શું જે ધર્મપ્રચાર મહારાજા પ્રિયદર્શિને આટઆટલી મહેનત અને જહેમત ઉઠાવીને હિંદભરમાં તેમજ હિંદબહારના પ્રદેશોમાં કરાવ્યો હતો તેની અસર માત્ર સો વર્ષનાં અંતર સુધી ચાલી આવતી ધારી ન શકાય કે ? અરે-સો-દોઢસો વર્ષની વાત તો આઘી રહી, પણ બસો વર્ષે પણ જે બનાવ બન્યો છે, જે આપણે અવંતિપતિ ગર્દભીલ રાજાના સમયે પ્રસંગોપાત વર્ણવવો પડશે, તે ઉપરથી પણ સાબિત થશે કે, તે સમયે ત્યાં વસતી શક પ્રજાનો ધર્મ પણ, મુખ્યતાએ જૈન જ હતો. વળી આ હકીકતને વાયુપુરાણ જેવા ગ્રંથથી સ્વતંત્ર રીતે ટેકો મળેલ [૩૬] છે. એટલે તેને પણ આપણે સત્ય અને સિદ્ધ થયેલ ઐતિહાસિક તત્ત્વ જ માનવું રહે છે.

આ પ્રમાણે સર્વ તરફથી અને સર્વ પ્રકારથી, જ્યારે એક જ બાબત સિદ્ધ થઇ શકે છે, ત્યારે તેને અન્યથા હોવાનું આપણાથી કેમ કહી શકાય ? સારાંશ એટલો જ કે, આ પરદેશી ક્ષહરાટ પ્રજાના ક્ષત્રપો તથા મહાક્ષત્રપો સર્વે જૈન સંપ્રદાયના જ અનુયાયી હતા અને તેમનામાં મજકુર ધર્મના બીજનો પ્રક્ષેપ, સમ્રાટ પ્રિયદર્શિનના ધમ્મમહામાત્રાઓએ કર્યો હતો. એટલે હવે પ્રો. રેપ્સન જેવા સિક્કાનો અભ્યાસી જે કહે છે કે, [૩૭] ધર્મચક્ર તે બૌદ્ધધર્મનું (?) (જૈનધર્મ જોઇએ) ચિહ્ન છે; તો તે તેમજ તક્ષિલા અને મથુરાના ક્ષત્રપો આ ધર્મના જ અનુયાયી હતા તે; એમ બન્ને હકીકત સત્ય તરીકે જ આપણે સ્વીકારવી રહે છે.

અત્યાર સુધીના વર્ણન ઉપરથી વાચકવર્ગને એક બાબતની પ્રતીતિ થઈ હશે, કે દરેક વંશના ભૂપતિઓનું વૃત્તાંત પૂરૂં થતાંની સાથે તેમના જય-પરાજય તથા ધર્મ વિશે એક સ્વતંત્ર પરિચ્છેદ જ જુદો પાડવાનું ધોરણ મેં ગ્રહણ કર્યું છે; કેમકે તે બન્ને વસ્તુ ઉપર ખાસ ધ્યાન ખેંચવાની જરૂરિયાત લાગતી રહી છે. જય-

**સંસ્કૃતિ અને ધર્મ**

---

આવ્યું હતું જ. પણ તે સર્વ બૌદ્ધ ધર્મની કીર્તિ ગાનારૂં હતું એમ ધરાયું છે; જ્યારે પુ. ૨ માં પ્રિયદર્શિન ચરિત્રે હવે એમ સાબિત કરાયું છે કે તેમાં તો જૈન ધર્મને લગતું ફરમાન છે.

(૩૬) આ પુસ્તકના ઉત્તર ભાગે ગર્દભીલ વંશનું વૃત્તાંત આપવામાં આવ્યું છે ત્યાં આ સર્વ હકીકત સપ્રમાણ આપવામાં આવી છે તે જોઈ લેવા વિનંતિ છે.

(૩૭) કો. આં. રે. પારિગ્રાફ ૮૭:-The Wheel of the Law is a symbol of the Buddhist (?) faith, which was professed by the Satarpal families of Taxilla and Mathura ( ઉપરમાં (?) ચિન્હ મેં મૂક્યું છેઃ આને લગતો ખુલાસો આગળ ઉપર તક્ષિલા નગરીના પરિશિષ્ટના અંતે જુઓ. )

પરાજય શબ્દ તો સ્પષ્ટ અને સાફ હોવાથી તેને અંગે લેશ માત્ર પણ ગેરસમજૂતિ ઊભી થવા ભીતિ રહેતી નથી; પણ ધર્મ શબ્દની વ્યાખ્યા બહુ અટપટી હોવાથી અનેક ગેરસમજૂતિ ઊભી થતી સંભળાય છે; એટલું જ નહીં પણ તેનો ઊલટો અર્થ સમજી જવાથી, ઇતિહાસનો વિષય ચર્ચનારા આવા પુસ્તકની કિંમત મારી જઇને, ઘણો અનર્થ ઉત્પન્ન થવા સંભવ છે. તેટલા માટે કાંઇક ખુલાસો કરવાના હેતુથી આ આ પારિગ્રાફ ખાસ ઉમેરવો પડયો છે.

વર્તમાનકાળે ધર્મ શબ્દ એટલો બધો મામુલી અને હળવો બની ગયો છે કે હાલતાં ને ચાલતાં તેનો ઉપયોગ કરી નાંખી, કેમ જાણે એક બજારૂ ક્રય-વિક્રયની વસ્તુ જ હોયની તેવી સ્થિતિએ તેને ઉતારી પાડ્યો છે. આવી અવદશામાં તેના મૂળમાં રહેલી આધ્યાત્મિક ઉજ્જવળતાનો, હાર્દિક આનંદનો કે હૃદયની વિશાળ ભાવનાનો તદ્દન લોપ થઇ જાય તે દેખીતું જ છે. પરિણામે તેની ખરી ખૂબીનું અને મનુષ્યત્વ સાથે સંયુક્ત થયેલા અંતઃકરણના ઔદાર્યનું, જ્યાં પ્રદર્શન થવું જોઇએ ત્યાં નરી સંકુચિતતા જ ક્લિષ્ટપણે આસન જમાવીને પડી રહી જણાય છે. એટલે હવે તો ધર્મની વ્યાખ્યા માત્ર તેના અમુક વિધિવિધાનને જ સમર્પણ કરાઇ છેઃ જેમકે જનોઇ પહેરે, સંધ્યા-અર્ચા કરે કે શિવમંદિરે જાય તે જ બ્રાહ્મણ, મસ્જીદમાં અમુક વખતે જાય કે નિમાજ પઢે તે જ મુસ્લિમ, વિષ્ણુમંદિરે કે હવેલીનાં દર્શને જાય તે જ વૈષ્ણવ, ચર્ચ-દેવળમાં જાય અને દર રવિવારે ઘુંટણીએ પડી ત્યાં પ્રાર્થના કરે તે જ ખ્રીસ્તિ, દહેરાસરે કે ઉપાશ્રયે જાય ને કપાળમાં પીળો ચાંલ્લો કરે તે જ જૈન: આવા આવા પ્રકારે અત્યારે તો ધર્મની ઓળખ કરાવવામાં આવે[૩૮] છે. જેમ ધર્મની બાબતમાં બની રહ્યું છે તેમ, જાતિ-community ની બાબતમાં પણ, તે જ પ્રમાણે સંકુચિતતાએ પ્રવેશીને દુર્દશા કરી નાંખી છે; જેમકે બ્રાહ્મણથી વેપાર કરી શકાય કેમ ? તે તો રસોઇયા જ બને; અને બહુ તો વિદ્યાગુરૂ થાય. વ્યાપાર ખેડવો તે તો વણિક-વૈશ્ય-વાણિયાઓનું જ કામ: ચામડાઓની વસ્તુઓ બનાવી તેમાંથી નિર્વાહ ચલાવવો તે તો મોચીનું જ કામ, તેમાં બીજા વર્ણથી[૩૯] પડાય જ નહીં: આવી આવી અનેક પરંપરાગત રૂઢીઓએ મનુષ્યનાં મન, બુદ્ધિ અને વિચાર ઉપર કાબૂ જમાવી દીધો છે.[૪૦] આ પ્રમાણે જ્યાં એકલા ધર્મના વિષયમાં જ સંકુચિતતા પ્રવેશી રહી હતી ત્યાં વળી આ જાત વિષયક હાઉએ પોતાના બાહુ પ્રસાર્યા છે. એટલે તે બન્નેની એકંદર મળીને દ્વિવિધ-દ્વિગુણી (by multiplication) મુશ્કેલી થવાને બદલે દ્વિ-વર્ગી (by making square) મુશ્કેલીઓ ખડી થઈ ગઇ છે. નહીં તો ધર્મનાં-નામે-ઓઠાં નીચે હુલ્લડો, તોફાનો, મારામારી, કાપાકાપી, ખૂન અને લુંટફાટ શેનાં હોય ? કે જાતિના નામે સામાજિક હેરાનગતીઓ અને દમનો ક્યાંથી હોય ?

અત્રે કહેવાનું એ છે કે, આખા પુસ્તકમાં ક્યાંય પણ ઉપરની પંક્તિઓમાં જણાવ્યા પ્રમાણે અને હાલ પ્રવર્તી રહેલ સંકુચિત ભાવવાળા

(૩૮) આવી ઓળખ કરી નાંખવાથી જ ધર્મને અનેક વાડામાં ને દિવાલોનાં ગોંધાઈ રહેવું પડે છે અને તેમ થતાં તેના અનુયાયીઓનું જીવન ચિમળાઇ જવા પામે છે.

(૩૯) વર્ણ અને શ્રેણીઓ ઊભી કરવાનો મૂળ આશય શું હતો તે માટે જુઓ પુ. ૧. પૃ. ૨૭, ૨૬૭.

(૪૦) ખુશી થવા જેવું છે કે, કેળવણીના પ્રસારથી આ પ્રકારની મનોદશા ધીમે ધીમે ફેરવાતી જાય છે.

અર્થમાં, કદી પણ ધર્મ શબ્દ મેં વાપર્યો નથી. તેમ પ્રાચીન સમયે તે પ્રમાણે નો અર્થ થતો હોય એવી મારી માન્યતા પણ નથી. તેની વ્યાખ્યા સ્પષ્ટપણે એકાદ શબ્દોમાં કે વાક્યમાં કરવી, તે અતિ દુર્ઘટ કાર્ય હોઇને પ્રાચીન ભારત વર્ષના પુ. ૧ પ્રશસ્તિ પૃ. ૨૧ પારિ. ૬ માં તેને વિવેચનસહ સમજાવવા કાંઇક પ્રયાસ મેં કર્યો છે. એટલે હવે સમજાશે કે ધર્મ શબ્દને મારી માનીનતા પ્રમાણે, નથી કોઈ જાતિ વિષયક પ્રશ્નનો સંબંધ કે નથી કોઈ પ્રકારની વિધિવિશેષનો વળગાડ. તોપણ વૈદિક-ધર્મ એટલે વૈદિકસંસ્કૃતિ અને જૈન ધર્મ એટલે જૈનસંસ્કૃતિ: આવા સંક્ષિપ્ત સ્વરૂપમાં ધર્મ શબ્દનો ઉપયોગ મેં કર્યો છે એમ હજુ કહી શકાશે. ધર્મ શબ્દનું અને તેમાં રહેલ રહસ્યનું કાંઇક આછું દર્શન આ પ્રમાણે કરાવાયું છે. હવે આ સમયે પ્રવર્તી રહેલ બે ધર્મ[૪૧] વૈદિક અને જૈન-વિશેની માન્યતા વિશે જે કાંઇક હું સમજ્યો છું તેનો ટુંકમાં ખ્યાલ આપીશ; જેથી વાચકને ખાત્રી થશે કે તેમાં કોઇને ઉતારી પાડવાનો કે કિંચિત્પણે અપમાનિત કરવાનો લેશ માત્ર પણ મારો હેતુ, ઉદ્દેશ કે આશય છે જ નહીં. મુખ્યતઃ વૈદિક ધર્મ તે બ્રાહ્મણધર્મ તરીકે જ હવે તો ઓળખાવવા[૪૨] લાગ્યો છે જ્યારે વાસ્તવિક રીતે વ્યુત્પત્તિના અર્થમાં ગણીએ તો વેદને આશ્રીને જે ધર્મની પ્રરૂપણા થઇ હોય તે વૈદિક ધર્મ: જો કે તે અર્થમાં પણ તે માન્ય રાખી શકાય તેમ તો નથી[૪૩]જ; જ્યારે સંસ્કૃત શબ્દ-કોશમાં બ્રાહ્મણ શબ્દની આ પ્રમાણે વ્યાખ્યા આપી છે. " जन्मना जायते शूद्रः, संस्कारैर्द्विज उच्यते। कर्मणा याति विप्रत्वं, ब्रह्म जानाति ब्राह्मणः[૪૪]। =શૂદ્ર તો જન્મ-થી જ હોય છે (પણ) સંસ્કારવડે (યજ્ઞોપવિત-જનોઇ મળતાં) તે દ્વિજ-(બ્રાહ્મણ)-કહેવાય છે: (પછી) કર્મ-કાંડ કરવાથી વિપ્રપણું પામે છે (અને) બ્રહ્મ(પરમાત્મા)નું જ્ઞાન મેળવવાથી તે બ્રાહ્મણ બને છે. મતલબ કે બ્રહ્મજ્ઞાન થવાથી જ એટલે કે આત્મા,

---

(૪૧) જો કે ત્રણ ધર્મ ગણાવાયા છે: વૈદિક, જૈન અને બૌદ્ધ; પણ ત્રીજો એટલે બૌદ્ધ ધર્મ, તે તો પાછળથી-એટલે કે વિવરણના હજાર વર્ષમાંથી લગભગ ચારસો સાડાચારસો વ્યતીત થયા બાદ-ઉમેરાયો છે; એટલે તેની ઉત્પત્તિ સ્વતંત્રપણે થઈ નથી, આવાં બે કારણથી તેની ગણના અહીં કરી નથી.

(૪૨) બ્રાહ્મણ તે તો ચાર વર્ગમાંના એક વર્ગનું નામ છે; જ્યારે ધર્મ તે જુદી વસ્તુ છે. ધર્મને અને વર્ગને સંબંધ શો ? તેમ બ્રાહ્મણ નામના પુરાણીક ગ્રંથો છે તે શબ્દ પણ આખા ધર્મની સંજ્ઞા તરીકે વાપરી શકાય નહીં. આ પ્રમાણે બન્ને રીતે વિરોધ આવે છે; છતાં તેને વર્તમાન કાળે બ્રાહ્મણધર્મ તરીકે ઓળખવામાં આવે છે. આગળ તેમ નહીં થતું હોય એમ લાગે છે, તેથી 'હવે તો' શબ્દ મેં વાપર્યો છે.

(૪૩) ખરી રીતે તો આ શબ્દ પણ માન્ય રાખી ન શકાય, કેમકે જૈન લોકો પણ વેદને તો માને છે. ખરી વાત છે કે, તેમના વેદ ગ્રંથો બીજા છે (તેમનાં નામ, ૧. સંસારદર્શન વેદ. ૨. સંસ્થાપન પરામર્શન વેદ. ૩. તત્ત્વાવબોધ વેદ અને ૪. વિદ્યાપ્રબોધ વેદ: (જુઓ ન્યાયાંભોનિધિ વિજયાનંદસૂરિ રચિત જૈનતત્ત્વાદર્શ: નીચેની ટીકા નં. ૪૫) એટલે સામાન્ય જનતા એમજ માનવા લાગી છે કે જૈન લોકો વેદને માનતા નથી અને તે કારણે જ જૈનોને નાસ્તિક પણ તેઓ કહે છે-તે દ્રષ્ટિએ જૈનોને પણ તે વિશેષણ લાગુ પાડી શકાય તેમ છે:

(૪૪) અન્ય ગ્રંથમાં તેને મળતી જ વ્યાખ્યા છે તે આ પ્રમાણે

जन्मना जायते शूद्रं, संस्कारेण द्विजोत्तमः ।
वेदपाठी भवेद्विप्रो, ब्रह्म जानाति ब्रह्मणः ॥
बंभचेरेण बंभणो ( ઉત્તરાધ્યયન. અ. ૨૬, ગાથા, ૩૧. )

પરમાત્મા ઇ. નું જ્ઞાન થવાથી જ કોઇને પણ બ્રાહ્મણ ગણી શકાય છે. આ પ્રમાણે બ્રહ્મ વિશેનું જ્ઞાન થવાનું ધોરણ તો જૈન સંસ્કૃતિમાં પણ સ્વીકારાયું છે. હવે જો એમ જ હોય, તો બન્નેમાં બ્રાહ્મણ શબ્દનું પદ-ઉચ્ચકોટિનું થઇ ગયું ગણાય; અને તેમ હોય તો બે સંસ્કૃતિને જુદી તરીકે ઓળખાવવાની જરૂર જ રહેતી નથી આ ઉપરથી એમ સમજાયું, કે શબ્દકોષમાં વર્ણવેલી ઉપરની વ્યાખ્યા પણ સંપૂર્ણપણે સ્પષ્ટ કે બરાબર નથી જ. એટલે મારી સમજણમાં રમી રહેલી "ब्रह्म चरतीति ब्राह्मण:" ની વ્યાખ્યા ઠીક છે કે કેમ, તેની સમજૂતિ લેવા અત્રે ચાતુર્માસ બિરાજતા વિદ્વદ્વર્ય 'જૈનાચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ પાસે ગયો. તેમણે ટી. નં. ૪૪ માં ઉતારેલ બન્ને શ્લોકની નોંધ કરાવી તથા અમેરિકાના ચિકાગો શહેરમાં મળેલી ધી વર્લ્ડઝ પાર્લામેન્ટ ઑફ ધી રીલીજીઅન્સમાં પ્રખ્યાત થયેલા ન્યાયાંભોનિધિ સદ્ગત વિજયાનંદસૂરિજીકૃત જૈનતત્ત્વાદર્શમાં છપાયલાં[૪૫] "બ્રાહ્મણો કી ઉત્પત્તિ" તથા "વેદોંકી ઉત્પત્તિ" નામના બે વિષયોનો હવાલો આપી સ્પષ્ટીકરણ કરતાં જણાવ્યું કે, જૈન સંપ્રદાયના આદિ તીર્થંકર શ્રીઋષભદેવના પુત્ર ભરત ચક્રવર્તીના સમયે રાજ તરફથી એવો પ્રબંધ કરવામાં આવ્યો હતો કે, જેને વિદ્યા ભણવી હોય તેમણે ગુરૂ પાસે જવું; અને જે ગુરૂપદે નિયોજિત થાય તેમને શિરે અમુક નિયમનું પાલન કરવાની ફરજ નંખાઇ હતી. તે ફરજ પ્રમાણે તેમણે બ્રહ્મચર્ય પાળવું પડતું હતું= "બ્રહ્મચર્યેણ બ્રાહ્મણઃ" (સરખાવો ઉપરનું વાક્ય –બ્રહ્મ ચરતીતિ બ્રાહ્મણઃ) વળી તે ગુરૂવર્યો જે વિદ્યા ભણાવતા તેમાં સૌથી પ્રથમ અને મહત્વનો ઉપદેશ[૪૬] અહિંસા [मा हण (પ્રાકૃત ભાષા) मा हन् (સંસ્કૃત ભાષા) વધ કરવો નહિ] વૃત્તનો કરતા: આ પ્રમાણે માહણ શબ્દનો અર્થ, તો જે પ્રાણી કોઈ જીવનો વધ ન કરે તે, આવા રૂપમાં થયો; એટલે કે માહણ=શ્રાવક[૪૭]; અને જૈન શબ્દનો વ્યુત્પત્તિ અર્થ, જિનનો અનુયાયી તે જૈનઃ વળી જિન તેને કહેવાય કે જેણે ( जी ધાતુ ઉપરથી ) પોતાના અંતરંગ ( કામ, ક્રોધ, માન, માયા, લોભ આદિ શત્રુઓ( અરિ–રિપુ )ને જીતી લીધા છે તે; આ ઉપરથી સ્પષ્ટ થશે કે માહણ અને જૈન બન્ને શબ્દો પર્યાયવાચક જ કહી શકાય તેમ છે: પણ 'અરિ'[૪૮] શબ્દમાં રહેલી વિશિષ્ટતાને અંગે તેમજ જૈન અને માહણ શબ્દો એક બીજાથી જુદા ઓળખાવી શકાય તે માટે, માહણ શબ્દનું રૂપાંતર બનાવી બ્રાહ્મણ શબ્દ યોજાયો લાગે છે: અને તેમ થતાં ગુરૂપદ મેળવવાનું મૂળ લક્ષણ બ્રહ્મચર્ય પાળવાનું જે હતું, તે પણ બ્રાહ્મણ શબ્દમાં જળવાઇ રહેતું જણાયું. તેમ જૈન શબ્દમાં અરિ-

( ૪૫ ) મુદ્રિત; લાહોર, ઈ. સ. ૧૯૩૬, પૃ. ૨. ( ઉત્તરાર્ધ ) પરિચ્છેદ ૧૧. પૃ. ૩૮૪ થી ૩૯૦

( ૪૬ ) જૈનોને અવિરતિપણે ( સંસારીને ) કે વિરતિપણે ( સાધુઓને ) જે પાંચ વૃત્તો પાળવાનું ફરમાન છે તેમાંનું પહેલું વૃત્ત અહિંસા વૃત્ત છે. તે પાંચેનાં નામ આ પ્રમાણે છે. (૧) અહિંસા (૨) સત્ય (૩) અસ્તેય (૪) અમૈથુન–બ્રહ્મચર્ય (૫) અને અપરિગ્રહ=મૂર્છાત્યાગ.

( ૪૭ ) વર્તમાનકાળે શ્રાવક શબ્દ જૈન મતાનુયાયી પુરૂષને ઓળખવા માટે વપરાય છેઃ જૈનોનો જીવંતમંત્ર 'અહિંસા' ગણાય છેઃ જેથી અહીં તેવા રૂઢ શબ્દાર્થમાં શ્રાવક શબ્દ મેં વાપર્યો છે.

( ૪૮ ) અરિ=શત્રુઓ: હન્=હણ્યા છે, જીત્યા છે જેણે તેને 'અરિહંત'=જિન કહેવાય છે.

એને જીતનારા જિનના અનુયાયી હોવાનું લક્ષણ જે હતું તે પણ જળવાઈ રહેતું જણાયું.

ઉપરના આટલા સ્પષ્ટીકરણથી પ્રકાશિત થાય છે કે, બ્રાહ્મણ અથવા જૈન શબ્દની સાથે, ફાવે તો સંસ્કૃતિ શબ્દ લગાડો કે ફાવે તો ધર્મ શબ્દ જોડો, તો પણ બન્ને કિંચિત્‌પણે જ ભિન્ન છે : વસ્તુતઃ મોટા ભાગે એક જ છે. તેમજ યુગ યુગ જૂનાં છે; એટલે તે બન્નેને સાદી ભાષામાં સનાતન કહી શકાય તેમ છે. બન્ને ધર્મો વેદને[૪૯] પણ માનનારા છે અને તે દૃષ્ટિએ બન્ને આસ્તિક જ છે. કોઇને નાસ્તિક કહેવાય નહીં. આ પ્રમાણેની સ્થિતિ ઉત્તરોત્તર ચાલી આવતી જણાઇ છે. કદાચ અવારનવાર અંતરકાળે થોડી ઘણી ભિન્નતા ઊભી થઇ હશે, તો પણ તે નષ્ટ થઇ ગઇ હશે. બાકી વિશેષપણે જો કાંઇ ફેરફાર થવા પામ્યો હોય તો તે વર્તમાનકાળે પ્રચલિત વેદ-ઉપનિષદ-શ્રુતિ-સ્મૃતિ આદિ ગ્રંથો રચાયા ગણાય છે ત્યારથી જ-એટલે કે ઈ. સ. પૂ. ની ૮ થી ૧૦ મી સદીથી જ [૫૦]-કહી શકાય: અને ઇતિહાસ જોતાં આ વાતને ટેકો પણ મળે છે; કેમકે તે સમયથી યજ્ઞ-યાગાદિ અનુષ્ઠાનોમાં હિંસા પ્રવેશતી નજરે પડે છે; તેમજ અવતાર-રૂપે મહાપુરૂષોનાં પ્રાગટ્ય વિશે જે પેલી ઉક્તિ "परित्राणाय साधूनाम् विनाशाय च दुष्कृताम् । धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे" પ્રચલિત થઇ પડી છે, તેની યથાર્થતા પણ [૫૧] સાબિત થઇ જાય છે.

આ સઘળા વિવેચનથી એ તો સિદ્ધ થઈ જાય છે કે-બ્રાહ્મણ અને જૈન શબ્દની ગમે તે વ્યાખ્યા સ્વીકારાય, તો પણ તેમાં નથી કોઇ પ્રકારની કોમીયતાની ગંધ કે નથી જાતીયતાની ગંધ: એટલે કે બન્ને વિશ્વવ્યાપક છે. કદાચ વચ્ચગાળે સંકુચિત બનાવી દેવાઇ હોય તો પાછી વિશ્વવ્યાપક બનાવી શકાય તેમ પણ છે. બન્નેમાં ગમે તે મનુષ્ય ભળી શકે છે, ફાવે તો જન્મથી કે ફાવે તો પોતાના ઉત્તર જીવનમાં: કોઈ જાતનો તેમાં તેને પ્રતિબંધ જ [૫૨] નથી: એટલે જો કોઇ એમ કહે કે આ સંસ્કૃતિના શિક્ષણથી કે ઉપદેશથી કોમીવાદને ઉત્તેજન મળે છે, તો તે વાત કદી ગળે ઉતરે તેવી નથી. ઊલટું તેનાથી તો એમ બતાવી શકાય છે કે આ બન્ને સંસ્કૃતિઓ યુગજૂની હોઈ, જે કોઇ નવી સંસ્કૃતિ તેમાં મળીને હાલમાં ધર્મના નામે મનાતી થઈ ગઇ છે તે સર્વે, તેમની ઉપર જણાવેલ બે માદર સંસ્કૃતિઓમાંથી કાંઇક ને કાંઇક શબ્દાર્થની ફેરસમજથી તથા વિકૃતિ પામવાથી જ ઊભી થવા પામી છે. એટલે જો તેના શબ્દાર્થથી ઉત્પન્ન થયેલ સમજફેર કે વિકૃતિનું સમાધાન કરવામાં આવે તો પુ. ૨, પૃ. ૩૭ માં જણાવ્યા પ્રમાણે પાછા અસલની સ્થિતિએ આવીને ઊભા રહેવાય; અને તેવું સમાધાન શું બુદ્ધિગમ્ય એવા આ વર્તમાન યુગમાં અશક્ય કે અસંભવિત છે?

સંસ્કૃતિના વિષય પરત્વે ઉપરના પારિ-

(૪૯) ઉપરની ટીકા નં. ૪૩ જુઓ.


(૫૦) જુઓ પુ. ૧. પૃ. ૨.

(૫૧) આ ઉક્તિની સિદ્ધિ માટે જુઓ પુ. ૧ પૃ. ૬ ની હકીકત: તથા પુ. ૧, પૃ. ૨૪૯, ૨૫૩

(૫૨) કાઠિયાવાડમાં રાજકોટ મુકામે હમણા જ મળેલ જૈન યુવક દ્વિતીય પરિષદના પ્રમુખસ્થાનેથી એમ કહેવાયું છે કે, જૈન શબ્દ મર્યાદિત છે. સંભવે છે કે વર્તમાનમાં ધર્મની વ્યાખ્યા જે થઈ પડી છે તેને આશ્રીને તે ઉચ્ચારાયો હશે: બાકી જૈન સંસ્કૃતિમાં તો તે સ્થિતિ જ અસંભવિત છે. (કદાચ કાઠિયાવાડના સ્થળ પરત્વે મર્યાદિત જણાવ્યો હોય તો તે જુદી વાત છે.)

**ઉદ્‌ભવતી એક સ્ફૂરણા**

આદમાં જે ચર્ચા-વિચારણા રજૂ કરી છે તેમાંથી એક બીજી સ્ફૂરણા ઉદ્‌ભવી છે, તે તેની સત્યાસત્યતા માટે અત્ર વ્યક્ત કરું છું. આપણે એમ જોઇ ગયા કે જે બે સંસ્કૃતિ અસલમાં હતી તેનાં નામ-બ્રાહ્મણ અને જૈન-એમ હતાં. પછી વેદની નવીન રચના ઈ. સ. પૂ. નવમી કે દસમી સદીમાં થવાથી બ્રાહ્મણ સંસ્કૃતિનું નામ ફેરવાઇને વૈદિકસંસ્કૃતિ નામ પાડયું; અને થોડે કાળે એટલે કે તે બાદ બીજી ચારેક સદી જતાં બૌદ્ધ નામે ત્રીજી સંસ્કૃતિનો ઉદય થયો. આ પ્રમાણે એક હકીકત છે. બીજી હકીકત એમ છે કે, જ્યારે નવીન સંસ્કૃતિ ઊભી થાય છે ત્યારે તેના ઉત્પાદક હમેશાં મહાવિચક્ષણ, વિચારક કે ગવેષક હોય તો જ બની શકે છે: અને તેવા ગુણનો ધારક મનુષ્ય ક્યારે બની શકે કે જ્યારે પોતે અઠંગ વિદ્યાવિલાસી તથા શાસ્ત્રનો પારંગત હોય તો જ. મતલબ કે, પંડિતો, વિદ્વાનો કે આચાર્યો હોય તેવાથી જ નવી સંસ્કૃતિનો ઉદ્‌ભવ-આરંભ થાય છે. હવે આ ત્રણે સંસ્કૃતિનો ઇતિહાસ તપાસીશું તો એટલી બીના તો સ્વયં જણાઇ આવે છે કે, બ્રાહ્મણ સંસ્કૃતિના પંડિતોએ જ, જૈન અને બૌદ્ધ સંસ્કૃતિ અપનાવી છે; કારણ કે તેનાં અનેક દૃષ્ટાંતો ઇતિહાસનાં પાને ચડેલ દેખાય છે; પણ જૈન કે બૌદ્ધ સંસ્કૃતિના પંડિતોએ બ્રાહ્મણ સંસ્કૃતિ અપનાવી હોય એવું એક પણ દૃષ્ટાંત જણાયું નથી. અથવા બન્યો હોય તો કોઇ રડ્યોખડ્યો દાખલો જ. આ સ્થિતિ એમ પુરવાર કરે છે કે, તે જમાનાના વૈદિક સંસ્કૃતિના સંચાલકોમાં-ગમે તે રીતનો અતિરેક વ્યાપી ગયો હોવો જોઇએ; કે જેથી તેમના વિદ્વાનો અને પંડિતો તેનો ત્યાગ કરી અન્ય સંસ્કૃતિ તરફ વલણ ધરાવતા થઇ જતા હતા. આવા અતિરેક બે પ્રકારે હોઈ શકે છે: એક અંતરથી અને બીજો બાહ્યથી. અંતરથી તેને કહી શકાય કે જે, મજકુર સંસ્કૃતિનાં વિધિવિધાન કે અનુષ્ઠાનને અંગે ઉત્પન્ન થતો હોય; અને બાહ્ય તેને કહેવાય કે જે રાજસત્તા અથવા આચાર્ય જેવા પુરુષોની ધાકધમકીથી ઉત્પન્ન થતો હોય. અત્યારસુધીનો જે ઇતિહાસ આપણે જાણી ચૂકયા છીએ તે ઉપરથી એમ જરૂર કહી શકાશે કે, બૌદ્ધસંસ્કૃતિના ઉદય સમયે બાહ્ય અતિરેક નહોતો; કેમકે તે વખતે બ્રાહ્મણ સંસ્કૃતિનો પાલક કોઇ રાજા નહોતો, પણ જૈનસંસ્કૃતિપ્રધાન રાજાઓ હતા ખરા: અને જે હતા તેમણે પણ કયાંય અસહિષ્ણુતા વાપરી હોય કે દમદાટી કરી હોય તેવું નોંધાયું નથી. એટલે આંતરિક અતિરેક જ તે ઉદ્‌ભવના કારણરૂપ બન્યો હોવો જોઇએ એમ અનુમાન કરવું રહે છે. જ્યારે આગળ જતાં અશોકવર્ધન, પ્રિયદર્શિન અને શુંગવંશીઓનો રાજઅમલ તપાસીશું તો રાજસત્તાનો અતિરેક થયેલ માલૂમ પડે છે. છતાં કહેવું જ પડે છે કે અશોકવર્ધને કે પ્રિયદર્શિને કદી પણ રાજસત્તાનો ઉપયોગ ધર્મના અનુષ્ઠાન બાબતમાં પોતાની પ્રજા ઉપર કર્યો હોય-અરે આદર્યો હોય-તેમ બતાવી શકાશે નહીં; જ્યારે શુંગવંશીઓનો અમલ બાહ્ય અતિરેકના જ્વલંત દૃષ્ટાંત તરીકે ઇતિહાસમાં હમેશાં યાદગાર જ રહી જશે.



# ષષ્ઠમ પરિચ્છેદ

## પરિશિષ્ટો.

**ટૂંક સારઃ**—કેવળ પરિશિષ્ટો માટે જ પરિચ્છેદ છૂટો પાડવાનું કારણ—

**પરિશિષ્ટ (૧) મથુરાનગરીઃ**—તેનાં પ્રાચીન અને વર્તમાન સ્થળ વિશેની સમજૂતિ-સિંહસ્તૂપ વિશેની માહિતી તથા તે ઊભો કરાવવામાં રહેલો આશય-તે સ્થાનની સંસ્કૃતિ જે ધર્મને આભારી છે તેનું બતાવી આપેલ હાર્દ-તેનો વિનાશ થયાના સમયનો અંદાજ-મથુરાની રહીસહીનું આપેલ વર્ણન—

**પરિશિષ્ટ (૨) તક્ષિલાનગરીઃ**—તેની ઉત્પત્તિ સંબંધી ચાલી રહેલ ખ્યાલ, કેટલા દરજ્જે અગ્રાહ્ય છે તેનો બતાવી આપેલ મર્મ-તેની પ્રાચીનતા સંબંધી આપેલી વિગતો-રાજકીય મામલાએ તેની કરી મૂકેલી અવદશા-વર્તમાન સ્થિતિનાં કારણ અને સમયની લીધેલ તપાસ-તેની વિદ્યાપીઠ વિશેની આપેલ કેટલીક માહિતી—

આ બન્ને નગરીનાં પ્રજાજનો જે ધર્મને અનુસરતા હતા તે ઉપર કરેલું વિહંગાવલોકન-

પૃ. ૨૪૩ થી ૨૪૬ સુધી ક્ષહરાટ ક્ષત્રપો ના ધર્મનું જે વિવેચન આપણે આપ્યું છે તે વાંચવાથી બરોબર ખ્યાલ આવશે કે, આ પ્રજા વિશેષ ધર્મચુસ્ત હોવાથી તેમનાં જીવનપ્રસંગો ઉપર અવારનવાર તે વિશેની છાયા પડતી દેખાય છે. વળી તેમનાં બે મુખ્ય તીર્થસ્થાનો-મથુરા અને તક્ષિલા-તેમનાં રાજ્યનાં પાટનગર હોવાથી તેમના રાજઅમલમાં કાંઈક વધારે પ્રકાશમાં આવ્યાં છે. આ બે નગરોને લગતી અનેક માહિતીઓ ઇતિહાસના અભ્યાસની દૃષ્ટિએ જાણવા જેવી છે. જો કે તેમાંની થોડીક, ઉપરમાં સમયાનુસાર જણાવાઈ ગઇ જ છે; છતાં ઘણીએ આપવી બાકી રહી છે તેની, તેમજ જે અપાઇ ગઈ છે તેની યથાપ્રકારે સમજણ મળી શકે તે માટે સંગ્રહિતપણે ગુંથણી કરીને એક-ધારા વાંચનરૂપે રજુઆત કરવાની આવશ્યકતા લાગે છે. એટલે તેને આ ક્ષહરાટોના ઇતિહાસ સાથે જ જોડવાનું યથાયોગ્ય લાગ્યું છે. પણ સાથે વળી એમ વિચાર આવ્યો કે, ઇતિહાસમાં વર્ણવાતા ભૂપતિઓ, અમાત્યો કે રાજકારણમાં જોડાયલા અન્ય પુરૂષોનાં વૃત્તાંતો સાથે આવાં સ્થાન પરત્વેનાં વિવેચન ન ભેળવાય તો સારૂં. આ કારણથી તે બન્નેને લગતી હકીકતો પરિ-શિષ્ટરૂપે દાખલ કરવા મન થયું. બીજો વિચાર એ થયો કે, પરિશિષ્ટો માત્ર તો પુરવણી જેવાં હોવાથી થોડાં પૃષ્ઠોમાં જ પતી જવાં જોઇએ; જ્યારે આમાં તો લગભગ વીસેક પૃષ્ઠો રોકાય તેવું દેખાઈ આવ્યું એટલે તેને લગતું એક સ્વતંત્ર પ્રકરણ પાડીને, સામાન્ય ઇતિહાસથી જુદું દેખાઇ આવે તેમજ પરિશિષ્ટ રૂપે પણ ગણાય તેવી યોજના ઘડવી પડી; જેથી આ આખા ૧૪મ પરિચ્છેદમાં તે બે નગરી વિષેનું બ્યાન માત્ર પરિશિષ્ટરૂપે જ આળેખાયું છે.

## (૧) મથુરાનગરી

આ શહેર વર્તમાનકાળે જો કે બહુ વિસ્તારવંત કે જાહોજલાલીવાળું રહ્યું નથી જ. છતાં વિષ્ણુભક્તો-કૃષ્ણભક્તોનું[૧] તે પવિત્ર સ્થળ, ઉપરાંત તીર્થધામ હોવાથી સન્માનાર્થે તેને મથુરાજી કહીને સંબોધાય છે. જેમ કાળદેવની કડવી-મીઠી દૃષ્ટિ અનેક સ્થાન ઉપર પડી દેખાય છે તેમ આ પરિચ્છેદમાંનાં બન્ને નગરો પણ તેમાંથી બકાત નથી રહ્યાં. એટલે કે પૂર્વ સમયે મથુરા-નગરીને માથે રાજપાટના શહેર તરીકે કીર્તિ-કળશ ચડી ગયો હતો એટલું જ નહીં પણ લક્ષ્મીદેવીની અમિદૃષ્ટિ પણ તેને લલાટે અંકિત થઇ ગઇ હતી: જેમ સામાજિક, વ્યવહારિક અને રાજકીય ક્ષેત્રે તેનું સ્થાન મધ્યાહ્નસ્થિત સૂર્યની પેઠે ઝગમગી ઉઠયું હતું, તેમ ધાર્મિક ક્ષેત્રે પણ એક વખત થવા પામ્યું હતું. અહીં જે વર્ણન લખવાનું મન થયું છે તે તેની ધાર્મિક મહત્ત્વતા કે વૈભવ બતાવવાના હેતુથી નથી જ, પણ તેને લગતી-તેમાંથી ઉપસ્થિત થતી-અનેક ઐતિહા-સિક ઘટનાઓની ગેરસમજૂતિ દૂર થવા પામે, તથા ખરી વસ્તુસ્થિતિ શું હતી તે ઉપર સાચો પ્રકાશ પડે તે માટે છે.

ઇતિહાસ કહે છે કે, વૈશ્નવ સંપ્રદાયની ઉત્પત્તિ શ્રી વલ્લભાચાર્યજી મહારાજના વરદ હસ્તે ઈ. સ. ની કેટલીયે શતાબ્દિ પસાર થયા બાદ થવા પામી છે. એટલે જે સમયનો ઇતિ-હાસ આપણે આ પુસ્તકમાં આળેખવાનો છે

(૧) વૈષ્ણવ અને વૈશ્નવ વચ્ચે શું ફેર ગણાય તે બાબતની મારી માન્યતા મેં ઉપરમાં પૃ. ૮૯. ટી. ૨૪ માં જણાવી છે. [ વિશેષ પૃચ્છા કરતાં જણાયું છે કે તે બન્ને શબ્દોની વપરાશ વર્તમાનકાળે એક જ ભાવાર્થમાં કરાતી રહી છે. ]

તેટલા પ્રાચીન સમયે તે સંપ્રદાયનું તીર્થધામ હોય એમ ગણી શકાય[2] નહીં. પણ જે મુખ્ય સંસ્કૃતિ-વૈદિકધર્મ-માંથી તેનો ઉદ્‌ભવ થયો છે તેને લગતું સ્થાન હજુ તે હોઈ શકે ખરું. જો કે તેનો પુરાવો ઇતિહાસ આપતો નથી, એટલે આપણે તેના વિચારણા છોડી દેવી પડશે. તે વખતની બીજી એક સંસ્કૃતિનું નામ–બૌદ્ધધર્મ–અપાયું છે. તેના વિશે, આ ક્ષહરાટ ક્ષત્રપોના જ સરદાર અને શિરતાજ એવા મિનેન્ડરના સમય વિશે લખતાં, તે ધર્મના પ્રખર અભ્યાસી પ્રો. રીઝ ડેવીસનું જે મંતવ્ય બંધાયું છે તે આપણે તેમના જ શબ્દોમાં અક્ષરશઃ પૃ. ૨૪૪, ટી. નં ૩૩ ઉપર જણાવી દીધું છે. તે ઉપરથી એમ કલ્પી શકાય છે કે બૌદ્ધધર્મ પ્રવર્તક શ્રી બુદ્ધદેવ અને મિનેન્ડરના સમય વચ્ચે લગભગ ૩૫૦ વર્ષનો જે ગાળો પડ્યો છે તે દરમ્યાન આ નગરીએ તેવું સ્થાન પ્રાપ્ત કર્યું હોય; પણ તે હકીકત તેમણે સાહિત્યગ્રંથોના આધારે જણાવી છે. અને સાહિત્યગ્રંથોમાં કેવીયે ઘાલમેલ થઈ ગયેલી માલૂમ પડી આવેલ નજરે ચડી છે કે, પુરાતત્ત્વવેતાઓ તેને એમ ને એમ સ્વીકારવા તૈયાર હોતા નથી; ક્યાં સુધી કે તેને શિલાલેખ, સિક્કા કે તેવા જ અન્ય સબળ પુરાવાઓનો ટેકો ન મળી આવે ત્યાં સુધી. આવી સ્થિતિમાં પુરાતત્ત્વવેત્તાઓએ બહાર પાડેલું "મથુરા એન્ડ ઈટસ એન્ટીક્વીટીઝ" નામનું એક આખું સ્વતંત્ર [3]પુસ્તક તથા તેને લગતા જ વિષયો ઉપર પ્રગટ થયેલા ભિન્નભિન્ન ગ્રંથોમાંના લેખો અને નિબંધો જ્યારે ખડા થઈ રહ્યા છે ત્યારે કોને વિશેષ માનનીય ગણવાં–સાહિત્યગ્રંથના વર્ણનને કે આવા સંશોધનખાતાના નિષ્ણાતોની કલમોથી બહાર પડતાં વર્ણનોને–તે વાચકવૃંદે જ સ્વયં વિચારી લેવું રહે છે. જો સંશોધકોના અભિપ્રાય વિશેષ વજનદાર લેખવાનું ગણાતું હોય તો તેઓ સર્વે એકમત થઈને જાહેર કરે છે, કે તે સ્થળે, ઉભા કરાયલા આવા સ્તૂપો અને અન્ય પુરાતત્ત્વ સામગ્રીઓનો મોટો ભાગ (મોટો ભાગ એટલા માટે કે, મળી આવેલ સામગ્રીઓમાંનો કોઈક ભાગ હજુ શોધવો બાકી રહ્યો હોય તો તે અપેક્ષાએ તેટલાને અનિર્ણિત અવસ્થામાં રાખીને જ આ પરિણામ જણાવાયું છે એમ ગણાય) જૈન ધર્મનાં સ્મારકોનો જ છે. વળી By way of elimination=સમન્વય કરતાં એક પછી એક સંભાવના ઉડાડી દેતાં–બાદ

(૨) તો તો તેમની ઉત્પત્તિ થયા બાદ જ આ સ્થાન તેમનું તીર્થસ્થાન બન્યું હોવું જોઈએ, એમ આપણે ગણવું પડશે.

(૩) આ પુસ્તક ગવરમેન્ટ ઓફ ઈન્ડિયાના આર્કીઓલોજીકલ ખાતા તરફથી ૧૯૦૧ માં બહાર પડેલ છે.

ઉપરાંત મથુરાને લગતાં કેટલાક આર્ટીકલો નીચેના સ્થાને આપણને વાંચવા યોગ્ય મળી શકે છેઃ–

[૧] ઈન્ડીયન એન્ટીકવેરી પુ. ૩૭મું. ઈ. સ. ૧૯૦૮.

[૨] એપીગ્રાફીકા ઈન્ડીકા. પુ. ૯ પૃ. ૧૩૯ અને આગળ.

[૩] સર કનિંગહામકૃત, કોઈન્સ ઓફ એન્શન્ટ ઈન્ડીઆ.

[૪] ગુજરાત વિદ્યાપીઠ તરફથી બહાર પડેલું, પુરાતત્ત્વ નામનું પત્ર, પુ. ૨, પૃ. ૨૯૪.

[૫] રોયલ એશિયાટિક સોસાઈટી ઓફ બેંગોલનું જરનલ પુ. ૭, પૃ. ૩૪૧ અને આગળ.

[૬] ગૌડવહોમાં પણ થોડીક હકીકત આપેલી છે (પ્રસ્તાવના પૃ. ૧૫૬.)

[૭] ભારતકા પ્રાચીન રાજવંશ. પુ. ૨, પૃ. ૧૬૩ અને આગળ.

[૮] કેમ્બ્રીજ હિસ્ટ્રી ઓફ ઈન્ડીયા. પૃ. ૧૬૭: પૃ. ૫૭૪ અને આગળ.

[૯] પ્રીન્સેપ્સકૃત ઈન્ડીઅન એન્ટીકવીટીઝ. પુ. ૨. પૃ. ૨૨૩ થી આગળ. ઈ. ઈ.

કરતાં જવાની રીતથી-પણ સાબિત થઇ ગયું કહેવાય કે, જ્યારે મથુરાનાં પ્રાચીન અવશેષો, નથી વૈદિક ધર્મનાં કે નથી બૌદ્ધધર્મનાં ત્યારે તો પછી તે સમયના ત્રણ ધર્મો અથવા સંસ્કૃતિ-વૈદિક બૌદ્ધ, અને જૈન-પૈકી બાકી રહેલ ત્રીજાનાં જ એટલે જૈનધર્મનાં જ[૪] હોઇ શકે છે.

આટલું પ્રાથમિક નિવેદન કર્યાબાદ તે સ્મારકોમાંની થોડીક હકીકતો આપણે તપાસીશું અને તેમાંથી મળી આવતી ઐતિહાસિક ઘટનાઓની નોંધ કરીશું કે જે આપણને ભવિષ્યમાં ઉપયોગી થઈ પણ પડે.

( ૧ ) કહેવામાં આવ્યું છે પ[૫]કે-"Inscription on the Mathura Lion-capital ( cir. 30 B. C. stating the name of the Saka[૬] Satarap Patika ) was discovered by Pandit Bhagwanlal Indrajit in 1869; it represents two lions, reclining back to back and facing in the same direction. Its style is strikingly Iranian. The capital must originally have surmounted a pillar and must itself have supported some religious emblem: but its purpose had long ago been forgotten and when it was discovered, it was built into steps of an alter devoted to the worship of Sitala, the goddess of small-pox-મથુરા સિંહસ્તૂપવાળો લેખ ( જેમાં શક[૭] ક્ષત્રપ પાતિકનું નામ છે અને આશરે ઇ.સ.પૂ. ૩૦ના [૮]સમયનો છે.) ઇ. સ. ૧૮૬૯ માં પંડિત ભગવાનલાલ ઇંદ્રજીતે શોધી કાઢ્યો હતો. તેમાં પરસ્પર એક બીજાની પીઠને અઢેલીને અને એક જ દિશામાં જોઈ રહેલા એવા[૯] બે સિંહ બતાવાયા છે. તેનું

( ૪ ) મથુરાનો સિંહસ્તૂપ જૈનોનો જ છે. તે માટે ઉપરમાં છઠ્ઠા ખંડે પંચમ પરિચ્છેદે પૃ. ૨૪૫ જુઓ: અને તે જૈનનો હોવાથી તેમની સંસ્કૃતિ તરફના દ્વેષને લીધે સમ્રાટ અગ્નિમિત્રે તે તોડી નાંખ્યો હતો ( જુઓ તે માટે તેના વૃત્તાંતે પૃ. ૮૬ ટી. નં ૨૪).

( ૫ ) જુઓ કે. હિ. ઇ. પૃ. ૫૭૪.

( ૬ ) પુરાતત્ત્વની શૈલીમાં, કેટલાક અક્ષરો ( જેવા કે, ચ, છ, જ,ઞ, શ. ષ, સ, ઈ. ) જુદી જુદી રીતે ઇંગ્રેજી આલફાબેટ-મૂળાક્ષરમાં લખવા હોય ત્યારે લખાય છે; પણ તેવી નિશાનીઓ સામાન્ય ઇંગ્રેજી મૂળાક્ષરોમાં-છાપખાનાના બીબાંઓમાં-હોતી નથી એટલે અહીં તેવા મેં ઉતાર્યા છે એમ સમજી લેવું.

( ૭ ) કયા સરદારો કઈ પ્રજાના છે તે શોધી કાઢવાની બહુ જહેમત વિદ્વાનોએ ઉઠાવી નથી; અથવા ઉઠાવી છે તો તેમાં બહુ ફતેહમંદ થયા લાગતા નથી. તેથી અહીં પાતિકને શક પ્રજાનો જણાવ્યો છે. બાકી તે ક્ષહરાટ પ્રજામાંનો છે ( જો કે ક્ષહરાટ પ્રજામાં પણ શક પ્રજાનું મિશ્રણ થયેલું તો છે જ, જે આપણે આગળ જતાં શક પ્રજાના વર્ણનમાં જોઈશું. )

( ૮ ) મૂળ લેખમાં ૪૨ નો આંક છે ( જેની સમજ માટે ઉપરમાં પૃ. ૨૩૨ ની હકીકત જુઓ ) પણ આ આંકને શક સંવત ધારી લેવાયો છે અને શકસંવતની સ્થાપના ઈ. સ. ૭૮ માં થયાનું ગણાયું છે, એટલે તે હિસાબે ૭૮-૪૨=ઇ. સ. પૂ. ૩૬ આવે તે ગણત્રીએ પં. ભગવાનલાલજીની માન્યતા અહીં જણાવાઈ છે: બાકી મૂળ લેખમાં તો ૪૨ નો જ આંક છે.

( ૯ ) જ્યારે બન્ને સિંહની પીઠ જ એકબીજાને મળી રહી હોય, ત્યારે બન્નેના મોઢાં સામી દિશાએ જ આવી રહે; પણ અહીં એક જ દિશામાં જોતાં હોવાનું જણાવે છે, તે એમ સમજવું કે " એક સીધી લીંટીએ " તે સિંહરાજો જોઇ રહ્યાં છે. એટલે કે પૂર્વ પશ્ચિમની સીધી લીટીએ અથવા ઉત્તર દક્ષિણની સીધી લીટીએ; નહીં કે કાટખૂણે એટલે કે એક સિંહનું મોઢું ઉત્તરમાં હોય અને બીજાનું પૂર્વમાં હોય અને તેમ છતાં બન્નેની પીઠ એક બીજાને અઢેલી રહી હોય તેવી સ્થિતિમાં નહીં જ.

ઘડતર અજાયબ રીતે ઇરાનની કળા[૧૦] પ્રમાણે કરેલું છે. મૂળે તે એડકને સ્તંભ ઉપર ગોઠવી હશે, અને પછી તેના ( એડકના ) ઉપર કોઇક ધાર્મિક ચિહ્ન[૧૧] મૂકયું હશે, પણ તેનો આશય લાંબા સમયથી ભૂલી જવાયો હશે; અને જ્યારે તે જડી આવી ત્યારે અછખડાની દેવી એટલે શીતળા માતાની પૂજા માટે રચેલી વેદીના પગથિયામાં ચણી દીધેલી હતી."

[ મારી નોંધ:—જે સિંહ છે તે જૈનોના છેલ્લાં તીર્થંકર મહાવીરનું લંછન છે ( જુઓ પુ. ૨. પૃ. ૭૫. ટી. ૨ ) અને જે જે સ્થળે મહાવીરને ઉપસર્ગો-તપશ્ચર્યા કરતાં કરતાં જે સંકટ અથવા ભય આવી પડે છે તે-સહન કરવા પડ્યા હતા તેવાં સ્થળોએ, તેના પરમ ભક્ત મહારાજા પ્રિયદર્શિને સ્તંભો ઊભા કરાવ્યા છે; તથા તેની ઓળખ માટે "સિંહ"ની આકૃતિ તેવાં તેવાં સ્થળના નિર્દેશને માટે તે તે સ્તંભોની ટોચે બેસારી છે એમ આપણે પુ. ૨, પૃ. ૩૬૮ તથા ટી. નં. ૪૩, ૪૪ ઉપર જણાવી ગયા છીએ. તેવા સ્તંભોમાંનો આ પણ એક હશે કાળાંતરે તે સ્તંભ પડી જઇને, ખંડિત અવસ્થામાં ભૂગર્ભમાં દટાઇ ગયો હશે. પછી જ્યારે ખોદકામ કરતાં જમીનમાંથી મળી આવ્યો હશે ત્યારે, તેને ઉપર પ્રમાણે શીતળા દેવીના મંદિરની વેદીમાં ચણી લેવાયો હશે. ] આ પ્રમાણે જૈનોનાં અનેક જિનાલયોનો સ્તૂપોનો, સ્તંભોનો અને તેનાં જેવા અન્ય ધાર્મિક અંશોનો ફેજ થઇ ગયો હોવાનું હવે તો ઇતિહાસનાં પાને ચડી ચૂકયું છે. તેમાં કેટલાંયને ભાંગી તોડી નાંખી અસ્તવ્યસ્ત અને વેરવિખેર હાલતમાં નાંખી દેવાયાં છે,[૧૨] ત્યારે કેટલાયને જૈનેતર દેવદેવીઓના મંદિરોમાં તથા ઇસ્લામી ધર્મની મસજીદોનાં ચણતરમાં, પગથિયામાં કે દિવાલો વિગેરેમાં ગોઠવી દેવાયાં છે;[૧૩] ત્યારે કેટલાંયને ઘડીને રૂપાંતર કરી, અન્ય ધર્મના દેવાલયોમાં પધરાવાયાં છે;[૧૪] ત્યારે કેટલાંયને એમ ને એમ આકૃતિ રૂપે રહેવા દઇને તે ઉપર અન્ય ધર્મીઓએ પોતપોતાની ભક્તિ-પૂજાનાં અર્ઘ્યો ચડાવી ચડાવીને એવાં તો સ્વરૂપ ફેરવી દીધાં છે[૧૫] કે તેનું મૂળ સ્વરૂપ શું હશે તેની કલ્પના સરખી કરવાનો તેનો આશય લાગે છે.

---

( ૧૦ ) આવી જ શંકા સારનાથ સ્તૂપના ઘડતર માટે થઈ છે; ત્યાં તેને ગ્રીક કે ઇજીપ્તની કળાના નમુના તરીકે જણાવાયો છે; પણ મૂળે તે કળા આર્યાવર્તની હતી અને પાછળથી ત્યાં ગઈ હતી કે ત્યાંથી જ અહીં આવી હતી તેમજ તેના ઘડનારા કારિગરો કયા દેશના હતા; તે બધું વર્ણન સમ્રાટ પ્રિયદર્શિનના ચરિત્રે મેં લખ્યું છે. તે માટે જુઓ પુ. ૨, પૃ. ૩૧૩, ૩૨૮ ૩૭૫, ૩૭૬, અને આગળ ઈ. ઇ. ( વિષયો શોધી કાઢવાની જે ચાવી પુ. ૨ ના અંતે આપી છે તેના પૃ. ૧૨ ઉપર સારનાથ શબ્દે જુઓ. )

( ૧૧ ) ડૉ. બ્યુલ્હરનો પણ તે જ અભિપ્રાય છે ( જુઓ એ. ઇ. પુ. ૯, પૃ. ૧૩૬ ) The object is to record a religious donation on the part of the Chief Queen of the Satarap= ક્ષત્રપની પટરાણી તરફથી ધાર્મિક દાન આપવાની નોંધ

( ૧૨ ) આના દૃષ્ટાંત તરીકે, ગ્વાલિયર પાસેના પ્રખ્યાત દેવગઢના કિલ્લા પાસેના દશ્યો જુઓ. મથુરાનો વોડવાસ્તૂપ પણ દૃષ્ટાંતમાં ગણી શકાય ( જુઓ અગ્નિમિત્રના વૃત્તાંતે )

( ૧૩ ) આ માટે ગુજરાતના અમદાવાદ, ખંભાત, ભરૂચ વિગેરેમાં ઇસ્લામી રાજ્યકાળે બંધાવવામાં આવેલાં સ્થાનો તપાસો; જેમાંના કેટલાંક તો અદ્યાપિ પર્યંત તેમના પ્રકોપની નિશાનીઓ વહતાં નજરે પણ પડે છે.

( ૧૪ ) દક્ષિણ હિંદમાં હિંદુધર્મ પાળતા રાજકર્તાઓના સમયમાં આવા થયેલા ઘણા ફેરફારો નજરે પડે છે.

( ૧૫ ) પૂર્વ હિંદમાં આવેલ જગન્નાથપુરીનું મહાન હિંદુતીર્થ આવી દશાને પ્રાપ્ત થયેલ હોય એમ મારૂં અનુમાન છે ( વિશેષ માટે જુઓ પુ. ૪, ચક્રવર્તી ખારવેલનું વૃત્તાંત )

પણ થઇ શકતી નથી. જે ધર્મ એક વખત વિશ્વવ્યાપક બની, સર્વ કોઇને પોતાની હુંફ આપી રહ્યો હતો તેની જ આવી દુર્દશા અને કરૂણામય થયેલી સ્થિતિ નજરે જોતાં અનેક આંસુ ખરી પડે છે. પણ કાળદેવ હંમેશાં સર્વભક્ષી ગણાય છે; તેમ જ દરેકની ચડતીપડતી હમેશાં થયાં જ કરે એવો કુદરતી નિયમ છે. વળી સર્વ વસ્તુ જો સર્વદા એક ને એક સ્વરૂપે જ રહ્યા કરતી હોત તો જગતને પછી જાણવાનું જ શું રહેત? તેમજ આ સંસાર વિચિત્ર છે એમ જે ઉક્તિ થઇ પડી છે તેનું રહસ્ય શી રીતે સમજાત? આ પ્રમાણે વિશ્વબદ્ધ નિયમને અનુસરીને સમ્રાટ પ્રિયદર્શિને ઊભા કરાવેલા સિંહસ્તંભનો પણ ફેરફાર થયો હોવો જોઇએ [૧૬] એમ આપણે કલ્પી શકીએ છીએ. અને તેથી ડૉકટર ભગવાનલાલ ઇંદ્રજીત વદે છે કે, તે સ્તંભને ઊભા કરવાનો મૂળ આશય જે હશે તે લાંબા સમયને લીધે વિસારી દેવાયો હશે તથા શીતળા માતાની વેદીમાં તેને ચણી લેવાયો હશે વિગેરે તેમણે વર્ણવેલી સ્થિતિ તદ્દન સત્ય જ છે.

(2) The Kharosthi inscription with which the surface is completely covered associate in the religious merit of the foundation, the donor herself, the Chief Queen of the great Satarap Rajula, and all the members of her family, together with certain contemporary Sataraps governing other provinces of Saka realm and other eminent personages of the time=આખો શિલાલેખ ખરોષ્ટી લિપિના લખાણથી ભરચક છે. તેમાં તેની સ્થાપના વિશેનું ધાર્મિક તત્ત્વ પણ વર્ણવેલ છે; તેમ જ દાતા પોતે જે મહાક્ષત્રપ રાજુલની પટરાણી હતી તેનું નામ, તેણીના કુટુંબી સર્વ સભ્યોનાં નામો ઉપરાંત, શકપ્રજાના રાજ્યવાળા અન્ય પ્રાંતોના વિદ્યમાન સુબાઓ[૧૭] અને તે સમયના બીજા પ્રખ્યાત પુરુષોનાં નામો, પણ લખાયેલાં છે."

[ મારૂં ટીપ્પણ—જ્યારે મહાક્ષત્રપની પટરાણીએ જ આ મહોત્સવ પોતાના ખર્ચે ઉજવ્યો છે, તથા તે પ્રસંગે પોતાના સર્વ સગાંને બોલાવ્યાં છે; તેમ જ જુદા જુદા પ્રાંતોના સ્વજાતિ ક્ષત્રપોને પણ આમંત્ર્યા છે ત્યારે તો તે બધું એમ બતાવે છે કે તે પ્રસંગની મહત્તા તેણીના માનવા પ્રમાણે મોટી હતી. નહીં તો ભૂમક જેવા મહાક્ષત્રપને ખાસ આમંત્રણ આપી, પ્રમુખસ્થાને બીરાજવાને શા માટે વિજ્ઞપ્તિ કરવામાં આવત? વળી આ પ્રસંગ કાંઇ સામાજિક કે સાંસારિક નહોતો જ, પણ ધાર્મિક ક્રિયાનો હતો. એટલે સાબિત થાય છે કે ક્ષહરાટ પ્રજા બહુ ધર્મચુસ્ત હતી.[૧૮] તેઓ જૈનધર્મી હતા એમ આપણે તેમનાં ચરિત્ર આલેખનમાં પણ જણાવી ગયા છીએ; તેમ જ સઘળા વિદ્વાનોએ પણ ભારપૂર્વક તે સ્તૂપને જૈન ધર્મનો હોવાનું જાહેર કર્યું છે.

(૧૬) જુઓ આ પરિશિષ્ટે આગળની હકીકત.

(૧૭) ભૂમકના પ્રતિનિધિ ક્ષત્રપ નહપાણ તેમ જ મહાક્ષત્રપ લીઅક અને ક્ષત્રપ પાતિક વિ. મથુરાના પ્રદેશ સિવાયના સૂબા હતા એમ આ ઉપરથી થયું ને? (સરખાવો લીઅકને મથુરાનો ક્ષત્રપ માની લીધેલ હોવાનું કેટલાકનું મંતવ્ય વિગેરે કથન પૃ. ૨૩૯ ઉપર)

(૧૮) આ સર્વ વસ્તુસ્થિતિ આપણે ઉપરના ચતુર્થ પરિચ્છેદે વર્ણવી દીધી છે. તે સાધાર હતી એમ હવે સમજાશે.

એટલે તે સમયે જૈન ધર્મની કેવી જાહોજલાલી હતી, તેમ જ રાજકર્તી કોમમાં પણ તે ધર્મ પ્રત્યે કેવો ભક્તિભાવ અને પ્રેમ ઉછળી રહ્યો હતો, તે બધું સ્પષ્ટતાપૂર્વક બતાવી આપે છે. વળી આ સર્વ ક્ષત્રપોનું વતન શકસ્થાન [19]=શિસ્તાન હતું. (જો કે આ સર્વે ક્ષહરાટ હતા તેમ જ તેમનું સ્થાન ગાંબોજ દેશમાં હતું એમ ઉપર જણાવાયું છે.) વળી આગળ જ્યારે શકપ્રજાનો હેવાલ લખીશું ત્યારે સાબિત કરીશું કે આ ક્ષહરાટ પ્રજામાં પણ શક પ્રજાનું લોહી મિશ્રિત થયું તો હતું જ. મતલબ કે એક ગણત્રીએ ક્ષહરાટને શકપ્રજા કહીએ તો ચાલે તેવું છે જ. એટલે કે શક તથા ક્ષહરાટ સર્વે જૈન ધર્મીઓ જ હતા અને તેનું મૂળ શોધવામાં આવે તો કહેવું પડશે કે, મહારાજા પ્રિયદર્શિને, આ સમય પૂર્વે લગભગ દોઢ બે સદી ઉપર જે ધર્મપ્રચાર માટે પોતાના ધમ્મમહામાત્રા મોકલ્યા હતા[20] તેમના પ્રયાસ અને ઉપદેશને લઇને જ આ પ્રજામાં તે ધર્મના બીજનું ક્ષેપન થયું હતું. ]

( ૩ ) "It was a stronghold both of worship of Krishna and Jainism (C. H. I. P. 526)=કૃષ્ણની પૂજાનો તથા જૈન ધર્મનો–બન્નેના તે મજબૂત કિલ્લા સમાન હતું." એટલે કે મથુરાજીનું તીર્થ તે જૈનોનું પણ તીર્થસ્થાન હતું તેમ જ કૃષ્ણભક્તોનું પણ હતું. શ્રી કૃષ્ણ કયા ધર્માનુયાયી હતા તેની ચર્ચા કરવાનું અત્ર સ્થાન નથી. પ્રસંગ આવતાં તે બાબત જો કે હાથ ધરીશું જ. અત્યારે તો એટલું જ જણાવવું રહે છે કે શ્રી કૃષ્ણના સગા કાકાના દીકરા–એટલે પિત્રાઇ ભાઇ નેમિનાથ કરીને હતા. જેમનું નામ મહાભારત નામના ગ્રંથમાં, કે જે ગ્રંથ પોતાનો છે એમ વૈદિક મત વાળા જાહેર કરે છે તેમણે પણ કબૂલ રાખ્યું છે. મતલબ કે, નેમિનાથ નામની વ્યક્તિ ઐતિહાસિક છે અને સર્વમાન્ય પણ છે ( કલ્પિત નથી જ ). તે નેમિનાથને જૈન ધર્માનુયાયીઓ પોતાના એક તીર્થંકર તરીકે માની રહ્યા છે. હવે જો શ્રી નેમિનાથ જૈન ધર્મી હોય તો શ્રી કૃષ્ણ જે તેમના જ સગોત્રી અને કુટુંબી સગા છે તે પણ શું જૈનધર્મી હોઈ ન શકે? વળી આપણે તે બાબતની થોડીક ખાત્રી તો વૈદિકમતના નખશીખ સહાયક અને સંરક્ષક, તેમ જ જૈનમતના કટ્ટર દ્વેષી એવા રાજા કલ્કિ ઉર્ફે સમ્રાટ અગ્નિમિત્રના પોતાના જ હાથે મથુરાનું તીર્થ ભાંગી નખાયું હોવાની હકીકત જણાવતાં મેળવી પણ ચૂકયા છીએ: છતાં હાલ તો એટલો ઉલ્લેખ જ બસ ગણાશે કે તે વિદ્વાન લેખકના કથન પ્રમાણે આ તીર્થ બન્ને સંપ્રદાયનું લેખાતું હતું.

( ૪ ) "As Mathura is mentioned in the Milinda as one of the most famous places in India, whereas in Buddha's time, it is barely men-

(૧૯) ઈ. એ. પુ. ૩૭:–सर्वस शक स्थानस पुये In honour of the whole Sakasthana or the land of the Sakas (Dr. Bhagwanlal Indrajit)=અખિલ શકસ્થાન અથવા શકપ્રજાના સંસ્થાનની યાદીમાં (ડૉ. ભગવાનલાલ ઇંદ્રજીત): જ્યારે ડૉ. ફ્લીટ તેનો અર્થ એમ કરે છે કે In honour of his own home=પોતાના દેશ એટલે સ્વદેશ પ્રત્યેની મમતા માટે; તેમણે શકસ્થાનને બદલે स्वक स्थान વાંચ્યો છે. બેમાંથી ગમે તે અર્થ કરો છતાં આપણી મતલબ તો બન્નેમાં સરે છે જ.

(૨૦) આ વસ્તુસ્થિતિ હવે ઈતિહાસના અભ્યાસીઓને સમજાવવી રહેતી નથી, કેમકે પ્રિયદર્શિને કોતરાવેલ લેખોમાં આ સઘળું સ્પષ્ટપણે દર્શાવેલ છે.

tioned=જો કે મથુરાને મિલિન્ડા નામના ગ્રંથમાં હિંદભરનાં ઉત્કૃષ્ટ-પ્રખ્યાત શહેરોમાંનું એક ગણાવ્યું છે; જ્યારે ( છતાં ) બુદ્ધ(દેવ)ના સમયે તો તેનો ઉલ્લેખ સુદ્ધાંત કરાયો નથી. ૨૧ " એટલે ગ્રંથકાર મહાશય જે બૌદ્ધધર્મનાં પુસ્તકોના ( દાર્શનિક પુસ્તકોની વાત એક બાજુ રાખીએ; ઐતિહાસિક ગ્રંથની અપેક્ષા જ લઇએ ) ઊંડા અભ્યાસી છે તથા તે બાબતમાં એક સત્તા સમાન લેખાય છે અને ખ્રીસ્તી ધર્માનુયાયી છે, તેમનો મત એમ છે કે મિલિન્ડા નામે જે પુસ્તકમાં મિનેન્ડરને બૌદ્ધ ધર્મનો ખેરખાંહ અને તત્ત્વજ્ઞ દર્શાવેલ છે[૨૨] તથા જેને મથુરાપતિ કહેવાયો છે, તે મથુરા શહેરને એક અતિ પ્રખ્યાત અને સંપત્તિવાળું શહેર તે સમયે ( મિનેન્ડરના સમયમાં એટલે ઇ. સ. પૂ. ૧૮૦) ગણવામાં ભલે આવ્યું છે; છતાં શ્રી બુદ્ધદેવની હૈયાતી દરમિયાન આવડી મોટી સંપત્તિવાળા શહેરનું તથા બૌદ્ધ ધર્મના મથક જેવું ગણાતા સ્થળનું નામ સુધ્ધાં પણ લેવામાં આવ્યું નથી. તેથી તેમને પોતાને તે બાબત એક અણઉકેલ્યા કોયડા સમાન લાગી છે; તેથી એટલું બોલીને જ અટકી જાય છે કે...the time of its growth must have been between these dates=આ તારીખો વચ્ચે ( આ તારીખો એટલે એક બાજુ શ્રી બુદ્ધદેવનો સમય જે ઇ. સ. પૂ. ૫૨૦ છે તે અને બીજી બાજુ રાજા મિનેન્ડરનો સમય જે ઇ. સ. પૂ. ૧૮૦ નો છે તે; આ બે વચ્ચેની સાડીત્રણ સદીનો ગાળો ) તેની બઢતી કદાચ થઈ હશે. આ પ્રમાણે તેમણે અનિશ્ચિત અને શંકામય નિર્ણય આપ્યો છે. પણ હવે તો આપણે આ સાડાત્રણ સદીના ઇતિહાસથી વાકેફ પણ થઈ રહ્યા છીએ—તેમના ( લેખક મહાશય પ્રો. ડેવીઝ સાહેબના ) સમય સુધી જે માહિતી નહોતી તે ઉપર કેટલોય પ્રકાશ મેળવી ચૂકયા છીએ—એટલે એમ ઉચ્ચારવા જેટલી શક્તિ ધરાવતા થયા કહેવાઇએ કે મથુરા નગરની બઢતી જો આ સમયના અંતરગાળે થવા પામી હોત તો તેના પૂરાવા કયાંક પણ દેખાયા વિના રહેત નહીં. એટલે માનવાને કારણ રહે છે કે, તે શહેરની પ્રખ્યાતી, જાહોજલાલી અને ગૌરવ તો શ્રી બુદ્ધદેવની હૈયાતી સમયે પણ હતાં જ: પણ તેમનું જીવનચરિત્ર વર્ણવતાં ગ્રંથોમાં મથુરાનું નામ સુદ્ધાંત જે લેવાયું નથી તે એટલા સારૂ હશે કે તે સ્થાનને બૌદ્ધધર્મનાં સ્થાન કે તીર્થસ્થળ તરીકે કાંઈ સંબંધ જ હશે નહીં.

( ૫ ) An inscription probably dated from A. D. 157 ( Saka 79 ) mentions the Vodva Tope as " Built by the

---

( ૨૧ ) જુઓ પ્રો. રીઝ ડેવીઝે રચેલું " ધી બુદ્ધિસ્ટીક ઇન્ડીયા " નામનું પુસ્તક પૃ. ૩૭.

( ૨૨ ) તો શું આ ઉપરથી એમ શંકા નથી ઉદ્ભવતી કે મિનેન્ડરને વિદ્વાનોએ ભલે બૌદ્ધધર્મી માન્યો છે પણ સ્વભાવિક રીતે અન્ય પ્રજાની માફક તે જૈનનો જ વિશેષ-પ્રશંસક હતો: સિક્કા ઉપરનાં પણ ચિન્હો જૈન ધર્મનાં હોવાં છતાં અજ્ઞાનપણાને લીધે જ બૌદ્ધ ધર્મનાં કહેવાયાં છે વળી બીજી ઘણી યે હકીકતો એક ધર્મની હોવા છતાં બીજાને ખાતે ચડી ગઈ છે: તેવી જ સ્થિતિ આ મિનેન્ડરના કિસ્સામાં પણ કાં બનવા પામી ન હોય !

[ મિનેન્ડરનો ધર્મ પણ જૈન નહીં તો જૈનમય હોવો જોઈએ જ: તેને ટેકારૂપ હકીકત એ છે કે તેના ક્ષત્રપો ( જુઓ ભૂમક, રાજુવુલ, લિઅક ઈ. " સર્વે ક્ષહરાટોનો ધર્મ "વાળો પારિ. ) બધા જૈન ધર્મ પાળતા હતા: બાદશાહ મિનેન્ડર પણ તે જ ક્ષહરાટ પ્રજાની ભૂમિમાં જન્મ્યો હતો; વળી તેણે પા સદી સુધી હિંદમાં જીવન ગાળ્યું હતું. એટલે કાં તે ધર્મ તરફ સહાનુભૂતિ ધરાવતો થઈ ગયો ન હોય—બનવાજોગ છે જ. ]

gods" which as Buhler rightly remarks, proves that, it in the second century A. D. must have been of considerable age, as every thing concerning its origin had been already forgotten=વળી આગળ જતાં આ લેખ ઉપર પ્રો. જાલ કાર્પેન્ટીઅર નામે ડૉ. બ્યુલરના જેવા જ સત્તા સમાન ગણાતા અન્ય સ્વીઝ વિદ્વાન પોતાના વિચાર જણાવતાં લખે છે કે- "Much the same religious conditions as shown by the inscriptions (at Mathura) have been preserved in the Jain Church till the present day. આશરે ઇ. સ. ૧૫૭ ના સમયે (શક સંવત ૭૯) લખાયલા એક શિલાલેખમાં વોડવા સ્તંભને દેવરચિત હોવાનું વર્ણન છે. તેની ઉત્પત્તિ વિશેની સઘળી માહિતી જ્યારે ઈ. સ. ની બીજી સદીમાં પણ ભૂલી જવાઇ છે ત્યારે તે (સ્તંભ) ઘણા વર્ષ પૂર્વેનો હશે એમ સાબિત થાય છે, એવું મિ. બ્યુલરનું કથન સત્ય ઠરે છે[૨૩] પ્રો. જાલ કાર્પેન્ટીઅર જણાવે છે કે (મથુરાના) શિલાલેખમાં નિર્દેશ કરેલી ધાર્મિક સ્થિતિ અદ્યાપિ પણ જૈન સંપ્રદાયમાં તાદશ જળવાઇ રહેલી દેખાઇ આવે છે." એટલે આ બન્ને કથનનો સાર આ પ્રમાણે તારવી શકાય છેઃ (૧) કે વોડવા સ્તંભ દેવરચિત ધારવામાં જે આવે છે તેને બ્યુલર સાહેબ સત્ય વસ્તુ હોવાનું સ્વીકારે છે (૨) કેમકે જે શિલાલેખમાં તેનું વર્ણન લખેલ છે તેમાં ઇ. સ. ૧૫૭ નો (બીજી સદીનો) આંક છે (૩) અને જ્યારે તે શિલાલેખ લખાયો છે ત્યારે એટલે કે ઇ. સ. ની બીજી સદીમાં પણ તે સ્તંભની ઉત્પત્તિ વિશે તે સમયના લોકોને કાંઈ સ્મૃતિ જ રહી નથી, તો સાબિત થાય છે કે, તેની ઉત્પત્તિ ઇ. સ. ની બીજી સદી પૂર્વે પણ ઘણી પ્રાચીન હોવી જોઇએ (૪) અને તે શિલાલેખમાં જે પ્રમાણે ધાર્મિક ક્રિયાકાંડનું વર્ણન કરેલું છે તે જ પ્રમાણે સર્વ સ્થિતિ અત્યારે અઢાર સો વરસનો સમય વ્યતીત થઈ ગયા છતાં પણ જૈન સંપ્રદાયવાળા જાળવી રહ્યા છે એમ પ્રો. કાર્પેન્ટીઅર સાહેબનું મંતવ્ય છે.

[મારૂં ટીપ્પણઃ—ઇ. સ. ૧૫૭ માં એટલે કે ઇસ્વીની બીજી સદીમાં તે શિલાલેખ લખાયો ધારવામાં આવ્યો છે; અને તે હિસાબે અત્યારે તેને અઢારનો વર્ષ ઉપરાંતનો ગણી કાઢયો છે; પણ જો તે ઇ. સ. ની બીજી સદીની પૂર્વનો સાબિત થાય તો તો તેના કરતાં પણ વિશેષ સમયનો તે લેખ છે એમ પુરવાર થયું કહેવાય. આમાં મૂળ આંકસંખ્યા તો ૭૯ ની જ છે. અને તેને શક સંવત કે જેનો પ્રારંભ ઇ. સ. ૭૮ માં થયો ગણાય છે તે માની લઈ ૭૮+૭૯ =ઇ. સ. ૧૫૭ નો ઠરાવાયો છેઃ પણ આપણે ઉપર પૃ. ૧૮૮ તથા ૨૪૧ માં જણાવી ગયા છીએ કે તે આંક ક્ષહરાટ સંવતનો છેઃ તેમ જ તેનો પ્રારંભ ઇ. સ. પૂ. ૧૫૯ થી ગણાય છે; એટલે તે લેખનો સમય ઇ.સ.પૂ. ૧૫૯-૭૯=ઇ. સ. પૂ. ૮૦ નો ગણવો પડશે. મતલબ કે, વિદ્વાનોએ જે સમય માન્યો છે તેની પૂર્વેની અઢી સદીનો જ લેખવો રહે છે. એટલે કે આજ પૂર્વે એકવીસ સો વર્ષનો તે છેઃ આટલી હકીકતથી પણ, આપણે ઉચ્ચારેલ મંતવ્યને સમર્થન મળે છે કે, આ વોડવા સ્તૂપ -સ્તંભનો પ્રથમ[૨૪] વિનાશ સમ્રાટ અગ્નિમિત્રે-જેનો સમય ઇ. સ. પૂ. ૧૮૧ થી ૧૭૪ નો આપણે ઠરાવ્યો છેઃ તેણે-કર્યો હતો; અને

(૨૩) કે. હિ. ઇ. પૃ. ૧૬૭ અને આગળ.

(૨૪) અગ્નિમિત્ર સમ્રાટે આ સ્તૂપનો જે

તે બાદ લગભગ પોણી સદીનો એટલે પોણોસો-એક વર્ષનો સમય ગયો ત્યારે, ઈ. સ. પૂ. ૧૧૭ માં મહાક્ષત્રપ રાજુવુલની પટરાણીએ મોટા મહોત્સવપૂર્વક બડા આડંબર અને ધામધૂમ સહિત તેની પુનઃ સ્થાપના કરાવી[૨૫] હતી. વળી તે બાદ ચાલીસેક વર્ષે એટલે ઇ. સ. પૂ. ૮૦માં મહાક્ષત્રપ પાતિક પોતે તક્ષિશાની ગાદીએથી ઉતરી[૨૬] ગયો ત્યારે પ્રથમ તક્ષિશાના તામ્રપત્ર તરીકે ઓળખાતા સ્થળની યાત્રા કરી ત્યાં ધાર્મિક[૨૭] અવશેષો રોપ્યાં હતાં; તે પછી મથુરા નગરીએ આવી-પુનઃ સ્થાપિત વોડવા સ્તૂપનાં દર્શન કરી પોતાની ભક્તિ દર્શાવી હતી અને તેની નિશાની તરીકે અત્યારે ચર્ચા રહેલ લેખ[૨૮] કોતરાવ્યો હતો. આ પ્રમાણે ઉપર વર્ણવાયેલા બનાવોની સંકલના થવા પામી હતી. ]

હવે ખુદ શિલાલેખ પોતે જ જ્યારે ઇ. સ. પૂ. ની પહેલી સદીનો, તથા તે સ્તૂપની પુનઃ સ્થાપના ઇ. સ. પૂ. ની બીજી સદીની તેમ જ તેનો વિનાશ ઇ. સ. પૂ. ની બીજી સદીના પ્રારંભનો; ઇ. ઈ. પૂરવાર થાય છે ત્યારે પ્રસ્તુત સ્તૂપની અસલ ઉત્પત્તિ, બ્યુલર સાહેબના કથન પ્રમાણે ઇ. સ. પૂ. ની બીજી સદી પહેલાં, કેટલાય સમય પૂર્વેનો એટલે ઇ. સ. પૂ. ની સાતમી કે આઠમી સદીની માનવાને જરા પણ સંકોચ કે ક્ષોભ આપણે ભોગવવો રહેતો નથી. અને તે હકીકત જ્યારે હવે શિલાલેખના આધારે તથા વિદ્વાનોના સંશોધનથી સાબિત થઇ રહી છે ત્યારે એમ પણ માનવું જ રહે છે કે, જૈન સાહિત્યક ગ્રંથોમાં ( જુઓ ટી. નં. ૨૩ ની હકીકત ), આ સ્તૂપ સંબંધી સર્વ હકીકત સત્ય સ્વરૂપમાં જ વર્ણવાયેલી છે. વળી જ્યારે પો. જાલ કાર્પેન્ટીઅર જેવો ઇતિહાસવેત્તા ભારપૂર્વક જાહેર કરે છે કે, જે સાંપ્રદાયિક માન્યતા જૈન ધર્મની તે સમયે હતી તે અદ્યાપિપર્યંત પણ તાદૃશ-

---

વિનાશ કર્યો હતો તે, તેની અંદર સંગ્રહીત કરી રાખેલ ધનસંચય પ્રાપ્ત કરવા માટેની લાલસાથી હતો. જો કે તે સમયે આ સ્તૂપ તો ઈંટ, માટી કે ચુનાથી ચણેલ હતો; પણ તે માટેની અસલ હકીકત જૈન સાહિત્યગ્રંથોમાં એમ જણાવાઈ છે કે તે સ્તૂપ મૂળે તો, પાર્શ્વનાથના સમયે ( ઈ. સ. પૂ. સાતમી આઠમી સદીમાં ) દેવોએ સુવર્ણમય બનાવ્યો હતો. પણ તે બાદ કેટલોક સમય ગયા પછી તેને ઇંટથી બનાવાયો હતો, એવી ગણત્રીથી કે જો સુવર્ણનો રહે, તો અનેક વિઘ્નો તેને નડશે, જેથી દેવોએ જ, તેને જ ઇંટનો બનાવી દીધો હતો; પણ અગ્નિમિત્રની કલ્પના એવી થઇ હોવી જોઇએ કે, જ્યારે દેવરચિત છે અથવા તો લોક એમ મનાવી રહ્યા છે તો તેમાં કાંઈક ચમત્કારિક તો હશેજ; માટે તેની ભીતરમાં કદાચ ધનસંચય કરી રાખ્યો પણ હોય, આ હિસાબે તેણે સ્તૂપનો વિનાશ કર્યો હોય.

( ૨૫ ) ક્ષહરાટ પ્રજાને ધર્મધગશ કેવી હતી તે આ દૃષ્ટાંત ઉપરથી સમજી શકાશે. વળી નીચેની ટીકા નં. ૨૮ અને ૨૭ જુઓ.

( ૨૬ ) મથુરા સ્તૂપના વર્ણનમાં જ્યાં આ શિલાલેખનો આંક ૭૯ છે તે સમયે મથુરા ઉપર સોડાસ મહાક્ષત્રપનું રાજ્ય હતું, અને પાતિક તો માત્ર યાત્રાળુ જ છે; પણ સોડાસના અને પાતિકના બન્નેનાં નામ સાથે હોવાથી વિદ્વાનોએ માની લીધું જણાય છે કે, પાતિકને પણ આ સ્થળ સાથે રાજકીય સંબંધ હશે. બાકી ખરી સ્થિતિ તો એ છે કે, તેણે ગાદી છોડી દીધી હતી અને અહીં યાત્રા કરવા આવ્યો હતો. તેના બીજા જ વર્ષે આ મથુરા દેશ પણ સમ્રાટ મોગીએ જીતી લીધો હતો એટલે સોડાસનો અમલ પણ પાતિક પછી તુરતમાં જ બંધ થયો ગણવો રહે છે ( આ માટે તેમના વૃત્તાંતે જુઓ. )

( ૨૭ ) જુઓ પૃ. ૨૩૯ માં પાતિકનું વૃત્તાંત. વળી આ સ્થાનને કેવું પવિત્ર ગણવામાં આવતું હતું તે માટે જુઓ તક્ષિલાનગરીનું પરિશિષ્ટ.

( ૨૮ ) પાતિક કેવો ધર્મવૃત્તિવાળો હતો તે માટે તેનું જીવનવૃત્તાંત જુઓ તથા ઉપરની ટી. નં. ૨૪ તથા ૨૫ સરખાવો.

પણે પ્રવર્તી રહેલી નજરે પડે છે ૨૯ ત્યારે સહજ અનુમાન કરી શકાય કે, ઇ. સ. પૂ. ૮૦ ના સમયે પાતિકના સમયે જે વિધિવિધાન ચાલુ હતાં તે સમ્રાટ પ્રિયદર્શનના સમયે એટલે ઈ. સ. પૂ. ૨૫૦ માં વિદ્યમાન્તાં હોતાં ૩૦ જોઇએ જ; નહીં તો ઇ. સ. પૂ. આઠમી કે સાતમી સદીનો સંબંધ ઈ. સ. પૂ. ની પ્રથમ સદી સાથે ચાલુ હતો એમ માની શકાય જ નહીં.

ઉપરમાં તો એટલું જ પૂરવાર કરી બતાવાયું છે કે, મથુરાસ્તૂપની ઉત્પત્તિ ઇ. સ. પૂ. ની આઠમી સદીની આસપાસ થયેલી હોવી જોઇએ. એટલે તે સમયથી માંડીને મથુરા નગરીની જૈન સંપ્રદાયના એક તીર્થસ્થળ તરિકેની તો ખ્યાતિ હતી એમ માનવું રહે છે. વળી ત્યારથી આગળ વધતાં ઈ. સ. ના આરંભ સુધી પણ તે ને તે જ સ્થિતિ ધર્મસ્થળ તરીકે ચાલુ હતી જ, એમ પણ સાબિત થઈ ગયું છે. એટલું જ નહીં પણ તે ને તે જ તીર્થધામ તરીકેની પવિત્રતા ઠેઠ ઇ. સ. ની આઠમી નવમી સદી સુધી જળવાઈ રહ્યાના પુરાવા ઈતિહાસનાં પાને ચડી ચૂક્યાનું જણાયું છે. અને તે પણ કાંઇ સાંપ્રદાયિક કે દંતકથાના ગ્રંથોનાં પાને નહીં, પણ " ગૌડવહો " જેવા જૈનેતર ગ્રંથોનાં, કે જેનું ભાષાંતર કરવામાં ડૉ. હોલ જેવા પાશ્ચાત્ય વિદ્વાનો પણ મગરૂરી ધરાવે છે. અત્રે જે ૩૧ પ્રસંગનો મેં ઉલ્લેખ કર્યો છે તે પ્રખ્યાત જૈનાચાર્ય અને ઐતિહાસિક રાજગુરુ બપ્પભટ્ટિસૂરિના સમયે બન્યો હતો. જેમ સોલંકી કુળ ભૂષણ ગૂર્જરનરેશ રાજા કુમારપાળના રાજગુરુ પેલા પ્રખ્યાત પરિશિષ્ટકાર હેમચંદ્રાચાર્ય હતા, તેમ કનોજ અને ગ્વાલિયરપતિ પરિહારવંશી અવતંસક સમાન રાજા આમ્રદેવ ઊર્ફે ૩૨ઇંદ્રાયુદ્ધના રાજગુરુ આ બપ્પભટ્ટસૂરિ હતા. આ આમ્રદેવ રાજાનો સમય વિક્રમ સંવત ૮૧૧ થી ૮૯૦= ઇ. સ. ૭૫૫ થી ૮૩૪=૭૯ વર્ષનો ગણાય છે. તેમના રાજદરબારે ભરેલી કચેરીમાં વાદવિવાદ કરીને ઉપર્યુક્ત જૈનાચાર્યે, વૈદિક પંડિત અને વાદીશિરોમણી વિદ્વાન વાકપતિરાજને જીતી લીધા હતા તથા જૈન ધર્માનુયાયી બનાવ્યા હતા. વળી આ પ્રસંગનું વર્ણન આગળ ચલાવતાં જણાવ્યું છે કે, મથુરાજીના જે વરાહમંદિરમાં વાક્પતિરાજ પૂર્વે ધ્યાનસ્થ રહેતા હતા ત્યાંથી તેમને પાસેના પાર્શ્વનાથના જૈન મંદિરમાં લઇ ગયા હતા. આ સમયે ( ઈ. સ. ૮૨૬=વિ. સં. ૮૮૨ ) તે બપ્પભટ્ટજીએ તે મંદિરને અંગે પ્રતિષ્ઠા કરાવી છે; જેને અંગે તે ગ્રંથકાર મહાશયે એટલું જ લખ્યું છે કે, He ( Bhappa-bhat Suri ) placed a certain Top-image in a temple at Mathura=તેમણે ( બપ્પભટ્ટસૂ-

( ૨૯ ) જુઓ ઉપરમાં ટાંકેલા શબ્દો ( પાંચમી કલમમાં ઇંગ્રેજી શબ્દોનું અવતરણ ). વળી આ કથનને પ્રો. જાલ કાર્પેન્ટીયર જેવા અન્ય દેશીય અને પુરાતત્ત્વના અભ્યાસીએ સંમતિ આપી છે એટલે તે હકીકત વિશેષ મજબૂત બની ગણાશે. જુઓ નીચેની ટીકા નં. ૩૦ ના સમયનો આંક.

( ૩૦ ) સરખાવો ઉપરની ટી. નં. ૨૯.

( ૩૧ ) સમ્રાટ પ્રિયદર્શિનના સમયની તથા તેના શિલાલેખની કેટલીક હકીકત જૈન સંપ્રદાય પ્રમાણે નથી, એવી માન્યતા કેટલાકો ધરાવે છે. તેઓ આ કથન ઉપર મનન કરશે એવી વિનંતિ છે.

( ૩૧ ) જુઓ ગૌડવહો નામનું પુસ્તક ડૉ. શઇટ અને હોલકૃત ભાષાંતર. પ્રસ્તાવના પૃ. ૧૫૬.

( ૩૨ ) જેમ સોલંકી કુળભૂષણ ગૂર્જરનરેશ કુમારપાળના રાજગુરુ પ્રખ્યાત પરિશિષ્ટકાર હેમચંદ્રસૂરિ હતા, તેમ પરિહારવંશી કનોજ અને ગ્વાલિયરપતિ રાજા આમ્રદેવ( પેલા સુવિખ્યાત ભોજદેવના દાદા )ના પ્રતિબોધક આ બપ્પભટ્ટસૂરિ હતા.

રિએ ) મથુરાનાં મંદિરમાં કોઇક ઊંચી ( ઊંચા કદની કે કોઇ વસ્તુના ઉપરી ભાગમાં ) પ્રતિમા પધરાવી હતી." જેને વિશેષ જાણવાની જિજ્ઞાસા હોય તેમણે ઉપરનું પુસ્તક વાંચી જોવા વિનંતિ છે. પ્રસંગ બહુ રસિક અને આનંદ ઉપજાવે તેવો છે તેમ સાથે સાથે બોધદાયક પણ છે.

આવા બધા ઐતિહાસિક પુરાવાથી આપણ સર્વેને ખાત્રી થાય છે કે, મથુરાજીની પ્રાચીન જાહોજલાલી જે ઇ. સ. ની નવમી સદી સુધી ચાલી આવી હતી, તે એક મહાન જૈન તીર્થ તરીકેની જ હતી. નવમી સદી પછી તેનો નાશ ક્યારે થયો તે શોધવાનું કામ અન્ય પુરાતત્વ-શોખીન વિદ્વાનો ઉપર છોડીશું. હાલ તો એટલું જ જણાવવાનું કે ત્યાં જૈનોની વસ્તી પણ નથી તેમ મોટાં જૈન મંદિરો પણ નથી. માત્ર એક મંદિર બજારની એક બાજુમાં અને એક મંદિર જૈન સંઘની ધર્મશાળામાં છે. મતલબ કે, મથુરાજીની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિમાં જબરદસ્ત તફાવત પડી ગયો છે.

સાર એટલો જ છે કે આ મથુરાસ્તૂપ પ્રથમમાં સુવર્ણમય હતો અને તે શ્રી પાર્શ્વનાથના સમયમાં ( ઇ. સ. પૂ. ૮૭૭ થી ૭૭૭ માં ) દેવોએ ઊભો કર્યો હતો ( The Vodva Tope built by the gods ) પણ પછી જેમ જમાનો આગળ વધતો ગયો તેમ વખત ખરાબ થવાનાં ચિહ્નો દેખાવાં લાગ્યાં. એટલે દેવોએ તે સંકેલી લઇ, તે સ્થાન ઉપર બીજો તેવો જ ઇંટનો સ્તૂપ ઊભો કર્યો. દેવરચિત સ્તૂપનો નાશ મહાવીરના સમય બાદ થઇ જતાં, સમ્રાટ પ્રિયદર્શિને પાછો નવો ઊભો કરાવી તે ઉપર સિંહનુ ચિહ્ન ગોઠવ્યું હશે. અને તેણે ઊભા કરાવેલ આ સ્તૂપની ( અથવા તેણે જો ઊભો ન જ કરાવ્યો હોય તો દેવરચિત ઇંટના સ્તૂપની ) દુર્દશા, સમ્રાટ અગ્નિમિત્રે કરાવી નાંખી ગણવી. તે પછી તેનું શું થયું તે ઉપરમાં આપણે જણાવી ગયા છીએ એટલે અહીં પુનરાવૃતિ કરવાની જરૂર નથી.

**પ્રાચીન ભૂગોળ**

જે પ્રદેશમાં ઉપરની મથુરાનગરી આવેલી છે તેને પ્રાચીન સમયે સુરસેન પ્રાંત [૩૩]કહેવાતો હતો. તે પ્રાંતની રાજધાની તરીકે આ [૩૪]મથુરાને જ ગણવામાં આવતું હતું; તેને વ્રજદેશ[૩૫] પણ કહેવાય છે; જ્યારે મથુરાને [૩૬]મધુપુરી પણ કહેવામાં આવતી હતી; જે સ્થાન ઉપર વર્તમાનકાળે મહોલી નામનું ગામડું આવેલું દેખાય છે. It was called Madhupuri ( Present Maholi ) Maholi is 5 miles to the S. W. of the modern city of Mathura=વર્તમાન મથુરા શહેરની વાયવ્ય ખૂણે પાંચ માઇલ ઉપર મહોલી આવેલું છે. વળી આ મથુરા નગરીને ઉત્તર મથુરા પણ કહેવાય છે. જ્યારે દક્ષિણ હિંદમાં આવેલા મદુરા( Madura )ને "દક્ષિણ મથુરા" કહેવાય છે.[૩૭] મથુરાનું બીજું નામ તીરહુટ પણ દેખાય છે.[૩૮] ઉપરાંત બીજી હકીકત એમ નીકળે છે[૩૯] કે, It was the birth-place

( ૩૩ ) આ રાજાના સમય તથા વંશાવળી માટે પુ. ૧, પૃ. ૧૮૭ જુઓ.

( ૩૪ ) જુઓ પુ. ૧, પૃ. ૪૯.

( ૩૫ ) કે. ની એન્શન્ટ જીઓગ્રાફી ઓફ ઇન્ડીયા પૃ. ૫૪

( ૩૬ ) રો. એ. સો. બં, પુ. ૭, પૃ. ૩૪૧ નું ટીપ્પણ જુઓ.

( ૩૭ ) જ. એ. સો. બં. ૧૮૭૪, પૃ. ૨૫૯: રૈ. એ. સો. પુ. ૭, ૧૮૭૭, પૃ. ૧૫૫.

( ૩૮ ) પ્રીન્સેપ્સ ઇન્ડીઅન એન્ટીક્વીટીઝ પુ. ૨, પૃ. ૨૨૩ નું ટીપણ જુઓ.

( ૩૯ ) જુઓ કે ની એન્શન્ટ જીઓગ્રાફી ઓફ

of Krishna=તે શ્રીકૃષ્ણની જન્મભૂમિ હતી; its various places are=તેનાં જુદાં જુદાં સ્થાનો આ પ્રમાણે છે—(૧) જન્મભૂમિ અથવા કારાગૃહ=હાલનું જે પૅાટરકુંડ કહેવાય છે તેના કાંઠે શ્રી કૃષ્ણનો જન્મ થયો હતો (૨) મલપુરા=મથુરાની પાસે નાનું ગામ છે ત્યાં He ( Krishna ) fought with wrestlers=તેણે (શ્રી કૃષ્ણે) મલ્લ સાથે યુદ્ધ કર્યું હતું. (૩) Kubja's well is the place where he cured Kubja of her hemp= કુબ્જકુવા નામના સ્થળે તેણે (શ્રી કૃષ્ણે) કુબ્જા દાસીની ખુંધ મટાડી દીધી હતી. (૪) કંકાલિતિલા[૪૦]=કંસકા તિલા=કંસ કાતિલા is the place where he killed Kansa; તે સ્થાન ઉપર તેણે (શ્રી કૃષ્ણે) કંસ(રાજા)ને કાપી નાંખ્યો હતો, એટલે કે ખૂન કર્યું હતું. આ ઉપરથી સમજાય છે કે "કંકાલિતિલા" તે "કંસકાતિલા"નું અપભ્રંશ થઇ ગયું લાગે છે. (૫) વિશ્રામઘાટ is the place where he rested after his victory=આ સ્થાને પોતે (શ્રી કૃષ્ણે) વિજય મેળવ્યા બાદ વિશ્રામ લીધો હતો.

**વિશેષ વર્ણન**

ડૉ. ભગવાનલાલ ઇંદ્રજીત લખે છે[૪૧] કે, "મથુરામાંથી જે મૂર્તિઓ અને નકશીકામ મળેલું છે તેની બરોબરી કરે તેવું નકશીકામ પેશાવર તરફથી મળેલા ગ્રીક કારિગીરીના નમૂના સિવાય હિંદુસ્તાનના બીજા કોઇ ભાગોમાં મારા જોવામાં આવ્યું નથી." આ ઉપરથી પોતે એવા અનુમાન ઉપર આવતા દેખાય છે કે, ત્યાં ગ્રીક કારિગરો ખૂદ હાજર હતા અથવા તો ગ્રીક કારિગરોના હાથ તળે શીખીને તૈયાર થયેલ હિંદી કારિગરો હતા. [ મારું ટીપ્પણ-વધારે વાસ્તવિક તો એમ હોઈ શકે કે; તેઓ ગ્રીક કારિગરો અથવા તેમના શિષ્યો નહીં પણ ગ્રીક કારિગરોના ગુરૂ હોવા જોઈએ; કારણ આગળ ઉપરનું વિવેચન જુઓ. ] જ્યારે એક બીજા લેખક, ઓરીએન્ટલ ઓફ઼ ઇ. સ. ૧૮૦૨, પૃ. ૨૩, ૨૪ ના આધારે એમ જણાવે[૪૨] છે કે, "મથુરાસે જો પ્રાચીન મૂર્તિયાં આદિ નીકળી હૈ, ઊનકી ભી સદસ્યતા મિશ્ર દેશકે ઢંગસે હૈ। ખાસ કર ઉનમેં જો ચિહ્ન થે વહ મિશ્ર દેશ જૈસે હી થે।..." હિંદી કારિગીરીની પ્રશંસા ગાતા આ બન્ને ઉતારા જો એકત્રિત કરીને સરખાવીશું તો એમ જ સાર આવશે કે આ પ્રાંતમાં જે કાંઇ કારિગીરી મળી આવી છે તે, મિશ્ર દેશ તથા ગ્રીસ દેશને મળતી છે; પછી તે બન્ને દેશના (મિસર-ઇજીપ્ત તેમજ ગ્રીસ) કારિગરો હિંદ દેશના કારિગરોના ગુરૂ હતા કે શિષ્યો હતા તે તપાસવું બાકી રહે છે. સામાન્યતઃ એવો નિયમ છે કે, જો એક જ સ્થળે બે અથવા વધારે દેશના કે ભૂમિના કારિગરો એકઠા થયા તો તેવી એકત્રિત થયેલી વ્યક્તિઓ પોતે ગુરૂ હોવાના કરતાં, શિષ્યો હોવાનો જ વધારે સંભવ ગણી શકાય; કેમકે એક જ વિદ્યાગુરૂ પાસે ઘણા પ્રદેશના વિદ્યાર્થીઓ વિદ્યાપ્રાપ્તિ અર્થે સંમિલિત

---

ઈન્ડીઆ પૃ. ૫૪.

(૪૦) According to Grouse, it is the monastry of Upgupta visited by Mr. Heuen Tshang=મિ. ગ્રાઉઝના મંતવ્ય પ્રમાણે આ સ્થાન તે ઉપગુપ્તનો વિહાર હતો, જેની મુલાકાત મિ. હુએન ત્સાંગે લીધી હતી.

(૪૧) જુઓ પુરાતત્ત્વ પુ. ૨, પૃ. ૨૬૪.

(૪૨) જુઓ સુરત મુકામે સન ૧૯૨૩ માં મુદ્રિત, ભગવાન પાર્શ્વનાથ નામનું પુસ્તક પૃ. ૧૯૨.

થવાનું હજુ વિશેષ શકય ગણી શકાય; જ્યારે એક જ વિદ્યાગુરૂ જુદા જુદા પ્રદેશમાં જઇને પોતાના વિદ્યાર્થીઓ ઊભા કરે, તે હજુ કાંઇક દુઃશકય ગણાય; એટલે પ્રસ્તુત વિષયમાં, વધારે સંભવનીય સ્થિતિ તો એમ હોવાની કલ્પી શકાય છે કે, મથુરાના કારિગરો મિસર દેશના અને ગ્રીક દેશના કારિગરોના શિષ્યો હોવા કરતાં, તેમના ગુરૂઓ જ હોવા જોઇએ ( ઉપરમાં, મારા ટીપ્પણુ તરીકે, ટાંકેલો અભિપ્રાય સરખાવો ). વળી જંબૂદ્વીપમાંથી શાકદ્વીપ જે જુદો પડ્યો છે તેની કાંઇક તવારીખ આપતાં આપણે ઇસારો કરી ગયા છીએ કે, જંબૂદ્વીપ તે આર્ય સંસ્કૃતિનું ધામ હતું જ્યારે શાકદ્વીપ તો અર્ધજંગલી દશામાં જ હતો. વળી કોઇ પણ બુદ્ધિમાન કહી શકશે કે જે પ્રજા સંસ્કૃત હોય તે જ અર્ધજંગલી પ્રજા ઉપર પોતાની છાપ પાડી શકે; નહીં કે અર્ધજંગલી પ્રજા હોય તે પોતાની છાપ સંસ્કૃત પ્રજા ઉપર પાડી શકે. આ ઉપરથી ખાત્રી થશે કે, જે ગ્રીક અને મિસર દેશની—એટલે કે શાકદ્વીપની—શિલ્પકળા છે તેનું જન્મસ્થાન તો જંબૂદ્વીપમાં જ છે. હા, એટલું હજુ બનવાજોગ છે કે જુદા જુદા સમયે, જેમ કાળચક્રના ઝપાટામાં એક પછી બીજો દેશ આવી જાય છે, તેમ કોઇ કોઇ વાર મિશ્ર દેશ પણ સંસ્કૃતિના ઊંચા શિખરે ચડી બેઠો હોય; તેમજ ગ્રીસ દેશના ભાગ્યે પણ તે યશરેખા કોઇક સમયે લાગી ગઇ હોય: જ્યારે તેવા સમયે જંબૂદ્વીપની શિલ્પકળાને હીણપ લાગી ગઇ હોય. પણ આવા બનાવ તો જંબૂદ્વીપમાં અંતર્ગત રહીને જ્યારે શાકદ્વીપ ભૂમિના એક અંશ તરીકે હૈયાતિ ભોગવી રહ્યો હોય ત્યારે જ બની શકે; અને તેવો સમય તો ઘણો ઘણો પ્રાચીન હતો એમ પૃ. ૧૩૩ થી આગળમાં જણાવાઇ ગયું છે. મતલબ કે જે સમયની—અત્યારે તો બે હજાર કે બાવીસ સો વર્ષની—ચર્ચા આપણે કરી રહ્યા છીએ, તેવા ટાણે તો તેવી સ્થિતિ કલ્પી લેવાનો વિચાર સરખો પણ તદ્દન હાસ્યાસ્પદ લેખાશે. એટલે વધુમાં વધુ એમ કહી શકાશે કે, આ સમયની લગભગમાં જ—અથવા સમ્રાટ પ્રિયદર્શિનના સમયે—સારનાથ સ્તંભ ઉપર કોતરેલા સિંહની કારિગીરી વિશે તથા તે સમયની સંસ્કૃતિના સરણુ વિશે ઉલ્લેખ કરતાં—પશ્ચિમ દેશની કારિગીરી અસલ કે પૂર્વ દેશની અસલ—જે સ્થિતિ હોવાનું સાબિત કરી ગયા છીએ તે જ સ્થિતિ પંડિત ભગવાનલાલજીએ પ્રદર્શિત કરેલ આ મથુરા નગરીની મૂર્તિઓ સંબંધમાં પણ પ્રવર્તી રહેલ હોવી જોઇએ. એટલે કે હિંદની કારિગીરીને મૂળ અથવા ગુરૂણી તરીકે સમજવી અને ગ્રીક અથવા મિશ્ર દેશની કારિગીરી તે અસલ ઉપરથી નકલ અથવા શિષ્યા તરીકે સમજવી.

## ( ૨ ) તક્ષિલા, તક્ષશિલા

**તેની ઉત્પત્તિ**

સાંપ્રતકાળના સાહિત્યગ્રંથોમાં તેની સ્થાપના—ઉત્પત્તિ બૌદ્ધધર્મના પ્રવર્તક શ્રી ગૌતમ બુદ્ધના સમયમાં થયેલી મનાવે છે, જ્યારે આર્ય પ્રજાના અતિ પ્રાચીન પુસ્તકોમાં પણ આ નગરીનાં નામ અને વર્ણન સુદ્ધાં મળી આવે છે; એટલે ખરું શું છે તે આપણે તપાસવું રહે છે.

ગાંધાર [૪૭]દેશમાં તે નગરી આવેલી છે. વળી તેને તે દેશની રાજધાની તરીકે પણ ગણા-

( ૪૭ ) કાબુલ નદીની બાજુમાંની કુનાર અને સિંધુ નદીની વચ્ચેનો પ્રદેશ તે ગાંધાર. ( પુરાતત્ત્વ પુ. ૧, પૃ. ૫૨ )

તક્ષશિલા અને પુરૂષપુર-હાલનું પેશાવર-તે

વાય છે. તે દેશમાં તેના જેવું જ જાહોજલાલીવાળું પુષ્પપુર ( પુરૂષપુર ) કરીને એક બીજું[૪૪] શહેર હતું જેને હાલ પેશાવર તરીકે ઓળખવામાં આવે છે.

મિ. મેગેસ્થેનીઝ નામે જે ગ્રીક એલચી પાટલિપુત્ર દરબારે અશોકવર્ધનના સમયે નીમાયો હતો તેના કહેવા મુજબ આ તક્ષિલાનગરીનું અંતર મગધદેશની રાજધાનીથી ધોરી રસ્તે ૯૫૦ માઈલ હતું અને વાંકે રસ્તે ૧૦૦૦ માઈલ=૯૦૦૦ સ્ટેડીઆ ( stadia ) હતું; જ્યારે કથાસરિતસાગર નામના પુસ્તકમાં તેનું સ્થાન, પંજાબદેશના રાવળપિંડી જીલ્લામાં વિતસ્તા ( જેલમ ) નદીના કાંઠે, જ્યાં વર્તમાનકાળે શાહધેરી નામનું ગામડું[૪૫] આવ્યું છે તેની નજીકમાં હોવાનું જણાવાયું છે. સર કનિંગહામ તેનું વર્ણન કરતાં જણાવે છે કે[૪૬] " Shaha -Dheri or Dheri Shahan, the royal residence is the ancient Taxila. The old fortified city, which is still surrounded by stone-walls, is called Sir-Kah, which all the peoples agree in stating, is only a slight alteration of Sir-Kat or the Cut-Head "=શાહધેરી અથવા ધેરીશાહન તે જ પુરાણી તક્ષિલાનાં રાજમહેલનું સ્થળ છે. તે પ્રાચીન કિલ્લાબંધ શહેર ( હતું ), તેની આસપાસ સાંપ્રતકાળે પણ પત્થરના ગઢ નજરે પડે છે. પ્રચંડ લોકવાયકા પ્રમાણે શિરકટ-શિરચ્છેદના ઉચ્ચારમાં કાંઈક ફેરફાર થવાથી તેને સિરકહ કહેવાય છે." ઉપરના વાક્યમાં આપણે તેના સ્થાન વિષે કાંઈ શંકા ઉઠાવવાની જરૂર રહેતી નથી. જે શબ્દો ઉપર મારે વાચકવર્ગનું ભારપૂર્વક લક્ષ ખેંચવાનું છે તે "**પ્રચંડ લોકવાયકા પ્રમાણે**=all the people agree in stating " શબ્દો જ છે; એટલે કે દંતકથાનો આધાર તેમણે જણાવ્યો છે. પછી આ શિરકટ શબ્દનો **અર્થ** **સમજાવતાં** તેમણે જણાવ્યું છે કે Cut-Head is the exact meaning of Taksha-Shir or Takha-Shir, which was the Buddhist form of the name of Taksha-Shela or Taha-Shila, from which the Greeks made Taxilla. The change of name Taksha-Shir was made to suit the legend of Buddha, having cut off his head to offer to a hungry tiger=તક્ષશિલ અથવા તખશિલ નામનો જે બૌદ્ધ ગ્રંથોમાં શબ્દ છે તેનો જ બરાબર રીતે **અર્થ** ઉતરતો આ તક્ષશિર અથવા તખશિર શબ્દ ( શિરચ્છેદ ) છે, અને તે ઉપરથી જ ગ્રીક લોકોએ તક્ષિલા ઠરાવ્યું છે; અને ક્ષુધાર્ત્ત વાઘને ખવરાવવા પોતાનું શિર શ્રીબુદ્ધદેવે જે ઉતારી આપ્યું હતું તે દંતકથાને બંધબેસતું થવા માટે તક્ષશિર નામમાં ફેરફાર કરવામાં આવ્યો છે." એટલે એમ કહેવાનો આશય ધરાવે છે કે, મૂળ નામ તો તક્ષશિલ જ હતું પણ બૌદ્ધ સાહિત્યગ્રંથોમાં

---

ગાંધાર દેશનાં બે મુખ્ય શહેરો હતાં.

( ૪૪ ) જુઓ ઉપરની ટીકા નં. ૪૩.

( ૪૫ ) પુરાતત્ત્વ પુ. ૧, પૃ. ૫૨:-પુરાતત્ત્વ ખાતાને ઘણા સ્તૂપો તથા મૂર્તિઓ અહીંથી જ જડી આવ્યાં છે.

( ૪૬ ) જુઓ કો. એ. ઇ. પૃ. ૬૦; તથા ઇ. કો. ઇ. પુ. ૧, પ્રસ્તાવના પૃ. ૩૮

આ તક્ષશિલા નગરી વિશે એમ જણાવવામાં આવ્યું છે કે, તે સ્થાન ઉપર ભગવાન બુદ્ધદેવ એકદા પધાર્યા હતા, જે સમયે એક ખૂબ ભૂખ્યો ડાંસ જેવો વાઘ ત્યાં આવી ચડ્યો હતો અને તે વાઘની ભૂખ તૃપ્ત કરવા તેમણે પોતાનું શિર કાપીને ધર્યું હતું. તે શિર કાપવાની ક્રિયાના સ્મરણચિહ્ન તરીકે તે સ્થાનનું નામ તક્ષશિર (તક્ષ=કાપ્યું: શિર=માથું) પાડવામાં આવ્યું હતું. આ મતલબની દંતકથા પ્રવર્તમાન છે. તે પ્રસંગને અનુરૂપ થવા માટે તક્ષશિલાનું નામ ફેરવીને પછી તક્ષશિર રખાયું છે.

[ મારું ટીપ્પણ: 'તક્ષશિલા' માં 'તક્ષ' અને 'શિલા' એ બે શબ્દો છે. તેમાં શિલાનો અર્થ તો પત્થરની પાટ જેવો થાય છે; પછી તેને 'શિર' સાથે ક્યાંથી સંબંધ ધરાવી શકાય ? ] એટલે was made to suit the legend= **તે દંતકથાને અનુરૂપ થવા ફેરફાર કરાયો છે** તે હકીકત માટે મારી શંકા ઉદ્‌ભવે છે. વળી તેઓ અન્ય સ્થાને લખે છે કે ૪૭:—Hiuen-Tshang expressly states that "This is the spot where Tathagata cut off his head. Fa-Hian (A. D. 400) also states that Takshashila means in Chinese words "Cut-off head."= હયુએનત્શાંગ સ્પષ્ટ રીતે જણાવે છે કે, તથાગતે પોતાનું શિર કાપી આપ્યું હતું તે આ જ સ્થાન છે: ફા-હિઆન ૪૮ (ઈ. સ. ૪૦૦) ના કહેવા પ્રમાણે પણ તક્ષશિલાનો ચાઇનીઝ શબ્દોમાં સમાનવાચી અર્થ 'શિરચ્છેદ' થાય છે." આવા આશયને મળતા જ અભિપ્રાયો અન્ય વિદ્વાનોએ૪૯ પણ ઉચ્ચાર્યા છે. [ મારું ટીપ્પણ: **(૧) તથાગત** શબ્દનો ઉપયોગ કરાયો છે તથા **(૨) ચાઇનીઝ ભાષાના શબ્દો સમાન**-વાચી-સમાન અર્થવાળા જણાવ્યા છે. તે બે મુદ્દા સંબંધી વિશેષ પ્રકાશ પાડવા જરૂર છે: જે આગળ ઉપર જણાવીશ. ]

આવી રીતે જ્યારે પ્રખ્યાત અને નામચીન પુરુષોએ પોતાના મંતવ્ય આગળ ધર્યાં છે અને તે પણ મેશર્સ ફા-હિઆન અને હ્યુએનત્શાંગ જેવા ખુદ બૌદ્ધધર્મના ચૂસ્ત ભક્ત પ્રવાસી-જનોના અભિપ્રાયો સાથે; એટલે આપણે તે વસ્તુ તરફ દુર્લક્ષ તો કરી ન જ શકાય. પણ શોધખોળખાતામાં હમેશાં જેમ બનતું આવ્યું છે તેમ, એક વખત સુદૃઢપણે નિશ્ચિત થયેલ વસ્તુ પણ વિશેષ મજબૂત પુરાવાના આધારે ફેરવવી પડે છે, અથવા છેવટે તે વસ્તુ તે પુરાવાના સ્વરૂપમાં ફરીને વિચારવી પડે છે—જેમ અશોકના કહેવાતા શિલાલેખોને તેની કૃતિઓ હોવાનું માની લેવાને બદલે હવે તેના પૌત્ર અને ગાદીવારસ મહારાજા પ્રિયદર્શિનની હોવાનું જણાવાયું છે; તેમ જ તે સર્વને અશોક જે બૌદ્ધધર્મી સમ્રાટ હતો તે ધર્મનાં ફરમાનને બદલે, સમ્રાટ પ્રિયદર્શિન જે જૈનધર્મી હતો તેના ધર્મનાં એટલે જૈન ધર્મની પ્રરૂપણા કરતાં ફરમાનો ઠરાવાયાનું સૂચન કરાયું છે, તેમ-આ બાબતમાં પણ કેમ ન બને ? માટે તે વિષય જરાક વિસ્તારથી આપણે તપાસવો પડશે; કેમકે સંક્ષિપ્તમાં લખતાં વાચકવર્ગને સંપૂર્ણ ખાત્રી કદાચ ન પણ થાય.

ઉપરમાં વિદ્વાનોના જે કેટલાક ઉતારાઓ મેં ટાંકી બતાવ્યા છે, તેમાં જે શબ્દ-વાક્યો સ્પષ્ટીકરણ માંગે છે તે મારી ટીપ્પણમાં રજૂ કર્યાં છે, તથા મોટા અક્ષરે જણાવ્યા છે. હવે તે વિશે વિવે-

(૪૭) જુઓ કો. એ. ઇ. પ્રસ્તાવના પૃ. ૬.

(૪૮) તે જ પુસ્તક-પ્રસ્તાવના પૃ. ૭.

(૪૯) જુઓ ઠે. લે. વ. પુ. ૧, પૃ. ૧૩૬ અને આગળ; તથા પૃ. ૧૩૮ નું ટી. નં. ૪૫.

ચન કરીશ. તે શબ્દ—વાક્યો નીચે પ્રમાણે ચારની સંખ્યામાં છે. ( ૧ ) પ્રચંડ લોકવાયકા પ્રમાણે ( ૨ ) તે દંતકથાને અનુરૂપ થવા ફેરફાર કરાયો છે. ( ૩ ) તથાગત શબ્દનો ઉપયોગ થયો છે. ( ૪ ) અને ચાઇનીઝ ભાષામાં તેનો સમાનવાચી અર્થ થાય છે. આમાંનો પ્રત્યેક મુદ્દો એક પછી એક તપાસીએ. ( ૧–૨ ) આ ચારમાંથી પ્રથમના બે મુદ્દાઓ—લોકવાયકા પ્રમાણે છે એમ જ્યારે તેઓ પોતે જ જણાવે છે ત્યારે આપણે તે વિશે બહુ વિવેચન કરવા જરૂર રહેતી નથી; કેમકે તેને બીજો કોઇ સબળ પૂરાવો જ નથી મળતો એમ તેમનું કહેવું થાય છે. એટલે પછી તેના ઊંડાણમાં ઉતરવું નિરર્થક છે. તેમાં સમાયલો બીજો મુદ્દો—દંતકથાને અનુરૂપ થવાના ફેરફાર કર્યા બાબતનો છે. તે મુદ્દો પણ પહેલાના જેવો જ તકલાદી છે. જેથી વિશેષ વિવાદમાં પડવાનું કારણ નથી રહેતું. એટલે તે વિદ્વાન લેખક સર કનિંગહામના મંતવ્ય સાથે હાલ તો આપણે પણ સંમત થઇ જઇશું કે, તક્ષશિલાના અર્થને બરાબર રીતે અથવા સૂચવેલા ભાવાર્થ પ્રમાણે તે દંતકથાની વસ્તુ બંધબેસતી આવતી નથી જ. ( ૩ ) હવે ત્રીજો મુદ્દો—તથાગત શબ્દનો ઉપયોગ કરાયો છે તે; તથાગત અને બુદ્ધદેવ તે બન્ને શબ્દો શ્રી ગૌતમબુદ્ધ માટે વપરાતા દેખાય છે—ચાહે તો વિશેષણરૂપે હો, કે વિશેષ નામરૂપે એટલે બિરૂદરૂપે પણ હો—પણ મારી સમજણ થઇ છે ત્યાં સુધી એમ જાણું છું કે જ્યાં સુધી તેમને વિશ્વવ્યાપિ જ્ઞાન પ્રાપ્ત થયું નહોતું અથવા જેને બૌદ્ધ પરિભાષામાં કહીએ તો તેમને નિર્વાણ પ્રાપ્ત થયું નહોતું ( કેટલાક મતે ૫૭ વર્ષની ઉમરે અને કેટલાક મતે ૫૯ વર્ષની ઉમરે ) ત્યાં સુધી તેમને તથાગત શબ્દથી સબોધવામાં આવતા નહોતા; તેમ જ ૮૦ વર્ષની ઉમરે પોતે કાળધર્મ પામ્યા અથવા બૌદ્ધ પરિભાષામાં તેઓશ્રી પરિનિર્વાણને પામ્યા ત્યાં સુધી તેમને શ્રી બુદ્ધદેવ સંબોધન લગાડી શકાતું નહીં. મતલબ કે તથાગતનું બિરૂદ તેમની જીવંત અવસ્થાનું ( છેલ્લા ૨૧ કે ૨૩ વર્ષનું ) છે અને શ્રી બુદ્ધદેવ તે તેમનો દેહવિલય થયા બાદનું છે. વળી આવા સર્વવ્યાપી–વિશ્વવ્યાપી–જ્ઞાનની જે પ્રાપ્તિ થઇ શકે છે તે માત્ર મનુષ્ય ભવમાં જ બને છે; અન્ય કોઇ ભવમાં નહીં જ: એટલે એમ સમજવું રહે છે કે, તથાગતને જે શિરકટનો પ્રસંગ લાગ્યો છે તે તેમના મનુષ્યજીવનના ભવમાં જ અને પોતાની જિંદગીની ઉત્તર અવસ્થાના ૨૧-૨૩ વર્ષ દરમ્યાન જ: તે પૂર્વેના કોઈ અન્ય દેહધારી તેમના અવતારમાં તો બન્યો નથી જ. હવે જ્યારે મનુષ્યદેહે જ આ શિરકટનો પ્રસંગ બન્યો હોવાનું ઠરે છે, ત્યારે તેનો અર્થ એમ થયો કે, તેઓશ્રીએ પોતાનું માથું તક્ષિલા નગરીના સ્થાન ઉપર જ કાપી આપ્યું હતું. એટલે કે તેમનું શરીર ત્યાં જ પડ્યું–ત્યાં જ તેમના દેહનો અંત આવ્યો–ગણાય. તો પછી તેમના પરિનિર્વાણનું સ્થાન જે બૌદ્ધગ્રંથોમાં બિહાર પ્રાંતમાં ગયાજી કે કુશીનગર જણાવાય છે તેનું કેમ ? શું માથું કાપી આપ્યા બાદ, પાછા સજીવન થઇ, દેહધારી મનુષ્ય બન્યા હતા ? આ પ્રમાણે તો કોઇ કાળે બન્યું નથી, બનતું નથી અને બનવાનું પણ અસંભવિત છે. એટલે એમ સિદ્ધ થાય છે કે, જે કોઇ પ્રકારે આ શિરકટનો પ્રસંગ ઉથલાવી ઉથલાવીને તપાસી જુઓ, તો પણ એક જ સાર નીકળશે કે, નંબર ૧–૨ મુદ્દામાં જણાવ્યા પ્રમાણે અને સર કનિંગહામના શબ્દોમાં વર્ણવ્યા પ્રમાણે, તે સર્વ હકીકત માત્ર દંતકથારૂપે જ ઉપજાવી કઢાયેલી દેખાય છે. ( ૪ ) ચોથો મુદ્દો—ચાઇનીઝ ભાષાનો સમાનવાચી અર્થવાળો. જો આ હકીકત સત્ય જ ઠરે તો એક

ઓર નવો જ પ્રશ્ન ઊભો થાય છે કે, શું ચીનની ભાષાને અનુલક્ષીને, હિંદની નગરીનું નામ પાડવામાં આવ્યું હતું કે ? તેમ બનવા યોગ્ય નથી જ; છતાં માની લ્યો કે તેમ બનવા પામ્યું હતું તો તેનો ફલિતાર્થ એમ થયો કહેવાશે કે, શ્રી બુદ્ધદેવના શિરકટનો પ્રસંગ બન્યો, અને નગરીનું નામ પડયું તે પહેલાંથી ચીની ભાષા બોલનારાઓને તે શબ્દની અને પ્રસંગની માહિતગારી હોવી જોઇએ જ. તેમ બન્યું હોવાનું તો પ્રાથમિક દષ્ટિપાતે પણ અસંભવિત જણાય છે; કેમકે ચીનદેશમાં બુદ્ધદેવ વિશે જે કોઇ પણ જાતની માહિતી પહોંચી હોય, તેમજ ત્યાં બૌદ્ધધર્મ ફેલાયો હોય, તો તે બુદ્ધદેવના પરિનિર્વાણ પામ્યા પછી કેટલેય કાળે જ બન્યું છે; નહીં કે તેમની તથાગત તરીકેની અવસ્થામાં કે તે પૂર્વે. તકરાર પતાવવા ખાતર કદાચ એમ દલીલ કરવામાં આવે કે હિંદી લોકો, ચીનદેશ સાથેના વેપાર અને વાણિજ્યના સહવાસને લીધે, ચીનાઇ ભાષાના કેટલાક શબ્દોથી જાણીતા થઇ ગયા હતા જેથી પોતાના એક નગરને તે ભાષાનું નામ આપવામાં આવ્યું હતું. તો પ્રશ્ન એ પાછો ઉપસ્થિત થાય છે કે, હિંદી પ્રજાને શું એવી ભવિષ્યકાળની ખબર પડી ગઇ હતી કે આવા કોઈ મહાપુરૂષના ધર્મોપદેશનો પ્રભાવ ચીનદેશ ઉપર પડવાનો છે માટે તે ભાષાના અર્થવાળું નામ, બુદ્ધદેવના 'શિરકટ'ના સ્થાનને આપવું યોગ્ય ગણાશે ? આ પ્રમાણે હિંદી બાજુની, તેમ જ ચીન દેશની બાજુની, એમ બન્ને દેશની બાજુની સંભવિત સ્થિતિ વિચારતાં, શિરકટના પ્રસંગને તક્ષશિલાની નામોત્પત્તિ સાથે ઘટાવી શકાતો નથી જ. આ પ્રમાણે ચારે મુદ્દાની તપાસ લેતાં આખરીએ એક જ નિર્ણય ઉપર આવવું પડશે કે બુદ્ધદેવના શિરકટના બનાવને, તક્ષશિલાના નામોચ્ચાર સાથે, જે રીતે અનુમાનો કરી લેવાયાં છે તેમાંનો કોઇ પણ પ્રકારનો થોડોઘણો પણ સંબંધ નથી જ.

છતાંયે ચર્ચાનો અંત લાવવા એક બારગી માની લ્યો કે બુદ્ધદેવના કોઈ પૂર્વભવમાં (મનુષ્યભવને બદલે અન્ય દેહે તેમનો આત્મા જન્મ્યો હોય તેવે સમયે) આવો પ્રસંગ (શિરકટનો) પ્રાપ્ત થયો હતો, અને તેની યાદગિરીમાં તથાગતે પોતે (પાછલા ભવનું જ્ઞાન જેને ઉત્પન્ન થયું હોય તેજ માત્ર કહી શકે, જે અમુક સ્થળ તે જ છે કે જ્યાં અમુક સમયે આવો બનાવ બની ગયો હતો. બીજા કોઈ પ્રાણીનો ભાર નથી કે ભૂતકાળની વાતો કહી શકે) અથવા તેમના આદેશથી તેમના ભક્તજનોએ તે સ્થળે નવી જ નગરી વસાવી હતી, અથવા ત્યાં જે નગરી અસ્તિ ધરાવતી હતી તેનું નામ ફેરવીને તક્ષશિલા પાડયું હતું. જો નગરી નવી વસાવી હતી એમ કહો તો, તે તક્ષશિલાનું અસ્તિત્વ જ તે પૂર્વે નહોતું એમ સ્વીકાર કર્યો ગણાશે; જ્યારે તેમના બૌદ્ધગ્રંથોમાં પણ એવું વર્ણન મળી આવે છે કે, બુદ્ધદેવના જીવનકાળે (એટલે તથાગતનું બિરૂદ પ્રાપ્ત થયું તે પૂર્વે પણ) આ તક્ષશિલા નગરીમાં કંબોજપતિ રાજા પુલુસાકીની રાજગાદી હતી; તો પછી ખુલાસો કરવો પડશે કે તે નગર વસ્યું કયારે ? સમૃદ્ધિવાળું બન્યું કયારે ? અને રાજગાદી યોગ્ય તેણે સ્થિતિ પ્રાપ્ત કરી કયારે ? જો એમ કહેવામાં આવે કે તે સ્થાને પૂર્વકાળે કોઇ નગરી તો હતી જ; પણ આ સમય બાદ જ તેનું નામ ફેરવીને તક્ષશિલા રાખવામાં આવ્યું હતું. તો વળી પ્રશ્ન એ થશે કે, આવું કથન ઉચ્ચારવાને તમારી પાસે આધાર શું છે તે જણાવો ? શું ફાહ્યિયન (ઇ. સ. ૪૦૦) અને હ્યુએનત્સાંગ (ઇ. સ. ૬૪૦) જેવા યાત્રિકો, જે બુદ્ધદેવના

પરિનિર્વાણ ( ઈ. સ. પૂ. ૫૨૦ ) પછી અનુક્રમે એક હજાર તેમજ બાર સો વરસે હિંદમાં આવ્યા હતા તેમનું આવું કથન છે ? કે મહાવંશ અને દીપવંશ જેવાં બૌદ્ધધર્મનાં પુસ્તકો, જેમનો કાળ પણ બુદ્ધદેવના સમય પછી બાર સો વર્ષનો ગણાય છે તેમાં તેવું કથન છે ? બૌદ્ધધર્મનાં જ પુસ્તકોનો આધાર વિશેષ વજનદાર લેખવો કે અન્ય સંપ્રદાયના ગ્રંથોનો ? જો અન્ય ધર્મીનાં કથનને વધારે વિશ્વસનીય ગણતા હો તો, તેમાંના એક વૈદિક મતનું કથન આ [૫૦]પ્રમાણે છે It ( Taksha-shila ) is said to have been founded by Taksha the son of Bharata and nephew of Rama= રામના ભત્રિજા અને ભરતના પુત્ર તક્ષ (રાજા) એ [૫૧]તક્ષશિલા વસાવ્યાનું કહેવાય છે." એટલે કે, તક્ષશિલા નગરીનું નિર્માણ ઠેઠ રામાવતારના સમયને લગતું છે; જ્યારે બીજો મત જે જૈન છે તે સંપ્રદાયનું કથન જાણવાની આવશ્યકતા વિચારાય તો, તેમાં તો તક્ષશિલાનું અસ્તિત્વ ઠેઠ, તેમના પ્રથમ તીર્થંકર ૠષભદેવના સમયે પણ હતું એમ જણાવવામાં આવે છે; કેમકે તેમણે દીક્ષાસમયે પોતાના રાજ્ય પ્રદેશની જે વહેંચણી પોતાના પુત્રો વચ્ચે કરી બતાવી છે તેમાં પોતાના જ્યેષ્ઠ પુત્ર[૫૨] ભરતને પોતાની જ ગાદીએ બેસાર્યાનું અને બીજા નંબરે આવતા બાહુબળીને તક્ષશિલા નગરીવાળું રાજ્ય આપ્યાનું જણાવાયું છે[૫૩]. મતલબ કહેવાની એ છે કે, આ બન્ને અન્યમતિ ગ્રંથોમાં આ નગરીનું અસ્તિત્વ જ કેટલાયે પુરાણકાળથી ચાલ્યું આવતું જણાવાયું છે.

આ પ્રમાણે દરેક પ્રકારની દલીલોથી તથા સ્વતંત્ર પુરાવાથી સાબિત કરી શકાય છે. ત્યારે નિઃસંદેહ કબુલ કરવું જ રહે છે કે, શિરકટના પ્રસંગને અને તક્ષશિલા નગરીની ઉત્પત્તિ કે નામોચ્ચાર સાથે કાંઇ જ સંબંધ નથીઃ ભલે પછી ફાહિયાન કે હુએનશાંગના વર્ણનગ્રંથોનો આધાર બતાવાય કે અન્ય પ્રકારે વસ્તુ ઉપસ્થિત કરી દેવાય. જો આ યાત્રિકોનાં વર્ણન આધારે જણાવાતું હોય તો કહેવું પડે છે કે, તેમણે સ્વધર્મની વાહવાહ કહેવરાવવામાં લેખનકળાનો અતિરેક કરી વાળ્યો દેખાય છે.

તો પછી તક્ષશિલા નામ કેવી રીતે પડયું ? પુરાતત્ત્વકારના મત પ્રમાણે, [૫૪]તે નગરીનું નામ ત્યાંની શિલ્પકળાને અંગે પડયું હોય એમ સમજાય છે, અથવા તક્ષક રાજાએ[૫૫] વસાવ્યાથી તેવું નામ પડયું હોય. તક્ષશિલા=કોતરેલી શિલા, અથવા નાગરાજા તક્ષકની શિલા. રેવરંડ સીલના મંતવ્ય[૫૬] પ્રમાણે પણ ત્યાં કોઇ

---

( ૫૦ ) જુઓ ડેં'સ એન્શન્ટ જીઓગ્રાફી ઓફ ઇન્ડીયા પૃ. ૯૨

( ૫૧ ) જુઓ નીચેની ટી. નં. ૫૫ નું અસલ લખાણ.

( ૫૨ ) વૈદિક મતમાં જેમ ભરતના સમયે તક્ષશિલાનું અસ્તિત્વ જણાવાયું છે તેમ જૈન મતમાં પણ ભરતના સમયે જ છે : બન્નેમાં ભરતનું નામ સામાન્ય છે પણ વ્યક્તિઓ ભિન્ન છેઃ બન્ને વચ્ચેના સમયનું અંતર પણ ઘણું જ છે.

( ૫૩ ) કલ્પ. સુ. ટીકા. પૃ. ૧૧૯ જુઓ.

( ૫૪ ) પુરાતત્વ પુ. ૧, પૃ. ૫૨.

( ૫૫ ) સરખાવો ઉપરની ટી. નં. ૫૧ નું મૂળ લખાણ

( ૫૬ ) જુઓ. રે. વે. વ. પુ. ૧. પૃ. ૧૩૬:—N. W. of the capital about 10 li( 1½ miles) is the tank of Naga-Raja રાજનગરથી વાયવ્ય ખૂણે આશરે ૧૦ લી( ૧॥ માઇલ )ને છેટે નાગરાજનું તળાવ આવેલ છે.

નાગરાજાનું એક તળાવ તો હતું જ; એટલે પુરાતત્ત્વકારની વાતને પણ ટેકો મળતો દેખાય છે. તેમ બીજી બાજુ સર કનિંગહામ પણ લગભગ તેવા જ વિચારના જણાય છે. તે[૫૭] લખે છે કે The Indians were not ignorant of stone-masonary: Taksha-Sil-nagar is cut-stone-city=હિંદી લોકો પત્થરના ચણતર કામથી અજ્ઞાત નહોતા. તક્ષ-શિલ-નગર એટલે પત્થરની કોતરણીવાળું શહેર." વળી આ સર્વ હકીકતને મજબુત પુરાવારૂપ તો એ હકીકત છે કે, જે પુરાતત્ત્વખાતાને લગતા પદાર્થો આ નગરીના અવશેષોમાંથી મળી આવ્યા છે તે પણ શિલ્પકળાના નાદર નમૂના રૂપે જ ગણાઇ રહ્યા છે. એટલે આ નગરની ઉત્પત્તિ વિશે પુરાતત્ત્વકારનું કથન માનવાને આપણું મન વધારે લલચાય છે ખરૂં. પછી તે શિલ્પકળા કોઇ તક્ષ, કે તક્ષક રાજાના સમયની હતી, અથવા તે તક્ષરાજા ભરતપુત્ર હતા, તો કયા ભરતના-રામના સમયના કે રૂષભદેવના સમયના-તે સઘળા પ્રશ્નો ભલે હમણા અણઉકેલ્યા જ પડ્યા રહેતા. આટલું વર્ણન તેની ઉત્પત્તિ વિશે થયું. હવે તેની જાહોજલાલીનું તથા તે પછી તેના નાશ વિષેનું પણ કાંઇક વર્ણન કરી લઇએ.

ઈ. સ. પૂ. ની છઠ્ઠી શતાબ્દિમાં આખા પંજાબ અને કંબોજ (ગેંબોજીયા) ઉપર રાજા

**રાજકીય વાતાવરણે નીપજાવેલ સ્થિતિ**

પુલુસાકીની સત્તા હતી તે આપણે પુ. ૧, પૃ. ૭૧-૭૪ ઉપર જણાવ્યું છે. તેનું મરણ આશરે ઇ. સ. પૂ. ૫૫૧ માં થતાં તે પ્રદેશ ઉપર ઇરાની શહેનશાહતની સત્તા જામી હતી. તેમનો અમલ લગભગ એક સદી જેટલો લંબાયો[૫૮] હશે. આ દરમ્યાન ત્યાંની પ્રજાના રીતરિવાજમાં તથા સામાજિક વ્યવહારમાં ઇરાની પ્રજાનું મિશ્રણ[૫૯] થઇ ગયું હતું; અને તેમાંથી ક્ષહરાટ પ્રજા તથા તેમની ખરોષ્ટી ભાષાનો ઉદ્‌ભવ થવા પામ્યો હોય, એમ પણ આપણે જણાવી ગયા છીએ (જુઓ પ્રથમખંડે પ્રથમ પરિચ્છેદે તેને લગતી હકીકત). ત્યારબાદ તે પ્રાંતો ઉપર મગધ સમ્રાટ નંદ નવમાની હકુમત આવી[૬૦]

(૫૭) જુઓ કે. એ. ઇ. પ્રસ્તાવના પૃ. ૬

(૫૮) જ. ઓ. બી. રી. સો. પુ. ૧, પૃ. ૧૦૭ ટી. નં. ૧૨૧:- But Taxila ceased to be a Hindu capital about 505 B. C.: for it was then or there about that it passed under the rule of Darius=પણ તક્ષિલા આશરે ઈ. સ. પૂ. ૫૦૫ માં હિંદુ પ્રજાના રાજનગર તરીકે બંધ પડયું; કેમકે તે સમયે અથવા તે અરસામાં ડેરીઅસની સત્તામાં તે ગયો હતો (ડેરિયસની પહેલાં સાઈરસના રાજઅમલે પંજાબ પ્રાંત ઇરાનની સત્તામાં જો કે ગયો હતો, પણ હિંદી ઇતિહાસની વિદ્વાનોને જાણ ન હોવાથી અત્યાર સુધી બધી સ્થિતિ માત્ર કલ્પનાના આધારે લખે રાખી છે.)

(૫૯) નીચેની ટી. નં. ૬૪ નું લખાણ જુઓ.

(૬૦) કો. એ. ઇ. પૃ. ૬૫:—તક્ષિલાના સિક્કાનું વર્ણન કરતાં સર કનિંગહામ જણાવે છે કે, As all these coins were found together they must have been current at the same time, but as the greater number are of the Indian standard, I infer that they must belong to the indigenous coinage prior to the Greek occupation=આ સર્વ સિક્કાઓ એક જ સ્થળેથી મળ્યા છે એટલે દેખાય છે કે તે એક જ સમયે ચાલુ વપરાશમાં હશે, પણ તેનો મોટો ભાગ હિંદી ધોરણ પ્રમાણેની બનાવટનો છે. ત્યારે મારૂં અનુમાન એમ થાય છે કે ગ્રીક લોકોએ (પંજાબનો) કબજો મેળવ્યો તે પહેલાંના તે દેશી સિક્કા જ હોવા જોઇએ" (એટલે કે સિકંદરશાહના સમય પહેલાંના તે સિક્કાઓ હતા એમ કહેવાનો ભાવાર્થ છે. જુઓ પુ. ૨, સિક્કાના

હતી અને તેનો વારસો ક્રમવાર ચંદ્રગુપ્ત મૌર્યને અને તેના પુત્ર બિંદુસારને મળ્યો હતો; પણ બિંદુસારનો રાજઅમલ નબળો થતાં, ત્યાંના નાના મોટા રાજાઓ અંદરો અંદર કલેશ કરી લડવા મંડી પડયા હતા ( જુઓ પુ. ૨. પૃ. ૨૨૪); જે તકનો લાભ લઈ ગ્રીક બાદશાહ સિકંદરશાહ–અલેકઝાંડર ધી ગ્રેટ પંજાબ રસ્તે થઈને હિંદ ઉપર ચડી આવ્યો હતો. તે સમય સુધી તક્ષિલા નગરીની જાહોજલાલી પૂર બહારમાં[૬૧] હતી. તે વખતે આ પ્રાંતની પ્રજાના રાહરસમ વિષે લખતાં મિ. વિન્સેંટ સ્મિથે જણાવ્યું છે[૬૨] કે:–"At the time of the invasion of Alexander the Great, the Greeks noted with interest and without disapprobation the local customs, which included polygamy, the exposure of the dead to be devoured by vultures and the sale in the open markets of maidens who had failed to secure husbands in the ordinary course......Exposures of the dead to be devoured by vultures was and still is a Persain custom ( Herod. I. 140 ) It is practised to this day in Tibet and was in ancient times the usage of the Lichchhavies of Vaishali, who appear to have been either Tibetans or a cognate people ( Ind. Ant. 1903. P. 233 )=અલેકઝાંડરની ચડાઇ વખતે, ગ્રીકોએ ( ત્યાંના ) સ્થાનિક રીતરીવાજોની કાળજી પૂર્વક તેમજ નાખુશી વિના નોંધ લીધી હતી: જેમાં એક કરતાં વધારે સ્ત્રી કરવાનો, મૃત્યુ-દેહને ઉઘાડા રાખી ગીધ પક્ષીને ફાડી ખાવા દેવાનો, તથા જે કુમારિકાઓ ચાલુ પદ્ધતિ પ્રમાણે પતિ મેળવી નહોતી શકતી તેમનું જાહેર રીતે બજારમાં લિલામ થવાનો, રિવાજ પણ[૬૩] હતો... દેહને ઊઘાડા રાખી ગીધ પક્ષીને ફાડી ખાવા દેવાનો રિવાજ તો ઇરાનીઓમાં ( પૂર્વે પણ ) હતો અને હજુ પણ છે[૬૪] ( હેરોડો. ૧: ૧૪૦ ) તિબેટમાં સાંપ્રતકાળે પણ તે રિવાજ પ્રવર્તે છે અને પ્રાચીનકાળે વૈશાળીના લિચ્છવીઓ કે જેમની ઓલાદ તિબેટની અથવા તેને મળતી પ્રજાની છે તેમાં પણ તે રવૈયો હતો[૬૫]. ( ઇન્ડી–એન્ટી. ૧૯૦૩ : પૃ. ૨૩૩ )" આ ઉપરથી સ્પુટ થાય છે કે, સિકંદરશાહના હુમલા વખતે જે સાંસારિક સ્થિતિ પંજાબમાં પ્રવર્તી રહી હતી, તે

---

ચિત્રપટમાં આકૃતિ. ૧, ૨, ૩.)

( ૬૧ ) પુરા. પુ. ૧. પૃ. પ૨:–" સિકંદરશાહ હિંદ પર ચડી આવ્યો ત્યારે તે ( તક્ષશિલા ) જાહોજલાલીવાળું શહેર હતું. "

( ૬૨ ) જુઓ અ. હિ. ઇ. ત્રીજી આવૃત્તિ પૃ. ૧૫૪

( ૬૩ ) તે જ પુસ્તક: પૃ. ૧૫૪ ટી. નં. ૨.

( ૬૪ ) હિંદના પારસીઓમાં પણ આ રિવાજ વર્તમાનકાળે પ્રવર્તી રહેલ છે. તેમના માદરવતનથી ચાલી આવતો હતો એમ કહી શકાશે.

ઉપરની ટીકા નં. ૫૯ વાળી હકીકત જુઓ. ઇરાની શહેનશાહતની હકુમતનું જ પરિણામ આને કહી શકાશે.

( ૬૫ ) વૈશાલીના લિચ્છવીઓમાં આવો રિવાજ હતો તે માટે તેમણે આધાર ટાંકયો હોત, તો તે ઉપર વિચાર કરવાને અવકાશ મળત. આ સિવાય આવી નોંધ બીજે નજરે પડતી નથી. બાકી એટલું ખરું કે લિચ્છવીઓ અને ટિબેટનો, તથા ઉત્તર સ્થળના માંગોલિયનો ' પીત પ્રજા ' તરીકે ઓળખાય છે અને તેઓના પૂર્વજો એક જ પ્રજામાંથી ઉતરી આવ્યા હોય એમ અનુમાન કરાય છે. ( સરખાવો છઠ્ઠા ખંડે પ્રથમ પરિચ્છેદે જંબૂદ્વીપવાળી હકીકત )

કાંઈ હિંદની ભીતરના પ્રદેશમાં ચાલતી આર્ય-નીતિનું કે સમાજની કૌટુંબિક મનોદશાનું ચિત્ર દોરવનારી કોઈ પણ પ્રકારે નહોતી જ; પણ હિંદના સીમા પ્રાંતમાં જ—માત્ર પંજાબમાં જ—હતી, કે જે સ્થિતિ તેના ઉપર ઇરાની શહેનશાહતની હકુમત એક સદી ઉપરના સમય સુધી રહેવા પામી હતી તેના પરિણામરૂપે જ થવા પામી હતી. જે તદ્દન નિર્મૂળ ન થતાં હજુ (સિકંદરના સમયે) કંઈક તેની છાયા તરીકે સચવાઈ રહી હતી. તે બાદ સિકંદરશાહ જ્યારે પોતાના સ્વદેશ પાછો ફર્યો હતો ત્યારે પાછો પંજાબની રાજસત્તામાં પલટો આવ્યો હતો. મિ. વિન્સેંટ સ્મિથ લખે[૬૬] છે કે "When Alexander the Great left India, he made over Taxilla to king Ambhi of Taxila & Punjab to king Poros: & left no Macedonian garrisons in these provinces=જ્યારે અલેકઝાંડર હિંદ છોડી ગયો ત્યારે તેણે તક્ષિલાના રાજા આંભિને તક્ષિલા, અને રાજા પોરસને પંજાબ પાછાં સોંપી દીધાં હતાં અને આ પ્રાંતોમાં મેસીડોનિયનની કોઈ લશ્કરી ટુકડીઓ રાખી નહોતી." આ કથનનો સાર એમ કરવાનો છે કે, જેમ બીજી શાસક પ્રજાના રીતરિવાજની અસર પંજાબની પ્રજા ઉપર થઈ હતી તેમ આ યવન પ્રજાનું કાંઈ જ નામનિશાન રહેવા પામ્યું નથી. એટલે રાજ્યસત્તાનો પાછો પલટો થતાં જ, ત્યાંની સ્થિતિ પાછી બદલાવા માંડી હતી; એટલું જ નહીં પણ સમ્રાટ અશોકના સમયે જ્યારે યવન સરદાર સેલ્યુકસે પોતાની કુંવરીને તેની વેરે (અશોકવર્ધનને) પરણાવી ત્યારે તો, ઊલટા યવન પ્રજાએ હિંદી પ્રજાના રીતરિવાજો અંગીકાર કરવા માંડ્યા હતા[૬૭]. તેમાં યે અશોક પછી તેના પૌત્ર પ્રિયદર્શિનના સમયે તો, જ્યારથી તેણે પોતાના ધમ્મમહામાત્રાઓને ઠેઠ સિરિયાના ઝાંપા સુધી—એશિયાઈ તુર્કીના સમુદ્ર તટ સુધી—ઉપદેશકો તરીકે મોકલાવ્યા હતા ત્યારથી તેમના પ્રયાસવડે ત્યાં વેર, સર્વત્ર આર્યનીતિનાં જ પડછંદા અને નિશાનડંકા વાગી રહ્યા હતા. તેની સાબિતી તરીકે અફગાનિસ્તાનના માણિક્યતોલા નામે શહેરમાં મહારાજા પ્રિયદર્શિને ઊભા કરાવેલ સ્તૂપો[૬૮] આપણે જોઈએ છીએ; તેમ જ આ પ્રદેશમાંથી તે સમ્રાટના હાથીના મહોરાંવાળા સિક્કાઓ[૬૯] પણ આપણને મળી આવતા રહે છે. એટલે કે મહારાજા પ્રિયદર્શિનના સમયે તો તે સર્વ પ્રજા આર્ય સંસ્કૃતિ પાળતી બની ગઈ હતી. પણ તેનું મૃત્યુ થતાં, મૌર્યસામ્રાજ્યનો સુર્યાસ્ત બેઠો-શરૂ થયો અને યવન-યોન-

(૬૬) અ. હિ. ઇ. ત્રીજી આવૃત્તિ. પૃ. ૧૧૫.

(૬૭) પુ. ૨. પૃ. ૩૮૧ ઉપર ટાંકેલા હિં હિ. ના લેખકના પૃ. ૫૧૦-૧૨ ઉપરનાં અવતરણો સાથે સરખાવો.

(૬૮) જુઓ પુ. ૨, પૃ. ૬. ટી. નં. ૧૦ તથા પૃ. ૪૭ અને પૃ. ૩૪૯ ટી. નં. ૮૯ ની હકીકત.

(૬૯) કો. એ. ઇ. પૃ. ૬૧:—Double-die coins with elephant & lion are very common, not only in the western Punjab but also in the Kabul valley etc; P. 62:—a large coin was found in a stupa at Ushker (Kashmir) બેવડી અડી મારેલ, હાથી અને સિંહના મહોરાંવાળા સિક્કાઓ પંજાબના પશ્ચિમ ભાગમાં જ ઘણા સામાન્ય થઈ પડ્યા છે એમ નહીં પણ કાબુલની ખીણવાળા પ્રદેશમાંથી પણ મળી આવે છે... (પૃ. ૬૨.) એક મોટો સિક્કો કાશ્મિરમાં આવેલ ઉષ્કરના સ્તૂપમાંથી જડી આવ્યો હતો (અજમેરની પાસે જે છે તે પુષ્કર અને અહીં કાશ્મિરમાં છે તે ઉષ્કર)

પાર્થિઅન વિગેરે પરદેશી પ્રજાનાં ટોળેટોળાં હિંદ તરફ ઉભરાવાં લાગ્યાં. તે સર્વેમાં અરસપરસની સત્તા જાળવવાની રસાકસી થતાં—એ પશુની મારામારીમાં વૃક્ષનો મરો–તે ન્યાયે તક્ષશિલા નગરીનો જ નાસ થઇ ગયો હશે એમ સમજાય છે.

**ફાટ અથવા વિનાશ**

મહારાજા પ્રિયદર્શિનના સિક્કા જ્યારે મળી આવે છે ત્યારે એમ તો સિદ્ધ જ થયું કે, તેના સમય સુધી તક્ષશિલાની હૈયાતિ તથા જાહોજલાલી કડેધડે હતી. તે બાદ કાંઇ પણ—વિશેષપણે કે સામાન્યરીતે—તેના વિશે જાણવામાં આવ્યું નથી. ઊલટું એક ગ્રંથકાર તો[૭૦] એમ જણાવે છે કે, મૌર્ય કાલકી દો કૃતિયાં અબતક પ્રાપ્ત હો સકિત હૈ યે આભૂષણકે રૂપમેં હૈ। તક્ષશિલા કે અંતર્ગત "ભીડ" નામક સ્થાન પર યે આભૂષણ પ્રાપ્ત હુએ હૈ। સાથમેં ડિમેટ્રીઅસકા એક સિક્કા તથા કુછ અન્ય પુરાની મુદ્રાયે ભી મિલિ હૈ। મૌર્યકાલકે યે આભૂષણ બહુત હી સુંદર હૈ! તક્ષશિલામેં માર્યકાલકા અન્ય કોઇ ઉલ્લેખ યોગ્ય કૃતિ પ્રાપ્ત નહીં હુઇ હૈ! જ્યારે આ પ્રમાણે સ્થિતિ હોવાના પુરાવા મળી રહેતા જણાયા છે ત્યારે એમ સાર નીકળે છે કે, મહારાજા પ્રિયદર્શિનનું મરણ ઈ. સ. પૂ. ૨૩૬ માં નીપજ્યું ત્યારથી માંડીને, બેકટ્રીઅનપતિ રાજા ડિમેટ્રીઅસે પોતાની ગાદી ઇ. સ. પૂ. ૨૦૨ ના અરસામાં પંજાબના શાકલ શહેરમાં ( હાલના શિયાલકોટમાં )[૭૧] સ્થાપી તે બે કાળના અંતરાળમાં તક્ષિલાનો નાશ થયો હશે. ડિમેટ્રીઅસે ગાદી સ્થાપન કર્યાની હકીકતનો આધાર એ માટે લેવો ઠરાવ્યો છે કે, તક્ષિલા જેવી વૈભવવંતી અને જાહોજલાલી તથા ગૌરવતાપૂર્ણ, તેમ જ અલીજહાં મહેલાતો સહિત ભરચક આબાદીવાળી નગરી જો તે સમયે હૈયાતિમાં જ હોત તો તેને છોડી દઇને, શાકલ જેવું નાનું શહેર નવેસરથી વસાવીને ત્યાં રાજપાટ લઇ જવાની જરૂરિયાત શા માટે તેને ઊભી જ થઇ હોત? કોઇ એમ બચાવ કરે કે, રાજા ડિમેટ્રીઅસે પોતાના સ્વદેશનો મુલક તથા રાજપાટ સર્વે ગુમાવી દીધું હતું તેથી હિંદમાં રાજધાની કરવાની તેને ફરજ પડી હતી. વાત ખરી, પણ તેથી કાંઇ એમ નથી ઠરતું—સિદ્ધ થતું—કે, પંજાબનું એક વખતનું જૂનું અને જામેલું નગર ત્યજી દેવું અને તદ્દન નવા પાયા નાંખી નવું શહેર વસાવીને પછી ત્યાં જ રાજધાની લગાવવી. કોઇ સામી એમ પણ દલીલ રજૂ કરશે કે, શાકલનું સ્થાન પોતાના રાજ્યની અંતિમ હદ ઉપર હોઇને, સામા હરિફ રાજકર્તાની હીલચાલ ઉપર સીધી દેખરેખ પણ રાખી શકાય અને જરૂર પડે ત્યારે એકદમ—વિનાવિલંબે—તેનો સામનો પણ કરી શકાય; અથવા તો તેના રાજ્યે લશ્કર ઉતારી ત્યાં કબજો મેળવી પોતાનું આધિપત્ય સ્થાપન કરી શકાય—આવાં અનેકવિધ રાજકીય કારણસર તેને આ નવું સ્થળ પસંદ કરવું પડયું હતું. તો તેમ પણ હોવા સંભવ નથી દેખાતો. તેનો જવાબ એમ દઈ શકાશે કે, રાજદ્વારી દ્દષ્ટિએ તે મુદ્દા ભલે બૌદ્ધિક અને ડહાપણયુક્ત છે, પણ તે તો સરહદ ઉપર કોઇ મજબુત થાણું ઊભું કરીને, ત્યાં કિલ્લેબંધી બનાવી, લશ્કરી અસબાબથી તેને સુસજ્જિત

---

(૭૦) મૌર્ય સામ્રાજ્યકા ઇતિહાસનું પૃ. ૫૯૬ જુઓ.

(૭૧) જુઓ ઉપરમાં ડિમેટ્રીઅસના વૃત્તાંતે; ષષ્ઠમખંડે પ્રથમ પરિચ્છેદે.

રાખી, પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે હુકમ મળતાં જ તાત્કાલિક તૈયારી કરી આગળ વધી શકે તેવી સ્થિતિમાં બધું ઠાકઠીક ત્યાં કરી રાખે તો પણ પોતાનો મુદ્દો બર લાવી શકાય તેમ છે જ: અને તે પ્રમાણે અનેક રાજસ્થાનોએ પોતાની રાજધાનીનાં નગરો તથા લશ્કરી મથકો ગોઠવી રાખ્યાનાં દૃષ્ટાંતો તે સમયે તેમજ વર્તમાન કાળે નજરે પડેલ છે. એટલે તે રાજનીતિ વ્યવહારૂ નથી એમ તો કહી શકાય તેમ છે જ નહીં. મતલબ કે, આ દૃષ્ટિબિંદુથી વિચારતાં પણ રાજપાટ ફેરવવાની તેને આવશ્યકતા લાગી હોય તે સંભવિત દીસતું નથી, તેમ બીજી રીતે વિચારો તો એમ પણ છે કે, તે તક્ષિલા નગરી પોતાના સત્તાપ્રદેશના કોઇ એક ખૂણે પડી જતી નહોતી કે જેથી ત્યાં બેઠા તે પોતાના રાજ્યવહીવટ ઉપર સીધી દેખરેખ રાખી ન શકે, કે જેથી અન્ય કોઇ મધ્યસ્થાન રાજનગર તરીકે પસંદ કરી લેવાનું તેને મન થાય. આ પ્રમાણે રાજપાટનું સ્થળ બદલાવવાનાં કારણોનો જ્યારે કોઈ પણ રીતે બચાવ કરી શકાય તેમ નથી લાગતું, ત્યારે એક જ વસ્તુ સ્વીકારવી રહે છે કે, ઉપર સૂચવ્યા પ્રમાણે ઇ. સ. પૂ. ૨૩૬ અને ૨૦૨ ની વચ્ચેના ત્રીસ-પાંત્રીસ વર્ષના ગાળામાં કોઇક સમયે તક્ષિલા નગરીનો વિનાશ થઇ ગયો હોવો જોઇએ.

ઉપર પ્રમાણે તેના વિનાશનો સમય કહી શકાય. હવે તેનું કારણ વિચારીએઃ—તે બે પ્રકારે સંભવી શકે: કાં મનુષ્યકૃત કારણ હોય કે દૈવી પણ હોય. પહેલા પ્રકારમાં લડાઈ જેવું અથવા લુંટફાટ આદિ બંડખોર વૃત્તિનું હોય અને બીજામાં આગ, જળપ્રલય કે ભૂકંપ જેવું સર્વવિનાશી હોય. તેનાં અવશેષો જે અદ્યાપિ મળી આવે છે તે તપાસતાં તો આગનું કારણ બીલકુલ અસંભવિત છે. તેમ જળપ્રલયનો પણ સંભવ દેખાતો નથી. હજુ ભૂકંપ હોઇ શકે. જેમ ગયા વરસે જ ઇ. સ. ૧૯૩૫ ના ધરતીકંપમાં આખું ક્વેટા શહેર તેના ઝપાટામાં સપડાઈ ગયું હતું તેમ આવી સ્થિતિ ઉદ્‌ભવી હોય, પણ તેવો પુરાવો મળતો નથી. એટલે તેના અભાવે તે કારણ તદ્દન તો નહીં જ, પણ ઘણેખરે અંશે આપણે દૂર કરી નાંખવું રહે છે. આ પ્રમાણે દૈવકૃત કારણોનો વિચાર પડતો જ મૂકવો રહે છે. હવે મનુષ્યકૃત સંજોગોની વિચારણા કરીએ. કોઇ એવી જબરજસ્ત લડાઈ થઇ નોંધાયેલી નથી કે તેમાં કિલ્લેબંધી ૭૨ વિગેરે સર્વ વસ્તુનો ભોરફૂટો વળી જાય. જો કોઇ યુદ્ધ થયું હોય તો તે એટલા જ પૂરતું કે, જે યોન-બેકટ્રીઅન લશ્કર, ડિમેટ્રીઅસના પિતા યુથીડિમોસની સરદારી નીચે પંજાબ ઉપર ધસી આવ્યું હતું તેનો અને ત્યાં સ્થાપિત થઇ રહેલા દેશી રાજાની-વચ્ચે પોતાની સત્તા ટકાવી રાખવા માટેનું જ હતું. દેશી રાજામાં તો ત્યાંનો સ્થાનિક કોઇ નાનો રાજા હોય કે પછી મૌર્યસમ્રાટ અવંતિપતિ હોય કે કાશ્મિરપતિ પણ હોય. જો સ્થાનિક નાનો રાજા સામે પડે તો તેને પોતાના જ બળ ઉપર ઝઝુમવાનું હોઇ યુથીડિમોસ જેવા નૃપતિ સામે તે બહુ લાંબી અને મજબુત ટક્કર ઝીલી શકે તેવો હોવો જોઇએ. ઇતિહાસ તો આ વાતની સ્પષ્ટપણે ના જ પાડે છે: તેમ અવંતિપતિ મૌર્યસમ્રાટની તો પડતી દશાનો આરંભ પણ થઇ ચૂક્યો હતો. વળી તેનું રાજનગર

(૭૨) તક્ષિલા નગરને ફરતો પત્થરનો કોટ હતો એમ તો પૂરવાર થયેલું જ છે: જુઓ પૃ. ૨૬૬, ઉપર સર કનિંગહામનું મંતવ્ય જે ટાંક્યું છે તે.

પંજાબના પ્રાંતથી કેટલુંયે છેટે અવંતિમાં હતું એટલે પંજાબ ઉપર મૌર્યસમ્રાટનો પ્રતાપ અને હાકલ તો તદ્દન નજીવાં જ થઈ ગયાં ગણાય; વળી તેને યુથીડિમોસ જેવો સાહસિક મનોવૃત્તિવાળો રાજવી તો ઘોળીને જ પી જાય. આ પ્રમાણે એ સ્થિતિ બાદ કરતાં કાશ્મિરપતિવાળો મુદ્દો જ વિચારવો રહે છે. આપણે પુ. ૨ ના અંતે આપેલ પરિશિષ્ટ ઙ ( પૃ. ૪૦૨ થી ૪૦૮ ) માં કાશ્મિર-પતિ જાલૌકની હકીકત વર્ણવી છે; તથા આ ત્રીજા વિભાગે ઉઘડતા પરિચ્છેદે બતાવી આપ્યું છે કે, સમ્રાટ પ્રિયદર્શિનના મરણ બાદ તેનો જ્યેષ્ઠ પુત્ર વૃષભસેન-અવંતિપતિ બન્યો ત્યારે તેની રાજનીતિથી અસંતુષ્ટ બની તેનો ભાઈ અને મહારાજા પ્રિયદર્શિનનો એક પુત્ર-નામે જાલૌક સ્વતંત્ર બની પોતે કાશ્મિરની ગાદીએ બેઠો હતો. વળી તેણે ક્રમે ક્રમે આગળ વધી પોતાના રાજઅમલના ૨૬ વર્ષ સુધીમાં સંયુક્ત પ્રાંતના કાન્યકુબ્જ ( વર્તમાન કાળના કનોજ ) શહેર સુધીનો સઘળો મુલક જીતી લીધો હતો, તથા મ્લેચ્છોને તે મુલકમાંથી હાંકી કાઢ્યા હતા. તેમજ એ પણ દેખીતું જ છે કે, જે રાજા ઠેઠ કાન્યકુબ્જ સુધી પહોંચી જાય તેને પંજાબ વીંધીને-ચીરીને જ જવું પડે. એટલે તેણે આખો પંજાબ કે પછી તક્ષિલાવાળો ભાગ જ, પોતાની હકુમતમાં લઈ લીધો હોવો જોઈએ. ગમે તેટલો ભાગ તેણે જીતી લીધો હોય, તોપણ પોતાના હાથે તે તક્ષિલાનો નાશ કરે તે તો **न भूतो न भविष्यति** જ કહેવાય; કેમકે કોઈ રાજાને જીતમાં તક્ષિલા જેવાં મહાવૈભવશાળી નગરો આઈતાં મળી જાય તો તેમનો તે નાશ કરે કે, ઊલટું જીતેલા મુલકમાં નવાં નવાં શહેરો વસાવી તેને આબાદીના શિખરે પહોંચાડવાનું મન કરે ? મતલબ કે, રાજા જાલૌકે તક્ષિલાને પોતાની આંગળી સરખીયે અડાડી નહીં હોય, તો પછી તેનો વિનાશ કર્યાનું તો કલ્પી જ કેમ શકાય ? એટલે એક પક્ષે લડનાર જાલૌક પરત્વેની તે નગર સંબંધી સ્થિતિ જો આપણે તદ્દન અશક્ય જ માની છે તો પછી બીજા પક્ષે લડનાર યોન-મ્લેચ્છ પ્રજાના હાથે તે નગરનું અનિષ્ટ થવા સંભવ છે કે કેમ ? તે વિચારવું રહે છે. અનુભવ કહે છે કે, તે બનવા યોગ્ય છે. કાં તો વેર વાળવાના મિષથી તેને બાળી નાંખે અથવા લુંટફાટ કરી ભાંગી તોડી નાંખે; એવા ઈરાદાથી કે ક્યાં હવે આપણે તે સ્થાને પાછું આવવાનું રહે છે કે તેનો ભોગવટો કરવો પડશે; અને કદાચ આવીશું-જે અનિશ્ચિત છે-તો યે તે વખતે વળી જોયું જશે. બાકી તો તે વખતની મનોદશા જ એવી હોય છે કે, આગળપાછળનો વિચાર કર્યા વિના જ " **मैं मरेंगे तो मरेंगे लेकिन तेरेकुं तो रांड करेंगे** " ની રીતીથી બધું ઊંધુંચતું જ કરી નંખાય છે.

એટલે પછી એ જ સાર ઉપર આવવું રહે છે કે, દૈવકૃત કારણમાં જે કાંઈ થોડુંક સંભવિત વિચારવું રહ્યું છે તે, એટલે કે કોઈ ગેબી બનાવનું જ પરિણામ હોય, કે જેથી તે શહેર દટાઈ જાય કે તેની કિલ્લેબંધી તારાજ થઈ જાય; અથવા તો વિશેષ સંભવનીય મનુષ્યકૃત કારણોમાંનું યોન પ્રજાના હસ્તે તે નગરની લુંટ અને ભાંગતોડ થયાનું હોય કે જેથી વેરવિખેર હાલતમાં તેનાં અવશેષો અત્યારે નજરે પડે છે તેમ દેખાતાં ઊભાં રહ્યાં કરે. આ બેમાંથી કઈ સ્થિતિ બનવાયોગ્ય હશે તેનો તાગ લેવાનું કામ આપણે અન્યને સોંપી દઈ આગળ વધીશું.

ભરતખંડના પૂર્વભાગે મગધદેશમાં જેમ નાલંદાની વિદ્યાપીઠ વિદ્યાદાન આપવામાં અતિ વિખ્યાતિને પામી હતી તેમ પશ્ચિમ ભાગે પંજાબમાં-તે વખતે તે દેશને ગાંધાર નામથી

ઓળખતા હતા-તાક્ષલાની વિદ્યાપીઠનું નામ પ્રજાના મુખે ગવાઇ રહ્યું હતું. બલ્કે આપણને જ્યાંસુધીની માહિતી મળી છે ત્યાંસુધી તો ૭૩ એમ પણ કહી શકીએ છીએ

**તેની વિદ્યાપીઠ**

કે તક્ષિલાની કારકીર્દી અને વ્યવસ્થાની ઉત્તમતા જોઇને તેના ધોરણ ઉપર જ મગધપતિ નવમા નંદે નાલંદાની વિદ્યાપીઠનું ઉદ્‌ઘાટન કર્યું હતું-અથવા ઘટતા ફેરફાર કર્યા હતા. આ વિદ્યાપીઠમાં કેવા પ્રકારનું વિદ્યાદાન દેવાતું અને કેવી વ્યવસ્થા ચાલતી હતી તે વિશેનું ખાસ વિવેચન કોઇ આર્યગ્રંથમાં જણાતું નથી; પણ સામાન્યતઃ જેમ અનેક વિષયમાં બનતું આવ્યું છે તેમ આ વિષયમાં પણ પાશ્ચાત્ય વિદ્વાનોના ખંત અને પ્રયાસથી તે ઉપર કાંઈક પ્રકાશ પડે છે ખરો. સમર્થ ઇતિહાસવેત્તા મિ. વિન્સેંટ સ્મિથ લખે૭૪ છે કે, It had a special reputation as the head quarters of Hindu learning. The sons of peoples of all the upper classes, chiefs, Brahamins and merchants flocked to Taxilla, as to a university town, in order to study the circle of Indian arts and sciences, especially the medicine. The territory surrounding the capital was rich and populous=હિંદુ વિદ્યાના મુખ્ય મથક તરીકે તેની ખાસ પ્રતિષ્ઠા બંધાઈ હતી. સઘળી ઉચ્ચ વર્ગની પ્રજાના સંતાનો, સરદારો, બ્રાહ્મણો અને વેપારીઓ, હિંદી હુન્નર અને વિજ્ઞાનશાસ્ત્રનાં આખાં ચક્રનો (એટલે સઘળા હુન્નર ઉદ્યોગ તથા વિજ્ઞાનશાસ્ત્રનો) ખાસ કરીને વૈદક શાસ્ત્રનો૭૫ અભ્યાસ કરવાને વિદ્યાપીઠવાળા શહેર તરફ પ્રજા જેમ ધસી જાય તેમ તક્ષિલા તરફ થોકબંધ જતા હતા. રાજધાનીની આસપાસનો પ્રદેશ ધનાઢ્ય અને વસ્તીવાળો હતો." એક બીજા ગ્રંથકાર પણ તેવા જ આશયનો અભિપ્રાય ધરાવતા દેખાય છે. તે કહે છે કે, "ત્યાં વિદ્યાર્થીને દાખલ થવા માટે ૧૬ વર્ષની૭૬ ઉમર ઠરાવેલી હતી. બહાર દેશાવરથી અનેક વિદ્યાર્થી ત્યાં આવતા હતા. તેમાં ગરીબ તેમજ ધનવાન કુટુંબના તેમજ રાજકુમારો પણ આવતા હતા. અકેક આચાર્ય પાસે ૧૦૦ થી ૫૦૦ સુધી વિદ્યાર્થીઓ ભણતા હતા. તેવા કેટલાયે આચાર્યો હતા. દરેક વિષયના જાણકાર આચાર્યો હતા. શુદ્ર-ચાંડાળોને ત્યાં ભણવા દેવામાં આવતા નહીં. વેષ બદલીને કોઈ વખતે ભણી જતા. બે જાતના વિદ્યાર્થીઓ હતા." આ બન્ને ઉતારાનું એકીકરણ કરીશું તો જણાશે કે, તે સ્થળની વિદ્યાપીઠમાં સર્વ પ્રકારની તાલીમ વિજ્ઞાન સાથે આપવામાં આવતી હતી. તેમાં પણ વૈદકશાસ્ત્ર માટે ખાસ ગોઠવણ રાખવામાં આવી હતી. આ

(૭૩) જુઓ પુ. ૧, નવમા નંદનું વૃત્તાંત પૃ. ૩૫૮ અને આગળ.

(૭૪) અ. હિ. ઇ. ત્રીજી આવૃત્તિ પૃ. ૧૫૪.

(૭૫) પુરા. પુ. ૧, પૃ. ૫૨:-વૈદકવિદ્યા માટે તક્ષિલાની ખ્યાતિ દૂર દૂર દેશો સુધી પહોંચી હતી.

(૭૬) પૃ. ૧ અને ૨ માં જુઓ; ત્યાં આપણે જણાવ્યું છે કે ૧૩ વર્ષની વયતા પુખ્ત વય માટે ઠરાવાઇ હતી. એટલે અહીં અભ્યાસ માટે જે ૧૬ વર્ષની ઉમર હોવાનું લખ્યું છે તે ચાલુ વિદ્યાભ્યાસ માટેની નહીં હોય પણ જેને આપણે Post-graduate course=સ્નાતક થયા બાદનો વિશેષ અભ્યાસ કહીએ છીએ તેવા માટે કે અન્ય ઉચ્ચ શિક્ષણના અભ્યાસ માટે આ ઉમરનો પ્રતિબંધ મૂકાયો હશે.

ઉપરથી એક અનુમાન એમ બાંધી શકાય છે કે, પારસીના ઇરાની શહેનશાહતના રાજ્ય વહીવટની સત્તા, જ્યારે તેમના રાજ્યના આ પ્રદેશ ઉપર ચાલુ હતી ત્યારની અસર આ વિદ્યાશાસ્ત્ર ઉપર પણ થઈ હશે જ: કેમકે આપણે જાણીએ છીએ કે, યુનાની વૈદકશાસ્ત્ર પણ, આર્ય વૈદકના જેવું જ શાસ્ત્રપદ્ધતિએ રચાયેલ છે; તથા તેના જેટલું જ અકસીર અને સંપૂર્ણ ઇલાજ ધરાવનારું છે. સવાલ માત્ર એટલો જ રહે છે કે, તક્ષશિલાની વિદ્યાપીઠનું શિક્ષણ પ્રથમ હશે કે ઇરાનીયન વિદ્યાપીઠનું-પદ્ધતિનું શિક્ષણ પ્રથમ હશે; તે વસ્તુ નક્કી કરવાનું આપણી પાસે સાધન નથી તેમ ઇતિહાસને અંગે બહુ ચર્ચવા યોગ્ય તે વિષય પણ નથી; છતાં સંસ્કૃતિના સરણનાં ધોરણે જ આ બાબતમાં પણ અનુમાન જો બાંધી શકાતું હોય તો કહેવું જ પડશે કે, પ્રથમ આર્યવૈદિક શાસ્ત્ર હોવું જોઇએ અને યુનાનીશાસ્ત્ર તો તે ઉપરથી જ રચી કઢાયું હોવું જોઇએ.

દરેક પ્રજાના અંતિમ વર્ણને પરિચ્છેદમાં ધર્મ વિશે થોડું કે ઘણું લખવાનો રવૈયો મેં રાખ્યો છે જ, એમ સર્વ કોઇ વાચકના મન ઉપર પ્રતીતિ થઇ હશે. તે માટે સહજ કોઈ પ્રશ્ન ઉઠાવશે કે, ઇતિહાસમાં તો માત્ર રાજકાજના વિષયને જ સ્થાન હોવું જોઇએ, તેમાં ધર્મને વળી શું લાગેવળગે. જવાબ એટલો જ છે કે, જેમ રાજકીય બાબતો સાથે જનસમાજના સામાજિક હિતની બાબતો-જેવી કે, લોકકલ્યાણના માર્ગો, દાનશાળાઓ, વટેમાર્ગુ-મુસાફરો માટેના રસ્તાઓ ઇત્યાદિ હકીકતો-પણ સંકળાયલી લેખીએ છીએ તથા આર્થિક બાબતો-જેવી કે વેપાર-વાણિજ્ય, હુન્નર-ઉદ્યોગ આદિનાં પ્રકરણો પણ જોડાયલ હોય છે. તેમ ધાર્મિક બાબતો પણ સીધી કે આડકતરી રીતે તે સાથે જોડાયલી જ ગણવી રહે છે. તેમ જો ન હોત તો શિલાલેખોમાં તથા તામ્રપત્રોમાં કોતરાતા દાનપત્રોમાંની હકીકતને ઐતિહાસિક ગણનામાંથી સર્વદા તદ્દન દૂર જ રાખવી પડત. બીજું કારણ એમ છે કે, ધર્મને લીધે રાજકર્તા કોમ સામાન્ય પ્રજાની સાથે ઘાટા સમાગમમાં આવી શકે છે. જેને લીધે તેમના રીતરિવાજ, રહેણીકરણી, આચારવિચાર તેમ જ આખી સંસ્કૃતિની કાંઇ ને કાંઇ છાયા તેમના ઉપર પડ્યા વિના રહેતી જ નથી. આવાં અનેક કારણોને લીધે ધર્મ વિષેની વિચારણાને પણ ઇતિહાસના પુસ્તકની સરહદમાંથી બહાર હડસેલી કઢાતી નથી. તેટલા માટે જ્યારે કોઈ પ્રજાનો ઇતિહાસ લખવામાં આવે ત્યારે તેના ઘડતરમાં માત્ર રાજકીય, આર્થિક કે સામાજિક તથા અન્ય વ્યાપારિક પ્રશ્નો જ ભાગ પૂરાવે છે એમ સમજવાનું નથી; પણ તે સર્વની સાથેસાથે તેમની ધાર્મિક ક્રિયાનાં અનુષ્ઠાનો અને વિધિવિધાનો પણ કેટલેક અંશે ભાગ પૂરાવતા હોવાથી તે વિષયની મહત્ત્વતા પણ ઇતિહાસકારોએ આંકતા શીખવી જ રહે છે. અલબત્ત, તે એવા સ્વરૂપે આલેખવી ન જ જોઇએ કે જેથી વાચકવર્ગના મન ઉપર કોઈ ખોટી, કોમભાવી,(૭૭) કે દ્વેષભરી છાપ ઉત્પન્ન કરે. બાકી તટસ્થપણે ન્યાયબુદ્ધિથી

**તેનો ધર્મ**

(૭૭) કોમ અને ધર્મ બન્ને વસ્તુ જુદી છે એમ સમજવું જોઈએ. જેમ જાતિ, શ્રેણિ, વર્ગ વિગેરેના અર્થ સમજવામાં અનેક રીતે સંકુચિતતા પેસી ગઈ છે અને જેને લગતી કિંચિત્ સમજૂતિ પ્રસંગોપાત ( જુઓ પુ. ૧, પૃ. ૨૬ થી ૨૮ અને ૩૨: ૨૭૫; ૩૩૭ થી ૩૩૯; પુ. ૩ માં છઠ્ઠા ખંડે સંસ્કૃતિ, ધર્મ, ) અપાઈ

સામા માણસની સાદી સમજમાં પણ ઉતરી શકે તેવી ભાવનાથી, તથા ખરૂં શું હોઇ શકે તેવી રીતે, માત્ર ઇતિહાસશોધનની દૃષ્ટિ તરફ જ કેવળ લક્ષ રાખીને ચર્ચા કરાય, તો તેમાં ખોટું શું છે? છતાં યે ચર્ચા કરવામાં લેખકને શિરે અમુક પ્રકારની ભીતિ તો રહે છે જ; કેમકે, જે વાચકવર્ગ રૂઢીચૂસ્ત-રૂઢીપૂજક કે પૂર્વગ્રહીત વિચારવાળો બની ગયો હોય છે તેમના મનમાં તો તુરત જ ઊગી આવે છે કે આ ચર્ચા કરવામાં લેખકનો પ્રયત્ન પોતાની માન્યતા વાચકવર્ગ ઉપર ઠસાવવા માટેનો જ માત્ર છે. તો વિનીત ભાવે તે સર્વને જણાવવાનું કે, તેવી હલકી મનોવૃત્તિથી કોઇ ઇતિહાસનો લેખક લખવા માંડતો પણ નથી અને માંડે પણ નહીં; અને તેમ કરે તો તે ઇતિહાસના નામને લાંછન લગાડ્યા વિના પણ રહેતો જ નથી. તેને તો જે વસ્તુસ્થિતિ ઇતિ-

---

ગઈ છે તેમ અહીં પણ થોડાક વિચારો તે ઉપરાંતના જણાવું છું. ઉપર ટાંકેલાં પૃષ્ઠોનાં વિચારોની સાથે અત્રની સમજૂતિ પૂરવણીરૂપે છે એમ સમજવું.

કોમને ઇંગ્રેજીમાં Community શબ્દથી અને ધર્મને Religion, Faith શબ્દથી ઓળખાવાય છે. રીલીઝ્યનમાં duty (ફરજ) અથવા Human duty (મનુષ્ય તરીકેની ફરજ) અથવા Humanity (મનુષ્ય પ્રત્યેની દયા) નો પણ સમાવેશ થાય છે; જ્યારે કોમ્યુનીટીમાં માત્ર સામાજિક બંધનોને જ લાગેવળગે છે. મતલબ કે, કોમ શબ્દથી સામાજિક બંધનના વિચાર કરનારી સંસ્થા સમજવી, જ્યારે ધર્મને વિશ્વવ્યાપી બંધનોની રચના કરવાનું ક્ષેત્ર સમજવું

એક માણસ અમુક કોમમાં રહ્યો છતો ગમે તે ધર્મ પાળી શકે છે. તેમાં એક બીજાના ક્ષેત્ર ઉપર એક બીજાને આક્રમણ લઈ જવા જેવું હોવું પણ ન જોઈએ અને છે પણ નહીં. એટલે કે, કોમ્યુનીટીના કાર્યપ્રદેશમાં ન રીલીજીયન માથું મારી શકે, કે રીલીજીયનના કાર્યપ્રદેશમાં ન માથું મારે કોમ્યુનીટીનો પ્રદેશ; આવી વિશાળ ભાવના જેમાં હોય તે જ ધર્મ વિશેષ આદરણીય બની શકે છે, બની રહે છે.

આવું બંધારણ મૂળે-ધર્મ અને કોમ-સંસ્થાનું છે; પણ તે ઉદ્દામ અર્થ છોડી દઈને, સંકુચિત વાડા બાંધી દેવાયા છે. તે એટલે સુધી કે અમુક કોમ કહી, એટલે અમુક ધર્મ જ તેને માટે સમજી લેવાય. જ્યારથી આ મનોદશાનું પ્રાધાન્ય થવા માંડયું ત્યારથી મનુષ્યની અધોગતિ થવા માંડી છે એમ કહી શકાય. જો તે અધોગતિમાંથી નીકળીને ઉજ્વલ બનાવવું આવતું હોય તો સઘળા સંકુચિત અર્થ ભૂંસી નાખી, મૂળે જે વિશાળ અર્થ હતો

---

હતો તે ભાવનાથી આપણે જોતાં શીખી લેવું જોઈએ.

મૂળે વૈદિક અને જૈન ધર્મ એમ બે જ હતા. આજકાલ જે આટલા બધા ધર્મના ફાંટાઓ-શાખાઓ અને ઉપશાખાઓ થઇ પડયાં છે તે જ આપણી ઉન્નતિના અવરોધરૂપ બની રહી છે.

અત્યારે તો એમ જ થઈ પડયું છે કે, એક મુસલમાન ભાઈ હોય એટલે તેનો ધર્મ ઈસ્લામ જ હોવો જોઈએ, એક હિંદુ હોય એટલે તેને હિંદુ ધર્મ સિવાય કોઈ ધર્મ પાળવો જ ન જોઈએ; એટલું જ નહીં પણ બીજાનાં તત્ત્વ જાણવા જેટલો પ્રયત્ન પણ કરવો ન જોઈએ. આવી સંકુચિત મનોદશાનું સામ્રાજ્ય સર્વત્ર વ્યાપી રહ્યું છે.

આર્યાવર્ત્તમાં શું, પણ સારા વિશ્વમાંયે, પ્રથમ બે જ ધર્મ હતા. ત્યારે હાલ તો ધર્મની સંખ્યાનો કેવડો મોટો રાફડો ફાટી નીકળ્યો છે. મૂળે બે હતા એટલે વર્તમાન કાળે જે બીજા જણાય છે તે કાળે કરીને, અમુક પ્રસંગો ઊભા થતા, તેમાંથી જ ઉદ્ભવેલા સમજવા. જો કે તે તે શાખાના પ્રણેતાઓને તેમ કરવાની જરૂર જણાતાં તે તે પ્રકારે પ્રરૂપ્યું હશે જ, પણ જેમ અત્યારે આપણે ધર્મ અને કોમનો, ઉપર બતાવી ગયા પ્રમાણે સંકુચિત અર્થ કરી વાળ્યો છે, તેમ શાખાધર્મના પ્રણેતાઓનો જે ભાવ હતો તે વિસારી દઇને તેમાં પણ સંકુચિત વાડા બાંધી દીધા. સરવાળે પરિણામ એ આવી ગયું કે, કોઈપણ ધર્મના આદિ સ્થાપકની જે નેમ હતી તે સચવાઈ રહી જ નથી. અને બધા અવળા માર્ગે ચઢી ગયા છીએ, જેથી ગર્વ, અભિમાન, હુંપણું ઈ. ઈ. દાખલ થઇ ગયાં છે અને તે જ આપણને વિનાશના માર્ગે ઘસડી રહ્યાં છે.

હાસની દૃષ્ટિએ દેખાય તે પ્રમાણે લખવી જ રહે. પછી બીજો ઉપાય શું ? જો તેમ ન કરે તો શું તેણે વાચકની મનોવૃત્તિ, જે ખરું તત્ત્વ જાણવાની છે તેને પોષવાને બદલે વાચકની લાગણીને જ સંતોષવાનો માત્ર પ્રયત્ન કરીને બેસી રહેવું ? અથવા ખરી વસ્તુસ્થિતિનું ગોપન કરીને, અન્યથા સ્વરૂપે તેને ચિતર્યે જવી ? ધર્મવસ્તુ સાથે ઇતિહાસને કેવો અને શા માટે સંબંધ હોવો જોઇએ તથા તેનાથી કેટકેટલા ઉપકાર મનુષ્ય જાતિ ઉપર થઇ રહ્યા છે અથવા તેનાથી વેગળા થતાં કેવી અવદશા થઇ ગઇ છે અને થઇ જાય છે તે બતાવ્યા પછી ( જુઓ. ટી. નં. ૭૭ નું લખાણ) અહીં તક્ષિલા નગરી વિશેના મૂળ વિષય ઉપર આવી જઇએ.

ઉપર પૃ. ૨૬૯ માં જણાવાયું છે કે આ પ્રદેશ ઉપર પ્રથમ રાજા પુલુસાકીની સત્તા હતી, તે બાદ ઇરાની શહેનશાહતની, તે બાદ મગધ પતિઓની ( નંદવંશ તથા મૌર્યવંશની )–થોડાંક વર્ષના અપવાદમાં અલેકઝાંડર ધી ગ્રેઇટની અને તે બાદ યૌન સરદારોની તથા તેના ક્ષહરાટ ક્ષત્રપોની; આ પ્રમાણે ઇ. સ. પૂ. ની સાતમી સદીથી તે પહેલી સદી સુધીના છસો સાતસો વર્ષમાં જે જે રાજસત્તાઓ ત્યાં અધિકાર ઉપર આવી ગઈ તેની સંક્ષિપ્ત નોંધ સમજવી. તેમાંના ઇરાની શહેનશાહોએ જે સત્તા ચલાવી છે તે તો પોતાના વતનમાં દૂર બેઠા બેઠા ચલાવી હતી. એટલે તેમને લીધે પ્રજાના ધર્મ ઉપર જીવંત અસર થયેલી નહીં; પણ કાંઇક અંશે મિશ્રણ થયેલું અને તેમાંથી ખરોષ્ટી ભાષાનો ઉદ્ભવ થયો સંભવિત છે તે જણાવી દીધું છે. બાકી રહ્યો યોન સરદારોનો, ક્ષહરાટ ક્ષત્રપોનો અને મગધપતિઓનો રાજવહિવટ. આમાં યોન સરદારોના વહીવટની મુદ્દત લગભગ અડધી સદી જેટલી લંબાઇ છે ખરી, પણ તેઓમાં સંસ્કૃતિનું કે ધર્મનું કાંઈ નિશ્ચિત ધોરણ ન હોવાથી ( જુઓ પ્રથમ ખંડે, પ્રથમ પરિચ્છેદે તેમના ધર્મ વિશેનો પારિગ્રાફ ) પ્રજા ઉપર કાંઈ ખાસ છાપ તેમના સમય દરમ્યાન પડી હોય તેમ માનવાનું કારણ નથી. પછી તો બાકી રહ્યા નંદવંશી અને મૌર્યવંશી મગધપતિઓ અને ક્ષહરાટ ક્ષત્રપો. આ સર્વેનાં વૃત્તાંત આલેખન કરતાં પૂરવાર કરી બતાવાયું છે કે, તેમનો રાજધર્મ જૈનધર્મ હતો; માત્ર વચ્ચે સમ્રાટ અશોકવર્ધન મૌર્યવંશી ભૂપાળ જે આવ્યો છે તે એક જ બૌદ્ધધર્મી હતો. એટલે તે ધર્મની અસર હજુ અહીં તક્ષિલાના પ્રદેશમાં પહોંચી શકે ખરી, પણ તેનો ઇતિહાસ જો તપાસીશું તો ખાત્રી થશે કે, આખા પંજાબ ઉપર તો તેની સત્તા કોઇ કાળે જામી જ નથી છતાંયે તેનો જે દક્ષિણ ભાગ હજુ જીતી શકયો હતો તે પણ તેની રાજ્યકારકીર્દિ અડધી તો ખતમ થઇ જવા આવી હતી–અથવા બીજી રીતે કહો કે ખતમ[૭૮] થઇ ગઈ હતી–ત્યારે જ બન્યું હતું. અને બન્યા પછી પણ તેનો આખોયે સમય ગૃહજીવનના કલેશમાં જ વ્યતીત

(૭૮) તેનો સમય ઈ. સ. પૂ. ૩૩૦ થી ૩૦૩ સુધીના ૨૭ાા વર્ષનો જ ખરી રીતે તો છે; અને પંજાબમાં જે કાંઇક શાંતિ પ્રસરવા પામી છે. તે ઇ. સ. પૂ. ૩૧૭ માં પોરસનું ખૂન થયું અને યવન પ્રતિનિધિ યુડામોસ હિંદ છોડી નાસી ગયો ત્યારબાદ જ છે. ( જુઓ પુ. ૨, પૃ. ૨૪૩ નો તિથિક્રમ ) એટલે કે ઈ. સ. પૂ. ૩૧૬ બાદ જ અશોકની હકુમત ત્યાં કાંઈક સ્થિર થવા પામી હતી એમ કહી શકાય.

આ સ્થિતિ વિચારતાં તે ગાદીએ બેઠા પછી પંદર વર્ષે થયું ગણાય; તેથી ૨૭ાા વર્ષના કાળથી અડધો સમય વીત્યા બાદ એમ લખવું પડયું છે. ( વિશેષ માટે ઉપરમાં પૃ. ૩૧ થી આગળની હકીકત જુઓ. )

થવા પામ્યો છે. (જુઓ ઉપરમાં પૃ. ૩૪) મતલબ કે, તેના બૌદ્ધધર્મે પણ આ પ્રદેશ ઉપર ખાસ પ્રભાવ પાડ્યો હોય એમ બન્યું નથી. એટલે માનવું રહે છે કે, બાકીના રાજકર્તાઓ કે જેમણે છસોમાંના ચારસો વર્ષ ઉપરાંત વહીવટ ચલાવ્યો છે તેમના રાજધર્મે જ પ્રજા ઉપર કાબૂ મેળવી લીધો હતો, જે આપણે સિક્કાના આધારે સાબિત કરાતું જોઈ શકયા છીએ. અરે! એટલું જ નહીં પણ તે પૂર્વે અઢીસો વર્ષે એટલે ઇ. સ. પૂ. ની આઠમી સદીમાં જૈનના ૨૩ મા તીર્થંકર જે શ્રીપાર્શ્વનાથ થઈ ગયા છે તેમનું જ નામ જ્યારે તક્ષિલાના અને માણિકયાલના સ્તૂપોમાં[૭૯] કોતરાયલું મળી આવ્યું છે ત્યારે એમ અનુમાન ઉપર જવાય છે કે, ઇ. સ. પૂ. આઠમી અને નવમી સદીમાં પણ તે પ્રદેશ ઉપર તે ધર્મના અનુયાયી રાજકર્તાઓની સત્તા પ્રવર્તી રહી હશે. તે વખતે બૌદ્ધધર્મની ઉત્પત્તિ પણ થઇ નહોતી જ, એટલે તે ધર્મ ત્યાં પળાતો હોવા વિશે કલ્પના કરવી પણ નકામી જ[૮૦] છે. જે શિલાલેખ કે સ્તૂપનો અત્ર ઉલ્લેખ કર્યો છે અને જેમાં પાર્શ્વનાથનું નામ હોવાનું જણાવ્યું છે તેમાં ધાર્મિક ચિહ્નો રૂપે "ચક્ર" કોતરાવ્યું છે; જ્યારે તે જ ચિહ્ન તક્ષિલાના પ્રદેશમાંથી મળી આવતા સર્વ સિક્કા ઉપર પણ મળી આવે છે. એટલે એ પણ નિર્વિવાદિતપણે સાબિત થઈ જાય છે કે, ચક્ર (જેને વર્તમાન કાળના સિક્કાશાસ્ત્રીઓ[૮૧] The Wheel of the Law તરીકે ઓળખાવે છે) અથવા ધર્મચક્ર તે જૈનધર્મસૂચક છે. તે ચિહ્ન સાથે કોઇ રીતે બૌદ્ધધર્મનો સંબંધ હોઇ શકતો નથી.[૮૨] વળી આ વાતને જૈન સાહિત્ય ગ્રંથોથી પણ ટેકો મળતો જણાય છે. તેમાં તો આ તક્ષિલાનું [૮૩]નામ જ "ધર્મચક્રતીર્થ અથવા ચક્રતીર્થ" આપીને તેને ઓળખાવ્યું છે; જ્યારે આ પ્રમાણેનો શિલાલેખી અને સિક્કાઇ પુરાવા જેવી અનેક અફર અને અચૂક સાબિતીઓ મળી આવે છે ત્યારે મૂંગે મોઢે તે સ્વીકારી લીધા વિના છૂટકો જ કયાં રહ્યો! મતલબ એ થઈ કે, ઇ. સ. પૂ. ની ૯ મી સદીથી માંડીને ઇ. સ. પૂ. ની પહેલી સદી સુધી તો આ તક્ષિલાનગરી જૈનધર્મનું એક મહાન તીર્થ હતું. તે બાદ તેનો નાશ થઇ જવાથી તેની, તેમ જ તેના આસપાસના સ્થળની મહત્ત્વતા ઓછી થઇ જવા પામી હતી, તેટલું માત્ર. એટલે પ્રો. રેપ્સન જેવા સિક્કાશાસ્ત્રીએ

(૭૯) જુઓ પુ. ૨, પૃ. ૫, ટી નં. ૧૦; પૃ. ૪૦, તથા પૃ. ૩૪૯ ની ટી નં. ૮૯.

(૮૦) નીચેની ટીકા નં. ૮૨ સરખાવો

(૮૧) નીચેની ટીકા નં. ૮૪ તથા ૮૫ જુઓ

(૮૨) ઉપરની ટીકા નં. ૮૦ ને લગતું લખાણ જુઓ; તેમજ પુ. ૨ માં સિક્કા નં. ૩૫-૩૬ નું વર્ણન તથા પુ. ૨, પૃ. ૬૧-૭૧ ઉપરનાં વિવેચનો જુઓ.

(૮૩) જુઓ જૈન રૌપ્ય મહોત્સવ અંક પૃ. ૪૨ તથા તેનું ટીપણ નં. ૩. ત્યાં જે શ્લોક ટાંકયો છે તે આ પ્રમાણે છે. તેમાં જૈન તીર્થોનાં નામો જણાવ્યાં છે.

चम्पाराजगृहे च चक्रमथुरा
जोद्धाप्रतिष्ठानगे ।
वन्दे स्वर्णगिरौ तथा सुरगिरौ
श्रीदेवकेपत्तने ॥
हस्तोडीपुरि पाडलादशपुरे
चारुप पञ्चासरे ।
वन्दे श्रीकर्णाटके शिवपुरे
नागद्रहे नाणके ॥

આમાં ચક્રતીર્થની નોટમાં લેખકે જણાવ્યું છે કે આ ચક્ર એટલે તક્ષિલાનું પ્રાચીન "ધર્મચક્ર."

જે જણાવ્યું છે[૮૪] કે-The Wheel of the Law is a symbol of the Buddhist faith, which was professsd by the Satarpal families of Taxilla and Mathura=ધર્મચક્ર તે બૌદ્ધધર્મનું[૮૫] ચિહ્ન છે: તક્ષિલા અને મથુરાવાળા ક્ષત્રપવંશી (રાજાઓ) આ ધર્મના અનુયાયી હતા. કથન તે સર્વાંશે સત્ય છે; માત્ર તે કથનમાં એટલો જ સુધારો કરવો રહે છે કે, અત્યારસુધી આ સર્વે ચિહ્નો જૈનધર્મનાં હોવાં છતાં, જેમ બૌદ્ધધર્મનાં લેખવામાં આવ્યાં છે તેમ આ ધર્મચક્રની બાબતમાં પણ બન્યું છે. એટલે જ્યાં તેમણે બૌદ્ધધર્મનું ચિહ્ન એવો શબ્દ લખ્યો છે ત્યાં જૈનધર્મનું ચિહ્ન[૮૬] છે એમ વાંચવું.

આ બન્ને નગરીઓ–મથુરાનગરી અને તક્ષિલાનગરી–વિશે જે નવું જણાવવાનું મારી નજરમાં લાગ્યું હતું તે અહીં આગળ હવે પૂરું થાય છે.

---

( ૮૪ ) જુઓ, કો. આ. રે. પારિ. ૮૭.

( ૮૫ ) અત્યાર સુધી જેમ આવાં અનેક ચિહ્નો જૈનધર્મનાં હોવાં છતાં બૌદ્ધધર્મનાં મનાઈ રહ્યાં છે તેમ આ વિશેનું પણ સમજી લેવું.

( વિશેષ સમજૂતિ અને સ્પષ્ટીકરણ માટે પુ. ૨, પરિચ્છેદ બીજે પૃ. ૫૫ થી આગળ જુઓ ) સરખાવો નીચેની ટી. નં. ૮૬ ને લગતું લખાણ.

( ૮૬ ) જુઓ ઉપરની ટી. નં. ૮૫; આ વિશેનો ઉલ્લેખ ઉપરના ચતુર્થ પરિચ્છેદે "ક્ષહરાટક્ષત્રપોનો ધર્મ" એ નામના પારિગ્રાફના અંતે કરાયો છે તે સાથે સરખાવો.



# સપ્તમ પરિચ્છેદ

## પરદેશી આક્રમણકારો ( ચાલુ )

ટૂંક સારઃ—

(૬) **પર્શિઅન્સ, પાર્થીઅન્સ, પલ્લવાઝ અને પહ્લવાઝ**–તે ચારેનો બતાવેલ પરિચય તથા તે ઉપરથી તરવરી આવતો તેમના વચ્ચેનો ભેદ–પલ્લવાઝની ઉત્પત્તિ બાબત લીધેલ લંબાણથી તપાસ–દ્રાવિડ સાહિત્ય સંબંધી પ્રસંગોપાત થયેલ ઉલ્લેખની સમજૂતિ–આ પ્રજાઓ આર્ય કહેવાય કે અનાર્ય, તેનાં દૃષ્ટાંતો આપી બતાવી આપેલ તેમનો ઐતિહાસિક સંબંધ–ઋષિ અને પારૂષિ વચ્ચે કાંઇ જોડાણ ખરૂં કે ?–પહ્લવાઝનું હિંદી ઇતિહાસ સાથે જોડી આપેલું સંધાણ–પાર્થીઅન્સ અને શક વચ્ચેનો તફાવત ન સમજવાથી ઇતિહાસકારોએ ઊભી કરેલી મુશ્કેલીનાં દૃષ્ટાંતો—

## (૬) પર્શિઅન્સ, પાર્થીઅન્સ અથવા પહ્લ્વાઝ.

આક્રમણ કરનારી પરદેશી પ્રજામાંની યોન અને ક્ષહરાટનું વર્ણન કર્યા પછી ત્રીજું નામ પાર્થીઅન્સનું છે. તેનું વૃત્તાંત લખવાનું હવે હાથ ધરીશું. તેમનું વતન ઇરાન હોવાથી, અને ઇરાનને ઇંગ્રેજી ભાષામાં Persia=પર્શિયા કહેવાતો હોવાથી, તેના જે વતની તેમને પાર્થીઅન્સ પણ કહેવાય છે. તેમ જ તેમની ભાષા પહ્લ્વી નામે ઓળખાતી હોવાથી, તે ભાષાના બોલનાર તરીકે તેમને પહ્લ્વાઝ પણ કહેવાય છે. આ પ્રમાણે પર્શિઅન્સ, પાર્થીઅન્સ તથા પહ્લ્વાઝ તે ત્રણે નામ એક જ પ્રજાનાં છે એમ સમજવું. વળી જે પાર્થીઅન્સ પોતાનું મૂળ વતન છોડીને હિંદમાં આવી રહ્યા હતા તેમને અસલના પાર્થીઅન્સથી છૂટા પાડવા માટે Indo=હિંદી શબ્દ જોડીને ઇન્ડો પાર્થીઅન્સ=Indo-Partians ના નામથી સંબોધવા માંડયું છે. આ ઉપરાંત એક બીજું નામ પણ હિંદી ઇતિહાસકારોની નજરે ચડયું છેઃ તે "પલ્લવાઝ" છે. પણ આ પ્રજા કયાંથી આવી તથા તેમનું આવાગમન શા કારણથી અને કયારે થયું, તેમાંનું કાંઇ જ જણાયું ન (૧)હોવાથી, આ શબ્દની પેઠે જ લખાતું અન્ય પ્રજાનું નામ જેને ઉપરમાં આપણે "પહ્લ્વાઝ" તરીકે ઓળખાવી છે તેની સાથે તેનો સંબંધ જોડી દીધો; અને તે બન્ને એક જ છે એમ ઠરાવી દીધું. મતલબ કે તેમના મત પ્રમાણે પલ્લવાઝ અને પહ્લ્વાઝ એક જ પ્રજાનાં બે નામ છે એમ ગણાવાયું. આ મુજબ કલ્પના કરવાનું એક કારણ આપણે ઉપર કહ્યું છે તે પણ છે; તેમ બીજું કારણ એ સંભવિત છે કે પરદેશી-પાશ્ચાત્ય ઇતિહાસવેત્તાઓને હિંદી ઉચ્ચારના મૂળ વિશે બહુ ઊંડાણમાં ઊતરવાનો અવકાશ ન હોવાથી, જેમ હિંદી ઉચ્ચારની સામ્યતા-વિશેષતઃ કે અલ્પાંશે પણ થતી જતી હોવાથી સેંડ્રેકોટસને ચંદ્રગુપ્ત લેખાવી દીધો છે તેમ આ કિસ્સામાં પણ કદાચ બનવા પામ્યું હોય; પણ જેમ આપણને સેંડ્રેકોટસની બાબતમાં હવે ખાત્રી થઈ ગઇ છે કે માત્ર ઉચ્ચારના સમઘોષને લીધે ઇતિહાસમાં અનેક ગુંચવાડા તથા ગેરસમજૂતિ થવાં પામ્યાં છે તેમ આ પ્રજાના નામને અંગે પણ શું શું બનવા પામ્યું છે તે આગળના પારિગ્રાફમાં જે વિચારો રજૂ કર્યા છે તે ઉપરથી જોઈ શકાશે.

અત્યાર સુધીના પ્રગટ થયેલ સર્વ ઐતિહાસિક ગ્રંથો વાંચવાથી એક જ ધ્વનિ નીકળે છે કે, જેમ યોન અને યવન પ્રજા જુદી જુદી હોવા છતાં તે બંને માટેના શબ્દો ભેદભાવ વિના એક બીજાના ઉલ્લેખ કરવામાં વપરાતા થઇ ગયા છે, તેમ આ પલ્લવાઝ અને પહ્લ્વાઝ શબ્દો પણ ભિન્ન નામદર્શક પ્રજાના હોવા છતાં એક જ પ્રજા તરીકેની ઓળખ માટે વાપરવામાં આવ્યા છે; અને તેમ થવાનાં મુખ્ય બે કારણો

**તેમનાં નામો**

**પલ્લવાઝ અને પહ્લ્વાઝ નો ભેદ**

(૧) જે. સ. ઈ. પૃ. ૧૪૨:—The origin of the Pallawas is even to-day considered a mystery. It is one of the many unsolved problems of Indian history. પલ્લવાઝની ઉત્પત્તિ આજે પણ એક મર્મ-કોયડા સમાન લેખાય છેઃ હિંદી ઇતિહાસમાં જે અનેક અણઉકેલ કોયડા પડયા છે તેમાંનો તે એક છે.

[મારું ટીપણઃ—આ ઉકેલ મેં પુસ્તક પહેલામાં તથા બીજામાં પુરાવા આપીને કરી બતાવ્યો છે, એટલે ઉમેદ ધરાવું છું કે, હવે પછી આ શબ્દો અસ્થાને થઈ પડશે.]

ઉપરના પારામાં જણાવી ગયા છીએ. તેમ વળી ત્રીજું સબળ કારણ એ પણ સમજાય છે કે, જે પરદેશી પ્રજાએ હિંદ ઉપર હુમલા કર્યા છે તેમની ઉત્પત્તિ, સમય તથા બીજી અનેક બાબતો વિશે, કેમ જાણે પોતાની પાસે બીજાં વિશેષ સાધન જ અસ્તિત્વ ધરાવતાં ન હોય તેમ, એકના લખાણના આધારે બીજાએ લખી કાઢવું તેવી ગતાનુગતિક પરંપરાએ જ કામ લેવાનું ધોરણ સઘળા ગ્રંથકારોએ ગ્રહણ કર્યું લાગે છે. એટલે એક વિદ્વાને એક અભિપ્રાય ઘડી કાઢ્યો તે પ્રમાણે સર્વેએ તેને માન્ય રાખ્યો એમ બન્યે ગયું છે. અશોક મહારાજાના શિલાલેખો સંબંધી પણ આમ જ બનેલું છે તે હવે આપણે જાણતા થયા છીએ; તેમજ અત્યારે આ ઊભી થયેલ પ્રસ્તુત બાબતમાંયે, સામાન્ય પણે બંધાયેલ અભિપ્રાયથી જુદા પડવાને આપણને કયા મુદ્દા પ્રાપ્ત થયા છે તે આપણે હવે જણાવીશું

ઉપર કહી ગયા છીએ કે, ઈરાનની ભાષાને પહેલવી કહેવાય છે, તેટલા માટે તે ભાષા બોલનારાને પહ્‌લ્વાઝ કહેવાય છે, તેમ પલ્લવાઝ નામની પ્રજાની સત્તા દક્ષિણ હિંદના મદ્રાસ ઇલાકામાં મુખ્યપણે હોવાનું ઇતિહાસમાં જણાવાયું છે. હવે જો પલ્લવાઝ અને પહ્‌લ્લવાઝ એક જ હોય તો, તે પ્રજાએ તેમના પોતાના મૂળવતન ઇરાનમાંથી નીકળીને દક્ષિણ હિંદમાં કયે રસ્તે અને કયા સમયે પ્રયાણ કર્યું તે આપણે શોધીએ અને તપાસીએ; તો તેમાંથી આ બાબત ઉપર કાંઇ પ્રકાશ પડે છે કે કેમ? તેમના આવાગમનના રસ્તા તો હિંદનો નકશો જોતાં બે હોવાનું કલ્પી શકાય છે. એક જમીન રસ્તો અને બીજો દરિયા રસ્તો. જમીન રસ્તેથી જો ઉતરે તો, અફગાનિસ્તાનમાં થઇને કાબુલ માર્ગે પંજાબમાં પહેલું ઉતરવું જોઇએ અને ત્યાંથી પછી ગમે તે દિશાએ, આખા હિંદભરમાં ફરી વળાય; પણ દરિયા રસ્તે ઉતરે તો ઇરાની અખાતદ્વારા સીધા જ, અથવા તો પ્રથમ બલુચિસ્તાનમાં આવી, પછી સિંધુ નદીના મુખ આગળનો ડેલ્ટા-દુઆબ વીંધીને અરબીસમુદ્ર મારફત-એમ બે રીતે હિંદના પશ્ચિમ કિનારે કે સૌરાષ્ટ્રના કોઇ બંદરે ઉતરવું જોઇએ; અને પછી જ હિંદના કોઇપણ ભાગમાં પ્રસરી શકાય. આ બેમાંથી કયે રસ્તે તે પ્રજાનું આગમન થયાનું ઇતિહાસમાં નોંધાયું છે તે તપાસીએ. પ્રથમ જમીન માર્ગની ગવેષણા કરીએ.

જ્યાંસુધી ઇતિહાસનું જ્ઞાન આપણે ધરાવીએ છીએ ત્યાં સુધી એટલું જ કહી શકાય તેમ છે કે, સૌથી પ્રથમમાં પ્રથમ ઈરાનની સત્તા જો હિંદ ઉપર સ્થપાઇ હોય તો તે સાઈરસ ધી ગ્રેઈટ તેમજ ડેરિયસના સમયમાં જ; પણ તે સમયે ઇરાની પ્રજા હિંદમાં આવીને વસવાટ કરી રહી નહોતી. માત્ર હિંદી પ્રજા સાથે તેમણે વ્યાપારી સંબંધ જ રાખ્યો હતો એટલે પહ્‌લ્વાઝ તે સમયે હિંદમાં ફરવા મંડી પડ્યા હોય તે પ્રશ્ન જ રહેતો નથી. તેમના પછી, જો કોઇ પરદેશી પ્રજા ચડી આવી હોય તો તે ગ્રીક બાદશાહ અલેકઝાંડર ધી ગ્રેઇટ જ કહી શકાય. અને તે બાદ અનેક આક્રમણો જુદી જુદી પ્રજા તરફથી ઉપરાંઉપરી થવાનાં ચાલુ રહ્યાં જ કર્યાં છે. વળી આ હુમલાઓની વખતે તે પરદેશી પ્રજાએ હિંદમાં વસવાટ પણ કર્યો હતો તેમ ધીમે ધીમે ફેલાઇ પણ ગયા હતા એમ જરૂર કહી શકાય. હવે આ પ્રજા ગ્રીક હો કે ગમે તે હો; પણ જમીન રસ્તે તેમનો હિંદમાં થયેલો પ્રવેશ વહેલામાં વહેલો ઇ. સ. પૂ. ૩૨૫ ની આસપાસનો નોંધી શકાશે. જ્યારે

દરિયા રસ્તે થયેલો પરદેશી પ્રજાનો ઉતાર હિંદના કિનારે હજુ સુધી જે નોંધાયો છે તે વહેલામાં વહેલો ઈ. સ. પૂ. ૬૦ ના સમયનો છે અને તે અવંતિપતિ રાજા ગર્દભીલની સામે યુદ્ધ કરવા માટે નિમંત્રાયલ શક પ્રજાનો પ્રસંગ જ છે: અને આ શક તે પહ્લ્વાઝ તો ન જ કહી શકાય; છતાં એક વખત દલીલની ખાતર માની લ્યો કે, શક પ્રજાની સાથે તે સમયે થોડાક ઇરાની–પહ્લ્વાઝ પણ આવ્યા હતા; તો પણ, ઉપર નોંધેલ બન્ને–ખુશ્કી અને તરી–રસ્તે તેમના ઉતારની હકીકતનો જો સમન્વય કરીશું તો પ્રથમમાં પ્રથમ પરદેશી પ્રજાનો ઉતાર ઇ. સ. પૂ. ૩૨૫ માં કે તે બાદ થયાનો જ લેખવો પડશે; તે પહેલાં તો નહીં જ. જ્યારે ઇતિહાસ તો આપણને એમ શીખવી રહ્યો છે કે, પલ્લવાઝ નામની પ્રજા તો હિંદમાં, ઠેઠ ચંદ્રગુપ્ત મૌર્ય અને અશોકવર્ધન સમયે પણ, રાજ્યના મોટા મોટા હોદ્દાઓ ધરાવતી થઇ ગઈ હતી; કેમકે સુદર્શન તળાવની પ્રશસ્તિમાં જણાવ્યું છે કે, તેને બંધાવનાર સુવિશાખ નામનો સૂબો[૨] પલ્લવ જાતિનો હતો. આ પુરાવો તો શિલાલેખનો છે. ઉપરાંત જો દંતકથાને આધારે જાણવું હોય તો ચક્રવર્તી ખારવેલની એક રાણી, કહે છે કે બલુચિસ્તાન કે ઇરાન અથવા તેની આસપાસના પ્રદેશના, કોઇ રાજકુટુંબની રાજકન્યા હતી. જો કે કાંઇ જણાયું તો નથી જ, છતાં ધારો કે તે રાજકુટુંબવાળા પલ્લવ જાતિના જ હતા. આ બે હકીકતમાંના ખારવેલનો સમય આપણે ઈ. સ. પૂ. ૪૨૫ નો ગણાવ્યો છે અને સુવિશાખ સૂબાનો સમય–અશોકના રાજ્યે હોય તો, એટલે કે ઇ. સ. પૂ. ૩૨૫ આશરે ગણી શકાય. હવે જ્યારે ઇ. સ. પૂ. ૪૨૫ અને ૩૨૫ માં તો તેઓની પ્રખ્યાતિ પણ થઇ ચૂકી છે ત્યારે તે પૂર્વે આવીને તેઓ વસ્યા હતા એમ ગણી શકાશે. એટલે આ બન્ને હકીકતના સમયનો એકત્ર રીતે વિચાર કરીએ તો તારતમ્ય એ કાઢી શકાશે, કે તેમાં દર્શાવેલા આ પલ્લવાઝ જે છે, તે ઇરાનમાંથી આવેલ પહ્લ્વાઝ કરતાં કોઇક જુદી જ જાતિના છે. તેમ જ તેમની હૈયાતિ તો હિંદમાં, કોઈપણ પરદેશી પ્રજા હુમલો કરીને આવી વસી હતી તે પહેલાંની જ હતી.

આ પ્રમાણે એક વાત જ્યારે સિદ્ધ થઈ કે પહ્લ્વાઝ અને પલ્લવાઝ બન્ને જુદી જ પ્રજા છે ત્યારે બીજા પ્રશ્નની વિચારણામાં ઉતરીએ; કે જો જુદી જ પ્રજા છે તો તેમનું મૂળ ક્યાં હોઇ શકે? અને તેમની ઉત્પત્તિ ક્યારે થઈ ગણાય? તે માટે સૌથી પ્રથમમાં પ્રથમ એ જાણવું રહે છે કે પલ્લવાઝ નામના શબ્દનો પ્રયોગ ઇતિહાસમાં ક્યાં ક્યાં કરવામાં આવ્યો છે. એક પ્રયોગમાં ઇતિહાસ એમ (ઉપર નિર્દિષ્ટ કરેલ સુદર્શન તળાવવાળી હકીકતમાં) જણાવે છે કે પલ્લવ જાતિના સરદારો ચંદ્રગુપ્ત અને અશોકના સમયે રાજસત્તા ધરાવતા હતા. એટલે એમ અનુમાન કરી લેવાય કે, તેમની ઉત્પત્તિ તે સમય પૂર્વે ઘણા વખતથી થઈ ગઇ હોવી જોઇએ; અથવા તો મોડામાં મોડો તેમનો ઉદ્ભવ ચંદ્રગુપ્તના સમયે પણ સંભવી શકે; જ્યારે તે શબ્દનો બીજો

(૨) કો. આં. રે. પ્રસ્તાવના પૃ. ૩૨ માં મિ. રેપ્સનની માન્યતા મુજબ આ સુવિશાખને રૂદ્રદામન ક્ષત્રપનો સૂબો ઠરાવાયો છે અને તેથી તેનો સમય ઈ. સ. ની બીજી સદીનો કહ્યો છે. પણ તેમાં સાફ લખ્યું છે કે, ચંદ્રગુપ્તના સમયે તેના સૂબાએ આ સરોવર પ્રથમ બંધાવ્યું હતું અને પછી અશોકના સમયે તેના સૂબા વિશાખે તે સમરાવ્યું હતું. છતાં આ સુદર્શન તળાવની પ્રશસ્તિના ઉકેલમાં અને અર્થ કરવામાં જે ગેરસમજુતિઓ થવા પામી છે તે સર્વ વૃત્તાંત સમજવા માટે જુઓ પુ. ૨, પૃ. ૩૬૩ થી ૩૯૭ ની હકીકત.

પ્રયોગ દક્ષિણ હિંદના પ્રદેશની તવારીખમાં કરવામાં આવ્યો છે. સ્ટડીઝ ઓફ જૈનીઝમ ઇનિ સાઉથ ઇન્ડીઆ નામે પુસ્તકના વિદ્વાન લેખકે પૃ. ૧૪૪ ઉપર જણાવ્યું છે કે–" Pallvas is one of the main branches of Tirayar caste & therefore styled as Pallava Tirayar & they were known to early Sangam literature by their group name Tirayar: but as their power and influence increased in the land, their branch name Pallava Tirayer assumed greater importance=પલ્લવાઝ તે તિરયર જાતિની એક મુખ્ય શાખા છે; તેથી તેમને પલ્લવ–તિરયરના નામે સંબોધાય છે; તેમ જ પ્રાચીન સંગમ સાહિત્યમાં તેના સમૂહવાચક નામ તિરયર નામે તેને ઓળખાવી છે. પણ તેમની શક્તિ અને સત્તા દેશમાં જેમ વધતાં ગયાં તેમ તે પલ્લવ–તિરયર નામની મહત્ત્વતા વધતી ચાલી." આ વાક્યથી એટલું તો કહી શકાય તેમ છે કે, સંગમયુગ[3]ના સમયે પલ્લવજાતિ વિદ્યમાન હતી જ; પણ પાછી મુશ્કેલી એ આવીને ઊભી રહે છે કે, આ સંગમયુગ ક્યારે પ્રવર્તતો હતો? જો આ યુગના સમયનો ફડચો નિર્ણયાત્મકરૂપે થઇ ગયો હોત તો આપણા પ્રશ્નનો ઊકેલ પણ બહુ જ અચ્છી રીતે થઇ જાત; પણ આ સંગમયુગના સમયનો નિર્ણય હજુ સુધી દક્ષિણના વિદ્વાનો કરી શક્યા હોય એમ જણાતું નથી. પરંતુ એમ ધારવામાં આવે છે કે, તે કાળ સમ્રાટ ચંદ્રગુપ્તના સમય-બાદ તુરતમાં જ નિષ્પન્ન થયો હોવો જોઇએ. ગમે તેમ હોય, પણ પલ્લવ જાતિનો ઉદય, ઇ. સ. પૂ. ની ચોથી સદીનો ઉદય થયો તે પૂર્વે, એટલે કમમાં કમ અને વહેલામાં વહેલો ત્રીજી સદીના અંત પહેલાં થયો હોય એમ કહેવું પડશે.

બીજા વિદ્વાનોનાં મત પણ આ વિષય પરત્વે આપણે તપાસવાં રહે છે. જો કે તેમાં તો ક્યાં ય પલ્લવ શબ્દ જ વપરાયો દેખાતો નથી, છતાં સંયોગાનુસાર એમાંથી એવો તો સ્પષ્ટ અવાજ નીકળતો જણાય છે કે, તે પલ્વાઝને ઉદ્દેશીને જ વપરાયો હશે. પ્રોફેસર એસ. કૃષ્ણસ્વામી આયંગર, જે ઇતિહાસના વિષયમાં મદ્રાસ યુનીવરસીટીમાં એક સત્તા સમાન પુરુષ તરીકે ગણાય છે, તેમણે દક્ષિણ હિંદમાં મૌર્યન પ્રજાએ જે ફત્તેહો મેળવી હતી તેનું વર્ણન લખતાં પોતાનો નિર્ણય આ પ્રમાણે જાહેર[4] કર્યો છે. (a) that the Mauryans carried their invasions to the south of India (b) that they were in hostile occupation of forts in the northern borders of the Tamil land (c) and that the Aryans were beaten back when the central Mauryan power became feeble and their dislodgements from

(૩) અહીં દ્રાવિડ સાહિત્યની વાત ચાલે છે. તેમાં પ્રાચીન સમયે ત્રણ યુગ થયાનું તેઓ માને છે. તે ત્રણમાંના એક યુગનું નામ સંગમયુગ કહેવાય છે.

આપણામાં યુગ એટલે સામાન્ય અર્થ 'જમાનો' થાય છે તેમ દ્રાવિડ સાહિત્યમાં પણ તેવો અર્થ કરાય છે. મતલબ કે, જ્યારે સાહિત્ય એકદમ પ્રકાશમાં આવ્યું હોય, કે તે તરફ પ્રજાનું લક્ષ બહુ જ આકર્ષાયું હોય કે પ્રજાની સંસ્કૃતિમાં અણધાર્યો સુધારો થવા પામ્યો હોય જેથી તે પલટો તુરતજ નજરે ચડી જાય તેવો નીવડ્યો હોય, ત્યારે આવા સમયને યુગ તરીકે ઓળખાવી શકાય છે.

(૪) સ્ટડીઝ ઇન જૈનીઝમ ઇન સાઉથ ઈન્ડીયા પૃ. ૧૨૯ ઉપર આ શબ્દો લખાયા છે. જો કે મૂળે તે આખો વિષય બીગીનીંગ્ઝ ઓફ સાઉથ ઈન્ડીયન હીસ્ટરી નામના પુસ્તકમાં ચર્ચાયો છે અને તેમાંથી તેમણે આ નિર્ણય લીધો જણાય છે.

the south must be referred to a period which included that of Mamulanar and others of the third Tamil Acadamy of Madura=કે (૧) મૌર્ય પ્રજા પોતાના હુમલાઓ દક્ષિણ હિંદ સુધી લઇ ગઈ હતી (૨) તામિલ પ્રદેશની ઉત્તર સીમાએ આવેલ દુશ્મનોના દુર્ગો તેમણે (મૌર્ય પ્રજાએ) જીતી લઇ તેમાં વસવા માંડયું હતું (૩) અને તેમણે આર્યોને મારી હઠાવ્યા હતા; પણ જ્યારે મૌર્યની સત્તા નબળી પડી ત્યારે દક્ષિણમાંથી તેમને ઉઠાંગીરી કરવી પડી હતી. આ ઉઠાવગીરીનો સમય મદુરાની ત્રીજી તામિલ વિદ્વદ્ પરિષદવાળા મામુલનાર તથા અન્ય વિદ્વાનો જે સમયે થઇ ગયા તેની અંદાજેનો કહી શકાશે." કહેવાની મતલબ એ છે કે, દ્રાવિડ દેશના મૂળ વતની એવી આર્યન પ્રજાને મૌર્ય પ્રજાએ લડાઇમાં જીતી કરીને મારી હઠાવી હતી; તથા તેમના કિલ્લાઓ સર કર્યા હતા પણ કાળે કરીને આ મૌર્યન પ્રજાની સત્તા જ્યારે નબળી પડી ત્યારે તેમણે જીતેલા કિલ્લાઓ પાછા ખાલી કરવા પડ્યા હતા. આ ખાલી કરી દેવાના સમયે જ-અથવા તેની લગભગના સમયે-મદુરાની જે, ત્રીજી વિદ્વદ્સભા[૫] કહેવાય છે અને જેમાં મામુલનાર વિગેરે અનેક પંડિતો થઇ ગયાનું મનાય છે તે સભા થઇ હતી એમ કહેવાય છે: આ કથનમાંથી ગમે તે અર્થ કાઢો પણ વિદ્વાન્ લેખક પ્રોફેસર સાહેબના કહેવામાંથી આપણે તો અહીં એટલું જ તાત્પર્ય જાણવાનું રહે છે કે, દક્ષિણ હિંદમાં પ્રખ્યાત થયેલ મામુલનાર પંડિતની અગાઉ કેટલાય કાળે મૌર્યન પ્રજા ત્યાં ઉતરી આવી હતી અને વસી રહી હતી. વળી આ ગ્રંથકારે[૬] આગળ જતાં એક બીજા વિદ્વાન્ લેખકના કથનનો ઉતારો ટાંકયો છે. તે પ્રસંગ દક્ષિણમાં આવીને મૌર્યન પ્રજાએ ત્યાં વસી રહેલી મોહુર પ્રજાના કિલ્લાઓ જીતી લીધા તેને અંગેનો છે.[૭] તેમના શબ્દો આ પ્રમાણે છે-" Another author Parankorranar also attestst he coming in of Maurya to the distant country of S. India; so also does Attiraiyanar=દક્ષિણ હિંદના દૂરના પ્રદેશ સુધી મૌર્ય પ્રજા પહોંચી ગઈ હતી, એમ બીજા ગ્રંથકાર પારનકોરાનાર પણ સાક્ષી આપે છે: તેવી જ રીતે આતિરાઈયનાર[૮] પણ વદે છે" આ પ્રમાણે વિદ્વાનોના ઉતારા ટાંકીને મદ્રાસ

(૫) આપણે ઉપરમાં ત્રણ યુગમાંના એકને સંગમ-યુગ તરીકે તામિલ સાહિત્યમાં જેમ ઓળખવાનું કહી ગયા છીએ તેમ આ વિદ્વદ્સભાને પણ તેઓ યુગ તરીકે જ લેખે છે; અને તેથી જ આ સભાને તેમણે 'ત્રીજી' એમ આંકસંખ્યા જોડી દેખાય છે. જો આ અનુમાન સાચું હોય તો, સંગમયુગને પ્રથમના બે યુગમાંનો એક કહી શકાય; અને તેથી તેનો સમય આ ત્રીજા યુગ કરતા, એટલે કે, મામુલનાર પંડિત કરતાં પણ અગાઉનો જ ગણવો પડશે.

(૬) જુઓ. જૈ. સ. ઇ. પૃ. ૧૨૮.

(૭) જુઓ જૈ. સ. ઇ. પૃ. ૧૨૫=Mohoor whose territory was attacked by the Mauryans in the course of their south-ward March=મોહુર પ્રજા તે છે કે જેમના મુલક ઉપર, પોતાની દક્ષિણ તરફની કુચમાં મૌર્ય પ્રજાએ હુમલાઓ કર્યા હતા: મતલબ કે, મોહુર નામની પ્રજા દક્ષિણમાં વસતી હતી અને મૌર્ય પ્રજાએ જ્યારે એકદમ દક્ષિણમાં ધસારો કર્યો હતો ત્યારે વચ્ચે આવતા આ મોહુર પ્રજાના સંસ્થાનો તેમણે કબજે કરી લીધાં હતાં: આ ઉપરથી એમ સાર નીકળ્યો કે (૧) મૌર્ય પ્રજાએ ઠેઠ દક્ષિણ હિંદ સુધી ચડાઈઓ કરી હતી (૨) અને મોહુર પ્રજાનાં સંસ્થાનો વચ્ચમાં-એટલે કે ઠેઠ દક્ષિણ હિંદમાં તો નહીં જ-આવ્યાં હતાં.

(૮) મામુલનાર, પારનકોનાર અને આતિરાઈનાર= આ બધા તામિલ ભાષાના પંડિતો ગણાતા લાગે છે.

યુનીવરસીટીવાળા ઉપર જણાવેલા વિદ્વાન પ્રો. આયંગરના મતનું જૈ. સં. ઇ. ના કર્તા મહાશય એમ પાછું નિરૂપણ કરે છે કે[૯] Pro. Ayyangar thinks that this conquest of the Mauryas in the South, took place during the reign of Bindusar= પ્રો. આયંગરનો એમ મત પડે છે કે, દક્ષિણ હિંદમાં મૌર્ય પ્રજાએ જે જીત મેળવી છે તે બિંદુસારના રાજ્ય અમલે થઈ હતી. એટલે કે ઊપર પ્રમાણે મૌર્ય પ્રજાની સર્વે જીતોનો સમય, સમ્રાટ બિંદુસારનો તેમણે ઠરાવ્યો છે. [ આપણે અહીં તે મત ઉપર નોંધ કરવી પડશેઃ તેમણે બિંદુસારનું નામ જે આપ્યું છે તે સેંડ્રેકોટસની પાછળ ગાદીએ આવનાર તરીકે જ; અને સેંડ્રેકોટસ એટલે ચંદ્રગુપ્ત એમ અત્યાર સુધીની માન્યતા હતી તે ગણત્રીએ બિંદુસારનો રાજ્યકાળ કહેવાય; પણ હવે તો આપણે સેંડ્રેકોટસ એટલે અશોક ગણવાનો છે; જેથી તેની પાછળ આવનાર સમ્રાટ પ્રિયદર્શિનના રાજ્યે, ઉપર વર્ણવેલા ઠેઠ દક્ષિણ હિંદ સુધીના હુમલા થયા હતા એમ ગણવું રહે છે; અને તેનું જ તેમણે વર્ણન કર્યું છે[૧૦]] વળી લડાઇની જીત વખતે જે મૌર્યન પ્રજા ત્યાં આવી હતી તેમને તામિલ ભાષાના ગ્રંથકારોએ Vamba Moriar= New Mauryas; વમ્બા મોરીઆર=નવીન મૌર્યો કહીને સંબોધી છે. તથા આગળ વર્ણન કરતાં આ વમ્બા મોરીઆર વિષે જણાવ્યું છે કે–They were an imperial race, who undertook a great south Indian invasion=તેઓ બાદશાહી કુટુંબના હતા. જેમણે દક્ષિણ હિંદ ઉપર હુમલાઓ કર્યા હતા; એટલે તેમના કહેવાનો આશય એ છે કે, જે મૌર્ય પ્રજાએ દક્ષિણ હિંદ સુધીનો મુલક જીતી લીધો હતો અને જે પ્રજા બાદશાહી કુટુંબની–એટલે કે મગધપતિ મૌર્ય સમ્રાટના કુટુંબની–લેખાય છે તેમની પેઠે અહીં આવેલા નવા મૌર્યો પણ, તે બાદશાહી કુટુંબની જ પ્રજા હતી. મતલબ કે, દક્ષિણ હિંદ ઉપર મૌર્યપ્રજાએ બે વખત હુમલા કર્યા છે.[૧૧] અને બંને વખતે થોડી થોડી મૌર્ય પ્રજાએ, અહીં દક્ષિણમાં વસવાટ કર્યો હતો. તે મૌર્ય પ્રજામાંનો જે થોડો ભાગ પ્રથમ વખતે આવીને વસી રહ્યો હતો તેમને તેઓ "જૂના મૌર્યો" તરીકે ઓળખાવે છે અને બીજી વખતના હુમલા બાદ આવીને વસ્યા તેમને નવા મૌર્યો[૧૨] તરીકે ઓળખાવે છે. આટલા વિવેચન પછી ઉપરના

(૯) જુઓ જૈ. સ. ઇ. પૃ. ૧૨૯.

(૧૦) આપણે પુ. ૨ માં પણ એ જ આશયનું જણાવ્યું છે ( જુઓ ચંદ્રગુપ્તનું અને સમ્રાટ પ્રિયદર્શિનનું વૃત્તાંત ) કે ચંદ્રગુપ્તે મૈસુર રાજ્યના શ્રવણ બેલગોલ સુધીનો મુલક જીતી લીધો હતો; જ્યારે પ્રિયદર્શિને તેથી પણ આગળ વધીને ઠેઠ દક્ષિણ હિંદ સુધીનો પ્રદેશ જીતી લીધો હતો. વળી નીચેની ટીકા નં. ૧૧ જે લખાણ ઉપર કરવી પડી છે તે સાથે સરખાવો

(૧૧) સરખાવો ઉપરની ટીકા નં. ૧૦ નું લખાણ.

(૧૨) કેટલાકો આ નવા મૌર્યોને સમુદ્રગુપ્ત રાજાના સમયના માનવા દોરાઇ ગયા છે. તેમનું માનવું એમ થયું છે કે, મૌર્ય ચંદ્રગુપ્તે કોઈ દિવસ દક્ષિણ હિંદમાં ચડાઈ કરી જ નથી ( તો મૈસુર રાજ્યે શ્રવણ બેલગોલ તીર્થે, ચંદ્રગિરિ પર્વતે ચંદ્રગુપ્ત મૌર્યનું સ્વર્ગ શી રીતે થયું માનશે? તથા પ્રિયદર્શિને ઉભા કરાવેલ શિલાલેખોનું શું? તે તેઓ સમજાવશે કે?) જ્યારે ગુપ્તવંશી ચંદ્રગુપ્તના પૌત્ર સમુદ્રગુપ્તે તો દક્ષિણ દેશ સુધી જીત મેળવી હતી તે પુરવાર થયેલી બીના છે. એટલે આ કારણથી નવા મૌર્ય તે ગુપ્તવંશી સમુદ્રગુપ્તના સમયના અને જૂના મૌર્ય તે તેના જ દાદા ચંદ્રગુપ્તના સમયના ગણાય એમ તેમની ધારણા છે. આ પ્રમાણે સંતોષ માની પોતાના આધારમાં ઓબે ગેઝેટીઅર પુ. ૧. ભાગ. ૨. પૃ. ૫૭૯ માં ડોકટર ફ્લીટે જે શબ્દો

પાંચે અવતરણોનું એકીકરણ કરીશું તો સ્વીકારવું રહે છે કે, તામિલ ગ્રંથોના મત પ્રમાણે મામુલનાર વિગેરે વિદ્વાનો થયા ત્યારે મૌર્યપ્રજાના હુમલાઓ થઈ ચૂકયા હતા અને આ વિદ્વાનોને પણ પલ્લવ નામ જાણીતું થઈ ગયું હતું; તેનો અર્થ એ થયો કે પલ્લવ પ્રજાનો સમય તો મામુલનારના સમય પહેલાંનો એટલે કે મૌર્યપ્રજાના પહેલાનો છે. કેટલો[૧૩] પહેલો હતો તે સાબિત કરવાની માથાકૂટમાં આપણે પડવા જરૂર નથી–પણ મૌર્યપ્રજાની પહેલાંનો છે અને તે બધા રાજશાહી કુટુંબના છે એટલું તો ચોક્કસ થયું જ. વળી આપણે પુ. ૧ માં સમ્રાટ ઉદયન વિગેરેના વર્ણનમાં એમ જ જણાવ્યું છે કે, શિશુનાગવંશી તથા મૌર્યવંશી રાજાઓ સઘળા લિચ્છવી જાતિના ક્ષત્રિયો હતા; અને તે સર્વ ક્ષત્રિયનું એકંદર સમૂહવાચક નામ સંત્રિજી હતું: જેમાં પલ્લવ, કદંબ, પાંડ્યા, ચોલા, મલ્લ, મૌર્ય વિગેરે ઉપવિભાગો હતા. આ પ્રમાણે આ લેખકો જો આપણી માન્યતાનો સ્વીકાર કરીને પછી ઉપરના અવતરણોમાંહેની હકીકતને ઘટાવશે તો તેમની મુશ્કેલીઓ બધી દૂર થઇ જશે.

ઉપરના પાંચમાંથી છેલ્લાં ચાર અવતરણોમાંના એકકેમાં સીધી રીતે પલ્લવ શબ્દ લખાયો નથી જ; માત્ર પહેલામાં જ સ્પષ્ટપણે તેનો ઉલ્લેખ થયેલ છે. એટલે એકબીજાનું અનુસંધાન જોડવાને કદાચ આંચકો ખાવો પડે; છતાં એક બીજી ઐતિહાસિક સ્થિતિ ઉપર પણ ધ્યાન ખેંચવું અત્ર અયુક્ત નહીં લેખાય. પુ. ૨. પૃ. ૧૧૮ સિક્કા નં ૮૧ નું વર્ણન કરતાં આપણે કહી ગયા છીએ કે મિ. ઇલીયટના ધારવા પ્રમાણે તે સિક્કો પલ્લવ રાજાનો છે જ્યારે મારૂં અનુમાન તે સિક્કો અંધ્રપતિનો કે પ્રિયદર્શિનનો હોવા તરફ ઢળ્યું છે. આ બેમાંથી ગમે તે અનુમાન સાચું હોય પણ તે સિક્કામાં અવંતિનું ચિહ્ન જે ક્રોસ અને બૉલ (એટલે વેધશાળા જુઓ. પુ. ૨, પૃ. ૬૧) કહેવાય છે તે તો છે જ, તેમ સિક્કો પણ જૂના સમયનો છે; એટલે પછી પ્રિયદર્શિનનું ચિહ્ન જે હાથી ગણાયું છે તે હોય વા ન હોય, તો પણ તે સિક્કો અવંતિપતિનો છે જ. વળી કોઇ અંધ્રપતિ એવો થયો નથી કે જેના કબજે અવંતિ પણ હોય તેમ

---

લખ્યા છે તે ટાંકી બતાવે છે. They evidently identified the early Guptas-king Chandragupta or his grand son of the same name-with the far wellknown Mauryan Emperor King Chandragupta=તેમણે દેખીતી રીતે જ, ગુપ્તવંશી પ્રથમના રાજા ચંદ્રગુપ્ત પહેલાને, અથવા તે જ નામવાળા તેના પૌત્ર ચંદ્રગુપ્ત બીજાને એકદમ પૂર્વે થયેલા મૌર્યસમ્રાટ રાજા ચંદ્રગુપ્ત તરીકે માની લીધેલ દેખાય છેઃ

[ મારૂં ટીપણઃ—પ્રશ્ન એ ઉઠે છે કે આ ગુપ્તવંશી રાજાઓ પોતે ગુપ્ત હોવા છતાં, પોતાને મૌર્ય તરીકે ઓળખાવ્યે જાય તેવા શું મૂર્ખા હતા ? આ મુદ્દો કેમ આ વિદ્વાનો વિચારતા નહીં હોય ?

(૧૩) પુ. ૧ માં શિશુનાગવંશી સમ્રાટ ઉદયનના વૃત્તાંતે આપણે જણાવ્યું છે કે, તેના પુત્ર–યુવરાજ અનુરૂધ્ધે હિંદની દક્ષિણે આવેલા સિંહલદ્વીપ ઉપર ચડાઇ કરી હતી અને ત્યાં જીત મેળવી પોતાના નામ ઉપરથી અનુરૂદ્ધપુર નામે શહેર વસાવ્યું હતું. પછી સ્વદેશે પાછા વળતાં, જીતેલા મુલક ઉપર બંદોબસ્ત જાળવવા પોતાના જ્ઞાતિજનોને નીમ્યા હતા. આ જ્ઞાતિજનોનાં નામો જણાવતાં પલ્લવાઝ, કદમ્બાઝ, પંડયાઝ, ચોલાઝ વિગેરે નામો જણાવ્યાં છે. તે સર્વ હકીકતને તામિલ ગ્રંથોના કથનથી ટેકો મળે છે એમ હવે સાબિત થયું.

મતલબ કે, આપણે ઇતિહાસનું જે વર્ણન કરી ગયા છીએ તે બધું સત્ય જ છે એમ આ ઉપરથી જાણી લેવું.

કોરોમાંડલ કિનારાવાળો પ્રદેશ પણ હોય. એટલે કે ગમે તે દલીલો લેવાથી પણ અંતમાં તે સિક્કો પ્રિયદર્શિનના સમયનો તેમજ કોરોમાંડલ કિનારે પલ્લવ રાજાનો અમલ હતો ( મિ. ઇલીયટના ધારવા પ્રમાણેનો-એક સ્વતંત્ર રાજવી તરીકે નહીં, પણ અવંતિપતિની આણમાંનો-એટલા સુધારા સહિત તેમનો મત માન્ય રહે છે. ) ત્યારનો છે એમ થયું. જ્યારે એક ગ્રંથકાર તો સાફ સાફ જણાવે છે કે,-The Pallava kings of Kanchi had an emblem on their coins, a ship with two masts. This explains their connection with sea. They were also connected with Naga princes=કાંચી ( કાંજીવરમના ) પલ્લવ રાજાઓના સિક્કા ઉપર, તેમનાં રાજચિહ્ન તરીકે બે સઢનું વહાણ રાખતા. આ ઉપરથી દરિયા કિનારા સાથેનો તેમનો સંબંધ હોવાનો ખુલાસો મળી રહે છે. તેઓનો સંબંધ વળી નાગવંશી રાજાઓ ( શિશુનાગવંશી અને નંદવંશી મગધપતિઓ કહેવાનો હેતુ લાગે છે ) સાથે પણ હતો. આ ઉપરથી જણાશે કે પલ્લવ રાજાઓ શિશુનાગવંશી રાજાઓના કુટુંબના છે. અને મારી માન્યતા પણ તેઓ શિશુનાગવંશી રાજા ઉદયનની જ પલ્લવજાતિના-લિચ્છવી જાતિના ઉપવિભાગમાંના હોવાનું થયું છે ( જુઓ ઉપરની ટી. નં. ૧૩ )

એક બીજી હકીકત-કદાચ આ પલ્લવાઝનો સંબંધ નાગવંશી ક્ષત્રિય સાથે જોડાતો ન માનવો હોય તો પછી પ્રિયદર્શિન સાથે જોડવો રહે છે; અને તેમ ગણવાથી પૃ. ૨૮૯ ના અંતમાં કહ્યા પ્રમાણે જૂના મૌર્યો તે ચંદ્રગુપ્તના સમયના અને નવા મૌર્યો તે પ્રિયદર્શિનના સમયના ગણવા રહેશે. જેથી આ નવીન મૌર્યોએ, પોતે અસલની મૌર્ય પ્રજાની જ શાખા અથવા ફણગા ( સંસ્કૃત નામ પલ્લવ=અંકુર, કુંપળું, ફણગો, શાખા ) રૂપ છે એમ ઓળખાવવાને પોતા માટે પલ્લવ=Pallava શબ્દ લગાડવા માંડ્યો હોય એમ અનુમાન કરવું પડશે.

આ પ્રમાણે પલ્લવરાજાના ઇતિહાસની ઉત્પત્તિ કહી શકાશે. તેમણે ધીમે ધીમે દક્ષિણ દેશમાં પોતાની સત્તા જમાવવા માંડી હતી. ચડતી પડતીના અનેક પ્રસંગો તેમણે જોયા છે. હાલના પુદુકોટાના રાજા પણ ક્ષત્રિય પલ્લવાઝ ગણાય છે. આ ઉપરથી તેમને પણ મૌર્ય જાતિમાંથી ઉતરી આવેલા ક્ષત્રિય ગણવા રહે છે. તેવી જ રીતે ચૌલા રાજપતિઓ-કાંજી વરમના રાજાઓ[૧૪]-પણ આ પલ્લવાઝ ક્ષત્રિયોજ હતા અને તે પ્રમાણેજ ગણવા જોઇએ; તેટલા માટે મિ. વિન્સેંટ સ્મિથને પણ લખવું પડ્યું છે કે-[૧૫] Petty Maurya dynasties apparently connected in some unknown way with the Imperial line, ruled in Konkan, between the Western Ghats and the sea, and some other parts of Western India during the 6th, 7th, & 8th centuries and are frequently mentioned in inscriptions=તે શાહી કુટુંબની ( મગધપતિ મૌર્યની ) સાથે કોઇ અગમ્ય રીતે સંયુક્ત થયેલી એવી મૌર્યપ્રજાની નાની નાની શાખાઓ, પશ્ચિમ ઘાટ અને સમુદ્ર વચ્ચે આવેલા -

( ૧૪ ) હિં. હિ. પૃ. ૬૪૧:—Conjeevaram, the capital of the Pallavas=પલ્લવ રાજાઓની રાજધાની કાંજીવરમ.

( ૧૫ ) અ. હિ. ઇ. ત્રીજી આવૃત્તિ. પૃ. ૧૯૫.

કોંકણ ઉપર ૧૬ તેમજ ઇ. સ. ની છઠ્ઠી, સાતમી અને આઠમી સદીના અરસામાં પશ્ચિમ હિંદુસ્તાનમાં રાજ્ય કરતી હતી. આ પ્રકારનો ઉલ્લેખ વારંવાર શિલાલેખમાં વાંચવામાં આવે છે. આ પ્રમાણે આ પલ્લવ પ્રજા નાનાંમોટાં રાજ્યમાં સ્વામિત્વ ભોગવતી ભોગવતી મિ. સ્મિથના કહેવા પ્રમાણે ઠેઠ ઇ. સ. ની આઠમી સદી સુધી તો ચાલી આવી છે જ. અને ત્યાંસુધી તેમની મૂળ જાતિ-લિચ્છવી અને મૌર્ય પ્રજા-નો ધર્મ જે જૈન હતો તે પાળ્યે જતી હતી. રાજા પોતે ગાદીપતિ હોવાથી રાજધર્મ તરીકે જૈન ધર્મ જ મનાયે જતો હતો, પણ તે આખા પ્રદેશ ઉપર શારદા મઠાધીશ્વર શ્રીમત્ શંકરાચાર્યજીના અનુયાયી શૈવમાર્ગીઓનું જોર વધતું જતાં, તે સંપ્રદાયના પ્રધાનોના હાથમાં રાજની લગામ અવારનવાર આવી પડતી હતી. તેવો એક પ્રસંગ એક સમયે જૈનધર્મી ચોલા રાજાના અમલમાં ઉપસ્થિત થયો હતો. રાજા જૈનધર્મી હતો તથા તેની રાણી પણ જૈનધર્મી હતી. તે રાણીનું મરણ થતાં પ્રધાનના ઉપદેશથી પાસેના શૈવમાર્ગી રાજાની કુંવરી વેરે તેનો બીજી વારનો લગ્નસંબંધ જોડાયો. લગ્ન પછી થોડાક સમયે રાણીના સહવાસથી તેમજ પ્રધાનની ચડાવણીથી રાજાના વિચાર બદલાયા. તેણે ધર્મપરિવર્તન કર્યું-પોતે શૈવમાર્ગી બન્યો. તે સમયના તે ધર્મના અપ્પાર નામના એક આચાર્યના ઉપદેશથી તેણે જૈન ધર્મીઓનો કાંટો કાઢી નાંખ્યો. તે ઉપરથી દક્ષિણના ઇતિહાસના લેખકો લખી રહ્યા છે કે૧૭-Jains were driven out of the Pallava country by Appar (Saiva Saint) in or about A. D. 750, though they were not rooted out of the Chola country=ઇ. સ. ૭૫૦ માં અથવા તે અરસામાં અપ્પાર નામના શૈવાચાર્યે પલ્લવ દેશમાંથી જૈનોને હાંકી કાઢ્યા હતા. જો કે ચોલા રાજ્યમાંથી તેમનો વિનાશ તો થયો જ નહોતો. અહીં તો માત્ર હાંકી કાઢવા જેટલી જ સ્થિતિ વર્ણવાઇ છે. પણ આરકાટ શહેરના પ્રખ્યાત થયેલ કિલ્લાઓમાં તો તેમની કતલ કરાયાનાં દૃશ્યો ચિતરેલાં માલૂમ પડી રહ્યાં છે. ગમે તે હોય: આપણે તે વાતની સાથે અત્યારે સંબંધ નથી, તેથી તે ઉપર વિવેચન કરવાની જરૂર નથી. અત્રે તો એટલું જ જાણવાનું છે કે, પલ્લવાઝ તે હિંદમાંની જ અસલથી વસી રહેલી પ્રજા છે. વળી તે લિચ્છવી-સંબિજીમાંથી ઉત્પન્ન થયેલી છે. તેમ તેને ઇરાનમાંથી ઉતરી આવેલી અને પરદેશી તરીકે ગણાઇ રહેલી પહ્લ્વાઝ નામની પ્રજા સાથે કોઇ જાતનો, નથી લોહી સંબંધ કે નથી

(૧૬) કદંબ નામના ક્ષત્રિયોને પણ આપણે તો લિચ્છવી ક્ષત્રિયની જ શાખા કહી છે (જુઓ ઉપરની ટી. નં. ૧૩) અને આ કદંબવંશી રાજાનો અમલ પ્રદેશ કોંકણવાળો ભાગ-જેને પ્રાચીન સમયે અપરાંત કહેતા હતા-તે ઉપર હતો. અહીં મિ. વિન્સેંટ સ્મિથનું કથન પણ આપણા કથનને મળતું આવે છે. વળી ઇ. સ. ની બારમી સદીમાં થએલ ગૂર્જરપતિ સોલંકી કુળભૂષણ રાજા કર્ણદેવનો લગ્નસંબંધ જે રાણી મીનલદેવી સાથે સંધાયો હતો અને જેની કુક્ષીએ ઇતિહાસપ્રસિદ્ધ રાજા સિદ્ધરાજ જયસિંહનો જન્મ થયો હતો, તે રાણી મીનલદેવી પણ આ કદંબવંશી ભૂપતિની જ રાજકન્યા હતી. તેમજ કદંબવંશી રાજાઓ જૈન ધર્માનુયાયી હતા એમ પણ જણાયું છે. આ સર્વ હકીકત આપણે વર્ણવેલી ઐતિહાસિક બીનાને સત્ય ઠરાવે જ છે.

પ્રિયદર્શિનના શિલાલેખમાં તેથી કરીને જ આ સર્વ પ્રજાને ખંડિયા રાજા તરીકે ન લેખતાં, પોતાના કૌટુંબિક જાતિના ગણીને Bordering lands=સીમા પ્રાંતો તરીકે ઓળખાવ્યા છે. (જુઓ તેમનું જીવન વૃત્તાંત.)

(૧૭) જુઓ જૈ. સ. ઇ. પૃ. ૬૬.

કોઇ જાતનો ઐતિહાસિક સંબંધ; વળી તેમનો મુખ્ય વસવાટ કૃષ્ણા નદીની દક્ષિણે જ રહ્યો છે. તેઓ મૂળે જૈનધર્મી હતા. પણ પાછળથી ઇ. સ. ની આઠમી સદીથી તે પ્રજા શૈવધર્મી થઇ ગઇ હતી.

આટલું વિવેચન પલ્લવાઝ સંબંધી કર્યા બાદ હવે પાછા પહ્લવાઝના ઇતિહાસ ઉપર આપણે આવીએ. તેમ કરવા પૂર્વે કેટલીક અન્ય હકીકતથી વાકેફ કરવા જરૂર દેખાય છે.

**પહ્લવાઝ આર્ય કે અનાર્ય**

થોડાં વર્ષ અગાઉ સમય એવો હતો કે, સારી સંસ્કૃતિવાલા અને વિદ્યાપીઠોની મોટી મોટી ઉપાધી મેળવી હોય તેવા પદવીધરો પણ, જ્યારે તેમના કાને પ્રાચીન પુસ્તકોમાંની કે પુરાણોની કોઇ વાત અથવા હકીકત એવી આવી પડતી કે જે બુદ્ધિમાં તાત્કાલિક ઉતરે તેવી ન હોય—એટલે કે પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થાય તેવી નહોય—ત્યારે તુરતજ તેને ઠંડા પહોરના ગપાટા તરીકે ગણીને હસી કાઢતા હતા; પણ હવે જ્યારથી આધુનિક વિજ્ઞાનશાસ્ત્રે, કલ્પનામાં પણ કોઇ દિવસ આવ્યાં ન હોય તેવાં અનેક રહસ્યપૂર્ણ દૃષ્ટાંતો સત્ય તરીકે પુરવાર કરી બતાવ્યાં છે ત્યારથી હવે તેઓ પણ ઉતાવળ ન કરતાં સ્થિર ચિત્તે વસ્તુસ્થિતિ વિચારતા થયા છે. એટલે આપણે આ પારિગ્રાફમાં જે કહેવા માંગીએ છીએ તેની સમજૂતિ બરાબર હૃદયમાં ઉતરી શકે તે માટે ઉપર જણાવેલાં વૈજ્ઞાનિક દૃષ્ટાંતોનો ટૂંકમાં નિર્દેશ કરવો રહેશે; જેમકે (૧) વીજળિક પ્રવાહની ગતિ એક મિનિટમાં લાખો માઇલની હવે જણાઇ છે; તો પછી હિંદી ગ્રંથોમાંનું જે કથન છે કે એક દેવ આંખના પલકારામાત્રમાં—અતિ સૂક્ષ્મ સમયમાં—આખા જંબૂદ્વીપને[૧૮] ફરતો આંટા મારી શકતો હતો તે કેમ ખોટું પાડી શકાય ? (૨) મિસર દેશમાંની અમુક વસ્તુઓ જે ભૂગર્ભમાંથી મળી આવી છે તેનું અસ્તિત્વ જ્યારે પાંચ—સાત લાખ વર્ષ પૂર્વેનું મનાયું છે, ત્યારે કેમ નાકબૂલ કરી શકાય કે પૃથ્વી તો અનંત કાળથી વસાયલી છે અને તે વખતે પણ મનુષ્યો[૧૯] હતાં જ (૩) ઈંગ્લાંડમાં બેઠા બેઠા જ્યારે એક કળ અથવા ચાંપ દાબવાથી ત્રણ કે ચાર હજાર દૂર પડેલ અમેરિકામાં અમુક કાર્ય કરી શકાય છે. દિવાસળી પ્રગટાવ્યા વિના દીવા કરી શકાય છે. તેમ મનુષ્યના પ્રયત્ન વિના એકી સાથે લાખો દીવા એક સેકન્ડનો સમય ગુમાવ્યા વિના પણ થઇ શકે છે. પૃથ્વી ઉપર બેઠા બેઠા લાખો—કરોડો માઇલ દૂર આવેલ મંગળ નામના ગ્રહમાં રહેલ માણસોથી થતી ક્રિયા જોઇ શકાય છે. સિનેમાના સ્ટેજ ઉપરના ચિત્રમાં રહેલ માણસો જીવતાંજાગતાં મનુષ્યની માફક બોલીચાલી તથા નાચી—કુદી શકે છે. મનુષ્યો વિમાનમાં બેસીને સ્થળમાર્ગ કે જળમાર્ગ કરતાં પણ વધારે ત્વરાથી અને વિના અડચણે ઇચ્છિત સ્થાને પહોંચી શકે છે. ત્યારે શું હવે એમ માનવાને ના પાડી શકાય કે, (૪) મનુષ્યના શરીરમાં રહેલી શક્તિ કરતાં પણ કાંઇક ઓર, અનેરી અને પ્રચંડ તાકાત ધરાવનારી એવી તો અનેક શક્તિઓ કુદરતમાં પડી રહી છે કે જેનો ઉપયોગ તે શક્તિઓના ખુદના કરતાં અનેકગુણો શક્તિહીન મનુષ્ય, પોતાની ઇચ્છા પ્રમાણે કરી શકે છે; તેમજ કરતો હતો

(૧૮) જંબૂદ્વીપના ક્ષેત્રમાપ વિગેરેની સમજૂતિ માટે ઉપરમાં પૃ. ૧૨૮ થી આગળ જુઓ.

(૧૯) ભલે પછી તેઓનાં શરીરનાં માન, લંબાઈ, ઊંચાઇ, આયુષ્ય વિગેરે અત્યારના કરતાં ઘણાં જ જુદા સ્વરૂપનાં હોય તેની અહીં વાત નથી; પણ મનુષ્યોની હૈયાતી તો હતી જ ને !

(b) કે શરીરની બાહ્યેંદ્રિયો કરતાં આંતરેંદ્રિયોનું સામર્થ્ય વિશેષ હતું; (c) કે ઉડન પાવડી અને પવન પાવડી જેવી વસ્તુઓ પણ અસ્તિત્વ ધરાવતી હતી તેમજ તેમાં બેસીને અમાપ વિસ્તારના દરિયાઓ અને અગાધ જંગલો, તથા મહામુશ્કેલીથી ચઢાય તેવા પર્વતો પગવડે ચઢવાને બદલે એમ ને એમ ઓળંગી જવાતા હતા; (d) કે મહાત્માઓ લબ્ધિ મેળવીને, વિના અવલંબને અનેક અદ્‌ભુત કાર્યો કરી શકતા હતા (e) કે મનુષ્યોનાં આયુષ્યો અને તેમનાં શરીરનાં માન–ઊંચાઇ વિગેરે, વર્તમાન કાળે છે તેનાં કરતાં અનેકગણાં વિશેષ હતાં; શું આવી સ્થિતિ એકદા પ્રવર્તી રહી હોય તો તેની ના પાડી શકાશે? (૪) જ્યાં નામદાર નીઝામ જેવા કેટલાક દેશી રાજકર્તાઓના જનાનામાં બસો અને ત્રણસો બેગમો–રાણીઓ–સ્ત્રીઓ હોવાનું આપણે સાંભળીએ છીએ, ત્યાં પછી કૃષ્ણ વાસુદેવ જેવા શક્તિશાળી અને વીર્યવાન પુરૂષને હજારોની સંખ્યામાં રાણીઓ હોય તેમ માનવામાં શું દોષ આવી શકે? (૫) શ્રવણ બેલગોલની અને તેની આસપાસના પ્રદેશમાં કે અન્ય સ્થાનમાં ઊભી સ્થિતિમાં નજરે પડતી પ્રચંડ કાયની શિલા–મૂર્તિઓ, અત્યારે ભલે આપણને તેના કદ માટે અધધધ કહેવરાવતી હોય, પરંતુ તેની સજાવટ અને બનાવટના સમયે તેના જેટલી લંબાઇવાળા મનુષ્યો તે સમયે વિદ્યમાનપણે વિચરતા હોય એમ માનવાને શા માટે સંકોચ ખાવો પડે? (૬) દરેક પ્રકારની ઉન્નતિ તેમજ પ્રગતિ માટે પ્રજામાં સદા કાળ શાંતિ ગમે તે ભોગે પણ જળવાઇ રહેવી જોઇએ. આ સૂત્ર સ્વીકાર્યા પછી તેની પ્રાપ્તિ માટે એક પક્ષ એમ માની રહ્યો છે કે, શસ્ત્ર તથા અસ્ત્ર વિના યુદ્ધ ચાલી શકતું જ નથી. માટે સઘળી પ્રજાએ શસ્ત્ર વિસર્જન કરવું જરૂરી છે. ત્યારે બીજો પક્ષ એમ માની રહ્યો છે કે, શસ્ત્રસજ્જ પ્રજા જો હોય તો જ હુમલો કરનારને ભીતિ રહે અને કોઇ પણ આક્રમણ કરે નહીં. આ પ્રમાણે આપણા યુરોપીય બંધુઓના શાસકોમાં મંત્રણા ચાલી રહી છે. ધ્યેય એક છે માર્ગ જુદા છે. ત્યારે તેમની જ નજરે અને સાક્ષીએ અત્રે હિંદમાં, તે જ ધ્યેય માટે–શાંતિની પ્રાપ્તિ માટે–કાંઇ પણ શસ્ત્ર અસ્ત્ર વિના જ તેમજ અહિંસાના માર્ગે જ આગળ વધવાનું કાર્ય શું નથી કરી બતાવાતું?

આટલાં આટલાં દૃષ્ટાંતો આપવાનું પ્રયોજન ખાસ તો એ જ છે કે, જે વસ્તુસ્થિતિ માત્ર થોડાં વર્ષ પૂર્વે જ, અશક્ય ગણી કઢાતી અથવા દુઃશક્ય હોવાનું ધારી લેવાતું હતું, તે જ પરિસ્થિતિ હાલના વૈજ્ઞાનિક કાળમાં, અખતરાઓવડે તદ્દન સંભવિત પુરવાર થતી જાય છે; જ્યારે ખરી રીતે તો તે જ વસ્તુસ્થિતિ પ્રાચીન સમયે અસ્તિત્વ પણ ધરાવતી હતી તેમજ સ્વાભાવિક રીતે કુદરતના ભંડારમાં સંગ્રહીત પણ પડી રહેલી જ હતી; જેની પ્રતીતિ તરીકે તેનું વર્ણન પુરાણિક ગ્રંથોમાં કરાયલું અને સચવાઇ રહેલું આપણી નજરે પણ પડે છે. એટલે આવી હકીકતનું કોઇ વર્ણન હવેથી વાંચવામાં આવે તો, તેમાં નથી શંકા લાવવાનું કારણ કે નથી આશ્ચર્ય પામવાનું કારણ; છતાં જો તેવી વાત સમજાતી ન હોય તો તેનું કારણ આપણી દૃષ્ટિ અને બુદ્ધિનું સ્થૂળપણું છે એમ જ માનવું. હવે આપણે ઇતિહાસ આલેખનના આપણા કાર્યમાં આગળ ચાલીએ.

પ્રસંગોપાત આપણે જણાવી ગયા છીએ કે, વર્તમાન ઇરાન તથા તેની પશ્ચિમે આવેલ પ્રદેશ અસલ જંબૂદ્વીપમાં આવેલ તેના એક અંતરદ્વીપનો–શાકદ્વીપનો વિભાગ હતો. તે વિભાગ ઉપર રામાયણમાં વર્ણવાયલ રામચંદ્રજીના પુત્ર લવ અને

કુશ તેમજ મહાભારતના સમયના નાયક અને વીર કેશરી કૃષ્ણના પુત્ર શાંબકુમારાદિ ત્યાં જઈ આવેલ હતા. મતલબ કે, શાકદ્વીપ અને જંબૂદ્વીપ વચ્ચે ખૂબ વ્યવહાર હતો જ-પછી તેનો પ્રકાર રાજદ્વારી, સામાજિક કે આર્થિક તથા અન્ય વિષયક હોય તે વસ્તુ જુદી છે; તેમ એટલું પણ નિર્વિવાદ છે કે, જ્યાં આંતરિક વ્યવહાર ચાલતો હોય ત્યાં અરસપરસની રહેણીકરણી ઉપર અસર થાય, થાય ને થાય જ. તે ન્યાયે જંબૂદ્વીપના ભરતખંડના આર્યોની રહેણીકરણીની અસર શાકદ્વીપના વતનીઓ ઉપર પણ થવી જ જોઇએ. જેમ શાકદ્વીપની અંતિમ પૂર્વ હદે-એટલે જંબૂદ્વીપ તરફની હદે-ઇરાનવાળો પ્રદેશ હતો તેમ જંબૂદ્વીપની છેક પશ્ચિમ સીમાએ-એટલે શાકદ્વીપ તરફની હદે-આપણા ઋષિમુનિનાં ઉદ્‌ભવસ્થાનવાળો શકસ્થાનનો પ્રદેશ હતો. જ્યારે આ બન્ને પ્રદેશો એક બીજાની તદ્દન લગોલગ હોય ત્યારે તેમના આંતરવ્યવહારની છાપ તે પ્રત્યેકના દૂર દૂરભાગના વતનીઓ ઉપર જે કાંઇ પડી શકે તેના કરતાં આ બે નિકટવર્તી પ્રદેશની પ્રજા ઉપર અધિકાંશે થાય તે સમજાય તેવી વસ્તુ છે; તેથી આર્યાવર્તમાં-જંબૂદ્વીપમાં-વસી રહેલ ઋષિઓનાં ચારિત્ર્યાદિની છાપ, આ ઇરાનમાં વસતા ત્યાંના મૂળ વતનીઓ ઉપર પડી જ હતી. એટલે આર્યાવર્તના ઋષિ મુનિઓ જે પોતાને આર્યસંસ્કૃતિના સંપૂર્ણ પોષક અને પાલક માનતા હતા તેઓ તેમના પાડોશી આ ઇરાનીઓને પોતાથી ઘણે અંશે ન્યૂન ઠરાવીને પોતાને ઓળખવાને સંપૂર્ણદર્શક જે 'ઋષિ' શબ્દ હતો તેની પૂર્વે ન્યૂનતાદર્શક[૨૦] પા=¼ (quarter) જોડીને તેમને પારૂષિ નામથી સંબોધવા લાગ્યા હશે એમ અનુમાન થાય છે. પછી તે પારુષિ શબ્દની અશુદ્ધિ-અપભ્રંશ થતાં થતાં પારસી શબ્દ કદાચ બની ગયો હોય. ગમે તેમ હોય પણ, ઇરાન દેશની પ્રજાને સાધારણ રીતે આપણે પારસી નામથી ઓળખીએ છીએ અને વર્તમાન કાળે આપણા પારસી બંધુઓ પણ પોતાના માદર વતન તરીકે ઇરાનને જ ગણાવે છે; એટલે પારસી શબ્દની ઉત્પત્તિ આ પ્રમાણે કલ્પવાથી તેમના માદર વતનને પારસદેશ[૨૧] કહી શકાય. તેમ પ્રાચીન હિંદુગ્રંથોમાં ઇરાન દેશને પારસ શબ્દથી અનેક વાર સંબોધાયેલ[૨૨] છે. વળી કાળક્રમે આ પારસ અને પારસી શબ્દનું રૂપાંતર થઇ ફારસ અને ફારસી થયાં છે, જે શબ્દો હાલ પણ તેવા જ અર્થમાં વપરાયા કરે છે. જેમ એક બાજુ ઉપર પ્રમાણે વસ્તુસ્થિતિ છે તેમ બીજી બાજુ ઇરાનની પ્રાચીનતાને લગતી કેટલીક હકીકત એક સ્થાને[૨૩] પ્રસિદ્ધ થઇ હતી, તેમાંથી જે કાંઇક ઉપયોગી તથા રસિક લાગી છે તે અત્ર રજૂ કરું છું;

(૨૦) આ શબ્દથી ન્યૂનતા પણ દર્શાવી દીધી તેમ તેનું પ્રમાણ પણ બતાવી દીધું: બે અર્થની સિદ્ધિ એકી વખતે કરી બતાવી.

અથવા કદાચ એમ પણ હોય કે, રૂષિ મુનિઓ ચાર વેદને માનતા હતા જ્યારે આ પહલ્વી પ્રજા માત્ર એક વેદને અથવા તો નવા પ્રકારની સ્થિતિને જ માન્ય રાખતી હોય; અને તે હિસાબે આ શબ્દયોજી કાઢયો હોય.

(૨૧) જુઓ નીચેની ટીકા નં. ૨૨.

(૨૨) ઈરાની અખાતના કિનારે જે શકસ્થાનનો પ્રદેશ આવેલ છે ત્યાંથી કાલિકસૂરિ નામે એક પ્રખ્યાત જૈનાચાર્ય, શક સરદારોને આમંત્રીને હિંદુસ્થાનમાં તેડી લાવ્યા હતા. (જુઓ આગળ ઉપર ગર્દભીલ વંશના ઈતિહાસમાં તેની હકીકતે) તે શક પ્રજાના વતનને જૈન સાહિત્યગ્રંથોમાં પારસ દેશ તરીકે ઓળખાવેલ છે.

(૨૩) જુઓ "સાહિત્ય" માસિક પુ. ૧૭, પૃ. ૪૮૫-૪૮૭. ટી. નં. ૫-૬.

જેથી તેમની અને આપણી વચ્ચેના–આર્ય અનાર્ય–સંબંધનો ખ્યાલ આવી જવા સંભવ છે.

પારદિયન એટલે ઇરાનનો રાજા તથા પંજાબના દર્ભાવિસાર રાજ્યનો રાજા અબિસાર (Abesares) તે બન્ને સગા ભાઇઓ હતા. તેમ પહલવી[૨૪] તે પારદોની ભાષાનું નામ છે. વળી પારદિય તે પાર્શ્વિવનો અપભ્રંશ છે અને પાર્થિવ–શ્રેષ્ઠ–વશિષ્ઠ તે ઇરાનના રહીશ હતા, એમ મત્સ્ય પુરાણ પણ કહે છે. અર્જુનને પણ પાર્થિવ કહીને જ સંબોધાય છે. વળી કહેવાય છે કે, રામલક્ષ્મણના પૂર્વજ દિલિપ રાજાનું રાજ્ય ઇરાનમાં હતું[૨૫] અને તેનો પુત્ર અનમિત્ર ઊર્ફે શાસન હતો. શાસનના ઉપરથી તેમનો વંશ "શાસન" કહેવાયો. શાસનવંશીય ઇરાની નરેશોની રાજ્યભાષાનું નામ પહલવી હતું. આ શાસનવંશી ( અનમિત્ર ઊર્ફે શાસન ) ની ચોથી પેઢીએ હુરભુજ ( વરૂણ ) પર્શીઆનો રાજા બન્યો. રામહુરભુજ તે ઇરાનનું મોટું ભારતીય માલનું કેંદ્ર વાણિજ્ય ( emporium ) હતું. ખટ્વાંગના ( દિલિપનું બીજું નામ સંભવે છે ) સમયમાં દેવાસુર સંગ્રામ થયેલ. દિલિપના બે પુત્રોનાં નામ અનમિત્ર[૨૬] અને રઘુ હતા. વળી ઇરાનના ઇતિહાસમાંથી માલૂમ પડે છે કે, શાસનવંશી પારદ પોતાને પહલ્વ પણ કહેવરાવતા. તેમની પહલ્વી ભાષા ઉપરથી તેઓ પહલ્વ કે પલ્હવ કહેવાયા.[૨૭] પારદ અને પહ્લવ ઇરાની મત મુજબ એક જ જાતના, પરંતુ ભિન્ન કાળમાં થયેલા નૃપતિઓ હતા. આમ અનેક દૃષ્ટાંતથી ખાત્રી થાય છે કે, પ્રાચીન કાળે હાલનું ઇરાન તે આર્યાવર્તી રાજાની સત્તા તળે હતું જ; અને તેથી ત્યાંની પ્રજા લોહીથી તેમજ સંસ્કૃતિથી[૨૮] આર્ય પ્રજા સાથે થોડા ઘણા અંશે જોડાયલી જ હતી......વળી આગળ વધીને એટલે સુધી પણ કહેવાય છે કે, ઇરાની અને ગ્રીક પ્રજા પણ સગોત્રીય છે ( sister nations ). બન્ને સૂર્યવંશી[૨૯] દેખાય છે. ઇરાનના યેમન ( Yemen ) અને યોઉન ( Youna ) પ્રાંતો પણ યવનોનાં સ્થાન છે. તેમજ ગ્રીસ એ પૌરાણિક યવનદેશ[૩૦] છે. તેના સમુદ્રનું નામ Ionian sea=યવનસાગર અને દ્વીપોનું નામ Ionian islands=યવનદ્વીપ સમૂહ કહેવાય છે. આ જાતિ પણ વૃષલત્વ ક્ષત્રિય છે. આટલું તેમની પ્રાચીનતા વિશે થયું. હવે તેમનો સંબંધ આપણા ઇતિહાસની સાથે જોડી બતાવીએ.

ઇરાની પ્રજા પ્રાચીન સમયે કેવી રીતે યવનો સાથે તથા હિંદી પ્રજાના ઋષિ–મુનિઓ

( ૨૪ ) ઉપર આપણે જણાવ્યું છે કે પહલવી તે ઇરાનીઓની ભાષા છે. અહીં જણાવાયું કે તે તો પારદીની ભાષા છે એટલે ભૂમિતિના સૂત્ર સિદ્ધાંત પ્રમાણે ( Things which are equal to the same thing are equal to one another= જે વસ્તુઓ અમુક વસ્તુની સરખી છે તે વસ્તુઓ આપસઆપસમાં પણ સરખી જ હોય છે. ) પારદીઆ અને પર્શિયા એક જ પ્રદેશનું નામ થયું ગણાય.

( ૨૫ ) વળી જુઓ. હિસ્ટ્રી ઓફ પર્શિયા પુ. ૧, પૃ. ૪૨૨–૨૩; તથા ઉપરની ટીકા નં. ૨૪.

( ૨૬ ) વિઘ્ન ઉપનામવાળો

ખટ્વાંગરાજ

| ઇરાની રાજાઓ | ભારતીય રાજાઓ |
|---|---|
| અનમિત્ર ( શાસન ) | રઘુ |
| અર્દશિર ( Ardeshir ) | અજ |
| શાપુર ( The good ) | દશરથ |
| હુરભુજ ( વરૂણ ) | રામચંદ્ર વિષ્ણુ |

( ૨૭ ) જુઓ ઉપર પૃ. ૨૯૪ નું વર્ણન.

( ૨૮ ) સરખાવો પૃ. ૨૯૫ માં પારૂષિ શબ્દની ઉત્પત્તિ વિશેની કલ્પનાવાળી હકીકત.

અને આર્ય સાથે સંલગ્ન થયેલી હતી તે ઉપરના પારામાં જણાવી દીધું છે. ત્યાંસુધીનો સમય ઇ. સ. પૂ. નવમી સદીએ આવી પહોંચે છે. તે બાદ તેમની રાજકીય સ્થિતિ જે થવા પામી હતી તે ટૂંકમાં આપણે ઉપરના તૃતીય પરિચ્છેદે, યોન પ્રજાએ પોતાની સ્વતંત્રતા મેળવી હતી તેનો ખ્યાલ આપતાં આપતાં જણાવી ગયા છીએ. એટલે કે ઇરાની પ્રજા જેમ પ્રાચીન સમયે હિંદ સાથે સંલગ્ન હતી તેમ નવમી સદી પછી પણ હિંદ સાથે ઘાટા સમાગમમાં આવતી રહી હતી. તે વિશે કે. હિ. ઇ. પૃ. ૩૨૯માં જણાવાયું છે કે–"Prior to the seventh century B. C. there was a great commercial relation between Persia, Babylon &

**હિંદ સાથે પહ્‌લ્વાઝનું રાજકીય સંધાણ**

---

(૨૯) આનાં કેટલાંય ઉદાહરણો આપ્યાં છે. (જુઓ "સાહિત્ય" પુ. ૧૭, પૃ. ૫૯૭ થી ૬૦૦)

**સરખામણી**

| **ગ્રીક** | | **ભારતીય** |
|---|---|---|
| (વંશ) | Heliadae | સૂર્યવંશ |
| (રાજા) | Euristhenes | યુધિષ્ઠિર |
| (રાજા) | Atreus | આત્રેયસ (અત્રિવંશી) |
| | Hercules | હરિકુળ (લીડીયા અને સિરિયાનો રાજા) |
| | Balcan | બલિક રાજા (શાંતનુ રાજાનો ભાઈ) |

જે ઉપરથી બલ્ખ, બાલ્હીક (Syria) અને બાલ્કન્સ (Balkans) ઉપનામના પ્રદેશો પડયા. ગ્રીક લોકો એના વંશજોનું નામ Balica putras="બલિક પુત્રસ" કહે છે. સ્પાર્ટાના પ્રથમ નરેશને ટૉડ સાહેબ યુધિષ્ઠિર કહે છે. (જુઓ પૃ. ૯૮૫ ટી. નં. ૨.)

| | |
|---|---|
| મરિચિ (Lux) | કશ્યપ (Uranus) |
| શનિયા (Saturn) | બૃહસ્પતિ કે મંગળ (Zeus) |
| જાન્હવી (Hera) | |
| વરૂણ (Posliden=Neptune) | |
| વિષ્ણુદમિત્ર (Demeter) | |
| સતી (Hesti) : | શિવ (Bachhus) |
| બળરામ (Hercules) | બુધ (Mercury) |
| કૃષ્ણ (Apoleo) | |

સૂર્યનો પુત્ર શનિ (શ્રુતિકર્મા) તે ગ્રીસ તથા રોમનો પ્રથમ નરેશ હતો. તે સમયને સત્યયુગ (Golden age) ગ્રીસ અને રોમનવાળા માને છે. ત્યાં શનિવાર (Sabath) ના દિવસને પહેલો દિવસ મનાય છે. Saturn is the ancient Roman God of agriculture=તેને ભારે ઉત્સવનો દિન મનાય છે. મહિનાનો છેલ્લો શનિવાર પણ તેમને માટે તહેવારનો દિવસ છે. ભારતવર્ષમાં શનિનું દાન લોઢું અને ગ્રીસ તથા રોમમાં સીસું મનાય છે. એ દેશો શનિનો રંગ શ્યામ માને છે.

સૂર્યવંશીને પાશ્ચાત્ય દેશોમાં Titans=સજીવ સૂર્ય કહે છે. તેનો અપભ્રંશ ત્રિયતન (Traitana) થયો છે. એ કાશ્યપનું નામ છે. આવી રીતે નામ, વંશ, ઉપનામ વિગેરે પ્રમાણોથી સિદ્ધ થાય છે કે ગ્રીસ, રોમ, ઈરાન વિગેરે સૂર્યના રાજ્યમાં જોડાયલા હતા. (જૈન મત પ્રમાણે ૠષભદેવના પુત્રોને જુદા જુદા દેશોનું રાજ્ય સોંપ્યું હતું તેમાં આને મળતાં જ નામો આવે છે. વળી તેમનો ઇક્ષ્વાકુ વંશ સૂર્યવંશી જ છે.) ઈરાનનો પ્રથમ નરેશ યમ અને સાર્વાણિ મનુ હતા. અને ગ્રીસ તથા રોમના પ્રથમ નરેશ સાર્વાણિ મનુના ભાઈ હતા. આ જ કારણથી ઇરાનીઓ અને ગ્રીકો સગોત્રીય=sister nations ગણાય છે.

ગ્રીસમાં કેવળ Saturnah નો જ તહેવાર પળાતો હતો એમ નહીં, પરંતુ Phagesia=ફાલ્ગુની દેવીની હોળી પણ ત્યાં માનવામાં આવતી હતી. (જુઓ ટૉડ રાજ ફેસ્ટીવલ્સ પુસ્તક પૃ. ૪૧૪.)

(૩૦) ઉપરમાં યોન પ્રજાના પરિચ્છેદે બતાવી આપ્યું છે કે યવન એટલે ગ્રીક પ્રજા. એટલે યવન પ્રજાનો દેશ તે યવન દેશ સમજવો.

India, which it is believed was largely via the Persian Gulf=ઇ. સ. પૂ. ની સાતમી સદીની અગાઉ, ઇરાન, બેબીલોન, (હાલનું મેસોપોટેમીઆ) અને હિંદ વચ્ચે ખૂબ વ્યાપાર જામ્યો હતો: એમ અનુમાન થાય છે. આ સર્વ ઇરાની અખાત મારફત ચાલતો હતો.'[31] તે બાદ ઇરાની શહેનશાહ સાઇરસ અને ડેરીઅસની રાજસત્તા હિંદના વાયવ્ય પ્રદેશમાં થઈ હતી: પછી ઇરાનને અલેકઝાંડરે જીતી લીધું. વળી તેના હવાલામાંથી હિંદી સમ્રાટ પ્રિયદર્શિને છોડાવી લીધું; પણ તેની વૃદ્ધાવસ્થા આવતાં વળી ફરીને તે આરસેકસ વંશ તળે સ્વતંત્ર બન્યું, તે સર્વ હકીકત છૂટક છૂટકપણે જણાવાઇ ગઈ છે. આ સ્વતંત્રતા-પ્રાપ્તિનો સમય ઇ. સ. પૂ. ૨૫૦ આસપાસનો કહી શકાય. તે જ અરસામાં, કદાચ એકાદ વર્ષ બાદ કે બે ત્રણ માસના અંતરે, યોન-બેકટ્રીઆ પણ સ્વતંત્ર બની ગયું હતું.[32] પાર્થીઅન્સની ઉત્પત્તિનું સ્થાન, પૃ. ૧૪૩માં જણાવ્યા પ્રમાણે ખોરસાનનો પ્રાંત ગણાય છે. પૂર્વેના પહ્‌લવાઝથી, હવેની પ્રજા જુદી ઓળખી શકાય માટે મી. વિન્સેન્ટ સ્મીથ જેવાએ પાર્થીઅન્સ તરીકે તેમને ઓળખવા માંડ્યા છે.[33] તેમનું વર્ણન લખતાં કહે છે કે–

" They were a race of rude and hardy horsemen, with habits similar to those of the modern Turkomans, dwelt beyond the Persian deserts in the comparatively infertile regions to the S. E. of the Caspean sea; they were armed like the Bactrians with canebows and short spears; unlike Bactrians, they had never adopted Greek culture, although submissive to their Persian and Macedonian masters, retained unchanged the habits of a horde of mounted shepherds, equally skilled in the management of their steeds and the use of the bow= તેઓ (પાર્થીઅન્સ) વર્તમાન તુર્કોમાન[34] (પ્રજા)ની જેવી જ રહેણીકરણીવાળી જંગલી અને ખડતલ શરીરવાળી ઘોડેસ્વાર (પ્રજા) હતી. (વળી) તેઓ ઇરાનના રણની પેલીપાર (પણ) કાસ્પીઅન સમુદ્રના અગ્નિખૂણે આવેલા,[35] સરખામણીમાં ઓછા ફળદ્રુપ[36] પ્રદેશમાં રહેતા હતા. જો કે યોન પ્રજાની પેઠે તેઓ[37]

(૩૧) વળી જુઓ. અ. હિ. ઇ. ત્રીજી આવૃત્તિ પૃ. ૨૮ નું ટીપ્પણ.

(૩૨) આ હકીકત માટે ઉપરમાં આજ–ખંડે યોન બેકટ્રીઅન્સની ઉત્પત્તિવાળા પ્રથમ પરિચ્છેદે જુઓ.

(૩૩) જુઓ બુદ્ધિપ્રકાશ પૃ. ૭૬. જુલાઈ અંક પૃ. ૧૧.

(૩૪) જે પ્રદેશમાં હાલનું ખીવ શહેર આવ્યું છે તે ભૂમિને 'તુર્કોમાન' તરીકે ઓળખાવાય છે: આપણે વર્ણન કરી રહ્યા છીએ તે સમયે તે બેકટ્રીઆનો એક ભાગ હતો.

(૩૫) જેમ આપણે ખોરાસાનનો પ્રાંત કહ્યો છે અને જ્યાંથી પાર્થિઅન્સની ઉત્પત્તિ લેખાવી છે તેમ; આ ખોરાસાન પ્રાંત, અને મૂળ ઈરાન વચ્ચે થોડોક ભાગ રેતાળ પ્રદેશ છે તેથી અહીં 'રણની પેલીપાર' એવો શબ્દ વાપર્યો છે.

(૩૬) તુર્કોમાન પ્રદેશ અને આ ખોરાસાન પ્રાંતની ફળદ્રુપતાની સરખામણી કરેલ છે. તુર્કોમાન એટલે બેકટ્રીઆ: તે વધારે ફળદ્રુપ હતો એમ કહેવાની મતલબ છે.

(૩૭) યોન અને પાર્થીઅન્સ પ્રજાના રીતરિવાજોની સરખામણી કરી બતાવી છે કે, કેટલીક રાહરશમો સરખી હતી છતાં કેટલીક તદ્દન ભિન્ન હતી.

નેતરના કામઠાં તથા નાનાં ભાલાંઓ રાખતા હતાં: તેઓ પોતાના પહ્‌લવી તથા યવન સરદારો[૩૮]ની ઝુંસરીમાં હતા છતાં તેમણે યોન પ્રજાની પેઠે[૩૯] ગ્રીકસંસ્કૃતિને કદાપિ અપનાવી નહોતી જ; પણ ઘોડેસ્વાર આહિરો–ભરવાડો[૪૦]ના યૂથના રીતરીવાજોને ચુસ્તપણે[૪૧] વળગી રહ્યા હતા; તેમજ પોતાના ઘોડાની જાત ઉછેરની અને કામઠાં વાપરવાની કળામાં તેટલા જ પાવરધા બની રહ્યા હતા." આ એક જ વાક્યમાં બેકટ્રીઅન્સ અને પારદોની–એમ બન્ને પ્રજાની–રાજકીય તેમજ સામાજિક સ્થિતિનો તથા તેમના સ્વભાવ અને રહેણીકરણીનો સંક્ષિપ્તમાં ઠીક ઠીક ચિતાર આપી દીધો છે.

અહીં આગળ વળી આપણા એક સિદ્ધાંતનો પુનરુચ્ચાર કરવો પડે છે કે, આ પુસ્તક હિંદી ઇતિહાસનું હોઈ, હિંદ બહારની કોઇ હકીકત વિશેષ લંબાણથી ન લખવી; છતાં અત્રે ટૂંક ઇસારો કરીને ન પતાવતાં, તેવી હકીકત કાંઈક લંબાણથી જે લેવી પડે છે તે સહેતુક છે. જો આ જુદી જુદી પ્રજાઓનો આટલો પણ સટીક ખુલાસો નથી અપાતો, તો તેમના રાજાઓનાં તેમજ તેમના સરદારોનાં જે નામો અને ઓળખ માટે અજ્ઞાનમાં અને અંધારામાં ગોથાં ખાયાં કરીએ છીએ તેમાંથી બહાર નીકળવાનો હજુ પણ આરો ન આવત. આ ઉપરથી અમે એમ પણ કહેવા નથી માગતાં કે, અમે જે ભૂલભૂલામણીનો ઊકેલ અહીં કાઢી બતાવ્યો છે તે છેવટનો જ છે, તેમ કાંઈક સગર્વ કહી શકીએ તેમ પણ છીએ કે, અત્યારસુધી જે કાંઇ જણાયું છે તેના ઉપર અમારાં નિવેદનથી પૂરતો–અથવા થોડાઘણા અંશે પણ–પ્રકાશ તો જરૂર પડે છે જ. એટલે અમે જ્યાં જ્યાં ગલતી કરી હશે ત્યાં ત્યાંથી ખરૂં તત્ત્વ પકડી પાડી, અન્ય વિદ્વાનો તેમાં ઓર વિશેષ અજવાળું પાડવાને સામર્થ્ય મેળવશે એમ સહર્ષ સંતોષ ધરીએ છીએ.

કે. હિ. ઈ. ના લેખકનો મત એમ છે[૪૨] કે–Parthians or Pahlavas and Scythians ( Sakas ) were so closely associated that it is not always possible to distinguish between them, the same family includes both Parthian and Scythian names= પાર્થીઅન્સ અથવા પહ્‌લવાઝ અને સિથિયન્સ (અથવા શક) એટલા બધા હળીમળી ગયેલા છે કે, એક બીજામાંથી તેમને ઓળખી કાઢવા હંમેશા સંભવિત નથી. એક જ કુટુંબમાં પાર્થીઅન અને શક નામનો સમાવેશ થઈ જતો દેખાય છે. તેમની કહેવાની મતલબ એ છે કે, પાર્થી-

(૩૮) આ બન્ને (યોન અને પારદ) પ્રજાના સરદારો હતા. તેઓ સ્વતંત્ર નહોતા. પાછળથી સ્વતંત્ર થયા છે એમ કહેવાનો ભાવાર્થ છે (કોને તાબે હતા તે પ્રશ્ન ભલે શંકાસ્પદ રહે.)

(૩૯) યોન પ્રજાએ ગ્રીક સંસ્કૃતિ અપનાવી હતી જ્યારે પારદોએ પોતાની જ જાળવી રાખી હતી. આ તેમની ભિન્નતા છે: અથવા યોન કરતાં પારદો વધારે મજબૂત મનના હતા; અથવા તેમનું મૂળ તે યવન પ્રજા તરફનું હતું એમ બતાવે છે (સરખાવો યોન અને યવન પ્રજાના તફાવતવાળી હકીકત)

(૪૦) હિંદમાંના આહિરો અને આ પારદોની ટેવોની સરખામણી કરો તો બન્ને વિશેનો કાંઈક ખ્યાલ આવી જશે; તથા મૂળે તે ક્ષત્રિય અને લડાયક પ્રજાના ગુણો ધરાવતી હતી એમ જણાય છે.

(૪૧) આટલે દરજ્જે તેમનો મૂળ ધંધો બતાવ્યો તથા જેમ શરીરે ખડતલ હતા તેમ માનસિક વિચારોમાં અણુઝ અથવા મક્કમ વલણવાળા પણ હોય એમ સૂચવે છે.

(૪૨) જુઓ કે. હિ. ઇ. પૃ. ૫૬૮.

અન્સ અને શક લોકોનાં વતન, વિકાસ, રીત-રિવાજો વિગેરે ઘણી ઘણી બાબતો અંધારામાં રહેલ હોઇને તે બે પ્રજાનાં નામ વિગેરેને છૂટા પાડવાનું કાર્ય અતિ કઠિન છે. જેમ આ વિદ્વાન લેખકનો અભિપ્રાય અને મુશ્કેલી છે તે જ પ્રમાણે, બીજા તેવા જ પ્રખ્યાત ગ્રંથકાર મિ. રેપ્સનને પણ અનુભવ થયો દેખાય છે. તેમનું કથન એ છે કે[૪૩] The difficulty of distinguishing between the Scythian ( Sakas ) and Parthian (Pahlavas) dynasties in India is well known. The proper names afford the only means of making a distinction between them and a consideration of these, supplies no certain guide, since names derived from both sources are applied to members of the same family—હિંદમાંના સિથીઅન્સ (શક) અને પાર્થીઅન (પહલ્વાઝ) વંશ વચ્ચેની ઓળખ કરવાની મુશ્કેલી સારી રીતે જાણીતી છે. તેમની ઓળખ માટે (તેમનાં) વિશેષ નામો જ માત્ર સાધનરૂપ છે; અને તેના વિચારથી પણ ચોક્કસ દોરવણી તો નથી જ થતી, કેમકે તે બન્નેનાં (પ્રજાનાં) હોય તેવાં નામો એક જ કુટુંબનાં અનેક સભ્યોએ ધારણ કરેલાં હોય છે.” અહીં બન્ને વિદ્વાનોનાં કથન જે ટાંકયાં છે તે એક જ વાત સિદ્ધ કરે છે કે, પહ્‌લ્વાઝ અને સિથીઅન્સ પ્રજા વચ્ચેની ખાતરીપૂર્વક ઓળખ મેળવવાનું કાર્ય અતિ મુશ્કેલ છે. તેમ આપણી મુરાદ તે વાક્યો ઉતારવાની પણ એ જ છે કે વિદ્વાનોની મુશ્કેલીઓનો ખ્યાલ વાંચકવર્ગને આવે; નહીં કે તેમનો દોષ રજૂ કરવાનો હેતુ છે. બીજી એક વાત કહી દઇએ કે, જ્યારે તેમનાં નામ છૂટાં પાડવાનું કાર્ય મુશ્કેલ છે ત્યારે તે બંનેનો રાજદ્વારી ઇતિહાસ એક બીજાથી છૂટો પાડવાનું કાર્ય તો તેથી પણ વિશેષ દુર્ઘટ થાય જ ને ! છતાં મનુષ્ય ધારે તો શું નથી કરી શકતો ? તે ઉક્તિ અનુસાર આપણે પણ આપણો પ્રયત્ન સેવવો જ રહે છે.

પૃ. ૨૯૮ માં જણાવી ગયા છીએ કે ઇ. સ. પૂ. ૨૫૦ ની આસપાસ પ્રથમ ઇરાન (પાર્થીઆ) સ્વતંત્ર થયું અને પછી થોડી જ અવધિમાં બેકટ્રીઆએ પણ તે જ માર્ગ ગ્રહણ કર્યો હતો. બેકટ્રીઆની ગાદી ઉપર આવ્યા બાદ જ્યારે ડિમેટ્રીઅસ હિંદ તરફ જીત મેળવવામાં ખૂબ રોકાયો હતો, ત્યારે તેની બેકટ્રીઆની ગાદી કોઇ યુક્રેટાઇડઝ નામના સરદારે પડાવી લીધી હતી; પણ ઉપરોક્ત ડિમેટ્રીઅસ અને તેના સરદાર મિનેન્ડરના મરણ બાદ (ઇ. સ. પૂ. ૧૫૯) તેમની જ સાથે હિંદમાંના રાજકાર્યમાં જોડાયલા અને પેલા બળવાખોર યુક્રેટાઇડિઝના પુત્ર હેલીઓકલ્સે, હિંદ છોડી દઇ બેકટ્રીઆ પાછા ફરતાં, પોતાના બેવફાદાર પિતાનો અફગાનિસ્તાનમાં ભેટો થતાં મારી નાંખ્યો હતો. તે હકીકત સુધી આપણે માહિતગાર થઇ ચૂકયા છીએ; એટલે કે હવે (ઇ. સ. પૂ. ૧૫૦ આસપાસ) બેકટ્રીઆ ઉપર આ હેલીઓકલ્સનો રાજઅમલ તપતો થયો હતો. જ્યારે તે સમયે પાર્થીઆમાં આરસેકસવંશી પાંચેક રાજા થઇ ગયા હતા અને છઠ્ઠો આરસેકસ ઉર્ફે મિથ્રેડેટસ પહેલો ગાદી ઉપર હતો. તેનો સમય (જુઓ પૃ. ૧૪૫ ની વંશાવળી ) ઇ. સ. પૂ. ૧૭૪ થી ૧૩૬=૩૮ વર્ષનો ગણાયો છે. હેલીઓકલ્સના રાજ્યનો અંત કયારે આવ્યો તે જણાયું નથી, તેમ આપણે તે

(૪૩) જુઓ કો. આં. રે. પ્રસ્તાવના પૃ. ૯૯ ટી. નં. ૧.

સાથે સંબંધ પણ નથી; પરંતુ તેના અધિકાર તળે અફગાનિસ્તાનનો જે ભાગ હતો તે હેલીઓકલ્સના મરણ બાદ ઉપરના મિથ્રેડેટસના કબજે આવ્યો હોય એમ માનવાને કારણ મળે છે. એટલે અત્યારસુધી અફગાનિસ્તાનનો પશ્ચિમ અને દક્ષિણ પ્રદેશ કે જેમાં શક પ્રજાનો (Scythians=સિથિઅન્સ )જ વસવાટ હતો અને જે મિથ્રેડેટસના તાબે હતો, તેમાં ઉપર પ્રમાણે અફગાનિસ્તાનનો ઉત્તર ભાગ ઉમેરાતાં, મિથ્રેડેટસના કબજામાં ( પાર્થીઆના રાજ્યમાં ) હવે ખોરાસાન-પશ્ચિમ ઇરાન, અફગાનિસ્તાન તથા બલુચિસ્તાન પણ આવી પડ્યાં. આ પ્રમાણે પાર્થીઅન સામ્રાજ્યનો વિસ્તાર વધી ગયો અને શક પ્રજા ઉપર તેનો કાબૂ વધારે મજબૂત થવા પામ્યો. મિથ્રેડેટસના મરણબાદ વળી બે રાજા નબળા થયા તેમના સમયમાં શક પ્રજાએ સ્વતંત્ર થવાને માથું ઉંચક્યું-બળવો કર્યો, પણ તેવામાં પાર્થીઆની રાજલગામ મિથ્રેડેટસ બીજે ઊર્ફે આરસેકસ નવમાના હાથમાં આવી પડી : તેના સમયે જબરું યુદ્ધ થયું અને પરિણામે પાર્થીઅન શહેનશાહની તાબેદારી હમેશને માટે શક પ્રજાને માથે ઠોકી બેસારાઇ. આ માટે કે. હિ. ઈ. માં લખાયું છે[૪૪] કેઃ-It was in his reign that the struggle between the kings of Parthia & their Scythian subjects in Eastern Eran was brought to a close & the suzerainty of Parthia over the ruling powers of Seistan & Kandahar confirmed=પાર્થિઆના રાજા અને પૂર્વ ઇરાનમાંની તેની શક પ્રજા વચ્ચેના ઝગડાનો અંત તેના જ ( મિથ્રેડેટસ બીજાના ) રાજ્યે આવ્યો હતો તથા સિસ્તાન તથા કંદહારના વહીવટકર્તા ઉપર પાર્થિઆનું સાર્વભૌમત્વ પણ વધારે નિશ્ચિત કરવામાં આવ્યું હતું. આ પ્રમાણે એક વખત અભિપ્રાય આપ્યો છે. જ્યારે બીજે ઠેકાણે પાછું એમ લખ્યું છે[૪૫] કેઃ-Persian and Parthian title "Great King of Kings" was the result of an actual conquest of N. W. India by Mithradates I. But the invasion of India must be ascribed not to the reign of Mithradates I, but to a period after the reign of Mithradates II, when the power of Parthia had declined and kingdoms once subordinate had become independent. There were normally three contemporary rulers of royal rank–a king of kings associated with some junior member of his family in Eran, and a king of kings in India and the subordinate ruler in Eran, usually became in due course, king of kings in India (P. 569)

મિથ્રેડેટસ પહેલાએ[૪૬] હિંદના વાયવ્ય ખૂણા ઉપર ખરેખર જીત મેળવી ત્યારથી જ મહારાજા-

(૪૪) જુઓ કે. હિ. ઇ. પૃ. ૫૬૮.

(૪૫) જુઓ કે. હિ. ઇ. પૃ. ૫૬૭.

(૪૬) મિથ્રેડેટસ પહેલાના સમય સુધી (૧૭૪-૧૩૬=૩૮) હિંદના વાયવ્ય ખૂણા ઉપર ઇરાનની સત્તાનું નામનિશાન પણ નહોતું. એટલે મિથ્રેડેટસ પહેલો નહીં પણ બીજો લખવું જોઇએ. જે અભિપ્રાય તેમણે ( ઉપરનું ઇંગ્રેજી અવતરણવાળું વાક્ય જુઓ) કહ્યો છે તે સાચો સમજવો. આ પ્રમાણે પાછળથી પણ તેજ અભિપ્રાય તેમણે દર્શાવ્યો છે (જુઓ ટી. નં. ૪૮)

ધિરાજ નામના[૪૭] ઇરાની અને પાર્થીઅન ઇલ્કાબનું અસ્તિત્વ થયું. પણ હિંદ ઉપરની ચઢાઇ મિથ્રેડેટસ પહેલાના રાજ્યે નહિં,[૪૮] પણ મિથ્રેડેટસ બીજાના રાજ્ય પછીના સમયે[૪૯] થઇ હતી એમ કહેવાશે; કે જે સમયે પાર્થીઆની સત્તા નબળી પડી ગઇ હતી[૫૦] અને જે રાજ્યો એક વખત ખંડિયાં હતાં તે સ્વતંત્ર બની બેઠાં હતાં. સ્વાભાવિક રીતે જ બાદશાહી દરજ્જાના ત્રણ રાજકર્તાઓ એકીવખતે સત્તા ઉપર આરૂઢ થયા હતા. એક ઇરાનના શાહી કુટુંબ સાથે સંબંધ ધરાવતો પણ નાનો શહેનશાહ,[૫૧] (બીજો) હિંદુસ્તાનમાં (રાજ કરતો) શહેનશાહ[૫૨] અને (ત્રીજો) ઇરાનમાંનો ખંડિયો રાજા, જે વખત જતાં હિંદનો શહેનશાહ બનતો હતો[૫૩] તે (પૃ. ૫૬૯): ઉપરના બન્ને ઈંગ્રેજી કથનનો સાર કાઢીશું તો એક જ હકીકત જણાશે કે, મિથ્રેડેટસ બીજો જેને મિથ્રેડેટસ ધી ગ્રેઇટ અથવા નવમો આરસેકસ કહેવાય છે તે મહાપરાક્રમી રાજા થયો હતો. તેના રાજ્યઅમલ દરમ્યાન પાર્થીઅન સામ્રાજ્ય અવલ નંબરનું બન્યું હતું. અને તેના મરણ બાદ નબળા રાજાઓ થવાથી, પાર્થીઅનોની ઉતરતી કળા થવા માંડી હતી; જેથી કેટલાક ખંડિયા રાજા હતા તે સ્વતંત્ર થઈ ગયા હતા. આ પાછલા વર્ગમાંની એક શાખાએ-ફાંટાએ-હિંદમાં આવી રાજઅમલ ચલાવવા માંડયો હતો, જેમાં મોઝીઝ, અઝીઝ પહેલો વિગેરે વિ. થયા છે. તેઓ મૂળે પાર્થીઅન્સ પ્રજામાંના હતા, પણ હિંદમાં આવી વસ્યા અને રાજ્ય કર્યું તેથી ઇન્ડો-પાર્થીઅન્સ તરીકે ઓળખાયા છે; જ્યારે એક બીજો ફાંટો જે શક પ્રજાનો (સીથીઅન્સ) હતો તે પણ હિંદમાં આવી રાજ કરતો થયો હોવાથી તેમને ઇન્ડો-સીથીઅન્સ કહેવામાં આવતો. આ પરિચ્છેદમાં આપણે ઇન્ડો પાર્થીઅન્સનો વૃત્તાંત લખવાનો છે જ્યારે ઇન્ડો સિથિઅન્સનું વૃત્તાંત હવે પછીના પરિચ્છેદે લખીશું. પણ ઉપરના નિવેદનથી એટલું સ્પષ્ટ સમજાશે કે, ઇન્ડો પાર્થીઅન્સ

(૪૭) હિંદ ઉપરની જીત ઈ. સ. પૂ. ૮૮ પછી થોડાંક વરસના અરસામાં નોંધાઈ ગણવી રહે છે. તે બાદ 'મહારાજાધિરાજ'નો ઈલ્કાબ ધારણ કરાયો લાગે છે: તે પહેલાં તેનું નામનિશાન પણ નહોતું એમ થયું.

(૪૮) આ અભિપ્રાય સાચો છે. સરખાવો ઉપરની ટી. નં. ૪૬ તથા નં. ૪૭ નું લખાણ.

(૪૯) પછીના સમયે એટલે ઇ. સ. પૂ. ૮૮ પછી. જુઓ પૃ. ૧૪૫ ઉપરનું વંશાવળી પત્રક.

(૫૦) પાર્થીઆની સત્તા જે નબળી પડી છે તે મિથ્રેડેટસ ધી ગ્રેઈટ-બીજાના મરણ બાદ જ. જુઓ ઉપરની ટી. નં. ૪૯. વળી આગળ ઉપર શહેનશાહ મોઝીઝનું વૃત્તાંત જુઓ.

(૫૧) ઇરાનની મૂળ ગાદી ઉપર રાજ કરતો મુખ્ય સહેનશાહ એમ કહેવાનો ભાવાર્થ છે; પણ અહીં તેને Junior=નાનો કહ્યો છે. તે એવી ગણત્રીથી કે આ ગાદીધરને પોતાનો નબીરો હિંદ ઉપર મોકલવો પડયો હતો; પણ શા કારણને લીધે તેમ કરવું પડયું છે તે હકીકત (જુઓ અઝીઝ બીજાનું વૃત્તાંત) બરાબર જણાશે ત્યારે તે અભિપ્રાય ફેરવવો પડશે.

(૫૨) જેને આપણે ઈન્ડો પાર્થીઅન્સ તરીકે ઓળખીએ છીએ તે મોઝીઝ, અઝીઝ પહેલો, અઝીઝ બીજો વિગેરે.

(૫૩) ખરી રીતે તો ટીકા નં. ૫૨ અને આ ૫૩ વાળો શહેનશાહ એક જ છે. પણ અહીં ઈરાનનો ખંડિયા રાજા એટલા માટે કહ્યો લાગે છે કે તે ઇરાનમાંથી આવતો હતો તથા તેને ઇરાનના મૂળ ગાદીપતિ તરફથી મોકલવામાં આવતો હતો.

અને નં. ૫૨-૫૩ ના ટીપ્પણમાંની વ્યકિત જો એક જ હોય તો પછી, શહેનશાહ ઈલ્કાબધારી બે જ વ્યકિત થશે; ત્રણ નહીં. બીજી ગણત્રીથી હજુ ત્રણની સંખ્યા થઇ શકે તેમ છે. તે માટે જુઓ શહેનશાહ મોઝીઝનું વર્ણન.

અને ઇન્ડો સીથીઅન્સના રાજ્યો જે છૂટાં પડયાં છે, તે મૂળે પાર્થીઅન સામ્રાજ્યમાંથી જ, એટલે કે તેના અંગભૂત હતાં ખરાં જ; પણ બન્ને પ્રજા તદ્દન ભિન્ન ભિન્ન છે,[૫૪] તેમ તેમનાં વતનનો પ્રદેશ પણ જુદો જુદો જ છે (જુઓ ષષ્ઠમ ખંડે પ્રથમ પરિચ્છેદની હકીકત) એટલે તેમની ઓળખ માટે જે મુશ્કેલી વેઠવી પડવાનો ભય બતાવાયો છે તે બહુ આધારભૂત નીવડવા વકી નથી. (પૃ. ૨૯૯ ઉપરનું કે. હિ. ઈ. નું તથા પૃ. ૩૦૦ ઉપરનું કે. આં. રે. નું ઈંગ્રેજી અવતરણ જુઓ તથા તે બંનેની હકીકત સરખાવો ).

આ પ્રમાણે ઇરાનની મૂળ ગાદીમાંથી કેવી રીતે ઇન્ડો પાર્થીઅન્સ છૂટા પડયા તેનો ઇતિહાસ જાણ્યો. હવે અહીંથી ભારતીય ઇતિહાસ સાથેનો તેમનો સંબંધ શરૂ થયો ગણાશે. તેમાંનાં દરેકનું એક પછી એકનું જીવનવૃત્તાંત જેટલે દરજ્જે જાણી શકાયું છે તેટલાનું વર્ણન કરીશું.

---

(૫૪) કે. શો. ઇ. પૃ. ૬૬—Saka is the Indian form for Scythian and Pahalva for Parthian: સિથીઅનનો હિંદી શબ્દ શક છે અને પાર્થીઅનનો પહ્લવ છે.



# અષ્ટમ પરિચ્છેદ

## પાર્થીઅન્સ (ચાલુ)

**ટૂંક સારઃ—**

(૧) **મોઝીઝ**–ઇરાનના મૂળ શાહી કુટુંબ સાથે તેનો બતાવી આપેલ લોહી-સંબંધ–વિદ્વાનોએ તેને, તેમજ તેની પાછળ આવેલ એક બેને સંવત્સરપ્રવર્તક તરીકે માનેલ છે તે હકીકતના સત્યાસત્યની લીધેલ તપાસ–હિંદમાં તેના પ્રવેશમાર્ગ વિશે આપેલ સમજણ તથા તે ઉપરથી પાર્થીઅન અને શક વચ્ચેનો બતાવી આપેલ ભેદ–તેના હોદ્દા વિશે દૂર કરેલ કેટલીક ગેરસમજૂતિ તથા તેના રાજ્યવિસ્તારનું કરેલું વર્ણન–

(૨) **અઝીઝ પહેલો**–તેના સમયની ઉપાડેલી ચર્ચા–તેનાં કારકિર્દી, સિક્કા તથા સંવત્સર સંબંધી આપેલો ખ્યાલ–અહીંના તેના પૂર્વજોએ ઇરાનની મૂળગાદી પ્રત્યે બતાવી આપેલ શુભ ભાવનાનું પ્રતીક–

(૩) **અઝીલીઝ**–તેના રાજ્યાધિકારનું આપેલું કાંઇક વર્ણન–

(૪) **અઝીઝ બીજો**–તેનો રાજઅમલ કેવો હતો અને કેવો મનાયો છે તે બેની વચ્ચેની અસંગત હકીકતો—

(૫) **ગોંડોફારનેસ**–તેનો પ્રભાવિક વહીવટ તથા તેના સમયે બે શાખાનું થયેલ જોડાણ–તેના વહીવટ બહારની કરેલી બે ત્રણ વાતો–કુદરતે કરેલી નવાજેશથી હિંદની અને ઇટાલીની થઇ પડેલી સ્થિતિ—

આ સર્વેનો રાજ્ય વિસ્તાર તથા તેમના ધર્મ સંબંધી આપેલ સમીક્ષા—

## ( ૧ ) મોઝીઝ ( Mauses ); મોઝ ( Maues ): મોગ

આ ત્રણે એક જ વ્યક્તિનાં નામ છે તે ઇતિહાસપ્રસિદ્ધ બીના થઇ ગયેલી હોવાથી તેની સિદ્ધિ–અસિદ્ધિમાં ઉતરવાની જરૂરિયાત રહેતી નથી, એટલે આપણે પણ વિના ચર્ચાએ તેનો સ્વીકાર કરીને બીજા મુદ્દાની ચર્ચામાં ઉતરીએ.

**તેનાં નામ તથા સમય**

પહ્‌લ્વાઝ અને પલ્લવાઝ એક જ પ્રજા માટે વપરાયલા જુદા જુદા શબ્દો નથી: તેમજ ઇન્ડો પાર્થીઅન્સ અને ઇન્ડો સિથિયન્સ પણ એક નથી: પણ મૂળ ગાદીપતિ ઇરાનના પહ્‌લ્વાઝ અથવા પાર્થીઆમાંથી સ્વતંત્રતા મેળવીને જુદા પડેલ તેમના ખંડિયા–રાજા અથવા જમીનદારો છે. આ બે મુદ્દા બહુ જ વિસ્તાર પૂર્વકના વિવેચનથી આપણે સ્પષ્ટ કરી બતાવ્યા છે. જો કે હજુ ઇન્ડો પાર્થીઅન્સ અને ઇન્ડો સિથિયન્સવાળો મુદ્દો કાંઇક વિશેષ સ્પષ્ટીકરણ માંગે છે; પણ જ્યાંસુધી સિથિયન્સ પ્રજાનો ઇતિહાસ આળેખવા સુધી આપણે નથી પહોંચ્યા ત્યાંસુધી ઇન્ડો સિથિયન્સમાંથી તેમની (ઇન્ડો પાર્થીઅન્સ) ઓળખ કેમ છૂટી પાડવી તે કેટલેક દરજ્જે સમજાવી ન પણ શકાય, એટલે ત્યાં સુધી આપણી જિજ્ઞાસાને કાબૂમાં રાખવી પડશે. છતાં ઇન્ડો પાર્થીઅન્સના આ પરિચ્છેદે જે કાંઇ આપણે કરી શકીશું તે એટલું જ કે, જ્યાં જ્યાં તેવી હકીકત આવશે ત્યાં ત્યાં અંગુલિનિર્દેશ[૧] કરવા ચૂકીશું નહીં. આ સ્થિતિએ પહોંચવાથી આપણને હવે ઉમેદ રહે છે કે, ઇન્ડો પાર્થીઅન શહેનશાહનાં વૃત્તાંત લખવામાં મોટા ભાગે સરળતા થઇ પડશે.

આપણે પૃ. ૩૦૨ ઉપર જણાવી ચૂકયા છીએ કે મિથ્રેડેટસ બીજો–ધી ગ્રેઇટ અથવા આરસેકસ નવમો–ના રાજ્યે પાર્થીઅન સામ્રાજ્ય અતિ વિસ્તારવંત થવા પામ્યું હતું. તે વખતે શક પ્રજા ઉપર પાર્થીઅન સામ્રાજ્યનું કાયમનું ઉપરીપણું ઠસાવી દેવાયું હતું. પણ મિથ્રેડેટસના મરણ બાદ પાછા નબળા રાજાઓ આવતાં જ, કાંઇ ગડબડ થવા પામી હોય તે બનવાજોગ છે; કેમકે જે પ્રજાએ સ્વતંત્રતાની મજા–મીઠાં ફળ ચાખ્યાં હોય તેનાથી, કોઇની તાબેદારી કે સત્તાની ધૂન, લાંબો વખત જીરવી શકાય નહીં. તેથી તેમણે ચળવળ કરવા માંડી હોય; એટલે સંભવ છે કે આ શક પ્રજા ઉપર અમલ કરવાને મોઝીઝ નામના સરદારની નિમણુક થઇ હોય, પછી તે નિમણુક ચાહે તો મિથ્રેડેટસના અમલે જ, રાજ્યનો વિસ્તાર વધી જવાથી તેને લગતો પ્રાંત જુદો પાડીને રાજ્ય વહીવટ ચલાલવા માટે કરવામાં આવી હોય કે ચાહે તો મિથ્રેડેટસના મરણ બાદ આ શક પ્રજાના પ્રાંતની રાજદ્વારી સ્થિતિ હચુપચુ થતાં, તે ઉપર કાબૂ બેસારવા માટે કરવામાં આવી હોય. બેમાંથી ગમે તે પ્રસંગ અનુકૂળ થયો હોય, પણ મોઝીઝને કાંઇક સત્તા આપી થોડા અંશે પણ પાર્થીઆના શહેનશાહના એક મુખ્ય અમલદાર જેવો–ક્ષત્રપ દરજ્જાનો–બનાવવામાં આવ્યો હતો ખરો જ. વિશેષ સંભવ પ્રથમનો સંયોગ હોવા તરફ જાય છે; કેમકે, પ્રાંત જુદો પાડીને છૂટો વહીવટ કરવો હોય તો જ સ્વતંત્ર અમલદાર નીમવો પડે; નહીં કે ડામાડોળ સ્થિતિ થઇ પડી હોય ત્યારે કાબૂ બેસા-

(૧) જ્યાં તેવો પ્રસંગ ઊભો થશે ત્યાં આ ટીકાની સાક્ષી આપવામાં આવશે.

રવા માટે. ખરી વાત એ છે કે, રાજદ્વારી પરિસ્થિતિ બગડતી અટકાવવા માટે પણ કોઇ કોઈ વખત સ્વતંત્ર અમલદાર નીમવાની જરૂરિયાત ગણાય છે જ: પણ તેવા પ્રસંગે મોટા ભાગે શાહી કુટુંબના નબીરાની કે એકદમ અંગત સ્નેહીની જ ગોઠવણ કરવામાં રાજકીય ડહાપણ સમાયલું પીછાનાય છે. આ મોઝીઝને તેવો સંબંધ કોઇ પ્રકારે શાહી કુટુંબ સાથે હતો કે કેમ તે જણાયું નથી ! એટલે તેવી માહિતીના અભાવે આપણે વિશેષ અંશે[૨] માનવું રહે છે કે તેને શાહી કુટુંબ સાથે સંબંધ નહોતો, છતાં ધારો કે તે કડક સ્વભાવનો હશે અને તેથી મજબૂત હાથે કામ લઇ પરિસ્થિતિને એકદમ પહોંચી વળવાને સમર્થ હશે એમ વિચારી તેને ગોઠવવામાં આવ્યો હશે તો તેની વિરૂદ્ધમાં પણ બે કારણો જતાં દેખાય છે. એ કે (એક) જો તેવો શક્તિશાળી પુરુષ તે હોય તો, પરિસ્થિતિ અંકુશમાં લેવાનો પ્રયત્ન કરવા કરતાં તો તે ભૂમિને પોતા માટે જ મેળવી લઇ સ્વતંત્ર ગાદીપતિ બની જવાનો જ લોભ તે સેવે અને (બીજું) એ કે, પરિસ્થિતિ સાચવી લેવા માટે હમેશાં હાથના કાંડાના જોર કે પરાક્રમ કરતાં વિશેષમાં તો બુદ્ધિકૌશલ્યની-કાબેલિયતની-રાજપટુતાની જરૂર રહેલી ગણાય. અને તે માટે ઉપરનો પ્રશ્ન પણ વિચારવો જ રહે છે. તે આ સમયે કેટલી ઉમરે પહોંચ્યો હશે તે નક્કી કરવાનું સાધન આપણે ધરાવતા નથી; પણ માનવાને કારણ રહે છે કે, તેનો એકંદર અમલ અડધી સદી સુધી લંબાયો છે એટલે સત્તાસૂત્ર ધારણ કર્યાં હોય ત્યારે બહુ મોટી ઉમ્મરનો નહીં જ હોય-(આ મુદ્દો તે રાજકુટુંબ સાથે લોહીગ્રંથીથી જોડાયો હોય એમ અનુમાન કરવા તરફ લઇ જાય છે)[૩] -છતાં મનુષ્યના આયુષ્યની હદનું કોઇ પ્રમાણ નિશ્ચિત થયેલ ગણાતું નથી એટલે તેની નિમણુક કરતી વખતે તે આધેડ વયનો-ચાળીસ વર્ષ વટી ગયાનો પણ હોય. કહેવાનું તાત્પર્ય એ છે કે, બન્ને બાજુ ધારવામાં, થોડાં થોડાં કારણો તરફેણનાં તેમ જ વિરૂદ્ધનાં નજરે તો પડે છે જ. એટલે નિશ્ચિતપણે કાંઇ કહી શકાતું નથી. પણ દરેક મુશ્કેલીનો અંત આવે, અને સાથે સાથે આપણે દોરેલી કલ્પના પણ સહીસલામત પાર ઉતરી જાય તે માટે એમ ધારી લઇએ કે, તે પાર્થીઆના રાજકુટુંબ સાથે સગપણ સંબંધ ધરાવતો હતો, અને તેથી ભરયુવાનીમાં અથવા તો પચીસથી ત્રીસ વર્ષની ઉમર હોવા છતાં યે તેની નીમણુક મિથ્રેડેટસ ધી ગ્રેઇટના રાજઅમલે કરવામાં આવી હતી. એટલે કે, તે સમયે તો માત્ર વહીવટ કરવાના હેતુસર જ તે પ્રાંત ઉપર તેને ગોઠવ્યો હતો; પણ ત્યાં ક્ષત્રપ તરીકે થોડાં વર્ષ તે રહ્યો હશે તેવામાં, મિથ્રેડેટસનું મરણ થતાં અને નબળા ભૂપતિઓ શહેનશાહ બનતાં, થોડા વર્ષ પૂર્વે જ જીતાયલી તે શક પ્રજાએ જ્યારે સ્વતંત્ર થવાને બળવો જગાડયો હતો ત્યારે તેણે જ પોતાના રાજકુટુંબને વફાદાર રહીને અને તે પ્રાંતના ક્ષત્રપ તરીકેના રાજવહીવટદારનો પોતાનો નોક જાળવવાને, સખ્ત હાથે કામ લીધું હતું તથા બધે શાંતિ સ્થાપી દીધી હતી. આપણી આ માન્યતાને, તેણે ઉત્તર જીવનમાં બતાવેલાં વર્તનથી સમર્થન પણ મળે છે: સઘળા સંયોગો જો ઉપર પ્રમાણે સાબિત થતા લેખાય તો તેની

(૨) વિશેષ અંશે એટલા માટે લખવું પડયું છે કે, બીજી કેટલીક પરિસ્થિતિ વિચારતાં રાજકુટુંબ સાથે તેને સંબંધ હોય એમ પણ માનવું રહે છે. જુઓ નીચેની ટી. નં. ૩.

(૩) સરખાવો ઉપરની ટીકા નં. ૨ તથા તથા તેના ઉત્તર જીવનનું વૃત્તાંત.

રાજસત્તાનો આરંભકાળ મિથ્રેડેટસના રાજઅમલમાં જ થયો ગણાય. મિથ્રેડેટસનો સમય ઇ. સ. પૂ. ૧૨૩ થી ૮૮ લેખાયો છે. એટલે જે કેટલાકની ગણત્રી મોઝીઝનો સમય ઇ. સ. પૂ. ૧૨૦ આસપાસ શરૂ થયો હોવાની થાય છે તેમાં વિશેષ સંભવિતપણું દેખાય છે. આપણે ઇ. સ. પૂ ૧૧૫ ઠરાવીએ તો ઠીક ઠીક ગણાશે. આ સમયે તો તે માત્ર ક્ષત્રપ જ થયો છે. અને તેનો સત્તાપ્રદેશ પણ હિંદની બહારનો જ છે. એટલે આપણા સ્થાપિત સિદ્ધાંતથી ઉપરવટ થઇને આ વિષય નક્કી કરવા કે તે ઉપર લાંબી લટાપટમાં ઉતરવા આપણે જરૂર જ નહોતી; પરંતુ તેનો રાજઅમલ હિંદમાં જે માત્ર ટૂંક વખત જ ટકવા પામ્યો છે તથા તેની પાછળ ગાદીએ આવનાર બીજા ઇન્ડોપાર્થીઅન શહેનશાહો જે થઇ ગયા છે તેમનાં વૃત્તાંત ઉપર કાંઇક અસર પહોંચાડનાર આ બીના હોવાથી, અત્રે તે છણી લીધી છે.

જો કે તેનો સત્તાકાળ પાર્થીઅન શહેનશાહના સત્રપ[૪] તરીકેનો ઇ. સ. પૂ. ૧૧૫ થી આરંભ થતો ગણાવ્યો છે, પણ હિંદના ભૂપતિ તરીકે તો લગભગ ઈ. સ. પૂ. ૮૮ બાદ કેટલાંય વર્ષે[૫] (મારી સમજ પ્રમાણે ઇ. સ. પૂ. ૮૦ કે ૭૯ માં આવે છે) તેની શરૂઆત થાય છે અને પછી બે એક વર્ષમાં જ તેનો અંત આવી જાય છે. એટલે હિંદના પાર્થીઅન શહેનશાહ તરીકે તેની કારકીર્દી માત્ર બે કે ત્રણ વર્ષ જ કહી શકાશે; જ્યારે એકંદર તેનો શાસનકાળ ૧૧૫ થી ૭૭ સુધીનો[૬] ૩૫ થી ૪૦ વર્ષનો ગણી શકાય તેમ છે. અને ત્રીસેક વર્ષની ઉમરે તે રાજકારણમાં જોડાયો હોય તો લગભગ ૭૦ થી ૭૫ ની ઉમર સુધી પહોંચ્યો કહેવાય. તેના રાજ્યનો અંત તેના મરણથી જ આવ્યો છે એમ માનવું પડશે.

**તેને શક કહેવાય કે?**

ઉપરમાં પૃ. ૩૦૨ માં કે. હિ. ઇ. ના મત પ્રમાણે એવી નોંધ લેવાઇ છે કે મિથ્રેડેટસ બીજાના સમયની આસપાસ ઇરાનમાં એક મોટી રાજક્રાંતિ થઇ હતી અને ત્યારથી તેના શહેનશાહી વંશના ત્રણ વિભાગ પડી ગયા હતા. એક વિભાગે અસલ ગાદી ઉપર રહી રાજ્ય ચલાવવું જારૂ રાખ્યું, બીજા વિભાગે હિંદમાં જઇ સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું અને ત્રીજા વિભાગે ઇરાનના અગ્નિખૂણે આવેલા સિસ્તાન પ્રાંત ઉપર

(૪) સત્રપ તે ઇરાની ભાષાનો શબ્દ છે. જુઓ ડેરિઅસના રાજ્યે આવી ૨૦ સત્રપી પાડવામાં આવી હતી તે વૃત્તાંત (પુ. ૧, પૃ. ૭૨ ટી. નં. ૫)

(૫) કે. હિ. ઈ. પૃ. ૫૭૦:-The precise date of Mauses cannot at present be determined-મોઝીઝનો ચોક્કસ સમય તો વર્તમાન સંજોગમાં નક્કી કરી શકાતો નથી. (આ કથન તેની સત્તાના પ્રારંભને અંગે છે કે, હિંદમાં તેનો અમલ શરૂ થયાને અંગે છે તે બેમાંથી ગમે તે પ્રસંગ હોય પણ બન્નેનો સમય નિર્ણિત કરાયો નથી જ)

(૬) આ સમય પણ નિશ્ચિતપણે તો સાબિત થયો નથી જ; માત્ર કેટલાંક કારણસર (જુઓ આગળ ઉપર અઝીઝના વૃત્તાંતે) તેના પાછળ આવનાર અઝીઝના રાજ્યનો આરંભ વિદ્વાનોએ ૭૮ માં ઠરાવી દીધો છે એટલે મોઝીઝના રાજ્યનો અંત ૭૮ માનવો પડયો છે; તેથી મેં પણ અંદાજ તરીકે તેને સ્વીકારી લઈ અહીં તે માન્યતાને ઉતારી છે.

કે. હિ. ઇ. ના લેખકે (જુઓ પૃ. ૫૭૦-૭૧ માં) વળી તદ્દન જુદો જ સમય બતાવ્યો છે. તે નીચે પ્રમાણે છે.

| | | વર્ષ |
|---|---|---|
| મોઝીઝ- | ઈ. સ. પૂ. ૭૫ થી ૫૮ | =૧૭ |
| અઝીઝ- | ,, ૫૮ થી ૪૭ | =૧૧ |

(જુઓ બુદ્ધિપ્રકાશ પૃ. ૭૬. પૃ. ૯૯)

હકુમત સ્થાપી[૭] દીધી હતી. આ ત્રીજો, વખત જતાં બીજા વિભાગની પેઠે પોતે, પણ હિંદમાં સ્વતંત્ર થઇ જતો. તેમાં પહેલા બે વિભાગ વિશે કશી શંકા પણ રહેતી નથી તેમ સ્પષ્ટ સમજી શકાય તેવી સ્થિતિવાળા છે; જ્યારે ત્રીજો વિભાગ શંકાસ્પદ લાગે છે. જો તેમના કહેવાની મતલબ એમ થતી હોય કે, બીજો વિભાગ જેને આપણે ઈન્ડોપાર્થીઅન તરીકે ઓળખાવ્યો છે, તેની જ પેઠે ઈન્ડોસિથિયનવાળો. શક પ્રજાવાળો ત્રીજો ભાગ, પણ હિંદમાં ઉતરીને સ્વતંત્ર રીતે બાદશાહી પદ ધારણ કર્યો જતો હતો, તો તે સમીચીન નથી; કેમકે આપણે જે હવે પછીનો પરિચ્છેદ તેમના વૃત્તાંત માટે છૂટો પાડયો છે તેમાંની હકીકતથી સાબિત કરીશું કે, તેઓનો ઉતાર પાર્થીઅન પ્રજામાંથી થયો જ નથી: એટલે કે તે બન્ને પ્રજા ભિન્ન જ છે.[૮] બાકી જેમ હિંદ સાથે પહલ્વાઝના રાજકીય સંધાન વાળા પારાના અંતભાગે પૃ. ૩૦૩ ઉપર જણાવાયું છે તેમ તેનો ઉદ્દ્ભવ પાર્થીઅન સમ્રાજ્યમાંથી થયો છે એટલું સત્ય છે. એટલે પાર્થીઅન પ્રજા તરીકેનો હિસાબ ગણતાં બે વિભાગ પડયા કહેવાશે. જ્યારે પાર્થીઅન સામ્રાજ્યના હિસાબે ત્રણ ભાગ થયા કહેવાશે; પણ તેમણે તો બીજી રીતે તે વિભાગ પાડયા દેખાય છે. તેમનું કથન બાદશાહી દરજ્જાના ત્રણ રાજકર્તાઓ આશ્રયીને થાય છે તો તે પ્રમાણે તો માલૂમ પડતું નથી; કેમકે ઇન્ડોસિથિયન પ્રજાના રાજકર્તાઓએ ઇન્ડોપાર્થીઅનની પેઠે કદી પણ બાદશાહી ઇલ્કાબ[૯] ધારણ કર્યો જ નથી. તેઓ માત્ર 'રાજા' કે તેવા સાદા બિરૂદથી જ સંબોધાયા છે મારો કહેવાનો તાત્પર્ય એ છે કે, જે હિસાબે ગણો તે પ્રમાણે, પાર્થીઅન પ્રજામાંથી કે સામ્રાજ્યમાંથી બે વિભાગ જ ઊભા થયા હતા એમ કહી શકાશે; નહીં કે ત્રણ.[૧૦] ત્યારે પ્રશ્ન એ થાય છે કે, તેમણે ત્રણ વિભાગ પાડયાનું અનુમાન દોર્યું કયા કારણે? અને તે કારણ સાચું છે કે ખોટું? તેમજ તે અનુમાને હિંદી ઇતિહાસને કાંઇ અન્યાય કર્યો છે કે કેમ? તપાસ કરતાં તેમનું મંતવ્ય જે માલૂમ પડે છે, તે આ પ્રમાણે છે.[૧૧] The first three Saka sovreigns who succeeded to the dominions of Yavana (Greek) Kings on the N. W. Frontier Provinces and the Punjab were Mauses, Azez I and Azilises... The assumption of the Imperial title "King of Kings" by these Saka and Pahalva sovereigns is most significant and testifying in a manner, which cannot be mistaken (to the diminished power of Parthia at this period)=યવન રાજાઓના, વાયવ્ય ખૂણાના સરહદી પ્રાંતો તથા પંજાબ ઉપર જે ત્રણ શક બાદશાહોની સત્તા જામી હતી તે મોઝીઝ, અઝીઝ પહેલો અને અઝીલીઝ હતા...આ શક અને પહ્લવી મહારાજાઓએ, 'શહેનશાહ' નું ગૌરવ દર્શાવતો બાદશાહી ઇલ્કાબ જે ધારણ કર્યો છે તે ઘણો જ અર્થસૂચક છે, અને તે સમયે પાર્થીઆની સત્તાની ઓટ

(૭) જુઓ પૃ. ૩૦૩ ટી. નં. ૫૪ ની ટીકા

(૮) જુઓ પૃ. ૩૦૩ ના છેડાની હકીકત.

(૯) આ ઉપરથી સાબિત થશે કે ઇન્ડોસિથિયન અને પાર્થીઅન્સને રાજકીય સંબંધ હતો નહીં. ઈન્ડોસિથિયનના રાજકર્તાઓ સ્વતંત્ર જ છે: સરખાવો ઉપરની ટીકા નં. ૧.

(૧૦) સરખાવો પૃ. ૩૦૨ ની ટીકા નં. ૫૨ તથા ૫૩

(૧૧) જુઓ કે. હિ. ઇ. પૃ. ૫૬૯.

હતી તેનું વિસ્મરણ ન થાય તેવી રીતે સાક્ષી પૂરી પાડે છે. આ વાક્યમાં ઘણી ઘણી વાતો સંદિગ્ધપણે તેમણે ઉચ્ચારી છે: જેમકે (૧) કેમ જાણે સરહદી પ્રાંતો અને પંજાબ ઉપર જ યવનોની સત્તા જામી હતી અને તેથી આગળે નહીં ને પાછળ નહીં,[૧૨] અથવા તો શક બાદશાહોએ જો મુલકો મેળવ્યા હોય તો તે આટલા પ્રાંતો જ હતા અને તેથી વિશેષ નહોતું[૧૩] (૨) અઝીલીઝ પછી અઝીઝ બીજો તથા ગોંડોફારનેસ પણ બાદશાહ થઇને હિંદની ગાદી શોભાવી ગયા છે. તેમનાં નામ તેમણે કેમ ગણાવ્યા નહીં હોય ? પણ માત્ર પહેલાં ત્રણનાં જ નામ[૧૪] લીધાં છે. (૩) એક વખત શક બાદશાહ[૧૫] તરીકે તેમનાં નામ જણાવે છે જ્યારે બીજા જ વાક્યે શક અને પહલ્વાઝ[૧૬] તરીકે તેમની પીછાન કરાવે છે. એટલે કાંતો તે બન્ને પ્રજાને એક માને છે, અથવા તો બેની વચ્ચેના ભેદની તેમને પોતાનેજ ખબર નથી (૪) શહેનશાહ, બાદશાહ કે અન્ય ગૌરવવંતો ઇલ્કાબ વિગેરે કોને કોને લગાડવામાં આવતો તથા કઇ સ્થિતિ પ્રાપ્ત થયા બાદ તેમાં ફેરફાર થતો તે વિશે પણ ભેદભાવ નહીં બતાવતાં,[૧૭] મોઘમ જ ઉચ્ચાર કર્યો છે. આ પ્રમાણે ચારેક મુદ્દા જે મુખ્યપણે ધ્યાનમાં રાખવા યોગ્ય છે તેનો અહીં નિર્દેશ કર્યો છે. તે વિશેની તેમની માન્યતા કયા કારણસર હોઈ શકે અને સત્ય છે વા અસત્ય છે તેની સમજૂતિ પણ ટીકા નં. ૧૨થી ૧૬ સુધીમાં આપી છે: એટલે હિંદી ઇતિહાસના જ્ઞાન પરત્વે કયાં ખામી આવી જાય છે તે પણ અમારા કહેવાં કરતાં વાચકવર્ગ પોતે જ સ્વયં વિચારી લેશે. એટલું જ નહીં, પણ આ ભેદભાવથી (શક અને પાર્થીઅનની ઓળખનો) તેઓ અજ્ઞાત હોવાથી તેમને પોતાને જ ઇતિહાસના આલેખનમાં કેટલીક મુંઝવણ પડી છે તેનો ખ્યાલ તેમના શબ્દોમાંથી પણ તારવી શકાય તેમ છે. આ

---

(૧૨) જ્યારે આપણે તો સાબિત કરી ગયા છીએ કે યવન અને યોન પ્રજાનું રાજ્ય ઠેઠ મથુરાના ઝાંપા સુધી પણ પહોંચી ગયું હતું (જુઓ ડીમેટ્રીઅસ અને મિનેન્ડરનું વૃત્તાંત) એટલે કે તેમનું કથન અસત્ય છે.

(૧૩) શક પ્રજાને આશ્રયીને કહેવાનો મુદ્દો હોય તો તે પણ ખોટું છે. (અહીં શક અને પહલ્વી પ્રજા એક જ ગણીને તેમણે કામ લીધું છે. જુઓ નીચેની ટીકા નં. ૧૫ તથા ૧૬. ) તે હકીકત આપણે આ પરિચ્છેદે આગળ ઉપર જોઈશું.

(૧૪) જો તેમનો આશય એમ હોય કે પહેલા ત્રણે જ આ પ્રાંતો ઉપર સત્તા ભોગવી હતી અને બાકીના બેએ નથી ભોગવી; તો તે પણ સત્યથી વેગળું છે. ઊલટું પ્રથમના ત્રણ કરતાં પાછળના બેનો રાજ્ય વિસ્તાર મોટો થયો હતો.

જો ઓલાદ પરત્વે તેમનું કથન હોય તો તે પણ ખોટું છે; કેમકે પાછળના બે તો જ્યારે શુદ્ધ રાજશાહી કુટુંબના હતા. ત્યારે પ્રથમના ત્રણ હજી જરા આઘે સગાઇના હતા.

કદાચ ગાદીના સ્થાન પરત્વે તેમનું કથન જો હોય તો તે પણ ઠીક નથી; કેમકે પાછળના બેના પાટનગર તરીકે મથુરા નગરી જ હતી.

(૧૫) આ પ્રજા શક નથી એમ ઉપરમાં જણાવ્યું પણ છે અને હજી જણાવીશું પણ ખરા. (જુઓ ઉપરની ટીકા નં. ૧૦)

(૧૬) શક અને પહલ્વાઝ જુદા છે એમ પાંચ પરદેશી પ્રજાની હકીકત જણાવતાં સાબિત કર્યું છે. ( જુઓ પૃ. ૧૪૩-૪૪ ) વળી અહીં તેમના વૃત્તાંતથી પણ ખાત્રી થશે કે બધી વસ્તુસ્થિતિ જ ભિન્ન છે. જુઓ ઉપરની ટીકા નં. ૧૦.

(૧૭) આ વિશેની સમજૂતિ આપણે ઉપરમાં પૃ. ૧૬૪ થી ૧૭૦ સુધી ખાસ પારિગ્રાફ છૂટા પાડીને આપી છે તે જુઓ. વળી પ્રસંગ પડતાં અવારનવાર તેને સ્પષ્ટ કરતાં પણ જવાય છે.

વિષય જોકે ઇતિહાસની અને સંશોધનની દષ્ટિએ અતિ મહત્ત્વનો છે, પણ સામાન્ય જિજ્ઞાસુને બહુ રસપ્રદ નથી એટલે જે જણાવવા જેવું છે તેનો છૂટો પારિગ્રાફ જ પાડીશું કે જેથી વાચકને તેટલો ભાગ છોડી દઇને આગળ વધવું હોય તો વિના ક્ષતિએ તેમ કરી શકશે.

**કયે રસ્તે હિંદમાં આવ્યા?**

હિંદની ઉત્તરમાં જેમ પર્વતની હારમાળા તેનું રક્ષણ કરી રહી છે, તેમ પશ્ચિમ ભાગ પણ તેવી જ પર્વતની હારમાળાથી રક્ષાયલો પડ્યો છે. એમાં ફેર એટલો જ છે કે, ઉત્તરે આવેલ હિમાલય પર્વત અતિ વિસ્તારવંત અને ઉચ્ચ તથા નિબિડ હોવાથી સામાન્ય રીતે અનુલંઘનીય છે જ્યારે પશ્ચિમ સરહદે આવેલા દક્ષિણ છેડેથી ગણાતા હાલ અને સુલેમાન પહાડો તથા હિંદુકુશ પર્વત એમ ત્રણે પ્રથમના હિમાલય કરતાં પ્રમાણમાં નાના, ઓછા પડથાળમાં પડેલા તથા કાંઇક આંતરો છોડીને આવેલ હોવાથી તે સર્વને વીંધીને પણ અવરજવર કરી શકાય છે. આવાગમન કરી શકાય તેવા માર્ગો તો પશ્ચિમ સરહદે અનેક છે, જેવાં કે મુલાપાસ, બોલનપાસ ( ક્વેટા જવાના માર્ગે ) સંગપાસ, ગુલનપાસ, કુરમપાસ, ખૈબરપાસ, ( પેશાવર પાસે ) ઇત્યાદિ ઇત્યાદિ; પણ ખૈબર અને બોલનપાસ બે વધારે ઉપયોગી છે. પ્રથમ દ્વારા અફગાનિસ્તાનનો અને દ્વિતીય દ્વારા બલુચિસ્તાનનો વ્યવહાર સાચવી લેવાય છે. ઇરાનવાળાને હિંદમાં જો આવવું હોય તો અફગાનિસ્તાનના રસ્તે થઇને ખૈબરપાસ સરળ પડે છે; પણ શિસ્તાન કે ઇરાનના દરિયા કિનારાવાળાને જો આવવું હોય તો ખુશ્કી રસ્તે બલુચિસ્તાનમાં થઇ બોલનપાસ સુગમ પડે છે અને તરી રસ્તે આવવું હોય તો ઇરાની અખાતનો આશ્રય લેવો પડે છે. આ ઉપરથી સમજાશે કે, ઇન્ડો-પાર્થીઅન્સને ખૈબરપાસનો રસ્તો અનુકૂળ પડે છે; કેમકે તેમનો અધિકાર અફગાનિસ્તાનના ઉત્તર પ્રદેશમાં જામ્યો હતો; જ્યારે ઇન્ડોસિથિયન્સને, તેમનું વતન અફગાનિસ્તાનના દક્ષિણ પ્રદેશમાં અને તેમના અધિકારનો મુલક ઇરાનની અગ્નિખૂણે તથા બલુચિસ્તાનમાં હોવાથી તેમને બોલનપાસ કે ઇરાની અખાત જ ફાવટ આવતો કહેવાય. એટલે જો ઇન્ડોપાર્થીઅન્સને હિંદમાં આવવું હોય તો પ્રથમ પંજાબમાં ઉતરવું પડે અને ઈન્ડોસિથિયન્સને આવવું હોય તો સિંધમાં ઉતરવું પડે. આ એક નિયમ થયો. હવે આ બેમાંની જો કોઇ પ્રજા હિંદ ઉપર ચડી આવે અને તેનો રસ્તો આપણને બરાબર રીતે જણાઈ આવે તો ઉપર દોરેલ નિયમાનુસાર આપણે ખાત્રીપૂર્વક કહી શકીએ કે તે પ્રજા અમુક જ હોવી જોઈએ.

કે. હિ. ઈ. ના લેખક, રાજા મોઝીઝને શકપ્રજાનો ( એટલે સિથિયન અથવા ઇન્ડોસિથિયન ) માનતા હોવાથી તેમનો હિંદમાંનો ઉતાર, સિંધ તરફ પ્રથમ થઇને પછી પંજાબ તરફ ( સિંધુ નદીદ્વારા જળમાર્ગે ) આગળ વધ્યો હશે એમ તે કલ્પે છે. અને એટલું તો દેખીતું જ છે કે મોઝીઝ તથા તેના અનુજોનો સત્તાધિકાર, અફગાનીસ્તાનના કાબુલ નદીવાળો પ્રદેશ, પંજાબ અને પછીથી સૂરસેન મથુરાવાળો ભાગ એટલે કે ઉત્તર હિંદનો હતો. જેથી સીંધ દેશમાં પ્રથમ ઉતરેલા તેમને માનીએ તો ઉપરના મુલકો ઉપર તેમનો અધિકાર કેમ જામી શક્યો તેની ઘડ ઉતારવી પડે જ. આનો રસ્તો કરવાં જતાં તેમને અનેક મુંઝવણ આવી પડી છે તથા પોતાની કલ્પનાને સત્ય ઠરાવવા કેટલીયે ભાંજગડ

અને ગડમથલ કરવી પડી છે તે તેમના મંતવ્યનાં જે ચાર પાંચ અવતરણો આ નીચે ટાંકી બતાવ્યાં છે તે ઉપરથી સ્વતઃ સમજી શકાશે. તેમણે જણાવ્યું છે કે–[૧૮] The Sakas reached India indirectly and that like the Pahalvas they came through Ariana (S. Afghanistan and Baluchistan) by the Bolan pass into the countries of the lower Indus–શક પ્રજા આડે રસ્તે થઇને હિંદ આવી હતી અને પહૂલ્વાઝની પેઠે એરીયાના[૧૯] ( દક્ષિણ અફગાનીસ્તાન અને બલુચીસ્તાન ) વીંધીને બોલનપાસ રસ્તે સિંધુ નદીના દક્ષિણ પ્રાંતોમાંથી પસાર થઇ હતી. Pahalvas are inseparably connected with the Sakas and......that the Indo-Scythia was the base, through which the Saka and the Pahalvas armies moved up the valleys of the Indus and its tributaries to attack the yavan kingdoms પહૂલ્વાઝ અને શક નિર્ભેળપણે હળીમળી ગયા છે......ઇન્ડોસીથીયા જ[૨૦] સંસ્થાન હતું જેમાં થઇને શક અને પહૂલ્વાઝ લશ્કર, સીંધુ નદીની ખીણ અને તેની શાખા નદીઓમાં આગળ વધ્યું હતું અને યવન રાજ્યો ઉપર ચડાઈ કરી હતી.[૨૧] The province of Indo-Scythia (Sind) appears to be very inadequately represented by coins (of Mauses). It may perhaps have been held by the viceroy together with Arachosia= ઇન્ડોસીથીયા (સિંધ)ના પ્રાંતમાં (મોઝીઝ) ના સિક્કાઓ (બરાબર સારી–રીતે ઘણા) બીલકુલ મળતા નથી. કદાચ એરેકોશીયા (કંદહાર જેની રાજધાની છે)ના વાઇસરોયની સત્તામાં તે પ્રાંત હશે. મતલબ કે, સિંધના પ્રાંતમાંથી મોઝીઝનો કોઇ સિક્કો મળી આવતો નથી એટલે તેમણે અનુમાન બેસાર્યું છે કે, તે પ્રાંત એરેકોશીયાના સૂબાના હાથ તળે હશે, જેથી સૂબા મોઝીઝના સિક્કા, બહુ ત્યારે તેની રાજધાની કંદહાર સુધી જે હજુ મળી શકે તે સમજી શકાય તેમ છે; પણ સિંધ જેટલા દૂરના પ્રાંતમાં તેની વપરાશ થઇ ન હોય; કારણ કે તે રાજધાનીથી બહુ છેટે આવ્યો કહેવાય.[૨૨] For a time the remnants of the two yavana houses in

(૧૮) જુઓ કે. હિ. ઇ. પૃ. ૫૬૪.

(૧૯) એરીયાના પ્રાંતની રાજધાની હેરાત શહેર હતું. (જુઓ પુ. ૨. પૃ. ૨૭૫). તથા તેમને ખૈબર પાસનો રસ્તો જ અનુકૂળ પડે છતાં ધડ ઉતરવા, જુદીજ કલ્પના તેમને બેસારવી પડી છે. તેમ કરતાં શું મુશ્કેલી આવી પડી છે તે હવે પછીના વાકયે જુઓ.

(૨૦) ઇન્ડોસીથીયા તે પ્રદેશ સમજવો કે જ્યાં સિંધુ નદી સમુદ્રને મળે છે. વળી ત્રિકોણ આકારે જે દુઆબ બન્યો છે તથા જેને શકદ્વીપ તરીકે ઓળખાવાયો છે ( જુઓ ઉપરમાં શકદ્વીપનું વર્ણન) તે સમજવો.

(૨૧) યવનોનું રાજ્ય તક્ષિલા અને પંજાબ ના ભાગમાં હતુ. હવે વિચારો કે હેરાતવાળાને પંજાબ ઉપર આવવું હોય તો ખૈબરઘાટમાં થઇને ઉતરવું ઠીક પડે કે હેરાતમાંથી પ્રથમ દક્ષિણ તરફ જાય ત્યાંથી બોલન રસ્તે સીંધમાં જાય અને ત્યાંથી પાછા નદી રસ્તે ઉત્તરમાં આવે અને પછી ચડાઈ કરે ! હબશીના ડાબા કાન જેવી વાત થઈ કે નહીં ? આ બધી મુશ્કેલીઓ જે તેમને વેઠવી પડે છે તે તેમની ખોટી કલ્પનાને સાચી ઠરાવવા માટેના પ્રયત્નરૂપ સમજવી.

(૨૨) કયાંથી મળે? મોઝીઝને તે પ્રાંત સાથે સંબંધજ કયાં હતો કે તેના સિક્કા ત્યાંથી મળી આવે ? કેવું સરસ અનુમાન ? તેના કરતાં એમ કાં ન કહેવું બરાબર મનાય કે સીંધ પ્રાંતને અને મોઝીઝના કારભારને કાંઈ લાગતુંવળગતું જ નહોતું.

the upper Kabul valley and in the Eastern Punjab seem to have been separated by the Saka dominions which lay between them in the valley of the Indus=[૨૩] થોડાક વખત માટે, કાબુલ નદીની ખીણના ઉપરના ભાગના તેમજ પૂર્વ પંજાબમાંના–એમ બન્ને યવન વંશના અવશેષો શકપ્રજાની ભૂમિથી છૂટા પડી ગયા દેખાય છે. જે પ્રદેશો તેમની અને સિંધુનદીના ખીણવાળા પ્રદેશની વચ્ચે ફાચડરૂપે આવ્યા હતા. એટલે એમ કહેવા માંગે છે કે, થોડાક વખત માટે યવન પ્રજાના જે બે ફાંટા પડી ગયા હતા તેમજ તેમની રહીસહી નામની જ સત્તા હતી. તેમાંનો એક ભાગ કાબુલ નદીના પ્રદેશમાં સત્તા ભોગવતો હતો; અને બીજો પૂર્વ પંજાબ ઉપર ભોગવતો હતો જ્યારે તે બેની વચ્ચે ફાચડરૂપે શક પ્રજાનું (મોઝીઝનું રાજ્ય કહેવાની મતલબ છે) રાજ્ય પડેલું હતું. આ કથન થોડીક ટીકા માંગે છે. પ્રથમ તો એમ જણાવવાનું કે, યવન પ્રજાના બે ફાંટા[૨૪] જે તેમણે કલ્પ્યા છે, તેવા ફાંટા જ પડ્યા નથી. માત્ર તેમને કલ્પના ગોઠવવી પડી છે, અને તે કલ્પના સાચી ઠરાવવા કેવી કેવી યુક્તિઓ બેસારવા પ્રયત્ન કરવો પડ્યો છે તે ટીકા નં. ૨૪ ની હકીકત વાંચવાથી સમજ પડી જશે. મતલબ કે, એક અસત્ય પુરવાર કરવાને કેટલાંયે અસત્યની પરંપરા ઊભી કરવી પડે છે. વળી લખે છે કે,–After the reign of Mauses, the house of Euthydemos was extinguished and yavana rule in the Punjab brought to an end=મોઝીઝના રાજ્ય પછી યુથીડીમોસનો વંશ નાબૂદ થયો છે; અને પરિણામે પંજાબમાંના યવન રાજ્યની સત્તા બંધ થઈ છે. ઉપરની કલ્પના અને તેને સત્ય ઠરાવવા બેસારવી પડતી ટીકા નં. ૨૯ માંની ઘડ જેટલી હાસ્યાસ્પદ છે તેટલી જ આ બીજી કલ્પના પણ છે; કેમકે

(૨૩) જુઓ કે. હી. ઈ. પૃ. ૫૭૦

(૨૪) ઉપર પૃ. ૧૪૫ માં યવન પ્રજાની વંશાવળી જુઓ. તેમણે જે કલ્પના બેસારી છે તે એવી ગણત્રીથી કે યુથીડીમોસ, ડિમેટ્રીઅસ અને મિનેન્ડરવાળો એક ફાંટો અને યુક્રેટાઈડઝવાળો બીજો ફાંટો. પણ ભૂલવું જોઈતું નથી કે યુથીડીમોસ બેક્ટ્રીઆની ગાદીએ હતો અને તેની પછી બેક્ટ્રીઆની ગાદી ઉપર યુક્રેટાઈડઝ આવ્યો છે: જ્યારે ડિમેટ્રીઅસ અને મિનેન્ડર તો હિંદમાં ગાદી સ્થાપીને રહ્યા હતા: એટલે બન્નેના વચ્ચે અધિકાર પરત્વેનો કાંઈ સંબંધજ નથી: વળી તેમનો સમય ઈ. સ. પૂ. ૨૦૦ આસપાસનો છે: જ્યારે મોઝીઝનો ઈ. સ. પૂ. ૮૦ નો છે: વચ્ચેનું અંતર એક સદી ઉપરાંતનું છે.

કદાચ રહી સહી સત્તાની વાત કહેવા માંગતા હોય તોયે, અને યવન પ્રજાની બે શાખા ગણતા હોય તોયે, બેક્ટ્રીઆની શાખાનો અંત ઈ. સ. પૂ. ૧૨૩ આસપાસ ગણ્યો છે (જુઓ તેના અધિકારે) અને હિંદીશાખાનો અંત ઈ. સ. પૂ. ૧૫૯ માં છે: જ્યારે મોઝીઝનું રાજ્ય ઈ. સ. પૂ. ૮૦ માં છે: એટલે બેની વચ્ચે ૫૦ થી ૭૫ વર્ષનું અંતર છે:

ત્રીજી વાત: કોઈ યવન પ્રજાનું રાજ્ય છૂટું છવાયું હતું જ નહી: વળી એકની હદ બીજાને અડીને રહી હતી: તેમ મોઝીઝનું રાજ્ય જે બેની વચ્ચે ફાચડરૂપે હતું એમ કહો, તો જ્યારે મોઝીઝની ગાદી મથુરામાં હતી, ત્યારે એક બાજુ તેનું રાજ્ય પંજાબની પશ્ચિમે, પછી પૂર્વ પંજાબમાં યવનનું અને તેની દક્ષિણે મથુરામાં પાછું મોઝીઝનું: એટલે એક પછી એકની, બીજી પછી બીજાની, ત્રીજી પછી પાછી પહેલાની, અને ચોથી પછી પાછી બીજાની એમ રાજ્યની વ્યવસ્થા હતી જે તદ્દન હાસ્યાસ્પદ લાગે છે: મોઝીઝનું રાજ્ય પણ અખંડ જ હતું તેમ વળી કોઈની ફાંચડ વચ્ચે નહોતી તેમ યવનનું રાજ્ય પણ અખંડ જ હતું.

આવાં અનેક કારણોને લીધે તેમની કલ્પના જ ખોટી ઠરે છે.

યુથીડીમોસનો વંશ નાબૂદ થઈ ગયા પછી જ તેના મુલક ઉપર, ઈરાનના-પાર્થીઆના શહેનશાહ મિથ્રેડેટસના પ્રતિનિધિ તરીકે તે મોઝીઝ પોતે જ અધિકાર ભોગવવા નીમાયો છે. એટલે કે, પ્રથમ યુથીડીમોસના વંશનો અંત છે, પછી મિથ્રેડેટસની સત્તાની જમાવટ છે અને છેવટે મોઝીઝનો કારભાર છે; ત્યારે અહીં તો એવી વાત કરવામાં આવી છે કે, જાણે મોઝીઝનો કારભાર પ્રથમ, પછી તેનો અંત અને છેવટે યુથીડીમોસના કુળનો અંત.* અત્રે એક વાત યાદ આપવાની જરૂર રહે છે કે, યવન પ્રજાના અનેક સરદારોનાં નામવાળા સિક્કાઓ આખા પંજાબ અને કાબુલ નદીના પ્રદેશમાંથી મળી આવ્યા કરે છે; જેથી આ સરદારો કોણ હશે, કયારે થયા હશે, કેટલો તેમનો રાજ્ય વિસ્તાર હશે ? આ બધી વસ્તુઓનો ઉકેલ કરવા માટે વિદ્વાનો એમ ઠરાવતા લાગે છે કે, બેકટ્રીઆના રાજ્યવંશના બે ભાગ જે પડ્યા હતા-યુથીડીમોસ અને યુકેટાઇડિઝના-તેમના વંશના તે નબીરા હોવા જોઈએ: જ્યારે ખરી વાત એ છે કે ઉપરમાં[૨૫] બતાવી ગયા પ્રમાણે, તે સર્વ સરદારોનાં સ્વતંત્ર રાજ્યો કદી થવા જ પામ્યા નથી. પણ તેઓ મૂળ ગાદીપતિના સૂબા-ક્ષત્રપ તરીકે વહીવટ ચલાવતા હતા; તેમજ તેમને પોત પોતાના મુલકમાં સિક્કા પડાવીને ચલાવવાનો અધિકાર અપાયો હતો. એટલે જ આવા ક્ષત્રપોના સિક્કા એક પ્રાંતમાંથી મળી આવવા ઉપરાંત તેને તે પ્રાંતમાંથી તેમના મુખ્ય શહેનશાહના સિક્કા પણ મળી આવ્યા[૨૬] કરે છે. બાકી જો તેઓ આવા ક્ષત્રપો હોવાને બદલે તેના સ્વતંત્ર રાજકર્તા જ હોત તો, યવન શહેનશાહની વંશાવળી જે સળંગ મળી આવે છે તેને બદલે તે ત્રૂટક ત્રૂટક થઇ જાત. પણ તેમ તો તો બન્યું જ નથી. એટલે તેમની કલ્પના પડી ભાંગે છે. હવે વાચકની ખાત્રી થશે કે, ઇન્ડોપાર્થીઅન્સને શક કે ઇન્ડોસીથીઅન માની લેવાથી કેટલી મોટી ગુંચવણ ઉભી થવા પામી છે તથા હીંદી ઇતિહાસને પણ સત્ય સ્વરૂપે સમજવામાં કેટલા પ્રતિબંધો નંખાયા છે. ધારૂં છું કે આ વિષય બહુ ઝીણવટથી છણાઇ ચુકયો છે. હવે તે બંધ કરીએ.

**તેનો હોદ્દો તથા રાજ્ય વિસ્તાર**

ઇરાની શહેનશાહનો વિસ્તાર વધી જવાથી વહીવટી સુગમતા જાળવવા સારૂ, સામ્રાજ્યના અનેક પ્રાંતો પાડી, દરેક ઉપર સત્રપ નીમવામાં આવતો હતો તે સંબંધી ઇસારો પુ.૧ પૃ. ૭૨-૭૩ ના ટિપ્પણમાં કરી ગયા છીએ; કે શહેનશાહ ડેરીયસના રાજ્યે આવી ૨૦-૨૪ સત્રપી હતી. દરેક પ્રાંતને તેઓ 'સત્રપી' કહેતા:[૨૭]અને મૂળ ગાદીપતિને પછી રાજા=King, કે બાદશાહ અથવા શહેનશાહ=Emperor કહેતા હશે. આ પ્રથા કયારે શરૂ થઇ અને કયારે બંધ થઇ તે

---

* જુઓ ઉપરની ટીકા નં. ૨૪.

(૨૫) જુઓ મિનેન્ડરનું વૃત્તાંત પુરૂ થયા પછી લખેલ હકીકત.

(૨૬) આમ ક્ષત્રપોને પોતાના સિક્કા પાડવાનો અધિકાર જે અપાયો હતો તેની સાથે મુખ્ય શહેનશાહનું નામ કે મહોરૂં પણ છાપવાનો રિવાજ હોત તો આપણને અત્યારે પડતી મુંઝવણનો સહેલાઈથી નીકાલ થઈ ગયો હોત.

(૨૭) સત્રપ શબ્દ ઈરાની-ફારસી ભાષાનો છે: જ્યારે ક્ષત્રપ શબ્દ ખરોષ્ઠી ભાષાનો સમજાય છે: બન્નેનો અર્થ એકજ છે. ભાષા ફેરને લીધે જ લિપિમાં ફેર દેખાય છે.

આપણે જાણતા નથી. પણ પાર્થીઅન શહેનશાહ મીથ્રેડેટસ બીજાના-ધી ગ્રેઇટના-સમયે મોટી રાજ્ય ક્રાંતિ થતાં,-કેમકે તે અરસામાં પાસેના બેકટ્રીઆ રાજ્યે જે યોન પ્રજાનો રાજા હેલીઓકલ્સ રાજ્ય કરતો હતો તેના વંશનો અંત આવી ગયો હતો એટલે ત્યાં રાજગાદી મેળવવા માટેની ગડબડ મચી રહી હતી—બેકટ્રીઆના રાજ્યનો કેટલોક ભાગ ખાસ કરીને હિંદ તરફ આવવાના માર્ગમાં વચ્ચે આવતો અફગાનીસ્તાનનો ભાગ, તેણે કબજે કરી લીધો હતો; અને તે જીતાયલા પ્રાંત ઉપર પોતાના પ્રતિનિધી તરીકે મોઝીઝ (Mauses) ને નીમ્યો હતો. આ મોઝીઝને સત્રપ-સૂબા તરીકે ન ઓળખાવતાં, રાજા તરીકે જ્યારે ઓળખાવાયો છે (જુઓ તેના સિક્કાઓ) ત્યારે અનુમાન થાય છે કે તેનો અધિકાર-દરજ્જો-સૂબા કરતાં વિશેષ હોવો જોઇએઃ વળી તેને સિકકા પાડવાની અને ચલાવવાની પરવાનગી પણ આપી છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કે તેની પદવી પણ ઉંચીજ હશે. આ બે મુદ્દા ઉપરાંત, ક્રાંતિના સમયેજ નવા જીતાયલા પ્રાંત ઉપર થયેલી તેની નિમણુંકનો પ્રશ્ન જ્યારે વિચારીએ છીએ, ત્યારે સહજ અનુમાન કરાય છે કે તે મૂળ ગાદીના રાજ-કુટુંબ સાથે ખાસ અંગત અથવા તો વિશેષ નિકટ સંબંધ ધરાવતો હોવો જોઇએ. વળી આ અનુમાનને પુષ્ટી કરનારાં કેટલાંક તત્ત્વ, ખુદ મોઝીઝના જ (જે નીચે લખેલ બનાવ ઉપરથી સમજાશે) જીવનમાંથી તેમજ તેના અનુયાયીઓએ પાળેલ રાજકીય સિદ્ધાંતોથી[૨૮] મળી આવે છે. કેમકે રાજા મીથ્રેડેટસનું મરણ ઈ. સ. પૂ. ૮૮માં થતાં તેની પાછળ જે બે ત્રણ બળહીન અથવા દમ વગરના નાના રાજાઓ ગાદીએ આવ્યા છે તથા જેમની તાબેની શિસ્તાન પ્રાંતમાં વસનારી શક પ્રજાએ, અવ્યવસ્થિત સ્થિતિ ઉભી કરી[૨૯] અથવા કહો કે ખળભળાટ મચાવી-બળવો ઉપાડયો છે, તે રાજાઓના સમયે રાજા મોઝીઝની તરફેણમાં રાજકીય વાતાવરણ એટલું બધું સાનુકૂળ થઇ પડયું હતું, કે જો તેણે ધાર્યું હોત તો પાર્થીઆની મૂળ ગાદી પણ હસ્તગત કરી લીધી હોતઃ પરંતુ તેવું કાંઈ પગલું ભર્યું નથી તે સ્થિતિજ બતાવે છે કે તે પોતે મૂળ ગાદીને વફાદાર અને નિમક-હલાલજ રહ્યો છેઃ એટલુંજ નહીં પણ તે બળવાને અંગે પાર્થીઆની રાજકીય પરિસ્થિતિ વિશેષ તંગ બનતાં છતાં પોતાના પ્રાંતનીજ પડખેની પશ્ચિમદીશા એ એટલે પાર્થીઆ તરફ ન વધતાં 'ખસીને માર્ગ આપવો અને શાંતિ સ્થાપવી'[૩૦] તે ન્યાયે ઉલટી દીશાએજ-એટલે પૂર્વતરફ હિંદની બાજુએજ-તેણે વધવાનું દુરસ્ત વિચાર્યું છે. આ પ્રકારના તેના વર્તનથી સમજાય છે કે તે રાજકુટુંબનોજ સભ્ય

(૨૮) જે તેમનાં આગળ લખેલ ચરિત્રના આલેખન ઉપરથી સમજાશે.

(૨૯) જુઓ પૃ. ૩૧૨ ઉપર ટાંકેલુ. કે. હી. ઇ. નું પૃ. ૫૬૭ નું ટાંકેલુ અવતરણ; ખાસ કરીને "After the reign of Mithradates.' વાળા શબ્દો

સમજાય છે કે આ ખળભળાટના સમયેજ શિસ્તાન-માંથી શક પ્રજાનું એક ટોળું હિજરત કરી હિંદમાં આવીને ક્ષત્રપ ભૂપકના રાજ્યે આવી વસ્યું હતુંઃ જેમાં ભુમકના પુત્ર નહપાણના જમાઇ રૂષભદત્તના પિતા તથા અન્ય કૌટુંબિકો પણ હોવા જોઇએ. ( વિશેષ અધિકાર શક પ્રજા તથા રૂષભદત્તના વૃત્તાંતને જુઓ.)

(૩૦) આ કલ્પના પ્રમાણેજ સંયોગો હોય અને હતા એમ દેખાય છે ( કેમકે તે બાદ પણ નાના નાના સમય સુધી રાજસત્તા ભોગવતાજ બાદશાહો ગાદીએ આવ્યા છે) તો બેધડક કહી શકાય કે તેમણે કૌટુંબિક પ્રેમ જાળવીને, અંદર અંદર લડતાં અને ગાદી મેળવવાનો પ્રયત્ન કરતાં (રાજ્યમાં ખળભળાટ હોય ત્યારેજ આવી સ્થિતિ હંમેશા ઉભી થાય છે) કુટુંબી જનોથી ખસી જવાનો માર્ગ લીધો હતો ( જેની ખાત્રી તેના અનુયાયીઓએ બતાવેલા વર્તન ઉપરથી મળી આવે છે.)

હોવા ઉપરાંત, ઉમદા સ્વભાવનો અને શાંતિ ઇચ્છુક વૃત્તિવાળો શાહી નબીરો હોવો જોઇએ. વળી તેના અનુયાયીઓએ જે મુળગાદી સાથેનો રાજકીય સબંધ સાચવીને સમાધાન વૃત્તિથી કામ લીધું છે તથા પોતાની શાખાને મૂળગાદી સાથે જોડી દેવાની અનુમતિ આપી છે, તે સ્થિતિ પણ ઉપરમાં દોરી બતાવેલા આપણા અનુમાનને ટેકારૂપજ નીવડે છે. આવી જ્યાં તેની (મોઝીઝની) મનોવૃત્તિ હોય ત્યાં તે પાર્થીઆમાં હતો ત્યારે પણ (એટલે મિથ્રેડેટસના મરણ બાદ ઇ. સ પૂ. ૮૮ થી થોડાં વરસ સુધી) તેનો દરજ્જો માત્ર રાજા(King)ઉપરથી વધારીને મહારાજા (Great King) બનાવાયો હોય તો પણ નવાઇ નથી: અને તેમ ન થયું હોય તોયે, જ્યારે તેણે હિંદ તરફ વધીને ત્યાંનો મુલક જીતી લઇ, પોતાની ગાદી મથુરામાં કરી છે ત્યારે તેણે પોતાની મેળેજ પોતાને મહારાજા=Great King (ઇરાનના મૂળ ગાદીપતિ અને શહેનશાહ જેઓ King of Kings પોતાને લખતા; તેનાથી પોતાનો દરજ્જો કાંઇક અંશે પણ ઓછો છે તે દર્શાવવા) અથવા મહારાજાધિરાજ=Great King of Kings તરીકે (એટલે કે ઇરાનપતિ શહેનશાહના જેટલાજ દરજ્જાવાળો) લેખાવા માંડયો હોય તો પણ સંભવિત છે. રાજા મોઝીઝના ભિન્ન ભિન્ન ઇલ્કાબો જેવા કે, રાજા (King), મહારાજા (Great King ) અને મહારાજાધિરાજ અથવા શહેનશાહ (King of Kings અથવા Great King of Kings)જે છે તે સર્વેનો ઇતિહાસ[૩૧] આ પ્રમાણે સમજવો. એટલે કે હિ. હિં. ના લેખકે જે જણાવ્યું છે[૩૨] કે—The Saka and Pahlva Kings repeat the Great royal title "King or Great King" but their normal style is "Great King of Kings" a title which is distincly Persian=શક અને પહલ્વ રાજાઓ,[૩૩] (પોતા માટે) રાજા અથવા મહારાજાના ગ્રીક રાજશાહી ઇલ્કાબો વાપરે છે ખરા, પણ તેઓનો વાસ્તવિક હોદ્દો તો "મહારાજાધિરાજ" નોજ[૩૪] છે, કે જે તદ્દન ઇરાની (ભાષાનો શબ્દ) છે," એટલે દરજ્જે વાત સાચી છેઃ પણ તેમના કહેવાનો ભાવાર્થ જો એમ હોય કે તેમણે ગ્રીક પ્રજાનું અનુકરણ અમુક પ્રમાણમાં જે કર્યું છે તે, આ પાર્થીઅન્સ લોકો ગ્રીકને તાબેદાર જેવા કેટલાક અંશે હતા તેના, તથા તેમની રાજકીય સ્થિતી તેવી હોવાના પરિણામ રૂપે હતું તો તે કથનનો સામા ધસીને આપણે અસ્વીકાર કરવો રહે છે; કેમકે આ સમયે (એટલે ઇ. સ. પૂ. ૮૦ ના સમયે) હિંદમાં તો શું, પણ હિંદની બહાર પણ અફગાનિસ્તાન, ઇરાન કે કદાચ તેથી પણ પશ્ચિમસુધી કયાંય ગ્રીક સત્તાનું નામ નિશાન-રાજયાધીકાર તરીકે હતુંજ નહીં. અને જો રાજ્યાધિકાર જ તેમનો ન હતો તો પછી તેના પરીણામરૂપ તે સર્વ ઇલ્કાબની ધારણા હતી

(૩૧) વળી આ હોદ્દાઓ, જુદી જુદી પ્રજા કયા સંજોગોમાં વાપરતી તથા તેમાં શું ભેદ ગણી શકાય છે તે વિષય આપણે ઉપરમાં સ્વતંત્ર પારીગ્રાફે સમજાવી દીધો છે. જુઓ પૃ. ૧૬૪ થી આગળની હકીકત.

(૩૨) જુઓ તે પુસ્તક પૃ. ૫૬૭

(૩૩) આમાં પહ્લવ રાજાની હકીકત જ છે એમ લેખવું. શક શબ્દ તો કે. હી. ઇ. ના લેખક આ પાર્થીઅન પ્રજાને શક ધારી બેઠા છે તેને લીધે તેમણે લખી વાળ્યો છે. ( જુઓ પૃ. ૩૦૩ ઉપરની ટીકા નં. ૫૪)

શક પ્રજાઓ તો પોતા માટે માત્ર 'રાજા' શબ્દજ લખતાઃ તેમણે કદી પોતાને, મહારાજા કે મહારાજાધિરાજ તરીકે લેખાવ્યાજ નથી (જુઓ તે માટે તેમના વૃત્તાંત)

(૩૪) આ શબ્દો જે તેમણે ઉચ્ચાર્યા છે તેજ

એમ પણ કયાંથી કહી શકાય? બાકી એટલું ખરૂં કે, ગ્રીક પ્રજાની સાથે પહલ્વ પ્રજાની જે ભેળસેળ—રાજકીય તેમજ સામાજીક—પૂર્વકાળે થઇ ગઇ ગઇ હતી તેની અસરના પરિણામ રૂપે અથવા તેમના રીત-રીવાજના અનુકરણ રૂપે તે બનવા પામ્યું હતું એમ[૩૫] કહેવાને હજુ વાંધો નથી. ઉપરમાં તેના હોદ્દા વિશેની સમજ આપતાં આપતાં આપણે જણાવી ગયા છીએ કે જ્યારે તે પ્રથમ હોદ્દા ઉપર આવ્યો, ત્યારે પાર્થીઆની પૂર્વનો નાનો ભાગ, જે મિથ્રેડેટસ ધી ગ્રેટે મેળવ્યો હતો તેના ઉપર વહીવટ કરવાને તે નીમાયો હતો. પછી ક્રમે ક્રમે મિથ્રેડેટસે અફગાનિસ્તાનની દક્ષિણના શિસ્તાન વિગેરે જીતી લઇને તે પ્રદેશ પણ મોઝીઝને સોંપ્યો. તેવામાં શિસ્તાનમાં બળવા જેવી સ્થિતિ થઇ અને બેકટ્રીઆના રાજવંશમાં પણ ઉથલપાથલ થઇ. એટલે મિથ્રેડેટસની આજ્ઞાથી, આગળ વધીને તેણે હિંદની હદ સુધીનો અફગાનિસ્તાનનો સર્વ ભાગ મેળવી લીધો. તેટલામાં ઇ. સ. પૂ. ૮૮ માં મિથ્રેડેટસ મરણ પામ્યો. તે બાદ ૨૮ વર્ષના ગાળામાં ચાર રાજાઓ ઇરાનના તખ્ત ઉપર બેઠા છેઃ તેમનો સમય મોટા ભાગે રાજ્યને અશાંતિમાં જ ગાળવો પડયો છે. રાજા મોઝીઝે થોડો સમય તો રાહ જોઇ કે, કોઇ રીતે બધું શાંત થઇને બેસી જાય છે કે નહીં. પણ સ્થિતિ સુધરતી ન જોઇ એટલે પોતે પૂર્વ તરફ હિંદ ઉપર જવાની તૈયારી કરી. કે હિ. ઈ. માં જણાવ્યું છે કે-[૩૬] Mauses invaded India after the end of the reign of Mithradates II when Parthia ceased to exercise any real control over Seistan and Kandahar=મિથ્રેડેટસ બીજાના (ધી ગ્રેટના) રાજ્ય અમલબાદ, જ્યારે સીસ્તાન અને કંદહાર ઉપરનો પાર્થીઆનો કાબૂ વાસ્તવિક રીતે બંધ થયો ત્યારે મોઝીઝે હિંદ ઉપર ચડાઇ કરી હતીઃ" આનો સમય પૃ. ૧૪૫ ના કોઠામાં તો ઇ. સ. પૂ. ૮૫ નો નોંધ્યો છે. પણ વિચાર કરતાં જણાય છે કે હજુ પણ એ પાંચ વર્ષ મોડો જ તે હિંદ ઉપર ચડી આવ્યો હશે. વળી પૃ. ૨૩૯ માં સાબિત કરી ગયા પ્રમાણે તક્ષિલા પતિ ક્ષહરાટ મહાક્ષત્રપ પાતિક જ્યારે યાત્રા કરવા મથુરા નગરીએ ગયો હતો ત્યારે તેની ગેરહાજરી નો લાભ લઈ ઇ. સ. પૂ ૭૮ માં તેણે ગાંધારપ્રાંત જીતી લઇ ગાદી પચાવી પાડી હતી. તેમજ કે. હી. ઇ. ના લેખકે જે જણાવ્યું છે કે,[૩૭] Maues had conquered Gandhar-Pushkalavati to the west of the Indus as well as Taxilla to the east=સિંધુ નદીની પશ્ચિમે આવેલી ગાંધાર-પુષ્કળાવતી (હાલનું પેશાવર) તેમજ પૂર્વની તક્ષિલા (રાજા) મોઝીઝે જીતી લીધી હતી; તે હકીકત પણ આ ઉપરથી સત્ય ઠરે છે. પરંતુ તેમણે અન્ય ઠેકાણે જે એમ પોતાનો અભિપ્રાય જણાવ્યો છે કે[૩૮] Any direct invasion from the north seems, in fact to be out of question=ઉત્તર દીશાએથી સીધી ચડાઇ કરી હોય તે વિશે ખરીરીતે પ્રશ્ન જ ઉભો કરવા જેવું રહેતું નથીઃ એટલે કે તે ઉત્તરેથી આવ્યો

---

એમ પુરવાર કરે છે, કે તેમણે વાત તો કરી છે પણ તેમનું અંતઃકરણ જરા સક્ષોભ અનુભવી રહ્યું છે કે આ પ્રમાણે સ્થિતિ કેમ હોય ?

(૩૫) ઉપરની ટીકા નં. ૩૪ સરખાવો.

(૩૬) જુઓ તે પુસ્તકમાં પૃ. ૫૬૯

(૩૭) જુઓ તે પુસ્તકમાં પૃ. ૫૭૦

(૩૮) જુઓ તેજ પુસ્તક પૃ. ૫૬૪

હોય એમ તેમનું માનવું થતું નથી. તેમનું આ કથન વ્યાજબી લાગતું નથી. કેમકે એક વખતે એમ કહે છે કે તેની સત્તા ઠેઠ કાબુલની ખીણ, હેરાત અને કંદહાર સુધી હતી અને બીજી વખતે વળી એમ કહે છે કે તેણે ગાંધારની પુષ્કળાવતી અને તક્ષિલા નગરીઓ પણ જીતી લીધી હતીઃ એટલે ભૂગોળનું જરાપણ જ્ઞાન ધરાવનાર કહી શકશે કે આવી સ્થિતિમાં તો તે કાબુલની ખીણમાંથી ખૈબર ઘાટના રસ્તે થઇને જ હિંદમાં પ્રવેશેલો હોવો જોઇએઃ છતાં તેમના જેવા ઇતિહાસના ઉંડા અભ્યાસી તેમ બન્યું હોવા વિષે—એટલે કે તે ઉત્તરમાંથી નહીં ચડાઈ લાવતા વિશે—શંકા બતાવે છે તથા વધારામાં કહે છે કે તે અફગાનિસ્તાનની દક્ષિણેથી બલુચિસ્તાનમાં જઈ ત્યાંથી બોલનઘાટ દ્વારા પ્રથમ સિંધ દેશ તરફ ઉતરેલ હતો અને ત્યાંથી જ સિંધુ નદીના જળ માર્ગે પંજાબમાં આવ્યો છે. તો આ કથન કાંઇક તપાસ માગે છે. તેમને આમ ઉચ્ચારવાનું શું કારણ મળ્યું હોવું જોઇએ ? એક જ જવાબ દેવો પડશે કે મોઝીઝને તેમણે શક પ્રજાનો ધાર્યો છે અને પોતાની માન્યતા સાચી ઠરાવવા કાજે આ બધી દલીલોનું ચક્ર તેમને ગોઠવવું[૩૯] પડયું છે તથા બુદ્ધિમાં ન ઉતરે તેવી વિગતો કલ્પનાથી ઉભી કરીને ગોઠવવી પડી છે. તેની પોકળતા આપણે પૃ. ૩૦૭—૧૦ સુધી વિસ્તાર પૂર્વક ચર્ચી છે ત્યાંથી જોઇ લેવી. એટલે અહીં પાછળ તેને તાજી કરવાની જરૂર રહેતી નથી.

આ પ્રમાણે ગાંધાર દેશ જીતી લીધા બાદ હિંદના એક રાજકર્તા તરીકે તેની કારકીર્દી શરૂ થઇ કહેવાય. તે પ્રાંત જીત્યા પછી ટૂંક સમયમાં જ આગળ વધીને તેણે, ક્ષહરાટ મહાક્ષત્રપના અધિકાર તળેનો બીજો સૂરસેન પ્રાંત જે હતો તે જીતી લીધો છે અને ત્યારથી પોતાની હિંદમાંની રાજધાની તરીકે તેણે મથુરાને પસંદ કરી છે. આ બન્ને જીતને ઇ. સ. પૂ. ૭૯ ના બનાવ તરીકે નોંધવી પડશે. તે પછી તુરત જ તે મરણ પામ્યો છે. તેની પાછળ 'અઝીઝ પહેલો' મથુરાપતિ થયો છે. મોઝીઝને અને અઝીઝને કાંઇ સગપણ સંબંધ હતો કે કેમ તે જણાયું નથી. પણ મારૂં માનવું એમ થાય છે કે બન્ને વચ્ચે પિતા પુત્રનો સંબંધ હોવો જોઇએ. તે બાબત આપણે આગળ ઉપર ચર્ચીશું. પણ અત્ર એક બીજો પ્રશ્ન વિચારવો રહે છે. શહેનશાહ મોઝીઝે એકજ વર્ષમાં પંજાબ અને મથુરા જીતી લીધાં અને ત્યાંના ક્ષહરાટ મહાક્ષત્રપો જેમનો અધિકાર ત્યાં ૩૦-૩૫ વર્ષો થયાં જામી પડ્યો હતો—તથા પ્રજાને કે તેમને પરસ્પર કોઇ દિવસ અથડામણી થઇ હોય એમ જણાયું નથી, તેમ તેમની શારીરિક નિર્બળતા, રાજકીય નાલાયકાત, કે વહીવટી કમ આવડત પણ ઇતિહાસમાં શોધી જડતી નથી—છતાં તે બન્ને પ્રદેશના રાજવીઓ કાંઇપણ સામનો કર્યા વિના કે તે સર્વેમાં અંદર અંદર ઝપાઝપી કે ખુનામરકી નીપજાવે તેવાં જંગી યુદ્ધ મચાવ્યા વિના, એકદમ તાબે થઇ જાય અથવા રાજ્યની લગામ આક્રમણકારને સોંપી દે, તે નહીં સમજાય તેવા પ્રસંગો કહી શકાય. જ્યાંસુધી કાંઇ મજબૂત પુરાવા કે સત્યશીલ હકીકતો જણાય નહીં ત્યાંસુધી તો માત્ર અનુમાન જ કરવાં રહે છે; તેમાંનું એક એમ લાગે છે કે, તક્ષિલાનો પાતિક અને મથુરાનો સોડાસ બન્ને મોટી વયે મહાક્ષત્રપ થયા હોવાથી તેમજ તેમનો રાજવહીવટ ૩૫-૩૫ વર્ષથી પણ અધિક કાળ ચાલેલ હોવાથી, લગભગ ૮૦-૯૦ વર્ષની ઉમરના થઇ ગયા હતા.[૪૦] વળી સંભ-

(૩૯) જુઓ ઉપરમાં દલીલ નં. ૨

(૪૦) તેમ તો સામા પક્ષે મોઝીઝ પણ ક્યાં

વિત છે કે, પુત્ર પરિવારથી વિહીન હશે. જેથી રાજ્ય ચલાવવાની ઉપાધિ મુકી દેવા ઇચ્છતા હોય, તેવામાં ઉપરનો બનાવ બન્યો હોય. એટલે તદ્દન શાંત અને નિરૂપાધિમય જીવન ગળાય તથા દરેક પ્રકારની સગવડ સાથે પોતાનો શાહી દરજ્જો પણ સચવાય, તેવી સરતો કરીને તેઓ સ્વર્ગગત થયા હોય. આ અનુમાન તરફ વધારે ઢળવા માટે એમ કારણ મળે છે કે તેઓએ પોતાની જીંદગીમાં જે ધાર્મિક કાર્યો[૪૧] કર્યાં છે તેનીજ નોંધ જ્યાં ને ત્યાં મૂકવાનું તેમણે હિતકર વિચાર્યું છે. જ્યારે રાજકીય મહત્ત્વદર્શક સ્મરણ કોઈ પણ ઠેકાણે ઉભું કરવાનું કે યાદગાર રહી જાય તેવું એકે પગલું ભર્યાનું જણાતું જ નથી. અત્યારે તો નજરે નથી પડતું. કદાચ શોધખોળ થતા ભવિષ્યમાં માલુમ પડી આવે તો ત્યારની વાત ત્યારે વિચારાશે: ઉપરાંત બીજું કારણ એમ કલ્પી શકાય છે કે યુદ્ધ અને ખુનખાર જંગ જામ્યો તો હશેજ. પણ કોઇ પ્રકારના સાક્ષી પુરાવા જે મળી આવતા નથી તેમાં મુખ્યપણે તેમની ધાર્મિકવૃત્તિજ જવાબદાર હશે: જે જૈન ધર્મના તેઓ અનુયાયી હતા તેમના સાહિત્ય ગ્રંથોની એક તો પૂરી સંરક્ષાજ થઇ રહી નથી: અથવા જે કાંઇ રક્ષણ કરાયું છે તે વિના પ્રકાશીત પડી રહ્યું છે. અથવા તો લડાઇમાં તે પોતેજ ખપી ગયા હોય; જેથી તેમના તરફથી તો કોઇ જાતનાં સ્મરણ ચિન્હ જાળવી રાખવાનું, વંધ્યાપુત્ર જેવુંજ કહેવાય. અને વિજેતાપક્ષ શહેનશાહ મોઝીઝનો જે રહયો તેમણે નોંધ તો કરી હોય પણ અત્યારે મળી આવતી ન હોય અથવા હોય તોયે ઇરાની રાજશાહી દફતરખાનામાં અટવાઈ પડી હોય. અથવા સામા-હારનાર-પક્ષ તરફ પોતે અન્યાય કરી રહ્યો હતો જેથી હૃદયના આંતરિક ડંખને લીધે-કેમકે તે પોતે ઉદાર ચિત્ત અને સંસ્કાર પૂર્ણ રાજવી હતો એમ તો ઉપરમાં જણાવી ગયા છીએ એટલે-બધી પરિસ્થિતિ શબ્દોચ્ચાર વિનાજ તેણે ચલાવી લીધી હોય. આવા સંજોગોમાં આ મહત્ત્વના બન્ને પ્રસંગો આ પક્ષે કે સામા પક્ષે કોઇ પણ જાતની ઇંધાણી રખાયા વિનાજ પસાર થઇ ગયા હોવા જોઈએ. બાકી રાજકારણની બાબતમાં નીતિ, અનીતિ કે હૃદયની લાગણી અને અંતઃકરણના અવાજને જેમ અત્યારે બહુ સ્થાન મળતું નથી તેવું તે સમયે પણ હશે કે કેમ, તે તો કહી શકાય તેમ નથીજ: એટલે સર્વ પક્ષની સ્થિતિના સારાસારનો વિચાર કરતાં મહાક્ષત્રપોની ધાર્મિકવૃત્તિ તથા સંસારથી વિરક્ત થઇ આધ્યાત્મિક જીવન ગાળવાના મનોરથોજ, તેમનાં ગાદીત્યાગનાં કારણરૂપ હોય તે વિશેષાંશે સંભવિત દેખાય છે. પણ એક ખુબી એ થઇ છે કે, જેમ ઇ. સ. પૂ. ૭૮ માં ઉત્તર હિંદના મહાક્ષત્રપોનાં બે જબરદસ્ત રાજ્યો પંજાબ અને સૂરસેનનાં એકદમ અદૃશ્ય થઈ ગયાં છે, તેમ માત્ર બીજાં ચાર વર્ષના જ અંતરે એટલે ઈ. સ. પૂ. ૭૪ માંજ ત્રીજુ ક્ષહરાટ સામ્રાજ્ય-મધ્ય હિંદના મહાક્ષત્રપ નહપાણનું-અવંતિપતિનું જે-ઉપરનાં બન્ને કરતાં સર્વ પ્રકારે ચડીઆતું હતું તે પણ કાળનાં મોમાં ઝડ-

---

નાની ઉમરનો હતો? તે પણ તેટલી જ ઉમરનો હતો: કદાચ બે પાંચ વર્ષે નાનો મોટો હોય: અરે ધારો કે નાનો જ હતો તો પણ લડાઈમાં ક્યાં રાજાએ ખૂદે જ લડવાનું હોય છે, તેમાં તો સૈનિકોએ જ યુદ્ધ ખેલવાનાં હોય છે, એટલે ઉપરનો પ્રશ્ન બહુ વિચારવા યોગ્ય આ કિસ્સામાં તો રહેતો નથી જ.

(૪૧) તેવાં કાર્યોમાં મથુરાના સિંહસ્તૂપની પ્રતિષ્ઠાનો પ્રસંગ હતો; જ્યાં પોતાની નાતના સર્વેનું સંમેલન પણ કર્યું છે તેમજ તે સ્થાને વારંવાર દર્શન નિમિતે તેઓ સર્વે એકત્રિત થતા હતા. ઈત્યાદિ ઈ.

પાઈ ગયું છે. મતલબ કે જે ક્ષહરાટ પ્રજા પોતાનાં બળથી ઇતિહાસમાં પ્રકાશિત થઇ જાહો-જલાલીના ગગન મંડળે મધ્યમાં પહોંચી જવા સુભાગ્યવાન બની હતી, તે આખીયે પ્રજા માત્ર પાંચ વર્ષની ટુંક મુદતમાંજ, તેજ ઇતિહાસમાં હતી ન હતી થઇ જવા પામી છે. તેમાં પણ કાંઈ દૈવેચ્છાજ બળવત્તર હશે કે શું ? અથવા મોઝી-ઝના મનમાં એમ વસ્યું હોય કે, જેમ બે મહારાજ્યો જીતી લેવામાં કુદરતે સાનુકૂળતા બતાવી હતી, તેમ ત્રીજા રાજ્ય ઉપર ચડાઇ લઇ જવાય તો તેમાં પણ કુદરત મદદગાર થશે જઃ તેવા ઇરાદાથી, મથુરાનો પ્રદેશ જીતી લઇને, તેની દક્ષિણે આવેલ અવંતિ દેશ ઉપર ચડી જવાની તૈયારી આદરી હોય. પણ આદરતાવેંતજ કુદરતે પો-તાનો પડચો બતાવવા તથા લોભને નહીં થોભ અથવા "અતિ લોભ તે પાપનું મુળ" તે ન્યાયની સિદ્ધિ અર્થે તેને આ દુનીયામાંથીજ ઉપાડી લીધો હોય. જો કે રાજા મોઝીઝ જેમ ઉમરે પહોંચી વૃદ્ધ થઈ ગયો હતો તેમ અવંતિપતિ નહપાણ તો તેનાં કરતાંયે આગળ વધીને વળી ખખડધજ થઇ ગયો હતો. ગમે તે સંજોગો ઉભા થયા હોય પણ તે સવ રાજ્યોની સ્થિતિ તો ઉપરમાં વર્ણવ્યા પ્રમાણે બની રહી હતી જ. તે સંયોગો પરત્વેનો કોયડો ઉકલે ત્યારે ખરો.

તક્ષિલાના જે તામ્રપત્રમાં ૭૮ ની સાલનો આંક છે અને જે તક્ષિલાપતિ પાતિકે કોતરાવ્યું છે તથા જેમાં "રાજા મોગના રાજ્યે" એવા શબ્દનો નિર્દેશ કરાયો છે, તે મહત્ત્વના ઉપયોગી બનાવનો વિવાદ વિગતેથી પૃ. ૨૪૦-૨ માં અપાઇ ગયો છે, જેથી અત્રે તેનું પુનઃ આલેખન કરવા ઇચ્છા નથી.

આટલા વિવેચનથી જણાશે કે, શહેનશાહ મોઝીઝના રાજ્ય વિસ્તારમાં વર્તમાનના અફગ્ના-નિસ્તાન, પંજાબ અને યુકત પ્રાંતોની ભૂમીનો સમાવેશ થતો હતોઃ પણ સિંધ કે રજપુતાનામાં તેણે કાંઈ હિસ્સો પાડયો હોય તેવી સાબિતી મળી આવતી નથી.

### (૨) અઝીઝ પહેલો ઉર્ફે અય

મોઝીઝના મરણ બાદ તેનો પુત્ર અઝીઝ પહેલો નામ ધારણ કરીને તક્ષિલાની[૪૨] તેમજ મથુરાની ગાદીએ આવ્યો છે.

**તેનો સમય** કોઇકના મતે તેને અને મોઝી-ઝને કાંઇ પણ સગપણ સંબંધ ન હોવાનું મનાયું છે. જેમ સગપણ હોવા વીશે મતફેર છે, તેમ તેના સમય માટે પણ મતફેર ચાલે છે. સગપણમાં મતફેર હોય તો કાંઇ ઇતિહાસ ઉપર તેની અસર પડવાની ધાસ્તી સામાન્ય રીતે હોતી નથી પણ સમયનો તફાવત પડી જતો હોય તો તેનું પરિણામ તો અનેક દરજ્જે હેરફેર આવી જાય છે. માટે તે સબંધી જરા તપાસ કરવી જરૂરી છે.

પૃ. ૧૪૫ ના કોઠામાં આપણે શહેનશાહ મોઝીઝના સમયનો અંત ઇ. સ. પૂ. ૭૮ નો જણાવ્યો છેઃ અને તે હકીકત ઈતિહાસના ધુરંધર વેત્તા. મિ. સ્મિથના કથન આધારે નોંધાઈ છે. જ્યારે કે. હિ. ઇ. ના લેખકનો[૪૩] મત જુદોજ પડે

(૪૨) જ. ઇ. હી. કવો. પુ. ૧૨ પૃ. ૨૦ (પ્રોફેસર સ્ટેન કોનાઉ જણાવે છે કે) Sir John Marshall's excavations have shown that in Taxilla Moga was succeeded by king Aziz-સર જોન માર્શલના ખોદ કામથી સાબિત થયું છે કે, તક્ષિ-લામાં મોગની પછી રાજા અઝીઝ ગાદીએ આવ્યો છે.

(૪૩) જુઓ તે પુસ્તક પૃ. ૫૭૦-૭૧: તેમાં મોઝી-ઝનો સમય ૭૫ થી ૫૮=૧૭ વર્ષ અને અઝીઝનો ૫૮ થી ૪૭=૧૧ વર્ષ જણાવ્યો છે (જુઓ તે પુસ્તકમાં પૃ. ૫૫૫ ટીકા નં. ૨૭)

છેઃ પહેલાના મત પ્રમાણે મોઝીઝના રાજ્યનો અંત જ ઇ. સ. પૂ. ૭૮ માં આવ્યાનું મનાયું છે જ્યારે બીજાના મતે તેના રાજ્યનો પ્રારંભ જ લગભગ તે સમયે થયાનું ગણાયું છે. આમાંથી કોઇ જાતનો તોડ નીકળી શકાતો હોય તો જોઇએ.

મોઝના રાજ અમલ સાથે એક જણાએ ૭૮ નો આંક જોડયો છે. અંત કે આદિ તે હકીકત હમણાં દૂર રાખીએ—જ્યારે બીજો ૭૫ કહે છે. આપણે ઉપરમાં પાતિક અને સોડાસનાં વૃત્તાંત લખતાં એમ જણાવ્યું છે કે, તે બન્નેનાં રાજ્યો શહેનશાહ મોઝીઝે એક વર્ષમાં જીતી લીધાં છે અને તેનો સમય ઇ. સ. પૂ. ૭૯–૭૮ જણાવ્યો છે. આ હકીકત ટાંકવામાં પાતિકને માટે તો શિલાલેખનો આધારજ લેવાયો છે. એટલે તે કથનમાં 'મીન કે મેષ' જેટલો પણ ફેરફાર કરવાને સ્થાન રહેતું નથી. જ્યારે સોડાસ માટે તો આપણે માત્ર આનુસંગીક કારણને લીધે અનુમાનજ દોરેલ છે. એટલે તેમાં ફેરફાર કરવા ઇચ્છા રાખીએ તો ખોટું નહીં ગણાય. કારણ કે આવડાં મોટાં (તક્ષિલા અને મથુરા જેવાં) રાજ્યો ઉપર એકજ વર્ષમાં લડાઇ લઇ જવી અને વિના વિલંબે જીતી લેવાં, તે બહુ અશકય બલ્કે અસંભવિત દેખાય છે. જો કે આપણે તો એમ પણ જોઈ ગયા છીએ કે પાતિકનો મુલક જે જીતી લીધો હતો તે બનાવ તેની ગેરહાજરીમાંજ બનવા પામ્યો હતો. મતલબ કે જીત મેળવવા માટે મોઝીઝને અગાઉથી કોઈ તૈયારી કરી રાખવાની જરૂરજ પડી નહોતી. એટલે જ્યારે તુરત તુરત મથુરાને પાછો સર કરે ત્યારે પણ વિના તૈયારીએજ આગળ વધ્યો હતો એમ કબુલ રાખવું પડશે. તેથી સહજ વિચાર આવી જાય છે કે, જે કામમાં ગમે તેટલી તૈયારી અગાઉથી કરી રાખી હોય તો પણ બે ત્રણ વરસની મુદત તો આટાલુણમાં જ ચાલી જાય તેમ ગણાય છે, તેમાં માત્ર છ માસનો તો હીસાબજ શો કહેવાય? માટે આપણે તે ૭૮ ના આંકને બદલે ૭૫ નો સ્વીકાર કરીએ તો વાસ્તવીક ગણાશે. વળી બીજી પરિસ્થિતિ પણ તે વસ્તુ અંગીકાર કરવાને આપણને પ્રેરે છે. ઉપર પૃ. ૩૧૮ માં 'એક ખૂબી એ થઇ છે' કરીને જે હકીકત જણાવી છે તેમાં મથુરાની જીત મેળવ્યા બાદ રાજા મોઝીઝને અવંતિ ઉપર ચડી જવાની ઇચ્છા કરવા જતાં કુદરતી સંકેતને લીધે કેમ જાણે મરણ પામતો હોય તેવી સ્થિતિ કલ્પી છે. તે સ્થાને, એમ હકીકત ગોઠવવી સુમેળ લેતી કહેવાશે કે, ૭૮ માં તેણે તક્ષિલા જીત્યું હતું અને પછી બે એક વર્ષ તૈયારી કરી ૭૫ માં મથુરા જીતી લીધું હતું. તેવામાં અતિ વૃદ્ધાવસ્થાને લઇને તેનું મરણ નીપજતાં તેની ગાદીએ રાજા અઝીઝ આવ્યો હતો. તે ગાદીએ બેઠો કે બીજે જ વર્ષે અવંતિપતિ નહપાણ અપુત્રિયો મરણ પામતાં તેના વારસ માટે તકરાર ઉભી થઇ. આ સમયે અઝીઝે ધાર્યું હોત તો પોતે અવંતિના પ્રકરણમાં હાથ નાંખીને, આખું નહીં તો તેનો અંશ પણ મેળવી શકતઃ છતાં પોતે તાજેતરનો જ ગાદીએ બેસેલ હોવાથા[૪૪] તેવા લોભમાં નહીં પડવાનું ડહાપણ ભર્યું માન્યું હતુંઃ એટલે આ

(૪૪) જો મોઝીઝને ૭૮ માં મરણ પામેલ માનીએ તો અઝીઝને તેજ સાલમાં ગાદીએ આવેલ ગણવો પડેઃ તે હીસાબે ૭૪ માં નહપાણ જ્યારે મરણ પામ્યો હતો ત્યારે અઝીઝને ગાદીએ બેઠા ચાર વરસ થયાં કહેવા પડેઃ આટલી મુદત થઈ જાય ને અવંતિ જેવા દેશ ઉપર નજર પણ ન ફરકાવે તો તેમાં અઝીઝની નબળાઇ જ કહેવાય. અને તે પ્રમાણે સ્થિતિ થઈ હોય તો તે માર્ગ ડહાપણ ભરેલો નહીં પણ મૂર્ખાઇ ભરેલો કહેવાય.

હિસાબે ૭૫ નો આંક લેખવો સુસંગત અને સુઘટિત ગણાશે ત્યારે વળી પ્રશ્ન એ થાશે કે મિ. સ્મિથ જેવા વિદ્વાને ૭૮ ની સાલ શામાટે ગ્રહણ કરી હશે ? તેમને શું શું કારણો મળ્યાં છે તે તેમણે જણાવ્યાં નથી અને જણાવ્યાં હોય તો મારા વાંચવામાં આવ્યાં નથી. પણ એમ માનવાને કારણ મળે છે, કે હિંદમાં ચાલતો શકસંવત જે સાથે ૭૮ નો આંક જોડાયો છે અને તેના પ્રવર્તાવનાર તરીકે આ અઝીઝને[૪૫] મનાતો હતો–અથવા મનાયો છે–તે હિસાબે અઝીઝના રાજ્યની શરૂઆત અથવા તેની પૂર્વેના મોઝીઝના રાજ્યનો અંત, ૭૮ માં ઠરાવી દેવાયો હોય. પછી તો એકે કહ્યું એટલે બીજાએ સ્વીકારવું રહે, તેમ ગતાનુગતિક ક્રમે તે ચાલ્યો આવ્યો હોય. પરંતુ તેમ બની શકવું જ તદ્દન અશક્ય છે. પ્રથમ તો અઝીઝ એવો શક્તિશાળી જ નીવડયો નથી કે તે સંવત્સર ચલાવવાને લાયક ગણાય. છતાં ન બનવાનું બની ગયાનું તેને લલાટે લખાયું હોય એમ માનીએ, તોય, આ સ્થિતિ કેમ કોઈ લક્ષમાં જ લેતું નથી કે, શકસંવતની સાથે ૭૮ ના આંકને અલબત સંબંધ તો છે જ, પણ તે ઈ. સ. ૭૮ છે, નહીં કે ઇ. સ. પૂ. ૭૮: અઝીઝનો સમય તો ઇ. સ. પૂ. ૭૮ નો છે: જ્યારે શકસંવતની આદિ ઇ. સ. ૭૮—ની છેઃ તે બે સમયની વચ્ચે ૭૮+૭૮=૧૫૬ વર્ષનું અંતર છે. એટલે આ વિષય પરત્વે તો વિચાર કરવાનું જ રહેતું નથી. જેથી ૭૫ નો આંક વધાવી લેવાને સંજોગોનું સમર્થન મળે છે.

તો પછી જેમ મિ. સ્મિથના કથનને તપાસી જોયું તેમ કે. હી. ઇ. ના લેખકના કથનને શા માટે ન તપાસવું ? તેમણે સ્પષ્ટપણે તો કાંઇ નથીજ જણાવ્યું; પણ તેમના લખાણના ગર્ભિત આશયથી હજુ તેમનું હૃદય વાંચી શકાય છે ખરૂં. એક ઠેકાણે લખ્યું છે કે–[૪૬] (તેમની માન્યતા મોઝીઝ રાજા શક હોવાની છે જે અનેક વખત મેં ઉપર ટાંકી બતાવ્યું છે અને તેજ માન્યતાના આધારે હવે બતાવું છું કે તે કથનો તેમણે જ ઘડી કાઢ્યા છે એમ સમજવું રહે છે ) A few years later *cir* B. C. 75 there arose another formidable power on the west. The Scythians (Sakas) of Seistan had occupied the delta of the Indus=તે બાદ થોડા વર્ષે, આશરે ઇ. સ. પૂ. ૭૫ માં પશ્ચિમે એક બીજી પરાક્રમી (ભયંકર) સત્તાનો જન્મ થયો હતો; શિસ્તાનના (શકો) સીથીઅનોએ સિંધુ નદીનો દુઆબ લઇ લીધો હતોઃ તેમની કહેવાની મતલબ એ છે કે ઈ. સ. પૂ. ૭૫ માં શક પ્રજાનો ઉદય રાજા મોઝીઝની આગેવાની નીચે થવા પામ્યો છે. તેમ બીજે ઠેકાણે,[૪૭] પાતિકવાળા તામ્રપત્રમાં[૪૮] લખાયલા ૭૮ ના આંકની ચર્ચા કરતાં તેમણે જણાવ્યું છે કે If so, the inscription would be *cir.* 72 B. C. a year which may well

(૪૫) કોઇકે વળી આ અઝીઝ પહેલાને બદલે અઝીઝ બીજાને તે સંવત્સરના સ્થાપક તરીકે લખ્યો છેઃ પણ તેના સમય સાથે ૭૮ નો આંકજ જ્યાં નથી ત્યાં તે પ્રશ્ન આપોઆપ જ ઉડી જાય છેઃ છતાં તેના જીવનવૃત્તાંતમાંથી બીજી સાબિતીઓ મળી શકે છે કે સંવતના સ્થાપક જેટલા તે ગુણજ ધરાવતો નહોતોઃ

(૪૬) જુઓ કે. હિ. ઇ. પૃ. ૫૩૨:

(૪૭) જુઓ કે. હિ. ઇં. પૃ. ૫૭૦

(૪૮) જુઓ પૃ. ૫૫૪: તથા પૃ. ૬૧૦

have fallen in the reign of Mause= જો તેમ હોય તો, તે શિલાલેખનો સમય આશરે ઇ. સ. પૂ. ૭૨ ગણાશેઃ જે વર્ષ મોઝના રાજ્ય અમલમાંનું થઇ રહેશેઃ આ બન્ને તેમનાં કથન છે. અને તે ઉપરથીજ તેમણે અનુમાન ઘડી કાઢયું સંભવે છે કે, રાજા મોઝીઝનો હિંદની ભૂમી ઉપરનો પ્રથમ દેખાવ ઇ.સ. પૂ. ૭૫ની લગભગમાં થયો છે. પણ મોઝીઝ શક પ્રજાનો સરદાર હોવાની તેમની માન્યતાનું ખંડન આપણે સારીરીતે કરી બતાવ્યું છે. એટલે તેમનો મત પણ ગ્રાહ્ય થતો નથી. જેથી તે બન્ને વિદ્વાનોનાં મંતવ્યનાં દેખાતાં કારણોની તપાસમાં ઉતરતાં અને તે કારણોની નિંબળતા સબળતાનો વિચાર કરતાં, મોઝીઝનું મરણ હજુ ૭૫ માં માની શકાય ખરૂં: બાકી તેનું રાજ્ય ૭૮ માં શરૂ થયાનું માનવાને તો અંતઃકરણ ના પાડે છે.

આખી ચર્ચાનો સાર એટલોજ કે અઝીઝના રાજ્યની શરૂઆત ઇ. સ. પૂ. ૭૮ કે ૭૫ માં માનવીઃ અને તેનું મરણ જેમ મિ. સ્મિથ સાહેબ માને છે તેમ ઇ. સ. પૂ. ૫૮ માં ગણીને તેનો સત્તાકાળ ૨૦ અથવા ૧૭ વર્ષનો ગણવો.

**તેની કારકીર્દી**

ગમે ત્યારે-ઇ. સ. પૂ. ૭૮ માં કે ૭૫માં-ગાદીએ બેઠેલો તેને માનો તોયે ઇ. સ. પૂ. ૭૪ માં તો તે ગાદીપતિ હતો હતોને હતોજ. આ સમયે અવંતિપતિ રાજા નહપાણનું મૃત્યુ[૪૯] થતાં, તેની ગાદી માટે અનેક ખટપટો થઈ હશે એમ સમજાય છે. છેવટે, એક અણધાર્યોજ અને કોઇ દીવસ ખ્યાલમાં પણ ન હોય તેવા પુરૂષના હાથમાં તે ગઇ. આ પુરૂષનું નામ રાજા ગર્દભીલ અને તેના નામ ઉપરથી તેનો વંશ ગર્દભીલ વંશ કહેવાયો છે. આ ગર્દભીલનું મરણ[૫૦] પાછું ઇ સ. પૂ. ૬૪માં (કોઇકના મતે ૬૧ માં) જ્યારે થયું ત્યારે પણ અવંતિની ગાદી માટે પાછી તેવીજ ભાંજગડ ઉભી થઈ હતી. અને પરીણામે બીજો ફાવી ગયો હતો. કહેવાની મતલબ અત્ર એ છે કે અવંતિના ઉપર પ્રમાણે બન્ને પ્રસંગો રાજા[૫૧] અઝીઝની કારકીર્દીના સમયમાંજ બનવા પામ્યા છે. વળી પોતાના રાજ્યની હદની અડોઅડજ અવંતિની હદ હતી. એટલે કે લાંબી મજલ કાપી લડવા જવું પડે તેવું પણ નહોતું. તેમ જે ફાવી ગયા છે તેના કરતાં અનેક ગણો તે મોટો ભૂપાળ પણ હતો, તેમ સામગ્રીપૂર્ણ હતો. છતાં એમાંથી એકે પ્રસંગે તેણે હાથહલાવો કર્યો હોય એમ જણાયું નથીજ. જો તેનો પિતા મોઝીઝ આ વખતે હયાત હોત તો, કોઇને પૂછવાની વાટ જોયા વિના તુરતજ અવંતિ જેવું હિંદના મુગટ સમું રાજ્ય કબજે કરી લીધું હોત. એટલે સમજાય છે કે અઝીઝ તેના પિતાના જેવો ઉત્સાહી અને સાહસીક વૃત્તિવાળો જ નહીં હોય; અથવા પોતાને ત્યાંજ રાજ ખટપટ જાગી હોય અથવા પ્રજા અસંતુષ્ટ બની હોય-કેમકે તેના પિતાએ તક્ષિલાનું અને મથુરાનું રાજ્ય વિના યુધ્ધે-અથવા તો રાજ્યકર્તાઓ પાસેથી ગાદી પડાવી લઇને જ-મેળવી લીધું હતું તેથી કદાચ પ્રજા નારાજ થઈ હોય-તો પોતાનું ઘર પહેલું

(૪૯) જુઓ ઉપરમાં તેના વૃત્તાંતે.

(૫૦) તેના રાજ્યનો અંત આવ્યો છે, જ્યારે કેટલાક મરણ થયું માને છે. વળી કેટલાકને મતે પ્રસંગ શોધીને તે નાસી ગયો લાગે છે (જુઓ હવે પછી આ પુસ્તકના અંતે તેનું વૃત્તાંત) ગમે તેમ પણ તેની ગાદી તે વખતે ખાલી પડી હતી તેટલું ચોક્કસ છે જ.

( ૫૧ ) તેમાંના એક પ્રસંગે પોતે તદ્દન અસહાય સ્થિતિમાં હતો એમ સમજાય છે. આ પ્રસંગને અંગે વધુ વિગત માટે જુઓ આગળ આવતી હકીકત.

સંભાળવું તેમ ધારી બીજી તરફ નજરજ નાંખી ન હોય. પણ તેવી સ્થિતિ બની હોય તેમ નોંધાયું દેખાતું નથી. એટલે એમ અનુમાન થાય છે કે કે તો ભાઈસાહેબ 'મહેતા મારે નહીં અને ભણાવે પણ નહીં' તેવી તટસ્થ વૃત્તિવાળા હોય; કે તદ્દન નિર્લોભી હોય; અથવા ભોગ વિલાસમાંજ આખો સમય વ્યતીત કરી નાખતાં હોય; કે શેકયો પાપડ પણ ભંગાય નહીં તેવા બળહીન હોય; પણ તેના સિક્કા વીશેના પરિચયથી સમજાય છે કે, પોતાની પાછલી જીંદગીમાં તે બિમાર અવસ્થામાં જ હશે. એટલે અવંતિમાં જ્યારે દ્વિતીય રાજદ્વારી પ્રસંગ ઉભો થયો ત્યારે તો તે કાંઇ કરી શકે તેવી સ્થિતિમાંજ નહોતો. છતાં પહેલા પ્રસંગ વખતે તેણે જે પાઠ ભજવ્યાનું અનુમાન દોરવું પડયું છે તેજ સ્થિતિ હોય તો તેને એકંદરે નબળો ભૂપતિ તો કહેવો જ પડશે. આવા બળહીન તથા તેજોહીન પાસેથી વિશેષ પ્રગતિ કરવાની આશા સેવી શકાય જ નહીં. બલ્કે તે પોતે પોતાનું સંભાળી રાખે તેટલું પણ ગનીમત સમજવું

**તેના સિક્કા અને સંવતસર**

પૃ. ૩૨૧ માં ઇસારો થયો છે કે, તેણે ૭૮ માં શકસંવત સ્થાપન કર્યાની કેટલાક અભ્યાસીઓની માન્યતા છે. પણ તે વિરૂદ્ધ ત્યાંજ સૂચના કરી છે કે, ઇ. સ. ૭૮ ની સાથે બરાબરીમાં જ ઈ. સ. પૂ. ૭૮ ધારી લેવાથી તે માન્યતા ઊભી થવા પામી છે અને તેથી તેને તદ્દન ભૂશાયી કરી નાંખવી રહે છે. વળી ઉપરમાં વર્ણવેલી તેની કારકીર્દીના બ્યાનથી ખાત્રી થશે કે સંવત્સરના સ્થાપકમાં જે અનેક ગુણો જોઇએ તેમાંનો એક પણ તેનામાં નહોતો. તેમ છતાં ઘડીભર માનો કે તેણે તે શક પ્રવર્તાવ્યો હતો: તો વળી બીજી એક શંકા એ થાય છે કે, તે હતો પાર્થીઅન, જ્યારે પ્રજા હતી હિંદુ: તો પ્રજા ઉઠીને પોતાનો સંવત્સર માનશે કે પારકાનો ? જવાબ દેવાશે કે, એમ તો અનેક સંવત્સરો પૂર્વે ચલાવાયા છે. વળી શિલાલેખોમાં પણ કોતરાવાયાનું તમે પોતેજ જણાવી ગયા છો તેનું કેમ ? ખુલાસો કે, પૂર્વ સમયે જે સંવતસરો ચાલેલા નજરે પડે છે તે તે સમયની પ્રજાએ પોતાના રાજવી ઉપરના પ્રેમને લીધે કર્યું છે. વળી રાજાઓએ જ પોતે પોતાનો સંવત્ લખ્યો છે. એટલે તેમાં પ્રજાની સંમતિ હતી કે નહીં તેવો પુરાવો ખાત્રીપૂર્વક કહી ન શકાય: હજુ તેના વિશે એમ કહી શકાય કે, રાજસત્તા જે ધારે તે કરી શકે છે. તેથી તેણે પોતાનો સંવત્સર મારી ઠોકીને પ્રજા પાસે લખાવરાવ્યો હતો. એક બારગી તે વાત પણ આપણે કબૂલ કરીએ; પણ તે સ્થિતિ તેના મુલક પરત્વે હજુ સંભવિત બની શકે. પરંતુ દક્ષિણ હિંદ કે જેનું મ્હોં પણ તેણે જોયું નહોતું ત્યાં સુધી તે શક ચાલ્યો આવે છે તેનું કેમ ? આ બધી ચર્ચાનો સાર એકજ છે કે, શક પ્રવર્તક તરીકે તે હોવાની વિદ્વાનોની માન્યતા તદ્દન પાયા વિનાની જ છે. વળી સિક્કા બાબતની નીચે લખેલ હકીકત સાથે પણ સરખાવવાની જરૂર છે.

તેના સિક્કા વિશે. કે. શો. હિ. ઈ. ના લેખકે જણાવ્યું છે કે[૫૨] On Maues' coins his name appears alone with the title "King of Kings" but the coins of his successors, Aziz king of kings, of Spalahores his brother and of Spalagadames his nephew

(૫૨) જુઓ તે પુસ્તક પૃ. ૬૮

sometimes also bear on the obverse Greek legends, with the name Vonones, king of kings. Aziz sometimes struck coins, like Maues in his own name alone but also sometimes with Azilises king of kings as well as with Asvavarman=મોઝના સિક્કા ઉપર, મહારાજાની પદવી સાથે તેનું એકલાનુંજ નામ દેખાય છેઃ પણ તેની પછી આવનારાઓમાંના, મહારાજા અઝીઝના, તેના (અઝીઝના) ભાઇ સ્પેલેહોરેમના તેના ભત્રીજા સ્પેલગેડેમ્સના સિક્કાઓમાં ક્વચિત્ સવળી બાજુ ઉપર ગ્રીક લીપિમાં મહારાજા વોનોનીસ એવા શબ્દો પણ છે.[૫૩] અઝીઝે પોતાના સિક્કાઓ મોઝીઝની પેઠે ક્વચિત્ પોતાના એકલાના નામે.[૫૪] વળી ક્વચિત્ મહારાજા અઝીલીઝની[૫૫] સાથે તેમજ અશ્વવર્મન[૫૬] સાથે પણ પડાવ્યા છે. એટલે એમ કહેવા માંગે છે કે, કેટલાક સિક્કામાં તેનું એકલાનું મહોરું છે અને કેટલાકમાં બીજાની સાથે તેનું મહોરું છે. (બીજાની સાથે એટલે, એકનું સવળી બાજુ અને બીજાનું અવળી બાજુ; તેમજ એક બાજુએ પણ સાથે સાથે[૫૭]; આ બન્ને રીતે અર્થ થાય છે) આ જ[૫૮]લેખકે વળી ચર્ચા કરતાં એમ જણાવ્યું છે કે,[૫૯] સિક્કા ઉપર એમાંથી જે મોટો હોય તે ગ્રીક લિપિમાં અને નાનો હોય તે ખરોષ્ટી લિપિમાં અક્ષરો લખાવે છે. તેમજ બન્ને વચ્ચે જો બાપ-દીકરાનો જ સંબંધ હોય તો અરસપરસની કાંઇ ઓળખ આપતા નથી; પણ અન્ય સંબંધ હોય તો તે પ્રમાણે તેમાં જણાવેલું હોય છે. અને તેના પુરાવામાં અઝીલીઝ અને અઝીઝના દૃષ્ટાંતો આપ્યા છે. પણ એક સ્થિતિની તદ્દન અવગણના કરાઇ છે કે પોતે જે દૃષ્ટાંતો આપ્યાં છે તે બધાં ઇરાનની મૂળ ગાદી વિશેના છે; જ્યારે હિંદમાં શું સ્થિતિ છે અથવા હતી તે બાબતમાં એક શબ્દ પણ ઉચ્ચારતા નથી. એટલે

---

(૫૩) અઝીઝના ભાઈ અને ભત્રીજાના સિક્કા ઉપર ભલે મહારાજા વોનોનીસનું નામ હોયઃ પણ ખુદ અઝીઝના સિક્કા ઉપર તે નામ છે કે કેમ, તે નથી દર્શાવ્યુંઃ વળી મોઝીઝની પાછળ આવનારાનાં નામોમાં અઝીઝનાં ભાઈ અને ભત્રીજાનાં નામ શા માટે ગણાવ્યા? તેમણે કોઇ દીવસ સ્વતંત્ર શાહેનશાહ તરીકે કામજ કર્યું નથી. બહુ ત્યારે તેમણે નાના પ્રાંતોમાં સૂબા તરીકેજ અધીકાર ભોગવ્યો હશે. પણ જેમ બેકટ્રીઅન સરદારો ડિમેટ્રીઅસ અને મિનેન્ડરના અમલમાં કેટલાયે નવાંનવાં નામો આવ્યાં છે ને તે સર્વેને આવીજ રીતે રાજકર્તા માની લઇ ગોટાળો ઊભો કર્યો છે. તેમ અહીં પણ કર્યું લાગે છે. તેઓ કાંતો મહારાજા અઝીઝને તાબે હોય અથવા તો મૂળ ગાદીના ધણી શાહેનશાહ વોનોનીસની આજ્ઞામાં હોય પણ તેઓને સ્વતંત્ર રાજકર્તા તો ગણી શકાય તેમ છેજ નહીં.

(૫૪) આ સિક્કાઓ તેના એકલાના અને સ્વતંત્ર અધિકાર સમયના લેખવા.

(૫૫) બીજી વ્યક્તિ સાથેના જે સિક્કાઓ છે તે સંયુક્ત અધિકાર સમયના એટલે કે તેની પાછલી જિંદગીના છે. પાછળની જિંદગીમાં શા માટે એમ થવા પામ્યું છે તે માટે આગળની હકીકત જુઓ.

(૫૬) આ વ્યક્તિ કોઈ રાજા કે મહારાજા નથી પણ સેનાપતિ છે. એટલે દેખાય છે કે, અમુક વખતે અઝીઝનો અને તેનો સંયુક્ત અધિકાર હશે. ક્યારે ને કેમ? તે માટે આગળ ઉપર જુઓ.

(૫૭) જુઓ નીચેની ટી. નં. ૬૦

(૫૮) કે. શો. હિ. અને કે. હિં. ઇ. બન્નેના લેખક એક જ છે એમ ધારીને અહીં મેં આ શબ્દો લખ્યા છે; કેમકે બન્ને પુસ્તકો એક જ સંસ્થાની માલીકીના છે અને ઉપોદ્ઘાતમાં પણ જણાવ્યું છે કે પહેલાના સારરૂપે બીજું પુસ્તક છે.

(૫૯) જુઓ કે. હિ. ઇ. પૃ. ૫૭૨.

મારૂં એમ માનવું થયું છે કે, જ્યારે પ્રથમના રાજા મોઝીઝે સ્વતંત્ર થઈ પોતે હિંદમાં ગાદી સ્થાપી અને માદર વતનમાં પણ ક્રાંતિ મટી જઇને બધું શાંત થઇ ગયું ત્યારે પુનઃરચના અને સર્જન કરવાના પ્રયાસો પોતે કર્યાં હતા. તે પુનઃ સર્જન કઇ રીતે થવા પામ્યું છે તે સમજવા, પાર્થીઆની ગાદીની વંશાવળી તરફ થોડો વખત આપણે નજર ફેરવવી પડશે. (જુઓ પૃ. ૧૪૫ નો કોઠો) મિથ્રેડેટ્સ ધી ગ્રેઇટ–બીજાના ઇ. સ. પૂ ૮૮ માં મરણ પામ્યા પછી ૨૮ વર્ષ સુધી બે ત્રણ નાના રાજાઓ ગાદીએ આવી ગયા છે. તે બાદ મિથ્રેડેટ્સ ત્રીજો ગાદીએ આવ્યો. તેની કારકીર્દી ઇ. સ. પૂ. ૬૦ માં શરૂ થઇ છે. તે સમયે હિંદની ગાદી ઉપર અઝીઝનું સ્વામિત્વ તો ચાલતું હતું પણ વૃદ્ધાવસ્થાને લીધે ( અને ધારૂં છું કે તે કદાચ અપંગ પણ બની ગયો[૬૦] હશે) તેનો પુત્ર અઝીલીઝ તેને રાજકાજમાં મદદ કરતો[૬૧] હતો. એટલે ઈરાનના મિથ્રેડેટ્સ ત્રીજા વચ્ચે અને આ બાજુ અઝીલીઝ વચ્ચે સર્જન કેવી રીતે કરવું તેના સંદેશા ચાલ્યા હોય; તેવામાં અઝીઝનું મરણ ઈ. સ. પૂ. ૫૮ માં થતાં અઝીલીઝ ગાદીએ આવ્યો. અને ઇરાનમાં વળી મિથ્રેડેટસનું મરણ ઈ. સ. પૂ. ૫૬ માં થતાં તેની ગાદીએ ઓરોડોસ આવ્યો. હવે આ બે વચ્ચે સમજૂતિનું પ્રકરણ ચાલ્યું. એટલે એમ તોડ નીકળ્યો લાગે છે કે, બે ગાદી કરવાથી તેટલી કમજોરી વધે છે અને તેથી તેનો લાભ ત્રીજો લઈ જાય છે; જ્યારે મૂળે તો બન્ને એક જ[૬૨] છે; માટે અઝીલીઝના મરણ બાદ હિંદની અને ઈરાનની ગાદી એક જ છે એમ લેખવું અને તે માટે ઇરાનનો દરજ્જો અવલ હોઇને ત્યાંથી શાહજાદો અથવા યુવરાજ હિંદ ઉપર વહીવટ ચલાવવા આવે. આ પછી અઝીલીઝનું મરણ ઇ. સ. પૂ. ૩૦ માં થયું. તે સમય દરમ્યાન ઇરાન ઉપર એક બે રાજા થઈ ગયા હતા અને વોનોનીસ પહેલાના ભાઇ સ્પેલીરીઝનું રાજ્ય ચાલતું હતું. એટલે પ્રથમની થયેલ સરત પ્રમાણે તેનો પુત્ર[૬૩] અઝીઝ જે તે સમયે અફગાનિસ્તાનમાં કોઇ પ્રાંત ઉપર વહીવટ ચલાવતો હતો તેની નિમણૂક હિંદના રાજકર્તા તરીકે કરવામાં આવી.[૬૪] તેણે હિંદમાં આવી અઝીઝ બીજા તરીકે રાજ્યની લગામ હાથમાં લીધી. વળી આ પ્રમાણે વહીવટ ચલાવવામાં કેટલીક અગવડતા આવવા પામી. એટલે અઝીઝ બીજાની પછી ગાદીએ આવનાર ગોંડોફારનેસના સમયે બન્ને ગાદીઓ એકત્ર કરી નંખાઇ અને ગોંડોફારનેસને ઇરાનનો શહેનશાહ ઠરાવવામાં આવ્યો. જેથી તેણે હિંદમાંથી પોતાનો મુકામ ઉઠાવી માદર વતનમાં કર્યો ( આ હકીકત માટે તેનું વૃત્તાંત

(૬૦) આ કારણથી બાપ-દીકરાના ચહેરા એક એક સાથે પણ બાજુ ઉપર પડયા છે; નહીં તો એકનું સવળી બાજુ અને બીજાનું અવળી બાજુ એમ પાડવાની જે સામાન્ય રીત છે તે પ્રમાણે પાડત (વળી વિશેષ માટે અઝીલીઝના વૃત્તાંતે જુઓ ).

(૬૧) કે. હિ. ઇ. પૃ. ૫૭૨:–Aziz I was succeeded by Azilises but there was certainly a period in which these two kings were associated in government. અઝીઝની પાછળ અઝીલીઝ ગાદીએ આવ્યો છે. પણ ખરેખર એક વખત એવો હતો જ, જે વખતે આ બન્ને રાજાઓ વહીવટ કરવામાં સાથે જોડાયા હતા.

(૬૨) આ કારણથીજ રાજા મોઝીઝને મેં બાદશાહી કુટુંબ સાથે લોહીસંબંધથી યુક્ત માન્યો છે. બાકી તે લોહીસંબંધ કેટલો નીકટનો હતો તે જુદી વાત છે.

(૬૩) સ્પેલીરીઝનો પુત્ર એટલે વોનોસીસનો ભત્રિજો.

(૬૪) આ ઉપરથી સમજાશે કે અઝીલીઝ અને અઝીઝ બીજાને પિતા-પુત્રનો સંબંધ નથી જ.

જુઓ ). આ પ્રમાણે હકીકત બન્યાનું ઠરાવાય તો ઉપરમાં ટાંકેલાં-કે. શો. ઇ. પૃ. ૬૮ નું અને કે. હિ. ઇ. પૃ. ૫૭૨ નું-બન્ને વાક્યોનાં કથનનો ઊકેલ આપોઆપ આવી જાય તેમ છે.

આટલાં વિવેચનથી હવે સ્પષ્ટ થયું હશે કે અઝીઝનો સંવત્સર ચાલ્યો છે કે કેમ ? અથવા તેના સિક્કામાં શા માટે બબ્બે મ્હોરાં પાડવામાં આવ્યાં છે ? તેમજ ગોંડોફારનેસને કેમ ઇરાન તરફ પાછું વળવું પડયું છે ?

## ( ૩ ) અઝીલીઝ

શહેનશાહ અઝીઝ પહેલાના મરણ પછી તેની ગાદીએ તેનો પુત્ર અઝીલીઝ આવ્યો છે. તેનો સમય ઈ. સ. પૃ. ૫૮ થી ૩૦=૨૮ પર્યંતનો ઠરાવાયો છે. તેમાં શંકા જેવું કારણ રહેતું ન હોવાથી આપણે પણ તે એમ ને એમ જ માન્ય રાખી લઇએ છીએ. આ સમય તેના સ્વતંત્ર રાજ્યાધિકારનો જ છે. તે ઉપરાંત પોતાના પિતાના ઉત્તરજીવનમાં, તેમના મંદવાડને લઇને પણ તેણે રાજવહીવટ સંભાળી લીધો દેખાય છે. પણ ચાલુ આવતા નિયમ પ્રમાણે તે તેના પોતાના નામે ચડાવી શકાય નહીં.

તેના રાજઅમલમાં કોઇ અન્ય મહત્ત્વનો બનાવ બન્યાનું જણાયું નથી, કે બન્યો હોય પણ નોંધાયો જડતો ન હોય. બન્યો ન હોવામાં બે ત્રણ કારણો આગળ ધરી શકાય તેમ છે. ( ૧ ) તેના પિતાની પેઠે તે પણ બળહીન કે તેજોહીન હોય. જો કે તેમ ધારવાને આપણી પાસે કાંઇ સાધન નથી. ઊલટું તેના પિતા કરતાં તેનો રાજત્વકાળ દીર્ઘકાલીન નીવડયો છે. એટલે વધારે નહીં તો કાંઇક ઠીક ઠીક સત્તાવાળો અને પરાક્રમી પણ હોવો જોઇએ જ. ( ૨ ) ઇરાનની સાથે અમુક પ્રકારની સમજૂતિ થઈ ગઇ હોવાથી, તેને હવે પોતાને માટે બહુ ઉલ્લાસ કે ઉત્સાહ નહીં રહ્યો હોય એટલે તદ્દન નિષ્ક્રિય-પણે અને ઉપેક્ષાવૃત્તિથી જ રાજકાજ કર્યે જતો હશે. ( ૩ ) સમજૂતિ થઇ ન હોય તો પણ બહુ મુલક વધારવા તરફ તેનું લક્ષ જ દેખાતું નહોતું. તે પોતે ગાદી ઉપર બેઠો કે બીજે જ વર્ષે અવંતિની ગાદી પાછી ખાલી પડી હતી. એટલે જો ધારત તો તે આખું રાજ્ય કે તેનો કાંઇક હિસ્સો પણ મેળવી શકત; પણ તે તક જેણે જતી કરી છે. આવાં વિધ-વિધ અનુમાનો તેના જીવન વિશે દોરી શકાય છે; છતાં એક પ્રસંગ તેને નબળો રાજકર્તા માની લેવાને મને પ્રથમ મળ્યો હતો. પરંતુ વિશેષ શોધનથી માલૂમ પડયું છે કે તે માત્ર મારી ભ્રમણા જ હતી. છતાં તે ઐતિહાસિક બીના જ હોવાથી, ભવિષ્યમાં કોઇ અન્ય સંશો-ધકને તેમાંથી કદાચ સાર જેવું હાથ લાગી જાય તેવા આશયથી તે નીચે રજૂ કરું છું.

**મારી ભ્રમણા**

રાજતરંગિણિ કે જે કાશ્મિરદેશનો પ્રાચીન કાળનો પ્રમાણિક ઇતિહાસ દર્શાવતો વર્તમાન-કાળે લબ્ધ થતો ગ્રંથ મનાય છે, તેમાં એમ જણાવાયું છે કે, હિંદી સમ્રાટ વિક્રમાદિત્યે તે દેશ સર કરીને પોતાના પ્રતિનિધિ તરીકે મંત્રીગુપ્ત નામના પ્રધાનને ત્યાં વહીવટ કરવા નીમ્યો હતો. આ હકીકતનો ઉલ્લેખ સરખોયે ભારતદેશના શિખવાતા કોઈ ઇતિહાસમાં કોઈ હિંદી સમ્રાટ વિષે કરાયો હોવાનું જણાતું નથી. જ્યારે વિક્રમાદિત્ય નામની વ્યક્તિઓ તો લગભગ દશ બાર જેટલી ( જુઓ આ પુસ્તકને અંતે તેને લગતો પરિચ્છેદ ) હિંદની ભૂમિ ઉપર થઇ ગઇ છે. એટલે પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે, તરંગિણિકારે કયા વિક્રમા-દિત્યને ઉદ્દેશીને તે બીના લખી હશે. તેણે લખ્યું

છે ત્યારે તે કાંઇક આધારભૂત હોવું જોઇએ જ: પછી તેની સળ આપણને સૂઝતી ન હોય તેમાં તેનો દોષ ન કહેવાય. એમ તો તેમણે જે ધર્માશોકને પણ એક વખત કાશ્મિરપતિ થઈ ગયો હોવાનું જણાવ્યું હતું અને તે ઉપરથી હિંદી ઇતિહાસના અભ્યાસીઓએ તથા લંડનની લાઇબ્રેરીના હિંદી વિભાગના ગ્રંથપાળ મિ. થોમાસે એમ સાબિત કર્યું હતું, કે તે ધર્માશોક તે અન્ય કોઇ નહીં પણ મૌર્યવંશી સમ્રાટ અશોકવર્ધન હતો. તે માન્યતા ખોટી છે એમ આપણે હવે પુ. ૨ માં અનેકવિધ ચર્ચા કરીને બતાવી આપ્યું છે (જુઓ પુ. ૨, પૃ. ૩૮૯ ઉપર ધર્માશોકનું પરિશિષ્ટ). મતલબ કહેવાની એ છે કે, ત્યાં જેમ તરંગિણિકારના કથનથી આપણને એક ઐતિહાસિક બનાવનો મૂળ પાયો હાથ લાગ્યો હતો તેમ અહીં કદાચ પ્રયાસ કરાય તો કાંઇક નવીન વસ્તુ હાથ લાગે પણ ખરી.

રાજતરંગિણિકારે વર્ણવેલા વિક્રમાદિત્ય માટે સર્વ કોઇની પ્રથમ નજર શકારિ વિક્રમાદિત્ય ઉપર જ પડવા સંભવ છે; કેમકે તેના નામની પ્રસિદ્ધિ અને લોકપ્રિયતા ઉપરથી જ અન્ય ભૂપતિઓ તે બિરૂદ પોતાના નામ સાથે જોડવા પ્રેરાયા છે. એટલે મેં પણ શકારિ વિક્રમાદિત્યને કાશ્મિરપતિ થયાનું માની લઇ, ત્યાં મંત્રીગુપ્તને સૂબો નીમ્યાનું ઠરાવ્યું. વળી કાશ્મિરની જીતનો તેનો સમય ઈ. સ. પૂ. ૫૭ માં તે અવંતિપતિ બન્યા પછીના દશ પંદર વર્ષમાં જ થયો હોય એમ ગણી, તે સમયે કોણ કોણ રાજાઓ પંજાબ અને કાશ્મિરમાં સત્તા ઉપર હોવા જોઇએ તે શોધી કાઢવા નજર દોડાવી. એટલે ઇન્ડોપાર્થીઅન રાજા અઝીલીઝનો સમય અને તેનો સત્તાપ્રદેશ પંજાબ (કે કાશ્મિર) વિગેરે ધ્યાનમાં તરવરવા લાગ્યા. તેમ બીજી બાજુ તેનું નિષ્ક્રિય જીવન લાગ્યું. વળી કે. હિ. ઈ. ના લેખકનો જે અભિપ્રાય હતો કે આ અઝીલીઝના પૂર્વજ શહેનશાહ મોઝીઝે પણ હિંદમાં જ્યારે પ્રથમ ચડાઈ કરી હતી ત્યારે તેણે બલુચિસ્તાનના માર્ગે પ્રથમ ઉતરી, પછી સિંધુ નદીના જળપ્રવાહદ્વારા ઉપર વધીને પંજાબ સર કર્યો હતો; અને બે બાજુ પડેલા યવનરાજવંશીઓના મુલક વચ્ચે પોતે ફાચડરૂપ જેમ બન્યો હતો તેમ એક બાજુ આ અઝીલીઝના મથુરા તરફનું રાજ્ય અને બીજી બાજુ તેના મૂળ વતનવાળા પાર્થીઅન પ્રજાનું રાજ્ય; તે બેની વચ્ચે શકારિ વિક્રમાદિત્યે પણ ફાચડ મારવા જેવું, પંજાબ અને કાશ્મિર જીતીને કાં ન કર્યું હોય? આ વિચાર મનમાં ઘોળાયા કરતો હોવાથી તે સમયે (લગભગ આઠ વર્ષ ઉપર જ્યારે આ પુસ્તકનું મૂળ લખાણ મેં ઊભું કરીને લખી રાખ્યું હતું ત્યારે) તો આ પ્રમાણે જ બન્યું હોવાનું ઠરાવીને બધું ચોકઠું ગોઠવી દીધું હતું. પણ હવે જ્યારે પુસ્તક છપાવવાનો યોગ પ્રાપ્ત થયો ત્યારે શહેનશાહ મોઝીઝનો આખો ઇતિહાસ જેમ શોધવો પડયો અને બધું વાજું ધરમંડાણથી ફરી જતું દેખાયું, તેમ આ પ્રસંગની બાબતમાં પણ આખું ચક્ર ફેરવવા જેવા સંજોગો દેખાયા; કેમકે, અઝીલીઝ પછી ગાદીએ આવેલ શહેનશાહ ગોંડોફારનેસને ઠેઠ ઇરાનથી માંડીને મથુરા સુધીના સર્વ પ્રદેશ ઉપર રાજ કરતો હોવાનું મનાય છે. વળી તેણે વચ્ચે ફાચડરૂપ પડેલ કોઇ પ્રદેશને જીતીને માર્ગ સાફ કરી નાંખ્યો હોય એમ જણાતું નથી. એટલે શકારિ વિક્રમાદિત્યને ગણત્રીમાંથી પડતો મૂકવો પડયો. પછી બીજી નજર ગુપ્તવંશી ચંદ્રગુપ્ત ઉપર પડી. તે વંશમાં વિક્રમાદિત્ય બિરૂદધારી બે ત્રણ રાજાઓ પણ થયા છે. તેઓ મહાપરાક્રમી

થવા સાથે ઉત્તર હિંદના ભૂપતિઓ પણ થયા છે. ઉપરાંત કાશ્મિરમાં નીમેલા સૂબા-પ્રધાન મંત્રીગુપ્તનું નામ પણ તેમની સાથે વધારે સુસંગત થતું દેખાય છે. આ પ્રમાણે અનેક પ્રકારે તે અનુમાનને પુષ્ટિ મળતી દેખાઇ. પણ તેમનો રાજ્યાધિકાર આ પુસ્તકની ઠરાવેલ સમયમર્યાદા બહારનો હોઇને તે વિશે આટલો ઉલ્લેખ કરીને જ અહીં વિરમવું પડે છે.

કહેવાનો તાત્પર્ય એ છે કે, મેં પ્રથમ દોરેલો અનુમાન મારે ફેરવવો પડ્યો છે અને તેથી રાજા અઝીલીઝને કપાળે ચોંટાડાતું કલંક ધોળી નાંખી તેને મેં " મારી ભ્રમણા " ના શિર્ષક તળે જણાવવું યોગ્ય ધાર્યું છે.

## ( ૪ ) અઝીઝ બીજો

શહેનશાહ અઝીલીઝના મરણ બાદ થયેલ સમજૂતિના કરાર પ્રમાણે ( જુઓ પૃ. ૩૨૫ ) ઇરાનના રાજકુટુંબમાંથી કોઇ નબીરો હિંદી પ્રાંતોનો વહીવટ ચલાવવા આવવાનો હતો. તે સમયે ઈરાનમાં શહેનશાહ વોનોનીસનું મરણ નીપજી ચૂક્યું હતું એટલે તેની ગાદી ઉપર તેનો નાનો ભાઇ સ્પેલીરીઝ બેઠો હતો. શહેનશાહ સ્પેલીરીઝને એક યુવાન પુત્ર હતો તેને હિંદ તરફ મોકલી આપવામાં આવ્યો હતો; જે શહેનશાહ અઝીઝ બીજા તરીકે હિંદી ઈતિહાસમાં જાણીતો થયો છે. તેનો સમય ઇ. સ. પૂ. ૩૦ થી ઈ. સ. ૧૯ સુધીના ૪૯ વર્ષનો ગણાય છે. તે વિશે કોઇને વાંધો ઉઠાવવાનું કારણ મળ્યું નથી, જેથી આપણે પણ તે સાથે સંમત થઈએ છીએ. ઇન્ડોપાર્થીઅન જાતિના કુલ્લે પાંચ શહેનશાહ થયા છે. તેમાંના સર્વેમાં આ ચોથા ગાદીપતિનો રાજ્યકાળ સૌથી લાંબો છે, છતાં તેના જ રાજઅમલ દરમ્યાન ઓછામાં ઓછા નોંધવાલાયક બનાવ નોંધાયા છે. બલ્કે એમ કહો કે, તેનો આખોયે સમય હિંદી ઇતિહાસની નજરે તદ્દન "કોરી પાટી=Blank slate" જેવો જ છે. તેણે રાજની લગામ હાથ લેતી વખતે, જેટલી ભૂમિનો વારસો લીધો હતો તેટલો જ તેની પાછળ આવનારને સોંપ્યો હતો. એટલે કે તેણે નથી જમીન વધારી કે નથી ઘટાડી; એટલું જ નહીં પણ તેણે આસપાસના કોઇને હેરાન કર્યા હોય કે ખાલી ધમકી આપીને દમ મારવા જેવું કર્યું હોય એમ પણ લાગતું નથી. જેમ તેણે કોઈ પાડોશીને રંજાડ્યા નથી તેમ તેના પાડોશીએ પણ તેને ઊંચાનીચા થવાનું કારણ આપ્યું નથી; નહીં તો તેના સમય દરમ્યાન તેની દક્ષિણ હદે અડીને આવેલ અવંતિપતિ શકારિ વિક્રમાદિત્ય જે પરાક્રમશીલ રાજા થઈ ગયો છે તથા જેની કારકીર્દી એટલી જગજાહેર અને પ્રખ્યાત થયેલી છે કે, જો તેની કરડી નજર કંઇ અંશે પણ થઇ હોત તો, કાંઇક ને કાંઇક નવાજૂની તો થઇ જાત જ. આ ઉપરથી એમ સમજાય છે કે, બન્ને ભૂપાળો શાંતિપૂર્વક વહીવટ ચલાવી લોકસેવા કરવાની ભાવનાવાળા જ હશે. જેથી કોઈએ એકબીજાના કામકાજમાં વિના પ્રયોજને-અથવા કેવળ ભૂમિ મેળવવાના લોભમાં તણાઇને-માથું મારવાનું ઊચિત ધાર્યું લાગતું નથી.

આ શહેનશાહનો લાંબો રાજ્યકાળ હોઇને જે કેટલાક તેને શકસંવત્સરના સ્થાપક તરીકે મનાવવાની વૃત્તિ દાખવી છે તે કેવી નાપાયાદાર છે તે આપણે ઉપરમાં અઝીઝ પહેલાનું વૃત્તાંત લખતાં જણાવી ગયા છીએ એટલે અહીં પુનરૂક્તિ કરતા નથી.

શહેનશાહ અઝીઝનું મરણ નીપજતાં, તેની પાછળ ગોંડોફારનેસ આવ્યો છે.

## ( ૫ ) ગોંડોફારનેસ-ગોંડોફારસ

જેમ આપણા બ્રીટીશ હિંદમાં વહીવટ

ચલાવવાને, ઇંગ્લાંડથી હાકેમો નીમાઇને આવે છે અને તેમની પસંદગી ત્યાંની પાર્લામેંટ-દ્વારા તે સમયનું પ્રધાનમંડળ કરે છે; જેથી એક પછી આવનાર બીજાને કાંઇ સગપણુ સંબંધ હોતો નથી તેમ આ ઇન્ડો પાર્થીઅન્સે પણ તે રીત હવે ગ્રહણ કરેલી હોવાથી, ગાદી ખાલી કરનારને અને નવા આવનારને બીજો કોઇ લોહી સંબંધ હોતો નથી. છતાં અહીં ચાલતી બ્રીટીશ પ્રથા અને તે સમયની ઇન્ડોપાર્થીઅન્સની પ્રથામાં ફેર એ હતો કે (૧) ઇન્ડોપાર્થીઅન્સમાં રાજકુટુંબી જન-સરદારને મોકલવામાં આવતો (૨) અને જે આવતા તે અમુક વખત માટે જ ન આવતાં તેની આખી જિંદગી સુધી વહીવટ ચલાવ્યા કરતા. પછી ઇરાનની મૂળ ગાદી ઉપર બિરાજતા શહેનશાહમાં ફેરફાર થઇ જતો તો પણ હિંદમાં વહીવટ કરનારને કાંઇ જ આંચ આવતી નહોતી.

આ ગોંડોફારનેસનો સમય ઈ. સ. ૧૯ થી ૪૫ સુધીના ૨૬ વર્ષ પર્યંત હિંદના રાજકર્તા તરીકે લેખવામાં આવ્યો છે અને તે બાદ ઇરાનની અને હિંદની ગાદી એકત્ર થઇ જવાથી તેને ઇરાનમાં બોલાવી લીધો હતો અને પછી ત્યાંના અને હિંદના એકત્રિત શહેનશાહ તરીકે તેની કારકીર્દી ચાલી હતી[૬૫] એમ કહી શકાશે. તેનો રાજ્યકાળ પણ ઠીક ઠીક લાંબો સમય ચાલ્યો ગણાય. તેણે પણ પોતાના પૂર્વજની પેઠે, દક્ષિણે આવેલા અવંતિપતિ સાથે બીનદરમ્યાનગીરીની નીતિને જાળવી રાખી દેખાય છે: પણ બીજી બાજુ જ્યારે અફગાનિસ્તાનની ઉત્તરે હિંદુકુશ પર્વતની આસપાસ અને પોતાના મુલકની થડોથડ આવીને યુચી પ્રજાના ( જુઓ ઉપરમાં પૃ. ૨૪૨ ) એક ટોળાની મદદ સાથે કુશાન સરદાર કુજુલ કડફસીઝને પોતાની સત્તા કાંઇક સ્થિર કરતો સાંભળ્યો ત્યારે તેણે પોતાના હાથનો સ્વાદ તેને ચખાડવાને પગલાં લેવાં પડ્યાં હતાં; અને તે સરદારને કાબૂલની ખીણવાળો ભાગ ખાલી કરીને જરા પાછા હઠી જવાની ફરજ પણ પાડી હતી. તે બાદ તેણે અફગાનિસ્તાનવાળા તે ભાગમાં એક કીર્તિસ્થંભ ઊભો કર્યો છે જે તેની રાજઅમલની સાક્ષી પૂરતો અદ્યાપિ પણ નજરે પડી રહ્યો છે. તેના રાજ્ય-અમલમાં ઇન્ડોપાર્થીઅન સત્તા મધ્યાહ્ને[૬૬] પહોંચી ગઈ હતી એમ જરૂર કહી શકાશે.

તેના રાજ્ય સાથે બહુ નિસબત ધરાવતી એવી એક બે કેટલુંક જાણવા બાબતનો અહીં ઉલ્લેખ યોગ્ય કરી લઇએ.

કેટલાક વિદ્વાનોની એમ માન્યતા થઇ છે કે, તે પોતે પહ્‍લવી મહઝબનો અનુયાયી હોવા છતાં તેણે પોતાની પાછલી જિંદગીમાં ધર્મ-પરિવર્તન કરીને ઇસાનો ધર્મ અંગીકાર કર્યો હતો. ત્યારે કેટલાકનો એવો મત પડે છે કે, તે બહુ ઉદારચિત્ત હોવાથી તેણે[૬૭] ખ્રિસ્તી ધર્મ તરફ બહુ આદરભાવ જ માત્ર બતાવ્યો હતો,

( ૬૫ ) કહે છે કે તેનું મરણ ઈ. સ. ૬૦ માં થયું હતું. H. H. P. 647:-He died about 60 A. D.=હિ. હિં. પૃ. ૬૪૭:-તે ઈ. સ. ૬૦ આશરે મરણ પામ્યો.

( ૬૬ ) કે. હિ. ઇ. પૃ. ૫૩૮:-The Pahalva power attained its height=પહ્‍લવોની સત્તા તેના ઉત્કૃષ્ટ સ્થાને પહોંચી હતી.

( ૬૭ ) હિ. હિં. પૃ. ૬૪૭:-A recently discovered inscription shows that Gondophorus was initiated by St. Thomas.

પણ પોતે તે ધર્મનો ભક્ત બન્યો નહોતો. એમાંથી ગમે તે હો, પણ એટલું ખરૂં જ કે તે સમયે તાજેતરમાં જ ખ્રિસ્તી ધર્મનો ઉદ્‌ભવ થયો હતો અને પ્રજા તેને ઠીક ઠીક અપનાવવા લાગી હતી. તેને આ ધર્મ પ્રત્યે આકર્ષનાર કે મુગ્ધ કરનાર વ્યક્તિ સેંટ થોમાસ નામના મદ્રાસ ઇલાકાના એક પાદરી છે. તે આખી કથા પ્રથમ તો એક દંતકથા જ જેવી લાગે છે પણ એક ગ્રંથકાર જ્યારે તેને શિલાલેખનો આધાર આપીને મજબૂત બનાવી રહેલ છે ત્યારે, બીજો વિરૂદ્ધ પુરાવો ન મળી આવે ત્યાંસુધી આપણે તે હકીકતને એક સત્ય ઘટના તરીકે જ માનવી રહે છે. આ એક બાબત થઇ.

બીજી આ પ્રમાણે-છે તેનું રાજ્ય હિંદમાં તો ઈ. સ. ૨૬ થી લગભગ ખતમ થયું ગણાય છે; અને તે બાદ ઉત્તર હિંદના પંજાબ કે યુક્ત પ્રાંતમાં કોઇની સત્તા ખાત્રીપૂર્વક સ્થપાયાની જણાઇ હોય તો તે કુશાનવંશી રાજા કનિષ્કની જ છે. તેમ તેનો સમય ઇ. સ. ની પહેલી સદીના અંતનો (આશરે ઈ.સ. ૭૮ નો) વિદ્વાનોએ[૬૮] ગણ્યો છે; જેથી લગભગ અડધી સદીના ગાળાનું જે અંતર પડે છે તેમાં તે ભૂમિ ઉપર કોણે અમલ ચલાવ્યો ગણવો ? ભૂપાળ વિનાની ભૂમિ તો રહેવા પામી નહીં હોયને ? કેટલાકનું એમ માનવું છે કે, ઇરાનમાંથી નાના પદવીધરો ત્યાં આવીને વહીવટ ચલાવ્યે જતા હતા જ્યારે બીજી રીતે તપાસ કરતાં કોઇ પ્રકારની પ્રમાણભૂત માહિતી મળતી જ નથી. ખરી સ્થિતિ પુરવાર થાય તેજ પ્રમાણે ખરી સમજવી.

**ઇટલીની હિંદ સાથે સરખામણી**

બાકી એક લેખકે હિંદને યુરોપના ઇટલી સાથે સરખામણી રૂપે એક અભિપ્રાય જે દર્શાવ્યો છે તે વાચક સમક્ષ રજૂ કરી આ પરિચ્છેદ સમાપ્ત કરીશું. તેમણે તો ભૂગોળની દૃષ્ટિએ જ વિચાર દર્શાવ્યો છે પરંતુ કેટલેક અંશે તે રાજકીય દૃષ્ટિબિંદુ પણ રજૂ કરતો હોય એમ અનુભવથી જણાય છે. તેમના શબ્દો આ પ્રમાણે[૬૯] છે-"India & Italy have terribly suffered for their unhappy gifts of beauty =હિંદને અને ઈટલીને પોતાની સૌંદર્યતાની કમનશીબ ભેટને અંગે ભયંકર રીતે સહન કરવું પડયું છે." કહેવાની મતલબ એ છે કે, આ બન્ને દેશો ઉપર કુદરતે પોતાની રમણીયતાનો જે કોઠાર ઠાલવી દીધો છે તેથી તેમને અસીમ નુકશાન થયું છે. આપણે તો અહીં હિંદની જ વાત કરી રહ્યા છીએ તેથી તે સંબંધે જ જણાવીશું. હિંદુસ્થાન દેશની રચના જ કુદરતે કાંઇક અલૌકિક પ્રકારની કરી છે. તેની ઉત્તરે આવેલ કાશ્મિર દેશ જો કે હવાપાણી અને સીનસીનેરીને અંગે યુરોપના ઇટલીની સાથે ભલે સામ્ય ધરાવતું હશે; છતાં રાજકીય નજરે, જેમ ઇટલી યુરોપનું એક અંગ બની રહેલું છે તેમ કાશ્મિરને હિંદનું અંગ ગણી શકાશે નહીં. તે તો હિંદથી છૂટું જ પડી જતું હોય એમ દેખાય છે. કહે-

A. D. 21. =બહુ થોડા વખત ઉપર શોધી કઢાયલા એક લેખથી સાબિત થાય છે કે, ગોંડોફોરસને ઇ. સ. ૨૧ માં સેંટ થોમસના હસ્તે ખ્રિસ્તી ધર્મની દીક્ષા દેવાઇ હતી. (જેમણે આખો પ્રસંગ જાણવા ઇચ્છા હોય તેમણે ઉપરનું પુસ્તક વાંચી લેવું.)

(૬૮) મારા મત પ્રમાણે રાજા કનિષ્કનો સમય ભિન્ન છે. જે ચર્ચા પુસ્તક ૪ થા અંતમાં વિસ્તારપૂર્વક દલીલો સહિત સાબિત કરી આપી છે, એટલે હાલ તો એટલું જ લખવું ઉચિત ધારૂં છું.

(૬૯) જુઓ. હિં. પૃ. ૬૨૭.

વાનો ભાવાર્થ એમ છે કે, અફગાનિસ્તાનમાંથી કોઇને હિંદ ઉપર આક્રમણ લાવવું હોય, તો ઉત્તર હિંદના આ કાશ્મિર દેશને જરા પણ અડકયા સિવાય, પંજાબને પ્રથમ સર કરીને દીલ્હીપતિ કે મથુરાપતિ બની શકાય છે; જ્યારે ઇટલીની સ્થિતિ તેવી નથી જ. તેનું પદ તો યુરોપના એક અવિભાજ્ય અંગ તરીકે કાયમ જ રહે છે. યુરોપના અન્ય દેશોથી તે વિભિન્ન પડી જતું નથી. પણ જો કાશ્મિર તરફથી કોઇને હિંદમાં આવી દીલ્હીપતિ કે મથુરાપતિ બનવું હોય તો તેને પંજાબને વિંધ્યા સિવાય ચાલતું જ નથી. આ પ્રમાણે રાજકીય નજરે યુરોપની દૃષ્ટિમાં કાશ્મિર કરતાં પંજાબની અગત્યતા વિશેષ કહેવાશે. બાકી હિંદની ઉત્તરના પ્રદેશો અંગેની રાજકીય દૃષ્ટિએ ભલે કાશ્મિરની અગત્યતા મોટી અંકાતી હોય.

કુદરતે બક્ષેલી આ સૌંદર્યતા તથા બીજી નવાજેશોને લીધે હિંદ ઉપર અનેકના ડોળા ચકરવકર થઈ રહ્યા કરે છે તે વાત પણ સાચી જણાઇ આવે છે. ત્યાં તો એક જાય ને બીજો આવીને ઉભો જ છે તેવી સ્થિતિ બની રહી છે. ઇરાનીઓ પછી યવનો આવ્યા. તે ગયા ને યોન આવ્યા. તે ગયા ને ક્ષહરાટે કબ્જો લીધો. વળી તે ગયા તો ઇન્ડોપાર્થીઅન આવ્યા. તેમણે ઉઠાંગિરિ લીધી તો વળી કુપ્રજાએ પોતાનું ભાવી અજમાવ્યું. એમ ઉત્તરોત્તર એક પછી એક પ્રજાનું ક્ષેત્ર તે બની રહ્યું છે.



# નવમ પરિચ્છેદ

---

## પરદેશી આક્રમણકારો ( ચાલુ )

### ( ઙ )શક–સિથિયન્સ, ઇન્ડોસિથિયન્સ

**સંક્ષિપ્ત સારઃ**—મિ. થોમસે જેને સેન–સિંહ–કે શાહીવંશી રાજાઓ ગણાવ્યા હતા, તે કોણ તથા તેમનો સમાવેશ સિથિયન્સ યા ઇન્ડોસિથિયન્સમાં કરી શકાય કે કેમ તેની કરી આપેલ ચોખવટ–સૌરાષ્ટ્રના શાહી રાજાઓ અને બીજી તરફ શહેન-શાહી તરીકે ઓળખાતા રાજાઓ, તે બન્ને વચ્ચેની આપેલી સમજૂતિ-અત્યારસુધી અંધારે પડેલા શાહીવંશી રાજાઓની આપેલી ઓળખ-કયા રાજાઓ સિથિયન્સ અને કયા રાજાઓ ઇન્ડોસિથિયન્સ કહેવાય તેનું આપેલું સ્પષ્ટીકરણ–મૂળમંડાણથી આખીએ શકપ્રજાનો આપેલ ઇતિહાસ–તેમનાં અનેક ટોળાંઓનાં ભિન્ન ભિન્ન સમયે તથા ભિન્ન ભિન્ન દિશામાં થયેલાં સરણોનું તેમજ અનુક્રમવાર થયેલ વિકાસનું આપેલું વર્ણન–ખરી શકપ્રજા કોણ તે ભેદ નહીં પારખવાથી હિંદી ઇતિહાસને વિદ્વાનોએ કરેલ કેટલોક અન્યાય—

## ( ङ ) શક-સિથિયન્સ ઇન્ડો સિથિયન્સ

હિંદ ઉપર આક્રમણ કરનારી ચાર પ્રજા-માંથી બેકટ્રીઅન્સ ( યોન ), ક્ષહરાટ, અને પહ્લ્વાઝ-પાર્થીઅન્સ—આ પ્રમાણે ત્રણ પ્રજાનો હેવાલ યથામતિ આપણે જોઇ ગયા છીએ. હવે ચોથી પ્રજા જે શક છે તેનું યથાશક્તિ વર્ણન કરીશું. આપણે જોઇ શકયા હોઇશું કે, ઉપરની જે ત્રણ પ્રજાનો વર્ણાનુક્રમ ગોઠવ્યો છે તે પ્રમાણે તેમના ઇતિહાસશોધનનાં કાર્યની સરળતા-વિરળતા માલૂમ પડી છે. જ્યારે શકપ્રજાને જે સૌથી છેલ્લી રાખવી પડી છે તેનું એક કારણ એ પણ છે કે, તેનું વર્ણન કરવું, શોધન કરવું તે સર્વ કરતાં વિશેષ દુર્ઘટ કાર્ય છે.

જેમ પાર્થીઅન્સ અને ઇન્ડોપાર્થીઅન્સ બન્ને શબ્દો એક જ પ્રજાવાચક શબ્દો છે; માત્ર તેમના વસ્તિસ્થાન પરત્વે તેઓ ભિન્ન પ્રદેશી ગણાય છે.તેજ પ્રમાણે શક-સિથિઅન્સ અને ઇન્ડોસિથિઅન્સનુંપણ સમજી લેવું: તેટલે દરજ્જે બન્નેનું સામ્ય છે. તે ઉપરાંત બન્ને વચ્ચે એક બીજી સામ્યતા પણ છે. જેમ પાર્થીઅન્સ અથવા પહ્લ્વાઝની સાથે પહ્લવાઝનું મિશ્રણ ઇતિહાસકારોએ કરી નાંખીને ગોટાળો ઊભો કર્યો છે, તેમ સિથિઅન્સ-શકની સાથે ચષ્ઠણવંશી ક્ષત્રપો જે તદ્દન અન્ય સ્થાનીય જ પ્રજા છે તેની ઓળખની પણ સેળભેળ કરી નાંખી, મોટી મુશ્કેલીઓ વહોરી લીધી છે. આથી કરીને તે બન્ને વિશેની સગજુતી એકી જ સાથે આપવી તે ઉચિત ગણાશે. પણ ઉપરમાં આપણે જોયું છે કે, પાર્થીઅન્સો તેમના મૂળ વતન ઇરાનની સીમા બહાર ગયેલ ન હોવાથી તેમનું વર્ણન આ ભારતીય ઇતિહાસમાં સમાવેશ કરવાની-લેવાની જરૂરત નહોતી પડી; પરંતુ ઇન્ડો-પાર્થીઅન્સો હિંદમાં આવેલ હોવાથી માત્ર તેમનું વર્ણન કરવું પડયું હતું. જ્યારે આગળ ઉપર જોઇશું કે, સિથિઅન્સે અને ઇન્ડોસિથિઅન્સે બન્નેએ હિંદમાં આવીને અમુક સમય પર્યંત રાજ-વહીવટ ચલાવ્યો છે ત્યારે તો આપણે તે બન્નેનો ઇતિહાસ આલેખવો રહે છે. તેટલે દરજ્જે ભારતીય ઇતિહાસના અંગે પાર્થીઅન્સ અને સિથિઅન્સની ભિન્નતા સમજી લેવી. વળી ચષ્ઠણ ક્ષત્રપોને કેટલાક સમય સુધી શાહવંશી કે સિંહ-સેનવંશી રાજાઓ તરીકે ગણવામાં આવતા હતા અને તેમ કરી તેમને ' શાહી રાજા ' નામથી સંબોધાતા રાજવંશીઓ સાથે ભેળવી નંખાયા હતા. આ સર્વ ગુંચોનો નિકાલ અત્રે આપવા ધારૂં છું. પ્રથમ તેમની ઓળખ વિગેરે અન્ય હકીકત છૂટી પાડવાનું કાર્ય ઉપાડીશું અને તે બાદ તેમના રાજાઓનાં જીવનવૃત્તાંત લખીશું. આ પ્રમાણે તેમના પણ બે પરિચ્છેદો કરીશું.

**તે સર્વેની ભિન્નતા**

તે સર્વે ભિન્ન ભિન્ન પ્રજા છે એટલું પ્રથમ સાબિત કરી આપીએ. તે કર્યા બાદ તે દરેકમાં કઇ કઇ વ્યક્તિઓની ગણના ઇતિહાસકારોએ કરી છે તે બતાવીશું. એટલે આપણો ઘણોખરો માર્ગ સુગમ થઇ જશે. તે સર્વે શબ્દમાં અહીં ચાર પ્રકારની પ્રજા લેખવાની છે: (૧)સિથિઅન્સ, (૨)ઇન્ડો સિથિઅન્સ, (૩)શાહ-સેન કે સિંહવંશી રાજાઓ(૪) અને શાહીવંશી રાજાઓ. આ ચારમાંથી શાહવંશી રાજાઓની તપાસ પ્રથમ કરી લઇએ.

' ધી શાહ કીંગ્ઝ ઓફ સારાષ્ટ્ર ' નામનો એક લેખ બહુ જૂના વખતમાં પ્રસિદ્ધ થયો[૧] છે. તે લેખના સંપાદક પ્રસિદ્ધ અભ્યાસક મિ. એડ-

( ૧ ) જુઓ જ. રો. એ. સો. પુ. ૧૨ સને ૧૮૫૦ પૃ. ૧ થી ૬૩ [ એટલે આ લેખ પ્રગટ થયાને આજે ૭૫ ઉપરાંત વર્ષ થયાં કહેવાય. [ પણ આ પુસ્તક પ્રસિદ્ધ થાય છે ત્યારે ૮૭ વર્ષ થયાં કહેવાશે. ]

વડું થાણું છે. જો કે આ નિબંધ બહુ જ જૂનો છે. વળી તે લખાયા પછી, તે આખો વિષય શોધાઇને સાબિત પણ થઇ ગયું છે કે, આ શાહ રાજાઓ ચષ્ઠણવંશી ક્ષત્રપોનો એક ઉત્તર ભાગ છે, છતાં તેનું અસલપણું હોય એમ સ્વીકારીને અત્ર ચર્ચા કરવાની ઇચ્છા થાય છે. તેનાં અનેક કારણો છે (૧) જેમ કોઇ વાતનો સાર મેળવવામાં, તેની તરફેણના અને વિરૂદ્ધના મુદ્દાઓની તારવણી કરતાં, કેટલોક આનંદ મળે છે તેમ જ કોઈ કોઇવાર નવી નવી બાબતો અજવાળામાં આવે છે, તે જ પ્રમાણે સંશોધન કાર્ય પણ ઘણું અટપટું હોઈ, એક વખત છણાઈ ગયેલ વિષયની ચર્ચા ઉપાડતાં તેમાંથી અનેક નવીન તત્ત્વો હાથ લાગી આવે છે. (૨) આ શાહવંશી રાજાઓ જેમને ચષ્ઠણવંશી તરીકે હવે ઓળખવાનું ઠરે છે તેમનો આદિ સમય ઇ. સ. ની પહેલી સદીની [૨]આખરનો ગણાય છે. જ્યારે તેના જેવા જ બીજા ભળતા રાજવંશી તરીકે નહપાણ ક્ષત્રપના વંશને લેખ્યો છે; અને તેનો સમય ઇ. સ. પૂ. ૭૪ માં પૂરો થતો[૩] આપણે જણાવી ગયા છીએ. એટલે આ બે સમયની વચ્ચે લગભગ દોઢસો વર્ષ ઉપરાંતનું જે અંતર પડી ગયું છે તે સમય દરમ્યાન આ સૌરાષ્ટ્રના પ્રદેશ ઉપર કોની સત્તા ચાલતી હતી તે શોધવું રહે છે. જો કે એટલું તો સાબિત થયું છે જ કે, તે પ્રાંત ઉપર અવંતિપતિની તેમજ અંધ્રપતિની સત્તાની શેહ કેટલોક કાળ પડતી હતી. પણ તે શેહ તે સર્વ કાળ સુધી પડતી હતી, કે શેહને સ્થાને સર્વથા પ્રકારની સત્તા પણ તેમની જ હતી, તે જાણવાની જરૂર છે જ; કેમકે તે કોઇ વસ્તુનો હજુ સુધી પાકે પાયે નિર્ણય થયો જણાતો નથી. (૩) ઉપર દર્શાવેલ નહપાણના જમાઇ ઋષભદત્ત તથા તેના પુત્રનું, તેમજ તેમની આખી શક પ્રજાનું[૪], આખરી પરિણામ તો ઠેઠ ગૌતમીપુત્ર શાતકરણીના સમયે-ઇ. સ. ૭૮ માં આવ્યાનું શિલાલેખ આધારે[૫] જણાયું છે, તો તે ઇ. સ. પૂ. ૭૪ થી ઇ. સ. ૭૮ સુધીના ૧૫૦ વર્ષ સુધી તે પ્રજા કયા ભાગ ઉપર પોતાની હૈયાતી ભોગવતી પડી હતી તે પણ ઇતિહાસની દૃષ્ટિએ શોધવાની જરૂર છે. (૪) વળી સૌથી અગત્યની વસ્તુએ છે કે, ઋષભદત્ત કે તેના પુત્ર અને વંશજોનું કોઇ પ્રકારે આળેખાયલું ઐતિહાસિક વર્ણન કયાંય હજુ સુધી મળતું નથી તો તેનું પણ નિરૂપણ કરી શકાય. (૫) વળી ઇતિહાસના વિવેચકોનું લક્ષ ખેંચવા જેવી જે એક બાબત તેમાંથી તરવરી આવે છે તે બતાવવાની અગત્યતા પણ દીસી આવે છે. તેમજ શાહી રાજાઓ સાથે ચષ્ઠણ વંશીને ભેળવી દેવા તે પણ એક રીતે ભારતીય ઇતિહાસને વિકૃત બનાવી દેવા જેવું કહેવાય. અમુક બાબતમાં પોતાને સમજણ ન પડે તો તેવે સમયે મૌન સેવવું

(૨) ઈ. સ. ૭૮ માં આરંભ થયાનું વિદ્વાનોએ માન્યું છે તેથી મેં તેને પહેલી સદીની આખર તરીકે અહીં જણાવ્યું છે. બાકી મારી ગણત્રી પ્રમાણે હજુ તેનાથી કાંઈક આગળ આવે છે. તેની ચર્ચા પુસ્તક ૪ થાના અંતે કરવામાં આવી છે તે જુઓ.

(૩) જુઓ ઉપરમાં તેનું જીવનવૃત્તાંત.

(૪) તે ઋષભદત્તને તથા તેના સસરા નહપાણને ઈતિહાસકારોએ શક પ્રજાના હોવાનું જણાવ્યું છે; તેથી તે શબ્દ અહીં મેં વાપર્યો છે.

(૫) જુઓ ગૌતમીપુત્ર શાતકરણીની માતા રાણીશ્રી બળશ્રીએ કોતરાવેલ નાસિકનો શિલાલેખ: જેની ચર્ચા આપણે શાતવાહન વંશના વર્ણન કરતી વખતે કરવી પડશે.

બહેતર છે, પણ ઓડનું ચોડ ભરડી મારવું તેમ તો કદાપિ થવું ન જ જોઇએ. આવાં અનેકવિધ કારણોથી આ ચર્વિતચૂર્ણ થયેલ વિષયના વિવાદમાં કેટલેક અંશે ઉતરવું પડે છે.

લેખક મહાશયે પૃ. ૪૮ ઉપર જણાવ્યું છે કે—" Thirteen Sah Kings, all date in the 4th century of what may be assumed to refer to the Sri Harsh era 457 B. C.=સઘળા તેરે શાહ રાજાઓનો સમય ચોથી સદીનો છેઃ જેનો સંવત ઇ. સ. પૂ. ૪૫૭ નો મનાતો શ્રી હર્ષ સંવત કદાચ ધારી શકાય." આ પ્રમાણે લખીને કૌંસમાં તેની સામે " From B. C. 157 to B. C. 57=ઇ. સ. પૂ. ૧૫૭ થી[6] ઇ. સ. પૂ. ૫૭ " ની સાલ આપી છે. તેમનાં કથનમાંની બન્ને વાતનો સુમેળ ભલે અત્યારની ગણત્રીએ તો ખાતો નથી; કારણ કે (૧) તેમનો ઇરાદો શ્રી હર્ષ એટલે કનોજપતિ હર્ષવર્ધન લેવાનો હોય તો, તેના સંવતની શરૂઆત ઇ. સ. ૬૩૩ થી થઇ ગણાય છે, અને તેની ચોથી સદી એટલે ઇ. સ. ની દશમી સદી થાય. (૨) અથવા તે કાળે ( લેખ લખાયો તે સમયે ) ઉપરના જ શ્રી હર્ષનો કે બીજા કોઇ શ્રી હર્ષનો સંવત ઈ. સ. પૂ. ૪૫૭ માં[7] શરૂ થયાનું મનાતું હોય તો તેવી ગણત્રીથી તેની ચોથી શતાબ્દિ ગણતાં=( ઈ. સ. પૂ. ૪૫૭ માંથી ૩૦૦ વર્ષ બાદ કરીએ કે ચોથી શતાબ્દિ શરૂ થઈ કહેવાય ) ઇ. સ. પૂ. ૧૫૭ થી માંડીને ઇ. સ. પૂ. ૫૭ સુધીના એક સો વર્ષના ગાળામાં આ તેરે શાહ રાજાઓ થયા હતા એમ તેઓ પોતાનો અભિપ્રાય જાહેર કરે છે. આ નિબંધમાં જણાવેલ વિચારનું તારણ સર કનિંગહામે[8] નીચેના શબ્દમાં વ્યક્ત કર્યું છે " The epoch of the Sah Kings (See Mr. Thomas' Essay P. 45) of Surashtra is fixed between B. C. 157 and B. C. 57. & he places the Indo-Scythians between the Sah and the Guptas=સુરાષ્ટ્રના શાહ રાજાઓ ( જુઓ મિ. થોમાસનો નિબંધ, પૃ. ૪૫ )નો સમય તેમણે ઈ. સ. પૂ. ૧૫૭[9] અને ૫૭ ની[10] વચ્ચે ઠરાવ્યો છે; તેમ જ શાહ (રાજાઓ) અને (ગુપ્તવંશી રાજાઓ)ની વચ્ચે ઇન્ડોસિથિઅન્સ ( ચષ્ઠણવંશી ક્ષત્રપો ) થયાનું તે જણાવે છે." એટલે કે પહેલાં શાહ રાજાઓ થયા છે, પછી ઇન્ડોસિથિઅન્સ થયા છે ( જેમણે ઈ. સ. પૂ. ૨૬ માં સૌરાષ્ટ્ર જીતી લીધાનું તેઓ માને છે ) અને તે

(૬) આ આંકડો તેમણે શી રીતે નીપજાવી કાઢયો છે તે જણાવ્યું નથી. પણ સંભવ છે કે, ડીમેટ્રીઅસ અને મિનેન્ડરના રાજઅમલનું અનુસંધાન મેળવવાની કલ્પના તેમણે ઘડી કાઢી હોય (જુઓ નીચેની ટી. નં. ૯)

(૭) જ. રો. એ. સો. પુ. ૧૨, પૃ. ૪૪ ટી. નં. ૧ The original Sri Harsha commencing 457 B. C.=મૂળે શ્રી હર્ષની આદિ ઇ. સ. પૂ. ૪૫૭ છે.

[ મારૂં ટીપ્પણ-વિક્રમ સંવતસરના સ્થાપક વીર વિક્રમાદિત્યનો વંશ જેની આદિ ઇ. સ. પૂ. ૪૫૩ માં છે તે સાલની લગભગ આ ઈ. સ. પૂ. ૪૫૭ ની સાલ છે: અને હર્ષવર્ધનનું નામ પણ કેટલાકે વિક્રમાદિત્ય તરીકે ગણાવ્યું છે એટલે આ બે કલ્પનાને અંગે કદાચ તેમણે હર્ષ સંવતનો સમય ઈ. સ. પૂ. ૪૫૭ લેખ્યો હોય તો સંભવિત ગણાય. ]

(૮) જુઓ તેમણે રચેલું 'ધી ભિલ્સા ટોપ્સ' નામનું પુસ્તક પૃ. ૧૪૬.

(૯) યોન સરદાર મિનેન્ડરનું મરણ ઈ. સ. પૂ. ૧૫૭ માં થયું હોવાનું ગણીને કદાચ આ સાલ તેમણે લખી કાઢી હોય. ( જુઓ ઉપરની ટી. નં. ૬. )

(૧૦) વીર વિક્રમાદિત્ય જે શકારિ વિક્રમાદિત્ય તરીકે જગપ્રસિદ્ધ થયો છે તેના સંવતની આદિની આ સાલ ગણાય છે.

બાદ ગુપ્તવંશી રાજાઓ થયા છે. આ પ્રમાણે મિ. થોમાસનું મંતવ્ય જણાવી પોતાનો અભિપ્રાય જણાવતાં લખ્યું છે કે–Sah alphabet is certainly posterior to the Sanchi inscriptions. It agrees with the period which I ( Sir Cunningham ) assign to it from A. D. 222 ( The begining of the Indo-Scythian decline ) to A. D. 380, the accession of Samudragupta=સાંચીના લેખોના ( સમ્રાટ પ્રિયદર્શિનના સમયના )[૧૧] મૂળાક્ષરો કરતાં શાહ રાજાના ( શિલાલેખોના ) મૂળાક્ષરો મોડા સમયના છે. હું ( સર કનિંગહામ ) તેનો સમય ઈ. સ. ૨૨૨ થી ( જે ઈન્ડો સિથિયનની પડતીનો સમય છે ત્યાંથી ) માંડીને સમુદ્રગુપ્તના રાજ્યાભિષેકનો સમય જે ઇ. સ. ૩૮૦ છે તે બેની વચ્ચેનો ઠરાવું છું. આ હકીકતને ઉપરનું કથન બરાબર મળતું થાય છે. આટલું બોલીને પોતાના મંતવ્યના સમર્થનમાં પાછી દલીલ કરે[૧૨] છે કે–" From A. D. 250 I ( Sir Cunningham ) would date the independence of the Sah Kings and the issue of their silver coins, which was a direct copy in weight and partly in type from the Philo pater drachmas of Apollodotus... .. The author of the Periplus of Erythroean Sea, who lived between 117 and 180 A. D. states that ancient drachmas of Apollodotus and of Menander were then current at Barygaza. This prologed currency of the Greek drachmas points directly to the period of the Indo-Scythian rule=ઇ. સ. પૂ. ૨૫૦ થી શાહ રાજાની સ્વતંત્રતા અને તેમના રૂપેરી સિક્કાની શરૂઆત થયાનું હું લેખું છું. તે સિક્કાઓ એપોલોડોટસના ફીલોપેટર સિક્કાની કંઈક અંશે વજનમાં અને કંઈક અંશે ભાતમાં ખુલ્લી રીતે નકલરૂપે છે. ...( આટલું લખીને પછી એપોલોડોટસના સમય વિશે જણાવે છે કે ) 'એરીથ્રોયન સમુદ્રવાળો પેરીપ્લસ ' ( પુસ્તક )નો કર્તા, જે ઇ. સ. ૧૧૭ અને ૧૮૦ વચ્ચે થયો છે તે લખે છે કે એપોલોડોટસના અને મિનેન્ડરના જૂના સિક્કાઓ બેરીગાઝા( ભરૂચ બંદર )માં તે સમયે ચાલતા હતા. ગ્રીક સિક્કાઓનું ચલણ જે આટલો લાંબો વખત ચાલુ રહ્યું હતું તે ખુલ્લી રીતે બતાવે છે કે ( ત્યારે પણ ) ઇન્ડો સિથિયન હકુમતની અસર હતી. " એટલે ઉપરની દલીલોથી પોતે એમ સમજાવવા માંગે છે કે, આ શાહ રાજાઓના સિક્કાઓ ઘણે દરજ્જે મિનેન્ડરના અને એપોલોડોટસના સિક્કાને મળતા આવે છે. વળી આ મિનેન્ડરના સિક્કાઓ પેરીપ્લસના ગ્રંથકારે જાતે જોયા છે. તેનો સમય ૧૧૭ થી ૧૮૦ નો છે. એટલે જે સિક્કાઓ ૧૮૦ સુધી ચાલતા હતા તેની નકલના સિક્કા હોય, તે તો ઇ. સ. ૧૮૦ પછીના જ કહી શકાય. આ ઉપરથી શાહ રાજાનો સમય તે ઇ. સ. ૨૨૨ ઠરાવે છે કે જે સમયથી ચષ્ટણ વંશની પડતીનો પ્રારંભ થયાનું ગણાવાય છે. આ ઉપ-

(૧૧) આ મારી માન્યતા છે, કેમકે સાંચીના લેખોનો મુખ્ય ભાગ પ્રિયદર્શિનના સમયે ઊભો કરાવ્યાનું મેં સાબિત કર્યું છે. જુઓ તેના વૃત્તાંતે. અને તે કથન સત્ય છે એમ આ બંને વિદ્વાનોનાં મંતવ્યથી પુરવાર થાય છે.

(૧૨) જુઓ 'ધી ભિલ્સા ટોપ્સ' નામનું પુસ્તક પૃ. ૧૪૯.

રથી એમ થયું કે, સર કનિંગહામના મતે, પ્રથમ મિનેન્ડર, પછી શાહ[૧૩] રાજાનો વંશ અને પછી ગુપ્તવંશ; જ્યારે મિ. થોમાસના મત પ્રમાણે, પ્રથમ [૧૪]શાહરાજાઓ પછી ચષ્ઠણ વંશ અને તે બાદ ગુપ્તવંશ થયો છે.

આ પ્રમાણે બન્ને વિદ્વાનોની દલીલો છે. તેમાં કેટલું સત્ય ભરેલું છે તે આપણે વિચારીએ. પ્રથમ સર કનિંગહામની દલીલ લઇએ. તેમની દલીલ એ છે કે, લિપિના અક્ષરો નિહાળતાં શાહરાજાના સિક્કાની લિપિના અક્ષરો અર્વાચીન છે; જ્યારે સાંચીસ્તૂપની લિપિ પ્રાચીન છે. આ સાંચીસ્તૂપને મહારાજા પ્રિયદર્શિનની કૃતિરૂપે આપણે જણાવી ગયા છીએ. એટલે શાહરાજાનો સમય ઈ. સ. પૂ. ૨૫૦ પછીનો થયો ગણાય. બીજો મુદ્દો એમ છે કે, શાહરાજાના સિક્કા મિનેન્ડરના સિક્કાને મળતા છે. અને શાહ રાજાના સિક્કા જે વ્યક્તિ ઇ. સ. ૧૧૭ થી ૧૮૦ માં હૈયાત હતી તેણે નજરોનજર જોયા છે. એટલે તો તાત્પર્ય એમ થયું કે, શાહરાજાનો સમય તે વ્યક્તિની હૈયાતિ પહેલાં ખતમ થઇ જવો જોઇએ; નહીં કે તે વ્યક્તિની હૈયાતિ પછી. બાકી એટલું સિદ્ધ થયું સમજવું કે, જ્યારે તે સિક્કા મિનેન્ડરના સિક્કાની નકલરૂપે બનાવાયા છે ત્યારે તે સિક્કા મિનેન્ડરના સમય બાદ જ પડાવાયા હોવા જોઇએ. એટલે આ બીજા મુદ્દાની તારવણી એમ બતાવે છે કે, મિનેન્ડરનો સમય જે આપણે ઇ. સ. પૂ. ૧૫૯ ગણ્યો છે તે બાદ એટલે કે ઇ. સ. પૂ.૧૫૯[૧૫] અને ઇ. સ. ૧૧૭ ની વચ્ચ ગાળાના પોણાત્રણસો વર્ષમાં શાહ રાજાઓ થવા જોઇએ. તેમની પ્રથમની દલીલનો ભાવાર્થ પણ એ જ આવી રહે છે.

હવે મિ. થોમાસની દલીલો ઉપર વિચાર ચલાવીએ. તેનું માનવું એમ થાય છે કે, શાહરાજાનો સમય ઇ. સ. પુ. ૧૫૭ થી ૫૭ સુધી છે, અને આ છેલ્લા આંકને પણ તે નિશ્ચિતપણે ન ગણાવતાં "આશરે" હોવાનું જણાવી તેને ઈ. સ. પૂ. ૨૬ જણાવવાનું વલણ બતાવે છે; કેમકે તે એમ માને છે કે, તે વખતે શાહ રાજાઓની પડતી થઇ છે અને ઇન્ડોસિથિઅન્સનો વંશ અસ્તિત્વમાં આવ્યો છે. મતલબ કે, ૧૫૭ થી ૨૬ સુધીના સવાસો વર્ષના ગાળામાં તે વંશના તેર રાજાઓ[૧૬]થયા હોવાનું તે માને છે,

(૧૩) શાહરાજા એટલે ચષ્ઠણ વંશના રાજાઓ એમ કહેવાનો ભાવાર્થ છે.

(૧૪) અહીં શાહરાજાઓ એટલે રૂષભદત્તના વંશના રાજાઓ એમ કહેવાનો ભાવાર્થ છે

(૧૫) જ. રો. એ. સો. પુ. ૧૨. પૃ. ૪૫:–It is generally held that Demetrius invaded India, sometime closely anterior to, if not contemporaneously with, the date above suggested, as that of the establishment of the Sah dynasty of Gujerat. ગુજરાતના શાહવંશની સ્થાપનાનો જે સમય ઉપર બતાવી ગયા છીએ તેની બરાબરના સમયે, અથવા તો તેનાથી કેટલોક વખત અગાઉ ડીમેટ્રીઅસે હિંદ ઉપર ચડાઈ કરી હતી એમ સામાન્ય માન્યતા છે. (શાહ એટલે રૂષભદત્ત અહીં સમજવાનો છે.)

(૧૬) જ. રો. એ. સો. પુ. ૧૨, પૃ. ૪૯ ચૌદ રાજાનાં નામ આ પ્રમાણે આપ્યા છે.

| | | |
|---|---|---|
| (૧) ઈશ્વરદત્ત (વર્ષનો પુત્ર) | | |
| (૨) રૂદ્રશાહ (સિંહ) સ્વામી જીવદામનનો પુત્ર | | |
| (૩) આસદામન... ... | ,, નં. ૨ નો | પુત્ર |
| (૪) દામશાહ ... ... | ,, નં. ૨ | ,, |
| (૫) વિજયશાહ... ... | ,, નં. ૪ | ,, |
| (૬) વીરદામ ... ... | ,, નં. ૪ | ,, |
| (૭) દામજાતશ્રિય ... | ,, નં. ૪ | ,, |
| (૮) રૂદ્રશાહ (બીજો) ... | ,, નં. ૬ | ,, |
| (૯) વિશ્વસિંહ ... ... | ,, નં. ૮ | ,, |

જેમનાં નામ આ સાથેના ટીપણુમાં ઉતાર્યાં છે. આ નામોમાં મોટા ભાગની સંખ્યાના અંત્યાક્ષરો, શાહ, દામન્ અને સિંહ, જેવાં હોવા છતાં, કેટલીક વિચિત્ર દલીલો ગોઠવી તેમને ગુપ્તવંશી હોવાનું-હિંદી ઓલાદના-જણાવે છે. પરંતુ વિશેષ શોધખોળથી પાછળના તેર રાજાઓ, તેમના નામના થોડા નજીવા ફેરફાર સાથે, ચષ્ઠણવંશી હોવાનું ઠરાવાયું છે. વળી ઠેઠ પ્રથમના અને નં. ૨ ની વચ્ચે, તો નથી બતાવાતો કોઇ સગપણ સંબંધ કે નથી બતાવાતું તેમના કોઇ નામની સાથે સામ્યપણું. જ્યારે મિ. રેપ્સન જેવો સિક્કાનો અભ્યાસી તો એટલેસુધી પણ જણાવે છે[૧૭] કે– "The coin legends of Ishwardatta differs from those of the Western Kshatrapas in recording the regnal year and omitting the patronymics= ઈશ્વરદત્તના સિક્કાનું લખાણ ક્ષત્રપ સિક્કાઓથી આ બાબતમાં ભિન્ન છે કે તેમાં ( ઇશ્વરદત્તના સિક્કામાં ) રાજ્યઅમલના આટલામાં વર્ષે એમ લખ્યું છે, તથા પિતૃકુળની ઓળખ પડતી મૂકવામાં આવી છે". એટલે કે, ચષ્ઠણવંશી અને ઇશ્વરદત્તના સિક્કાની સરખામણી કરીને[૧૮] બતાવ્યું છે કે, બન્ને એક વંશના નથી જ. આ પ્રમાણે મિ થોમાસની દલીલોમાં કાંઇ ઢંગધડો દેખાતો નથી. જેથી તેને પડતી મૂકવી તે જ શ્રેયસ્ છે.

તે માટે સર કનિંગહામે કરેલી દલીલની શ્રેણી ઉપર પાછા વળવું રહ્યું. તેમના અને મિ. રેપ્સનના મતનો સાર કાઢતાં જણાય છે કે (૧) શાહ રાજાઓનો-સમય મિનેન્ડર બાદ ( એટલે ઇ. સ. પૂ. ૧૫૯ બાદ ) અને ઈ. સ. ૧૧૭ ની પૂર્વેના પોણા ત્રણસો વર્ષના ગાળામાં છે ( ૨ ) તેમનું વતન હિંદની બહારનું છે ( ૩ ) તથા તેઓ ચષ્ઠણવંશી ક્ષત્રપોથી થોડા અંશે જુદા પડતા છે. વળી મિ. રેપ્સન તથા તેના મતને મળતા થનારાઓ તો એટલે સુધી માનતા આવે છે કે, ઇશ્વરદત્તવાળા આ શાહવંશી રાજાઓ સૌરાષ્ટ્રવાસી તો છે જ; પણ વિશેષમાં, સૌરાષ્ટ્રના ( જૂનાગઢમાં ) જે રા'વંશી આભિર રાજાઓ થયા છે તેમના પૂર્વજ તરીકે પણ તે જ હોવા જોઇએ.

આ પ્રમાણે જ્યારે તેમનો સમય અને સ્થાન તથા કેટલેક અંશે ઓળખ પણ નક્કી થયાં છે ત્યારે વિશેષ હકીકતનો પત્તો મળી આવે છે કે કેમ તે હવે તપાસીએ. ભારતીય ઇતિહાસના આપણા જ્ઞાનથી જાણીએ છીએ કે, ઉપરમાં નિર્દિષ્ટ થયેલા પોણા ત્રણસો વર્ષમાં સૌરાષ્ટ્ર

---

(૧૦) રૂદ્રશાહ (ત્રીજો)... „ નં. ૮ „

(૧૧) અત્રિદામ... ... „ નં. ૮ „

(૧૨) વિશ્વશાહ... ... „ નં. ૧૧ „

(૧૩) સ્વામી રૂદ્રદામ–સિક્કા જ નથી

(૧૪) સ્વામી રૂદ્રશાહ (ચોથો) નં. ૧૩ „

આ સર્વેનાં નામ તથા એક બીજાનો સંબંધ તે દરેકના જે જે સિક્કા મળી આવ્યા છે તેનો અભ્યાસ કરીને તેમણે તારવી કાઢયા છે.

(૧૭) કો. આં. રે. પ્રસ્તાવના પૃ. ૧૬૧.

(૧૮) એમ કહેવા માગે છે કે, (અ) ચષ્ઠણવંશી સિક્કાઓમાં હંમેશા અમુક રાજા સાથે પોતાને શું સંબંધ છે તે જણાવાય છે.જ્યારે ઇશ્વરદત્તના સિક્કામાં તે બતાવાયું નથી જ. (આ) તેમ ચષ્ઠણવંશીમાં અમુક સાલ જ અપાય છે જ્યારે ઈશ્વરદત્તના સિક્કામાં મારા રાજ્યઅમલે આટલામાં વર્ષે એમ લખાયું હોય છે. આ બે મુદ્દાથી તેમના સિક્કા જુદા પડી જાય છે અને તેથી તેમને એક જ વંશના ઠરાવી નથી શકાતા. એટલે કે સિક્કાની ઓળખ માટે:–

(૧) ઈશ્વરદત્તવાળામાં રાજ્યઅમલ ના અમુક વર્ષે.

(૨) ચષ્ઠણવાળામાં ફલાણાનો પુત્ર તથા સાલ.

(૩) નહપાણવાળામાં માત્ર સંવત્સરની સાલ.

ઉપર પ્રમાણે મુદ્દાનું ધ્યાન રાખવા સૂચન થાય છે.

ઉપર ચાર રાજસત્તાનો અમલ થવા પામ્યો છેઃ (૧) ગર્દભીલવંશી ( જે અત્યારસુધી ઇતિહાસમાં બહુ પ્રસિદ્ધ થયેલ નથી પણ આ ત્રીજા પુસ્તકના અંતે તેમનું જીવન આળેખીશું ) ( ૨ ) અને આંધ્રવંશી-શાતકરણી રાજાઓઃ આ બે હિંદી રાજસત્તાઓ છે જ્યારે બીજી બે અહિંદી રાજસત્તાઓ છે; જેમકે (૩) શક જાતિના (Indo-Scythians) રૂષભદત્ત ( જે નહપાણનો જમાઈ થાય છે તથા જેનું નામ નાસિકના શિલાલેખોમાં મશહુર થયેલ છે ) નો વંશ અને ( ૪ ) ચષ્ઠણનો વંશઃ અહીં આપણે હિંદી રાજવંશને તો બાતલ રાખવાનો છે; કેમકે શાહવંશી રાજાઓનું વતન હિંદ બહારનું હોવાનું જણાવાયું છે. એટલે બે અહિંદી રાજસત્તાનો જ વિચાર કરવો રહે છે. તેમાં વળી ચષ્ઠણવંશને ત્યજી દેવો રહે છે, કેમકે ઉપર જણાવી ગયા પ્રમાણે શાહ રાજાઓ ચષ્ઠણવંશથી જુદા પડી જાય છે. આમ એક પછી એકને બાદ કરતાં જતાં, બાકી રહ્યો માત્ર એક જ વંશ; અને તે છે નહપાણના જમાઇ રૂષભદત્તનો. એટલે નિર્વિવાદિતપણે કહી શકાશે કે, તે શાહીરાજાઓ બીજા કોઈ જ નહીં, પણ રૂષભદત્તના વંશજો અને વારસદારો જ છે. વળી તેની ખાત્રી પણ આપણને નીચેનાં પ્રમાણોથી મળી આવે છે. (૧) શાહ રાજાઓનાં પ્રથમ પુરૂષનું નામ મિ થોમાસના જણાવ્યા પ્રમાણે ( જુઓ ટીપણ નં. ૧૬ માં તે સર્વેનાં નામો ) ઇશ્વિરદત્ત છે; જ્યારે નહપાણના જમાઇનું નામ ઉષભદાત અને પાછળથી રૂષભદત્ત થયાનું આપણને જણાયું છે. વળી આ રૂષભદત્ત તથા તેનો સસરો નહપાણ ( જુઓ તેના સિક્કા તથા જીવનવૃત્તાંત ) તેમજ સર્વે ક્ષહરાટ ક્ષત્રપો જૈન ધર્મ પાળતા હતા. વળી જૈન ધર્મના આદિ ધર્મપ્રવર્તકનું નામ આદીશ્વર અથવા રૂષભદેવ છે. તેમ હિંદુઓમાં પોતાના ધર્મ પ્રચારક પુરૂષને-ઇષ્ટદેવને-ઇશ્વિર તરીકે જ હંમેશાં મનાય છે. એટલે પોતાના ધર્મગુરૂના અનુયાયી તરીકે પોતાને તે રૂષભદત્તના કે ઇશ્વરદત્તના[૧૯] નામથી ઓળખાવે તે સ્વભાવિક જ છે. (૨) આ રૂષભદત્ત પોતે 'શક' પ્રજાનો ખાનદાન ગૃહસ્થ હોવાનું જણાવે છે.[૨૦] વળી આ શક પ્રજા કેટલાય કાળથી હિંદમાં આવીને વસેલી હોવાથી તેઓ ઇન્ડો-સિથિઅન્સ કહેવાતા; જ્યારે જે અસલ હતા તે પોતે સિથિઅન્સ કહેવાતા. આ સિથિઅન્સો પોતાને "શહેનશાહી"=[૨૧] શાહી પ્રજાના શહેનશાહ એટલે કે શક પ્રજાના સર્વે નાના મોટા જમીનદારોના ઉપરી તરીકે લેખવતા; જેથી તેની સરખામણીમાં, આ રૂષભદત્તનો વંશ પોતાને "શાહી" નામથી કે ટૂંકુ નામ "શાહ" કહીને ઓળખાવે તેમાં નવાઈ પામવા જેવું કે શંકા ઉઠાવવા જેવું

( ૧૯ ) અથવા ઈશ્વિરદત્તને રૂષભદત્તના પિતા તરીકે ગણાવવો હોય તો પણ બંધબેસતું આવે છે, કેમકે રૂષભદત્તના પિતાનું નામ દિનિક જણાવ્યું છેઃ એટલે તે નામ કદાચ ઇશ્વરદત્તનો પાછલો ભાગ. જે દત્ત તેનું અપભ્રંશ થઈને દત્તમાંથી દન્ન અને પછી દિનિક કે દત્તક થઈ ગયું હોય અથવા લિપિ ઊકેલનારની ભુલ પણ થઇ હોય.

( ૨૦ ) જુઓ નાસિકનો શિલાલેખ નં. ૩૨ ( કો. આં. રે. પ્રસ્તાવના પૃ. ૫૮ )

( ૨૧ ) અવંતિપતિ ગર્દભીલને હરાવવા કાલિકસૂરિ નામે જૈનાચાર્યે સિંધની પેલી પાર જઇને જે શક પ્રજાને પોતે તેડી લાવ્યા હતા તે શહેનશાહે શાહી જ કહેવાતા. આ વિશેનો અધિકાર ગર્દભીલ વંશના વૃત્તાંતમાં જણાવવામાં આવશે.

મતલબ કે, શહેનશાહ=King of Kings તે ઈરાનનો શહેનશાહ અને શહેનશાહે શાહી એટલે શિસ્તાન પ્રાંતમાં વસતી શક પ્રજાનો શહેનશાહ

પણ કાંઇ નથી જ. (૩) રૂષભદત્તનો સમય પણ બરાબર બેસતો જ આવે છે; કેમકે મિનેન્ડરની પછી ભૂમક થયો છે; તે બાદ તેનો પુત્ર નહપાણ અને તેના સમસમયી તરીકે આ રૂષભદત્ત છે. વળી રૂષભદત્ત અને નહપાણના જ્ઞાતિજનો જે ઈ. સ. ૭૮ માં[૨૨] સૌરાષ્ટ્રમાં હૈયાત હતા તે સર્વેને ગૌતમીપુત્ર શાતકરણીએ હરાવીને કચ્ચર ઘાણ કાઢી નાંખ્યો છે[૨૩] તે હકીકત શિલાલેખ આધારે વિદિત છે એટલે કે રૂષભદત્તના વંશનો સમય જે આપણે ઇ. સ. પૂ. ૭૪ થી[૨૪] ઈ. સ. ૭૮ સુધીના દોઢસો વર્ષનો ઠરાવીએ છીએ તે પણ મિ. થોમાસના કથનને આધારભૂત થાય છે. વળી આ દોઢસો વર્ષના ગાળામાં તેરથી ચૌદ કે એક બે ઓછાવધતા રાજાઓ[૨૫] ગાદી ઉપર આવી શકે તે બનાવ પણ સ્વાભાવિક જ છે. આ પ્રમાણે દરેકે દરેક રીતે તપાસતાં અને સપ્રમાણ પુરાવાઓથી ચકાસી જોતાં, જો આપણને સંતોષ મળે છે તો પછી, નિશ્ચયરૂપે તેમ માની લેવામાં, લેશ માત્ર પણ સંકોચ ખાવાનું કારણ રહેતું નથી.

[ **મારૂં ટીપણુઃ**—મિ. થોમાસે ઠરાવેલ શાહ રાજાઓ તો હવે ચક્ષ્ઠણવંશના ક્ષત્રપો હોવાનું સિદ્ધ થઇ ચૂકયું છે, પણ જેમ એક વખત તેમને 'શાહ' ને બદલે 'સિંહ' વાંચીને આ બધાને 'સિંહવંશી' રાજા તરીકે ઓળખાવાતા તેમ કદાચ 'શાહી રાજાઓ' તેવો શબ્દપ્રયોગ મિ. થોમાસને કર્ણગોચર થયો પણ હોય; અને તેની શોધમાં નીકળતાં આ 'શાહરાજાનો વંશ'[૨૬] હાથ આવી ગયો હોય. એટલે એકને બદલે બીજાને તે ધારી લઇ તે પ્રમાણે ગણાવવામાં તે લોભાઈ ગયા પણ હોય. બાકી શાહી રાજા એટલે રૂષભદત્તનો વંશવેલો સમજવો. આ રૂષભદત્તનો વંશ ચાલ્યો હતો કે કેમ તેવો અભિપ્રાય હજુ સુધી કોઇ ઇતિહાસકારોએ દર્શાવ્યો યે નથી તેમ વિચાર્યો એ લાગતો નથી. એટલે તે બાબતમાં આગળ વધવાને કાંઇ પ્રયાસ સેવ્યો હોય તેમ તો બને જ કયાંથી? આવાં અનેક કારણોથી—નવીનતાની દૃષ્ટિએ—પણ આ વિષય જરા લંબાણથી મેં ચર્ચ્યો છે. એવી ઇચ્છાથી કે અન્ય કોઇ આ વિષયને ઉપાડી લઇ તે ઉપર વિશેષ પ્રકાશ ફેંકે.]

**કોણ સિથિઅન્સ અને કોણ ઇન્ડો સિથિઅન્સ**

અહીં જે ચાર પ્રજાની વિચારણા કરવાની હતી તેમાંથી બેની—શાહવંશીની અને શાહીવંશીની—સમજૂતિ કરી ચૂકયા. હવે બાકીની બેની—સિથિઅન્સની અને ઇન્ડો સિથિઅન્સની—કરવી રહી. પ્રથમની બે પ્રજા કોણ હતી તે કાર્ય તો તેમનાં નામ ઉપરથી છૂટું પાડવાનું પણ મુશ્કેલ હતું. એટલે તેના વિશે ચર્ચાની જરૂર હતી. જ્યારે અહીં તો સિથિઅન્સ અને ઇન્ડો સિથિઅન્સ તે બે નામો

(૨૨) મારી ગણત્રીમાં આ સમય જુદો આવે છે. પણ તેની ચર્ચાનું આ સ્થાન નથી. એટલે તે આંક જ અહીં ઉતાર્યો છે.

(૨૩) શિલાલેખમાં તો માત્ર હકીકત જ છે: પણ તેનો સમય ઈ. સ. ૭૮ વિદ્વાનોએ ગોઠવી બતાવ્યો છે, એટલે અહીં તેને ઉતાર્યો છે. બાકી તેમાં ફેરફાર કરવો પડે તેમ છે. તે વિષય આગળ ઉપર હાથ ધરવામાં આવશે.

(૨૪) જુઓ હવે પછીના પરિચ્છેદે તેનું જીવનવૃત્તાંત.

(૨૫) મિ. થોમાસના મંતવ્ય પ્રમાણે શાહરાજાઓ તેરની સંખ્યામાં થયા હોવાથી (જુઓ ઉપરમાં પૃ. ૩૩૭ની હકીકત) આ આંક દર્શાવ્યો છે.

(૨૬) શાહ (ખરૂં નામ તો સિંહ છે) રાજા તે ચક્ષ્ઠણ ક્ષત્રપનો વંશ અને શાહી રાજા તે ઋષભદત્તનો વંશ એમ સમજવું.

એવાં સ્પષ્ટ અને સીધાં છે કે વિવાદમાં ઉતરવા જેવું રહેતું જ નથી. એકને શિસ્તાનમાંની[૨૭] અસલ જાતિ કહેવાય અને બીજીને, તે અસલ-જાતિ જે પ્રજા હિંદમાં આવીને વસી હતી તે કહેવાય; અથવા ઈંગ્રેજી શબ્દો ન વાપરવા હોય તો અસલવાળીને 'શક' અને હિંદમાં વસેલીને 'હિંદીશક' કહેવાય. આટલે દરજ્જે તો માર્ગ સુતર જ છે; પણ જેમ શાહવંશ અને શાહી વંશમાં કોણ થયા હતા તે શોધી કઢાયું છે[૨૮] તેમ અહીં તો શક અને હિંદીશકમાં કોણ કોણ ગણી શકાય તે શોધવાનું કાર્ય ઉપાડવાનું છે.

જે પરદેશી પ્રજા પશ્ચિમમાંથી—એટલે યુરોપ તરફથી—હિંદમાં આવી હતી તેમની ઓળખ સહેજે પડી જતી હોવાથી તે સર્વેને પાશ્ચાત્ય વિદ્વાનો ચોખા નામથી સંબોધ્યે ગયા છે. જેમ કે ગ્રીકસ, બેકટ્રીઅન્સ ઇ. ઇ. પણ જે પ્રજાનું ઉદ્‌ભવસ્થાન એશિયાની ભૂમિમાં હતું તે સંબંધી તેમનું જ્ઞાન પરિમિત હોવાથી તેમની ઓળખ બતાવવામાં ભૂલો જ ખાયા કરી છેઃ અને સઘળીને[૨૯] તેમણે સિથિઅન્સ અને ઇન્ડો સિથિ-અન્સમાં ગણી લીધી છેઃ જેમકે મોઝીઝ (જે પાર્થીઅન્સ છે), ક્ષત્રપ ચષ્ઠણ (જે અન્ય પ્રજા જ છે) નહપાણ અને ભૂમક (જે ક્ષહરાટ સાબિત થયા છે) ઇ. અનેક દૃષ્ટાંતો આપી શકાય તેમ છે. એટલે તેમનાં કથન ઉપરથી તે વિષયમાં આપણને કાંઇ પાકી દોરવણી મળે તે બનવાજોગ નથી, જેથી અન્ય સાધન તરફ નજર દોડાવવી રહે છે.

રૂષભદત્તે કોતરાવેલ નાસિક શિલાલેખમાં પોતાની જાતિને શક તરીકે[૩૦] ઓળખાવી છે. એટલે તે હકીકત તો નાફેર તરીકે જ લેખી શકાય. હવે આપણે તેને શક કહેવો કે હિંદી શક કહેવો એટલું જ શોધી કાઢવું રહ્યું. શક અને હિંદી શક તે બન્ને શબ્દો જ આપોઆપ પોતાની સ્થિતિ બતાવી આપે છે કે, જે પ્રજા શક હોય પણ હિંદમાં વસી રહી હોય ;તેને હિંદી શક તરીકે જ સંબોધી શકાય. અને રૂષભ-દત્તના જીવનવૃત્તાંત ઉપરથી[૩૧] સમજી શકાય છે કે ઇતિહાસમાં તે જાણીતો થયો છે ત્યાર પહેલાં તો તે હિંદમાં પ્રવેશ પણ કરી ચૂકયો હતો—બલ્કે કેટલોક વખત વસવાટ પણ કરી રહ્યો હતો—તે બાદ જ જાહેરમાં આવ્યો છે. એટલે તે સ્થિ-તિમાં તેને હિંદીશકની વ્યાખ્યા જ લાગુ પડે છેઃ વળી આગલા પારિગ્રાફમાં કહી ગયા છીએ કે તેના વંશને શાહીવંશ તરીકે ઓળખી શકાય છે. આ ઉપરથી એમ પણ નક્કી થયું કે, હિંદી શક નામની જે પ્રજા, તેજ શાહી વંશના રાજાઓ છે. આ પ્રમાણે ચારમાંની ત્રણ પ્રજા બાબતનો ઊકેલ થઇ ગયો કહેવાય. હવે અસલ વતનવાળી શક પ્રજાની વિચારણા જ કરવી રહી. અસલ વતન તો હિંદીશકનું તેમજ શકનું—બન્નેનું એકજ છે; ફેર એટલો જ કે ભારતીય ઇતિહાસમાં તેમની નોંધ જ્યારે લેવાઈ, ત્યારે જ તેમનું આગમન તેમના વતનમાંથી પ્રથમ થયું હોવું જોઇએઃ તે

(૨૭) આ શકપ્રજાનું ઉત્પત્તિસ્થાન છે (જુઓ પૃ. ૧૪૪.)

(૨૮) જુઓ ઉપરના પારિગ્રાફના અંત ભાગનું મારું ટીપ્પણ.

(૨૯) આ હકીકત તે તે પ્રજાનાં વૃત્તાંતે દાખલા દલીલો આપી સાબિત કરી બતાવાયું છે માટે ત્યાં જુઓ.

(૩૦) જુઓ ઉપરની ટી. નં. ૨૦ ની હકીકત

(૩૧) પ્રસંગોપાત તેના જીવનનો કેટલોક ભાગ નહપાણના વૃત્તાંતમાં લખાયો છેઃ બાકી તેનું સ્વતંત્ર વૃત્તાંત આ પુસ્તકમાં હવે પછી નવમા પરિચ્છેદે અપાયું છે તે જુઓ.

પહેલાંથી જો થઇ ગયું હોય તો તેમને હિંદી શક તરીકે જ લેખવા પડે. વળી આવી પ્રજા કોઇ છે કે કેમ તેનો જો પત્તો લાગી જાય તો તે પ્રશ્નનો ઊકેલ પણ આપોઆપ આવી જાય.

ઉપર ટી. નં. ૨૧ માં તથા તેને લગતી હકીકતમાં આપણે 'શાહી' અને 'શહેનશાહે શાહી' એવા બે શબ્દનો પ્રયોગ થયેલ જણાવ્યો છે. તેમાંના 'શાહી' તરીકેનો રૂષભદત્તનો એટલે હિંદીશકની પ્રજાનો વંશ સાબિત કરી ચૂકયા છીએ, એટલે પેલો 'શહેનશાહે શાહી' નામનો ઇલ્કાબ ધારણ કરનાર કઇ પ્રજા છે તથા તેમનું વતન કયાં છે અને તેમને અને આ હિંદીશકને કાંઈ સંબંધ છે કે કેમ તે શોધી કાઢવું રહે છે. દી. બા. કેશવલાલ હર્ષદભાઈ ધ્રુવે યુગપુરાણના આધારે એક મોટો નિબંધ[૩૨] લખ્યો છે. તેમાં આપેલી પૃ. ૯૦ ની હકીકત તથા તે ઉપર તેમણે કરેલા વિવેચનથી સમજી શકાય છે કે, તે સમયે શક નામની પ્રજાએ અવંતિ ઉપર ચડાઇ કરી હતી. તેજ પ્રમાણે જૈન સાહિત્ય ગ્રંથદ્વારા પણ જણાવાયું છે કે, અવંતિમાં ગર્દભીલ રાજાના સમયે તેને શિક્ષા અપાવવા શક પ્રજાને તેડાવવી પડી હતી.[૩૩] વળી તેનું વૃત્તાંત લખતાં તે ગ્રંથોમાં આ પ્રજાને પારસકુળ નામના સ્થાનની[૩૪] તથા શહેનશાહે શાહી ઇલ્કાબ સાથે સંબંધ ધરાવતી જણાવાઇ છે. આ પ્રમાણે બન્ને સંપ્રદાયિક સાહિત્ય ગ્રંથોમાં એક સરખી જ હકીકત જ્યારે ઉપલબ્ધ થાય છે, ત્યારે તેને સત્ય તરીકે સ્વીકારી લેવી પડે છે. અને તેમાં સૂચવ્યા પ્રમાણે નિઃસંદેહ માનવું પડે છે કે તે સમયે શકપ્રજાએ અવંતિ ઉપર ચડાઈ કરી તે દેશ જીતી લીધો હતો; તેમ જ અમુક વર્ષો પર્યંત ત્યાં હકુમત પણ ભોગવી હતી. આ પ્રજા જ્યારે જીત મેળવવાને પ્રસંગે જ હિંદમાં આવી છે ત્યારે આપણે તેમને ખરી 'શક' પ્રજા તરીકે જ પીછાની લઇએ તો ખોટું ગણાશે નહીં.આ પ્રમાણે ચોથી પ્રજાની ઓળખનો પણ નિર્ણય થઇ ગયો. તેમને લગતું વિશેષ વૃત્તાંત-જેમકે શક અને હિંદી શકનો સંબંધ-શું ? તથા તેમનામાં કયા કયા રાજાઓ થયા વિ. વિ. યથાસ્થાને આગળ ઉપર આ પુસ્તકમાં જ લખવામાં આવશે.

આખી ચર્ચાનો સાર એટલો જ છે કેઃ ( ૧ ) શાહવંશ તે ચષ્ઠણ ક્ષત્રપનોઃ ( ૨-૩ ) શાહી વંશ તે હિંદી શક ઇન્ડો-સિથિઅન્સ પ્રજાવાળા રૂષભદત્તનો ( ૪ ) અને શક પ્રજાનો ( સિથિઅન્સનો ) અથવા શહનશાહે શાહીના ઇલ્કાબવાળી જેને તાજેતરમાં હિંદ ઉપર ચડી આવીને અવંતિમાં રાજ્ય કરવા માંડયું હતું તે પ્રજાનોઃ આ પ્રમાણે સમજણ થઇ છે.

આ શક પ્રજાના વળી બે વિભાગ પાડ્યા છેઃ શક અને હિંદી શક. આપણા નિયમ પ્રમાણે તો

**શક પ્રજાનો ઇતિહાસ**

અહીં માત્ર હિંદી શક-ઇન્ડો સિથિઅન્સ વિષે જ બોલવાનું રહેત; પણ ઉપર જોઇ ગયા છીએ કે શક પ્રજાએ

( ૩૨ ) બુદ્ધિપ્રકાશ પૃ. ૭૬, અંક ત્રીજો, ૧૯૨૯ માર્ચ, પૃ. ૮૮ થી ૧૦૩.

( ૩૩ ) આ પ્રસંગ ગર્દભીલ રાજાનું વૃત્તાંત લખતાં આ પુસ્તકના અંતભાગે લખવામાં આવશે તે જુઓ. બાકી થોડીક હકીકત આડકતરા ઈશારારૂપે પૃ. ૧૦૭-૧૦૮ ની ટી. નં. ૫-૮ માં જૈનાચાર્ય કાલિકસૂરિના નામ સાથે જોડીને અપાઇ છે તથા કેટલીક હવેના પરિચ્છેદે રૂષભદત્ત અને દેવણકના વૃત્તાંતમાં પણ આવશે.

( ૩૪ ) આ સ્થાનની માહિતી માટે ઉપરના પહલ્વાઝવાળા બે પરિચ્છેદમાં જુઓ

હિંદમાં આવીને રાજવહીવટ ચલાવ્યો છે; તેથી હવે બન્નેનો ઇતિહાસ આપણે લખવો જ રહેશે. બીજી સ્થિતિ એમ છે, કે આ ખંડમાં પરદેશી પ્રજાનું જ વૃત્તાંત લખવાનું છે તે દૃષ્ટિએ તો હિંદીશક કરતાં શક પ્રજાનું જ માત્ર વર્ણન લખવું રહે છે; અને હિંદી શક પ્રજાનું નામ જે ઇન્ડોસિથિઅન્સ કહેવાયું છે તે ભલે ઇન્ડો પાર્થીઅન્સના જેવો જ અર્થ સૂચવવા વપરાયું છે; પણ તેના ઇતિહાસથી જ્યારે આપણે બરાબર જાણીતા થઇ જઇશું ત્યારે કહી શકીશું, કે તે ઇન્ડો પાર્થીઅન્સની પેઠે, રાજ કરવા અગાઉ જ માત્ર આવીને હિંદમાં નહોતા વસ્યા, પણ કેટલોય કાળ પૂર્વેથી થાણું જમાવીને પડી રહ્યા હતા. તેથી તેમને વાસ્તવિક રીતે શક પ્રજા સાથે કાંઇ પણ સંબંધવિનાના જ લેખી શકાય; છતાંયે તેમની ઉત્પત્તિનો માત્ર સંબંધ દર્શાવવા પુરતુંયે જ્યારે અમુક વિશેષણ તેમની સાથે જોડવામાં આવ્યું છે ત્યારે તે કબૂલ રાખીને આપણે તદનુસાર વર્તવું રહે છે. તે ગણત્રીએ પરદેશી આક્રમણકારોનું વર્ણન કરતાં આ પરિચ્છેદમાં તેમને પણ સ્થાન આપવું પડે છે. જ્યારે ખરી શક પ્રજાને આ પરિચ્છેદમાંથી ખેંચી લઈ અલગ પાડવી રહે છે; કેમકે તેઓ તદ્દન સ્વતંત્રપણે રાજવહીવટ ભોગવતા થયા હતા એટલું જ નહી પણ સકળ હિંદના મુકુટ સમાન ગણાતા અવંતિના પ્રદેશ ઉપર તેઓ સત્તાધારી બન્યા હતા; જેથી અન્ય અવંતિપતિઓની પેઠે તેમના વંશનો એક જુદો જ પરિચ્છેદ નિર્માણ કરવો રહેશે. પણ તેમનો સત્તાકાળ એટલો બધો ટૂંકો તેમજ કોઇપણ રાજકીય કે કોઇ રાજદ્વારી અન્ય પ્રકારની વિશિષ્ટતાવિહીન છે કે, ઇતિહાસકારો જેને ઇન્ટરેગનમ[૩૫]=Interregnum ( એક રાજા ગાદી છોડે અને બીજો ગાદીએ બેસે તે વચ્ચેનો કાળ ) કહીને સંબોધે છે તેવો જ તેમનો રાજ્યઅમલ લેખી શકાય. આવી સ્થિતિમાં તેમને આપણે અવંતિપતિ તરીકે ગર્દભીલ વંશી રાજાઓનાં[૩૬] વર્ણનમાં ગોઠવવા રહે છે. આ પ્રમાણે ઇન્ડોસિથિઅન્સને અહીં જોડવાનું અને સિથિઅન્સને અલગ પાડવાનું કારણ દર્શાવીને હવે આપણે તેમની ઉત્પત્તિ વિગેરેના ઇતિહાસનો પરિચય કરાવીએ.

રાજદ્વારી જીવનને અંગે ભલે શક પ્રજાને –સિથિઅન્સને ઉપર જણાવી ગયા પ્રમાણે આપણે અવંતિપતિની નામાવલીમાં ગણાવીએ, છતાં ઉત્પત્તિની બાબતમાં તો, પ્રથમ શક અને

---

( ૩૫ ) આવા ઇન્ટરેગનમ અનેક દેશના ઈતિહાસમાં બનેલા આપણી નજરે પડે છે. તેવા સમયમાં કોઇ રાજા મુકરર થયેલ ન હોવાથી બનતાંસુધી અંધાધુંધી જ તે પ્રદેશમાં વર્તી રહી હોય છે. એટલે તેવા સમયને અંધાધુનીનો વખત કહીએ તોપણ ચાલે. આવો કાળ બે ચાર માસથી લંબાઇને સાત સાત વરસ સુધી લંબાયેલો નજરે પડયો છે. જુઓ પુ. ૨, પૃ. ૨૦૬ ટી. નં. ૭૨. તેમાં સિલોનવંશી રાજાઓમાં આવા બે સમય બની ગયાનું જણાવ્યું છે. તે અનુક્રમે એક વરસ અને ૭ વરસના છે.

મગધપતિ નંદવંશી રાજાઓમાં પણ તેવો એક પ્રસંગ બન્યો છે. અલબત્ત, તેને ચોખો ઈન્ટરેગનમ કહેવાય તો નહીં જ.

( ૩૬ ) અહીં જે ઈન્ટરેગમનમ ગણ્યો છે તેની પૂર્વે અને પાછળ ગર્દભીલવંશી જ રાજા ગાદીએ આવેલ છે, તેથી કરીને વચ્ચે થઈ ગયેલ આખા શક રાજ્યને મેં ઈન્ટરેગનમની ઉપમા આપી છે. આ અંધાધુનીના સમયની–તેના અનુસંધાનની–ઇતિહાસમાં નોંધ થયેલી નહીં હોવાથી કેટલીયે ગેરસમજૂતિ થઇ જવા પામી છે તે વળી પ્રસંગ પડતાં જણાવીશું.

તે બાદ તેમાંથી હિંદી શક થયા[૩૭] કહેવાય. એટલે જ્યાંસુધી શક પ્રજાની ઉત્પત્તિ ન સમજાય ત્યાંસુધી હિંદીશક વિશે કાંઇ પણ બોલવું તે નિરર્થક ગણાય, અથવા મૂળ થડરૂપ જે શક પ્રજા છે તેમની ઉત્પત્તિનો ઇતિહાસ ક્યાંક આઘે આઘે લઇ જવાય અને તેની શાખારૂપ જે હિંદીશક તેનું આલેખન અત્ર તુરત ચિત્રિત થાય, તો બન્નેનો સંબંધ સમજવો પણ ભારે પડે. વળી ઘોડા પહેલી ગાડી મૂકયા જેવી આપણી સ્થિતિ પણ થઇ જાય. એટલે સુગમ એ છે કે, ઉત્પત્તિ સંબંધી જે કહ્યું હોય તે અહીં જ જણાવી દેવું અને શક પ્રજાનું વિવરણ લખતી વખતે અહીંનું વિવેચન જોઈ જવાનો હવાલો આપવો.

જંબૂદ્વીપની ભૌગોલિક સ્થિતિનો ખ્યાલ આપતી વખતે જણાવી ગયા છીએ કે તેનું મધ્યબિંદુ, એશિયા ખંડના મધ્યમાં તાસ્કંડ સમરકંડવાળા એશિયાઇ તુર્કસ્તાનના પ્રદેશમાં હતું[૩૮] અને ત્યાંથી પ્રજાનાં ટોળેટોળાં જુદી જુદી દિશામાં વળવા મંડ્યાં હતાં. જેમાંનું એક મોટું ટોળું પ્રથમ ઓકસસ ( આમુદરિયા ) નદીની આસપાસ સ્થિત થઇ રહ્યું હતું. તે માટે જ મિ. વિન્સેંટ સ્મિથ લખે છે કે[૩૯] The Sakai people and allied tribes came from the neighbourhood of the Jaxartes ( Strabo ) They occupied the Kashager and Yarkand territories in the time of Darius=શક પ્રજા તથા તેમને લગતી જાતવાળાઓ જરટીઝ[૪૦] (સ્ટ્રેબોના મંતવ્ય પ્રમાણે) ની પાડોશમાંથી આવી હતી. ડેરીયસના[૪૧] રાજ્ય અમલે તેઓ કાસ્ગર અને યારકંડના[૪૨] ના પ્રદેશમાં પથારો કરીને પડી રહ્યા હતા. પછીથી તેમાંનોએક ભાગ પૂર્વમાં ચીન તરફ વળ્યો અને બીજો દક્ષિણ તરફ

( ૩૭ ) સિથિઅન્સમાંથી ઈન્ડોસિથિઅન્સ થયા છે તેથી તેમ કહેવું પડયું છે.

( ૩૮ ) ઉપરમાં પૃ. ૧૩૨ ની તથા પૃ. ૧૪૧-૨ ની હકીકત વાંચો. તથા નીચેની લીટીઓમાં પ્રખ્યાત ઇતિહાસવેત્તા મિ. વિન્સેંટ સ્મિથનું મંતવ્ય જે ઉતાર્યું છે તે સરખાવો.

(૩૯) જુઓ. અ. હિ. ઇ. ત્રીજી આવૃત્તિ પૃ. ૨૪૯ ટી. નં. ૧.

(૪૦) આ નામ એક નદીનું છે તેને આપણે ઓકસસ અથવા આમુદરીયા તરીકે હાલ ઓળખીએ છીએ. ( સરખાવો પૃ. ૧૩૨ ની હકીકત )

(૪૧) શાહેનશાહ ડેરીયસની સત્તા તે પ્રદેશ સુધી લંબાઈ હતી કે કેમ તે શંકાસ્પદ છે:, છતાં તે પ્રશ્ન સાથે આપણે સંબંધ નથી. એટલે તેની ચર્ચામાં ઉતરવું નથી; પણ અહીં એટલું જ કહેવાનું કે ડેરીયસના સમય પહેલાં કેટલાંક વર્ષો થયાં તે પ્રજા તે પ્રદેશમાં વસી રહી હતી. અથવા જે ટોળું પાછળથી ત્યાં આવ્યું હતું તેને અંગે (જુઓ પૃ. ૧૪૨ ની હકીકત) પણ આ કથન હોય (જુઓ નીચેની ટીકા નં. ૪૪)

(૪૨) આપણે જંબૂદ્વીપનું મધ્ય બિન્દુ જે જણાવ્યું છે તેને લગતો ઇતિહાસ તથા વર્ણન જુઓ. (ઉપરમાં પૃ. ૧૩૨-૩૩ ની હકીકત) આ ઉપરથી સમજાશે કે, ભરતખંડની આર્ય પ્રજાની ઉત્પત્તિ જે હૉકેસસ પર્વતના પ્રદેશમાંથી ગણાવે છે તેમ નહીં પણ એશીયાઇ તુર્કસ્તાનવાળા ભાગમાંથી થઈ ગણવી રહે છે. જો કે તે સમયે સંસ્કૃતિ જેવું નહોતું જ. સંસ્કૃતિ પામીને આર્ય જે કહેવાયા છે તે તો તે બાદ લાંબા કાળે જ બનવા પામ્યું છે.

(૪૩) અથવા કહો કે સરોવરની આસપાસના કુદરતી સૌંદર્ય નિહાળીને કાંઇક વધારે વિચારવંત અને પરિણામે બુદ્ધિવંત થયા હતા; જેથી તેમના સર્વ સાથીદાર કરતાં વધારે સંસ્કારિત ગણાતા હતા. (સરખાવો પૃ. ૧૪૧ ઉપર "ત્યારપછી તેમનું શું થયું?" તે પારાની હકીકત) તથા નીચેની ટીકા નં. ૪૪

અફગાનિસ્તાન અને ઇરાનમાં ઉતર્યો. તેમનામાં જે કાંઇક સંસ્કારી થયા હતા[૪૩] તેમણે સર્વની વચ્ચે હામન સરોવર[૪૪]ની આસપાસમાં વસવા માંડયું હતું અને બાકીના, તેમને વિંટળાઇને ચારે તરફ લાંબો પથારો કરીને પડી રહ્યા હતા. આ સ્થિતિ આપણા પુસ્તકમાં આલેખવાના આદિ સમયે પ્રવર્તી રહી હતી. તેમના હામન સરોવરવાળા હાર્દ પ્રદેશને તે સમયે શિસ્તાન કહેવામાં આવતો હતો. અને શિસ્તાન ઉપરથી ત્યાં વસતી પ્રજાનું નામ[૪૫] શક કહેવાયું છે (જુઓ ઉપરમાં પૃ. ૧૪૪) પણ ત્યાં સ્થિત થયાને ઘણો લાંબો વખત વહી જવાથી તેમની મૂળ સંસ્કૃતિ જે ઢોરો ચારવાની અને ઘોડાના ઉચ્છેર કરવાની, અર્ધજંગલી અથવા બીનસંસ્કારિત કોટીની[૪૬] હતી તેમાં ઘણો સુધારો થઇ જવા પામ્યો હતો. જો કે કેટલોક ભાગ તો હજુ પણ તેની મૂળ પ્રથાને વળગી જ રહ્યો[૪૭] હતો. આ સંસ્કારિત પ્રજામાંથી આપણી વર્તમાન આર્ય પ્રજાના આદિ પુરૂષો, જેને અત્યારે શ્રુતિકાર અને ઉપનિષદકાર તરીકે પૂજનિક ગણવામાં આવ્યા છે તે મહાપુરૂષોનો જન્મ થયો હતો એમ માની શકાય છે. આ સમય ઈ. સ. પૂ. ની દશમી સદીની આસપાસનો કહી શકાય. તેવી ને તેવી પરિસ્થિતિ તે બાદ બીજા ચાર પાંચ સૈકા સુધી જળવાઇ રહી હતી. ત્યાં તે પ્રદેશ ઉપર ઇરાનના શહેનશાહ સાઇરસ અને ડેરિયસનો સમય આવી પહોંચ્યો તેમ આ બાજુ ભારતમાં શ્રી ગૌતમબુદ્ધ અને શ્રીમહાવીરનો જન્મ થઇ ચૂકયો હતો. અહીંથી હવે ઇતિહાસની દૃષ્ટિએ જેને આપણે શક પ્રજા તરીકે ઓળખી રહ્યા છીએ તેમનું વૃત્તાંત શરૂ થયું કહી શકાશે.

શિસ્તાન પ્રાંતની ઉત્તરે એકટ્રીઅન્સ, પશ્ચિમે ઇરાની પ્રજા એટલે પાર્થીઅન્સ, પૂર્વમાં ક્ષહરાટ તથા સિંધમાં વસતી પ્રજા અડીને આવી રહી હતી. એટલે તેઓ સર્વે એક બીજાના ઘાટા

(૪૪) કે. હિ. ઇ. પૃ. ૩૩૮:—"The term Saka may possibly allude to Sakasthana (Seistan) and dwellers around the region of Hamam lake...the Saka was one of the 23 provinces (Satarapies) under the great Persian king Darius=શક શબ્દ શકસ્તાન (શિસ્તાન) ને તથા હામન સરોવરની આસપાસ પ્રદેશમાં વસનારાને લાગુ પડવાનો સંભવ ગણાય–ઈરાની બાદશાહ ડેરીયસના સમયે જે ૨૩ પ્રાંતો (સત્રપીઓ) હતી તેમાંનો એક પ્રાંત આ શક પ્રજાનો હતો. સરખાવો ઉપરની ટી. નં. ૪૧ અને ૪૩.

(૪૫) ઇતિહાસકારોએ જે શક શબ્દ વાપર્યો છે તે શિસ્તાનના વતની તરીકે છે. અને તે અર્થમાં જ મેં આ શબ્દ અહીં વાપર્યો છે. બાકી પ્રાચીન સમયે ભારતવાસીઓની માન્યતા શું હતી, તેનો સ્પષ્ટ તો નહીં જ પણ કાંઇક ઓછો ખ્યાલ પૃ. ૧૩૩ ઉપર ટી. નં. ૧૯ માં મૈ. સા ઈ.ના અવતરણમાં આપ્યો છે. "મનુ કે અનુસાર શકલોગ કાંબોજ, પહલ્વ, પારદ ઓર યવન ઈન ઉપ વિભાગોમેં વિભક્ત થા." મતલબ કે પારદ અને યવનોને પણ શક તરીકે લેખ્યા છે; જેથી સમજાશે કે, માત્ર શિસ્તાનના વતનીને જ શક નથી કહેવાયા.

(૪૬) જુઓ સપ્તમ પરિચ્છેદે, પાર્થીઅન્સ પ્રજાની ઉત્પત્તિના ઈતિહાસમાં આપેલી હકીકત.

(૪૭) આ કથનનું સત્ય સમજવા માટે, ઉપરની ટીકા નં. ૪૫, ૪૬ વાંચો તથા તેમાં દર્શાવ્યા પ્રમાણે લખાણની હકીકત સાથે સરખામણી કરો. એટલે તુરત સમજાશે કે, પાર્થીઅન્સ વિગેરે પણ શક પ્રજાનો જ અંશ હતો; તેઓ કાંઇક અસંસ્કારિત રહી ગયા હતા.

સંસર્ગમાં આવતા હતા તથા પરસ્પરની ખાસિયતો ગ્રહણ કર્યે જતા હતા.[૪૮] વળી રાજદ્વારી તેમજ વ્યાપારિક જીવનની છાપ અને અસર પણ તેમને પહોંચવા માંડી હતી, જેથી શિસ્તાનના ઉત્તર ભાગની પ્રજા, જે સરખામણીમાં માત્ર થોડો જ ભાગ હતો તેમણે ખૈબરઘાટદ્વારા અને દક્ષિણ ભાગનો જે મોટો જથ્થો હતો તેમણે બોલનઘાટદ્વારા હિંદુસ્થાનની પ્રજા સાથે વ્યવહાર સાંધ્યો હતો[૪૯]. ઉત્તરવાળી પ્રજાનું મિશ્રણ થઇને ક્ષહરાટની ( ખરોષ્ટીભાષા બોલનાર[૫૦] પ્રજાની ) ઉત્પત્તિ થઇ કે જેમાંથી પાણિનિ વ્યાકરણી ઇત્યાદિ ઉદ્‌ભવને પામ્યા છેઃ અને દક્ષિણવાળી પ્રજા સિંધ તથા જેને અસલમાં સૌવીરદેશ[૫૧] કહેવાતો હતો–અને વર્તમાન કાળનો પશ્ચિમ રાજપૂતાના–ત્યાંની પ્રજા સાથે મિશ્રિત થઇ ગઇ. આ પ્રજાને શું નામ અપાયું હતું તે જાણવામાં આવ્યું નથી, એટલે મેં પણ અત્રે દર્શાવ્યું નથી; પણ આપણે બીજી રીતે તેમની ઓળખ આપીશું, જેથી વાચકવર્ગ સમજી શકશે. પ્રાચીન ગ્રંથોમાં જે એમ જણવાયું છે કે, સિંધુ નદીને તેની પૂર્વ અને પશ્ચિમે અનેક નદીઓ મળતી[૫૨] હતી; જેમાંની કોઇ બે નદી વચ્ચેના ભાગને બ્રહ્મદ્વીપ[૫૩]ના નામથી ઓળખવામાં આવતો હતો; તેમ જ તે સિંધુ નદીની અનેક શાખાઓમાં એકનું નામ સરસ્વતી નદી[૫૪] હતું. આ બ્રહ્મદ્વીપ તથા સરસ્વતી નદી તેમ જ સિંધુ નદીની અનેક શાખાવાળો સઘળો પ્રદેશ, તે ઉપર વર્ણવેલી શિસ્તાનમાંથી બોલનઘાટદ્વારા દેશાંતર કરીને હિંદમાં આવેલી પ્રજાનો જ સમજી લેવો. ઉત્તરવાળો ભાગ પ્રથમથી જ નાનો હતો. તેની પ્રજાની પણ વિશેષ સંખ્યા તો કંબોજમાં જ વસીને હિંદમાં પ્રવેશ થતી અટકી પડી હતી; જ્યારે માત્ર જુજ જે બાકી રહી તે હિંદમાં સ્થાયી થઇને પડી રહી હતી. પણ તેમાંનું કોઇ તત્ત્વ રાજકીય જીવનમાં પડયું નહીં. એટલે તેમનું અસ્તિત્વ–શક પ્રજા તરીકેનું–તદ્દન વીસરાઇ જવા[૫૫]પામ્યું. જ્યારે બોલનઘાટદ્વારા પ્રવેશેલી પ્રજાની સંખ્યા પણ વિશેષ હતી. વળી તેમાં વારંવાર નવાં નવાં ટોળાં આવીને[૫૬] ઉમેરો પણ થયા કરતો હતો. તેમ આયંદે તેમનામાંથી જે વીર, ધીર કે અન્ય ગુણોમાં

---

(૪૮) ટોડરાજસ્થાન ( મુદ્રિત વિંકટેશ્વર પ્રેસ); ભાગ ૧. પૃ. ૨; ભગવાન પાર્શ્વનાથ (મુદ્રિત સુરત ૧૯૨૭) પૃ. ૨૩૪ "પ્રાચીનકાળમેં ભારત ઔર શાકદ્વીપકા વિશેષ સંબંધ થા."

(૪૯) વર્તમાન હિંદુસ્તાનની પશ્ચિમ દિશાએ, પર્વતની હારમાળા વીંધીને પેલીપારની પ્રજા સાથે કયા કયા માર્ગે વ્યવહાર કરી શકાતો હતો તેના વર્ણન માટે જુઓ ઉપરમાં પૃ. ૩૧૦ અને આગળ.

(૫૦) તે પ્રજા કંબોજ અને ગાંધાર નામના પ્રદેશમાં પ્રસરી ગઈ હતી.

(૫૧) આ પ્રદેશની ભૂગોળ તથા વર્ણન માટે પુ. ૧ લું જુઓ. પૃ. ૨૧૯ થી ૨૨૯ સુધી.

(૫૨) જુઓ પુ. ૧, પૃ. ૨૨૬.

(૫૩) દ્વીપ એટલે ભૌગોલિક વ્યાખ્યા પ્રમાણે ચારે તરફ પાણી અને વચ્ચે જમીન એમ અહીં નહીં, પણ જેને હાલમાં આપણે દુઆબ કહીએ છીએ તે. પ્રાચીન સમયે દુઆબને પણ દ્વીપ નામથી જ સંબોધવામાં આવતો હતો ( જુઓ ઉપરમાં પૃ. ૧૩૮ શક દ્વીપની હકીકત. )

(૫૪) સરખાવો ઉપરની ટી. નં. ૫૨ તથા જુઓ પુ. ૨, પૃ. ૧૭૪ ની હકીકત.

(૫૫) આથી કરીને કોઈ શક પ્રજાએ હિંદમાં ખૈબરઘાટને રસ્તે પ્રવેશ કર્યો હતો એમ કહી શકાશે નહીં. જે કોઈ શક હિંદમાં આવ્યા છે તે બોલનઘાટને રસ્તે કે તેનાથી પણ દક્ષિણેથી (મોઝીઝનું આગમન સિંધ રસ્તે થયું હતું એમ જે ધરાયું છે તે હકીકત સાથે આને સરખાવો.) આવ્યાનું ગણવું.

(૫૬) આવી રીતે એકંદર કેટલાં ટોળાં આવ્યાનું નોંધી શકાય તે માટે આ પારિગ્રાફે આગળ જુઓ.

આગળ પડતા હતા તે અન્યક્ષેત્રે [૫૭]પણ ઝળકી ઊઠ્યા હતા. તેમજ જે રાજકીય પટમાં મોખરે ઝુમ્યા રહેતા હતા તેઓ ગાદીપતિ પણ બની બેઠા હતા.[૫૮] એટલે તેઓ ઇતિહાસમાં પ્રસિદ્ધિને પામ્યા છે. આ સઘળી પ્રજાને આપણે હિંદી શક અથવા ઈન્ડોસિથીઅન્સ તરીકે ઓળખી શકશું. ઈન્ડોસિથિયન્સની[૫૯] ઉત્પત્તિ આ પ્રમાણે સમજવી.

હવે ઇન્ડો સિથિયન્સના વિકાસ સંબંધી પણ થોડુંઘણું જણાવી દઇએ. સામાન્ય રીતે સિંધુ નદીની પશ્ચિમે ઇરાની રાજ્યની અને પૂર્વમાં હિંદુ રાજ્યની હકુમત ગણી લઇએ, તો પણ વસ્તુસ્થિતિ સમજી શકાશે. ઇરાની શહેનશાહ સાઇરસ અને ડેરિયસના અમલ પછી (ઇ. સ. પૂ. ૪૮૬) તે બાજુ કાંઈક રાજ્યક્રાંતિ થઇ હોય કે દમન વધ્યું હોય અથવા તો કેવળ વ્યાપારિક સંયોગો જ ઊભા થયા હોય કે ઈરાની શહેનશાહનો સત્તાપ્રદેશ વિસ્તાર પામ્યો હોય, પણ ત્યાંની થોડીક પ્રજા સિંધુ નદીના પૂર્વ પ્રદેશમાં ઉતરી આવી હતી; તેમ આ બાજુ સૌવીરપતિ રાજા ઉદયનની ગાદીએ તેનો ભાણેજ કેશીકુમાર આવ્યો હતો; તથા તેના સમયે રેતીનો મોટો વાવંટોળ થઇને આખો સૌવીર પ્રદેશ દટાઇ જઈને જેસલમીરનું રણ બની ગયું હતું.[૬૦] જેથી ત્યાંની પ્રજા આડીઅવળી વિખરાઇ ગઇ હતી. તેમાંની કેટલીક હાલના ભાવલપુર રાજ્ય તરફ ઉત્તર હિંદમાં વધી અને કેટલીક જોધપુર રાજ્યની હદમાં આવી વસી[૬૧] જ્યારે કેટલીક ત્યાંનાં શહેરો, ગામડાંઓ અને નદીઓની સાથે દટાઇ[૬૨] પણ ગઈ. આ પ્રસંગને હિંદી શકનું પ્રથમ ટોળું પ્રવેશ્યા તરીકે નોંધી

(૫૭) આનાં દ્રષ્ટાંતોમાં (૧) બ્રહ્મદ્વીપમાંથી જે પુરૂષો ઉત્પન્ન થઇને વૈદિક સંપ્રદાયમાં નામ કાઢી ગયા છે તે સર્વ અહીં ગણાવી શકાશે. (૨) પં. ચાણક્ય જે મહાન અર્થશાસ્ત્રી તરીકે અને સમ્રાટ ચંદ્રગુપ્તના મહા અમાત્ય તરીકે પ્રસિદ્ધ થઈ ગયો છે. તેને ગણી શકશે.

(૫૮) ગાદીપતિ થયાના દ્રષ્ટાંતમાં રૂષભદત્તનો શાહી વંશ ગણી શકાશે.

(૫૯) એ. રી. પુ. ૫, પૃ. ૨૬૬:–The Indo-Scythians are generally known] as the Sakas=ઇન્ડોસિથિઅન્સ સામાન્ય રીતે શક તરીકે જ ઓળખાય છે.

(૬૦) જુઓ પુ. ૧, પૃ. ૨૨૫ અને આગળ. આ ભાગમાં કેટલો ભયંકર વિનાશ તે સમયે થયો હશે તે તો ધી એન્ટીક્વીટીઝ ઓફ સીંધ:–કર્તા હેનરી કુઝેન્સ–નો ગ્રંથ વાંચવાથી તેના પ્રદેશવિસ્તારનો ખ્યાલ આવવાથી કલ્પના કરી શકાશે.

(૬૧) પં. ચાણક્યના પૂર્વજો પણ આ ટોળાના સમજવા. તે સાથે અનેક બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો વિગેરે આવેલા. તેમાંનો મોટો ભાગ વૈદિક અનુયાયી હશે કેમકે શક સ્થાનમાં શ્રુતિકારની ઉત્પત્તિ થઈ હતી; જેથી તેમના ધર્મને માનનારા વિશેષ સંખ્યામાં હોય તે સ્વાભાવિક છે. અને આ હિજરતે આવેલી પ્રજા ત્યાંની જ હતી, એટલે આપણે કહી શકીએ છીએ કે વૈદિક મતાનુયાયી તે હતા. ઈ. સ. પૂ. ૪૫૦ ની આસપાસ (જુઓ. પુ. ૨, પૃ. ૧૭૬) લાખોની સંખ્યામાં એક જૈનાચાર્યે જે જૈનો બનાવ્યા છે તે અહીં લખેલા વૈદિક મતાનુયાયીમાંના જ સમજવા. પં. ચાણક્યના પૂર્વજો પણ તે વખતે જ જૈન મતાનુયાયી થયા હશે એમ થયેલ સમજવું (જુઓ પુ. ૨, પૃ. ૧૭૧ થી ૧૭૬ ની હકીકત). વળી હાલના ઓશવાલો તથા સર્વ સામાન્ય જૈન ધર્મીઓ મુખ્ય અંશે આ પ્રજાની ઓલાદ જ ગણવી.

(૬૨) વસ્તી કહેતાં મનુષ્યો, જો કે દટાયાં લાગતાં નથી, કેમકે વાવંટોળ કાંઈ એકદમ અણચિંતવ્યો અથવા બે ચાર કલાકમાં જ આવીને રેતીના ડુંગરે ડુંગરા થઇ ગયા લાગતા નથી; પણ ધીમે ધીમે એકાદ અઠવાડીયા જેટલો કે બહુકે તેથી વધુ સમય લંબાયો હશે. એટલે માણસો પોતાની સગવડતા પ્રમાણે આઘેપાછે થઈ ગયેલ છે. છતાં જો કોઇ દટાયું હોય તો તેવી સંખ્યા બહુ જ જુજ હશે. બાકી ઈમારતો, શહેરો, નદીઓ વિગેરે સર્વે સ્થાવર વસ્તુઓ તો દટાઇયેલી જ ગણવી.

શકારી. આ વખતના અરસામાં જ હાલના ભિન્નમાલ નગરની[૧૩] સ્થાપના થઇ છે; જેને તે સમયે તો ઓશ્યાનગરી તરીકે જ ઓળખવામાં આવતી હતી. તેમ વળી તે એવડું મોટું નગર[૧૪] બનવા પામ્યું હતું કે કદાચ તે પ્રદેશની તે રાજધાની[૧૫] તરીકે પણ ગણાયું હોય. મારૂં તો એમ પણ માનવું થાય છે કે, રાજપુતાનાનો આ ભૂમિ પ્રદેશ હિંદના મધ્ય ભાગમાં હોઇ, ઇતિહાસમાં જે મત્સ્ય અથવા મધ્યદેશ કહેવાય છે, અને જેની રાજધાની મધ્યમિકા નગરી ઠરાવાઇ છે તે સઘળું વૃત્તાંત અહીં વર્ણવેલી ઘટનાને જ લાગુ પડતું દેખાય છે. ખેર; વિદ્વાનો અને શોધકો તે બાબત વિશેષ તપાસ કરીને તેના ઉપર પ્રકાશ પાડશે. આપણે તો આટલો અંગુલિનિર્દેશ કરી, શક પ્રજાના વિકાસના ઇતિહાસનું ચિત્ર રજૂ કરવા પ્રયત્ન કરીશું. અત્ર એક નોંધ લેવી ઘટે છે કે, આ પ્રદેશમાં સમ્રાટ પ્રિયદર્શિનના સમયે અનેક જૈન મંદિરો તથા ધર્મનાં સ્થાનકો ઊભાં કરાયલાં [૧૬] હતા; ઉપરાંત આ આખો રજપુતાનાનો પશ્ચિમ ભાગ બહુ જ સુખી હતોઃ તેમ પ્રજા નિશ્ચિંત હોવાથી વ્યાપાર ખેડીને અતિ સમૃદ્ધિવંત તથા જાહોજલાલીવાળી બની ગઇ હતી; જેથી ઇતર દેશના વતનીઓનું ત્યાં આવવા તરફ ઘણું ખેંચાણ થયા કરતું હતું. આ સમયે શક પ્રજાને બીજું ટોળું હિંદમાં ક્યારે અને કેમ આવ્યું તે હવે જણાવીશું.

અંદાજે ઇ. સ. પૂ. ૨૫૦માં બેકટ્રીયા અને પાર્થીઆ સ્વતંત્ર થયાં હતાં (જુઓ ઉપરમાં પૃ. ૨૯૮) તેમાં પાર્થીઆની સત્તામાં શક પ્રજાના મૂળ વતનવાળો શિસ્તાનનો પ્રાંત હતો. આ પ્રજા કદાવર અને જંગલમાં જ ગુજારો ચલાવતી હોવાથી સ્વતંત્રતાચાહક હતી જ. એટલે તેમને પોતાના શિરે કોઇની ઝુંસરી ગમતી નહોતી. તે માટે તેઓ ઊંચાનીચા થયા જ કરતા અને પ્રસંગ પડયે કે લાગ મળતાં, હિંદ તરફ ઉતરી પડવાને તલસી રહેતા હતા; પણ જ્યાંસુધી ઇરાન ઉપર શહેનશાહ મિથ્રેડેટસના રાજ્યનો મધ્યાહ્ન તપતો હતો ત્યાંસુધી તેમની કારીગરી બહુ સાર્થક નીવડતી નહોતી. એટલે તેના રાજઅમલના વળતા ભાવ થયા અને પાછળથી ફ્રેટસ બીજો તથા આરટેબેન્સ બીજો, એમ તે બેના રાજ્યઅમલ આવ્યા કે તેઓએ માથું ઉચક્યું, અને સ્વતંત્ર બની મોટા જથ્થામાં ખસી જઇ હિંદમાં આવતા રહ્યા. કે. હિ. ઈ. ના લેખકે જે લખ્યું છે કે[૧૭] "There is good evidence to show that the earlier Scythian settlements in Iran were reinforced about the time when the

(૧૩) આ નગરની મહત્ત્વતા શી કહેવાય તે માટે પુ. ૨, પૃ. ૧૭૬ જુઓ.

(૧૪) જ્યાં લાખો માણસો માત્ર હિજરત તરીકે જ આવેલા હોય (જુઓ ઉપરની ટી. નં. ૬૧) ઉપરાંત બીજી મૂળ વસતી પણ ત્યાં હોય, તો તેવું નગર કાંઈ નાનુંસૂનું તો ન જ કહી શકાય?

(૧૫) જુઓ ભૂમક અને નહપાણના વૃત્તાંતે, તેમના મધ્ય દેશની રાજધાની મધ્યમિકા નગરી હોવાનું વૃત્તાંત; અને તે માટે મેં સૂચવેલા કેટલાંક સ્થાનની હકીકત.

(૧૬) વર્તમાનકાળે પણ બીકાનેર, જેસલમીર વિગેરે સ્થાને રાજા સંપ્રતિના બંધાવેલ જૈન મંદિરો, વિશેષ પ્રમાણમાં મળી આવે છે, તેનું કારણ અહીં દર્શાવ્યા પ્રમાણે સમજવું.

અન્ય સ્થાનોએ તેણે મંદિરો તો બંધાવેલ પણ શુંગપતિઓએ સર્વાંશે તેનો લગભગ નાશ કરાવી નાખ્યો હતો; જ્યારે અહીં તેઓ પહોંચી ન શકયાથી તેમનો વિનાશ થતો બચી ગયો છે.

(૧૭) જુઓ કે. હિ. ઈ. પૃ. ૫૬૭.

Sakas first occupied Bactria...The kings of Parthia were engaged in quarrels with their Scythian subject= એકટ્રીઆમાં જ્યારે શક[૬૮] પ્રજા પ્રથમ વસી રહી હતી, ત્યારે ઇરાનમાંના સિથિઅન્સમાં તેમનું ટોળું ઉમેરાયું હતું તે બતાવવા પુરતી સાબિતી મળી આવે છે-પોતાની સિથિઅન્સ પ્રજા સાથે કજીયા-કંકાસ કરવામાં જ પાર્થિઆના રાજાઓ મશગુલ બની રહ્યા હતા." આ પ્રમાણેનો બધો પ્રસંગ આપણે ઉપરમાં જે સ્થિતિ વર્ણવી રહ્યા છીએ તેને લગતો જ છે એમ સમજવું. આ બીજી વારનું મોટું ટોળું જે આવ્યું તે પહેલાં પચાસેક વર્ષે એક નાનું ટોળું આવ્યું લાગે છે.[૬૯] પણ તેની મજબૂત સાબિતી મળતી ન હોવાથી તેની ગણના આપણે લેતા નથી. આ નાના ટોળાના દેશાંતરનો સમય સમ્રાટ પ્રિયદર્શિનના મરણબાદ જ્યારે તેનો જ્યેષ્ટ પુત્ર વૃષભસેન અવંતિની ગાદીએ હતો ત્યારે બન્યો હોય એમ અનુમાન થાય છે. તે વખતે હિંદના મધ્યદેશમાં ભૂમકની-પ્રથમ મિનેન્ડરના ક્ષત્રપ તરીકેની અને પાછળથી સ્વતંત્ર ગાદીપતિ મહાક્ષત્રપ તરીકેની-આણ ચાલુ હતી. આ ભૂમક તથા સર્વ ક્ષહરાટો જૈન મતાનુયાયી હતા.[૭૦] તેમજ પ્રથમનું જે ટોળું અહીં ઉતરી આવ્યું હતું તેમાંના સર્વે જૈન ધર્મ પાળતા થઇ ગયા હતા; એટલે આ બીજું નવું ટોળું જે આવી ચડયું હતું તેમણે પણ પોતાના આગલા જાતભાઇઓ સાથે મળી જઇને તેજ ધર્મનું અવલંબન લીધું હતું.[૭૧] હાવે તો પેલા અનિશ્ચિત નાના ટોળામાં કે પછી હાવે તો આ બીજા મોટા ટોળામાં, શક રૂષભદત્તના પિતા હિંદમાં આવ્યા હતા અને પોતાના ખાનદાન તેમ જ યુદ્ધ વિષયક પરાક્રમ તથા કૌશલ્ય દાખવતા ગુણોને લઇને, મહાક્ષત્રપ ભૂમકના અંતઃપુરનું ધ્યાન ખેંચી લીધું હતું. પરિણામે ભૂમકપુત્ર નહપાણની કુંવરી દક્ષમિત્રાનું લગ્ન આ રૂષભદત્ત વેરે ગોઠવાયું હતું. જ્યાર પછી તે રાજકીય ક્ષેત્રમાં પ્રકાશિત થવા પામ્યો છે. આ પ્રમાણે હિંદીશકના બે—અથવા ત્રણ કહીએ તો પણ ચાલે-ટોળાં હિંદમાં આવ્યાં હતાં. ઉપરાંત શુદ્ધ શકનું પણ એક ટોળું આવ્યું છે જેનું વર્ણન અવન્તિપતિ તરીકે તેમનું ચરિત્ર આપણે જ્યાં કરવાના છીએ ત્યાં આગળ ઉતારીશું; જેથી સમજવાની સરળતા સચવાશે. અહીં આટલો ઇસારોજ બસ લેખીશું. એટલે ખરી રીતે શક પ્રજાના પ્રસ્થાનની સંખ્યા ચારની ગણાય છે, છતાં કેટલાક ત્રણ જ હોવાનું કહે છે તેમાં અને આપણા કથનમાં કેટલો તફાવત છે તે અભ્યાસકની દૃષ્ટિથી જોઈ શકાય માટે તેઓમાંના કે. હિ. ઈ.ના લેખકનું એકલાનુંજ મંતવ્ય ટાંકીશું. તેમણે ગ્રીક લેખક હેરોડોટસની સાક્ષી આપીને આ પ્રમાણે ત્રણ વર્ગ

(૬૮) તેમના હિસાબે શક શબ્દ છે. આપણે તેમને ચારકંડ સમરકંડવાળા પ્રદેશના વતની તરીકે લેખવાના છે. (જુઓ ઉપરમાં પૃ. ૩૪૫ ની હકીકત) કેમકે તેમનું નામ શક તો જ્યારથી તેઓ શિસ્તાનમાં વસી રહ્યા હતા ત્યારબાદ પડયું છે.

(૬૯) જુઓ ષષ્ટમ ખંડે શક પ્રજાના ઈતિહાસને લગતી હકીકત.

(૭૦) સર્વ ક્ષહરાટોના ધર્મ વીશેની ચર્ચા તેમના જીવન લખતી વખતે આપણે કરી ચૂકયા છીએ ત્યાંથી જોઈ લેવી. (પૃ. ૨૪૩ થી આગળ.)

(૭૧) એટલે એમ નથી સમજવાનું કે, તેમણે અહીં આવીને પ્રથમ વાર જ તે ધર્મ અંગીકાર કર્યો હતો. તેઓમાં ધર્મના બીજનું ક્ષેપન તો પ્રિયદર્શિન સમ્રાટના ધર્મમહામાત્રાઓએ કયારનું કર્યું જ હતું. અહીં તો તેને પોષણ મલ્યું હતું એમ ગણવું.

જણાવ્યા છેઃ–૭૨ (1) The Sakas whose home was in the country of the river Jaxartes (The Syr Daria) (2) Those from the country of the river Helmand=Sakasthan=the abode of the Sakas=The later Persan Sijistan and the modern Seistan (3) The Scythians of Europe who inhabited the Steppes of Russia to the north of the Black Sea=Sakatardarya=the Sakas over the sea. (૧) જે શકોનું સ્થાન જરટીસ નદી(સીરદરીયા)વાળા પ્રદેશમાં છે તેના (૨) હેલમંડ નદીનો પ્રદેશ શકસ્થાન-શકનું સંસ્થાન–મોડેથી ઈરાની ભાષામાં સિજીસ્તાન અને અર્વાચીનમાં સિસ્તાન કહેવાય છે તે પ્રદેશના (૩) અને યુરોપના સીથીઅન્સ જેઓ કાળા સમુદ્રની શક તરદરિયાની ઉત્તરે રૂશિયાના સપાટ–મુલકમાં વસવાટ કરી રહ્યા છે અને તેથી દરિયાપારના જે જે શકો કહેવાય છે તે. આમાંના ત્રીજા સાથે આપણે૭૩ સંબંધ નથી. પહેલા વર્ગને આપણે નોંધ્યો તો છે જ, પરંતુ તેને શકના૭૪ એક ભાગ તરીકે તો નહીં, પણ મૂળ વતનીના એક ટોળા તરીકે; જ્યારે બીજો વર્ગ છે તે જ, આ ઇતિહાસમાં વર્ણવાતો શક પ્રજાનો વર્ગ છે. આ ઉપરથી તથા તેની ઉપરની ટી. નં. ૭૩-૭૪ ની હકીકત જો ધ્યાનમાં લેવાશે તો વાચકને ખાત્રી થશે કે, તેમણે (પાશ્ચાત્ય વિદ્વાનોમાં પ્રમાણભૂત ગણાતા પ્રાચીન લેખકોએ પણ) શક તરીકે કોની ગણના કરવી તેની બહુ સંભાળ લીધી નથી. જ્યારે આર્ય પંડિતોએ અને વિદ્વાનોએ તો સાફ સાફ જણાવી દીધું છે કે શાકદ્વીપના જે વતની તે જ શક;૭૫ તેમને શકસ્થાન અથવા શિસ્તાનના પ્રદેશ સાથે સંબંધ જ નથી.૭૬ વળી અર્વાચીન વ્યાખ્યા પ્રમાણે શિસ્તાનના વતનીને જ શક કહેવાનું ધોરણ સ્વીકારીએ, તોયે પાર્થિયનો, ક્ષહરાટો, ચષ્ઠણવંશીઓ ઇત્યાદી અનેક પરદેશી પ્રજાઓ કે જેમને વતનના૭૭ અંગે શિસ્તાન સાથે કાંઇ લેવાદેવા જ નથી, છતાં પાશ્ચાત્ય લેખકોએ અને વિદ્વાનોએ તેમની ઓળખમાં જ્યાં ને ત્યાં શક શબ્દ લગાડી ખીચડો કરી નાંખ્યો છે. એટલું જ નહીં પણ ઊલટો હિંદીઓને માથે તે સર્વનો ટોપલો ઓઢાડતાં લખે છે૭૮ કે, "The term Saka was used by the Indians, in a vague way to denote all foreigners from the other side of the passes without nice distinction of race or tribe=ઘાટની પેલી પારના

(૭૨) જુઓ કે. હિ. ઇ. પૃ. ૫૬૪

(૭૩) અહીંના મૂળવતનીઓ કેમ છૂટા પડીને વીખરાયા હતા તે દર્શાવવાનું વિવેચન કરતાં હેરોડોટસે કદાચ આ ત્રણ વર્ગ પાડયા હશે. (જુઓ પૃ. ૧૪૧ ની હકીકત.)

(૭૪) આમાં પ્રાચીન વ્યાખ્યા પ્રમાણે શકનો અર્થ જે શાકદ્વીપના રહીશ એમ કરો, તો પણ તે અર્થયુક્ત નથી; તેમજ અર્વાચીન વ્યાખ્યા પ્રમાણે તે શિસ્તાનના વતની જ નથી એટલે તેમને કઈ રીતે શક કહેવાય ?

(૭૫) ખરી રીતે તો શક શબ્દ જ પ્રાચીન સમયે નહીં હોય (જુઓ ઉપરમાં પૃ. ૧૩૭ ના અંતે); પણ શાકદ્વીપની પ્રજા તરીકે તેમની ઓળખ આપવી હોય તો શાક શબ્દ વાપરી શકે. બાકી વેદની ઉત્પત્તિ થઈ ગયા બાદ શક શબ્દ વપરાયો હોય તો નં. ૨ વર્ગની પ્રજા માટે તે છે એમ સમજવું. (વળી જુઓ પૃ. ૧૩૩ ટી. નં. ૧૯).

(૭૬) આ હકીકત આપણે સ્પષ્ટતાપૂર્વક પૃ. ૧૩૫ થી ૧૪૦ સુધીમાં શાકદ્વીપ, શકદ્વીપ અને શકસ્થાનના પારામાં સમજાવી દીધી છે.

(૭૭) આ સર્વ હકીકત આપણે તે તે પ્રજાનો ઈતિહાસ (ઉત્પત્તિ અને વિકાસ) લખતાં સાબિત કરી ગયા છીએ, તે જોઈ ખાત્રી કરવી.


(૭૮) જુઓ. ઓ. હી. ઇ. પૃ. ૯.

સર્વ પરદેશીઓને (તેમની) ઓલાદ કે જાતીના કોઈ ખાસ ભેદ રાખ્યા વિના (તેમને) હિંદીઓએ એક શક નામથી મોઘમ રીતે ઓળખાવ્યે રાખ્યા છે.[૭૯] " આ તેમના મંતવ્ય ઉપર કાંઇ વિવેચન કરવા જરૂર નથી. વાચકવર્ગ સ્વયં તે વિશે પોતાનો નિર્ણય બાંધી શકે તેમ છે.

આ પ્રમાણે શક અને હિંદી શક પ્રજાનો હિંદના પ્રવેશ સંબંધી તથા ત્યારબાદ તેમના વસવાટના સ્થાન પરત્વેનો ઇતિહાસ સમજવો.

ઉપર જણાવ્યા મુજબ હિંદી શક ઉપર ભૂમકનો અને પછી નહપાણનો રાજઅમલ હતો જેને લગતું વર્ણન તેમના (ક્ષહરાટ પ્રજાના) વૃત્તાંતમાં બતાવી ગયા છીએ; જે ઉપરથી કહી શકાશે કે, તેમનું રહેઠાણ આ સમયે અવંતિમાં બની રહ્યું હતું અને તેમની રહેણીકરણી તદ્દન હિંદીમય જ—આર્ય પ્રજાની જેવી જ—બની ગઇ હતી. કોઇ એમ ન ધારી શકે કે આ લોકોનું મૂળસ્થાન હિંદ બહારનું હશે. આ ઉપરાંત તેઓ જેમના જેમના સંસર્ગમાં આવતા ગયા હતા તેમની સાથે લગ્નગ્રંથીથી પણ જોડાઇ જતા હતા. આ પ્રમાણે રાજદ્વારી અને સામાજિક સંયોગોની અસર જે નીપજી ચૂકી હતી તે ઉપરથી તેમને હવે હિંદી શક નામ નહીં આપતાં હિંદીપ્રજાના સામાન્ય નામથી જ ઓળખવી બહેતર ગણી શકાશે. આ અવંતિની પ્રજા ઉપરાંતનો એક વિશેષ ભાગ જે ખરી રીતે ભૂમક અને નહપાણના અમલ તળે તો કહેવાય જ, છતાં સીધો કાબૂ જેના ઉપર રૂષભદત્તનો હતો તે પ્રાંતની—અરવલ્લીની પશ્ચિમના પ્રદેશની—પ્રજાને પણ આપણે હિંદી શક તરીકે જ ઓળખવી પડશે. તે પ્રજાનું શી રીતે નિર્માણ થયું હતું તેનું વર્ણન હવે આપણે કરવું રહે છે: તે માટે આ પછીનો પરિચ્છેદ જુઓ.

(૭૯) જુઓ ઉપરમાં પૃ. ૧૪૦. "સર્વનો સાર" વાળો પારીગ્રાફ. ખાસ કરીને ટી. નં. ૪૫ તથા પૃ. ૧૪૧ ટી. નં. ૪૭ ની નોટની હકીકત.



# દશમ પરિચ્છેદ

## પરદેશી આક્રમણકારો ( ચાલુ )

### ( ड ) હિંદીશક-ઇન્ડો સિથિઅન્સ-શાહી રાજાઓ

### Shahi kings of Saurastra.

**સંક્ષિપ્ત સાર**—ઇન્ડો સિથિઅન્સ શાહી રાજાઓ—

( ૧ ) **રૂષભદત્તઃ**-હિંદી શક પ્રજાએ હિંદમાં કયારે પ્રવેશ કર્યો અને પ્રથમ સ્થિતિ કયાં કરી તેનો આપેલ ચિતાર-પ્રથમ ગાદી તેમની કયાં હતી તથા ત્યાંથી ફેરવીને કયા સ્થળે અને શા માટે લઇ જવી પડી તેનો આપેલ ખ્યાલ-શાહીવંશના સ્થાપક વિશે તથા તેના સમય વિશે કરેલ ચર્ચા-શાહીવંશના રહ્યાંસહ્યાં અવશેષોની લીધેલ તપાસ-એ સ્થાનની ( સૌરાષ્ટ્ર અને મહારાષ્ટ્રની ) આભિર પ્રજાનો બતાવેલો પરસ્પર સંબંધ તથા શાહી વંશસાથે તેમનું બતાવી આપેલ જોડાણ-આભિર પ્રજામાં મૂળ શાહીવંશના ખમીરનાં ઉતરી આવેલ તત્ત્વોની લીધેલી ટૂંક સમીક્ષા તથા તેનાં આપેલ દૃષ્ટાંતો-સૌરાષ્ટ્રના બહારવટીઆઓની અમુક ખાસિયતો શેને આભારી છે તેનું દોરેલું અનુમાન—

રૂષભદત્તના રાજ્યના વિસ્તારનો તથા તેણે કરેલ લોકોપયોગી કાર્યોનો આપેલ હુબહુ ખ્યાલ-શક, શાહી અને શહેનશાહી શબ્દોની છૂટી પાડી આપેલ સમજૂતિ—

( ૨ ) **દેવણુક**-તેના સમયનું તથા અન્ય સમકાલીન રાજાઓનું આપેલ કેટલુંક વર્ણન-પોતાની અસલ જાતિના શક સાથે તેણે બાંધેલ સ્નેહથી, તેમજ બતાવેલ રાજકીય સહાનુભૂતિથી,તેને શોષવું પડેલ પરિણામ-શકારિ વિક્રમાદિત્યે તથા ગૌતમીપુત્ર શાતકરણીએ મળીને કાઢી નાખેલ આખી શક પ્રજાનું જડમૂળ-પરિણામે તેમના જોરજુલ્મમાંથી હિંદી પ્રજાને મળેલી મુક્તિ-શાહીવંશનો આવેલ અંત તથા તેમની આપેલી થોડીક સમયાવલિ—

હિંદી શક પ્રજા કોને કહેવી તથા તેનો વિકાસ કેમ થવા પામ્યો હતો તે ઉપરમાં પૃ. ૩૪૨ થી આગળનાં પૃષ્ઠે સમજાવ્યું છે તથા તે પ્રજામાંથી 'શાહીવંશ' માં કયા રાજાઓની ગણના કરી શકાય તેની સમજૂતિ પૃ. ૩૩૯ માં આપી દીધી છે જેનો સાર એ છે કે, રૂષભદત્તનો વંશ તે જ શાહીવંશ અને તે જ હિંદીશક પ્રજા ગણવી રહે છે. એટલું અત્ર જણાવી, તેમના જીવનચરિત્ર સંબંધી જે કાંઇ જાણવામાં આવ્યું છે તે તથા તેમનો અંત કેવી રીતે આવ્યો કહેવાય તેની ચર્ચા હવે કરીશું.

## ( ૧ ) રૂષભદત્ત

**તેમનું મરણ અને સ્થિતિ**

અવંતિપતિ નહપાણને કોઇ પુત્ર ન હોવાથી તેની ગાદી ઉપર જો કોઇ પણ નિકટ સગાનો હક પહોંચતો ગણી શકાતો હોય તો તેની પુત્રી દક્ષમિત્રા અને અને જમાઈ રૂષભદત્તનોજ હતો; તેમ જ સસરા જમાઈને ઘણી જ સારાસારી પણ હતી; છતાં અવંતિની ગાદી તેને જે નથી મળી તે ઉપરથી અનુમાન કરી શકાય છે કે, તે પોતે નહપાણના મરણ સમયે અવંતિમાં હાજર નહીં હોય જેથી અન્ય સરદારે[૧] ત્યાં જઇ, તે હસ્તકમાં લઈ લીધી હશે. અવંતિમાંથી રૂષભદત્તની ગેરહાજરીનું કારણ કામપ્રસંગને લઇને માત્ર તાત્કાલિક બનાવરૂપે હોય કે તેની નિમણુક જ અવંતિથી દૂર આવેલ પ્રાંત ઉપર કરવામાં આવી હોય એટલે વખતસર ત્યાં પહોંચી શકયો ન હોય. એમાંથી પાછલું કારણ વિશેષ સંભવિત દેખાય છે. ગમે તેમ બન્યું હોય[૨] પણ એટલું ચોક્કસ છે કે રૂષભદત્તને તેના સસરાની ગાદી મળી નથી જ. આવા સંજોગોમાં એમ ધારી શકાય છે કે, અરવલ્લીની પશ્ચિમનો જે પ્રદેશ નહપાણને તાબે હતો અને જેનું નામ આપણે મધ્યદેશ હોવાનું જણાવ્યું છે[૩] ત્યાં તે હાકેમ તરીકે નિયત થયો હશે; એટલે અવંતિમાં નીપજેલ નહપાણના મરણ સમયે તે અતિ દૂર હતો. પણ જેવા તેને સમાચાર મળ્યા કે તેણે અવંતિ તરફ પ્રયાણ આદર્યું હશે. ત્યાં પહોંચવાને સૌથી ટૂંકો માર્ગ, અરવલ્લીની દક્ષિણે શિરોહી અને આબુપર્વત પાસેથી ગુજરાત રસ્તે માલવાની હદમાં પ્રવેશ કરવાનો હતો: જ્યાં તે અડધે રસ્તેક પહોંચ્યો હશે ત્યાં અવંતિની ગાદી તો બીજાએ બથાવી[૪] પાડયાના સમાચાર તેને મળ્યા લાગે છે. એટલે તેને માટે પછી તો અવસર યોગ્ય એ જ રસ્તો રહ્યો હતો કે, પોતાને સોંપાયલ પ્રદેશ ઉપર સ્વસત્તા સ્થાપી સ્વતંત્ર રાજકર્તા તરીકે પોતાને જાહેર કરવો. તેણે તેમ કર્યું અને ત્યારથી શાહી રાજવંશની સ્થાપના થઈ કહેવાય. પણ અત્યાર સુધી મધ્યદેશની રાજધાની વર્તમાન શિરોહી શહેરની પાસેના

(૧) આ સરદાર કોણ હતો, કયાંથી આવ્યો હતો? વિગેરે હકીકત માટે આગળ ઉપર ગર્દભીલ વંશની હકીકત જુઓ.

(૨) આ ઉપરાંત એક અન્ય કારણની પણ સંભાવના કલ્પી શકાય છે. તે સંભાવના તેની ઉમર અતિ વૃદ્ધ થઈ ગઈ હોવાની છે. પણ આવા રાજ્યપ્રાપ્તિના પ્રસંગે તે સ્થિતિનો વિચાર કેટલે અંશે તેના સૂત્રધારને આડો આવી શકતો હશે, તે વિષય કલ્પના કરતાં અનુભવનો ગણાય: માટે તેની ચર્ચા અસ્થાને છે.

(૩) જુઓ નહપાણના વૃત્તાંતે તેનાં રાજગાદીના સ્થાન વિશેની હકીકત.

(૪) જે વ્યક્તિ ગાદીએ આવી છે તેનો હક પહોંચતો નહોતો, છતાં તેણે રાજલગામ હાથ કરી છે. એટલે તેણે બથાવી પાડી હતી એમ લખવું પડયું છે.

ભિન્નમાલ નગરે[5] જે હતી, તેને બદલે તે નગરેથી ફેરવીને હવે તેણે સૌરાષ્ટ્રમાં રાજગાદી કરી નાંખી. તે માટેનાં બે ત્રણ કારણ કલ્પી શકાય છે. (૧) એક તો પોતે મોટી આશામાં ને આશામાં ઘેરથી—ભિન્નમાલથી—નીકળેલો. તેમાં વચ્ચે જ હતાશ થયો જેથી તેનું મન ખિન્ન થઈ જતાં સ્વગૃહે પાછા ન ફરતાં, પોતાની જ સત્તાના આ અન્ય પ્રાંતમાં વાસો કરે તો પોતાનો મુલક પણ કહેવાય તેમજ નોક પણ જળવાઇ રહી ગણાય. આ સામાજિક કારણ છે. (૨) બીજું કારણ એ છે કે, માલવામાં શું બને છે ? તેના ઉપર સીધી દેખરેખ રખાય અને પ્રસંગ ઉપસ્થિત થાય તો ભિન્નમાલથી અરવલ્લીના અને આબુના ડુંગરાળ પ્રદેશમાંથી અવંતિમાં પહોંચી જવું તેના કરતાં ગુજરાતના સપાટ પ્રદેશ રસ્તે પહોંચી જવું તે વધારે સરલ ગણાય. આ કારણ રાજકીય છે. (૩) જ્યારે ત્રીજું કારણ વળી ધાર્મિક છે. આપણે જાણી ચૂકયા છીએ કે, ક્ષહરાટ અને હિંદીશક પ્રજા ધર્મચૂસ્ત હતી, તેમ તેઓ જૈનધર્માનુયાયીઓ પણ હતા.[6] એટલે તેમના ધર્મનું સૌથી મોટામાં મોટું તીર્થધામ સૌરાષ્ટ્રમાં ગિરિનગરે જ આવેલું હોવાથી ત્યાં આત્મિક આનંદ પણ મેળવી શકાય. આવા અનેકવિધ આશયને લીધે તેણે રાજગાદી સૌરાષ્ટ્રમાં કરી હતી. એટલે શાહીવંશના રૂષભદત્તની સત્તા રાજપૂતાના અને સૌરાષ્ટ્ર ઉપર પૂર્વની પેઠે રહી જ કહેવાય; માત્ર તેમાં ફેરફાર એટલો જ થયો ગણાય કે, પૂર્વે રાજગાદી ભિન્નમાલ નગરે હતી તેને બદલે હવે ગિરિનગરે[7] થઇ.

ઉપર પ્રમાણે જ્યારે રાજગાદીના સ્થળનું પરિવર્તન થયું ત્યારે ત્યાંની વસ્તી પણ સ્થિત થઇને પડી રહે એમ કેમ બને ? તેથી તેણે પણ સ્થાનાંતર કર્યું. એટલે ભિન્નમાલ નગરનો સારો પ્રતિષ્ઠિત અને ધનિક વર્ગ જે હતો તેમાંનો કેટલોક ઉઠાંગિરિ કરીને સૌરાષ્ટ્રમાં આવી વસ્યો[8] તથા કેટલોક વચ્ચે આવતા કચ્છમાં[9] રહ્યો. તે વસ્તિમાંના પૈસાદાર અને મોભાદાર પ્રજાજન સાથે, કેટલીક સામાન્ય વર્ગની પ્રજાએ પણ હિજરત આદરી હતી. તેમણે મોટા શહેરમાં જઇ સંકડાશ ભોગવીને પડયા રહેવા કરતાં, હિજરતના માર્ગમાં વચ્ચે આવતા કચ્છદેશની પહોળી, બિનવસ્તીયાણ અને ખુલ્લી જગ્યા નિહાળતાં, ત્યાં જ ધામા નાંખી દીધા; અને પોતાનો મૂળ કૃષિવિષયક પશુપાલનનો ધંધો ઉપાડી લીધો[10]. આ પ્રમાણે શાહીવંશની સ્થાપનાની સાથે જ, ભિન્નમાલમાંની વસ્તીનું સરણ, કચ્છ અને સૌરાષ્ટ્રમાં થયું હતું તથા ત્યાં તેઓ સ્થિત થઇને રહેવાથી, મૂળસ્થાનમાં રહેલાં તેમનાં સગાંવહાલાં સાથે તેમનું સામાજિક અને વ્યવહારિક સંધાણ પણ તેમને રાખ્યે જવું પડતું હતું.

દક્ષિણ હિંદ અથવા સામાન્ય રીતે જેને

(૫) જુઓ ઉપરની ટી. નં. ૩ (મધ્ય દેશ સંબંધી વિગતની સાક્ષી તેમાં આપી છે, તે વર્ણન અહીં સાથે રાખીને વાંચવું)

(૬) જુઓ ઉપરમાં, ષષ્ઠમ ખંડે, ષષ્ઠમ પરિચ્છેદે તથા પૃ. ૩૩૯ ની હકીકત.

(૭) એટલે જ તેમને સૌરાષ્ટ્રના શાહી કીંગ્ઝ= Shahi Kings of Saurashtra તરીકે ઓળખાવાય છે.

(૮) આ સ્થાનાંતર બાબતની કેટલીક માહિતી આ પરિચ્છેદમાં આગળ આપવામાં આવશે. જુઓ ગૂર્જર પ્રજા વિશેની હકીકત.

(૯) સરખાવો નીચેની ટી. નં. ૨૫.

(૧૦) અત્યારે પણ કચ્છના આ પ્રદેશની વસ્તી કૃષિના ધંધામાં પડેલ છે, આ કૃષિવર્ગમાં ઓશવાળ અને શ્રીમાળ જ્ઞાતિનો વર્ગ વિશેષ સંખ્યામાં કેમ છે તે આગળ ઉપર ગૂર્જર પ્રજાની હકીકતે જુઓ.

મહારાષ્ટ્ર તરીકે આપણે ઓળખીએ છીએ તે ઉપર જે અનેક રાજવંશી પુરૂષો થઇ ગયા છે તેમાંના એકને રાષ્ટ્રિકવંશ[૧૧], રાષ્ટ્રકુટવંશ[૧૨] કે ત્રૈકૂટિકવંશ તરીકે ઇતિહાસકારોએ ઓળખાવ્યો છે. તેના છઠ્ઠા પુરૂષ દંતિદુર્ગનો સમય ઈ. સ. ૭૫૦ ની લગભગનો ગણાવાય છે. એટલે પ્રથમના પાંચ પુરૂષનો સમય ગણતાં તે વંશની આદિ ઇ. સ. ૬૭૦ ની આસપાસ સહેજે ગણી શકાય; છતાંયે તે વંશનો મૂળપુરૂષ કોણ કહેવાય તે હજુ પાકે પાયે જણાયું નથી જ. કેટલાકના મતે તેનું નામ ઇશ્વરદત્ત અને જાતે આભીર[૧૩] તથા તેનો સમય અંદાજે ઇસ્વીની ત્રીજી ચોથી સદીમાં હોવાનું મનાયું છે; જ્યારે આપણે ઉપરમાં જણાવ્યા પ્રમાણે[૧૪] મિ. થોમાસના મંતવ્ય મુજબ શાહ રાજાનો મૂળપુરૂષ કોઇ ઇશ્વરદત્ત નામનો હતો. પાછળની શોધથી તે શાહ રાજાનો વંશ, ભલે ચક્ષ્ણનો ક્ષત્રપ વંશ ઠર્યો છે; છતાં મિ. થોમાસના ધારવા મુજબ તે વંશનો મૂળ-પુરૂષ ઇશ્વરદત્ત જે હતો, તેનો સમય તેણે ઇ. સ. ની પ્રથમ સદીમાં કલ્પ્યો છે જ; કેમકે ચક્ષ્ણના વંશની આદિ વિદ્વાનોએ હવે ઇ. સ. ૭૮ ની ઠરાવી છે. આ સર્વ કથનનો સાર એ નીકળે છે કે ઇશ્વરદત્ત નામની કોઇ વ્યક્તિ ઇતિહાસની દૃષ્ટિએ[૧૫] ઇ. સ. ની પહેલી સદીના મધ્યમાં અથવા જરા આગળ પાછળ[૧૬] થઇ ગઇ છે. તેનો પ્રદેશ મહારાષ્ટ્રનો છે અને તે

**તેનાં અવશેષો**

---

(૧૧) શા માટે રાષ્ટ્રિકવંશ હોવાનું જોડાયું છે તે માટે નીચેની ટીકા નં. ૧૩ તથા ૨૧ જુઓ; તથા પૃ. ૩૭૫ થી આગળની હકીકત વાંચો.

(૧૨) આ નામ વિશેષ પ્રમાણિકપણે કબૂલ રખાયું છે; કેમકે તે વંશના પુરૂષો જ પોતાને રાષ્ટ્રકૂટવંશી જણાવે છે.

(૧૩) આ રાષ્ટ્રકૂટવંશી રાજાઓ મૂળે આભીર જાતિના પુરૂષમાંથી ઉત્પન્ન થયેલા મનાય છે. જુઓ નીચેની ટી. નં. ૨૧. એક ગ્રંથકારે આ આભીર પ્રજાનો દક્ષિણમાં વસવાટ હોવાને લીધે તેમને આંધ્રભૃત્યાઃ તરીકે લેખાવ્યા છે. હિ. હિ. પૃ. ૬૪૪ માં તેમણે લખ્યું છે કે—Abhirs were not foreigners; the name Abhir originated from Andhra-bhrutyas (servants of the Andhras). The Matsya Purana states that seven Andhra Kings sprang from the servants of the original dynasty=આભીર લોકો પરદેશી નહોતા. આભીર નામની ઉત્પત્તિ આંધ્રભૃત્ય (આંધ્રના ભૃત્યો-સેવકો) માંથી થઈ છે. મત્સ્ય પુરાણ કહે છે કે, મૂળવંશમાંથી સાત આંધ્ર ભૃત્ય રાજાઓ ઉદ્ભવ્યા છે.

[મારૂં ટીપણ-ઉપરના કથનમાંથી આટલા મુદ્દા તારવી શકાય છે (૧) આભીર પ્રજા પરદેશી નથી (તે માટે જુઓ હિંદીશક વિશેનું મારૂં કથન) (૨) આંધ્રભૃત્યમાંથી આભીર થયા છે (૩) આંધ્રભૃત્ય સાતની સંખ્યામાં છે (૪) અને આભીર નામની ઉત્પત્તિ આંધ્રભૃત્ય જેટલી પ્રાચીન છે. આ ચાર મુદ્દામાંથી. નં. ૨ સિવાય બાકીના ત્રણ સાચા છે (નં. ૨ માટેનો ખુલાસો પુ. ૨, પૃ. ૧૦૩, ૧૧૪ ઇ. ઇ. તથા પુ. ૪ માં જુઓ.)

(૧૪) જુઓ પૃ. ૩૩૭, ટી. નં. ૧૬. ઇશ્વરદત્તને, (ડૉ. ભગવાનલાલઇંદ્રજીની સૂચનાને વધાવી લઇને.) આભીર હોવાનું (નીચેની ટી. નં. ૨૦ જુઓ) માનવાને અન્ય વિદ્વાનો પણ લલચાયા છે. (જુઓ કો. આં. રે. પ્રસ્તાવના, પારા. ૧૧૦ અને ૧૩૫) અને તેનો સમય ઈ. સ. ૨૪૯ આસપાસ કલ્પ્યો છે.

(૧૫) જુઓ પૃ. ૩૩૮ ટી. નં. ૧૭ નું લખાણ. જો તે ઈશ્વરદત્ત ઐતિહાસિક વ્યક્તિ ન હોત તો તેના સિક્કા હોત જ કયાંથી?

(૧૬) ઇ. સ. પહેલી સદીની આગળ જ થઇ છે. પૃ. ૩૫૮ ની અંતની હકીકતમાં મુદ્દો નં. ૪ વાંચો.

વ્યવસાયે અથવા કર્મે આભીર જાતિનો[17] લાગે છે. આ પ્રમાણે એક સ્થિતિ છે; જ્યારે બીજી સ્થિતિ એમ છે કે, શાહવંશી રાજાઓ જેનો મૂળપુરૂષ હવે આપણે રૂષભદત્તને ઠરાવ્યો છે (જુઓ પૃ. ૩૪૦) તેના પિતાનું નામ ઇશ્વરદત્ત છે. આ રૂષભદત્તનો સમય ઇ. સ. પૂ. ની બીજી સદીના ઉત્તરાર્ધનો છે, એટલે તેના પિતા ઇશ્વિરદત્તનો સમય બહુ બહુ તો ઈ. સ. પૂ ની બીજી સદીના પૂર્વાર્દ્ધમાં ગણવો રહે છે. અને આ રૂષભદત્ત વિ. મૂળે શક પ્રજા હોવાથી તેમના વતનમાં જે મૂળ વ્યવસાય[18] ઢોરા ચારવાનો અને તેનો ઉછેર કરી પરિવાર વધારવાનો હતો તે જ વ્યવસાય અહીં હિંદમાં આવીને પણ તેઓ આદરી રહ્યા હતા. અને તેથી જ આ શક પ્રજા ધનુર્વિદ્યામાં તથા તિરંદાજીમાં[19] પણ પ્રવીણ અને મશહુર લેખાતી હતી. આ રૂષભદત્તનું નામ આપણને નાસિક, જુન્નેર વિગેરે દક્ષિણ દેશમાં આવેલા શિલાલેખ ઉપરથી જાણવામાં આવ્યું છે એટલે જ વિદ્વાનોને પણ નહપાણ તથા તેના જમાઇ રૂષભદત્તને દક્ષિણ હિંદની ભૂમિ ઉપર–ગોદાવરી અને કૃષ્ણા નદીના મૂળવાળા પ્રદેશમાં કાંઈ લડાઇ–લડતો ચીતરવો પડ્યો છે; પરંતુ યુદ્ધમાં ઉતરનાર રૂષભદત્ત જ પ્રથમ હતો કે તેનો પિતા ઇશ્વરદત્ત[20] હતો જે યુદ્ધમાં પ્રથમ કોઇ સૈન્યપતિ હતો અને તેના મરણ બાદ તેની જગ્યાએ રૂષભદત્ત નીમાયો હતો તેની ભલે આપણને સ્પષ્ટતાપૂર્વક માહિતી મળતી નથી. છતાં જ્યારે નહપાણ અને રૂષભદત્તનો, સસરા જમાઇ તરીકેના સગપણ સંબંધનો, વિચાર કરીએ છીએ ત્યારે માનવું રહે છે કે, રૂષભદત્તનો પિતા ઇશ્વિરદત્ત પણ, ક્ષત્રપ નહપાણને તેમજ મહાક્ષત્રપ ભૂમકને, પોતાના જીવનમાં યુદ્ધક્ષેત્રે સારી રીતે ઉપયોગી થયો હોવો જોઇએ. એટલે બનવાજોગ છે કે, દક્ષિણ દેશના કોઇક યુદ્ધમાં લડતાં લડતાં તે ઇશ્વરદત્ત મરણ પામ્યો હોય, અને તેથી કરીને તેનું નામ આ પ્રદેશમાં[21] જળવાઈ રહેવા

---

(૧૭) આભીર જાતિનો જીવનપ્રદેશ ગોદાવરી નદીના મૂળવાળી ભૂમિને ગણાવાયો છે. સરખાવો ઉપરની ટીકા નં. ૧૩, તથા ૧૪.

(૧૮) પૃ. ૨૯૮ માં ટાંકેલું ઇંગ્રેજી અવતરણ જુઓ.

(૧૯) જુઓ ઉપરમાં પૃ. ૧૧૦ ની હકીકત જેમાં રાજા બળમિત્રનું મરણ કોઇ તિરંદાજે ફેંકેલા બાણથી નીપજ્યાનું જણાવ્યું છે.

વળી તે પૃષ્ઠે ટી. નં. ૧૭ માં ગર્દભીલ રાજાની બીના જણાવી છે તે પણ શકપ્રજાની તિરંદાજના દષ્ટાંતરૂપ છે. આનું વર્ણન આગળ ઉપર આવશે.

શક પ્રજા જેમ ધનુર્વિદ્યામાં પ્રવીણ ગણાતી હતી તેમ વળી સ્રીઓની મર્યાદા સાચવવામાં, શિયળરક્ષણમાં પણ માથું આપવા અચકાય નહીં તેવી નીતિવાળી હતી. આ ગુણ તેમની પ્રજામાં કેટલીયે સદી સુધી ઉતરી આવ્યો જણાયો છે. તેનાં દષ્ટાંતો પ્રસંગોપાત આપણે જણાવતા રહીશું.

(૨૦) ઈશ્વરદત્ત નામની બે વ્યક્તિ માનવી પડે છે. એક નહપાણના જમાઈ રૂષભદત્તનો પિતા અને બીજો, કો. આં. રે. માં જણાવ્યા પ્રમાણેનો; કે જેણે ઈ. સ. ૨૪૯ આસપાસમાં, ક્ષત્રપ ચષ્ટણવંશી મહાક્ષત્રપોથી સ્વતંત્ર બની પોતાનું રાજ્ય ગોદાવરીવાળા પ્રદેશમાં સ્થાપ્યું છે અને મહાક્ષત્રપ નામ ધારણ કરી, સિક્કા પડાવ્યા છે (જુઓ કો. આં. રે. પૃ. ૧૨૪); છતાં તેની જાત કે સંબંધ કોઈ રીતે જણાવ્યાં જ નથી (જુઓ ઉપરની ટીકા. નં. ૧૪ તથા ૧૫.)

(૨૧) રાષ્ટ્રકૂટવંશી રાજાઓનું અસલ વતન પણ ગોદાવરી નદીના મૂળવાળા પ્રદેશમાં–ગોવરધન સમયમાં–ગણાય છે. તેમ આભીર જાતિનો ઢોરાં ચારવાનો વ્યવસાય પણ આ પાર્વતીય પ્રદેશમાં વિશેષ સમૃદ્ધ બન્યો હતો અને બનવા પામે, તે સમજી શકાય તેવું છે.

પામ્યું હોય.[૨૨] વળી ત્યાંની આભીર પ્રજાનું મૂળ[૨૩], આ ઇશ્વરદત્ત સાથે ઉતરી આવેલી પણ પાછળથી લડાઈ જીતાયા બાદ ત્યાં ઠરીઠામ થઇને વસી રહેલી[૨૪], શક પ્રજામાંથી ઉદ્‌ભવ્યું હોય તે કાંઇ અકલ્પનીય ઠરે તેમ નથી. આ પ્રમાણે બીજી સ્થિતિ થઈ. વળી ત્રીજી સ્થિતિ એમ છે કે, આ રૂષભદત્તનું રાજ્ય સૌરાષ્ટ્રમાં સ્થાપિત થયું હતું. તેમ ઇતિહાસમાં પ્રસિદ્ધ થયેલી આહિર-આભીર પ્રજાની હૈયાતિ ઇ. સ. ની બીજી ત્રીજી સદીમાં ધરાય છે; અને તેનું સ્થાન આ સૌરાષ્ટ્ર દેશમાં જ કલ્પાયું છે. વળી આ આભીર પ્રજાનો મૂળ ધંધો ઢોરો ચારવાનો, ઢોરો ઉછેરનો અને ઘોડાની ઓલાદ સુધારવાનો મુખ્યપણે હતો. તેમાંથી પોતાની કાબેલિયતને લીધે કેટલાકો અચ્છા ઘોડેસ્વાર બની, ક્ષત્રિયત્વનો ગુણ પ્રાપ્ત કરી, રાજપતિ બની બેઠા છે; જેથી સારાષ્ટ્રદેશના પ્રખ્યાત રા'વંશી[૨૫] (અથવા રાહવંશી)[૨૬] રાજાઓ જેમનો સમય ઇ. સ. ની આઠમા નવમી સદીથી જોડાયો છે; (પરંતુ બનવાજોગ છે કે, કદાચ તે પહેલાં પણ[૨૭] હોય) વળી જેમની ઉત્પત્તિ વિદ્વાનોએ ઉપરોક્ત આભીર પ્રજા સાથે જોડી છે. તદુપરાંત આ આભીર પ્રજામાં ઘોડેસ્વારી સાથે, સ્ત્રીમર્યાદા અને શિયળ રક્ષણનું ખમીર[૨૮] હેઠ શક પ્રજામાંથી ઉતરી આવેલું હોવાથી[૨૯] રાહવંશી રાજામાંના રા'ખેંગાર જેવા[૩૦] સૌરાષ્ટ્રપતિઓ તો, સોલંકીકુળભૂષણ

(૨૨) જળવાઇ રહ્યાનું કહેવું પડયું છે તે એટલા માટે કે, ઈશ્વરદત્ત જેમ યુદ્ધમાં મરાયો હતો તેમ, ભલે તેના અન્ય જ્ઞાતિજનો-શકપ્રજાના-પણ મરાયા હતા, છતાં કેટલાક તો આ સ્થળે જ રહીને વસ્તી વસાવી રહી ગયા હતા. કાળાંતરે તેઓ આંધ્રપતિ શાતકરણીની પ્રજા બની ગયા હતા: અને તે બાદ કેટલેય કાળે આ સઘળાં આભીરપતિઓ રાષ્ટ્રકૂટવંશી રાજા તરીકે ખીલી નીકળ્યા હતા એમ અનુમાન દોરાય છે.

(૨૩) સરખાવો ઉપરની ટી. નં. ૨૧ ની હકીકત.

(૨૪) ભૂમકના સમયે તેમ જ પોતાના રાજઅમલમાં નહપાણ અને રૂષભદત્તે આ ભૂમિ ઉપર કમમાં કમ ૫૦ વર્ષ સત્તા ભોગવી છે તેથી શકપ્રજા ઠરીઠામ થઈ હતી એમ કહી શકાય.

(૨૫) સૌરાષ્ટ્રના જેમ રા' કે રાહ કહેવાય છે, તેમ કચ્છના રાવ કહેવાય છે. કચ્છના રાવ કહેવાતા ભૂપતિઓને સૌરાષ્ટ્રના રા'ભૂપતિઓ સાથે સંબંધ હશે કે કેમ તે તપાસવું રહે છે સરખાવો ઉપરની ટી. નં. ૯ વાળા લખાણમાં "કેટલોક વર્ગ વચ્ચે આવતા કચ્છમાં રહ્યો." તે શબ્દો)

(૨૬) રા' ખેંગાર, રા' નોંઘણ, રા' ગ્રહરિપુ વિગેરે રાજાઓનો વંશ રા' વંશ તરીકે ઓળખાવાયો છે. આ રા' વંશી રાજાઓનું પાટનગર સૌરાષ્ટ્રનું ગિરિનગર-જીર્ણદુર્ગ-વર્તમાન જૂનાગઢ ગણાય છે:

(૨૭) રા'વંશી રાજાઓની ઉત્પત્તિ ક્યારે થઈ છે તે જણાયું નથી. પણ એટલું ધરાય છે કે, જ્યારે તેમના પુરૂષો આઠમી નવમી સદીમાં વિદ્યમાન હતા ત્યારે તેઓ પૂર વૈભવશાળી હતા એટલે તે પૂર્વે કેટલાય સમયથી તેમનું અસ્તિત્વ થઇ જવા પામ્યું હોવું જોઇએ, એમ અનુમાન કરાય છે.

(૨૮) જુઓ ઉપરની ટી. નં. ૧૯ નો અંતિમ ભાગ.

(૨૯) જુઓ ઉપરની ટી. નં. ૧૯ નો અંતિમ ભાગ.

(૩૦) આ હકીકત ઉપર નીચેનું વાકય કાંઇક પ્રકાશ પાડશે એમ ધારી અહીં તે ઉતાર્યું છે. (નહપાણ ક્ષહરાટ માટે લખતાં લેખકે પોતાના વિચારો જણાવ્યા છે). " Kshaharata was pronounced long ago to resemble Phrahates, one of the Arsacidae by Dr. Stephenson: but he supposed Nahapana was a viceroy of Phrahates...Dr. Bhau Daji thinks (J. B. B. R. A. VIII P. 239) Ksharata & Phrahates is the same: again this Kshaharata is spelt Khagrata which is the Magadhi form of Khaharata. The popular name of Khengar in Kathiawar (as he supposes) is derived from Khagrata=આરસીડાઈ વંશના (પૃ. ૧૪૫ સામે ચોંટાડેલ કોઠામાં આર-

ગૂર્જરનરેશ સિદ્ધરાજ જયસિંહ સાથે લડવા સુધી અને સર્વસ્વ ગુમાવી બેસવા સુધી પણ તૈયાર થઇ ગયા હતા; આ સર્વ હકીકત સતી રાણકદેવીના ઇતિહાસ ઉપરથી[૩૧] એટલી બધી સુપ્રસિદ્ધ છે કે તેનું વિશેષ વર્ણન કરવા જરૂર રહેતી નથી. તેમ જ કાઠિયાવાડના કેટલાક બહારવટીઆઓ પણ પોતાની બીજી વૃત્તિ માટે ભલે નિંદાપાત્ર ગણાય છે, છતાં સ્ત્રીમર્યાદાના રક્ષણ તેમજ સ્ત્રીસન્માન[૩૨] માટે તો પંકાયલા જ માલૂમ પડ્યા છે. આ બધા ઉપરથી કહેવાની મતલબ એ છે કે, સૌરાષ્ટ્રમાં પણ એક આભીર પ્રજા વસી રહી જણાઈ છે, કે જેમાં, શક પ્રજાનાં જેવાં જ સદ્‌ગુણો અનેક સદીઓ સુધી ઉતરી આવેલાં ઐતિહાસિક દૃષ્ટિએ નોંધાયલાં છે. અને આ સૌરાષ્ટ્રભૂમિ ઉપર રૂષભદત્તના વંશે રાજ્યઅમલ પણ ભોગવ્યો છે. એટલે ઉપરની ત્રણે વસ્તુસ્થિતિનું દોહન કરવામાં આવશે તો એટલો નિષ્કર્ષ કાઢી શકાશે કે, (૧) સૌરાષ્ટ્રની આભીર પ્રજાને અને દક્ષિણની આભીર પ્રજાને કાંઇક સંબંધ હોવો જોઇએ (૨) શક પ્રજાનાં કેટલાંક સ્વભાવોત્પન્ન લક્ષણો જેવાં કે પશુપાલન, તિરંદાજી, ઘોડેસ્વારી, સ્ત્રીસન્માન ઇ. ઇ. આભીર પ્રજામાં ઉતરેલાં નજરે પડે છે (૩) ત્રિકૂટક અથવા રાષ્ટ્રકૂટવંશી રાજાઓ તે દક્ષિણ પ્રદેશની આભીર પ્રજારૂપ-દૃષ્ટાંત-લેખવા તથા રા'-રાહવંશી રાજાઓને સૌરાષ્ટ્ર પ્રદેશની આભીર પ્રજાના ઉમરાવો લેખવા (૪) અને હિંદીશક પ્રજાનો સમય ભલે ઈ. સ. પૂ. ની પહેલી અથવા બીજી સદીનો ગણાયો છે; તથા આભીર પ્રજાનો સમય ભલે ઇસ્વીની પહેલી, બીજી કે ત્રીજી સદીનો ગણાતો હોય અરે!

---

સેકસ વંશ છે તે) ક્રેટેસને મળતો જ ઉચ્ચાર ક્ષહરાટનો છે એમ ડો. સ્ટીવનસનનો મત છે. પણ નહપાણને તે ક્રેટેસનો સૂબો ધારતો હતો. ડો. ભાઉ દાજીનો મત એમ છે કે (જુઓ. જ. બો. બ્રૅ. રૅ. એ. સો. પુ. ૮, પૃ. ૨૩૯) ક્ષહરાટ અને ક્રેટેસ બન્ને એક જ છે. વળી ક્ષહરાટ(શબ્દ)ની જોડણીના શબ્દાક્ષર ખગરાટ પ્રમાણે થાય છે, જેનો માગધી શબ્દ ખહરાટ છે. (તેના મત પ્રમાણે) કાઠિયાવાડનું સુપ્રસિદ્ધ નામ (જે) ખેંગાર (છે) તે ખગરાટમાંથી જ નીકળ્યું છે." આખા વાક્યનો સાર એ દેખાય છે કે, લેખકની મતલબ, ક્ષહરાટ, ખગરાટ અને ખેંગાર-આ ત્રણે શબ્દોને કાંઈક સંબંધ હોવા પૂરતો જણાવવાની છે. જ્યારે આપણે એમ તારણ કરવું રહે છે કે, નહપાણ ક્ષહરાટને અને ખેંગાર રા' ને અમુક અંશે મળતાપણું (સ્વભાવે કે અમુક ગુણ પરત્વે) હતું એટલું તેમાં સૂચન છે ખરૂં.

[મારૂં ટીપણ: ક્રેઇટસ, ક્ષહરાટ, ખગરાટ કે ખેંગાર શબ્દોને અરસપરસ ઉચ્ચારમાં કે વ્યુત્પત્તિમાં કેટલું સામ્ય ગણાય તે પ્રશ્ન અલગ રાખીએ, પણ જણાવવાનું કે નામાંકિત વિદ્વાનો જે કાંઈ તર્ક, વિતર્ક કે કલ્પના કરે, પછી ભલે તે બહુ જ વિચિત્ર હોય છતાં તેને વિદ્વાના એક અંશ તરીકે જ સર્વે વધાવી લ્યે છે, જ્યારે કોઈ સામાન્ય માણસ ભલે સત્યપૂર્ણ અને પ્રમાણિક આધાર સાથેની વાત રજૂ કરે, તો પણ જો તે રજૂઆત પૂર્વબદ્ધ મંતવ્યથી ભિન્ન પડતી હોય, તો તે સૂચનને આદર મળવો તો એક બાજુ રહ્યો, પણ ઊલટું તેને તોડી પાડવાનો પ્રયત્ન કરાય છે અને હાસ્યપાત્ર બનાવાય છે. આ ગ્રંથના લેખક તરફ વિદ્વાનોનો આવો વર્તાવ તો સામાન્ય થઈ પડયાનું માલૂમ પડયું છે.]

(૩૧) શક તથા આભીર પ્રજામાં શિયળરક્ષણ તરીકે મરી ફીટવાની વૃત્તિનો આરંભ છે.

(૩૨) ઘણા બહારવટીઆઓ વિશે કિંવદંતિ સંભળાય છે કે તેમને જ્યારે વટેમાર્ગુઓનો ભેટો થઈ જાય છે ત્યારે કેવળ પુરૂષવર્ગને જ હેરાન કરે છે પણ સ્ત્રીઓને કંઈ પણ રંજાડ કરતા નથી. ઊલટા તેમને સન્માનપૂર્વક દૂર બેસારીને પોતાની અન્ય લૂંટનું કાર્ય આટોપે છે. એટલું જ નહીં, પણ જો કોઈ સ્ત્રી તેમના ઉપર કાંઇક ઉપકાર બતાવતી દેખાય તો, તે સ્ત્રીને પોતાની બહેન ગણી વીરપસલી તરીકે (ભાઈ તરફથી બેનને અપાતી ભેટ તરીકે=અથવા તેને સાદી ભાષામાં બહેનોને કાપડું દેવું બોલાય છે) સારી બક્ષીશ આપી રંજીત કરે છે.

તેથી પણ પૂર્વનો કે પાછળનો લેખાતો થાય તોયે-તે બન્ને પ્રજાનાં હિંદમાંના વસવાટના સમય વિશે, કાંઇક અંતર તો રહેલું દેખાય છે જ; કે જે અંતરકાળમાં મૂળની પ્રજાએ ( હિંદી શકોએ ) પોતાના કેટલાક તામસ પ્રકૃતિરૂપ અંશો ભૂલી જઈ-ખંખેરી નાંખી-રજસ અને ઓજસ અંશોને વિશેષપણે ખીલવ્યા હતા[૩૩]. જેથી હિંદીશક પ્રજા જે અસલમાં કેટલેક અંશે પરદેશી ગણાતી રહી હતી તેને બદલે હવે તેની ગણના શુદ્ધ આર્ય પ્રજામાં જ ગણવી પડે તેવી સ્થિતિ નીપજાવી દીધી હતી.[૩૪] અને આ ચારે મુદ્દાને સંક્ષેપીને એક જ વાકયમાં તેનો સાર જો કાઢી બતાવવો હોય તો એમ કહી શકાશે કે, સૌરાષ્ટ્રની તેમજ દક્ષિણની સર્વે આભીર પ્રજાને અસલી હિંદીશક પ્રજાનાં અવશેષરૂપે ગણવી પડશે.[૩૫]

તેનું જાતીય નામ તો ઉષભદાત્ત જ હતું એમ દેખાય છે, પણ શિલાલેખોમાં જયાં ને ત્યાં તેણે રૂષભદત્ત તરીકે પોતાને ઓળખાવ્યો છે. આ ફેરફાર કરવાનાં કારણમાં ( ૧ ) હિંદી શકપ્રજાએ હવે હિંદમાં વસવાટ કરવા માંડેલ હોવાથી તેમ જ હિંદીઓનાં સહચર્ય અને સંસર્ગને લીધે તેમના આચારવિચારનું અનુકરણ કરવા માંડેલું હોવાથી[૩૬] પણ હોઇ શકે ( ૨ ) છતાં

**તેનાં નામ, ઉમર અને સમય**

વિશેષતઃ તો ધાર્મિક સ્થિતિમાં તેનું મૂળ પ્રવર્તે છે; કેમકે આપણે જાણીતા થઈ ગયા છીએ કે, ક્ષહરાટો અને હિંદી શકો ધર્મે જૈન મતાનુયાયીઓ[૩૭] હતા· વળી જૈન આમ્નાયમાં જે ચોવીશ તીર્થંકર ગણાય છે તેમાંના આદિ પુરૂષનું નામ તેઓ આદિનાથ અથવા રૂષભદેવ લેખાવે છે. એટલે આ ઉષભદાત્ત પોતાના ધર્મના આદિ પ્રવર્તકના નામને અનુસરતું જ પોતાનું નામ ઠરાવે[૩૮] અને તેમાં આનંદ સાથે ધર્માભિમાન ધરાવે, તે સમજી શકાય તેવું છે. આ સંબંધમાં કે. હિ. ઇ. નો વિદ્વાન લેખક[૩૯] પોતાનો અભિપ્રાય દર્શાવે છે કે- " Names ending in Varman and Datta show that they had become

---

( ૩૩ ) આ ખીલવણી થવાનું કારણ તેમણે કરેલ સ્થળાંતરનું પરિણામ પણ હોય. જુઓ પૃ. ૩૫૪માં તેમણે સૌરાષ્ટ્રમાં કરેલ સ્થાનના પરિવર્તનવાળી હકીકત.

( ૩૪ ) હવેથી તેમનું નામ હિંદીશક મિટાવીને આર્ય તરીકે જ ગણવાનું છે. સરખાવો નીચેનું ટી. નં. ૩૫.

( ૩૫ ) તેમના આચારવિચારમાં અતિ વિશાળ પણે પરિવર્તન થઈ ગયું હોવાથી હવે તેમને મૂળ નામથી ન ઓળખતાં અન્ય નામથી ઓળખવાનું ઠરાવાય છે માટે અવશેષ શબ્દ વાપર્યો છે.

( ૩૬ ) એ. હિ. ઈ. પૃ. ૨૪૨:—The tendency certainly was for Indo-Greek Princes and people to become Hinduized rather than for the Indian rajas and their subjects to be Helinised=હિંદી રાજા અને તેમની પ્રજા હેલીનીક-ગ્રીક-સંસ્કૃતિ ગ્રહણ કરે તે કરતાં, હિંદી-ગ્રીક રાજા અને પ્રજા હિંદી સંસ્કૃતિ ધારણ કર્યે જવાનું વલણ અચૂકપણે દેખાઈ આવે છે.

( ૩૭ ) જુઓ પૃ. ૩૫૩ ટી. નં. ૬.

( ૩૮ ) ઉપરની ટી. નં. ૩૬ અને ૩૭ ની હકીકતને આ સ્થિતિ સમર્થનરૂપ નીવડે છે. તેમ આ ઉપરથી એમ પણ પુરવાર થઈ જાય છે કે, તે પ્રજા મૂળથી હિંદ બહારની હતી; પણ પછી જ હિંદમાં આવીને વસી રહી હતી. વળી જુઓ પૃ. ૩૩૯ નું લખાણ તથા તેની ટી. નં. ૧૯ ની હકીકત.

( ૩૯ ) જુઓ કે. હિ. ઇ. પૃ. ૫૭૭.

Hinduized and claimed to be[૪૦] Kshatriyas—નામના અંત્યાક્ષરો વર્મન અને દત્ત હોય તો એમ સૂચવે છે કે, તેઓ હિંદી બની ગયા છે અને ક્ષત્રિયો થવાની લાયકાતવાળા છે." આ ઉપરથી સમજાશે કે, તેઓ ભલે અસલમાં માત્ર જંગલી પ્રજાના સભ્યો હતા, પણ હવે હિંદમાં રહીને સંસ્કૃતિના બળે તેઓ ક્ષત્રિય જેવા બની ગયા હતા અને રાજપાટ યોગ્ય તથા પ્રજાના રક્ષણહાર અને પાલકસમા નીવડ્યા હતા.

ઉપરમાં જોઇ ગયા છીએ કે, તેણે પોતાના સસરા નહપાણ અને મોટા સસરા ભૂમકના સમયે યુદ્ધકૌશલ્ય બતાવીને કેટલાય દેશો જીતી લીધા હતા. તે ઉપરથી સિદ્ધ થાય છે કે, તે સમયે તેની ઉમર કમમાં કમ સૈન્યને દોરવીને સંગ્રામમાં વ્યૂહ-રચના કરવા જેવી તો હોવી જ જોઈએ. આપણે તેની અટકળ ૩૦ થી ૩૫ વર્ષની ઠરાવીએ. ભૂમકના નામનો કોઈ શિલાલેખ તો નથી જ; પણ નહપાણ ક્ષત્રપના નામે જે શિલાલેખો છે તેમાં ૪૫ નો આંક મોટામાં મોટો નોંધાયો છે; જે ઉપરથી ભૂમકના રાજ્યઅમલનો અને નહપાણના ક્ષત્રપપદનો અંત તે સાલમાં આવ્યાનું ગણાવાયું છે. છતાંયે તેની પૂર્વના—એટલે ૪૦, ૪૧ ના આંકવાળા શિલાલેખમાંથી પણ એ જ ધ્વનિ નીકળે છે કે, તે જીત મેળવવામાં રૂષભદત્તનો હાથ હતો જ. એટલે રૂષભદત્તે કમમાં કમ પાંચ સાત વર્ષ તો સૈન્યના અગ્રણી તરીકેનું પદ ધારણ કર્યું હતું એમ ગણવું રહે છે. આ હિસાબે ભૂમકના મરણસમયે તેની ઉમર ૪૦ થી ૪૫ હોવાનું ઠરાવી શકાય છે; અને ભૂમક બાદ, નહપાણનું રાજ્ય, મહાક્ષત્રપ તરીકે આઠ નવ માસનું અને અવંતિના રાજા તરીકે ચાલીસ વર્ષનું નોંધાયું છે. એટલે નહપાણના મરણ સમયે રૂપભદત્તની ઉમર લગભગ ૮૫-૮૬ વર્ષે પહોંચી હતી તેમ જરૂર માની શકાય. અને તેટલી ઉમરે તેણે રાજા બની શાહીવંશની સ્થાપના કરી કહેવાય.

હવે પ્રશ્ન એ થાય છે કે, તેટલી ઉમરે તે ખરેખર હૈયાત હતો કે? અને જો હૈયાત હતો જ તો પછી કેટલા વર્ષ ગાદીપતિ તરીકે તે જીવંત રહ્યો હશે? આ પ્રશ્નનો જવાબ મેળવવાને કોઇ શિલાલેખ કે સિક્કાના પુરાવા નથી જ; પણ નાસિકના ત્રણ શિલાલેખો[૪૧] નં. ૩૧, ૩૬, અને ૩૭, જેમાં કોઇ સાલ નથી ( undated ); તેમજ અન્યમાં જેમ નહપાણનું નામ આવે છે તેમ આમાં તેનું નામ પણ નથી. એટલે સ્વભાવિક રીતે એમ અનુમાન ઉપર જવાય છે કે, તે ત્રણે શિલાલેખો તેના સ્વતંત્ર ગાદીપતિ બન્યા પછીના બનાવની નોંધ લેનારા હોવા જોઇએ. વળી નં. ૩૭ માં તો તેની સાથે તેના પુત્ર મિત્ર દેવણકનું નામ કોતરાયલું પણ માલૂમ પડે છે; જેથી બનવા યોગ્ય છે કે તે સમયે પોતે ગાદીપતિ હોય અને પુત્ર દેવણક [૪૨]યુવરાજપદે

( ૪૦ ) આ ઉપરથી એમ સમજાય છે કે, હિંદુમાં ચાર વર્ણ જે મનાયા છે અને જેમાંનો એક ક્ષત્રિય કહેવાય છે તે વર્ગમાં કોઇને ગણાવવું હોય તો તેને જન્મ સાથે સંબંધ નથી પણ બળ અને પરાક્રમ સાથે સંબંધ છે: મતલબ કે, બ્રાહ્મણ પણ ક્ષત્રિય થઈ શકે, વૈશ્ય પણ થઈ શકે અને શૂદ્ર પણ થઈ શકે. વર્ણને જન્મ સાથે બહુ લેવાદેવા નથી. આ સ્થિતિ આપણને આગળ ઉપર વધારે સ્પષ્ટપણે સમજાશે. જુઓ ગૂર્જરવાળો પારિગ્રાફ.

( ૪૧ ) જુઓ કો. આં. રે. પ્રસ્તાવના પૃ. ૫૮-૫૯.

( ૪૨ ) આથી નોંધ લેવી ઘટે છે કે જેમ નહપાણ પોતે ક્ષત્રપ, મહાક્ષત્રપ કે રાજા ઈ. પદવી પોતાના નામ સાથે જોડતો હતો, તેમ રૂપભદત્તે કોઈ પણ ઈલકાબ પોતાના નામ સાથે કે પુત્રના નામ સાથે લગાડયો નથી.

હોય. છતાં યે સર્વત્ર તારીખ વિનાનું કામ હોવાથી, જેમ આપણે તે ઉપર મદાર પણ બાંધી શકતા નથી તેમ આપણી મુશ્કેલીનો ઊકેલ પણ તેમાંથી મળી શકતો નથી. પરંતુ તેમાં ઉજ્જૈન શબ્દ લખેલ છે. જો કે રૂષભદત્ત પોતે તો ઉજ્જૈનપતિ-અવંતિપતિ કદી બન્યો જ નથી એટલે નં. ૪૨ નો શિલાલેખ તેના સસરા નહપાણના અવંતિપતિ તરીકેના રાજ્યઅમલ દરમ્યાન કોતરાવાયો હોય એમ ધારવું વિશેષ વજનદાર ગણાશે. છતાં જ્યારે ગૌતમીપુત્ર શાતકરણી જેવા આંધ્રપતિના સિક્કામાં પણ, તે કદીયે અવંતિપતિ ન બન્યો હોવા છતાં, ઉજ્જૈનનું ચિહ્ન નજરે પડે છે, ત્યારે એમ વિચારાય છે કે શિલાલેખમાં રૂષભદત્તે પ્રથમ એક પદ્ધતિની શરૂઆત કરી હશે અને પાછળથી તે દૃષ્ટાંતને મજબૂતી આપવા તે જ પદ્ધતિનું અનુકરણ ગૌતમીપુત્રે પણ કર્યું હશે.[૪૩] મતલબ કે, અમુક પ્રસંગે, સ્થાનને સંબંધ ન હોવા છતાં પણ ઉજ્જૈનનું ચિહ્ન કોતરાવાયું છે તેમ જ નામ પણ લેવાયું છે. એટલે તેવા કિસ્સામાં માત્ર અવંતિના સ્થાનની તે સમયે ઐતિહાસિક મહત્તા બતાવવા પૂરતું જ લેખવું રહે છે. પણ જ્યારે ભૂમક અને નહપાણ બન્નેનું આયુષ્ય ૯૦ થી ૧૦૦ વર્ષ સુધીનું સાબિત કરાયું છે, ત્યારે આ રૂષભદત્તનું પણ તેટલી જ હદનું ધારી લેવાને કાંઇ અકારણ નથી. મતલબ કે, મરણ સમયે તેની ઉમર લગભગ સો વર્ષની હતી. સમય બાબતમાં જણાશે કે, તેણે ઇ. સ. પૂ. ૭૪ માં પોતાના વંશની સ્થાપના કરી હતી એટલે તે સમયથી તેનો રાજ્યઅમલ શરૂ થયો કહેવાય. તેના વંશનો અંત ઈ. સ. પૂ. ૫૨ ના અરસામાં (જુઓ આગળ ૪૫૨) આવ્યો છે. એટલે બાવીસ વર્ષ સુધી તેનો વંશ ચાલ્યો કહેવાય. તેમાં તેના પુત્રનું નામ પણ આવે છે, એટલે પિતાપુત્રે મળીને તેટલો સમય રાજ્ય કર્યું એમ માની લઇએ, તો કમમાં કમ તેનું રાજ્ય પંદરથી સોળ વર્ષ ચાલ્યું હોવાનું[૪૪] માની શકાશે; જેથી તેના રાજ્યનો સમય ઇ. સ. પૂ. ૭૪ થી ૫૮= ૧૬ વર્ષનો ગણીએ તે સહીસલામત કહી શકાશે. અને ત્યારપછી તેનો પુત્ર ગાદીએ બેઠો હતો એમ ગણવું રહેશે.

**તેનો રાજ્ય વિસ્તાર**

રાજકર્તાની રાજ્યસત્તા ઠરાવનારૂં જે કોઈ પ્રમાણિક અને વજનદાર તત્ત્વ ઇતિહાસકારોને પ્રાચીન સમયે જણાયું હોય તો તે શિલાલેખ અને સિક્કાઓનું જ કહી શકાય તેમ છે. તેમાંથી કોઇ સિક્કામાં તો રૂષભદત્તનું નામ જડી આવ્યાનું જાણમાં નથી આવતું[૪૫]; પણ શિલાલેખોમાં નહપાણના નામ સાથે રૂષભદત્તનું નામ કોતરાયલું મળી આવે છે ખરૂં; જેમકે, પ્રભાસપાટણ, પુષ્કર,

(૪૩) એક શિલાલેખ ગૌતમીપુત્રની માતા રાણી બળશ્રીએ પોતાના પુત્રે ક્ષહરાટ અને શકપ્રજા ઉપર જે અસીમ વિજય મેળવેલ તેની નોંધરૂપે કોતરાવેલ છે. વળી નહપાણ અને રૂષભદત્ત સાથે આંધ્રપતિઓને રાજકીય કારણસર વેર બંધાયું હતું. આ પ્રમાણેના સર્વ પ્રસંગોની જ્યારે યાદ કરીએ છીએ ત્યારે, મનુષ્ય સહજ મનોવૃત્તિ જે અરસપરસનું અનુકરણ કરી, દુશ્મનને હલકો પાડવાની હોય છે તે અત્ર ગ્રહણ કરાઇ હોય એમ અનુમાન બાંધી શકાય છે.

(૪૪) આમાં ફેરફાર પણ થઇ શકે તેમ લાગે છે. જુઓ નીચેની ટી. નં. ૭૧.

(૪૫) ઇશ્વરદત્તનું નામ હજુ જણાયું હોય એમ કો. આં. રે. ના કહેવા મુજબ સમજાય છે. જુઓ પૃ. ૩૫૫, ટી. નં. ૧૫ ની હકીકત.

જુન્નેર, કાર્લી, નાસિક, સોપારા ઇત્યાદિમાં. વળી ઘણાખરામાં સાલ પણ માંડેલ છે. તેનો આંક ૪૦ થી ૪૫ અને ૪૬ સુધીનો છે. તે સર્વ આંકને ક્ષહરાટ ભૂમક અને નહપાણને સંબંધ છે એમ પણ આપણે પુરવાર કરી ગયા છીએ. એટલે તેણે પોતાના શ્વશુર પક્ષ સાથે જોડાઇને યુવાન અવસ્થામાં જ રાજકીય કારકીર્દિનો આરંભ કર્યો હતો એમ જણાય છે. તેથી મિ. રેપ્સન સાચું જ કહે છે કે[૪૬]"Apart from the two places (Prabhas and Pushkar) which were under the direct control, probably both within Nahapana's dominions but not under the direct control of Rishabhadatta: the inscriptions at Nasik and Karle seem to show that he ruled as Nahapana's viceroy over S. Gujarat and the Northern Konkan from Broach to Sopara and over the Poona and Nasik districts of the Mahratta country=પ્રભાસ અને પુષ્કર-નામની બે જગ્યા જે ઘણું કરીને નહપાણના રાજ્યમાં જ અને તેની સીધી હકુમતમાં હતી પણ ઋષભદત્તની સીધી દેખરેખમાં નહોતી તે સિવાયના, નાસિક અને કાર્લેના શિલાલેખોથી સાબિત થાય છે કે, નહપાણના પ્રતિનિધિ તરીકે તે (ઋષભદત્ત) દક્ષિણ ગુજરાત, ભરૂચથી સોપારા સુધીનો ઉત્તર કોંકણ પ્રાંત તેમજ મરાઠા પ્રદેશના પુના અને નાસિક જીલ્લાઓ ઉપર રાજ્ય ચલાવતો હતો." એટલે તેમનું કહેવું એમ છે કે, નહપાણના સમયે જ ઋષભદત્તે ગુજરાત, કોંકણ અને પુના જીલ્લાવાળો ભાગ જીતી લઇને તે ઉપર સત્તાધિકાર ભોગવ્યો હતો; પણ પ્રભાસ (સૌરાષ્ટ્ર) અને પુષ્કર (અજમેરની પાસે) ના પ્રદેશ ઉપર ઋષભદત્તની સત્તા નહોતી. ત્યાં તો નહપાણની પોતાની જ દુવાઇ ચાલતી હતી. ગમે તેમ હતું. અહીં આપણે નહપાણ કે ઋષભદત્ત–એકેની જીત વિશેના કે રાજસત્તાના હકુમતવાળા પ્રદેશના બારિક ભેદની મિમાંસામાં ઉતરવાનું પ્રયોજન નથી. પણ અત્રે તો જણાવવાનું એટલું જ છે કે મહાક્ષત્રપ ભૂમકને જે રાજ્યવિસ્તાર ગાદીએ બેસતાં મળ્યો હતો તેમાં નહપાણે તથા ઋષભદત્તે ઘણો (ઉપર જણાવેલ સ્થળની ભૂમિનો) વધારો કરી લીધો હતો. અને તે જીત મેળવવામાં જે પરાક્રમ તથા વીર્ય ઋષભદત્તે ફેરવ્યાં હતાં તેનો યશ જો કે તેને ખાતે ચડાવી શકાય ખરો; છતાં તે સમયે તે સર્વસત્તાધારી રાજકર્તા ન હોવાથી, જેમ અનેકના કિસ્સામાં ઉપર બની ગયું છે તેમ, આ ઋષભદત્તની બાબતમાં પણ માત્ર નોંધ લઇને જ અટકવું પડે છે. પરંતુ ભૂમકની પછી ગાદીએ આવનાર તરીકે તે સર્વ મુલક, નહપાણને મળેલ. તે બાદ તેમાં પોતે અવંતિ દેશ જીતીને જે વૃદ્ધિ કરી હતી તે અવંતિનો પ્રદેશ, તેના મૃત્યુ બાદ, જે પુરૂષ અવંતિપતિ થયો હતો તેના હિસ્સે ચાલ્યો ગયેલ હતો. એટલે [૪૭]ઋષભદત્તના ભાગ્યે તો, ભૂમક મહાક્ષત્રપના સામ્રાજ્યનો વિસ્તાર જ લાધ્યો હતો. તેમાં કાંઇ વધારો કરવા જેવું સ્થાન કે અવકાશ તેના માટે રહ્યાં હતાં નહીં; કેમકે તે ગાદીએ આવ્યો ત્યારે તેની ઉમર જ એટલી બધી મોટી[૪૮] થઇ ગઇ હતી કે, કોઇ પ્રદેશ જીતવા માટે યુદ્ધ કરી

(૪૬) જુઓ કો. આં. રે. પ્રસ્તાવના પૃ. ૫૭.

(૪૭) જુઓ ઇ. એં. પૃ. ૩૭ પૃ. ૪૯ તથા જ. રો. એ. સો. ૧૯૦૫, પૃ. ૨૩૦.

(૪૮) રાજ્યપ્રાપ્તિ સમયે તેની ઉમર ૮૫ વર્ષ લગભગની હતી. જુઓ પૃ. ૩૬૦.

શકે તેવી શક્તિ જ ધરાવતો તેને ન કહી શકાય. તે સંબંધી વિશેષ ખાત્રી આપણને બીજા એક ઐતિહાસિક બનાવ ઉપરથી[૪૯] પણ મળી શકે છે. વળી ડૉ. ફ્લીટ જેવા વિદ્વાનનું જે મંતવ્ય છે તે તેમણે તો અન્ય પ્રસંગ માટે ભલે દોરી બતાવ્યું છે, છતાં તે સ્થિતિ આ હિંદી શક પ્રજાની બાબતમાં સર્વાંશે લાગુ પડતી અને સત્યપૂર્ણ હોવાથી અત્ર જણાવવી આવશ્યક સમજું છું. તેઓ કહે છે કે[૫૦]–" There are no real grounds for thinking that the Sakas ever figured as invaders of any part of N. India above Kathiawar and the Southern and the Western parts of the territory known as Malwa=કાઠિયાવાડની ઉપરના ઉત્તર હિંદમાં, કે હાલ જે પ્રદેશને માળવા કહેવાય છે તેની દક્ષિણના અને પશ્ચિમના કોઇ ભાગ ઉપર શક પ્રજાએ કદી પણ આક્રમણ કરવામાં આગળ પડતો ભાગ લીધો હોય એવું માનવાને કોઇ મજબૂત પુરાવા મળતા નથી. " એટલે તેમનું કહેવું એમ થાય છે કે, માળવા અને કાઠિયાવાડ સિવાય તેની ઉત્તર, દક્ષિણ કે પશ્ચિમ એમ કોઇ પણ દિશાએથી તેમજ હિંદના ઉપર કોઈ પણ ભાગમાં શક પ્રજાએ કદી પણ ચડાઈ કરી નથી. આ ઉપરથી જે જે વિદ્વાનો મોઝીઝ આદિ પાર્થિઅન્સોને, ચષ્ટણ આદિ ક્ષત્રપોને, ભૂમક, નહપાણ આદિ ક્ષહરાટોને શકપ્રજાની ગણનામાં[૫૧] મૂકી રહ્યા છે, તે સ્વયં સમજી શકશે કે તેઓ એકબીજાથી કેટલે અંશે ભિન્ન પડી જાય છે.

બીજી પ્રજા કરતાં શક પ્રજા કયા કયા કારણે નિરાળી પાડી શકાય તેમ છે, તે મુદ્દાઓ અવસર પ્રાપ્ત થતાં અનેક વખત જણાવી ચૂકયા છીએ. તેમાં કેટલાક સીધી રીતે ( direct ) અને કેટલાક આડકતરી રીતે ( indirect ) તેમજ કેટલાક બકાત પદ્ધતિએ ( by way of elimination ) પણ ચર્ચાયા છે. ઉપરાંત જે કોઈ વિશેષ ધ્યાન ખેંચવા લાયક કે ઇતિહાસની દૃષ્ટિએ ઉપયોગી નીવડે તેવા દેખાય છે તે અત્રે જણાવીશ.

**શક, શાહી અને શાહેનશાહી**

( ૧ ) ક્ષહરાટ–ભૂમક, નહપાણ તથા અન્ય મહાક્ષત્રપોએ જ્યાં સમયદર્શન કર્યું છે ત્યાં, કાં તો આંકની સંખ્યા જણાવી છે અથવા તો વર્ષ, ઋતુ અને માસ પણ દર્શાવ્યા છે; પણ ઇશ્વિરદત્ત અને રૂષભદત્તની પેઠે, પોતાના રાજ્યે આટલા વર્ષે, એવી પદ્ધતિ ગ્રહણ કરી નથી. આ ઉપરથી જણાય છે કે, રૂષભદત્ત પોતે ક્ષહરાટ જાતિનો નથી જ; બાકી તો તેણે પોતે જ પોતાને શક તરીકે[૫૨] ઓળખાવેલ છે.

( ૨ ) મથુરાના મહાક્ષત્રપ ક્ષહરાટ રાજુવુલની પટરાણીએ સિંહસ્તૂપની પુનઃ સ્થાપના કરતી વખતે સર્વે ક્ષત્રપોને નિમંત્રણ મોકલ્યા હતા. તે સમયના તે સર્વનાં નામ સાથે ક્ષહરાટ

---

( ૪૯ ) આગળ ઉપર ગર્દભીલ વંશના વૃત્તાંતે, શકપ્રજાના આગમનવાળી હકીકત જુઓ.

( ૫૦ ) જ. રો. એ. સો. ૧૯૦૫. પૃ. ૨૩૦

( ૫૧ ) તેઓની માન્યતા કયાં કયાં ખોટી અને આડે રસ્તે લઇ જનારી છે તે આપણે અનેક વખત આ આખા ષષ્ઠમ ખંડે બતાવી આપ્યું છે. વિશેષ માટે જુઓ. ઉપરમાં પૃ. ૩૦૫ ટી. નં. ૧ નો હવાલો.

( ૫૨ ) કો. એ. ઇ. પૃ. ૧૦૫:—Ushavadatta the son-in-law of Nahapana, calls himself a saka=નહપાણનો જમાઇ ઉષવદત્ત પોતાને શક તરીકે ઓળખાવે છે. કો. આં. રે. પ્રસ્તાવ પૃ. ૫૮ લેખ નં. ૩૨.

શબ્દ જોડાયાનું જણાયું છે પણ તેમાં રૂષભદત્તને નિમંત્ર્યાનું જણાયું નથી. નહીં તો, જ્યારે ભૂમક અને નહપાણને બોલાવાયા છે ત્યારે તેનો જમાઇ રૂષભદત્ત વિદ્યમાન પણ હતો એટલું જ નહીં પણ એક શક્તિવંત અને મહાન વ્યક્તિ તરીકે પ્રખ્યાત પણ થઇ ચૂક્યો હતો, તો તેને કાં નિમંત્રણ ન મોકલ્યું? મતલબ કે, રૂષભદત્ત ક્ષહરાટ જાતિનો નહોતો.

( ૩ ) આગળ આપણા વાંચવામાં-જાણવામાં આવશે કે, જ્યારે અવંતિની ગાદીએ ગર્દભીલ વંશનો આદિપુરૂષ રાજા દર્પણ હતો અને તેણે જૈનાચાર્ય કાલિકસૂરિની બ્હેનને-સરસ્વતી સાધ્વીને-પોતાના જનાનામાં ગોંધી રાખી, આખા જૈન સંઘનું અપમાન કર્યું હતું ત્યારે તેનો પ્રતિકાર કરવા, મજકુર કાલિકસુરિએ હિંદ બહારની જે શક પ્રજાનો સહકાર મેળવ્યો હતો, તે સર્વે પ્રથમ સૌરાષ્ટ્ર રસ્તે ઉતર્યા હતા. તેમ તે સમયે વર્ષાૠતુ બેસી ગઇ હતી, જેથી કેટલોક વખત સૌરાષ્ટ્રમાં જ સ્થિત થઇને રહ્યા હતા. પછીથી આ પ્રજાએ ગર્દભીલ રાજા ઉપર ચડાઇ લઇ જઇ અવંતિ જીતી લીધું હતું અને ત્યાંના ગાદીપતિ બની બેઠા હતા. આ પ્રમાણે એક સ્થિતિ થઇ. જ્યારે બીજી સ્થિતિ કેમ હતી તે વિચારીએ. રાજા નહપાણ ક્ષહરાટના મરણ બાદ અવંતિની ગાદીએ ગર્દભીલ વંશ આવ્યો છે. એટલે કે ખરો હકદાર નહપાણનો જમાઇ રૂષભદત્ત હતો છતાં તેણે ગાદી બથાવી પાડી હતી.[૫૩] મતલબ કે, ત્યારથી રૂષભદત્ત અને ગર્દભીલ બન્ને એક બીજાના વૈરી બન્યા ગણાય.[૫૪] તો પછી જ્યારે રાજા ગર્દભીલને ઠેકાણે લાવવાને જરૂર પડી ત્યારે, કાલિકસૂરિએ, ગર્દભીલના જ વૈરી અને તેના જ પાડોશી[૫૫] ( કારણ કે ગર્દભીલની અવંતિની હદ અને રૂષભદત્તની ગુજરાતની હદ બન્ને અડીઅડીને હતી ) રૂષભદત્તને કાં આમંત્રણ ન કર્યું?[૫૬] વળી તે રૂષભદત્ત તો જૈન ધર્મી જ હતો તેમ આ કાર્ય કોઇનું અંગત નહોતું પણ સ્વધર્મની અવહેલના થતી બચાવવા માટે હતું. એટલે કાલિકસૂરિને તે પોતાથી બનતી સર્વ મદદ કરત જ; છતાં કાલિકસૂરિએ રૂષભદત્તની મદદનો પ્રયાસ, યાચના કે સ્વીકાર કાંઇ પણ કર્યા વિના, ઠેઠ હિંદની બહારની કોઇ પ્રજા ઉપર શા માટે ધ્યાન પહોંચાડયું? અને તે પણ ભલે ધ્યાન પહોંચાડયું તો પહોંચાડયું પણ જ્યારે કાલિકસૂરિ તે સર્વને લઇને પાછા ફર્યા ત્યારે તેમના લાવલશ્કરને, પોતાના પ્રાંત સૌરાષ્ટ્રમાં રૂષભદત્તે શા માટે આશ્રય આપ્યો? આ પ્રમાણેની તથા ઉપર વર્ણવાયેલી સ્થિતિનો જો સાથે વિચાર કરીશું તો સહજ માલૂમ પડશે કે કાલિકસૂરિએ આમંત્રિત પ્રજા અને આ રૂષભદત્ત એમ બંને એક બીજાના સંબંધી હોવા જોઇએ ( નહીં તો પોતાના પ્રાંતમાં આશ્રય આપત નહીં. ) તેમજ રૂષભદત્ત કરતાં આ બહારથી આવેલ પ્રજા વિશેષ બળવાન હોવી જોઇએ. એટલે જ્યારે રૂષભદત્તને-ઇન્ડોસિથિઅન્સ-હિંદી શક તરીકે આપણે ઓળખી રહ્યા છીએ ત્યારે

( ૫૩ ) જુઓ ઉપરમાં "તેમનું સરણ અને સ્થિતિ" વાળો પારિગ્રાફ.

( ૫૪ ) જુઓ નીચેની ટી. નં. ૭૩.

( ૫૫ ) જુઓ ઉપરમાં પૃ. ૩૫૪ ની હકીકત.

( ૫૬ ) આ સ્થિતિ એમ સૂચવે છે કે, રાજા રૂષભદત્ત એકદમ અતિ વૃદ્ધ થઈ ગયો હશે અથવા મરણ-પથારીએ હશે. અને જો મરણ પામ્યો હોય તો તેના સ્થાને તેનો યુવાન પુત્ર ગાદીએ બેઠો હોય જેનામાં રાજા ગર્દભીલની સામે થવા જેવું સામર્થ્ય નહીં દેખાયું હોય. ઉપરની સઘળી પરિસ્થિતિનો વિચાર કરતાં તે વૃદ્ધ બની જઈ પથારીવશ હોવાનું અનુમાન કરવું વધારે બંધ બેસતું ગણાશે.

બહારથી તેમના જે જ્ઞાતિજનોને કાલિકસૂરિ લઇ આવ્યા છે તેમને આપણે સાદા શક-સિથિઅન્સ-[૫૭] ના નામથી જ ઓળખવા રહે છે. આ નવી પ્રજામાં અનેક નાના મોટા તાલુકદારો હતાં. તે સર્વે 'શાહી' કહેવાતા અને તેથી તેમનો જે મુખ્ય સરદાર ગણાતો તેને 'શહેનશાહેશાહી' કહેવામાં આવતો. તે જ પ્રમાણે આ રૂષભદત્ત પણ શક પ્રજાનો એક સરદાર ગણી શકાય અને તે હિસાબે તેને પણ શાહી સરદાર જ કહી શકાય. જે ઉપરથી તેણે પોતાના વંશને 'શાહીવંશ' નું ઉપનામ આપ્યું છે તે પણ યોગ્ય જ કહી શકાશે. વળી રૂષભદત્ત પોતાની જાતના મોટા સરદારને પોતાના જ મુલકમાં-સૌરાષ્ટ્રમાં-રહેવાને કામચલાઉ સ્થાન કરી આપે તથા પોતાના ધર્મરક્ષણ નિમિત્તે આદરેલ યુદ્ધમાં સહકાર આપી તેના લશ્કરને પોતાના મુલકમાંથી કૂચ કરવાનો માર્ગ કરી આપે તેમાં શંકા રાખવાનું કાંઇ કારણ નથી; તેમજ ઇ. સ. પૂ. ૬૪ માં ગર્દભીલને હરાવ્યા બાદ જ્યારે આ શહેનશાહી પદવી ધરાવતા શકરાજાઓ અવંતિપતિ બન્યા છે ત્યારે આ રૂષભદત્તવાળી પ્રજા સૌરાષ્ટ્રમાં જ રહીને હકુમત ચલાવવામાં આનંદ માની રહી હતી. આ પ્રમાણે શક પ્રજાના શાહી અને શહેનશાહી વંશની સમજૂતિ સમજવાની છે.

(૪) કેટલાક રાજકર્તાને ઉપાધિરૂપે જે ક્ષત્રપ કે મહાક્ષત્રપ શબ્દો લગાડાયા છે તે જ બતાવી આપે છે કે, તેઓ ઇરાનીઅન અથવા બેકટ્રીઅન પ્રજાની સંસ્કૃતિની અસર નીચે હતા; જેમકે, ભૂમક, નહપાણ, રાજુવુલ, ચક્ષ્ણ આદિ. પછી ભલે તે સર્વે એક જ જાતિના ન હોય તેમજ એકજ રાજવંશની સત્તા તળે ન હોય; પણ ક્ષત્રપ-સરદાર, તે હોદ્દો જ એમ સૂચવે છે કે તેમના માથે એવા કોઈ બીજા રાજપુરૂષની સર્વોપરી સત્તા હોવી જોઇએ કે જે ઇરાની અથવા તો યવન બાદશાહી હકુમતનો મુખ્ય રાજકમચારી-કર્ણધાર પણ હોય. જ્યારે રૂષભદત્ત કે તેના વારસદારમાંથી કોઈના નામની જોડે, ક્ષત્રપ, મહાક્ષત્રપ કે તેના જેવો કોઇ પણ શબ્દ જોડાયો હોય એમ હજુ સુધી એક પણ પુરાવો આપણને મળ્યો નથી. મતલબ કે, તે તદ્દન એક સ્વતંત્ર પ્રજા હતી. (વળી વિશેષ માટે નીચેની નં. ૫ કલમ જુઓ).

(૫) પૃ. ૧૪૫ ઉપર જોડાયલા કોઠા ઉપરથી સમજાશે કે, હિંદી સમ્રાટો પોતાને એમ્પરરબાદશાહ, ચક્રવર્તી કે તેવા જ ઉપનામો લગાડતા. યવનપતિઓ, મહારાજા=Great Kings, યોનપતિઓ માત્ર રાજાઓ=Kings અને ઇરાનવાળાઓ શહેનશાહ અથવા મહારાજાધિરાજ[૫૮]= King of Kings લખતા; જ્યારે આ શાહી કે શહેનશાહી વંશના રાજાઓ પોતે તદ્દન સ્વતંત્ર પ્રજાની ઓલાદ હોવા છતાં, કોઈ પણ જાતની ઉપાધિ રહિત હતા. એટલે સમજાય છે કે, તેઓ આવી ઉપાધિઓને બહુ વજનદાર કે કિંમતી લેખતા નહીં. પછી તેમની ઓછી સંસ્કારિતાસૂચક તે ચિન્હ હોય કે, પોતાના માથે અગાઉ ઘણા ધણી ગયા હોવાથી તેઓ અનેક વાર સ્વતંત્ર બની પાછા

(૫૭) આમને લગતું વિશેષ વૃત્તાંત તો ગર્દભીલ વંશના આલેખન વખતે આવશે જ. અહીં તો માત્ર વસ્તુસ્થિતિ સમજવા પૂરતું ટૂંક વર્ણન જ અપાયું છે.

(૫૮) આગળ ઉપર વળી આપણને જણાશે કે કુશાણવંશીઓ પણ પોતાને મહારાજાધિરાજની પદવી લગાડતા હતા.

વળી હળવા થઇ ગયેલ હોવાથી[૫૯] તેમનો સત્તાનો મદ પીગળી ગયેલ હતો એટલે નિરભિમાન બની ગયા હતા તે બતાવવા માટે હોય, તે આપણે કહી શકતા નથી.

શક, શાહી અને શહેનશાહી પદો કોને કોને અને કેવા સંયોગોમાં લગાડી શકાતા હતા તે સ્પષ્ટ કરવામાં ઉપરની પાંચ દલીલો કાંઇક ઉપયોગી નીવડશે એમ ધારૂં છું.

આખી શકપ્રજા થોડેઘણે અંશે જૈન ધર્મ પાળતી હતી એમ આપણે ઉપરમાં જણાવી ગયા છીએ; એટલે તે વિશે અત્ર વિશેષ લખવા જરૂર નથી; છતાં જે એક એ ખાસ બનાવ નોંધવા યોગ્ય છે તેમાંનો એક આ પરિચ્છેદના અંતે ટૂંકમાં જણાવવાનો છે. અને બીજો કાલિકસૂરિનો ટુંકમાં ઉપર વર્ણવી દીધો છે બાકી તેનો વિસ્તારપૂર્વક અધિકાર તો આગળ ઉપર યથાસ્થાને આવશે.

**તેનાં લોકોપયોગી કાર્યો તથા ધર્મ.**

તેનાં લોકોપયોગી કાર્યો વિશે જણાવવાનું કે, જે હકીકત નહપાણુ ક્ષહરાટના વૃત્તાંતે લખી છે તે આ રૂષભદત્તને પણ સર્વાંશે લાગુ પડે છે એમ સમજવું; કેમકે તે કાર્યો ભલે નહપાણુના રાજઅમલે થયાં છે પણ તેનો મૂળ પ્રણેતા તેમજ તે સર્વેને અમલમાં મૂકનાર તો તેનો જમાઇ આ રૂષભદત્ત જ હતો. આ ઉપરાંત જે કેટલીક હકીકત સ્વતંત્ર રીતે તેના એકલાના નામની સાથે જોડાયલી છે જ તેની નોંધ અત્રે લઇશું. તે સંબંધમાં પણ ખાલી વિવેચન ન કરતાં જુદા જુદા લેખકોએ જે ઉદ્‌ગારો કર્યો છે તે તેમના શબ્દોમાં જ ઉતારીશું જેથી સંપૂર્ણ ખ્યાલ આવી રહે છે.

( अ )[૬૦] His benefactions in Nasik caves are:-( 1 ) Gift of 300 cows ( 2 ) Gifts of money and construction of steps on the river Vanarasi ( 3 ) Gift of 16 villages to Gods and Brahamins ( 4 ) Feeding a thousand Brahamins, the whole year round ( 5 ) Gifts of eight wives to Brahamins at Prabhas ( 6 ) Gifts of quadrangular rest-houses at Sopara, Broach and Dashapur ( 7 ) Wells, tanks and gardens ( 8 ) Establishments of free ferries by boats on the rivers Iba, Parada, Tapti, Karbena and Dahnuka ( 9 ) Meeting-halls and halls for drinking water on these rivers ( 10 ) Gifts of 32000 cocoanut-trees to the Carakas at Govardhan, Suvarnamukh Soparaga, Vamatirtha and Pinditkavada. We may complete this list by adding his other benefactions

( ૫૯ ) કે. શૉ. હિં. ઇ. પૃ. ૬૬:-The degree of suzerainty admitted (by the Scythians to the Persian empire) and the area it covered varied with the power of the reigning Persian monarch=(ઇરાની સામ્રાજ્યનું શક પ્રજાએ ) જે સાર્વભૌમત્વ સ્વીકાર્યું હતું તેનું પ્રમાણ તથા જે પ્રદેશ ઉપર તેમણે આધિપત્ય ભોગવ્યું હતું તે : આ બંને વસ્તુ ઇરાનની ગાદીએ બિરાજતા રાજકર્તાના પ્રભાવ અનુસાર ફર્યે જતા હતા.

( ૬૦ ) જુઓ જ. બૉં બ્રૅ. રૉ. એ. સો. ૧૯૨૭ પુ. ૩. ભાગ. ૨.

mentioned in other parts of these insrcriptions:—(a) An Abhishek at Poshkar and a gift of 3000 cows. (b) Cave No. 10 at Nasik and the cisterns. (c) Gift of a field for the maintenance of ascetics in the cave.

નાસિકની ગુફાઓમાં તેનાં દાન[61] વિશે નીચે પ્રમાણે( ની હકીકતો ) છે:—

( ૧ ) ત્રણસો ગાયોની ભેટ ( ૨ ) નાણાની બક્ષિસો તથા વાણારસી નદી ઉપરના ઘાટની બંધાઇ ( ૩ ) દેવો અને [62]બ્રાહ્મણોને ૧૬ ગામડાનું દાન ( ૪ ) સારૂં યે વર્ષ દરરોજ એક હજાર બ્રાહ્મણને[63] ભોજન ( ૫ ) પ્રભાસના બ્રાહ્મણોને આઠ સ્ત્રીની બક્ષીસ એટલે આઠ બ્રાહ્મણોને મફત પરણાવી* દેવા ( ૬ ) સોપારા, ભરૂચ અને દશપુરમાં ચાર ખુણાવાળા મુસાફરખાનાની ભેટ ( ૭ ) કુવા, ટાંકા-હોજ, તથા બગીચાઓ ( ૮ ) ઇબા, પારાદા, દામિ ( તાપી ), કરબેણા, અને દહણુકા નદીઓના ઓવારાએ જવા માટે મફત મચ્છવા હોડીઓ પૂરી પાડે તેવાં નાકાં ( ૯ ) સભામંડપો તથા આવી નદીઓ ઉપર પાણી પીવાના ઘાટો ( ૧૦ ) ગોવરધન, સુવર્ણ-મુખ, સોપારગ, વામતીર્થ અને પિંડિતકાનડના સરકોને[64] ૩૨૦૦૦ નાળીયેરી( ના ઝાડ )ની બક્ષિસ. આ શિલાલેખોમાં અન્ય સ્થળે જે તેણે બીજાં દાન કર્યાં છે તેની નોંધ ઉમેરીને આ લીસ્ટ આપણે સંપૂર્ણ કરીએ. (અ) પોષ્કર (પુષ્કર) નો એક અભિષેક[65] તથા ૩૦૦૦ ગાયની ભેટ ( બ ) નાસિકમાં નં. ૧૦ ની ગુફા તથા કેટલાક હોજ ( ક ) અને તે ગુફામાં (રહેતા) સંતના

( ૬૧ ) રૂષભદત્ત જૈન મતાનુયાયી હતો તે નિર્વિવાદિત છે. એટલે તેણે કરેલાં દાન પણ તે ધર્મની પ્રણાલિકાને અનુસરીને જ થવાં જોઈએ એમ સામાન્ય માન્યતા બાંધી શકાય ખરી, છતાં તેણે કરેલાં દાનની જે વિગતો અત્રે છે તે અત્યારની તે ધર્મની પ્રણાલિકાને અનુસરતા નથી દેખાતાં; એટલે તે બાબત અનેકને શંકા ઉદ્ભવે તો જણાવવાનું કે, કાં તો આ સર્વે દાન તેણે એક રાજા તરીકે પોતાની પ્રજાના સામાન્ય હિતને ખાતર કરેલાં છે એમ ગણવું; અથવા તો, ધર્મ કાર્યની તે વખતની પ્રણાલિકામાં ફેર હતો એમ સમજવું. (આવા ફેરફાર સમ્રાટ પ્રિયદર્શિનના શિલાલેખમાંથી ઘણા તારવી શકાય તેમ છે)

( ૬૨ ) અહીં દાન દેવા માટે બીજા કોઈ વર્ગને ખાસ યાદ ન કરતાં માત્ર દેવ અને બ્રાહ્મણ શબ્દો જ નોંધાયા છે તેનો ખુલાસો મારી સમજથી આ પ્રમાણે કરી શકાય ( (૧) દેવ એટલે દેવમંદિરો અને દેવસ્થાનો કહેવાનો અર્થ છે એમ સમજવું જેને વર્તમાનકાળે જૈન પ્રજા દેવદ્રવ્ય તરીકે ઓળખાવે છે તેવા ભાવાર્થમાં. ( ૨ ) બ્રાહ્મણો એટલે મનુષ્યજાતિના ચાર વર્ગમાંનો એક વર્ગ એમ નહીં; પણ પૃ. ૨૪૯ માં જણાવાયું છે તેમ, જે બ્રહ્મચર્ય પાળે તે બંભણ ( મૂળ શબ્દ બંભણ જ હશે પણલિપિ ઊકેલનારે તેને બ્રાહ્મણ તરીકે ઠરાવી દીધો લાગે છે. વળી સરખાવો પુ. ૨, પૃ. ૨૨૨; ટી. ૯૯ માં બિંદુસારે બ્રાહ્મણો જમાડવા સંબંધની હકીકત. )

( ૬૩ ) આ શબ્દના અર્થ માટે ટી. નં. ૬૨ જુઓ.

* આ શબ્દ જ કહી આપે છે કે બ્રાહ્મણ એટલે બ્રહ્મચર્ય પાળનારા=અવિવાહિત જીંદગી ગાળનારા ( સરખાવો ઉપરની ટીકા નં. ૬૨. )

( ૬૪ ) આ ક્યા પ્રકારના લોકો કહેવાય તે સમજાતું નથી; [શંકા—હાલ ઓરિસા પ્રાંત તરફ સરાક જાતિના લોકો વસે છે તેઓનો વ્યવસાય પણ જંગલ,વન કે ઉદ્યાનને લગતા ઉદ્યોગો કરીને આજીવિકા ચલાવવાનો દેખાય છે. આ સરાક જાતિને કેટલાક વિદ્વાનો અસલમાં જૈન ધર્મી—શ્રાવકો હોવાનું ઠરાવે છે, તો શું આ રૂષભદત્તે નિર્દેશેલા અને નાળિયેરીની પેદાશ ઉપર નિર્વાહ ચલાવનારા આ સરકો પણ તેના જ સ્વધર્મી—શ્રાવક બંધુઓ હશે કે ? ]

( ૬૫ ) આ અભિષેકનો અર્થ ડૉ. ફલીટ એમ કહે છે કે " And there I bathed=મેં ત્યાં એક વખત સ્નાન કર્યું હતું: "

નિભાવ માટે એક ક્ષેત્રની બક્ષિસ." વળી એમ પણ વિશેષ હકીકત નીકળે છે કે, એકદા પુષ્કર જતાં રસ્તામાં ઉત્તમભદ્ર લોકોનું સ્થાન આવે છે તેમની તરફથી રૂષભદત્તે તેમને હેરાન કરતા માલવ લોકોને હરાવીને કેદી બનાવ્યા હતા તેથી ખુશી થઇને આ ઉત્તમભદ્રોએ રૂષભદત્તના હસ્તે ધર્માદામાં એક ક્ષેત્રનું દાન અપાવ્યું હતું.

( આ ) નં. ૩૧ અને ૩૬ ના શિલાલેખ આધારે મિ. રેપ્સન જણાવે છે[૬૬] કે–"Provision is made for the monks with Kusana-mula=સંતપુરૂષો માટે કુસણ-મૂળ[૬૭] નો પ્રબંધ કરાયો છે." આ કુસણમૂળનો અર્થ શું થઇ શકે તે માટે તેમણે જણાવ્યું છે કે–The meaning of this term is doubtful. M. Stenart translates "Money for outside life" But it would seem probable that reference is here made to the custom of Kathina i. e. the privilege of wearing extra robes which was granted to the monks during the rainy season=આ શબ્દનો અર્થ શંકામય છે. મિ. એમ. સ્ટેનાર્ટ "બહારના ( મઠ સિવાયના ) જીવન માટે ( એટલે કે ખિસાખર્ચ માટે) નાણું" એવો અર્થ કરે છે, પણ વધારે સંભવિત એમ છે કે, કઠિણ નામની પ્રથાનો ઉલ્લેખ જ તેમણે કર્યો છે ( ભિક્ષુઓને ચાતુર્માસ એટલે વર્ષાઋતુમાં વિશેષ કપડાં પહેરવાનો જે અધિકાર છે તેનો ભોગવટો કરવો તે પ્રથાનું નામ કઠિણ)

( ઇ ) વેપારના ઉત્તેજન માટે તે પોતાના પૈસા શહેરના વેપારી મંડળોમાં પણ રોકતો હતો કે જેથી વેપારની આંટ વધે.[૬૮] તે વખતે મિ. રેપ્સનના કહેવા મુજબ[૬૯] વ્યાજનો દર દરમાસે દરસેંકડે વણકરોના મંડળ માટે એક ટકાનો હતો.

અહીં આગળ રૂષભદત્તનું વર્ણન પૂરૂં થાય છે. ઉપરમાં તેનું રાજ્ય સોળ વર્ષ ચાલ્યાનું જણાવ્યું છે, પણ કેટલીક હકીકતથી એમ વળી જણાય છે કે, તે પૂર્વે પણ તે મરણ[૭૦] પામ્યો હોય. તેનો કાંઇક ખ્યાલ તેના પુત્ર દેવણકના વૃતાંતમાં આપણે આપીશું.

## (૨) દેવણક

નવમા પરિચ્છેદે મિ. થોમસે લખેલ એક મોટા નિબંધની હકીકત જાહેર કરી છે. તેમાં

---

( ૬૬ ) કો. આં. રે. ની પ્રસ્તાવના પૃ. ૫૯.

( ૬૭ ) કુસણમૂળ, અને કઠિન શબ્દના અર્થ વર્તમાનકાળની ડીક્ષનેરીઓ–શબ્દકોષમાં જોતાં તો, અત્રે જે પ્રમાણે વિદ્વાન લેખકે અર્થ કર્યો છે તેજ પ્રમાણે નીકળે છે: અને તે અર્થ જોતાં તે બૌદ્ધ ધર્મી ભિક્ષુઓ માટેનું દાન છે એમ ગણવું: અને તેમ હોય તો રૂષભદત્તે પોતાની પ્રજા તરફનો સામાન્ય ધર્મ બજાવ્યો કહેવાય ( જુઓ ઉપરની ટી. નં. ૬૧ ); પણ આ અર્થ વર્તમાન ડીક્ષનેરીઓમાં જ માત્ર નોંધાયો છે કે, બૌદ્ધ સાહિત્યના પ્રાચીન ગ્રંથોમાં પણ તે શબ્દ વપરાશમાં હતો તે તપાસવું રહે છે.

છતાં એમ માન્યતા જો નીકળતી હોય કે રૂષભદત્તે આ દાન પણ સ્વધર્મ માટે જ કર્યું હતું તો 'કુસણમૂળ' ના અર્થ માટે બે ખુલાસા કરવા રહે છે: (એક) પ્રાચીન સમયની ધર્મ પ્રણાલિકા વર્તમાન કરતાં જુદા જ પ્રકારની હોય (સરખાવો ઉપરની ટી. નં. ૬૧ની હકીકત) અથવા (બીજું) કુસણમૂળ શબ્દનો લિપિ ઊકેલ કરવામાં કાંઈક ભૂલ કરાઇ હોય. ( જુઓ ટી. નં. ૬૨ માં બંભણ શબ્દની હકીકત )

(૬૮) જુઓ જ. બો. બ્રે. રો. એ. સો. ૧૯૨૭ પુ. ૩, ભાગ ૨.

(૬૯) જુઓ. કો. આં. રે. પ્રસ્તાવના પૃ. ૫૮ (સરખાવો પુ. ૧ માં શ્રેણિકના સમયની સ્થિતિ)

(૭૦) જુઓ નીચેની ટી. નં. ૭૪ ની હકીકત.

**તેના રાજ્ય સાથે શાહીવંશનો પણ અંત**

લેખકે જેને શાહીવંશના રાજા લેખાવ્યા હતા તે ચષ્ઠણવંશી પાછળથી સાબિત થયા છે: માત્ર જેને સૌથી પ્રથમ આદિ પુરૂષ લેખ્યો હતો તે જ ફક્ત શાહી વંશનો મૂળ પુરૂષ ઠર્યો છે. પણ તે શાહ વંશના ચૌદ પુરૂષો તેમણે લેખાવ્યા હતા. તેથી આ શાહી વંશના રાજવીઓ પણ લગભગ તેટલી સંખ્યામાં જ હશે એમ એક વખત કલ્પના થઇ જતી હતી. વળી આ વાતને એ ઉપરથી સમર્થન મળતું હતું કે, રાણી બળશ્રીએ પોતાના પુત્ર ગૌતમીપુત્રનો યશ વર્ણવતો જે નાસિક શિલાલેખ કોતરાવ્યો છે તેમાં તેણે ક્ષહરાટ, શક અને યવન પ્રજા ઉપર મેળવેલ જબરદસ્ત ફત્તેહનું વર્ણન કર્યું છે. તેમજ આ ગૌતમીપુત્રનો સમય વિદ્વાનોએ ઇ સ. ૭૮ નો ગણાવી, તેને જ શકસંવત્સરનો પ્રવર્તક મનાવ્યો છે. એટલે દેવણકનો સમય જે ઇ. સ. પૂ. ૫૦ આસપાસ છે તેની અને ઉપર પ્રમાણેના ગૌતમીપુત્રના સમય (ઇ. સ. ૭૮) ની વચ્ચે લગભગ સવાસો વર્ષનું અંતર પડે છે જે સમયમાં તે રાજાઓમાંથી, ઇશ્વરદત્ત, રૂષભદત્તને બાદ કરતાં બાકીના [૭૧]દશેક આ અરસામાં ગાદીએ આવી જાય તે બનવાજોગ પણ છે. પરંતુ કેટલીક મળી આવતી અન્ય સામગ્રી ઉપર જ્યારે વિચાર દોડવીએ છીએ ત્યારે વિદ્વાનોના મતથી આપણે જુદું જ પડવું રહે છે તે નીચે પ્રમાણે જાણવું.

જે ગૌતમીપુત્રે, ક્ષહરાટનું નિકંદન કાઢી નાંખ્યું છે તથા શક પ્રજાનો નાશ કર્યો છે તેણે પોતાના સિક્કા કોતરાવ્યા છે (જુઓ પુ. ૨, આંક નં. ૭૫-૭૬) તેમાં એકમાં તેણે ક્ષહરાટ નૃપતિ નહપાણ ઉપરનો પોતાનો તિરસ્કાર દર્શાવવાને તેના જ મહોરા ઉપર પોતાના નામના અક્ષરો વિગેરે કોતરાવ્યા છે, છતાં નહપાણનો ચહેરો તેમાં થઇને આછો દેખાઇ આવે છે; એટલે સવાસો દોઢસો વર્ષ જેટલો સમય વ્યતીત થઇ ગયો હોવા છતાં નહપાણના મહોરાવાળા સિક્કા તે ગૌતમીપુત્રના હાથમાં આવે અને તે ઉપર પોતાનું મહોરૂં કોતરાવે તે પ્રથમ દરજ્જે તો બનવાજોગ જ નથી: કેમકે નહપાણના અવંતિ પ્રદેશ ઉપર તે અરસામાં તો ઘણુંયે ભિન્ન ભિન્ન વંશના અને વ્યક્તિગત રાજાઓનો રાજઅમલ થઇ ગયો હતો; છતાં એક બારગી દલીલ ખાતર માનો કે, ખાસ ખાસ તેવા સિક્કાનો મોટો જથ્થો સંગ્રહિત કરી રાખવામાં આવ્યો હતો જે તેણે આ સમયે ઉપયોગમાં લીધો હતો, તો બીજી મુશ્કેલી એ છે કે, તે સર્વ સિક્કાઓ ઉપર જૈનધર્મસૂચક ચિહ્ન છે. જ્યારે શકપ્રવર્તક ગૌતમીપુત્ર તો વૈદિક ધર્મી જ છે એટલે તેનો વિરોધ આવે છે. ઉપરાંત બીજી પણ ઐતિહાસિક ઘટનાઓ એવી બની છે (જે આપણે ગર્દભીલ વંશે તથા ગૌતમીપુત્રના વૃત્તાંતે લખીશું) કે જે ઉપરથી આપણે ગૌતમીપુત્રના સમયની માન્યતા ફેરવવી જ રહે છે. અને તેમ કરતાં તેનો સમય રૂષભદત્ત પછી દશેક વર્ષની હદમાં લઇ જવો પડે છે. આ વિશેની ખાત્રી નીચેની હકીકતથી આપણને મળી રહે છે.

તે માટે જરાક દૂરની સ્થિતિ વિશે વિચાર કરવો પડશે. રાજા નહપાણ જ્યારે અવંતિપતિ તરીકે રાજશાસન દીપાવતો હતો ત્યારે દક્ષિણ હિંદ ઉપર શતવહનવંશી નબળા રાજાઓનો

(૭૧) આવા અનુમાન ઉપર હું પણ પ્રથમ ગયો હતો ( જુઓ પૃ. ૨૧૬: કોલમ ૨: પંક્તિ ૨૨) પણ વિશેષ મનનથી તે વિચાર ફેરવવો પડ્યો છે.

અમલ હતો;અને તેથીજ તે તથા રૂષભદત્ત ફાવી ગયા હતા તથા તેમને રાજપાટ પૈઠણ છોડીને ભીતરમાં બેન્નાકટકના પ્રદેશે વરંગુળ શહેરમાં રાજગાદી લઇ જવી પડી હતી; પણ જ્યારે તેનું મરણ થયું ત્યારે અંધ્રપતિઓ કાંઇક પાછા મજબૂત થવા માંડ્યા હતા. એટલે અવંતિપતિ નહપાણ અપુત્રીયો મરણ પામતાં તેની ગાદી માટે અવંતિની લગોલગ હદ ધરાવતા ત્રણ રાજાઓ જરા હરિફાઇ કરે તેવા હતા.(૧) ઉત્તરમાં મથુરાપતિ ઇન્ડો પાર્થીઅન શહેનશાહ અઝીઝ પહેલો જે તુરતમાં જ ગાદીએ આવ્યો હતો (૨) દક્ષિણના અંધ્રપતિઓ અને (૩) રાજપુતાના તથા સૌરાષ્ટ્ર ઉપર હકુમત ચલાવતો નહપાણનો જમાઈ રૂષભદત્ત પોતે જ. આમાંથી નં. ૧ ને પોતાને ગાદી ઉપર આવ્યા જ પૂરૂં વર્ષ પણ થયું નહોતું એટલે તે ઠરીઠામ બેઠો નહોતો, તેમ નં. ૨ ભલે કાંઇક પ્રતાપી હતો પણ જે નાલેશીમાં તેના પૂર્વજોને નં. ૩ વાળા રૂષભદત્તે હડસેલી માર્યા હતા[૭૨] તેથી તેની શેહમાં માથું ઉંચકીને તેનીજ સામે પાછું મેદાને પડવાનું ઉચિત ધારતો નહોતો. એટલે નં. ૩નો રૂષભદત્ત બીનહરિફ જેવો જ હતો; પણ જ્યારે તેને સ્થાને બીજો જ અણધાર્યો પુરૂષ રાજા ગર્દભીલ ફાવી ગયેલ દેખાય છે ત્યારે સમજાય છે કે, રૂષભદત્તની વૃદ્ધાવસ્થાએ જ તેને અટકાવ્યો હશે; નહીં તો તેણે પોતાની યુવાનીમાં બતાવેલ શૌર્ય જોતાં તે કદાપિ અવંતિની ગાદી હાથ કર્યા વિના રહેત નહીં. આ તક ખાલી જવાથી તે નવા અવંતિપતિ ગર્દભીલને અને રૂષભદત્તને અંટસ બંધાયે[૭૩] ગણાય; જેથી નહપાણ પછી દસ વર્ષે એટલે ઈ. સ. પૂ. ૭૪-૧૦=૬૪ માં વળી જ્યારે ગર્દભીલને અવંતિની ગાદી ખાલી કરવી પડી ત્યારે પાછા ઉપરના ત્રણ જણા જ પહોંચી વળે તેવા હતા. તેમાં તે સૌથી પહેલો કુદી પડવો જોઇએ; છતાં તેણે કાંઇ પ્રયત્ન કર્યો દેખાતો નથી. એટલે કાં તો તે મરણ પામ્યો હોય[૭૪] કે મરણ પથારીએ પડયો હોય. બે માંથી ગમે તે સંયોગ હોય, તોયે તેના પુત્ર દેવણકે તો કાંઈ હાથ હલાવો કરવો જોઇતો હતો જ. છતાં નથી તેણે તેમ કર્યો નો[૭૫] કાંઇ પુરાવો, કે નથી ઉપરના ત્રણમાંથી જેનો નં. ૧ છે તેવા અઝીઝે પણ કાંઈ હીલચાલ કર્યાનો પુરાવો; જો કે આ સમયે તેને ગાદીએ આવ્યા પણ દશ અગિયાર વર્ષ થઇ ગયાં હતાં. છતાં અવંતિ જેવી ગૌરવશાળી ગાદી માટે લેશ માત્ર તેણે પ્રયાસ કર્યો નથી તે બતાવે છે કે, અઝીઝ પોતે બહુ પરાક્રમી નહીં જ હોય—એટલે પછી નં. ૨ વાળાએ જ પ્રયોગ કરવાનો રહ્યો. તેણે પણ તેવો ઉદ્યમ સેવ્યો હોય એમ લાગતું નથી; કેમકે તે સમયે અવંતિના લોકપક્ષની નાડ જૈનાચાર્ય કાલિકસૂરિના હાથમાં હતી:[૭૬] જેમણે બધી પરિસ્થિતિનો વિચાર કરી હિંદની બહારથી જ શક લોકોને બોલાવ્યા[૭૭] હતા. આ શક લોકોએ હિંદમાં પ્રથમ સૌરાષ્ટ્રદ્વારા પ્રવેશ કરીને

(૭૨) જુઓ ઉપરમાં પૃ. ૨૦૨ નું વર્ણન.

(૭૩) જુઓ ઉપર ટીકા નં. ૫૪.

(૭૪) સરખાવો ઉપરની ટી. નં. ૭૦ નું લખાણ.

(૭૫) તેણે સ્વતંત્ર રીતે કાંઇ કર્યું દેખાતું નથી. બાકી આડકતરી રીતે ભાગ લીધો હતો જ; એટલે કે પોતાના મગલ ભાઇઓએ અવંતિ ઉપર હલ્લો કર્યો તેમાં તેણે સાથ આપ્યો હતો, તે માટે આગળ ઉપર જુઓ.

(૭૬) આ કાલિકસૂરિએ નં. ૨ વાળા અંધ્રપતિની મદદ માટે તપાસ કરી જોઈ હોય પણ તેમાં બહુ કસ જેવું નહીં લાગ્યું હોય. એટલે આખરી ઇલાજ તરીકે બહારથી મદદ મેળવવા ઉચિત લાગ્યું હશે.

(૭૭) જુઓ પૃ. ૩૬૪ ઉપર નં. ૩ વાળી દલીલમાં વર્ણવેલી હકીકત.

આશ્રય લીધો હતો. સૌરાષ્ટ્રમાં આ સમયે તેમના જ જાતિભાઇ અને દેશબંધુ જેને હવે આપણે હિંદીશક તરીકે ઓળખીએ છીએ તેવા રૂષભદત્તનો કે તેના પુત્ર દેવણુકનો અધિકાર ચાલતો હતો, તેણે તેમને થોડા સમય (ચોમાસાના ચાર માસ) સુધી સ્થિરતા કરવાની સગવડ કરી આપી હતી તે બાદ અનુકૂળ ૠતુ થતાં, તે બન્ને પ્રજાએ (શક તથા હિંદી શકે) એકઠા મળીને અવંતિ ઉપર ચડાઈ કરી હતી તથા ગર્દભીલ પાસેથી અવંતિની ગાદી લઇ લીધી હતી પરિણામે શકપ્રજાનું (શહેનશાહી શકનું) અવંતિમાં રાજ્ય થયું અને હિંદીશકનું-દેવણુકનું-શાહીવંશનું સૌરાષ્ટ્રમાં રાજ્ય મજબૂત થયું. આટલે દરજ્જે દેવણુકને ફાયદો તો થયો, પણ અત્યારસુધી તેના પિતાને અથવા કહો કે તેના વારસદાર પોતાને જે માત્ર આંધ્રપતિ-શતવહન વંશ સાથે જ વેર ચાલ્યું આવતું હતું, તેમાં ગર્દભીલ વંશી સાથે વેરનો ઉમેરો થયો. એટલે કે તેના દુશ્મનો તરીકે એકને બદલે બે રાજકુટુંબો થયા.

જ્યાંસુધી શહેનશાહી શકનું જોર અવંતિ ઉપર હતું ત્યાંસુધી તો દેવણુકની ગાદી તદ્દન સહીસલામત હતી. પણ આ શક પ્રજાએ પોતાના સાત વર્ષના કારોબારમાં[૭૮] એટલાં તો ત્રાસ, લુંટફાટ કત્લ અને જુલ્મ અવંતિની પ્રજા ઉપર વરસાવી દીધાં હતાં કે સર્વ પ્રજા ત્રાહી ત્રાહી પોકારી રહી હતી અને તેમનો જીવ નાકની દાંડીએ આવી રહ્યો હતો. પણ આ સમયે કાલિકસૂરિ જેવો કોઇ તેમનો હાથ ઝાલે એવું નહોતું. કેમકે તેમણે તો પ્રાયશ્ચિત કરી પુનઃ જૈન સાધુનો વેશ પહેરી લીધો હતો. તેમ તે કામ હવે તેમના ધર્મક્ષેત્રમર્યાદા બહારનું થઇ ગયું હતું. આ[૭૯] વખતે પણ મથુરાપતિ અઝીઝ પહેલાએ જો ધાર્યું હોત તો અવંતિની પ્રજાને ત્રાસમુક્ત કરી ઇન્ડોપાર્થિઅન રાજ્યની મજબૂતી કરીને આખી હિંદ પ્રજામાં એટલે કે સારા યે હિંદમાં, પોતાનો ડંકો વગડાવી દીધો હોત. પણ તેના પેટનું પાણીએ ચાલ્યું હોય એમ દેખાતું નથી. આખરે તો પેલા ઇતિહાસપ્રસિદ્ધ શકારિ વિક્રમાદિત્યે (એટલે કે ઉપરના અવંતિપતિ ગર્દભીલના જ પુત્રે) તથા તે વખતના આંધ્રપતિએ (ઇ. સ. પૂ. ૬૪ માં જે ગાદીપતિ હતો તે જ અત્યારે પણ ચાલુ હતો તે) બન્નેએ સાથે મળી પોતાના સામાન્ય શત્રુઓ સામે થવાને હામ ભીડીઃ જુદા જુદા ક્ષેત્રોએ લડાઇઓ થઇ.[૮૦] તેમાં વળી પ્રજાનો સાથ હોવાથી તેમને યશ પણ મળ્યો. આખરે હિંદી પ્રજાને શક પ્રજાના અત્યાચારોમાંથી મુક્તિ મળી

(૭૮) આ અધિકાર ગર્દભીલ વંશવાળા સપ્તમ ખંડમાં આવશે ત્યાંથી જોઈ લેવું.

(૭૯) પ્રથમ વખતે ઈ. સ. પૂ. ૭૨ માં (જુઓ પૃ. ૩૬૦ તથા ઈન્ડોપાર્થીઅન પ્રજાના અધિકારે અઝીઝ પહેલાનું વૃત્તાંત) અને આ બીજી વખતે એટલે ઈ. સ. પૂ. ૬૪ માં (જુઓ. પૃ. ૩૭૦ તથા અઝીઝના વૃત્તાંતે) અને આ ત્રીજી વખતે એટલે ઇ. સ. પૂ. ૫૭ માં: આ ત્રણે તક તેણે ગુમાવી છેઃ તેનું રાજ્ય ઇ. સ. પૂ. ૭૫ થી ૫૮ સુધી ચાલ્યું હતું, (આ ત્રીજી વખતનો સમય ભલે તેના મરણબાદ એક વર્ષે બનવા પામ્યો છે પણ જે સાત વરસ સુધી અવંતિમાં ત્રાસ વર્તી રહ્યો હતો તેમાંના પ્રથમ છ વર્ષ સુધી તો પોતે જીવંત હતોજ. એટલે આવેલ તકનો સદુપયોગ કર્યો હોત તો સંજોગોએ તેને યારી આપી હોત એમ કહેવાનો અહીં આશય છે).

(૮૦) લડાઈઓ કેટલી થઇ તે આપણે બહુ જાણવાની જરૂર રહેતી નથી, પણ મારી નજરે ત્રણ ચડે છે. તેમાંની બેનું વર્ણન શકારિ વિક્રમાદિત્યના વર્ણને અને ત્રીજાનું વર્ણન ગૌતમીપુત્ર શાતકરણીના વૃત્તાંતે આવશે.

ગઇ, જે લડાઈમાં દેવણુકને હાર મળી છે તથા તેના પ્રાણ ગયા છે તેમ જ હિંદી શક પ્રજાનો ખેડો વળી ગયો છે તેનો સમય ઇ. સ. પૂ. ૫૨ સમજાય છે.[૮૧] વળી તે યુદ્ધમાં અગ્રેસરપણે, વિક્રમાદિત્ય તરફથી, તેનો સહાયક એવો રાણીશ્રી બળશ્રીનો પુત્ર ગૌતમીપુત્ર શાતકરણી હતો તથા તે યુદ્ધ સૌરાષ્ટ્રની ભૂમિ ઉપર ખેલાયું[૮૨] હતું. આ ઉપરથી વાચકવર્ગને ખાત્રી મળશે કે કેવા સંજોગોમાં (૧) રાણી બળશ્રીએ નાસિકનો શિલાલેખ કોતરાવેલ છે. (૨) ગૌતમીપુત્રે નહપાણનું મહોરૂં દાબી દઇને ઉપર પોતાનો ચહેરો[૮૩] પડાવ્યો છે ( ૩ ) આવા સિક્કાઓ અંધ્રપતિના અધિકારની બહાર એવી સૌરાષ્ટ્રની ભૂમિ ઉપરથી વિશેષ મળી આવે છે તથા ( ૪ ) તેમાં અવંતિનાં ચિહ્ન ઉપરાંત જૈન ધર્મના સાંકેતિક લક્ષણો નજરે પડે છે તથા તે સમયે કેવી પરિસ્થિતિ થઇ રહી હતી.

આ પ્રમાણે રાજા દેવણકનો અંત આવી જવાથી તેમનો વંશ બંધ થયો કહેવાય. છતાં સૌરાષ્ટ્રના યુદ્ધમાંથી જે થોડા ઘણા શક બચી જવા પામ્યા હતા તેમણે તે ભૂમિ ઉપર અને જેઓ ગોદાવરી નદીના મૂળ પાસેના પ્રદેશમાં રાજા નહપાણના સમયે વસી રહેવા પામ્યા હતા તેમણે તે ભૂમિ ઉપર, પોતાનો મૂળ ધંધો જે ઢોરાં ચારવાનો તથા ઘોડા ઉછેરવા વિગેરેનો હતો તેનું અવલંબન લઇ ,જ્યારથી પોતાનાં જીવન ગુજારવા માંડયાં, ત્યારથી તે પ્રજા આભીરના નામથી ઇતિહાસમાં પ્રસિદ્ધિને પામી છે. આ કારણથી જ આભીર પ્રજાનો વંશવેલો એ સ્થાને માલૂમ પડે છે

શાહીવંશનો હવે વૃત્તાંત પૂરો થાય છે: સંશોધન કરનારને માર્ગદર્શક થઇ પડે માટે તેને લગતી થોડીક સમયાવળી બનાવીને નીચે પ્રમાણે આપું છું.

( ૧ ) ઇશ્વિરદત્ત : આદિપુરૂષ : સત્તાધારી બન્યો ન પણ હોય: જેમ નહપાણનું નભોવાહન, ઉષભદાત્તનું રૂષભદત્ત ઇ. સંસ્કૃત કે હિંદી નામ પડાયાં છે તેમ શિલાલેખમાં કોતરાયલા દિનિકનું નામ ઇશ્વિરદત્ત રખાયું હોય અથવા મૂળ નામ ઉપરથી ઇશ્વિરદત્ત પાડયું હોય અને પછી તેને ટુંકાવતાં પ્રથમ દત્ત; પછી તેનું દત: અને તેમાંથી દિન કે દિનિક થવા પામ્યું હોય: પણ ઇશ્વરદત્ત અને દિનિક બન્ને એક જ વ્યક્તિનાં નામ હોય એમ પ્રથમ નજરે તો દેખાય છે.

---

( ૮૧ ) પૃ. ૨૦૪ માં પંક્તિ ૧: તથા અન્ય ઠેકાણે આ બનાવનો સમય,બીજા વિદ્વાનોની પેઠે હું પણ ઇ. સ. ૭૮ લખીને વક્તવ્ય કરી ગયો છું, પણ હવે વિશેષ અભ્યાસથી તે વિચાર ફેરવી નાંખી આ પ્રમાણે ઠરાવું છું.

( ૮૨ ) આ લડાઈનું વર્ણન વિશેષપણે નં. ૮૦ની ટીકામાં જણાવ્યા પ્રમાણે ગોતમીપુત્રના વૃત્તાંતે લખવામાં આવશે.


( ૮૩ ) આ સમયે નહપાણને મરી ગયા બાસઠ વર્ષ અને રૂષભદત્તને મરણ પામ્યા લગભગ સાતેક વર્ષ થવાં આવ્યાં હતાં ( સરખાવો કો. આં. રે. પૃ. ૧૦૫ તથા જ. બૉ. બ્રે. રૉ. એ. સો. પૃ. ૬૪: ઇ. એ. પૃ. ૬૭, પૃ. ૪૩: ઓ. હિ. ઇ. પૃ. ૨૧૭ વિગેરેના ઉતારા; જે ઉપરમાં પૃ. ૨૦૪ ટી. નં. ૨૮ માં શબ્દે શબ્દ ઉતાર્યા છે, એટલે કે, તે સમયે નહપાણ કે રૂષભદત્ત બેમાંથી એકે જીવતા હતા જ નહિ, માત્ર તેમની જાતવાળા સાથે જ ગૌતમીપુત્રને યુદ્ધ થયું હતું.

| (૨) રૂષભદત્ત | અંદાજ સમય મ. સં. | અંદાજ સમય ઇ. સ. પૂ. | ઉમર વર્ષ |
|---|---|---|---|
| જન્મ | ૩૭૦ | ૧૫૭ | ૦ |
| કાંઈક સત્તામાં આવ્યો. | ૪૦૦ | ૧૨૭ | ૩૦ |
| દક્ષમિત્રા સાથે લગ્ન[૮૪] | ૪૦૧ | ૧૨૬ | ૩૧ |
| દેવણુકનો જન્મ[૮૫] | ૪૧૫ | ૧૧૨ | ૪૫ |
| દશા– ધારી { ભૂમકના સમયે | ૪૦૦ થી ૪૧૩ | ૧૨૭ થી ૧૧૪ | ૩૦ થી ૪૩ |
| નહપાણ ના સમયે– | ૪૧૩-૪૫૩; | ૧૧૪-૭૪; | ૪૩-૮૩ |
| સ્વતંત્ર ગાદીપતિ | ૪૫૩ | ૭૪ | ૮૩ |
| મરણ | ૪૬૯ | ૫૮ | ૯૯ |
| (૩) દેવણુક | | | |
| ગાદીએ | ૪૬૯ | ૫૮ | ૫૪ |
| મરણ | ૪૭૫ | ૫૨ | ૬૦ |

એટલે કે, ઇશ્વરદત્તને સાથે લઇએ તો ત્રણ રાજા થયા કહેવાય; નહીં તો માત્ર બે જ: અને તેમનો રાજત્વકાળ બેની ગણત્રીથી માત્ર બાવીસ વર્ષનો જ (ઇ સ. પૂ ૭૪ થી ૫૨) છે પણ તેમનો સમગ્ર રાજકીય જીવનનો સમય ગણવો હોય તો, ઇશ્વરદત્તને લેખતાં, લગભગ ૭૫ વર્ષનો (ઇ. સ. પૂ. ૧૩૦ થી ૫૨=૭૮) કહી શકાશે.

(૮૪) તે પ્રજામાં મોટી ઉમરે લગ્ન થતાં હોય એમ સમજાય છે. બલ્કે દક્ષમિત્રાની પહેલાં રૂષભદત્તનું લગ્ન કોઈ બીજી સ્ત્રી સાથે થઇ ગયું હોય, અને તે મરણ પામતા દક્ષમિત્રા બીજી વારની સ્ત્રી હોય: અથવા એક જીવતી હોય અને બીજી સ્ત્રી પણ કરી હોય: વધારે સંભવ એમ છે કે એક મરી જતાં બીજી સ્ત્રી તરીકે દક્ષમિત્રાને પરણ્યો લાગે છે.

(૮૫) કાં તો, આનો જન્મ, લગ્ન થયા બાદ કેટલાયે વર્ષે થયો હોય:, અથવા તો તેની પહેલાંના બાળકો મૃત્યુ પામ્યાં હોય.



# એકાદશમ પરિચ્છેદ

**સંક્ષિપ્ત સારઃ—**

**પરિશિષ્ટ અઃ**—શક, આભીર અને ત્રૈકૂટક પ્રજા સંબંધીનું વિવેચન—પ્રથમમાં શિલાલેખી પુરાવાઓ આપી રૂષભદત્તવાળી શક પ્રજા સાથે આભીર ઇશ્વરસેનનો સાંધી બતાવેલ સંબંધ—તે જ પ્રમાણે પાછા શિલાલેખી પુરાવાથી પુરવાર કરેલ, ઈશ્વરદત્ત આભીર સાથેનો ધરસેન ત્રકૂટકનો સંબંધ—ત્રિરશ્મિ અને ત્રિકૂટક, સમાનઅર્થી શબ્દો હોવા છતાં તે એના તાત્પર્યમાં રહેલા તફાવતનો કરેલ ખુલાસો—ચષ્ઠણ ક્ષત્રપ અને ઇશ્વરદત્ત મહાક્ષત્રપનો સંબંધ જે શંકામય બતાવાય છે તે દલીલની ચલાવેલ ચર્ચા તથા તે ઉપરથી ચષ્ઠણના સંવતસરની આદિનો સમય ઈ. સ. ૭૮ ગણાય છે તેને બદલે બીજો જોઇએ એમ ઉલ્લેખ કરી, બતાવી આપેલો તેનો સાચો સમય તથા તેમની શંકાઓનું કરેલું સમાધાન—અંતે ઇશ્વરસેન આભીર અને ઈશ્વરદત્ત ત્રિકુટકનો સાબિત કરેલ પિતા-પુત્રનો સંબંધ—તથા બતાવી આપેલ ત્રિકુટક સંવત્સરનાં સ્થાપકનાં નામ અને સમય—

**પરિશિષ્ટ આ**—ઓશવાલ, શ્રીમાલ અને પોરવાડનો ગૂર્જર શબ્દ સાથના સંબંધનું કરેલું વિવેચન—ગૂર્જર પ્રજાના મૂળ વિશેની કરેલી ચર્ચા—તે ત્રણે પ્રજાનાં મૂળ સ્થાન સાથે, વર્તમાનકાળે માલૂમ પડતી સત્યાસત્યતાનાં લંબાણ દ્રષ્ટાંતો આપી કરી બતાવેલો મુકાબલો—ભિન્ન ભિન્ન કાળે તે સવ પ્રજાએ બતાવેલો રાજસત્તા સાથેનો સહકાર—આપદ્ ધર્મ પિછાણી વૈશ્યત્વનો અંચળ ઉતારી તેમણે ધારણ કરેલું ક્ષત્રિયત્વ-રાજપૂતોનાં ચાર અગ્નિકુલની ઉત્પત્તિનો અને ભૂમિસત્તાની તેમણે વાંટણી કર્યાનો ઇતિહાસ—

પૂર્વે જેમ કરવામાં આવ્યું છે તેમ, અહીં પણ પરિશિષ્ટો લખવા જરૂર ઊભી થઇ છે. અત્રે બે પરિશિષ્ટો છે. પ્રથમમાં શક, આભીર અને ત્રૈકૂટક પ્રજાને લગતી જ્યારે દ્વિતીયમાં ગૂર્જર, ઓશવાળ, શ્રીમાળ વિગેરે પ્રજાને લગતી હકીકત આપવાની છે. આ સર્વ પ્રજાના ઇતિહાસને, આપણે ઠરાવેલ મર્યાદા સાથે સીધો સંબંધ તો નથીજ; પણ તેને રૂષભદત્ત સાથે તથા તે જે પ્રજામાંનો હતો તે શક પ્રજા સાથે ઐતિહાસિક સંબંધ હોવાથી તે સર્વ બીનાને અત્ર પરિશિષ્ટના રૂપમાં રજૂ કરવી પડે છે.

## પરિશિષ્ટ अ

આ પરિશિષ્ટમાં શક, આભીર અને ત્રૈકૂટક પ્રજા સંબંધી વિવેચન આપવાનું છે. આ ત્રણે પ્રજાને કાંઇક સંબંધ છે એમ તો વર્તમાનકાળે સર્વ વિદ્વાનો સંમત છે જ. પણ કેટલાકનું એવું માનવું છે કે, શકમાંથી જ આભીર અને આભીરમાંથી જ ત્રૈકૂટકોની ઉત્પત્તિ થઇ હોવી જોઇએ. જ્યારે કેટલાકનું મંતવ્ય તે પ્રમાણેના જોડાણ પરત્વે શંકાશીલ રહે છે; છતાં કબૂલ કરવું પડે છે કે આ બન્ને વર્ગોની દલીલો અને ચર્ચાના મુદ્દા બહુ પરિમિત સ્થિતિમાં અટવાઈ રહેલ છે. એટલે અહીં આપણે તે સર્વેને કાંઇક વિસ્તૃતરૂપે રજૂ કરી, તેમાંથી વિશેષ સત્ય તારવી શકાય તો તેમ પ્રયત્ન આદરવાનો છે.

વિચારણા માટે ભૂમિકારૂપે નીચેની સ્થિતિ જાણવા યોગ્ય કહેવાશે (૧) શિલાલેખ નં. ૪૩ નાસિકઃ ઇશ્વરસેન, ૯ મું વર્ષ, ઉનાળાનો ૪થો પક્ષ, ૧૩ મો દિવસઃ[1] It records the investment of two sums of money-1000 Karsapanas and 500 Karsapanas in trade guilds at Govardhana for the purpose of providing medicines for the sick, among the monks dwelling in the monastry on Mount Trirasmi. The king Ishvarsena who is called an Abhira and son of the Abhira Sivadatta, seems to bear the metronymic 'Madhariputra'. The benefactress is the lay devotee Visnudatta, the Sakani mother of the Ganapaka Visvavarman, wife of the Ganapaka Rebhila, daughter of Agnivarman, the Saka. The inscription is in Sanskrit; with traces of Prakrit=ત્રિરશ્મિ શૃંગ ઉપરના વિહારમાં વસતા બિમાર ભિક્ષુઓને ઔષધી પૂરી પાડવા માટે ગોવરધનની વેપારી મંડળીમાં બે રકમો-૧૦૦૦ કાર્ષાપણ અને ૫૦૦ કાર્ષાપણ-રોકયાનો ઉલ્લેખ[2] તેમાં કરેલ છે. રાજા ઇશ્વરસેન[3] જે આભીર કહેવાયો છે અને શિવદત્ત આભીરનો[4]

(૧) જુઓ કો. આં. રે. પ્રસ્તાવના પૃ. ૬૨.

(૨) નહપાણ અને રૂષભદત્તે આપેલાં દાનપત્રોની વિગત સરખાવશો તો માલુમ થશે કે, તેમણે પણ ભિક્ષુકોને અનેક પ્રકારે સહાયતા આપી છે; તથા તે કાર્ય નિભાવવા માટે બક્ષીસો પણ જુદી કાઢી રાખી છે.

તેમના મત પ્રમાણે નાણું રોકવા માટે વેપારી સંસ્થાઓ સારા સ્થાન તરીકે લેખાતી હતી. તેમજ ગોવરધન પ્રાંત-નાસિકની આસપાસની જગ્યા તેમણે પણ પસંદ કરી હતી.

(૩) ઈશ્વરસેને 'રાજા'નો ઈલ્કાબ ધારણ કરેલ છે; જ્યારે તેનો પિતા ઇલ્કાબ વિનાનો છે. એટલે સમજવું રહે છે કે ઇશ્વરસેન કાંઈક પ્રતાપી નીવડેલ છે અને તેણે કયાંક ( નીચેની ટીકા નં. ૧૫ જુઓ ) રાજગાદી કરીને હુકમત ચલાવવા માંડી છે.

(૪) નોંધી રાખવું રહે છે કે આ પ્રજા પોતાને આભીર કહેવરાવે છે.

છે. વળી માતૃગોત્ર ઉપરથી માઢરીપુત્ર[5] તરીકે ઓળખાયો છે; દાતા તરીકે ભક્તાણી વિષ્ણુદત્તા છે, જે શકજાતિની[6] સ્ત્રી છે; વળી તેણી શક અગ્નિવર્મનની પુત્રી, રેભીલ ગણપકની ભાર્યા અને ગણપક વિશ્વવર્મનની માતા થાય છે. શિલાલેખ સંસ્કૃતમાં છે તથા તેમાં પ્રાકૃતની કાંઈક છાયા પણ છે. આટલા ઉલ્લેખથી જોઈ શકાશે કે (૧) માઢરીપુત્ર રાજા અશ્વસેન આભીર, જેના બાપનું નામ શિવદત્ત આભીર છે' તેના રાજ્યે નવમા વર્ષે[7] દાન માટે રકમ જુદી કાઢી છે (૨) રકમ વેપારી[8]મંડળમાં વ્યાજુ કે થાપણ તરીકે મૂકી છે (૩) તેનો ઉપયોગ ત્રિરશ્મિ પર્વત[10] ઉપરના એક વિહારમાં વસતા સાધુના દવાદારૂમાં[11] કરવાનો છે (૪) દાન દેનાર બાઈ છે. તે શકજાતિની છે (૫) લેખ સંસ્કૃતમાં મુખ્યતઃ છે. આ હકીકતમાંથી સાર એ નીકળે છે કે: (૧) ઇશ્વરસેન રાજા પોતે આભીર જાતિનો છે (૨) દાન દેનાર શકજાતિના છે એટલે શક અને આભીર બંનેને કાંઈક સગપણ પણ[12] હશે (૩) દાન દેવાની રીત તથા શિલાલેખની ભાષા અને પદ્ધતિ[13] રૂષભદત્ત અને નહપાણની પેરે જ તરી આવે છે;

(૫) આંધ્રપતિઓ પછી જે વંશો ઉદ્ભવ્યા છે તેમાંના એક તરીકે પુરાણકારોએ આભારને પણ ગણાવ્યો છે. (જુઓ કો. આં. રે. પ્રસ્તા. પૃ. ૧૩૪) આંધ્રપતિઓ પોતાને, પોતાની જનેતાના ગોત્ર ઉપરથી ઓળખાવતા હતા તે પ્રથા જાણીતી છે ( જેમકે ગૌતમીપુત્ર, વસિષ્ઠપુત્ર, માઢરીપુત્ર ઈ.) એટલે આંધ્રપતિની પાછળ આવનાર આભીરોએ પણ તે રીત અપનાવી લાગે છે અથવા તો તે બન્ને પ્રજાને કાંઈક સંબંધ હોય એમ પણ અનુમાન દોરી શકાય છે. વળી નીચેની ટી. ૮ તથા ૧૨ સરખાવો.

(૬) રૂષભદત્તે પોતાને શક જાતિનો જણાવ્યો છે. અહીં વિષ્ણુદત્ત પોતાના શ્વશુર પક્ષને શક કહે છે તેમ તેનો પિતા અગ્નિવર્મન પણ પોતાને શક કહે છે એટલે કે વિષ્ણુદત્તનો પિતૃપક્ષ તથા શ્વશુરપક્ષ બન્ને શક જાતિના છે. એટલે કે રૂષભદત્ત, વિષ્ણુદત્ત, અગ્નિવર્મન વિગેરે એક જ પ્રજા છે.

ઉપરની નં. ૫ અને ૬ ટીકાનું એકીકરણ કરતાં સાર એ નીકળશે કે, આંધ્રપતિઓ, આભીર પ્રજા તથા શક પ્રજાને કાંઈક કાંઈક સગપણસંબંધ હોવો જોઈએ. વળી તે અનુમાન નીચેની ટીકા નં. ૮-૧૩ થી પ્રબળ બને છે.

(૭) લેખની લિપિ પણ નહપાણ અને રૂષભદત્તના જેવી જ ગણી શકાય. લેખન પધ્ધતિ માટે નીચેની ટી. નં. ૧૩ જુઓ.

(૮) દાન આપનાર શક પ્રજાની બાઈ છે, તેનાં સગાંવહાલાં શક છે; છતાં આભીર રાજાનું નામ શિલાલેખમાં આનંદથી લેવાય છે; જે અમુક રાજાના રાજ્યે અમુક વખતે આ દાન દેવાયું. જે રાજાના સમયે દાન દેવાય તેનું નામ તો તેની પ્રજા પણ લખે; તે સામાન્ય રવૈયો કહેવાય. પણ ફલાણા રાજાના રાજ્ય અમલનો અમુક સમય તેવો નિર્દેશ જે કરાય, તે તો પરસ્પર સંબંધ વિના ન જ બની શકે. ( ઉપરની ટી. નં. ૫ તથા ૬ તેમજ નીચેની ટી. નં. ૧૨-૧૩ ની હકીકત સરખાવો.)

(૯) ઉપરની ટી. નં. ૨; તથા નીચેની ટી. નં. ૧૩ જુઓ તથા સરખાવો પૃ. ૩૬૮ (ઈ)નું લખાણ.

(૧૦) ત્રિરશ્મિ પર્વત=ત્રણ કિરણો-શૃંગો જેનાં છે તેવો પર્વત. તેનું સ્થાન ગોદાવરીનાં મૂળવાળા પ્રદેશમાં નાસિક શહેરવાળા ગોવર્ધન પ્રાંતમાં આવેલું છે એમ આ ઉપરથી સમજાય છે; કેમકે શિલાલેખનું પોતાનું સ્થળ જ નાસિક શહેર છે અને ઇશ્વરસેનનો રાજ્યપ્રદેશ પણ તેજ છે. રૂષભદત્ત, નહપાણ વિગેરેનાં દાનપત્રનો પ્રદેશ પણ અહીં જ છે. ઉપરની ટી. નં ૨ તથા નીચેની ટી. નં. ૧૪ સરખાવો.

(૧૧) ઉપરની ટી. નં. ૨ નું લખાણ સરખાવો.

(૧૨) ઉપરની ટી. નં. ૬ તથા ટી. નં. ૮ તેમજ નીચેની નં. ૧૩ સરખાવો:

(૧૩) પધ્ધતિ એમ કે-વર્ષ, રૂતુ, મહિનો અને દિવસ એમ ચાર વિગતો રૂષભદત્તે પોતાના શિલાલેખમાં આપી છે તેમ ઇશ્વરસેને પણ આપી છે. ફેર

(૪) ત્રિરશ્મિ પર્વત નાસિકની આસપાસના ગોવર્ધન પ્રદેશમાં જ આવેલ[૧૪] છે, જ્યાંનો અધિપતિ ઇશ્વરસેન છે[૧૫] (૫) ઇશ્વરસેનની માતા માઢરી ગોત્રની [૧૬] છે તે ઉપરથી આ આભીર પ્રજાને આંધ્રપતિ[૧૭]સાથે કાંઇક સગપણુ સંબંધ હોવાનો ખ્યાલ ઊભો થાય છે.

(૨) ત્રૈકૂટક વંશની ઓળખ માટે શિલાલેખ નં. ૪૪. પારડીનો[૧૮] છે. તેમાં Dharasena, year 207 of the Traikutaka era, 13 th day of the bright half of Vaisakha=ધરસેન ત્રૈકૂટક સંવત ૨૦૭ના વૈશાખ શુદિ ૧૩ ના દિવસે[૧૯] એમ લખેલ છે. વળી શિલાલેખની વિગતમાં જણાવે છે કે તેણે અશ્વમેધ યજ્ઞ કર્યો છે[૨૦] ઇ. ઇ. અને બીજો લેખ નં. ૪૫ કન્હેરીનો[૨૧] છે તેમાં year 245 of the increasing rule of the Trai-Kutakas=ત્રૈકૂટકોના વૃદ્ધિંગત રાજ્ય[૨૨] અમલનાં ૨૪૫ વર્ષે[૨૩] એમ લખ્યું છે. આ લખાણુથી એમ સાર કાઢી શકાય છે કે (૧) ધરસેન ઇ. જે રાજાઓ છે તેઓનો વંશ [૨૪]ત્રૈકૂટક

એટલો જ છે કે રૂષભદત્તના સમયે ક્ષહરાટ સંવતની સ્થાપના થઈ ગઇ હતી તેથી તેણે તે સંવતનો આંક જણાવ્યો છે; જ્યારે ઈશ્વરસેનને સંવતસર જણાયો ન હોવાથી (તેના કારણુ માટેની નીચેની ટી નં. ૨૪ વાંચો) તેણે પોતાના રાજઅમલનું વર્ષ જ દર્શાવ્યું છે.

આ ઉપરથી સમજાશે કે શક અને આભીર પ્રજાને સંબંધ હતો જ (સરખાવો ટી. નં. ૫, ૬, ૮ તથા ૧૨)

(૧૪) ઉપરની ટી નં. ૨ નો અંતિમ ભાગ, તથા નં. ૧૦ સરખાવો.

(૧૫) ઉપરની ટી. નં. ૩ જુઓ.

(૧૬) સરખાવો ઉપરની ટી. નં. ૫.

(૧૭) સરખાવો ઉપરની ટી. નં. ૫.

(૧૮) આ પારડી શહેર સુરત જીલ્લામાં આવેલું છે. અત્યારે પણુ તે જ નામથી તે ઓળખાય છે. બી. બી. સી. આઈ. રેલ્વેનું તે સ્ટેશન છે. ત્રૈકૂટકવંશી રાજાની હકુમતનો આ પારડીનો તથા લેખ નં. ૪૫ કન્હેરીનો પ્રદેશ એમ બન્ને પ્રદેશો ઉપર જણાવેલા આભીર રાજા ઇશ્વરસેન તથા રૂષભદત્તના દાનપત્રના પ્રદેશવાળા જ છે કે જેમાં ત્રિરશ્મિ પર્વત આવેલ છે.

(૧૯) આ લેખની પદ્ધતિમાં વર્ષ, માસ, પક્ષ અને દિવસ લખેલ છે પણુ ૠતુનું નામ મૂકી દીધું છે; જે પધ્ધતિ રૂષભદત્ત અને નહપાણુની છે. જુઓ ઉપરની ટી. નં. ૧૩. આ સાથે ચષ્ઠણુવંશી રાજાઓની પદ્ધતિ સરખાવશો તો માલુમ પડશે કે, આ ધરસેન ત્રૈકૂટકની પદ્ધતિ રૂષભદત્ત અને ચષ્ઠણુની વચ્ચેની છે. બલ્કે ચષ્ઠણુ પધ્ધતિને જ વધારે મળતી છે.

(૨૦) શિલાલેખમાં આ વસ્તુને વિજયના ચિહ્ન તરીકે જણાવવાનો ઉદ્દેશ દેખાય છે. એટલે તે રાજા વૈદિક મતાનુયાયી હતો એમ બતાવાય છે. આ હકીકત તેના સિક્કામાં કોતરેલ તેના બિરૂદ ઉપરથી પણુ સાબિત થાય છે . માત્ર સવાલ એ જ રહે છે કે, તે ધર્મ તેણે અંગીકાર કરેલ કે તેના પૂર્વજોથી ચાલ્યો આવતો હતો? વધારે સંભવ તેણે જ પ્રથમ વાર સ્વીકાર્યો હશે એમ અનુમાન ઉપર જવાય છે.

(૨૧) આ ગામ નાસિક જીલ્લામાં આવેલું છે.

(૨૨) વૃદ્ધિંગત શબ્દ એમ સૂચવે છે કે, તે રાજ્ય અથવા તેમનો વંશ હજુ બહુ જુજ સમય પહેલાં જ સ્થપાયો હતો અને ધીમે ધીમે તેની વૃદ્ધિ-રાજ્યવિસ્તારની-થતી જતી હતી: છતાં; તેમણે સંવતનો આંક બસો ઉપરનો વાપર્યો છે તેના કારણુ માટે નીચેની ટી. નં. ૨૩ તથા ૬૪ જુઓ.

(૨૩) તેમણે સંવત્સરનો આંક બસો ઉપરનો વાપર્યો છે તે એમ સૂચવે છે કે, તેમનો વંશ ભલે હમણે થોડા વર્ષથી જ હયાતીમાં આવ્યો છે છતાં તેઓ જે સંવતસરનો ઉપયોગ કરે છે તે બહુ જૂનો છે; અને જૂનો છે છતાં તેને વળગી રહ્યો છે એટલા માટે કે, તે સંવતસરની સ્થાપના સાથે પોતાને સંબંધ હતો (જુઓ ટી. નં. ૬૪)

કહેવાય છે. ( ૨ ) તેમનો અમલ ત્રૈકૂટક સંવત ૨૦૭, ૨૪૫ માંનો છે ( ૩ ) તેમણે વૈદિકધર્મ અંગીકાર કરેલ છે[૨૫] ( ૪ ) તથા તેમનું લખાણ કાંઇક અંશે ઉપરના આભીર રાજા ઇશ્વરસેનને અને શક રાજા રૂષભદત્તે[૨૬] તથા [૨૭] વિશેષાંશે ચષ્ઠણ-ક્ષત્રપ સરદારોએ ગ્રહણ કરેલી [૨૮]પદ્ધતિને મળતું આવે છે.

આ બે શિલાલેખમાં આળેખેલી હકીકતોમાં જે જે મુદ્દાઓ તેના કોતરાવનારે દર્શાવ્યા છે તથા તેમાંથી જે જે સાર કાઢી શકાય છે તે તે વાચક પાસે રજૂ કરી દીધો છે; તેમજ તેને લગતી ટીકાઓમાં તે સર્વેનો પરસ્પર સંબંધ શું શું હોઇ શકે તે પણ જણાવી દીધું છે. એટલે તે મુદ્દાઓ તથા ટીકાઓમાં સમાયલી સર્વ વસ્તુસ્થિતિનું સમીકરણ લઈ એકીકરણ કરીશું તો આ પ્રમાણે તેનો નિષ્કર્ષ કાઢી શકાય છેઃ (૧) ક્ષહરાટ નહપાણ તથા રૂષભદત્ત શકની કેટલીયે હકીકતો ઇશ્વરસેન આભીર અને વિષ્ણુદત્તા શકાનિને જેમ મળતી આવે છે(૨)તેમ ત્રિરશ્મિ પર્વત-પ્રદેશના રાજાઇશ્વિરસેન આભીરની કેટલીક હકીકત ત્રૈકૂટક વંશી ધરસેન આદિને મળતી પણ આવે છે. ( ૩ ) એટલે કે એક બાજુ રૂષભદત્ત અને બીજી બાજુ ધરસેનની વચ્ચે ઇશ્વરસેનનું સ્થળ આવી જાય છે; અને તે ત્રણે પરસ્પર સંબંધ ધરાવતા પણ દેખાય છે. પણ તે સંબંધ કેવા-સામાજિક કે રાજકીય-પ્રકારના હતા અથવા તો ક્યારે

(૨૪) ત્રૈકૂટક=ત્રૈ+કૂટ+કઃ ત્રિ એટલે ત્રણ, કૂટ એટલે શિખર જે પર્વતના છે તેવો પર્વત; (ત્રિરશ્મિ ઉપરની ટી. નં. ૧૦ જુઓ) તેના પ્રદેશમાં જેણે રાજગાદી કરી છે (ક=કરનાર) તેવો વંશ તે ત્રિકૂટક વંશ કહેવાય (જુઓ નીચેની ટી. નં. ૬૦) અને તે વંશ નં. ૪૫ કન્હેરી લેખવાળા રાજાના સમયમાં ૨૪૫ સંવતસરની પહેલાં થોડાં જ વર્ષે અથવા પારડી લેખવાળા રાજા ધરસેનના સમયે ૨૦૭ના સંવતસરમાં જ કે તેથી પણ પાંચ દસ વર્ષ પહેલાં, સ્થપાયો હશે. જો કે આ હકીકત સ્પષ્ટ થતી નથી; પણ લગભગ ૨૦૭ કે તેની પૂર્વે પાંચ દસ વર્ષે જ તેની આદિ થઇ હશે એમ કહી શકાશે. આભીર રાજા ઈશ્વરસેન તેને ત્રિરશ્મિ પર્વત તરીકે ઓળખાવે છે. એટલે ઈશ્વરસેન પછી જ ત્રૈકૂટક શબ્દની રચના કરવામાં આવી છે. તેમજ ત્રૈકૂટક રાજાએ વાપરેલ સંવતસરની સ્થાપના પણ ઈશ્વરસેનના સમય બાદ જ થઇ દેખાય છે. વળી જ્યારે ઈશ્વરસેન પોતાને રાજા શબ્દથી સંબોધે છે અને પિતાને કાંઈ બિરૂદ લગાડેલ જ નથી ત્યારે સાબિત થાય છે કે, તેણે જ રાજગાદી સ્થાપી છેઃ વળી "પોતાના રાજ્યે નવમા વર્ષે" એમ શિલાલેખમાં જે લખ્યું છે તે બતાવે છે કે, તેણે રાજગાદી તો કરી હતી પણ પોતાનો સંવતસર ચલાવ્યો નહોતો [આવી જ સ્થિતિ ક્ષહરાટ અને ચષ્ઠણ ક્ષત્રપવાળા સંવતની થઈ છે. ક્ષહરાટ સંવત સ્થાપનાર નહપાણ છે પણ તેની સ્થાપના તેના પિતા ભૂમકના રાજ્યની આદિથી કરી છે. તેવી જ રીતે ચષ્ઠણે જે સંવતની (તેને હવે આપણે ક્ષત્રપ સંવત તરીકે ઓળખીશું) સ્થાપના કરી છે તે પોતાના રાજ્યની આદિથી નહીં પણ પોતાના પિતા ક્ષત્રપ ઘ્સમોતિકના રાજ્યની આદિથી છે] તેમ અહીં પણ સંભવ છે કે ઈશ્વરસેનના સંવતની (આભીર સંવતની અથવા ઈતિહાસમાં જે કલચૂરિ-ચેદી સંવત તરીકે જણાયો છે તેની) સ્થાપના ઇશ્વરસેને પોતે નથી કરી. ભલે તેના રાજ્યઅમલની આદિથી તેનો સમય ગણાયો છે પણ તેની સ્થાપના તો પાછળ આવનાર તેના કોઈ અન્ય પ્રતાપી તનુજે કરી છે ( જુઓ તે માટે નીચેની ટી. નં. ૬૨ )

(૨૫) ઉપરની ટીકા નં. ૨૦ જુઓ.

(૨૬) ઉપરની ટી. નં. ૧૯ સરખાવો.

(૨૭) વિશેષાંશે જે લખવું પડયું છે તે એટલા માટે કે તેજ પદ્ધતિ સાદશપણે ગ્રહણ કરાયલી છે પણ સિક્કામાં કોતરાયેલ ચિહ્નદર્શનમાં કિંચિત ફેરફાર છે. તેથી સાદશ ન લખતાં વિશેષાંશે શબ્દ વાપર્યો છે.

(૨૮) તેમણે (રૂદ્રદામ વિગેરેના લેખ વાંચો) સંવતસર, માસ પક્ષ અને દિવસ એમ ચાર વસ્તુનો નિર્દેશ હંમેશા કર્યો દેખાય છે. સરખાવો ઉપરની ટી. નં. ૧૯ તથા ૨૭.

ને કેમ થવા પામ્યા હતા, તે તેમાંથી ખુલતું નથી જ. જો કે તે શોધી કાઢવું જરા કઠિન તો છે જ, છતાં કાળા માથાના[૨૯] માનવીથી શું અસાધ્ય છે ? તે ઉક્તિ પ્રમાણે કાંઇક પ્રયાસ કરીશું. પછી તેમાં કેટલે દરજ્જે આપણને સફળતા મળી ગણાશે તે તો વાચકવૃંદજ કહી શકશે.

આ વસ્તુનો નિચોડ લાવવા માટે એક જ વસ્તુ ઉપયોગી થતી મને દેખાઈ છે. તે કોઇ એક મહાક્ષત્રપ ઇશ્વરદત્તને લગતી છે. હકીકત એમ છે કે, ચષ્ઠણવંશી ક્ષત્રપોનું રાજ્ય અવંતિ ઉપર એકધારૂં[૩૦] ચાલ્યું આવતું જણાયું છે. તેમાં મહાક્ષત્રપ દામસેનનું રાજ્ય ૧૪૫-૫૮ [૩૧]સુધી તો ચાલ્યું હોવાનું તેણે પાડેલ સિક્કા ઉપરથી જણાય છે. પણ તે પછીના બેથી ત્રણ વરસમાં કોઇ મહાક્ષત્રપનો સિક્કો જ પડ્યાનું જણાતું નથી. વળી પાછા ૧૬૧ થી યશોદામન મહાક્ષત્રપના સિક્કા મળી આવે છે, તેમજ ૧૫૪ થી ૧૬૦ સુધીના સાત વર્ષમાં માત્ર ક્ષત્રપ ( મહાક્ષત્રપ તરીકે નહીં જ ) તરીકેના દામજદશ્રી બીજો, વીરદામન, યશોદામન અને વિજયસેન એમ અનુક્રમ વાર ચાર જણના સિક્કા મળી આવે છે. એટલે કે, ૧૫૪ થી ૫૮ સુધીમાં ક્ષત્રપ અને મહાક્ષત્રપના; અને ૧૫૮ થી ૬૦ સુધી માત્ર ક્ષત્રપના જ; અને તે બાદ પાછા ક્ષત્રપ મહાક્ષત્રપના સિક્કા મળે છે, જેથી વચલા ત્રણ વર્ષમાં ( ૧૫૮ થી ૧૬૦ સુધીમાં[૩૨] ) કોઇ મહાક્ષત્રપ કેમ નથી થયું તે પ્રશ્નની વિચારણા વિદ્વાનોને ઊભી કરવી રહી. ત્યાં કોઇ એક[૩૩] તૃત્યાંગજ વ્યક્તિના-નામે ઇશ્વરદત્તના-અને તે પણ મહાક્ષત્રપના બિરૂદવાળા ચષ્ઠણવંશી ક્ષત્રપોના સિક્કાને બધી રીતે સાદશ દેખાતા સિક્કાઓ[૩૪] મળી આવ્યા. એટલે તેમણે કલ્પના દોડાવી. આ બાબતમાં

(૨૯) કાળું માથું એટલે કલંકિત બનેલું છે માથું જેનું એવા અર્થમાં નહીં, પણ જેના માથા ઉપર કાળા વાળ આવી રહેલ છે તેવા મનુષ્ય એમ સમજવું. પછી મનુષ્યનું માથું કાળા, ભુરા કે ધોળા વાળનું હોય, છતાંયે ઉક્તિમાં તો 'કાળા માથાનું માણસ' એવોજ શબ્દપ્રયોગ પ્રચલિત થયો છે.

(૩૦) આ ક્ષત્રપોમાંના કેટલાકનો સમય આપણા પુસ્તકની ક્ષેત્ર મર્યાદા બહાર ચાલ્યો જાય છે. એટલે તેમના આખા વંશનું વર્ણન કરવાનો આપણો અધિકાર તો નથી જ: છતાં આસપાસનો ઐતિહાસિક સંબંધ સમજવા માટે જેટલું જરૂરી છે તેટલું છેલ્લા પુસ્તકમાં આપીશું જ એટલે તેમની વંશાવળી માટે તે પુસ્તકે જુઓ.

(૩૧) વિદ્વાનોએ આ સંવતને શકસંવત માન્યો છે (એટલે કે ચષ્ઠણને શકપ્રજાનો નબીરો ગણી તે સંવત તેના વંશનો માન્યો છે ) જેથી તેની સ્થાપના જે ઇ. સ. ૭૮ માં મનાઇ છે તે હિસાબે દામસેનના રાજ્યનો અંત ૧૫૮+૭૮=૨૩૬ ઇ. સ. માં ગણ્યો છે (પણ ચષ્ઠણ તે શક નથી એમ આપણે અનેક વાર ઉપરમાં જણાવી ગયા છીએ. જુઓ પૃ.૨૧૭થી આગળ તથા સિથીઅન્સના વૃત્તાંતે. તેમજ સરખાવો પૃ. ૩૫૦ ના અંતભાગે ટાંકેલું ઓ. હિ. ઇ. નું પૃ. ૯ નું ઇંગ્રેજી વાક્ય. આ આંકની માન્યતાને લીધે શું મુશ્કેલી ઊભી થઈ છે તથા તેમાં શું સુધારો કરવા યોગ્ય છે, તે આ પારીગ્રાફમાંની આગળ લખેલ હકીકતથી સમજાશે (જુઓ નીચેની ટી. નં. ૪૪)

(૩૨) તેમના હિસાબે ૧૫૮+૭૮=૨૩૬ ઈ. સ. થી ૧૬૦+૭૮=ઇ. સ. ૨૩૮ સુધીના સમયના, એમ કહેવાનો હેતુ છે.

(૩૩) તૃતીયાંગ એટલે ક્ષત્રપ કુટુંબ સાથે સંબંધ ન હોય તેવો ( સરખાવો નીચેની ટીકા નં. ૩૬ ) પણ મહાક્ષત્રપ પદ છે તથા સિક્કાની રબઢબ બધી મળતી આવે છે; એટલે તેમનો કોઈ અમલદાર હોય અને પાછળથી તેમની નબળાઇનો કે અંધાધૂનીનો લાભ લઇ સ્વતંત્ર બની બેઠો હોય એમ અનુમાન કરી શકાય છે. જુઓ નીચે ટી. નં. ૬૫ તથા ૬૬

(૩૪) સિક્કાઓ સાદશ છે: તેમાં સવળી બાજુ મહોરૂં તથા લેખ છે અને અવળી બાજુ ચષ્ઠણ વંશી ચિન્હો છે. પણ ક્ષત્રપોમાં જે સંવતનો આંક લખેલ છે તેને

મિ. રેપ્સન જણાવે છે કે,[૩૫] " The Mahakshatrapa Ishwardatta struck silver coins of precisely the same style and types as those of the Western Kshatrapas; but it is certain that he did not belong to the same dynasty; પશ્ચિમના ક્ષત્રપોના સિક્કાની જાતના અને ભાતના બરાબર સાદશપણે મળતા મહાક્ષત્રપ ઇશ્વરદત્તે રૂપાના સિક્કા પડાવ્યા છે, પણ એટલું ચોક્કસ છે કે તે (ઇશ્વિરદત્ત) તે વંશનો (ક્ષત્રપ વંશનો) નથી જ[૩૬]". પછી આગળ ચાલતાં પોતાના વિચાર જણાવતાં લખે [૩૭]છે કે, "This is shown (I) by his name... and (2) by his introduction of a foreign method of dating his coins in regnal years instead of in years of the Saka era. In both of these respects he follows, apparently. the example set by a dynasty of Abhira kings who succeeded the Andhras in the Nasik District as is shown by the Nasik inscription dated in the 9th year of the Abhira king Ishwarsena, son of the Abhira Shivadatta. This dynastry is no doubt referred to by the Puranas...=આ બાબતની ખાત્રી બે વસ્તુ ઉપરથી મળે છે (૧) તેના (ઇશ્વિરદત્તના) નામથી (૨) તથા સિક્કા ઉપર શકસંવતના આંકને સ્થાને-પોતાના રાજ્યે આટલામાં વર્ષે-એવી પરદેશી[૩૮] પદ્ધતિ દાખલ કરેલ હોવાથી; આ બન્ને બાબતોમાં દેખીતી રીતે તેણે, આભીર રાજાના વંશે બેસાડેલ દષ્ટાંતનું અનુકરણ[૩૯] કરેલ છે. જેઓ (આભીર રાજાઓ) નાસિક જીલ્લામાં આંધ્રપતિની પછી ગાદીએ બેઠા છે; તે હકીકત આભીર શિવદત્તના પુત્ર, આભીરપતિ રાજા ઇશ્વરસેને પોતાના (રાજ્યના) નવમા વર્ષે કોતરાવેલ નાસિકના લેખ ઉપરથી સ્પષ્ટ થાય છે. ખરેખર, આ વંશનો (આભીર રાજાઓનો) ઉલ્લેખ પુરાણોમાં પણ થયેલ છે[૪૦]" આ ઉપરથી તેમના કહેવાની મતલબ એ થાય છે કે...મહાક્ષત્રપ ઇશ્વરદત્તે આભીરપતિ ઇશ્વરસેનનું અનુકરણ કરેલ છે; તથા આભીરપતિઓએ, નાસિક જીલ્લામાં આંધ્રવંશીઓ પછી રાજ્ય ચલાવ્યું છે, તે હકીકત પુરાણોમાં પણ જણાવવામાં આવી છે; છતાં યે મિ. રેપ્સને આ ઇશ્વરદત્તને અને આભીરપતિ

---

બદલે ઇશ્વરદત્તે, પોતાના રાજ્યના પ્રથમ વર્ષે, દ્વિતીય વર્ષે એવા શબ્દો જ લખ્યા છે. (જુઓ આ પુસ્તકમાં સિક્કા ચિત્ર તથા તેનું વર્ણન)

ચષ્ઠણ વંશના જેમ શિલાલેખો મળી આવે છે તેમ ઈશ્વરદત્તનો કોઈ શિલાલેખ મળી આવ્યો નથી.

(૩૫) જુઓ કો. આં. રે. પ્રસ્તાવના પૃ. ૧૩૩, પારા. ૧૦૯.

(૩૬) તે વંશનો નથી એટલે તદ્દન જુદી જ જાતિનો તથા કુળનો છે એમ સમજવું (સરખાવો ઉપરની ટી. નં. ૩૩ તથા નીચેની ટી. નં. ૫૮-૫૯)

(૩૭) ઉપરની ટી. નં. ૩૫.

(૩૮) પરદેશી એટલે ચષ્ઠણવંશ કરતાં જે પદ્ધતિ બીજી રીતે હોય તેને, ચષ્ઠણવંશીના હિસાબે પરદેશી કહેવાય; તેથી અહીં તે શબ્દ વાપર્યો છે.

(૩૯) આભીર રાજાઓ કઇ પદ્ધતિ વાપરતા તે માટે ઉપરમાં ટી. નં. ૧૩ જુઓ; તથા ચષ્ઠણવંશીઓની પદ્ધતિને માટે ટી. નં. ૧૯ જુઓ. અને બન્નેને સરખાવો.

(૪૦) એટલે કે, આ હકીકત માત્ર કલ્પનાથી ઉપજાવી કાઢેલ નથી પણ પ્રમાણિક અને આધાર સહિત છે.

ઇશ્વરસેનને શું સંબંધ હોઇ શકે તે બાબત પોતાનું મંતવ્ય જાહેર કરેલું નથી. પણ સદ્‌ગત ડૉ. ભગવાનલાલ ઇંદ્રજીતની બે સૂચનાઓનો હવાલો આપીને જણાવે છે[૪૧] કે–'Bhagwanlal's identification of Ishwardatta as an Abhira connected with the dynasty represented at Nasik by Ishwarsena is therefore extremely probable...Bhagwanlal's further suggestion, that this conquest was commemorated by the foundation by Ishwardatta of the Traikutaka era in A. D. 249 cannot however be supported=તેટલા માટે જ આભીર ઇશ્વરસેનના નાસિકના લેખમાં જે વંશનો નિર્દેશ કરેલ છે તે જ (વંશના) એક આભીર તરીકે ઇશ્વરદત્તની ભગવાનલાલે બતાવેલી ઓળખ, બહુધા સંભવિત જ છે...(પણ) ભગવાનલાલની બીજી સૂચના[૪૨] એમ છે કે, આ જીતની[૪૩] યાદગીરીમાં ઇશ્વરદત્તે ઇ. સ. ૨૪૯ માં ત્રૈકૂટક સંવત્સરની સ્થાપના કરી હતી, તેને તો તેમ છતાં યે સમર્થન મળતું નથી જ". એટલે કે, ડૉ. ભગવાનલાલજીની બે સૂચનામાંથી પ્રથમનો સ્વીકાર અને બીજીનો ઇન્કાર મિ. રેપ્સન કરે છે. વળી ઇશ્વરદત્તે પડાવેલ સિક્કાઓનું વીરદામન, યશોદામન, વિજયસેન આદિના સિક્કાઓ સાથે બારીક નિરીક્ષણ કરી ને તે પોતાનો અભિપ્રાય પ્રદર્શિત કરે છે કે[૪૪]–"There can be little doubt then that Ishwardatta reigned sometime between A. D. 236 and 239 that is to say, at least ten years before the foundation of the Traikutaka era in A. D.249=તેથી નિઃસંદેહ છે કે, ઇશ્વરદત્તનું રાજ્ય ઇ. સ. ૨૩૬ થી ૨૩૯ ની વચ્ચે[૪૫] કોઇક સમયે ચાલ્યું હતું. એટલે કે, ઇ. સ. ૨૪૯ માં ત્રૈકૂટક સંવતની સ્થાપના પૂર્વે ઓછામાં ઓછા દશ વર્ષે.' આ ઉપરથી સમજાશે કે, ડૉ. ભગવાનલાલની બીજી સૂચનાનો પણ મિ. રેપ્સને અધકચરો સ્વીકાર તો કર્યો છે જ; પણ તેમની મુશ્કેલી[૪૬] એ છે કે, ત્રૈકૂટક સંવતની સ્થાપનાની સાલ જે ઇ. સ. ૨૪૯ ની છે, તે ઉપરના આંક સાથે (ઇ ૨૩૬ થી ૨૩૯) મળતી કેમ

(૪૧) જુઓ કો. આં. રે. પ્ર. પૃ. ૧૩૪ પંક્તિ ૧૬ થી ૧૮.

(૪૨) કો. આં. રે. પ્ર. પૃ. ૧૬૫, પારિ. ૧૧૦ પંક્તિ ૧ થી ૪.

(૪૩) આ જીતનું વર્ણન જ. રો. એ. સો. ૧૮૯૦ પૃ. ૬૫૭ ઉપર ડૉ. ભગવાનલાલજીએ આપ્યું છે. તે ગમે તે પુરૂષ હોય તેની સાથે આપણે બહુ નિસબત નથી; પણ તે જીતને ઈશ્વરદત્તે એક અસાધારણ પરાક્રમ લેખ્યું તો હોવું જોઈએ જ; એટલો મુદ્દો જ આપણે અત્રે લેખવો રહે છે. આ જીતથી તેણે મહાક્ષત્રપનું પદધારણ કર્યું છે.

(૪૪) કો. આં. રે. પ્ર. પૃ. ૧૩૬ પંક્તિ ૬ થી ૯

(૪૫) ઉપરની ટી. નં. ૩૨ જુઓ.

(૪૬) સરખાવો ઉપરની ટી. નં. ૩૧: જો ચષ્ટણના શકનો સમય બરાબર સમજવામાં આવે તો જ આ ગૂંચ આપોઆપ નીકળી જાય તેમ છે.

આ મુદ્દો વિસ્તારપૂર્વક પુ. ૫ ના અંતે જ મારે સરખાવો પડશે, કેમકે ત્યાં ચષ્ટણના વંશને લગતી હકીકત લખવાની છે. અહીં તો એટલું જ જણાવીશ કે ચષ્ટણશકની સ્થાપના ઈ. સ. ૭૮ નહીં પણ ઇ. સ. ૧૦૩ માં લેખવાની છે. એટલેકે, તેમને જે ખુલાસો શક સંવત ૧૫૮ થી ૧૬૦=ઈ. સ. ૨૩૬ થી ૨૩૯ નો મેળવવો રહે છે તે ખરી રીતે ૧૫૮+૧૦૩=ઈ.સ. ૨૬૧ થી ૧૬૦+૧૦૩=ઇ. સ. ૨૬૩ સુધીનો જ મેળવવો રહે છે એમ લેખવું

નથી થતી ? જો તે બન્ને આંક મળતા થઇ જાય તો તેમની ગૂંચનો ઊકેલ આવી જાય ખરો.

આ ગૂંચનું સમાધાન આપણે આપણી દલીલોથી તેમને કરી બતાવીએ તેના કરતાં તેમના જ મંતવ્યને આધારે સમજાવીએ તો તેમને જલ્દી સ્વીકાર્ય થઇ પડશે. તેથી તેમના જ કથનને આગળ ધરીને જણાવીશું-આભીર અને ત્રૈકૂટકાઝની ચર્ચા કરતાં તેમણે આગળ જતાં ઉચ્ચાર્યું છે કે[૪૭]- But whatever may have been the relationship between these two kings, it must remain doubtful, whether either of them could have been the founder of the era in question. They both apparently use regnal years, the one in his inscription and the other on his coins; and such slight evidence as there is, may perhaps indicate that Ishwarsena reigned before Ishwardatta (p. cxxxvi)=આ બે રાજાઓ[૪૮] વચ્ચે ગમે તે સગપણ સંબંધ હોય, છતાં એ હકીકત તો શંકાસ્પદ જ છે કે, તે એમાંથી એકેયે પ્રસ્તુત સંવતની[૪૯] સ્થાપના કરી હોય. તે બન્નેએ સ્પષ્ટ રીતે-પોતાના રાજ્ય અમલે આટલામા વર્ષે-એવા શબ્દો (તેમાંના) એકે શિલાલેખમાં[૫૦] અને બીજાએ સિક્કાઓ ઉપર[૫૧]-વાપર્યા છે જ; અને જે આવો કિંચિત્ પુરાવો છે તેમાંથી એમ સૂચન મેળવાય છે કે, ઇશ્વરદત્તની પૂર્વે જ ઇશ્વરસેન[૫૨] રાજ્ય કરી ગયો છે; (જુઓ પ્રસ્તાવના. પૃ.૧૩૬)." એટલે એમ કહેવા માગે છે કે, આભીર સંવતની સ્થાપના ઇશ્વરસેને કે ઇશ્વરદત્તે કરી છે-એમાંથી કોણે કરી તે ભલે શંકામાં હોય છતાં ઇશ્વરસેન પહેલો થયો છે: અને ઇશ્વરદત્ત પછીથી આવ્યો છે એમ તો ચોક્કસ છે જ. આટલી હકીકત જાણ્યા પછી પણ તેમણે પ્રસ્તાવના પૃ. ૧૩૬ ની જે સાક્ષી આપી છે ત્યાં તેમણે જે વિચાર દર્શાવ્યા છે તે નિહાળવા યોગ્ય છે. ત્યાં તેમણે લખ્યું છે કે[૫૩] It may be noticed, however that his father, the Abhira Shivadatta, bears no royal title and this would seem to indicate that he himself was the founder of the Abhira Dynasty and presumably the predecessor of Ishwardatta. The precise connection between these early Abhiras and the later Traikutakas cannot be proved; but

(૪૭) જુઓ કો. આં. રે. પ્ર. પૃ. ૧૬૨. પારિ. ૧૩૫ પંક્તિ. ૯ થી ૧૫

(૪૮) ઈશ્વરસેન આભીરપતિ અને મહાક્ષત્રપ ઈશ્વરદત્ત: આ બન્નેનાં નામ મિ. રેપ્સને પોતે જ આગળની પંક્તિમાં જણાવ્યા છે એટલે કંઈ શંકા જેવું રહેતું જ નથી.

(૪૯) ત્રૈકૂટક સંવત્-જેને વિદ્વાનોએ કલચૂરી અથવા ચેદી સંવત કહ્યો છે તેની ચર્ચા મિ. રેપ્સને આ ઠેકાણે ઉપાડી છે. એટલે તેને પ્રસ્તુત સંવત્સર (era in question) ગણવાનો છે. જેની આદિ ઈ. સ. ૨૪૯ થી ગણવામાં આવે છે (જુઓ નીચે ટી. નં. ૫૫)

(૫૦) એકે, એટલે ઈશ્વરસેને સમજવું અને શિલાલેખ માટે પૃ. ૩૭૭ ઉપર ટાંકેલ શિલાલેખ નં. ૪૫ ની હકીકત જુઓ.

(૫૧) બીજાએ એટલે ઈશ્વરદત્તે સમજવું તેના સિક્કા ઉપરના શબ્દો માટે, આ પુસ્તકને અંતે તેને લગતી હકીકત જુઓ.

(૫૨) ઉપરની ટી. નં. ૪૮ જુઓ.

(૫૩) જુઓ કો. આં. રે. પ્રસ્તાવના પૃ. ૧૩૬ પૃ. ૧૩૬, પંક્તિ ૧૪-૨૧

it is certain that they ruled in the same region, and that there is **no** reason why they may not have belonged to the same dynasty=છતાં નોંધ લેવી રહે છે કે, તેનો (ઇશ્વરસેનનો) બાપ આભીર શિવદત્ત કોઇ રાજપદનો ઇલ્કાબ ધરાવતો નથી; અને આ સ્થિતિ એમ સૂચવે છે કે, તે પોતે (ઇશ્વરસેન)જ આભીર વંશનો આદિ પુરૂષ તથા ઘણું કરીને ઇશ્વરદત્તનો પુરોગામી હતો. પૂર્વ સમયના આ આભીરો અને પાછળના ત્રૈકુટકો[૫૪] વચ્ચે ખરેખર સંબંધ શું હતો તે જો કે સાબિત થતું નથી, પણ એટલું ચોક્કસ છે કે, તેઓ એક જ પ્રદેશ ઉપર અધિકાર ભોગવતા હતા તેમજ તેઓ એક જ વંશના હતા, એમ ન માનવાને કાંઇ જ કારણ નથી" આ કથનમાંથી આપણે જે ઉપયોગી તત્ત્વ લેવું રહે છે તે એટલું જ કે, આભીરો અને ત્રૈકુટકો એકજ વંશના છેઃ તેમાં પ્રથમ શિવદત્ત, તે પછી સંવત્સરનો તેમજ આભીરવંશનો સ્થાપક ઇશ્વરસેન અને તે બાદ ઇશ્વરદત્ત મહાક્ષત્રપ : આટલું સાબિત થયા પછી, હવે આ બે વ્યક્તિનો સમય શોધવાનું જ બાકી રહે છે. તેમાંય ઇશ્વરદત્તનો સમય તો ક્ષત્રપોની વંશાવળી ઉપરથી ઇ. સ. ૨૬૧-૨૬૪ નો આપણે તારવી કાઢ્યો છે (જુઓ ટીકા નં. ૪૬) તેમ ઇશ્વરસેનને જો વંશનો સ્થાપક-એટલે સંવત્સરનો પણ સ્થાપક-ગણવામાં આવે તો તેના રાજ્યની આદિ ઇ. સ. ૨૪૯ ઠરાવવી[૫૫] પડશે : વળી શિલાલેખથી જણાયું છે કે તેણે ઓછામાં ઓછા નવ વર્ષનો રાજ્ય[૫૬] કર્યું જ છે. એટલે ૨૬૧ અને ૨૪૯ વચ્ચેના બાર વર્ષ સુધી તેનો રાજત્વકાળ હતો એમ માની લેવું તે અયોગ્ય નહીં ગણાય. અને તેમ ઠરાવતાં પૃ. ૩૭૯ થી શરૂ કરેલી આ ચર્ચાનું છેવટ આ પ્રમાણે નોંધી શકાશે.

શિવદત્ત[૫૭]—આભીર[૫૮]
|   **વંશનો અને સંવતસરનો સ્થાપક**
રાજા[૫૯] **ઇશ્વરસેન** ઇ. સ. ૨૪૯ થી ૨૬૧ =જેણે ત્રિરશ્મિ[૬૦] પ્રદેશ ઉપર હકુમત સ્થાપી હતી.
|
મહાક્ષત્રપ[૬૧] ઇશ્વરદત્ત[૬૨] ઇ. સ. ૨૬૧[૬૩] **થી** ૨૬૪=જેણે પોતાના પિતાની હકુમતમાં વધારો કરી-ક્ષત્રપ રાજ્યનો કેટલોક મુલક જીતી લઇ-[૬૫] મહાક્ષત્રપપદ ધારણ કર્યું[૬૬] હતું.
અથવા **તેથી** આગળ[૬૪]

(૫૪) 'પાછળના' શબ્દ સૂચવે છે કે, આગળ પણ કેટલાક ત્રૈકૂટકો થયા હોવા જોઈએ. અહીં પાછળના ત્રૈકૂટકો એટલે પેલા ૨૦૭ સંવત્સરવાળા, ધરસેને ઈ. જાણવા (જુઓ પૃ. ૩૭૭ ઉપર પારડીનો લેખ નં, ૪૪)

(૫૫) જુઓ ઉપરની ટીકા નં. ૪૯.

(૫૬) જુઓ ઉપર પૃ. ૩૭૫ નાસિકનો શિલાલેખ નં. ૪૩.

(૫૭) રાજપદવી ધારણ કરી નથી તેથી તેને તે વંશનો આદિ પુરૂષ ઠરાવી શકાય નહીં.

(૫૮) આભીર તો જાતિ અને છે તે ઉપરથી સુતર નામ "આભીર વંશ" લખાયું છે. પણ ખરી રીતે તેમના ગોત્રનું કે કુળનું નામ જ વધારે બંધબેસતું ગણી શકાય.

(૫૯) રાજપદે બેઠો છે તેથી (સરખાવો ટી નં. ૫૭) તેને આદિપુરૂષ ગણાય. વળી તેનો સમય ઈ.સ. ૨૪૯ છે.અને સંવત્સરનો સમય પણ તે જ;એટલે તેના અમલની શરૂઆતના સ્મરણચિન્હ તરીકે તેને ગણવો રહે. બાકી સંવત્સરનો પ્રવર્તક તો ઈશ્વરદત્ત જ છે; કેમકે તે વિશેષ પ્રતાપી નીવડયો છે તેમજ સ્વતંત્રતાસૂચક **મહાક્ષત્રપનું**

વળી આ નિર્ણયને પૃ. ૩૭૫ થી ૩૭૯ માંની ચર્ચામાં આવેલ છેવટ સાથે જોડીશું તો એમ તારણ નીકળશે કે, નહપાણના સમયે, ઇશ્વરદત્ત કે દિનિક નામનો શક સૈનિક તથા તેનો પુત્ર શક રૂષભદત્ત થયા હતા.તે બાદ લગભગ અઢી સદીનો ગાળો પડયો છે.તે બાદ શકપ્રજાનું રૂપાંતર થઈ તેઓ [67]આભીર કહેવાયા છે. આ આભીર પ્રજાનો પ્રથમ રાજા ઇશ્વરસેન હતો. તેના પુત્ર ઇશ્વરદત્તે સ્વતંત્ર રાજ્ય સ્થાપી પોતાના પિતાના રાજ્યારંભના કાળથી એક સંવત્સર ચલાવ્યો હતો. તેનું નામ જો કે આભીર સંવત્ કહેવાય; પણ ત્રિરશ્મિપર્વતવાળા જે પ્રદેશ ઉપર તેમનું રાજ્ય ચાલતું હતું તે ઉપરથી તેમના વંશનું નામ ત્રિકૂટક અને સંવત્સરનું નામ ત્રૈકૂટક સંવત્સર પડયું છે. તેનો સમય ઇ. સ. ૨૪૯ કહેવાય છે. મહાક્ષત્રપ ઇશ્વરદત્ત પછી કેટલોક કાળ તે વંશ ચાલ્યો હતો. પણ પછી કયારે તે નાબૂદ થયો તે જણાયું નથી. વળી રાજા ધરસેને તે વંશનો પાછો ઉદ્ધાર કરી અસલના પ્રદેશમાં રાજ્ય ચલાવવા માંડયું હતું તેમજ તે પોતાના પૂર્વજોના સંવત્સરના ૨૦૭=માં ઇ. સ. ૪૫૬માં વર્ષે ગાદીએ આવ્યો હતો. તથા તેના વંશજોએ પરાક્રમ બતાવી રાજ્યની વૃદ્ધિ કરવા માંડી હતી.જે ૨૪૫=ઈ.સ.૪૯૪ પછી પણ ચાલુ જ હતી. આ પ્રમાણે એકંદર ચર્ચાનો સાર થયો કહેવાશેઃ છતાં વચ્ચે જે બે ગાળા (પ્રથમનો રૂષભદત્ત અને ઇશ્વરસેન વચ્ચેનો અને બીજો આંક ઉઘાડો રાખવો પડે છે.

---

પદ પણ તેણે જ પ્રથમ ધારણ કર્યું છે; તે માટે રાજા ઈશ્વરસેને કોઈ સંવતનું નામ ન લખતાં "પોતાના રાજ્યે" એવો શબ્દપ્રયોગ કર્યો છે.

(૬૦) શા માટે ત્રિરશ્મિ શબ્દ વાપર્યો છે, અને ત્રિકૂટક નથી વાપર્યો; તે માટે ઉપરની ટી. નં. ૨૬ જુઓ.

(૬૧) ઉપરના પરદેશી રાજકર્તાઓના વૃતાંત ઉપરથી આ પદની ગૌરવતા વિગેરેનો પરિચય આપણને થઈ ગયો છે. (જુઓ પૃ. ૧૬૪ થી આગળ.)

(૬૨) સંવત્સરનો સ્થાપક ભલે ઈશ્વરદત્ત છે પણ આદિપુરૂષ ઈશ્વરસેન પોતે રાજા બન્યો હોવાથી તેના સમયના પ્રારંભથી જ સંવત્સરની આદિ ગણાવી છે. આવો દૃષ્ટાંત આ કાંઈ પ્રથમ જ નથી. તે માટે ઉપરની ટી નં.૨૪ જુઓ.

(૬૩) ઇશ્વરસેનની પાછળ તુરત જ લાગલો થયો છે. એટલે બન્ને વચ્ચે પિતા–પુત્રનો સંબંધ હોવાનું વિશેષ અનુમાન બંધાય છે. તેમજ પોતે સંવત્નો સ્થાપક હોવા છતાં ઇશ્વરસેનના સમયથી જે પ્રારંભ ગણાવે છે તે મુદ્દાથી પણ આપણા અનુમાનને સમર્થન મળે છે. વળી શિવદત્ત, ઇશ્વરદત્ત વિગેરે નામ પણ પરસ્પરનો સંબંધ સૂચવે છે.

(૬૪) રાજ્યનો અંત લંબાયો હોય એમ જરૂર માનવું રહે છે; પણ ચોક્કસ જણાયું નથી માટે તેનો

(૬૫) જે જીતનો ઉલ્લેખ ડો. ભગવાનજીએ કર્યો છે તે આ જીત સમજવી (જુઓ ઉપરની ટી. નં. ૪૩)

(૬૬) સ્વતંત્ર બન્યો છે એટલે જ તેણે ત્રિરશ્મિ પ્રદેશ ઉપરથી તેને જ અનુસરતું ત્રૈકૂટકવંશનું નામ તેણે પાડયું હોવું જોઇએ (જુઓ ઉપરની ટી. નં. ૨૬ તથા ૬૦) તેથી ત્રિકૂટકવંશ અને તેના રાજાઓ તે ત્રૈકૂટકાઝ કહેવાય છે.

વળી આગળના અને પાછળના ત્રૈકૂટકા એવા શબ્દો વપરાયા છે (જુઓ ટી. નં. ૫૪) એટલે આ ઈશ્વરદત્ત વિગેરેને પ્રથમના સમજવા. પછી વચ્ચે ત્રુટી તૂટી પડી હશે અને વળી આગળ જતાં ધરસેન વિગેરે તે વંશના કુળ દીપકો રાજપદે સ્વતંત્ર થયા હશે:જેથી તેમના માટે પાછળના ત્રૈકૂટકાઝ એવું વિશેષણ જોડયું કહેવાય; બાકી એટલું તો ચોક્કસ છે જ કે, બન્ને વંશોએ એક જ સંવતસરનો ઉપયોગ કર્યો છે. તેથી સમજવું રહે છે કે તે સર્વે એક જ જાતિના તથા ગોત્રના હતા. (જુઓ ઉપરની ટી. નં. ૨૨ તથા ૨૩)

(૬૭) એમ તો તે પૂર્વે ક્ષત્રપ રૂદ્રસેન પહેલાના સમયે આભીર પ્રજા સૈન્યપતિના હોદ્દા પર હતી (જુઓ કો. આં. રે. પ્રસ્તાવના પૃ. ૬૧ લેખ નં. ૩૯)

ઇશ્વરદત્ત અને ધરસેન વચ્ચેનો ) પડ્યા છે તેના ઐતિહાસિક મંકોડા જો મળી રહે તો એક સળંગ વસ્તુ હાથ આવી ગઇ કહેવાશે; જે આપણે આગળ ઉપર જોઇશું.

જેમ દરેક પ્રજાનું વર્ણન કર્યા પછી તેમના ધર્મ વિશે લખવાની પદ્ધતિ અખત્યાર કરી છે તેમ અહીં પણ આ ત્રણ પ્રજા વિશે લખત, પરંતુ હવે પછીના બીજા પરિશિષ્ટમાં જે પ્રજાનું વર્ણન કરવાના છીએ તે લખાઇ ગયા બાદ, તે સર્વેના ધર્મને લગતો એક જ પારિગ્રાફ લખવા ધાર્યો છે; કેમકે તે સર્વેનો એક જ ધર્મ હોવાનું શિલાલેખથી તથા સિક્કાથી જણાયું છે.

## પરિશિષ્ટ આ

આ પરિશિષ્ટમાં ગૂર્જર પ્રજા વિશે બોલવું રહે છે. તેમાં ઓશવાલ, શ્રીમાલ અને પોરવાડ-પોરવાલ[1] ઇ. નો સમાવેશ પણ થઇ જાય છે. જોકે સામાન્ય રીતે હવે તો તે શબ્દ એવા જ અર્થમાં વપરાતો રહ્યો છે કે સારાયે ગુજરાત-ગૂર્જર રાષ્ટ્રમાં વસતી પ્રજા તે ગૂર્જર પ્રજા: એટલે તેમાં ગમે તે જ્ઞાતિ અને ધર્મ પાળતા માનવીનો સમાવેશ થતો ગણી શકાય. બાકી જે સમયની આપણે હકીકત લખી રહ્યા છીએ તે સમયે તો ગૂર્જરરાષ્ટ્ર કે ગુજરાત તેવો શબ્દ જ અસ્તિત્વમાં નહોતો[2] એટલે હાલની માફક તેવડા બહોળા અને વિશાળ અર્થના રૂપમાં ગૂર્જર શબ્દની વ્યાખ્યા થતી નહોતી. તે સમયે તો માત્ર ઓશવાળ, શ્રીમાળ અને પોરવાડ જાતિના સભ્યોનો જ ગૂર્જર પ્રજામાં સમાવેશ કરાતો હતો. તે આપણને નીચેના વર્ણનથી સમજાશે; છતાં ગૂર્જર શબ્દની ઉત્પત્તિ કેમ થવા પામી તે અદ્યાપિ પર્યંત અંધારામાં જ રહ્યું છે. એટલે વિદ્વાનોએ સ્વીકાર્યા પ્રમાણે આ શબ્દને મેં પણ ઉપયોગમાં લીધો છે.

વિદ્વાનોની માન્યતા એવી છે કે, એશિઆઈ તુર્કીની ઉત્તરે આવેલા કોકેસસ[3] પર્વતવાળા પ્રદેશમાંના જ્યોર્જીયા કે જ્યોર્જ ટાઉનમાંથી જે આર્યો હિંદ તરફ ઉતરી આવ્યા હતા, તેમાંથી અપભ્રંશ થતાં થતાં ગૂર્જર નામ કદાચ પાડવામાં આવ્યું હોય. જ્યારે આ પુસ્તકમાં આર્યોનું મૂળ સ્થાન એશિયાઇ તુર્કી નહીં, પણ એશિયાઇ તુર્કસ્તાનમાંહેલા મર્વ નામના શહેર અને ઓક્સસ[4] નદીવાળા પ્રદેશમાં ઠરાવી, ત્યાંથી તેમનું સરણ અફગાનિસ્તાનના શિસ્તાન પ્રાંતમાં થયેલું જણાવ્યું છે. ત્યાં શ્રુતિકાર ઇત્યાદિની જન્મભૂમિ હોવાથી અને તે પ્રદેશને ગેન્ડ્રીઆના કહેવાતો હોવાથી, ત્યાંની પ્રજાને તેને મળતું જ કોઇ નામ અપાયું હોય અને પછી કાળ જતાં તેનું અપભ્રંશ બનીને ગૂર્જર થયું હોય તેવી એક શંકા ઊભી કરી[5] છે. ખરૂં શું હોઇ

(૧) પૂર્વમાંથી આવ્યા તે પૌરવાલ, પોરવાલ, પોરવાડ કહેવાય. કોની પૂર્વ દીશા સમજવાની છે તેનો ખ્યાલ આગળ ઉપર આપણે આપીશું.

(૨) તે સમયે ( એટલે ઈ. સ. પૂ. ની ચારથી પાંચ સદીએ ) આ પ્રદેશને મુખ્યત્વે કરીને 'લાટદેશ'ના નામે ઓળખવામાં આવતો હતો. જો કે તેની સીમા ચોક્કસપણે હજુ કહી શકાતી નથી જ.

જ્યારે વિદ્વાનોએ ગૂર્જર પ્રજાની ઉત્પત્તિનો સમય ઇ. સ. ની છઠ્ઠી સદીમાં માન્યો છે અને તેનું સ્થાન ગ્વાલિયર-ઝાંસીવાળા પ્રદેશમાં ( સરખાવો નીચે ટી. નં ૨૫. ) ઠરાવ્યો છે.

(૩) નીચેની ટીકા નં. ૪ જુઓ.

(૪) કોકેસસ અને ઓકસસ: બન્ને નામો સરખાંજ ગણાય એટલે નામોચ્ચારના સાદૃશ્યપણાને લીધે યુરોપીય વિદ્વાનોએ અનેક વખતે એક વસ્તુને બીજી તરીકે જેમ માની લીધી છે, તેમ આ કિસ્સામાં પણ બન્યું હશે કે!

(૫) જુઓ ઉપરમાં

શકે તે હજુ સુધી નિશ્ચિતપણે સાબિત થયું નથી.

ગમે તેમ હો, પણ જે પ્રજા ત્યાં વસી રહી હતી તેમાંનું એક ટોળું ઈ. સ. પૂ. ની છઠ્ઠી સદીની શરૂઆતમાં સિંધુ નદી ઓળંગીને તેની પૂર્વના પ્રદેશમાં વસવા માંડયું હતું. વળી ઇરાની શહેનશાહ ડેરિયસ અને તે બાદ ઝર્ક્ઝીસના સમયે પણ અનેક કારણોને[૬] લીધે તે પ્રજાની આવજાવ ઘણી હતી.તેમાંયે જ્યારથી કુદરતી કોપથી સિંધુદેશની રાજધાની વીતભયપટ્ટણનો નાશ થઇને જેસલમીરનું રણ બની ગયું હતું, ત્યારથી અથવા તે પછી થોડા વખતેજ પૂર્વ સમયની સર્વપ્રકારની આવજાવ ઉપર અંકુશ પડી ગયો હતો. એટલે હવે હિંદ તેમનાથી ભિન્ન જ પડી ગયો હતો; જો કે અત્યાર સુધી જે પ્રજા સિંધુ નદીની પેલી પારથી હિંદમાં આવી વસી હતી તેમની સંખ્યા તો ઘણીયે હતી; છતાં પત્તો મળે છે ત્યાંસુધી, આવી પ્રજામાંની લગભગ લાખ દોઢ લાખની સંખ્યાને ઈ. સ. પૂ. ૪૫૭ થી ૪૪૭ ના અરસામાં જૈનાચાર્ય શ્રી રત્નપ્રભસૂરિએ સ્વધર્મની દીક્ષા આપી જૈન ધર્મી બનાવી હતી. આ પ્રજાએ[૭] ભિન્નમાલ નગર જ્યાં હાલ આવ્યું છે તે સ્થાનની આસપાસ નવી નગરી વસાવીને સંસ્થાન જમાવ્યું હતું. તે નગરીનું નામ ઓશિયા હતું. તે ઉપરથી ત્યાંના નગરજનો ઓશવાળ કહેવાયા છે. આ લોકો સર્વ રીતે સુખી હોવાથી--અથવા કહો કે ત્યાં આવીને સુખી થવાથી—મૂળ વતનના તેમના જાતિ ભાઇઓને આકર્ષણ થયું. એટલે બીજું એક નાનું ટોળું પચાસેક વર્ષમાં વળી આવી ચડ્યું હતું. આ ટોળામાં પં. ચાણક્યના બાપદાદાઓ આવ્યા હોય એમ સમજી શકાય[૮] છે. પછી સમ્રાટ પ્રિયદર્શિનના રાજ્યે તેમજ તે બાદ જ્યારે સિંધુ નદીની પૂર્વ અને પશ્ચિમનો વ્યવહાર વધી પડ્યો હતો, ત્યારે નહપાણના જમાઈ રૂષભદત્તના બાપદાદાનું ટોળું આવીને[૯] ઓશિયા નગરીના વતનીઓમાં ભળી ગયું હતું. આ પ્રમાણે વસ્તીનો વધારો થવાથી તેમાંથી થોડાકે પાસેના પ્રદેશમાં બીજી નગરી વસાવી રહેવા માંડયું; પણ આ બન્નેની અવરજવર અને ભેળસેળ ચાલુજ રહ્યા. આ નવી ઉમેરાયલી પ્રજામાંથી શ્રીમાળીની ઉત્પત્તિ થઇ કહી શકાય. વળી તે પ્રદેશ ઉપર જ્યારથી ભૂમક ક્ષહરાટની રાજ્યસત્તા ચાલુ થઇ હતી ત્યારથી તો તે સવેના રૂપરંગ જ ફરી ગયા હતા એમ કહીએ તો પણ ચાલે; કેમકે આમે તેઓ મૂળે આર્યો તો હતા જ, તેમાં હવે તો વળી તેઓ હિંદી જ બની ગયા હતા. ઉપરાંત સમ્રાટ પ્રિયદર્શિને પ્રસાર કરેલ ધર્મનાં સાધ-

(૬) ઇરાનીઓની સત્તા તો આ પ્રદેશ સુધી લંબાઇ હોય એમ જણાયું નથી. (જુઓ ઉપરમાં પૃ.૨૮૫.)

(૭) વર્તમાન રાજપૂતાનામાંના શિરોહી રાજ્યે ગોડવાલ પ્રાંતમાં તે આવેલું છે (જાલોર, બાલોતરા, કુંભલનેર, એરણપુરા, પાલી, લુણીઇ. આખો ગોડવાલ પ્રાંત જ મૂળે ગૂર્જર પ્રજાની ભૂમિરૂપે જાણવો.) તેનું સ્થાન જોધપુરથી આબુ પર્વતની દિશામાં લગભગ ૨૮ માઈલ ઉપર કહી શકાય. ત્યાંથી જ ગૂર્જર પ્રજાની—વિદ્વાનોના મતથી ગૂર્જર રાજપૂતોની–ઉત્પત્તિ કહી શકાશે. (આ પરિચ્છેદમાં આગળ ઉપરનું વર્ણન વાંચો)

હિં. પુ. ઐ. (ગુજરાતી) પૃ. ૬૮. આબુ પર્વતની વાયવ્યે ૫૦ માઇલ પર આવેલા ભિન્નમાલ અથવા શ્રીમાલ નગરમાં ગૂર્જર રાજપૂતોની રાજધાની હતી. ભરૂચનો ગૂર્જર રાજવંશ, ભિન્નમાલ રાજવંશની એક શાખા માત્ર હતી.

(૮) પુ. ૨ માં ચાણક્યના જન્મસ્થાન વિશેની સર્વ હકીકત વાંચવાથી આ બાબતનું બધું અનુસંધાન મળી રહેલું સમજી શકાશે.

(૯) આ સમયને આપણે ઇ. સ. પૂ. ૨૯૦ થી ૨૫૦ નો કહી શકીશું. (કે. હિ. ઇ. પૃ. ૫૧૬ માં જે લખ્યું છે કે મિથ્રેડેટસ બીજાના સમયે શક પ્રજામાં ખળભળાટ થયો હતો તે આ પ્રસંગ હોવા સંભવ છે)

નોની અતિ વિપુલતા તે પ્રદેશમાં સચવાઇ રહેલ હોવાથી[૧૦] તેમજ તેઓએ પણ ઉપર જણાવી ગયા પ્રમાણે તે જ ધર્મ અંગીકાર કરી લીધેલ હોવાથી[૧૧] ત્યાં તેઓ અમનચમનમાં રહી પોતાના દિવસો ગુજારતા પડી રહ્યા હતા. પછી ભૂમકનું રાજ્ય સમાપ્ત થતાં નહપાણનો અમલ આવ્યો. વળી જ્યારથી તે અરવલ્લી પર્વતની પૂર્વ પ્રદેશનો સ્વામી બન્યો ત્યારથી ત્યાંની પ્રજા, તેનાજ રાજ્યની અરવલ્લીની પશ્ચિમ ભાગની પ્રજા સાથે સંબંધમાં આવતી ગઇ. એટલે આ પૂર્વની પ્રજાવાળો ભાગ તે પોરવાડના નામે ઓળખાવા લાગ્યાનું[૧૨] કહેવાય. આ પ્રમાણે ઓશવાળ, શ્રીમાળ[૧૩] અને પોરવાડની ઉત્પત્તિ હોવાનો મારો ખ્યાલ છે. પછી નહપાણ જ્યારથી અવંતિપતિ બન્યો ત્યારથી તો તે ત્રણે પ્રજા આ બાજુ અને પેલી બાજુ એમ ચારે તરફ પ્રસરવા મંડી પડી હતી. ભૂમક અને નહપાણની સત્તા સૌરાષ્ટ્ર પર પણ જામેલી જ હતી. એટલે તે દિશા તરફ પણ તેમનો ઉતાર તો હતો જ. છતાં એટલા મોટા પ્રમાણમાં તો નહોતો જ. તે તો રૂષભદત્તના સમયે જ થયો દેખાય છે. નહપાણનું મરણ થતાં અવંતિની ગાદીએ ગર્દભીલ વંશ આવ્યો હતો અને તે વખતે અવંતિની ગાદી સર કરવા માટે રૂષભદત્તે આબુ પર્વતના માર્ગે અવંતિની દિશામાં પ્રયાણ કર્યું હતું એમ જણાવી ગયા છીએ. ત્યાં તે સ્થાન જપ્ત થઇ ગયાના સમાચાર મળવાથી પોતાની જ હકુમત નીચેના સૌરાષ્ટ્રમાં તેણે અડ્ડો નાંખ્યો અને જૂનાગઢ-ગિરિનગરમાં ગાદી કરી. જેથી ઓશિયા અને ભિન્નમાલનાં સારાં સારાં કુટુંબો પોતાના માનીતા રાજાની પાછળ પાછળ સૌરાષ્ટ્રમાં ઉતર્યાં. આ પ્રમાણે હિજરત કરનારાઓમાંનો થોડોક ભાગ વચ્ચે આવતા કચ્છમાં અટવાઇ ગયો અને ત્યાં સંસ્થાન જમાવ્યું. કચ્છમાં તેથી જ ઓશવાલ અને શ્રીમાળી અત્યારે માલૂમ પડે છે જ્યારે પોરવાડનું ત્યાં નામ જ નથી, અથવા મળી આવે છે તો પણ બહુ જ જુજ; કેમકે પોરવાડનું વસતિસ્થાન મૂળ અરવલ્લીની પૂર્વમાંજ હતું. અને તે પ્રદેશ ઉપર તો ગર્દભીલ વંશીઓની આણ પ્રથમથી વર્તતી થઇ ગઇ હતી; એટલે તેમને તે દેશ છોડીને પ્રયાણ કરવા બહુ અગત્યતા રહી નહોતી. પણ જ્યારે રાજા ગર્દભીલે[૧૪] ( ખરું નામ દર્પણ ઊર્ફે ગંધર્વસેન ) જૈનધર્મી હોવા છતાં, કામને વશ થઇ અનાચાર આદર્યો હતો, ત્યારે તેના પ્રતિકાર તરીકે

(૧૦) પ્રિયદર્શિનના મરણ બાદ, અને શુંગવંશી અમલ દરમ્યાન, ભારત દેશના અન્ય વિસ્તારમાં શુંગવંશી રાજાઓએ ધર્મદ્વેષને લીધે સઘળું ફોડીતોડીને જૈન ધર્મનું નામનિશાન કાઢી નાખ્યું હતું. પણ અરવલ્લીની પશ્ચિમનો પ્રદેશ તેમની સત્તામાં આવેલ ન હોવાથી ( જુઓ મિનેન્ડર અને ભૂમકના રાજ્યવિસ્તારની હકીકત ) તે સ્થાનને પોતાના લક્ષરૂપ તેઓ બનાવી શકયા ન હોતા. તેથીજ ત્યાં જૈન મંદિરો વિગેરે જળવાઇ રહ્યાં હતાં ( ઉપરની ટી. નં. ૭ માં ગૂર્જરની ઉત્પત્તિના સ્થાન સાથે સરખાવો.)

(૧૧) ભૂમક, નહપાણ રૂષભદત્ત વિગેરે આખી ક્ષહરાટ અને શક પ્રજા જૈન હતી એમ તેમના વૃત્તાંતમાં પુરવાર થઈ ગયું છે.

(૧૨) આ કારણથી જ પોરવાડની વસ્તી અરવલ્લીની પશ્ચિમે બહુ નથી દેખાતી

(૧૩) જો આ પ્રમાણે સાચું જ ઠરે તો ઓશિયાનગરીનું સ્થાન જુદું જ ઠરે. ત્યાંના ઓશવાળ કહેવાય જ્યારે તેની પાસેના નગરનું નામ ભિન્નમાલ અને તેના રહીશો શ્રીમાળ કહેવાય; આ બન્ને સ્થાન નજીક હોવા જોઇએ એટલું ખરૂં જ.

(૧૪) ગર્દભીલ વંશનો સ્થાપક હોવાથી તેનું નામ ગર્દભીલ પડી ગયું છે; અને તેજ નામે ટૂંકામાં ઓળખાઇ ગયો છે. બાકી તો તેના વંશના સર્વ રાજાઓને ગર્દભીલ તરીકે સંબોધી શકાય.

થોડાકે રૂષભદત્તના રાજ્યનો માર્ગ લીધો હતો. અને વર્તમાનકાળે ઉત્તર ગુજરાત જે કહેવાય છે ત્યાં આશરો લીધો હતો; જેથી પોરવાડની વસતી ત્યાંપણ મળે છે. પણ સૌરાષ્ટ્ર સુધી તેઓ પહોંચેલ નહીં હોવાથી, સૌરાષ્ટ્રમાં પોરવાડ બીલકુલ નથી અથવા બહુ જ જુજ છે. વળી જે ઓશવાલ અને શ્રીમાળી કચ્છમાં ઉતર્યા તેમાંનો મોટો ભાગ મધ્યમ સ્થિતિનો હોવાથી, ત્યાં પોતાનો અસલ ધંધો જે ખેતીવાડીનો અને ઢોરઉછેરનો હતો તેમાં તેઓ પડી ગયા, તેમજ ત્યાં ભૂમિની વિશાળતા હોવાથી તે ઠેકાણે તેમને ફાવટ પણ આવી ગઈ. અત્યારે પણ તે પ્રદેશના ઓશવાલ અને શ્રીમાળ તે ધંધામાં મચ્યા રહેલ જણાય છે. ખરી વાત છે કે, કાળપલટા પ્રમાણે હવે તો તેમણે તે અસલનો વ્યવસાય છોડી પણ દીધો છે.

આ સમયે શક પ્રજાના મૂળ વતનમાંથી એક ત્રીજું ટોળું ઉતરી આવવાનો પ્રસંગ ઉપસ્થિત થયો હતો. જેનું વર્ણન ગર્દભીલ વંશના વૃત્તાંતમાં લખવાનું છે જ. અત્ર તો સમય પૂરતું જ જણાવીશું. રાજા ગર્દભીલના દુષ્ટ આચરણને લીધે તેને શિક્ષા કરવા કોઇ જબરદસ્ત હાથની જરૂર હતી. હિંદમાં તે વખતે જે પરાક્રમી અને બળવાન સત્તાઓ રાજ્યઅમલ ઉપર હતી તેમાંથી કોઇ ઉપયોગી થાય તેમ નહોતું[૧૫] એટલે સિંધુની પેલી પાર વસતા શક સરદારોની મદદ લેવી પડી હતી. તે પ્રજા શિસ્તાનના કાંઠે ઇરાની અખાતના રસ્તેથી ઉતરીને સૌરાષ્ટ્રમાં ઉતરી હતી. ત્યાં રૂષભદત્ત—અસલ પોતાની જ શક પ્રજાના સરદાર—ની સત્તા હતી એટલે તેમને બધાને ફાવતું આવી ગયું હતું રાજા રૂષભદત્ત જૈન ધર્મી હતો. વળી શક પ્રજાને તેડી લાવનાર પણ જૈનાચાર્ય જ હતા, તેમ પ્રસંગ પણ જૈન ધર્મની રક્ષા ખાતરનો હતો. ઉપરાંત પોતાના દુશ્મનની સામે-કેમકે પોતાનો હક્ક ડુબાવીને અવંતિપતિ બની બેઠેલા ગર્દભીલની સામે-યુદ્ધ કરવાનું હતું એટલે રૂષભદત્તને તો સોનું અને સુગંધ ભેળું મળ્યા જેવો પ્રસંગ હતો. પણ પોતે અતિ વૃદ્ધ થઇ ગયો હતો અથવા મરણ પથારીએ હતો. એટલે બહુ ઉપયોગી થવાય તેમ નહોતું જ; તેમ પોતાનો પુત્ર દેવણક નાની ઉમરનો હોવાથી ઘણો મદદગાર થઇ પડે તેમ નહોતું: જેથી પોતાની શક્તિ અનુસાર નવા આગંતુક શક પ્રજાના ટોળાને પોતાના પ્રદેશમાં રહેવાની (ચોમાસું બેસી ગયેલ હોવાથી યુદ્ધ માટે ઋતુ પ્રતિકુળ ગણાય માટે) તથા અન્ય જરૂરીઆતની અનુકૂળતા કરી આપી હતી. પછી તો યુદ્ધ થયું અને તેમાં શક પ્રજાનો વિજય થયો વિગેરે ઇતિહાસ આગળ ઉપર કહેવામાં આવશે. પણ અત્ર જે નોંધ લેવી ઘટે છે તે એ કે, અહીં રહેલી રૂષભદત્તવાળી શક પ્રજા (જો કે તેમને તો હવે હિંદી પ્રજા જ કહી શકાય, પણ સંબંધ બતાવવા ખાતર આ શબ્દ વાપર્યો છે) તેમજ યુદ્ધ પછીના શક રાજાની પ્રજા, તે બન્ને મિશ્રિત થઈ ગઇ હતી. પછી જ્યારે અંધ્રપતિ ગૌતમીપુત્ર શાતકરણીએ[૧૬] સૌરાષ્ટ્ર ભૂમિ ઉપર યુદ્ધમાં વિજય મેળવીને આ શક પ્રજાનો સંહાર વાળી નાંખ્યો, ત્યારે તેનો જે જુજ ભાગ બચત રહેવા પામ્યો તેમાંથી આભીર પ્રજાનો ઉદય થયાનું અને તેમાંથી પ્રખ્યાત સૌરાષ્ટ્રપતિ રા'વંશની ઉત્પત્તિ થયાનું કહી શકાય. તેમ બીજી બાજુ

(૧૫) આ માટે કેટલુંક વિવેચન ઉપરમાં દશમા પરિચ્છેદે અપાઈ ગયું છે.

(૧૬) રાણીબળશ્રીનો પુત્ર જે ગૌતમીપુત્ર શાતકરણી (જુઓ કો. આં. રે. પ્રસ્તાવનામાં શિલાલેખ નંબર ૩૭) તરીકે ઓળખાયો છે તે.

(૧૭) તેમનામાં ઓશવાલ વિગેરેની વસ્તી

આ રૂષભદત્તે, તેના સસરા નહપાણના રાજ્યે નાસિકના પ્રદેશ ઉપર જીત મેળવી, થોડો સમય ત્યાં સત્તા ભોગવી હતી અને પોતાની પ્રજાને વસાવી હતી; તેમાંથી આભીર પ્રજાની બીજી શાખા ઊભી થયાનું કહી શકાય. 'પરિશિષ્ટ અ, માં જણાવ્યા પ્રમાણે તેમાંથી રાજા ઇશ્વરસેન તથા ત્રિકૂટક મહાક્ષત્રપ ઇશ્વરદત્તનો ઉદય થયો કહી શકાય. આ પ્રમાણે દક્ષિણના આભીર અને સૌરાષ્ટ્રના આભીર, ભલે એક જ પ્રજાના અંશો છે, છતાં દક્ષિણવાળી પ્રજાની સાથે ઓશવાલ, શ્રીમાળ અને પોરવાડ તરીકે પ્રખ્યાત થયેલ પ્રજાનો અંશ ભેગો મળેલ ન હોવાથી, તેઓ સૌરાષ્ટ્રના આભીર કરતાં તેટલા અંશે[૧૭] નિરાળા પડી જતા કહેવાય.

આટલા વિવેચનથી સમજી શકાશે કે, ઓશવાલ, શ્રીમાળ અને પોરવાડ પ્રજાનું સ્થાન અરવલ્લીની પૂર્વે[૧૮] અને પશ્ચિમે તથા અવંતિમાં અને સૌરાષ્ટ્રમાં જ મુખ્યપણે હતું. આ પ્રદેશો ઉપર રાજા ગર્દભીલ દર્પણનું અને તે પછી, શક પ્રજાનું રાજ્ય થયું હતું. તે બાદ શકારિ વિક્રમાદિત્ય અને તેના વંશનું રાજ્ય થયું. તે બાદ ચષ્ઠણવંશી ક્ષત્રપોનું થયું. આ સર્વ રાજાઓ[૧૯] જૈન મતાનુયાયી હતા એટલે ત્યાં સુધી તેમની જાહોજલાલી, ધર્મપ્રેમ તથા ધર્મ-પાલનની વૃત્તિમાં વૃદ્ધિ જ થતી રહી હતી; પણ પછી ગુપ્તવંશીઓનો રાજઅમલ તે સર્વ પ્રદેશ ઉપર તપતો થયો હતો. તેઓ વૈદિક મતાનુયાયી—અથવા તો વિશેષ અંશે શક્તિની ઉપાસના તરફ ઢળતા-હોવાથી આ ત્રણે વર્ગની સર્વ પ્રજાને સહન તો કરવું પડયું હતું. છતાં તે સર્વ રાજાઓ પ્રજાપ્રેમની કિંમત આંકનારા હોવાથી તેમની પ્રજા તરીકે અવંતિસુદ્ધાંમાં પણ તેમને ધર્મની બાબતમાં ખમવું પડયું નહોતું; એમ ટૂંકમાં કહી શકાય ખરું. તેમજ તેમની (ગુપ્તવંશની) પડતીના સમયે તેમનો જે સરદાર અથવા સૈન્યપતિ વિજયસેન સૌરાષ્ટ્રમાં હકુમત ચલાવતો હતો તેણે સ્વતંત્ર બની પોતાના મૈત્રક વંશની સ્થાપના કરી[૨૦] હતી. તેના અમલમાં પણ તેઓ તે જ પ્રમાણે નિરૂપદ્રવિત જીવન ગાળી રહ્યા હતા. પણ ગુપ્તવંશનો સંહાર કરનાર હુણ પ્રજાનાં ટોળે ટોળાં જ્યારે ઉતરી પડયાં અને તેમના સરદાર તોરમાણની તથા તેના પુત્ર મિહિરકુળની સત્તા અવંતિ ઉપર થઇ (ઈ. સ. ૪૯૦ થી ૫૩૩ સુધી) ત્યારે તો જોરજુલમ, દમન, લૂંટફાટ, મારફાડ રંજાડ, સ્ત્રીઓને પકડી વ્યભિચાર સેવવો, માણસોને બાનમાં પકડી લઇ જવા, ઇત્યાદિ એટલાં બધાં વધી

ભલે નહોતી, પણ તેથી તેઓ જૈન મતાનુયાયી નહોતા એમ તો ન જ કહી શકાય. ઉલટું તેમના શિલાલેખ અને સિક્કા ઉપરથી એમ પુરવાર થઇ શકે છે કે તેઓ ન ધર્મી જ હતાઃ જે હકીકત હવે પછીના પારિગ્રાફે સ્પષ્ટ કરવામાં આવી છે તે જુઓ.

(૧૮) જુઓ ઉપરમાં ટી. નં. ૧. તથા તેની સાથે ટી. નં ૭ ની હકીકત સરખાવો.

(૧૯) આ સર્વે નામો જે જણાવ્યાં છે તેને જૈન ધર્મી ગણી લેવામાં બહુ વાંધા જેવું કે આશ્ચર્ય જેવું વાચકને નહીં લાગે, પણ ચષ્ઠણ ક્ષત્રપના વંશને તે સંપ્રદાયના ગણાવતાં તેઓ એકદમ આશ્ચર્યમાં ગરકાવ થઇ જાય તેવું લાગશે જ, છતાં દુનિયામાં શું શું નથી બનતું જણાયું? એટલે તે વિષય હવે પછીના પારિગ્રાફે ચર્ચાયો છે ત્યાં જોવાં વિનંતિ છે. વળી તે બાદ સિક્કાની કેટલીક હકીકત જોડી છે. તે સર્વ વાંચીને મનન કરવા પણ વિનંતિ છે.

(૨૦) આ મૈત્રકવંશ નામ કેમ પડયું તે જણાયું નથી. ઇતિહાસમાં તેને વલ્લભીવંશના નામથી ઓળખવામાં આવ્યો છે. આ વિજયસેનનું ટૂંકું નામ ભટાર્ક-ભટ્ટારક પણ હતું. તેની સત્તાઅમલનો સમય

પડયાં કે, કોઇ પ્રજાને સુખે બેસીને ધાન ખાવાનો વારો પણ નહોતો. તેવા સમયે પછી ધર્મની તે કોને જ પડી હોય? છતાં થોડો સમય આ સર્વ પ્રજાએ ખામોશી અને સબૂરી પકડી રાખી: પણ જ્યારે કોઇ માર્ગજ ન રહ્યો અને હુણ સરદારોએ ત્રાસ વર્તાવવામાં આઘું પાછું[21] જોયું જ નહીં, ત્યારે આ સર્વ ઓશવાળ, શ્રીમાલ અને પોરવાડો ત્યાંની અન્ય પ્રજા સાથે મળી જઇ તે પ્રદેશનાં અતિ પવિત્ર ગણાતા તીર્થસ્થળ આબુ ઉપર એકઠા થયા; અને યુદ્ધોચિત શુરવીરતા ગ્રહણ કરી, હથિયાર ઉપાડવાની પ્રતિજ્ઞાઓ લીધી[22] તથા હુણ પ્રજા તરફથી લદાતા સર્વ પ્રકારના ઉપસર્ગ સામે આપદ્ધર્મ તરીકે ક્ષત્રિયત્વ ધારણ કરી અંતિમ હદ સુધી લડી લેવા શપથ લીધા. અત્ર ઓશવાલ, શ્રીમાલ, પોરવાડ વર્ગમાંથી જેણે[23] હથિયાર ધર્યાં તેઓ હવેથી ક્ષત્રિય તરીકે ઓળખાવા લાગ્યા.[24] બાકી જેમણે હથિયાર નહોતા ગ્રહણ કર્યા તે એમને એમ સાદા પ્રજાજન રહ્યા. બન્ને પ્રજાનું સામસામું યુદ્ધ મંડાયું અને અવંતિ તથા આબુની વચ્ચે આવેલા મંદસોર મુકામે ઘોર સંગ્રામ મચ્યો. તેમાં હુણ પ્રજાનો એકદમ સંહાર વળી

---

ગુપ્ત સં. ૧૯૦=ઈ. સ. ૪૭૯ ના અરસામાં કહેવાય. તે સમયે અવંતિ ઉપર સ્કંદગુપ્તનો અમલ તપતો હતો; પણ તે વંશની પડતી થતાં જ તે વખતે આ ભટ્ટારકનો જે નબીરો સત્તા ઉપર હતો તેણે મહારાજા પદ ધારણ કર્યું હતું.

(૨૧) આ હુણ પ્રજાની ખાસિયત વિશે ગુર્જરસો તરફથી છપાયેલ, હિંદનો ઇતિહાસ ઉત્તરાર્ધ છપાઇને ઈ. સ. ૧૯૩૫ માં બહાર પડયો છે. તેના લેખક મિ. છોટાલાલ બાલકૃષ્ણ પુરાણીએ જે વિચારો પૃ. ૫૪ માં ટાંકયા છે તે પુરતો ખ્યાલ આપે તેમ છે જેથી આ નીચે તે સહાબરા ઉતાર્યા છે.

"હિંદની બધી પ્રણાલી કથાઓ મિહિરગુલને લોહીતરસ્યો અને સીતમગર તરીકે વર્ણવવામાં સંમત થાય છે. તેઓ ખેતર અને ગામડાં આગથી બાળતાં અને કોઇ પણ જાતના વિવેક વગરની કત્લેઆમથી લોહીથી રેલાયેલાં જોતાં, ભયવિસ્મત થયેલા લોકોને એ હૂનોનાં સંખ્યા, બળ, ઝડપી ગતિ તથા નિવારી શકાય એવી ક્રૂરતાનો અનુભવ થયો. આ બધા ખરા ભયોમાં તેમના તીણા અવાજ, જંગલી ચાળા, તથા ઈસારાઓ અને તેમના વિચિત્ર બેડોળપણાથી નીપજતાં વિસ્મય અને તીવ્ર અણગમાની લાગણીથી હમેશ થતો હતો. બાકીની મનુષ્ય જાતિથી તેઓ તેમના પહોળા ખભા, ચપટાં નાક તથા માથામાં ઊંડી ઉતરી ગયેલી નાની કાળી આંખોથી જુદા પડતા હતા અને લગભગ નહીં જેવી દાઢી હોવાથી તેમનામાં જુવાનીની મર્દાનગી ભરી શોભા કે ઘડપણનો આદરણીય દેખાવ નહોતો જોવામાં આવતો."

(૨૨) રાજપૂતોના ચાર અગ્નિકુળની ઉત્પત્તિ આબુ પર્વત ઉપર થયાનું ઇતિહાસ જે જણાવે છે તે આ પ્રસંગ સમજવો. ચાર અગ્નિકુળોનાં નામો-(૧) જોધપુરનો પ્રતિહારવંશ (૨) અજમેરનો ચહુઆણવંશ (૩) માળવાનો પરમારવંશ (૪) અને ચોથો ચૌલુકયવંશ ગણાય છે પણ મને શંકા થાય છે કે તેમાં આ વંશને કાંઈક વિશેષ પડતું મહત્ત્વ અપાઇ ગયું છે (જુઓ નીચે ટીકા નં. ૨૭ તથા આ પૃષ્ઠે આગળની હકીકત)

H. H. P. 659:—The Hindu Rishes & Brahamins make new heroes at Mount Abu. These heroes are called Agnikula or Fire dyansty.

(૨૩) कम्मुणा बम्भणो होइ कम्मुणा होइ खत्तिओ।
वइसो कम्मुणा होइ सुद्दो होइ कम्मुणा ॥
માણસ કર્મથી બ્રાહ્મણ થાય, કર્મથી ક્ષત્રિય થાય, કર્મથી વૈશ્ય થાય અને શૂદ્ર પણ કર્મથી-ક્રિયાથી જ થાય.

(૨૪) આ કારણથી જ ઓશવાળ શ્રીમાળનો સંબંધ જો મેળવવા જશો તો રાજપૂતાનાના ક્ષત્રિયો સાથે મળતો થઇ જાય છે.

ગયો અને હિંદી ક્ષત્રિયોનો વિજય થયો. પ્રજા જયજયકાર બોલવા લાગી અને તેણે છૂટકારાનો દમ ખેંચ્યો. આ બનાવ ઇ. સ. ૫૩૩ માં બન્યો કહી શકાશે. પછી જે ક્ષત્રિયોએ યુદ્ધમાં ભાગ લીધો હતો તેમણે વિજયપ્રાપ્તિના પ્રદેશની વહેંચણી કરી લીધી. એક ભાગે અસલના ભિન્નમાલ–ઓશિયા નગરી તરફનો ભાગ લીધો. તેઓનો વંશવેલો ઇતિહાસમાં પ્રતિહાર તરીકે પ્રખ્યાત થયો. તેમની ઉત્તરે આવેલ અજમેર-વાળા પ્રદેશનો ભાગ ચૌહાણવંશી તરીકે પ્રખ્યાતિ પામેલાઓએ લીધો; જ્યારે બીજા બે ભાગે અરવલ્લીની આ બાજુએ–એટલે પૂર્વમાંના પ્રદેશ ઉપર–જમાવટ કરી તેમાંના દક્ષિણના ભાગ ઉપર એટલે અવંતિ ઉપર પરમારવંશી અને ઉત્તરના એટલે ગ્વાલિયર–ઝાંસીવાળા ભાગ ઉપર મૌખરી[૨૫] ક્ષત્રિયોએ કબજે મેળવ્યો. આ ચારે વિભાગમાંથી જે ક્ષત્રિયોએ વિશેષપણે કૌશલ્ય દાખવ્યું તેમને સૌથી ઉત્કૃષ્ટ અગત્યતાવાળો અવંતિનો ભાગ અપાયો. તેનું સ્થાન પણ સૌથી ઊંચું રખાયું. અને ત્યારથી તે પ્રદેશ જે માલવા પણ કહેવાતો હતો તેને અનુસરીને એક નવો સંવત્સર ગતિમાન થયો. જેનું નામ પણ માલવસંવત પાડવામાં આવ્યું. મૌખરી ક્ષત્રિયોના ભાગે જે પ્રદેશ ગયો હતો તે સ્થાનને વિદ્વાનોએ ગૂર્જર[૨૬] પ્રજાની ઉત્પત્તિના એક સ્થાન તરીકે લેખાવ્યો છે. શું કારણ તેમને મળ્યું હશે તે કલ્પી શકાતું નથી. બાકી રાજપૂત પ્રજાના ચાર વર્ગમાં વિદ્વાનોએ ચૌલુકય રાજપૂતોને ગણાવ્યા છે; તે બહુ સમયોચિત નથી લાગતું; કેમકે તેમની ઉત્પત્તિનો ( ચૌલુકય વંશની ગાદિનો) સમય પણ જુદો પડે છે[૨૭] તેમજ ઉપરમાં વર્ણવેલ સર્વ સામાન્ય પ્રજા ઉપર ઉતરી આવેલ આફતના વિદારણમાં તેમણે કોઇપણ પ્રકારે ભાગ ભજવ્યાનું પણ દેખાતું નથી; તેમ તેમનો સત્તાપ્રદેશ પણ સર્વથા જુલ્મ વેઠનારી પ્રજાની ભૂમિથી તદ્દન અલગ પડી ગયેલ છે. એટલું જ

---

અત્યારના રાજપૂતાનાના તેમજ ગુજરાતના ઓશવાળો પોતાને રજપૂત ક્ષત્રિયોની ઓલાદમાંથી ઉતરી આવેલા જે ગણાવે છે તેનું કારણ પણ એ જ સમજવું.

(૨૫) ગ્વાલિયર ઉપર હકુમત ભોગવતા રાજાઓને વિદ્વાનોએ કનોજના સમ્રાટ હર્ષવર્ધનના વંશમાંથી ઉતરી આવેલા ગણ્યા છે, પણ ભૂલવું જોઇતું નથી કે હર્ષવર્ધનની બહેનને ગ્વાલિયરપતિ વેરે પરણાવી હતી એટલે તે કનોજનો અને ગ્વાલિયરનો વંશ એક ન જ કહેવાય. હા, એટલું ખરૂં કે હર્ષવર્ધનના વંશનો અંત આવ્યેથી તેનું રાજ્ય તેની બહેનના ઘેર ગયું હતું; જેથી કનોજનું રાજ્ય ગ્વાલિયર પતિની આણામાં આવ્યું કહેવાય.

વળી પાછળથી ગ્વાલિયરના ક્ષત્રિયો મૌખરી રાજપૂતો કહેવાયા છે તેમને પરિહારવંશ ( કનોજનો કે તેની આસપાસના પ્રદેશનો ) સાથે સંબંધ હતો ખરો, પણ તેથી તેઓ પોતે જ તે વંશના ન કહી શકાય.

વળી આગળ જતાં, આ મૌખરી વંશમાં રાજા ભોજદેવ થયો છે અને તે જ સમયે અવંતિની ગાદીએ પરમાર વંશમાં પણ ભોજદેવ થયો છે ? બન્ને ભોજદેવો સમકાલીન હોવાથી ( જુઓ પુ. ૧ પૃ. ૧૮૭ ની ટીકામાં આપેલી વંશાવળી ) વિદ્વાનોએ એક બીજાનાં જીવન ચરિત્રો ગુંચવી નાંખ્યા છે; બલ્કે એક જ ધણીના તરીકે તેમણે ગણી લીધાં છે.

તે પૃષ્ઠની વંશાવળીમાં મૌખરી રાજપૂતોને મેં પણ વિદ્વાનોની માન્યતાને અનુસરીને પરિહારવંશ તરીકે ઓળખાવ્યો છે; પણ ઉપર જણાવ્યા પ્રમાણે તે હકીકત સંશોધન માંગે છે.

(૨૬) સરખાવો ઉપરની ટી. નં. ૭.

(૨૭) ઈ.સ. ૫૩૩ માં આ યુદ્ધ મંડાયું ત્યારપહેલાં તો તેની ઉત્પત્તિ થઈ ચૂકી પણ હતી. આ હકીકત સાક્ષી આપે છે કે અગ્નિકુળની ઉત્પત્તિ સાથે તેનો સંબંધ હોઇ ન શકે. ઉપરની ટીકા નં. ૨૨ સરખાવો.

નહીં પણ તેનાથી અતિ અતિ દૂર પડેલ છે.

ઉપર પ્રમાણે ગૂર્જર પ્રજાની ઉત્પત્તિનો અને ક્ષત્રિયત્વ સાથેના તેમના જોડાણનો ઇતિહાસ, જેટલો અને જેમ, મને સુઝયો તેમ, અહીં મેં રજૂ કર્યો છે. તેનો સાર સંક્ષિપ્તરૂપે પાછો નીચે ઉતારૂં છું. તેમાં થતી કોઈ સ્ખલના વિદ્વાનો સુધારશે એવી ઇચ્છા સાથે તે વિષય બંધ કરૂં છું.

ગુર્જર પ્રજા વિશે વિદ્વાનો શું ધારે છે અને મારી માન્યતા શું બંધાઇ છે તે નીચેની કલમમાં સાર રૂપે જણાવું છું.

| | વિદ્વાનોના મતે | ખરી સ્થિતિ શું સંભવે છે–મારા મતે |
|---|---|---|
| **(૧) મૂળ તથા ઉત્પત્તિ** | કોકેસસ પર્વતવાળો પ્રદેશ જેને પાછળથી જીઓર્જીયા પ્રાંત કહેવામાં આવ્યો છે તે જીઓર્જીયા ઉપરથી તે પ્રદેશમાં રહેનારા-ઓને જીઓર્જીયાન કહેવાયા અને તેનું અપભ્રંશ થતા થતાં ગૂર્જર શબ્દ વપરાતો થયો. કોઇકના મતે ગુર્જરની ઉત્પત્તિ જે હૂણ પ્રજા હિમાલયની ઉત્તરેથી આવી હતી તેમાંથી થયાનું ગણાય છે. | શકસ્તાન અથવા શિસ્તાન જ્યાં વૈદિક-મતના ધર્મગ્રંથોના કર્તાઓ–મુનિ મનુ આદિ ઋષિઓ જન્મ્યા હતા ત્યાંના વતનીઓ તેઓ છે. કુદરતી આફતથી કે રાજકર્તાના જુલ્મથી હિંદ તરફ તેઓ ઉતરી આવ્યા હતા અને તેમાંથી ગૂર્જર પ્રજાની ઉત્પત્તિ મુખ્યપણે થઇ છે. |
| **(૨) વસ્તીનું સ્થાન** | ગ્વાલિયર અને ઝાંસી જ્યાં આવેલ છે તેની આસપાસનો પ્રદેશ માને છે. | રાજપૂતાનાનો ભાગ છે : રાજધાની ભિન્નમાલ નગર હતું, જે હાલના જોધપુર શહેરની કાંઇક દક્ષિણે અને શિરોહી રાજ્યના ગોડવાડ નામથી ઓળખાતા પ્રાંતમાં આવેલું હતું. |

( ટીપણ : જોધપુરના સેવક અથવા ભોજક તરીકે ગણાતા બ્રાહ્મણો, પોતાને શાકદ્વીપના બ્રાહ્મણો તરીકે ઓળખાવે છે. તેઓ પણ અવ્યંગ જેવી એક દોરી ( Neck-lace=ગળાની કંઠી ) ગળે બાંધતા. સમ્રાટ પ્રિયદર્શિનના ખડકલેખોમાં જેને [૨૮]ભોજકાઝ કરીને સંબોધ્યા છે તે શું આ જોધપુર રાજ્યના વતનીઓ હશે કે!)

| | | |
|---|---|---|
| **(૩) સમય** | ઇસવીના ચોથી, પાંચમી કે છઠ્ઠી સદીમાં તેમનો સમય[૨૯] ગણે છે. | જો કે વીતભયપટ્ટણના દટ્ટણના સમયથી તેની આદિ ગણાય; પણ ખરી રીતે તેની નોંધ ઇ. સ. પૂ. ૪૪૭ માં જ્યારથી ઓશિયા નગરીની સ્થાપના થઈ હતી ત્યારથી જ ઐતિહાસિક દૃષ્ટિએ લેવી રહે છે. |

બાકી વિશેષપણે તો તેનો વેપાર અને દ્રવ્યવૃદ્ધિ ઇ. સ. પૂ. ચોથા સૈકાની શરૂઆતથી–મહારાજા પ્રિયદર્શિનના સમયથી–થવા પામી હતી. એટલે ત્યાંથી ગણવી હોય તોપણ ગણી શકાશે. તેને મળતો જ અભિપ્રાય એક ત્રિમાસિક[૩૦] પત્રમાં આ પ્રમાણે શબ્દોમાં આળેખાયો છે:—"The probabilities are that the Gurjaras are of the same stock as the Sakas and came into India with them; and on the break of the Mauryan Empire they began to rule Gujarat, Kathiawar

(૨૮) જુઓ બુદ્ધિપ્રકાશ ( ગુ.વ.સો.નું મુખપત્ર ) પુ. ૭૬, પૃ. ૧૧. સર જીવણજી મોદીનું ભાષણ.

(૨૯) સરખાવો ઉપરમાં ટી. નં. ૪.

(૩૦) જુઓ ધી કવાર્ટર્લી જરનલ ઓફ ધી મિથિક સોસાયટી પુ. ૧૦ અને ૧૯૧૯–૨૦. પૃ. ૧૯૭.

and Malwa, where they had already settled=વધારે સંભવિત તો એમ છે કે-ગુર્જર અને શક પ્રજા તે બન્ને એક જ માંથી[31] ઉદ્દભવી છે અને સાથે જ હિંદમાં આવી છેઃ અને મૌર્ય સામ્રાજ્યની પડતી થતાં, તેઓએ ગુજરાત, કાઠિયાવાડ અને માળવામાં રાજ્ય સ્થાપ્યું છે. કે જ્યાં તેઓ કયારના[32] આવીને વસી રહ્યા હતા.

**ઉપરની સર્વે પ્રજાનો ધર્મ**

હવે તેઓના ધર્મ સંબંધી ઉલ્લેખ કરીએ. તે જાણવાનું મુખ્ય સાધન તો શિલાલેખ અને સિક્કાઓ સિવાય અન્ય કોઇ જણાતું નથી; તેમ દૂસરાં સાધન મળી આવે તો તેટલાં પ્રમાણિક ગણાય પણ નહીં.

હિંદીશક પ્રજાનું વિવેચન કરતાં સાબિત કરી ચૂકયા છીએ કે તેઓ જૈનમતાનુયાયી હતા. બીજી આભીર અને ત્રીજી ત્રૈકુટકવંશી પ્રજાવિશે પણ ઉપરના પરિચ્છેદે જ તેમના શિલાલેખી પુરાવાથી પુરવાર કરાયું છે કે તેઓ સર્વ એક જ વંશ-જાતિ-કે કુળ ( race & stock ) માંથી ઉતરી આવેલ હતા; તેમજ તેમની લખાણ પદ્ધતિ પણ એક જ પ્રકારની હોઇ એમ માનવાને કારણ રહે છે કે તેઓ ધર્મે પણ એક જ હોવા જોઇએ. આ શિલાલેખી અનુમાનને સિક્કાના પુરાવાઓ ટેકો આપતા જણાયા છે. ત્રૈકૂટકવંશનાં સિક્કાઓ જોવાથી[33] માલૂમ પડશે કે, તેમણે જૈનધર્મનાં જે ચિહ્નો, સૂર્ય, ચંદ્ર અને ચૈત્ય[34] ઇ.છે તે સર્વે તેમાં કોતરાવ્યાં છે. વળી ઇતિહાસ પણ સાક્ષી પૂરે છે કે મહારાષ્ટ્રના રાષ્ટ્રિકવંશ-ત્રૈરાષ્ટિકવંશના રાજાઓ જેમને ત્રૈકૂટકવંશી રાજાની ઓલાદ ગણવામાં આવે છે તે જૈનમતાનુયાયી જ હતા: એટલે જ્યારે, તે ત્રૈકૂટવંશના આદિ અને અંતિમ પુરૂષો એક જ ધર્મ પાળતા માલૂમ પડયા છે ત્યારે વચ્ચગાળના રાજાઓ પણ તે જ ધર્મનું પાલન કરતા હશે એમ સહજ અનુમાન કરી શકાય છે; છતાં આ અનુમાન કાંઇ સર્વથા ટકી શકે નહીં જ. એવાં તો અનેક પુરાવાઓ અને દૃષ્ટાંતો ઇતિહાસનાં પાને નોંધાયલાં છે કે, એક જ વંશ-જે ઘણો લાંબો[35] ચાલ્યો

(૩૧) સરખાવો ઉપરમાં શક, આભીર અને ત્રિકૂટકો, ત્રણે એક જ પ્રજા છે એવી રજુઆત કરતી હકીકત : વળી આ શકનું ઉદ્દભવસ્થાન ભિન્નમાલ નગર હતું તેમજ આ ગુર્જર તરીકે ગણાતી ઓશવાળ, શ્રીમાલનું ઉદ્દભવસ્થાન પણ ભિન્નમાલ નગરનું હતું તે હકીકત સરખાવો. એટલે સૂત્ર સિદ્ધાંતના નિયમ પ્રમાણે શક પ્રજા અને ગુર્જર પ્રજા બન્નેનાં ઉત્પત્તિ સ્થાન, તથા વસવાટની હકીકત સમજાઇ જશે.

(૩૨) કયારનો એ શબ્દ જ સૂચવે છે કે તેમણે રાજ્ય સ્થાપ્યું તે પૂર્વે ( ઇ. સ. પૂ. ની બીજી સદીમાં નહપાણનું રાજ્ય છે ) આ શક અને ગુર્જર પ્રજાનો વસવાટ થઇ રહ્યો હતો જ

(૩૩) પરિશિષ્ટની અંતે જોડેલા સિક્કાચિત્ર અને તેને લગતી સમજુતિ જુઓ

(૩૪) આ ચિન્હોના અર્થ શું થાય છે તે પુ. ૨ ની આદિમાં સિક્કાને લગતાં બે પરિચ્છેદો જોડયાં છે તે તપાસી જુઓ.

(૩૫) જે વંશ લાંબો વખત ચાલયો હોય અને વારંવાર ધર્મપલટો જેના રાજવીઓએ કર્યો હોય તેના દૃષ્ટાંતમાં અંધ્રપતિનો શાતવહન વંશ કહી શકાય. તેનું વૃત્તાંત પાચમા પુસ્તકમાં આવશે. લગભગ ૪૦૫ વર્ષ તે વંશ ચાલ્યો છે તેમાં પ્રથમ જૈનધર્મ,પછી વૈદિકધર્મ, તે બાદ જૈનધર્મ અને છેવટે વૈદિકધર્મ પળાતો રહ્યો હતોઃ તેવી જ રીતે આ શક, આભીર ત્રિકૂટક અને રાષ્ટ્રિક રાજાઓમાં પણ બનવા પામ્યું છે.

હોય કે ટૂંકા વખતમાં ખતમ થયો હોય છતાં[36] તેમાં વારંવાર તેમનો ધર્મ બદલાતો રહ્યો હોય. આ ત્રૈકૂટક રાજાઓની બાબતમાં પણ તેમ બન્યું હોય તેમ દેખાય છે; કેમકે તે વંશના આદિ પુરૂષોમાંના ઇશ્વરદત્તના, તેમજ બસોએક વર્ષના ગાળાબાદ થયેલા ધરસેન, વ્યાઘ્રસેન વિગેરેના સિક્કાઓ જે પ્રાપ્ત થયા છે તે ઉપર લખાયલા અક્ષરો અને કોતરાયલાં ધાર્મિક ચિહ્નો બતાવી આપે છે કે, ઇશ્વરદત્ત ઈ. આદિના રાજાઓ જૈનધર્મ પાળતા હતા; જ્યારે ધરસેન ઇ. વૈદિકમત પાળતા હતા. ધરસેને સિક્કામાં પોતાને મહારાજેન્દ્રદત્તપુત્ર પરમવૈષ્ણવ શ્રી મહારાજ તરીકે ઓળખાવ્યો છે એટલું જ નહી પણ પોતે કોતરાવેલ શિલાલેખમાં[37] જીત મેળવીને તેના ઉત્સવમાં તેણે અશ્વમેધ ઉજવ્યાની નોંધ પણ લીધી છે. એટલે નિર્વિવાદપણે કહી શકાય છે કે, તે તથા તેની પછી આવનારા તેના વંશજો વેદમતાનુયાયી હતા જ. એમ માત્ર બસો વર્ષના ગાળામાં શા કારણુ તેમને મળ્યાં હશે કે તેમણે ધર્મપલટો કરવાની જરૂરિયાત લાગી હશે તે વિષય આપણને બહુ સ્પર્શતો તો નથી જ. છતાં ઇતિહાસમાં એક નવું કિરણ[38] મળે છે; અને જ્યારે પ્રસંગ ઊભો થયો છે ત્યારે જરા ટચકું મારી લેવું તે ઇચ્છાથી જ એકાદ નાનો ફકરો તેનો લખી કાઢયો છે.

આખોયે ચષ્ટણવંશ જૈન ધર્માનુયાયી હતો એમ જ્યારે આપણને કોઈ જાહેર કરે ત્યારે તે કથન અત્યારના યુગમાં આશ્ચર્યકારક જ લાગશે. એટલું જ નહી પણ હસવા જેવું કે ગાંડપણપૂર્ણ લાગશે; કેમકે ક્ષત્રપ જેવી હિંદ બહારથી આવેલ અને આવી પરાક્રમશીલ પ્રજા જૈનધર્મ જેવો અહિંસાપ્રધાન ધર્મ શું પાળતી હોય ? તે કલ્પના જ[39] પ્રથમ દરજ્જે તો બુદ્ધિમાં ઉતરે તેવી નથી. પણ જ્યારે આપણે તેમની ઉત્પત્તિનાં સ્થાનનો[40] તેમજ તે સ્થાન સાથે ત્યાંની ગુફાઓમાં કોતરાયલાં અને અદ્યાપિ મોજુદપણે જળવાઇ રહેલાં દશ્યો[41] વાળી ઘટનાનો મુકાબલો કરીએ છીએ, ત્યારે તે આપણું આશ્ચર્ય, હાસ્ય કે સામાનું ગાંડપણ વિગેરે સર્વ ઓગળી જાય છે; અને ઉચ્ચારવું જ

(૩૬) અને ટૂંક વખત ચાલ્યો હોય છતાં ધર્મપરિવર્તન થયું હોય તેના દષ્ટાંત તરીકે માર્યવંશ જુઓ. તે માત્ર બસો વર્ષથી ઓછી મુદતમાં ખતમ થયો છે છતાં જૈન અને બૌદ્ધધર્મ તેમણે અપનાવ્યો હતો.

(૩૭) ઉપરમાં પૃ. ૩૭૭ શિલાલેખ નં ૪૫ ની તથા તેની વગતી ટી. નં. ૨૦ જુઓ.

(૩૮) નવું કિરણ એટલે નવી જ હકીકત તેમાં સમાયલી છે; એટલું જ નહી પણ વિદ્વાનોએ જે સત્યની અવગણુના કરવામાં મહત્તા માની છે તે સત્ય પ્રકાશમાં આવી જાય છે અને તેથી અનેક માન્યતા તેમને ફેરવવી પડવાના પ્રસંગો ઊભા થાય જરી.

(૩૯) અહિંસાધર્મ પાલન કરનાર પણ ક્ષત્રિય વટને ભૂલાવી દે તેવાં તેમજ આશ્ચર્યમાં ગરકાવ કરે તેવાં કાર્યો કરીને, રાજપાટ પણ શોભાવી શકે છે તેનાં દષ્ટાંતરૂપ આ ચષ્ટણનો આખો ક્ષત્રપવંશ કહી શકાશે. તેમ આખો મૌર્યવંશ, શિશુનાગવંશ, નંદવંશ, ગર્દભીલવંશ, ચેદિવંશ ઇ. ઈ. ઘણાં દષ્ટાંતો આપી શકાશે.

(૪૦) તેમનું ઉત્પત્તિસ્થાન મધ્ય એશિયામાં આવેલું તુર્કસ્તાન છે, જ્યાં મેરૂ પર્વતનું સ્થાન તથા આર્ય પ્રજાનું મૂળ સ્થાન આપણે કલ્પી બતાવ્યું છે. જુઓ ઉપર.

(૪૧) મધ્ય એશિયાના તારકંદ, સમરકંદ પાસેના પાર્વતીય પ્રદેશોમાંની ગુફાઓની ભીંતો ઉપર આખી કથાને કથા વર્ણવતાં દશ્યો કોતરાયલાં પડયાં છે અને તેને વિદ્વાનોએ, જૈનધર્મના ૨૩ મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથની જીવન કથાના બનાવ તરીકે જણાવ્યાં છે.

રહે છે કે, તે કદાચ સત્ય ઐતિહાસિક ઘટના હોય પણ ખરી. છતાંયે તે સર્વેને–અનુમાન અને કલ્પનાના જ જોરે ઊભાં કરેલાં સત્યોને–ખુદ ચષ્ટણ અને તેના તનુજે પણ, પોતે જ પડાવેલ સિક્કા–ચિહ્નોવડે જ્યારે તે વાતને પ્રખર ઘોષણાના ઘંટારવે વધાવી લેતા દેખાય છે ત્યારે તેમણે જ સ્વીકારેલાં ચંદ્ર સૂર્ય ( Crescent & star=Moon & sun ) નાં ચિહ્નની પેઠે તે હકીકતને યાવચ્ચંદ્રદિવાકરૌ સત્ય[૪૨] તરીકે અંગીકાર કરવાને આપણને પણ હરકત ક્યાંથી જ આવે ! સિક્કાઈ પુરાવા ઉપરાંત આ ક્ષત્રપોએ શિલાલેખોમાં પણ તેવી જ હકીકત[૪૩] ઘણા પ્રકારે પાથરી મૂકી છે; જેને મિ. રેપ્સન જેવા વિદ્વાને પણ કબૂલ રાખ્યાનું સમજી લેવું રહે છે. ત્યાં[૪૪] તેમણે " જૂનાગઢ શિલાલેખ નં. ૪૦ " તરીકે ઓળખાતા તથા તેની એક ગુફામાંથી પ્રાપ્ત થયેલ શિલાલેખની હકીકતનું વર્ણન કરતાં જણાવ્યું છે કે,"–The purport of the inscription cannot be ascertained but it is probably Jain in character= લેખ કોતરવાનો આશય નક્કી થઇ શકતો નથી. સોવસા તેનો હેતુ જૈન[૪૫] હોવાનો છે. એટલે જ આ સ્વધર્મી જૈન ક્ષત્રપોના[૪૬] સૂબાપદે જેઠાઇને ઇશ્વરદત્ત જેવા આભીરપતિઓ કામ કરી રહ્યા હતા, તથા તક મળતા તેમના શેઠે એટલે તે ક્ષત્રપોએ ધારણ કરેલ 'મહાક્ષત્રપ' નો ઇલ્કાબ અંગીકાર કરી પોતે સ્વતંત્ર બની બેઠા હતા. ઉપરાંત પોતાના સિક્કામાં પણ તેમણે તેને તે જ ચિહ્નો કોતરાવ્યાંનું મુનાસબ ધાર્યું હતું; પરંતુ તે પ્રદેશ ઉપર વૈદિકમતાનુયાયી ગુપ્તવંશીઓ બિરાજતા થયા, તે બાદ તેમના રાજ્યકાળની પડતીના સમયે તેમના સૂબા જેવા ધરસેન, વ્યાઘ્રસેન આદિએ, ત્રૈકૂટક જૈનોના વારસદાર તેઓ હોવા છતાં, પરમ વૈષ્ણવ મહારાજ જેવું વૈદિકધર્મનું બિરુદ અપનાવી લીધું[૪૭] હતું. અને તે જ વંશમાં તે બાદ પાછા બસો

( ૪૨ ) જૈનમત પ્રમાણે જંબૂદ્વીપના મધ્યબિંદુ તરીકે લેખાતા મેરૂપર્વતની સાથે સૂર્ય અને ચંદ્રની ગતિનો સંબંધ હોવાનું મનાયું છે. અને તેથી તેને શાશ્વત સૂચક ગણતા આવ્યા છે. તે મતમાં સૂર્ય અને ચંદ્રને મહત્ત્વનાં પ્રતીક તરીકે લેખીને મંગળ વસ્તુ તરીકે પણ લેખવામાં આવે છે.

( ૪૩ ) કો. આં. રે. માં માત્ર ત્રણ ચાર ક્ષત્રપવંશી લેખોની વાત લખી છે. તે ઉપરાંત બીજા પણ લેખો તેમના મળી આવે છે. તે સર્વના વાંચનથી પણ આ હકીકતને સમર્થન કરતી હકીકતો મળી આવે છે. તેથી અહીં ઘણા પ્રકારે શબ્દ મેં વાપર્યો છે. વળી નીચેની ટી. નં. ૧૧૦ જુઓ.

( ૪૪ ) જુઓ કો. આં. રે. પ્રસ્તાવના પૃ. ૬૧, ઉપર, જૂનાગઢ રૂદ્રસિંહ પહેલાનો લેખ નં. ૪૦.

( ૪૫ ) ચષ્ટણવંશી ક્ષત્રપો જૈનધર્મ પાળતા હતા તેના એક બીજા પુરાવામાં સુદર્શન તળાવની પ્રશસ્તિ પણ લેખી શકાશે. તે પ્રશસ્તિના વાંચન–ઊકેલનો જે ગેરસમજુતિભરેલો અર્થ કરવામાં આવ્યો છે તેથી કેટલોક ઇતિહાસ મારો ગયો છે; પણ તે વિષય અહીં અસ્થાને છે. ઉપરની ટી. નં. ૧૦૮ તથા નીચેની ટી. નં. ૧૧૧ સરખાવો.

( ૪૬ ) એક બીજી વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે આ ક્ષત્રપોનો સમય ઈ. સ. ની પહેલી સદીના અંતનો છે તે સમયે ભગવાન ઈસુનો મત તો તાજેતરમાં જ પ્રગટ થયો હતો; અને તે પણ મુખ્યપણે યુરોપ તરફ જ પ્રસરતો હતો; જ્યારે હિંદમાં તો માત્ર જૈન, વૈદિક અને બૌદ્ધ એમ માત્ર ત્રણ જ ધર્મ હતા. તો પછી તે ત્રણમાંથી કોઈ એક મત તેમણે વધાવી લીધો હોય તે શું વાસ્તવિક નથી લાગતું ?

( ૪૭ ) છતાં તેમણે સિક્કામાં તો પોતના વડવાઓએ વાપરેલ ચંદ્રસૂર્યનું ચિહ્ન તેના જૂના અવશેષ તરીકે જાળવી રાખ્યું દેખાય છે જ.

અઢીસો વર્ષે થયેલા તેમના જ નપ્તાઓએ પોતાના પૂર્વજોનો-વડવાઓનો-મૂળ ધર્મ પુનઃ અંગીકૃત કર્યો હતો. આ પ્રમાણે શક, આભીર અને ત્રૈકૂટકોના ધર્મ સંબંધી હકીકત માલુમ પડી છે. જ્યારે ઓશવાલ, શ્રીમાળ અને પોરવાડ નામની ગુર્જર પ્રજાના અંશો તો મૂળમાંથી જ જ્યારથી રત્નપ્રભસૂરિના હાથે તે ધર્મને અપનાવી લીધો ત્યારથી જ ચોખ્ખી અને દેખીતી રીતે જૈનધર્માનુયાયી જાહેર થઇ ચૂક્યા છે જ તેમજ તેમના ઉપર હકુમત ચલાવતા જૈન રાજાઓના હિતાહિતમાં જ પોતાની લાગવગ અને સર્વસ્વનો હિસ્સો આપતા દેખાતા રહ્યા છે, એટલે તેમના વિશે કાંઇપણ વિશેષ લખવાની અત્ર જરૂર રહેતી નથી.

---

આ પુસ્તકમાં લખવાના વૃત્તાંત માટે ઠરાવેલ સમય દરમ્યાન જે જે રાજાઓ હિંદની ભૂમિ ઉપર પોતાની સત્તા ચલાવી ગયા છે તે સર્વેના સિક્કાને લગતી માહિતી પુ. ૨ માં મુખ્ય અંશે આપી દીધી છે છતાં જે કેટલાક રહી ગયા જેવા લાગ્યા છે તે અત્ર આપ્યા છે.

શુંગવંશના સિક્કાઓ પારખી કાઢ્યાનું પંડિત જયસ્વાલજીએ હમણાં હમણાં જાહેર કરવા માંડયું છે પણ મને તે સંબંધી ખાત્રી ન થવાથી તેને અત્રે ઉતાર્યા નથી.

આ ઉપરાંત સિક્કાને લગતી એક બે છૂટીછવાઇ હકીકત જાહેર કરવા જેવી લાગી છે તે નીચે જણાવું છું. તેમાંની એક તેના સ્થાન પરત્વેની છે અને બીજી તેના ઉપર લખાતી લિપિના અંગેની છે.

સ્થાન પરત્વેની હકીકત માટે સામાન્ય માન્યતા એવી છે કે જે પ્રદેશમાંથી જેનો સિક્કો મળી આવે તે પ્રદેશ ઉપર તેની સત્તા જામી હતી એમ ગણી લેવું જોઇએ, પણ આ સૂત્ર બરાબર નથી. તે આપણે ભૂમકનું વૃત્તાંત લખતાં પૃ. ૧૯૮ માં જણાવી ગયા છીએ; કેમકે રાજા મિનેન્ડરની રાજસત્તા ભરુચના પ્રદેશ ઉપર બીલકુલ સ્થાપિત થઇ નહોતી; છતાં તેના મહોરાવાળા સિક્કા આ ભૂમિ ઉપરથી મળી આવ્યા છે. આ પ્રમાણે કેમ બનવા પામ્યું હશે ? તેનો ખુલાસો ત્યાંને ત્યાં જ અપાયો છે એટલે અત્ર તે ફરીને જણાવવો રહેતો નથી. પણ રાણીશ્રી બળશ્રીએ પોતાના પૌત્ર ગૌતમીપુત્ર શાતકરણીએ ક્ષહરાટ અને શકપ્રજા ઉપર મેળવેલ જીતનું વર્ણન, જે નાસિકના શિલાલેખમાં કોતરાવ્યું છે તેનો ખુલાસો, નહપાણના રાજ્યવિસ્તારમાં લખવાનો ઇસારો આપણે કર્યો હોવા છતાં દૃષ્ટિચૂકથી જણાવવું રહી ગયું છે તો તે હવે ખાસ દર્શાવવો રહે છે. ત્યાંનું વર્ણન લખતી વખત સુધી ગૌતમીપુત્ર શાતકરણીનું સ્થાન મારી માન્યતા પ્રમાણે શતવહનવંશી ૨૬ મા રાજા તરિકેનું હતું, પણ તે ફેરવીને તેનો આંક નં. ૨૦ નો ઠરાવવો પડ્યો છે, જેથી તેના સમય તથા અન્ય હકીકત પરત્વે તેટલા પ્રમાણમાં સુધારો[1] કરવો રહેશે. આ ગૌતમીપુત્ર શાતકરણીના સિક્કા ( જુઓ પુ. ૨, પટ ૫ નં. ૭૬ ) મળ્યા છે સૌરાષ્ટ્રમાંથી, છતાં તે પ્રદેશ ઉપર તેની હકુમત કદાપિ થઈ જ નહોતી. પણ ત્યાંથી મળી આવવાના કારણમાં એટલું જ બનવા પામ્યું છે, કે જે જીતનું વર્ણન પ્રણી

---

( ૧ ) પુ. ૨ માં જે સમયને લગતું વર્ણન છે તે ફેરવવું પડશે. તે માટે વિશેષ અધિકાર અંધ્રવંશની હકીકતે પુ. ૫ માં તે રાજાના વૃત્તાંતે જુઓ.

બળશ્રીએ નાસિકના શિલાલેખમાં કર્યું છે તે જીત તેણે સૌરાષ્ટ્રભૂમિ ઉપર જ મેળવી હતી. વળી તેને ત્યાં જવાનું એટલા માટે થયું હતું કે, તે પોતાના મિત્ર અવંતિપતિ શકારિ વિક્રમાદિત્યના સહાયક તરીકે બલ્કે તેના આદેશથી, તે સૌરાષ્ટ્રની ભૂમિ ઉપર લડવા ગયો હતો; અને તે લડાઈમાં જ ક્ષહરાટોનો અને શકનો કચ્ચરઘાણ વાળી નાંખ્યો હતો ( જુઓ ૠષભદત્ત અને દેવણુકના વૃત્તાંતે ૪. સ. પૂ. ૫૨ માં ). આ કારણથી જ તે સિક્કામાં ગૌતમીપુત્ર અવંતિપતિ બન્યો ન હોવા છતાં અવંતિનું ચિહ્ન છે; કેમકે તે સિક્કો અવંતિપતિ શકારિ વિક્રમાદિત્યનો છે, પણ તે જીત મેળવવામાં મુખ્ય ભાગ ખરી રીતે પોતાના મિત્ર ગૌતમીપુત્રે ભજવેલ હોવાથી તેણે તેનો ચહેરો રાજા નહપાણના મ્હોરા ઉપર પાડવાની છૂટ આપી[૨] હતી.

હવે લિપિ સંબંધી જણાવીએ છીએ. તેનો સામાન્ય સિદ્ધાંત એવો છે કે, જે રાજકર્તા હોય તેની ભાષાની લિપિ સવળી બાજુ ઉપર લખાય અને જે પ્રદેશમાં તે સિક્કો ચલાવવાનો હોય તે પ્રદેશની પ્રજામાં બોલાતી ભાષા હોય તેની લિપિ અવળી બાજુ ઉપર લખાય. જેમ હાલમાં આપણા હિંદમાં બ્રીટીશ સરકારના સિક્કા પ્રચલિત છે તેમ. આ નિયમ જો ધ્યાનમાં રાખીશું તો પરદેશી પ્રજામાંના-યવન ( Greeks ), યોન ( Bactrians ), પાર્થીઅન્સ કે પહ્‌લ્વાઝ, ક્ષહરાટ, તથા શક ( Scythians ) માંના કોણે કયા પ્રદેશો ઉપર હકુમત ચલાવી હતી તે સહેજે સમજી શકાશે. તે સમજવા માટે ઉપરની સર્વે પ્રજામાંથી એક પછી એકનો દાખલો આપણે તપાસીએ. પ્રથમ યવન-ગ્રીક પ્રજા લઇશું. ખરી રીતે ગ્રીક પ્રજામાંના કોઈએ પણ ( જુઓ પુ. ૨, સપ્તમ પરિચ્છેદ ) સ્થાયી સત્તા હિંદમાં જમાવી હતી એમ કહી ન શકાય. આ કારણથી તેમના સિક્કા જે કોઈ મળી આવે છે. ( કાં તો અલેકઝાંડરના કે તેના સૂબાઓના જ મળી આવેઃ બાકી તેની પછી આવનાર કોઇના-તેમના નામ માટે જુઓ પૃ. ૧૪૫ નું વંશવૃક્ષ-મળી આવે નહીં ) તેના ઉપર તેમની માતૃભાષાના-એટલે ગ્રીક ભાષાના અક્ષરો જ આળેખેલા નજરે પડશે; પણ હિંદની કોઇ ભાષાના અક્ષરો દેખાશે નહીં.

જ્યારે યોન પ્રજામાંના પહેલા ત્રણ ચાર રાજાઓના-ડિમેટ્રીઅસે જ પ્રથમ હિંદમાં ગાદી કરી છેઃ જુઓ ઉપરમાં તેનું વર્ણન-સિક્કા હિંદની ભૂમિ ઉપર શોધ્યા પણ જડશે નહીંઃ કદાચ કોઇ સ્ખોખલ્યો દેખાય તો તેનો ખુલાસો એમ કરવો રહે છે કે, જ્યારે તેઓ હિંદમાં લુંટફાટ કરવા કે ધનસંચય કરવા આવેલ, તે સમય દરમ્યાન ક્યાંક પડી ગયો હોવો જોઇએ. પરંતુ ડિમેટ્રીઅસ અને મિનેન્ડરના સિક્કા મોટા જથ્થામાં મળી શકે. તે સિક્કાઓ ઉપર, તેમની માતૃભાષા જે ખરોષ્ટી[૩] હતી તેના અક્ષરો પણ છે, તેમ હિંદની બ્રાહ્મી લિપિના અક્ષરો પણ છે. તેજ પ્રમાણે પાર્થીઅન્સ અને શકનું જાણી લેવું. તેમના વતનની ભાષા :પહલ્વી-ખરોષ્ટીને[૪] મળતી હોવાથી-તે

---

(૨) આ સર્વ હકીકત પુ. ૫ માં દલીલપૂર્વક સમજાવવામાં આવશે

( ૩ ) ડિમેટ્રીઅસ જન્મથી યોન-બેકટ્રીઅન છે. પણ પાછળથી વસાહતના અંગે તેને હિંદી ગણવો રહે છે. જ્યારે મિનેન્ડર જન્મથી ક્ષહરાટ છે પણ યોન સરદારની નોકરીમાં જોડાયેલ હોવાથી તેને યોન ગણી શકાય, જ્યારે હિંદમાં કરેલ વસાહતને લીધે તેને હિંદી કહેવો રહે. અથવા જેમ પાર્થીઅન્સ અને શકની આગળ Indo-ઈન્ડો શબ્દ જોડાયો છે તેમ ડિમેટ્રીઅસ અને મિનેન્ડરને માટે આપણે Indo-Bactrians કહી શકશું.

( ૪ ) હાલમાં જે પરશિયન લિપિ છે તે પાછળના કોઈ સમયે પ્રચલિત થઇ હોવી જોઈએ.

લિપિ નજરે પડે છે.[૫] વળી સમજાય છે કે ગ્રીક ભાષાની લિપિ અને ખરોષ્ઠી ભાષાની લિપિ વચ્ચે બહુ ફેર નહીં જ હોય; જેથી વિદ્વાનોએ તે તે પ્રજાના સિક્કાઓને--લિપિની દૃષ્ટિ સમીપ રાખીને ભેળસેળ ગણી લઈ, પાર્થીઅન શહેનશાહોને યોન તરીકે ગણી લીધા છે. તેથી જ યોનને શક, અને શકોને પાર્થીઅન માની લીધા દેખાય છે: આમ અરસપરસ અનેક ગુંચોમાં પડી જવાયું છે.

અહીં સિક્કાને લગતું મારું વિવેચન પૂરૂં થાય છે. હવે સિક્કા ચિત્રોનું વર્ણન આપું તે પહેલાં એક તદ્દન જૂદી જ બીના રજૂ કરવી રહે છે. તેને સિક્કા સાથે સંબંધ છે એમ તો કહી ન જ શકાય; પણ તે અનુમાન સિક્કા ઉપરથી જ તારવી કાઢેલ હોવાથી તેમ તેને વ્યક્ત કરવાને હવે અન્ય સ્થાન રહ્યું ન હોવાથી અત્ર જણાવવાની તક લેવી પડે છે[૬]. તે આ પ્રમાણે છેઃ—

ડિમેટ્રીઅસ અને મિનેન્ડરના વૃત્તાંતે જણાવ્યું છે કે તેઓ હિંદમાં આવ્યા ત્યારે તેમની સાથે ભૂમક જેમ આવ્યો હતો, તેમ રાજુવુલને તેઓ તેડી લાવ્યા હોય. હવે ખાત્રી મળે છે કે, રાજુવુલને તેઓ લાવ્યા નહીં જ હોય. હજુ લાવ્યા હોય તો હગામ–હગામાસને લાવ્યા હોય. કદાચ રાજુવુલ જો હિંદમાં તેમની સાથે જ આવ્યો હોય, તોયે ક્ષત્રપ તરીકે તો તે નથી જ આવ્યો લાગતો; પણ તેણે મિનેન્ડરના મરણબાદ, શુંગવંશી ભાનુમિત્રને હરાવીને જ મથુરાનો દેશ જીતી લીધો દેખાય છે અને આપબળે જ મહાક્ષત્રપ બની બેઠો છે. તે કારણથી ક્ષત્રપ તરીકેના તેના સિક્કા મળી આવતા નથી. આટલે દરજ્જે મહાક્ષત્રપ રાજુવુલનો માનમરતબો ભૂમક કરતાં ચઢિયાતો ગણવો પડશે.

---

(૫) સ્થાપન કરેલો આ મારો સિદ્ધાંત સાચો છે કે ખોટો તે, સિક્કા લઇને કોઈ લિપિવિશારદ નક્કી કરે એમ મારી વિનંતિ છે.

(૬) બાકી હવે પછી આ બાબત જ્યારે છપાવવાનો મોકો આવશે ત્યારે તો મહાક્ષત્રપ રાજુવુલના વૃત્તાંતે જ તેને દર્શાવવી પડશે.

# પરદેશી-આક્રમણકારો




(આકૃતિ નં. ૪૩)

## પરિશિષ્ટ ૬

જે થોડાક સિક્કાઓનું વર્ણન નીચે આપવામાં આવ્યું છે તેને પુ. ૨ માં વર્ણવાયલા સિક્કાના પરિચ્છેદોની પુરવણી તરીકે લેખવું રહે છે.

| અનુક્રમ નંબર | સિક્કા ઉપરનું અન્ય લેખકોએ કરેલું વર્ણન. | કયા પુસ્તકમાં તેને લગતું વર્ણન છે. | કોનો સિક્કો છે તે માટે અનુમાન કરવા યોગ્ય દલીલો તથા તે ઉપરથી બંધાતો નિર્ણય. | [illegible] સમય. |
|---|---|---|---|---|
| ૯૪ | સવળી બાજુ–હાથીનું માથું જમણી બાજુનું તથા તેની ડોકમાં ઘંટ લટકાવેલ છે. અવળી– 'रजतिरजस महतस मोअस' અક્ષરો લખેલ છે તથા એક જાતનો દંડ છે. | કે. હિ. ઈ. પટ નં. ૬ આકૃ. નં. ૨ | ઈન્ડો પાર્થિઅન શહેનશાહ મોઝીઝે બે જાતના સિક્કા પડાવ્યા છે. બન્નેમાં હાથીનું ડોકું તો છે જ; પણ એકમાં રાજદંડ જેવો દંડ છે; જ્યારે બીજામાં વૃષભ છે. તે બન્ને નમુના આંક ૯૪ અને ૯૫ માં રજુ કર્યા છે. તેમાં તેમણે ધારણ કરેલા પદની નોંધ લેવી ઘટે છે. 'રાજાધિરાજ' શબ્દ પોતે લગાડયો છે. એટલે કે પોતે શહેનશાહની બરાબરનો પોતાને ગણાવે છે. તેમજ ઇરાનના શહેનશાહના સગપણમાં હોવાનું પણ જણાવે છે. જ્યારે નં. ૯૬ માં અયસે પોતાનું જે બિરૂદ વાપર્યું છે તે ખુદ શહેનશાહનો અતલગ સંબંધી જન હોવાનું સૂચન કરે છે. વિશેષ સ્પષ્ટીકરણ માટે આંક નં. ૯૬ નું ટીપણ વાંચો. | ઇ. સ. પૂ. ૮૫ થી ૭૫ સુધી |
| ૯૫ | સવળી બાજુ–હાથી જમણી બાજુ તથા અક્ષરો. અવળો બાજુ–'रजतिरजस महतस मोअस'ના અક્ષરો : તથા વૃષભ જમણી બાજુની તરફના મ્હોંવાળો | કે. હિ. ઈ. પટ નં. ૬ આકૃ. નં. ૯ | સઘળું ઉપર પ્રમાણે જ. | સદર |
| ૯૬ | સવળી બાજુ–જમણી તરફ રાજા, ઘોડેસ્વાર તરીકે. | કે. હિ. ઈ. પટ નં. ૭ આકૃ. નં. ૩૦ | આ આકૃતિમાં તથા કે. હિ. ઈ. પટ નં. ૮ નં. ૪૯ માં, બન્ને સિક્કાને અયસ પહેલાના હોવાનું જણાવ્યું છે. પણ ઉપરના મોઝીઝના સિક્કામાં જે 'રજતિરજસ=રાજાધિરાજ' અક્ષરો છે તથા અહીં અયસના સિક્કામાં અને નીચે | ઇ. સ. પૂ. ૩૦ થી ઇ. સ. ૧૫ સુધીના |

અવળી બાજુ–'मह-रजस रजरजस महतस अयस' નામના અક્ષરો અને એક ઉભી મૂર્તિ દેવની.

નં. ૯૭ ના ગોંડોફારનેસના સિક્કામાં " મહરજ રજતિરસ=મહારાજાધિરાજ " અક્ષરો જે લખાયા છે તે જોતાં એમ સમજાય છે કે, બાદશાહ મોઝીઝ ઇરાનના રાજકુટુંબનો કાંઇક દૂરનો–નબીરો હશે અને આપણે તેના વૃત્તાંતમાં તે જ પ્રમાણે જણાવ્યું પણ છે. તેવી જ રીતે અઝીઝ પહેલાને તથા અઝીલીઝને પણ રાજકુટુંબનાં દૂરનાં સગાં ગણાવ્યાં છે (કારણ માટે નીચેનું ટીપણુ જુઓ) એટલે તેઓ મહારાજાધિરાજ પદ ન જ ધારણ કરી શકે; પણ ઇન્ડોપાર્થિઅન્સ સ્વતંત્ર રાજકર્તા તરીકે રાજાધિરાજ તરીકે ભલે પોતાને ઓળખાવે. જ્યારે અઝીઝ બીજાને અને ગાંડોફારનેસને ખુદ રાજકુટુંબના જ માણસો હોવાનું ઠરાવી તેમણે 'મહારાજાધિરાજ'નું પદ ધારણ કર્યાનું જણાવ્યું છે. કહેવાની મતલબ એ છે કે આ સિક્કો અયસ પહેલાનો નથી પણ અયસ=અઝીઝ બીજાનો લાગે છે. ૪૯ વર્ષનો ગાળો

[ મારૂં ટીપણુ–કે. હિ. ઇ. માં પૃ. ૫૮૬ થી ૫૯૨ નું સિક્કા વર્ણન જુઓ. તેમાં મોઝીઝ માટે પટ નં. ૮ (આકૃ. ૪૮) તથા પટ નં. ૬ (આકૃ. ૯ તથા ૧૨ ) તેમજ બ્રીટીશ મ્યુઝીઅમ કેટલોગ સિક્કા નં. ૨૬ અને ૮ : અયસ પહેલા માટે બ્રી. મ્યુ. કૅ. સિક્કા નં. ૧૬૦, ૧૩૭, ૫૬ અને ૧૮૭ : અઝીલીઝ માટે બ્રી. મ્યુ. કૅ. સિક્કા નં. ૪૦, ૨૩ તથા ૩૯ તેમજ જ. રો. એ. સો. ૧૯૦૫ પૃ. ૭૮૮ ચિત્રપટ નં. ૩ : ઉપરના સર્વે સિક્કામાં આ ત્રણે રાજકર્તા માટે ' મહરજતિરસ ' શબ્દ જ વપરાયો છે : જ્યારે અયસ બીજા માટે ( જુઓ કે. હિ. ઈ. પટ નં. ૮, આકૃ. નં. ૪૫, ૪૬ તથા અત્ર વર્ણનમાં ટાંકેલ પટ નં. ૮ ની આકૃ. નં. ૪૯ માં ) ' મહરજ રજતિરસ '=મહારાજાધિરાજ શબ્દ વાપર્યા છે : એટલે એમ થયું કે ઇન્ડોપાર્થિઅન્સ રાજકર્તામાંના પહેલા ત્રણ, રાજકુટુંબના નબીરા ખરા પણ જરા દૂરના સગપણે થતા હતા. જ્યારે છેલ્લા બે અતિ નજીકના રાજકુટુંબી જનો હતા એમ સમજવું.]

| | | | | |
|---|---|---|---|---|
| ૯૭ | સવળી બાજુ—ઘોડેસ્વાર રાજા જમણી બાજુ તથા અમુક પ્રકારની નિશાની છે. અવળી બાજુ—"महरजा रजतिरस त्रातर देवमत गुडफरस" એવા અક્ષરો છે તથા દેવની ઉભી આકૃતિ છે. | કે.હિ.ઈ. પટ નં. ૭ આકૃ. નં. ૩૨ | ઇન્ડોપાર્થિઅન પાંચમા શહેનશાહ ( જુઓ કોષ્ટક પૃ. ૧૪૪ તથા પૃ. ૪૦૫ ) ગોંડોફારનેસનો છે. ઇરાનના રાજકુટુંબનો નજીકનો સગો હોવાથી તેણે "મહારાજાધિરાજ" નું પદ ધારણ કર્યું છે. ખુલાસા માટે આંક ૯૬ માં 'મારૂં ટીપણ' કરીને લખેલ હકીકત વાંચો. | ઈ. સ. ૧૯ થી ૪૫ વચ્ચેનો ગાળો |
| ૯૮ | સવળી બાજુ—ઘોડેસ્વાર રાજા. અવળી બાજુ—"महराजस रजरजस महतस अयस" એવા અક્ષરો છે તથા અમુક સ્થિતિમાં ઉભેલો એક મનુષ્ય છે. | કે. હિ. ઈ. પટ નં. ૮ આકૃ. નં. ૪૫ | ઇન્ડોપાર્થિઅન શહેનશાહના લિસ્ટમાં જણાવેલ પાંચ રાજકર્તાઓમાંની ચોથી વ્યક્તિ—અઝીઝ બીજો—તેનો સિક્કો છે : તે પણ ઉપરના આંક નં. ૯૭ માં જણાવ્યા પ્રમાણે ઇરાનના રાજકર્તા શહેનશાહોનો અંગત સંબંધી જન દેખાય છે. તેથી જ તેણે પણ 'મહારાજાધિરાજ' ની પદવી ગ્રહણ કરી છે. | ઈ. સ. પૂ. ૩૦ થી ઈ. સ. ૧૯=૪૯ વર્ષનો ગાળો |
| ૯૯ | સવળી બાજુ—જમણી તરફવાળું રાજાનું મહોરૂં. અવળી બાજુ—અક્ષરો લખેલ છે તે "महारजस त्रातारस मिनेन्डर" અને ડાબી બાજુ મ્હોંવાળું અમુક પ્રકારનું ચિહ્ન છે. | કે. હિ. ઈ. પટ નં. ૭ આકૃતિ નં. ૧૮ | અક્ષર ઉપરથી નિર્વિવાદપણે સાબિત થાય છે કે તે યોનપતિ મિનેન્ડરનો સિક્કો છે. તે પોતાને શું પદથી ઓળખાવતો હતો તે પણ તેમાં જણાવ્યું છે. દેખાય છે કે તેણે પણ એ જાતના સિક્કા પડાવ્યા છે : જેમાંનો એક પ્રકાર પુ. ૨ માં આંક નં. ૪૧ માં રજુ કર્યો છે; જ્યારે બીજો અત્રે દર્શાવ્યો છે. આ બીજા પ્રકારમાં જે ચિહ્ન દેખાય છે તેને ઇંગ્રેજીમાં Athene Promachos કહેવાય છે. | ઈ. સ. પૂ. ૧૮૨ થી ૧૫૯ સુધીનો |
| ૧૦૦ | સવળી બાજુ—રાજાનું મહોરૂં જમણી તરફ. | કે. હિ. ઈ. પટ નં. ૭ | આ જ સિક્કો તેના વિશિષ્ટ વર્ણન સાથે પુ. ૨ માં ( ચિત્રપટ નં. ૧ આંક નં. ૭–૮ ) | ઈ. સ. પૂ. ૧૬૦ થી |

| | | | | |
|---|---|---|---|---|
| | અવળી બાજુ–અક્ષરો છે "अप्रतिहतस चक्रस छत्रपस रजुबुलस" અને આંક નં. ૯૯ ના મિનેન્ડરના સિક્કામાં જે ચિહ્ન છે તે. | આકૃતિ નં. ૨૪ | રજુ કરેલ છે. છતાં જ્યારે આ પુસ્તકમાં તેનું જીવનવૃત્તાંત આવે છે તથા તે ક્ષહરાટ જાતિનો ક્ષત્રપ છે. ત્યારે આ ક્ષત્રપો પોતા માટે કેવું બિરૂદ ધરાવતા, કઈ લિપિમાં લખાણ કરતા, ઇત્યાદિ જાણવાનું હોવાથી અત્રે ફરીને રજુ કર્યો છે : વળી તેમના બિરૂદની સરખામણી ઇન્ડોપાર્થિઅન શહેનશાહોની ( આંક નં. ૯૪ થી ૯૮ ) અને યેનપતિની ( આંક નં. ૯૯ ) સાથે કરી શકાશે : સિક્કો મથુરાપતિ રાજુવુલનો–ક્ષત્રપના સમયનો–છે. તેમજ મિનેન્ડરે પોતાના સિક્કામાં વાપરેલું ચિહ્ન છે તે બતાવે છે કે, તે મિનેન્ડરના સમયે ક્ષત્રપપદે હતો. ( જુઓ ઉપરમાં પૃ. ૨૨૯ નું વર્ણન. ) | ૧૫૯ બે વર્ષનો ગાળો |
| ૧૦૧ | સવળી બાજુ–લશ્કરી ટોપીવાળા રાજાનું મ્હોરૂં જમણી બાજુનું. અવળી બાજુ–તક્ષિલા પ્રદેશનું ચિહ્ન જે અમુક ઢગલાબંધ અમુક વસ્તુનો ખડકલો બતાવે છે | કે. હિ. ઈ. પટ નં. ૮ આકૃતિ નં. ૪૨ | લિઅકનું રાજ્ય તક્ષશિલાવાળા પ્રદેશમાં હતું એમ સૂચવે છે. મથુરાના સિંહસ્તૂપની પ્રતિષ્ઠા વખતે કોતરાયલા જે અનેક નામો તે સ્તંભમાં મળી આવે છે તેમાં આ લિઅકનું નામ હોવાથી તેને મથુરાપતિ ધારી લેવામાં આવ્યો છે. તે પ્રમાણે તે દેશનો અધિપતિ નહોતો જ. ( જુઓ ઉપરમાં પૃ. ૨૩૬ નું વર્ણન. ) | ઈ. સ. પૂ. ૧૧૪ થી ૭૮ સુધીનો |
| ૧૦૨ | સવળી બાજુ-લેખ ગ્રીક ભાષામાં—राज्ञो महाक्षत्रपस घ्समोतिक पुत्र[स] चष्टणस. અવળીમાં–ત્રણ આકોનું ચૈત્ય, તેની ઉપર ચંદ્ર : પડખે ડાબી બાજુમાં ચંદ્ર અને જમણી બાજુમાં સૂર્ય તથા બ્રાહ્મી અને ખરોષ્ઠી લિપિના અક્ષરો. | જ્રા. આં. રે. પટ નં. ૧૦ આકૃતિ J. B. રૂપાનો સિક્કો છે. | ચષ્ટણે પોતાને ક્ષત્રપ ઘ્સમોતિકના પુત્ર તરીકે ઓળખાવ્યો છે એટલે પિતા–પુત્રનો સંબંધ હતો એમ સ્પષ્ટ થયો : બાકી ધર્મનાં ચિહ્નોમાં સૂર્ય અને ચંદ્ર છે તે યાવચ્ચંદ્ર દિવાકરૌની સ્થિતિ સૂચવે છે તથા ચૈત્ય છે તે જૈન ધર્મનું અને મેરૂ પર્વતની ત્રણ ચૂલિકા બતાવતું ચિહ્ન છે ( જુઓ પુ. ૨ માં સિક્કાના વર્ણનમાં. ) વળી મેરૂપર્વતનું સ્થાન મધ્ય એશિયામાં આવેલા તુર્કસ્તાનના મર્વ શહેરની આસપાસ જે ઠરાવાયું છે તે પ્રદેશમાં તેમની ઉત્પત્તિ હતી એમ પણ સૂચવે છે : ચૈત્યની નીચે વાંકી લીટી છે તે અવંતિની ક્ષિપ્રા નદી સૂચવે છે ( જુઓ પુ. ૨ સિક્કાના ચિહ્નોના અર્થની હકીકત. ) એટલે કે ચષ્ટણ પોતે અવંતિપતિમાં હતો એમ કહેવાને માંગે છે. | ઈ. સ. ૧૪૨ થી ૧૫૨ સુધીનો |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦૩ | સવળી બાજુ-રાજાનું મહોરૂં જમણી તરફનું : ગ્રીક ભાષામાં આછો લેખ છે તથા માથાની પાછળ રાજ્યના અમુક વર્ષે એમ લખેલ છે.<br><br>અવળી બાજુ-ત્રણ આંકોનું ચૈત્ય અને ઉપર ચંદ્રઃ તથા પડખે સૂર્ય ચંદ્રની નિશાની તથા નીચે વાંકી લીટી છે અને લેખમાં આ પ્રમાણે અક્ષરો છે "राज्ञो म हा क्ष त्र प स इश्वरदत्तस प्रथम वर्षे." | કો. આં. રે. પટ નં. ૧૩ આકૃતિ ૪૭૯ રૂપાનો સિક્કો છે | ઇશ્વરદત્તનું નામ લખ્યું છે એટલે કોનો છે તે માટે તો શંકા રહેતી જ નથી. સૂર્ય ચંદ્ર, ચૈત્ય અને વાંકી લીટી તથા ઉપર ચંદ્ર તેમજ મહાક્ષત્રપ શબ્દનું બિરૂદ છે; આ સર્વ ચિહ્નો ઉપરમાં આંક નં. ૧૦૨ ના ચષ્ટણના સિક્કાની પેઠે જ છે. એટલે સૂચવે છે કે તેના વંશ સાથે સંબંધ તો ધરાવે છે. પણ રાજ્યના અમુક વર્ષે એમ જે શબ્દો વાપર્યા છે તે બતાવે છે કે, ચષ્ટણથી જુદા જ વંશનો છે : પરંતુ પોતે કયો સંવતસર વાપરે છે તે ચોક્કસ નથી જ; એટલે કે તેણે વાપરેલ સંવત્સરની સ્થાપના તે સમય બાદ કરવામાં આવી છે : પણ કો. આં. રે. માં પૃ. ૧૨૪ ઉપર તેનું વર્ણન લખતાં Date of reign between the years 158 and 161 લખ્યું છે : જેથી લેખકે તે સાલનો આંક, તે સંવત્સરની આદિ ૭૮ માં થયાનું ગણીને ઇ. સ. ૨૩૬ થી ૨૩૯ જણાવ્યો છે જ્યારે તે સંવતસરની આદિ ૭૮ માં નથી પણ ૧૦૩ માં છે. તે હિસાબે ઇશ્વરદત્તનો સમય ઇ. સ. ૨૬૧ અને ૨૬૪ આવશે. તેણે 'રાજ્યના પ્રથમ વર્ષે' અને દ્વિતીય વર્ષે એવા સિક્કા પડાવ્યા હોવાનું જણાયું છે એટલે તેનો સમય ઇ. સ. ૨૬૧-૬૨ લેખવો પડશે. | ઈ. સ. ૨૬૧ અને ૨૬૨ |
| ૧૦૪ | સવળી બાજુ-રાજાનું મહોરૂં જમણી તરફનું.<br><br>અવળી બાજુ-ચૈત્ય તથા ઉપરમાં ચંદ્ર : અને સૂર્ય ચંદ્ર તથા લેખના અક્ષરો. महाराजेंद्र दत्तपुत्र परम वैश्णव श्री म हा रा जा धरेसन." | કો. આં. રે. પટ નં. ૧૮ આંક નં. ૯૩૫ રૂપાનો સિક્કો છે. | ધાર્મિક ચિહ્નો સૂચવે છે કે તે જૈનધર્માનુયાયી હતો.<br>લેખના અક્ષરોથી સમજાય છે કે, મહારાજા ધરસેન તે મહારાજા ઈંદ્રદત્તનો પુત્ર હતો : અને ધાર્મિક ચિહ્ન બતાવે છે કે તે જૈનધર્માનુયાયી હતો પણ, જ્યારે પોતાને "પરમ વૈશ્ણવ" જણાવે છે ત્યારે તેણે બાપિકો જૈન ધર્મ બદલીને વૈદિકમત અંગિકાર કર્યો હતો એમ સૂચવે છે : વળી ઇશ્વરદત્તનાં જ સર્વ ચિહ્નો છે; એટલે તેના વંશમાંનો છે એમ બતાવે છે. તેમ તેણે કોતરાવેલ શિલાલેખમાં ( જુઓ પૃ. ૩૭૭ નું વર્ણન, લેખ નં. ૪૪ ) પોતાને ત્રૈકૂટક લખેલ છે. તથા ત્યાં તેના સમયની ગણત્રીએ આપણે ઇ. સ. ૪૫૬ નો તે હોવાનું બતાવ્યું છે. | ઇ. સ. ૪૫૬ |

## વંશાવળી

નોટ:—ગત પુસ્તકમાં કે આમાં, તેમજ નીચે દર્શાવેલી હકીકતમાં જ્યાં ફેરફાર દેખાય ત્યાં સંશોધન માંગે છે એમ સમજવું.

### મૌર્યવંશની ખરી વંશાવળી

| નામ | મ. સં. થી | મ. સં. | વર્ષ | ઇ. સ. પૂ. થી | ઇ. સ. પૂ. |
|---|---|---|---|---|---|
| (૧) ચંદ્રગુપ્ત—રાજા | ૧૪૬ | ૧૫૫=૯॥ | ૨૩॥ | ૩૮૧ | ૩૭૨ |
| સમ્રાટ | ૧૫૫ | ૧૬૯=૧૪ | | ૩૭૨ | ૩૫૮ |
| (૨) બિંદુસાર | ૧૬૯ | ૧૯૭ | ૨૭॥ | ૩૫૮ | ૩૩૦ |
| (૩) અશોકવર્ધન | ૧૯૭ | ૨૩૭ | ૪૦॥ | ૩૩૦ | ૨૮૯ |
| (૪) પ્રિયદર્શિન : સંપ્રતિ : ઇંદ્રપાલિત | ૨૩૭ | ૨૯૧ | ૫૩॥ | ૨૮૯ | ૨૩૬ |
| (૫) વૃષભસેન : સુભાગસેન | ૨૯૧ | ૩૦૦ | ૯ | ૨૩૬ | ૨૨૭ |
| (૬) પુષ્પધર્મન | ૩૦૦ | ૩૦૭ | ૭ | ૨૨૭ | ૨૨૦ |
| (૭) દેવધર્મન | ૩૦૭ | ૩૧૪ | ૭ | ૨૨૦ | ૨૧૩ |
| (૮) શાતધર્મન | ૩૧૪ | ૩૧૬ | ૨ | ૨૧૩ | ૨૧૧ |
| (૯) બૃહદ્રથ | ૩૧૬ | ૩૨૩ | ૭ | ૨૧૧ | ૨૦૪ |
| | | | ૧૭૭ | | |

### શુંગભૃત્યા : શુંગવંશ

**શુંગભૃત્ય**

| નામ | મ. સં. થી | મ. સં. | વર્ષ | ઇ. સ. પૂ. થી | ઇ. સ. પૂ. |
|---|---|---|---|---|---|
| પુષ્યમિત્ર મૌર્યના સેનાધિપતિ | ૩૦૧ | ૩૨૩ | ૨૨ | ૨૨૬ | ૨૦૪ |
| વાનપ્રસ્થ | ૩૨૦ | ૩૩૯ | ૧૬ | ૨૦૪ | ૧૮૮ |
| | | | ૩૮ | | |

**શુંગવંશ**

| નામ | મ. સં. થી | મ. સં. | વર્ષ | | ઇ. સ. પૂ. થી | ઇ. સ. પૂ. |
|---|---|---|---|---|---|---|
| (૧) અગ્નિમિત્ર પુષ્યમિત્રની હૈયાતિમાં | | | | | | |
| સ્વતંત્ર સમ્રાટ — સાદો | ૩૨૩ | ૩૩૯ | ૧૬ | ૩૦ | ૨૦૪ | ૧૮૮ |
| કલ્કિરૂપે | ૩૩૯ | ૩૪૬ | ૭ | | ૧૮૮ | ૧૮૧ |
| | ૩૪૬ | ૩૫૩ | ૭ | | ૧૮૧ | ૧૭૪ |
| અંતર્ગત વસુમિત્ર યુવરાજ તરીકે | ૩૩૯ | ૩૪૬–૭ | | | ૧૮૮ | ૧૮૧ |
| (૨) ઓદ્રક : બળમિત્ર | ૩૫૩ | ૩૭૦ | ૧૭ | ૩૨ | ૧૭૪ | ૧૫૭ |
| (૩) ભાગ : ભાગવત ભાનુમિત્ર | ૩૭૦ | ૩૮૫ | ૧૫ | | ૧૫૭ | ૧૪૨ |
| (૪) પુલિંદિક | ૩૮૫ | ૩૯૨ | ૭ | | ૧૪૨ | ૧૩૫ |
| (૫) ઘોષ | ૩૯૨ | ૩૯૬ | ૪ | | ૧૩૫ | ૧૩૧ |

| નામ | મ. સં. થી | મ. સં. | વર્ષ | ઇ. સ. પૂ. થી | ઇ. સ. પૂ. |
|---|---|---|---|---|---|
| (૬) વસુમિત્ર | ૩૯૬ | ૪૦૩ | ૭ | ૧૩૧ | ૧૨૪ |
| (૭) દેવભૂતિ | ૪૦૩ | ૪૧૩ | ૧૦ | ૧૨૪ | ૧૧૪ |
| | | | ૯૦ | | |

## પરદેશી પ્રજાના રાજાઓ

| | | | | | |
|---|---|---|---|---|---|
| (અ) બેકટ્રીઅન્સ : યોન | | | | | |
| (૧) ડિમેટ્રીઅસ | | | | | |
| હિંદ બહાર | ૩૨૨ | ૩૩૫=૧૩ | | ૨૦૫ | ૧૯૨ |
| હિંદમાં | ૩૩૫ | ૩૪૫ | ૧૦ | ૧૯૨ | ૧૮૨ |
| (૨) મિનેન્ડર | ૩૪૫ | ૩૬૮ | ૨૩ | ૧૮૨ | ૧૫૯ |
| | | | ૩૩ | | |
| (આ) ક્ષહરાટ | | | | | |
| મધ્યદેશ | | | | | |
| (૧) ભૂમક | ૩૬૮ | ૪૧૩ | ૪૫ | ૧૫૯ | ૧૧૪ |
| (૨) નહપાણ | ૪૧૩ | ૪૫૩ | ૪૦ | ૧૧૪ | ૭૪ |
| | | | ૮૫ | | |
| મથુરા : સુરસેન | | | | | |
| (૧) રાજુવુલ | ૩૭૨ | ૪૧૦ | ૩૮ | ૧૫૫ | ૧૧૭ |
| (૨) સોડાપ | ૪૧૦ | ૪૫૨ | ૪૨ | ૧૧૭ | ૭૫ |
| | | | ૮૦ | | |
| તક્ષિલા : ગાંધાર | | | | | |
| (૧) લીઅક | ૩૭૨ | ૪૧૨ | ૪૦ | ૧૫૫ | ૧૧૫ |
| (૨) પાતિક : પાલિક | ૪૧૨ | ૪૪૯ | ૩૭ | ૧૧૫ | ૭૮ |
| | | | ૭૭ | | |
| (ઇ) પાર્થીઅન્સ,–પહ્લવાઝ | | | | | |
| (૧) મોઝીઝ | ૪૪૭ | ૪૫૨ | ૫ | ૮૦ | ૭૫ |
| (૨) અઝીઝ પહેલો | ૪૫૨ | ૪૬૯ | ૧૭ | ૭૫ | ૫૮ |
| (૩) અઝીલીઝ | ૪૬૯ | ૪૯૭ | ૨૮ | ૫૮ | ૩૦ |
| (૪) અઝીઝ બીજો | ૪૯૭ | ૫૪૬ | ૪૯ | ૩૦ | ઈ. સ. ૧૯ |
| (૫) ગોંડોફારનેસ | ૫૪૬ | ૫૭૨ | ૨૬ | ઇ. સ. ૧૯ | ,, ૪૫ |
| | | | ૧૨૫ | | |
| (ઉ) ઇન્ડોસિથિઅન્સ | | | | | |
| હિંદી શક | | | | | |
| (૧) રૂષભદત્ત | ૪૫૩ | ૪૬૯ | ૧૬ | ૭૪ | ૫૮ |
| (૨) દેવણુક | ૪૬૯ | ૪૭૫ | ૬ | ૫૮ | ૫૨ |
| | | | ૨૨ | | |

# સમયાવળી

**સમજૂતિઃ—**

(૧) દરેક બનાવનું વર્ણન કયા પાને છે તે બતાવવા તેનો આંક સાથે આપ્યો છે.

(૨) જ્યાં એકજ બનાવની બે સાલ માલૂમ પડી છે, ત્યાં વિશેષ માનનીય લાગી તે અહીં જણાવી છે, અને શંકાશીલ લાગી તેને કૌંસમાં મૂકી છે.

(૩) જેની સાલ માત્ર અંદાજી ગણી કાઢીને ગોઠવી છે તે માટે ? આવી નિશાની મૂકી છે.

| ઇ. સ. પૂ. | મ. સં. પૂ. | બનેલ બનાવ તથા આ પુસ્તકમાં તેનું સ્થાન |
|---|---|---|
| દશમી સદી | | શ્રુતિકાર તથા ઉપનિષદ્કારનો જન્મ ૩૪૫<br>વેદ, ઉપનિષદ્, શ્રુતિ આદિ ગ્રંથો રચાયાં ૨૫૦ : વેદની નવીન રચના થવાથી બ્રાહ્મણ સંસ્કૃતિનું નામ ફેરવાઈ વૈદિક સંસ્કૃતિ પડયું. ૨૪૧ |
| નવમી સદી | | મથુરાની એક પ્રાચીન જૈનતીર્થ તરીકેની જાહોજલાલી ચાલી આવી હતી. ૨૬૩ |
| આઠ નવ સદી સુધી | | મથુરાની ખ્યાતિ, એક જૈનતીર્થ તરીકે જળવાઈ રહ્યાના પુરાવા ઇતિહાસનાં પાને છે. ૨૬૨ |
| આઠ નવ સદીમાં | | જૈનોના ત્રેવીસમા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ થયા છે તેમનું નામ તક્ષિલા અને માણિકયાલના સ્તૂપોમાં કોતરાયલ છે એટલે તે સમયે જૈનધર્મીઓનો રાજ-અમલ હતો. ૨૮૧ |
| નવથી એક સદી સુધી | | તક્ષિલા નગરીનું, જૈનધર્મના એક મહાન તીર્થ તરીકેનું સ્થાન હતું. ૨૮૧ |
| આઠમી કે સાતમી સદી | | હિંદની–આર્યાવર્તની સર્વ સામાન્ય લિપિ બ્રાહ્મી હતી. ૧૭૪ |
| આઠમી કે સાતમી સદી | | મથુરાના વૌંડવા સ્તૂપની પ્રથમ સ્થાપના થઈ હોવી જોઇએ. ૨૬૧ |
| સાતમી સદી | | તે અગાઉ હિંદ અને ઇરાન તથા બેબીલોન (હાલનું મેસોપોટેમીયા) વચ્ચે ખૂબ વેપાર ચાલતો હતો. તે સર્વ ઇરાની અખાત મારફત ચાલતો હતો. ૨૯૮ |
| છઠ્ઠી શતાબ્દિ | | આખા પંજાબ અને કંબોજ (ગેંબોજીયા) ઉપર ગાંધાર પતિ રાજા પુલુસાકીની સત્તા હતી. ૨૭૧, ૧૭૪ |
| છઠ્ઠી સદી | | હિંદ ઉપર ઇરાની શહેનશાહતની હકુમત થઈ ત્યારે બ્રાહ્મી લિપિ ઉપર પહ્લવી ભાષાની અસર થતાં તેમાંથી ખરોષ્ઠીનો જન્મ થયો. ૧૭૫ |
| પાંચ–છ સદી | | બૌદ્ધ નામે ત્રીજી સંસ્કૃતિનો ઉદય હિંદમાં થયો. ૨૪૧ : હિંદની સમૃદ્ધિ તથા જાહોજલાલી ભલભલાનું મન ચળાવી નાંખે તેવી સંપૂર્ણ કળાએ ખીલી હતી. ૧૨૪. છઠ્ઠી સદીના અંતમાં જ્યારે શક લોકોનું એક ટોળું સિંધમાંથી ઉતરીને તે સ્થાન ઉપર ઉતર્યું ત્યારે ભિન્નમાલ નગર વસ્યું (હાલના શિરોહી રાજ્યે અને જોધપુરની દક્ષિણે) (૧૧૦) |
| ૫૫૧ | ૨૪ | પોતાના મિત્ર મગધપતિ રાજા શ્રેણિકને મળવા જતાં ગાંધારપતિ રાજા પુલુસાકીનું મરણ ઠેઠ મગધની હદમાં પેસતાં થયું. ૧૨૪ |

| | | |
|---|---|---|
| ૫૩૦ | ૩ | મોહનજાડેરોના ખંડિયેરો હાલ જ્યાં છે તે ભાગમાં સિંધ–સૌવીરની રાજધાની વીતભયપટ્ટન દટાયાનું નોંધાયું છે. (૧૨૫) |
| ૫૨૦ | મ. સં ૭ | શ્રી બુદ્ધદેવને જન્મ. ૨૫૯ |
| ૫૦૫ | ૨૨ | હિંદુપ્રજાના રાજનગર તરીકે તક્ષિલાનું બંધ થવું. (૨૭૧) |
| ૪૮૩ | ૪૪ | શિશુનાગવંશના રાજા ઉદયને પોતાના રાજ્યના ચોથા વર્ષે પાટલિપુત્ર નગરની સ્થાપના કરી. ૧૦૧ |
| ૪૫૭થી ૪૪૭ | ૭૦–૮૦ | શ્રી રત્નપ્રભસૂરિએ દોઢેક લાખને જૈન બનાવ્યા. ૩૮૬ : ભિન્નમાલ–ઓશિયા નગરીની સ્થાપના. ૩૮૬–૩૯૨ |
| ૪૫૫ | ૭૦ | ગૂર્જરપ્રજાની ઉત્પત્તિનો સાચો સમય. ૩૮૬ (૩૮૬) |
| ૪૫૦ | ૭૭ | એક જૈનાચાર્યે લાખો મનુષ્યોને જૈનધર્મી બનાવ્યા. (૩૪૭) |
| ૪૨૫ | ૧૦૨ | કલિંગપતિ રાજા ખારવેલનો સમય (૨૮૬) |
| ૪૦૦ | મ. સં. ૧૨૭ | કાત્યાયન વરરૂચિનો સમય. ૨૨૪ |
| ૪૦૦ આશરે | ૧૨૭ | પં. ચાણાકયના બાપદાદાઓ હિંદમાં આવી વસ્યા. ૩૮૬ |
| આશરે ૪૦૦ | ૧૨૭ | એક બીજું નાનું શકપ્રજાનું ટોળું હિંદમાં આવી વસ્યું. ૩૮૬ |
| ચોથી સદી | | કાત્યાયન વરરૂચિનો સમય (૨૨૭) |
| ૩૭૨ | ૧૫૦ | ચંદ્રગુપ્ત મગધનો સમ્રાટ થયો ૨૫; કલિંગપતિ વક્રગ્રીવનું મરણ. ૨૬ |
| ૩૭૩ | ૧૫૪ | ડોશીમાના બાળકે ગરમાગરમ ખીર ફૂંકીને કિનારેથી પીવાને બદલે એકદમ વચ્ચેથી પીવાનો પ્રયત્ન કર્યો જેથી તે દાઝી ગયો. ૨૪ |
| ૩૭૨ | ૧૫૫ | કલિંગપતિ વક્રગ્રીવ સાથે, ચંદ્રગુપ્ત અને પં. ચાણકયે મળી જઈ, પેલી સુવર્ણ પ્રતિમાના વેર લેવાના બહાનાતળે મગધપતિ નવમાનંદ ઉપર ચડાઈ કરીને મગધ જીતી લીધું તથા નંદવંશનો અંત આણ્યો. ૨૫ |
| ૩૬૩ | ૧૬૪ | સુદર્શન તળાવ બંધાયાનો અંદાજી સમય. |
| ૩૬૨ | ૧૬૫ | ઉજ્જૈનીનગરી જે નંદ પહેલાના રાજ્યે મગધ સામ્રાજ્યમાં ભળી જવાથી પાટનગર તરીકેનું ગૌરવ ગુમાવી બેઠી હતી તે ફરીને જળહળવા લાગી. ૨૭. ચંદ્રગુપ્ત સમસ્ત ભારતનો સમ્રાટ થયો. ૨૭ |
| ૩૫૮ | ૧૬૯ | બિંદુસારે રાજ્યની લગામ સ્વહસ્તે લીધી. ૨૯ |
| ૩૫૦ | ૧૭૭ | પં. ચાણકયનું મરણ ૨૯; તે બાદ મહાઅમાત્યપદ મહામંત્રી સુબંધુને સોંપાયું. ૨૯ |
| ૩૪૬ | ૧૮૧ | મુનિ ચંદ્રગુપ્તનું અવસાન. ૩૦ |
| ૩૪૬-૪૮૫પછી | ૧૭૯–૮૧ | દક્ષિણ હિંદ મગધ સામ્રાજ્યના એક ભાગ તરીકે લખાતો બંધ થયો. ૩૦ |
| ૩૩૫ | ૧૯૨ | આખા પંજાબ પ્રાંતમાં નાના ક્ષત્રિય રાજાઓએ આપસઆપસમાં સ્પર્ધા કરવા માંડી અને બળવો જગાડયો. તેને દાબી દેવા સમ્રાટ બિંદુસારે યુવરાજ સુષીમને મોકલ્યો, તે વખતે સુષીમને યશ મળ્યો. ૩૦ |
| ૩૩૨–૧ | ૧૯૫–૬ | પંજાબમાં ફરીને ઉગ્રપણે બળવો જાગ્યોઃ બિંદુસારે યુવરાજ સુષીમને પાછો મોકલ્યો પણ આ સમયે બંડખોરોએ દગો કરી તેને મારી નાંખ્યો ૩૧: સુષીમના મરણબાદ તે બળવો સમાવવા ઠેઠ પાટલિપુત્રથી બીજા કોઈને મોકલવાને બદલે, વચ્ચે જે અવંતિનો દેશ હતો ત્યાંના સૂબાપદે રહેલ કુમાર |

| | | |
|---|---|---|
| | | અશોકને પંજાબમાં જવાનો હુકમ અપાયો. તેણે ત્યાં જઈ મજબૂત હાથે કામ લઈ બધું શાંત કરી દીધું. ૩૧ |
| ૩૩૦ | ૧૯૭ | બળવો શાંત થયાના શુભ સમાચાર વાંચતાં, હર્ષાવેશમાં બિંદુસારના મગજની લોહીની નસ તુટી જતાં તેનું મરણ થયું. ૩૧ |
| ૩૨૯ (આસપાસ) | ૧૯૮ | પરદેશી પ્રજાનો જમીનરસ્તે વહેલામાં વહેલો હિંદમાં પ્રવેશ થયો લેખી શકાય. ૨૮૫ |
| ૩૨૮ | ૧૯૯ | પંજાબમાં બળવો જાગ્યાના સમાચાર જાણી, હિંદ ઉપર ચડાઈ કરવાનું મન થતાં ત્વરિત ગતિથી અલેક્ઝાંડરે ઈરાનમાંથી આગળ વધવા માંડયું અને હિંદના પશ્ચિમ કિનારા સુધી આવી પહોંચ્યો. ૩૧ |
| ૩૨૭ | ૨૦૦ | ગ્રીક રાજ્યની હદ વધારવાની મહત્ત્વકાંક્ષા ધરાવનાર યુવાન બાદશાહ અલેક્ઝાંડર ધી ગ્રેઈટ હિંદમાં સિંધુ નદી સુધી આવી પહોંચ્યો ૧૨૬: તે વખતે સમ્રાટ અશોકવર્ધનના રાજ્યનો આરંભ થઈ ચૂકયો હતો ૩૮: અલેક્ઝાંડરે પોરસને હરાવી સતલજ પાસે પડાવ નાંખ્યો ત્યાં અશોક પણ સામેથી આવી પહોંચ્યો અને જંગ જામ્યો. ૩૨ |
| ૩૨૫ | ૨૦૨ | અશોકરાજ્યે સુવિશાખ સૂબાનો સમય ગણાય. ૨૮૬ |
| ૩૨૩ | ૨૦૪ | પોતાના દેશ પાછા ફરતાં રસ્તામાં બેબીલોન શહેરમાં બાદશાહ સિકંદરનું મરણ થયું. ૧૨૭ |
| ૩૧૭ | ૨૧૦ | અલેક્ઝાંડરના મરણબાદ, પંજાબમાં રહેલા તેના સરદારોએ હિંદુ રાજાઓમાં આપસઆપસમાં અવિશ્વાસ ઉપજાવી ઉઘાડા બળવા જેવી સ્થિતિ કરી નાંખી: અને રાજા પોરસનું ખૂન કરાવ્યું જેથી આખા પંજાબમાં સખ્ત બળવો ફાટી નીકળ્યો. ત્યારે અશોકે ત્યાં જઈ યવનોની કત્લ કરીને તેમના સરદાર યુથીડીમોસને ગાંસડા પોટલા બંધાવી હીંદ બહાર નસાડી મૂકયો ૩૩ : રાજા પોરસનું ખૂન ૩૩. |
| ૩૧૭ | ૨૧૦ | રાજા પોરસનું ખૂન તથા યવન પ્રતિનિધિ યુથીડીમોસનું હિંદમાંથી નાસી છૂટવું(૨૮૦) |
| ૩૧૬ | ૨૧૧ | પંજાબ ઉપર અશોકની હકુમતનું સ્થિર થવું. (૨૮૦) |
| ૩૧૬ | ૨૧૧ | એક વખત મગધ સામ્રાજ્યમાંથી ગુમાવી દીધેલ પંજાબનો પ્રાંત પાછો મગધમાં અશોકવર્ધને ભેળવી દીધો. ૩૩ |
| ૩૧૬–થી ૩૦૪ | ૨૧૧ થી ૨૨૩ | મરહુમ અલેક્ઝાંડરની ગાદી બથાવી પાડનાર તેના સરદાર સેલ્યુકસે આ બાર વર્ષમાં હિંદ ઉપર લગભગ અઢારેક ચડાઈઓ કરી નાંખી ૩૩. અંતે તેને અશોક સાથે સંધિ કરવી પડી. ૩૫ |
| | | યવનપતિ સેલ્યુકસ નિકેટોરે પોતાની કુંવરીને અશોકવેરે પરણાવી. ૧૭૭ |
| ૩૦૧ | ૨૨૬ | રાજા સુભાગસેનનો સમય પૂરો થયો એમ ગણવું પડશે. (૧૩) |
| ૨૯૦થી૨૫૦ | ૨૩૭થી૨૭૭ | રૂષભદત્તના બાપદાદાઓ હિંદમાં આવી વસ્યા. ૩૮૬ (૩૮૬) |
| ૨૮૯ | ૨૩૮ | મૌર્ય સમ્રાટના લશ્કરમાં અગ્નિમિત્ર જોડાયો. ૮૯ |
| ૨૮૮ | ૨૩૯ | મૌર્ય રાજકુટુંબના નબીરાઓએ રાજ્યના નાના નાના ભાગલા પાડી નાંખવાથી રાજા સુભાગસેન નબળો પડી ગયો. ૧૩ |

| | | |
|---|---|---|
| ૨૮૧ | ૨૪૬ | સેલ્યુકસ નિકેટોરનો પુત્ર એંટીઓકસ પહેલો–સોટર સિરિયાની ગાદીએ આવ્યો. ૧૪૭ સિરિયનપતિ સેલ્યુકસ નિકેટોરનું મરણ. ૧૪૭ |
| ૨૭૬ | ૨૫૧ | પુષ્યમિત્રનો જન્મ ૫૪ |
| ૨૭૦થી૧૮૦ | | પતંજલીનો સમય ( ૯૦ વર્ષનું આયુષ્ય ) ૭૩ |
| ૨૬૧ | ૨૬૬ | એંટીઓકસ પહેલાનું મરણ ૧૪૭ અને એંટીઓકસ બીજો સિરિયાનો રાજા થયો ૧૪૭ |
| ૨૫૦ | ૨૭૭ | એંટીઓકસ બીજો વ્યભિચારી હોવાથી તેના રાજ્યે બળવો થતાં, ઇરાન અને બેકટ્રીઆ સ્વતંત્ર બની ગયા ૧૪૭ |
| ૨૫૦ | ૨૭૭ | સમ્રાટ પ્રિયદર્શિનના સમયે પ્રજાના મોટા સમુહે જૈનધર્મ માન્ય કર્યો હતો. ૨૬૨ તેણે હિંદબહાર ધમ્મમહામાત્રાઓ મોકલ્યા હતા. ૨૪૬. બેકટ્રીઆ સ્વતંત્ર થયું ૨૯૮: તેજ સમયે પાર્થિઆ પણ સ્વતંત્ર થયું. ૩૦૦ |
| ૨૪૫ | ૨૮૨ | બેકટ્રીઆનો પ્રથમ રાજા ડીઓડોટસ પહેલો મરણ પામ્યો ૧૪૭ અને ડીઓડોટસ બીજો તેની ગાદીએ આવ્યો. ૧૪૮ |
| ૨૩૭ | ૨૯૦ | મહારાજા પ્રિયદર્શિનનું મરણ ૨ |
| ૨૩૬ | ૨૯૧ | સુભાગસેનનું રાજ્ય ૧૫૨. (૫) |
| ૨૩૫ આશરે | | ડિમેટ્રીઅસનો જન્મ (૧૪૮) |
| ૨૩૦ થી ૨૦૫ | ૨૯૭ થી ૩૨૨ | યુથીડીમોસનું રાજ્ય ૧૫૨ |
| ૨૩૦ | ૨૯૭ | બેક્ટ્રીઆના રાજા ડીઓડોટસ બીજાનું ખૂન ૧૪૮: ખૂન કરી બેકટ્રીઆની ગાદી યુથીડીમોસે બથાવી પાડી ૧૪૮ |
| ૨૨૬ | ૩૦૧ | દક્ષિણપતિ શાતકરણી બીજાનું મરણ ૧૩ |
| ૨૨૬ | ૩૦૧ | આંધ્રપતિ શાતકરણી બીજો અવંતિ ઉપર ચડી આવ્યો: લડાઇમાં અવંતિપતિ વૃષભસેન મરાયો એટલે અવંતિ ઉપર આંધ્રની સત્તા સ્થાપન થઇ ૭૪: વૃષભસેનનું મરણ ૭૪: પાછા ફરતાં અંધ્રપતિ શાતકરણીનું પોતાના દેશમાં મરણ ૭૪: તેણે વૃષભસેનને મારી નાંખી અવંતિની ગાદી ઉપર તેનાજ ભાઇને ગાદી સોંપી અને પોતાના માણસ તરીકે પુષ્યમિત્રને સૈન્યપતિ નીમ્યો. પુષ્યમિત્રને રાજા શાતકરણીએ સૈન્યપતિના પદ ઉપરથી મહાઅમાત્યપદે ચડાવતાં, પુષ્યમિત્રના પુત્ર અગ્નિમિત્રને મૌર્યસેનાપતિ નીમ્યો. ૮૯ |
| ૨૨૫ | ૩૧૨ | મિનેન્ડરનો જન્મ ૧૫૨: સિરિયાના રાજા એન્ટીઓકસ ત્રીજાએ, બેકટ્રીઆના રાજા યુથીડીમોસના પુત્ર ડિમેટ્રીઅસને પોતાની પુત્રી પરણાવી. ૧૪૮ |
| ૨૨૩ | ૩૦૪ | સિરિયામાં એંટીઓકસ ત્રીજાનો અમલ શરૂ થયો. ૧૪૮ |
| ત્રીજી શતાબ્દિ | | શ્રીમાળીની ઉત્પત્તિ થયાનું કહી શકાય. ૩૮૬ |
| ૨૧૦ | ૩૧૭ | ડિમેટ્રીઅસના પિતા યુથીડીમોસે પંજાબ જીતી લીધું. ૯૪ વળી તેણે સાકલને ઘેરો ઘાલ્યો. ૯૯ |
| ૨૦૯ | ૩૧૮ | કાશ્મિરપતિ જાલૌકે પોતાના દેશમાંથી મ્લેચ્છોને હાંકી કાઢયા. ૧૪૮ |

| | | |
|---|---|---|
| ૨૦૮ | ૩૧૯ | વસુમિત્રનો જન્મ ૫૭ |
| ૨૦૭ | ૩૨૦ | કાશ્મિરપતિ જાલૌકના મરણબાદ તેનો પુત્ર દામોદર ગાદીએ આવ્યો. ૧૪ |
| ૨૦૭ | ૩૨૦ | કાશ્મિરપતિ જાલૌક જેણે કાન્યકુબ્જ સુધી રાજ્ય મેળવ્યું હતું તેનું મરણ થયું.૧૪ |
| ૨૦૬ (?) | ૩૨૧ (?) | એંટીઓકસ ધી ગ્રેઈટે (ત્રીજાએ) ગાંધારપતિ સુભાગસેન સાથે સંધિ કરી એમ વિદ્વાનોનો મત છે. ૬ |
| ૨૦૫–૩ | ૩૨૨–૨૪ | રાજા જાલૌક ? તથા બેકટ્રીઅનપતિ યુથીડીમોસ મરણ પામ્યા ૧૪૮ |
| ૨૦૫ | ૩૨૨ | ડીમેટ્રીઅસ બેકટ્રીઆની ગાદીએ બેઠો. ૧૪૯ |
| ૨૦૪ | ૩૨૩ | અગ્નિમિત્રે પોતાના સ્વામી મૌર્ય બૃહદ્રથને મારી અવંતિની ગાદી બથાવી પાડી ૧૪,૬૬. ત્યારથી શુંગવંશની સ્થાપના થઈ ૧૪,૪૮ મૌર્યવંશની સમાપ્તિ થઈ. ૧૪ |
| ૨૦૪ | ૩૨૩ | અગ્નિમિત્ર ગાદીએ બેઠો.૫૬ અગ્નિમિત્રે બૃહદ્રથને માર્યો. ૧૦૦. ઇતિહાસકારોના કહેવા પ્રમાણે પુષ્પમિત્રે પોતાના સ્વામિ બૃહદ્રથનું ખૂન કર્યું અને પોતે રાજા બન્યો ૭૬ : રાજ્યની કટોકટ સ્થિતિ લાગવાથી લશ્કરી કવાયત નિહાળવાના બહાના હેઠળ અગ્નિમિત્રે બૃહદ્રથનું ખૂન કર્યું ૯૧ : ૧૪૯ યવન સરદાર યુથીડીમોસે મધ્યમિકાને ઘેરો ઘાલ્યો. ૯૯ : અગ્નિમિત્રે લોખંડી બાહુથી વૈદિકધર્મનો પ્રચાર કરવા માંડ્યો. |
| ૨૦૨ | ૩૨૫ | બેકટ્રીઅનપતિ રાજા ડિમેટ્રીઅસે પંજાબના શાકલ (શિયાલકોટ) શહેરમાં ગાદી સ્થાપી. ૨૭૪ |
| ત્રીજી સદી | | અંદરોની કિંમત તથા તે દ્વારા વેપાર કરવાની કળા તે સમયે પણ જણાતી હતી. (૨૧૪) |
| ત્રીજી સદી | | પલ્લવ જાતિનો ઉદય વહેલામાં વહેલો થયો હોવો જોઈએ એવું અનુમાન ૨૮૭ |
| બીજી સદી | | પતંજલીએ મહાભાષ્ય રચ્યું ૨૨૭. વોડવાસ્તૂપની પુનઃસ્થાપના ૨૬૧ બીજી સદીના પ્રારંભમાં વોડવાસ્તૂપનો વિનાશ. ૨૬૧ |
| ૧૯૯થી૯૭ | ૩૨૮થી ૩૩૦ | ડિમેટ્રીઅસના યોન સરદારો હિંદમાંથી પોતાના દેશ નાસી ગયા. ૯૨ |
| ૧૯૭ | ૩૩૦ | અગ્નિમિત્ર રાજ્યે વસુમિત્રે યવનોને પાંચાલ અને સુરસેનમાંથી હાંકી કાઢયા. ૧૦૦ યવનો સાથે હિંદુપ્રજાનું પ્રથમ ગમખ્વાર યુદ્ધ. (૧૧૧) |
| ૧૯૬ | ૩૩૧ | અગ્નિમિત્ર વૈદર્ભી માલવિકાની સાથે પરણ્યો હશે. ૯૩ |
| ૧૯૫ | ૩૩૨ | પ્રથમ અશ્વમેધ સંપૂર્ણ કર્યો હશે. ૯૩ |
| ૧૯૪ | ૩૩૩ | પતંજલી મહાશય હોવાની ગણત્રી (૨૨૭) રાજા રૂપભદત્તનો સત્તાકાળ. ૩૫૬. |
| ૧૯૨ | ૩૩૫ | ડિમેટ્રીઅસની સાથે ભૂમક ૨૧ વર્ષની ઉંમરે હિંદમાં આવ્યો. (૧૮૯) |
| ૧૯૦થી ૧૮૨ | ૩૩૭થી ૩૪૫ | ડિમેટ્રીઅસનો હિંદના રાજત્વનો કાળ ૧૫૧ |
| ૧૮૯ | ૩૩૮ | અગ્નિમિત્ર રાજ્યે પુષ્પમિત્રે પ્રથમ અશ્વમેધ કર્યો. ૭૭ |
| ૧૮૮ | ૩૩૯ | પુષ્પમિત્રનું મરણ ૯૪, ૧૫૩, ૫૪ : કાશ્મિરપતિ દામોદર પાસેથી ડિમેટ્રીઅસે પંજાબ લઈ લીધું. ૯૪. |
| ૧૮૨ | ૩૪૫ | બીજા અશ્વમેધ સમયે અશ્વનાયક તરીકે યુવરાજ વસુમિત્ર પરિભ્રમણ કરવા લાગ્યો: પણ અશ્વની અટકાયત થતાં, જે યુદ્ધ થયું તેમાં તે મરાયો. (૭૭) વસુમિત્રનું મરણ ૨૨ વર્ષની ઉંમરે ૭૭ : શુંગપતિ અને યવનપતિ વચ્ચે યુદ્ધ. ૯૬ |

૧૮૧ ૩૪૬ રાજા અગ્નિમિત્રે બીજો અશ્વમેધ સંપૂર્ણ કર્યો (૭૭): પોતાના રાજ્યાભિષેક બાદ ૨૩ વર્ષે અને સ્વતંત્ર સમ્રાટ તરીકે સાત વર્ષ બાદ, અગ્નિમિત્રે બીજો અશ્વમેધ કર્યો ૭૭; વસુમિત્રનું મરણ ૫૮; રાજા ડિમેટ્રીઅસનું મરણ ૯૫, ૧૫૧. રાજા કલ્કિ વિશેની પૌરાણિક તથા જૈનગ્રંથોમાં થયેલી આગાહી. ૫૨ : અગ્નિમિત્રે બીજો અશ્વમેધ સંપૂર્ણ કર્યો ત્યારથી જૈનગ્રંથમાં તે કલ્કિ તરીકે પ્રખ્યાત થયો. ૫૫

૧૮૧–૭૯ ૩૪૬–૪૮ અગ્નિમિત્રે પાટલિપુત્રનો નાશ કર્યો. ૧૦૧

૧૮૦ ૩૪૭ પતંજલીનું મરણ (૯૦ વર્ષની ઉંમરે) ૭૭: રાજા મિનેન્ડરનો સમય ચાલુ ૨૫૯. મથુરા શહેરની પૂર્ણ જાહોજલાલી. ૨૫૯

૧૭૫ (પછી તુરતમાંજ) ડિમેટ્રીઅસની જીવનલીલાનો અંત આવ્યો ગણ્યો છે (અત્યારની માન્યતા) (૭૦): પતંજલી મહાશયનો સમય એવું એક જૈનગ્રંથનું કથન છે.

૧૭૪ ૩૫૩ સમ્રાટ અગ્નિમિત્રનું મરણ ૯૯ : ૫૫, ૧૫૫

૧૬૮–૭ ૩૬૯–૭૦ પંજાબના યવન સરદાર હેલીઆડોરાસે, શુંગપતિ ભાગવત તરફ વફાદારી બતાવવા પોતાના પ્રતિનિધિ તરીકે એન્ટીસીઆલદાસને મોકલ્યો. ૧૧૨, ૧૬૨

૧૬૦ ૩૬૭ યોનપતિ યુક્રેટાઇડઝનો રાજસમય એકટ્રીઆમાં હતો. ૭૦

૧૫૯ ૩૬૮ રાજા ભાગવતે મથુરાના પ્રદેશની લડાઈમાં મિનેન્ડરનું તથા તેના સરદાર હગામ હગામાસનાં મરણ નીપજાવ્યાં ૧૮૨; ૨૩૧. ભૂમકે મહાક્ષત્રપ પદ ધારણ કર્યું ૧૮૭: ક્ષહરાટ સંવતની આદિ ૧૮૮

૧૫૯ ૩૬૮ ડિમેટ્રીઅસના સરદાર મિનેન્ડરનું મરણ ૨૩૨, ૧૬૧, ૩૦૦. બેકટ્રીઆની હિંદીશાખાનો અંત ૩૧૨. ભાનુમિત્રનું ગાદીએ આવવું ૧૬૩; કાન્વાયન વંશી પ્રધાનોનો કીર્તિ આરંભ ૧૬૩

૧૫૮ ૩૬૯ શુંગપતિ રાજા ઓદ્રક ઉર્ફે બળમિત્રનું મરણ. ૧૧૦

૧૫૮–૬ ૩૬૯–૭૧ યવનો સાથેનું હિંદુપ્રજાનું બીજું ગમખ્વાર યુદ્ધ. (૧૧૧)

? ૧૫૭ ૩૭૦ ક્ષહરાટ સંવતની સ્થાપના. ૧૬૨

૧૫૬થી૧૧૪ ૩૭૧થી૪૧૩ કાન્વાયન પ્રધાનોનો સત્તાકાળ. ૨૨૪

૧૫૬ ૩૭૧ રાજા ઓદ્રકનું પશ્ચિમ રણક્ષેત્રે મરણ થવાથી, ભાગવતે અવંતિના ઉત્તરના ક્ષેત્રે યુદ્ધમાં ઝંપલાવ્યું; ત્યાં ક્ષત્રપ રાજીવુલે સામનો કર્યો : ? ગમે તે કારણે ખુદ મિનેન્ડરને યુદ્ધમાં ઉતરવું પડયું પણ તેનું મરણ નીપજ્યું ૧૧૧ : રાજીવુલની સત્તાની શરૂઆત. ૧૮૨

૧૫૫–૪ ૩૭૨–૭૩ મહાક્ષત્રપ રાજીવુલના અમલની શરૂઆત. ૨૩૨

૧૫૪થી ૫૦ ૩૭૩–૭૭ આસપાસ; મિનેન્ડરને કોઈ શુંગવંશી રાજા સાથે લડાઈમાં ઉતરવું પડયું હતું. ૬૦

૧૫૫ ૩૭૨ મહાક્ષત્રપ લીયકની સત્તાની આદિ તક્ષીલામાં થઈ. ૨૩૭

૧૫૦ ૩૭૭ આસપાસ; એકટ્રીઆ ઉપર હેલીઓકલ્સનો રાજઅમલ તપતો થયો હતો. ૩૦૦. તેજ અરસામાં પાર્થિઆની ગાદીએ આરસેકવંશી મિથ્રેડેટસ પહેલો ગાદીએ આવ્યો. ૩૦૦

૧૪૨ ૩૮૫ શુંગપતિ ભાનુમિત્રનું મરણ. ૧૯૦, ૧૧૭

૧૩૦ ૩૯૭ યોનપતિ હેલીઓકલ્સનો અમલ એકટ્રીઆમાં ચાલતો હતો. ૭૦

| | | |
|---|---|---|
| ૧૨૩ | ૪૦૩ | બેકટ્રીઆની મૂળશાખાનો અંત. (૩૧૨) |
| ૧૨૦ | ૩૦૭ | કેટલાકની ગણત્રીએ મોઝીઝના રાજકીય જીવનની શરૂઆત. ૩૦૭ |
| ૧૧૭ | ૪૧૦ | મહાક્ષત્રપ રાજુવુલનો પુત્ર ષોડાસ મહાક્ષત્રપ બની મથુરાની ગાદીએ આવ્યો ૨૩૪: તેજ વર્ષમાં તેણે આમોહીનો આયાગપટ કોતરાવ્યો. ૨૩૫. ક્ષહરાટ સંવત ૪૨માં મહાક્ષત્રપ રાજુવુલનું મરણ ૨૩૩: મહાક્ષત્રપ ભૂમકના પ્રતિનિધિ તરીકે તેનો પુત્ર ક્ષત્રપ નહપાણ મથુરામાં રાજુવુલના મહેમાન તરીકે આવ્યો તથા તક્ષિલાપતિ મહાક્ષત્રપ લીયક પણ પોતાના પુત્ર પાતિકને લઇને મહેમાન તરીકે આવ્યો ૨૩૩: મથુરાના સિંહસ્તૂપની પ્રતિષ્ઠા તથા ઉપરના સરદારોની હાજરી. ૨૩૬ |
| ૧૧૫ | ૪૧૨ | મોઝીઝનો પાર્થિયન શહેનશાહના ક્ષત્રપ તરીકેનો સત્તાકાળ. ૩૦૭ પાતિક-પાલિકની મહાક્ષત્રપ તરીકેની શરૂઆત. ૨૩૭-૨૪૦ |
| ૧૧૪ | ૪૧૩ | શુંગવંશની સમાપ્તિ થઈ ૧૧૪: શુંગવંશના છેલ્લા રાજાને મારી નહપાણ અવંતિપતિ થયો ૧૮૭, ૧૯૫, ૧૯૭, ૨૦૧: નહપાણ 'રાજા' કહેવરાવવા લાગ્યો તથા તે પ્રમાણે પોતાના નામના સિક્કા કાઢયા ૨૦૨. નહપાણ મહાક્ષત્રપ થયો. (૨૩૪) |
| ૧૧૦ | ૪૧૭ | રાજુવુલની પટરાણીએ વૉડવાસ્તૂપની પુનઃસ્થાપ્ના કરી. ૨૬૧ |
| પહેલી સદી | | હર્ષપુર નામનું મહાસમૃદ્ધિવાળું નગર વિદ્યમાન હતું. વર્તમાનકાળે તેનું સ્થાન અજમેર તથા પુષ્કરજી સરોવરવાળું ગણી શકાય. ૧૯૨. હાલના ચહ્વાણવંશને શાહવંશી તરીકે ઓળખવા માંડ્યો હતો. ૩૩૪ |
| ૧૦૦ | ૪૨૭ | દક્ષિણના આભીરોની ઉત્પત્તિ ૩૮૯: જેમાંથી આગળ જતાં ઇશ્વરસેન અને ઇશ્વરદત્ત થયા હતા. તેથીયે આગળ ત્રૈકૂટકવંશ ઉદ્‌ભવ્યો હતો. |
| ૧૦૦ આશરે ૪૨૫ | | પોરવાડની ઉત્પત્તિ. ૩૮૭ |
| ૮૮ | ૪૩૯ | મિથ્રેડેટસ પહેલાએ હિંદ ઉપર જીત મેળવી કહેવાય (૩૦૨): મોઝીઝની હિંદના ભૂપતિ તરીકેની શરૂઆત (મારી સમજ પ્રમાણે ૮૦ કે ૭૯ આવે છે) ૩૦૭: રાજા મિથ્રેડેટસનું મરણ ૩૧૪, ૩૧૬. મિથ્રેડેટસ ધી ગ્રેઇટ-બીજાનું મરણ. ૩૨૫ |
| ૮૦ | ૪૪૭ | મહાક્ષત્રપ પાતિક તક્ષિલાની ગાદીએથી ઉતરી ગયો ૨૬૧. તે સમયે તક્ષિલામાં જૈનધર્મ મોટા સમુહને માન્ય હતો. ૨૬૨ |
| ૭૯ | ૪૪૮ | પાતિક જ્યારે મથુરામાં હતો ત્યારે તેની ગેરહાજરીનો લાભ લઈ મોઝીઝે તક્ષિલા લઈ લીધું અને પોતે ગાદીએ બેઠો ૩૧૬: મોઝીઝે સુરસેન પ્રાંત જીતી મથુરામાં ગાદી કરી. ૩૧૭ |
| ૭૮ | ૪૪૯ | અઝીઝના રાજ્યની શરૂઆત ૩૨૨: મહાક્ષત્રપ પાતિકે મથુરાની યાત્રા કરી ૨૩૯. શહેનશાહ મોઝીઝે તક્ષિલા બથાવી પાડયું ૨૩૯. મહાક્ષત્રપ પાતિકના રાજ્યનો અંત ૨૪૦: ઉત્તરહિંદના બે જબરજસ્ત ક્ષહરાટ રાજ્યો (એક મથુરાનું અને બીજું તક્ષિલાનું) અદશ્ય થયાં. ૩૧૮ |
| ૭૮ | ૪૪૯ | મોઝીઝના સંવત્સરની આનુમાનિક કલ્પના. (૨૪૦) |
| ૭૫ | ૪૫૨ | હિંદના શહેનશાહ તરીકે મોઝીઝના રાજઅમલની શરૂઆત (૩૦૭) (કે. હિ. ઈ. આધારે) |

| | | |
|---|---|---|
| ૭૫ | ૪૫૨ | સિથિઅન્સોએ સિંધુ નદીનો દુઆબ લીધો : શક પ્રજાનો ઉદય. ૩૨૧. શહેનશાહ મોઝીઝનો હિંદની ભૂમિ ઉપર દેખાવ ૩૨૨ : રૂષભદત્તના વંશની સ્થાપના ૩૬૧. ષોડસના રાજ્યનો અંત. ૨૩૫ |
| ૭૪ | ૪૫૩ | મહાક્ષત્રપ નહપાણનું અવંતિનું રાજ્ય, જે તે સમયે સર્વ પ્રકારે ચડિયાતું ગણાતું હતું તે પણ કાળના મોંમાં ઝડપાઇ ગયું ૩૧૯ : અવંતિપતિ નહપાણનું મરણ. ૩૨૨ ૧૯૭, ૨૩૫ |
| ૭૨ | ૪૫૫ | શહેનશાહ મોઝીઝનું રાજ્ય ખતમ થયું. ૨૪૨ |
| ૭૦ | ૪૫૭ આશરે; | ઓશવાળે અને શ્રીમાળે રાજપૂતાનામાંથી સૌરાષ્ટ્રમાં કરેલ ઉતાર. ૩૮૭ |
| ૬૬ | ૪૭૧ | ખરી શકપ્રજાનો (શહેનશાહી પ્રજાનો) ઇરાની અખાતદ્વારા સૌરાષ્ટ્રમાં થયેલ ઉતાર. ૩૮૮. |
| ૬૪ | ૪૬૩ | ગર્દભીલ રાજાને અવંતિની ગાદી ખાલી કરવી પડી. ૩૭૦ અવંતિપતિ ગર્દભીલનું મરણ ૩૨૨ : ગર્દભીલ હાર્યો. ૩૬૫ |
| ૬૦ | ૪૬૭ | દરિયારસ્તે પરદેશી પ્રજાનો હિંદમાં પ્રથમ પ્રવેશ. ૨૮૬ |
| ૫૮ | ૪૬૯ | અઝીઝના રાજ્ય અમલની શરૂઆત (૩૦૧) (કે. હિ. ઇ. આધારે) અઝીઝનું પહેલાનું મરણ ૩૨૫: અઝીલીઝ ગાદીએ આવ્યો તથા મિથ્રેડેટનું મરણ. ૩૨૫ |
| ૫૬ | ૪૭૧ | ઓરોડોસ ઇરાનની ગાદીએ બેઠો. ૩૨૫ |
| ૫૨ | ૪૭૫ | રૂષભદત્તના શાહીવંશનો અંત. ૩૬૧ શકારિ વિક્રમાદિત્યની નિગેહબાની નીચે ગૌતમીપુત્ર શાતકરણીએ શક અને ક્ષહરાટ પ્રજાને સૌરાષ્ટ્રની ભૂમિ ઉપર હરાવીને કચ્ચરઘાણ કાઢી નાંખ્યો. ૩૭૨. રાજા દેવણકનું મરણ : સાથે સાથે શાહીવંશનો અંત. ૩૭૨ |
| ૩૦ | ૪૯૭ | અઝીલીઝનું મરણ ૩૨૫ : અઝીઝ બીજાના રાજ્યની શરૂઆત. ૩૨૮. મથુરાના સિંહસ્તૂપનું નિર્માણ (કે. હિં. ઈ. ના મતાનુસાર) ૨૫૫ |
| ૨૭ | ૫૦૦ | જૈનાચાર્ય વજ્રસ્વામીનું સ્વર્ગગમન. (૨૦૦) |
| ઇ. સ. | | |
| ૨૧ | ૫૪૮ | શહેનશાહ ગોંડોફારનેસને ખ્રીસ્તી દીક્ષા અપાયાનું મનાયું છે. (૩૩૦) |
| ૬૦ | ૫૬૭ | ગોંડોફારનેસનું મરણ. (૩૨૯) |
| ૭૮ | | શકસંવતસરના પ્રવર્તક ગૌતમીપુત્ર. ૩૬૯ |
| ૭૮ ? | | ગૌતમીપુત્ર શાતકરણીએ રૂષભદત્ત તથા નહપાણના જ્ઞાતિજનોને યુદ્ધમાં કાપી નાંખ્યા. (૨૦૩) ૨૦૪ |
| ૧૫૭ | | ડૉ. બ્યુલરના મતે વૉડવાસ્તૂપ–મથુરાસિંહસ્તૂપનો સમય. ૨૬૦ |
| ૨૨૨ | | અંધ્રવંશની પડતી. ૩૨૬ |
| ૨૪૯ | | ઇશ્વરદત્તના સમયની કલ્પના. (૩૫૫) |
| ૨૪૯થી૨૬૧ | | ઇશ્વરસેન આભીરનો રાજ્યક.ળ. ૩૮૩ |
| ૨૬૧થી૨૬૪ અને આગળ | | ઇશ્વરદત્ત આભીરનો સમય ૩૮૩. |
| ૪૫૫ | | ધરસેન ત્રૈકૂટક ગાદીએ આવ્યો. ૩૮૪. |

| | |
|---|---|
| ૪૯૦ | હુણ સરદાર તોરમાણનો સમય. ૩૮૯ |
| ૪૯૦થી૫૩૩ | તોરમાણ અને મિહિરકુલનો રાજ્યઅમલ. ૩૮૯ |
| ૪૯૩ | ત્રૈકૂટકવંશની ચડતી કળા ચાલ્યે જતી હતી. ૩૮૪. |
| ૫૩૩ | રાજપૂતોના ચાર કુલોની ઉત્પત્તિ (૩૯૦) મંદસોર મુકામે હુણોનું અને રાજપૂતોનું ભીષણ યુદ્ધ ૩૯૧ : માલવ સંવત્સરની સ્થાપના. ૩૯૧ |
| ઈ. સ. ની છઠ્ઠી સદી | પાશ્ચાત્ય વિદ્વાનોના મતે ગૂર્જર પ્રજાની ઉત્પત્તિ. (૩૮૫) |
| આઠમી સદી સુધી | દક્ષિણદેશના પલ્લવાઝ ક્ષત્રિયો જૈનધર્મી હતા : તે બાદ શૈવધર્મી થયા છે. ૨૯૩ |
| આઠમી સદી | પ્રખ્યાત સાહિત્યકાર વાકપતિરાજનો સમય (તેનું વતન ગૌડદેશની લક્ષણાવતીનગરી) ગ્વાલિયરપતિ યશોધર્મન રાજ્યે. ૭૨ |
| ૭૫૦ | દંતિદુર્ગ ત્રૈકૂટકનો સમય. ૩૫૫ |
| બારમી સદી | ગૂર્જરપતિ રાજાકર્ણદેવનો લગ્નસંબંધ કદંબવંશી રાજકન્યા મીનળદેવી સાથે જોડાયો (૨૯૨) કદંબવંશી રાજાઓ તે સમયે જૈનધર્મી હતા. |
| ૧૫૦૨ | વાસ્કોડાગામાની કાલીકટ ઉપર ચડાઈ ૧૫૭ |

# વિષયો શોધી કાઢવાની

# ચાવી

**તેની સમજઃ**—જે આંક લખ્યા છે તે પૃષ્ઠ સૂચક છે. કૌંસમાં જે આંક લખ્યા છે તે પૃષ્ઠો ઉપરનું ટીકાનું લખાણ છે એમ સમજવું.

આખા પુસ્તકમાં જે વિશેષ રસપ્રદ વિષયો લાગ્યા તેની જ નોંધ અહીં લીધી છે. બાકી કેટલીક માહિતી 'શું અને કયાં' જોવાથી પણ મળી શકે તેમ છે.

અહીં બતાવેલા વિષયના ત્રણ વિભાગ પાડયા છેઃ (अ) વિદ્યાજ્ઞાનને સ્પર્શે તેવા સર્વ સામાન્ય વિષયોનો (आ) સામાન્ય જ્ઞાન સંબંધી (इ) મુખ્યભાગે જૈનધર્મને લાગે તેવા; જોકે આ વિભાગ તો માત્ર રેખાદર્શન જેવા જ છે તે સર્વની વચ્ચે મર્યાદાની લીટી દોરી શકાય તેવી સ્થિતિ નથી જ.

## (अ) વિદ્યાને લગતા સર્વ સામાન્ય વિષયો


**અગ્નિમિત્રે** વૈદર્ભી-માલવિકા સાથે કરેલું લગ્ન. ૯૧ (૯૧)
**અંધ્રપતિઓને** રાજગાદી વરંગુળમાં લઈ જવી પડી હતી. ૩૭૦
**અઝીઝ પહેલો** બહુ પરાક્રમી નહોતો તેના ત્રણ પુરાવા ૩૭૦, ૩૭૧ (૩૭૧), ૩૨૨
**અઝીઝ પહેલાના** સમયનો નિર્ણય. ૩૨૦
**અવંતિ** ઉપર ચડાઈ લઈ જવાને નહપાણને મળેલી સાનુકૂળતાનાં કારણો. ૨૦૧-૨
**અગ્નિમિત્રે** ગાદીએ આવીને રાજ્યને સંગીન કરવા ભરેલાં પગલાં. ૯૧
**અગ્નિમિત્રે** પોતાના સ્વામિનું ખૂન કર્યું તે વખતના સંજોગો. ૯૧, ૧૪
**અગ્નિમિત્રે** કરેલા અશ્વમેધની સંખ્યા અને સમય. ૯૩, ૯૪, ૯૫ તથા ટીકાઓ.
**અલેકઝાંડરે** હિંદ ઉપર કરેલી ચડાઈનો હેવાલ, કારણ તથા ફેજ. ૧૨૬-૭
બે **અશ્વમેધ** (શાતકરણી બીજાએ કરેલ)નું વર્ણન. ૧૨
**અર્થશાસ્ત્રની** રચના બબે હજાર વર્ષ થયાં છતાં જેમની તેમ જળવાઈ રહી છે તેનાં કારણ. ૨૭
**અશોક** અને સિરિયનપતિની વચ્ચેની સંધી અને સરતો. ૩૩
**અશોક** અને પ્રિયદર્શિન ભિન્ન છે તે માટે તેમના સત્તા પ્રદેશના માપની ઉપયોગીતા ૩૪ (તથા અન્ય પુરાવા માટે પુ. ૨ પૃ. ૨૮૫ ટી. નં. ૩૦ જુઓ)
**અશોકના** રાજ્યવિસ્તારને અંગે તે સર્વશ્રેષ્ઠ હિંદી ભૂપતિ ગણી શકાય કે? ૩૨, ૩૫
**અશોક** પછી હિંદમાંથી બૌદ્ધધર્મનું અદૃશ્ય થવું (૨૪૪)
**આભીર** (મહારાષ્ટ્રીય)નાં મૂળ અવશેષો. ૩૭૨
**આભીર**-આહિરનું શકપ્રજા સાથેનું જોડાણ તથા સગપણ. ૩૫૫
**આક્રમણ** લઈ જવામાં તેના કર્તાની શુ મુરાદ હોય છે તેનું વર્ણન. ૩૬થી ૪૧
**આર્ય** અને યવનો વચ્ચે થયેલા યુદ્ધનું વાયુપુરાણનું વર્ણન તથા સમય. ૯૨ (૯૨)થી આગળ, (૧૧૧)
**આંધ્રભૃત્યા**: શબ્દના અર્થનો ભેદ ૭૪ (૭૪): શુંગભૃત્યાની સાથે સરખામણી. (૭૫)
**આર્યપ્રજાનું** મૂળ મધ્યએશિઆમાં હતું. ૨૧
**આંધ્રભૃત્યાની** ઉત્પત્તિ વિશે એક લેખકનો ભ્રમ. (૩૫૫)

**ઈશ્વિરસેન** આભીર, અને ઇશ્વરદત્ત મહાક્ષત્રપનું કેટલુંક વૃત્તાંત. ૩૭૫થી આગળ
**ઈશ્વિરસેન** અને રૂષભદત્તની કાળગણના એક જ પ્રકારની છે (૩૭૬)
**ઈશ્વિરદત્ત**ના અને ચષ્ઠણના સિક્કાનું મળતાપણું તથા તફાવત. ૩૭૯, ૩૮૦, ૩૩૮ (૩૩૮)
**ઇશ્વરદત્ત** આભીર સંબંધી ડૉ. ભગવાનલાલે કરેલી બે સૂચનાઓ ૩૮૧
**ઇન્ડોપાર્થીઅન્સ** અને ઈન્ડોસિથિઅન્સનાં સામ્યાસામ્યપણાની સમજૂતિ ૩૩૩–૩૪૩
**ઇન્ટરેગનમ** સમયના દૃષ્ટાંતો ૩૪૩ (૩૪)
**ઈરાન** ઉપરની રાજસત્તાના થયેલા હાથબદલા. ૨૯૮
**ઈરાન**ની મૂળ ગાદીમાંથી પડેલ ફાંટા ૩૦૨–૩૦૭
**ઈન્ડોપાર્થીઅન્સ** અને ઈન્ડોસીથીઅન્સ ઈરાનમાંથી છૂટાં પડયાં તેની હકીકત. ૩૦૨–૩, ૩૦૮ (૩૦૮)
**ઈરાને** જે સત્તા પંજાબ અને સિંધ ઉપર મેળવી તે કોના સમયે? (૧૨૪–૫)
**ઇંદ્રપાલિત** અને બંધુપાલિતની ચર્ચા. ૫૫
**ઈશ્વિરદત્ત** નામના બે પુરૂષો થયા છે તેમની આપેલી સમજ. (૩૫૬)
**કૌટિલ્ય** એટલે કપટનો ભંડાર એવું ચાણાકયનું ઉપનામ દેવાયું છે તેની બનાવી આપેલી અયોગ્યતા (૨૬)
**કુમાર કુણાલ**ને અશોકવર્ધને તક્ષિલાનો સૂબો નીમ્યો હતો કે? ૧૭૦
**કુશાનવંશ**ની સત્તા કાશ્મિરમાં થઇ છે તે દામોદર **પછી** તુરત જ કે કૈં આંતરો પડયો છે.? ૨૦–૨૧
**કુશાનવંશ** અને દામોદર વચ્ચેના સગપણની લીધેલ તપાસ. ૨૧
**દી. બા. કેશવલાલ હર્ષદભાઈ ધ્રુવે** વાયુપુરાણના કથનનું કરેલું સંશોધન ૧૧૫ (૧૧૫)
**કાન્વાયનવંશ** રાજપદે કે મહાઅમાત્યપદે? ૧૧૫
**કવેટા** શહેરનો ભૂકંપને લીધે થયેલ વિનાશ. ૨૭૫
કલચૂરિ–ચેદિ અને આભીર સંવત; એક જ કે ભિન્ન ભિન્ન? (૩૭૮) (૩૮૨)
**કાશ્મિરમાં** અડ્ડો જમાવી પડેલ, **મ્લેચ્છોનું** વર્ણન **૧૯** થી આગળ
**ક્ષહરાટ** નામ પ્રજાનું છે કે ગોત્રનું? **૨૧૮** (૨૧૮)
**ક્ષહરાટ** સંવત વપારાયાનું દૃષ્ટાંત (જુઓ પાતિક શબ્દે તામ્રપત્ર : નહપાણ શબ્દે શિલાલેખો)
**ક્ષહરાટ** પ્રજાનાં વસતીસ્થાન તથા ભાષા વિશેની સમજ. ૧૭૪, ૧૭૫, ૧૪૪
**ક્ષહરાટ** અને શક વચ્ચેનો તફાવત. ૧૭૪
**ક્ષહરાટ** પ્રજા પરાક્રમી હોવા છતાં કોઇએ મહારાજા કે શહેનશાહનો ઈલ્કાબ ધારણ કર્યો નથી તેનું કારણ. ૧૭૮
**ક્ષત્રપ**નો હોદ્દો જે જે પ્રજામાં અસ્તિત્વ ધરાવે છે તેનાં નામ તથા કારણ. (૧૮૧)
**ક્ષહરાટ** સંવતની સ્થાપનાનો સમય ૧૮૭થી ૮૯
**ક્ષહરાટો** શાંતિપ્રિયતા અને નિરભિમાનપણું સેવતા તેનાં કારણ. ૧૯૧, ૨૩૪, ૨૪૦
**ક્ષહરાટ** પ્રજાના ધર્મપ્રેમ અને ભક્તિ માપવાના બનાવો. (૨૩૪)
**ક્ષહરાટ** પ્રજાની સુજનતાનું વર્ણન. ૨૩૪ : તેમની સંસ્કૃતિની વિચારણાના મુદ્દાઓ. ૨૩૬
**ક્ષહરાટ** સામ્રાજ્યના ત્રણે રાજ્યો એક સમયે અદૃશ્ય થયાનાં કારણ. ૨૪૦, ૩૧૮
ક્ષહરાટ, ચષ્ઠણ અને આભીર સંવતમાંના સામાન્ય અંશોની નોંધ. (૩૭૮)
**ખારવેલ,** શ્રીમુખ, પુષ્યમિત્ર અને મિનેન્ડર : આ ચારેને વિદ્વાનોએ સમકાલીન ગણાવ્યા છે તેની સત્યાસત્યતાનો ઘટસ્ફોટ. ૬૬થી ૭૨ સુધી.

**ખરોષ્ઠી** ભાષાના વિકાસનો ઇતિહાસ. ૧૭૬-૭
**ગ્રીક** અને પહલ્વી ભાષાના કેટલાક શબ્દોની સરખામણી. (૨૯૭)
**ગૌતમીપુત્ર** શાતકરણીની દાદીમાએ કોતરાવેલ શિલાલેખની મહત્તા. ૨૦૨થી ૩ તથા ટીકાઓ.
**ગોંડોફારનેસનો** ઇસાધર્મ સાથેનો સંબંધ. ૩૧૯
**ગૌતમીપુત્ર** શાતકરણી ( રાણી બળશ્રીનો પૌત્ર )નો સમય ઇ. સ. ૭૮ ગણાયો છે તે ફેરવવાનાં કારણ ૩૬૯ (૩૭૨): તેને શક પ્રવર્તક માનવાની ભ્રમણા ( જુઓ શક શબ્દે ): તેણે નહપાણના સિક્કા ઉપર પોતાનું મહોરૂં પડાવ્યું છે તે બાબતના ખુલાસા. ૩૭૨
**ગર્દભીલવંશના** આદિપુરૂષને અને રૂષભદત્તને અંટસ બંધાવવાનું કારણ. ૩૭૦
**ઘેરાઓ** ( સાકલ તથા માધ્યમિકાના ) તથા શુંગવંશીઓએ કરેલ અશ્વમેધ યજ્ઞો : તે બે વિશેની ગેરસમજૂતિ તથા તેના ખુલાસા. ૯૯-૧૦૦ તથા ટીકાઓ.
**ચૌલુક્ય** રાજપૂતોને અગ્નિકુલિયમાં ન લેખવાનાં કારણ. ૩૯૧ (૩૯૧)
**ચીનાઈ** દિવાલના નિર્માણ સાથે પ્રિયદર્શિનના જીવનનો સંબંધ. ૩૬
**ચાણક્ય** અને મેગેસ્થેનીઝ સમકાલીન ન હોવા વિશે એક વિદ્વાનની શંકા ૪૨થી ૪૪ ( એટલે જ સેંડ્રેકોટસ તે ચંદ્રગુપ્ત નહીં. )
**ચંદ્રગુપ્તને** ચાણક્યે જે 'વૃષલ' કહીને સંબોધ્યો છે તેના કારણની તપાસ (૪) (૨૫) ૨૭
**ચંદ્રગુપ્તે** પોતાના રાજ્યનું મંગળાચરણ મગધની દક્ષિણે જ કર્યું તેનું કારણ. ૨૪-૨૫
**ચમત્કાર** તરીકે લેખાતા બનાવો વિજ્ઞાનથી સત્ય પુરવાર થયાનાં દૃષ્ટાંતો. ૨૯૩
**ચષ્ટણ** સંવતની આદિ વિદ્વાનોએ ઇ. સ. ૭૮માં લેખી છે તેમાં કરવો જોઇતો ફેરફાર (૩૭૯) (૩૮૧)
**ચષ્ટણ** સંવતમાં કાળગણનાની રીત. (૩૭૮)
**છત્રપ** શબ્દની વ્યુત્પત્તિ પ્રમાણે થતા અર્થની સમજૂતિ. (૧૭૮)
**જાલૌક** કાશ્મિરપતિએ કાન્યકુબ્જ સુધી મુલક જીતી લીધાની નોંધ. ૨૭૬
**ડિમેટ્રીઅસ** પ્રત્યેની હેલીઓકલ્સનો વફાદારીનો નમુનો. (૧૫૧)
**ડિમેટ્રીઅસ** અને શુંગો વચ્ચે સિંધુકાંઠે થયેલ યુદ્ધનું સ્થાન. ૯૫, ૧૫૧
**ડિમેટ્રીઅસ** હિંદમાં આવતાં કેટલાક સરદારોની કરેલ આયાત. ૧૭૭ (૧૭૭) તથા તે દરેકે ભજવેલો હિસ્સો.
**ડિમેટ્રીઅસે** સાકલ-શિયાલકોટમાં રાજગાદી કરી તેનું કારણ ? ૨૭૪
**ડિમેટ્રીઅસે** 'યો ધ્રુવં પરિત્યજ્ય અધ્રુવંપરિસેવતે'વાળી ઉક્તિનું કરેલું પાલન અને તેથી બચાવી લીધેલ પોતાની અસહ્ય થતી પરિસ્થિતિ. ૧૫૦
**તક્ષિલાપતિ** લીઅક અને પાતિકનાં સંક્ષિપ્ત વૃત્તાંતો. ૨૩૬થી ૨૪૧
**તક્ષિલા** તામ્રપટમાં કોતરાવેલ ૭૮ના આંકની ચર્ચા. ૨૩૮થી આગળ
**તક્ષિલા** ઉપર તેના પરદેશી રાજકર્તાઓના કારભારથી થએલી અસર. ૨૭૧
**ત્રિરશ્મિ** પર્વતનું સ્થાન તથા ઈશ્વરદત્ત-ઈશ્વરસેન આભીરનો તે સાથે સંબંધ. ૩૭૭
**ત્રૈકૂટક** સંવતનો શિલાલેખોમાં થયેલ ઉલ્લેખ. ૩૭૭
**ત્રૈકૂટક** સંવતની કાળગણના અને આભીર સંવત વચ્ચેનો તફાવત. (૩૭૭)
**ત્રૈકૂટક** નામ પડવાનાં કારણની તપાસ. (૩૭૮)
**ત્રૈકૂટક** સંવતની સ્થાપ્ના ઇ. ૨૪૯માં થઇ હતી. ૩૮૧ (૩૮૩)
**ત્રૈકૂટક** સંવતના સ્થાપકની ઓળખ. ૩૮૨

**તિરચાર** પહ્લવાઝની પ્રાચીનતા વિશેની ચર્ચા. ૨૮૭થી આગળ
**દેવણકને** બે પક્ષ–અવંતિ અને અંધ્રપતિ–સાથે વેર બંધાયાનાં કારણ. ૩૭૧
**નીતિ અનીતિ**, કે હૃદયનો અવાજ: તેવા મુદ્દાઓ રાજકારણમાં વિચારાય કે? ૩૧૮
**નહુપાણે** 'રાજા'પદથી પડાવેલા સિક્કા ૧૯૫
**નહુપાણનાં** વિવિધ નામો તથા તેને ધારણ કર્યાનો સમય. ૧૯૫ (૧૯૭)
**નહુપાણની** ઉંમર તથા સમય ૧૯૭–૮: તેના ઉત્તરજીવન વિશે એક ગ્રંથકારનું કથન. (૧૯૯) ૨૦૦
**નહુપાણના** કુટુંબની પિછાન. ૧૯૮–૯ તથા ટીકાઓ
**નહુપાણના** અમાત્ય અમયે શિલાલેખમાં કોતરાવેલ ૭૬–૪૬નું વિવેચન. ૨૦૦
**નહુપાણ** શક્તિશાળી છતાં, મથુરા કે તક્ષિલા પ્રત્યે મીટ સરખી કરી નથી તેનું કારણ, ૨૦૫–૬
**નહુપાણના** પાટનગરના સ્થાનની ચર્ચા. ૨૦૬–૮
**નહુપાણના** બે પ્રકારના સિક્કાની સમજ તથા વિવેચન. ૨૦૮–૧૦
**નહુપાણ** તથા ચષ્ઠણની નીતિ વિશેનો વિવાદ. ૨૧૭થી ૨૨૨
**નહુપાણને** કે ચષ્ઠણને શાહી તરીકે સંબોધાય કે? ૨૧૯ (૨૧૯) ૨૨૦
**નવીનમૌર્ય**–વોમ્બાર મૌર્ય–ની આયાત તથા સમય ૨૮
**પહ્લ્વાઝનું** હિંદ સાથે રાજકીય સંધાણ ૨૯૭
**પશ્ચિમ** દિશાએથી હિંદમાં પ્રવેશ કરવાના માર્ગોનું વર્ણન ૩૧૦
**પરદેશી** પ્રજામાં સૌથી પ્રથમ ક્ષત્રપદ્વારા ચલાવેલ રાજવહીવટ કોણે? ૧૧૦
**પતંજલીના** સમયની ચર્ચા ૭૩
**પતંજલીએ** કરેલા યજ્ઞોની સંખ્યા તથા તવારીખ ૭૬–૭૭
**પાતિકના** શિલાલેખની વિચારણા ૩૨૧
**પાથઆની** બે શાખા—હિંદી અને ઇરાની–ના જોડાણની મંત્રણા ૩૨૫
**પાર્થિઅન્સની** ખાસિયતો, તથા બીજી પ્રજા સાથેની સરખામણી ૨૯૮
**પારદ** અને યોન રાજ્યો ગ્રીકમાંથી છૂટાં પડયાં તેની ભિન્નતા; ૨૯૯, (૨૯૯)
**પાર્થિઆએ** સ્વતંત્રતા મેળવ્યા બાદ તેનો થયેલ વિકાસ ૩૦૧
**પાર્થિઅન્સોએ** હિંદમાં પ્રવેશ કર્યાનો માર્ગ ૩૧૦–૩૧૭
**પાશ્ચાત્ય** વિદ્વાનોને પોતાના કદાગ્રહને પકડી રાખવા અને સત્ય ઠરાવવા કેટકેટલાં ફાંફાં મારવા પડયાં છે તેનો કાંઇક ચિતાર ૩૧૦–થી ૩૧૩ તથા ટીકાઓ
**પુષ્યમિત્ર**, શ્રીમુખ અને ખારવેલને સમસમયી માનવાથી વિદ્વાનોએ ભારતીય ઇતિહાસને વિકૃતિ આપી દીધાનો એક દૃષ્ટાંત (૧૩૬)
**પુષ્યમિત્ર** અને વસુમિત્રની શુંગવંશી રાજામાં ગણના કરાય કે? ૫૯
**પુષ્યમિત્ર** (શુંગભૃત્ય)ની ઓળખ અને જીવન વૃત્તાંત ૬૪
**પુષ્યમિત્ર**, પતંજલી અને શાતકરણી બીજો: આ ત્રણેના જન્મપ્રદેશ એક હોવાથી તેમની વચ્ચે જામેલી મૈત્રી ૬૫–૭૩
**પતંજલીના** આદેશથી, અગ્નિમિત્રના હાથે વર્તાવેલા જૈનો ઉપરના ત્રાસનું વર્ણન ૭૯–૮૦
**પુષ્યમિત્ર**—અગ્નિમિત્રની ધર્મનીતિથી પરદેશીઓને મળેલું આકર્ષણ ૧૪
**પહ્લ્વાઝ** અને પલ્લવાઝના ભેદની સમજણ ૨૮૪ થી આગળ

**પરદેશી** પ્રજાએ હિંદમાં કરેલા પ્રવેશની ચર્ચા ૨૮૫
**પલ્લવ** પતિઓનો હિંદના પૂર્વકિનારા સાથેનો રાજકીય સંબંધ (૨૯૧) ૨૯૧
**પલ્લવ** પતિઓનો મગધપતિ સાથેનો સગપણ સંબંધ (૨૯૦) ૨૯૧
**પારથિયન** અને ગ્રીકને આર્ય ગણાય કે ? તેમજ સગોત્રીય કહેવાય કે ? ૨૯૫ થી આગળ તથા ટીકાઓ
**પારસ**—પારસકુલ દેશને લગતી સમજ (૨૯૫)
**પુષ્યમિત્રની** દોરવણીમાં રહીને વસુમિત્રે યોનને ખવડાવેલી હાર. ૧૪૯
**પ્રિયદર્શિનની** જીતેલ પ્રદેશ પ્રત્યેની રાજનીતિ : તેમાં ડહાપણ હતું કે નબળાઈ ? ૩૬
**પરદેશીઓને** હિંદમાં આવવાને બે તકો મળી હતી તેનું વર્ણન. ૪૧
**પાટલિપુત્રનું** સ્થાન ગંગા અને શોણ નદીના સંગમ ઉપર હોવાથી તેને શોષવું પડેલું સંકટ ૮૫ તથા ( સરખાવો પુ. ૧ પહેલા નંદનું વર્ણન પૃ. ૩૩૦ ઉપર )
**પાટલિપુત્રના** વિનાશનું કારણ ૮૫, (૮૫) ૧૦૦
**પુષ્યમિત્ર** કેટલીયે સ્થિતિનો નિર્માતા ન હોવા છતાં તેનું નામ તે માટે કેમ ગવાયું છે. તેનાં કારણ તથા દૃષ્ટાંત ૯૯ થી આગળ
**પુષ્યમિત્ર** મિનેન્ડર તથા ડિમેટ્રીઅસને હિંદની ભૂમિ ઉપર ખેલખેલતા વર્ણવ્યા છે તે મત કેટલે દરજ્જે વાસ્તવિક છે તેની ચર્ચા ૧૫૩
**પૈઠણનગરી** છોડીને અંધ્રપતિઓને વરંગુળમાં જવાની પડેલી ફરજ ૨૦૨
**પરદેશી** હુમલાની ( હિંદ ઉપરના ) સંખ્યા તથા કયા હુમલામાં તે પરદેશીના હાથમાં ગયો ? ૧૨૬–૨૭
**પરદેશી** આક્રમણકારો પાંચની સંખ્યામાં ; તેમનો ટૂંક હેવાલ (નામ તથા દેશ પરત્વે) ૧૨૭–૮: ૧૪૩–૪
**પાર્થિંઆના** સૂબાઓએ હિંદ ઉપર મેળવેલો પકડ, અને ધારણ કરેલ મહારાજાધિરાજનો ઇલ્કાબ ૩૦૨ (૩૦૨)
**પ્રાચીન સમયના** 'સૈકો' પ્રદેશમાં વર્તમાનકાળની કઈ ભૂમિનો સમાવેશ થાય ? ૧૪૦
**બેકટ્રીઆ** છૂટું પડતાં તેનો થયેલ રાજદ્વારી વિકાસ ૩૦૦–૧
**બિંદુસારનું** મરણ નીપજ્યું તે વખતના સંજોગોનું વર્ણન ૩૧
**બિંદુસારના** અમલમાં, પૂર્વાદ્ધ અને ઉત્તરાર્દ્ધના મગધ સામ્રાજ્યના રાજ્ય વિસ્તારમાં પડેલ ફરક તથા તેનું કારણ ૩૦
**બ્રાહ્મી** અને ખરોષ્ઠીનો ભેદ સમજવાનો કોઠો ૧૭૫
**ભાનુમિત્ર** અને ભાગ-કાશીપુત્ર તે બન્ને એકજ કે ભિન્ન ભિન્ન ? ૧૦૯ (૧૧૨)
**ભૂમક** મહાક્ષત્રપને શકને બદલે ક્ષહરાટ ઠરાવવાનાં કારણ (૯)
**ભૂમક** નહપાણ અને રૂષભદત્તની જાતિ તથા સગપણ વિષે લીધેલી તપાસ ૧૮૩ થી ૧૮૬
**ભૂમક** ( ક્ષત્રપ તથા મહાક્ષત્રપ તરીકે ) ના રાજઅમલનો સમય ૧૮૮
**ભૂમક** હિંદમાં આવ્યો ત્યારે તેની ઉમર (૧૮૯)
**ભૂમકના** રાજપાટની ચર્ચા તથા તેનાં બતાવેલ ચારેક સ્થાનો ૧૯૧
**મોઝીઝને** પંજાબ અને સુરસેન પ્રાંતો કેવા સંજોગમાં પ્રાપ્ત થયા તેની ચર્ચા ૩૧૭
**મિનેન્ડરના** ક્ષત્રપ એન્ટીસીઆલડાસ વિશે કાંઈક ૨૩૬, ૧૬૨, ૧૮૨
**મિનેન્ડરે** ખેલેલાં અનેક યુદ્ધનું વર્ણન ૧૫૩ થી આગળ ૧૧૦–૧
**મિનેન્ડરના** સંસ્કૃતિમય જીવનનો ખ્યાલ ૧૫૭

**મિનેન્ડરના** જન્મસ્થાનની ચર્ચા ૧૫૨
**(વચ્ચમા) મોરિયારના** (નવા) તથા જુના મૌર્યોના આગમનનો ઇતિહાસ ૨૮૯ (૨૮૯)
**મિનેન્ડરનો** ધર્મ બૌદ્ધ હોવાની પ્રો. રીઝ ડેવીઝની માન્યતા (૨૪૪) તે ઉપર પડતી શંકા (૨૪૪): શું તે જૈનધર્મ તરફ ઢળતા વલણનો હતો કે? (૨૫૯)
**મૌર્યની** બે શાખાનાં નામ; તેમાંની એક કાશ્મિરની શાખાનું વૃત્તાંત ૧૯ થી આગળ
**મોઝીઝને** પ્રથમ સૂબાગીરી આપવામાં રામાયલી નેમ ૩૦૫
**મોઝીઝને** ઇરાનના શાહીકુટુંબ સાથે સંબંધ હોવાની કલ્પનાના પુરાવા ૩૦૬ (૩૦૬) ૩૧૪
**મોઝીઝે** રાજકીય ક્ષેત્રે ઝંપલાવ્યું તેના સમયની ચર્ચા ૩૦૭
**મોઝીઝે** તથા તેના અનુગામીએ ઇરાનની ગાદી સાથે બતાવેલી વફાદારી ૩૧૪-૧૬
**મોઝીઝે** જુદા જુદા ઇલ્કાબ ધારણ કર્યા છે તેનો રસપ્રદ ઇતિહાસ ૩૧૫
**મોઝીઝે** હિંદ ઉપર રાજસત્તા સ્થાપી તેનો સંક્ષિપ્ત હેવાલ ૩૧૪ થી ૧૮
**મંત્રીગુપ્ત** ( કાશ્મિર ઉપર નિમાયલા ) સૂબા સંબંધી વિચારણા ૩૨૭
**યોન** પ્રજાનો હિંદમાં તેમજ બેકટ્રીઆમાં એકી વખતે આવેલ રાજકારણમાનો અંત ૧૧૨
**યુચી** સરદાર કુજુલ કડફસીઝ અને ગોંડોફારનેસની વચ્ચે ઝરેલી ચકમક ૩૨૯
**યુવરાજ વસુમિત્રની** યુદ્ધ કૌશલ્યતાનું કેટલુંક વર્ણન. ૧૫૪
**રાજ્યજ**સિની, અથવા તો ખંડિયા બનાવવાની પદ્ધતિ; બેમાં કઇ સારી તથા તેના ફાયદા ગેરફાયદા ૪૧
**રાજુવુલનું** જન્મ સ્થાન: ત્યાંથી તેને હિંદમાં કેમ અને કયારે આવવું પડયું તેનું વૃત્તાંત ૨૨૯
**રૂષભદત્તે** પોતાના સૌરાષ્ટ્રમાં શકપ્રજાને ચાર માસ સ્થિરતા કરી જવાને આપેલી સગવડ ૩૭૧
**રાજુવુલની** જાતિ તથા કુટુંબની ઓળખ ૨૨૯
**રાજુવુલ** તે ક્ષત્રપ કે મહાક્ષત્રપ: તેના અને મિનેન્ડરના સંબંધનો વિવાદ ૨૩૧
**લાટદેશ** ઉપર જીત મેળવનાર કોણ? મિનેન્ડર, ભૂમક કે નહપાણ? ૧૯૦
**વિક્રમાદિત્ય**ના તથા હર્ષવર્ધનના સંવતની એકતાનતાનું કારણ. (૩૩૫)
**વાકપતિરાજ**નું ( ઇ. સ. ૮ સદી ) અને પતંજલીનું સ્થાન ગૌડદેશ: તે દેશ એક જ કે ભિન્ન? ૭૨
**વસુમિત્ર**, સુમિત્ર અને સુજ્યેષ્ઠ: એક કે ભિન્ન ભિન્ન? ૧૦૩
**વસુમિત્ર**ના કુટુંબનાં નામ તથા ઓળખ. ૧૦૯ (૧૧૩)
**વલ્લભીવંશ** ( અથવા મૈત્રકવંશ )ની સ્થાપનાનો ઇતિહાસ. ૩૮૯
**વૈષ્ણવ** અને વૈશ્નવ શબ્દના તફાવતનું રહસ્ય. (૮૬)
**વસુમિત્ર**ને ફસાવવા યોનપતિએ બીછાવેલી જાળ. ૯૪
**વસુમિત્ર**નું જીવનવૃત્તાંત. ૧૦૨
**વર્તમાન બેકટ્રીઆના** પુરાણા નામની ચર્ચા (૨૯૮)
**વિજયી** નીવડેલા **રજપૂત** ક્ષત્રિયોએ પ્રદેશની કરેલી વહેંચણી (૩૯૦), ૩૯૧
**શકપ્રજા** ઉપર પાર્થિઅન શહેનશાહની કાયમની પડેલી ઝૂંસરી. ૩૦૧
**શુંગવંશ**ને કેટલાક વિદ્વાનોએ 'મિત્રવંશ' તરીકે ઓળખાવ્યો છે તેનું કારણ. (૧૦૪)
**શકલોકો** તિરંદાજીની વિદ્યામાં પ્રવીણ હતા તેનાં દૃષ્ટાંતો. (૧૧૦)
**શુંગભૃત્યા:** શબ્દનો અર્થ, તેની વપરાશનું કારણ તથા સમય ઇ. આંધ્રભત્યા: સાથે સરખામણીની સમજૂતિ. ૪૯, ૭૪ (૭૪) ૭૫

**શુંગપતિ** વીશેની કાળગણનામાં દષ્ટિફેર ૪૯ : જેને લીધે નામાવલી તથા તથા સમયાવલીમાં દેખાઈ આવતો તફાવત. ૪૯થી આગળ
**શું મિનેન્ડર** કે ડિમેટ્રીઅસે કનોજની પૂર્વના પ્રાંતોમાં પગ દીધો છે ? ૧૫૫
**શુંગપતિ** વિશેના એક જટિલ પ્રશ્નનો કરેલ ઉકેલ. ૫૨
**શુંગવંશ**ની શોધિત નામાવળી અને વંશાવળી. ૬૦–૬૧
**શક** સંવતની સ્થાપના સાથે, બે અઝીઝમાંથી કોઇને સંબંધ ન હોવાનું કારણ. ૩૨૧, ૩૨૩
**શાહ** અને શાહીવંશની ઉપાડેલી ચર્ચા અને તેમાંથી કરેલું તારણ. ૩૩૪
**શાહી** અને શહેનશાહી પ્રજાનાં મૂળસ્થાનની તપાસ. ૩૪૨
**શકપ્રજા**ના હિંદમાં થયેલ ઉતારના માર્ગ વિશેની ચર્ચા. ૩૧૦, ૩૧૭
**શકપ્રજા**નું એક નાનું ટોળું ઉતરી આવ્યાનો બનાવ. (૩૧૪ ટી. નં. ૨૯)
**શુંગો**ની રાજગાદી પાટલિપુત્ર કે વિદિશામાં ? (૬૭) ૯૩ (૯૩)
**શાતકરણી** બીજાએ અવંતિ જીતી લઈ ત્યાંની તકેદારી માટે લીધેલાં પગલાં. ૧૨
**શાહીવંશ**ની સ્થાપનાના સંજોગો તથા તેના ગાદીસ્થાનની પસંદગી. ૩૫૩
**શકપ્રવર્તક** ગૌતમીપુત્ર વિશેનો કેટલોક ભ્રમ ૩૫૩
**શાહીવંશ**ની વંશાવળી. ૩૭૩
**શક, આભીર અને ત્રૈકૂટકનો સંબંધ. ૩૭૫થી આગળઃ ૩૭૮થી ૮૪ સુધી**
**શક** કોને કહેવાય તે પોતે જ જાણતા ન હોવા છતાં, તેનો દોષ બીજાને માથે ઢોળવાનો પ્રયાસ **૧૪૦,** (૧૪૧ ટી. નં. ૪૭) ૩૫૦ (૩૫૦ ટી. નં. ૭૮)
**શુંગો**નો સમય જૈનગ્રંથો ૯૦ વર્ષનો, અને વૈદિકગ્રંથો **૧૧૨** વર્ષનો કહે છેઃ તે બન્નેનું **સમાધાન. ૪૮**
**શુંગપતિઓ**ની કારકીર્દીની એક ઉજળી બાજુની લેવી જોઇતી નોંધ. ૯૭, ૧૧૦
**સમજણ** ન પડે તેવી બાબતમાં મૌન સેવવાને બદલે વિદ્વાનો ઓડનું ચોડ ભરડી નાંખે છે તેનું દષ્ટાંત. ૩૩૪
**સાકલ** (સાકેત નામ ખોટું છે)માં ગાદી સ્થાપનાર, ડિમેટ્રીઅસ કે તેનો પિતા યુથીડીમોસ ? (૧૫૩)
**સ્ટ્રેબો** નામના વિદ્વાને કેટલીયે હકીકતોની ખોટી જ નોંધ લીધેલી છે તેનો એક નમુનો (૧૫૨) ( તેવાંતો અનેક દષ્ટાંતો છે જેથી ઇતિહાસ વિકૃત બની ગયો છે.)
**સંવતસરની** આલેખન પદ્ધતિ ક્ષહરાટ અને કુશાનમાં એક સરખી દેખાય છે. ૨૪૨
**સુભાગસેન** ( પ્રિયદર્શિન પુત્ર)નાં અન્ય નામો તથા જીવન વૃત્તાંત. ૨
**સેંડ્રેકોટસને** ચંદ્રગુપ્ત ઠરાવવાથી થતી અનેક ભૂલોમાંની એક (૫) : (વિશેષમાટે પુ. ૨ પૃ. ૧૫૪થી આગળ જુઓ.)
**સુભાગસેન** જ્યેષ્ઠ પુત્ર ન હોવા છતાં યુવરાજ કેમ નીમાયો ? (૧૦) તે સ્થિતિથી તેના જીવન ઉપર થયેલી અસર. ૧૦–૧૧
**સૂબાની** નિમણૂંક ( પાર્થીઅન્સ અને સ્કોટીશ પ્રજામાં ) કરવાની પદ્ધત દેખીતી રીતે એક છતાં તેમાં રહેલ ફેરફાર. ૩૨૯
**સમયાવલી**ની મદદથી કરેલ ઉકેલ સર્વશ્રેષ્ઠ અને અફર રહે. તેના દષ્ટાંત. ૫૨ (પ્રસ્તા. ૧૬)
**હગામ** અને હગામાસ એકજ કે જુદાઃ તેના સમય અને જીવન ઉપરનો પ્રકાશ ૧૭૯–૮૦
**હગામ** ક્ષહરાટ જાતિનો હોવા વિશેનાં પ્રમાણો ૧૮૦
**હુણ** પ્રજાની કેટલીક ખાસિયતોનું વૃત્તાંત (૩૯૦)
**હર્ષવર્ધન** અને વિક્રમાદિત્યના સંવતસરનું સામ્ય તથા કારણ (૩૩૫)

## (આ) સામાન્ય જ્ઞાન સંબંધી

**અર્થશાસ્ત્ર** ઘડવાનો સમય તથા કારણ. ૨૭
**અલેકઝાંડરે** પંજાબ ઉપર ચડાઈ કરી તેનું કારણ, તે વખતે ત્યાં પ્રવર્તી રહેલી સ્થિતિ અને તેમાં તેને મળેલ અનુભવ ૩૧
**અલેકઝાંડરના** અને અશોકના રાજનીતિજ્ઞપણાંની સરખામણી ૩૨-૩૩: પાશ્ચાત્ય વિદ્વાનોએ અલેકઝાંડરને નરકેશરી ગણી તેના અફાટ યશોગાન ગાયાં છે જ્યારે હિંદીગ્રંથો તે વિશે તદ્દન મૌન છે તે સ્થિતિનો ઘટસ્ફોટ ૩૭-૩૮-૩૯: ૧૫૮
**અશોકવર્ધનને** આખી જીંદગીમાં પગ વાળીને બેસવાનો સમય મળ્યો નથી તેનો સંક્ષિપ્તમાં ચિતાર. ૩૨થી૩૫
**અશોકે** ગૃહજીવનમાં ભોગવેલ ઉકળાટનું ઝાંખુ ચિત્ર. ૩૪
**અશોકને** ઠરીઠામ બેસવાનો આરંભ અને કલુષિત જીંદગીમાંથી થયેલ મુક્તિ ૩૫
**અલેકઝાંડરના** હુમલાનું નામનિશાન પણ દેખાતું નથી તેનાં કારણની તપાસ ૩૮-૩૯
(વિશેષ) **અભ્યાસ** ( Post-graduate course ) જેવું પ્રાચીન સમયે હતું કે કેમ ? (૨૭૭)
**અરબસ્તાનમાં** મુખ્ય ભાગે જ્યાં ને ત્યાં રેતીજ માલૂમ પડે છે તેનું કારણ ૧૩૬
**અરવલ્લીની** પશ્ચિમની હિંદીશક પ્રજાનું નિર્માણ ૩૫૧
**અશ્વમેધના** સ્મારક તરીકે કોતરાવાતાં અશ્લીલ ચિત્રોની સમાજ ઉપર થતી નૈતિક અસર ૯૬-૯૭
**આભીર,** શક અને ત્રૈકૂટકો સર્વે એક પ્રજામાંથી ઉદ્ભવ્યા છે તેથી પરસ્પર લોહી સંબંધવાળી છે.
**સૌરાષ્ટ્રની** અને મહારાષ્ટ્રની આભીર પ્રજાના તફાવતનું લક્ષણ ૩૮૯
**આભીર** પ્રજાના વસતીસ્થાન અને તેમનાં પરસ્પર જોડાણ ૩૫૮
**આભીર** અને પારદપ્રજાના ગુણોની સમતુલના ૨૯૯ (૨૯૯)
**આભીર** અને સૌરાષ્ટ્રના રા'વંશીઓનો સંબંધ ૩૮૮
**આભીર** પ્રજાની શાખાઓ અને તેનો ઇતિહાસ ૩૮૯
**આર્ય** પ્રજાનું મૂળસ્થાન કોકેસસ કે ઓક્સસ ? (૩૪૪)
**આયુર્વેદિક** ( આર્યવેદિક ) અને યુનાની વૈદિક શાસ્ત્રમાં અસલ કોણ તેની ચર્ચા ૨૭૮
**આર્યો** અને યવનો વચ્ચે જામેલાં અનેક યુદ્ધોની તારીખ ૧૫૪ થી આગળ
**આર્ય** પ્રજાનો ક્રમિક વિકાસ, મધ્ય એશિયામાંથી થયો છે તેની ટૂંક માહિતી ૧૪૧ થી આગળ
**ઓક્સસ** નદીની બે શાખાની પ્રાચીન સ્થિતિ જૈનગ્રંથના કથનો ગણતી ઘટાવી શકાય છે. ૧૩૨
**ઇશ્વરદત્ત** આભીર, જુનાગઢના રા'વંશીઓનો પૂર્વજ હોવાની માન્યતા ૩૩૮
**કાત્યાયન** અને કાન્વાયનના સામ્ય સંબંધી વિવાદ: ૨૨૪ (૨૨૩-૨૪) ૨૨૬
**કાત્યાયન** વરરૂચિ અને કાત્યાયન પતંજલીના સંબંધ વિશેની ચર્ચા ૨૨૫-૨૮ તથા ટીકાઓ
**કાન્વાયન** વંશી પ્રધાનોનો આખો સત્તાકાળ શુંગપતિઓની સેવામાં ૧૬૩
**કાન્વાયન** વંશી પ્રધાનોને વિદ્વાનોએ પુષ્યમિત્રના સમય સાથે જોડયા છે તે વાસ્તિવિક છે ? ૨૨૨થી ૨૬ તથા ટીકાઓ
**કાન્વાયન** પ્રધાને પોતાના સ્વામીનું ખૂન કર્યું છે તે પ્રથમ નંબરવાળાએ કે છેલ્લાએ ! ૨૨૩
**શ્રીકૃષ્ણ** તથા તેમના અનુયાયીના ધર્મ વિશે પ્રકાશ ૨૫૮
**કચ્છના** રાવો અને સૌરાષ્ટ્રના રા'વંશીઓ વચ્ચે લોહી સંબંધની સંભાવના (૩૫૭)
**કુસાણ** મૂળના અર્થ અને સત્યાસત્ય હકીકત માટેનો પ્રકાશ (૩૬૮)

**કલ્કિનું બિરૂદ**, પુષ્પ મિત્રને બદલે અગ્નિમિત્રને આપવાનાં કારણો. ૮૭
**કૃષ્ણકુમાર** શાંબનું અને રામચંદ્રજી કુમારલવનું રાજ્ય શાક દ્વીપમાં હતું. તે કથનના મર્મનું રહસ્ય ૧૩૭, ૨૯૪
**ક્ષત્રપ** સરદારોના સિક્કાથી ઉભી થતી ગુંચવણો ૧૬૩
**ક્ષત્રપ** અને મહાક્ષત્રપના અધિકાર વિશે વિદ્વાનોએ અને મેં આપેલું વર્ણન તથા બેની વચ્ચે રહેલ ભેદનું તારતમ્ય ૧૬૯ થી ૭૨
**ખેંગાર** નામના રાજાઓ (સૌરાષ્ટ્રના)ને ક્ષહરાટ ગણવાની એક વિદ્વાનની કલ્પના (૩૫૮)
**ગૂર્જર**ની વ્યાખ્યા: પ્રાચીન તથા અર્વાચીન સમયની ૩૮૫
**ગૂર્જર** પ્રજાની ઉત્પત્તિનો ઈતિહાસ ૩૮૫, ૩૯૨
**ગૂર્જર**ની ઉત્પત્તિ સાથે કોકેસસ અને ઓકસસના સ્થાનનો સંબંધ ૩૮૫ (૩૮૫)
**ગૂર્જર** પ્રજાના ઉત્પત્તિ સ્થાન સાથે ઝાંસી-ગ્વાલિયર પ્રદેશની પણ ગણત્રી ૩૯૧
**ગૂર્જર** પ્રજાની ઉત્પત્તિ સ્થાન વિશે મારા વિચારો; અને વિદ્વાનોથી હું કયાં જુદો પડું છું તેનો આપેલ ટૂંકો ખ્યાલ ૩૯૨
**ગૂર્જર** અને શક બન્નેનો ઉદ્ભવ એકજ પ્રજામાંથી ૩૯૩ (૩૯૩)
**ગૂર્જર** શક, આભીર અને ત્રૈકૂટકો સર્વે જૈન ધર્મ પાળતા હતા તેના પુરાવા સાથે વર્ણન ૩૯૩ થી ૩૯૬
**ગૂર્જર**ની ઉત્પત્તિ માટે જ્યોર્જીઆ અને ગેંડ્રીઆનાના સ્થાન વિષેની કલ્પના (૧૩૯-૪૦)
**ગૌડ** નામના બે દેશો ઈ. સ. ની ૮ મી સદીમાં હતા; તે બન્નેનું વર્ણન ૭૨
**ચડાઇ** કરવામાં હુમલો કરનારનો શું ઇરાદો હોય છે તથા તે કેટલે દરજ્જે ફળીભૂત થાય છે તેની ચર્ચા ૧૫૮ થી આગળ
**પં. ચાણક્ય**ના બાપદાદાઓ હિંદમાં આવીને વસ્યા તેનો સમય ૩૮૬
**ચંદ્રગુપ્તે** મગધ જીતવામાં કલિંગપતિની મદદ માંગવાનું કારણ ૨૫
**ચંદ્રગુપ્ત** મહાન મગધ સમ્રાટ હોવા છતાં તેને નાણાની પડેલી તંગી ૨૬
**ચંદ્રગુપ્તે** અવંતિને આપેલી રાજકીય મહત્તા અને તે માટે તેણે ભરેલાં પગલાં ૨૮
**ચાણાકયે** રાજનીતિમાં અકેંદ્રિત ભાવના પરિણામવા લીધેલાં પગલાં તથા દષ્ટાંત ૨૮
**ચંદ્રગુપ્તે** દીક્ષા લીધા પછી ગાળેલ જીવનના સ્થાન તથા સમયનું વર્ણન ૨૯
**ચાણાકય**ની અકેંદ્રિત ભાવનાનો પ્રિયદર્શિન સમ્રાટે અમુક અંશે કરેલો અમલ ૩૬
**ચાણાકય** પોતાની ઇચ્છા પ્રમાણે અકેંદ્રિત ભાવના અમલમાં ન મૂકી શકયો તેનાં કારણ ૩. ૪, (૨૫) ૨૭
**ચંદ્રગુપ્તે** દક્ષિણના કેટલાક પ્રાંતો ઉપર પોતાના જ્ઞાતિજનોની કરેલી નિમણૂંક. ૨૮
'**જર**, જમીન અને જોરૂ, એ ત્રણે કજીયાનાં છોરૂ' તે કહેવત અનુસાર થયેલા કજીયાનાં દષ્ટાંતો તથા તેનો આપેલ સમય (૯૮)
**ગ્રીક** પ્રજાને આર્ય વસાહત ગણી શકાય કે કેમ? (૧૪૬) (૨૯૬-૭)
**ગણતંત્ર** રાજ વ્યવસ્થાનું સ્વરૂપ ૩-૫
(મહારાષ્ટ્રના) **ત્રૈકૂટક** વંશને સૌરાષ્ટ્રની આભીર અને શક પ્રજા સાથેનો સંબંધ ૩૫૫ થી ૫૮ તથા ટીકાઓ ૩૯૩ (૩૯૩)
(મહારાષ્ટ્રના) **ત્રૈકૂટક** વંશનો અને આભીર પ્રજાનો પરસ્પર સંબંધ ૩૮૯
**ત્રૈકૂટક**, ગૂર્જર, શક અને આભીર; ચારે પ્રજા જૈનધર્મ પાળતી હતી તેના પુરાવા ૩૯૩ થી ૩૯૬
(હિંદના) **તરી** કિનારાનું સ્વામિત્વ કેટલું મહત્ત્વપૂર્ણ ગણાય તેની ચર્ચા ૧૫૬

**તક્ષિલા**નાં દાટ તથા સમય અને તેનાં કારણો ૨૭૪
**તક્ષિલા** અને નાલંદાની વિદ્યાપીઠની સરખામણી ૨૭૭
**તક્ષિલા**ના તામ્રપત્રમાં વપરાયલ ૭૮ ના આંકનો બતાવેલ ઉકેલ. ૨૪૦
**તક્ષિલા**ના નામકરણની ચર્ચા ૨૬૬
**તક્ષિલા**ની ઉત્પત્તિ સાથે ભરતનું નામ જોડાયલું છે તે ભરત રાજા કયા સમજવા? (૨૭૦) ૨૭૧
**તક્ષિલા**વાસીઓની કેટલીક રાહરસમોનું વર્ણન ૨૭૨: તેમાંની કેટલીકનું વર્તમાન પારસી સામાજીક સ્થિતિમાં થતું દર્શન ૨૭૨ (૨૭૨)
**દ્વીપ** અને દુઆબના તફાવતનું વર્ણન (૩૪૬)
**દ્રાવિડ** સાહિત્યના ત્રણ યુગની ચર્ચા ૨૮૭, ૨૮૮ (૨૮૮)
**ધર્મ**ના વિષયને ઈતિહાસનું એક અંગ ગણાય કે કેમ તેની ચર્ચા અને રદિયા ૨૭૮
**ધર્મ** કે જાતિમાં કોઈ જાતનો વિધિ નિષેધ કે ક્રિયાકાંડનો વળગાડ ખરી રીતે સંભવિત નથી. ૨૪૮
**ધર્મ** અને કોમ: બન્ને ક્ષેત્રોની સમજ: તેમાંથી વિપથ માર્ગે જવાથી નીપજતાં કડવાં પરિણામ (૨૭૮-૨૭૯)
(રાજાઓનો) **ધર્મ** જાણવા માટે સાધનોની અગત્યતા તથા તેનો અનુક્રમ ૨૪૩
**ધર્મ**ઝનુન, એકી વખતેજ મધ્ય અને દક્ષિણ હિંદમાં એક સમયે ચાલી રહ્યું હતું તેનું દષ્ટાંત ૭૫
**ધર્મ** સહિષ્ણુતા અને ધર્માંધપણાની સરખામણી, દષ્ટાંતો અને રાજ ઉપર થતી અસર ૫-૮ તથા ટીકાઓ
(પ્રજાના) **ધર્મમાં** રાજસત્તા હસ્તક્ષેપ કરે તો કેવાં પરિણામ આવે તેના નમુના. ૧૧
**ધર્મ** અને સંસ્કૃતિની વ્યાખ્યા ૨૪૭
**ધર્મ** શબ્દને તેના અનુયાયીઓએ બજારૂ વસ્તુ તરીકે ઉતારી નાંખ્યાની હકીકત ૨૪૭ (૨૪૭)
(જેમ) **ધર્મમાં** તેમજ કોમ શબ્દના અર્થમાં પ્રવેશ પામેલી સંકુચિતતા ૨૪૭ (૨૪૭)
**નહુપાણની** રાજનીતિ લોકકલ્યાણકારી અને દીર્ઘદષ્ટિવાળી હતી તેની સાબિતી
**નાત**, જાતના વાડા વધારે મજબુતપણે બંધાવા લાગ્યાના સમયની કલ્પના (૨૧૨)
**નદીઓ** સામાન્ય રીતે સરોવરમાંથી નીકળે છે પણ તેને મળતી નથી. આ નિયમના અપવાદ રૂપ દષ્ટાંતો (૧૩૩)
**પતંજલી** અને પુષ્યમિત્રના જીવનની સરખામણી ૭૭
**પતંજલી** મહાશયના ગોત્ર ઉપર વિચાર કરવા માટે રજુ કરેલ કેટલાક મુદ્દાઓ ૨૨૬-૨૭
**પારૂષિ**માંના ઋષિ શબ્દનું અપભ્રંશ થઈ 'પારસી' શબ્દ થયેલ દેખાય છે: તેનું તથા તેના અધિકારનું વર્ણન ૨૯૫
**પાણિનિ**, ચાણાક્ય અને વરરૂચિની ત્રિપુટિમાંના દરેકે જુદા જુદા ક્ષેત્રે નામ કાઢયાની વિગતો ૨૨૪, (૨૨૪) ૨૨૫
**પાણિનિનો** ઉદ્ભવ અને ખરોષ્ઠી ભાષાનો સંબંધ ૩૪૬
**પ્રિયદર્શિને** ચલાવેલી અને પં. ચાણક્યે યોજેલી રાજનીતિ સાથેની સરખામણી ૪
**પ્રાચીન** ગ્રંથોમાં 'પ્રમાણ' શબ્દ કેવા રૂપમાં વપરાતો હતો તેની સમજ ૧૩૦
**પ્રજાની** ઓળખ માટે, કાળનિર્દેશની પદ્ધતિનો કરવામાં આવતો ઉપયોગ ૧૬૯
**પાંડુરાજાની** રાણીમાદ્રિના પિયરવાળા પ્રદેશનું વર્ણન ૧૫૧
**પ્રિયદર્શિનના** શિલાલેખમાં 'ભોજક' નો થયેલ નિર્દેશ અને તેના સ્થાનની કલ્પના ૩૯૨
**પ્રિયદર્શિને** અને અગ્નિમિત્રે પોતાના વડીલો પ્રત્યે બતાવેલી કાળજીની એક સરખામણી ૫૩

**પુષ્યમિત્ર**, અગ્નિમિત્ર તથા વસુમિત્ર તે ત્રણેના રાજકીય સમયની વહેંચણી ૫૨-થી ૫૭
**બ્રાહ્મણ** શબ્દના જુદાજુદા અર્થની સમજૂતિ ૨૪૮ (૨૪૮)
**બ્રાહ્મણ** શબ્દ કોની સાથે જોડી શકાય તેનો ખુલાસો ૨૨૫
**બ્રહ્મદ્વીપના** આર્યો અને પં. ચાણાક્યનો શકપ્રજા સાથેનો સંબંધ (૩૪૭)
**બ્રહ્મચારીને** પરણાવવામાં પ્રાચીન સમયે મનાતું પુણ્ય (૩૬૭)
'**ભોજક**'નો પ્રિયદર્શિને કરેલ નિર્દેશઃ તેના સ્થાન વિશે એક કલ્પના. ૩૯૨
(રાજા) **ભાનુમિત્રે** પોતાના અમાત્ય તરીકે કાન્વાયનોની કરેલી પસંદગી ૧૧૧
(રાજા) **ભાગવતને** તક્ષિલાના યોન ક્ષત્રપે સમર્પણ કરેલ સ્તૂપનો પ્રસંગ ૧૧૨
**મથુરા** વિશે 'ઔડવહો' પુસ્તમાંનું એક કથન ૨૬૨
**મથુરાને** લગતી પ્રાચીન ભૂગોળનું વર્ણન ૨૬૩
**મોહનજાડેરોની** સંસ્કૃતિ અને મહાભારતના સમયનો સંબંધ (૧૩૭-૮)
**માંગોલિયનનાં** પીત પ્રજા સાથે લિચ્છવીના શરીરવર્ણનો સંબંધ ૧૪૧ (૧૪૧) (૨૭૨)
**મ્લેચ્છ** શબ્દનો રાજતરંગિણિકારે યોન તરીકે કરેલ ઉપયોગ (જુઓ યોન શબ્દે)
**મૌર્ય** સામ્રાજ્ય તુટી પડતાં તેની સંકોચાયલી હદ ૯૦
**મૌર્ય** સામ્રાજ્યની પડતીનાં કારણઃ વિદ્વાનો માની રહ્યાં છે તે યથાર્થ છે કે કેમ ? ૪ થી આગળ
**યુ-ચી** પ્રજાનું અસલની આર્યપ્રજા સાથેનું સંધાણ. ૧૪૨
**યુ-ચીનો** ઉદ્ભવ આર્યમાંથી તેમ કુશાણનો ઉદ્ભવ પણ આર્યમાંથીઃ તો પછી કુશાનને પણ આર્યમાંથી ઉદ્ભવેલા ગણાય કે કેમ ?
**યોન** અને યવન જુદા છે છતાં લોહી સંબંધવાળા છે. ૧૪૨, ૧૪૩, ૧૪૬ (૧૪૬) ૧૪૮
**યવન**, (મ્લેચ્છ) અને જવન શબ્દનો તફાવત (૧૪૬) (૧૪૮) ૮૩, ૧૧૯, (૧૧૯)
**યોન** પ્રજાનાં સરણ, વિકાસ અને આક્રમણ વિશે કાંઈક ૧૪૭-૯
**યોન** માટે રાજતરંગિણિકારે મ્લેચ્છ શબ્દનો કરેલ ઉપયોગ ૧૪૮ (૧૪૬)
**રામચંદ્રજીના** કુમાર લવ-કુશ અને કૃષ્ણકુમાર શાંબનું આધિપત્ય ઇરાનમાં હતું તે સંબંધી વિચારો ૨૯૪, ૧૩૭
**રુષભદત્તના** બાપદાદાઓનો હિંદમાં આવવાનો સમય ૩૯૬
(કચ્છના) **રાવો** અને સૌરાષ્ટ્રવંશી રાની વચ્ચેનો લોહી સંબંધ ( જુઓ કચ્છ શબ્દે) (૩૫૭)
**રાવંશી** રાજાઓમાં જે સદ્ગુણો ઉતરી આવ્યા છે તેના મૂળની તપાસ ૩૫૭
**લિચ્છવી** તરીકેજ, તિબેટનો, ચિનાઓ અને માંગોલિયનો ૨૧
**વર્ણો** તે વ્યવહારની સમાનતાના વર્ગીકરણ માટે છે તેને ધર્મ (આત્મીય સાધન) સાથે લેવા દેવા નથી. ૨૨૬
**વાર્તિકકાર** કાત્યાયન અને મહાભાષ્યકાર પતંજલી એક જ કે ભિન્ન ભિન્ન ? (૨૨૭)
**વિક્રમાદિત્ય** શકારિનો અધિકાર કાશ્મિર સુધી લંબાયો હતો કે કેમ ? ૩૨૭
**વર્ણો** (ચાર)ને કર્મ સાથે સંબંધ કે જન્મ સાથે ? (૩૯૦) (૩૬૦)
**વ્યક્તિઓ** એક જ વંશની હોવા છતાં તેમનામાં ધર્મપલટાનું દર્શન, દષ્ટાંતો સાથે (૩૯૩, ૩૯૪)
**વેપાર**, હિંદ અને ઇરાન વચ્ચેનો, ઈ. સ. પૂ. છઠ્ઠી સદીનો. ૨૯૭
**વિદ્વાનોમાં** શક અને પહલ્વાઝની ઓળખ માટે પડેલી ગૂંચઃ તેનો કરેલ ઉકેલ ૧૪૩, ૪૪. ૧૬૪થી૭૦ ૩૦૭ થી ૧૦: ૩૧૦ થી ૧૩ તથા ટીકાઓ, ૩૦૫ (૪૦૫) ૩૧૭, ૨૯૯ થી ૩૦૧

**વસુમિત્રે** કરેલ અશ્વમેધના અશ્વની દોરવણી. ૫૭
**વિક્રમ** સંવત્સરના સ્થાપન માટે શક પ્રજાના ત્રાસમાંથી મુક્તિ જ કારણરૂપ છે કે બીજું ખરૂં. ૯૭
**વૈષ્ણવ** અને વૈશ્નવ એક જ કે ભિન્ન ? (૨૫૩)
**શક** અને હિંદી શકની ઓળખનું વર્ણન ૩૬૪
**શાહીવંશનું** બિરૂદ સાચું ઠરાવતી સ્થિતિ ૩૬૫
**શાહી** અને શહેનશાહી વચ્ચેનો તફાવત તથા સ્વરૂપ ૩૬૫
**શક** પ્રજાએ હિંદમાં કરેલ પ્રવેશના માર્ગોનું વર્ણન. ૩૬૩
**શાહી** અને ક્ષહરાટ પ્રજાની ઓળખનાં ચિન્હોનું વર્ણન. ૩૬૩
**શક** પ્રજા તરીકે વિદ્વાનોની માન્યતાનો ઉલ્લેખ (૨૨૧)
**શાહી** રાજાનો વંશ તેજ રૂષભદત્તનો વંશ તેની સાબિતી ૩૩૯–૪૦
**શ્રુતિકાર**, ઉપનિષદ્કાર અને શક પ્રજાનો સંબંધ ૩૪૪ (૩૪૫)
**શક** પ્રજાની વ્યાખ્યા તથા ભેદ (પૌર્વાત્ય અને પાશ્ચાત્યની નજરે) ૩૫૦
**શાકદ્વીપનું** (પ્રાચીન) સ્થાન વર્તમાનકાળની કઈ ભૂમિ ઉપર લેખાય. ૧૩૩ તથા ટીકાઓ
**શિસ્તાન** પ્રાંતના હામન, ગોડીસરાહ અને હામનમાશ્રી નામનાં ત્રણ સરોવર વિશેની સમજૂતિ (૧૩૫)
**શાકદ્વીપ**, શકદ્વીપ અને શકસ્થાનઃ આ ત્રણ શબ્દના અર્થ અને તેનો તફાવત. ૧૩૩ ૧૩૫થીઆગળ
**શક** પ્રજાના આગમન કાળનો સમય (૧૩૮–ટી. નં. ૩૫ સાથે આપણી માન્યતા સરખાવો)
**શક**, આભીર અને ત્રૈકૂટકો નો સંબંધ (જુઓ આભીર શબ્દે) (૩૫૫ થી ૫૮ તથા ટીકાઓ)
**શક**, આભીર, ગૂર્જરો અને ત્રૈકૂટકો જૈનધર્મ પાળતી હતી (જુઓ આભીર શબ્દે)
**શુંગવંશી** રાજાઓનાં ધર્મ તથા ધર્માંધપણા વિશે ૧૧૭
**શુંગવંશના** પાછલા રાજાઓમાં જામેલો વ્યભિચાર અને પ્રજા ઉપર થયેલ તેની અસર ૯૬–૯૭
**શકપ્રજાનું** પ્રથમ હિંદીશક અને પછી શુદ્ધ આર્યપ્રજામાં થયેલું પરિવર્તન ૩૫૩–૬૦
(જેના) **સિક્કા** જે પ્રદેશમાંથી નીકળે ત્યાં તેનો રાજ્યાધિકાર હોય વા ન પણ હોય તેની ચર્ચા ૧૯૦–૧ (૧૯૦)
**સિક્કા** ચિત્રો પણ સંસ્કૃતિદર્શક છે તેનો કરેલો ઉદ્ઘોષ ૧૬૦
**સિક્કા** લેખ વિશેની સમજૂતિ ૩૨૪
**સિક્કા** પાડવાનો અધિકાર કેટલાક ક્ષત્રપોએ ભોગવેલ છે; જેથી ગુંચવણો ઉભી થવા પામી છે ૩૧૧ (૩૧૩)
**સુદર્શન તળાવ પ્રથમ** બંધાવનાર કોણ તથા તેનાં કારણ ૨૯
**સંસ્કૃતિનો** કાળગણનાની રીત સાથે સંબંધ તથા પ્રમાણ ૨૪૩ (૨૪૩)
**સંવત્સરની સ્થાપના** પ્રજા કરે કે રાજા તેની ચર્ચા ૩૨૨
**સાંચી** સ્તૂપનો સમય પ્રિયદર્શિનના કાળનો છે તેની સાબિતી (૩૩૬)
**સંસ્કૃતિના** સ્તંભ કે વિધ્વંસકરૂપ કયા પુરૂષો ગણી શકાય તેનાં કારણ. ૨૫૧
**સંસ્કૃતિના** પલટામાં કયા પક્ષના અતિરેકનું કારગતપણું નીવડે છે. ૨૫૧
**હિંદમાં** કેંદ્રિત અને અકેંદ્રિત ભાવના ચાલી રહી હતી તેનાં દષ્ટાંતો ૩–૪
**હિંદી** આબાદીનો મિનેન્ડરના સમયનો ચિતાર ૧૫૯ થી આગળ
**હોદ્દાઓના** અધિકાર (પરદેશી પ્રજાઓના) તથા ખાસિયતોની સમજ ૧૬૪ થી ૭૦, ૩૧૪ થી આગળ
**હિંદ** અને ઈટલી ઉપર કલદાયસી કુદરતી બક્ષીસે માંગી લીધેલો ભોગ ૩૩૦
**હિંદી** શકને શાહી રાજાના નામે ઓળખતા હતા ૩૪૧
**હિંદમાં** સ્વતંત્રતાયુદ્ધ નિષ્ફળ જવાનું કારણ (૭)

## (ङ) મુખ્ય ભાગે જૈનધર્મને સ્પર્શે તેવા

**અહિંસાવાદીઓ** પણ ક્ષત્રિયોચિત લડાઈ કરી શકે છે, તેનાં અનેક દૃષ્ટાંતો (૩૯૪)
**અરવલ્લી** પર્વતની પશ્ચિમે જૈન મંદિરો હજુ મળી આવે છે પણ તેની પૂર્વમાં કોઈ જ નથી દેખાતું તેનાં કારણુની તપાસ (૩૮૭)
**ઉજૈનીની** અગત્યતાનું વર્ણન, ભિન્નભિન્ન દૃષ્ટિએ ૧૯૫
**ઓશવાળ** અને શ્રીમાળનો સૌરાષ્ટ્રમાં થયેલ ઉતાર ૩૮૭
**ઓશવાળ** અને શ્રીમાળ બન્ને એક જ નગરના વતની કે જુદા જુદાના, તેની મિમાંસા (૩૮૭)
**ઓશવાળ**, શ્રીમાળ અને પોરવાડને ક્ષત્રિયો સાથે લોહી સંબંધ હોઈ શકે તેનાં કારણ ૩૯૦
**અંધ્રપતિઓએ** પોતાના ૪૭૫ વર્ષના કારભારમાં કયા ધર્મનું શરણું લીધું હતું ? (૩૯૩)
**કચ્છના** રાવ અને સૌરાષ્ટ્રના રા' વંશી રાજાઓને લોહી સંબંધ ખરો કે ? ૩૮૯, (૩૫૭)
**કચ્છના** ઓશવાળ અને શ્રીમાળીઓ ખેતીવાડીમાં પડ્યા રહ્યા દેખાય છે તેનું કારણ ૩૮૭ (૩૮૭ ૩૫૪ (૩૫૪)
**કચ્છમાં** અને કાઠિયાવાડમાં પોરવાડની વસ્તી બહુ નથી તેનું કારણ ૩૮૮. (૩૮૭)
**કાલિકસૂરિએ** અંધ્રપતિને ઉપદેશી પુનઃ જૈનધર્મમાં દૃઢ કર્યો, તથા બીજા કેટલાક ફેરફાર કર્યા (૧૧૪)
કલ્કિ રાજાનાં અનેક બિરૂદો.૮૪
**રાજા** કલ્કિનાં ઉદ્ભવ તથા વૃત્તાંતનો ઇતિહાસઃ પુરાણ અને જૈનગ્રંથના આધારે ૮૩ થી આગળ
**શ્રીકૃષ્ણ** પણ જૈનમતાનુયાયી સંભવે છે તેનો એક વિશેષ પુરાવો. ૮૬ (૮૬)
(મુનિશ્રી) **કલ્યાણવિજયજીએ** પુષ્યમિત્રને રાજા કલ્કિ ઠરાવ્યાના પુરાવા. ૮૨
**ક્ષહરાટ** પ્રજા અતિ ધાર્મિક વૃત્તિવાળી ગણાય છે તેના આપેલા પુરાવા ૨૫૭
(સર્વ) **ક્ષહરાટ** ક્ષત્રપો બંડખોડા કરવાની કે હુમલા લઈ જવાની વૃત્તિથી વેગળા રહેતા હતા તેનું કારણ. ૨૪૩
(સર્વે) **ક્ષહરાટ** ક્ષત્રપો જૈનધર્મી હતા તેનું વર્ણન ૨૪૩ (વિશેષ માટે જુઓ શક શબ્દે)
**ચંદ્રગુપ્તનું** મન સંસાર ઉપરથી વિરક્ત થવાનાં કારણ. ૨૮
**ચષ્ટણ** વંશી રાજાઓ પણ જૈનમતાનુયાયી હતા તેનું વર્ણન, ૩૮૯ (૩૮૯), ૩૯૪ઃ તે હકીકત શિલાલેખ તથા સિક્કાથી પુરવાર થતી બતાવી શકાય છે ૩૯૫ (૩૯૫)
**પં. ચાણક્ય** જન્મે બ્રાહ્મણ હોવા છતાં ધર્મે જૈન હતો તેની દલીલો ૨૨૬
(કદમ્બ ક્ષાતિય) **જૈન** નરેશોનો ગૂર્જર સોલંકી નરેશો સાથેનો લોહી સંબંધ (૨૯૨)
**જૈનાચાર્યનો** ઇતિહાસ ઈ. સ. પૂર્વે ત્રીજી સદીમાં લગભગ દોઢસો વર્ષનો મળતો નથી તથા અનેક શાખા પ્રશાખાઓ તે અરસામાં ઉદ્ભવી છે તેનાં કારણો (૮૩( (૬૬)
**જૈન** લોકો વેદને માનતા હોવાથી એક દૃષ્ટિએ તેમને પણ વૈદિકનું વિશેષણ લાગુ પાડી શકાય (૨૪૮)
**જૈન** તીર્થંકરના શરીરનો વર્ણ મોટા ભાગે પીત ગણાય છે. તે સાથે લિચ્છવી ક્ષત્રિયોના શરીરવર્ણની ઘટાવેલી (જુઓ લિચ્છવી શબ્દે) સામ્યતા (૧૪૧)
**જૈનોનું** જોર મધ્ય એશિયામાં પ્રબળ હતું તેના પુરાવા (૩૯૪) ૩૯૪
**જૈનાચાર્ય** કાલિકસૂરિ અને રાજા બળમિત્રના સંબંધનું વર્ણન ૧૦૯
**જૈનપ્રજા** અને શુંગપતિ ભાનુમિત્ર સાથે થયેલું સંઘર્ષણ ૧૧૩
**જૈનાચાર્ય** કાલિકસૂરિ ઉપર તેના ભાણેજ–રાજાએ વર્તાવેલો ત્રાસ ૧૧૩–૧૧૭
(અવંતિની) **જૈન** પ્રજાએ રાજાના જુલ્મથી ત્રાસી, દક્ષિણમાં કરેલી હીજરત ૧૧૪
**જૈનધર્મની** થઈ પડેલી સ્થિતિની સરખામણીઃ અવંતિ અને પૈઠણના ૧૧૪
**જૈન** સાહિત્યમાં તાપસ ધર્મની ઘણી કથાઓ પ્રવેશ થવા પામી છે તેના સમયની ચર્ચા (૮૩)

**જૈન** પ્રતિમાને (સોનાની હોય તેને) ગાળી નાંખી વિનાશ કરવામાં રાજા અગ્નિમિત્રનો આશય ૯૭, ૯૮
**જૈન** પ્રજા ઉપર સમ્રાટ અગ્નિમિત્રે વરસાવેલા ત્રાસનું વર્ણન ૯૭થી આગળ
**જૈનાચાર્યે** લાખ ઉપરાંત માણસને ધર્મ પરિવર્તન કરાવ્યું હતું તેની હકીકત (૩૪૭)
**જૈનમંદિરો** (પ્રિયદર્શિને બંધાવેલા)નો નાશ અવંતિના પ્રદેશમાં થયો છે છતાં રાજપૂતાનામાં તે જળવાઈ રહ્યાં છે તેને લગતો ઇતિહાસ (૩૪૮)
(વર્તમાન) **જૈનોનો** શકપ્રજાની સાથેનો લોહી સંબંધ ૩૫૯ (વિશેષ માટે જુઓ ગૂર્જર શબ્દે)
**જૈનધર્મ** ઈ. સ. પૂ. ૮ની સદીમાં અફગાનિસ્તાનમાં પણ હતો તેના શિલાલેખો અને સિક્કાઈ પુરાવા, ૨૭૩, ૨૭૪ (૨૭૩) ૨૮૧
**જૈનતીર્થ** તરીકે તક્ષિલા નગરીનો મહિમા ૨૬૫ થી ૨૮૨
**જૈનાચાર્ય** (શ્વેતાંબર પક્ષી) વજ્રસ્વામિનું સ્વર્ગગમન (૨૦૦)
**જંબૂદ્વીપની** કેટલીક ભૂગોળ (ક્ષેત્ર પરત્વેની) તથા ટૂંક સમજૂતિ. ૧૨૮
**વર્તમાનકાળના** હિંદને પ્રાચીન સમયનો જંબુદ્વીપ માની લેતાં વિરોધમાં ઉભાં થતાં તત્ત્વો (૧૨૯)૧૩૦
**જંબૂદ્વીપના** અનેક અંશોના ક્ષેત્રફળના આપેલ આંકડા (૧૩૧)
**તક્ષિલા** નગરીનો જૈનતીર્થ તરીકે મહીમા ૨૬૫ થી ૨૮૨, ૨૪૪
**તક્ષિલાનું** અસ્તિત્વ, જૈન અને વૈદિક મત પ્રમાણે ૨૭૦
**ત્રૈકૂટકવંશી** રાજાઓએ કયો ધર્મ પાળેલ હતો? ૩૯૪
**દેવદ્રવ્યના** અધિકાર વિશે (૩૬૭)
**જંબૂદ્વીપ** ઉપર બનેલ અનેક દૈવિક ચમત્કારોનો આપેલ કાંઈક ચિતાર ૧૩૨-૩૩ તથા ટીકાઓ
**જંબૂદ્વીપ** અને શાકદ્વીપના સંધાણથી મહાભારતનો સમય શોધી કાઢવાની થયેલ સરળતા ૧૬૭(૧૩૭)
**જૈન** અને વેદ સંસ્કૃતિનું સાદશ્યપણું ૨૪૯
**જૈનધર્મનાં** અનેક ચિન્હોની થઈ પડેલી અવદશા તથા તેનાં દૃષ્ટાંતો ૨૫૭
**જૈનધર્મી** તરીકે ગુજરાતના સોલંકી નરેશોનો કદમ્બજાતિય જૈનનરેશો સાથેનો સગપણ સંબંધ (૨૯૨)
**નહપાણે** જૈનધર્મ સ્વીકાર્યો હતો તેના પુરાવા ૧૯૬
**નહપાણને** તથા પ્રિયદર્શિનને દરિયા કિનારાના પ્રદેશની અગત્યતાનું ભાન તથા તે પ્રમાણે તેમણે ઘડેલી રાજનીત ૨૧૩ થી ૧૬ તથા ટીકાઓ
**પર્યુષણાપર્વ** (જૈનોનાં)ની ઉદ્યાપના ભાદ્રપદ શુદ ૪ ના દિને રાજા કલ્કિના સમયે પણ થતી હતી એવું સાહિત્ય ગ્રંથમાંથી નીકળતું નિવેદન (૮૫)
**પલ્લવ** ક્ષત્રિયોએ પોતાના જૈનધર્મનો કરેલો પલટો ૨૯૨
**પૃથ્વીને** પ્રદક્ષિણા દેતાં, જ્યાંથી પ્રારંભ કરીએ ત્યાંજ પાછા આવી ઉભા રહેવાય છે; મતલબ કે તે ગોળાકારે છે. તો પછી તેની સિવાય અન્ય પૃથ્વીની કલ્પના શી રીતે? તેવી શંકા ઉઠાવનારના મનનું સમાધાન ૧૨૯-૧૩૦
**પોરવાડ**, ઓશવાળ અને શ્રીમાળ કેમ નામ પડયાં તેનો ઈતિહાસ ૩૮૫
**પ્રિયદર્શિન** અને નહપાણની તરીપ્રદેશ પ્રત્યેની રાજનીતિમાં સમાયલાં ડહાપણ તથા દીર્ઘદષ્ટિ ૨૧૩થી૧૬
**પ્રિયદર્શિને** રોપેલાં બીજોની અસર તથા યવનદેશ, ચીનદેશ, કાશ્મિર, ગાંધાર, તિબેટ, મિસર, સિરિયા આદિ દેશોમાં ધમ્મમહામાત્રા મોકલવાથી તે તે પ્રજાના નૃપતિઓ, મહાક્ષત્રપો તેમના ઉપદેશથી લિપ્ત થયા હતા તેનું વિવેચન ૨૪૬, ૨૫૮
**વર્તમાન** હિંદને પ્રાચીન સમયનો ભરતખંડ કહેવો યુક્ત કે અયુક્ત? (૧૨૮) (૧૨૯) ૧૩૬

**બળમિત્ર**—ભાનુમિત્ર નામે રાજાનાં બે યુગ્મ થયાં હોય તો તેને પારખવાની રીત (૧૦૭) (૧૦૮)
**બળમિત્ર**—ભાનુમિત્ર માટે કરાયેલાં મન કલ્પિત અનુમાનો ઉપરથી ઉભી થતી ગૂંચો ૧૦૮ (૧૦૮)
**બળમિત્રનો** તેનાજ પુરોગામી અગ્નિમિત્ર સાથેનો સંબંધ ૧૦૮–૯
**મથુરા**નગરીનું કંકાલિતિલા નામના પરાને જૈન ધર્મના કેંદ્ર તરીકેની ઓળખ-આખું પરિશિષ્ટ ૨૪૫, ૨૫૪
**મથુરા**નગરીના અવશેષોમાંથી મળી આવતાં સિંહ, ચક્ર, સ્વસ્તિક આદિ ચિહ્નો જૈનધર્મનાં હોવાની સાબિતીઓ ૨૪૫ (૨૪૫) ૨૪૬ (૨૪૬) ૨૫૪
**મથુરા**ના સિંહસ્તૂપનો તથા આખાયે તીર્થનો રાજા અગ્નિમિત્રના હાથે થયેલ ભંગ (૨૨૫) (૨૬૧) ૨૬૪ (૨૬૪) ૯૮
**મથુરા**ના સિંહસ્તૂપની પુનઃ પ્રતિષ્ઠાનું વર્ણન ૨૩૩ (વિશેષ માટે જુઓ સ્તંભ શબ્દે)
**મથુરા**નગરી ઈ. સ. પૂ. ની બીજી સદીમાં એક જૈન તીર્થધામ તરીકે પંકાયલું હતું તેના પુરાવા ૮૬ (૮૬)
**મથુરા**ના સિંહસ્તૂપ તથા સાંચી અને ભારહુતસ્તૂપનાં તોરણો દેખાવમાં એકજ જાતનાં હોવા છતાં વિદ્વાનોએ તે સર્વેને ભિન્ન ભિન્ન ધર્મી તરીકે લેખવ્યાં છે તેમાં થયેલ અન્યાય. ૨૪૫
**મિન્નનગર** (નહપાણની રાજધાની) અને ભિન્નમાલ (ભિન્નનગર)ની સાદશતા (૧૯૩)
(પ્રાચીન) **મેરૂપર્વત** (Meru) અને વર્તમાન મર્વ (Merv) શહેરઃ તે બેની સામ્યતા વિશેની કલ્પના ૧૩૨
**મેરૂપર્વત** સાથે સૂર્ય ચંદ્રની ગતિનો સંબંધ હોવાનું જૈન મત પ્રમાણે કથન (૩૯૧)
**લિયક** અને પાતિકનાં નામો મથુરાના સિંહસ્તૂપ ઉપર છે: છતાં તેમનો સત્તાપ્રદેશ તક્ષિલામાં છે તેનું કારણ (૨૫૭) (૨૬૧)
**લિચ્છવીઓ**, માંગોલિયનો અને તિબેટનોને પીત પ્રજા કહેવાય છે તેનાં કારણ (૧૪૧) (૨૭૨) (જુઓ જૈન તીર્થંકરો શબ્દે)
**વિમળાચળ**ગિરિની યાત્રા સમ્રાટ ચંદ્રગુપ્તે કરેલી તેનું વર્ણન ૨૮
**વિમળાચળ**ગિરિની તળાટી ચંદ્રગુપ્તના સમયે, અત્યારની માફક પાલીતાણે હતી કે અન્ય સ્થાને? ૨૮
**વોડવાસ્તૂપ**નો થયેલ વિનાશ ૯૮ (વિશેષ માટે જુઓ મથુરા સિંહસ્તૂપ શબ્દે)
**વોડવાસ્તૂપ** જૈનધર્મનું સ્મારક છે તેની સાબિતીઓ ૨૬૦: તેનું અસ્તિત્વ ૨૭૦૦ વર્ષ પહેલાનું ગણી શકાય છે. ૨૬૦–૨
**શકપ્રજા**, હિંદીશક તથા ક્ષહરાટો: ત્રણે પ્રજા જૈનધર્મી હતી તેની સાબિતીનું વર્ણન (૩૮૭) ૩૮૮, ૨૪૬, ૨૫૮, ૨૪૩
**શ્રાવક અને** માહણ (બ્રાહ્મણ) શબ્દની એકાર્થતા વિશે ૨૪૯, ૨૫૦: તેઓને આસ્તિક કહેવાય કે નાસ્તિક ૨૫૦: આવો ભેદ પડવાનું કારણ અને સમય ૨૫૦–૨૫૧
**સુદર્શન** તળાવની (જુનાગઢની તળેટીમાં આવેલા) પ્રશસ્તિમાં રૂદ્રદામન તથા તેના શિલાલેખોમાં અન્ય અનુજોએ પોતાના હિસ્સા પુરાવ્યા છે તેનાં કારણ (૩૯૧)
**સિંહ** અને ચક્રનાં ધાર્મિક ચિહ્નોને બૌદ્ધધર્મી તરીકે ઓળખાવાય છે તેની ખાત્રી છે કે? ૨૪૪ (જુઓ સ્તંભ શબ્દે)
**સરાક** પ્રજાનાં સ્થાન: તથા તેમના જીવન નિર્વાહની રીત (૩૬૭)
**સ્તંભો** ઉપર મૂકવામાં આવતાં સિંહની સમજૂતિ. ૨૫૬, ૨૪૪, (વિશેષ માટે જુઓ મથુરા સિંહસ્તૂપ શબ્દે)
**સારનાથ**સ્તંભના બે સિંહના ઘડતર વિશેનો ખુલાસો (૨૫૭) ૨૬૫
**હર્ષપુર** નગરની જાહોજલાલીનું વર્ણન ૧૯૩

# શુદ્ધિપત્રક

આમાં મુદ્રના દોષનો કે જોડણીની અશુદ્ધિનો સમાવેશ કર્યો નથી.

| પૃ. | કો. | પં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૧૨ | ૨ | ૨ | ઈ. સ. પૂ. ૨૯૦ | મ. સં. ૨૯૦=ઈ. સ. પૂ. ૨૩૭ |
| ૧૫ | ૧ | ૧૧ | શુંઈ ?...ક | શું ? કઈ |
| ૨૭ | ૨ | ૩૨ | પૃ. ૨ | પુ. ૨ |
| ૫૬ | ૧ | ૧૧ | જુઓ. પૃ. ૪૫૮ | પૃ. ૫૪ |
| ૫૬ | ૧ | ૧૩ | જુઓ પૃ. ૪૫૯ | પૃ. ૫૪ |
| ૫૬ | ૧ | ૧૫ | જુઓ પૃ. ૪૫૯ | પૃ. ૫૪ |
| ૫૮ | ૨ | ૧ | પૃ. ૪૬૦ ઉપર | પૃ. ૫૬ ઉપર |
| ૬૧ | | ૯ | ૧૮૭ થી ૧૮૮ | ૧૮૮ થી ૧૮૧ |
| ૬૫ | ૧ | ૧૨ | પાછલી થોડી | પાતળી થોડી |
| ૭૦ | ૧ | ૨૮ | પુ. ૧૩૭ | પુ. ૧૩ |
| ૮૮ | ૧ | ૨૬ | ગાદીએ જે | ગાદીએ જ |
| ૮૮ | ૨ | ૨૩ | ગણાય૧૦......ઈ. | ગણાય......(૧૦) ઈ. |
| ૯૦ | ૧ | ૯ | કે સમ્રાટ | સમ્રાટ |
| ૯૦ | ૨ | ૨૨ | અને પોતાના | વળી પોતાના |
| ૧૧૦ | ૧ | ૧૭ | એન્ટીસીએલડાસ | એન્ટીઆલસીદાસ |
| ૧૧૦ | ૨ | ૨ | ,, | એન્ટીઆલસીદાસ |
| ૧૨૭ | ૧ | ૨૯ | XXXVXII | XXXVII |
| ૧૨૬ | ૨ | ૨૦ | બની રહ્યા છે માટે પાછું વળવું જોઇએ એવું બહાનું મળવાથી | બની રહ્યા હતા. તેમને સ્વદેશે પાછું વળવું છે એવું બહાનું કાઢયું તેથી |
| ૧૨૮ | ૧ | ૨૧ | પ્રજા જેને | પ્રજાને |
| ૧૩૨ | ૧ | ૬ | કરતાં પોતાની | કરતાં તેમની પોતાની |
| પૃ. ૧૪૫ કોઠો ત્રીજું આસન | | | અઝીલીઝ ૧૮ વર્ષ | ૨૮ વર્ષ |
| ૧૫૧ | ૨ | ૨૬ | ૩ : ૩ : ૧, ૭૧ | ૩ : ૩ : ૧, ૭ : ૧ |
| ૧૫૧ | ૨ | ૩૧ | ચપલ નદી | ચંબલ નદી |
| ૧૫૨ | ૧ | ૧૯ | યુક્રેટાઈડઝને | યુક્રેટાઈડઝના |
| ૧૮૨ | ૧ | ૨૯ | તક્ષિલાનો | તક્ષિલાના |

| પૃ. | કૉ. | પં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૨૦૨ | ૨ | ૨૯ | હકીકતની, પંક્તિ | હકીકતની પંક્તિ |
| ૨૨૩ | ૧ | ૨૯ | સમય પહેલેથી છેલ્લે સુધી | સમય–પહેલેથી છેલ્લે–સુધી |
| ૨૨૬ | ૧ | ૨૧ | તે સમના | તે સમયના |
| ૨૨૭ | ૧ | ૧૩ | કાત્વાયન | કાત્યાયન |
| ૨૩૧ | ૧ | ૩૨ | Kharaosta, અને of તે બેની વચ્ચે ઘણા અક્ષરો ઇંગ્રેજીમાં પડી રહ્યા છે પણ તેનો ગુજરાતી અનુવાદ બરાબર સ્પષ્ટ લખાયો છે | |
| ૨૩૩ | ૨ | ૯ | શોભામાં વધારો થશે | શોભામાં વધારો થશે એમ ધરાતું હતું |
| ૨૩૮ | ૧ | ૮ | ( છે જુઓ | છે. ( જુઓ |
| ૨૬૦ | ૧ | છેલ્લી | નહીં હોય ? | નહીં હોય ? ] |
| ૨૮૫ | ૨ | ૩૩ | ઇ. સ. પૂ. ૩૨૫ | ઈ. સ. પૂ. ૩૨૯ |
| ૨૮૬ | ૧ | ૧૩ | ૩૨૫ | ૩૨૯ |
| ૩૩૧ | ૨ | ૧૨ | કુ પ્રજાએ | કુશાન પ્રજાએ |
| ૩૪૮ | ૨ | ૧ | પ્રજાને | પ્રજાનું |
| ૩૬૧ | ૧ | ૪ | મળી શકતો નથી | મેળવી શકતા નથી |
| ૩૬૯ | ૧ | ૧૨ | પોતાના પુત્ર | પોતાના પૌત્ર |
| ૩૦૨ | ૧ | ૧૪ | તે ( પૃ. ૫૬૯ ) | તે |
| ૩૧૪ | ૧ | ૩૨ | ભૂપકના રાજ્યે | ભૂમકના રાજ્યે |
| ૧૧૬ | ૧ | ૧ | સુમર્શન | સુશર્મન |
| ૬૪ | ૨ | ૧૧ | कल्किकरुप | कल्कि स्वरुप |
| ૮૫ | ૧ | ૨૬ | પ્રતિબદ્ધ | સુપ્રતિબદ્ધ |

# શું! અને ક્યાં!

આમાં આંક સંખ્યા પૃષ્ઠ સૂચક છે. પરંતુ ટીપણો અંતર્ગત જે નામો, શબ્દો છે. છે તેમનાં પૃષ્ઠ સંખ્યાના આંક કૌંસમાં મૂકયા છે.


અ

અકબર : (૭) ૧૧, ૮૦.
અક્રેન્દ્રિભાવ : ૩, ૬, (૭) ૧૦.
અગ્નિકુલ : ૩૭૪ (૩૯૦) (૩૯૧)
અગ્નિમિત્ર : (૧૦) ૧૩, ૧૪, ૪૯, ૫૦, ૫૧, (૫૨) ૫૩, ૫૪, (૫૫) ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૪, ૬૫, (૬૬) ૬૮, ૭૪, ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯, ૮૦, ૮૨, (૮૫), ૮૭, ૮૮, ૮૯, ૯૧, ૯૩, ૯૪, ૯૫, (૯૬) ૯૮, ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૬, ૧૦૯, ૧૧૭, ૧૧૯, ૧૨૦, ૧૪૯, ૧૫૧, (૧૫૩) ૧૫૪, (૧૮૯) ૨૦૫, ૨૨૬, (૨૫૫) ૨૬૦, ૨૬૩.
અગ્નિવર્મન : ૩૭૬.
અજ : (૨૯૬)
અજમેર : ૧૯૨, ૧૯૩, ૨૦૧, (૨૭૩) ૩૬૨, (૩૯૦) ૩૯૧
અજાતશત્રુ : (૯૮) ૧૦૧
અઝીઝ : ૩૦૪, ૩૦૭, ૩૦૮, ૩૦૯, ૩૧૭, ૩૧૯, ૩૨૧, ૩૨૨, ૩૨૫, ૩૨૬,
અઝીઝ બીજો ૩૨૮, ૩૭૦, ૩૭૧.
અઝીલીઝ : ૩૦૪, ૩૦૮, ૩૦૯, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૩૨૭, ૩૨૮.
અતિવૃષ્ટિ : ૧૦૨.
અત્રિદામ : (૩૩૮)
અદ્રક : (જુઓ ઓદ્રક)
અધિકાર : (શાસકનો) ૧૬૯.
અનમિત્ર : (૨૯૬)
અનાર્ય : ૧૪૧.
અનુમિત્ર : (૬૧)
અનુરૂદ્ધ : ૨૯૦
અનુરૂદ્ધપુર : ૨૯૦.
અનંતપુર : ૧૪૪.
અપરાંત (પ્રદેશ) : ૨૧૪, ૨૯૨,
અફઘાનિસ્તાન : ૭૩, (૧૩૩), ૧૩૫, ૧૩૬, ૧૪૭, ૧૫૨, ૧૬૧, (૧૬૮) ૨૮૫, ૩૦૧, ૩૧૦, ૩૧૧, ૩૧૬, ૩૧૭, ૩૨૫, ૩૩૧, ૩૮૫.
અબૂલા : ૨૩૦.
અભય : ૨૦૨.
અમરકોષ : ૫૪, ૬૮.
અમેરિકા : ૨૯૩.
અયમ : ૧૮૭, ૨૧૫, ૨૨૩.
અયોધ્યા : (૫૯), શિલાલેખ (૯૫) (૯૯) ૧૫૪.
અરબસ્તાન : ૧૩૩, ૧૩૬, ૨૧૪.
અરબી સમુદ્ર : ૨૮૫.
અરવલ્લી : ૧૭૫, ૧૮૯, ૧૯૨, ૧૯૩, ૨૦૧, ૩૫૩, ૩૫૪, ૩૮૭ (૩૮૭) ૩૮૯, ૩૯૧.
અર્થશાસ્ત્ર : ૨૭, ૩૬.
અલાસંદા (દ્વીપ) : ૧૫૨.
અલેકઝાંડર : ૩૧, ૩૨, ૩૩, ૩૮, (૩૮) ૧૨૬, ૧૨૭, ૧૪૨, ૧૪૩, ૧૪૭, ૧૫૮, ૧૫૯, ૧૬૧, (૧૬૫) ૧૭૭, ૨૭૨, ૨૭૩, ૨૮૦, ૨૮૫.
અલેકઝાંડ્રિયા : (૧૩૩)
અલ્વર : ૧૯૨.
અવતંસક : ૨૬૨.
અવંતિ : ૬૬, ૬૭, ૭૨, ૭૫, ૭૬, ૯૦, ૧૯૩, ૨૦૦, ૨૦૧, ૨૦૨, ૨૦૭, ૨૦૯, ૨૨૫, ૨૪૩, ૨૭૫, ૨૭૬, ૩૨૦, ૩૨૨, ૩૨૩, ૩૨૯, ૩૪૨, ૩૪૩, (૩૬૪) ૩૬૪, ૩૬૫, ૩૬૯, ૩૭૦, ૩૮૭, ૩૮૯, ૩૯૦, ૩૯૧.
અવંતિપતિ : ૯ (૫) ૧૨, ૧૩, ૬૭, ૨૮૬, ૩૧૮, ૩૧૯, ૩૨૨, ૩૨૭, ૩૨૮, ૩૩૪, (૩૩૯) ૩૪૩, ૩૫૩, ૩૬૧, ૩૬૨, ૩૬૫, ૩૭૦, ૩૮૭, ૩૮૮.
અવિસાર : ૨૯૬.

અભ્યંગ : ૩૯૨.
અશોક : (જુઓ અશોકવર્ધન)
અશોકવર્ધન : ૩, (૫) ૧૧, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૫૩, ૧૦૨, ૧૧૭, ૧૨૬, ૧૨૭, ૧૫૨, ૧૬૧, ૨૦૫, ૨૪૪, ૨૫૧, ૨૬૬, ૨૬૭, ૨૭૩, ૨૮૫, ૨૮૬, ૩૨૭.
અશ્વવર્મન : ૩૨૪.
અશ્વસેન : ૩૭૬.
અશ્વમેધ : ૫૪, ૫૫, ૫૭, ૫૮, ૭૧, ૭૩, ૭૪, ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૮૮, ૯૩, ૯૪, ૯૫, ૯૬, ૯૭, (૧૦૦) ૧૦૦, ૧૧૭, ૧૧૮, ૧૫૧, ૧૫૩, ૧૫૪, ૩૯૪.
અસહિષ્ણુતા (ધર્મની) : (૫)
અહિચ્છત્ર : ૬૮.
અહિંસા : ૨૯૪.
અંધ્રક : (૬૧) ૩

આ

આગમ સૂત્રો : ૮૪.
આતિરાઈનાર : (૨૮૮)
આદિનાથ : ૩૫૯.
આદિપુરુષ : ૩૭૨.
અદીશાર : ૩૩૯.
આફ્રિકા : ૧૩૩, ૧૩૬. ૨૧૪,
આબાદી : ૧૬૦.
આબૂ પર્વત : ૩૫૩, ૩૫૪, ૩૮૬, ૩૮૭, ૩૯૦, (૩૯૦)
આભીરપતિ : ૩૮૦, (૩૮૨)
આભીર : ૩૩૮, ૩૫૧, ૩૫૫, ૩૫૬, ૩૫૭, ૩૫૮, ૩૭૪, ૩૭૫, ૩૮૦. ૩૮૧, ૩૮૨, ૩૮૩, ૩૮૮, ૩૮૯, (૩૯૩) ૩૯૬.
આભીરપતિ : ૩૯૫.
આમુદરિયા : ૧૩૨.
આમોહી : ૨૩૨, ૨૩૫.
આયુમિત્ર : (૬૧)
આયોનીયા : ૧૪૨.
આયોનીયન : ૧૩૬, ૧૪૨, ૧૪૬, (૧૪૬)
આયસિકોભુસા : ૨૩૦.
આયાગપટ્ટ : (૨૩૨) ૨૩૫, ૨૪૫.
આરકાટ : ૧૪૪, ૨૯૨.
આરટેબન્સ : ૩૪૮,
આરસેકસ : ૨૯૮, ૩૦૦, ૩૦૫.
આર્ય : ૨૮૮, ૩૪૪, (૩૫૯)–સંસ્કૃતિ (૭) ૨૧, ૩૯, ૪૦, ૧૪૧, ૧૫૪, (૧૬૦) ૩૮૬.
આર્યવૈદક : ૨૭૮.
આર્યાવર્ત : (૨૫૬), ૨૯૫,
આસદામન : (૩૩૭)
આહાર (સાધુનો) (૭૮)
આંધ્રપતિ : ૯, ૩૦, (૩૫૭)૩૬૧, (૩૭૬) ૩૭૭, ૩૮૦,
આંધ્રભૃત્ય : (૪૯), ૭૪, ૭૫ (૩૫૫)
આંધ્રવંશી : ૧૯૪, ૩૩૯.
આંભિ (તક્ષિલાની રાજા) : ૨૭૩.

ઇ—ઈ

ઇજીપ્ત : ૨૫૬.
ઈટલી : ૩૩૧.
ઇન્ડીયન એન્ટીકવીટીઝ ૨૫૪.
ઈન્ડોગ્રીક : ૧૯૬.
ઇન્ડોપાર્થીયન : ૧૪૩, ૧૬૬, ૨૩૫, ૨૮૪, ૩૦૨, ૩૦૩, ૩૦૫, ૩૦૭, ૩૦૮, ૩૧૦, ૩૨૭, ૩૨૮, ૩૨૯, ૩૩૧, ૩૩૩, ૩૪૩.
ઇન્ડોસિથિયન : ૩૦૨, ૩૦૩, ૩૦૫, ૩૦૮, ૩૧૦, ૩૧૩, ૩૩૨, ૩૩૩, ૩૩૬, ૩૩૯, ૩૪૦, ૩૪૧, ૩૪૨, ૩૪૩, ૩૪૪, ૩૪૭, ૩૬૪, ૩૭૦ (૩૭૧)
ઈન્ડોસિથિયા : ૧૩૮. (૩૧૧)
ઈબ્રા : ૩૬૭.
ઈરાન : ૧૩૫, ૧૩૬, ૧૪૭ (૧૪૭) ૨૫૬, ૨૭૧, ૨૭૨, ૨૮૦, ૨૮૪, ૨૮૫, ૨૯૪, ૨૯૫, ૨૯૬, (૨૯૭) ૨૯૮, ૩૦૦, ૩૦૧, ૩૦૪, ૩૦૫, ૩૦૭, ૩૧૦, ૩૧૩, ૩૧૫, ૩૧૬, ૩૨૫, ૩૨૬, ૩૨૮, ૩૨૯, ૩૩૧, ૩૩૩, (૩૩૯) ૩૪૫, ૩૪૭, ૩૫૦, ૩૬૫, ૩૮૫, ૩૮૯, ૩૯૪, ૩૯૫.
ઇરાની (અખાત) ૩૮૮.

ઈશ્વરદત્ત : (૩૩૭) ૩૩૮, ૩૫૫, ૩૫૬, (૩૫૭) (૩૬૧) ૩૬૩, ૩૬૯, ૩૭૨, ૩૭૩, ૩૭૪, ૩૭૯, ૩૮૦, ૩૮૧, ૩૮૨, ૩૮૩, ૩૮૪.
ઈશ્વરસેન : ૩૭૪, ૩૭૫, ૩૭૬, ૩૭૭, ૩૭૮, ૩૮૦, ૩૮૧, ૩૮૨, ૩૮૩, ૩૮૪, ૩૮૯.
ઈસુ (ભગવાન): ૩૯૫.
ઈસ્પહાન : ૧૪૩,
ઈસ્લામી : (૧૪૬)
ઈક્ષ્વાકુ : (૨૯૭)
ઈંગ્લેન્ડ : ૨૯૩, ૩૨૯.
ઈંદ્રિપાલિત : ૧૫, ૧૬, ૧૭.
ઈંદ્રિમિત્ર : (૬૧)

### ઉ–ઊ

ઉજ્જૈની : ૨૮, ૧૯૫, (૨૦૩), ૨૦૫, ૨૦૬, ૨૦૭, ૨૦૯, ૩૬૧.
ઉત્તમભદ્ર : ૩૬૮.
ઉત્તર હિંદ : ૩૬૩
ઉદયન : ૧૦૧, ૧૨૫, ૨૯૦, ૩૪૭.
ઉપનિષદ્ : ૧૩૭, ૨૫૦.
ઉપનિષદ્કાર : ૩૪૫, ૩૭૨,
ઉષભદાત્ત : ૩૩૯, ૩૫૯.
ઉષવદાત્ત : (૧૯૮) (૧૯૯).
ઉષવદત્ત : ૨૧૧, (૩૬૩)
ઉષ્કર સ્તૂપ : ૨૭૩.

### ઋ

ઋષભદેવ : ૨૭૦, ૨૭૧.

### એ

એગેથોકલ્સ : ૧૧૪.
એંટીસીઆલડાસ : જુઓ એંટીઆલસીડાસ
એફ્રીઆફ્રિકા ઇન્ડીકા : (૨૫૪)
એપોલોડૉટસ : ૧૬૪, ૩૩૬.
એરણપુરા (૩૮૬)
એરસ : ૧૩૨, (૧૩૨) ૧૩૩, (૧૩૫)
એરીથ્રોયન : ૩૩૬
એશિયા : ૩૪૧, ૩૪૪.
એશિયા (મધ્ય) (૩૯૪)
એશિયાઈ તુર્કી (સ્તાન) : ૨૭૩, ૩૪૪, ૩૮૫.
(પ્રો૦) એસ. કૃષ્ણસ્વામી : ૨૮૭.
એંટીઆલસીડાસ : ૧૧૦, ૧૧૧, (૧૫૫), ૧૬૨, ૧૬૩, ૧૮૨, ૨૩૬.
ઍંટીઓક્સ પહેલો : ૧૪૭, (૧૫૨)
ઍંટીઓક્સ બીજો : ૧૪૭, ૧૪૮, (૧૫૨) (૧૫૫)
એંટીઓક્સ ત્રીજો : ૫, (૫), ૬, ૧૪૮.
એંટીમેકસ : ૧૬૪.

### ઓ

ઓકસસ : ૧૩૨, ૧૩૩, ૧૪૧, ૧૪૨, ૧૬૧, ૩૪૪, ૩૮૫, (૩૮૫)
ઓરોડોસ : ૩૨૫.
ઓરિસા : (૩૬૭)
ઓશિયા: જુઓ ઓસ્યાનગરી
ઓસ્યાનગરી : ૩૪૮, ૩૮૬, (૩૮૭) ૩૯૧, ૩૯૨.
ઓશવાળ : ૩૫૪, ૩૭૪, ૩૭૫, ૩૮૫, ૩૮૬, ૩૮૭ (૩૮૭), ૩૮૮, ૩૮૯, (૩૮૯) ૩૯૦, (૩૯૦) (૩૯૧) (૩૯૩), ૩૯૬.
ઓદ્રક : ૫૧, ૫૯, ૬૦, (૬૧), ૬૨, (૯૦), ૯૭, ૧૦૬, ૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૧૨, (૧૧૩) ૧૧૫, ૧૬૨, ૧૮૭.
ઓસ્ટ્રેલિઆ : (૧૧૩)
ઔરંગઝેબ : (૫), ૧૧, (૧૧), ૮૦.
ઔંધ : ૯૦

### ક

કચ્છ : ૯૦, ૩૫૪, (૩૫૭) ૩૮૧, ૩૮૮.
કડપ્પા : ૧૪૩.
કથાસરિત્સાગર : ૨૬૬.
કદંબ (લિચ્છવી) : ૨૯૦, ૨૯૨.
કણ્વ } જુઓ
કન્વ } કાન્વાયન :
કન્વવંશ : ૨૨૨, ૨૨૩, ૨૨૪.
કન્હેરી : ૩૭૭.
કનિંગહામ : ૨૦૫, (૨૫૪) ૨૬૮, ૩૩૫, ૩૩૭, ૩૩૮.
કનિષ્ક : ૨૦, ૩૩૦.
કનોજ : (૨૬૨)

કનોજપતિ : ૩૩૫.
કરમાન : ૧૪૪.
કરબેણુ : ૩૬૭.
કર્ક : ૮૬.
કર્ણદેવ : ૨૯૨.
કલાસી (ગામ) : ૧૫૨.
કલિંગ : ૨૦૯.
કલ્યાણવિજયજી : ૮૨ (૧૦૮).
કલ્કિ : ૫૨, ૫૪, ૫૫, ૫૬, ૫૮, ૬૧, ૬૪, (૭૮) ૮૦, ૮૨, ૮૪, ૮૫, ૮૬, ૮૭, ૮૯, ૯૯, ૨૫૮.
કલાટ : ૧૪૪.
કશ્યપ : (૨૯૭)
કંકાલિ ટીલા : (૮૬) ૨૪૫, ૨૪૬.
કંતાન : ૧૩૨.
કંદહાર : ૨૪૨, ૩૧૧, ૩૧૬, ૩૧૭.
કંબોજ : જુઓ કાંબોજ
કંશકાતિલા : ૨૬૪.
કાઠિયાવાડ : ૨૦૫, (૨૫૦), ૩૬૩.
કાત્યાયન : ૨૨૪, ૨૨૭.
(પં) કાનડ : ૩૬૭.
કાન્યકુબ્જ : ૫, ૬, ૮, ૧૪૮, ૨૭૬.
કાન્વાયન : ૬૬, ૬૯, ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૬૩, ૧૯૪, ૨૨૨, ૨૨૩, ૨૨૪, ૨૨૫, ૨૨૬, ૨૨૭.
કાફિરસ્તાન : ૧૪૪.
કાબુલ : ૧૪૪, ૩૧૨.
કાબુલ નદી : ૧૫૨, ૧૪૪, (૨૬૫) ૩૧૩.
કાબુલની ખીણ : (૧૨૪) (૧૫૫) ૩૧૭.
કારનુલ : ૧૪૪.
કાર્લાઈ : ૨૦૭, ૩૬૨.
કાલિકસૂરિ : ૧૦૭, (૧૦૮) ૧૦૯, (૧૧૩), (૧૧૪) ૧૧૩, ૧૧૭, (૧૬૬) (૧૯૦) ૨૯૫, (૩૩૯) (૩૪૨) ૩૬૪, ૩૬૫, ૩૬૬, ૩૭૦,
કાલિકટ : ૧૫૭.
કાર્લા : ૨૩૯.
કાલિદાસ : ૮૮.
કાળો સમુદ્ર : ૧૩૨, ૧૩૬,
કાળી સિંધુ : (૯૫) (૧૫૧).
કાળી : (૨૧૫)
કાળગણના (જૈન) -(૧૦૮)
કાશ્ગર : ૩૪૪
કાશીપુત્ર : જુઓ ભાગ
કાસ્પીયન : ૧૩૨, ૧૩૪, ૧૩૫ ૧૩૬, ૨૯૮.
કાસ્મીર : ૪ (૪), ૫, ૬, ૭, ૮, ૬૬, ૭૨, ૧૪૮, ૨૪૬, (૨૭૩) ૨૭૫, ૨૭૬, ૩૨૬. ૩૨૭, ૩૨૮, ૩૩૦,
કાંચી : ૨૯૧.
કાંજીવરમ : ૨૯૧.
કાંબોજ : (૧૩૩) ૧૩૯, ૧૪૩, ૧૪૪, ૧૭૪, ૧૭૭, ૨૦૦, ૨૬૯, ૨૭૧, (૩૪૫) (૩૪૭)
કુઝુલકડફસીઝ : ૩૨૯.
કુણાલ : ૧૭, ૧૮.
કુનાર : ૨૬૫.
કુબ્જકુવા : ૨૬૪
કુંભલનેર (૩૮૬)
કુમારપાળ : ૨૬૨
કુરમ પાસ : ૩૧૦
કુશ : ૨૯૫
કુશાન : ૨૦, ૨૧, ૧૨૭, ૧૪૦, ૧૪૪, ૧૬૭, (૧૬૮), ૨૪૨, ૩૨૯, ૩૩૦, ૩૩૧.
કુશીનગર : ૨૬૮
કુસુમધ્વજ : જુઓ પાટલિપુત્ર
કુસુલપાતિક : (૨૩૬)
કુસુલક લીઅક : જુઓ લિઅક
ક્રીટ : ૧૩૬
ક્રેટેસ : ૩૫૮
કૃષ્ણ : (૮૬) ૧૧૨, ૧૩૪, ૧૩૭, ૨૯૫, (૨૯૭)
કૃષ્ણાનદી : ૬૫, ૨૯૩, ૩૫૬,
કેરલપુત : (૪), ૯, ૨૧૩,
(દી. બા.) કેશવલાલ હર્ષદભાઈ : (૬૧) ૯૭, ૩૪૨.
કેશિ કુમાર : ૩૪૭
કોસમ-પભોસા : ૬૮
કોકેસસ : ૩૪૪, ૩૮૫ (૩૮૫) ૩૯૨

કોટિ : (૧૩૦)
કોરોમાંડલ : ૨૯૧
કેંદ્રિતભાવના : ૩
કોંકણપટ્ટી : ૨૯૨, ૩૬૨
કૌટલ્ય : ૩, ૪, (૪), ૨૭, (૨૧) ૨૨૪.
કોટિન્–જુઓ કોડિન્
કોડિન્ય–જુઓ કૌડિન્ય
કૌશિકી–૬૪, (૬૫)
કૌશાંબી–પ્રભાસ (શિલાલેખો) (૫૯) ૧૦૬
કૌડિન્ય : ૮૦ (૮૦), ૮૫
કોડિન : (૮૦)

ક્ષ

ક્ષત્રપ : ૧૨૭, ૧૩૫, ૧૬૬, (૧૬૫) ૧૬૬, ૧૬૭, ૧૭૦, ૧૭૧, ૧૭૮, ૧૮૧, ૧૮૩, ૧૯૪, ૧૯૮, ૧૯૯, ૨૧૩, ૨૧૭, ૨૨૧, ૨૨૨, ૨૩૦, ૨૩૧, ૨૩૪, ૨૩૭, ૨૩૮, ૨૩૯, ૨૪૬, ૨૫૩, ૨૫૪, ૨૫૫, (૨૫૬) ૩૦૬, ૩૦૭, ૩૧૩, ૩૧૪ (૩૧૪), ૩૩૪, ૩૩૮, ૩૩૯, ૩૪૦, ૩૪૧, ૩૪૨, ૩૪૯, ૩૫૫, ૩૬૦, ૩૬૨, ૩૬૩, ૩૬૫, ૩૭૪, ૩૭૮, ૩૭૯, ૩૮૦,
ક્ષપ્રપાવન : (૧૭૮.)
ક્ષમા કલ્યાણ : ૮૪.
ક્ષહરાટ : ૧૨૭, ૧૪૦, ૧૪૩, ૧૪૪, ૧૬૨, ૧૬૬, ૧૬૭, (૧૬૮) (૧૭૧) ૧૭૪, ૧૭૬, ૧૭૮, ૧૮૪, (૧૮૧) ૧૮૮, ૧૯૫, ૨૦૦, ૨૦૧, ૨૦૩, ૨૦૩ ૨૦૪, ૨૦૫, ૨૧૭, ૨૧૮, ૨૧૯, ૨૨૧, ૨૨૨, ૨૨૯, ૨૩૦, ૨૩૩, ૨૩૪, ૨૩૫, ૨૩૬, ૨૩૯, ૨૪૦, ૨૪૧, ૨૪૨, ૨૪૩, ૨૪૬, ૨૫૩, ૨૫૪, ૨૫૫, ૨૫૭, ૨૬૦, ૨૬૧, ૨૮૦, ૨૮૪, ૩૧૬, ૩૧૮, ૩૧૯, ૩૩૧, ૩૩૩, ૩૩૯, ૩૪૫, ૩૪૬, ૩૪૯, ૩૫૦, ૩૫૪, (૩૫૮) ૩૫૯, (૩૬૧) ૩૬૨, ૩૬૩, ૩૬૪, ૩૬૬, ૩૬૯, (૩૭૭) (૩૭૮)

ખ

ખટ્ટાંગ : ૨૯૬
ખરઓસ્ટ : ૧૪૩, (૧૪૪) ૧૬૭, ૧૭૪, ૧૭૫, ૧૮૪, ૨૩૦, ૨૩૧.
ખરોષ્ટી : ૨૨૯, ૨૩૦, ૨૫૭, ૨૭૧, ૨૮૦, ૩૨૪, ૩૪૬.
ખલયસ કુમાર : ૨૩૦
ખહરાટ : (૩૫૮),જુઓ ક્ષહરાટ.
ખારવેલ : (૨૫) ૨૯, ૬૬, ૬૭, ૬૮, ૬૯, ૭૦, ૭૧, ૭૨, (૭૫) (૧૧૬) ૧૫૬. ૨૨૨, ૨૨૩, ૨૮૬.
ખ્રિસ્તી : ૩૨૯
(રા') ખેંગાર : ૩૫૭, (૩૫૮)
ખોટાન : ૧૪૨
ખોરાસાન : ૨૯૮, (૧૩૪) ૧૪૨, ૧૪૩
ખૈબરપાસ (ઘાટ) : ૩૧૦, (૩૧૧) ૩૧૭, ૩૪૬.
ખંભાત : ૨૧૪, ૨૧૫.

ગ

ગણપક : ૩૭૬,
ગણરાજ્ય : ૩, ૪
ગર્દભીલ : ૯૭, ૧૬૬, ૨૦૩, ૨૪૬, ૨૮૬, (૨૯૫) ૩૨૨, ૩૩૯, ૩૪૨, ૩૪૩, (૩૫૩) (૩૫૬) ૩૬૪, ૩૬૫, ૩૬૯, ૩૭૦, ૩૭૧, ૩૮૭ (૩૮૭) ૩૮૮, ૩૮૯, (૩૯૪)
ગર્દભ : (૧૭૬)
ગર્દભી વિદ્યા : (૧૧૦)
ગયાજી : ૨૬૮
ગ્રીક : ૪, ૫, (૧૪૬) (૧૯૬) (૨૫૬) ૨૬૪, ૨૬૫ ૨૬૫, ૨૭૨, ૨૯૬, ૩૪૧, ૩૪૯.
ગ્રીક લિપિ : ૩૨૪
ગ્રીકસંસ્કૃતિ : ૨૯૯
ગ્રીસ : ૨૨૪, ૨૯૭
ગિજની : ૧૪૪
ગિરિનગર (૩૫૭) ૩૫૯, ૩૮૭
ગાંધાર : ૭૨, ૧૨૪, ૨૪૬, (૨૬૫) ૨૭૬
ગાંધાર–પુષ્કળાવતી : ૩૧૬, ૩૧૭, (૩૪૬)
ગાંધારપતિ : ૩૧૬
ગુજરાત : ૨૪૩, ૩૫૩, ૩૬૨, ૩૬૪, ૧૯૦, ૩૮૫, ૩૮૮, ૩૯૩.
ગુપ્તવંશ : (૨૮૯) ૩૨૭, (૩૩૬) ૩૩૭, ૩૩૮, ૩૮૯, ૩૯૫.

ગૂર્જર : ૩૭૫, (૧૩૯), (૧૯૨) ૩૮૫, (૩૮૬), ૩૯૧, ૩૯૨, ૩૯૩ (૩૯૩) ૩૯૬.
ગોણિકાપુત્ર : ૨૨૭
ગોડવાલ-જુઓ ગોલવાડ
ગોદાવરી : ૨૦૨, (૩૫૬) ૩૭૨, ૬૫, ૭૨, ૭૩, ૧૯૦
ગો. હ. લક્ષ : ૨૨૭
ગોનંદવંશ : ૧૯ (૧)
ગોનર્દીય : ૨૨૭
ગોનાર્ડ (દેશ) : ૭૨
ગોવરધન : ૨૦૨, ૩૬૭, ૩૭૫, ૩૭૬. ૩૭૭, ૬૫, ૭૩, ૧૯૦.
ગોંડોફારસ : ૩૨૮
ગોંડોફારનેસ : ૩૦૪, ૩૦૯, ૩૨૫, ૩૨૬, ૩૨૭, ૩૨૮, ૩૨૯.
ગૌડ (દેશ) : ૭૨
ગૌડવ : ૨૬૨
ગૌડવહો : ૭૨
ગૌતમબુદ્ધ : ૨૪૧, ૨૬૫, ૩૪૫.
ગૌતમીપુત્ર : ૧૯૧, ૨૦૪, ૨૧૮, ૨૧૯, ૩૩૪, ૩૪૦, ૩૫૨, ૩૬૧, ૩૬૯, (૩૭૧) ૩૭૨, (૩૭૬) (૩૮૮) ૩૮૮.
ગંગા : ૮૫, ૧૦૨, (૧૧૧) (૧૨૯) ૧૩૩
ગંધર્વસેન ૩૮૭
ગંબોજ : ૨૨૯
ગ્રહો : ૧૩૦
ગ્ઝરસીઝ : ૧૩૩, ૩૮૬.
ગ્વાલિયર : (૨૫૬) ૨૬૨, (૩૮૫), ૩૯૧, (૩૯૧) ૩૯૨
ગ્વાલિયરપતિ (૩૯૧)
ગ્વાદર (બંદર) ૧૩૫, ૧૪૪
ગેંડ્રીઆના : (૧૩૯) ૩૮૫
ગંબોજીયા : ૧૪૪
ગેડીસરાહ : ૧૩૫.
ગોલવાડ : ૧૯૨, (૩૮૬), ૩૯૨.
ગોળાર્દ્ધ (પૃથ્વીના) : ૧૩૧,
ઘેરીશાહત : ૨૬૬
ઘોષ : ૫૦, (૬૧) ૬૨, ૧૧૫, ૧૧૬.

ચ

ચક્ર : ૨૮૧
ચક્રવર્તી : (ભરત) ૨૪૯.
ચતુર્મુખ : ૮૪.
ચષ્ઠણ : ૧૭૧, ૧૭૬, ૧૮૦, ૧૮૬, ૧૯૪, ૨૧૭, ૨૧૮, ૨૧૯, ૨૨૦, ૨૨૧, ૨૨૨, ૩૩૩, (૩૪૦) ૩૪૧, ૩૪૨, (૩૫૬) ૩૬૫, ૩૭૪, (૩૭૭) ૩૭૮, (૩૮૧) ૩૩૪, ૩૩૮, ૩૪૦, ૩૩૦, ૩૫૫, ૩૬૯, ૩૭૯, (૩૮૦), (૩૮૧) ૩૮૯, ૩૯૪ (૩૯૪) (૩૯૫) ૩૯૫
ચાણાક્ય : ૩, ૪, ૨૪, ૨૫, (૨૫) ૨૭, ૭૨, ૮૦ (૧૪૪) ૨૨૪, ૨૨૫, ૨૨૬ (૩૪૭) ૩૮૬.
ચહુઆણ વંશ (૩૯૦) ૩૯૧.
ચાતુર્માસ : ૧૧૩.
ચિતોડ : ૧૯૧, ૧૯૨.
ચીન : ૨૬૯, ૩૪૪, ૧૪૧, ૧૪૨, ૧૬૧.
ચિનાબ (નદી) (૧૫૧) (૧૫૩)
ચિત્રાલ : ૧૪૪.
ચેદિવંશ-(૩૯૪)
ચૈત્ય : ૨૪૪
ચોલા : ૨૧૩, ૨૯૦, ૨૯૨, ૧૪૩,
ચૌલુક્ય વંશ-(૩૯૦) ૩૯૧.
ચંદ્રગિરિ : ૧૪.
ચંદ્રગુપ્ત : ૨૪, ૨૫, (૨૫) ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, (૭૫) (૮૩) ૧૦૨, ૧૬૧, ૨૮૬, (૨૮૯) ૨૯૦, (૨૯૦) ૨૯૧.
ચંદ્રસુક્ષ : ૨૨૪, ૨૭૨, ૨૮૪, ૩૨૭, ૩૪૭.
ચંપા : (નગરી) ૧૦૧.
ચંબલ : (નદી) (૯૫), (૧૫૧).

છ

છત્રપતિ : (૧૭૮)

જ

જગન્નાથપુરી : (૨૫૬)
જન્મેજય : (૯૬)
જમના (નદી) : ૧૧૧
જયસ્વાલ : ૧૯૬

જરટીઝ : ૩૪૪, ૩૫૦
જરથોસ્ત : (૧૩૪) (૧૭૫) ૨૪૧, ૨૪૫
જવન : (૧૪૬)
જાન્હવી : (૨૯૭)
જાલોર (૩૮૬)
જાલૌક : ૪, ૫, ૬, ૭, ૮, ૧૪, ૧૯, ૨૦. ૯૦, ૯૪, ૧૪૮, ૨૭૬,
જાવા : (૧૩૩) ૨૧૪
(સર) જીવણજી મોદી : ૧૩૪ (૩૯૨)
જુનાગઢ : ૩૩૮, ૩૮૭, ૩૯૫ (૩૯૫)
જુશ્ક : ૨૦
જુન્નેર : (૧૭૪) (૧૯૦) ૨૦૬, ૨૦૭, ૩૫૬, ૩૬૨.
જેસલમીર : ૧૨૫, ૩૪૭, (૩૪૮) ૩૮૬.
જોધપુર : ૧૯૨, ૩૪૭, (૩૮૬) (૩૯૦) ૩૯૨.
જૈનમંદિર : ૮૦
જૈન યુવક દ્વિ. પરિષદ : ૨૫૦
જંબુદ્વીપ : ૧૨૮, ૧૨૯, (૧૨૯) ૧૩૦, ૧૩૧, ૧૩૨, ૧૩૩, ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૧૪૦, ૧૪૧, (૧૬૮) ૧૭૪, (૧૭૮) ૨૧૦, ૨૬૫, ૨૯૪, ૨૯૫, ૩૪૪, (૩૯૫).
જૈનકાળ ગણના : જુઓ કાળ ગણના
જર, જમીન અને જોરૂ (ની ઉક્તિ) (૯૮)
જરાશ્રસ્ત : (૧૩૪)
જરાશબ્દ : (૧૩૪)
જહ્ક : ૧૪૪.
જલાલાબાદ : ૧૪૪.
જળપ્રલય, ૮૫, ૧૦૨, ૧૩૭.
જ્યોર્જ ટાઉન : (૧૩૯) ૩૮૫
જૈનધર્મ : (ના આચાર્યો) ૬૬ (૬૬), ૩૮૮ (૩૮૭)
જ્યોર્જીયા ૩૮૫, ૩૯૨.

ઝ

ઝેલમ : (નદી) (૧૫૩) ૨૬૬
ઝેરોસ્ટર (૧૩૪)
ઝાંસી : (૩૮૫), ૩૯૧, ૩૯૨.

ટ

ટાપ્ટિ : ૩૬૭

ડ

ડિમેટ્રીયસ : (૮) (૯) (૨૦) ૨૦, ૭૦, ૯૨, ૯૪, ૯૫, (૧૦૧) ૧૧૦, ૧૪૫, ૧૪૮, (૧૪૮), ૧૪૯, ૧૫૦, ૧૫૧, ૧૫૩, ૧૫૫, (૧૫૫) ૧૬૦, ૧૬૩, ૧૬૪, (૧૬૫) ૧૭૭, ૧૭૮, ૧૮૧, ૧૮૮, ૧૮૯, ૨૧૦, ૨૨૯, ૨૭૪, ૨૭૫, ૩૦૦, ૩૨૪, (૩૩૫) (૩૩૭)
ડીઓડોટસ (પહેલો) : (૫) ૧૪૭.
ડીઓડોટસ (બીજો) : ૧૪૮
ડેરીયન : ૨૯૮, ૩૧૩, (૩૪૪), ૩૪૭.
ડેરીઅસ : ૧૨૪, ૧૨૫, ૧૭૦, ૧૮૧, ૩૦૭, (૩૪૫), ૩૮૬.

ત

તખશિર : ૨૬૬.
તખશિલ : ૨૬૬
તત્ત્વાવબોધ વેદ : (૨૪૮)
તથાગત : ૨૬૭, ૨૬૮.
તક્ષ : ૨૭૦
તક્ષક : ૨૭૦
તક્ષશિર : ૨૬૬, ૨૬૭.
તક્ષશિલ : ૨૬૬
તક્ષશિલા : ૨૨૯, ૨૬૫, ૨૬૭, ૨૬૮, ૨૬૯, ૨૭૪.
તક્ષિલા : (૧૪૪) ૧૬૨, ૧૭૭, ૧૭૯, ૧૮૩, ૨૨૨, ૨૨૮, ૨૩૪, ૨૩૬, ૨૩૭, ૨૩૮, ૨૩૯, ૨૪૦, ૨૪૩, ૨૪૪, ૨૫૨, ૨૫૩, ૨૬૧, ૨૬૫, ૨૬૮, ૨૭૦, ૨૭૨, ૨૭૩, ૨૭૫, ૨૭૬, ૨૭૭, ૨૮૦, ૨૮૧, ૩૧૧, ૩૧૬, ૩૧૭, ૩૧૯, ૩૨૦, ૩૨૨.
તરપ : ૧૪૪.
ત્રિરશ્મિ : ૩૭૪, ૩૭૫, ૩૭૬, ૩૭૭, ૩૮૪.
ત્રિરાષ્ટ્રિકવંશ—જુઓ ત્રૈકૂટક.
ત્રૈકૂટક : ૩૫૫, ૩૫૮, ૩૭૪, ૩૭૫, ૩૭૭, (૩૭૮) ૩૮૧, ૩૮૨, ૩૮૩, ૩૮૯, ૩૯૩, (૩૯૩) ૩૯૪, ૩૯૬.
તિષ્યરક્ષિતા : ૩૪.
તાપી : (૧૨૯) ૧૯૦, ૨૧૪, (૨૩૫).
તામિલ : ૨૮૮, ૨૮૯.
તામ્રપત્ર : ૩૧૯

તારકંદ : ૩૪૪, (૩૯૪)
તિત્થોગાલી : ૮૩
તિબેટ : (૨) ૧૪૧, ૧૪૨, ૨૪૬, ૨૭૨,
(લોકમાન્ય) તિલક : (૧૩૭)
તિરપર : ૨૮૭
તિરંદાજી : (૧૧૦)
તિલોયસાર : ૮૩
તીર્થંકર : (૧૪૧) ૩૫૯
તીરહુટ : ૨૬૩.
તુર્કસ્તાન : ૧૩૨, ૧૪૨.
તુર્કી : ૨૭૩
તુર્કોમાન : ૨૯૮
તેજંતુરી : ૧૨૪, (૧૨૫)
તેહરાન : ૧૪૩
તોરમાણ : ૩૮૯
તંબાવટી : ૧૯૨
તાંબાવટી : (જુઓ તંબાવટી)
ત્રાંબાવટી : (જુઓ તંબાવટી)
ત્રિપુટી : (વિદ્વાનોની) ૧૭૭
ત્ર્યંબક : ૭૩

થ

થરપારકર : ૧૨૫
થીઓસ : ૧૪૭

દ

દધિવાહન : ૧૦૧
દમયંતી : (૯૧)
દર્પણ : ૩૬૪, ૩૮૭, ૩૮૯.
દર્ભવિસાર : ૨૯૬
દશરથ : ૧૬, ૧૦૨, ૨૦૫, (૨૯૬)
દહણુકા : ૩૬૭
દક્ષમિત્રા : ૧૮૪, ૧૮૬, (૧૯૦) (૧૯૮) ૧૯૮, (૧૯૯) ૨૧૫, ૩૪૯, ૩૫૩
દક્ષિણાપથ : ૭૨, ૭૩,
દક્ષિણ હિંદ : ૨૦૨, ૩૫૪, ૩૫૬.
દાનપત્ર : ૧૬૯
દ્રાવિડ : ૨૮૩
દંતિદૂર્ગ : ૩૫૫
દામજદશ્રી : ૩૮૯
દામજાતશ્રિયા : (૩૩૭)
દામન : ૩૩૮
દામશાહ : (૩૩૭)
દામસેન : ૩૭૯
દામોદર : ૧૪, ૨૦, ૯૦, ૯૧, ૯૪, ૧૪૯.
દિગંબર : (૮૩)
દિનિક : ૧૯૮, ૩૭૨, ૩૮૪
દિલિપ (૬૧) ૨૯૬
દિલિપ : જુઓ દિલિપ
દિવ્યાવદાન : (૫૪)
દિજ : ૩૭૨
દિજિક : ૩૭૨
દિનાર : ૮૯
દુઆબ : ૧૩૮, (૧૩૯) ૨૮૫,
દીપમાલા : ૮૩, ૮૪
દેવકણ : (૩૪૨) ૩૫૨, ૩૬૯, ૩૭૩.
દેવગઢ : (૨૫૬)
દેવણુક : ૩૬૮, ૩૭૦, ૩૭૧, ૩૭૨, ૩૮૮.
દેવદત્ત : ૮૩
દેવપુત્ત : ૨૨૦
દેવભૂતિ : ૫૦, ૫૧, (૬૧) ૬૨, ૬૯, ૯૭, ૧૧૫ ૧૧૬, ૧૧૭, ૧૯૫.
દેવભૂમિ : (૧૧૫)
દેવસ્તૂપ : (જુઓ વોડવાસ્તૂપ)
દ્વીપ : (અઢી) ૧૨૮, ૧૩૮.

ધ

ધનકટક : ૨૨૨, ૨૨૪,
ધનદેવ : ૬૪, (૬૫)
ધનપ્રસાદ ચંદાલાલ મુનશી : ૨૨૧.
ધમ્મ મહામાત્રા : ૨૪૬, ૨૭૩, (૩૪૯)
ધમ્મલિપિ : ૨૪૫.
ધરસેન : ૩૭૪, ૩૭૭, ૩૮૪, ૩૮૫, ૩૯૪, ૩૯૫.
ધરસેનાચાર્ય : (૧૯૯)
ધર્મ ઘેલછા : ૧૧૮

ધર્મ ઝનુન : ૭૪, ૭૫, ૮૦.
ધર્મચક્ર : ૨૪૪.
ધર્મપાળ : ૭૨
ધર્માશોક : ૩૨૭
ધમ્મોતિક : ૨૧૯, (૩૭૮)
ધોલેરા : (૨૧૫)
ધ્રુવમિત્ર : (૬૧)
ધ્રુવસેન : (જુઓ ધરસેન)

ન

નક્ષુભા : (૧૩૪)
નભવાહન : ૧૯૬, ૩૭૨
નભોવાહન : ૧૯૬, ૩૭૨
નરવર : ૨૦૪
નરવાહન : ૧૯૬, (૨૦૦), ૩૭૨.
નર્મદા : (૧૨૯), ૨૦૫, (૨૧૫)
નળ (રાજા) : (૯૧)
નવનગર : ૨૦૪
નવરૂ નખોદ વાળે (ની ઉક્તિ) : ૧૧૩
નવીનગરી : ૨૦૪
નહપાણ : (૯) (૭૩), ૧૦૮, ૧૧૭, (૧૭૯), ૧૮૦, ૧૮૩, ૧૮૫, ૧૮૬, ૧૮૭, ૧૮૮, ૧૯૦, ૧૯૧, ૧૯૨, ૧૯૩, ૧૯૪, ૧૯૫, ૧૯૬, (૧૯૭), ૧૯૮, ૧૯૯, ૨૦૦, (૨૦૧) ૨૦૩ ૨૦૬, ૨૦૭, ૨૦૮, ૨૦૯, ૨૧૦, ૨૧૧, ૨૧૨, ૨૧૩, ૨૧૪, ૨૧૫, ૨૧૬, ૨૧૭, ૨૧૮, ૨૧૯, ૨૨૦, ૨૨૧, ૨૨૨, ૨૨૩, ૨૨૯, ૨૩૩, ૨૩૪, ૨૩૫, (૨૪૫), (૨૫૭), (૩૧૪), ૩૧૮, ૩૧૯, ૩૨૦, ૩૨૨, ૩૩૪, ૩૩૮, ૩૩૯, ૩૪૦, ૩૪૧, (૩૪૮), ૩૪૯, ૩૫૧, ૩૫૩, (૩૫૬), (૩૫૭), ૩૬૦, ૩૬૧, ૩૬૨, ૩૬૩, ૩૬૪, ૩૬૫, ૩૬૬, ૩૬૯, ૩૭૦, ૩૭૨, ૩૭૩, (૩૭૫), ૩૭૬, ૩૭૭, ૩૭૮, ૩૮૪, ૩૮૬, ૩૮૭, (૩૮૭) ૩૮૯ (૩૯૩).
નાગરાજા : ૨૭૦, ૨૭૧, ૨૯૧.
નાગસેન : ૧૫૮
નાલંદા : ૧૭૭, ૨૭૬, ૨૭૭.
નારાયણ : ૧૧૬
નાસિક : ૭૩, ૧૭૬, ૧૮૪, ૧૮૭, (૧૯૦), ૧૯૧, ૧૯૭, ૧૯૯, ૨૦૫, ૨૦૭, ૨૧૮, ૨૨૩, ૨૪૪, (૩૩૪), ૩૩૯, ૩૫૬, ૩૬૨, ૩૬૭, ૩૬૯, ૩૭૨, ૩૭૫, (૩૭૬) ૩૭૭, ૩૮૦, ૩૮૧, ૩૮૯.
નિગમ સભા : ૨૧૧
નિઝામ : ૨૯૪
નિર્વાણ : ૨૬૮
નેમિનાથ : (૮૬), ૧૩૭, ૨૫૮
નંદ )નવમો) : ૮૪, ૧૭૭.
નંદ (આઠમો) : (૬૭)
નંદ : ૨૨૪, ૨૭૧, ૨૭૭, ૨૮૦, ૨૯૧, ૩૪૩.
નંદ વંશ (૩૯૪)
નંદસીઆએ : ૨૩૪
નંદિસીઅકસા : ૨૩૦, ૨૪૪.
નંદિવર્ધન : ૧૯૨

પ

પતંજલિ : ૫૪, ૬૫, ૬૬, (૭૧), ૭૨, ૭૩, ૭૪, ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૮૭, ૯૩, (૯૫) ૧૦૦, ૧૧૭, ૧૫૩, ૨૨૬, ૨૨૭.
પરદેશી (ની ખાસિયતો) : (૧૬૪)
પરમારવંશ : (૩૯૦) ૩૯૧ (૩૯૧)
પર્સિઅન્સ : ૨૮૩, ૨૮૪.
પયના : ૮૪
પર્સિયા : ૨૮૮
પરિશિષ્ટ : ૫૧—*(કાર) ૪૯
પરિહારવંશ : ૨૬૨ (૩૯૧)
પર્યુષણાપર્વ : (૮૫)
પલ્લવ : ૨૧૩, ૨૮૨, ૨૮૪, ૨૮૬, ૨૮૭, ૨૯૦, ૨૯૧, ૨૯૩.
પલ્વાઝ : જુઓ પહ્લવ
પલ્હવાઝ : જુઓ પહ્લ્વાઝ
પહ્લવાઝ : ૧૨૭, (૧૩૩) ૧૪૦, ૧૪૩, ૧૬૬, (૧૬૮) (૧૭૧) (૧૭૫) ૧૮૧, ૨૮૪, ૨૮૫, ૨૮૬, ૨૯૨, ૨૯૩, ૨૯૬, ૨૯૮, ૨૯૯, ૩૦૫, ૩૦૮, ૩૧૧, ૩૧૫, (૩૪૨) (૩૪૫)
પહ્લવી : ૧૭૪, (૧૭૫) ૧૮૪, ૨૮૪, ૨૮૫, ૨૯૬, ૨૯૮, ૩૦૮, ૩૨૯.

પહ્લવ : જુઓ પહ્લવાઝ
પંજશીર : ૧૫૨
પંડયાઝ : (૨૯૦)
પાઋષિ : ૨૯૫
પાટલિપુત્ર : ૬૭, ૬૯, ૮૪, ૮૫, ૮૭, (૯૩) (૯૮) ૯૮, ૧૦૦, ૧૦૧, ૧૦૨, ૨૦૫, ૨૬૬.
પાટલિપુર : જુઓ પાટલિપુત્ર
પાણિનિ : ૭૨, ૮૦, (૧૧૪) ૧૭૬, ૧૭૭, ૨૨૪, ૨૨૫, ૨૨૬, ૩૪૬.
પાતાલ (નગર) : ૧૩૮
પાતિક : ૨૦૫, ૨૨૮, ૨૨૯ ૨૩૪, ૨૩૭ ૨૩૮, ૨૪૧, (૨૫૫), (૨૫૭) ૨૬૧, ૩૧૯, ૩૨૦.
પાતિકવાળો તામ્રપત્ર : ૩૨૧,
પારડી : ૩૭૭
પારદ : (૧૩૩). ૧૪૦, ૩૪૫
પાડિવત્ : ૮૫
પાખંડી : ૮૩
પારદા : ૩૬૭
પારદોની : ૨૯૬, ૨૯૯
પારસ : ૨૯૫
પારસકુલ : ૩૪૨
પારસદેશ : ૨૯૫
પારસી : ૨૪૧, ૨૯૫
પાર્શ્વનાથ : (૮૬) ૧૩૭ (૩૯૪)
પાર્થીયન : ૨૯૬, ૩૨૭
પારૂષી : ૨૮૩
પાર્થિઅન્સ : (૨૧૮), (૨૪૧), ૨૪૨, ૨૭૪, ૨૮૧, ૨૮૩, ૨૮૪, ૨૯૮, ૨૯૯, ૩૦૦, ૩૦૧, ૩૦૨, ૩૦૩, ૩૦૪, ૩૧૦, ૩૨૩, ૩૪૫, ૩૪૯, ૩૬૩, (તથા જુઓ પહ્લવાઝ).
પાર્થિયા : (૧૪૭). ૩૦૫, (પાર્થીયન્સ) ૩૦૭, ૩૦૮, ૩૧૩, ૩૧૪, ૩૧૬, ૩૪૮,
પાલી : (૩૮૬)
પાર્લામેન્ટ : ૩૨૯
પાસિફિક : (૧૩૧)
પાંડુ (રાજા) : ૧૫૧
પાંચાલ : ૯૧ (૬૮) ૧૫૫,
પિસપસી : ૨૩૦
પિંગળા (રાણી) : ૯૭
પીત (પ્રજા) : (૨૭૨) (૧૪૧)
પીળા-માનવી : જુઓ પીત પ્રજા
પુદુકોટા : ૨૯૧
પુના : ૨૦૬, ૨૦૭, ૩૬૨
પુરાતત્ત્વ : (૨૫૪)
પુરૂષપુર : (૨૬૫)
પુલુમાવી : ૨૦૪
પુલિંદિક : ૫૦, (૬૧) ૧૧૫, ૧૧૬
પુલુસાકી : ૧૨૪, ૧૭૬. ૨૬૯, ૨૭૧, ૨૮૦,
પુષ્કરજી : ૧૯૨, ૨૦૧, (૨૭૩), ૩૬૧, ૩૬૨, ૩૬૮.
પુષ્ય (નક્ષત્ર) : ૬૭, ૨૨૨
પુષ્યમિત્ર : ૧૩, ૪૯, ૫૧, ૫૨, ૫૩, ૫૪, (૫૪) (૫૫) ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૦, ૬૧, (૬૧) ૬૪, ૬૫, ૬૭, ૬૮. ૬૯, ૭૦, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૮૨, ૮૪, (૮૫) ૮૬, ૮૭, ૮૭, ૮૯, ૯૧, ૯૨, ૯૩, (૯૫) ૯૯, ૧૦૦, ૧૦૧, ૧૦૩, ૧૦૬, (૧૧૬) ૧૧૭, ૧૧૯, ૧૪૫, ૧૪૯, ૧૫૧, ૧૫૪, ૨૨૨.
પૃથ્વી (રચના) : ૧૨૯, (૧૩૧)
પુષ્યધર્મા : ૬૪
પુષ્યપુર : ૨૬૬
પેન્ટેલીઅન : ૧૬૪
પોટરકુંડ : ૨૬૪
પોરવાડ : ૩૭૪
પોરસ : ૩૨, ૩૩, ૨૭૩, (૨૮૦)
પેશાવર : ૧૪૪. ૨૬૪, (૨૬૫) ૩૧૦,
પૈઠણ : ૭૬, ૧૧૪,૨૦૨, ૨૦૪, (૨૧૫)
પંજાબ : ૬૬. ૨૦૫, (૨૧૮) ૨૩૩, ૨૩૬, ૨૬૬, ૨૭૧, ૨૭૩, ૨૭૪, ૨૭૬, ૨૮૦, ૨૮૫, ૨૯૬, ૩૦૮, ૩૧૦, ૩૧૩, ૩૧૭, ૩૧૮, ૩૧૯, ૩૨૬, ૩૩૦, ૩૩૧,
પોરવાડ : ૩૮૫ (૩૮૫) ૩૮૭ (૩૮૭) ૩૮૮, ૩૮૯, ૩૯૦, ૩૯૬.

પ્રતિહારવંશ : (૩૯૦) ૩૯૧.
પ્રતિબદ્ધ : (જુઓ સુપ્રતિબદ્ધ)
પ્રતિમા (સુવર્ણ) : ૭૯, ૯૭.
પ્રદ્યોત (વંશી): ૨૮
પ્રતિષ્ઠાનપુર (જુઓ પૈઠણ)
પ્રભાસ : ૧૦૬ ૨૦૫, ૩૬૧, ૩૬૨, ૩૬૭.
પ્રમાણુ : ૧૩૦
પ્રિયદર્શિન : ૨, ૩, (૩), ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, (૧૦), ૧૨, ૩૬, ૫૩, ૬૬, ૭૩, ૭૫, ૭૮, ૭૯, ૮૦, ૯૦, (૯૩), ૯૭, ૧૦૧, ૧૦૨, (૧૪૬) ૧૪૭, ૧૫૨, ૧૬૧, ૧૭૮, ૧૯૨, ૨૦૫, ૨૧૧, ૨૧૩, ૨૧૪, ૨૧૫, ૨૧૬, ૨૪૬, ૨૫૧, ૨૫૬, ૨૫૭, ૨૬૨, ૨૬૩, ૨૬૫, ૨૬૭, ૨૭૪, ૨૭૬, (૨૮૯) ૨૯૦, (૨૯૨) (૩૩૬) ૩૩૭, ૩૪૮, ૩૪૯, ૩૮૬, ૩૮૭, ૩૯૨.

ફ

ફલ્ગુદેવ : ૬૪
ફારસ : ૨૯૫
ફારસી : ૨૯૫
ફાલ્ગુનિમિત્ર : (૬૧)
ફીલોપેટર : ૩૩૬
ફ્રેટસ : ૩૪૮

બ

બમપુર : ૧૪૪
બપ્પભટ્ટસૂરિ : ૨૬૨
બંધુપાલિત : ૧૪, ૧૫, ૧૬, ૧૭.
બલ્ખ : ૧૪૩, (૧૫૪) (૨૯૭).
બલિક પુત્રસ : (૨૯૭)
બલિક રાજા : (૨૯૭)
બલુચિસ્તાન : ૧૨૫, ૧૩૬, ૧૩૯, ૧૪૪, (૧૬૮) ૨૮૫, ૨૮૬, ૩૦૧, ૩૧૦.
બળદેવ : ૮૬
બળમિત્ર : ૪૯, ૫૧, ૫૯, ૬૦, ૬૨, ૧૦૬, ૧૦૭, (૧૦૮), ૧૦૯, ૧૧૦, (૧૧૩), ૧૧૯, ૧૨૦, (૧૫૪), ૧૬૨, ૧૮૭, ૧૯૦, (૩૫૬).
બળભાનુ : (૧૧૩)
બળરામ : (૨૯૭)
બળશ્રી : ૧૯૧, ૨૦૨, ૨૦૪, ૨૧૫, ૨૧૮. (૩૩૪) (૩૬૧), ૩૬૯, ૩૭૨, (૩૮૮).
બિંદુસાર : ૨૯, ૩૦, ૩૧, (૭૫) ૧૦૨, ૧૨૬, ૧૭૭.
બૃહસ્પતિ : ૬૭, ૬૯, (૨૯૭).
બૃહદ્રથ : ૬૬, ૭૬, ૭૭, ૮૯, ૯૧, (૯૧), ૧૦૦, ૧૪૯.
બૃહસ્પતિમિત્ર : ૧૨, ૧૩, ૧૪, ૬૪, (૬૫) ૬૬, ૬૭, ૬૮. ૭૦, ૭૧, ૭૨, (૧૧૬) ૧૫૬, ૨૨૨.
બાણ (કવિ) : (૭૬)
બાલ્કન્સ : (૨૯૭)
બાભ્રા-વૈરાટ : ૧૯૨
બાલ્હીક : (૨૯૭)
બાલોતરા : (૩૮૬)
બાહુબલી : ૨૭૦
બિકાનેર : (૩૪૮)
બિંદુસાર : ૨૧૧
બુધ : ૨૯૭
બુદ્ધદેવ : ૨૪૪, ૨૫૪, ૨૫૯, ૨૬૬, ૨૬૭, ૨૬૯,
બુદ્ધશાક્ય : ૨૪૪
બુદ્ધિપ્રકાશ : (૨૨૧) (૩૪૨).
બુદ્ધિસ્ટીક ઈન્ડીઆ : (૨૫૯)
બેક્ટ્રીઆ : ૧૪૫, ૧૪૭, (૧૪૭) ૧૪૯, ૧૫૦, ૧૫૧, ૧૫૨, ૧૬૧ ૩૦૦, (૩૧૨) ૩૧૩, ૩૧૪, ૩૧૬, ૩૪૯.
બેક્ટ્રીઅન્સ : ૫ (૫) ૬, (૮) (૯), ૧૪, ૧૨૭ (૧૪૦) ૧૪૨, ૧૪૩, ૧૪૫ ૧૪૬, ૧૪૭, ૧૬૩, ૧૬૫, (૧૭૧) ૧૭૮, ૧૮૧ (૧૮૧) (૨૧૮) ૨૭૪, ૨૭૫, ૨૯૯, (૩૨૪) ૩૪૧ ૩૪૫, ૩૬૫.
બેન્નાકટક : (૩૫૬)
બેબીલોન : ૨૯૮
બેરીગાઝા : ૩૩૬
બેસનગર : ૧૧૧, (૧૧૨) ૧૮૨.
બોલન પાસ : ૧૩૯ ૩૧૦, ૩૧૧, ૩૧૭, ૩૪૬.
બોખારા : ૧૪૩, ૧૫૨.
બૌદ્ધ : ૨૪૪, (૨૪૮) ૨૬૬.

બૌદ્ધધર્મ : ૨૪૬
બૌદ્ધધામઓ : ૨૪૧, ૨૪૫.
બ્રહ્મદ્વીપ : ૧૩૯, ૩૪૬.
બ્રહ્મપુત્રા : (૧૨૯)
બ્રાહ્મણ : ૨૫૦, ૨૪૯.
બ્રાહ્મિ : ૧૬૭, ૧૭૪, ૧૭૫, ૧૮૪.
બ્રેગેન્ઝા (ભરૂચ) : ૨૦૫

ભ

ભગવાનલાલ ઇંદ્રજિત : ૨૫૫, (૨૫૭) (૨૫૮) (૩૫૫) ૩૮૦, ૩૮૧.
ભટ્ટારક : (૩૮૯) (૩૯૦)
ભરત : (૧૨૮) ૨૭૦, ૨૭૧,
ભદ્રબાહુ : ૨૯
ભદ્રઘોષ : (૬૧)
ભરતખંડ : ૧૨૮, (૧૨૮) (૧૨૯), ૧૩૬, ૧૬૮, ૨૭૬, (૩૪૪)
ભરત ક્ષેત્ર : (૧૯૯)
ભરૂચ : ૨૧૪, ૨૧૫, ૩૬૨.
ભસ્મગ્રહ : (૮૫)
ભર્તૃહરી : ૯૭
(ડૉ.) ભાઉ દાજી : (૩૫૮)
ભાગવત (જુઓ ભાગ)
ભાગ (રાજા) ૫૧, ૬૦, (૬૧) ૬૨, ૧૦૬, ૧૦૭, ૧૧૨, ૧૧૪, ૧૮૨.
ભાગભદ્ર : (૧૧૨)
ભાનુમતી : (૧૦૯) ૧૧૩.
ભાનુમિત્ર : ૪૯, ૫૧, ૬૦, ૬૨, ૧૦૬, ૧૦૭, (૧૦૮) ૧૦૯, ૧૧૦, ૧૧૨, ૧૧૩, (૧૧૩) ૧૧૪, ૧૧૬, ૧૧૯, ૧૨૦, ૧૫૪, (૧૫૫) ૧૬૨, ૧૬૩, ૧૮૭, ૧૯૦, ૨૨૩, ૨૨૯, ૨૩૧, ૨૩૨, ૨૩૬,
ભાનુશ્રી : ૧૧૩
ભારતકા પ્રાચીન રાજવંશ : (૨૫૪)
ભારતીય (સમૃદ્ધિ) ૧૬૧
ભારત વર્ષ : (૨૯૭)
ભારદ્દજ : ૬૪
ભારહુતસ્તૂપ : ૨૪૫
ભાવલપુર : ૩૪૭
ભાંડારકર : (૧૪૬) ૨૦૬
ભિન્નમાલ : (૧૧૦) ૧૯૨, ૧૯૩, ૩૪૮, ૩૫૪, ૩૮૬, ૩૮૭, (૩૮૭) ૩૯૧, ૩૯૨, (૩૯૩).
ભિલ્સા : (૧૧૨)
ભૂપાળો (ના સિક્કા) ૧૬૫.
ભૂમક : (૮) (૯) (૮૩) ૧૧૦, ૧૧૨, ૧૫૫, ૧૬૧, ૧૬૨, ૧૭૭, ૧૭૮, ૧૮૩, ૧૮૪, ૧૮૫, ૧૮૬, ૧૮૭, ૧૮૮, ૧૮૯, (૧૮૯) ૧૯૦, ૧૯૧, ૧૯૨, ૧૯૩, ૧૯૫, ૧૯૬, ૧૯૭, ૧૯૮, ૨૦૧, (૨૦૫), ૨૦૬, ૨૦૭, (૨૦૮) (૨૧૨,) ૨૧૩, ૨૨૯, ૨૩૨. ૨૩૩, ૨૩૪, (૨૪૫), (૨૫૭), ૩૪૦, ૩૪૧, (૩૪૮), ૩૪૯, ૩૫૧, ૩૫૬, (૩૫૭) ૩૬૦, ૩૬૧, ૩૬૨.
ભૂમધ્ય : ૧૩૨, ૧૪૨, ૧૪૬.
ભૂમિમિત્ર : (૬૧) ૧૧૬
ભોજક : (૧૩૪) ૩૬૩, ૩૬૪, ૩૬૫, ૩૭૩, ૩૮૬ ૩૮૭, (૩૮૭)
ભોજદેવ : (૨૬૨) (૩૯૦)
ભોજક (લોકો) ૩૯૨

મ

મગધ : ૫, (૫) ૬, ૮, ૧૦, ૧૨, ૩૪, ૩૬, (૧૨૮) ૨૦૫, ૨૨૨, ૨૨૪, ૨૬૬, ૨૭૧, ૨૭૬, ૨૮૦.
મગધપતિ : ૫, ૨૫, ૨૮૯, ૩૪૩.
મજ : ૨૩૦
મજમુદાર : ૨૧૨
મત્સ્ય : ૧૯૧, ૩૩૮.
મત્સ્ય પુરાણ : ૨૯૬, (૩૫૫)
મથુરા : ૬૬, (૮૬) ૯૮, ૧૫૬, (૧૫૭) ૧૬૨, ૧૬૪, ૧૮૩, ૨૨૧, ૨૨૨, ૨૨૯, ૨૩૨, ૨૩૩, ૨૩૪, ૨૩૫, ૨૩૭, ૨૩૯, ૨૪૦, ૨૪૩, ૨૪૪, ૨૪૫, ૨૫૨, ૨૫૩, ૨૫૫, (૨૫૭) ૨૫૮, ૨૫૯, ૨૬૦, ૨૬૧, ૨૬૨, ૨૬૩, ૨૬૫, ૩૦૯, ૩૧૨, ૩૧૭, ૩૧૯, ૩૨૦, ૩૨૨, ૩૨૭, ૩૩૦, ૩૬૩,

મથુરા એન્ડ ઇટસ એન્ટીક્વીટીઝ: (૨૩૨) ૨૪૨.
મથુરાપતિ: ૩૧૭, ૩૭૦, ૩૭૧.
મથુરાનો સ્તૂપ: ૨૪૦, ૨૬૨, ૨૬૩.
મથુરા સિંહસ્તૂપ: ૨૨૮, ૨૩૨, ૨૩૩, ૨૩૯, (૩૧૮)
મદુરા: ૨૮૮
મદ્ર (દેશ): ૧૫૧, ૧૫૩.
મદ્ર (પ્રજા): (૧૫૧)
મદ્રાસ: ૩૩૦
મધુપુરી: ૨૬૩
મધુરા: ૨૬૩
મધ્ય (દેશ): (૮૩), ૧૫૫. ૧૬૨, ૧૭૮, ૧૭૯, ૧૮૩. ૧૯૧.
મધ્યમિકા (નગરી): (૮૩) ૯૯, (૧૦૦) ૧૫૪, ૧૯૧, ૧૯૨, ૨૦૬, ૨૦૭, ૩૪૮.
મનુ (ભગવાન): ૧૩૯, ૧૪૦, (૨૯૭), ૩૯૨.
મરાઠા: ૩૬૨
મર્વ: ૧૩૨, ૧૩૩, ૩૮૫.
મલ્લ: ૨૯૦
મલ્લપુરા: ૨૬૪
મશ્હદ: ૧૪૩
મહમદ સાહેબ: ૨૪૧
મહાનંદ: ૮૪, ૨૨૬
મહાભારત: ૧૩૪, ૧૩૭, ૨૫૮.
મહાભાષ્ય: ૭૨
મહારાષ્ટ્ર: ૩૫૨, ૩૫૫.
મહાસભા (બૌદ્ધ) (૭)
મહેંદ્રકુમાર: ૩૪
મહાવીર સ્વામી: (૬૬) ૮૦, ૨૪૧, ૨૫૬, ૨૬૩, ૩૪૫
મહાપ્રલય (જુઓ જળપ્રલય)
મહાક્ષત્રપ: ૧૬૨, ૧૬૬, ૧૬૭, ૧૭૦, ૧૭૧, ૧૭૨ ૧૭૮, (૧૮૫) ૧૮૬, ૧૮૭, ૧૮૮, ૧૮૯, ૧૯૫, ૨૦૧, ૨૦૫, ૨૦૭, ૨૦૮, ૨૦૯, ૨૧૭, ૨૨૧, ૨૨૮, ૨૩૧, ૨૩૩, ૨૩૪, ૨૩૫, ૨૩૭, ૨૩૮, ૨૩૯, ૨૪૪, ૨૪૬, ૨૫૭, ૨૬૧, ૨૬૨, ૩૧૬, ૩૧૭, ૩૧૮, ૩૪૯, ૩૬૨, ૩૬૫, ૩૭૪, ૩૭૯, ૩૮૦, (૩૮૨) ૩૮૩,
મહી (નદી): (૧૨૯) ૨૧૪, ૨૧૫.
મહેર: (૧૩૪)
મહોલી: ૨૬૩
મંગળગ્રહ: ૧૩૦, (૨૯૭)
મંચુરીયા: ૧૪૧
મંચેરી: ૧૯૨
મંત્રિગુપ્ત: ૩૨૬, ૩૨૭, ૩૨૮.
મંદસોર: ૨૦૬
મંશેરા: ૧૭૭
માઈનર: (એશિયા) ૧૩૬
માગધી (ભાષા) ૧૬૭, ૩૫૮.
માંગોલિયા: ૧૪૧
માડાગાસ્કર: ૧૩૩
માઢરીપુત્ર: ૩૭૬
માઢરીગોત્ર: ૩૭૭
માણિક્યતોલા: ૨૭૩
માણિક્યાલ: ૨૮૧
માતૃગોત્ર: ૩૭૬
માદ્રી (રાણી): ૧૫૧
મામુલનાર: ૨૮૮, ૨૮૯ ૨૯૦.
માલ (દ્વીપ): ૧૩૩
માલવિકા: ૯૧, (૯૨) ૯૩,
માલવા: ૩૫૩, ૩૫૪, ૩૬૩, ૩૯૦, ૩૯૧, (૩૯૩)
માલવ સંવત: ૩૯૧.
માહણુ: ૨૪૯.
માલવિકાગ્નિમિત્ર: ૫૦, (૬૬) ૮૮, ૯૨.
મિથ્રેડેટસ (ધી ગ્રેટ): ૧૮૧, ૨૪૧, ૩૦૦, ૩૦૧, ૩૦૨, ૩૦૫, ૩૦૬, ૩૦૭, ૩૧૩, ૩૧૪, ૩૧૬, ૩૨૫, ૩૪૮.
મિત્રદેવ (૧૯૮)
મિત્ર (વંશ): (૬૧) (૧૦૪)
મિનનગર: (૧૫૫) (૧૯૩)
મિરિ: ૧૪૪
મિનેન્ડર: ૬૦, ૬૬, ૭૦, ૭૧, ૭૨, ૧૧૦, ૧૧૧, ૧૧૨, ૧૪૫, ૧૫૧, ૧૫૨, (૧૫૩) ૧૫૪, ૧૫૬, (૧૫૭), ૧૫૮, ૧૬૧, ૧૬૩, ૧૬૪, (૧૬૫)

૧૭૭, ૧૮૧, ૧૮૨, ૧૮૭, ૧૮૮, ૧૮૯, (૧૮૯) ૧૯૦, ૧૯૧, ૨૧૦, ૨૧૪, ૨૨૯, ૨૩૧, ૨૩૨, ૨૩૩, ૨૩૬, (૨૪૪) ૨૫૪, (૨૫૯) ૩૦૦, (૩૦૯), (૩૨૪) (૩૩૫) ૩૩૭, ૩૩૮, ૩૪૦, ૩૪૯, (૩૮૭)
મિરેન્ડર : જુઓ મિનેન્ડર શબ્દે
મિલિન્ડા (જુઓ મિનેન્ડર)
મિલિન્દ : ૧૫૩, ૧૫૮
મિલિન્દ પન્હો : ૧૫૩, (૧૫૪) (૧૫૫)
મિશ્રદેશ : ૨૬૪, ૨૬૫,
મિસર (દેશ) : (૧૩૩) ૧૬૧, ૨૧૪, ૨૪૬, ૨૬૫.
મીથ્રેડેટ્સ : (બીજો) (જુઓ મિથ્રેડેટ્સ ધી ગ્રેઈટ)
મીનલદેવી : ૨૯૨.
મિહિરકુલ : ૩૮૯ (૩૯૦).
મિહિરગુલ : (જુઓ મિહિરકુલ).
મીહિર : (૧૩૪).
મુલાપાસ : ૩૧૦.
મેકડોનલ્ડ : (૧૫૦).
મેગેસ્થેનીસ : ૪૨, ૪૩, ૪૪. ૨૬૬,
મેરૂપર્વત : ૧૨૮, ૧૨૯, ૧૩૨, ૧૩૩, ૧૪૧. (૩૯૫),
મેવાડ : ૧૯૨.
મેસીડોનિયન : ૧૪૨, ૨૭૩,
મૈત્રક(વંશ) : ૩૮૯, (૩૮૯).
મૈસુર : ૨૮૯.
મોગ : ( જુઓ મોઝીઝ)
મોઝ : (જુઓ મોઝીઝ )
મોઝીઝ : ૧૬૬, ૨૩૫, ૨૩૮, ૨૩૯ ૨૪૦, ૨૪૧, ૨૪૨, ૩૦૪, ૩૦૫, ૩૦૬, ૩૦૭, ૩૧૦, ૩૧૧, (૩૧૨), ૩૧૪, ૩૧૫, ૩૧૬, ૩૧૭, ૩૧૮, ૩૧૯, ૩૨૦, ૩૨૧, ૩૨૨, ૩૨૪, ૩૨૫, ૩૨૭, ૩૪૧, ૩૪૬, ૩૬૩.
મોહન જાડેરો : (૧૨૫) (૧૩૭) (૧૩૮).
મોહુર : ૨૮૮
મૌખરીઃ ૩૯૧ (૩૯૧)
મૌર્ય : ૨૦૫, ૨૮૦, ૨૮૮, ૨૮૯, (૩૯૪)
મૌર્ય સામ્રાજ્ય : ૨, ૪, ૬, ૭, ૮, ૧૨, ૧૩, ૧૪ (૧૪) ૧૮.
મૌર્યપ્રજા : ૨૮૭, ૨૯૦.
મૌર્યવંશ : ૩૨૭
મૌર્ય સામ્રાજ્ય : ૨૭૫
મૌર્ય સમ્રાટ : ૨૭૫
મ્લેચ્છ : ૮૩, ૮૭, ૧૧૯ (૧૧૯) (૧૪૬) ૧૪૮.

ય

યમ : (૨૯૭)
યવન : (૧૦) ૫૭, ૯૧, ૧૨૬, (૧૩૩), ૧૪૦, ૧૪૩, ૧૪૬ (૧૪૬) ૧૪૯, (૧૪૯) ૧૫૪ (૧૫૭) (૧૬૮) ૨૦૩, ૨૧૯, ૨૭૩, ૨૮૪, ૩૦૯, ૩૧૨, ૩૩૧, ૩૪૫, ૩૬૯.
યવનદેશ : ૨૪૬
યવનદ્વીપ : ૨૯૬
યવનબાદશાહ : ૩૬૫
યવનસાગર : ૨૯૬
યવન સુંદરી : ૫૭ (૯૪) (૧૫૩).
યશોદામન : ૩૭૯
યશોધર્મન્ : ૭૨
યારકંડ : ૩૪૪, ૩૪૯,
યુક્તપ્રાન્ત : ૩૩૦
યુક્રેડાઈડઝ : ૭૦, ૧૫૦, ૧૫૧, ૧૫૨, (૧૭૭). ૩૦૦, ૩૧૨, ૩૧૩,
યુ-ચી (પ્રજા) : ૧૪૨, ૧૪૪,
યુડીમોસ : (૨૮૦)
યુથીડિમોસ : ૮, (૨૦) ૯૪, ૯૯, (૧૦૧) ૧૧૦, ૧૪૮, ૧૪૯, ૧૫૨, (૧૫૩) (૧૫૪) ૧૬૪, ૧૮૧, ૨૭૫, ૨૭૬, ૩૧૨, ૩૧૩.
યુથીડીમીઆ : ૧૪૯, ૧૫૦.
યુનાની વૈદક : ૨૭૮.
યુરોપ : ૩૩૧, ૩૫૦
યુધિષ્ઠિર : (૨૯૭)
યેમન : ૨૯૬
યોઉન : ૨૯૬
યોન : (૭) ૭, ૮, ૧૪૩, ૧૪૬, (૧૪૬) ૧૪૭, ૧૫૭, (૧૫૭) ૧૫૮, (૧૬૮) ૨૨૯, ૨૪૩, ૨૭૩, ૨૮૦, ૨૮૪, ૩૦૯, ૩૩૧, ૩૩૩, ૩૬૫.

યોનદેશ : ૨૪૬
યોનપ્રજા : ૨૯૭, ૨૯૮, ૨૯૯.
યોન–બેક્ટ્રીયા : (૧૪૬) ૨૯૮.
યોન (સરદારો) : ૮, ૧૪.

૨

રઘુ : ૨૯૬
રંજુવુલ (જુઓ રાજુવુલ)
રત્નપ્રભસૂરિ : ૩૮૬, ૩૯૬
રાજકોટ : (૨૫૦)
રાજતરંગિણી : ૧૪૮, ૩૨૬.
રાજપુતાના : ૮૦, ૯૦, ૧૨૫, ૨૦૧, ૨૦૫, ૩૪૬, ૩૪૮, ૩૭૦, (૩૮૬) ૩૯૨.
રાજવર્ધન : ૨૨૯
રાજાવંશ : ૧૯૫
રાજુલ : (જુઓ રાજુવુલ)
રાજુવુક : ૨૨૯.
રાજુવુલ : ૧૧૦, ૧૧૧, (૧૧૧) ૧૧૨, ૧૫૫, (૧૭૭) ૧૭૯, ૧૮૦, ૧૮૨, ૧૮૬, ૨૦૫, ૨૨૮, ૨૨૯, ૨૩૦, ૨૩૧, ૨૩૨, ૨૩૩, ૨૩૪ ૨૩૭, ૨૪૪, ૨૫૭, ૨૬૧, ૩૬૩, ૩૬૫.
રાણકદેવી : ૩૫૮
રામ (ચંદ્ર) : ૧૩૪, ૧૩૭, ૨૭૦, ૨૭૧, ૨૯૪, (૨૯૬)
રામહરભૂજ : ૨૯૬
રામાયણ : ૨૯૪
રાવળપીંડી : ૨૬૬,
રા'વંશી : ૩૩૮, ૩૫૭, ૩૮૮,
રાવી (નદી) : ૯૪, (૧૫૧)
રાષ્ટ્રિક વંશ : જુઓ ત્રિકૂટક શબ્દે
રુદ્ર : ૮૪.
રુદ્રદામન : (૭૪)
રુજુહ્‌વ : (૧૩૪)
રુદ્રશાહ (સિંહ) : ૩૩૭, (૩૯૫)
રુદ્રશાહ (બીજો) : ૩૩૭
રુદ્રશાહ (ત્રીજો) : ૩૩૮
રુદ્રસેન : (૩૮૪)
રૂષવદત્ત : (૧૦૮) ૧૮૩, ૧૮૪, (૧૮૪) ૧૮૬, ૧૮૮, ૧૯૦, ૧૯૨, ૩૮૬, ૩૮૭, (૩૮૭) ૩૮૮, ૩૮૯.
રેબીલ ગણુપક : ૩૭૬.
રોખારતેન : (૧૩૩)
રોમ : (૨૯૭)
રોમન : (૨૯૭)

લ

લક્ષદ્વીપ : ૧૩૩
લક્ષણાવતી : ૭૨
લિચ્છવી : ૧૪૧, ૨૧૩, ૨૭૨, ૨૯૦, ૨૯૧.
લવ (કુમાર) : ૧૩૪, ૧૩૭, ૨૯૪.
લંછન : ૨૫૬
લંડન : ૩૨૭.
લાશ : ૧૪૪
લાટદેશ : ૧૯૦, (૩૮૫).
લિઅક : ૧૧૨, ૨૦૫, ૨૨૮, ૨૨૯, ૨૩૩, ૨૩૬, ૨૩૭, ૨૩૯, ૨૫૭,
લીઅક કુસુલક : ૨૩૮
વક્રગ્રીવ : ૨૫, ૨૬.
વજ્રમિત્ર : (૬૧)
વજ્રદેશ : ૨૬૩
વજ્રસ્વામી : (૨૦૦)
વપુષ્ઠમા : (૯૬)
વમ્મા મોરીઆર : ૨૮૯
વરરૂચિ : ૭૨, (૧૪૪) ૧૭૭, ૨૨૪, ૨૨૫ (૨૨૭).
વરંગુળ : ૨૦૨, ૨૦૪, (૨૧૫) ૩૭૦.
વરાહ મંદિર : ૨૬૨.
વરૂણ : (૨૯૭)
વર્ધા (નદી) : (૯૨)
વસુદેવ : ૨૨૨, ૨૨૩.
વસુમિત્ર : ૫૧
વસુધા : (૧૯૯)
વલ્લભી (વંશ) : (૩૮૯)
વલ્લભાચાર્યજી : (૮૬) ૨૫૩.
વશિષ્ઠ : ૨૯૬.

વશિષ્ઠપુત્ર : (૩૭૬)
વસુમિત્ર : ૪૯, ૫૦, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૧, ૭૭, ૮૨, ૯૧, ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૭, ૧૦૦, ૧૦૨, ૧૦૩, (૧૦૬) (૧૦૭) ૧૦૮, ૧૦૯, ૧૧૦, (૧૧૩) ૧૧૫, ૧૧૭, ૧૧૯, ૧૪૫, ૧૪૯, ૧૫૧, ૧૫૩, (૧૫૪).
વસુમિત્ર બીજો : ૫૦, ૫૧, ૬૨, ૧૧૬.
વાક્પતિરાજ : ૭૨, ૨૬૨.
વાણારસી નદી : ૩૬૬, (૩૬૭).
વામતીર્થ : ૩૬૭.
વામિદેશ : (૧૯૯)
વાસુદેવ : ૧૧૧, ૧૧૬, ૧૧૭, ૧૬૩.
વાસ્કોડાગામા : ૧૫૭
વાયુ પુરાણ : (૬૧) ૨૪૬.
વિક્ટોરીયા : ૧૧, ૮૫.
વિક્રમાદિત્ય : ૮૪, ૯૭, ૧૦૭, (૧૩૮), ૨૦૩, ૩૨૬, ૩૨૭, ૩૨૮, (૩૩૫), ૩૫૨, ૩૭૧, ૩૭૨, ૩૮૯.
વિજયમિત્ર : (૬૧)
વિજયસેન : ૩૮૯, (૩૮૯)
વિજયાનંદસૂરિ : ૨૪૯
વિજયવલ્લભસૂરિ : ૨૪૯
વિજયસેન : ૩૭૯
વિદર્ભ : ૯૦, (૯૨) ૯૩.
વિતસ્તા: જુઓ ઝેલમ.
વિદિશા : (૬૬) (૬૭) ૭૪, ૭૮, (૭૯), (૯૨), (૯૩), ૧૦૧, ૧૧૧, ૧૮૨, ૨૦૯.
વિંધ્યાચળ : (૧૨૯)
વિદ્યાપ્રબોધ વેદ : (૨૪૮)
વિલાસ પ્રિયતા : ૧૨૯
વિશ્વવર્મન : ૩૭૬.
વિશ્વસિંહ : (૩૩૭)
વિષ્ણુ : ૬૪, ૮૩, (૮૬).
વિષ્ણુદત્તમિત્ર : (૨૯૭)
વિષ્ણુદત્તા : ૩૭૬, ૩૭૮.
વિષ્ણુયશા : ૬૪, ૮૩.
વિન્સંટ સ્મિથ : (૨૧૪) ૨૨૧, (૨૩૨) ૨૭૨, ૨૭૩, ૨૭૭, ૨૯૧, ૨૯૨, ૩૧૯, ૩૨૧, ૩૨૨, ૩૪૪.
વીતભય પટ્ટણ : (૧૨૫) ૩૮૬, ૩૯૨.
વીરદામ : (૩૩૭)
વીરદામન : ૩૭૯
વીરસેન : ૨
વૃષભસેન : ૬૫, ૬૬, ૭૩, ૭૪, ૮૭, ૨૭૬, ૩૪૯,
વૃષલ : ૩ (૪)
વૃષલત્વ : ૨૯૬
વદ : (૨૪૮) ૨૫૦.
वेदोंकी उत्पत्ति : ૨૪૯
વૈદકશાસ્ત્ર : ૨૭૭
વૈદર્ભી : ૯૧, (૯૧)
વૈદિક : ૨૨૬, ૨૪૪, (૨૪૮), (૩૪૭).
વૈદિકધર્મ : ૨૫૪
વૈરાટ (નગર) : ૧૯૨.
વૈષ્ણવ : (૮૬)
વૈશાલી : ૨૭૨
વૈશ્રવ : (૮૬) ૨૫૩
વેડવા (સ્તૂપ) : (૮૬) ૯૮, ૨૬૦, ૨૬૧.
વોનોનીસ : ૩૨૮.
વ્યાઘ્રસેન : ૩૯૪, ૩૯૫.
શક : ૯૭, ૧૧૦, (૧૧૦) ૧૨૭, (૧૩૩), ૧૩૫, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૪, (૧૭૧), ૧૭૪ (૧૯૮) ૧૯૮, ૨૦૩, ૨૧૮, ૨૧૯, ૨૨૧, (૨૫૫) ૨૫૭, ૨૮૩, (૨૯૫) ૩૦૧, ૩૦૪, ૩૦૫, ૩૦૮, ૩૧૨, ૩૧૩, ૩૧૫, ૩૨૧, ૩૨૨, ૩૩૯, ૩૪૧, ૩૪૨, ૩૪૩, ૩૪૪, ૩૪૫, ૩૪૮, ૩૪૯, ૩૫૦, ૩૫૧, ૩૫૬, ૩૫૭, ૩૫૮, (૩૬૧), ૩૬૩, ૩૬૪, ૩૬૫, ૩૬૯ ૩૭૦, ૩૭૪, ૩૭૫, ૩૭૬, ૩૭૯, ૩૮૪, ૩૮૮, ૩૮૯, ૩૯૩ (૩૯૩) ૩૯૬.
શકડાળ : ૨૨૪, ૨૨૬.
શકદ્વીપ : જુઓ શાકદ્વીપ
શકપ્રવર્તક : ૩૨૩, ૩૬૯.
શકસ્થાન : ૧૩૫, ૨૫૮, ૩૫૦, ૩૯૨.
શક સિથીયન્સ : ૩૩૨, ૩૩૩.
શક સંવત : ૩૨૧, ૩૨૩.
શક સંવત્સર : ૩૬૯

શકાનિ : ૩૭૮
શકારિ : ૩૨૭, ૩૨૮, ૩૧૭, ૩૫૨.
શકુંતલા : ૨૨૩
શતવહન : (જુઓ શતવાહન)
શતવાહન : ૯, ૧૨, ૭૫, ૨૦૨, ૨૦૩, ૨૩૪ (૩૯૩)
શતવાહનવંશી : ૩૬૯, ૩૭૧.
શતાનિક : ૧૦૧
શત્રુંજય : ૧૩૦
શનિ : (૨૯૭)
શનિશ્ચ : (૨૯૭)
શહેનશાહેશાહી : (૩૩૯) ૩૪૨, ૩૬૫.
શંકરાચાર્ય : ૨૯૨
શંભલ : ૬૪, ૬૫, ૮૩.
શાક : ૨૨૦
શાકદ્વીપ : ૧૩૦, ૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૭૪, ૨૧૦, ૨૬૫, ૨૯૫, (૩૫૦) ૩૯૨.
શાકલ : (૯૨) (૯૯) ૧૪૯, (૧૫૧) ૧૫૩, (૧૫૪) ૧૫૮, ૨૭૪.
શાક્યસિંહ : ૨૪૪
શાતધર્મન્ : ૮૯
શાતકરણી : ૧૧, ૧૨, ૧૩, ૧૮, ૪૯, ૬૫, ૭૩, ૭૪, ૭૫, ૭૬, (૮૭) ૮૮, ૮૯, ૧૯૪, (૨૦૨) ૨૦૩, ૨૦૭, ૩૩૪, ૩૩૯, ૩૪૦, ૩૫૨, (૩૫૭) (૩૭૧) ૩૭૨
શાતવાહન : જુઓ શતવાહન
શાપુર : (૨૯૬)
શારદામઠ : ૨૯૨
શાલિશુક : ૧૭, ૯૦, ૨૦૫.
શાહ : ૩૩૪, ૩૩૫, ૩૩૬, ૩૩૭, ૩૩૮, ૩૩૯, ૩૪૨, ૩૫૫,
શાહબાઝગર્હી : ૧૭૭
શાહી : ૨૨૦
શાહધેરી : ૨૬૬
શાહવંશ : ૩૩૨, ૩૪૧, ૩૫૩, ૩૫૪, ૩૬૯, ૩૭૧.
શાંબકુમાર : ૧૩૪, ૧૩૭, ૨૯૫.
શાંધાઈ : ૧૩૨
શિકારપુર : ૧૩૯
શિથિઅન્સ : જુઓ સિથિયન્સ.
શિયાલકોટ : (૯૯) (૧૪૯) (૧૫૩) ૧૫૮ ૨૭૪.
શિરોહી : ૧૯૨, ૩૫૩, (૩૮૬) ૩૯૨.
શિલાલેખ : ૭૧, ૧૬૯, (૩૩૪) ૩૩૯, ૩૬૯,
શિવ : (૨૯૭)
શિવદત્ત : ૩૭૫, ૩૮૦, ૩૮૩.
શિશુનાગ : ૨૯૦, ૨૯૧, (૩૯૪).
શિસ્તાન : ૭૪, (૧૩૪) ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૪, ૨૪૧, ૨૮૨, ૩૧૬, ૩૮૫, ૩૮૮, ૩૯૨.
શીતળા : ૨૫૬, ૨૫૭.
શુંગપતિ : ૨૨૯, ૨૩૬, (૩૪૮).
શુંગવંશી : ૪૯, ૫૫, ૬૪, ૭૦ ૧૯૫, ૨૦૨, ૨૦૫, ૨૧૨, ૨૧૪, ૨૨૩, ૨૨૫, ૨૨૬, ૨૩૧, ૨૩૨, ૨૫૧.
શુંગભૃત્ય : ૪૯, (૪૯) ૫૦, ૫૪, ૫૯, ૬૪, ૬૫, (૭૫) ૮૮.
શોણ (નદી) : ૮૫, ૧૦૨.
શૌણ : જુઓ શોણ.
શોદાસ : (જુઓ સોડાસ.)
શ્રવણ બેલગોલ : ૨૯૪
શ્રીધર : (૧૯૯)
શ્રીમાળ (નગર) : જુઓ ભિન્નમાલ.
શ્રીમાળ : ૩૫૪, ૩૭૪, ૩૭૫, ૩૮૫, ૩૮૬, ૩૮૭, (૩૮૭) ૩૮૮, ૩૮૯, (૩૯૦) ૩૯૦ (૩૯૩) ૩૯૬.
શ્રીમુખ : ૬૬, ૬૯, ૭૦, ૭૧, ૭૨, (૧૧૬) ૨૨૨. ૨૨૩,
શ્રુતાવતાર : (૧૯૯)
શ્રુતિ : ૧૩૭, ૨૫૦
શ્રુતિકાર : ૧૪૧, ૩૪૫, ૩૮૫.
શ્રેણિક : (૭૪) ૧૨૪, ૨૧૪.
શ્રુતકેવળી : ૨૯
શ્વેતાંબર : (૮૩) ૮૪.


## સ


સત્રપ : જુઓ ક્ષત્રપ
સતલજ (નદી) : ૫૭, ૯૧, ૯૪, ૯૫, (૧૫૧) ૧૫૪, ૧૫૫, ૧૮૧, ૧૮૯, ૨૦૫, ૨૩૭.

સતધન્વા : ૮૯ (૯૧)
સતી : (૨૯૭)
સત્યમિત્ર : (૬૧)
સત્યયુગ : (૨૯૭)
સત્રપી : ૩૧૩
સમરકંદ : ૩૪૪, ૩૪૯, (૩૯૪).
સમુદ્રગુપ્ત : ૨૮૯, ૩૩૬,
સમુદ્ર (ની રાણી) : (૧૫૭)
સમુદ્ર (અઢી) : ૧૨૮
સમુદ્રવાળો પેરીપ્લસ : ૩૩૬
સયમિત્ર : (૬૧)
સરદી (પ્રાંતો) : (૩૦૮)
સરસ્વતિ : ૩૪૬, ૩૬૪.
સરાક : (૩૬૭)
સલંબક : ૧૯૨
સંગ પાસ : ૩૧૯
સંઘમિત્રા : ૩૪
સંપ્રતિ : ૨૫, ૧૭૭, (૩૪૮).
સંવત્સર : ૨૪૧
સંવત્સરી (પર્યુષણ) : (૮૫)
સંવત્સર પ્રવર્તક : ૩૦૪
સંવિજી : ૨૯૦, ૨૯૨.
સંસારદર્શન : (૨૪૮)
સંસ્કૃતિ : ૧૬૭
સંસ્થાપન પરામર્શન : ૨૪૮
સ્કંદગુપ્ત : (૩૯૦)
સ્તૂપ : (૭૯) (૮૪) ૨૬૧.
સ્પાર્ટા : (૨૯૭)
સ્પેલ ગેડેમ્સ : ૩૨૪
સ્પેલીરીઝ : ૩૨૪
સ્પેલેહોરેસ : ૩૨૪
સ્મીથ : જુઓ વિન્સેન્ટ સ્મિથ.
સ્ટ્રેબો : (૧૫૨)
સાઈરસ ધી ગ્રેઈટ : ૧૨૪, ૧૨૫, (૧૩૩) ૨૮૫, ૨૯૮, ૩૪૫, ૩૪૭.
સાકેત : (૯૮) (૯૯) ૯૯, (૧૫૪)
સાબરમતિ : ૨૧૪, (૨૧૫)
સાકલ : જુઓ શાકલ.
સાગલ : જુઓ શાકલ
સામ્રાજ્ય : ૩૧૮,
સારનાથ : ૨૬૫
સારનાથ સ્તૂપ : (૨૫૬)
સાર્વાણિ : (૨૯૭)
સાંચી : (૭૪), (૭૯) ૧૧૧ ૩૩૬, ૩૩૭.
સિક્કા : ૭૧
સિકંદરશાહ : જુઓ અલેકઝાંડર.
સિથિયન : ૧૨૭, ૧૩૮, ૧૪૧, ૧૪૪, ૧૬૭, (૧૬૮) ૨૦૦, ૨૯૯, ૩૦૦, ૩૨૧, ૩૩૯, ૩૪૦, ૩૪૧, ૩૪૩, ૩૪૪, ૩૪૯, ૩૫૦, ૩૬૫, ૩૭૯.
સિદ્ધરાજ જયસિંહ : ૨૯૨
સિરકહ : ૨૬૬
સિરદરિયા : ૧૩૨
સિરિયન પ્રજા : ૧૪૮
સિરિયા : ૧૪૮, ૨૪૬, ૨૭૩.
સિલોનવંશી : (૩૪૩)
સિંધ : ૯૦, ૧૨૫, ૧૩૮, ૧૫૫, ૧૮૯, ૨૦૫, ૨૧૭, ૩૧૦, ૩૪૫, ૩૪૬, ૩૪૭, ૩૮૬.
સિંધુ : (૯૪) (૯૫), ૧૨૬, (૧૨૯) ૧૩૩, ૧૩૪, ૧૩૮, ૧૩૯, ૧૪૪, (૧૯૩) (૨૬૫) ૨૮૫, ૩૧૧, ૩૨૧, ૩૪૬, ૩૪૭, ૩૮૬, ૩૮૮.
સિંહ : ૧૮૫, ૨૪૪.
સિંહ સ્તંભ : ૨૫૭
સિંહ સ્તૂપ : ૨૩૦, ૨૩૭, ૨૫૨, ૨૫૫, ૨૬૩.
(રેવરંડ) સીલ : ૨૭૦
સીજીસ્તાન : ૩૫૦
સુજ્યેષ્ઠ : ૫૦, (૫૯), (૬૧) ૬૨, ૧૦૨, ૧૦૩.
સુદર્શન (તળાવ) : (૭૪), ૨૮૬, (૩૯૫).
સુપ્રતિબદ્ધ : ૮૦ (૮૫).
સુભટપાલ : ૧૯૩
સુભાગસેન : જુઓ સોભાગસેન.
સુમાત્રા : (૧૩૩) ૨૧૪.
સુમિત્ર : ૫૯, ૬૨, ૧૦૨, ૧૦૩, ૧૩૫.
સુરત : ૨૧૪, (૩૧૭).
સુરસેન : જુઓ સૂરસેન.

સુલેમાન : ૩૧૦
સુષીમ : ૩૦, ૩૧.
સુવર્ણમુખ : ૩૬૭
સુવિશાખ : ૨૮૬
સુશર્મન ૬૯, ૭૦, ૧૧૬, ૨૨૨.
સુસ્થિત (આચાર્ય) : ૮૦, (૮૫).
સુહસ્તિજી. (૬૬) (૮૩)
સૂરસંગ : (મથુરાવાળો) ૩૧૦
સૂરસેન : ૯૧, ૧૫૫, ૧૭૯, ૨૦૫, (૨૧૮) ૨૬૩, ૩૧૮.
સૂર્યનો પુત્ર : (૨૯૭)
સૂર્ય : (૧૩૪), (૨૯૭).
સૂર્યમિત્ર : (૬૧)
સૂર્યવંશી : ૨૯૬, (૨૯૭).
સેન : ૩૩૨.
સેલ્યુકસ : ૪, (૧૦) ૩૩, ૧૨૭, ૧૪૭, ૧૫૨, ૧૬૧, ૧૭૭, ૨૭૩.
સેંડ્રેકોટસ : (૫) ૪૨, ૧૬૧, ૨૨૪, ૨૮૪, ૨૮૯.
સૈકી : (૧૩૩), ૧૪૦.
સૈચિલિઝ : ૧૩૩
સૈનિક (રાજનીતિ) : (૧૫૭)
સોટર : ૧૪૭
સોડાસ : ૧૮૬, ૨૦૫, ૨૩૦, ૨૩૧, ૨૩૨, ૨૩૪, ૨૩૫, ૨૬૧, ૩૧૭, ૩૨૦.
સોદાસ : જુઓ સોડાસ.
સોન : (નદી) જુઓ શોણ,
સોપારગ : ૩૬૭.
સોપારા : ૨૦૭, ૨૧૩, (૨૧૫), ૩૬૨.
સોભાગસેન : ૨, (૨), (૫), ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૪૭, ૧૫૨.
સોલંકી : ૩૫૭
સૌરાષ્ટ્ર : ૮૦, ૯૦, ૧૧૧, ૧૩૦, ૧૫૫, ૧૯૦, ૨૦૫, ૨૮૫, ૩૩૨, ૩૩૮, ૩૫૨, ૩૫૪, ૩૫૭, ૩૫૮, ૩૫૯, ૩૬૨, ૩૬૪, ૩૬૫, ૩૭૦, ૩૭૧, ૩૭૨, ૩૮૭, ૩૮૮, ૩૮૯.
સૌવીર (દેશ) જુઓ સિંધ.
સૌવીરપતિ : ૩૪૭

હ

હગામ હગામાસ : ૧૬૨, ૧૬૪, ૧૭૯, ૧૮૦, ૧૮૧, ૧૮૨, ૧૮૩, (૧૮૪), ૨૨૯, ૩૩૧.
હગામાષ : જુઓ હગામ હગામાસ.
હન : ૨૩૦, ૨૩૧.
હર્ષપુર : ૧૯૨, ૧૯૩.
હર્ષવર્ધન : ૩૩૫, (૩૯૧)
હર્ષ સંવત : ૩૩૫
હરિકુળ : (૨૯૭)
હયુચરા : ૨૩૦
હયુએન્સ્તાંગ : ૨૬૪, ૨૬૭, ૨૬૯, ૨૭૦.
હાથીગુફા : ૬૮, ૬૯, ૭૨, (૧૧૬) ૧૫૫, ૨૨૨.
હામન : (સરોવર) (૧૩૩) (૧૩૫), ૧૩૬, ૧૩૯, ૩૪૫.
હામન માર્શ : (૧૩૫)
હાલ : ૩૧૦
હિમાલય : ૧૪૨, ૩૧૦, ૩૯૨.
હિંદ : ૨૦૦, ૨૮૬, ૨૯૮, ૩૨૬, ૩૨૯, ૩૩૦, ૩૪૮.
હિંદુ : ૩૨૩
હિંદુકુશ : (૧૨૪), ૧૪૪, ૧૬૧, ૩૧૦, ૩૨૯.
હિંદીશક : ૩૪૧, ૩૪૩, ૩૪૪, ૩૪૭, ૩૪૯, ૩૫૧, ૩૫૩, ૩૫૪, ૩૫૮, ૩૫૯, ૩૬૪, ૩૭૧.
હિંદુસ્તાન : (૧૨૮) (૧૨૯), ૩૪૬.
હુરભુજ : ૨૯૬
હૂણ (પ્રજા) : ૩૮૯, (૩૯૦) ૩૯૨.
હુષ્ક : ૨૦
હેનરી કુઝેન્સ : (૩૪૭)
હેમંડ : ૧૩૯
હેમચંદ્રાચાર્ય : ૨૬૨ (૨૬૨).
હેરાત : ૧૩૫, ૧૩૯, ૧૪૩, ૩૧૧, ૩૧૭,
હેરોડોટસ : ૩૪૯, (૩૫૦).
હેલમંડ : ૩૫૦
હેલીઓકલ્સ : ૭૦, ૧૧૨, ૧૫૧, ૧૫૨, ૧૫૩, ૧૭૭, ૩૦૦, ૩૦૧, ૩૧૪.
હેલીઓડોરાસ : ૧૧૧, (૧૧૨) ૧૬૨, ૧૮૨.
હેલીનીક : (૩૫૯)
(ડૉ૦) હૉલ : ૨૬૨
હોદ્દાઓ (નીસમજ) : ૧૬૪, ૧૬૭.

# ગુજરાતી પત્રનો અભિપ્રાય

ડૉ. ત્રિભુવનદાસના આ ગ્રંથમાં ઈ. સ. પૂર્વે ૯૦૦ થી ઈ. સ. પછી ૧૦૦ સુધીના એક હજાર વર્ષનો જૈન દૃષ્ટિએ વિચારાયેલો પ્રાચીન ભારતવર્ષનો ઈતિહાસ આલેખાયેલો છે. જૈનોને માટે ઘણું અભિમાન લેવા જેવો આ ગ્રંથ છે.

× × ×

લેખકના મત પ્રમાણે જે શિલાલેખો બૌદ્ધધર્મી મહારાજા અશોકના ચોક્કસ રીતે મનાયા છે, અને તેમાં અપાયેલો ઉપદેશ બૌદ્ધધર્મનો છે એમ જે અત્યાર સુધી મનાતું આવ્યું છે, તે ખડકલેખો વગેરે અશોક મહારાજાના નથી, પણ એના પછી ગાદીએ બેસનાર તેના પૌત્ર જૈન મહારાજા પ્રિયદર્શી ઉર્ફે સંપ્રતિના છે, એમ તેમણે સિદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે.

× × ×

ચંદ્રગુપ્ત, અશોક, કુણાલ, પ્રિયદર્શી અને તેની રાણીઓ નક્કી કરવા માટે તેમણે પ્રાચીન સિક્કાઓનો પણ અભ્યાસ કર્યો છે, અને તેનાં બે મોટાં પ્રકરણો, સિક્કાઓનાં ચિત્રો સાથે આપ્યાં છે. આવો સિક્કાઓનો અભ્યાસપૂર્ણ લેખ ગુજરાતી ભાષામાં પહેલવહેલો છે.

× × ×

ખરેખર એક ગુજરાતી વિદ્વાનને હાથે લખાયેલો સાધાર ઐતિહાસિક શોધખોળનો આ એક અદ્દભૂત ગ્રંથ છે, અને રીસર્ચ કરનારા વિદ્વાનોને મુંઝવણમાં નાંખનારો છે.

× × ×

ડૉ. શાહે એક વરસમાં બે મોટા ગ્રંથો બહાર પાડયા છે, અને તેટલી જ ઝડપથી બાકીના બહાર પાડશે એવી આશા છે. આ ગ્રંથ ગુજરાતની દરેક લાયબ્રેરીએ રાખવા જેવો છે. આના સારરૂપ **જો એક અંગ્રેજી ગ્રંથ તૈયાર કરાવાય** તો તેની ચર્ચા આખા ભારતખંડમાં થવા પામે.

× × ×

આ આખો ગ્રંથ વાંચતાં અને આંખ ચોળતાં આપણને ચમત્કાર, જાદુ, ઇંદ્રજાળ, માયાનો વિસ્તાર જેવું જ લાગે છે, અને પ્રશ્ન થાય છે કે શું અત્યાર સુધીમાં બધા જ દેશી વિદેશી વિદ્વાનો ખોટે માર્ગે જ ચઢી ગયા અને પ્રાચીન ઈતિહાસ ખોટોજ ચીતરી ગયા?

અમે તો અમારા મત પ્રમાણે કિંચિત દિગ્દર્શન કરાવ્યું છે. વિશેષ તો બૌદ્ધ મતના અનુયાયીઓ અને ઈતર વિદ્વાનો જ કરી શકે.

મુંબઈ તા. ૨૭—૯–૩૬
તા. ૪–૧૦–૩૬

# આ ગ્રંથ વિષે મળેલા અભિપ્રાયો

(૧)

હમકો અતીવ સંતોષ હુઆ. બહોત સમયસે હમ જીસ ચીજ કે ચાહતે થે આજ વહી હમારી દૃષ્ટિમેં આઈ. ઇસમેં જો જો વર્ણન કીયા હૈ, યદી વિસ્તૃત ગ્રંથમેં પ્રકાશિત હોવે તો, હમારી માન્યતા હૈ કી જૈનસાહિત્યમેં એક અપૂર્વ પ્રાથમિક ઔર મૌલિક ઇતિહાસકા આવિર્ભાવ હોગા. ઈસકે પઢનેસે જૈન ધર્મકી પ્રાચીનતા કે વિષયમેં જો કુછ ભ્રમ જનતામેં પડા રહા હૈ, વહ દૂર હો જાયગા. ઈસ લિયે યહ અપૂર્વ ગ્રંથ જિતની જલદી પ્રકાશિત હોવે ઉતનાહી અચ્છા હૈ; સાથમેં હમ જૈન ઔર જૈનેતર કુલ સજ્જનોકો યહ સલાહ દેતે હૈ કિ ઈસ ગ્રંથકી એક એક નકલ આપ અપને પુસ્તક સંગ્રહમેં અવશ્યમેવ સંગ્રહિત કરે. ક્યોંકિ યહ ગ્રંથ કેવળ જૈન કિ પ્રાચીનતાકો સિદ્ધ કરતા હિ, ઇતનાહી નહીં, સાથમેં ભારતવર્ષકી પ્રાચીનતાકો ભી સિદ્ધ કરતાહૈ. ઈસ લીએ ઈસ ગ્રંથકા જો નામ રખા ગયા હૈ વહ બીલકુલ સાર્થ હૈ.

**વલ્લભવિજય**

**પાલણપુર**

ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય
શ્રીમદ્વિજયાનંદસૂરિજીકા પટ્ટધર

(૨)

ભારતવર્ષના ઇતિહાસના સંક્ષિપ્તસારની પુસ્તિકા ૪૪ પ્રકરણવાલી વાંચતાં એમ મને લાગે છે કે અત્યારની જૈન બાળપ્રજા તે વિષયમાં પોતાની ફરજ સમજતી થાય તેમ આ પુસ્તક ઉપયોગી થશે.

**અમદાવાદ** **વિજયનીતિસૂરિ**

(૩)

પુસ્તકની રૂપરેખા દર્શાવતું પેમ્ફલેટ મળ્યું છે. તેની રૂપરેખા જોતાં પુસ્તક અતિ મહત્ત્વનું થશે અને એ સત્વર પ્રકાશ પામે એ વધારે ઈચ્છવા યોગ્ય છે.

**પાટણ** **પ્રવર્તક કાંતિવિજયજી**

(૪)

તમોએ ઇતિહાસ માટે ઘણો ઘણો સંગ્રહ કર્યો છે. તમો તમારા હાથે સમાજને જે કાંઈ આપી જશો તે બીજાથી મળવું દુઃશકય છે; એટલે આ કામ તમોએ જે ઉપાડયું છે તેજ સર્વથા સમુચિત છે... આવા ગ્રંથની અતીવ અગત્ય છે, આ ગ્રંથ જેમ જલદી બહાર પડે તેમ કોશિષ કરવા સપ્રેમ સૂચન છે.

**દિલ્હી** **મુનિ દર્શનવિજયજી**

(જૈન સાહિત્યના એક સમીક્ષક)

( ૫ )

પ્રયાસ સ્તુત્ય છે અને ઐતિહાસિક શોધક બુદ્ધિ તથા ઉહાપોહ કરવાની પદ્ધતિ સુંદર છે. આ પુસ્તકથી ઘણીક બાબતોના ભ્રમ દૂર થઈ શકશે. અને નવીન પ્રકાશની હુંફ પ્રાપ્ત થાય તેવું ઘણું સચોટ પુરાવાઓવાળું લખાણ છે. એટલું જ નહી પણ અનેક શિલાલેખો, સિક્કાઓ અને પ્રશસ્તિઓની મદદ લઈ વિવેચન થયેલું દેખાય છે.

**કચ્છ-પત્રી** **મુનિ લક્ષ્મીચંદ**

( ૬ )

**શ્રી મહાવીર અને શ્રી બુદ્ધ બન્ને** સમકાલીન હતા તે બાબત જૈન લેખકો અને ઈતર પરદેશી વિદ્વાનો સહમત છે. અહિંસા તત્ત્વનો પ્રચાર પણ તેઓએ લગભગ એકજ ક્ષેત્રમાં કર્યો છે. છતાં દિલગીરી જેવું એ છે કે કેટલાંક સ્થાનોમાં જે અવશેષો મળી આવ્યાં છે તે મહાત્મા બુદ્ધનાંજ કહેવાય છે, જ્યારે મહાવીરનાં અવશેષો વિશે આપણે તદ્દન અંધકારમાંજ છીએ. સદ્‌ભાગ્યે ડૉ. ત્રિ. લ. શાહે આ બાબત વર્ષો થયાં હાથ ધરી છે અને શ્રી પાર્શ્વનાથના સમયથી આરંભીને એક હજાર વર્ષનો ઇતિહાસ સંશોધિત કરવા માંડયો છે.

**તે જાહેર કરે છે કે શ્રી** મહાવીર સમર્પિત થયેલ ઘણાં અવશેષો આપણી યાત્રાનાં સ્થળ માર્ગે મોજુદ પડેલ છે. જેની ભાળ હજુ સુધી આપણ કોઈને નથી. એમનું કહેવું એમ થાય છે કે શ્રી મહાવીરના જીવન માંહેના કેટલાયે બનાવોનાં સ્થાન, વર્તમાનકાળે જે મનાતાં આવ્યાં છે તેના કરતાં અન્ય સ્થળે હોવાનું સાબિત થઈ શકે છે. જો તેમજ હોય તો અને ડૉ. શાહ સંપૂર્ણ ખાત્રી ધરાવે છે કે તેમજ છે; તો તો જરૂર જૈન ઇતિહાસમાં એક ક્રાન્તિકાર યુગ ઉભો થશે અને વિશારદો અને અન્ય કાર્યકર્તાઓને તે ક્ષેત્રમાં વિશેષ અભ્યાસ કરવાને પૂરતી સામગ્રી મળી કહેવાશે.

**ગુલાબચંદજી ઢઢ્ઢા.** એમ.એ.
શ્રી. જૈ. કો. ના જનરલ સેક્રેટરી અને
ઉમેદપુર પાર્શ્વ, આશ્રમના વ્યવસ્થાપક

( ૭ )

પુસ્તક તદ્દન નવું દૃષ્ટિબિંદુ ખોલે છે એમ સમજાય છે. તમે એ પુસ્તક તૈયાર કરવામાં ઘણો શ્રમ લીધો લાગે છે.

**કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી**
**મુંબઈ** દીવાન બહાદુર; એમ. એ એલ એલ બી.
(ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ)

( ૮ )

હાલમાં તેમણે એ ગ્રંથની સંપૂર્ણ હકીકતનું હસ્તપત્ર બહાર પાડયું છે. તે ઉપરથી તેના મહત્ત્વનો સારો ખ્યાલ મળ્યો છે. ગ્રંથના ચુમાલીસ પરિચ્છેદો કરેલા છે. અને

તેમાં એક હજાર વર્ષનો ઈતિહાસ, સાદી, સરળ અને રસમય ભાષામાં આપેલો છે. ભારતવર્ષના પ્રાચીન ઈતિહાસનો આવો મોટો ગ્રંથ કોઈપણ ભાષામાં નથી...પ્રાચીન સમયમાં પ્રવર્તી રહેલા વૈદિક, બૌદ્ધ અને જૈન ધર્મ સંબંધી તે વખતે ચાલતી રાજા, અમાત્ય અથવા પ્રધાન મંડળની વ્યવસ્થા અને બંદીખાનાં, ગ્રામ્ય સુધારણા, પંચાયતો, વિદ્યાલયો, વ્યાપાર, ખેતી વિગેરે સંસ્થાઓ સંબંધી હકીકત વિસ્તારપૂર્વક આપેલી છે. અને તે ઘણી બોધક છે. એટલે આ ગ્રંથ ઘણો શ્રમ લઈ તથા ઘણાં પુસ્તકોના અસલ આધારો, શિલા અને તામ્રલેખો, સિક્કા વગેરે જોઇ આધારભૂત ગણી શકાય તેવો બનાવ્યો છે. તે સર્વ રીતે ઉત્તેજનને પાત્ર છે એમ મને લાગે છે. જૈન સમાજના વિદ્વાનોના, વિદ્યાલયોના અને રાજા મહારાજાઓના આશ્રય વગર આવો મોટો ગ્રંથ પ્રસિદ્ધિમાં મૂકવો અશક્ય છે. તેથી તેની સારી સંખ્યામાં નકલો લેવાનું આશ્વાસન આપી તેમના તરફથી ગ્રંથકર્તાને ઉત્સાહ અને ઉત્તેજન મળશે એવી આશા છે.

વડોદરા — **ગોવિંદભાઈ હા. દેસાઈ**
બી. એ. એલ. એલ. બી, નાયબ દીવાન

( ૯ )

ડૉ. ત્રિ. લ. શાહે અનેક નવાં દૃષ્ટિબિંદુઓ આધાર સાથે આ પુસ્તકમાં રજુ કર્યાં હોય એમ જણાય છે. અશોક અને ચંદ્રગુપ્ત સંબંધી તેમનાં મંતવ્યો ઇતિહાસની દુનીઆમાં વિપ્લવ કરાવે એવાં છે. પુસ્તકનો વિસ્તાર પણ ખૂબ છે. આશા રહે છે કે આધારસ્થળોનો નિર્દેશ પણ તેમાં થશે જ. સંપૂર્ણ અનુક્રમણિકાની એટલીજ આવશ્યકતા ગણાય. આ પુસ્તક પ્રગટ થતાં એક અગત્યની જરૂરિયાત પૂરી પાડવાનું ધારી શકાય છે. ઈતિહાસનો શોખ વધતો જાય છે, એવા સમયમાં આ પુસ્તક ગુજરાતી સાહિત્યમાં મોટી ખોટ પૂરી પાડશે એવાં ચિહ્નો સદર હસ્તપત્રમાં સ્પષ્ટ જણાય છે.

લોહાર સ્ટ્રીટ, — **મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ**
મનહર બિલ્ડીંગ, મુંબઈ — બી. એ. એલ. એલ. બી. સોલીસીટર

( ૧૦ )

ઈતિહાસના અનભિજ્ઞને પણ પ્રથમ દૃષ્ટિએ જ વધાવી લેવા યોગ્ય લાગે એવું આ ગ્રંથ પ્રકાશનનું સાહસ છે. ઇતિહાસ પ્રત્યેની લોકરૂચી અણખીલી અને વિદ્યાવિકાસ કરતી સંસ્થાઓ પ્રમાદ, પક્ષપાત અથવા નિર્ધનતાનો ભોગ થઈ પડી છે, તેવા સંજોગોની વચ્ચે આવા ગ્રંથનું જોખમ લેનાર પ્રથમ ક્ષણેજ સહુના અભિનંદન માંગી લ્યે છે. આ સાહસ પાછળ ગ્રંથકારના જીવનની પચીસ વર્ષની પ્રખર સાધના છે. ટીપ્પણો, સમયાવળી, વંશાવળી વિષય શોધવાની ચાવી વિગેરે આપીને એક બાજુએ લેખકે આખા વિષયને વિદ્વદભોગ્ય બનાવ્યો છે ને બીજી બાજુ ભાષાશૈલી સરળ, ઘરગથ્થુ, કંઇક વાર્તા કથનને મળતી રાખવાથી ગ્રંથ વિદ્વતાને એક ખૂણે જ ન પડી જાય તેવો બન્યો છે.

**મુંબઈ** — જન્મભૂમિ ( દૈનિક પત્ર )

( ૧૧ )

આજે જ્યારે દેશનો સાચો ઇતિહાસ પણ દેશજનો માટે દુર્લભ થઈ પડયો છે, હિંદના જાજ્વલ્યમાન ભૂતકાળ ઉપર જાણી જોઇને પર્દો પાડી, રાષ્ટ્રના સંતાનો સમક્ષ હિંદની પરાધીનતાના અને પામરતાના દિવસોનો જ ઉલ્લેખ કરનારો વિદેશીઓએ લખેલો કે પ્રેરેલો ઇતિહાસ ધરવામાં આવેલો છે, તેવે સમયે પચીસ પચીસ વર્ષના તપને પરિણામે ગ્રંથકારે ઉપલબ્ધ સાધનોનો બની શકે તેટલો અભ્યાસ કરીને ઈ. સ. પૂર્વે ૯૦૦ થી ઇ. સ. ૧૦૦ સુધીનો હજાર વર્ષનો ઇતિહાસ આપવાનો કરેલો પ્રયાસ જેમ અપૂર્વ છે તેમ આ દિશામાં પ્રકાશ ફેંકનારો છે. આ ઉપયોગી ગ્રંથને ઇતિહાસના અભ્યાસીઓ જ નહીં પણ તમામ ગુજરાતીઓ વાંચવા પ્રેરાય તેવો આગ્રહ કરીએ છીએ, અને એક ગુજરાતી સંશોધક વિદ્વાનની કદર કરી પોતાને શીરેથી બેકદરપણાનો દોષ દૂર કરવાના પ્રયાસ માટે ગુજરાતને આ પુસ્તક સત્કારવા યોગ્ય હોવાની ખાત્રી આપીએ છીએ.

મુંબઈ — **હિંદુસ્તાન અને પ્રજામિત્ર** (દૈનિક પત્ર)

( ૧૨ )

ડાક્તર ત્રિભુવનદાસ શાહે ભારતવર્ષના પ્રાચીન ઇતિહાસપર જે નવો પ્રકાશ પાડવા તત્પરતા બતાવી છે એ ભારતવર્ષીય દરેક વ્યક્તિ તેમજ સંસ્થાએ અભિનંદવા યોગ્ય છે. પોતે લખેલા ઇતિહાસનાં પ્રકરણોની ટૂંક પીછાન પત્રિકારૂપે આપીને આપણને ખૂબ ઉત્કંઠિત બનાવ્યા છે. આવા શ્રમપૂર્વક અને આટલી વિગતવાળા પુસ્તકને દરેક વ્યક્તિએ પોતાથી બને તેટલી મદદ કરવી જોઇએ.

દેશભાષામાં આવા પુસ્તકની અત્યંત જરૂર વર્ષો થયાં લાગ્યા કરતી હતી. ડાક્તર ત્રિભુવનદાસે વર્ષો સુધી મહેનત કરી તેવું એક પુસ્તક તૈયાર કર્યું છે. એ ખરેખર બહુ ખુશી થવા જેવું છે. દરેક શાળા, દરેક લાઇબ્રેરી અને બની શકે તેવી દરેક વ્યક્તિએ એ પુસ્તક અવશ્ય વસાવવા જેવું છે.

**હિંમતલાલ ગણેશજી અંજારીઆ** એમ. એ.
મુંબઈ — [ માજી ] એજ્યુ. ઇન્સ્પેકટર મ્યુનીસીપલ સ્કુલ્સ મુંબઈ
પ્રીન્સીપાલ, વિમેન્સ યુનીવરસીટી, મુંબઈ

( ૧૩ )

આ બધી સાધનસંપત્તિથી ઉત્તેજીત થઇને ડૉ. ત્રિભોવનદાસ લહેરચંદ શાહે હિંદના પ્રાચીન યુગનો ઇતિહાસ ઉપજાવી કાઢવાનો જે પ્રયાસ કરેલ છે તે ખરેખર સ્તુત્ય છે. જૈન એન્સાઇકલોપીડીઆને અંગે ભેળી કરેલ પ્રમાણભૂત ઇતિહાસીક સામગ્રીનો આ ઇતિહાસ ઘડવામાં તેમણે વિવેકપૂર્વક ઉપયોગ કરેલ છે. બંબગોળા જેવા તેમાં દેખાતા કેટલાક નવા નિર્ણયોથી ભડકીને ભાગવાને બદલે, હરેક ઇતિહાસપ્રેમી વિદ્યાર્થી તેમજ અભ્યાસી, પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક આ ગ્રંથનો અભ્યાસ કરશે તો મારી ખાત્રી છે કે તે

યુગના ઇતિહાસના કલિષ્ટ અને શંકાસ્પદ પ્રશ્નો ઉપર ઘણું નવું અજવાળું પડશે. અને આપણે વિદ્યાર્થીઓને કેવે આડે રસ્તે દોરતા હતા તેનું સહજ ભાન થશે. કેળવણીખાતાં તેમજ પુસ્તકાલય વિગેરેના અધિકારીઓ આ પ્રયાસ તરફ સહાનુભૂતિ દર્શાવશે એવી આશા છે.

પ્રીન્સ ઓફ વેલ્સ મ્યુઝીઅમ — **આચાર્ય ગિરિજાશંકર વલ્લભજી** એમ. એ.
મુંબઈ — ક્યુરેટર, આર્કયોલોજીકલ સેકશન

(૧૪)

(ઇંગ્રેજી ઉપરથી અનુવાદ)

ડૉ. શાહના પ્રાચીન ભારતવર્ષ નામના જંગી પુસ્તકની સંક્ષિપ્ત નોંધ હું રસપૂર્વક વાંચી ગયો છું. અને મને ખાત્રી થાય છે કે, તે ગ્રંથ અતીવ ઉપયોગી અને રસદાયી નીવડશે. તેમણે ઘણા નવા મુદ્દા ચર્ચ્યા છે અને તે સાથે ભલે આપણે સર્વથા સંમત ન પણ થઈએ, છતાં કર્તાના જબ્બર ખંત અને બહોળાં વાંચનનો પુરાવો તો આપણને મળે છે જ. અને સંપૂર્ણ ખાત્રી છે કે પ્રાચ્ય વિદ્યાના અભ્યાસીઓ તેનો સર્વશ્રેષ્ઠ સત્કાર કરશે.

મુંબઈ — **એચ. ડી. વેલીન્કર** એમ. એ.
વિલ્સન કૉલેજ — મુંબઈ યુનીવરસીટીમાં જૈન સાહિત્યના પરીક્ષક

(૧૫)

(ઇંગ્રેજી ઉપરથી અનુવાદ)

જૈન સાહિત્યના પ્રમાણિક ગ્રંથોમાંથી હકીકતની સંભાળ પૂર્વક જે ગવેષણા તેમણે કરી છે, તેમાંજ આ પુસ્તકની ખરી ખૂબી ભરેલી છે. પ્રાચીન ઇતિહાસમાંથી તત્ત્વો ચાળી કાઢવામાં તેમણે અત્યંત પરિશ્રમ ઉઠાવ્યો દેખાય છે. અને વર્તમાન સન્માનીત મંતવ્યોથી તેમનાં અનુમાનો જો કે લગભગ ઉલટી જ દીશાનાં છે, છતાં કબૂલ કરવું પડે છે કે, તેમના નિર્ણયોથી રસભરી ચર્ચા અને વિવાદો ઉભા થશે અને તેમાંથી કંઈ અનેરા લાભ પ્રાપ્ત થશે.

**બી. ભટ્ટાચાર્ય.**
વડોદરા — એમ. એ. પી. એચ. ડી.
ડીરેકટર, ઓરીએન્ટલ ઈન્સ્ટીટયુટ

(૧૬)

હિંન્દની કોઈએ ભાષામાં તો શું પણ ઈંગ્રેજીમાં પણ જેની તોલ આવે એવાં ગણતર પુસ્તકોજ હશે; એ બધી વસ્તુઓ ખ્યાલમાં લેતાં, અને ઇતિહાસના અભ્યાસીઓ માટે જે સાધનસંગ્રહ આમાં મૂકાયેલો છે તે જોતાં, ડૉ. ત્રિભુવનદાસની શ્રમશીલતા, ઇતિહાસ સંશોધનના ક્ષેત્રમાં કદર કરવા જેવી છે. આ ગ્રંથમાંનાં સંશોધનો અને વિધાનો એક યા બીજી રીતે માર્ગદર્શક, દિશાદર્શક કે પ્રકાશ પહોંચાડનારાં થઈ પડશે એમ માનવું વધારે પડતું નથી.

**અમદાવાદ** — **પ્રજાબંધુ** (સાપ્તાહિક)

( ૧૭ )

ડૉ. શ્રી. ત્રિભોવનદાસ લહેરચંદે હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ ગુજરાતીમાં લખ્યો છે, જે હું અથથી ઇતિ સુધી વાંચી ગયો છું. ત્રિભુવનદાસ ભાઈએ આ ઇતિહાસ જૈન, બૌદ્ધ અને હિંદુ સાહિત્ય ઉપર રચ્યો છે. ને તેમણે તે સાહિત્ય ઉપરાંત સિક્કાઓ, ગુફાઓ વિગેરેના શિલાલેખો ઇત્યાદિ બહુ વિગતવાર જોયાં છે. ઇતિહાસકારોએ અત્યાર સુધી જૈન સાહિત્યની અને જૈન સામગ્રીની અવગણના કરી હતી તે ત્રિભુવનદાસભાઇએ કરી નથી, તેથી તેમના લખાણમાં સમગ્રતાનો ગુણ આવી જાય છે. અને અત્યાર સુધી નહીં જાણવામાં આવેલું સાહિત્ય એમની કૃતિમાં જોવામાં આવે છે. તેમનો પ્રયાસ જૈન સમાજે તો ખાસ વધાવી લેવો જોઈએ, કારણ તેમનું સાહિત્ય તો તેમણે પૂરેપૂરૂં આ કૃતિમાં ઉપયોગમાં લીધું છે.

**કામદાર કેશવલાલ હિંમતરામ** એમ. એ.
ઇતિહાસના પ્રોફેસર, વડોદરા કોલેજ
ઇતિહાસના એકઝામીનર, મુંબઈ યુનીવરસીટી

**વડોદરા**

( ૧૮ )

એન્સાઈકલોપીડીઆ જૈનીકા જેવો ગ્રંથ લખવાનો પ્રયાસ કરી રહ્યા છો તે જાણી આનંદ થાય છે અને તેનાંથી થોડોક ભાગ જુદો કાઢી ભારતવર્ષનો પ્રાચીન ઇતિહાસ એ નામનું પુસ્તક જલદીથી બહાર પાડવા માંગો છો તથા તેની શરૂઆતના ભાગના ફોર્મ મને જોવા તમે મોકલ્યાં છે તે માટે આપનો ઉપકાર માનું છું. જૈન સાહિત્યને વળગી રહી તે ઉપરથી ઉપસ્થિત થતાં ઇતિહાસનાં તત્ત્વો બરાબર ગોઠવી એક કાળનો ઇતિહાસ લખવાની તમારી તૈયારી સ્તુત્ય છે, એવું બને પણ ખરૂં કે બ્રાહ્મણ સાહિત્ય અને બૌદ્ધ સાહિત્યમાં જે રીતે વિષયો ચર્ચ્યા છે, તેથી જેમ થોડો થોડો ફેર પડે છે તેમ તેના અને જૈન સાહિત્યના ગ્રંથોમાં ફેર પડે તો એમાં કંઈ અસ્વભાવિક નથી. બધા વિષયોને મેળવી જોતાં એમાંથી કંઈક પણ તાત્પર્ય સારૂં નીકળશે અને આપના એ પ્રયાસને હું ખરેખર સ્તુત્ય ગણું છું.

**વિશ્વનાથ પ્રભુરામ બાર એટ-લૉ**
ભાંડારકર ઓરીએન્ટલ રીસર્ચ ઇન્સ્ટીટયુટના કાર્યવાહક
ઓલ ઇન્ડીઆ ઓરીએન્ટલ સ્ટેન્ડીંગ કમીટીના સભ્ય

**મુંબઈ**

( ૧૯ )

ગુજરાતી ભાષામાં ઇતિહાસના વિષયપર અને તેય સંશોધન તરીકે લખાયલાં પુસ્તકો આંગળીને વેઢે ગણાય એટલાં જ છે. તેમાં ડૉ. ત્રિભુવનદાસભાઈના આ બૃહદ્ ગ્રંથથી ગૌરવભર્યો ઉમેરો થાય છે. એટલું જ નહીં પણ એ ક્ષેત્રમાં એનો નંબર પ્રથમ ગણાય તો નવાઈ નહીં. અભ્યાસપૂર્ણ આવી ઉપયોગી કૃતિ, સતત પરિશ્રમ

પૂર્વક તૈયાર કર્યો બદલ ડૉ. ત્રિભુવનદાસને અભિનંદીએ છીએ, અને ઇચ્છીએ છીએ કે, ગુજરાત, આ ગુજરાતી પ્રકાશનને ઉમળકાભેર ઉઠાવ કરી લેખકને તેમ કરવાનું પ્રોત્સાહન આપશે. અધ્યયન વિભાગની શોભારૂપ આ ઉપયોગી કૃતિને ગુજરાત તથા તથા બૃહદ્ ગુજરાતનાં એકેએક સાધનસંપન્ન પુસ્તકાલયની અભરાઈ પર સ્થાન મળે જ મળે. પ્રાચીન ઇતિહાસના શોખીનો તથા અભ્યાસીઓ આ ગ્રંથ એકવાર નજર તળે કાઢી જવાને તો ન જ ચૂકે.

**વડોદરા** **પુસ્તકાલય** ( માસિક )

( ૨૦ )

આખું પુસ્તક હિંદના પ્રાચીન ઇતિહાસ ઉપર તદ્દન નવોજ પ્રકાશ પાડે છે. જ્યાં જ્યાં લેખક પોતે પુરોગામી લેખકોના મતથી વિરૂદ્ધ જાય છે ત્યાં ત્યાં બધે તેઓ મજબૂત પુરાવાઓ આપે છે. આખું પુસ્તક વાંચવા જેવું છે અને અભ્યાસીઓએ મનન કરવા યોગ્ય છે. ભાષા સરળ છે અને વિષયની વસ્તુની ગહનતાને એકદમ સ્પષ્ટ કરે તેવી છે. લેખક ધંધે ડૉક્ટર હોઈ, પુરાતત્ત્વના વિષયનો આટલો બધો પરિચય ધરાવે છે તે ખરેખર ધન્યવાદને પાત્ર તથા શોભાસ્પદ છે. તેમની કૃતિ દરેક વાંચનાલયમાં જવી જોઈએ.

**વડોદરા** **"સાહિત્યકાર"** (સરદ અંક)

( ૨૧ )

( ઇંગ્રેજીનો અનુવાદ )

પ્રાચીન ભારતવર્ષ ભાગ બીજો: કર્તા ડા. ત્રિભુવનદાસ લ. શાહ, વડોદરા: પ્રકાશક શશિકાન્ત એન્ડ કો. રાવપુરા રોડ, વડોદરા. પૃષ્ઠો ૪૧૨+૧૧+૧૫+૧૬+૮ : કલૉથ બાઉન્ડ રૂા. ૭-૮-૦

આ નામાંકિત—નામાંકિત એટલા માટે કે વૈદક વિદ્યાનો પુરૂષ ભારતના પ્રાચીન ઇતિહાસમાં ઉંડો ઉતરતો દેખાય છે—ગ્રંથના પહેલા ભાગનો પરિચય ક્યારનો અપાઈ ગયો છે. રસમય પૃષ્ઠોવાળા આ અનુપમ પુસ્તકમાં સિક્કાઓનું—પ્રાચીન સિક્કાઓનું, એટલે કે પ્રાચીન ભારતમાં તે વખતે વપરાતા સિક્કાઓનું—વર્ણન આપેલું છે. તે ઉપરાંત મૌર્યવંશના રાજઅમલનું તેમજ પરદેશીઓએ-યવનોએ ગુજારેલ જુલ્મોનું બ્યાન એક વૈજ્ઞાનિકની પેઠે ચોકસાઈથી આપ્યું છે. સાથે જોડેલાં અનુક્રમો-સૂચીઓ અતિ ઉપયોગી છે. કેમકે પુસ્તકની અંદરના વિધવિધ વિષયો શોધી કાઢવાને તે ચાવી રૂપ થઈ પડે છે.

**કલકત્તા** તા. ૭-૯-૧૯૩૬ **મૉડર્ન રીવ્યુ** ( માસિક પત્ર )

( ૨૨ )

પ્રાચીન ભારત વર્ષ ( ભાગ બીજો ) લેખક: ડૉ. ત્રી. લ. શાહ, ગોયાગેટ રોડ વડોદરા. પ્રકાશક: શશીકાન્ત એન્ડ કો. રાવપુરા, ટાવર સામે વડોદરા; પાકું પૂંઠું સચિત્ર કિંમત રૂ. ૭-૮-૦

**મૌર્ય વંશના પ્રથમ ચાર રાજા ચંદ્રગુપ્ત, બિંદુસાર, અશોક અને પ્રિયદર્શિનનાં જીવન-ચરિત્રો** આ પુસ્તકમાં આલેખાયાં છે. પ્રાચીન શિલાલેખો, સિક્કાઓ અને પ્રમાણભૂત ઇતિહાસવેત્તાઓનો આધાર આપી લેખકે પ્રાચીન ઇતિહાસનું તદ્દન નવીજ દૃષ્ટિબિન્દુ રજુ કર્યું છે. દાખલા તરીકે અશોક અને પ્રિયદર્શિન બન્ને એક નહિ પણ જુદી વ્યક્તિઓ હતી. અશોકના શિલાલેખો બૌદ્ધ ધર્મના નહિ પણ જૈન ધર્મના હતા. મૌર્યવંશના આ ચારેય રાજાઓનાં જીવન ઉપર લેખકે નવીન પ્રકાશ ફેંક્યો છે. ચંદ્રગુપ્ત (સેંડ્રેકોટસ) તથા પં. ચાણક્ય ઉર્ફે કૌટલ્ય વિષેની હકીકત પણ જુદીજ રીતે આલેખાઈ છે. એ વખતે જૈનધર્મ કેટલો વિશ્વવ્યાપી હતો તે પ્રમાણભૂત આધારોથી લેખકે સાબિત કર્યું છે. લેખકે આ ઇતિહાસ એટલો તો ઉથલાવી નાંખ્યો છે કે વાંચકને આશ્ચર્યમાં ગરકાવ કરી દે છે. માહિતી રસપૂર્ણ છે. લેખકે રજુ કરેલી હકીકત વિષે કદાચ મતભેદ પડે તોપણ આ પુસ્તકની ઉપયોગીતા વિષે તો બે મત છેજ નહિ. જુદા જુદા ચિત્રો, તેના પરિચય સાથે આપવામાં આવ્યા છે. પ્રાચીન યુગના સિક્કાઓના ચિત્રપટ તથા તેના વિષે આપવામાં આવેલી માહીતિનું પ્રકરણ ઘણું મહત્વનું છે.

ગુજરાતી ભાષામાં આવું સુંદર ઉપયોગી પુસ્તક તૈયાર કરવા માટે લેખકને ધન્યવાદ ઘટે છે.

**વડોદરા** **નવગુજરાત** ( સાપ્તાહિક )

( ૨૩ )

આ પુસ્તકનું ખરેખરૂં આકર્ષણ પ્રાચીન મૌર્યવંશના સિક્કા ચિત્રોનું છે. આ ચિત્રોની એકંદર સંખ્યા ૯૫ ની છે. એ સિક્કા કેવા પ્રકારના છે, તેની ઉત્પત્તિ કેવી રીતે થઈ, તે ઉપર આવેલાં ચિહ્નો ધાર્મિક કે રાજદ્વારી છે, ચિહ્નો કોતરવાનો હેતુ શું છે, વગેરે માહિતી આપવામાં આવી છે,. અને તે વાંચ્યાબાદ કહેવાની જરૂર છે કે સિક્કાઓ વિષેની આવી માહિતી એકજ પુસ્તકમાં બહુ થોડે ઠેકાણે મળી શકશે....પુસ્તકની ભાષા, સાદી અને સરળ હોવાથી, સામાન્ય અભ્યાસી પણ તે સમજી શકે એવું છે અને તેમાં આવેલી ઐતિહાસિક ઘટનાઓ એવી તો રસિક છે કે તે કોઈ કહાણી -કિસ્સાને ભુલાવે તેવો આનંદ આપે છે........બૌદ્ધ ધર્મ ભારતવર્ષમાં કેમ ટકી ન શક્યો, તેનાં કારણો સંબંધમાં લંબાણથી વિવેચન કરે છે અને ભારોભાર પુરાવા આપે છે....આ પુસ્તકમાં જે ખાસ મહત્વની બાબત લેખક મહાશયે અસાધારણ લંબાઈથી ચર્ચી છે તે અશોક અને પ્રિયદર્શિન મહારાજા સાથે સંબંધ ધરાવે છે....આ બાબત બહુ લંબાણથી ચર્ચા કરીને અને સંખ્યાબંધ પુરાવા આપીને એવો નિર્દેશ કરવામાં આવ્યો છે કે પ્રિયદર્શિન અને અશોક બન્ને જુદીજ વ્યક્તિઓ હતી. ઉપલા શિલાલેખો અશોકે નહિ પણ પ્રિયદર્શિને કોતરાવ્યા હતા, કેમકે તે પોતે જૈન ધર્મનો હતો અને તેથી તેણે જૈન ધર્મના મૂળ તત્ત્વરૂપ એ આજ્ઞાઓ કોતરાવી તેનો ફેલાવો કર્યો હતો. મહારાજા પ્રિયદર્શિનનું જે ચરિત્ર આ પુસ્તકમાં રજુ થયું છે તે ચરિત્ર તદ્દન નવીનજ છે

અને તે માટે અનેક પુરાવાઓ આ પુસ્તકમાં મોજૂદ છે. પ્રાચીન ઈતિહાસ–અભ્યાસીઓએ આ પ્રકરણો ખાસ વાંચવા જેવાં છે...સેંડ્રૂકોટસ ચંદ્રગુપ્ત નહિ પણ તેનો પૌત્ર અશોકવર્ધન હતો એ માટે લેખક મહાશયે જે અસલ લખાણને આધારે સેંડ્રૂકોટસને ચંદ્રગુપ્ત તરીકે ઠરાવવામાં આવ્યો છે તે અસલ લખાણ રજુ કર્યું છે અને તેનો જ આધાર લઇ સેંડ્રૂકોટસ અશોકવર્ધન હતો એમ શબ્દોના અર્થ કરી અને બીજા પુરાવા આપી સાબિત કર્યું છે....ચંદ્રગુપ્તના રાજપુરોહિત ચાણક્ય અથવા કૌટિલ્યનો જન્મકાળથી નવો જ ઇતિહાસ પુરાવા સાથે રજુ કરી તેના જન્મ–મરણના સ્થાન તેમજ જીવન ઉપર અનેરો પ્રકાશ ઐતિહાસિક પુરાવા રજુ કરી પાડવામાં આવ્યો છે...આ પુસ્તક વાંચતાં એક બાબત ખાસ તરી આવે છે તે એ કે પ્રાચીન ભારતવર્ષના રાજ્યકર્તાઓ "ધર્મ"ના સિદ્ધાન્તો ઉપર ખાસ ધ્યાન આપતા હતા અને વારંવાર વૈદિક અને જૈન દર્શન વચ્ચે ઘર્ષણ થતું હતું. આવા એક સંશોધક અને નવો પ્રકાશ પાડનાર પુસ્તક પ્રગટ કરવા માટે તેના લેખક ડા. ત્રીભુવનદાસ લહેરચંદ શાહને મુબારકબાદી ઘટે છે.

તા. ૩૦–૫–૩૬ **મુંબઈ સમાચાર**

(૨૪)

લેખકે પુસ્તક તૈયાર કરવામાં લીધેલો શ્રમ અને નવાં વિધાનો બાંધવા માટેની તેમની પર્યેષક વૃત્તિ આ પુસ્તકમાં પણ પાને પાને જણાઈ આવે છે; અને અમને લાગે છે કે પ્રાચીન ભારતનો ઇતિહાસ બને તેટલા સુસંબદ્ધ તેમજ વિસ્તૃત સ્વરૂપમાં, અંગ્રેજીમાં પણ ઓક્સફર્ડ અને કેમ્બ્રીજ યુનિવર્સિટી તરફથી અનેક ગ્રંથોમાં બહાર પડેલા હિંદના ઈતિહાસો અને બીજા કેટલાક ગણતર ગ્રંથો બાદ કરીએ તો, આટલાં સાધનોનો શ્રમશીલતાપૂર્વક અભ્યાસ કરીને લખાયલાં પુસ્તકોરૂપ ભાગ્યેજ જોવામાં આવશે....'પ્રાચીન ભારતવર્ષ'ના લેખકે બને ત્યાં સુધી છેલ્લામાં છેલ્લી માહિતીઓનો ઉપયોગ કર્યો છે એ જણાઈ આવે છે અને તેમની એ ચીવટ ગૂજરાતમાં તો શોધખોળના ક્ષેત્રમાં કામ કરતા ઘણાકે ધડો લેવા જેવી છે....આ પુસ્તકોદ્વારા ખાસ કરીને જૈન ઈતિહાસનો ઉદ્ધાર થઇ રહ્યો છે, એમાં તો શક નથી. જૈન સાધનોનો ઉપયોગ પણ વિશેષ પ્રમાણમાં થએલો છે પરંતુ જૈન ઇતિહાસ સાથે સર્વ સામાન્ય ઈતિહાસને પણ પૂરતું મહત્ત્વ અપાશે તો તેને ઐતિહાસિક દૃષ્ટિએ લખાયલા પુસ્તક તરીકેનું મહત્ત્વ મળશે.

તા. ૨૪–૧–૩૭ **પ્રજાબંધુ**

(૨૫)

સિક્કાને લગતી સચિત્ર માહિતી અને તે પરથી લેખકે તારવેલાં અનુમાનો એ આ ભાગની વિશેષતા છે. તેમજ જૈનધર્મને બૌદ્ધધર્મનો અનુગામી બલ્કે તેના એક ફાંટારૂપ લેખવામાં આવે છે તે યથાર્થ નથી પણ એથી ઉલટુંજ છેઃ ગ્રીક ઈતિહાસમાં વર્ણવાયલો ને પ્રચલિત ઇતિહાસમાં ચંદ્રગુપ્ત તરીકે મનાયલો 'સેંડ્રૂકોટસ' એ ચંદ્રગુપ્ત નહી પણ તેનો પૌત્ર અશોકવર્ધન છે, ચાણાક્ય અથવા કૌટિલ્યના નામથી ઓળખાતી અદ્ભુત વ્યક્તિ

વિષેની પ્રચલિત માન્યતા ભૂલ ભરેલી છે. અને એ મહાપુરૂષ બ્રાહ્મણધર્મી નહિ પણ જૈનધર્મી હતો, અશોક અને પ્રિયદર્શિન એકજ વ્યક્તિ નહિ પણ ભિન્ન ભિન્ન વ્યક્તિઓ હતી અને બૌદ્ધધર્મી અશોકને નામે ચઢેલી શિલાલેખોને સ્તંભલેખોની કીર્તિનો માલીક જૈનધર્મી સમ્રાટ પ્રિયદર્શિન છે. એવી એવી પ્રચલિત ઐતિહાસિક માન્યતાઓને જડમૂળથી ઉથલાવી નાંખનારી કંઇ કંઇ નવીન બાબતો અને કુતુહલ ઉપજાવનારાં અનુમાનો લેખકે આ ગ્રંથમાં દાખલા દલીલ અને પ્રમાણો સહિત રજુ કર્યાં છે. તે હિંદના પ્રાચીન ઇતિહાસપર અવનવો પ્રકાશ પાડવામાં અને એ વિષયના સંશોધનકારોને અણઉકેલાયલા વિવિધ ઐતિહાસિક કોયડા ઉકેલવામાં થોડેઘણે અંશે પણ સહાયભૂત થશે એમાં તો જરાય શક નહિ.

જુલાઈ ૧૯૩૬ — **પુસ્તકાલય માસિક**

( ૨૬ )

ગ્રંથની શરૂઆતથી ઈ. સ. પૂર્વેના ૯૦૦થી શૃંખલાબદ્ધ-કડીબદ્ધ ઇતિહાસની રચના એ આ ગ્રંથની વિશિષ્ટતા છે. લેખક પોતાની માન્યતા અને નિર્ણયો માટે સપ્રમાણ હકીકતો, શિલાલેખો, કથનો વિગેરે ટાંકી બતાવે છે. પ્રાચીન શોધખોળની દૃષ્ટિએ આ ગ્રંથ મહત્ત્વનો છે—આ ગ્રંથમાંના ઘણા મુદ્દાઓ હજુ ચર્ચાસ્પદ છે. અને જાહેરમાં ચર્ચાઈ રહ્યા છે. છતાંયે પ્રાચીન શોધખોળ માટેનો લેખકનો અનુભવ અને પ્રયાસ પ્રશંસાને પાત્ર છે.

મુંબઈ તા. ૧-૬-૩૬ — **જૈન પ્રકાશ**

( ૨૭ )

ડૉ. ત્રિભુવનદાસે જો કે વૈદકનો અભ્યાસ કરી મુંબઈ યુનિવર્સિટિની એલ. એમ. એન્ડ એસ. ની પદવી મેળવેલી છે, પરંતુ તેમના મનનું વલણ જૈન પ્રાચીન સાહિત્ય ઇતિહાસ અને સંસ્કૃતિના અભ્યાસ અને સંશોધન પ્રતિ વિશેષ ચોંટયું રહે છે, અને તે વિષયમાં તેઓ ઉંડા ઉતરેલા છે. એટલું જ નહિ પણ વિદ્વદ્વર્ગમાં પ્રાચીન હિન્દુસ્તાનના ઇતિહાસ વિષે જે કેટલાંક અનુમાન સ્થાપિત થઈ ચૂકયાં છે, તે ભૂલ ભરેલાં છે એ એમણે પ્રસ્તુત પુસ્તકમાં, જૈન ઈતિહાસ અને સાહિત્યના આધારે બતાવવાનો પ્રયાસ કરેલો છે.

ડૉ. ત્રિભુવનદાસનાં અનુમાન સાચાં પડે તો આપણે જુનો ઇતિહાસ ઘણે સ્થળે સુધારવો પડે. તેથી જ પ્રાચીન હિન્દના ઇતિહાસના અભ્યાસીઓને અમે સદરહુ પુસ્તક ધ્યાનપૂર્વક તપાસી જવા વિનંતિ કરીએ છીએ. એવી આશાથી કે તેઓ ડૉ. ત્રિભુવન-દાસના પ્રમાણો બારીકાઈથી તપાસે અને તેમાં રહેલી ખામીઓ, દોષો વિગેરે આધારપૂર્વક બતાવે.

**બુદ્ધિ પ્રકાશ**